# શ્રાવકનાં બારવ્રતો

## યાને
## નવપદ પ્રકરણ

(ગુજરાતીમાં ભાવાનુવાદ)

: ભાવાનુવાદકાર :
પૂ. આચાર્ય શ્રીમદ વિજયરાજશેખરસૂરિ મ.

: પ્રકાશક :
શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર અને પૌષધશાલા ટ્રસ્ટ
કાળુપુર રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ
શ્રીદાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિગુરુભ્યો નમઃ
ઐં નમઃ

# શ્રાવકનાં બાર વ્રતો
## યાને
# નવપદપ્રકરણ

: મૂલગ્રન્થકાર :

સકલસિદ્ધાંતસારવેદી પ. પૂ. આચાર્યદેવશ્રી દેવગુપ્તસૂરીશ્વરજી મહારાજા

: ટીકાકાર :

નિપુણમતિ પ. પૂ. મહોપાધ્યાય શ્રીયશોદેવ મહારાજા

: ભાવાનુવાદકાર :

સિદ્ધાંતમહોદધિ સ્વ. પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય**પ્રેમસૂરીશ્વરજી** મ. ના પટ્ટાલંકાર પરમગીતાર્થ પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય**હીરસૂરીશ્વરજી** મ. ના શિષ્યરત્ન પરાર્થપરાયણ પ. પૂ. આચાર્યદેવ શ્રીમદ્વિજય**લલિતશેખરસૂરીશ્વરજી** મ. ના વિનેય

**આચાર્યદેવશ્રી રાજશેખરસૂરિ મહારાજ**

: પ્રકાશક :

**શ્રીવિજયદાનસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર અને પૌષધશાલા ટ્રસ્ટ**

કાલુપુર રોડ, **અમદાવાદ-૩૮૦૦૦૧.**

: મૂલ્ય :

નકલ ૧૦૦૦ ૫૦=૦૦ વિ. સં. ૨૦૪૭

**સુચના :**-આ પુસ્તક જ્ઞાનખાતાની રકમમાંથી પ્રકાશિત થયેલ હોવાથી પૂ. સાધુ-સાધ્વી કે જ્ઞાનભંડાર સિવાય કોઈ પણ ગૃહસ્થે આ પુસ્તક વસાવવું હોય તો છાપેલી કિંમત ચૂકવીને જ વસાવવું, અન્યથા દોષના ભાગીદાર બની જવાય.

મુદ્રક : કાંતિલાલ ડી. શાહ, "ભરત પ્રિન્ટરી", ન્યુ માર્કેટ, પાંજરાપોળ, રીલીફરોડ, અમદાવાદ-૧ * ફોન : ૩૮૭૯૬૪.

# પ્રકાશકીય

શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર અને પૌષધશાળા ટ્રસ્ટ-તરફથી આ શ્રી 'નવપદ પ્રકરણ' ગ્રંથનું પ્રકાશન કરતાં અમે આનંદ અનુભવી રહ્યા છીએ. આ એક અત્યંત મહત્ત્વનો ઉપયોગી ગ્રન્થ છે. તેના પરનો ગુજરાતી ભાવાનુવાદ આ પહેલવહેલો જ પ્રકાશિત થઈ રહ્યો છે. આ પ્રકાશનની પૂર્વભૂમિકા કાંઇક આ પ્રમાણેની છે.

સકલાગમરહસ્યવેદી પરમગુરુદેવ શ્રીમદ્ **વિજયદાનસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટ પ્રભાવક કર્મસાહિત્યનિપુણમતિ સિદ્ધાંતમહોદધિ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય**પ્રેમસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટાલંકાર પરમશાસનપ્રભાવક, સંઘસ્થવિર સુવિશાલગચ્છાધિપતિ શ્રીમદ્વિજય**રામચન્દ્રસૂરીશ્વરજી** મહારાજાની અમારા જ્ઞાનમંદિર ઉપર સદૈવ કૃપાદૃષ્ટિ વરસી રહી છે, જેના પ્રભાવે પ્રતિવર્ષ પૂ. આચાર્યાદિ મુનિભગવંતોનો ઉત્તમ ચાતુર્માસ-યોગ મળતો રહે છે. તે પ્રમાણે વિ. સં. ૨૦૪૫ના ચાતુર્માસ માટે પૂજ્ય ગચ્છાધિપતિશ્રીની આજ્ઞા અને આશીર્વાદપૂર્વક તેઓશ્રીમદ્દના લઘુગુરુભ્રાતા પરમ ગીતાર્થ સ્વ. પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય**હીરસૂરીશ્વરજી** મહારાજાના પટ્ટધર પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય**લલિતશેખરસૂરીશ્વરજી** મહારાજ, પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્વિજય **રાજશેખરસૂરીશ્વરજી** મહારાજ આદિ સ્વપરિવાર સાથે અત્રે જ્ઞાનમંદિરમાં પધાર્યા. તેઓશ્રીના પ્રભાવે ચાતુર્માસમાં આરાધના-પ્રભાવનાની સુંદર સુવાસ ફેલાઇ. પૂ. આ. શ્રીમદ્વિજયરાજશેખરસૂરીશ્વરજી મહારાજની સુબોધ શૈલીથી અનેક પ્રાચીન ગ્રંથોના ગુર્જર અનુવાદ પ્રસિદ્ધ થયા છે. અભ્યાસીઓ માટે તેઓશ્રીના એ પ્રકાશનો ખૂબ જ ઉપકારક બની રહ્યા છે. આવો જ એક આ શ્રી નવપદ પ્રકરણ ગ્રંથ છે, જેની ઉપર પૂજ્યશ્રીએ ગુજરાતી ભાષામાં સુંદર ભાવાનુવાદ કર્યો છે. આ ગ્રંથના પ્રકાશનનો લાભ અમારા ટ્રસ્ટને આપવા અમે લેખક પૂજ્યશ્રીને વિનંતિ કરતાં તેઓશ્રીએ અમારી વિનંતિનો સ્વીકાર કરી અમારા ટ્રસ્ટ હસ્તકના જ્ઞાનદ્રવ્યના સદુપયોગની અમને તક આપી છે અને તેના પરિણામે આ ગ્રંથ આજે પ્રકાશિત થઈ રહ્યો છે.

આ પ્રસંગે એક સ્પષ્ટતા કરવી અત્યંત જરૂરી છે કે જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ મુખ્યત્વે પ્રાચીન ગ્રંથોના હસ્તલેખન, જ્ઞાનભંડારોની જાળવણી, પૂ. સાધુ સાધ્વી ભગવંતોની અધ્યયન-વ્યવસ્થા આદિમાં સમુચિત રીતે જ કરવો યોગ્ય છે. આવા ગ્રંથોનું પ્રકાશન કરવાનું કર્તવ્ય જો કે યથાશક્તિ શ્રાવકોએ જ અદા કરવાનું છે. તે શક્ય ન હોય અને જ્ઞાનદ્રવ્યનો ઉપયોગ અનિવાર્ય બને તો પણ તેમાં જરૂરી મર્યાદાનું પાલન આવશ્યક છે. તેથી જ પૂ. સાધુ-સાધ્વી ભગવંતો તથા શ્રી સંઘો હસ્તકના જ્ઞાનભંડારોને જ આ

ગ્રંથ સાદર સમર્પિત કરાશે. ગૃહસ્થોએ આ ગ્રંથ વસાવવો હોય તો તેનું પૂરું મૂલ્ય જ્ઞાન ખાતે અર્પણ કરીને જ વસાવવો. અને જ્ઞાનભંડારમાંથી વાચન કરવા માટે ઉપયોગ કરવો હોય તો તેનો યોગ્ય નકરો જ્ઞાન ખાતે આપવા ચૂકવું નહિ, જેથી કોઈ પણ પ્રકારના દોષના ભાગીદાર ન થવાય.

પ્રાંતે જેઓશ્રીના શુભ આશીર્વાદથી આ ગ્રંથ પ્રકાશિત થઈ રહ્યો છે તે પૂજ્યપાદ-શ્રી ગચ્છાધિપતિશ્રીજી તથા અનુવાદ કર્તા પૂજ્ય આચાર્યદેવશ્રી રાજશેખરસૂરીશ્વરજી મહારાજ આદિ પ્રત્યે કૃતજ્ઞતા દર્શાવવાપૂર્વક અંતરના આનંદ સહિત આ ગ્રંથ અમે પ્રકાશિત કરી રહ્યા છીએ. આ ગ્રંથના વાચન–મનન–ચિંતન દ્વારા "જ્ઞાનસ્ય ફલં **વિરતિઃ**" એ શાસ્ત્ર ઉક્તિ અનુસાર સૌ કોઈ વિરતિ ધર્મને આત્મસાત્ કરનારા બની આત્મકલ્યાણ સાધનારા બને એ જ મંગલ કામના—

**—શ્રી વિજયદાનસૂરીશ્વરજી જૈન જ્ઞાનમંદિર**
**અને પૌષધશાળા ટ્રસ્ટ**

## પ. પૂ. ગચ્છાધિપતિ આચાર્યદેવ શ્રીમદ્
## વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજાનો
# એક પાવન પરિચય

આ આર્યદેશમાં ભૂતકાળમાં એવા અનેક મહાપુરુષો થઈ ગયા કે જેઓ સત્ય અને સિદ્ધાંતોની સામે ઊભા થયેલા અનેક પડકારો સામે પહાડની જેમ અણનમ ઊભા રહ્યા. આપણું એ મોટું સૌભાગ્ય છે કે વર્તમાન વિષમ યુગમાં પણ એવી કોઈ કોઈ વિભૂતિના આપણને દર્શન થાય છે, જેમાંની એક વિભૂતિ છે પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજા–

સકલાગમરહસ્યવેદી પરમ ગીતાર્થ સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય-દાનસૂરીશ્વરજી મહારાજાના પટ્ટાલંકાર સિદ્ધાંતમહોદધિ કર્મસાહિત્યનિષ્ણાત સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજાના પ્રથમ પટ્ટાલંકાર એવા આ મહાપુરુષની અનેક વિરલ વિશેષતાઓમાંની પ્રથમ દૃષ્ટિએ નજરે ચઢે તેવી એક વિશેષતા છે સત્યના પક્ષે અડીખમ ઊભા રહેવાની પહાડના જેવી અણનમતા ! અનેક ઝંઝાવાતો વચ્ચે પણ આગમના અભય કવચને વરેલા આ મહાપુરુષ સત્યના પક્ષે આજ સુધી અડગ રહ્યા છે. તેઓશ્રીની એ અડગતાએ વર્તમાન યુગના ઇતિહાસમાં અનેક પ્રભાવ-શાળી સુવર્ણ પૃષ્ઠો ઉમેર્યાં છે. તેઓશ્રીની સિદ્ધાંતનિષ્ઠા પ્રત્યે અનેકના મસ્તકો ઝૂકી ગયા વિના રહેતા નથી.

વિક્રમની ૧૯૫૨ની સાલમાં જન્મ્યા અને સત્તર વર્ષની યુવાન વયે વિ. સં. ૧૯૬૯માં સંયમધર્મ સ્વીકાર્યો. નવ દાયકાથી પણ અધિક દીર્ઘાયુ ધરાવતા આ મહા-પુરુષ હાલ ૭૮ વર્ષનો સંયમ પર્યાય અને ૫૫ વર્ષનો સૂરિપદ-પર્યાય ધરાવે છે. આપણે તેઓશ્રીના શાસનસમર્પિત, સિદ્ધાંતનિષ્ઠા ધન્યતમ જીવનનું વિહંગાવલોકન કરીએ.

વિ. સં. ૧૯૫૨ થી ૨૦૪૭ સુધીના ૯૬ વર્ષના સમય સાગરના કિનારે ઊભા રહીને પૂજ્યશ્રીના વ્યક્તિત્વને નિહાળવાનો પ્રયાસ કરીશું તો તેઓશ્રીનું જીવન એક દીવાદાંડી સમું જણાયા વિના રહેશે નહિ. સ્વયં જ્યોતિસ્વરૂપ રહીને જગતમાં અજવાળા પાથરવાનું બેવડું પુણ્યકાર્ય કરતું તેઓશ્રીનું વિરલ વ્યક્તિત્વ સાગરની દીવાદાંડી કરતાં પણ ઉપયોગિતા અને ઉપકારકતામાં અનેક ગુણું ચઢી જાય એવું છે.

સંયમ સ્વીકાર્યા પછી બીજા જ વર્ષે ગુરુકૃપાથી વ્યાખ્યાનની પાટ સંભાળવાની જવાબદારી તેમના શિરે આવી. સમકિતની ગુજરાતી સજ્ઝાયનો આધાર લઈને શરૂ

કરેલી પ્રવચનધારા અપૂર્વ ગુરુકૃપાના બળે અલ્પ સમયમાં જ શ્રોતાઓમાં અદ્ભુત આકર્ષણ જમાવનારી બની ગઈ. તેઓશ્રીની ઉપદેશ વાણીના ગંગાપ્રવાહમાં ભલભલા પાષાણ હૃદયી શ્રોતાઓના હૈયા હચમચી જતા... સાક્ષાત્ જાણે સરસ્વતીનું વરદાન ન હોય! એવી તેમની પ્રવચનધારા શ્રોતાઓના હૈયામાં આરપાર ઉતરી જતી. એ હૃદય-સ્પર્શી વાણીના પ્રભાવે એક સમયે અમદાવાદની નામાંકિત હોટલોના વકરામાં ધરખમ ખોટ આવી ગઈ હતી. ભદ્રકાળીના મંદિરે સેંકડો વર્ષોથી થતો બોકડાનો વધ હંમેશ માટે બંધ થઈ ગયો. એક તરફ ભૌતિક સુખના રંગે રંગાયેલા અનેક આત્માઓ સંસારને સલામ કરી સંયમમાર્ગે વળવા લાગ્યો... તો બીજી તરફ તેઓશ્રીની વૈરાગ્ય વાણીથી અકળાઈ ઊઠેલો સંસારરસિક વર્ગ તેઓશ્રીનો પ્રબળ વિરોધી થતો ગયો. એ વર્ગ સન્માર્ગ સામે અનેક અવરોધો ઊભા કરીને તેઓશ્રીને હંફાવવા માટે અનેક ઉપાયો યોજવા લાગ્યો. તેમના શિરે અનેક કલ્પિત આરોપો ઓઢાડી મુંબઈ–અમદાવાદ–ખંભાત વગેરે સ્થળે અદાલતોને આંગણે તેમને આરોપી તરીકે ખેંચી ગયા. પરંતુ તે દરેક પ્રસંગે પોતાની સત્યનિષ્ઠાના પ્રભાવે નિર્દોષ પૂરવાર થઈને સાધુતાની શાન વધારીને બહાર આવ્યા.

પૂજ્યશ્રીના પ્રવચનમાં આગમનો અર્ક તો મળે જ છે. પરન્તુ તદુપરાંત સંસ્કૃતિ અને ક્યારેક રાજકીય વાતાવરણ અંગેના માર્ગદર્શક પરિપક્વ વિચારો પણ સાંભળવા મળે છે. રાજકારણથી તદ્દન અલિપ્ત રહીને પણ પ્રસંગ આવ્યે રાજકીય નેતાગણ કે સત્તાધીશોની શેહમાં તણાયા વિના સાચી, સ્પષ્ટ અને હિતકર વાતો તેઓશ્રી કહ્યા વગર રહેતા નથી. વિ. સં. ૨૦૦૮ના પોતાના દિલ્હીના ચાતુર્માસ દરમ્યાન તે સમયના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદ અને વડાપ્રધાન શ્રી નહેરૂ સાથેની વાતચીતમાં દેશની તત્કાલીન બગડતી પરિસ્થિતિનું ધ્યાન દોરી તેમની સાથે અનેક પ્રશ્નો અંગે મુક્ત મને ચર્ચા કરી હતી.

તેઓશ્રીની અપ્રતિમ પ્રતિભા અને અનુપમ પુણ્યાઈ પરસ્પરની સ્પર્ધા કરે છે. અંગત જીવનની નાની મોટી બાબતો અંગે સઘળું જતું કરવા તેઓશ્રી જેટલા ઉદાર છે, તેટલા જ સિદ્ધાંતના પ્રશ્ને સહેજ પણ નમતું ન જોખવામાં અણનમ છે. સંઘ–સમાજમાં ઊભા થતા નાના–મોટા પ્રશ્નો પરત્વે શાસ્ત્રાનુસારી સ્પષ્ટ માર્ગદર્શન આપવાનું ઉત્તરદાયિત્વ આજેય આ ઉંમરે પણ તેઓ અપ્રમત્તપણે અદા કરી રહ્યા છે. તેઓશ્રીના મંતવ્યો ભાવિ પ્રજા માટે દસ્તાવેજી પૂરાવા બની જવાની ક્ષમતા ધરાવે છે.

જૈન–અજૈન જગતમાં 'રામવિજયજી' ના હુલામણા નામથી સુવિખ્યાત બની ચૂકેલા અને શતાધિક શિષ્યોનું ગુરુત્વ તેમજ હજારો અનુયાયીઓનું નેતૃત્વ ધરાવતા એ પૂજ્ય આચાર્ય ભગવંતના ચરણોમાં ભાવભરી વંદના...

# અનુવાદકીય

**ગ્રંથપરિચય** :–પ્રસ્તુતગ્રંથમાં મિથ્યાત્વ, **સમ્યક્ત્વ**, શ્રાવકનાં બાર વ્રતો અને સંલેખના એ દરેક વિષયનું 'સ્વરૂપ' વગેરે નવ દ્વારોથી વર્ણન કરવામાં આવ્યું છે. આથી જ આ ગ્રંથનું **"નવપદ પ્રકરણ"** એવું યથાર્થ નામ છે. જૈનશાસનમાં અરિહંત વગેરે નવ પદો અતિશય પ્રસિદ્ધ છે. આથી આ ગ્રંથથી અપરિચિત જીવોને "નવપદ પ્રકરણ" એવું નામ સાંભળતાં કે વાંચતાં આ ગ્રંથમાં અરિહંત વગેરે નવ પદોનું વર્ણન હશે એવો ભ્રમ થાય તો તેમાં નવાઇ ન ગણાય. આવો ભ્રમ ન થાય એ માટે આ મુદ્રિત પુસ્તકનું **"શ્રાવકનાં બાર વ્રતો યાને નવપદ પ્રકરણ"** એવું નામ રાખવામાં આવ્યું છે.

જો કે આ ગ્રંથમાં જણાવેલા મિથ્યાત્વ વગેરે પંદર વિષયોનું વર્ણન 'શ્રાવક-પ્રજ્ઞપ્તિ' વગેરે અન્ય ગ્રંથોમાં પણ કરવામાં આવ્યું છે. આમ છતાં આ ગ્રંથમાં જે રીતે નવદ્વારોથી વર્ણન કરવામાં આવ્યું છે તે રીતે અન્ય ગ્રંથોમાં કરવામાં આવ્યું નથી. આ (=નવદ્વારોથી વર્ણન) જ આ ગ્રંથની આગવી વિશેષતા છે. તેમાં પણ ટીકાકાર પૂજ્યશ્રીએ કથાઓ સહિત ટીકા રચીને આ ગ્રંથની વિશેષતામાં ઓર વધારો કર્યો છે.

આ ગ્રંથ મુખ્યતયા શ્રાવકોને ઉપયોગી હોવા છતાં સાધુઓને પણ ઘણો ઉપયોગી છે. તેમાં પણ વર્તમાનકાળમાં તો આ ગ્રંથ સાધુઓને અધિક ઉપયોગી બને તેમ છે એમ મારું માનવું છે. કારણ કે આમાં સુંદર કથાઓનો ભંડાર ભરેલો હોવાથી મંદ ક્ષયોપશમવાળા પણ સાધુ ભગવંતો આના આધારે સારી રીતે વ્યાખ્યાન વાંચી શકે તેમ છે. આ રીતે આ ગ્રંથ ચતુર્વિધ સંઘને ઘણો ઉપયોગી છે. આમ છતાં આ ગ્રંથ ચતુર્વિધ સંઘમાં વર્તમાનકાળમાં એટલો બધો પ્રસિદ્ધ નથી. ચતુર્વિધ સંઘમાં આ ગ્રંથ પ્રસિદ્ધ બને અને એની આગવી વિશેષતા ખ્યાલમાં આવે એ હેતુથી આ ગ્રન્થનો બૃહદ્‌ટીકા સહિત ભાવાનુવાદ કરવામાં આવ્યો છે.

**ગ્રંથકારપરિચય** :–ઊકેશ (ઉપકેશ) ગચ્છમાં થયેલા શ્રીકક્ક(=કુકુદ) સૂરિના શિષ્ય આચાર્યશ્રી **દેવગુપ્તસૂરિએ** આ ગ્રંથની રચના કરી છે. તેમનું પહેલાં 'જિનચંદ્ર' એવું નામ હતું. પણ પછી આચાર્યપદ પ્રદાન સમયે 'દેવગુપ્ત' એવું નામ રાખવામાં આવ્યું. તેઓશ્રી અગિયારમી સદીમાં થઇ ગયા. તેઓશ્રીએ સ્વરચિત પ્રસ્તુત નવપદ પ્રકરણની લઘુટીકા પણ રચી છે, તદુપરાંત 'નવતત્ત્વપ્રકરણ' વગેરે ગ્રંથોની પણ રચના કરી છે. તેઓશ્રી એક સમર્થ વિદ્વાન હતા.

**ટીકાકાર પરિચય** :–ટીકાકાર મહાત્મા આચાર્યશ્રી દેવગુપ્તસૂરિના શિષ્ય છે, (ટીકાકારના ગુરુશ્રી દેવગુપ્તસૂરિ અને નવપદ પ્રકરણના કર્તા શ્રી દેવગુપ્તસૂરિ એ બંને ભિન્ન છે. નવપદ પ્રકરણના કર્તા દેવગુપ્તસૂરિ ટીકાકારના પ્રદાદાગુરુ છે.) ટીકાકાર પૂજ્યશ્રીનો સત્તા સમય બારમી સદી છે. તેઓશ્રીએ સં. ૧૯૬૫માં આ બૃહદ્‌ટીકાની રચના કરી છે, તદુપરાંત સં. ૧૧૭૪ માં નવપદ પ્રકરણ ઉપર (બીજી) ટીકાની અને સં. ૧૧૭૯માં ચન્દ્રપ્રભચરિત્રની પણ રચના કરી છે.

# ઉપકાર—સહકારસ્મરણ

| વિસર્યા નહિ વિસરાય | શા માટે ? |
|---|---|
| સિદ્ધાંતમહોદધિ સ્વ. પરમારાધ્યપાદ આચાર્યદેવશ્રી **પ્રેમસૂરીશ્વરજી** મહારાજા | મને વિ. સં. ૨૦૧૦માં મુંબઈ–દાદરમાં દીક્ષા આપીને સંયમરસી અને સ્વાધ્યાય પ્રેમી બનાવ્યો. |
| સુવિશાલ ગચ્છાધિપતિ પરમ પૂજ્યપાદ આચાર્યદેવશ્રી **રામચંદ્રસૂરીશ્વરજી** મ. | મારી સંયમજીવન નૌકાના સફલ સુકાની બન્યા છે. તથા પ્રસ્તુત ભાવાનુવાદનું સમર્થન કર્યું છે. |
| સ્વ. પરમગુરુ પ. પૂ. આચાર્યદેવ **શ્રીહીરસૂરીશ્વરજી** મહારાજા | મને ગૃહસ્થાવસ્થામાં મુંબઈમાં સાધુઓમાં સર્વ પ્રથમ આ મહાપુરુષનાં દર્શન થયાં અને સંયમજીવનમાં અલૌકિક માતૃ-વાત્સલ્યનું પ્રદાન કર્યું. |
| ગુરુદેવ પૂજ્ય આચાર્યશ્રી **લલિતશેખરસૂરીશ્વરજી** મ. સા. | મારી સાહિત્ય સાધનામાં પ્રૂફસંશોધન આદિથી સહયોગ આપી રહ્યા છે. |
| આચાર્યશ્રી **વીરશેખરસૂરિજી** મ. | પ્રસ્તુત અનુવાદમાં બારવ્રતોના ભાંગા-ઓનો ભાવાનુવાદ કરી આપ્યો છે. |
| મુનિશ્રી **રવિશેખરવિજયજી** | વર્ષોથી વૈયાવચ્ચદ્વારા મારી સાહિત્ય સાધનામાં અનુકૂળ બની રહ્યા છે. |
| મુનિશ્રી **ધર્મશેખરવિજયજી** | પ્રસ્તુત ગ્રંથનું શુદ્ધિપત્રક તૈયાર કર્યું છે. |

આ ભાવાનુવાદમાં ગ્રંથકાર કે ટીકાકારના આશયથી વિરુદ્ધ કે વ્યાકરણ આદિની દૃષ્ટિએ અશુદ્ધ અનુવાદ થઈ ગયો હોય તો તે બદલ મિચ્છામિ દુક્કડમ્.

દહેજ
મા. સુ. ૩
વિ. સં. ૨૦૪૭

—રાજશેખરસૂરિ

# શુદ્ધિ પત્રક

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૨૪ | અર્થવાળા પ્રયોગોથી | અર્થવાળા શબ્દ પ્રયોગોથી |
| ૫ | ૧૪ | વિવિધિ | વિવિધ |
| ૧૨ | ૨૫ | સ્રીરૂપી | સ્ત્રીરૂપી |
| ૪૯ | ૧૧ | ઘટી | ધટી |
| ૬૨ | ૨૪ | કરેલા | કરેલાં |
| ૬૮ | ૧૩ | પણુ સાથે ધન | પણુ ધન |
| ૮૧ | ૬ | રોકયા | રોકયો |
| ૮૧ | ૧૦ | ભવોભવં | ભવોભવ |
| ૮૮ | ૧૯ | અનુગૃહત | અનુગ્રહ |
| ૯૩ | ૧૧ | પધારાવવાં | પધરાવવાં |
| ૯૩ | ૨૧ | अन्नतित्थियपसंसा | अन्नतित्थियपसंसा |
| ૯૫ | ૬ | परपाषण्डसंस्तव | परपाबण्डसंस्तव |
| ૧૦૭ | ૬ | કાશાંબી | કૌશાંબી |
| ૧૦૮ | ૨૨ | વિચાર્યું. | વિચાર્યું: |
| ૧૧૪ | ૨૨ | તો શું હું | તો હું શું |
| ૧૨૯ | ૨૧ | વિસ્મમ | વિસ્મય |
| ૧૩૩ | ૬ | ચતુર્વિંધ | ચતુર્વિધ |
| ૧૩૭ | ૩૦ | पाणाइवाए | पाणइवाए |
| ૧૪૧ | ૧૨ | હિંસાનો | હિંસાનો |
| ૧૪૩ | ૨૩ | સંતુષ | સંતોષ |
| ૧૪૪ | ૧૨ | પતિમારિકા, | પતિમારિકા |
| ૧૭૬ | ૧૨ | ભંગાભંગારૂપ | ભંગાભંગરૂપ |
| ૧૮૬ | ૧૫ | બિચારીને | વિચારીને |
| ૧૮૯ | ૭ | મેળવારની | મેળવનારની |
| ૨૦૯ | ૨૬ | (=ગૃહસ્થાવસ્થામાં) | — |
| ૨૧૧ | ૭ | વિહ્વવતા | વિહ્વલવતા |
| ૨૧૮ | ૧૯ | અ પ્રમાણે | આ પ્રમાણે |
| ૨૨૩ | ૩ | આનોશીલનાશ | આનો શીલનાશ |
| ૨૨૯ | ૩૧ | જય | જ્યાં |
| ૨૩૬ | ૭ | ઉદ્યનમાં | ઉદ્યાનમાં |

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૪૩ | ૫ | હતો | હતી |
| ૨૪૫ | ૮ | છે ”૨ | છે ” |
| ૨૪૮ | ૧૨ | **તેસિ** | **તેસિં** |
| ૨૬૩ | ૩ | વિનયથી પાસે | પાસે વિનયથી |
| ૩૦૦ | ૧૨ | વંદાય છે | તે વંદાય છે |
| ૩૧૨ | ૨૭ | થોડ જ | થોડા જ |
| ૩૧૬ | ૧૫ | દ્વાદદશાવર્ત | દ્વાદશાવર્ત |
| ૩૨૨ | ૨૪ | તૃણુ, સ્પર્શ, | તૃણુસ્પર્શ, |
| ૩૩૦ | ૩૨ | પ્રયોગા | પ્રયોગ |
| ૩૪૧ | ૨૦ | **સંયાત** | **સંયતિ** |
| ૩૪૬ | ૫ | સામાયિ કકરવાની | સામાયિક કરવાની |
| ૩૪૮ | ૧૮ | પ્રસદ્ધિ | પ્રસિદ્ધ |
| ૩૪૯ | ૨૩ | છો | છે |
| ૩૬૧ | ૫ | ચંદ્રસાગરને | સાગરચંદ્રને |
| ૩૭૩ | ૭ | આચારનાર | આચરનાર |
| ૩૭૩ | ૧૫ | યતનમાં | યતનામાં |
| ૩૮૬ | ૧૧ | અભૂષણો | આભૂષણો |
| ૩૯૮ | ૩૧ | પોતાનો | પોતાને |
| ૪૦૧ | ૩ | સંસાર | સંસ્તાર |
| ૪૧૧ | ૩૦ | થ.ય. | થાય. |
| ૪૧૯ | ૨૮ | સુવ્રત | સુવ્રતા |
| ૪૨૦ | ૪ | પાદપોગમન | પાદપોપગમન |
| ૪૨૬ | ૭ | હતા હતા. | હતા. |
| ૪૨૯ | ૧૩ | લઇ. | લઈ |
| ૪૩૫ | ૧૯ | એટલા | એટલે |
| ૪૩૫ | ૨૨ | પાદપોગમન | પાદપોપગમન |
| ૪૩૫ | ૨૩ | પાદપોગમન | પાદપોપગમન |
| ૪૪૭ | ૧૩ | પારણે | પારણું |
| ૪૬૨ | ૩ | પડચ.. | પડ્યા. |
| ૪૬૪ | ૨૬ | નિશ્ચે | નિશ્ચે |
| ૪૬૬ | ૫ | સાખીને | નાખીને |

# વિષયાનુક્રમણિકા—૧


| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| મિથ્યાત્વ, સમ્યક્ત્વ, બારવ્રતો અને સંલેખના એ ક્રમમાં હેતુ | ૫ |
| કેટલી સ્થિતિ ઘટે ત્યારે સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય ? | ૬ |
| ગ્રંથરચનાનું પ્રયોજન | ૬ |
| ધર્મશાસ્ત્રોનો ઉપદેશ આપવો એ શ્રેષ્ઠ ઉપકાર છે. | ૭ |
| નવ ભેદો (=દ્વારો) | ૮ |
| **મિથ્યાત્વ** | |
| ૧ સ્વરૂપ | ૯ |
| ૨ ભેદ | ૧૩ |
| ૩ ઉત્પત્તિ | ૧૫ |
| સાધુઓથી થતા લાભો | ૧૬ |
| ૪ દોષ | ૪૫ |
| ૫ ગુણ | ૪૮ |
| ૬ યતના | ૫૨ |
| ૭ અતિચાર | ૫૭ |
| ૮ ભંગ | ૬૪ |
| ૯ ભાવના | ૬૬ |
| **સમ્યક્ત્વ** | |
| ૧ સ્વરૂપ | ૭૧ |
| ૨ ભેદ | ૭૩ |
| ૩ ઉત્પત્તિ | ૭૮ |
| ૪ દોષ | ૮૫ |
| ૫ ગુણ | ૮૭ |
| ૬ યતના | ૯૨ |
| ૭ અતિચાર | ૯૩ |
| ૮ ભંગ | ૧૩૪ |
| ૯ ભાવન | ૧૩૫ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| **પહેલું અણુવ્રત** | |
| ૧ સ્વરૂપ | ૧૩૭ |
| ૨ ભેદ | ૧૩૯ |
| ૩ ઉત્પત્તિ | ૧૪૧ |
| ૪ દોષ | ૧૪૨ |
| ૫ ગુણ | ૧૪૪ |
| ૬ યતના | ૧૫૨ |
| ૭ અતિચાર | ૧૫૩ |
| ૮ ભંગ | ૧૫૫ |
| ૯ ભાવના | ૧૫૬ |
| **બીજું અણુવ્રત** | |
| ૧ સ્વરૂપ | ૧૫૭ |
| ૨ ભેદ | ૧૫૮ |
| ૩ ઉત્પત્તિ | ૧૬૦ |
| ૪ દોષ | ૧૭૧ |
| ૫ ગુણ | ૧૭૪ |
| ૬ યતના | ૧૭૪ |
| ૭ અતિચાર | ૧૭૫ |
| ૮ ભંગ | ૧૭૭ |
| ૯ ભાવના | ૧૭૭ |
| **ત્રીજું અણુવ્રત** | |
| ૧ સ્વરૂપ | ૧૭૯ |
| ૨ ભેદ | ૧૮૦ |
| ૩ ઉત્પત્તિ | ૧૮૦ |
| ૪ દોષ | ૧૮૧ |
| ૫ ગુણ | ૧૯૫ |
| ૬ યતના | ૨૦૬ |
| ૭ અતિચાર | ૨૦૬ |
| ૮ ભંગ | ૨૦૮ |
| ૯ ભાવના | ૨૦૮ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| **ચોથું અણુવ્રત** | |
| ૧ સ્વરૂપ | ૨૦૯ |
| ૨ ભેદ | ૨૧૨ |
| ૩ ઉત્પત્તિ | ૨૧૨ |
| ૪ દોષ | ૨૧૩ |
| ૫ ગુણ | ૨૨૦ |
| ૬ યતના | ૨૪૪ |
| ૭ અતિચાર | ૨૪૫ |
| ૮ ભંગ | ૨૪૮ |
| ૯ ભાવના | ૨૪૮ |
| **પાંચમું અણુવ્રત** | |
| ૧ સ્વરૂપ | ૨૪૯ |
| ૨ ભેદ | ૨૪૯ |
| ૩ ઉત્પત્તિ | ૨૫૦ |
| ૪ દોષ | ૨૫૭ |
| ૫ ગુણ | ૨૬૫ |
| ૬ યતના | ૨૬૭ |
| ૭ અતિચાર | ૨૬૭ |
| ૮ ભંગ | ૨૬૯ |
| ૯ ભાવના | ૨૬૯ |
| **દિશા પરિમાણવ્રત** | |
| ૧ સ્વરૂપ | ૨૭૧ |
| ૨ ભેદ | ૨૭૧ |
| ૩ ઉત્પત્તિ | ૨૭૨ |
| ૪ દોષ | ૨૭૨ |
| ૫ ગુણ | ૨૭૪ |
| ૬ યતના | ૨૭૭ |
| ૭ અતિચાર | ૨૭૭ |
| ૮ ભંગ | ૨૭૯ |
| ૯ ભાવના | ૨૭૯ |

| વિષય | પૃષ્ઠ |
| --- | --- |
| **ઉપભોગ–પરિભોગ પરિમાણ** | |
| ૧ સ્વરૂપ | ૨૮૦ |
| ૨ ભેદ | ૨૮૦ |
| ૩ ઉત્પત્તિ | ૨૮૬ |
| ૪ દોષ | ૨૮૯ |
| ૫ ગુણ | ૨૯૯ |
| ૬ યતના | ૩૧૮ |
| ૭ અતિચાર | ૩૧૮ |
| ૮ ભંગ | ૩૨૧ |
| ૯ ભાવના | ૩૨૨ |
| **અનર્થદંડ વિરમણ** | |
| ૧ સ્વરૂપ | ૩૨૩ |
| ૨ ભેદ | ૩૨૪ |
| ૩ ઉત્પત્તિ | ૩૩૧ |
| ૪ દોષ | ૩૩૧ |
| ૫ ગુણ | ૩૩૭ |
| ૬ યતના | ૩૩૮ |
| ૭ અતિચાર | ૩૩૯ |
| ૮ ભંગ | ૩૪૧ |
| ૯ ભાવના | ૩૪૧ |
| **સામાયિકવ્રત** | |
| ૧ સ્વરૂપ | ૩૪૩ |
| ૨ ભેદ | ૩૪૪ |
| ૩ ઉત્પત્તિ | ૩૪૫ |
| ૪ દોષ | ૩૫૧ |
| ૫ ગુણ | ૩૫૮ |
| ૬ યતના | ૩૭૨ |
| ૭ અતિચાર | ૩૭૩ |
| ૮ ભંગ | ૩૭૪ |
| ૯ ભાવના | ૩૭૫ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **દેશાવગાસિક** | |
| ૧ સ્વરૂપ | ૩૭૬ |
| ૨ ભેદ | ૩૭૮ |
| ૩ ઉત્પત્તિ | ૩૭૮ |
| ૪ દોષ | ૩૭૯ |
| ૫ ગુણ | ૩૮૦ |
| ૬ યતના | ૩૮૩ |
| ૭ અતિચાર | ૩૮૩ |
| ૮ ભંગ | ૩૮૪ |
| ૯ ભાવના | ૩૮૪ |
| **પૌષધોપવાસ** | |
| ૧ સ્વરૂપ | ૩૮૫ |
| ૨ ભેદ | ૩૮૫ |
| ૩ ઉત્પત્તિ | ૩૮૭ |
| ૪ દોષ | ૩૮૮ |
| ૫ ગુણ | ૩૮૮ |
| ૬ યતના | ૪૦૦ |
| ૭ અતિચાર | ૪૦૦ |
| ૮ ભંગ | ૪૦૩ |
| ૯ ભાવના | ૪૦૩ |

| વિષય | પૃષ્ઠ |
|---|---|
| **અતિથિસંવિભાગ** | |
| ૧ સ્વરૂપ | ૪૦૪ |
| ૨ ભેદ | ૪૦૫ |
| ૩ ઉત્પત્તિ | ૪૦૮ |
| ૪ દોષ | ૪૧૩ |
| ૫ ગુણ | ૪૨૦ |
| ૬ યતના | ૪૩૬ |
| ૭ અતિચાર | ૪૩૭ |
| ૮ ભંગ | ૪૩૮ |
| ૯ ભાવના | ૪૩૮ |
| **સંલેખના** | |
| ૧ સ્વરૂપ | ૪૪૭ |
| ૨ ભેદ | ૪૫૦ |
| ૩ ઉત્પત્તિ | ૪૫૨ |
| ૪ દોષ | ૪૫૪ |
| ૫ ગુણ | ૪૬૮ |
| ૬ યતના | ૪૭૨ |
| ૭ અતિચાર | ૪૭૩ |
| ૮ ભંગ | ૪૭૫ |
| ૯ ભાવના | ૪૭૫ |
| પ્રકરણ રચના હેતુ | ૪૭૯ |
| ટીકાકાર ની પ્રશસ્ત | ૪૭૯ |
| ભાવાનુવાદકારની પ્રશસ્તિ | ૪૮૦ |

# દૃષ્ટાંતોની અકારાદિ અનુક્રમણિકા—૨


| દૃષ્ટાંત | પૃષ્ઠ |
|---|---|
| અંગરક્ષક | ૩૩૭ |
| અંબડના શિષ્યો | ૫૩ |
| આનંદ શ્રાવક | ૩૯૫ |
| આષાઢાચાર્ય | ૧૦૮ |
| ઇંદ્રનાગ | ૪૯ |
| કપાલભિક્ષુ | ૩૨૪ |
| કાર્તિકશેઠ | ૧૩૫ |
| કામદેવ | ૩૮૧ |
| કુબેરદત્ત કુબેરદત્તા | ૨૧૬ |
| કૃતપુણ્ય | ૪૨૧ |
| કોણિકરાજા | ૨૭૨ |
| કંડરીકમુનિ | ૩૫૧ |
| ક્ષેમમંત્રી | ૧૫૧ |
| ગોવિંદવાચક | ૨૩ |
| ગોષ્ઠામાહિલ | ૨૫ |
| ચારુદત્ત | ૨૫૮ |
| ચિલાતિપુત્ર | ૮૦ |
| ચોર | ૩૨૫ |
| ચંડકૌશિકસર્પ | ૨૭૫ |
| જમાલિ | ૧૭ |
| જિનદાસશ્રાવક | ૨૬૬ |
| જીર્ણશ્રેષ્ઠી | ૪૧૨ |
| જંબૂસ્વામી | ૩૦૦ |
| તામલિતાપસ | ૬૭ |
| ત્રણ સખીઓ | ૨૧૪ |
| ત્રિવિક્રમભટ્ટ | ૪૬ |
| દામનક | ૧૪૫ |
| દૃષ્ટિવિષસર્પ | ૩૭૭ |
| ધનસાર્થવાહ | ૮૭ |
| નાગદત્ત | ૧૯૫ |
| નાગશ્રી | ૧૧૪ |
| નંદમણિયાર | ૮૫ |
| પતિમારિકા | ૧૪૨ |
| પંડર આર્યા | ૪૬૬ |
| બ્રાહ્મણી | ૨૯૯ |
| બે બ્રાહ્મણ પુત્રો | ૨૫૧ |
| મહેશ્વરદત્ત | ૯૮ |
| મદ્ય પીનાર ઋષિ | ૨૮૨ |
| મહાશતક | ૪૬૯ |
| મુદ્‌ગલઋષિ | ૬૩ |
| મંડિકચોર | ૧૮૨ |
| યાદવકુમારો | ૩૨૧ |
| રાજગૃહીનો ભિખારી | ૧૪૩ |
| રાજા | ૯૭ |
| વજ્રસ્વામી | ૧૧૨ |
| વસુરાજા | ૧૭૧ |
| વણિકપુત્રી | ૨૧૯ |
| વસુમિત્રા | ૨૮૨ |
| વિજયચોર | ૧૯૨ |
| વિષ્ણુકુમાર | ૧૨૦ |
| વેલહણ વણિકપુત્ર | ૩૨૯ |
| વૈદ્ય | ૩૭૬ |
| શકટાલ | ૧૦૧ |
| શાલિભદ્ર | ૪૨૮ |
| શિવરાજર્ષિ | ૫૮ |
| શિવશર્મ | ૬૫ |
| શેખચલી | ૩૨૮ |
| શંખશ્રાવક | ૩૮૯ |
| શ્રાવકપુત્રી | ૯૯ |
| શ્રાવકપુત્ર | ૧૪૪ |
| શ્રેણિક | ૧૦૫ |
| શ્રેયાંસકુમાર | ૪૩૯ |
| સાગરચંદ્ર | ૩૫૯ |
| સાર્થવાહપુત્રો | ૯૫ |
| સીતા | ૨૨૬ |
| સુદર્શનશેઠ | ૩૬૦ |
| સુબંધુમંત્રી | ૨૯૬ |
| સુભદ્રા | ૨૨૦ |
| સેડુબક | ૨૮૯ |
| સોરઠનો શ્રાવક | ૨૪ |
| સંભૂતિ | ૪૫૪ |
| સ્કંદકસૂરિ | ૩૨૬ |
| સ્કંદકમુનિ | ૪૭૫ |
| હરણ | ૪૦૯ |

## પૂ. આ. ભ. શ્રી રાજશેખર મ. સા. ના
## સંપાદિત–અનુવાદિત–વિવેચિત ગ્રંથો

| ગ્રંથ | સાઇઝ | વિષય |
|---|---|---|
| ૧ જ્ઞાનસાર અષ્ટક | ફૂલસ્કેપ ૧૬ પેજી | મૂળશ્લોકો સાથે ગુજરાતી ભાવાનુવાદ |
| ૨ પ્રશમરતિ | ,, ,, | ,, ,, ,, ,, |
| ૩ હારિભદ્રીય અષ્ટક | ,, ,, | ,, ,, ,, ,, |
| ૪ પંચસૂત્ર | ક્રાઉન ,, | મૂળસૂત્રો ,, ,, ,, |
| ૫ પંચાશક ભાગ ૧–૨ | ,, ,, | ટીકાનો ગુજરાતી ભાવાનુવાદ |
| ૬ ગુરુતત્ત્વ વિનિશ્ચય ભાગ ૧–૨ | ,, ૮ પેજી | સંસ્કૃત ટીકા સહિત ગુજરાતી ભાવાનુવાદ |
| ૭ પંચવસ્તુક | ,, ,, | ,, ,, ,, ,, |
| ૮ મૈત્રી સાધના | ,, ૧૬ ,, | મૈત્રી ભાવનાનું ગુજરાતી વિવેચન |
| ૯ પ્રમોદ પુષ્પ પરિમલ | ,, ,, ,, | પ્રમોદભાવનાનું ,, ,, |
| ૧૦ સત્સંગની સુવાસ | ,, ,, ,, | સત્સંગના મહિમાનું વિવેચન |
| ૧૧ માતા–પિતાની સેવા | ,, ,, ,, | ગુજરાતી વિવેચન |
| ૧૨ તત્ત્વાર્થાધિગમસૂત્ર | ,, ,, ,, | નવતત્ત્વોનું ગુજરાતી વિવેચન |
| ૧૩ શ્રમણ ક્રિયાનાં સૂત્રો | ,, ,, ,, | નૂતન દીક્ષિત વગેરેને કંઠસ્થ કરવાનાં આવશ્યક ક્રિયાનાં સૂત્રો |
| ૧૪ નિત્ય ઉપયોગી સાધના સંગ્રહ | ,, ,, ,, | ગૃહસ્થોને ઉપયોગી વિવિધ વિષયોનો સંગ્રહ |
| ૧૫ પ્રદેશબંધ | ,, ૮ પેજી | પ્રદેશબંધ વિષે વિસ્તૃત સંસ્કૃત ટીકા |
| ૧૬ શ્રાવકનાં બાર વ્રતો યાને નવપદ પ્રકરણ | ,, ,, ,, | સંસ્કૃત ટીકાનું ગુજરાતી ભાવાનુવાદ |
| ૧૭ સિદ્ધહેમ વ્યાકરણ ( મધ્યમવૃત્તિ ) | ,, ,, ,, | સંસ્કૃત વ્યાકરણ |
| ૧૮ તત્ત્વાર્થ | પૉકેટ બુક | અર્થ સહિત મૂળસૂત્રો |

પૂજ્યપાદ પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ આચાર્યદેવ

## શ્રીમદ્ વિજયરામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાનાં

# પ્રગટ થયેલાં પુસ્તકોની યાદી

| ક્રમાંક | પુસ્તકનું નામ |
|---|---|
| ૧ | આચારાંગ-ધૂતાધ્યયન ભા. ૧ |
| ૨ | આત્માને ઓળખો |
| ૩ | Know thy Self |
| ૪ | The idenl of real culture in the Ramayana. |
| ૫ | The Right Direction of read progress. |
| ૬ | આત્મોન્નતિનાં સોપાન ભા. ૧ |
| ૭ | આત્મોન્નતિનાં સોપાન ભા. ૨ |
| ૮ | આત્મોન્નતિનાં સોપાન ભા. ૩ |
| ૯ | કથાઓ અને કથા પ્રસંગો ભા. ૧ |
| ૧૦ | કથાઓ અને કથા પ્રસંગો ભા. ૨ |
| ૧૧ | કુંભોજ તીર્થની યાત્રાએ |
| ૧૨ | ચાર ગતિનાં કારણો ભા. ૧ |
| ૧૩ | ચાર ગતિનાં કારણો ભા. ૨ |
| ૧૪ | જયાનંદ કેવલી ચરિત્ર ભા. ૧ |
| ૧૫ | જિનભક્તિનો મહોત્સવ |
| ૧૬ | જૈન પ્રવચન ભા. ૧ |
| ૧૭ | જૈન રામાયણ ભા. ૧ |
| ૧૮ | જૈન રામાયણ ભા. ૨ |
| ૧૯ | જૈન રામાયણ ભા. ૩ |
| ૨૦ | જૈન રામાયણ ભા. ૪ |
| ૨૧ | જૈન રામાયણ ભા. ૫ |
| ૨૨ | જૈન રામાયણ ભા. ૬ |
| ૨૩ | જૈન રામાયણ ભા. ૭ |
| ૨૪ | દિશા સૂચન ભા. ૧ (જાહેર વ્યાખ્યાનો) |
| ૨૫ | દિશા સૂચન ભા. ૨ (જાહેર વ્યાખ્યાનો) |
| ૨૬ | દિશા સૂચન ભા. ૩ (જાહેર વ્યાખ્યાનો) |

| ક્રમાંક | પુસ્તકનું નામ |
|---|---|
| ૨૭ | ધર્મકથાઓ ભા. ૧ |
| ૨૮ | ધર્મરત્નપ્રકરણમ્ ભા. ૧ |
| ૨૯ | ધર્મરત્નપ્રકરણમ્ ભા. ૨ |
| ૩૦ | નવપદ માહાત્મ્ય વર્ણન |
| ૩૧ | નવપદ સ્વરૂપ દર્શન |
| ૩૨ | પતન અને પુનરુત્થાન ભા. ૧ |
| ૩૩ | પતન અને પુનરુત્થાન ભા. ૨ |
| ૩૪ | પતન અને પુનરુત્થાન ભા. ૩ |
| ૩૫ | પર્યુષણસંદેશ લેખમાળા |
| ૩૬ | પ્રકાશનાં કિરણો |
| ૩૭ | પ્રકીર્ણ કથા સંગ્રહ |
| ૩૮ | પૂનાથી કરાડ સુધીનાં પ્રવચનો |
| ૩૯ | Baldiksha or Child Sanyas |
| ૪૦ | રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ભા. ૧ |
| ૪૧ | રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ભા. ૨ |
| ૪૨ | રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ભા. ૩ |
| ૪૩ | રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ભા. ૪ |
| ૪૪ | વીરવિભુની અંતિમ દેશના |
| ૪૫ | સત્યનું સમર્થન યાને જૈન સાહિત્યની સર્વોત્કૃષ્ટતા |
| ૪૬ | સનાતન સત્યનો સાક્ષાત્કાર |
| ૪૭ | સમ્યગ્દર્શન પ્રગટીકરણ |
| ૪૮ | સંઘનું સ્વરૂપ ભા. ૧ |
| ૪૯ | સંઘનું સ્વરૂપ ભા. ૨ |
| ૫૦ | સિરિમઈ સમરાઈચ્ચ કહા ભૂમિકા ભા. ૧ |
| ૫૧ | રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ભા. ૧ |
| ૫૨ | રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ભા ૨ દ્વિ.આ. |

| ક્રમાંક | પુસ્તકનું નામ | |
|---|---|---|
| પ૩ | રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ભા.૩ દ્વિ.આ. | |
| ૫૪ | રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ભા.૪ દ્વિ.આ. | |
| ૫૫ | રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ભા.૫ દ્વિ.આ. | |
| ૫૬ | રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ભા.૬ દ્વિ.આ. | |
| ૫૭ | રામાયણમાં સંસ્કૃતિનો આદર્શ ભા.૭ દ્વિ.આ. | |
| ૫૮ | જૈન રામાયણ ભા.૧ નવી આવૃત્તિ | |
| ૫૯ | જૈન રામાયણ ભા.૨ નવી આવૃત્તિ | |
| ૬૦ | જૈન રામાયણ ભા.૩ નવીઆવૃત્તિ | રૂ.૬-૫૦ |
| +૬૧ | જૈન રામાયણ ભા.૪ નવી આવૃત્તિ | રૂા.૬–૫૦ |
| +૬૨ | જૈન રામાયણ ભા.૫ નવી આવૃત્તિ | રૂા.૬–૫૦ |
| +૬૩ | જૈન રામાયણ ભા.૬ નવી આવૃત્તિ | રૂા.૬–૫૦ |
| ૬૪ | નવપદ દર્શન | |
| ૬૫ | જીવન સાફલ્ય દર્શન ભા. ૧ | |
| ૬૬ | જીવન સાફલ્ય દર્શન ભા. ૨ | |
| +૬૭ | સમ્યગ્દર્શન બીજી આવૃત્તિ | રૂા ૨૫–૦૦ |
| ૬૮ | શ્રાદ્ધ ગુણ દર્શન ભા. ૧ | રૂા. ૫૧–૦૦ની શ્રેણિ |
| +૬૯ | શ્રાદ્ધ ગુણ દર્શન ભા. ૨ | |
| +૭૦ | શ્રાદ્ધ ગુણ દર્શન ભા. ૩ | |
| +૭૧ | શ્રાદ્ધ ગુણ દર્શન ભા. ૪ | |

| ક્રમાંક | પુસ્તકનું નામ | |
|---|---|---|
| +૭૨ | સંઘ સ્વરૂપ દર્શન ભા.૧ | રૂા. ૬૧–૦૦ ની શ્રેણિ |
| +૭૩ | સંઘ સ્વરૂપ દર્શન ભા.૨ | |
| ૭૪ | સંઘ સ્વરૂપ દર્શન ભા.૩ | |
| ૭૫ | સંઘ સ્વરૂપ દર્શન ભા.૪ | |
| ૭૬ | સંઘ સ્વરૂપ દર્શન ભા.૫ | |
| +૭૭ | ધર્મ સ્વરૂપ દર્શન | રૂા. ૨૫-૦૦ |
| +૭૮ | શ્રમણ ગુણ દર્શન | રૂા. ૧૨-૦૦ |
| +૭૯ | યુવાનીની સફળતાનો રાજમાર્ગ | રૂા. ૧–૨૫ |
| +૮૦ | જૈન શાસનનું હાર્દ | રૂા. ૧–૦૦ |
| +૮૧ | દીપાલિકાનો દિવ્ય સંદેશ | રૂા. ૨–૫૦ |
| ૮૨ | આત્માને ઓળખો | રૂા. ૨૮–૦૦ |
| +૮૩ | સાચા સુખની શોધમાં | રૂા. ૩૨–૦૦ |
| +૮૪ | સાચા સુખનો માર્ગ | રૂા. ૩૦–૦૦ |
| +૮૫ | કેમ ઉતરશો પાર ? | રૂા. ૩૦–૦૦ |
| +૮૬ | મુક્તિનો રાજમાર્ગ | રૂા. ૩૦–૦૦ |
| +૮૭ | પતન અને પુનરુત્થાન ભા–૧ | રૂા. ૩૦–૦૦ |
| +૮૮ | પતન અને પુનરુત્થાન ભા–૨ | |

* શ્રી જિનવાણી પ્રચારક ગ્રંથમાળાના અન્વયે ક્રમાંક નં ૩૦ તથા ૩૧ ભેગા કરીને ક્રમાંક નં. ૬૪ નું પુસ્તક શ્રી જૈન પ્રવચન પ્રચારક ટ્રસ્ટ મુંબઈ તરફથી પ્રગટ થયેલ છે.
* ક્રમાંક નં. ૧૬ બે ભાગમાં ક્રમાંક નં. ૬૫–૬૬ રૂપે પ્રગટ થયેલ છે.
* ક્રમાંક નં. ૪૭ ક્રમાંક નં. ૬૭ પુસ્તકમાં સંપૂર્ણ સમાવિષ્ટ થઈ જાય છે. જે આ દ્વિતીયાવૃત્તિ રૂપે પ્રગટ થાય છે.
* ક્રમાંક નં. ૨૮ તથા ૨૯ ભેગા કરીને તેમજ તેના પુસ્તકાકારે અપ્રગટ એવા સઘળાં પ્રવચનોને સંકલિત કરીને ક્રમાંક નં. ૬૮–૬૯–૭૦–૭૧ પ્રગટ થયેલ છે. જેના થોડા જ પુસ્તકો સ્ટોકમાં છે.
* ક્રમાંક નં. ૪૮–૪૯ ભેગા કરીને તેમજ તેના પ્રગટ અને અપ્રગટ એવા અનેક પ્રવચનોને સંકલિત કરીને ક્રમાંક નં. ૭૨–૭૩–૭૪–૭૫ પ્રગટ થયેલ છે. ૭૬ હવે પછી પ્રગટ થશે.
* ક્રમાંક ૩૨, ૩૩, ૩૪ આ ત્રણ ભાગ નવી આવૃત્તિમાં બે ભાગમાં પ્રગટ થશે. ક્રમાંક ૮૮ હાલમાં પ્રેસમાં છે.
* ક્રમાંક ૨ તથા ક્રમાંક ૨૪, ૨૫, ૨૬નાં પ્રવચનો ક્રમાંક ૮૨ થી ૮૬ માં સમાવી લેવામાં આવ્યાં છે.

**નોંધ :** ઉપરોક્ત પુસ્તકો લગભગ અપ્રાપ્ય છે. જેથી જેટલા પ્રાપ્ય છે તેની આગળ + આ નિશાન કરેલ છે. જે પ્રાપ્ય છે તે પણ અલ્પ સંખ્યામાં છે. માટે જરૂરિયાતવાળા આ અંગે શ્રી જિનવાણી પ્રચારક ટ્રસ્ટ મુંબઈનો શીઘ્ર સંપર્ક સાધે.

ધરણેંદ્ર પદ્માવતી સંપૂજિતાય ૐ હ્રીં શ્રી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રીદાન-પ્રેમ-રામચંદ્ર-હીરસૂરિ ગુરુભ્યો નમઃ
ऐं नमः

## પૂજ્યપાદ આચાર્યદેવ શ્રી દેવગુપ્તસૂરિ મહારાજ વિરચિત
## પૂજ્યપાદ ઉપાધ્યાય શ્રી યશોદેવ મહારાજ રચિત ટીકા સહિત

# શ્રાવકનાં બારવ્રતો

યાને

# શ્રી નવપદ પ્રકરણ ગ્રંથનો

## આચાર્ય શ્રી રાજશેખરસૂરિએ કરેલો

# ગુજરાતી ભાવાનુવાદ

### ટીકાકારનું મંગલાચરણ :

જેમણે શુદ્ધ (=શુક્લ) ધ્યાનરૂપી ધનની પ્રાપ્તિથી કર્મરૂપી દારિદ્રયનો નાશ કરીને મોક્ષ મેળવ્યું તે જિનેશ્વરને હું નમન કરું છું. [ ૧ ] જેમણે કર્મોરૂપી શત્રુઓને જીત્યા છે, જેમણે અનુપમ મહિમાવંત કેવલજ્ઞાનરૂપી ધજાને પ્રાપ્ત કરી છે, જેમની દેવો અને અસુરોએ પૂજા કરી છે, તત્ત્વને કહેનારા તે વીર પ્રભુ જય પામે છે. [ ૨ ] જેની કૃપારૂપી નૌકાથી વિદ્વાનો રમતથી જ્ઞેયરૂપ સાગરને તરી જાય છે, તે સરસ્વતીદેવી મારું સાન્નિધ્ય કરો. [ ૩ ] જેમના સંગરૂપી ચંદ્રનો ઉદય થતાં મારી આ બુદ્ધિરૂપી કુમુદિની (=ચંદ્ર-વિકાસી કમળ) જલદી અસાધારણ વિકાસને પામી, તે મારા ગુરુની હું ભક્તિથી સ્તુતિ કરું છું. [ ૪ ] શ્રીદેવગુપ્તસૂરિએ રચેલા નવપદ પ્રકરણની ટીકા કરવાની ઇચ્છાવાળો હું સજ્જનોને આ પ્રમાણે (=હવે પછીની ત્રણ ગાથામાં કહેવાશે તે પ્રમાણે) વિનંતિ કરું છું. [ ૫ ] જો કે આ ગ્રંથ ઉપર મૂલગ્રંથકાર પૂજ્યશ્રીએ જ સ્વયં ટીકા રચી છે, તો પણ તે ટીકા ગહન શબ્દોવાળી હોવાથી સુગમ નથી, આથી અલ્પબુદ્ધિવાળાઓની ઇચ્છાને અનુસરીને હું વિશેષ સ્પષ્ટ અર્થવાળા પ્રયોગોથી મનોહર અને કાંઈક વિસ્તારથી શોભતી આ ટીકા રચું છું. [ ૬ ] આ ટીકા રચવામાં મારાથી પ્રમાદના કારણે જે કંઈ (જિનવચનથી) વિરુદ્ધ થાય (=કહેવાય) તે બધું વિદ્વાનોએ પુત્રના અપરાધની જેમ માફ કરવું. [ ૭ ]

## મૂલગ્રંથકારનું મંગલાચરણ

**અહીં પ્રારંભમાં જ ઇષ્ટદેવતાની સ્તુતિ અને અભિધેય વગેરે ત્રણને કહેવાની ઇચ્છાવાળા પ્રકરણકાર (પહેલી) ગાથાને કહે છે:-**

**नमिऊण वद्धमाणं, मिच्छं सम्मं वयाइं संलेहा**
**नवभेयाइं वोच्छं, सड्ढाणमणुग्गहट्ठाए ॥ १ ॥**

શ્રીવર્ધમાનસ્વામીને નમીને શ્રાવકોના ઉપકાર માટે મિથ્યાત્વ, સમ્યક્ત્વ, બારવ્રતો અને સંલેખના એ દરેકનું નવદ્વારોથી વર્ણન કરીશ.

**પ્રશ્ન:** અહીં ઈષ્ટદેવને નમસ્કાર કરવો એ બિનજરૂરી હોવાથી અને અપ્રાસંગિક હોવાથી શાસ્ત્રના પ્રારંભમાં જ ઈષ્ટદેવને નમસ્કાર કરવો એ અયુક્ત છે. તથા જેણે શાસ્ત્રને જાણ્યું નથી તેવા પુરુષને અભિધેય વગેરેનું જ્ઞાન કરાવવું એ અશક્ય છે, અર્થાત્ જેણે શાસ્ત્રનું પઠન કરીને શાસ્ત્રનો બોધ મેળવ્યો નથી તેને અભિધેય આદિનું જ્ઞાન ન કરાવી શકાય, આથી શાસ્ત્રના પ્રારંભમાં જ અભિધેય આદિનું પ્રતિપાદન કરવું એ પણ અયોગ્ય છે.

**ઉત્તર:**– આ કથન બરોબર નથી. કારણ કે શિષ્ટ પુરુષોનો આ જ આચાર છે કે "ઈષ્ટ કાર્ય કરવા પ્રવૃત્ત થતા શિષ્ટોએ ઈષ્ટદેવની સ્તુતિ કરવાપૂર્વક જ ઈષ્ટ કાર્યમાં પ્રવૃત્ત થવું જોઈએ." કહ્યું છે કે–

**"આ શિષ્ટ પુરુષોનો આચાર છે કે શિષ્ટ પુરુષો હંમેશાં કોઇ પણ કાર્યમાં ઇષ્ટદેવોની સ્તુતિપૂર્વક જ પ્રવૃત્તિ કરે છે."**

ઈષ્ટદેવને કરેલા નમસ્કારનું શિષ્ટાચાર પાલન એ પ્રયોજન હોવાથી તમોએ પ્રારંભમાં ઈષ્ટદેવને નમસ્કાર ન કરવામાં "બિનજરૂરી હોવાથી" એવો જે હેતુ બતાવ્યો તે અસિદ્ધ છે. [1]શાસ્ત્રના પ્રારંભમાં ઈષ્ટદેવને નમસ્કાર ન કરવામાં "અપ્રાસંગિક હોવાથી" એવો જે હેતુ આપ્યો તે પણ અસિદ્ધ છે. કારણ કે શાસ્ત્ર કલ્યાણરૂપ છે. શાસ્ત્ર કલ્યાણ-રૂપ હોવાથી તેની રચના કરવામાં વિઘ્નો આવવાની સંભાવના રહેલી છે. ઈષ્ટદેવને કરેલો નમસ્કાર સંભવિત વિઘ્નોની શાંતિનો હેતુ છે, અર્થાત્ ઈષ્ટદેવને નમસ્કાર કરવાથી સંભવિત વિઘ્નો દૂર થાય છે. આથી શાસ્ત્રના પ્રારંભમાં ઈષ્ટદેવને નમસ્કાર કરવો એ પ્રાસંગિક છે=પ્રસંગને અનુરૂપ છે. કહ્યું છે કે:–

**"કલ્યાણકારી કાર્યો બહુ વિઘ્નવાળાં હોય છે. આથી જેમ વિદ્યા શિખવામાં અને મહાનિધાનને લેવામાં મંગલ અને (उपचार=) ધર્માચરણ-**

૧. અસિદ્ધ = પક્ષમાં હેતુનો અભાવ.

**પૂર્વક પ્રવૃત્તિ થાય છે તેમ શાસ્ત્રમાં (=શાસ્ત્રને રચવામાં કે ભણવામાં) મંગલ અને ધર્માચરણપૂર્વક પ્રવૃત્તિ કરવી જોઇએ."**

જેણે સંપૂર્ણ શાસ્ત્રનું અધ્યયન કર્યું નથી એવો પુરુષ પણ શાસ્ત્રના પ્રારંભમાં કહેલા અભિધેય વગેરેને જાણીને આ શાસ્ત્ર અભિધેયથી રહિત તો નથી ને? ઈત્યાદિ શંકાથી રહિત બને છે, અને એથી તે શાસ્ત્રના અધ્યયનમાં પ્રવૃત્તિ કરે છે. આ પ્રમાણે શાસ્ત્રના પ્રારંભમાં અભિધેય વગેરેનું પ્રતિપાદન શાસ્ત્રમાં પ્રવૃત્તિનું કારણ હોવાથી યુક્ત છે. આ વિષે કહ્યું છે કે—

**"બુદ્ધિમાન પુરુષો શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરે એ માટે શાસ્ત્રના પ્રારંભમાં ફલ (= પ્રયોજન), અભિધેય અને સંબંધ એ ત્રણ સ્પષ્ટ કહેવા જોઇએ, અને ઇષ્ટ (શાસ્ત્રરચના) કાર્યની સિદ્ધિ માટે શાસ્ત્રના પ્રારંભમાં મંગલ કહેવું જોઇએ."**

**"વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનારા પુરુષો જેમાં ફલ (=પ્રયોજન)નો નિર્દેશ નથી તેવા કોઇ શાસ્ત્રમાં આદર કરતા નથી, આથી શાસ્ત્રના પ્રારંભમાં પ્રયોજન કહેવું જોઇએ. (૧) કોઇ પણ શાસ્ત્રમાં કે કોઈ પણ કાર્યમાં જ્યાં સુધી કોઇ પણ પ્રયોજન (શાસ્ત્ર રચવાનો કે કાર્ય કરવાનો હેતુ) જણાવવામાં ન આવે ત્યાં સુધી તે કોના વડે ગ્રહણ કરાય? અર્થાત્ પ્રયોજન વિનાના શાસ્ત્રને બુદ્ધિમાન કોઇ ન ભણે અને પ્રયોજન વિનાનું કોઇ કાર્ય બુદ્ધિમાન પુરુષ ન કરે."** (૨) ઈત્યાદિ વચનને પ્રમાણ માનીને જેઓ, શાસ્ત્રમાં પ્રયોજન શ્રોતાજનોની પ્રવૃત્તિનું કારણ હોવાથી પ્રયોજનને મુખ્ય ઈચ્છે છે=માને છે, તેઓ પણ પરમાર્થથી અભિધેય વગેરે ત્રણેને પ્રવૃત્તિના કારણ તરીકે સ્વીકારે છે=માને છે. તે આ પ્રમાણે—

"જેમાં પ્રયોજનનો નિર્દેશ કરાયો નથી તે શાસ્ત્રનો બુદ્ધિમાન પુરુષો આદર કરતા નથી" એ પ્રમાણે બોલનારા પુરુષોએ અર્થાપત્તિથી અભિધેયનો પણ સ્વીકાર કર્યો હોવાથી "અભિધેય પણ શાસ્ત્રમાં પ્રવૃત્તિનું કારણ છે" એમ સ્વીકાર કર્યો છે જ. કારણ કે અભિધેયથી રહિત શાસ્ત્રનું પ્રયોજન ન કહી શકાય. (આથી પ્રયોજન કહેવું હોય તો અભિધેય કહેવું પડે. આમ અર્થાપત્તિથી અભિધેય પણ શાસ્ત્રમાં પ્રવૃત્તિનું કારણ છે" એમ સિદ્ધ થઈ જાય છે.) કહ્યું છે કે—

**"જે શાસ્ત્રનો કોઇ વિષય (= અભિધેય) ન કહ્યો હોય તેનું પ્રયોજન કહેવું અશક્ય છે. જે શાસ્ત્રમાં અભિધેય અને પ્રયોજનનો ઉલ્લેખ ન હોય તે શાસ્ત્રમાં કાકદંત પરીક્ષા વગેરેની જેમ કોઇ પ્રવૃત્તિ ન કરે, અર્થાત્ જેમ કાગડાને દાંત જ ન હોવાથી તેની પરીક્ષા કોઇ કરતું નથી તેમ જે**

**શાસ્ત્રના પ્રારંભમાં અભિધેય અને પ્રયોજનનો ઉલ્લેખ ન હોય તે શાસ્ત્રમાં બુદ્ધિમાન પુરુષ પ્રવૃત્તિ ન કરે." (૧)**

સંબંધ તો અભિધેય અને પ્રયોજનની અંતર્ગત જ રહેલો હોવાથી જુદો ન કહ્યો હોવા છતાં સામર્થ્યથી જણાઈ આવે છે. આ વિષે કહ્યું છે કે—

**"શાસ્ત્ર અને પ્રયોજન એ બંને સંબંધના આશ્રય છે, અર્થાત્ અભિધેય અને પ્રયોજન એ બંનેમાં સંબંધ રહેલો છે. આથી અભિધેય અને પ્રયોજન એ બેને કહેવાથી સંબંધ પણ કહેવાઈ જાય છે. આથી પ્રયોજનથી અલગ સંબંધનો ઉલ્લેખ કર્યો નથી."** આથી શાસ્ત્રના પ્રારંભમાં અભિધેય વગેરેનું પ્રતિપાદન પણ શ્રોતાની શાસ્ત્રમાં પ્રવૃત્તિનું કારણ હોવાથી=શ્રોતાને શાસ્ત્રમાં પ્રવૃત્તિ કરાવનાર હોવાથી વિરુદ્ધ નથી.

આ ગાથાના **नमिऊण वद्धमाणं** એ પહેલા પાદથી ઇષ્ટદેવને નમસ્કાર કરવામાં આવ્યો છે. બાકીના ત્રણ પાદોથી અભિધેય અને પ્રયોજનનો સાક્ષાત્ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. સંબંધ તો સાક્ષાત્ નહિ કિંતુ અર્થથી કહ્યો છે. આ પ્રમાણે આ ગાથાનો આ સંક્ષેપથી અર્થ કહ્યો. વિસ્તારથી અર્થ તો હવે કહેવાય છે.

**नमिऊण** એટલે પ્રણામ કરીને. **वद्धमाणं** પદનો અર્થ આ પ્રમાણે છે:— અચિંત્ય પ્રભાવવાળા સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર વગેરે ગુણોથી જે સ્વયં વધે તે વર્ધમાન. અથવા પ્રભુનો જન્મ થતાં જ્ઞાતકુલ ધનભંડાર અને ધાન્યકોઠારો વગેરે વિશેષ પ્રકારની સંપત્તિથી વધે છે, તે વૃદ્ધિના હેતુ પ્રભુ હોવાથી પ્રભુ વર્ધમાન છે. આ વર્ધમાન પ્રભુ ગુણોથી શ્રેષ્ઠ હોવાના કારણે તેમની આરાધનાથી મોક્ષગતિની પ્રાપ્તિ થતી હોવાથી ઈષ્ટદેવ છે. **नमिऊण वद्धमाणं** એટલે વર્ધમાનસ્વામીને નમીને, ગાથાના ત્રીજા ચરણમાં રહેલ **वोच्छं**=કહીશ એ ક્રિયાનો અહીં સંબંધ છે. આથી "વર્ધમાનસ્વામીને નમીને કહીશ" એવું વાક્ય થયું. આ વાક્યમાં માત્ર ઇષ્ટદેવની સ્તુતિનું પ્રતિપાદન કર્યું છે, પણ અભિધેય અને પ્રયોજન કહ્યું નથી. આથી વિચારપૂર્વક પ્રવૃત્તિ કરનાર બુદ્ધિમાન શ્રોતાઓ "આ પ્રકરણ અભિધેયથી રહિત છે, અથવા આ પ્રકરણમાં અભિધેય અભિમત નથી, તથા પ્રયોજનથી રહિત છે, અથવા આમાં પ્રયોજન અભિમત નથી" એમ માનીને પ્રકરણના શ્રવણમાં પ્રવૃત્તિ ન કરે. આથી "**मिच्छं सम्मं वयाइं संलेहा नव-भेयाइं**" = "મિથ્યાત્વ, સમ્યક્ત્વ, બારવ્રતો અને સંલેખના એ દરેકના નવ ભેદોને" એમ કહીને અભિધેય (=વિષય) જણાવ્યું છે. અને "**सड्ढाणमणुग्गहट्ठाए**=શ્રાવકોના અનુગ્રહ માટે" એમ કહીને પ્રયોજન જણાવ્યું છે. અર્થાત્ "મિથ્યાત્વ વગેરે દરેકના નવભેદોનું વર્ણન" એ આ પ્રકરણનો વિષય છે, અને 'શ્રાવકોના ઉપકાર માટે' એ આ પ્રકરણનું પ્રયોજન છે.

મિથ્યાત્વ એટલે અરિહંત ભગવાને કહેલા તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધાનો અભાવ. અઢાર દોષોનો જેમણે નાશ કર્યો છે એવા અરિહંત મારા દેવ છે, અઢાર હજાર શીલાંગના ધારક સાધુઓ મારા ગુરુ છે, અને જિને કહેલા જીવાદિ પદાર્થો જ તત્ત્વરૂપ છે એવી શ્રદ્ધાના હેતુ આત્મપરિણામ સમ્યક્ત્વ છે. પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો અને ચાર શિક્ષાવ્રતો એમ બાર વ્રતો છે. સંલેખના એટલે મરણના અંતે (=મરણ નજીક હોય ત્યારે) શરીર અને કષાય વગેરેને પાતળા કરવા. નવભેદો હવે પછીની ગાથામાં કહેવામાં આવશે.

**પ્રશ્ન** :– અહીં મિથ્યાત્વ, સમ્યક્ત્વ, બારવ્રતો અને સંલેખના એ ક્રમથી મિથ્યાત્વ વગેરેનો નિર્દેશ કરવામાં કોઈ કારણ છે?

**ઉત્તર** :– હા, મિથ્યાત્વ વગેરે ભાવો ઉક્ત ક્રમથી થાય છે, માટે તે ક્રમથી ઉલ્લેખ કર્યો છે. તે આ પ્રમાણે :– આ બધા જ જીવોને પહેલાં નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિમાં રહેલા વિવિધ ભયદર્શનોથી રૌદ્ર, શબ્દ વગેરે પાંચ પ્રકારના વિષયસુખોમાં લંપટ બનેલા પ્રાણિગણને બતાવાયેલી (=ઉપજાવાયેલી) વિવિધિ આધિ–વ્યાધિથી ઘેરાયેલા જીવોરૂપી મધમાખીઓથી વ્યાપ્ત, અત્યંત તુચ્છ વિષયસુખોથી ક્ષુદ્ર અને જન્મ–મરણ વગેરે દુઃખરૂપી હિંસક પશુઓથી ભયંકર એવા સંસારરૂપી જંગલમાં અશુભ આચરણ કરાવવાના કારણે મિથ્યાત્વરૂપી વકમિત્ર ભમાડે છે.

તે વખતે કોઈ જીવ એમ જાણતો નથી કે આવા પ્રકારના ભયંકર સ્થાનમાં નિવાસથી ઉત્પન્ન કરાયેલાં મારાં દુઃખોના આગમનનું કારણ આ મિથ્યાત્વરૂપી મિત્ર જ છે. (આથી) માત્ર તેના (=મિથ્યાત્વરૂપ મિત્રના) ઉપર જ બહુમાન રાખે છે.

પછી કોઈક જીવને પર્વતની પાસે રહેલી નદીમાં રહેલ પથ્થર આમ તેમ અથડાઈને ગોળ બની જાય [1]તેમ, અનાભોગથી [2]યથાપ્રવૃત્તિકરણ થાય. એ યથાપ્રવૃત્તિકરણ તેને મિથ્યાત્વરૂપી મિત્રના દોષો કહે છે. યથાપ્રવૃત્તિકરણની સહાયથી જીવ જાણે કે મિથ્યાત્વની વિભૂતિ ન હોય તેવી [3]સિત્તેર કોટાકોટિ સાગરોપમ પ્રમાણ ઉત્કૃષ્ટ કર્મસ્થિતિને ઘટાડે છે.

---

૧. જેમ નદીનો પથ્થર હું ગોળ બનું એવી ઈચ્છા વિના અને એ માટે પ્રયત્ન વિના પાણી વગેરેથી આમતેમ અથડાઈને ગોળ બની જાય છે, તેમ હું કર્મ ક્ષય કરું એવા આશય વિના અને એ માટે કોઈ પ્રયત્ન વિના થતા કર્મક્ષયમાં "નદીઘોલપાષાણ" ન્યાય લાગુ પડે છે. અહીં ઘુણાક્ષર ન્યાય પણ લાગુ પડી શકે. લાકડામાં ઉત્પન્ન થનાર અને લાકડું ખાનાર કીડાને ઘુણ કહેવામાં આવે છે. તે કીડો લાકડાને કોતરી ખાય છે. તેથી લાકડામાં આશય વિના પણ અક્ષરોનો આકાર પડે છે.

૨. વિશેષાવશ્યક, પંચસંગ્રહ વગેરે મૌલિક ગ્રંથોમાં 'યથાપ્રવૃત્ત' એવું નામ છે. પણ ગુજરાતી ભાષામાં 'યથાપ્રવૃત્તિ' એવું નામ વધારે પ્રસિદ્ધ છે.

૩. સિત્તેર કોડાકોડિ સાગરોપમ સ્થિતિ મોહનીયની છે. અહીં મોહનીયના ઉપલક્ષણથી આયુષ્ય સિવાય સાતે કર્મોની ઉત્કૃષ્ટ સ્થિતિને ઘટાડે છે એમ સમજવું.

**પ્રશ્ન :**– કેટલી સ્થિતિ ઘટાડે છે? **ઉત્તર :**– કંઈક ન્યૂન એક કોટાકોટિ સાગરોપમ રહે તેટલી કર્મ સ્થિતિ ઘટાડે છે.

**પ્રશ્ન :**– આટલી સ્થિતિ બાકી કેમ રાખે છે? **ઉત્તર :**– (જો કે તથાસ્વભાવથી જ આટલી સ્થિતિ બાકી રાખે છે. તો પણ) અહીં ગ્રંથકાર કલ્પના કરે છે. તે આ પ્રમાણે :– જીવ વિચારે છે કે– આ મિથ્યાત્વ લાંબાકાળથી મારો પરિચિત છે. તેનું બધું ધન લઈ લેવાથી તે અત્યંત વિલખો બની જાય. આમ વિચારીને તે વિલખો ન બની જાય એ માટે તેનું થોડું ધન બાકી રાખે છે.

કંઈક ન્યૂન એક કોટાકોટિ સાગરોપમ પ્રમાણ કર્મસ્થિતિને ધારણ કરતો તે જીવ મુક્તિનગરમાં નિવાસ કરવાની ઈચ્છાવાળો બને છે. તેથી મુક્તિનગરનો માર્ગ બતાવનાર આપ્ત પુરુષના યોગને ઈચ્છે છે. આવા જીવને અવસર પ્રાપ્ત થતાં અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ થાય છે. એ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણરૂપ સજ્જને બતાવેલા અને જલદી મોક્ષનગરમાં પહોંચાડે તેવા સમ્યક્ત્વરૂપ સન્માર્ગનો લાભ થાય છે.

સમ્યક્ત્વની પ્રાપ્તિ પછી (આયુષ્ય સિવાય મોહનીય આદિ સાત કર્મોની) બેથી નવ પલ્યોપમ જેટલી સ્થિતિ ઘટે ત્યારે સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ આદિ દેશવિરતિની પ્રાપ્તિ થાય છે. આગમમાં કહ્યું છે કે–

**"સમ્યક્ત્વની પ્રાપ્તિ વખતે રહેલી (અંતઃકોડાકોડિ) કર્મસ્થિતિમાંથી બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો ક્ષય થાય ત્યારે દેશવિરતિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમ જેટલી કર્મસ્થિતિ ઘટે ત્યારે ઉપશમ શ્રેણિની પ્રાપ્તિ થાય છે. તેમાંથી પણ સંખ્યાતા સાગરોપમની સ્થિતિ ઘટે છે ત્યારે ક્ષપકશ્રેણિની પ્રાપ્તિ થાય છે."**

જેણે સમ્યક્ત્વ અને દેશવિરતિને પ્રાપ્ત કરી છે તે જીવ મરણના અંતે (= મરણ નજીક આવે ત્યારે) સંલેખનાની આરાધના કરે છે.

આમ આ ક્રમથી મિથ્યાત્વાદિભાવો પ્રાપ્ત થતા હોવાથી અહીં આ ક્રમથી ઉલ્લેખ કર્યો છે.

**પ્રશ્ન :**– આ ગ્રંથમાં મિથ્યાત્વ, સમ્યક્ત્વ, વ્રતો અને સંલેખનાનું વર્ણન કરીશ એમ કહ્યું. પણ એ બધાનું વર્ણન ગ્રંથાંતરોમાં કરેલું છે. તેથી આ ગ્રંથમાં તેનું વર્ણન કરવું એ કહેલાનું કથન કરવારૂપ હોવાથી બિનજરૂરી છે. આથી આ ગ્રંથની રચના કરવાની જરૂર નથી.

**ઉત્તર :**– અહીં મિથ્યાત્વ વગેરેનું નવ નવ દ્વારોથી વર્ણન કરવામાં આવશે. જો કે શ્રાવકપ્રજ્ઞપ્તિ વગેરે પ્રકરણોમાં પણ મિથ્યાત્વ વગેરે પંદર પદાર્થો કોઈ પણ પ્રકારે

કહ્યા છે, તો પણ નવ નવ દ્વારોના નિરૂપણથી ત્યાં કહેવામાં આવ્યા નથી. આથી વિશેષ કહેવા માટે આ ગ્રંથનો પ્રારંભ કરવામાં આવે છે.

અહીં પહેલી ગાથાના ત્રીજા અને ચોથા એ બે ચરણમાં સાક્ષાત્ વિસ્તારથી અભિધેય (વિષય) કહ્યું છે. સંબંધ તો સામર્થ્યથી કહ્યો છે. તે આ પ્રમાણે :–"મિથ્યાત્વ વગેરે નવ ભેદો કહીશ" એમ કહીને મિથ્યાત્વ વગેરે આ પ્રકરણના અભિધેય (વિષય) છે એમ જણાવ્યું છે. તથા પ્રકરણ અને અભિધેય એ બેનો અભિધાન--અભિધેય સંબંધ અર્થથી (=ગર્ભિત રીતે) કહ્યો છે.[1] (અભિધેય જેનાથી કહેવાય તે અભિધાન, અર્થાત્ અભિધેયને કહેવાનું સાધન તે અભિધાન. મિથ્યાત્વ વગેરેના નવભેદો અભિધેય છે અને આ પ્રકરણ તેનું સાધન હોવાથી અભિધાન છે. આમ અભિધેયને કહેવાથી અર્થાપત્તિથી અભિધાન કહેવાઈ જાય છે. કારણકે અભિધાન વિના અભિધેય ન હોઈ શકે.)

**श्राद्धानामनुग्रहार्थम्** = ('જિને જે કહ્યું છે તે જ સાચું છે' એવી) શ્રદ્ધા જેને હોય તે **શ્રાદ્ધ** કહેવાય. અર્થાત્ શ્રાદ્ધ એટલે શ્રાવક. અનુગ્રહ એટલે ઉપકાર. શ્રાવકોના ઉપકાર માટે (કહીશ).

**પ્રશ્ન** :– શ્રાવકો ઉપર ઉપકાર કેવી રીતે કરી શકાય? **ઉત્તર** :– શારીરિક અને માનસિક વગેરે અનેક ક્લેશોના સ્થાનમાં રહેલા અને ચારગતિનું કારણ એવા અનંત જન્મ-મરણના ચક્રથી કંટાળેલા મનુષ્યોના સર્વ સંતાપોને દૂર કરવામાં કુશળ અને જેનાથી સર્વ શ્રેષ્ઠ સુખરૂપ સ્વભાવનો લાભ થાય એવા મોક્ષનગરના માર્ગને બતાવનાર જિનવચનનો ઉપદેશ જો કરવામાં આવે તો ઉપકાર થાય. કહ્યું છે કે–

**'અનંત જન્મ–જરા–મરણથી પીડા પામેલા અને સર્વ દોષોને દૂર કરવા ઉદ્યત થયેલા જીવોને જિનોક્ત ધર્મશાસ્ત્રનો ઉપદેશ આપવા સમાન સાધુનો બીજો કોઇ શ્રેષ્ઠ ઉપકાર ત્રણ ભુવનમાં પણ નથી.'**

**પ્રયોજન** :– ગાથાના '**श्राद्धानामनुग्रहार्थम्**' એ અંતિમ પાઠથી કર્તાનું અનંતર પ્રયોજન કહ્યું છે. કર્તાનું પરંપર પ્રયોજન તો મુક્તિ છે. શ્રોતાનું અનંતર પ્રયોજન મિથ્યાત્વ વગેરે પદાર્થોનું વિસ્તૃત જ્ઞાન મેળવવું એ છે. શ્રોતાનું પરંપર પ્રયોજન મુક્તિ છે. આ વિષે કહ્યું છે કે–

**'તત્ત્વોના સમ્યક્ વિસ્તૃત જ્ઞાનથી હેય અને ઉપાદેયને જાણનારા જીવો ઉપાદેયને સ્વીકારીને મુક્તિમાં જાય છે.'**

૧ અહીં સાધ્ય–સાધનરૂપ સંબંધ પણ ઘટાવી શકાય. મિથ્યાત્વ વગેરેના નવભેદોનો બોધ સાધ્ય છે. આ પ્રકરણ તેનું સાધન છે. કારણકે આ પ્રકરણ વિના મિથ્યાત્વ વગેરેના નવભેદોનો બોધ ન કરી શકાય.

પ્રયોજન અને પ્રકરણનો સંબંધ સાધ્ય–સાધનરૂપ (પ્રયોજન સાધ્ય છે અને પ્રકરણ તેનું સાધન છે, એમ સાધ્ય–સાધન) છે. ઈત્યાદિ બધું અહીં સાક્ષાત્ ન કહ્યું હોવા છતાં સામર્થ્યથી કહેવાઈ ગયેલું જાણવું.

**પ્રશ્ન** :– સમ્યક્ત્વ વગેરે ગુણો મોક્ષનું કારણ હોવાથી તેમનું વર્ણન કરવું યોગ્ય છે, પણ મિથ્યાત્વ દોષ તો મોક્ષનો વિરોધી હોવાથી તેનું વર્ણન શા માટે કરવામાં આવે છે? **ઉત્તર** :– મિથ્યાત્વ મોક્ષનો વિરોધી છે એ તમારી વાત સત્ય છે. પણ અહીં મિથ્યાત્વનો ત્યાગ કરવા માટે તેનું વર્ણન કરવામાં આવે છે. હેયનો (=ત્યાગ કરવા યોગ્યનો) ત્યાગ કર્યા વિના ઉપાદેયનો (=સ્વીકારવા યોગ્યનો) સ્વીકાર શક્ય નથી. મિથ્યાત્વ સકલ ગુણોનો વિનાશક હોવાથી હેય છે. હેય પણ જાણ્યા વિના ન છોડી શકાય. આ પ્રકરણથી મિથ્યાત્વને નવ પ્રકારોથી સમ્યક્ જાણીને સર્વથા છોડવો જોઇએ એમ જણાવવા માટે, અને કેટલાક ગુણોનો વિનાશ કરનાર બીજા પણ નાશ કરવા યોગ્ય દોષોના ઉપલક્ષણ માટે, અર્થાત્ જેમ સર્વગુણ વિનાશક મિથ્યાત્વ છોડવા યોગ્ય છે તેમ થોડા ગુણોના વિનાશક અન્ય દોષો પણ છોડવા યોગ્ય છે એ જણાવવા માટે, અહીં મિથ્યાત્વનું વર્ણન કર્યું છે.

અથવા બીજી રીતે સમાધાન આ પ્રમાણે છે :– મિથ્યાત્વના ભેદ દ્વારમાં મિથ્યાત્વ અનેક પ્રકારે કહેવામાં આવશે. એ અનેક પ્રકારોમાં અભિનિવેશરહિત (= અનાભિનિવેશિક) મિથ્યાત્વ સમ્યક્ત્વનું કારણ જ છે, એથી જેમ વિરતિના કારણભૂત સમ્યક્ત્વનું વર્ણન કરવું જોઇએ, તેમ સમ્યક્ત્વના કારણભૂત મિથ્યાત્વનું પણ વર્ણન કરવું જોઈએ. આ પ્રમાણે સમ્યક્ત્વ વગેરેની જેમ મિથ્યાત્વ પણ ઉપાદેય (= વર્ણન કરવા યોગ્ય) જ છે. માટે અહીં મિથ્યાત્વના વર્ણનમાં દોષ નથી.

અહીં પ્રાસંગિક વર્ણનથી સર્યું. [૧]

નવભેદોને કહીશ એમ પ્રતિજ્ઞાસૂત્રમાં (= પહેલી ગાથામાં) જણાવેલા નવ ભેદો કયા છે? એવી શંકાને દૂર કરવા નવ ભેદોને કહે છે :–

**१ जारिसओ जइ २ भेओ, जह ३ जायइ जह व एत्थ ४ दोष ५ गुणा ।**
**६ जयणा जह ७ अइयारा, ८ भंगो तह ९ भावणा णेया ॥ २ ॥**

**ગાથાર્થ**:– ૧ સ્વરૂપ, ૨ ભેદ, ૩ ઉત્પત્તિ, ૪ દોષ, ૫ ગુણ, ૬ યતના, ૭ અતિચાર, ૮ નાશ અને ૯ ભાવના એમ નવ ભેદો છે.

**ટીકાર્થ** :– (૧) મિથ્યાત્વ વગેરે ગુણોનું સ્વરૂપ શું છે? (૨) તેના ભેદો કેટલા છે? (૩) તે કેવી રીતે ઉત્પન્ન થાય છે? (૪) એનાથી કયા દોષો પ્રગટે છે? (=કયા નુકશાનો થાય છે?) (૫) એનાથી કયા ગુણો પ્રગટે છે? (=કયા લાભો થાય છે?)

(૬) તેમાં અધિક–ઓછા લાભની વિચારણારૂપ યતના કેવી રીતે કરવી? (૭) તેમાં અતિચારો કેવી રીતે લાગે છે? (૮) તેનો કેવી રીતે નાશ=અભાવ થાય છે? (૯) આ ગુણોની વૃદ્ધિ માટે કેવી ભાવના ભાવવી?

આ નવ ભેદો મિથ્યાત્વ વગેરે દરેકના જાણવા. ભેદો એટલે દ્વારો. [૨]

નવદ્વારોનું નામ દઈને વ્યાખ્યાન કર્યું. હવે "ઉદ્દેશ પ્રમાણે [૧]નિર્દેશ કરવો જોઈએ" એવી નીતિને અનુસરીને પહેલા દ્વાર વડે મિથ્યાત્વનું વ્યાખ્યાન કરવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છે :–

**देवो धम्मो मग्गो, साहू तत्ताणि चेव सम्मत्तं ।**
**तव्विवरीयं मिच्छत्तदरिसणं देसियं समए ॥ ३ ॥**

**ગાથાર્થ :–** જિનાગમમાં જેમનું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે તે ૧ દેવ, ૨ ધર્મ, ૩ માર્ગ, ૪ સાધુઓ અને ૫ (જીવાદિ) તત્ત્વો એ સમ્યક્ત્વ છે, અર્થાત્ જિનાગમમાં દેવ વગેરેનું જેવું સ્વરૂપ જણાવવામાં આવ્યું છે તેવા સ્વરૂપવાળા જ દેવ વગેરે સમ્યક્ત્વ છે. વિપરીત સ્વરૂપવાળા દેવ વગેરેને શાસ્ત્રમાં મિથ્યાદર્શન કહેલ છે.

**ટીકાર્થ :– પ્રશ્ન :–** જિનાગમમાં દેવ વગેરેનું જેવું સ્વરૂપ કહ્યું છે તેવા સ્વરૂપવાળા દેવ વગેરે સંબંધી જે રૂચિરૂપ પરિણામ તે સમ્યક્ત્વ કહેવાય છે, તો અહીં "દેવ વગેરે જ સમ્યક્ત્વ છે" એમ કેમ કહ્યું?

**ઉત્તર :–** તમારી વાત સાચી છે. પણ અહીં વિષય (=દેવાદિ) અને વિષયી (=રુચિરૂપ પરિણામ) એ બેના અભેદનો [૨]ઉપચાર કરીને દેવાદિ શબ્દોથી દેવાદિ સંબંધી રુચિરૂપ પરિણામ વિવક્ષિત છે. આથી "દેવ વગેરે સમ્યક્ત્વ છે" એમ કહ્યું છે.

દેવ વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે :–

**"જેમના ક્રોધ વગેરે અઢારેય દોષો ક્ષયને પામ્યા છે, તે કેવળજ્ઞાની મુક્તિને આપનારા દેવ જાણવા. (૧) જેમાં જીવદયા, સત્ય, અદત્ત (=ચોરી)નો ત્યાગ, બ્રહ્મચર્ય અને સંતોષ છે, તે ધર્મ કહેવાય છે. (૨) જલદી મોક્ષનગરમાં પહોંચાડનાર જ્ઞાન–દર્શન–ચારિત્રનું પરિપાલન કરવું એ (મોક્ષનો) માર્ગ ઇષ્ટ છે. (૩) જેઓ દશ પ્રકારના યતિધર્મમાં લીન**

---

૧. જે વિષયનું વર્ણન કરવું હોય તે વિષયના નામનો ઉલ્લેખ કરવો તે ઉદ્દેશ. અને પછી તેનું વિસ્તારથી વર્ણન કરવું તે નિર્દેશ.

૨. વાક્ય ક્લિષ્ટ ન બને એ દૃષ્ટિએ અનુવાદમાં વૃત્તિ શબ્દનો અર્થ કર્યો નથી. વૃત્તિ એટલે વિવરણ–વર્ણન. આથી '**अभेदोपचारवृत्त्या**' પદનો શબ્દાર્થ આ પ્રમાણે થાય : અભેદ ઉપચારના વર્ણનથી, અર્થાત્ અભેદનો ઉપચાર કરવાથી.

**રહે છે, શત્રુ-મિત્ર, તૃણ-મણિ (વગેરે શુભ-અશુભ ભાવો) પ્રત્યે સમભાવવાળા છે, અને જીવાદિતત્ત્વોને જાણે છે, તેમને તીર્થંકરોએ સાધુ કહ્યા છે. (૪) જે જીવાદિ પદાર્થો સુવર્ણની જેમ તાપ-છેદ-[1]કષથી શુદ્ધ હોય, તે પદાર્થો યુક્તિ અને આગમથી સિદ્ધ હોવાથી તત્ત્વ કહેવાય છે. (૫)"**

---

૧. કષ, છેદ અને તાપનું સ્વરૂપ આ પ્રમાણે છે:–

**કષનું સ્વરૂપ**: જે આગમમાં 'સ્વર્ગના કે મોક્ષસુખના અર્થીએ તપ, ધ્યાન વગેરે કરવું, તેમજ પાંચ સમિતિ-ત્રણ ગુપ્તિના પાલનપૂર્વક શુદ્ધ અનુષ્ઠાન કરવું' વગેરે અવિરુદ્ધ કાર્યોને કરવાનું જણાવનારાં વિધિવાક્યો હોય અને 'કોઈ જીવને હણવો નહિ, જુઠું બોલવું નહિ' વગેરે અધમ કાર્યોનો નિષેધ કરનારાં પ્રતિષેધ વાક્યો હોય; તાત્પર્ય કે આવાં વિધિ-પ્રતિષેધ વાક્યો જે શાસ્ત્રમાં સ્થળે સ્થળે પુષ્કળ હોય, તે શાસ્ત્ર કષથી(=કસોટીથી) શુદ્ધ છે, તેથી ઉલટું 'જેમ વિષ્ણુએ અસુરોનો ઘાત કર્યો તેમ બીજાએ પણ અન્ય ધર્મીઓનો ઘાત કરવો, કારણ કે તેવાઓને મારી નાખવામાં પાપ નથી; આવા અકર્તવ્યનું વિધાન કરનારાં વગેરે વાક્યો જે શાસ્ત્રમાં હોય તે શાસ્ત્ર કષથી(=કસોટીથી) શુદ્ધ નથી, વગેરે સમજવું. (ધર્મબિન્દુ અ. ૨–૩૮)

**છેદનું સ્વરૂપ**: જે શાસ્ત્રમાં જણાવેલાં અનુષ્ઠાનો એવાં હોય કે તે અનુષ્ઠાનો કરવાથી પૂર્વે જણાવેલાં વિધિવાક્યો કે પ્રતિષેધ વાક્યોનું સંપૂર્ણ-યથાર્થ પાલન થાય અને જે વિધિ કે પ્રતિષેધો પ્રગટરૂપે શાસ્ત્રમાં ન મળતા હોય, તેવા પણ વિધિ-નિષેધો તે અનુષ્ઠાનો દ્વારા સમજાય, આવાં અનુષ્ઠાનો જે શાસ્ત્રમાં જણાવ્યાં હોય તે શાસ્ત્ર 'છેદશુદ્ધ' છે. જેમ કસોટીથી પરીક્ષા કરવા છતાં અશુદ્ધિની શંકાવાળા પરીક્ષકો સોનાના ટુકડાને છેદે છે-કાપે છે, તેમ વિધિ-નિષેધ વાક્યોરૂપી કસોટીથી શુદ્ધ શાસ્ત્ર પણ છેદાદિથી અશુદ્ધ હોવાનો સંભવ છે, માટે તેની છેદથી પરીક્ષા કરવી જોઈએ. તે છેદ બાહ્ય વિશુદ્ધ ક્રિયારૂપ(=આચરણરૂપ) છે. બાહ્યક્રિયા (=આચરણ) તેજ વિશુદ્ધ છે, કે જેના દ્વારા શાસ્ત્રમાં પ્રત્યક્ષરૂપે નહિ મળતા એવા પણ શુદ્ધ વિધિઓ અને નિષેધો સમજાય અને પ્રત્યક્ષ મળી આવતા વિધિઓ અને નિષેધોનું ઉત્તરોત્તર નિરતિચારપણે પાલન થાય. આવી ચેષ્ટા=ક્રિયા જે શાસ્ત્રમાં વિસ્તારથી જણાવી હોય તે ધર્મશાસ્ત્ર છેદશુદ્ધ=છેદની પરીક્ષા દ્વારા પણ શુદ્ધ છે, એમ જાણવું. (ધર્મબિન્દુ અ. ૨–૩૯)

**તાપનું સ્વરૂપ**: સોનું કષથી અને છેદથી શુદ્ધ નક્કી થવા છતાં અગ્નિમાં તપાવવાથી કાળું પડે, તાપને સહન ન કરે, તો શુદ્ધ મનાતું નથી, તેમ આગમ પણ વિધિ-નિષેધ વાક્યોથી યુક્ત હોય અને તે વિધિ-નિષેધોનું પાલન થાય તેવી ક્રિયાઓનું પ્રરૂપક હોય, અર્થાત્ કષ-છેદથી શુદ્ધ હોય તો પણ તાપરૂપ પરીક્ષામાં જો અસત્ય ઠરે તો તે ઉપાદેય ગણાતું નથી, માટે તેની તાપથી પરીક્ષા કરવી જોઈએ. જે શાસ્ત્રમાં ઉપર જણાવેલા વિધિ-નિષેધો અને અનુષ્ઠાનો જેનામાં ઘટી શકે તેવા પરિણામી (=સત્તારૂપે સ્થિર રહેવા છતાં જેના પર્યાયો-રૂપાંતરો બદલાયા કરે તેવા) જીવ-અજીવ આદિ પદાર્થોનું નિરૂપણ યથાર્થરૂપે હોય, તે શાસ્ત્રો તાપશુદ્ધ કહેવાય, અર્થાત્ જે શાસ્ત્રમાં 'પદાર્થો વસ્તુરૂપે નિત્ય અને પર્યાયથી પ્રતિક્ષણ નવા નવા સ્વરૂપને ધારણ કરનારા અનિત્ય,' એમ જીવાદિનું નિત્યત્વાનિત્યત્વ વગેરે સ્વરૂપ કહ્યું હોય તે શાસ્ત્ર તાપશુદ્ધ કહેવાય. ઉપર જણાવ્યા પ્રમાણે આત્મા

અથવા ઉક્ત પ્રશ્નનું સમાધાન આ પ્રમાણે છે:- થોડા શબ્દોમાં વિશેષ અર્થનું સૂચન કરે તે સૂત્ર એવી સૂત્રની વ્યાખ્યા હોવાથી (ગાથાના પૂર્વાર્ધનો) વિશેષ અર્થ આ પ્રમાણે છે:- (જેમનું જિનાગમમાં સ્વરૂપ કહ્યું છે તેવા) દેવાદિમાં દેવાદિનો અધ્યવસાય, અર્થાત્ દેવમાં દેવબુદ્ધિ, ધર્મમાં ધર્મબુદ્ધિ, માર્ગમાં માર્ગબુદ્ધિ, સાધુમાં સાધુબુદ્ધિ, (જીવાદિ) તત્ત્વોમાં તત્ત્વબુદ્ધિ એ જ દેવાદિ શબ્દોથી અહીં વિવક્ષિત છે. આથી અહીં દેવ, ધર્મ, માર્ગ, સાધુ અને તત્ત્વો એ જ સમ્યક્ત્વ છે એમ કહ્યું છે.

**પ્રશ્ન** :- અહીં મિથ્યાદર્શનનું સ્વરૂપ કહેવાને માટે ઇચ્છેલું છે, અર્થાત્ મિથ્યાદર્શનનું સ્વરૂપ પ્રસ્તુત છે, તેથી અપ્રસ્તુત એવું સમ્યક્ત્વનું સ્વરૂપ કેમ કહ્યું?

**ઉત્તર** :- તમારો પ્રશ્ન બરોબર છે. સમ્યક્ત્વ અને મિથ્યાત્વ એ બે શીત અને ઉષ્ણ સ્પર્શની જેમ પરસ્પર વિરોધી હોવાથી સમ્યક્ત્વનું સ્વરૂપ જણાયે છતે તેના વિરોધી એવા મિથ્યાત્વનું સ્વરૂપ સહેલાઇથી જાણી શકાય, એ જણાવવા માટે અહીં સમ્યક્ત્વનું સ્વરૂપ કહ્યું છે. આથી જ (=સમ્યક્ત્વનું સ્વરૂપ જણાયે છતે તેના વિરોધી એવા મિથ્યાત્વનું સ્વરૂપ સહેલાઇથી જાણી શકાય એથી જ) મૂળ ગ્રંથકાર ગાથાના ઉત્તરાર્ધમાં કહે છે કે-"**तव्विवरीयं मिच्छत्तदरिसणं देसियं समये**" આનો અર્થ આ પ્રમાણે છે:- દેવ-ધર્મ-માર્ગ-સાધુ-તત્ત્વોમાં રહેલા રુચિપરિણામ રૂપ સમ્યક્ત્વથી વિપરીત જે પરિણામ તેને શાસ્ત્રમાં મિથ્યાત્વ કહ્યું છે.

આ મિથ્યાત્વનું વિશેષ સ્વરૂપ આ પ્રમાણે છે:- રાગાદિ દોષોથી યુક્તને પણ દેવ (= ભગવાન) માનવા, અથવા દેવને (= ભગવાનને) જ ન માનવા, એ મિથ્યાત્વ છે. કહ્યું છે કે-

**पत्ती पत्ती पाणिउ पाणिओ, डूंगरहं हूंता कक्करु आणिओ ।**
**कक्करु अग्गइ वज्जइ तूरा दक्खु न माइ विगोया पूरा ॥ १ ॥**

"[1]પ્રત્યેક પ્રત્યેક જીવ હાથથી ડુંગરાઓમાંથી કાંકરાં (=પથ્થર) લઇ આવ્યો. કાંકરાની (=પથ્થરની) આગળ વાજા વાગે છે. જુઓ, પૂર્વે પ્રકાશિત (શુદ્ધ) માર્ગ જણાતો નથી." (૧)

---

વગેરે પદાર્થો પરિણામી હોય, તો જ તેમાં પૂર્વના તે તે અશુદ્ધ પર્યાયોનો નાશ થવાથી અને ધ્યાન, અધ્યયન વગેરે બીજા શુભ પર્યાયો પ્રગટ થવાથી, શાસ્ત્રોક્ત વિધિ-નિષેધરૂપ 'કષ' અને બાહ્યક્રિયારૂપ 'છેદ' તેનામાં ઘટે. જો આત્મા વગેરે પદાર્થોને એકાંત અપરિણામી (સ્થિર-એક સ્વરૂપવાળા) કે એકાંત અસ્થિર (પ્રતિક્ષણે સર્વથા બદલાઈ જતા) માનવામાં આવે તો કષ અને છેદ ઘટે જ નહિ, કારણ કે તેનું સ્વરૂપ બદલાય જ નહિ, (કે સર્વથા તેનો નાશ થાય) તો વિધિ-નિષેધો કે તેને અનુરૂપ ક્રિયાઓ તેને શો લાભ કરી શકે? નકામા જ બને. (ધર્મબિન્દુ અ. ૨-૪૦)

[ધર્મસંગ્રહ ભાગ પહેલો ગુજરાતી ભાષાંતરમાંથી સાભાર ઉદ્ધૃત]

૧. આ શ્લોક અપભ્રંશ ભાષામાં છે. મારી સમજ મુજબ અર્થ કર્યો છે. ભૂલ જણાય તો સુધારી લેવી.

જીવહિંસા વગેરેમાં ધર્મ માનવો, અથવા ધર્મને જ ન માનવો એ મિથ્યાત્વ છે. કહ્યું છે કે–

[1]केण दिट्ठु परलोओ जेण धम्मिण धणु दिज्जइ,
कांइ देवदाणविहिं अत्थसंचओ परिकिज्जइ।
पियमूढओ जणु सव्वु पहु जो नवि धणु रक्खइ,
धम्मट्ठाणकयतणओ साओ अज्जवि नवि चक्खइ ॥ १ ॥

પરલોક કોણે જોયો છે? જેથી ધર્મીઓને ધન આપવું અને દેવ–દાનવો માટે ધનનો સંચય કરવો. સમર્થ જે લોક ધનનું રક્ષણ કરતો નથી તે સર્વ લોક પ્રિયમાં (=શું પ્રિય હોવું જોઇએ એ વિષે) મૂઢ છે. જેણે શરીરને ધર્મસ્થાનમાં કર્યું છે, અર્થાત્ જે ધર્મસ્થાનમાં જાય છે, તે આજે પણ સ્વાદને (=ભૌતિક સુખના રસાસ્વાદને) ચાખતો નથી. (૧)

મિથ્યાજ્ઞાન વગેરેને મોક્ષનો માર્ગ માનવો, અથવા મોક્ષનો કોઇ માર્ગ નથી એમ માનવું એ મિથ્યાત્વ છે.

આરંભ અને પરિગ્રહ વગેરેમાં પ્રવર્તેલા તથા કોઈ જાતના નિયંત્રણ વિના ફરનારાઓને સાધુ માનવા તે મિથ્યાત્વ છે. કહ્યું છે કે–

[1]खंतपियंतवि सुरओ रमंतवि, अलिओ मुहुलुचक्कुपूयंतवि ।
इमं वयंति सिद्ध सुरलोयह, मत्थइ पाओ दिवि पसु लोयह ॥ १ ॥

જેઓ ગમે તે ખાય છે, દારૂ પણ પીએ છે, વિલાસ પણ કરે છે, તેઓ મૂર્ખાઓના ટોળાથી પૂજાતા હોય તો પણ ખોટા છે. તેઓ (ભોળા લોકોને) આ પ્રમાણે કહે છે:– તમારો સ્વર્ગલોક સિદ્ધ છે. (અમારાથી) મસ્તકે રક્ષાયેલ લોકને સ્વર્ગમાં (ગયેલો) જુઓ. (૧)

અથવા કોઈ સાધુઓજ નથી એમ માનવું એ મિથ્યાત્વ છે. કહ્યું છે કે–

**'મિથ્યાફલની આકાંક્ષાવાળા અને કુબુદ્ધિવાળા જે મૂઢ માણસો કામદેવની સર્વકાર્યો રૂપ સંપત્તિને કરનારી મહાન સ્ત્રીરૂપી મુદ્રાને છોડીને જતા રહે છે, તે માણસો તે કામદેવ વડે જ નિર્દયપણે હણીને કોઇક નગ્ન કરાયા છે, કોઇક મુંડિયા કરાયા છે, કોઇક પાંચ શિખાવાળા કરાયા છે, કોઇક જટાવાળા કરાયા છે, અને બીજાઓ કાપાલિક કરાયા છે.'**

વૈશેષિક, સાંખ્ય વગેરે દર્શનોમાં બતાવાયેલા પદાર્થો પણ તત્ત્વરૂપ છે, અથવા કોઈ તત્ત્વો નથી એમ માનવું એ મિથ્યાત્વ છે, આ પ્રમાણે શાસ્ત્રમાં કહ્યું છે. આથી જ મૂઢ મિથ્યાદષ્ટિ જીવોની ચેષ્ટા જોઇને કોઇક સમ્યગ્દષ્ટિએ ખેદ કર્યો છે, તે આ પ્રમાણે:–

૧. આ બન્ને શ્લોકો અપભ્રંશ ભાષામાં છે. મારી સમજ મુજબ અર્થ કર્યો છે. ભૂલ જણાય તો સુધારી લેવી.

**"રાગી દેવ, દ્વેષી દેવ અજ્ઞાની પણ દેવ, મદ્ય (પાન)માં ધર્મ, માંસ (ભોજન)માં ધર્મ, જીવહિંસામાં ધર્મ, જે ગુરુ આસક્ત, મત્ત અને સ્ત્રીમાં આસક્ત હોય તે પણ પૂજ્ય બને છે. હા હા કષ્ટ છે; અશુભ સંકલ્પ-વિકલ્પને કરતા લોકો નાશ પામ્યા છે."** [૩]

સ્વરૂપ કથનરૂપ પહેલા દ્વારવડે મિથ્યાત્વનું વર્ણન કર્યું. હવે બીજા દ્વારવડે ભેદ-દ્વારનું વ્યાખ્યાન કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે :–

**आभिग्गहियमणाभिग्गहियं तह अभिनिवेसियं चेव ।**
**संसइयमणाभोगं, मिच्छत्तं पंचहा होइ ॥ ४ ॥**

**ગાથાર્થ :**– મિથ્યાત્વના આભિગ્રહિક, અનાભિગ્રહિક, આભિનિવેશિક, સાંશયિક અને અનાભોગ એમ પાંચ પ્રકાર છે.

**ટીકાર્થ :**– બીજા સ્થળે મિથ્યાત્વના આભોગ અને અનાભોગ એમ બે પ્રકાર કહ્યા છે. કારણકે બાકીના ભેદોનો આ બેમાં જ સમાવેશ થઈ જાય છે. આ બે પ્રકારમાં આભોગ મિથ્યાત્વ દેવને માનવાવાળા જીવોને હોય છે. બીજા સ્થળે બે પ્રકાર કહ્યા હોવા છતાં અહીં પ્રકરણકારે અવાંતર ભેદોની અપેક્ષાએ પાંચ પ્રકાર કહ્યા છે.

**આભિગ્રહિક :**– જેનાથી બોટિક (= શિવભૂતિએ પ્રવર્તાવેલ દિગંબર મત) વગેરે કુદર્શનોમાંથી કોઈ એક કુદર્શનના આગ્રહથી (= આ જ દર્શન શ્રેષ્ઠ છે એવા કદાગ્રહથી) થયેલું મિથ્યાત્વ આભિગ્રહિક છે. અભિગ્રહ એટલે આગ્રહ. આગ્રહથી થયેલું આભિગ્રહિક. (अभिग्रह+इकण् =आभिग्रहिकम्) વ્યાકરણમાં क्रीतादि આકૃતિગણ[૧] હોવાથી અભિગ્રહ શબ્દથી जातं એ અર્થમાં इकण् પ્રત્યય લાગ્યો.

**અનાભિગ્રહિક :**– આભિગ્રહિકથી વિપરીત (=કોઈ અમુક કુદર્શનના આગ્રહ વિના થયેલ) મિથ્યાત્વ અનાભિગ્રહિક છે. અનાભિગ્રહિક મિથ્યાત્વ ભરવાડ વગેરેને હોય છે. અથવા કંઈક મધ્યસ્થપણાના કારણે કોઈ અમુક જ દર્શનનો આગ્રહ ન હોય, અને એથી "સર્વદર્શનો સારાં છે" એવો સ્વીકાર (=માન્યતા) તે અનાભિગ્રહિક મિથ્યાત્વ છે.

**આભિનિવેશિક :**– અભિનિવેશ એટલે અસદાગ્રહ. અસદાગ્રહથી થયેલું મિથ્યાત્વ આભિનિવેશિક છે. આ મિથ્યાત્વ ગોષ્ઠામાહિલ વગેરેમાં હોય છે.

**સાંશયિક :**– જિનેશ્વરે કહેલા જીવાદિ તત્ત્વો જિનેશ્વરે જેવા સ્વરૂપે કહ્યા છે તેવા સ્વરૂપે જ છે કે બીજા સ્વરૂપે છે? એવા પ્રકારના સંશયથી થયેલું મિથ્યાત્વ સાંશયિક છે.

---

૧. વ્યાકરણના સૂત્રમાં જે શબ્દો **आदि** શબ્દથી લેવામાં આવ્યા હોય અને તે શબ્દો નિયત ન હોય, કિંતુ પ્રયોગ પ્રમાણે સમજવાના હોય, તે શબ્દો **आकृतिगण** કહેવાય. **आकृति** એટલે તેના જેવા, તેના જેવા શબ્દોનો સમૂહ તે **आकृतिगण.**

**અનાભોગઃ**– આભોગ એટલે વિશિષ્ટજ્ઞાન. વિશિષ્ટજ્ઞાન જેમાં ન હોય તે અનાભોગ મિથ્યાત્વ છે. આ મિથ્યાત્વ એકેંદ્રિય વગેરે જીવોમાં હોય છે. આ પ્રમાણે મિથ્યાત્વ પાંચ પ્રકારે છે.

કોઈ પ્રતમાં આ મૂળ ગાથાનો પાઠ આ પ્રમાણે જોવામાં આવે છેઃ–

**अभिगहियमणभिगहियं, मिच्छत्तं अभिनिवेसियं चेव ॥**
**संसइयमणाभोगं, तिविहं वा अहवऽणेगविहं ॥ ४ ॥**

આ ગાથાના ત્રણ પાદની વ્યાખ્યા પૂર્વ પ્રમાણે જ છે. ફક્ત એટલું વિશેષ છે કે મિથ્યાત્વ શબ્દ બીજા પાદની આદિમાં રહેલો હોવા છતાં તેનો સંબંધ સર્વ પદો સાથે કરવો. જેમકે આભિગ્રહિક મિથ્યાત્વ ઈત્યાદિ.

'तिविहं वा' એ સ્થળે રહેલો **वा** શબ્દ અન્ય પ્રકારનો સૂચક છે. અન્ય પ્રકાર આ પ્રમાણે છેઃ– અથવા મિથ્યાત્વના સાંશયિક, આભિગ્રહિક અને અનાભિગ્રહિક એમ ત્રણ ભેદ છે. કહ્યું છે કે–

**"તત્ત્વભૂતજીવાદિ ભાવોની શ્રદ્ધા ન કરવી એ મિથ્યાત્વ છે. તેના સાંશયિક, આભિગ્રહિક અને અનાભિગ્રહિક એમ ત્રણ ભેદ છે."**

અથવા મિથ્યાત્વના અનેક પ્રકાર છે. કારણ કે દરેક વસ્તુ અનેક ધર્માત્મક (= અનેક ધર્મવાળી) છે. અનેક ધર્માત્મક વસ્તુમાં અન્ય ધર્મનું નિરસન (=વિરોધ) કરીને કોઈ એક જ ધર્મને માનવાના અધ્યવસાય મિથ્યાત્વરૂપ છે. કહ્યું છે કે–

**"જેટલા [1]વચનના માર્ગો છે તેટલાજ નયવાદો છે, અને જેટલા નયવાદો છે તેટલા જ પરસમયો છે."** (સન્મતિ પ્ર. ૩–૪૭) [૪]

બીજા ભેદદ્વાર વડે મિથ્યાત્વનું વ્યાખ્યાન કર્યું. હવે ત્રીજાદ્વારથી મિથ્યાત્વને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર કહે છેઃ–

---

૧. વચનનો આધાર વક્તાના અભિપ્રાય ઉપર છે, તેથી કોઈ પણ એક વસ્તુપરત્વે જેટલા વચનપ્રકારો મળી આવે અગર તો સંભવી શકે તેટલા જ તે વસ્તુ પરત્વે બંધાયેલા જુદા જુદા અભિપ્રાયો છે એમ સમજવું જોઈએ. અભિપ્રાયો એટલે નયવાદો. વચનના પ્રકારો જેટલા જ નયવાદો સમજવા. એ બધા જ નયવાદો અંદરો અંદર એક બીજાથી નિરપેક્ષ રહે તો તે જ પરસમયો એટલે કે જૈનેતર દૃષ્ટિઓ છે. તેથી પરસ્પર વિરોધ કરતા કે અંદરો અંદર પક્ષપ્રતિપક્ષપણું ધારણા કરતા જેટલા નયો હોય વાસ્તવિક રીતે તેટલા જ પરસમયો છે, અર્થાત્ એક બીજાનું નિરસન કરતી જેટલી વિચારસરણીઓ મળે અગર સંભવે તેટલાં જ તે વસ્તુપરત્વે દર્શનો, અને તે અજૈન. જૈનદર્શન તો અનેક વિરોધી દર્શનોના સમન્વયથી ઉદ્‌ભવતું હોવાથી એક જ છે. અજૈન અને જૈન દર્શનોનું નિયામક અનુક્રમે તત્ત્વવિરોધ અને સમન્વય છે. પોતાના વક્તવ્યના પ્રતિપાદનમાં જેનો ઉદ્દેશ પરવિરોધનો હોય તે અજૈન દર્શન અને જેનો ઉદ્દેશ સમન્વયનો હોય તે જૈનદર્શન.

[સંમતિતર્કના ગુજરાતી વિવરણમાંથી સાભાર ઉદ્ધૃત]

**मइभेया पुव्वोगहसंसग्गीए य अभिनिवेसेण ।**
**चउहा खलु मिच्छत्तं साहूणमदंसणेणऽहवा ॥ ५ ॥**

**ગાથાર્થ** :– મતિભેદ, પૂર્વકદાગ્રહ, સંસર્ગ અને અભિનિવેશ એ ચાર પ્રકારે (=કારણોથી) મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. અથવા સાધુઓનાં દર્શન (=સાધુઓનો પરિચય)ન થવાથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે.

ટીકાર્થ :– (૧) **મતિભેદ** :– જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે બધા પદાર્થોને સ્વીકારવા (=માનવા) છતાં કોઈ એક પદાર્થને જેવા સ્વરૂપે છે તેનાથી બીજી રીતે સ્વીકારવો (=માનવો) તે મતિભેદ કહેવાય. આ મતિભેદથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે, અર્થાત્ આવા મતિભેદવાળો જીવ મિથ્યાત્વી બને છે.

(૨) **પૂર્વગ્રહ** :– જે જીવનું અંતઃકરણ પહેલાં કુદર્શનની વાસનાથી વાસિત થઈ ગયું હોય તે જીવને સેંકડો યુક્તિઓથી ફરી ફરી (સાચું) સમજાવવામાં આવે તો પણ કુદર્શનની વાસનાના સંસ્કારોને અનુસરવાના કારણે કદાગ્રહ થઈ જાય છે. (કદાગ્રહના કારણે તે સાચું સમજી શકતો નથી અને સ્વીકારી શકતો નથી) આથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે.

(૩) **સંસર્ગ** :– સંસર્ગ એટલે સંબંધ. અહીં મિથ્યાદૃષ્ટિ માણસો સાથેનો સંબંધ વિવક્ષિત છે. મિથ્યાદૃષ્ટિ સાથેનો સંબંધ દોષનું કારણ છે એ સુપ્રસિદ્ધ જ છે. કહ્યું છે કે–

**"કડવા લીંમડાના પાણીથી વાસિત ભૂમિમાં આમ્રવૃક્ષ ઉત્પન્ન થયું. એ બંને વૃક્ષનાં મૂળિયાં ભેગાં થયાં. તેથી આંબો લીંમડાના સંસર્ગથી કડવો=કડવા ફળવાળો થયો."**

**"ચંપકપુષ્પના સંબંધથી તલ વાસનાને પામે છે, અર્થાત્ તલમાં ચંપકપુષ્પની સુગંધ આવે છે. લસણને ખાનાર લસણના ગંધવાળો બની જાય છે, અર્થાત્ તેના મોઢામાંથી લસણની વાસ આવે છે. આમ સર્વ ગુણો સંસર્ગથી થાય છે."**

(૪) **અભિનિવેશ** :– અભિમાનના કારણે અન્ય સ્વરૂપે રહેલી વસ્તુની અન્ય સ્વરૂપે પ્રરૂપણા કરવી.

(૫) **સાધુનું અદર્શન** :– સાધુનાં દર્શન (=સાધુનો પરિચય) ન થવાથી મિથ્યાત્વ ઉત્પન્ન થાય એ બીના પ્રેમના દૃષ્ટાંતથી આબાલ–ગોપાલ પ્રસિદ્ધ છે, સ્ત્રીઓમાં પણ પ્રસિદ્ધ છે. જેમ પ્રિય પતિ આદિ વિષે અત્યંત વધેલો પણ પ્રેમ સમય જતાં

પ્રિયપતિ વગેરે પરદેશ વગેરે સ્થળે જાય ત્યારે નાશ પામે, અર્થાત્ પ્રેમીના વિયોગમાં પ્રેમ (ઘટી જાય છે કે સર્વથા) નાશ પામે છે. આ વિષે કહ્યું છે કે–

**"હે સુંદરી! સારા પણ સ્નેહીઓનો બંધુઓ વિષે કરેલો પ્રેમ સમય જતાં હથેળીમાં રહેલા પાણીની જેમ ખતમ થઈ જાય છે."**

તે રીતે ક્યારેક સમ્યક્ત્વનો લાભ થવા છતાં સાધુઓનાં સર્વથા દર્શન ન થાય તો મિથ્યાત્વ ઉત્પન્ન થાય છે. આથી જ શ્રાવકોની આ પ્રમાણે સામાચારી કહી છે:–

**"જ્યાં સાધુઓનું આગમન થતું હોય, જ્યાં જિનમંદિર હોય અને જ્યાં બીજા સાધર્મિકો વસતા હોય ત્યાં શ્રાવક વસે." (ઉપ. મા. ૨૩૬, પંચા. ૧–૪૧)**

જો સાધુ, સાધર્મિક અને જિનમંદિર વગેરે ન હોય તો શ્રાવક મિથ્યાત્વ પણ પામે. કહ્યું છે કે–

**"જે દેશોમાં ધર્મને દીપાવનારા સાધુઓ નથી તે દેશોમાં ધર્મનું નામ પણ જણાતું-સંભળાતું નથી, તો પછી ધર્મક્રિયા ક્યાંથી હોય?"**

સાધુનાં દર્શનથી આ પ્રમાણે લાભો થાય છે:–

**"સાધુઓનાં દર્શનથી (ગુણ બહુમાન દ્વારા) પાપ નાશ પામે છે, (તેમની પાસે જ્ઞાન મેળવવાથી) જીવાદિ પદાર્થોમાં શંકા રહેતી નથી, સાધુઓને નિર્દોષ દાન આપવાથી કર્મનિર્જરા થાય છે. કારણ કે દાનથી સાધુઓના જ્ઞાનાદિ ગુણોનું પોષણ થાય છે." (શ્રા. પ્ર. ૩૪૦)**

આમ (અન્વયથી=) સાધુઓના દર્શનથી લાભ થતો હોવાથી અને (વ્યતિરેકથી=) સાધુના અભાવથી નુકશાન થતું હોવાથી સાધુઓનાં દર્શન ન થવાથી મિથ્યાત્વ થાય એ સુપ્રસિદ્ધ જ છે. અહીં જણાવેલાં મતિભેદ આદિ કારણોથી મિથ્યાત્વની ઉત્પત્તિમાં જમાલિ વગેરેનાં દૃષ્ટાંતો છે. કહ્યું છે કે–

**"મતિભેદથી જમાલી મિથ્યાત્વને પામ્યો. પૂર્વગ્રહથી ગોવિંદવાચકે મિથ્યાત્વપૂર્વક દીક્ષા લીધી. બૌદ્ધ સાધુઓના સંસર્ગથી સોરઠ દેશવાસી શ્રાવક બૌદ્ધ સાધુ થયો. કદાગ્રહથી ગોષ્ઠામાહિલ મિથ્યાત્વી થયો."**

જો કે આ દૃષ્ટાંતો સૂત્રકારે મૂળગાથામાં કહ્યાં નથી, તો પણ વિસ્તારથી જાણનારા (=જાણવાની ઈચ્છાવાળા) શિષ્યના ઉપકાર માટે ટીકામાં હું કહું છું. તેમાં પહેલાં મતિભેદમાં જમાલિની કથા કહું છું.

## જમાલિનું દૃષ્ટાંત

આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રનું આભૂષણભૂત અને ધન, ધાન્ય, સુવર્ણ વગેરે સંપત્તિથી યુક્ત ક્ષત્રિયકુંડગ્રામ નામનું નગર હતું. તે કાળે તે નગરીમાં ભગવાન મહાવીરસ્વામીની પ્રિયદર્શના નામની મોટી બહેનનો જમાલિ નામનો ક્ષત્રિયકુમાર પુત્ર હતો. તે નય અને વિનયથી સંપન્ન હતો, દયામાં તત્પર હતો. પોતાના અતિશયરૂપથી તેણે કામદેવને પણ હલકો પાડી દીધો હતો. તેને સુદર્શના નામની પત્ની હતી. સુદર્શના મહાવીરસ્વામીની પુત્રી હતી. તેણે પોતાના શરીરના રૂપ અને સૌંદર્યથી અમરસુંદરીઓને પણ જીતી લીધી હતી. પતિ જમાલિને તે પ્રાણોથી પણ અધિક પ્રિય હતી. તેની સાથે જીવલોકના સારભૂત પાંચ પ્રકારના વિષયસુખને અનુભવતા જમાલિનો કેટલોક કાળ પસાર થયો.

ભગવાન મહાવીરસ્વામીએ રાજ્ય, પુર, પરિજન, બંધુવર્ગ વગેરેનો ત્યાગ કરીને સમસ્ત સાવદ્યની નિવૃત્તિરૂપ મોક્ષમાર્ગનો (=સંયમનો) સ્વીકાર કર્યો. સંયમ લીધા બાદ ગાઢ પરિષહો અને ઉપસર્ગોને (સમભાવથી) સહન કર્યા. સાડા છ માસ અધિક બાર વર્ષ જેટલો છદ્મસ્થ પર્યાય પાળ્યા બાદ ઘાતી કર્મોનો ક્ષય કરીને સંપૂર્ણ લોક અને અલોકને પ્રકાશન કરવામાં સમર્થ એવું કેવલજ્ઞાન પ્રગટ કર્યું.

ગામ, ઉદ્યાન, નગર, ખાણ, મંદિર વગેરેથી વિભૂષિત પૃથ્વી ઉપર વિહાર કરતા શ્રમણ ભગવાન મહાવીર એક વાર બ્રાહ્મણકુંડગ્રામ નગરમાં પધાર્યા. આથી બધા જ નગરજનો ઉત્તમ વસ્ત્રો અને અલંકારો પહેરીને, વિવિધ સવારી અને વાહન ઉપર બેસીને, શ્રેષ્ઠ વિવિધ પરિવાર સહિત બ્રાહ્મણકુંડગ્રામ નગરની બહાર આવેલા બહુશાલક ઉદ્યાનમાં જવા લાગ્યા. તેઓ જતાં જતાં પરસ્પર "આજે ભગવાન મહાવીર પધાર્યા છે, તેમનાં દર્શન–વંદન આદિ માટે તમે આવો, તમે જાઓ, તમે જજો, તેઓ ગયા છે, અમે જઈશું" ઈત્યાદિ વાર્તાલાપ કરી રહ્યા હતા. પોતાના મહેલના ઝરુખામાં બેઠેલા જમાલીએ જ્યાં ત્રણ રસ્તા ભેગા થાય તે ત્રિકમાં, જ્યાં ચાર રસ્તા ભેગા થાય તે ચતુષ્કમાં અને ચોક વગેરે સ્થાનોમાં નગરના બધા લોકોને આ રીતે જતા અને બોલતા જોયા. આથી તેને કુતૂહલ થયું. તેણે નજીકમાં રહેલા દ્વારપાલને બોલાવીને પૂછ્યું: અહો! આજે અહીં જે ઉત્સવમાં અંતઃપુર અને પરિવારથી સહિત આ સઘળા લોકો જઈ રહ્યા છે તે કયો ઉત્સવ છે? દ્વારપાળે પહેલાંથી જ લોકવાણીથી આ વૃત્તાંત જાણી લીધો હતો. તેણે કહ્યું: બ્રાહ્મણકુંડગ્રામ નગરની બહાર બહુશાલક ઉદ્યાનમાં આપના જ મામા અને સસરા શ્રમણ ભગવાન મહાવીર પધાર્યા છે. તેમને વંદનાદિ કરવા માટે

આ લોકો આ પ્રમાણે ઉત્સુક બનીને જઈ રહ્યા છે. આ સાંભળીને જમાલિને અતિશય હર્ષ થયો. અતિશય હર્ષના કારણે તેના શરીરમાં રોમાંચ પ્રગટ થયા. પાસે રહેલા પોતાના સેવકને તેણે કહ્યું : જલદી વાહનશાળામાં જા અને ચારઘંટવાળા રથને અશ્વ સહિત તૈયાર કરીને અહીં આવ, જેથી હું પણ ભગવાનને વંદન કરવા જાઉં. 'જેવી કુમારની આજ્ઞા' એમ કહીને સેવક ઉતાવળા પગલે રાજમહેલમાંથી નીકળ્યો.

જમાલિ ત્યાંથી ઉઠીને સ્નાનઘરમાં ગયો. ત્યાં સ્નાન કરીને કપુર અને કસ્તૂરીથી મિશ્ર ચંદનનું શરીરે વિલેપન કર્યું. પછી સારભૂત અલંકારો પહેર્યાં. તેટલામાં પૂર્વે મોકલેલો સેવક ચારઘંટવાળો રથ તૈયાર કરીને ત્યાં આવી ગયો. તેણે કુમારને કહ્યું : હે કુમાર! આપની આજ્ઞા પ્રમાણે કાર્ય કરીને હું આવી ગયો છું. આ સાંભળીને કુમાર અતિ ઉતાવળા પગલે ઘરમાંથી નીકળીને તે જ રથ ઉપર બેઠો. સેવકે તેના ઉપર શ્રેષ્ઠ છત્ર ધર્યું. ધનુષ, બાણ, તલવાર અને ઢાલ વગેરે વિવિધ શસ્ત્રધારી અનેક સૈનિકો તેની આગળ અને પાછળ ચાલવા લાગ્યા. તેનો રથ ક્ષત્રિયકુંડગ્રામ નગરમાં થઈને બહુ-શાલક ઉદ્યાન તરફ આવ્યો. થોડે સુધી ગયા પછી સામે નજીકમાં રહેલા સમવસરણને જોઈને જમાલિએ અશ્વને ઊભો રાખ્યો. રથમાંથી ઉતરીને પુષ્પ, તાંબુલ, શસ્ત્ર, જોડા વગેરે વસ્તુઓનો ત્યાગ કર્યો. એક વસ્ત્રનું ઉત્તરાસણ કર્યું. હાથની બે હથેળીઓ ભેગી કરીને લલાટે રાખી, પછી સમવસરણભૂમિમાં આવીને ભક્તિના સમૂહથી પૂર્ણ અંતઃકરણ-વાળો તે ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપીને અને નમીને યથાયોગ્ય સ્થાને બેઠો. સમસ્ત શરીરને આનંદ આપનારી અમૃતવૃષ્ટિની જેવી ભગવાનની વાણી સાંભળીને તેને સંસાર-ભય ઉત્પન્ન થયો. સંસારભયથી ઉદ્‌વિગ્ન ચિત્તવાળા તેણે વિધિપૂર્વક સ્વામીને વિનંતિ કરી કે, હે ભગવંત! માતા–પિતાની અને પત્નીની રજા લઈને હું આપની પાસે દીક્ષા લેવાને ઈચ્છું છું. ભગવાને કહ્યું: હે દેવાનુપ્રિય! વિલંબ ન કર. પછી તે ફરી ભગવાનને ત્રણ પ્રદક્ષિણા અને નમસ્કાર કરીને સમવસરણમાંથી બહાર નીકળ્યો. પછી તે જ રથમાં બેસીને જે પ્રમાણે આવ્યો હતો તે પ્રમાણે પોતાના નગરમાં થઈને પોતાના ઘરે ગયો. પછી માતા–પિતા પાસે દીક્ષાની અનુજ્ઞા માગી. જેમતેમ કરીને માતા–પિતાની અનુજ્ઞા મેળવીને પત્નીની પાસે ગયો. પતિની દીક્ષાની વાત સાંભળીને પત્નીએ અનુમતિ આપી, એટલું જ નહિ, પણ પોતે પણ તેની સાથે જ દીક્ષા લેવા તૈયાર થઈ. પછી તેણે જિન-મંદિરોમાં મહાપૂજાઓ કરી. (અર્થાત્ જિનભક્તિરૂપ મહોત્સવ કર્યો. પછી દીક્ષાના દિવસે) સ્નાન અને વિલેપન કરીને અલંકારો ધારણ કર્યા. પછી હજાર પુરુષોથી ઊંચકાતી શિબિકામાં બેસીને દીન, અનાથ, ગરીબ વગેરેને ઈચ્છામુજબ દાન આપતો તે મહાન આડંબરથી પત્નીની સાથે ભગવાનની પાસે આવ્યો. ભગવાને પાંચસો રાજપુત્રોની સાથે જમાલિને અને હજાર સ્ત્રીઓની સાથે તેની પત્ની સુદર્શનાને દીક્ષા આપી.

દીક્ષા બાદ બંનેએ સામાયિકથી આરંભી અગિયાર અંગો સુધી શ્રુતનો અભ્યાસ કર્યો. સમય જતાં ગીતાર્થ બનેલા જમાલિને ભગવાને આચાર્ય બનાવ્યો. એકવાર જમાલિએ ભગવાન મહાવીરને વંદન કરીને કહ્યું કે, આપની અનુજ્ઞા હોય તો હું પાંચસો સાધુઓની સાથે ગામ–નગર આદિમાં વિહાર કરવાને ઇચ્છું છું. આ સાંભળીને ભગવાન ભવિષ્યમાં થનારા દોષને જોવાથી મૌન રહ્યા. આથી જમાલિએ ફરી ભગવાનને કહ્યું. છતાં ભગવાન તરફથી કોઈ ઉત્તર ન મળ્યો. તેથી તેણે ભગવાનને વંદન કરીને બહુશાલક ઉદ્યાનમાંથી નીકળીને પાંચસો સાધુઓની સાથે એક ગામથી બીજે ગામ વિહાર કરવાનું શરૂ કર્યું. એકવાર તે શ્રાવસ્તીનગરીની બહાર તિંદુક ઉદ્યાનમાં રહેલા કોષ્ઠક મંદિરમાં આવ્યો. ત્યાં તેને પ્રાંત આહાર વગેરેથી અત્યંત ગાઢ રોગ થયો. તેથી તેણે સાધુઓને બોલાવીને કહ્યું કે, દાહજ્વરે મારા શરીરને વિહ્વળ કરી નાખ્યું છે. હું બેસવા માટે ક્ષણવાર પણ સમર્થ નથી. આથી જો તમે મારે યોગ્ય સંથારો પાથરો તો તેના ઉપર સૂઈને પીડાને દૂર કરું. શિષ્યોએ તેમ કરવાને અમે ઇચ્છીએ છીએ એમ કહીને સંથારો પાથરવાનો શરૂ કર્યો. ગાઢવેદનાથી તેના શરીરમાં ઘણી જ પીડા થતી હતી. આથી તેણે ફરી કહ્યું કે, હે સાધુઓ! તમે સંથારો પાથર્યો કે નહિ? સાધુઓએ કહ્યું: સંથારો પાથરી દીધો છે. તેણે સંથારાને જોયો તો હજી સંથારો પથરાયો જ ન હતો. સંથારો નહિ પથરાયેલો જોઈને તેના ચિત્તમાં ક્રોધ પ્રગટ થયો. આમ છતાં તે વખતે શરીરમાં પીડા હોવાથી તે કંઈ બોલ્યો નહિ.

પાથરેલા પૂર્ણ સંથારામાં સૂઈને પીડાને દૂર કરી. ક્ષણ પછી શરીર સ્વસ્થ થતાં તેણે સાધુઓને બોલાવીને પૂછ્યું: હે સાધુઓ! સંથારો અર્ધો પથરાયો હોવા છતાં પથરાઈ ગયો છે એમ તમોએ કેમ કહ્યું? સાધુઓએ કહ્યું: **कज्जमाणे कडे चलमाणे चलिए उईरिज्जमाणे उईरिए निज्जरिज्जमाणे निज्जिण्णे**="કરવા માંડયું તે કર્યું કહેવાય, ચાલવા માંડયું તે ચાલ્યું કહેવાય, ઉદીરવા માંડયું તે ઉદીર્યું કહેવાય, અને નિર્જરવા માંડયું તે નિર્જર્યું કહેવાય" ઇત્યાદિ જિનવચન પ્રમાણ હોવાથી કહ્યું છે. આ સાંભળીને જમાલિને ભવિતવ્યતાના કારણે તે ક્ષણે મિથ્યાત્વકર્મનો ઉદય થયો. આથી તે બોલ્યો: તે વિષે ભગવાન ભૂલ્યા છે. કારણ કે ક્રિયાકાલ અને સમાપ્તિકાળ અત્યંત ભિન્ન હોવાથી "પથરાતું" અને "પથરાયેલું" એ બેનો એક કાળ નથી. આથી "ભગવાનનું વચન મિથ્યા છે" એવી પ્રતિજ્ઞા કરીએ છીએ. અહીં અનુમાનવાક્યનો પ્રયોગ આ પ્રમાણે છે:– ભગવાનનું એ વચન મિથ્યા છે, કારણ કે પ્રત્યક્ષથી વિરુદ્ધ અર્થને કહેનારું છે, શબ્દ કર્ણનો વિષય નથી એ પ્રતિજ્ઞાવચનની જેમ. અમોએ કહેલો હેતુ [૧]અસિદ્ધ નથી.

૧. અસિદ્ધ એટલે હેતુનો પક્ષમાં અભાવ. જેમકે, **शब्दो गुणः चाक्षुषत्वात्**, અહીં ચાક્ષુષત્વ હેતુ પક્ષ શબ્દમાં નથી. કારણ કે શબ્દ ચાક્ષુષ પ્રત્યક્ષ નથી, કિંતુ શ્રાવણ પ્રત્યક્ષ છે પ્રસ્તુતમાં

કારણ કે અર્ધો પથરાયેલો સંથારો નથી પથરાયો એમ જોવામાં આવે છે. બીજા સ્થળે પણ પ્રત્યક્ષથી સિદ્ધ (=પ્રત્યક્ષથી દેખાતા) ક્રિયમાણત્વ (=કરાતાપણું) ધર્મથી કૃતત્વ (=કરેલાપણું) ધર્મ દૂર કરાયો છે=કૃતત્વ ધર્મનું ખંડન કરાયું છે. તથા– અમે કહેલો હેતુ [1]અનેકાંતિક પણ નથી. કારણ કે હેતુ [2]સપક્ષમાં જ છે. હેતુ [3]વિરુદ્ધ પણ નથી. કારણ કે હેતુ સત્યરૂપ [4]વિપક્ષથી વ્યાવૃત્ત છે=હેતુ સત્યરૂપ વિપક્ષમાં રહેતો નથી.

આથી આ નક્કી થયું કે–"કરાતું કર્યું કહેવાય" ઇત્યાદિ જિનવચન અસત્ય છે. આ પ્રમાણે જમાલિએ સાધુઓને કહ્યું એટલે કેટલાક સાધુઓએ "એ પ્રમાણે જ છે" એમ સ્વીકાર કર્યો. જેમણે જિનવચનનો સત્ય અર્થ જાણ્યો છે એવા સમ્યગ્બોધવાળા બીજા સાધુઓએ આ પ્રમાણે કહ્યું:– હે જમાલિસૂરિ ! આ તમે યુક્તિયુક્ત કહ્યું નથી. નક્કી ભગવાન જોયા વિના કંઈ પણ કહેતા નથી. કારણ કે ભગવાનને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હોવાથી ભગવાન સતત ઉપયોગવાળા હોય છે. અમે માત્ર સાંભળેલું સ્વીકારનારા છીએ એથી અમોએ ભગવાનનું વચન સ્વીકાર્યું છે એવું નથી, કિંતુ યુક્તિથી વિચારીને અમોએ ભગવાનનું વચન સ્વીકાર્યું છે. ભગવાનનું વચન "**પુરાણ, મનુએ કહેલ ધર્મ, અંગસહિત વેદો અને ચિકિત્સાશાસ્ત્ર આ ચાર આજ્ઞાસિદ્ધ છે, એથી યુક્તિઓથી એમનું ખંડન ન કરવું**" ઇત્યાદિ વચન જેવું નથી. કારણ કે ભગવાનનું વચન ઉત્તમસુવર્ણની જેમ તાપ વગેરેથી શુદ્ધ છે. અન્યથા (=તાપાદિથી શુદ્ધ ન હોય તો) "**એમાં કંઇક કહેવા જેવું છે (=ખામીઓ હોવાના કારણે એમાં કંઇક કહેવા જેવું છે), આથી આ (પુરાણ વગેરે) વિચારવામાં આવતું નથી=કેવલ શ્રદ્ધાથી માનવામાં આવે છે. શું સુવર્ણ શુદ્ધ થઇને તાપ વગેરેથી** ભય **પામે ?**" ઇત્યાદિ ઠપકાને પાત્ર થાય. વળી– પથરાતું અને પથરાયેલું એ બેનો એક કાળ

"પ્રત્યક્ષથી વિરુદ્ધ અર્થનું કથન" એ હેતુ છે. જિનવચન પક્ષ છે. વાદીની દૃષ્ટિએ પ્રત્યક્ષથી વિરુદ્ધ અર્થનું કથનરૂપ હેતુ જિનવચનરૂપ પક્ષમાં છે. આથી હેતુ અસિદ્ધ નથી.

૧. અનેકાંતિક એટલે હેતુ સાધ્ય વિના રહે. જેમકે, **पर्वतो वह्निमान् द्रव्यत्वात्**, અહીં દ્રવ્યત્વ હેતુ સાધ્યાભાવવાળા સરોવરમાં રહેતો હોવાથી અનેકાંતિક છે. તેનું બીજું નામ સવ્યભિચારી છે. પ્રસ્તુતમાં મિથ્યાત્વ=અસત્યત્વ સાધ્ય છે. વાદીની દૃષ્ટિએ પ્રત્યક્ષથી વિરુદ્ધ અર્થ કથનરૂપ હેતુ સપક્ષમાં જ છે, એટલે કે અસત્યત્વરૂપ સાધ્યને છોડીને રહેતો નથી. માટે હેતુ અનેકાંતિક નથી.

૨. સપક્ષ=જેમાં સાધ્ય નિશ્ચિત હોય તે. વહ્નિરૂપ સાધ્યની અપેક્ષાએ મહાનસ સપક્ષ છે.

૩. વિરુદ્ધ એટલે હેતુ સાધ્યથી તદ્દન વિરુદ્ધ હોય, અર્થાત્ સાધ્યાભાવવાળા**ની** સાથે જ રહે. જેમકે, **पर्वतो वह्निमान् जलात्**, અહીં જલ હેતુ સાધ્યાભાવવાળાની=વહ્નયભાવવાળાની સાથે જ રહે છે. આથી તે વિરુદ્ધ છે. પ્રસ્તુતમાં પ્રત્યક્ષથી વિરુદ્ધ કથનરૂપ હેતુ સાધ્યાભાવવાળા સત્યમાં રહેતો નથી. આથી હેતુ વિરુદ્ધ નથી.

૪. વિપક્ષ=જેમાં સાધ્યનો અભાવ નિશ્ચિત હોય તે. વહ્નિરૂપ સાધ્યની દૃષ્ટિએ સરોવર વિપક્ષ છે.

નથી ઇત્યાદિ જે કહ્યું તે પણ બાળકના પ્રલાપ સમાન છે. કારણ કે ક્રિયાકાલ અને સમાપ્તિકાલ એ બેનું કથંચિત્ એકપણું સ્વીકાર્યું છે. તે આ પ્રમાણે :–

જે ક્ષણે કાર્ય કરાઈ રહ્યું છે તે ક્ષણે કાર્ય કરેલું પણ છે. અન્યથા કાર્ય માટે કરાતી ક્રિયાના પ્રથમ ક્ષણની જેમ ક્રિયાના અંત્યક્ષણમાં પણ કરેલું ન હોય, અર્થાત્ જો ક્રિયાના પ્રથમ ક્ષણમાં કરેલું નથી તો ક્રિયાના અંત્યક્ષણમાં પણ કરેલું ન હોય. (કારણકે જે પ્રથમક્ષણમાં ન હોય તે અંત્યક્ષણમાં પણ કેવી રીતે હોય ?) જો ક્રિયાના અંત્યક્ષણમાં પણ કરેલું ન હોય તો "આ કર્યું" એવું જ્ઞાન ન થાય, અને 'આ કર્યું' એવું જ્ઞાન થાય છે. કેમકે તેવો અનુભવ થાય છે. વળી–"ભગવાનનું વચન મિથ્યા છે" ઇત્યાદિ જે અનુમાનપ્રયોગ કહ્યો તેમાં પ્રતિજ્ઞાના (भगवद्वचनं અને मिथ्या એ) બે પદોમાં વિરોધ છે. તે આ પ્રમાણે :– જો भगवद्वचन છે તો मिथ्या નથી, હવે જો मिथ्या છે, તો भगवद्वचन નથી. સમગ્ર ઐશ્વર્યથી યુક્ત (=કેવલજ્ઞાની) અસત્ય ન કહે એ પ્રસિદ્ધ છે. કારણ કે સમગ્ર ઐશ્વર્યથી યુક્ત વ્યક્તિમાં અસત્ય બોલવાનું કોઈ કારણ નથી. અસત્ય બોલવામાં રાગાદિ દોષો કારણ છે, અને રાગાદિ દોષો તેનામાં નથી. કહ્યું છે કે– **"રાગથી, દ્વેષથી કે મોહથી અસત્ય વચન બોલાય છે, જેનામાં આ દોષો નથી તેને અસત્ય બોલવાનું કારણ શું હોય ? અર્થાત્ ન હોય."** આથી જ તમોએ કહેલો હેતુ અસિદ્ધ પણ છે. કારણ કે "ભગવાનનું વચન પ્રત્યક્ષથી વિરુદ્ધ અર્થ કહેનારું છે" એવું ક્યારેય જાણવામાં આવતું નથી. આ હેતુ વિરુદ્ધ પણ છે. તે આ પ્રમાણેઃ– આ પણ કહી શકાય કે, "કરાતું કરેલું કહેવાય ઇત્યાદિ જિનવચન સત્ય છે, કારણ કે સત્ય અર્થને જણાવનારું છે, સકલ લોકમાં પ્રસિદ્ધ પૃથ્વીની કઠિનતા વિષે કોઈએ બોલેલા પૃથ્વી કઠિન છે ઇત્યાદિ વાક્યની જેમ." વળી– આ હેતુ અસિદ્ધ નથી ઇત્યાદિ જે કહ્યું તે પણ સંબંધ વગરનું છે. કારણ કે અર્ધો પણ પથરાયેલા સંથારા વિષે "સંથારો પથરાઈ ગયો" એમ (નિશ્ચયનયની દૃષ્ટિએ) જોવામાં આવે છે. તે આ પ્રમાણે :– જે વસ્ત્ર જ્યારે જે આકાશપ્રદેશમાં પાથરવામાં આવે છે તે વસ્ત્ર ત્યારે તે આકાશપ્રદેશોમાં પથરાયેલું જ હોય છે. આનાથી "બીજા સ્થળે પણ ક્રિયમાણત્વધર્મથી કૃતત્વધર્મનું દૂરથી ખંડન થઈ ગયું છે" ઇત્યાદિ જે કહ્યું હતું તેનું પણ નિરાકરણ કર્યું જાણવું. કારણ કે (બંનેમાં) યોગ-ક્ષેમ [1]સમાન છે. ભગવાનનાં વચનો વિશિષ્ટનયની અપેક્ષાવાળા હોય છે. આથી બધા સ્થળે કોઇ દોષ નથી. માટે તમે કદાગ્રહને મૂકી દો અને 'કરાતું કરેલું કહેવાય' ઇત્યાદિનો સ્વીકાર કરો. આ પ્રમાણે કહેવા છતાં પ્રતિબોધ ન પામ્યો એટલે તે સાધુઓએ વિચાર્યું: આ ક્લિષ્ટ કર્મના ઉદયથી મિથ્યાત્વને પામ્યો છે. કહ્યું છે કે– **"સૂત્રમાં કહેલા એક**

૧. યુક્તિનો યોગ અને યુક્તિનું રક્ષણ બંનેમાં છે. અથવા યોગ એટલે યુક્તિ, ક્ષેમ એટલે કૌશલ્ય. યુક્તિનું કૌશલ્ય બંનેમાં સમાન છે.

**પણ અક્ષરની અરુચિથી મનુષ્ય મિથ્યાદૃષ્ટિ થાય છે. અમને જિને કહેલું સૂત્ર જ પ્રમાણ છે."** આથી આ હવે સેવાને યોગ્ય નથી એવો નિર્ણય કરીને તે સાધુઓએ તેનું સાંનિધ્ય છોડીને ચંપાનગરીમાં પૂર્ણભદ્ર મંદિરમાં પધારેલા મહાવીર-સ્વામીની નિશ્રા સ્વીકારી.

આ તરફ ઘણી સાધ્વીઓના પરિવારવાળી સુદર્શના જમાલિને વંદન કરવા ત્યાં આવી. ઢંક નામના કુંભારના ઘરે અવગ્રહની યાચના કરીને રહી. દરરોજ જમાલિની "કરેલું જ કર્યું કહેવાય, કરાતું કર્યું ન કહેવાય" ઇત્યાદિ દેશના સાંભળીને ચંચલ હૃદયવાળી તેણે જમાલિના કહેવા પ્રમાણે જ સ્વીકાર કર્યો. અથવા આવું થાય જ છે, અર્થાત્ આવું થાય એમાં કોઈ આશ્ચર્ય નથી. કારણ કે કહ્યું છે કે–

**"કાનના ઝેરથી બળેલા મૂર્ખ લોકો શું શું નથી કરતા? (અર્થાત્ બીજાઓના કહેવાથી ન કરવા જેવું પણ કરવા માંડે છે.) આવા લોકો (બીજાઓના કહેવાથી) તપ પણ કરે અને મનુષ્યની ખોપરીમાં દારૂ પણ પીએ."**

પછી ઢંકના ઘરે આવીને ઢંકની આગળ એ પ્રમાણે જ કહેવા લાગી. જમાલિના વૃત્તાંતને જાણનાર ઢંકે પણ કહ્યું કે, હે આર્યા! ભગવાન સત્ય છે કે જમાલિ સત્ય છે એમ વિશેષ જાણવાને હું સમર્થ નથી. આમ કહીને તે મૌન રહ્યો. પછી એકવાર સુદર્શના સ્વાધ્યાય પોરિસિમાં સ્વાધ્યાય કરી રહી હતી. આ જ વખતે ઢંક નિભાડાના ઉપરના ભાગમાં રહેલાં વાસણોને નીચે ઉતારતો હતો. તેણે એક બળતો અંગારો જલદી એવી રીતે ફેંક્યો કે જેથી તે અંગારો તેની સંઘાટિના (=ઉપર ઓઢવાના વસ્ત્રના) એક છેડા ઉપર પડ્યો. આ જોઈને સુદર્શનાએ કહ્યું: હે શ્રાવક! આ અંગારો ફેંકીને તેં મારી સંઘાટી કેમ બાળી નાખી? ઢંકે કહ્યું: હે આર્યા! આપ અસત્ય કેમ બોલો છો? કારણ કે આપના મતમાં "બળતું બળ્યું" એમ કહેવાતું નથી. હમણાં આપની સંઘાટી બળી રહી જ છે. (સંપૂર્ણ બળી ગઈ નથી.) ઢંકે આ વિષયને લગતું બીજું પણ કહેવા જેવું કહ્યું. પ્રતિબોધ પામેલી તેણે કહ્યું: હે શ્રાવક! તેં સારું કર્યું. હું સત્ય ઉપદેશને ઇચ્છું છું. પછી તેણે ખોટો મત સ્વીકારવા બદલ મિચ્છામિ દુક્કડં આપ્યું.

ભગવાનની આજ્ઞાનો વિલોપ કરનાર પોતાના આત્માની નિંદા કરતી તે જમાલિ પાસે ગઈ. પોતાનો અભિપ્રાય યુક્તિપૂર્વક ઘણીવાર જમાલિને કહ્યો. તો પણ જમાલિએ તેનો સ્વીકાર ન કર્યો. તેથી સુદર્શના અને બાકી રહ્યા હતા તે સાધુઓ ભગવાનની પાસે જ ગયા. જમાલિ પણ એકલો ઘણાં વર્ષો સુધી સંયમ પાળીને, પંદર દિવસની સંલે-ખના કરીને, ત્રીશ વખતના ભોજનને અનશનથી છોડીને, અસત્યપ્રરૂપણાનું આલોચન– પ્રતિક્રમણ કર્યા વિના, મૃત્યુ સમયે કાલ કરીને, અસત્યપ્રરૂપણાના કારણે લાંતક (છઠ્ઠા)

દેવલોકમાં તેર સાગરોપમની સ્થિતિવાળો કિલ્બિષિક દેવ થયો. મતિભેદથી ઉત્પન્ન થતા મિથ્યાત્વમાં સંક્ષેપથી જમાલિનું ચરિત્ર જણાવ્યું, વિસ્તારથી ભગવતીસૂત્રના નવમા શતકમાંથી જાણી લેવું.

## ગોવિંદનું દૃષ્ટાંત

શ્રુતદેવીની કૃપાથી જમાલિનું ચરિત્ર કહ્યું. હવે પૂર્વવ્યુદ્ગ્રહથી થતા મિથ્યાત્વમાં ગોવિંદનું ચરિત્ર કહું છું. ભૃગુકચ્છ (= ભરુચ) નામના શ્રેષ્ઠ નગરમાં બૌદ્ધમતના સંપૂર્ણ સારને જાણનારો અને શ્રેષ્ઠ વાદલબ્ધિથી યુક્ત ગોવિંદ નામનો બૌદ્ધ સાધુ હતો. તે પોતાને બધાથી અધિક વિદ્વાન માનતો હતો. પોતાની વાદશક્તિને પ્રગટ કરતો, અર્થાત્ મારા જેવી વાદશક્તિ કોઈનામાં નથી એમ બોલતો, તે શેરીઓમાં ફરતો હતો. તે જગતને પણ તૃણ સમાન માનતો હતો. તેણે એકવાર પોતાના સામર્થ્યને પ્રગટ કરવા (= લોકોને બતાવવા) ત્રિક અને ચતુષ્કમાં પટહ વગડાવીને ઘોષણા કરાવી કે, આત્માને જાણનાર જે કોઈ સમર્થ હોય તે રાજસભામાં સભ્ય આદિ લોકો સમક્ષ મારી સાથે વાદ કરે. જિનપ્રતિમાને વંદન કરવા માટે આવેલા અને સ્યાદ્વાદમાં નિપુણ એવા જિનદેવ-સૂરિએ આ ઘોષણા સાંભળી. સૂરિએ પટહનો પ્રતિષેધ કર્યો, અર્થાત્ વાદ કરવાનું કબૂલ કર્યું. પછી તે બંનેનો રાજદરબારમાં વાદ થયો. સૂરિએ રાજાની સમક્ષ એને જીતી લીધો. તેથી તે વિલખો થઈને વિચારવા લાગ્યો કે, એમનો સિદ્ધાંત જાણ્યા વિના એમને ક્યારેય જીતી શકાય નહિ. હું અન્યદર્શની હોવાથી તેઓ મને પોતાના સિદ્ધાંતનું રહસ્ય કહેશે નહિ. માટે હું એમની જ (= જૈન) દીક્ષા લઉં, આ પ્રમાણે વિચારીને ઉપાશ્રયે જઈને સૂરિને આ પ્રમાણે કહ્યું: મારી અજ્ઞાનતાથી કરેલી ચેષ્ટાની ક્ષમા આપો, તથા મારા ઉપર દયા કરો. મને ઉત્તમ દીક્ષા આપો. (હવે) હું આપના ચરણમાં રહ્યો છું. પ્રમાણ, નય અને હેતુ સુધીનો આપનો સિદ્ધાંત મને સમજાવો.

આચાર્ય મહારાજ તેના દ્રવ્યવિનયથી તેને ઉપશાંત (=ક્રોધાદિ વિકારોથી રહિત) થયેલો જોઈને આનંદ પામ્યા. છદ્મસ્થ પરીક્ષાથી પરીક્ષા કરીને, અર્થાત્ છદ્મસ્થ જીવ બાહ્ય ચેષ્ટાના આધારે જેટલી પરીક્ષા કરી શકે તેટલી પરીક્ષા કરીને, તેને દીક્ષા આપી. દ્રવ્યક્રિયા કરવામાં તત્પર તે સામાયિક વગેરે શ્રુતને ભણે છે, તો પણ પૂર્વવ્યુદ્ગ્રહ મિથ્યાત્વને ભાવથી છોડતો નથી. આ પ્રમાણે કેટલાક દિવસો ગયા બાદ તેના મનમાં અમૃતની જેમ શ્રુત જેમ જેમ પરિણમતું ગયું તેમ તેમ તેણે વિષની જેમ મિથ્યાત્વને છોડી દીધું. કહ્યું છે કે-[1] **"મુનિ દરરોજ જેમ જેમ અતિશય રસ પ્રસરથી યુક્ત નવા નવા શ્રુતનું સૂક્ષ્મજ્ઞાન મેળવે છે, તેમ તેમ શુભભાવરૂપી શીલતાથી આનંદ પામે છે, અને નવા નવા સંવેગથી (= વૈરાગ્યથી) ગર્ભિત શ્રદ્ધા-**

૧. પંચવસ્તુ ગાથા ૫૬૦, બૃ. ક. ગા.

**વાળો બને છે.**" અતિશય રસપ્રસરથી યુક્ત એ વિશેષણનો અર્થ આ પ્રમાણે છે:— અતિશયો એટલે વિશેષ અર્થો. પ્રસર એટલે ઘણું. શ્રુત વિશેષ અર્થોના ઘણા રસથી યુક્ત છે.

મિથ્યાત્વભાવ દૂર થઈ જતાં તેણે ગુરુ પાસે જઇને અંજલિ જોડીને કહ્યું: હે નાથ! મેં આટલા દિવસ મિથ્યા અભિનિવેશથી નિરર્થક જ દીક્ષા પાળી. આજે હમણાં શ્રુત ભાવનાથી દીક્ષા સમ્યક્ પરિણામને પામી છે. તેથી હે સ્વામી! આજે મારા ઉપર વિષાદનો નાશ કરનારી કૃપા કરીને મને આજે કર્મરૂપી પર્વતને તોડવા વજ્રસમાન ભાવ દીક્ષા આપો. પછી ગુરુએ તેને કહ્યું:

તું ધન્ય છે કે જેના હૃદયમાં આટલા દિવસે પણ તીર્થંકરની આજ્ઞા ભાવથી પરિણમી. આ પ્રમાણે તેની ઉપબૃંહણા કરીને ગુરુએ ફરી મહાવ્રતો ઉચ્ચરાવ્યા. સંવેગવાળા બનેલા એણે પણ મહાવ્રતોનો સમ્યક્ સ્વીકાર કર્યો. શંકારહિત બનેલા તે ક્રમે કરીને સાધુઓને પૂર્વગત શ્રુતની વાચના આપવા લાગ્યા. આથી તેમની ગોવિંદ-વાચક તરીકે પ્રસિદ્ધિ થઈ અને શ્રેષ્ઠ કીર્તિ ફેલાણી. પૂર્વવ્યુદ્ગ્રહ મિથ્યાત્વમાં ગોવિંદવાચકનું દૃષ્ટાંત કહ્યું. હવે સંસર્ગમાં સોરઠદેશના શ્રાવકનું દૃષ્ટાંત કહીશ.

## શ્રાવકનું દૃષ્ટાંત

સૌરાષ્ટ્ર દેશમાં જીવ–અજીવ વગેરે તત્ત્વોનો જાણકાર અને જિનધર્મમાં પરાયણ એવો કોઈ શ્રેષ્ઠ શ્રાવક હતો. દેશમાં દુકાળનો ઉપદ્રવ થતાં તે એકવાર થોડું ભાતું લઇને બૌદ્ધ સાધુઓની સાથે ઉજ્જૈનનગરી તરફ ચાલ્યો. તેથી બૌદ્ધ સાધુઓએ તેને મોક્ષ માટે બુદ્ધે કહેલા ધર્મનો ઉપદેશ આપ્યો. તેણે બૌદ્ધ સાધુઓને આ પ્રમાણે કહ્યું:— હે ભિક્ષુકો! બુદ્ધે કહેલો ધર્મ જુઠ્ઠા માણસે કહેલા ધર્મની જેમ મોક્ષસાધક નથી. કારણ કે તે ધર્મ આપ્તપુરુષે કહ્યો નથી. એકાંત ક્ષણિક વાદની દેશના આપવાના કારણે બુદ્ધ આપ્ત નથી. કારણ કે "પદાર્થો એકાંતે ક્ષણિક છે" એ સિદ્ધાંત પ્રત્યક્ષથી બાધિત છે, અર્થાત્ પદાર્થો એકાંતે ક્ષણિક હોય (=ક્ષણે ક્ષણે નાશ પામતા હોય) તેવું આંખોથી જોવામાં આવતું ન હોવાથી પદાર્થો એકાંતે ક્ષણિક છે એવો બુદ્ધનો સિદ્ધાંત પ્રત્યક્ષથી ઘટતો નથી. [1]એકાંત ક્ષણિકત્વમાં પદાર્થોનો બોધ પણ ન ઘટી શકે. (કારણકે બીજી જ

---

૧. બૌદ્ધદર્શન ક્ષણિકવાદી છે. તે "દરેક પદાર્થ ક્ષણે ક્ષણે નાશ પામે છે" એમ માને છે. કોઈ પ્રશ્ન કરે કે જો ક્ષણે ક્ષણે વસ્તુ નાશ પામે છે તો એની એ વસ્તુ લાંબા કાળ સુધી કેમ દેખાય છે? એના ઉત્તરમાં તે કહે છે કે એના જેવી જ બીજી વસ્તુ ક્ષણે ક્ષણે ઉત્પન્ન થાય છે. એથી એક જ વસ્તુ લાંબો કાળ રહે છે એમ આપણને લાગે છે. જૈનદર્શન પણ વસ્તુને સમયે સમયે નાશ પામનારી માને છે, પણ એકાંતે નહિ. દરેક વસ્તુ સમયે સમયે પર્યાયથી નાશ પામે છે અને દ્રવ્યથી સ્થિર રહે છે. આથી જૈનદર્શન અને બૌદ્ધદર્શનમાં એ ભેદ છે કે બૌદ્ધદર્શન એકાંતે (= સર્વથા) વસ્તુનો નાશ માને છે, જ્યારે જૈનદર્શન "વસ્તુનો સર્વથા નાશ નથી થતો, કિંતુ પર્યાયથી નાશ થાય છે" એમ માને છે.

ક્ષણે બોધ કરનાર જીવ બદલાઈ જાય છે. આથી જ બીજી જ ક્ષણે બુદ્ધ પોતે કરેલી આજ્ઞા વગેરેને ભૂલી જાય છે.) આજ્ઞા વગેરેને ભૂલી જનારાઓ ત્રિભુવનમાં પ્રસિદ્ધ કેવી રીતે થઈ શકે?, અર્થાત્ ન થઇ શકે. ઇત્યાદિ યુક્તિઓથી તેમને એવા નિરુત્તર કરી દીધા કે જેથી તેમણે ફરી ક્યારે ય ધર્મસંબંધી વિચારણા ન કરી. એક વાર અર્ધા રસ્તે તેનું ભાતું ખૂટી ગયેલું જોઇને બૌદ્ધસાધુઓએ તેને કહ્યું કે અમારું ભાતું લે. રસ્તામાં તને અમે જ ભોજન આપીશું એમ તેમણે કહ્યું અને તેણે વિચાર કર્યા વિના તેમનું વચન માની લીધું. એક દિવસ તે બૌદ્ધસાધુઓની સાથે ઉજ્જૈનીનગરીમાં આવી પહોંચ્યો. ત્યાં તેને આહારના દોષથી વિસૂચિકા રોગ (= ખોરાકના અજીર્ણથી પેટપીડા વગેરે ઉપદ્રવ) થયો. નમસ્કાર મહામંત્રના સ્મરણમાં પરાયણ બનેલો તે વિસૂચિકા રોગથી શીઘ્ર મૃત્યુ પામ્યો. બૌદ્ધસાધુઓએ તેનું શરીર પોતાના કપડાથી ઢાંકી દીધું. દેવોમાં ઉત્પન્ન થયેલા તેણે તત્કાલ વિચાર્યું કે હું દેવોમાં ઉત્પન્ન થયો એ કયા કર્મનું ફળ છે? આ પ્રમાણે વિચારતા તેણે પ્રગટેલા અવધિ-જ્ઞાનથી બૌદ્ધસાધુઓના કપડાથી વીંટાયેલું પોતાનું જ શરીર જોયું. પોતાના શરીરને બૌદ્ધ સાધુઓના વસ્ત્રથી વીંટાયેલું જોઇને તેણે ફરી પણ વિચાર્યું કે, હું દેવભવને પામ્યો એ બૌદ્ધસાધુઓની સેવાનો પ્રભાવ છે. આ પ્રમાણે વિચારીને તે ગુપ્ત રહીને જ દિવ્યહાથથી બૌદ્ધસાધુઓને ભક્તિથી આહાર આપવા લાગ્યો. આથી બૌદ્ધોની પ્રભાવના થઇ. જૈનેતરો તે વખતે આમના દર્શનમાં દેવોનું સાંનિધ્ય નથી (= દેવો મદદ કરતા નથી) એ પ્રમાણે શ્રાવકોનો ઉપહાસ કરવા લાગ્યા. શ્રાવકોએ યુગપ્રધાન આચાર્યને આ વાત જણાવી. તેથી તેમણે જ્ઞાનથી જોઇને કહ્યું કે, આ પૂર્વજન્મમાં જૈનધર્મનો જાણકાર શ્રાવક હતો. ત્યાંથી દેવ થયો. હમણાં બૌદ્ધસાધુઓના સંસર્ગરૂપ દોષથી મિથ્યાત્વને પામ્યો છે. તેથી એની પાસે જઇને નમસ્કાર કરીને એને કહો કે, હે યક્ષ! બોધ પામ, બોધ પામ, મોહને ન પામ. આચાર્યની આજ્ઞાથી શ્રાવકોએ તે પ્રમાણે કર્યું એટલે તે ત્યારથી મોહને છોડીને સમ્યક્ત્વથી ભાવિત થયો. સંસર્ગદોષથી પણ આ પ્રમાણે મિથ્યાત્વ થાય છે. માટે સારી બુદ્ધિવાળાઓએ મિથ્યાદર્શનવાળાઓની સાથે સંગ ન કરવો જોઇએ. શાસનદેવીના પ્રભાવથી સૌરાષ્ટ્રના શ્રાવકનું આ ચારિત્ર કહ્યું, હવે ગોષ્ઠામાહિલનું દૃષ્ટાંત કહીએ છીએ.

## ગોષ્ઠામાહિલનું દૃષ્ટાંત

તે કાળે (= અવસર્પિણીમાં) તે સમયે (પાંચમા આરામાં) આ જ જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધ ભરતક્ષેત્રના મધ્યખંડમાં અવંતિ નામનો દેશ હતો. તે વૈશેષિકદર્શનના

મતની જેમ દ્રવ્ય–સમવાય–સત્તાથી અધિષ્ઠિત હતો, અને ગુણ–વિશેષથી શોભિત હતો, પણ તે દેશ પ્રધાન–પુરુષવાદથી દૂષિત ન હતો.

[ અહીં દેશના પક્ષમાં દ્રવ્ય–સમવાય–સત્તાથી અધિષ્ઠિત હતો એટલે ધનના સમૂહની સત્તાથી અધિષ્ઠિત હતો, અર્થાત્ દેશ ઘણા ધનથી યુક્ત હતો. ગુણ–વિશેષથી શોભિત હતો એટલે ઘણા ગુણોથી શોભિત હતો. વિશેષ એટલે વધારે–ઘણા. પ્રધાન–પુરુષવાદથી દૂષિત ન હતો એટલે રાજા, મંત્રી, શેઠ વગેરે વચ્ચે વિવાદ ન હતો, અર્થાત્ તે દેશમાં રાજા, મંત્રી, શેઠ વગેરે મુખ્ય પુરુષો વચ્ચે વિવાદ ન હતો=બધા વચ્ચે સંપ હતો.

વૈશેષિકદર્શનના મતે દ્રવ્ય–સમવાય–સત્તાથી અધિષ્ઠિત હતું એટલે દ્રવ્ય, સમવાય અને સત્તા એ ત્રણ પદાર્થોથી અધિષ્ઠિત હતું. વૈશેષિકદર્શનના મતે દ્રવ્ય, ગુણ, કર્મ, સામાન્ય, વિશેષ, સમવાય અને અભાવ એમ સાત પદાર્થો છે. તેમાં અહીં દ્રવ્ય, સમવાય અને સામાન્ય એ ત્રણ પદાર્થોનો ઉલ્લેખ કર્યો છે. ગુણવદ્ દ્રવ્યં=જેમાં ગુણો હોય તે દ્રવ્ય. તે દ્રવ્યના પૃથ્વી વગેરે નવ ભેદો છે. સમવાય એટલે અયુત (=અપૃથક્ , અર્થાત્ જુદા ન પાડી શકાય તેવા ) બે પદાર્થો વચ્ચેનો (નિત્ય) સંબંધ. અવયવ–અવયવી, ગુણ–ગુણી, ક્રિયા–ક્રિયાવાન્ જાતિ–જાતિમાન્ અને વિશેષ–વિશેષવાન્ આ પાંચનો સમવાય સંબંધ છે. સામાન્ય (=જાતિ) પદાર્થના પરસામાન્ય અને અપરસામાન્ય એવા બે ભેદ છે. અધિક દેશમાં રહેનાર સામાન્યને પરસામાન્ય કહેવાય છે. ઓછા દેશમાં રહેનાર સામાન્યને અપરસામાન્ય કહેવામાં આવે છે. સત્તા એ પરસામાન્ય છે. કારણ કે એ સૌથી વધારે દેશમાં રહે છે. ઘટત્વ એ સૌથી ન્યૂન દેશમાં રહેવાથી અપરસામાન્ય છે. (દ્રવ્યત્વ એ પરાપરસામાન્ય છે. કારણ કે પૃથ્વીત્વની અપેક્ષાએ અધિક દેશમાં રહેવાથી પરસામાન્ય છે, અને સત્તાની અપેક્ષાએ ન્યૂન દેશમાં રહેવાથી અપરસામાન્ય છે.) અહીં સત્તારૂપ પરસામાન્યનો (=જાતિનો) ઉલ્લેખ કર્યો છે.

ગુણ–વિશેષથી શોભિત હતું એટલે ગુણ અને વિશેષ એ બે પદાર્થોથી શોભિત હતું. વૈશેષિક મતે રૂપ વગેરે ચોવીસ ગુણો છે. વૈશેષિક મતે પરમાણુ વગેરે નિત્ય દ્રવ્યોમાં રહેનાર અને નિત્ય દ્રવ્યોના વ્યાવર્તક (=એક નિત્ય દ્રવ્યને બીજા નિત્ય દ્રવ્યથી અલગ કરનાર) તરીકે વિશેષ નામના પદાર્થને માનવામાં આવ્યો છે. દા. ત. વિશેષ પદાર્થ એક પરમાણુને બીજા પરમાણુથી જુદો પાડે છે.

"પણ પ્રધાન–પુરુષના વાદથી દૂષિત ન હતો" એ સ્થળે બીજો અર્થ એ છે કે જેમ સાંખ્યમત પ્રધાન (=પ્રકૃતિ) અને પુરુષના વાદથી દૂષિત છે તેમ આ દેશ દૂષિત ન હતો.

**ભાવાર્થ** :– સાંખ્યો આત્માને પુરુષ કહે છે. આ પુરુષ કશું જ કરતો નથી, કિંતુ કમલપત્રની જેમ સર્વથા નિર્લેપ છે. તો પછી એ સંસારમાં પરિભ્રમણ કેમ કરે છે એ

પ્રશ્નના સમાધાન માટે તેઓ કહે છે કે તેનું કારણ પ્રકૃતિ નામનું તત્ત્વ છે. પ્રકૃતિ જ શુભાશુભ કર્મોને કરે છે અને ભોગવે છે. પુરુષ ચેતન છે. પ્રકૃતિ જડ છે. આથી બંને તદ્દન જુદા છે. પ્રકૃતિ અને પુરુષ ભિન્ન હોવા છતાં ચેતન પુરુષમાં પ્રકૃતિનું પ્રતિબિંબ પડવાથી પુરુષને એવો ભ્રમ થાય છે કે 'હું પ્રકૃતિ જ' છું. આથી પ્રકૃતિ જ શુભાશુભ કર્મોને કરનાર અને ભોગવનાર હોવા છતાં પુરુષને હું શુભાશુભ કર્મનો કર્તા અને ભોક્તા છું એવો ભ્રમ થાય છે. પ્રકૃતિ સુખ–દુઃખને અનુભવતી હોવા છતાં પુરુષને હું સુખી છું, હું દુઃખી છું એમ ભાસે છે. અર્થાત્ પ્રકૃતિના સુખદુઃખાદિ ધર્મો પુરુષને પોતાનામાં ભાસે છે. એ જ પ્રમાણે ( પુરુષમાં પ્રકૃતિનું પ્રતિબિંબ પડવાથી ) પ્રકૃતિને હું પુરુષ છું એવો ભ્રમ થવાથી પુરુષનો ચૈતન્ય ધર્મ જડ પ્રકૃતિમાં ભાસે છે. આ પ્રમાણે પુરુષ–પ્રકૃતિના ભેદની અજ્ઞાનતાના યોગે સંસાર છે. જ્યારે પુરુષને ભેદનું ( –પ્રકૃતિથી હું ભિન્ન છું એવું ) જ્ઞાન થઈ જાય છે ત્યારે પુરુષ અને પ્રકૃતિ જુદા પડી જાય છે. આથી પુરુષનો=આત્માનો સંસાર મટી જાય છે. ]

વળી તે દેશ પહેલા તીર્થંકરે અવંતિ નામના પોતાના પુત્રને આપ્યો હતો. પછી તેના જ નામથી તે પ્રસિદ્ધ થયો. તે દેશમાં નંદનવનના જેવું [1]વિબુધજનોને પ્રિય દશપુર નામનું નગર હતું. તે સ્થાને સ્થાને દેખાતી અનેક સુંદર સ્ત્રીઓથી મનોહર હતું, ઘણા તલોથી ઉત્તમ હતું, ઘણી વસતિવાળું હતું, સ્નેહવાળી દેવાંગનાઓ અને અપ્સરાઓથી શોભતી અને ઘણી ઉર્વશીવાળી ઇંદ્રપુરીનું પણ પરાભવ કરતું હતું. તે નગરમાં સદા નમતા અનેક સામંત રાજાઓના મુકુટમાં રહેલી માળાઓમાંથી ખરેલા અતિશય મનોહર સુગંધી પુષ્પોના સમૂહથી જેના ચરણકમલની પૂજા કરાઈ છે તેવો, [2]કમલસમૂહની જેમ લક્ષ્મીના નિવાસવાળો, ઇંદ્રની જેમ અભિમાની દુષ્ટ વૈરીઓના બલનો નાશ કરનાર, શરીરની કાંતિની જેમ બધાના પ્રેમને પ્રાપ્ત કરનાર, હતશત્રુ નામનો રાજા હતો. તેને સકલ અંતઃપુરમાં મુખ્ય, જાણે કે કલંકથી રહિત, વક્રતાથી મુક્ત અને રાત–દિવસ જેમાંથી વિમલ લાવણ્યરૂપી જ્યોત્સ્નાનો સમૂહ પ્રસરી રહ્યો છે તેવી અપૂર્વ ચંદ્રની

---

૧. અહીં દશપુરને નંદનવનની ઉપમા આપી છે. એટલે દશપુરનાં બધાં વિશેષણો નંદનવનનાં પણ છે. આથી દશપુરના પક્ષમાં **त्रिबुध** એટલે ડાહ્યા માણસો, અને નંદનવનના પક્ષમાં **विबुध** એટલે દેવો. એવી રીતે દશપુરના પક્ષમાં **रंभा** એટલે સ્ત્રીઓ, અને નંદનવનના પક્ષમાં **रंभा** એટલે દેવાંગનાઓ. **अपरिमियतिलोत्तममणुव्वसियं** એ સ્થળે દશપુરના પક્ષમાં **अपरिमियतिलोत्तमम्** અને **अणुव्वसियं** એમ છૂટું પાડવું. આનો અર્થ અનુવાદમાં લખ્યો છે. નંદનવનના પક્ષમાં આખું એક જ પદ છે. તેનો અર્થ આ પ્રમાણે થાયઃ– ઘણી અપ્સરાઓના મનમાં વસી ગયેલું.

૨. લક્ષ્મીદેવી કમળ ઉપર રહે છે, અને એ કમળની આજુ–બાજુ બીજાં અનેક કમળો હોય છે. માટે અહીં કમળસમૂહની સાથે સરખામણી કરી છે. જેમ કમલસમૂહમાં લક્ષ્મી વસે છે, તેમ રાજા પાસે પણ લક્ષ્મી=સંપત્તિ હતી.

મૂર્તિ ન હોય તેવી, જેણે પોતાના બંધુરૂપી કૈરવોને (=ચંદ્રવિકાસી કમલોને) સદા વિકસિત કર્યા છે એવી, ધારિણી નામની મહારાણી હતી.

તે રાજાને, સમગ્ર રાજ્ય કાર્યરૂપી ધુરાને ધારણ કરવા માટે ઉત્તમ બળદની જેમ સમર્થ, ઉજ્જવળ ગુણસમૂહથી મેળવેલી ઘણી કીર્તિથી જેણે ભુવનને ભરી દીધો છે તેવો, જાણે કે કમલ ઉપર બેસનાર બ્રહ્મા ન હોય તેવો, વેદ અને આગમના બોધવાળો, ચાર પ્રકારની બુદ્ધિના વૈભવથી જેણે બૃહસ્પતિને પણ જીતી લીધો છે તેવો, સોમદેવ નામનો મંત્રી હતો. તેની સરસ્વતીની જેમ સર્વશાસ્ત્રોના વિસ્તારને જાણનારી અને જિન-શાસનમાં અસ્થિમજ્જાની જેમ પ્રેમરૂપ અનુરાગથી રંગાયેલી રુદ્રસોમા નામની પત્ની હતી. તેની સાથે વિષયસુખને અનુભવતા તેનો કેટલોક કાળ પસાર થયો. એકવાર રાત્રિના છેલ્લા પહોરે સુખપૂર્વક સૂતેલી રુદ્રસોમાએ સંપૂર્ણ કલાસમૂહથી શોભતા ચંદ્રને પોતાના મુખદ્વારા ઉદરમાં પ્રવેશતો જોયો. આવું સ્વપ્ન જોયા બાદ તે પ્રાભાતિક મંગલવાજિંત્રના અવાજથી સુખપૂર્વક જાગી. ઉઠીને પ્રતિક્રમણ વગેરે આવશ્યક કાર્યો કર્યાં. પછી વિધિપૂર્વક પતિને સ્વપ્ન કહ્યું. પતિએ કહ્યું: તને પોતાના કુલરૂપી આકાશમાં નિર્મલ ચંદ્રસમાન, જેના ચરણોમાં નરેંદ્રો અને દેવેંદ્રો પ્રણામ કરે તેવો, બધા વિદ્યાસ્થાનોને પાર પામનાર, ઉત્તમ પુત્ર થશે. પતિનું આ વચન સાંભળીને રુદ્રસોમાને અત્યંત પરમ આનંદ થયો. તે જ રાત્રિએ તે ગર્ભવતી બની. સુખપૂર્વક તેનો ગર્ભ વધવા માંડ્યો. તેના બધા દોહલા પૂરા કરવામાં આવ્યા. તેણે યોગ્ય સમયે પ્રશસ્ત સર્વ લક્ષણોથી અલંકૃત શરીરવાળા અને સુરકુમાર સમાન રૂપવાળા પુત્રને જન્મ આપ્યો. પ્રિયંકરી નામની દાસીએ નરેંદ્રની સાથે સોમદેવને પુત્ર જન્મની વધામણી આપી. સોમદેવે (પુત્રનો) જન્મ મહોત્સવ કર્યો. કેટલાક દિવસો વીત્યા બાદ માતા–પિતાએ તેનું રક્ષિત એવું નામ પાડયું. રક્ષિત શરીરની પુષ્ટિ–વૃદ્ધિથી મોટો થયો. સમય જતાં તેનો જ ફલ્ગુરક્ષિત નામનો નાનો ભાઈ થયો. રક્ષિતે પિતા પાસે જેટલી શ્રુતસંપત્તિ હતી તેટલી બધી જ લઈ લીધી. પછી "પુરુષે વિદ્યા મેળવવામાં અસંતોષી બનવું જોઈએ" એમ માનતા તેણે પિતાને વિનંતિ કરી: જો આપ રજા આપો તો હું આપની આજ્ઞાથી પાટલિપુત્ર નગર જઈને બાકીના ગ્રંથોનો અભ્યાસ કરું. પિતાએ પણ "આ યોગ્ય છે" એમ કહીને રજા આપી. રક્ષિત રાજા, નગરજનો અને સ્વજનવર્ગની રજા લઈને પાટલિપુત્ર ગયો. તેવા (= અતિ વિદ્વાન) ઉપાધ્યાયની પાસે થોડા જ કાળમાં ચૌદે ય વિદ્યાસ્થાનોને તેણે ભણી લીધાં. તે વિદ્યાસ્થાનો આ છે:– ચાર વેદ, છ અંગ, ન્યાયવિસ્તાર (ન્યાયશાસ્ત્ર), મીમાંસા, પુરાણ અને ધર્મશાસ્ત્ર એ ચૌદ વિદ્યાસ્થાનો છે. (૧) ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અર્થવવેદ એમ ચાર વેદ છે. શિક્ષા, કલ્પ, જ્યોતિષ, નિરુક્ત, વ્યાકરણ અને નિઘંટુ એ છ વેદના અંગો છે. રક્ષિત સર્વગ્રંથોના અર્થને પાર પામી ગયો.

પિતાની અને રાજાની દશપુરનગર આવવાની આજ્ઞા થતાં રક્ષિતે ઉપાધ્યાયનો અનેક પ્રકારે પૂજા–સત્કાર કરીને જવાની રજા માગી. ઉપાધ્યાયની રજા લઇને રક્ષિત દશપુર આવ્યો. રાજાએ પહેલેથી જ રક્ષિતના દશપુર આગમનના સમાચાર જાણી લીધા હતા. આથી રાજાએ નગરને ધજાઓ (વગેરે)થી શણગાર્યું. જાતે ઐરાવણસમાન ઉત્તમ હાથી ઉપર બેસીને ચતુરંગી સેનાસહિત સોમદેવની સાથે તેની સામે ગયો. તેની પાછળ મંત્રીઓ, સામંતરાજાઓ અને નગરજનો ચાલ્યા. (ભેટો થતાં રક્ષિતે પિતા, રાજા વગેરેનો ઉચિત વિનય કર્યો.) પિતા, રાજા અને નગરજનોએ રક્ષિતનું સન્માન કર્યું. પછી તે હાથી ઉપર બેઠો. તેના ઉપર સફેદ છત્ર ધરવામાં આવ્યું. તેની આગળ ઘણા મંગલવાજિંત્રો વાગવા લાગ્યા, બે શંખ વગાડવામાં આવતા હતા, મંગલગીતો ગવાતાં હતાં, આ રીતે ધામધૂમથી તેણે નગર પ્રવેશ કર્યો. રસ્તામાં અનેક પ્રકારના લોકો ચક્ષુરૂપી કમલોથી તેની પૂજા કરતા હતા, (અર્થાત્ લોકો તેને ધારી ધારીને જોતા હતા,) અને સત્યગુણોથી પ્રશંસા કરતા હતા. આ રીતે તે રાજભવનમાં આવ્યો. ત્યાં ક્ષણવાર રહીને પોતાના પિતાના ઘરે આવ્યો. માતા–પિતાને પ્રણામ કરીને પરશાળ (= ઓસરી જેવા સ્થાન)માં બેઠો. ત્યાં રહેલા તેનાં દર્શન માટે ભેટણું લઈને ન આવ્યો હોય એવો કોઈ પુરુષ નગરમાં ન હતો અને એવી સ્ત્રી પણ કોઈ નગરમાં ન હતી.

આ દરમિયાન રક્ષિતે ઘરકામ માટે આમ તેમ ફરતી માતાને જોઈ તો માતામાં હર્ષ દેખાતો ન હતો, વિષાદ પણ દેખાતો ન હતો. તેણે વિચાર્યું કે, મારા આગમનથી નગરના બધા લોકો ખુશ થયા છે, પિતા વિશેષ ખુશ થયા છે, મિત્ર, બંધુ, પરિજન, રાજા અને સામંતો પણ ખુશ થયા છે. પણ માતા મધ્યસ્થ (= હર્ષ–વિષાદથી રહિત) દેખાય છે. આથી આમાં કોઈ કારણ હોવું જોઇએ. આ પ્રમાણે વિચારતો તે પછી ત્યાંથી ઊભો થયો. સ્નાન, ભોજન, વિલેપન આદિ કાર્યો કર્યાં. મળવા માટે સતત આવતા રહેતા લોકસમૂહને (પ્રેમથી) બોલાવતો હતો. સમય જતાં કમલિનીનો (= સૂર્ય વિકાસી કમળનો) પતિ સૂર્ય અસ્ત પામ્યો. ચક્રવાક-ચક્રવાકીના જોડલા છૂટા પડ્યા. આ વખતે રક્ષિત સંધ્યાનું કર્તવ્ય કરીને યથાયોગ્ય પરિજનની સાથે અંદરના ઓરડામાં માતાની પાસે ગયો. વિનયપૂર્વક માતાને પ્રણામ કર્યા. ત્યાં રહેલા બંધુવર્ગે તેને આશીર્વાદ આપ્યા. પછી માતાના ચરણ પાસે બેસીને તેણે કહેવાનું શરૂ કર્યું. હે માતાજી! મેં સઘળાં શાસ્ત્રોનો અભ્યાસ કરીને કીર્તિ મેળવી. મારા આવવાથી બધા લોકો આનંદ પામ્યા, રાજા વગેરે પણ આનંદ પામ્યા. પણ તું આનંદ પામી નથી, તને સંતોષ થયો નથી. આનું શું કારણ છે? માતાએ કંઈક હસીને તેને કહ્યું: હે પુત્ર! અતિશય જીવહિંસાનું કારણ અને સર્વ જીવોના મિથ્યાત્વને વધારે એવાં આ સર્વ શાસ્ત્રોના અભ્યાસથી હું આનંદ શી રીતે અનુભવું? આનાથી મને કેવળ દુઃખ

જ થયું છે. કારણકે આ ભણવાથી પણ ઈષ્ટફલની પ્રાપ્તિ કરી શકાતી નથી. કહ્યું છે કે **"જે શાસ્ત્ર વિરાગનું કારણ ન બને, ધર્મનું કારણ ન બને, શાંતિનું કારણ ન બને, અતિઘણું પણ ભણેલું તે શાસ્ત્ર કાગડાઓના અવાજ તુલ્ય છે."** વળી **શાસ્ત્રનો અભ્યાસ કર્યો હોય, શાસ્ત્રનું શ્રવણ કર્યું હોય, ગુરુ-સેવા કરી હોય, મહાન તપ કર્યો હોય, પણ એ બધું જો દયાથી રહિત હોય તો વર્ષાદથી રહિત મેઘગર્જનાની જેમ નિષ્ફલ છે."** વેદ શાસ્ત્રોમાં પહેલાં હિંસાની પ્રરૂપણા જ કરવામાં આવી છે. કારણ કે કહ્યું છે કે– **"અશ્વમેધ (શાસ્ત્ર)ના વચનથી મધ્યમ દિવસમાં ત્રણ પશુઓથી ન્યૂન છસો પશુઓ (= ૫૯૭ પશુઓ) યોજાય (= મરાય) છે."** તેથી જો તારે મને અને સર્વ-જીવોને સાચો હર્ષ પમાડવો હોય તો તું ત્રણે લોકના સુખને લાવનારા દૃષ્ટિવાદને ભણ. આ પ્રમાણે માતાનું વચન સાંભળીને તે વિચારવા લાગ્યો :

દૃષ્ટિઓનો=દર્શનોનો જે વાદ તે દૃષ્ટિવાદ કહેવાય છે. આ દૃષ્ટિવાદ ક્યાં ભણવો ? કેટલો ભણવો ? કોની પાસે ભણવો ? આ દૃષ્ટિવાદ શીઘ્ર ભણીને માતાને પરમ આનંદ પમાડું. આ પ્રમાણે વિચારીને મસ્તકે અંજલિ કરીને વિનયથી ( જે વિચાર્યું હતું તે ) માતાને પૂછ્યું. માતાએ કહ્યું: હે વત્સ ! અહીંથી નજીકમાં ઇક્ષુઘર નામનું ઉદ્યાન છે. ત્યાં તોસલિપુત્ર નામના આચાર્ય છે. તેમની પાસેથી તું દૃષ્ટિવાદ મેળવી શકીશ.

ત્યારબાદ તે ત્યાંથી ઊભો થયો, અને પોતાનાં શયનઘરમાં ગયો. ત્યાં તેવા પ્રકારના વિનોદથી થોડો કાળ પસાર કરીને સૂઈ ગયો. સવાર થવાની તૈયારી હતી ત્યારે પથારીમાંથી ઉઠીને પ્રાતઃકાલનાં કાર્યો કર્યાં. પછી માતા–પિતાને પ્રણામ કરીને માતાને કહીને ઘરમાંથી નીકળ્યો. આ તરફ નગરના નજીક ગામમાં રહેતા તેના પિતાના મિત્રને રક્ષિતના સર્વશાસ્ત્રો ભણીને આવ્યાના સમાચાર મળ્યા. આથી તે 'કાલે મેં રક્ષિતનાં દર્શન કર્યાં નહિ તો આજે કરું' એમ વિચારીને શેરડીના સાંઠાઓનું ભેટણું લઈને તેનાં દર્શન માટે આવતો હતો. રક્ષિતે ઘરમાંથી નીકળતાં જ તેને સામે આવતો જોયો. તેણે રક્ષિતને પૂછ્યું: તું રક્ષિત છે ? રક્ષિતે કહ્યું: હા. તેથી આનંદમાં આવીને स्वागतं स्वागतं એમ બોલતો તે ભેટી પડ્યો, અને શેરડીના સાંઠા આપ્યા. નવ સાંઠા આખા હતા અને એક ટુકડો હતો. ઉત્તમ શુકન થયા છે એમ વિચારીને રક્ષિતે લઈ લીધા. પછી તેને કહ્યું: તમે ( અમારા ) ઘરે જાઓ, અને આ સાંઠા મારી માતાને આપજો. મારી માતાને કહેજો કે, તમારા પુત્રે નીકળતાં જ પહેલાં મને જોયો. હું વડીનીતિ માટે જઈશ. એમ કહીને તેને ઘરે મોકલ્યો. તે રક્ષિતના ઘરે ગયો. ( રુદ્રસોમાએ ) તેનો યથાયોગ્ય આદરસત્કાર કર્યો. પછી તેણે રુદ્રસોમાને સાંઠા આપ્યા, અને પૂર્વોક્ત કહ્યું. પરમ આનંદથી પૂર્ણ બનેલી રુદ્રસોમાએ વિચાર્યું: મારા પુત્રે સુંદર મંગલ જોયું. એને નવ-પૂર્વો સંપૂર્ણ થશે ( =મળશે ) અને દશમા પૂર્વનો થોડો ભાગ થશે.

આર્યરક્ષિત મારે દૃષ્ટિવાદના નવ પૂર્વો કે અધ્યયનો ભણવાના છે અને દશમાનો થોડો ભાગ ભણવાનો છે એમ વિચારતો ઇક્ષુધર ઉદ્યાનમાં આવ્યો. ત્યાં એક સ્થળે બેસીને વિચાર્યું: [1]બીજા પુરુષની જેમ હું સાધુના આચારોના (=સાધુઓને વંદન કેવી રીતે કરવું? વગેરેના) જ્ઞાન વિના આચાર્ય મહારાજ પાસે કેવી રીતે જાઉં? તેથી એમનો જ કોઈ પણ શ્રાવક આવે ત્યાં સુધી અહીં ઊભો રહું. કોઈ શ્રાવક આવે એટલે તેની સાથે પ્રવેશ કરીને તેણે બતાવેલી વિધિથી સૂરિને વંદન કરું. તેવામાં ત્યાં તેણે મોટા અવાજવાળા એક શ્રાવકને શરીરચિંતા (=વડીનીતિ) કરીને સાધુઓની પાસે જતો જોયો. મારો મનોરથ પૂર્ણ થયો એમ વિચારતો તે તેની પાછળ ચાલ્યો. શ્રાવકે પણ સાધુઓના ઉપાશ્રયમાં પ્રવેશતાં મોટા અવાજથી ત્રણ નિસીહિ કરી. તેની પાછળ આર્યરક્ષિતે પણ ત્રણ નિસીહિ કરી. પછી શ્રાવકે તેવા જ મોટા અવાજથી ઈરિયાપથિકીનું (=માર્ગમાં ચાલતાં થયેલ જીવ વિરાધનાનું) પ્રતિક્રમણ વગેરે કર્યું. આર્યરક્ષિત પણ અત્યંત બુદ્ધિશાલી હોવાથી સાધુવંદન સુધી બધું જ તેની જેમ કર્યું. પણ તેણે શ્રાવકને વંદન ન કર્યું. આથી આચાર્યશ્રીએ જાણ્યું કે આ શ્રાવક નવો છે. પછી આચાર્યશ્રીએ તેને પૂછ્યું: હે શ્રાવક! અચિંત્ય ચિંતામણિ સમાન આ ધર્મ તને ક્યારે મળ્યો? કોનાથી મળ્યો? તેણે કહ્યું: આજે આ સુશ્રાવકથી મને ધર્મ મળ્યો છે. કારણ કે કહ્યું છે કે—

**"સ્નેહરૂપ અનુરાગ, સદ્ભાવ અને વિનયના સામર્થ્યથી જેઓ ગુરુઓનો સ્વીકાર કરતા નથી, પાપકર્મવાળા તેમનું ઇચ્છિત કાર્ય સિદ્ધ થતું નથી."**

એટલામાં પાસે રહેલા સાધુઓએ આચાર્યશ્રીને કહ્યું: આ રુદ્રસોમા શ્રાવિકાનો પુત્ર છે. ગઈ કાલે જ રાજાએ તેને હાથી ઉપર બેસાડીને સેંકડો સ્તુતિઓથી સ્તવાતા (=પ્રશંસા કરાતા) તેનો ધામધૂમથી નગરપ્રવેશ કરાવ્યો છે. પછી તેણે જાતે જ ગુરુને પોતાના આગમનનું કારણ કહ્યું. આચાર્યશ્રીએ કહ્યું: જો તું દૃઢનિયમવાળો થઈને અમારી પાસે દીક્ષા લે તો ક્રમે કરીને તને દૃષ્ટિવાદ મળશે. તેણે પણ આચાર્યશ્રીને કહ્યું: હે મુનિવરેંદ્ર! હું દીક્ષા લેવા માટે તૈયાર છું. પણ રાજા વગેરે બધા લોકો મારા પ્રત્યે અનુરાગવાળા છે. તે બધા દીક્ષામાં વિઘ્ન કરશે. માટે બીજા સ્થળે જઈને મને દીક્ષા આપો તો હું ક્રમે કરીને દૃષ્ટિવાદને પણ ભણું. જિનપ્રવચનરૂપી આકાશમાં ચંદ્રસમાન થશે એમ વિચારીને ગુરુએ તેને બીજા સ્થળે લઈ જઈને વિધિપૂર્વક દીક્ષા આપી. શ્રીમહાવીરસ્વામીના તીર્થમાં શિષ્યચોરીનો વ્યવહાર આ પહેલો પ્રવર્ત્યો.

પછી થોડા જ કાળમાં બે પ્રકારની (=ગ્રહણ અને આસેવન) શિક્ષા ભણીને અગિયાર અંગો ભણી લીધા. તોસલિપુત્ર આચાર્ય પાસે જેટલો દૃષ્ટિવાદ હતો તેટલો

---

1. સામાન્ય માણસો વિધિથી વંદનાદિ વિનય ન કરે તો ક્ષંતવ્ય ગણાય, પણ હું ભણેલો હોવા છતાં વિધિથી વંદનાદિ વિનય ન કરું તે ઉચિત ન ગણાય એવા આશયથી અહીં "બીજા પુરુષની જેમ" એમ ચિંતવ્યું.

દૃષ્ટિવાદ પણ ભણી લીધો. તે કાળે યુગપ્રધાન આર્યવજ્રસ્વામી વિદ્યમાન હતા. તેમની પાસે દૃષ્ટિવાદ ઘણો હતો. તેઓ તે વખતે પુરીનગરીમાં રહ્યા હતા. આથી ગુરુએ ત્યાં ભણવા માટે સાધુઓ સહિત આર્યરક્ષિતને વજ્રસ્વામી પાસે મોકલ્યા. ક્રમે કરીને તેઓ ઉજ્જૈનીમાં આવ્યા. ત્યાં શ્રી ભદ્રગુપ્ત સ્થવિરને જોયાં. તેમને વિનયપૂર્વક વંદન કર્યું. પછી પોતાનો વૃત્તાંત કહ્યો. શ્રીભદ્રગુપ્ત આચાર્યશ્રીએ કહ્યું: હે મહાયશ ! "આવી રીતે જિનદીક્ષા લઈને સર્વત્ર ઉદ્યમ કરનાર તું ધન્ય છે. તેં સુનિર્મલ કીર્તિ મેળવી છે." ઈત્યાદિ પ્રશંસા કર્યા પછી આચાર્યશ્રીએ કહ્યું: હું હમણાં શરીરની સંલેખના કરીને અનશન કરવાની ઇચ્છાવાળો છું. પણ મારો કોઈ નિર્યામક નથી. માટે તું જ મારી નિર્યામણા કરીને જા. તેમણે પણ 'તહત્તિ' એમ કહીને સ્વીકાર કર્યો. કાળધર્મ પામવાની તૈયારીવાળા તેમણે આર્યરક્ષિતને કહ્યું: તારે આર્યવજ્રની સાથે એક વસતિમાં ન રહેવું. તેમનાથી અલગ રહીને ભણવું. કારણ કે [1]સોપક્રમ આયુષ્યવાળો જે પુરુષ તેમની સાથે એક રાત પણ રહે તો તેમની સાથે કાળ કરે. તારે તો પ્રવચનના આધાર થવાનું છે. આર્યરક્ષિતે તે વાતનો સ્વીકાર કર્યો. ભદ્રગુપ્તસૂરિ દેવલોક પામ્યા એટલે આર્યરક્ષિત વજ્રસ્વામીની પાસે ગયા અને જુદા ઉપાશ્રયમાં રહ્યા.

આ તરફ આર્યવજ્રસ્વામીએ તે જ રાત્રિના છેલ્લા પહોરમાં સ્વપ્ન જોયું કે, આગંતુક કોઇએ અમારું ખીરથી ભરેલું પાત્ર પીધું, પણ થોડી ખીર રહી ગઈ. આવું સ્વપ્ન જોઇને જાગેલા તેમણે સાધુઓને તે સ્વપ્ન કહ્યું. પરસ્પર (સ્વપ્નસંબંધી) વાત કરતા સાધુઓને આર્યવજ્રસ્વામીએ કહ્યું: મારી પાસે કોઇ સાધુ આવીને ક્ષીરસમાન શ્રુતનું અવગાહન (=ઊંડાણથી અભ્યાસ) કરશે, પણ પૂર્ણ નહિ કરે. એટલામાં આર્યરક્ષિત આવ્યા અને શાસ્ત્રોક્ત વિધિથી વિનયપૂર્વક આર્યશ્રી વજ્રસ્વામીને વંદન કર્યું. તેમણે પણ 'सुस्वागतम्' એમ કહીને તેમને બોલાવ્યા, અને પૂછ્યું કે ક્યાંથી આવ્યા ? તમે કેમ આવ્યા છો ? ક્યાં રહ્યા છો ? તેમણે કહ્યું: હું તોસલિપુત્ર આચાર્ય પાસેથી આવ્યો છું, દૃષ્ટિવાદ ભણવા આવ્યો છું, અને બહાર રહ્યો છું. આચાર્યશ્રીએ કહ્યું: અલગ વસતિમાં રહેલાને કેવું ભણાવી શકાય ? એ તમે શું નથી જાણતા ? તેમણે કહ્યું: ભદ્રગુપ્ત ક્ષમાશ્રમણે "આર્યવજ્રની સાથે એક વસતિમાં ન રહેવું" એમ મને રોક્યો છે. તેથી આર્યવજ્રસ્વામી 'નિષ્કારણ રોકે નહિ' એમ વિચારીને ઉપયોગ મૂકીને (અલગ રહેવાનું કારણ) જાણી લીધું. પછી આર્યરક્ષિતને જુદા ઉપાશ્રયમાં રહીને ભણાવવાની અનુમતિ આપી. આર્ય-રક્ષિતે થોડા જ કાળમાં નવ પૂર્વો ભણી લીધાં. દશમું પૂર્વ ભણવાનું શરૂ કર્યું.

આ તરફ માતા-પિતાએ આર્યરક્ષિતને સંદેશો મોકલ્યો કે – પુત્ર વિરહરૂપ જંગલમાં દુઃખરૂપ દાવાનલથી બળતા અમે સુખરૂપ જલથી ભરેલા તારા દર્શનરૂપ સરોવરમાં

૧. તેવું નિમિત્ત મળતાં જે આયુષ્યના કર્મદલિકોનો આયુષ્યની સ્થિતિથી વહેલો ક્ષય થઈ જાય તે આયુષ્યને સોપક્રમ કહેવાય.

સ્નાન કરવાને ઇચ્છીએ છીએ. આ સંદેશાથી આર્યરક્ષિત ન આવ્યા એટલે તેમના નાનાભાઈ ફલ્ગુરક્ષિતને ત્યાં મોકલ્યો. ફલ્ગુરક્ષિતે ત્યાં આવીને ગુરુને વંદન કરીને આર્યરક્ષિતને કહ્યું: તમે (ઘરે) આવો. તમારા વિયોગથી પિતા વગેરે દુઃખી થઈ ગયા છે. પછી આર્યરક્ષિતે આર્યવજ્રસ્વામીને (જવા માટે) પૂછ્યું. તેમણે કહ્યું: હમણાં તો ભણો. આર્યરક્ષિતે ભણવાનું શરૂ કર્યું. અન્યથા (= પ્રલોભન આપ્યા વિના) આવશે નહિ એમ વિચારીને ફલ્ગુરક્ષિતે કહ્યું: હે બંધુ! જો તમે આવો તો તમારાં દર્શનથી માતા–પિતા વગેરે બધાય ભાવથી દીક્ષા લે. આર્યરક્ષિતે કહ્યું: જો એમ છે તો પહેલાં તું જ દીક્ષા લે. ફલ્ગુરક્ષિતે એ પ્રમાણે સ્વીકાર કર્યો એટલે તેને વિધિપૂર્વક દીક્ષા આપી, પછી બે પ્રકારની શિક્ષા શિખવાડી. (થોડા વખત પછી) ફરી પણ ફલ્ગુરક્ષિતે કહ્યું: હમણાં ચાલો. આથી આર્યરક્ષિતે ગુરુને ફરી જવા માટે પૂછ્યું. ગુરુએ કહ્યું: હમણાં તો ભણો. તે વખતે તે જવિક અધ્યયનોનો અભ્યાસ કરી રહ્યા હતા. તે અત્યંત સૂક્ષ્મ હતા. ચોવીસ જવિકોનો તેમણે અભ્યાસ કર્યો. પછી જવિકોથી કંટાળી ગયેલા તેમણે ગુરુને પૂછ્યું: હે ભગવંત! દશમાપૂર્વનું કેટલું શ્રુત થઈ ગયું અને કેટલું બાકી રહ્યું? તેથી આર્યવજ્રસ્વામીએ તેને બિંદુ–સમુદ્રનું અને સર્ષવ–મેરુનું દૃષ્ટાંત બતાવ્યું, અર્થાત્ બિંદુ જેટલું થયું છે અને સમુદ્ર જેટલું બાકી છે, સર્ષવ જેટલું થયું છે અને મેરુ જેટલું બાકી છે એમ કહ્યું. બિંદુ–સમુદ્રનું અને સર્ષવ–મેરુનું દૃષ્ટાંત સાંભળીને આર્યરક્ષિતે ખેદપૂર્વક ગુરુને કહ્યું: હે ભગવંત! હું ભણવા શક્તિમાન નથી. ગુરુએ તેને આશ્વાસન આપ્યું કે તમે ધીર બનો, વિષાદ ન કરો. બાકી રહેલું શ્રુત પણ તમે થોડા કાળમાં ભણી લેશો. ફરી ભણવાનું શરૂ કર્યું. રોજ પૂછે છે કે કેટલું બાકી રહ્યું. તેથી ગુરુએ વિચાર્યું: આ (= દશમું પૂર્વ) શ્રુત મારાથી જ વિચ્છેદ પામશે કે શું? જેથી આ આવો બુદ્ધિનો ભંડાર હોવા છતાં આ પ્રમાણે ભણવાથી કંટાળી ગયો છે. પછી (જ્ઞાનથી) જાણ્યું કે મારું આયુષ્ય થોડું છે અને ગયેલા આ ફરી નહિ આવે. આથી મારાથી જ દશમું પૂર્વ વિચ્છેદ પામશે. આથી આર્યરક્ષિતે જવાની રજા આપી.

પછી આર્યરક્ષિત ક્રમે કરીને દશપુર આવ્યા. તોસલિપુત્ર આચાર્યે તેમને પોતાના પટ્ટે સ્થાપ્યા. પછી તેમણે ત્યાં સર્વ બંધુવર્ગને દીક્ષા આપી. પિતા પણ તેમના અનુરાગથી ગૃહસ્થના વેષે તેમની સાથે રહેવા લાગ્યા. એક વાર પિતાએ કહ્યું: બે વસ્ત્ર, કુંડલ, છત્રી, જોડા અને જનોઈ રાખવાની છૂટ આપો તો હું દીક્ષા લઉં. તેમને ચરણ–કરણ વગેરેનો ઉપદેશ આપીને (જોડા વગેરે ન રખાય એમ) શિખવાડી દઈશું એમ વિચારીને આચાર્યશ્રીએ કહ્યું: એમ કરો. તે જ પ્રમાણે (જોડા વગેરે રાખવાની છૂટ રાખીને) તેમને દીક્ષા આપી. બંને પ્રકારની શિક્ષા શિખવાડવામાં આવે છે. એક વાર

ચૈત્યવંદન કરવા માટે ગયેલા આચાર્યશ્રીએ નાના છોકરાઓને સમજાવ્યું કે– અમે આ છત્રવાળા સાધુને છોડીને બધા સાધુઓને વંદન કરીએ છીએ એમ તમે સાધુઓની સમક્ષ કહો. આથી છોકરાઓ તે જ પ્રમાણે બોલ્યાં. પછી સોમદેવ મુનિએ વિચાર્યું: જે છત્ર રાખવાથી બાળકો પણ આ પ્રમાણે મને (છત્ર ન રાખવાની) પ્રેરણા કરે છે તે છત્રનું મારે શું કામ છે? અર્થાત્ મારે આ છત્ર નથી રાખવું. પછી તેમણે પુત્ર પાસે જઈને કહ્યું: મારે છત્રનું કામ નથી. આચાર્યશ્રીએ કહ્યું: આ યોગ્ય છે. જો ગરમી લાગે તો મસ્તક ઉપર કપડો નાખી દેવો. આ પ્રમાણે ઉપાયથી કુંડલ વગેરે પણ છોડાવ્યું. પણ ધોતિયું છોડ્યું નહિ. પછી એકવાર છોકરાઓએ તે જ પ્રમાણે કહ્યું કે, અમે ધોતિયાવાળા સાધુને છોડીને બધા સાધુઓને વંદન કરીએ છીએ. ગુસ્સે થયેલા તેમણે કહ્યું: તમે [1]આર્યક–પ્રાર્યકોની સાથે મને ભલે વંદન ન કરો, બીજો કોઈ વંદન કરશે, પણ હું ધોતિયું નહિ મૂકું.

એક વાર એક સાધુએ વિશુદ્ધ સંલેખનાથી શરીરને કૃશ કરીને, પ્રશસ્ત દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવોમાં ભગવંત આર્યરક્ષિતસૂરિની પાસે આલોચના કરીને, પાંચમહાવ્રતોથી (= પાંચ મહાવ્રતો ઉચ્ચરીને) સામાયિકનો સ્વીકાર કરીને, વિધિપૂર્વક અનશન ઉચ્ચર્યું. સંથારામાં રહેલા તે સાધુ ભાવનાઓ ભાવતાં ભાવતાં સર્વ જીવોને ખમાવતાં ખમાવતાં પંચ પરમેષ્ઠિને નમસ્કાર કરવામાં તત્પર બનીને સમાધિપૂર્વક કાલધર્મ પામ્યા. તેથી આર્યરક્ષિતસૂરિએ પિતાનું ધોતીયું છોડાવવા માટે પિતાની સમક્ષ સર્વ સાધુઓને કહ્યું: જે આ મૃતકને ઉપાડે તેને ઘણી નિર્જરા થાય. કારણ કે શાસ્ત્રોક્ત વિધિથી દેહ છોડનાર સાધુનું આ શરીર છે. પૂર્વે કરેલા સંકેત મુજબ સાધુઓ "મને ઘણી નિર્જરા થાઓ મને ઘણી નિર્જરા થાઓ" એમ બોલતા પરસ્પર વિવાદ કરવા લાગ્યા. ઘણી નિર્જરાની ઇચ્છાવાળા પિતાએ પણ સાધુઓને વિવાદ કરતા જોઈને કહ્યું: હે પુત્ર જો એમ હોય તો હું પણ મૃતકને ઉપાડું. સૂરિએ કહ્યું: એ યોગ્ય છે. પણ આમાં ઘણા ઉપસર્ગો આવે. તે ઉપસર્ગો સહન ન કરવામાં આવે તો તમને અનર્થનું કારણ થાય. તેથી જો ઉપસર્ગોને બરોબર સહન કરો તો આ મૃતકને ઉપાડો. બરોબર સહન કરીશ એમ કહીને ઉપાડવા લાગ્યા. તેની પાછળ સાધુ–સાધ્વી વગેરે ચારેય પ્રકારનો સંઘ ચાલ્યો. પૂર્વે શિખવાડ્યા મુજબ છોકરાઓએ આવીને તેમનું ધોતિયું (છોડીને) લઈ લીધું અને કંદોરાથી ચોલપટ્ટો બાંધી દીધો. આથી શરમાતા હોવા છતાં બધું સહન કરતા તે સોમદેવ મુનિ મડદાને વોસિરાવીને વસતિમાં આવ્યા. ગુરુએ તેમને પૂછ્યું: હે પિતાજી! તમને ઉપસર્ગ થયો? તેમણે કહ્યું: ઉપસર્ગ તો થયો, પણ મેં સહન

૧. મા-બાપના માતા, પિતા, ભાઈ અને બહેન એ આઠની આર્યક સંજ્ઞા છે. માની માના અને દાદાના માતાદિ ચાર એ આઠની પ્રાર્યક સંજ્ઞા છે.

કર્યો. ફરી ગુરુએ કહ્યું: હવે ધોતિયું પહેરો. તેમણે કહ્યું: જે જોવાનું હતું તે જોઈ લીધું. હવે ધોતિયાનું કામ નથી.

ફરી ગુરુએ વિચાર્યું: એમની પાસેથી ઉપાયથી છત્ર વગેરે મૂકાવ્યું. હવે એમને ભિક્ષા લેવા જતા કરું. કારણ કે (જો ભિક્ષા લેવા ન જાય તો) કોઈ રીતે એકલા થાય તો કેવી રીતે આહાર કરે? અથવા નિર્જરા કેવી રીતે મેળવે? તેથી સાધુઓની સાથે સંકેત કરીને ગુરુએ કહ્યું: અમે બીજા ગામે જઈએ છીએ. ત્યાંથી પાછા ન આવીએ ત્યાં સુધી પિતાને બધું મેળવી આપવું. (= જે જોઈએ તે લાવી આપવું.) સાધુઓએ એમ કરીશું એમ સ્વીકાર્યું. પછી ગુરુ પિતાને કહીને બીજા ગામે ગયા. ફલ્ગુરક્ષિત વગેરે બધા સાધુઓએ પણ ભિક્ષા સમયે ભિક્ષા લાવીને ભોજન કરી લીધું. કોઈએ પણ તેમની કાળજી ન કરી. ત્યારે તેમણે વિચાર્યું: નક્કી આ દયા વગરના છે, કેવળ નામથી જ મુનિ છે, જેથી હું ભૂખ્યો હોવા છતાં આ પ્રમાણે ભોજન કરીને (પોતાના) કામોમાં લાગી જાય છે. આ પ્રમાણે અશુભ સંકલ્પ—વિકલ્પ કરતા તેમનો રાત્રિ સહિત દિવસ પસાર થઈ ગયો. બીજા દિવસે સૂરિ આવી ગયા. પિતાએ બધું કહ્યું. ગુરુએ કપટથી સાધુઓને ઠપકો આપીને કહ્યું: હું જ તમારા માટે ભિક્ષા લઈ આવું છું. પછી ગુરુએ ઊભા થઈને પાત્ર લીધું. તેમના પિતાએ વિચાર્યું: સઘળી દિશાઓમાં જેનું માહાત્મ્ય પ્રગટ થયું છે એવો મારો પુત્ર મારા માટે ભિક્ષાએ કેવી રીતે જશે? આથી હું જાતે જ જાઉં. (આમ વિચારીને) ગુરુના હાથમાંથી પાત્ર લઈ લીધું, અને ભિક્ષા માટે નીકળ્યા. ખ્યાલ ન હોવાથી એક શેઠના ઘરમાં પાછલા બારણાથી પ્રવેશ કર્યો. શેઠે કહ્યું: હે મુનિ! પાછલા બારણાથી પ્રવેશ કેમ કરો છો? મુનિએ કહ્યું: (ભલા માણસ!) લક્ષ્મી આવતી હોય ત્યારે આગળનો દરવાજો શું કે પાછળનો દરવાજો શું? આ સાધુ અત્યંત સુંદર ઉત્તર આપનાર છે એમ ખુશ થઈને શેઠે બત્રીસ ઉત્તમ લાડુ વહોરાવ્યા. મુનિએ વસતિમાં આવીને ગુરુને લાડુ બતાવ્યા. ગુરુ બોલ્યા: તમને પરંપરા ચલાવનારા બત્રીસ ઉત્તમ શિષ્યો થશે. પણ આ પહેલી લબ્ધિ છે માટે લાડુ સાધુઓને આપો. વળી– "અહીં સાધુઓને આહાર આપવાથી જીવો મનુષ્ય—દેવનાં સુખો ભોગવીને પરંપરાએ મોક્ષસુખને પણ પામે છે." તેથી તેમણે બધા લાડુ સાધુઓને આપી દીધા. પછી પોતાના માટે ફરી લેવા ગયા. ઘી અને મધુર રસથી યુક્ત ખીર મળી. આવીને ભોજન કર્યું. વિશિષ્ટ લબ્ધિસંપન્ન તે મુનિ તે દિવસથી જ સકલગચ્છને ઉપકારી થયા

તે ગચ્છમાં બીજા પણ ત્રણ મુનિઓ શ્રેષ્ઠ લબ્ધિથી સંપન્ન હતા. તેમના નામ આ પ્રમાણે છે:– વસ્ત્રપુષ્પમિત્ર, ઘૃતપુષ્પમિત્ર અને દુર્બલિકાપુષ્પમિત્ર. તેમાં વસ્ત્રપુષ્પમિત્રને લબ્ધિ આ હતી:– દ્રવ્યથી ગચ્છને જેટલાં વસ્ત્રો જોઈએ તેટલાં વસ્ત્રો લાવી શકે. ક્ષેત્રથી મથુરાનગરીમાં લાવી શકે. કાળથી શિયાળામાં અને ચોમાસામાં લાવી શકે. ભાવથી

આ પ્રમાણે :— કોઈ ભૂખથી મરતી ગરીબ સ્ત્રીએ ઘણા કષ્ટથી રૂ કાંતીને વણકર પાસે એક કપડું વણાવ્યું. કાલે સારા દિવસે પહેરીશ એમ વિચારીને એ કપડું રાખી મૂક્યું. આ દરમિયાન જો વસ્ત્રપુષ્પમિત્ર મુનિ તે કપડું તેની પાસે માગે તો હર્ષ અને સંતોષ પામેલી તે આપી દે. ઘૃતપુષ્પમિત્રને લબ્ધિ આ હતી :— દ્રવ્યથી ગચ્છમાં જેટલા ઘીની જરૂર પડે તેટલું ઘી લાવી શકે. ક્ષેત્રથી ઉજ્જૈનીનગરીમાં લાવી શકે. કાળથી જેઠ-અષાઢ મહિનામાં લાવી શકે. ભાવથી આ પ્રમાણે :— એક ગર્ભવતી બ્રાહ્મણીએ જન્મથી દરિદ્ર પોતાના પતિને "મને પ્રસૂતિકાળે ઘીની જરૂર પડશે; તેથી ઘી ભિક્ષા માગીને મેળવો" એમ કહીને ઘીની માગણી કરી. બ્રાહ્મણે પણ દરરોજ પાવળી પાવળી (= ચમચી ચમચી) ઘી લઈને છ મહિને ઘીનો ઘડો પૂર્ણ કર્યો, અને બ્રાહ્મણીને આપ્યો. આ દરમિયાન ઘૃતપુષ્પમિત્ર મુનિ તેની પાસે ઘી માગે તો હર્ષ-સંતોષ પામેલી તે આપી દે. દુર્બલિકાપુષ્પમિત્ર મુનિ સદાય સ્વાધ્યાયમાં ઓત-પ્રોત રહેતા હતા. તેમણે સાધિક નવ પૂર્વોનો અભ્યાસ કર્યો હતો. નિરંતર સૂત્ર-અર્થનું ચિંતન કરતા હતા. કારણ કે જો ચિંતન ન કરે તો બધું જ શ્રુત ભૂલી જાય. નિરંતર ચિંતનના કારણે તે દુર્બલ થઈ ગયા અને એથી જ તે દુર્બલિકાપુષ્પમિત્ર એવા નામથી પ્રસિદ્ધ બન્યા. એક-વાર ત્યાં જ દશપુરનગરમાં રહેતા અને સંન્યાસીના (= પરિવ્રાજકના) ભક્ત બનેલા તેમના બંધુઓએ આચાર્યને કહ્યું : સંન્યાસીઓ સિવાય બીજા સાધુઓને ધ્યાનનું જ્ઞાન નથી. આચાર્યશ્રીએ કહ્યું : અયુક્ત ન બોલો. કારણ કે ધ્યાનરૂપ નિરોધ (= ચિત્તની એકાગ્રતા) થી જ આ તમારો ભાઈ આ પ્રમાણે દુર્બલ થઈ ગયો છે. તેમણે કહ્યું : અમારો આ ભાઈ ગૃહસ્થપણામાં સ્નિગ્ધ અને મધુર આહાર કરતો હતો એથી બલવાન હતો. હમણાં [1]અંત-પ્રાંત આહારથી દુર્બલ થઈ ગયો છે, નહિ કે ધ્યાનથી. ગુરુએ કહ્યું : હમણાં પણ એને ઘૃતપુષ્પમિત્ર મુનિ પાસેથી મનને અનુકૂલ સ્નિગ્ધ અને મધુર વગેરે ગુણોથી યુક્ત આહાર મળે છે. જો તમને વિશ્વાસ ન આવતો હોય તો તમે જ સ્નિગ્ધ અને મધુર આહારથી સેવા કરીને બલવાન બનાવીને લાવો. આમ કહીને આચાર્યશ્રીએ દુર્બલિકાપુષ્પમિત્ર મુનિને તેમની સાથે મોકલ્યા. સ્વજનો શ્રેષ્ઠ આહારથી તેમની સેવા કરવા લાગ્યા. દુર્બલિકાપુષ્પમિત્ર ક્ષણવાર પણ સ્વાધ્યાયને મૂક્યા વિના આહાર કરે છે. તેથી રાત-દિવસ સૂત્રોનું પરાવર્તન કરતા તેમનો શ્રેષ્ઠ આહાર દુર્જન માણસ ઉપર કરેલા મહાન ઉપકારની જેમ ક્યાં જાય છે તેની ખબર પડતી નથી. પછી કંટાળેલા બંધુઓએ ગુરુને કહ્યું. ગુરુએ કહ્યું: હવે એને જેવો તેવો (= લુખો-સૂકો) આહાર આપો. દુર્બલિકાપુષ્પમિત્રને પણ આચાર્યશ્રીએ કહ્યું કે હવે શ્રુતપરાવર્તનમાં બરોબર આદર ન કરવો, અર્થાત્ શ્રુતપરાવર્તન ઓછું કરવું. તેમ કરવાથી થોડા જ દિવસોમાં

1. અંત એટલે નીરસ. પ્રાંત એટલે ગૃહસ્થોના ભોજન કર્યા પછી વધેલ.

તે બલવાન થઈ ગયા. તેથી તેમને ભાવથી ગુરુવચન પરિણમી ગયું (= ગુરુવચન ઉપર ભાવથી શ્રદ્ધા થઈ.) આચાર્યશ્રીએ તેમને વિશેષથી ધર્મોપદેશ આપ્યો. આથી દુર્બલિકા-પુષ્પમિત્રના સ્વજનો શ્રાવક થયા.

તે ગચ્છમાં ચાર મુનિઓ વિશેષ ગુણી હતા. એક દુર્બલિકાપુષ્પમિત્ર, બીજા પૂર્વોક્ત ફલ્ગુરક્ષિત, ત્રીજા વિંધ્ય અને ચોથા આચાર્યશ્રીના જ (સંસારપક્ષે) મામા ગોષ્ઠામાહિલ. તે ચારમાં વિંધ્ય મુનિ મહાન બુદ્ધિશાલી હોવાથી સૂત્રના ક્રમે (બીજાઓની સાથે) સૂત્રો મળવાને કારણે (વિલંબ થવાથી) કંટાળી ગયા. તેથી તેમણે આચાર્યશ્રીને વિનંતિ કરી કે મને કોઈ (અલગ) વાચનાચાર્ય આપો. આચાર્યશ્રીએ તેમને દુર્બલિકાપુષ્પ-મિત્ર વાચનાચાર્ય આપ્યા. કેટલાક દિવસ વાચના આપ્યા પછી દુર્બલિકાપુષ્પમિત્રે ગુરુને કહ્યું : હે ભગવંત! વાચના આપવાના કારણે બધા શ્રુતનું પરાવર્તન થતું નથી. જે શ્રુતનું પરાવર્તન થતું નથી તે શ્રુત યાદ રહેતું નથી. તેથી સ્વજનોના ઘરમાં જે શ્રુતનું પરાવર્તન છોડી દીધું અને હમણાં જે શ્રુતનું પરાવર્તન કરતો નથી તે શ્રુત ભૂલાઈ ગયું છે. તેથી મારું બધું ય શ્રુત હાથની હથેલીમાં રહેલા પાણીની જેમ નાશ પામશે. આથી ગુરુએ વિચાર્યું : બૃહસ્પતિ સમાન બુદ્ધિવાળો હોવા છતાં અને સદા શ્રુતનું સ્મરણ કરતો હોવા છતાં આનું (ઘણું) શ્રુત નાશ પામ્યું તો બીજા પુરુષોની શી વાત? = શી ગણતરી? આમ વિચાર્યા પછી વિશેષ [1]ઉપયોગ મૂકીને જાણ્યું કે, — હવે પછીથી શિષ્યો શ્રુત, બુદ્ધિ અને ધારણા વગેરેથી હીન થશે. તેથી તેમના અનુગ્રહ માટે તેમણે ચારે અનુયોગોને જુદા કર્યા. કહ્યું છે કે **"આર્ય વજ્રસ્વામી સુધી કાલિક શ્રુતમાં અનુયોગ અલગ ન હતા. આર્યવજ્રસ્વામીથી કાલિક શ્રુતમાં અને દૃષ્ટિવાદમાં અનુયોગ અલગ થયા. (૧) મહાપ્રભાવવંત અને દેવેંદ્રોથી વંદાયેલા શ્રી આર્યરક્ષિતસૂરિએ કાલના સ્વરૂપને જાણીને (પ્રવ-ચનના હિત માટે) ચાર પ્રકારનો અનુયોગ અલગ અલગ કર્યો. (૨) અગિયાર અંગ રૂપ કાલિક શ્રુત ચરણકરણાનુયોગ છે. ઉત્તરાધ્યયન વગેરે ઋષિભાષિતો ધર્મકથાનુયોગ છે. સૂર્યપ્રજ્ઞપ્તિ વગેરે ત્રીજો ગણિતાનુયોગ છે. સંપૂર્ણ દૃષ્ટિવાદ ચોથો દ્રવ્યાનુયોગ છે."** (૩) [ આવ૦ ગા. ૭૬૩ વગેરે ]

આર્યરક્ષિતસૂરિને ઇંદ્રે વંદન કર્યું તેની વિગત કહેવામાં આવે છે:— આર્યરક્ષિત-સૂરિ ગામ—નગર આદિમાં વિહાર કરતાં કરતાં કોઈ વાર સમૃદ્ધ મથુરાનગરીમાં પધાર્યા. ત્યાં ભૂતગુહા ઉદ્યાનમાં રહ્યા. આ તરફ સૌધર્મેંદ્ર મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમંધરસ્વામીની પાસે ગયો. તીર્થંકરને વંદન કરીને પૂછ્યું : હે સ્વામી! નિગોદના જીવો કેવા હોય છે? ભગવાને નિગોદના જીવો કેવા હોય છે એ જણાવ્યું. તે વખતે ઇંદ્રે ફરી પણ પૂછ્યું :

---

૧. અથવા વિશેષજ્ઞાનનો ઉપયોગ મૂકીને.

નિગોદના જીવો કેવા છે એવો પ્રશ્ન કરવામાં આવે તો તેનો ઉત્તર આપે તેવો કોઈ ભરતક્ષેત્રમાં છે? તીર્થંકરે કહ્યું: ત્યાં આર્યરક્ષિતસૂરિ છે. તેથી તે બ્રાહ્મણનું રૂપ કરીને આર્યરક્ષિતસૂરિની પાસે આવ્યો. સાધુઓ ભિક્ષા માટે નીકળી ગયા ત્યારે વૃદ્ધ (બ્રાહ્મણ)ના રૂપથી વંદન કરીને પૂછ્યું: મારા મસ્તકમાં મોટો રોગ છે. હું જીવનથી કંટાળી ગયો છું. તેથી મારું આયુષ્ય કેટલું છે તે કહો, જેથી અનશન કરીને આ પ્રાણોનો ત્યાગ કરું. તે સાંભળીને આચાર્યે (જ્ઞાનનો) ઉપયોગ મૂકયો. સો વર્ષથી અધિક આયુષ્ય જાણીને વિચાર્યું કે આ માણસ ભરતક્ષેત્રનો નથી. અથવા વિદ્યાધર કે વ્યંતર હશે. પછી તેનું આયુષ્ય બે સાગરોપમ જેટલું જાણ્યું. તેથી તેને કહ્યું: તું ઇંદ્ર છે. પછી ઇંદ્રે સત્ય હકીકત કહી, અને નિગોદ વિષે પૂછ્યું. સૂરિએ નિગોદનું સ્વરૂપ કહ્યું. એટલે ઇંદ્રે વંદન કરીને ચાલ્યો. આ વખતે ગુરુએ તેને કહ્યું: સાધુઓ આવે ત્યાં સુધી ક્ષણવાર રહે, જેથી તને જોઈને તે સાધુઓ ધર્મમાં અધિક સ્થિર થાય. ઇંદ્રે કહ્યું: સાધુઓ મને જોઈને અશુભભાવથી નિયાણું કરશે. આથી સાધુઓ મને ન જુએ એ જ હિતકર છે. જો એમ હોય તો (તારું આગમન થયું છે એની સાધુઓને ખબર પડે એ માટે) બીજું કોઈ પણ ચિહ્ન (= નિશાની) કરીને જા. તેથી ઇંદ્રે વસતિના દ્વારને બીજી બાજુ કરીને ગયો. ભિક્ષાથી આવેલા સાધુઓએ વસતિના દરવાજાને ન જોયો. સૂરિએ "આ બાજુ આવો" એમ કહીને તેમને બોલાવ્યા. પછી સાધુઓને ઇંદ્રના આગમનની વાત કરી. સાધુઓએ પૂછ્યું: અમને ઇંદ્રે કેમ ન બતાવ્યા? આચાર્યે ઇંદ્રે જે કહ્યું હતું તે જ સાધુઓને કહ્યું.

સૂરિ ફરી દશપુરનગર તરફ વિહાર કરી ગયા ત્યારે દેવનગરી જેવી અને જેમાં અનેક કૌતુકો દેખાય છે તેવી મથુરાનગરીમાં એક નાસ્તિકવાદી આવ્યો. તેણે નગરના બધા લોકોને વ્યાકુળ બનાવી દીધા. કોઈ તેને ઉત્તર આપી શકતો નથી. તેથી મથુરાના સંઘે (જો નાસ્તિકવાદીને જીતવામાં આવે તો) પ્રવચનની પ્રભાવના થાય એમ વિચારીને દશપુરનગરમાં યુગપ્રધાન આર્યરક્ષિતસૂરિની પાસે મથુરાથી એક સંઘાટક (= બે સાધુઓ) મોકલ્યા. સંઘાટકે દશપુર આવીને આર્યરક્ષિતસૂરિને સંઘના સમાચાર કહ્યા. આર્ય-રક્ષિતસૂરિ વૃદ્ધાવસ્થાના કારણે સ્વયં જવા અસમર્થ હતા. આથી તેમણે ઉત્તમ-વાદલબ્ધિવાળા (સંસારપક્ષે) મામા ગોષ્ઠામાહિલને મોકલ્યા. વિહારક્રમથી ગોષ્ઠામાહિલ મથુરા આવ્યા. તેમના આવવાથી નગરજનો હર્ષપૂર્ણ થયા, સંઘ પણ આનંદ પામ્યો, બધા જૈનેતર સાધુઓ ખુશી થયા. એક દિવસ ગોષ્ઠામાહિલ તેવા પ્રકારના (= નિપુણ) સાધુ-ઓની સાથે રાજસભામાં ગયા, અને રાજાને મળ્યા. રાજાએ પ્રણામ કરીને તેમને આસન અપાવડાવ્યું. ગોષ્ઠામાહિલ સાધુઓની સાથે તે આસન ઉપર બેઠા. બધા (=જૈન-જૈનેતર) સાધુઓ ભેગા થયા. બેઠેલા શ્રેષ્ઠીઓ, સેનાપતિઓ, સાર્થવાહો અને બ્રાહ્મણો વગેરે લોકોથી રાજસભા ભરાઈ ગઈ. તથા સ્વપરના દર્શનને જાણનારા, સુકુળમાં

જન્મેલા, ક્ષમાથી વિખ્યાત બનેલા, અને બંને પક્ષને સંમત એવા નિપુણ સભ્યો આવી ગયા. આ સમયે પૂર્વે આવેલો નાસ્તિકવાદી બોલ્યો : આ જગતમાં જે વસ્તુ ચક્ષુ વગેરે ઇંદ્રિયથી ન જણાય તે નથી, ગધેડાના શિંગડાની જેમ, જીવ અને સર્વજ્ઞ વગેરે પદાર્થો ચક્ષુ વગેરે ઇંદ્રિયથી જણાતા નથી. (માટે નથી.) આ (='ઇંદ્રિયથી જણાતા નથી'એ) હેતુ અસિદ્ધ[1] છે એમ ન કહેવું. કારણ કે જીવ વગેરે પદાર્થો ઘટ વગેરેની જેમ ઇંદ્રિયથી જણાતા નથી. પ્રત્યક્ષ પ્રમાણથી બીજું કોઈ પ્રમાણ નથી. આથી જ આ જ અનુમાન પ્રમાણથી વ્યભિચારરૂપ હેતુ દોષ ન આપવો. કારણ કે "મ્લેચ્છ લોકોને મ્લેચ્છ ભાષાથી બોધ પમાડવો જોઈએ" એ ન્યાયથી નાસ્તિકવાદી પણ બીજાની આત્મ-સિદ્ધિ માટે બધું બોલે છે. જીવ વગેરે પદાર્થો ન હોવાથી વ્યવહાર જ યુક્તિયુક્ત છે, અર્થાત્ જીવાદિ પદાર્થો છે એવી લોકરૂઢિ છે એમ માનવું એ યુક્તિયુક્ત છે. કારણ કે અત્યંત પરોક્ષ પદાર્થોમાં નિર્ણય કરવો દુષ્કર છે, અર્થાત્ અત્યંત પરોક્ષ પદાર્થો માત્ર વ્યવહારથી (=લોકરૂઢિથી) મનાય, નિશ્ચયથી (=પરમાર્થથી) ન મનાય. કહ્યું છે કે– **"ઇંદ્રિયોથી જેટલો દેખાય છે તેટલો જ આ લોક છે. હે ભદ્રે! જેને બહુશ્રુતો કહે છે તે વરુના પગલાને તું જો."**[2] નાસ્તિકના કહી રહ્યા પછી ગોષ્ઠા-માહિલે કહ્યું :– "આ જગતમાં જે વસ્તુ ઇંદ્રિયથી ન જણાય તે નથી, ગધેડાના શિંગડાની

૧. અસિદ્ધ = પક્ષમાં હેતુનો અભાવ.

૨. આ શ્લોકનો ભાવાર્થ નીચેની કથાથી બરોબર સમજાઈ જશે.

એક નાસ્તિકની નવોઢા પત્ની ધર્મશીલા અને સદાચારિણી હતી. આથી નાસ્તિકની વિષય-લાલસા તેનાથી સંતોષાતી ન હતી. તેણે વિચાર્યું : મારી પત્ની પરલોકની માન્યતાથી રહિત બને તો જ મારી સાથે મારી ઇચ્છા પ્રમાણે વિષયસુખ ભોગવે. આમ વિચારી તેણે પત્નીને કહ્યું : ભોળી રે ભોળી! તને કોણે ભોળવી? આ ધર્માચાર્યો અને તેમણે બનાવેલા ધર્મગ્રંથોથી શ્રદ્ધાળુ સરળતાથી છેતરાય છે. આપણે આપણી બુદ્ધિનો ઉપયોગ તો કરવો જોઈએ ને? ત્યારે તે ઉત્તર આપતાં કહેતી "માણસ અને જાનવરમાં મોટો ફરક છે"

"મોંઘો માણસનો અવતાર ખાવા અને ખેલવામાં ખોઈ નાખીએ તો આપણી ગતિ કઈ થાય? લાજ, મર્યાદા ને સંયમ એ પાયાની વાત છે. આખી દુનિયા કાંઈ ને કાંઈ પરલોકનું સાધન કરે છે ત્યારે તમને એકલી ભોગની લાલસા..." પતિ બોલ્યો–'જો સાંભળ, આપણને એક વસ્તુ મળી અને તે ઉપયોગમાં ન લેવી=જતી કરવી એમ તું કહે છે? અરે, તેના જેવી હતભાગી કોઈ વ્યક્તિ નથી. આખી દુનિયા જે કરે તે આપણે ઘેટાની જેમ શા માટે કરવું? જો હું તને લોકોની બુદ્ધિના દર્શન કરાવું.' એમ કહી તેણે એક લાકડાનો બનાવેલો વરુનો પંજો બતાવી રાત્રે કહ્યું–'ચાલ નદીએ.' તેણે નદીના કાંઠાની બારીક રેતીમાં વરુના પંજાથી વરુના પગલા પાડ્યા. સવારે તો શોર-બકોર મચી ગયો. લોકો કહે–'રાતે વરુ આવ્યું હતું. હવે ચેતતા રહેજો. ઢોરોને સાચવજો ને વાડામાં સુરક્ષિત રાખજો. આ વરુ હળી ગયું તો કઠિનાઈ ઉભી થશે.' એમાં વળી એકે ગપ મારી કે મારું વાછરડું વરુ ઉપાડી ગયું. ત્યારે પેલા લંપટે પત્નીને કહ્યું : જો, બધા શું કહે છે? તારી સામે મેં વરુના બનાવટી પગલાં પાડ્યાં

જેમ," એમ તેં જે કહ્યું તેમાં હેતુ અનેકાંતિક છે. કારણ કે જેમ દેશ વગેરેથી દૂર રહેલા પર્વત અને સમુદ્ર વગેરે પદાર્થો પરોક્ષ હોવા છતાં વિદ્યમાન છે, તેમ જીવાદિ પદાર્થો પણ હશે = સિદ્ધ થશે. વળી– આ ( = ઇંદ્રિયથી ન જણાય એ ) હેતુથી નિયત દેશ–કાલ–શરીરમાં જીવાદિનો અભાવ સિદ્ધ કરવામાં આવે છે કે સર્વ દેશ–કાલ–શરીરમાં? જો પ્રથમ પક્ષ હોય તો મારું સિદ્ધ કરેલું જ તું સિદ્ધ કરે છે. કારણ કે નિયત દેશ–કાળમાં અને મૃતશરીરમાં જીવ નથી. એ પ્રમાણે સર્વજ્ઞ વગેરે વિષે પણ વિચારવું. હવે જો તું સર્વ દેશ–કાળ–શરીરમાં જીવાદિનો નિષેધ કરતો હોય તો તારા પિતાના દાદાનો પણ અભાવ સિદ્ધ થાય છે. તેથી હે સુંદર! તારો જન્મ અહેતુક સિદ્ધ થાય છે. જીવાદિ પદાર્થો કેવલિપ્રત્યક્ષથી ઘટાદિની જેમ જાણી શકાય છે, અર્થાત્ કેવળી ભગવંત જીવાદિ પદાર્થોને ઘટાદિની જેમ પ્રત્યક્ષ જુએ છે. તેથી તારો હેતુ અસિદ્ધ કેમ નથી? અર્થાત્ અસિદ્ધ છે જ. કહ્યું છે કે– **"ઇંદ્રિયરહિત[1] જીવ માંસની ચક્ષુથી જાણી શકાતો નથી. તેને સિદ્ધો, સર્વજ્ઞો અને જ્ઞાનસિદ્ધ સાધુઓ (પ્રત્યક્ષ) જુએ છે."**

વળી– "આ અનુમાન બીજાની આત્મસિદ્ધિ માટે હોવાથી આ જ અનુમાનથી મને તેમાં વ્યભિચારરૂપ હેતુદોષ ન આપવો" એમ તેં જે કહ્યું એમાં પણ (હું પુછું છું કે) તે બીજાની આત્મસિદ્ધિ તને પ્રમાણ છે કે અપ્રમાણ? જો તને પ્રમાણ હોય તો જીવાદિ પદાર્થો પણ તે રીતે સિદ્ધ થયા. તે આ પ્રમાણે:– કારણકે જીવાદિ પણ બીજાઓને આત્મસિદ્ધ છે. આથી અનુમાનની જેમ જીવાદિ પદાર્થોને પણ માન, અન્યથા વિશ્વાસ અને (ગાંઠરૂપી મુદ્રા =) પ્રતિજ્ઞા એ બંને નથી = ખોટા છે. હવે જો બીજાની આત્મસિદ્ધિ તને અપ્રમાણ છે તો અનુમાનપ્રમાણ પ્રમાણ કેવી રીતે થાય? જો અનુમાનપ્રમાણ પ્રમાણ નથી તો તારો "જીવાદિ પદાર્થો નથી" એવો નિષેધ પણ અપ્રમાણ સિદ્ધ થયો. "ઇંદ્રિયોથી દેખાય તેટલો જ આ લોક છે" એ પ્રતિજ્ઞાનું પણ આનાથી ખંડન કર્યું એમ જાણવું. ઇત્યાદિ વચનોથી નાસ્તિક વાદીને નિરુત્તર કર્યો. રાજાએ તેને દેશબહાર જવાની આજ્ઞા કરીને દેશબહાર કર્યો. રાજાએ શ્રમણસંઘની પૂજા કરી, અને

---

હતાં, છતાં વરુ આવ્યું અને પેલાનું વાછરડું ય લઈ ગયું! બોલ, છે ને પોલં પોલ! બસ આમ જ ધર્મશાસ્ત્રોના ગોટાળા ઊભા કરી ધર્માચાર્યો મુગ્ધજનોને ભ્રમમાં નાખી પોતે આનંદ માણે છે. આંખે દેખાય તે સાચું ન માનવું, અને નહીં દેખાતાને લેવા દોડવું એ કેવું ડહાપણ? માટે જ્યાં સુધી યુવાવસ્થા છે ત્યાં સુધી આપણે પણ જીવન માણી લઈએ. તે વિના ક્યાંય કશો સાર નથી. તેની પત્ની તો આભી બની જોતી જ રહી. આમ પોતાની લાલસાને પોષવા માણસો આવી કુયુક્તિ ઉપજાવે છે.

૧ ઇંદ્રિયગુણ એટલે ઇંદ્રિયો ધર્મ છે જેનો તે ઇંદ્રિયગુણ, જે ઇંદ્રિયગુણ નથી તે અનિંદ્રિયગુણ, અર્થાત્ ઇંદ્રિયોથી રહિત.

નગરમાં ઘોષણા કરાવી કે–"વૃદ્ધિ પામતું જૈનશાસન જય પામે છે." આ દરમિયાન વાદળાઓના અવાજથી આકાશને મુખરિત કરનાર, રાજહંસના સમૂહોને સંતાપ કરનાર અને દિશાસમૂહને અંધારાથી યુક્ત કરનાર ચોમાસું આવી ગયું. આથી શ્રાવકોએ ગોષ્ઠા-માહિલને ત્યાં જ રાખ્યા.

આ તરફ આર્યરક્ષિતસૂરિએ પોતાનું આયુષ્ય થોડું બાકી રહેલું જાણીને ગચ્છને ભેગો કર્યો. તેમણે ગચ્છને કહ્યું : મારું આયુષ્ય થોડું છે. તેથી તમારા આચાર્ય કોને બનાવવા ? તેથી પોતાના સંબંધીઓ પ્રત્યે પક્ષપાતવાળા ગચ્છે કહ્યું : ફલ્ગુરક્ષિત કે ગોષ્ઠામાહિલને આચાર્ય બનાવવા જોઇએ. પછી રાગાદિથી રહિત અને દુર્બલિકાપુષ્પ-મિત્રને બહુગુણવાળા માનતા સૂરિએ કહ્યું : હે શ્રમણો ! એક વાલનો ઘડો છે, બીજો તેલનો ઘડો છે, ત્રીજો ઘીનો ઘડો છે. તે ઘડાઓને ઊંધા કરવામાં આવે તો વાલના ઘડામાંથી બધા જ વાલ નીકળી જાય, તેલના ઘડામાં તેલના કેટલાક અંશો ચોંટી રહે, ઘીના ઘડામાં ઘી ઘણું ચોંટેલું બાકી રહે. એ પ્રમાણે દુર્બલિકાપુષ્પમિત્રને આશ્રયીને હું સૂત્ર, અર્થ અને સૂત્ર–અર્થ ઉભયથી પહેલા ઘડા સમાન થયો છું, અર્થાત્ મારી પાસે જેટલું શ્રુત હતું તે બધું તેણે ગ્રહણ કર્યું છે. ફલ્ગુરક્ષિત મુનિ પ્રત્યે હું તેલના ઘડા સમાન થયો છું, અર્થાત્ થોડું શ્રુત હજી તેને આપ્યા સિવાયનું મારી પાસે અવશેષ છે. ગોષ્ઠામાહિલને આશ્રયીને ઘીના ઘડા સમાન થયો છું. અર્થાત્ ઘણું શ્રુત હજી તેને આપ્યા સિવાયનું મારી પાસે અવશેષ છે. તેથી હે મહાનુભાવો ! સૂત્ર, અર્થ અને સૂત્ર–અર્થ ઉભયથી યુક્ત આ દુર્બલિકા-પુષ્પમિત્ર મારા વચનથી ( = આજ્ઞાથી ) તમારા આચાર્ય થાઓ. તેથી ગચ્છે તે આચાર્ય થાઓ એમ સ્વીકાર કર્યો એટલે દુર્બલિકાપુષ્પમિત્રને આચાર્યપદે સ્થાપ્યા. પછી સૂરિએ દુર્બલિકાપુષ્પમિત્રને કહ્યું : ફલ્ગુરક્ષિત અને ગોષ્ઠામાહિલ વગેરેને હું જેવી રીતે જોતો હતો, તેવી રીતે તમારે પણ જોવા, અર્થાત્ એમના પ્રત્યે હું જેવી રીતે વર્તન કરતો હતો તેવી રીતે તમારે પણ વર્તન કરવું. પછી ફલ્ગુરક્ષિત વગેરેને પણ કહ્યું : તમારે પણ દુર્બલિકાપુષ્પમિત્રને મારા તુલ્ય કે મારાથી અધિક જોવા, ગુણનિધિ એવા એમના વચનને પ્રતિકૂલ વર્તન ન કરવું. આ પ્રમાણે બંને વર્ગને શિખામણ આપીને અને અનશન કરીને પંચનમસ્કારમાં તત્પર સૂરિ સ્વર્ગમાં ગયા.

આ તરફ ચાતુર્માસ પૂર્ણ થયા પછી ગોષ્ઠામાહિલે શ્રાવકોને સમજાવવા માટે બે ગાથાઓ કહી. તે આ પ્રમાણે :– **જ્યારે બોરડીઓ વાડોને ઓળંગી ગઇ હોય, તુંબડીઓમાં બીજ રૂપી આભૂષણો થઇ ગયા હોય, બળદો ( ચોમાસામાં લીલો ચારો ખાઇને ) બળવાન થઇ ગયા હોય, ગામો અને માર્ગો કીચડ વિનાના થઇ ગયા હોય, માર્ગો અલ્પ પાણીવાળા થઈ ગયા હોય, પૃથ્વી**

**પણ સુકી માટીવાળી થઇ ગઇ હોય, માર્ગો બીજાઓથી આક્રાન્ત થયા હોય, અર્થાત્ માર્ગોમાં લોકો ચાલતા થઇ ગયા હોય, ત્યારે સાધુઓને વિહાર કરવાનો સમય થાય."** આ પ્રમાણે સાંભળીને શ્રાવકોએ ગોષ્ઠામાહિલને કહ્યું: તમે સદા અહીં જ કેમ રહેતા નથી? તેમણે કહ્યું: **"શ્રમણો, પક્ષીઓ, ભ્રમરના કુળો, ગોકુળો અને શરદઋતુના વાદળાં-આટલાનું સ્થાન નિયત ન હોય."** તેથી શ્રાવકોથી રજા અપાયેલા ગોષ્ઠામાહિલ મુનિ દશપુર નગર તરફ ચાલ્યા. લોકોથી આર્યરક્ષિતસૂરિનો પરલોક ગમનનો વૃત્તાંત જાણ્યો. ક્રમે કરીને તે દશપુર આવ્યા. વાલના ઘડાના દૃષ્ટાંતથી દુર્બલિકાપુષ્પમિત્રને સૂરિપદે સ્થાપ્યા છે તે જાણ્યું. ઈર્ષ્યા થવાથી અલગ વસતિમાં રહ્યા. ખબર પડતાં દુર્બલિકાપુષ્પમિત્રસૂરિએ તેમને લાવવા માટે ફલ્ગુરક્ષિત વગેરે સાધુઓને તેમની પાસે મોકલ્યા. તેમને કાંઈ પણ ઉત્તર આપીને ત્યાં જ રહ્યા. બીજા પણ સાધુઓ અને શ્રાવકો વગેરેના કહેવા છતાં વસતિમાં ન આવ્યા. આ વખતે આચાર્યે વિચાર્યું: જે કષાયોથી જિનવચનના સારને જાણનારા આવા પણ ઉત્તમપુરુષો ઝગડો કરાવાય છે તે કષાયોના પ્રભાવને તું જો. અથવા આમાં શું આશ્ચર્ય છે? કારણ કે આગમમાં કહ્યું છે કે- **"ગુણોનો નાશ કરનારા કષાયો શાંત કરાયા હોવા છતાં જિન સમાન ચારિત્રવાળા પણ જીવને પાડે છે, તો પછી સરાગ અવસ્થામાં રહેલા જીવોને કેમ ન પાડે?"**

તે વખતે સૂરિ વિંધ્ય વગેરે શિષ્યોને આઠમા કર્મપ્રવાદપૂર્વનું વ્યાખ્યાન આપતા હતા. ઈર્ષ્યાના કારણે સૂરિની પાસે જઈ ન શકતા ગોષ્ઠામાહિલ વ્યાખ્યાનનો પાઠ કરતા વિંધ્યમુનિની પાસે બેસતા હતા, અર્થાત્ એમની પાસેથી સાંભળતા હતા. એકવાર વિંધ્યમુનિએ કહ્યું:- કોઈક કર્મ **બદ્ધ** હોય છે, એટલે કે જીવપ્રદેશની સાથે માત્ર સંયોગવાળું હોય છે, આવું કર્મ કાલાંતરને પ્રાપ્ત ન થયું હોવા છતાં જલદી જીવપ્રદેશથી અલગ થઈ જાય છે, અર્થાત્ સુકી ભીંત ઉપર પડેલા ચુનાની જેમ પ્રથમ સમયે બંધાઇને બીજા જ સમયે જીવપ્રદેશથી અલગ થઈ જાય છે. કોઈક કર્મ **બદ્ધસ્પૃષ્ટ** હોય છે, એટલે કે જીવપ્રદેશની સાથે તદ્રૂપ થઇ ગયેલ હોય છે, આવું કર્મ કાલાંતરે અલગ થાય છે, અર્થાત્ ભિની ભીંત ઉપર ચીકણા ચુનાની જેમ વધારે સમય ગયા પછી જીવપ્રદેશથી અલગ થાય છે. અન્ય કોઇ કર્મ **નિકાચિત** હોય છે, આવું કર્મ ક્ષીર-નીરના દૃષ્ટાંતથી જીવની સાથે એકસ્વરૂપ બની જાય છે, આવું કર્મ ઘણા કાળે ભોગવાય છે, અર્થાત્ આવું કર્મ અપવર્તના વગેરે કરણને અયોગ્ય હોય છે, અને એથી વિપાકથી અનુભવ્યા સિવાય જીવપ્રદેશથી અલગ થતું નથી. આ પ્રમાણે પ્રરૂપણા કરતા વિંધ્યમુનિને સાંભળીને ગોષ્ઠામાહિલે કહ્યું: આ પ્રમાણે તો ચોક્કસ સર્વજીવોને મોક્ષનો અભાવ થાય. કારણ કે જે જેની સાથે એકસ્વરૂપ બની ગયું હોય તે તેનાથી અલગ

ન કરી શકાય. જેમ જીવપ્રદેશો જીવની સાથે એક સ્વરૂપ બની ગયા છે તેથી જીવ-પ્રદેશો જીવથી અલગ કરી શકાતા નથી, તેમ હે વિંધ્ય! જીવની સાથે એકસ્વરૂપ બની ગયેલ કર્મ પણ જીવથી અલગ ન કરી શકાય. જેમ સ્પર્શમાત્રથી જ સંયુક્ત એવી અબદ્ધ કાંચળી સર્પની સાથે સંબંધવાળી હોય છે, તેમ સ્પર્શમાત્રથી જ સંયુક્ત એવું અબદ્ધકર્મ જીવની સાથે સંબંધવાળું છે.

આ વખતે વિંધ્યમુનિએ કહ્યું: ગુરુએ મને આ પ્રમાણે જ (=જીવ-કર્મનો સંબંધ ક્ષીર-નીરવત્ છે એ પ્રમાણે જ) કહ્યું છે. ગોષ્ઠામાહિલે તેને સામો ઉત્તર આપ્યો કે તારો ગુરુ પણ શું જાણે છે? અર્થાત્ તારો ગુરુ પણ આ વિષે બરોબર જાણતો નથી. ગોષ્ઠામાહિલે આ પ્રમાણે કહ્યું એટલે વિંધ્યમુનિના મનમાં શંકા થઈ કે ગુરુએ કહ્યું એનાથી બીજી રીતે તો હું સમજ્યો નથી ને? તેથી પોતાના ગુરુ પાસે જ જઈને આ વિષય તેમને પૂછું. તેમણે વિનયથી નમીને ગુરુને પૂછ્યું કે જીવ-કર્મનો સંબંધ ક્ષીર-નીરવત્ છે એમ હું જે સમજ્યો છું તે બરોબર છે? ગુરુએ કહ્યું: બરોબર છે. પદાર્થોના ભાવોને જાણનારા તને પણ આ શંકા કેમ થઈ? તેથી વિંધ્યમુનિએ ગોષ્ઠા-માહિલનો વૃત્તાંત ગુરુને કહ્યો. તેથી ગુરુએ કહ્યું: હે વિંધ્ય! ગોષ્ઠામાહિલે કહેલું જે પ્રમાણે અસત્ય છે તે પ્રમાણે તમે સાંભળો. દૂધ અને પાણી એકસ્વરૂપ થયેલા હોવા છતાં ઉપાયથી અલગ થાય છે. તેથી તેનો કહેલો હેતુ અનેકાંતિક છે. તેણે જે પ્રતિજ્ઞા કરી છે તે પણ પ્રત્યક્ષ વિરોધવાળી છે. કારણ કે મરણ સમયે જીવ આયુષ્ય કર્મથી મુકાતો જોવામાં આવે છે. દૃષ્ટાંત પણ હેતુને અનુસરતું નથી, અર્થાત્ દૃષ્ટાંત પણ હેતુને અનુરૂપ નથી.

કારણ કે જીવના સ્વપ્રદેશો કર્મની જેમ જીવથી ભિન્ન અને આગંતુક નથી. વળી જેવી રીતે સર્પ કાંચળીના સ્પર્શમાત્રથી સંયુક્ત છે તેવી રીતે જીવ કર્મના સ્પર્શમાત્રથી સંયુક્ત છે એમ જે કહ્યું તે પણ યુક્ત નથી. કારણ કે વેદના શરીરના અંદરના ભાગમાં થાય છે. તેના માનવા પ્રમાણે વેદનાનું કારણ કર્મ શરીરના અંદરના ભાગમાં ન હોવાથી શરીરના અંદરના ભાગમાં વેદનાનો અનુભવ ન થાય. શરીરના અંદરના ભાગમાં વેદના થાય છે એ (અનુભવથી) સિદ્ધ છે. તેના માનવા પ્રમાણે સિદ્ધ અનુભવનો પ્રગટ વિરોધ આવ્યો. ઇત્યાદિ દોષો (ગુરુ પાસેથી) સાંભળીને વિંધ્યમુનિએ ગોષ્ઠામાહિલને કહ્યું: તમારો આ પક્ષ સર્વથા અવિચારિત મનોહર છે, અર્થાત્ તમારા પક્ષનો ઊંડો વિચાર ન કરવામાં આવે તો ઉપર ઉપરથી મનોહર જણાય, પણ સૂક્ષ્મબુદ્ધિથી ઊંડો વિચાર કરવામાં આવે તો મનોહર નથી. તેથી (= વિંધ્યે કહ્યું તેથી) હમણાં સંપૂર્ણ નવમા પૂર્વનું વ્યાખ્યાન થઈ જવા દો, પછી ફરી પણ હું આ વિષયને વિચારીશ, એમ વિચારતો તે મૌન રહ્યો.

એકવાર નવમા પૂર્વમાં સાધુના પ્રત્યાખ્યાન અધિકારમાં "જીવનપર્યંત પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન કરું છું" ઈત્યાદિ સાંભળીને ગોષ્ઠામાહિલે કહ્યુંઃ કલ્યાણકારી પ્રત્યાખ્યાન પરિમાણ વિના કરવું જોઇએ. જેમને પ્રત્યાખ્યાનમાં પરિમાણ છે તેમનું પ્રત્યાખ્યાન દૂષિત છે. કારણ કે તેમાં આશંસા છે. [ જીવનપર્યંત પ્રત્યાખ્યાન કર્યું એટલે જીવન પૂરું થયા પછી પ્રત્યાખ્યાન રહેતું નથી. આથી પ્રત્યાખ્યાન પરિમાણવાળું = હદવાળું થયું. એનો અર્થ એ થયો કે પરિમાણ પૂર્ણ થયા પછી જીવને સુખની આશંસા છે. જો સુખની આશંસા ન હોય તો જીવનપર્યંત એવું પરિમાણ શા માટે કરે? આથી પરિમાણવાળા પ્રત્યાખ્યાનમાં સુખની આશંસા છે એમ ગોષ્ઠામાહિલનું કહેવું છે.] આ પ્રમાણે પ્રરૂપણા કરતા ગોષ્ઠામાહિલને વિંધ્યમુનિએ કહ્યુંઃ તમે જે કહો છો તે યુક્ત નથી. તેથી ગોષ્ઠામાહિલે નવમા પૂર્વનું જે શ્રુત બાકી હતું તે પૂર્ણ થઈ ગયું છે (= નવમા પૂર્વના જે શ્રુતનું વ્યાખ્યાન બાકી હતું તે પૂર્ણ થઈ ગયું છે) એમ વિચારીને વિંધ્યમુનિને કહ્યુંઃ તું શું કહે છે? જે તને વ્યાખ્યાન આપે છે તે પુષ્પમિત્ર જ મને કહે. આમ કહીને ત્યાંથી ઉઠ્યા અને આચાર્યની પાસે ગયા. તેમણે આચાર્યને કહ્યુંઃ આર્યરક્ષિતસૂરિએ જે રીતે વ્યાખ્યાન કર્યું હતું તે રીતે તમે પ્રરૂપણા કેમ કરતા નથી? શ્રુતમદથી ઉન્મત્ત બનીને શ્રુતની આશાતના ન કરો. પછી તેણે સૂરિની આગળ પોતાનો પક્ષ કહ્યો. સૂરિએ પણ તેને કહ્યુંઃ તારો પક્ષ જે પ્રમાણે યુક્તિયુક્ત નથી તે પ્રમાણે તું સાંભળ. "જીવનપર્યંત એ પ્રમાણે પરિમાણવાળું પ્રત્યાખ્યાન અયુક્ત છે, કેમકે એમાં આશંસાદોષ છે" એમ તેં જે કહ્યું તે બરોબર નથી. કારણ કે જીવનપર્યંત પ્રત્યાખ્યાન કરવામાં આશંસા નથી, કિંતુ દેવભવમાં મુનિઓને વ્રતનો ભંગ ન થાય એ માટે કાલની અવધિ છે. આ પ્રમાણે કહેવા છતાં ન માન્યું એટલે અન્ય ગચ્છના સ્થવિરોને પણ આ વિષય પૂછવામાં આવ્યો. તેમણે પણ આર્યરક્ષિતના કહેવા પ્રમાણે જ કહ્યું. તેથી ગુસ્સે થયેલા ગોષ્ઠામાહિલે કહ્યુંઃ તમે બધાય શું જાણો છો? કારણ કે તીર્થંકર ભગવાને આ પ્રમાણે (= હું કહું છું તે પ્રમાણે) કહ્યું છે. આથી સ્થવિરોએ પણ તેને કહ્યુંઃ હે ગોષ્ઠામાહિલ! તીર્થંકરની આશાતના ન કર. આમ કહેવા છતાં તેણે માન્યું નહિ એટલે સકલ સંઘે કાયોત્સર્ગ કર્યો. આસન કંપવાથી ભય પામેલી દેવી આવી. દેવીએ સંઘને કહ્યુંઃ ફરમાવો, શું કરું? તેથી સંઘે દેવીને કહ્યુંઃ તમે મહાવિદેહમાં જઇને શ્રી તીર્થંકરને "દુર્બલિકાપુષ્પમિત્ર અને પુષ્પમિત્ર વગેરે સંઘ સત્યવાદી છે કે ગોષ્ઠામાહિલ?" એમ પૂછીને જલદી આવો. દેવીએ કહ્યુંઃ મને જવામાં વિઘ્ન ન થાય એ માટે મારા ઉપર કાયોત્સર્ગ કરવારૂપ અનુગ્રહ કરો. તેથી સકલ સંઘ કાયોત્સર્ગમાં રહ્યો. દેવી તીર્થંકરને પૂછીને ફરી સંઘની પાસે આવી. દેવીએ કહ્યુંઃ સંઘ સત્યવાદી છે. ગોષ્ઠામાહિલ અસત્યવાદી છે. કારણ કે એ ભરતક્ષેત્રમાં સાતમો નિહ્નવ છે. તેથી ગુસ્સે થયેલા ગોષ્ઠામાહિલે કહ્યુંઃ અહો! આ કટપૂતના દેવીમાં તીર્થંકર પાસે જવાનું સામર્થ્ય ક્યાંથી હોય? તે વખતે સંઘે તેને

સંઘ બહાર કર્યો. આ પ્રમાણે ગોષ્ઠામાહિલ અભિનિવેશથી મિથ્યાત્વને પામ્યો અને પ્રતિક્રમણ કર્યા વિના કાલધર્મ પામ્યો. આ પ્રમાણે પ્રસંગથી ગોષ્ઠામાહિલનું ચરિત્ર સંક્ષેપથી કહ્યું, વિસ્તારથી આવશ્યક વિવરણથી જાણવું. [૫]

આ પ્રમાણે 'मइभेएण जमाली' ઇત્યાદિ ગાથામાં બતાવેલાં જમાલી વગેરે દૃષ્ટાંતો જણાવ્યાં. તે દૃષ્ટાંતો જણાવ્યાં એટલે ત્રીજા દ્વારની "मइभेया पुव्वोग्गहे" ઇત્યાદિ પાંચમી ગાથાનું વિસ્તારથી વ્યાખ્યાન પૂર્ણ થયું. હવે ચોથા દોષદ્વારથી મિથ્યાત્વને કહેવાની ઇચ્છાવાળા ગ્રંથકાર કહે છે :–

**मिच्छत्तपरिणओ खलु, नारयतिरिएसु भमइ इह जीवो ।**
**जह नंदो मणियारो, तिविक्कमो जह य भट्टो वा ॥ ६ ॥**

**ગાથાર્થ** :– મિથ્યાત્વના પરિણામવાળો જ જીવ સંસારમાં નંદ મણિયાર અને ત્રિવિક્રમભટ્ટની જેમ નરક અને તિર્યંચ ગતિમાં ભમે છે.

**ટીકાર્થ** :– સમ્યક્ત્વના પરિણામવાળો જીવ નરક અને તિર્યંચગતિમાં ભમતો નથી. કારણ કે સમ્યક્દૃષ્ટિ જીવને નરક ગતિ અને તિર્યંચગતિનું આયુષ્ય બંધાતું નથી. કહ્યું છે કે–

**"સમ્યગ્દૃષ્ટિ જીવે સમ્યક્ત્વનો ત્યાગ ન કર્યો હોય, અગર સમ્યગ્દર્શન પામ્યા પહેલાં આયુષ્ય ન બાંધી લીધું હોય, તો સમ્યગ્દૃષ્ટિ જીવ વૈમાનિક દેવલોક સિવાય બીજું કોઇ આયુષ્ય બાંધતો નથી."**

શ્રી ધર્મદાસગણિએ પણ કહ્યું છે કે–

**"સમ્યક્ત્વ પ્રાપ્ત કરનાર જીવે નરક અને તિર્યંચગતિનાં દ્વાર બંધ કરી દીધાં છે, તથા દેવ–મનુષ્યનાં અને (પરંપરાએ) મોક્ષનાં સુખો સ્વાધીન કરી લીધાં છે." (ઉપ.મા. ૨૭૦)**

અહીં 'મિથ્યાત્વના પરિણામવાળો' એવા વિશેષણથી એકાંતે નિત્ય એકસ્વરૂપવાળા આત્માનો નિષેધ કર્યો છે, કારણ કે એકાંતે નિત્ય એકસ્વરૂપવાળા આત્માના તે પ્રમાણે (ભિન્ન ભિન્ન) પરિણામ ન થાય. જો આત્મા એકસ્વરૂપવાળો હોય તો બંધ અને મોક્ષ વગેરે ન ઘટે.

"નરક અને તિર્યંચગતિમાં ભમે છે" એ કથનથી પણ આત્માને નિષ્ક્રિય અને સર્વગત માનનારાઓના મતનું ખંડન કર્યું. કારણ કે નિષ્ક્રિય અને સર્વગત આત્માનું નરકાદિ ગતિમાં ભ્રમણ ઘટી શકે નહિ, તથા સ્વર્ગાદિના સાધક અને નરકાદિના બાધક (=રોકનાર) અનુષ્ઠાનો વ્યર્થ બને. આ વિષે બહુ કહેવા જેવું છે. પણ ગ્રંથનું કદ વધી જવાના ભયથી તે કહ્યું નથી.

પ્રસ્તુત અર્થના સમર્થન માટે જ ગ્રંથકાર બે દૃષ્ટાંત કહે છે:– મિથ્યાત્વના પરિણામવાળો જીવ નંદમણિયાર અને ત્રિવિક્રમભટ્ટની જેમ સંસારમાં નરક અને તિર્યંચ ગતિમાં ભમે છે. આ બે દૃષ્ટાંતોમાં નંદમણિયારનું દૃષ્ટાંત પહેલાં સમ્યક્ત્વ પામ્યા પછી મિથ્યાત્વ પામનાર જીવ સંબંધી છે. ત્રિવિક્રમભટ્ટનું દૃષ્ટાંત અનાદિથી મિથ્યાત્વના પરિણામવાળા જીવ સંબંધી છે. મૂળ ગાથામાં वा શબ્દ તેના જેવાં બીજાં દૃષ્ટાંતોના સૂચન માટે જાણવો.

**પ્રશ્ન**:– સમ્યક્ત્વ વગેરેના દોષ (ચોથા) દ્વારમાં સમ્યક્ત્વ વગેરેના વિપક્ષમાં (=મિથ્યાત્વ વગેરેમાં) દોષો કહેશે, તો પછી અહીં દોષનું વર્ણન મિથ્યાત્વના સ્વરૂપમાં જ કેમ કર્યું? વિપક્ષમાં કેમ ન કર્યું?

**ઉત્તર**:– તમારો પ્રશ્ન સાચો છે. સમ્યક્ત્વ વગેરે સ્વરૂપથી ગુણરૂપ છે, એથી તેમના વિપક્ષમાં દોષોનું કથન કર્યું છે. મિથ્યાત્વ તો તેમનાથી વિપરીત હોવાથી એટલે કે દોષ સ્વરૂપ હોવાથી તેના સ્વરૂપમાં જ દોષનું વર્ણન કર્યું છે. આથી આમાં કોઈ દોષ નથી. આથી જ સમ્યક્ત્વના દોષદ્વારમાં તેના વિપક્ષ મિથ્યાત્વમાં "સમ્યક્ત્વથી પરિભ્રષ્ટ જીવ દુઃખોનું ભાજન બને છે" વગેરેથી દોષને કહેશે. વિસ્તારથી ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ભાવાર્થ તો બે કથાથી જાણવો. તે બે કથાઓમાં નંદમણિયારની કથા સમ્યક્ત્વના દોષદ્વારમાં કહીશું. ત્રિવિક્રમભટ્ટની કથા કહીએ છીએ:–

## ત્રિવિક્રમભટ્ટનું દૃષ્ટાંત

વલયાકારે આવેલા અસંખ્ય દ્વીપ–સમુદ્રોથી વીંટળાયેલ, ચાંદીની થાળીના જેવો ગોળ, એક લાખ યોજન પહોળો, સાત વર્ષોનો (=ક્ષેત્રોનો) આશ્રય હોવા છતાં અનંત વર્ષોની સ્થિતિવાળો, મધ્યભાગ મેરુથી વિભૂષિત હોવા છતાં ક્યાંક નમેરુથી (=પુન્નાગવૃક્ષથી) સહિત, હિમવાન વગેરે છ વર્ષધર પર્વતોથી યુક્ત, ગંગા વગેરે સુંદર નદીઓથી રમ્ય અને પ્રસિદ્ધ એવો જંબૂ નામે દ્વીપ છે. તેમાં મેરુપર્વતથી દક્ષિણ તરફ છ ખંડોથી સુશોભિત અને અર્ધચંદ્રના જેવી આકૃતિવાળો ભરતક્ષેત્ર છે. તેના મધ્યભાગમાં મંદિર, ભવન, ઉદ્યાન, વાવડી અને કૂવા વગેરેથી શોભા પામેલ ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. તે નગરમાં શત્રુરૂપી હાથી માટે સિંહ સમાન અને પોતાના પ્રતાપથી જેણે પૃથ્વીતલ ઉપર આક્રમણ કર્યું છે એવો જિતશત્રુ નામનો રાજા નીતિથી રાજ્ય કરતો હતો. શાંતિકર્મ, [1]અભિચાર વગેરે કાર્યોમાં કુશળ અને નિશ્ચલ, તર્ક વગેરે વિદ્યાઓમાં અતિશય પ્રવીણ, અને કુલક્રમથી આવેલા વેદધર્મનો ઉપદેશક એવો ત્રિવિક્રમ નામનો બ્રાહ્મણ તેનો પુરોહિત હતો. મારી લક્ષ્મી સફળ બને એવી ઇચ્છાથી તેણે એક વાર રાજાની

૧. શત્રુનો વધ કરવા માટે કરવામાં આવતા તાંત્રિક–માંત્રિક પ્રયોગો.

રજા લઈને ધર્મબુદ્ધિથી સરોવર કરાવ્યું. તેમાં જીવોનો આશ્રય, ઊંડુ, લોકોને આનંદ આપનાર અને સત્પુરુષના મન જેવું અત્યંત સ્વચ્છ પાણી શોભતું હતું. તેણે તે સરોવરની પાળ ઉપર અત્યંત સુંદર દેવમંદિર કરાવ્યું. આ મંદિર જાણે કે તે સરોવરની ( અધિષ્ઠાત્રી ) લક્ષ્મીદેવીના વિનોદ માટે મંદિર હોય તેવું હતું. તેની ચારે બાજુ બકુલ, અશોક, પુન્નાગ, નાગ અને ચંપકનાં વૃક્ષોથી સુશોભિત મનોહર ઉદ્યાન કરાવ્યું. અહીં મોહાંધ ત્રિવિક્રમ જેમાં બકરાઓનો વધ કરવામાં આવે તેવો યજ્ઞ દર વર્ષે કરાવતો હતો. આ પ્રમાણે સમય જતાં તેમાં (=બગીચા વગેરેમાં ) મૂર્છાવાળો બનેલો તે એકવાર આર્તધ્યાનથી મરીને બકરો જ થયો. ભવિતવ્યતા વશ તેના પુત્રોએ જ એક વાર યજ્ઞકાર્ય માટે મૂલ્ય આપીને ક્યાંકથી તેને લીધો. તેને પોતાના મંદિર પાસે લઈ ગયા. ત્યાં બંધુઓ વગેરેને જોઈને તર્ક–વિતર્ક કરતા તેને જાતિ–સ્મરણ જ્ઞાન થયું.

એક વાર યજ્ઞના ઉત્સવમાં સરોવર તરફ લઈ જવાતો તે બેં બેં કરવા લાગ્યો અને એક પણ પગલું ચાલ્યો નહિ. આ સમયે વિશિષ્ટજ્ઞાનથી યુક્ત એક તપસ્વીએ તેને બરાડતો જોઈને દયાથી આ પ્રમાણે કહ્યું:– સ્વયં વૃક્ષો રોપીને, સ્વયં સરોવર ખોદાવીને તેં જાતે જે માગ્યું હતું તે મેળવ્યું છે તો હવે બેં બેં એમ બરાડા કેમ પાડે છે ? સાધુનું તે વચન સાંભળીને અને સ્વચિત્તમાં વિચારીને સ્વદોષને માનતા તેણે મૌન ધારણ કર્યું. તેથી કૌતુકથી વ્યાકુલ મનવાળા તેના પુત્રો વગેરેએ સાધુને પૂછ્યું: તમારા પાઠથી બકરાએ મૌનનો આશ્રય કેમ લીધો છે ? સાધુએ કહ્યું: હે ભદ્રકો ! તમે જેના પ્રવર્તાવેલા યજ્ઞમાં આને હણવાને ઇચ્છો છો તે આ ત્રિવિક્રમભટ્ટ છે. તેમણે પૂછ્યું: આમાં ખાતરી શી ? સાધુએ કહ્યું: એને મૂકી દો, જેથી એ જાતે જ તમને ખાતરી કરાવે. તેથી તેમણે તેને છોડી દીધો. એણે પહેલાં પોતાના પુત્રોની સાથે જઈને જ્યાં ધન દાટ્યું હતું તે સ્થાનમાં તે આવ્યો. ઘરમાં રહેલા ધનને જાતિસ્મરણથી જાણીને ખરીના અગ્રભાગથી પૃથ્વીને ખોદતા તેણે તે ધન પુત્રો વગેરેને બતાવ્યું. મુનિના વચનમાં વિશ્વાસવાળા થયેલા તેઓ તેને લઈને ઉદ્યાનમાં રહેલા શાંત ચિત્તવાળા મુનિ પાસે આવ્યા. પછી મુનિને નમસ્કાર કરીને તેમણે કહ્યું: હે ભગવંત ! ( પૂર્વભવમાં ) આ વેદોક્ત વિધિમુજબ સદા ધર્મમાં તત્પર રહેનારો અમારો પિતા હતો. [તે આ પ્રમાણે:– એણે સરોવર ખોદાવ્યું હતું, વિવિધ યજ્ઞો કરાવ્યા હતા. આમ છતાં સત્કાર્ય નહિ કરનાર મનુષ્યની જેમ આ બકરો કેમ થયો ?

આ પ્રમાણે તેમનાથી પૂછાયેલા ઉત્તમમુનિએ કહ્યું: એ અશુભ પરિણામવાળું અજ્ઞાનતાનું ફલ ભોગવે છે. જીવ શુભ કે અશુભ જે કંઇ કાર્ય કરે છે તેનું જ ફળ મેળવે છે, નહિ કરેલું ( ફળ ) આવતું નથી. તે આ પ્રમાણે :– પૂર્વે અજ્ઞાનતાથી ધર્મબુદ્ધિથી જે અધર્મ કર્યો હતો, આર્તધ્યાનયુક્ત તે ધર્મનું આ ફળ આવ્યું છે. કારણ કે અજ્ઞાન

વડે મોહ પમાડાયેલ જીવ [1]ગમ્ય કે અગમ્ય, કૃત્ય–અકૃત્ય અને હિત–અહિતને જાણતો નથી. કહ્યું છે કે– ખરેખર! ક્રોધાદિ સર્વ પાપોથી પણ અજ્ઞાન વધારે દુઃખદાયી છે. કારણ કે અજ્ઞાનથી ઘેરાયેલા લોકો હિતકર અને અહિતકર પદાર્થને જાણતા નથી. તેણે તળાવ વગેરે કરાવવામાં લાભની સંભાવના કરી હતી, પણ અનંત જીવોના નાશનું કારણ હોવાથી તળાવ વગેરે બંધાવવામાં લાભ ન થાય. ધર્મ માટે પ્રવર્તાવેલા પશુમેધ વગેરે યજ્ઞો પણ તત્ત્વદૃષ્ટિથી વિચારવામાં આવે તો પરલોકના બાધક છે. કૃષ્ણદ્વૈપાયને કહ્યું છે કે–હે યુધિષ્ઠિર! યજ્ઞમાં અવશ્ય જીવવધ થાય, અહિંસક યજ્ઞ નથી જ. તેથી સદા સત્ય અને અહિંસા યજ્ઞ છે. દયા, દાન અને તપ હોમ છે, સત્ય યૂપ (=યજ્ઞમાં હોમવાના પશુને બાંધવા લાકડાનો સ્તંભ) છે, ગુણો પશુ છે, બ્રહ્મચર્ય અને સંતોષ અગ્નિ છે, આ શાશ્વત યજ્ઞ છે. માંસમાં લુબ્ધ બનેલા જે જીવો પશુઓની હિંસા કરે છે, નિર્દય અને પાપકર્મી તે જીવો મરીને નરકમાં જાય છે. આ પ્રમાણે મુનિની મનોહર વાણી સાંભળીને તેમને સંસાર ઉપર વૈરાગ્ય થયો અને તેમણે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. સુવિવેકને પામેલા તે બકરાએ સાધુ પાસે દેશવિરતિનો સ્વીકાર કરીને અનશન લીધું. સર્વજીવો ઉપર સમભાવવાળો અને નમસ્કારમંત્રમાં લીન તે મરીને દેદીપ્યમાનરૂપવાળો દેવ થયો. હે ભવ્યો! ત્રિવિક્રમના દૃષ્ટાંતથી મિથ્યાત્વ દુર્ગતિનું કારણ છે એમ જાણીને તમે મિથ્યાત્વનો ત્યાગ કરો. શ્રુતદેવીની કૃપાથી દોષદ્વારમાં મિથ્યાત્વનું નિરૂપણ કર્યું. હવે ક્રમથી મિથ્યાત્વનું ગુણદ્વાર આવ્યું. [૬]

શ્રુતદેવીની કૃપાથી દોષદ્વારમાં મિથ્યાત્વનું નિરૂપણ કર્યું. હવે ક્રમથી આવેલા મિથ્યાત્વના ગુણદ્વારને કહે છે:–

**मिच्छत्तस्स गुणोऽयं, अणभिनिवेसेण लहइ संमत्तं ।**
**जह इंदनागमुणिणा, गोयमपडिबोहिएणंति ॥ ७ ॥**

**ગાથાર્થ**:–મિથ્યાત્વ "કદાગ્રહ રહિત હોય" એ મિથ્યાત્વનો ગુણ છે. કારણ કે મિથ્યાદૃષ્ટિ જીવ કદાગ્રહના અભાવથી ગૌતમસ્વામીથી પ્રતિબોધ પમાડાયેલા ઇંદ્રનાગ મુનિની જેમ સમ્યક્ત્વને પામે છે.

**ટીકાર્થ**:-મિથ્યાત્વ વિપરીત બોધરૂપ છે. કહ્યું છે કે–

**"મિથ્યાત્વના ઉદય વખતે જીવ વિપરીત શ્રદ્ધાવાળો થાય છે, અને તેને પિત્તપ્રકોપ વખતે જેમ ઘી ન રુચે તેમ સદ્ધર્મ રુચતો નથી."**

સમ્યક્ત્વ એટલે પદાર્થ જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે તેનો સ્વીકાર કરવો. મિથ્યાદૃષ્ટિજીવ કદાગ્રહના અભાવથી સમ્યક્ત્વ પામે છે એવું કથન સંભાવનાની અપેક્ષાએ છે,

૧. પ્રાપ્ત કરવા યોગ્ય અને પ્રાપ્ત ન કરવા યોગ્ય.

નિયમ નથી, અર્થાત્ કદાગ્રહના અભાવથી સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય જ એવો નિયમ નથી, ક્યારેક થાય, અને ક્યારેક ન પણ થાય. કહ્યું છે કે–

**"વિપરીત શ્રદ્ધામાં મિથ્યાત્વભાવ હોવાથી કોઇ લાભ થતો નથી. આમ છતાં કદાગ્રહનો અભાવ હોય તો તેના કારણે ક્યારેક મિથ્યાત્વ સમ્યક્ત્વનો હેતુ પણ બને છે.**

**પ્રશ્ન:**–મિથ્યાત્વનો સર્વઘાતી પ્રકૃતિઓમાં ઉલ્લેખ હોવાથી મિથ્યાત્વ ગુણરૂપ કેવી રીતે કહેવાય? **ઉત્તર:**–તમારો પ્રશ્ન બરોબર છે. ગુણનું કારણ હોવાથી (કારણમાં કાર્યના ઉપચારથી) મિથ્યાત્વ ગુણરૂપ કહેવાય. મિથ્યાત્વના અનેક ભેદો છે. એથી "જેટલાં સંક્લેશનાં સ્થાનો છે તેટલાં જ વિશુદ્ધિનાં સ્થાનો છે" એ વચનથી તેમાં વિશુદ્ધિની તરતમતા ઘટી શકે છે. એથી (અધિક વિશુદ્ધિવાળું) મિથ્યાત્વ ગુણનું કારણ બને છે. આ કથન વ્યવહારનયની અપેક્ષાએ છે. કારણકે નિશ્ચયનયથી તો સમ્યગ્દૃષ્ટિ જ સમ્યક્ત્વને પામે છે એવું વચન છે.

પ્રસ્તુત વિષયને અનુરૂપ દૃષ્ટાંત જણાવવાની ઈચ્છાથી મૂળગ્રંથકાર કહે છે:– જેમકે, શ્રીગૌતમસ્વામીથી પ્રતિબોધ પમાડાયેલ (=સન્માર્ગ પમાડાયેલ) ઇંદ્રિનાગમુનિએ સમ્યક્ત્વ મેળવ્યું હતું.

**પ્રશ્ન:**–ઇંદ્રનાગ મિથ્યાત્વી હોવા છતાં તેને મુનિ કેમ કહેવામાં આવે છે?

**ઉત્તર:**–બાલતપસ્વી તરીકે પ્રસિદ્ધ હોવાથી તેને મુનિ કહેવામાં આવે છે.

મૂળગાથામાં इति શબ્દ તેવાં બીજાં દૃષ્ટાંતોના સૂચન માટે છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો કથાથી જાણવો. તે કથા આ પ્રમાણે છે:–

## ઇંદ્રિનાગનું દૃષ્ટાંત

જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના મધ્યખંડમાં પ્રાચીનકાળથી પ્રસિદ્ધ વસંતપુર નામનું નગર હતું. ઊંચા દેવમંદિરો, કિલ્લો, અટારી અને દુકાનોની શોભાથી તે જેમણે બહુ દેશો જોયેલા છે તેવા મુસાફરોના મનમાં આશ્ચર્ય ઉત્પન્ન કરતું હતું. તેમાં સદા થતા ઉત્સવોમાં વાગતા વાજિંત્રોના ગંભીર અવાજથી અને મંગલ શબ્દોના અવાજના કારણે લોકોથી લોકોનો (=બીજા માણસોનો) શબ્દ સાંભળી શકાતો ન હતો. તેમાં દૃઢ પ્રતિજ્ઞાવાળા, સુશીલથી પૂર્ણ, [૧]પહેલાં બોલાવનારા, કુશળ, કૃતજ્ઞ અને ધર્મકાર્યમાં તત્પર એવા લોકો વસતા હતા. પણ નગરના સઘળા ગુણોથી સમૃદ્ધ તે નગરમાં એક જ

૧. કોઈ સામે મળે તો તે બોલાવે એ પહેલાં પોતે બોલાવનારા.

દોષ હતો કે સાધુઓ પણ સદા પરલોકની [1]ચિંતામાં તત્પર દેખાતા હતા. શત્રુ-સેનાના ક્ષય માટે કાળ સમાન, ઉત્તમપુરુષોરૂપી વૃક્ષો માટે કચારા સમાન અને સકલ ગુણસમૂહને પ્રાપ્ત કરનાર જિતશત્રુ નામનો રાજા તે નગરીનું પાલન કરતો હતો. તે નગરમાં ઉત્તમવેષને પહેરનાર, કળાઓમાં પ્રવીણ, ઋદ્ધિ–ગુણ–ગોત્રથી મહાન અને દીન આદિ જનોનો ઉદ્ધાર કરવામાં સુપ્રસિદ્ધ એવો એક શેઠ હતો. ભવિતવ્યતાવશ એકવાર તેના ઘરમાં તેવો મારી રોગ ઉત્પન્ન થયો, જેથી ઘરના બધા માણસો મરવા લાગ્યા. ઘરના બધા માણસો મરી જતાં ઘરનો માલિક, પુત્ર વગેરે મરી ગયા. આમ થતાં મડદાંઓને બહાર નાખવા પણ કોઇ માણસ તૈયાર ન હતો. તેના ઘરમાં મારીનો ઉપદ્રવ જોઈને લોકોએ ચેપના ભયથી બારણું કાંટાઓથી ભરી દીધું. તેમાં ઇંદ્રનાગ નામનો એક બાળક બચી ગયો. કારણકે તેનું આયુષ્ય ઉપક્રમથી ન ઘટે તેવું હોવાથી બલવાન હતું. તૃષા–ક્ષુધાથી પીડિત તે પાણી માગવા લાગ્યો. બધા મરી ગયા છે એમ જોઈને ભય પામેલા તેણે બારણા તરફ નજર કરી. તેટલામાં માંસના લોભથી આવેલા કૂતરાને તેણે જોયો. તેને જોઈને ધ્રુજતો તે ઊંચા સ્વરે રોવા લાગ્યો. તેના રુદનના શબ્દો સાંભળીને ભય પામેલો કૂતરો વળીને નીકળી ગયો. બાળક પણ તે જ છીંડીથી ઘરમાંથી નીકળ્યો. કહ્યું છે કે–**"જેની આશા ભાંગી ગઇ છે, જે કરંડિયામાં પૂરાયો છે, ભૂખથી જેની ઇંદ્રિયો ક્ષીણ થઇ ગઇ છે, એવા સર્પના મુખમાં રાત્રે કાણું પાડીને ઉંદર જાતે પડયો. તેના માંસથી તૃપ્ત થયેલ સર્પ તે જ માર્ગથી જલદી જતો રહ્યો. તમે સ્વસ્થ(=નિશ્ચિંત) રહો. કારણકે માણસોની વૃદ્ધિ અને ક્ષય કરવામાં ભાગ્ય જ તત્પર છે." [ અર્થાત્ ભાગ્ય કરે તેમ થાય, માટે ચિંતા કરવી નકામી છે. ]** તે ઠીબ (=ભાંગેલા ઘડાનો થોડો ભાગ) લઇને ઘરે ઘરે ભિક્ષા માગતો ફરે છે. લોકો પણ દયાથી તેને આહાર વગેરે આપે છે. વળી– તેને આવી અવસ્થાવાળો જોઈને, અને તેના ઘરની સંપત્તિને યાદ કરીને પોતાના ચિત્તમાં દુઃખ અનુભવતા લોકો સુપ્રસિદ્ધ આ (=નીચેની) ગાથાને યાદ કરતા હતા. **"સંસારમાં અનાદિકાળથી વિવિધ કર્મોને વશ બનેલા જીવોનો એવો કોઇ બનાવ નથી કે જે ન બને."** આ પ્રમાણે વધતા તેના કેટલાંક વર્ષો પસાર થયાં.

એકવાર રાજગૃહ તરફ જવાની ઇચ્છાવાળા સિદ્ધાર્થ નામના સાર્થવાહે નગરમાં આ પ્રમાણે (=નીચે પ્રમાણે) ઘોષણા કરાવી. હમણાં જે કોઈ રાજગૃહનગર જવાની ઇચ્છાવાળો હોય તે સાર્થની સાથે આવે. માર્ગમાં થાકથી થાકેલાઓની હું કાળજી

૧. અહીં ગુણરૂપ દોષ સમજવો, અર્થાત્ પ્રશસ્ત દોષ સમજવો. ચિંતા દોષ છે, પણ પરલોકની ચિંતા પ્રશસ્તચિંતા છે, અથવા પરલોકની એટલે બીજા લોકોની ચિંતા કરનારા હતા એમ સમજવું, બીજાઓનું આત્મહિત કેમ થાય તેવી ચિંતામાં તત્પર દેખાતા હતા.

કરીશ. આ પ્રમાણે સાંભળીને દીન, અનાથ વગેરે ઘણા માણસો સાર્થ સાથે ચાલ્યા. તેમાં ઇંદ્રનાગ ભિખારી પણ ચાલ્યો. સાર્થ પણ બપોર સુધી ચાલ્યો. પછી સાર્થે છાયાવાળા અને પાણીવાળા સ્થાનમાં મુકામ કર્યો. ભોજન તૈયાર થઈ જતાં ઇંદ્રનાગ પણ ભિક્ષા માટે સાર્થમાં આવ્યો. ભિક્ષામાં ઘીમિશ્રિત ઉત્તમ ભાત મળ્યા. વૃક્ષ નીચે બેસીને તેણે ભાત ખાધા. પછી સાર્થની સાથે ચાલ્યો. અજીર્ણ દોષથી બીજા દિવસે તેને તેવી ભૂખ ન લાગી. તેથી તે ભિક્ષા માટે સાર્થમાં ન ગયો. શેઠે તેને ઝાડની નીચે ધ્યાનમાં રહેલા મુનિની જેમ બેઠેલો જોયો. આથી શેઠે પોતાના મનમાં વિચાર્યું કે આજે એણે ઉપવાસ કર્યો છે. [1]અવ્યક્તલિંગવાળા તેને ત્રીજા દિવસે સાર્થમાં આવેલો જોઈને સાર્થપતિએ તેને સ્નિગ્ધ અને ઉત્તમ આહાર અપાવ્યો. અજીર્ણથી બે દિવસ સુધી તેની ભૂખ મરી ગઈ. શેઠે પણ જાણ્યું કે આ છઠ્ઠ કરીને પારણું કરશે. ચોથા દિવસે ભિક્ષા માટે સાર્થમાં ગયો. શેઠે પૂછયું: બે દિવસ ભિક્ષા માટે કેમ ન આવ્યા? તે મૌન રહ્યો. શેઠે જાણ્યું કે આ છઠ્ઠ તપ કરે છે. કારણ કે કહ્યું છે કે–**"ઉત્તમપુરુષોનો ધર્મ ગુપ્ત હોય છે, પુરુષાર્થ પ્રગટ હોય છે, પરસ્ત્રીનો ત્યાગ હોય છે, અને જન્મ કલંકથી રહિત હોય છે."** આ પ્રમાણે તપગુણથી અનુરાગી થયેલો તે તેને પારણાના દિવસે અત્યંત સ્નિગ્ધ વગેરે ગુણોવાળો આહાર હર્ષથી આપે છે.

તેની મદદથી અધિક અધિકતર ઉપવાસ કરવાથી ઇંદ્રનાગ મુનિ ક્રમે કરીને એક માસનો ઉપવાસી થયો. સિદ્ધાર્થે તેને કહ્યું: તું રાજગૃહનગર ન પહોંચે ત્યાં સુધી પારણા માટે તારે બીજા સ્થળે ન જવું. કારણ કે [2]ઔષધ, ભૈષજ, ખાદ્ય, પેય વગેરે જે કંઇ તારે યોગ્ય છે તે અમારા પણ સ્થાનમાં અવશ્ય થશે. લોકો પણ તેને નમ્યા અને તેના પ્રત્યે ગુણરાગથી અત્યંત અનુરાગી થયા. આથી તેને જ ગુણી તરીકે જુએ છે, બીજાનું નામ પણ લેતા નથી. બીજાઓ આ 'એકપિંડિક' છે એમ તેને કહેતા હતા. તેણે મેળવેલું આ વિશેષણ અર્થવાળું છે. કારણ કે તે બીજાઓએ નિમંત્રણ કર્યું હોવા છતાં (શેઠ સિવાય) બીજાનું ભોજન લેતો ન હતો. [એક જ ઘરનો પિંડ = આહાર લે તે એકપિંડિક.] ક્રમે કરીને બધા રાજગૃહનગરમાં આવ્યા. સાર્થવાહે પોતાના ઘરે જ તેનો મઠ કરાવ્યો. તેણે પણ માથું મુંડાવ્યું. ભગવા રંગથી રંગેલાં વસ્ત્રોને પહેરનાર તે નગરમાં પ્રસિદ્ધ બની ગયો. પછી તો શેઠ આહાર આપતો હોવા છતાં તે શેઠનો આહાર ઇચ્છતો ન હતો. પારણાના દિવસે લોકો પોતપોતાના ઘરમાં તેના માટે તૈયારીઓ કરી રાખતા હતા. પણ આ એક ઘરે પારણું કરીને પાછો વળી જતો

---

૧. સાધુનો વેશ ન હોવાથી અવ્યક્ત લિંગ (=વેશ) વાળો છે.

૨. એક જ વસ્તુ હોય તેવી દવાને ઔષધ કહેવાય અને જેમાં ઘણી વસ્તુઓ હોય તેવી દવાને ભૈષજ કહેવાય. ખાદ્ય=ચાવીને ખાવા લાયક. પેય=પીવા લાયક.

હતો. જેના ઘરે પારણું કર્યું હોય તે સિવાયના લોકો આણે કોના ઘરે પારણું કર્યું એ ખબર ન પડવાથી પોતાના ઘરોમાં આહાર લઇને તેની રાહ જોયા કરતા હતા. તેથી બીજાઓને ખબર પડે એ માટે ઇંદ્રનાગ પ્રત્યે ભક્તિવાળા નગરલોકોએ પરસ્પર મળીને સંકેત કર્યો કે આ મુનિવર જે કોઇનો આહાર લે તેણે લોકોને ખબર પડે એ માટે ભેરી વગાડવી, જેથી પારણાનું જ્ઞાન થતાં લોકો પોતપોતાના કામમાં લાગી જાય. આ પ્રમાણે કાળ પસાર થાય છે.

હવે એકવાર પુર, પત્તન, ગામ, ખાણ અને નગરોથી વિભૂષિત પૃથ્વી ઉપર વિહાર કરતા શ્રી વર્ધમાનસ્વામી ત્યાં ગુણશીલ ઉદ્યાનમાં પધાર્યા. સૂત્રપોરિસિ અને અર્થપોરિસિ પૂર્ણ થયા પછી ભિક્ષા માટે નીકળતા શ્રી ગૌતમસ્વામીને શ્રી વીરે "અત્યારે અનેષણા છે" એમ કહીને રોકયા. ગૌતમસ્વામીએ પૂછ્યું: હે સ્વામી! અનેષણાનું કારણ શું છે? સ્વામીએ કહ્યું: હે ગૌતમ! ઇંદ્રનાગનું પારણું છે. હમણાં બધાય લોકો તે કાર્યમાં વ્યાકુલ બનેલા છે. જેથી પ્રમાદી તે લોકો આપે તો પણ અનેષણા કરે. ક્ષણ માત્ર વીતી ગયા પછી ભગવાને કહ્યું: હમણાં ભિક્ષા માટે જા, અને તે મુનિને જોઇને આ પ્રમાણે કહેજે, હે અનેકપિંડિક! તને એકપિંડિક જોવાને ઇચ્છે છે. ગૌતમમુનિ પણ 'ઇચ્છં' (= હું ઇચ્છું છું) એમ કહીને નીકળ્યા. માર્ગમાં જતા શ્રી ગૌતમસ્વામીએ તેને આવતો જોયો અને ભગવાને કહ્યું હતું તેમ કહ્યું. તેથી તે ગુસ્સે થઇને બોલ્યો: એક ઘરમાં જ લેતો હું અનેકપિંડિક કેવી રીતે? બીજાઓની જેમ હું ભિક્ષા માટે ઘરે ઘરે ફરતો નથી. ક્ષણ પછી શાંત થયેલા તેણે વિચાર્યું કે– હા, મને જેવો કહ્યો તેવો હું છું. કારણ કે મારા પારણામાં લોકો અનેક ઘરોમાં આહાર તૈયાર કરે છે. આ મુનિવરો પોતાના માટે નહીં કરેલો અને નહીં કરાવેલો આહાર લે છે. માટે હું અનેકપિંડિક છું અને આ સાચે જ એકપિંડિક છે. એ પ્રમાણે વિચારતા તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વે ભણેલું શ્રુત યાદ આવ્યું. દેવતાએ આપેલો સાધુવેશ પહેર્યો. પ્રખ્યાત કીર્તિવાળો તે પ્રત્યેકબુદ્ધ થયો. કેવલજ્ઞાન ઉત્પન્ન થતાં ઇંદ્રનાગ અધ્યયન કહ્યું, અને બધાં કર્મોનો નાશ કરી મોક્ષને પ્રાપ્ત કર્યું. આ પ્રમાણે મિથ્યાત્વના કદાગ્રહનો અભાવરૂપ ગુણથી જેમ ઇંદ્રનાગે સમ્યક્ત્વ વગેરે ગુણો પ્રાપ્ત કર્યા, તેમ બીજાઓ પણ પામે. [૭]

શ્રુતદેવીની કૃપાથી મિથ્યાત્વનું પાંચમું દ્વાર કહ્યું. હવે ક્રમથી આવેલું મિથ્યાત્વનું યતનાદ્વાર કહીએ છીએ:–

**जयणा लहुयागरुई, अम्मडसीसेहिऽदत्तभीएहिं ।**
**मरणब्भुवगमकरणं, बंभे कप्पे समुप्पण्णा ॥ ८ ॥**

**ગાથાર્થ**:– યતના એટલે લાઘવ–ગૌરવ. અદત્તાદાનની વિરતિના ભંગથી ભય પામેલા અંબડ પરિવ્રાજકના શિષ્યોએ મરણનો સ્વીકાર કર્યો એ મિથ્યાત્વની યતના છે. તેઓ બ્રહ્મલોક કલ્પમાં ઉત્પન્ન થયા.

**ટીકાર્થ**:-અહીં મિથ્યાત્વની યતના પ્રસ્તુત છે. આથી યતનાનું સામાન્ય લક્ષણ જણાવીને મિથ્યાત્વસંબંધી યતના (આ ગાથામાં) જણાવે છેઃ- યતના એટલે લાઘવ-ગૌરવ. જેના વડે કાર્યમાં વિશેષ યત્ન કરાય તે યતના. પ્રસ્તુતમાં યતના એટલે લાઘવ-ગૌરવનો વિચાર કરવો. **ભાવાર્થ**:-શાસ્ત્રાનુસારી સૂક્ષ્મબુદ્ધિથી લાઘવ-ગૌરવના વિચાર-પૂર્વક થોડા લાભનો ત્યાગ કરીને અધિક લાભનો સ્વીકાર કરવો એ યતના. (આ યત-નાનું સામાન્ય લક્ષણ છે.) મિથ્યાત્વ સંબંધી યતનાને જણાવવા માટે ઉદાહરણ કહે છેઃ- અદત્તાદાનની વિરતિના ભંગથી ભય પામેલા અંબડ પરિવ્રાજકના શિષ્યોએ મરણનો સ્વીકાર કર્યો એ મિથ્યાત્વની યતના છે.

**પ્રશ્ન**:-આ યતના અદત્તાદાનની વિરતિ સંબંધી છે, મિથ્યાત્વ સંબંધી નથી. તેથી આ અપ્રસ્તુત કેમ કહ્યું? **ઉત્તર**:-જેમ ચારિત્રીના ચારિત્રના પરિણામથી રંગા-યેલાં બાહ્ય સર્વ અનુષ્ઠાનો ચારિત્ર કહેવાય છે, તેમ મિથ્યાદષ્ટિના મિથ્યાત્વથી રંગાયેલાં બધાં અનુષ્ઠાનો મિથ્યાત્વ કહેવાય છે. આથી આ યતના મિથ્યાત્વસંબંધી હોવાથી અપ્ર-સ્તુત કહ્યું નથી = પ્રસ્તુત કહ્યું છે.

**પ્રશ્ન**:-અંબડ પરિવ્રાજકના શિષ્યો સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિધર હતા એમ (શાસ્ત્રમાં) સંભળાય છે, તો આ યતના મિથ્યાત્વસંબંધી કેવી રીતે છે? **ઉત્તર**:-પરિ-વ્રાજકપણું મિથ્યાદષ્ટિ જીવોનું અનુષ્ઠાન છે. એથી અંબડના શિષ્યો સમ્યગ્દષ્ટિ અને દેશવિરતિધર હોવા છતાં એ વ્યવહારમાં મિથ્યાદષ્ટિઓ જેવા ગણાય છે. વ્યવહાર પ્રધાન છે. આ વિષે (પંચવસ્તુ ગાથા ૧૭૨) કહ્યું છે કે-

**"જો તમે જિનમતનો સ્વીકાર કરો છો તો વ્યવહાર અને નિશ્ચય નયને મૂકો નહિ. કારણ કે વ્યવહાર વિના તીર્થનો ઉચ્છેદ થાય અને નિશ્ચય વિના તત્ત્વનો ઉચ્છેદ થાય."**

આ જ વિષયને ફલથી બતાવતા ગ્રંથકાર કહે છેઃ- અંબડના શિષ્યો મિથ્યાત્વની યતનાના પ્રભાવથી બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકમાં ઉત્પન્ન થયા. અન્યથા તેઓ સમ્યગ્દષ્ટિ હોવાથી કોઈક બારમા અચ્યુત દેવલોકમાં પણ ઉત્પન્ન થયા હોત. કહ્યું છે કે-

**"શ્રાવકો ઉત્કૃષ્ટથી અચ્યુત (બારમા) દેવલોક સુધી તથા ચરક અને પરિવ્રાજકો ઉત્કૃષ્ટથી બ્રહ્મલોક (ચોથા) દેવલોક સુધી ઉત્પન્ન થાય છે."**

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો કથાથી જાણવો. તે કથા આ પ્રમાણે છેઃ-

## અંબડ શિષ્યોનું દૃષ્ટાંત

ભરતક્ષેત્રમાં જેમને દિવ્ય અને વિમલ કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે, જે ક્ષાયિક દર્શન અને ચારિત્ર વગેરે ગુણરૂપી રત્નોથી શોભિત છે, ત્રણ જગતને જીતી લેનારા

કામદેવરૂપી મહાનશત્રુ ઉપર વિજય મેળવીને જેમણે અસીમ મહિમાનો સમૂહ પ્રાપ્ત કર્યો છે, અને જે શ્રી સિદ્ધાર્થરાજાના પુત્ર છે એવા શ્રી મહાવીર ભગવાન ભરતક્ષેત્રમાં જ્યારે વિચરતા હતા ત્યારે આઠ બ્રાહ્મણ પરિવ્રાજકો હતા. તે આ પ્રમાણેઃ– કૃષ્ણ, દ્વીપાયન, કંડુ, કરકંડુ, પરાશર, અંબડ, દેવગુપ્ત અને નારદ. તે સાંખ્યશાસ્ત્ર વગેરે શાસ્ત્રોમાં કુશળ હતા, ચૌદ વિદ્યાસ્થાનોને પાર પામેલા હતા, દાન, શૌચ, તીર્થાભિષેક વગેરેથી ધર્મ થાય એમ કહેતા હતા, પાણી અને માટીથી પ્રક્ષાલન કરવાથી શુદ્ધિ થાય એમ શૌચાચારનું વર્ણન કરતા હતા, શૌચના પાલનમાં તત્પર હતા, અમારો આત્મા (તીર્થના) અભિષેકથી પવિત્ર થયો છે, અમે વિઘ્ન વિના સ્વર્ગમાં જઇશું એમ પ્રરૂપણા કરતા વિચરતા હતા. કૂવો, તળાવ વગેરેના પાણીમાં પડવું (= સ્નાન કરવું), હાથી, અશ્વ, રથ વગેરે વાહન ઉપર બેસવું, મલ્લ, નટ વગેરેનું નાટક જોવું, સ્ત્રીકથા વગેરે વિકથા કરવી, વનસ્પતિનું સંઘટ્ટન વગેરે અનર્થદંડનું આસેવન, બહુ મૂલ્યવાળાં વિવિધ વસ્ત્રો, આભૂષણો અને ઉપકરણો ધારણ કરવા, પુષ્પમાળા વગેરે ભોગસાધનોના સંબંધ કરવો = ઉપયોગ કરવો, આ બધું તેમને કલ્પે નહિ. ગેરુથી રંગેલ એક વસ્ત્ર ધારણ કરવું, અનામિકા (=છેલ્લી અને વચલી આંગળીની વચ્ચે રહેલી) આંગળીમાં ઘાસની વીંટી પહેરવી, કાનમાં કાનનું આભૂષણ પહેરવું, ગંગાની માટીથી લલાટે તિલક કરવું, પીવા માટે અને સ્નાન–હાથપગ ધોવા માટે અનુક્રમે મગધદેશમાં પ્રસિદ્ધ એક પ્રસ્થ (=શેર) અને અર્ધ આઢક (=બે શેર) જેટલું પાણી લેવું, સ્વચ્છ, ગાળેલું અને ધીમે વહેતું હોય તેવું પાણી લેવું, બીજાએ આપેલું પાણી લેવું, (જાતે ન લેવું,) આવા પ્રકારનાં બીજાં પણ સ્વશાસ્ત્રમાં કહેલાં અનુષ્ઠાનોને આચરતા હતા. આવી ક્રિયામાં તત્પર તે મરણ સમયે મૃત્યુ પામીને બ્રહ્મલોક (પાંચમા) દેવલોકમાં ઉત્કૃષ્ટથી દશસાગરોપમની સ્થિતિવાળા દેવ થયા.

તેમાં સાત સો શિષ્યોના પરિવારવાળા અંબડ પરિવ્રાજકે એકવાર ભગવાન શ્રી મહાવીરની દેશના સાંભળીને અણુવ્રતો, ગુણવ્રતો અને શિક્ષાવ્રતોનો સ્વીકાર કર્યો, જીવ–અજીવ વગેરે સર્વ તત્ત્વોનું જ્ઞાન મેળવ્યું, સર્વપ્રકારે મૈથુન વિરમણવ્રતનો સ્વીકાર કર્યો, આધાકર્મ વગેરે દોષોથી દુષ્ટ આહાર–પાણી વગેરેનો ત્યાગ કર્યો. પૂર્વોક્ત પરિવ્રાજકગુણોથી યુક્ત અને કાંપિલ્યપુરમાં રહેનાર તે પરમ શ્રાવક થયો. ક્યારેક તેના શિષ્યો જેમાં દિવસો અતિશય વધેલા પ્રબળ તાપવાળા બની ગયા હતા તેવા જેઠ મહિનામાં બધા લોકો પ્રચંડ સૂર્ય કિરણોના ઘણા તાપથી તપી જતા હતા ત્યારે વિહાર કરવા કાંપિલ્યપુરથી પુરિમતાલનગર તરફ ચાલ્યા. મોટી અટવી આવી ત્યાં સુધી ગયા. એ [1]અટવી

---

૧. અહીં અટવીના વર્ણનમાં દ્વ્યર્થક શબ્દોનો પ્રયોગ કર્યો છે. તે આ પ્રમાણે :–સેનાના પક્ષમાં **पुण्डरीक** = હાથી, **हरि** = અશ્વ, **पत्र** = વાહન, **रथ** = રથ. યુદ્ધના પક્ષમાં **निशाचर** = રાવણપક્ષના વિદ્યાધરો, **बिभीषण** = રાવણબંધુ, **नील-नल** = રામચંદ્રજીના પક્ષના વિદ્યાધરો. વિજયયાત્રાના પક્ષમાં **विसारिन्** = ફેલાનારી, **वाहिनी** = સેના, **आशा** = દિશા. **दक्षा** = પૃથ્વી.

આમ–તેમ નજર કરતાં જાણે મહારાજાની સેના હોય તેમ સેંકડો કમળોથી સંકીર્ણ હતી, વિવિધ વાનર અને પક્ષીઓથી સુશોભિત હતી, જાણે રામ–રાવણની યુદ્ધભૂમિ હોય તેમ ભયંકર રાક્ષસો તેમાં ફરી રહ્યા હતા, નલનામના શ્યામ ઘાસથી અલંકૃત હતી, જીતવાની ઇચ્છાવાળા રાજાની જાણે વિજયયાત્રા ન હોય તેમ માછલાવાળી નદી તેમાં હતી, પૃથ્વી ઉપર કાશ નામનું ઘાસ હતું, તેમાં ક્યાંય મનુષ્યો ન દેખાતા હોવા છતાં [1]વિવિધ વૃક્ષોને ધારણ કરનારી હતી, [2]હરડેથી યુક્ત હોવા છતાં પાંદડાથી રહિત ન હતી.

તે નિર્જનભૂમિમાં કેટલોક ભૂમિભાગ ઓળંગી ગયા પછી એમનું પૂર્વે લીધેલું પાણી પૂરું થઈ ગયું. તેથી તેઓ તૃષાથી દુઃખી થયા. પાણી આપનારા બીજાને નહિ જોતા તેમણે આ પ્રમાણે વિચાર્યું: પહેલાં લીધેલું આપણું પાણી હમણાં પૂરું થઈ ગયું છે, સારી રીતે જોવા છતાં પાણી આપનાર બીજો કોઈ આપણે જોયો નહિ. સ્વયં પાણી લેવું આપણને કલ્પે નહિ. આથી આપણને હમણાં મરણ એ જ કલ્યાણ છે. કારણ કે કહ્યું છે કે–" **પ્રવેશ માટે બળેલો અગ્નિ સારો છે, અર્થાત્ અગ્નિમાં પ્રવેશ કરીને બળી જવું એ સારું છે, પણ લાંબા કાળ સુધી એકઠું કરેલું = પાળેલું વ્રત ભાંગે એ સારું નથી. સુવિશુદ્ધ કર્મથી (= સમાધિ રહે તેવા કોઈ ઉપાયથી) મૃત્યુ થાય એ સારું છે, (અથવા જેણે સુવિશુદ્ધ કર્મ કર્યું છે તેનું મૃત્યુ સારું છે,) પણ વ્રત ખંડન કરનારનું જીવિત સારું નથી."** આ પ્રમાણે સર્વસંમત વિચારણા કર્યા પછી તેમણે ત્રિદંડ, કુંડિકા વગેરે ઉપકરણોનો એકાંતમાં ત્યાગ કર્યો. પછી ગંગા મહાનદીના કિનારાના કોરા ભાગમાં રેતીનો સંથારો પાથરીને, તેના ઉપર પલ્યંક આસને પૂર્વાભિમુખ બેસીને, લલાટે અંજલિ જોડીને, શક્રસ્તવથી અરિહંત ભગવાનની સ્તુતિ કરીને, વર્તમાન તીર્થાધિપતિ શ્રી મહાવીરસ્વામીને અને ધર્માચાર્ય અંબડ પરિવ્રાજકને વિશેષથી વંદન કર્યું. પછી પૂર્વે જાવજ્જીવ સુધી લીધેલા સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, સર્વપ્રકારે મૈથુન વિરમણ અને પરિગ્રહ વિરમણ વ્રતને યાદ કરીને હમણાં પણ ફરી શ્રમણ ભગવાન મહાવીરની પાસે સર્વ પ્રાણાતિપાતનું પચ્ચક્‌ખાણ કરીએ છીએ ઇત્યાદિ ક્રમથી સર્વ વ્રતો ઉચ્ચર્યાં. અઢાર પાપસ્થાનોને વોસિરાવ્યા. જાવજ્જીવ ચાર આહારનો ત્યાગ કર્યો. અંતિમ શ્વાસોશ્વાસમાં શરીરનો પણ અમોએ ત્યાગ કર્યો છે

૧. **चिट-विहिता** એમ શ્લેષ કરીને ક્યાંય મનુષ્યો ન દેખાતા હોવા છતાં **नट** = વ્યભિચારી પુરુષોથી **पिहित** = ઢંકાયેલી હતી એવો અર્થ થાય.

૨. અહીં બીજો અર્થ આ પ્રમાણે છે:–**शिव** = મહાદેવ, **अनगता** = સેવિકા, **अपर्णा = अपगतमृणं यस्याः सा = अपर्णा, न अपर्णा = नापर्णा**। શિવની સેવિકા હોવા છતાં ઋણથી રહિત ન હતી.

એમ ચિત્તમાં ધારણા કરીને પાદપોપગમન અનશન કર્યું. પછી કેટલાક દિવસો સુધી અનશનમાં રહીને આલોચના–પ્રતિક્રમણ કરીને, સમાધિથી કાળ કરીને, પાંચમા બ્રહ્મલોક દેવલોકમાં દશસાગરોપમની સ્થિતિવાળા દેવ થયા. આ પ્રમાણે તેમણે નહિ આપેલું લેવા રૂપ થોડો લાભ છોડીને મરણરૂપ અધિક લાભનો સ્વીકાર કરીને મિથ્યાત્વવચતનાનું સેવન કર્યું, એ પ્રમાણે પ્રસ્તુતમાં સંબંધ છે.

હવે અંબડપરિવ્રાજક કથાનો પ્રસંગથી આવેલો સંબંધ કંઇક કહેવામાં આવે છે: વિવિધ કૌતુકથી સઘળા લોકોને વશ કરનાર તે પરિવ્રાજકપતિ કાંપિલ્પપુરમાં રહેતો હતો. એક વાર તેના ગુણોના અનુરાગથી આનંદ પામેલા લોકો પાસેથી તેના ગુણોને સાંભળીને શ્રી ગૌતમસ્વામીએ ચોક્કસ જાણવા માટે ભગવાન શ્રી મહાવીરસ્વામીને વિધિ-પૂર્વક પૂછ્યું: હે ભગવંત! લોકો કહે છે કે– અંબડપરિવ્રાજક કાંપિલ્યપુરમાં સેંકડો ઘરોમાં ભોજન કરે છે, એ પ્રમાણે સેંકડો ઘરોમાં રહે છે વગેરે, તો શું આ સાચું છે? ભગવાને કહ્યું: સાચું છે. કેવી રીતે આ સાચું છે? એમ પૂછાયેલા ભગવાને ફરી કહ્યું: હે ગૌતમ! પ્રકૃતિભદ્રતા, વિનય વગેરે ગુણોથી યુક્ત, છટ્ઠ–અટ્ઠમ વગેરે તપથી શરીરને સુકવી નાખનાર, સૂર્ય તરફ મોઢું રાખીને બે બાહુ ઊંચા કરીને આતાપના વગેરે કાય-ક્લેશનો અનુભવ કરનાર, ઉત્તરોત્તર શુભ પરિણામના કારણે વિશુદ્ધ થતી લેશ્યાવાળા અંબડપરિવ્રાજકને વૈક્રિયશક્તિ અને અવધિજ્ઞાનને આવરનારા કર્મોના ક્ષયોપશમથી વૈક્રિય-શક્તિ અને અવધિજ્ઞાન પ્રગટ થયાં છે. તેથી તે લોકોને વિસ્મય પમાડવા માટે બધું જ કરે છે. આ પ્રમાણે સાંભળીને વિનયથી અંજલિ કરીને ફરી વિનંતિ કરી: હે સ્વામી! આવી લબ્ધિવાળો આ અંબડપરિવ્રાજક સર્વવિરતિના પરિણામને ક્યારે અનુભવશે? કેવી રીતે કાળ કરશે? કાળ કરીને ક્યાં ઉત્પન્ન થશે? સઘળાં કર્મોનો ક્ષય કરીને મોક્ષને ક્યારે પામશે? આ પ્રમાણે પૂછાયેલા ભગવાને ફરી કહ્યું: હે ગૌતમ! આ આ ભવમાં સર્વવિરતિને નહિ પામે, અને દેશવિરતિના પરિણામથી પડશે પણ નહિ. પૂર્વોક્ત અનેક ગુણસમૂહથી યુક્ત તે અનેક લોકો ઉપર ઉપકાર કરતો કરતો ઘણાં વર્ષો સુધી શ્રમણોપાસક પર્યાયને પાળશે. ત્યારબાદ અવધિજ્ઞાનથી મરણ નજીક જાણીને, માસિક સંલેખના કરીને અનશનથી સાઇઠ ભક્તનો ત્યાગ કરીને, આલોચન–પ્રતિક્રમણ કરીને, સમાધિથી કાળ કરશે. સમાધિથી કાળ કરીને બ્રહ્મલોક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થશે. ત્યાં દશ સાગરોપમ સુધી દેવભવનું સુખ અનુભવીને પોતાના આયુષ્યનો ક્ષય ~~થતાં~~ ચ્યવીને મહાવિદેહ ક્ષેત્રમાં ઉત્પન્ન થશે. ત્યાં તેનો જન્મ થતાં જન્મસંબંધી વ્યવહાર થઈ ગયા પછી બારમા દિવસે "તે ગર્ભમાં હતો ત્યારે માતા–પિતાની ધર્મમાં દઢ પ્રતિજ્ઞા હતી" એ કારણથી પોતાના કુળના મોટા માણસો તેનું 'દઢપ્રતિજ્ઞ' એવું યથાર્થ નામ કરશે. પછી શુક્લપક્ષના ચંદ્રની જેમ પ્રતિદિન વધતો તે કંઈક અધિક આઠ વર્ષનો થશે.

ત્યારે શુભ તિથિ–કરણ–યોગ–નક્ષત્ર–દિવસ–મુહૂર્તમાં તેના માતા–પિતા તેને કલાચાર્યની પાસે લઈ જશે. તે પણ થોડા જ કાળમાં સઘળી કળાઓમાં કુશલ બનશે. નવયૌવનમાં વર્તવા છતાં અને સઘળાં ભોગસાધનો મળવા છતાં સાંસારિક સુખમાં નિઃસ્પૃહ થશે. એકવાર તેવા આચાર્યની પાસે ધર્મદેશના સાંભળીને, સંસારના અસાર સ્વરૂપને જાણીને; મોક્ષ [1]એકાંતિક–આત્યંતિક પરમ સુખ સ્વરૂપ છે એમ વિચારીને, જન્મ–જરા–મરણ વગેરેની પ્રવૃત્તિથી (=પરંપરાથી) કંટાળેલો તે જન્માદિનો ઉચ્છેદ કરનારી, અરિહંત ભગવાને કહેલી, સર્વ સાવદ્યની નિવૃત્તિરૂપ દીક્ષાને ઘણા ઠાઠ–માઠથી લેશે. પછી થોડા કાલ સુધી સર્વ અતિચારોથી રહિત દીક્ષા પાળશે. પછી ઉત્તરોત્તર પરિણામની વિશુદ્ધિ થવાથી ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈને ઘાતીકર્મોનો ક્ષય કરીને સકલ લોકાલોકને પ્રકાશિત કરવા સમર્થ એવા કેવલજ્ઞાનને ઉત્પન્ન કરશે. પછી અનેક ભવ્ય લોકો ઉપર ઉપકાર કરતો તે ઘણાં વર્ષો સુધી કેવલિપર્યાયથી વિચરશે. પછી માસિક સંલેખનાથી આત્માને સંલેખીને, અનશનથી સાઈઠ ભક્તનો ત્યાગ કરીને, અંતર્મુહૂર્ત જેટલું આયુષ્ય બાકી રહેશે ત્યારે પાંચ હ્રસ્વાક્ષરના ઉચ્ચાર જેટલા કાળવાળી યોગનિરોધ અવસ્થાને અનુભવીને; ભવોપગ્રાહી ચાર કર્મની સાથે શરીરને છોડીને, અવિગ્રહગતિથી એક સમયમાં સિદ્ધ થશે. [ ૮ ]

ઉદાહરણ સહિત છઠ્ઠા યતનાદ્વાર વડે મિથ્યાત્વનું વ્યાખ્યાન કર્યું, હવે સાતમા અતિચારદ્વાર વડે મિથ્યાત્વને કહે છે :–

**अइयरणं जहजायं, सिवमुग्गलमाइ दीवबंभेसु ।**
**परिवडियविहंगाणं, संकियमाईहिं सुत्तेहिं ॥ ९ ॥**

**ગાથાર્થ** :– સાત દ્વીપ–સમુદ્ર સંબંધી વિભંગજ્ઞાન જેનું જતું રહ્યું એવા શિવરાજર્ષિને અને પાંચ દેવલોક સંબંધી વિભંગજ્ઞાન જેનું જતું રહ્યું છે એવા મુદ્ગલ પરિવ્રાજકને જિનવચનમાં શંકા આદિથી જેવી રીતે મિથ્યાત્વમાં અતિચારો થયા તે પ્રમાણે અહીં કહેવામાં આવે છે.

**ટીકાર્થ** :– અહીં અતિચાર શબ્દથી સમ્યક્ત્વના શંકા, કાંક્ષા, વિચિકિત્સા આદિ અતિચારો સમજવા, મિથ્યાત્વનો સર્વથા ત્યાગ ન સમજવો. જો અતિચાર મિથ્યાત્વના સર્વથા ત્યાગરૂપ હોય તો અતિચારદ્વારમાં ભંગદ્વારથી કોઈ વિશેષતા ન રહે.

ગાથાનો આ અક્ષરાર્થ છે. ભાવાર્થ તો બે કથાઓથી જાણવો. તે બે કથા આ પ્રમાણે છે :–

---

૧. એકાંતિક=દુઃખરહિત. આત્યંતિક=અનંત.

## શિવરાજર્ષિનું દૃષ્ટાંત

ઉપર ઉપર વસેલા ગામ, નગર અને [1]મડંબથી સંકીર્ણ, કિંનર, મનુષ્ય અને વિદ્યાધરોના પરિવારથી યુક્ત એવા પ્રદેશથી રમણીય, સ્ત્રીજનોના મુખથી સરખાવાતા કમલોથી સુંદર સરોવરવાળો, જેના સરોવરના કિનારે કારંડ, હંસ અને ચક્રવાકોનો સમૂહ શોભી રહ્યો છે તેવો, ક્રોધાદિ દોષોથી રહિત અને વિચરતા એવા અનેક મુનિગણોથી પવિત્ર, કુબેરનો ઉપહાસ કરે તેવી નગરીઓની ઋદ્ધિરૂપ ગુણ જેનો પ્રસિદ્ધ છે તેવો એક દેશ હતો. વળી- પહેલાં તે દેશમાં શ્રી આદિનાથનો પુત્ર કુરુ રાજા હતો, તેથી તેના નામથી તે દેશ પણ 'કુરુ' એવા નામથી પ્રસિદ્ધ થયો. વળી તે દેશમાં સ્થાને સ્થાને ભૂમંડલને (=ભૂમંડલના લોકોને) આનંદ જનક ઉદ્યાન સહિત નગરો અને કમલ સહિત સરોવરો દેખાતા હતા. તે દેશમાં વિવિધ મનોહર અનેક સુરભિ વનોની શ્રેણિઓથી મનોહર સ્વર્ગના જેવું અને [2]સતી સ્ત્રીઓના વિલાસોથી યુક્ત હસ્તિનાપુર નગર હતું. જેમના શત્રુઓ નાશ પામ્યા હતા એવા પણ પૂર્વના રાજાઓએ કળિકાળમાં (શત્રુઓના) પ્રવેશને રોકવા માટે તેમાં અલંઘ્ય કિલ્લો કરાવ્યો હતો. તે નગર માનસ સરોવરની જેમ [3]અતિશય પાણીવાળું અને રાજહંસ સહિત હતું. સુતપસ્વીઓના મનની જેમ બધી [4]પૃથ્વીઓમાં મુખ્ય હતું. વળી- ત્યાં કેવલ ચંદ્ર જ દુષ્ટ, શંકાસહિત અને કલંક સહિત હતો, કેવલ સૂર્ય જ સંતાપ કરનાર, તીવ્ર અને કષ્ટથી જોઈ શકાય તેવો હતો. અર્થાત્ ચંદ્ર સિવાય બીજો કોઈ માણસ દુષ્ટ, શંકાસહિત અને કલંકસહિત ન હતો અને સૂર્ય સિવાય બીજો કોઈ માણસ સંતાપ કરનારો, તીવ્ર અને કષ્ટથી જોઈ શકાય તેવો ન હતો. [ચંદ્રના પક્ષમાં दोसायर=રાત્રિને કરનાર, ससांक=હરણ જેના ખોળામાં છે તે, **सकलंक**=હરણના કલંકથી સહિત.] ત્યાં હંસગણ બિસ (=કમલનો દાંડલો) ખાતો હતો અને પક્ષિસમૂહ વિવિધરૂપથી યુક્ત હતો. ધર્મ વગેરે ત્રિવર્ગના સારમાં તત્પર તે દેશમાં રહેનારા લોકો બહુ ખાનારા ન હતા અને કુરૂપવાળા ન હતા. [બીજા અર્થમાં बिस=ઘણું, विरुव=કુરૂપ] ત્યાં મહાશત્રુરૂપી હાથીઓના ગંડસ્થલને ભેદવા માટે સિંહસમાન, કમલદલ જેવા લોચનવાળો, લોકોની આંખોને આનંદ આપનાર, આજ્ઞામાત્રથી વશ કરાયેલા અનેક સામંત રાજાઓ જેના ચરણ કમલમાં નમેલા છે તેવો, લક્ષ્મીનું સ્થાન અને 'શિવ' એવા નામથી પ્રસિદ્ધ રાજા હતો. રામપત્ની સીતા જેવી અને મહાદેવપત્ની ગૌરી જેવી મનોહર તથા રામસેનાની જેમ [5]લક્ષણોથી સહિત ધારિણી નામથી પ્રસિદ્ધ તેની પત્ની હતી. તે

૧. જેની ચારે બાજુ એક યોજન સુધી કોઈ ગામ ન હોય તેવું ગામ.

૨. સ્વર્ગના પક્ષમાં **सई**=ઇંદ્રાણી.

૩. બીજા અર્થમાં અતિશય વેપારવાળું, રાજારૂપી હંસથી સહિત હતું.

૪. તપસ્વીઓના પક્ષમાં બધાં ક્ષમાધારીઓમાં મુખ્ય હતું.

૫. રામસેનાના પક્ષમાં **सलक्खणा**=લક્ષ્મણ સહિત.

જાણે કામદેવ માટે વિધાતાએ ત્રણ જગતમાં ઉત્તમ લાવણ્ય વગેરે ગુણોથી બનાવેલી ત્રણ ભુવનની જયપતાકા હોય તેવી હતી. તેની સાથે પુણ્યના પ્રભાવથી ઉત્પન્ન થયેલા (=પ્રાપ્ત થયેલા) પાંચ પ્રકારના વિષયસુખને અનુભવતા તેનો કેટલોક કાળ પસાર થયો. એક વાર સુખપૂર્વક સૂતેલી ધારિણી મહાદેવીએ રાત્રિના છેલ્લા પહોરમાં સ્વપ્નમાં પોતાના ખોળામાં બેઠેલા સિંહને જોયો. મધના જેવી પિંગલ (=કાળો–પીળો મિશ્રિત) રંગવાળી કેશરાઓથી દેદીપ્યમાન; સફેદ રંગથી સેંકડો હારોને જીતનાર, શરદઋતુના મેઘની જેમ વિદ્યુત્લતાથી સહિત એવા સિંહને જોયો. એટલામાં પ્રાભાતિક મંગલગીતોના શબ્દોથી યુક્ત વાજિંત્રનાદથી જાગેલી તેણે વિચાર્યું: આ સ્વપ્ન મેં પૂર્વે ક્યારેય જોયું નથી, આજે જોયું. તેથી પતિની પાસે જઈને પતિને જ કહું. આ પ્રમાણે વિચારીને જેવું સ્વપ્ન જોયું હતું તેવું સ્વપ્ન પતિને કહ્યું. તેણે પણ સ્વપ્નશાસ્ત્રના અનુસારે વિચારીને આ પ્રમાણે કહ્યું:– હે સુંદરી તને શત્રુરૂપી હાથી માટે સિંહસમાન શ્રેષ્ઠ પુત્ર થશે. તેના વચનને સાંભળીને ઘણા પ્રમોદથી તેના શરીરમાં ઘણાં રોમાંચ પ્રગટ થયાં. એથી તે નવા વર્ષાદમાં અંકુરાવાળી પૃથ્વીની જેવી થઈ. પૂર્વના સુકૃતશેષના પ્રભાવથી તેને ત્યારે જ ગર્ભ રહ્યો. તે પણ સુખપૂર્વક વિધિથી ગર્ભનું પાલન કરતી હતી. તેના મનને અનુકૂલ દોહલાઓ પૂરવામાં આવતા હતા. એથી સ્વસ્થ એવી તેણે એક વાર દેવકુમાર જેવા પુત્રને જન્મ આપ્યો. પ્રિયંવદા નામની દાસીએ રાજાને પુત્રજન્મની વધામણી આપી. રાજાએ તેને શરીરે રહેલાં આભૂષણો બક્ષીસ આપ્યાં. મહાવધામણી શરૂ કરી. વધામણી આ પ્રમાણે હતી:– વધામણીમાં આનંદથી (એક બીજાનાં) વસ્ત્રોનું હરણ થઈ રહ્યું હતું, પૂજાનાં પાત્રોનો પ્રવેશ થઈ રહ્યો હતો, ભાટો અને વિદ્યાર્થીઓ પાઠ કરી રહ્યા હતા, અશ્વસમૂહનું દાન થયું હતું, ઘણા બંદીજનો ભેગા થઇ રહ્યા હતા, સ્ત્રીજન ક્રીડા કરી રહ્યો હતો, કેદીસમૂહને મુક્ત કરવામાં આવ્યો હતો, વાજિંત્રોના શબ્દોનો અવાજ થઈ રહ્યો હતો, ભોજનથી સત્કાર થતો હતો, સતત દાન થતું હતું, બજારોની શોભા કરવામાં આવી હતી, વધામણી જનસમૂહના ચિત્તને મુગ્ધ કરતી હતી, તેલને વહન કરનારા તેલ વહન કરી રહ્યા હતા, કંકુનો સમૂહ ઉડી રહ્યો હતો, તંબોલ અને પુષ્પો એક સ્થળેથી બીજા સ્થળે લઇ જવાતાં હતાં, પાપથી નિવૃત્તના ચિત્તનો નાશ કરતી હતી, અર્થાત્ ત્યાગીના ચિત્તમાં પણ રાગાદિ થાય તેવી વધામણી હતી, સુંદર ઢોલ, કાંસી જોડા અને મૃદંગોનો ગંભીર અવાજ થઈ રહ્યો હતો, કેશરના છાંટણાં કરવામાં આવ્યાં હતાં, માંડવાઓથી વાદળો કરવામાં આવ્યા હતા, (અર્થાત્ બહુ ઊંચા માંડવા બાંધ્યા હતા,) તરુણ સ્ત્રીઓ મંગલગીતો ગાઇ રહી હતી, અર્થીઓને અપાતા ધનના કરાયેલા ઢગલાઓનો સંગ્રહ કર્યો હતો, હર્ષને અત્યંત વશ બનેલો યુવતિજન નૃત્ય કરી રહ્યો હતો, આકાશમંડલ જય જય એવા અવાજથી ઘેરાઈ ગયું હતું, મહાવધામણી સકલ નગરજનોને આનંદથી નૃત્ય કરાવતી હતી, આવા પ્રકારની ત્યાં વધામણી થઈ. વધામણી થઇ

જતાં અને સર્વ [1]જાતકર્મ કર્યા પછી નિયત સમયે કુમારનું શિવભદ્ર એવું નામ કર્યું. દેહવૃદ્ધિથી અને કલાસમૂહથી વધતો તે કુમાર સકલજનોને પ્રશંસનીય યૌવનને પામ્યો. કામદેવરૂપી વાદળ માટે આકાશ સમાન તે કામદેવના બાણના શલ્યથી જેમનું શરીર વિહ્વલ બની ગયું છે એવી નગરની સ્ત્રીઓ વડે ચક્ષુરૂપી કમલદલોથી પૂજાતો હતો. એક વાર રાત્રિના છેલ્લા પહોરમાં ઊંઘીને જાગેલા અને રાજ્યધુરાની ચિંતા કરતા શિવરાજાને મનમાં વિચાર આવ્યો કે, બધાય લોકો પૂર્વે કરેલાં કર્મોના ફળ પ્રમાણે આ જન્મમાં સુખ અને દુઃખ પામે છે, નહિ કે કારણ વિના. તેથી મેં પણ પૂર્વે વિશિષ્ટ સુખનું કારણ (શુભ) કર્મ કર્યું છે, જેથી હું રાજ્ય, અંતઃપુર અને દેશ વગેરેથી વધી રહ્યો છું. લોકપ્રસિદ્ધ આ વ્યવહાર છે કે આજે જે મેળવવામાં આવે તે બીજા દિવસે ભોગવાય છે. એ પ્રમાણે જન્માંતરમાં પણ સ્પષ્ટ છે. તથા લોકો (ધાન્ય વગેરેનો) અત્યંત મોટો ઢગલો કરે, તેનો રોજ ઉપયોગ કરે અને તેમાં નવું ન ઉમેરે, તો એ ઢગલો થોડા સમયમાં ખલાસ થઈ જાય છે, એ પ્રમાણે પુણ્યમાં પણ જાણવું. તેથી પૂર્વે કરેલા સુકૃતશેષના પ્રભાવથી જ્યાં સુધીમાં મતિ ખલાસ ન થાય, દૃષ્ટિ જતી ન રહે, કાન બહેરા ન થાય, સામંત, મંત્રી વગેરે લોકો પણ આજ્ઞાનું ઉલ્લંઘન ન કરે, ત્યાં સુધીમાં સુકૃતની વૃદ્ધિ માટે મારે પણ પરલોક હિતકર કોઈ પણ કાર્ય કરી લેવું એ યોગ્ય છે. તે કાર્ય આ છે:– લોકોને કહીને શિવભદ્રને રાજ્ય ઉપર સ્થાપીને દિશાપુંછિત તાપસદીક્ષા લઈને વિચરું. એટલામાં મંગલપાઠકે સમય જણાવવા માટે કહ્યું કે–હે દેવ ! વિવિધ કાર્યોમાં શું કર્યું ? શું ન કર્યું ? એમ જાણે જોવા માટે હોય તેમ સૂર્ય ઉદયાચલ પર્વત ઉપર આવી રહ્યો છે. આ પ્રમાણે સાંભળીને શય્યામાંથી ઉઠીને પ્રાતઃકાલનાં સર્વ કાર્યો કરીને સભાસ્થાનમાં આવ્યો. ત્યાં સિંહાસન ઉપર બેઠેલા તેણે ભેગા થયેલા સામંત, મંત્રી વગેરે બધાને બોલાવીને પોતાનો યોગ્ય વિચાર કહ્યો. સામંત વગેરેએ તેના અભિપ્રાયને અત્યંત માન્ય કર્યો. તેથી રાજાએ ફરી કહ્યું: જો એમ છે તો કુમારને શીઘ્ર રાજ્ય આપો. એટલામાં દ્વારપાળથી જણાવાયેલ (=રાજાની રજાથી રાજસભામાં પ્રવેશ કરાયેલ) સિદ્ધપતિ નામનો શાસ્ત્રનિપુણ જ્યોતિષી રાજાની પાસે આવ્યો. આશિષ આપવાપૂર્વક તેણે કહ્યું: આજે તિથિ અત્યંત શ્રેષ્ઠ છે, વાર સારો છે, નક્ષત્ર ઉત્તમ છે, યોગોમાં સિદ્ધિ નામનો યોગ છે, અને કરણ શુદ્ધ છે, આજનો દિવસ મંગલ કાર્યોમાં અત્યંત શ્રેષ્ઠ છે, મંગલોનું ઘર છે. તેથી હે નિર્દોષ ગુણો મેળવવામાં તત્પર રાજન્ ! ઇચ્છિતકાર્યનું ઉપાર્જન કરો, અર્થાત્ ઇચ્છિત કાર્ય કરો. સિદ્ધપતિનું વચન સાંભળીને રાજાએ મનમાં વિચાર્યું કે– અનુકૂલ ભાગ્યનો યોગ થતાં મનુષ્યોને ન મળી શકે એવું શું છે ? જો આકાશ તૂટે, પૃથ્વી ફાટે, સમુદ્ર પોતાના સ્થાનથી ચલિત થાય, તો પણ પુણ્યવંત જીવનું મનોવાંછિત કાર્ય સિદ્ધ થાય છે. અન્યથા મને આવી બુદ્ધિ ક્યાંથી થાય ? સામંત (વગેરે) લોકો મારા અભિપ્રાયને અત્યંત માન્ય કેમ કરે ? સિદ્ધપતિનું આગમન

1 જાતકર્મ એટલે પુત્રજન્મ નિમિત્તે પિતાએ કરવાનો એક સંસ્કાર

કેવી રીતે થાય? અને અત્યંત શ્રેષ્ઠ દિવસ ક્યાંથી હોય? આ પ્રમાણે વિચારીને સામંત વગેરેનું વચન જોયું, અર્થાત્ હવે તમારે શું કહેવું છે? એમ સામંત વગેરેને પૂછ્યું. સામંત વગેરેએ પણ કહ્યું: હે દેવ! જો એમ છે તો કુમારને બોલાવો. તેથી રાજાએ (કુમારને બોલાવવા) દ્વારપાળને આજ્ઞા કરી. તે પણ કુમારને બોલાવીને જલદી સભાસ્થાનમાં આવી ગયો. કુમાર પણ ત્યાં જલદી આવી ગયો. પિતા વગેરેની યથાયોગ્ય વિનયરૂપ ભક્તિ કરીને રાજાએ બતાવેલા શ્રેષ્ઠ આસન ઉપર તે બેઠો. પછી મંત્રીએ કહ્યું: હે વત્સ! કામ-ભોગો ઉપર વૈરાગ્યવાળા તારા આ પિતાજી તારા ઉપર રાજ્યભાર મૂકીને પરલોકનું હિત કરવા તૈયાર થયા છે. તેથી હે વત્સ! તારે હવે આત્માને કોઈ પણ રીતે તેવી રીતે રાખવો જોઈએ કે જેથી ઉત્તમ પાત્ર બનીને રાજ્યરૂપ લક્ષ્મીનું સ્થાન બને. કારણ કે કહ્યું છે કે– **"સમુદ્ર (પાણીની) માગણી કરતો નથી, તો પણ પાણીથી પૂરાતો ન હોય એવું બનતું નથી. (કારણ કે તે પાણીને પાત્ર= લાયક છે.) આત્માને પાત્ર બનાવવો જોઈએ. પાત્રમાં સંપત્તિઓ આવે છે."** આ પ્રમાણે અનેક પ્રકારની ઘણી હિતશિક્ષા આપીને મંત્રીએ કહેવાનું બંધ કર્યું એટલે નૈમિત્તિકે કહ્યું: લગ્ન નજીકમાં છે, અર્થાત્ મુહૂર્ત નજીકમાં છે. તેથી રાજાએ રાજ્યાભિષેકની સામગ્રી જલદી (તૈયાર) કરાવી. લગ્નસમય આવી જતાં વાજિંત્રોનો અવાજ ફેલાયો, જય જય એવા અવાજથી યુક્ત મંગલશબ્દો ફેલાયા, આ રીતે ભારે ધામધૂમથી કુમારનો રાજ્યાભિષેક કરાયો. ત્યાર બાદ કેટલાક દિવસો પછી રાજાએ પણ પુત્રને કહીને શુભ દિવસે દિશાપુંછિત તાપસ-દીક્ષાનો સ્વીકાર કર્યો. પછી દીક્ષા સમયે જ તેણે મહાન અભિગ્રહ લીધો કે– મારે જાવજ્જીવ છઠ્ઠના પારણે છઠ્ઠનો તપ કરવો, ઉપવાસના દિવસે સૂર્ય સામે દૃષ્ટિ રાખીને બે બાહુ ઊંચા કરીને સદા આતાપના કરવી, પારણાના દિવસે પૂર્વાદિ દિશાના ક્રમથી કંદ, ફલ, મૂલ વગેરે લેવું. આવા અભિગ્રહવાળો તે પ્રથમ છઠ્ઠના પારણે આતાપના ભૂમિમાંથી નીકળીને આશ્રમમાં આવ્યો. કંદ વગેરે લાવવા માટે કિઢિણ, સંક વગેરે પાત્રને લઈને ગંગાનદીએ ગયો. ત્યાં સ્નાન વગેરે કરીને ડાભ (= ઘાસ વિશેષ) અને પાણીવાળા કળશને હાથમાં રાખીને પૂર્વદિશા તરફ ઊભા રહીને કહ્યું કે, અહીં સોમ મહારાજા સુધર્મના માર્ગમાં રહેલા શિવરાજર્ષિનું રક્ષણ કરો અને કંદ, ફલ, મૂલ, કાષ્ઠ વગેરે લેવાની અનુજ્ઞા આપો. આ પ્રમાણે કહીને ત્રણવાર પાણી છાંટીને કંદ, ફલ, મૂલ આદિને કિઢિણ, સંક વગેરે પાત્રમાં ભરીને, કાષ્ઠો લઈને ફરી જલદી આશ્રમમાં આવ્યો. કાષ્ઠ વગેરેને મૂકીને, દેવતા લઈને અગ્નિ સળગાવ્યો. કાષ્ઠ, મધ, ઘી અને ડાંગર વગેરેનો વિસ્તારથી હોમ કરીને, અગ્નિદેવને બલિદાન કરીને, ફલાદિનો આહાર કર્યો. બીજો પણ છઠ્ઠ તપ તે જ પ્રમાણે શરૂ કર્યો. પણ પારણામાં દક્ષિણ દિશામાં જઈને યમરાજની પાસે અનુજ્ઞા માગી. ત્રીજા પારણામાં પશ્ચિમ દિશામાં વરુણની પાસે અને ચોથા પારણામાં ઉત્તરદિશામાં કુબેરની પાસે અનુજ્ઞા માગે છે. આ

પ્રમાણે ક્રમશઃ એક પછી એક દિશામાં છટ્ઠના પારણે છટ્ઠ કરતા તેને વિભંગજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું. વિભંગજ્ઞાનથી તેણે આ લોકમાં સાત દ્વીપ અને સાત સમુદ્રને જોયા. આથી સાતદ્વીપ અને સાત સમુદ્રથી વધારે દ્વીપ–સમુદ્રો આ જગતમાં નથી એમ તે માનવા લાગ્યો. પછી તેણે વિચાર્યું કે, હસ્તિનાપુર જઈને લોકોને જો ન બતાવું તો મને ઉત્પન્ન થયેલા આ જ્ઞાનથી શું? કારણ કે કહ્યું છે કે– તે ઘણી લક્ષ્મીથી શું? કે જે લક્ષ્મી બીજા દેશમાં હોય, જે લક્ષ્મી મિત્રોની સાથે ન હોય, અને જે લક્ષ્મીને શત્રુઓ ન જુએ. આ પ્રમાણે વિચાર્યા પછી તે હસ્તિનાપુર નગરમાં ગયો, અને લોકોને દ્વીપ–સમુદ્રોનું પરિમાણ કહેવા લાગ્યો. તે વખતે તે નગરમાં ગામ, [1]આકર, નગર અને [2]પત્તન વગેરેમાં વિચરતા તીર્થંકર શ્રી વર્ધમાનસ્વામી પધાર્યા. દેવોનો સમૂહ જેમના ચરણમાં નમેલો છે, ઘાતિકર્મના સમૂહનો જેમણે નાશ કર્યો છે, કેવલજ્ઞાનની સહાયવાળા, સઘળા ગુણસમૂહને વશ કરનારા અને ગૌતમ વગેરે શ્રમણોથી યુક્ત શ્રી મહાવીરસ્વામી સહસામ્રવન નામના ઉદ્યાનમાં પધાર્યા. નગરના બધા લોકો વંદન માટે આવ્યા. ત્યારબાદ ભગવાને દેવ, મનુષ્ય અને અસુરોથી યુક્ત તથા ધર્મને સાંભળવાની ઈચ્છાવાળી પર્ષદાને ધર્મ કહેવાનું શરૂ કર્યું. હે દેવાનુપ્રિયો! આ જગતમાં બધા લોકો સુખની કામનાવાળા છે, અને સુખ ધર્મરહિત જીવોને ક્યાંય મળતું નથી. સુકૃતથી રહિત એવા નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ભેદથી ચારે પ્રકારના જીવો શારીરિક (અને માનસિક) દુઃખોથી હેરાન થતા પરિભ્રમણ કરે છે. તે આ પ્રમાણેઃ– નરકમાં ગયેલા, તપેલા કડાયાઓમાં પકાવાતા, (અને એથી) તીવ્ર દુઃખથી પીડિત થયેલા જીવો શું સુખ પામે છે? ભૂખ, તરસ, દહન, [3]અંકન, તાડન વગેરે દુઃખોના ઘર, હતાશ બનેલા, (શરીર ઉપર) અત્યંત ભાર મૂકવાથી દીર્ઘ શ્વાસોશ્વાસવાળા એવા તિર્યંચો પણ સુખી ક્યાંથી હોય? જરા, મરણ, રોગ, અનિષ્ટસંયોગ અને શોક વગેરે દુઃખોથી તપેલા મનુષ્યોએ પણ સુખની વાત અત્યંત દૂરથી છોડી દીધી છે. દેવલોકમાં દેવો પણ ઈર્ષ્યા, શોક, કુવચન, અપમાન અને સુમહર્દ્ધિક વૈરીદેવોએ કરેલા દુઃખોના અંતને પમાડાયા નથી. તેથી હે મહાનુભાવો! જો તમે સાચે જ સુખના અર્થી હો તો ધર્મને સેવીને જલદી દુઃખક્ષયને કરો. કારણ કે– જે દુર્ગતિગમનથી અટકાવે અને શુભસ્થાનમાં ધારણ કરે તે ધર્મ. આવો ધર્મ જ્ઞાન, દર્શન અને ચારિત્રની આરાધનારૂપ છે. જેઓ સકલદોષોથી રહિત અને સુપવિત્ર એવા જ્ઞાન–દર્શન–ચારિત્રનું સેવન કરે છે તેઓ જલદી મોક્ષમાં જાય છે. જ્યાં વૃદ્ધાવસ્થા નથી, મૃત્યુ નથી, રોગો નથી, પરાભવ નથી, ભય નથી તે પરમપદ કહેવાય છે. પરમપદ દુઃખરહિત શાશ્વતસુખવાળું

૧. આકર એટલે લોઢા વગેરેની ખાણ.

૨. જ્યાં સ્થલ અને જલ એ બંને માર્ગો દ્વારા જઈ શકાય તેવું ગામ કે શહેર.

૩. ગરમ કરેલા સળિયા વગેરેથી શરીરમાં નિશાની કરવી તે અંકન.

છે. આ પ્રમાણે ધર્મ સાંભળીને ભવથી વિરક્ત મનવાળા બનેલા કેટલાકોએ સર્વવિરતિનો સ્વીકાર કર્યો, અને કેટલાકોએ દેશવિરતિનો સ્વીકાર કર્યો. તે વખતે છટ્ઠ તપના પારણા માટે ભિક્ષાએ નીકળેલા શ્રી ગૌતમસ્વામીએ નગરમાં પરિભ્રમણ કરતાં (નીચે પ્રમાણે) વૃત્તાંત સાંભળ્યો. શિવરાજર્ષિ વિશિષ્ટજ્ઞાનથી જાણીને કહે છે કે, આ જગતમાં દ્વીપો સાત છે અને સમુદ્રો પણ સાત છે, તેનાથી વધારે દ્વીપો અને સમુદ્રો નથી. આ પ્રમાણે સાંભળીને શ્રી ગૌતમસ્વામી શંકાથી વિહ્વલ બન્યા. પછી આહાર–પાણી લઈને સ્થાનમાં આવીને વિધિથી આહાર વાપર્યો. પછી પર્ષદામાં રહેલા શ્રી મહાવીરસ્વામીને વિનયથી નમીને પૂછ્યું: શિવરાજર્ષિ દ્વીપ–સમુદ્રોની સંખ્યા વિષે લોકોની સમક્ષ જે કહે છે તે સાચું છે કે ખોટું? આ વખતે વિશેષ ઉપયોગવાળી બનેલી પર્ષદાએ વિચાર્યું કે, સારું પૂછ્યું. અમારા ચિત્તમાં પણ આ શંકા છે. આ પ્રમાણે પૂછાયેલા શ્રી મહાવીરસ્વામીએ ગંભીર અને મધુર વાણીથી કહ્યું: હે ગૌતમ! વિભંગજ્ઞાની શિવરાજર્ષિ ખોટું કહે છે. કારણ કે તિર્છાલોકમાં પૂર્વ પૂર્વના દ્વીપ–સમુદ્રથી દ્વિગુણ દ્વિગુણ જંબૂદ્વીપ વગેરે અસંખ્ય દ્વીપો છે, અને લવણ વગેરે અસંખ્ય સમુદ્રો છે. પર્ષદાએ તે સાંભળીને શિવરાજર્ષિને બધું કહ્યું. તેણે પણ એ વિષે [1]તે રીતે શંકા, કાંક્ષા અને વિચિકિત્સા કરી. મિથ્યાત્વના અતિચારમાં વર્તતા તેનું વિભંગજ્ઞાન ચાલ્યું ગયું. એથી આંખનું તેજ વગેરે કંઈ પણ જોતો ન હતો. તેથી વિચારવા લાગ્યો કે, પૂર્વે હું બધું જ જોતો હતો, હમણાં કંઈ પણ જોતો નથી, તેથી (આમાં) કંઈક કારણ હોવું જોઈએ. અથવા તે અતિશયજ્ઞાનીની પાસે જ જઈને અને વંદન કરીને આ બધું પૂછું. આ પ્રમાણે વિચારીને તે જિન પાસે ગયો. વંદન કરીને તેણે જે જે પૂછ્યું તે બધાનું ભગવાને પણ સમાધાન કર્યું. પછી પ્રતિબોધ પામેલા તેણે વિચાર્યું કે ચોક્કસ આ સર્વજ્ઞ છે. આ પ્રમાણે વિચાર્યા પછી વિનયપૂર્વક મસ્તકે અંજલિ જોડીને કહ્યું: હે નાથ! મહાકૃપા કરીને આપની દીક્ષા મને આપો. હે નાથ! આટલા કાળ સુધી હું અજ્ઞાનરૂપ જાળથી છેતરાયો. તેથી હે સ્વામી! સંપૂર્ણ ત્રણે લોકમાં પ્રગટ પણ આપને મેં ન જાણ્યા. આ પ્રમાણે કહેતા તેને સ્વામીએ સ્વહસ્તે દીક્ષા આપી, શાસ્ત્રનો અને સાધુઓની સામાચારીનો અભ્યાસ કરાવ્યો. થોડા જ કાળમાં તે સૂત્ર અને અર્થમાં કુશળ થઈ ગયા. ઘણાં વર્ષો સુધી છદ્મસ્થ પર્યાય પાળ્યો. પછી અંતસમયે ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈને વિશુદ્ધ ધ્યાનથી ઘાતીકર્મોને ભસ્મ કરીને કેવલજ્ઞાનને પ્રાપ્ત કર્યું. કેવલિપર્યાયમાં પણ કેટલોક કાળ અહીં રહ્યા પછી શૈલેષીનો સ્વીકાર કરીને સઘળાં કર્મોનો ક્ષય કરીને સિદ્ધ બન્યા. આ પ્રમાણે શિવરાજર્ષિનું આ સુંદર દૃષ્ટાંત કહ્યું. ભગવતીસૂત્રના અગિયારમાં શતકમાં જે પ્રમાણે વિસ્તારથી કહેવામાં આવ્યું છે તે પ્રમાણે અહીં કહ્યું છે. પ્રાયઃ શિવરાજર્ષિ પ્રમાણે જ મુદ્ગલની કથા પણ જાણવી. પણ તેને ઊર્ધ્વલોક સંબંધી વિભંગજ્ઞાન ઉત્પન્ન

૧. તે રીતે એટલે સમ્યગ્દૃષ્ટિને જે રીતે જિનવચનમાં શંકા આદિ થાય તે રીતે.

થયું હતું. તે આ લોકમાં ઉપર દેવો અને દેવલોકો બ્રહ્મલોક સુધી છે. પછી દેવો અને દેવોનાં સ્થાનો નથી એમ માનતો હતો. અહીં પણ શ્રીગૌતમસ્વામી શ્રીવીરને પૂછે છે ત્યાં સુધીનો બાકીનો વૃત્તાંત શિવરાજર્ષિ પ્રમાણે જ છે. ભગવાને પણ કહ્યું: હે ગૌતમ! સર્વાર્થસિદ્ધ સુધી દેવો છે. કારણ કે ઉપર સૌધર્મ વગેરે બાર દેવલોકો છે. તેની ઉપર નવ ગ્રૈવેયક, અને તેની ઉપર પાંચ અનુત્તર વિમાનો છે. મુદ્ગલ મુનિ પણ કેવલી બનીને સર્વકર્મનો વિનાશ કરીને મોક્ષપદને પામ્યા ત્યાં સુધીનું બાકીનું બધું પૂર્વોક્ત પ્રમાણે જ છે. આ પ્રમાણે મુદ્ગલ ઋષિનું ચરિત્ર સંક્ષેપથી કહ્યું. વિસ્તારથી વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ અંગ સૂત્રમાંથી જાણી લેવું. [૯]

શ્રુતદેવીની કૃપાથી સાતમું અતિચાર દ્વાર કહ્યું. હવે ક્રમથી આવેલા ભંગદ્વારને તમે સાંભળો :–

**छट्ठेणं आयावण, विभंगनाणेण जीवजाणणया ।**
**ओही केवलनाणं, तो भंगो होइ मिच्छस्स ॥ १० ॥**

**ગાથાર્થ :–** છટ્ઠ તપથી આતાપનાને કરતા કોઈ મિથ્યાદૃષ્ટિને વિભંગજ્ઞાનથી જીવોનું સાચું જ્ઞાન થાય છે, તેથી અવધિ ઉત્પન્ન થાય છે, પછી કેવલજ્ઞાન થાય છે. આમ ક્યારેક ક્રમે કરીને મિથ્યાત્વનો ( સર્વથા ) નાશ થાય છે.

**ટીકાર્થ :–** છટ્ઠના ઉપલક્ષણથી અટ્ઠમ વગેરે તપ પણ સમજવો. આતાપના એટલે બે બાહુ ઊંચા રાખીને સૂર્ય સામે દૃષ્ટિ રાખવી.

વિભંગ એટલે મિથ્યાત્વથી કલંકિત બનેલ વિપરીત બોધ. આને અવધિ અજ્ઞાન પણ કહેવામાં આવે છે. કારણ કે–

**( ૧ ) "સત્ પદાર્થ અને અસત્ પદાર્થની વિશેષતા સમજી ન શકવાથી, ( ૨ ) ભવનું કારણ હોવાથી, ( ૩ ) પોતાની મતિ કલ્પના પ્રમાણે અર્થ કરવાથી=પોતાની મતિ કલ્પના પ્રમાણે પદાર્થોને માનવાથી, અને ( ૪ ) જ્ઞાનનું ફલ જે વિરતિ તેનો અભાવ હોવાથી, મિથ્યાદૃષ્ટિનું મતિ આદિ જ્ઞાન અજ્ઞાન સ્વરૂપ છે."** ( વિશેષા. ૧૧૫ )

અવધિ એટલે અવધિજ્ઞાનાવરણીય કર્મોના ક્ષયોપશમથી થતો રૂપી દ્રવ્યોનો સમ્યગ્બોધ. કેવલજ્ઞાન એટલે ઘાતીકર્મોના ક્ષયથી લોકાલોક પ્રકાશક સંપૂર્ણજ્ઞાન.

**પ્રશ્ન :–** વિભંગજ્ઞાનથી જીવોને જાણતા મિથ્યાદૃષ્ટિ જીવને અવધિજ્ઞાન કેવી રીતે થાય? કારણ કે અવધિજ્ઞાન જ્ઞાનરૂપ છે, અને વિભંગજ્ઞાન અજ્ઞાનરૂપ હોવાથી પરસ્પર વિરોધી છે.

**ઉત્તર :–** તમારો પ્રશ્ન સત્ય છે. પરિણામવિશેષથી તેમ થવામાં વાંધો નથી. જેમ મિથ્યાત્વના ઉદયવાળો પણ સમ્યક્ત્વને પામે છે, તેમ અહીં પણ બને છે. આથી આમાં કોઈ દોષ નથી. કહ્યું છે કે–

**"મિથ્યાત્વમાંથી સમ્યક્ત્વ અને મિશ્રમાં કર્મદલિકોનું સંક્રમણ વિરુદ્ધ નથી, અથવા મિશ્રમાંથી મિથ્યાત્વ અને સમ્યક્ત્વમાં કર્મદલિકોનું સંક્રમણ વિરુદ્ધ નથી, પણ સમ્યક્ત્વના કર્મદલિકોને મિશ્રભાવરૂપે ન પરિણમાવે, અર્થાત્ સમ્યક્ત્વમાંથી મિશ્રમાં કર્મદલિકોનું સંક્રમણ ન થઇ શકે."** (બૃ૦ ક૦ ૧૧૪)

વિભંગજ્ઞાની જીવ અવધિજ્ઞાની બને છે ત્યારે મતિ, શ્રુત, અવધિ અને સમ્યક્ત્વ એ ચારે એક સાથે પામે છે. કારણ કે કહ્યું છે કે :–

**"વિભંગજ્ઞાની સમ્યક્ત્વને પરિણમાવે (=પામે) ત્યારે મતિ-શ્રુત-અવધિને પામે છે. વિભંગના અભાવમાં મિથ્યાદૃષ્ટિ સમ્યક્ત્વને પરિણમાવે ત્યારે મતિ–શ્રુત પામે છે. કેટલાકો શ્રુતજ્ઞાન પામવામાં ભજના કહે છે. જેણે પૂર્વે શ્રુતનો અભ્યાસ કર્યો હોય તે મિથ્યાદૃષ્ટિ સમ્યક્ત્વને પામે ત્યારે શ્રુતજ્ઞાનને પામે, બીજો જીવ ન પામે. તે આ પ્રમાણેઃ– સ્વયંભૂરમણ-સમુદ્રમાં માછલાઓ પ્રતિમાકારે રહેલા માછલાઓને કે પથ્થરોને જોઇને તર્ક-વિતર્ક કરતાં કરતાં જાતિસ્મરણજ્ઞાન પામીને સમ્યક્ત્વ અને મતિજ્ઞાન પામે છે, પણ શ્રુતજ્ઞાન પામતા નથી. કારણ કે શ્રુતનો અભ્યાસ કર્યો નથી. જેમણે શ્રુતનો અભ્યાસ કર્યો છે તે જીવો ત્રણે (સમ્યક્ત્વ'મતિ અને શ્રુત) સાથે પામે છે."** (બૃ. ક. ૧૨૫)

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો દૃષ્ટાંતથી જાણવો. તે દૃષ્ટાંત આ પ્રમાણે છે :–

## શિવશર્મનું દૃષ્ટાંત

તપને જ ધન માનનાર, ધન વિષે નિઃસ્પૃહ, છટ્ઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ વગેરે વિશેષ પ્રકારના તપમાં રાગવાળો શિવશર્મ નામનો બાલ તપસ્વી હતો. (૧) એકવાર બે બાહુ ઊંચા રાખીને સૂર્યની સામે દૃષ્ટિ રાખીને આતાપના (ની મુદ્રા)થી રહેલા તેને કર્મના ક્ષયોપશમથી વિભંગજ્ઞાન ઉત્પન્ન થયું. (૨) સંક્લિષ્ટ બનતા અને વિશુદ્ધ બનતા જીવોને જાણીને તથા જીવોને અને પદાર્થોને ઉત્પત્તિ–નાશ–સ્થિરતાવાળા જાણીને એ વિચારવા લાગ્યો કે– રાગ–દ્વેષાદિ દોષને આધીન બનેલા અને વિપરીતજ્ઞાનવાળા

જીવો આ સંસારમાં સંક્લેશ પામે છે. (૩–૪) જે જીવો વિવેકરૂપ દીપક વડે રાગાદિ રૂપ અંધકારસમૂહને દૂર કરીને સુદૃષ્ટિરૂપ તાત્ત્વિક ઘરમાં પ્રવેશ કરે છે તે જીવો જલદી વિશુદ્ધ બને છે. (૫) આ પ્રમાણે મોક્ષમાર્ગને અનુસરતી વિચારણાથી ક્રમે કરીને તેને સમ્યક્ત્વ, મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની સાથે અવધિજ્ઞાનની પ્રાપ્તિ થઈ. (૬) આ બરોબર ઘટી શકે છે. કારણ કે ક્ષમાશ્રમણ શ્રીજિનભદ્ર ગણીએ પણ કહ્યું છે કે– **"મિથ્યાત્વ ક્યારેક કદાગ્રહના અભાવથી સમ્યક્ત્વનું કારણ પણ થાય છે.** (૭) ત્યારબાદ શુભ અધ્યવસાયવાળા અને દૃઢઘાતીકર્મોના સમૂહનો નાશ કરનારા તેને અક્ષય, અનંત અને અનુપમ એવું કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. (૮) આ પ્રમાણે ક્યારેક કોઈક જીવના મિથ્યાત્વનો ફરી ઉત્પત્તિ ન થાય તે રીતે સર્વથા નાશ થાય છે. (૯) [૧૦]

આ પ્રમાણે શ્રુતદેવીના પ્રભાવથી ભંગદ્વાર કહ્યું. હવે ક્રમથી આવેલા નવમા ભાવનાદ્વારને કહીશ:–

**भावण जह तामलिणा, इड्ढीविसया पुणो अणसणं च ।**
**पुणरवि खोहणकाले, लहुकम्माणं इमा मेरा ॥ ११ ॥**

**ગાથાર્થ:** જેવી રીતે તામલી શ્રેષ્ઠીએ ગૃહસ્થાવસ્થામાં ઋદ્ધિ સંબંધી ભાવના ભાવી હતી, પછી અનશન કરવાની ઇચ્છાવાળો થયો ત્યારે શરીર વગેરે સંબંધી ભાવના ભાવી હતી, ફરી અનશન સ્વીકારવાના સમયે આવેલા બલીઇંદ્રના અસુરકુમારોએ ધ્યાનથી ચલાયમાન કરવાનો પ્રયત્ન કર્યો ત્યારે જેવી રીતે ભાવના ભાવી હતી તેવી રીતે ભાવના ભાવવી જોઈએ. કારણ કે લઘુકર્મી જીવોની આ મર્યાદા છે.

**ટીકાર્થ:**– જે વિચારવામાં આવે=ચિંતવવામાં આવે તે અનિત્યાદિ ભાવના છે. ઋદ્ધિસંબંધી ભાવના વિષે કોઈએ કહ્યું છે કે–

**"ઉત્પન્ન થયેલી સંપત્તિઓ માણસોના અતિશય મોહને વધારે છે. સંપત્તિઓ નાશ થતાં ઘણા સંતાપને ઉત્પન્ન કરે છે. સંપત્તિને મેળવવાનો પ્રયત્ન કરવામાં ક્લેશ આપે છે. આ સંપત્તિઓ કાળા વાદળાઓમાં વિલાસ કરતી વિજળીરૂપી લતા જેવી ચંચળ છે. ખરેખર! સંપત્તિઓ કયા સમયે કુશળ કરનારી થાય છે તે તું કહે."**

શરીરસંબંધી ભાવના આ પ્રમાણે છે:–

**"શરીર પ્રતિસમય મરણને શરણ જઈ રહ્યું છે. વિવિધ આધિ અને વ્યાધિની પીડાથી પીડિત છે, મલ, મૂત્ર અને લોહી (વગેરે ગંદા પદાર્થો)નું સ્થાન છે, આવું શરીર (વિવેકી એવા) કોને વૈરાગ્ય કરનારું ન બને?"**

વ્યાસે પણ કહ્યું છે કે–

**"ખરેખર! આ શરીરની અંદર જે છે તે બહાર થાય તો (કૂતરા અને કાગડા શરીરના માંસ વગેરેને ખાવા આવે, તેથી) લોકો દંડ લઈને કૂતરાઓને અને કાગડાઓને રોકે."**

આથી જ કોઈએ ઉપદેશ આપ્યો છે કે–

**"જ્યાં સુધી આ શરીરરૂપી ઘર સ્વસ્થ હોય, જ્યાં સુધી ઘડપણ દૂર હોય, જ્યાં સુધી ઇંદ્રિયશક્તિ ક્ષીણ ન થઈ હોય, અને જ્યાં સુધી આયુષ્યનો ક્ષય ન થયો હોય, ત્યાં સુધીમાં જ શરીરથી આત્મકલ્યાણમાં ઘણો પ્રયત્ન કરી લેવો જોઈએ. ઘર સળગે ત્યારે કૂવો ખોદવાનો પ્રયત્ન કેવો થાય? (શરીર રોગો વગેરેથી ઘેરાય ત્યારે આત્મકલ્યાણ માટે પ્રયત્ન કરવો એ આગ લાગે ત્યારે કૂવો ખોદવા સમાન છે.)"**

અહીં ભાવનાનો સ્વામી મિથ્યાદૃષ્ટિ હોવાથી, અર્થાત્ મિથ્યાદૃષ્ટિ જીવ ભાવના ભાવતો હોવાથી આ ભાવના મિથ્યાત્વભાવના છે.

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે, ગાથાનો ભાવાર્થ કથાથી જાણવો. તે કથા આ પ્રમાણે છે:–

## તામલિતાપસનું દૃષ્ટાંત

આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં વંગ નામનો દેશ હતો. તે દેશ બધા દેશોના મુકુટ રૂપ હતો, ભૂત, પ્રેત, યક્ષ અને રાક્ષસ વગેરે દુષ્ટ દેવોના ઉપદ્રવથી રહિત હતો. તેમાં રહેલા લોકો હિતકર–અહિતકર પદાર્થોના વિશિષ્ટ જ્ઞાનવાળા હતા, અને એથી ઉત્તમ વિચારોથી વિશિષ્ટ હતા. તે દેશમાં ગોકુળો ઘણાં હતાં. તે દેશ પવિત્ર, શ્રેષ્ઠ અને અખંડ ગામ અને નગર આદિનું સ્થાન હતું.[1]

મનોહરતાથી તે દેશ દેવલોકનો પરાભવ કરતો હતો. તે દેશમાં તામ્રલિપ્તી નગરી હતી. તે નગરીમાં સ્થાને સ્થાને જિનમંદિરો દેખાતાં હતાં. તે નગરીમાં ઘર વગેરેમાં વિવિધ પ્રકારના વિસ્મયજનક મંડપો હતા. વિલાસી લોકો તે મંડપોમાં બેસીને શ્રેષ્ઠ નૃત્ય, ગીત અને વાજિંત્ર વગેરેના મહા વિલાસોને જોતા હતા. તે નગરીએ ચાલતી સ્ત્રીઓના મણિના ઝાંઝરોનાં અવાજથી દિશાઓને વાચાલ બનાવી દીધી હતી, એથી

---

૧. અહીં ભાવાર્થ લખ્યો છે. શબ્દાર્થ આ પ્રમાણે થાય:- તે દેશ ગોકુળોથી (**वय=व्रज**) નિરંતર ભરેલો હોવા છતાં નુકશાનથી (**वय=व्यय**) રહિત હતો. તે દેશ પવિત્ર (**खय=खच**) શ્રેષ્ઠ ગામ અને નગર આદિનું સ્થાન હોવા છતાં અખંડ (**अक्खय=अक्षत**) શ્રેષ્ઠ ગામ અને નગર આદિનું સ્થાન હતો.

જાણે તે નગરી પરદેશથી આવેલા લોકોને પોતાના વૈભવવિસ્તારને કહી રહી હતી. તે નગરીમાં મૌર્યવંશમાં ઉત્પન્ન થયેલ તામલી નામનો ગૃહસ્થ હતો. તે ધન, ધાન્ય, દ્વિપદ અને ચતુષ્પદ વગેરે સમૃદ્ધિનો માલિક હતો. તેણે ચંદ્રકિરણોના સમૂહ જેવી ફેલાતી કીર્તિના સમૂહથી લોકના આંતરાઓને ભરી દીધા હતા. તે પોતાના બંધુરૂપી કમલો માટે સૂર્યસમાન હતો, સ્ત્રીઓના નયનરૂપી કમલો માટે ચંદ્રસમાન હતો, વિદ્વાન લોકોના મનને પરમ આનંદ આપનારો હતો. સૌમ્યગુણથી ચંદ્ર જેવો અને તેજગુણથી સૂર્ય જેવો હતો, ઐશ્વર્યગુણથી ઇંદ્ર જેવો, દાનગુણથી કુબેર જેવો, અને વિશિષ્ટ મતિગુણથી બૃહસ્પતિ જેવો તે શોભતો હતો. એકવાર સુખશય્યામાં રહેલા તેણે રાત્રિના છેલ્લા પ્રહરમાં કુટુંબસંબંધી વિચારણા કરતાં આ પ્રમાણે વિચાર્યું:– પૂર્વે ઉપાર્જન કરેલા સુકૃતસમૂહના કારણે સુખ–દુઃખમાં સમભાગી અને જેમની સાથે ધૂળમાં રમ્યા હતા એવા મિત્રો, પૂર્વપુરુષોની પરંપરાથી આવેલ અપરિમિત ધનસમૂહ, વિનીત પુત્ર અને પૌત્ર વગેરે પરિજન, અને બીજી પણ સાથે ધન, ધાન્ય, દ્વિપદ, ચતુષ્પદ આદિ સામગ્રી મારી પાસે છે. આ બધું પૂર્વે ઉપાર્જિત સુકૃતનું ફલ છે. કારણ કે કહ્યું છે કે–"**ધર્મથી કલંકરહિત કુલમાં જન્મ થાય છે, સુધર્મથી ઉત્તમ જાતિ મળે છે. ધર્મથી અખંડિત આયુષ્ય અને ઘણું બળ મળે છે, ધર્મથી આરોગ્ય મળે છે, ધર્મથી અનિંદિત ધન મળે છે, ધર્મથી સદા અનુપમ ભોગો મળે છે, ધર્મથી જ જીવોને સ્વર્ગ અને મોક્ષ પણ મળે છે.**"

આથી જ વ્યાસે આ પ્રમાણે કહ્યું છે :–"**ધન અને ભૌતિકસુખો મેળવવાને ઇચ્છતા જીવે પહેલેથી ધર્મ જ કરવો જોઇએ. ધર્મથી કંઇ પણ દુર્લભ નથી એવી મારી મતિ છે.**"

આથી હમણાં પણ સુકૃતનો સંગ્રહ કરું, જેથી પરલોકમાં પણ સુખી થાઉં. આ પ્રમાણે વિચારીને પ્રભાત થવાની તૈયારી હતી ત્યારે શય્યામાંથી ઉઠીને પ્રાતઃકાલનાં કાર્યો કર્યાં. (પછી) સ્વજન અને મિત્ર વગેરે જનસમૂહને બોલાવડાવ્યો. તેમની સમક્ષ પોતાનો અભિપ્રાય જણાવ્યો. તેમણે તેને રજા આપી. પછી તેણે કુટુંબનો ભાર મોટા પુત્ર ઉપર નાખ્યો. દીન–અનાથ વગેરેને દાન આપ્યું. માનનીય વર્ગને માન અપાવ્યું. સ્વજન–મિત્રાદિને (પ્રેમથી) બોલાવ્યા. પૂર્વપરિચિત લોકોને જોયા અને બોલાવ્યા. પછી ગંગા નદીના કાંઠે રહેનારા વાનપ્રસ્થ તાપસોની પાસે પ્રાણામા દીક્ષા લીધી. દીક્ષા વખતે જ તેણે અભિગ્રહ કર્યો કે– આજથી યાવજ્જીવ છટ્ઠના પારણે છટ્ઠનો તપ કરવો. તપના દિવસે આતાપના ભૂમિમાં સૂર્ય સામે દૃષ્ટિ રાખીને અને બે બાહુ ઊંચા કરીને આતાપના લેવી. પારણામાં તામ્રલિપ્તી નગરીમાં ઉચ્ચ, નીચ અને મધ્યમ કુલોમાંથી શુદ્ધ ભાત લેવા, તેમાંથી એક ભાગ જલચરજીવોને આપીને, એક ભાગ સ્થલચરજીવોને આપીને, એકભાગ

ખેચરજીવોને આપીને, બાકી રહેલા ચોથા ભાગને એકવીસ વાર પાણીથી ધોઈને ભોજન કરવું. આવો અભિગ્રહ ધારણ કરીને રહેલા તેનાં સાઠ હજાર વર્ષો પસાર થઈ ગયાં. પછી તેણે વિચાર્યું: તપ કરતા મારે સાઠ હજાર વર્ષો પસાર થઈ ગયાં. શરીર પણ લગભગ સુકાઈ ગયું છે, શરીરમાં માત્ર ચામડી–હાડકાં બાકી રહ્યાં છે. તેથી હજી પણ પૂર્ણ પાકેલા ફળની જેમ શરીર ખબર ન પડે તે રીતે કોઈ પણ રીતે પડી ન જાય ત્યાં સુધીમાં આ શરીરથી આ લોકમાં વિધિપૂર્વક મરણની આરાધના કરવી યોગ્ય છે. આ પ્રમાણે વિચારતો તે તામ્રલિપ્તી નગરીમાં ગયો. ત્યાં પોતાના સ્વજન વર્ગને અને અન્ય પણ પૂર્વ સંસ્તુત, [1]પશ્ચાત્સંસ્તુત, મિથ્યાધર્મ કરનારા ગૃહસ્થો વગેરે લોકોને કહીને અને ખમાવીને, જેવી રીતે ગયો હતો તેવી રીતે પાછો આવ્યો. પછી અનશન કરીને, તેવા પ્રકારના એકાંત સ્થળે પાદપોપગમનનો સ્વીકાર કર્યો.

આ તરફ રત્નપ્રભા પૃથ્વીના ઉપરના ભાગથી હજાર યોજન નીચે અધોલોકવર્તી ભવનવાસી દેવોના ઉત્તરદિશામાં રહેનારા અસુરકુમારદેવોની બલિચંચા નામની રાજધાની છે. તેમાં સ્ફટિકની ભીંતના આંતરે રહેલી દેવીઓને જોઈને ઉત્કંઠાથી આલિંગન માટે ઊભા થયેલા અસુરકુમારો વિલખા બની જાય છે. વળી– તેમાં ફેલાતા વિવિધ મણિઓના કિરણસમૂહથી અંધકારસમૂહનો નાશ થઈ ગયો છે. બીજું– સ્વચ્છ મણિઓની ભીંતમાં સંક્રાન્ત થયેલા પોતાના પ્રતિબિંબમાં દેવીઓ અન્ય દેવીની શંકા કરે છે. (અર્થાત્ અહીં બીજી દેવી છે એમ સમજે છે.) આથી અસુરકુમારો કોઈ પણ રીતે (અહીં બીજી દેવી નથી એમ સમજાવીને) પોતાની પત્ની દેવીઓને રાખે છે. તે વખતે (=તામલીતાપસે અનશન કર્યું ત્યારે) તે રાજધાની ઇંદ્ર વિનાની બની ગઈ. તેથી તેમાં રહેનારા દેવો અને દેવીઓ અમારો સ્વામી કોણ થશે? એમ વિચારવા લાગ્યા. આમ વિચારતા તેમણે પાદપોપગમન અનશન સ્વીકારીને રહેલા બાલતપસ્વી તામલિને જોયો. (આથી) તેઓ તેની પાસે આવ્યા.

ત્યારબાદ તેના ચિત્તને ખુશ કરવા તેમણે નાટક શરૂ કર્યું. નાટક વાગી રહેલા મધુર મૃદંગ, હુડુક્ક (= વાદ્ય વિશેષ) અને નગારાના સુશબ્દોથી યુક્ત હતું, નૃત્ય કરતી અસુરદેવોની રમણીઓના ઝાંઝરના અવાજથી શોભતું હતું, અસુરકુમારોથી ગવાતા વિવિધ રસના ભાવોથી યુક્ત ગીતોથી રમણીય હતું. તેણે વિચાર્યું: ગીત પ્રલાપમાત્ર છે, નૃત્ય પણ વિડંબનારૂપ છે, વિષયો વિષરૂપ છે, અહીં બીજું શું સારભૂત છે કે જેમાં મારું મન જાય. નાટક પૂર્ણ થયા બાદ તેઓ (તામલિને) વિનવવા લાગ્યા:– અમે બલિચંચા રાજધાનીમાં રહેનારા અસુરકુમારો છીએ. ભાગ્યથી નાથ વિનાના કરાયેલા અમે તમારી પાસે આવ્યા છીએ. હે નાથ! તમે બીજાનું કાર્ય કરવામાં તત્પર છો,

૧. માતા-પિતા વગેરે પક્ષનો સંબંધ તે પૂર્વસંસ્તવ, અને શ્વસુરપક્ષનો સંબંધ તે પશ્ચાત્સંસ્તવ.

તમે સ્નેહીજન પ્રત્યે વાત્સલ્યભાવવાળા છો, આથી નાથ વિનાના અમારા તમે નાથ બનો. અહીં નિઆણું કરીને અમારા સ્વામી તરીકે ઉત્પન્ન થઈને અસુરેંદ્રના વૈભવને ભોગવો અને ઇચ્છા પ્રમાણે સુખોને અનુભવો. વિવિધ ક્રીડાઓથી અસુર રમણીઓની સાથે ક્રીડા કરો. મનોવાંછિત કાર્યોમાં અસુર સુભટોને આજ્ઞા કરો. ઉદય પામેલા પુણ્યથી આ અસુરોનો શ્રેષ્ઠ ઋદ્ધિ, આ અસુરકુમારો અને આ અસુરદેવીઓ– આ બધું તમારે આધીન થશે.

તેમની આવી વિનંતિને સાંભળીને તામલિએ વિચાર્યું કે, આ (નિયમ) જગતમાં પ્રસિદ્ધ છે કે જીવે આ જન્મમાં સુકૃત કે દુષ્કૃત એકઠું કર્યું હોય તે પરભવે અનુભવે છે. કહ્યું છે કે–**"જીવો જાતે જ શુભ અને અશુભ કર્મો કરે છે (=બાંધે છે) અને જાતે જ દુઃખ અને સુખને ભોગવે છે. (૧) કોઇ પણ જીવના સુખ–દુઃખોનો કર્તા અને સુખ–દુઃખોને લઇ લેનાર (બીજો) કોઇ પણ નથી એમ વિચાર કર.(જેથી) પૂર્વે કરેલ કર્મ સારી બુદ્ધિથી (=સમતાથી) ભોગવાય."** (૨) એ પ્રમાણે મારા વડે પણ જે કંઈ પણ કર્મ કરાયું છે તેનું ફળ સ્વયમેવ મળશે. તેથી નિરર્થક નિદાન શા માટે કરું? વળી આ દેવ–દેવીઓ વિષયસુખો બતાવીને મને લોભાવે છે, પણ પરમાર્થથી વિષયસુખ સુખ જ નથી. કારણ કે કહ્યું છે કે–**"દુઃખનો અભાવ સુખ નથી, જે (ભૌતિક) સુખો છે તે સુખો નથી, દુઃખોને છોડીને જે સુખો છે, અર્થાત્ દુઃખરહિત જે સુખો છે, તે જ સુખો છે."** વળી ભૌતિક સુખોમાં શોક પણ રહેલો છે. વિષયો પરિણામે ભયંકર છે. આવા વિષયોમાં માણસને સુખબુદ્ધિ ક્યાંથી થાય? કહ્યું છે કે–**"વિષયો અને વિષની વચ્ચે ઘણું અંતર છે. કારણ કે વિષ ખાવામાં આવે તો હણે, જ્યારે વિષયો તો ભોગવ્યા વિના સ્મરણથી પણ હણે છે."** આવી ભાવનામાં રહેલા ચિત્તવાળા તેણે તેમનો આદર કર્યો નહિ= તેમનું માન્યું નહિ. આથી તેઓ જેવી રીતે આવ્યા હતા તેવી રીતે પાછા ગયા. તે પણ આત્માથી (=આત્મબલથી) સાઠ દિવસ અનશન પાળીને મૃત્યુ પામીને ઇશાનકલ્પમાં ઈશાનઅવતંસક નામના વિમાનમાં ઈશાનેંદ્રપણે ઉત્પન્ન થયો. જેથી તે અઠ્ઠાવીસ લાખ વિમાનો, ચોરાશી હજાર સામાનિક દેવો, તેત્રીશ ત્રાયસ્ત્રિંશ દેવો, ચાર લોકપાલ, આઠ ઇંદ્રાણીઓ, અને બીજા પણ ઘણા વૈમાનિક દેવો અને દેવીઓનો માલિક થયો.

આ તરફ બલિચંચા રાજધાનીમાં રહેનારા અસુરકુમારોએ તામલીને નિયાણું કર્યા વિના ઈશાનેંદ્ર તરીકે ઉત્પન્ન થયેલો જાણ્યો. આથી ગુસ્સે થયેલા તેઓ તેના મૃતકના સ્થાને આવીને તેના શરીરને ડાબા પગમાં દોરીથી બાંધીને તામ્રલિપ્તી નગરીના મધ્યભાગમાં ઘસડે છે અને ઘોષણા કરે છે કે– આ તામલી બાલ તપસ્વી છે, એણે જાતે જ વેશ પહેરી લીધો હતો, પાપકર્મ કરનારો છે, મર્યા પછી પણ લક્ષ્મી અને શરમ વગરનો થયો છે. આથી કોઈએ તેનું નામ પણ ન લેવું.

એટલામાં ઈશાનેંદ્રે પૂર્વે હું કોણ હતો ? ક્યાંથી અહીં આવ્યો ? કયા સુકૃતથી અહીં ઉત્પન્ન થયો એમ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો. એ ઉપયોગથી પૂર્વભવ જાણ્યો અને ઘોષણાપૂર્વક પોતાના શરીરને ઘસડતા અસુરકુમારોને જોયા. તેથી ક્રોધે ભરાઈને ક્રૂર-દૃષ્ટિથી જોઈને તેમના ઉપર તેજોલેશ્યા મૂકી. તેજોલેશ્યાથી બળી રહેલા અને અત્યંત વેદનાથી દુઃખી થયેલા તેમણે વિચાર્યું કે અમને ઓચિંતુ આ કેમ આવી પડ્યું ? અવધિજ્ઞાનથી કુપિત થયેલા ઈશાનેંદ્રને જોયો. આથી તેને વારંવાર ખમાવવા લાગ્યા અને કહેવા લાગ્યા કે, હે સ્વામી ! કોપને દૂર કરો, દૂર કરો, અને અમારા ઉપર મહેર-બાની કરો. અહીં જીવતા અમે ફરી આ પ્રમાણે અવિનય નહિ કરીશું. આ એક અપરાધની ક્ષમા કરો. કારણ કે **"સત્પુરુષો સ્નેહીજન પ્રત્યે વાત્સલ્યભાવવાળા અને દુઃખી પ્રત્યે કરુણાની પ્રધાનતાવાળા હોય છે."** અસુરકુમારોને આ પ્રમાણે મનાવતા જોઈને ક્રોધરહિત બનેલા ઇશાનઈંદ્રે તેજોલેશ્યા સંહરી લીધી. વેદનાથી રહિત બનેલા અસુરકુમારો પોતાના સ્થાને ગયા. ઈશાન ઈંદ્ર પણ તે કાળને ઉચિત સ્નાન, સિદ્ધા-યતનમાં જવું, પુસ્તકવાંચન વગેરે પ્રવૃત્તિઓમાં પ્રવૃત્ત થયો. ત્યારબાદ સિદ્ધાયતનનાં (=શાશ્વત જિનમંદિરના) દર્શનથી તેને સમ્યક્ત્વના પરિણામ ઉત્પન્ન થયાં. સામાનિક વગેરે દેવવર્ગ ઉપર અખંડિત શાસન કરનાર ઈશાન ઈંદ્રિ દેવભવને યોગ્ય વિવિધ પ્રકારના સુખોને અનુભવીને, અપ્સરાઓની સાથે વિવિધ વિનોદોથી ઇચ્છા પ્રમાણે ક્રીડા કરીને, પોતાનું સાધિક બે સાગરોપમનું આયુષ્ય પૂર્ણ થતાં, ત્યાંથી ચ્યવીને, મહાવિદેહક્ષેત્રમાં સિદ્ધ થશે. શ્રુતદેવીની કૃપાથી તામલિ ઋષિનું આ ચરિત્ર સંક્ષેપથી કહ્યું, વિસ્તારથી ભગવતીસૂત્રમાંથી જાણી લેવું. [૧૧]

મિથ્યાત્વભાવના રૂપ નવમા દ્વારનું વ્યાખ્યાન કર્યું અને તેના વ્યાખ્યાનથી મિથ્યા-ત્વદ્વારનું સમર્થન કર્યું. હવે તેના પછી કહેલા બીજા સમ્યક્ત્વદ્વારનો અવસર છે. તે દ્વારનું પણ સ્વરૂપ વગેરે નવ દ્વારોથી વ્યાખ્યાન કરવું જોઈએ. આથી "ઉદ્દેશ પ્રમાણે નિર્દેશ કરવો જોઈએ" એવા ન્યાયને અનુસરીને પ્રથમ દ્વારથી સમ્યક્ત્વને કહે છે.

**जियरायदोषमोहेहिं भासियं जमिह जिणवरिंदेहिं ।**
**तं चेव होइ तत्तं, इय बुद्धी होइ सम्मत्तं ॥ १२ ॥**

**ગાથાર્થ**:– "રાગ–દ્વેષ–મોહને જીતનારા જિનવરેંદ્રોએ (= તીર્થંકરોએ) જે કહ્યું છે તે જ તત્ત્વ છે=પરમાર્થથી સત્ય છે" એવી બુદ્ધિ સમ્યક્ત્વ છે.

**ટીકાર્થ**:–જેનાથી જીવ રંગાય, અર્થાત્ શુદ્ધ સ્ફટિક જેવો નિર્મળ પણ આત્મા જેનાથી અન્યરૂપે કરાય તે રાગ. રાગ, માયા અને લોભ કષાયરૂપ છે. જીવ જેનાથી, દ્વેષ કરે, અર્થાત્ તે તે જીવો પ્રત્યે પ્રીતિરહિત બને તે દ્વેષ. દ્વેષ, ક્રોધ અને માનરૂપ છે. વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે કે–

**"(માયા અને લોભનું મૂળ રાગ હોવાથી) માયા અને લોભ રાગ સ્વરૂપ છે, તથા (ક્રોધ અને માનનું મૂળ દ્વેષ હોવાથી) ક્રોધ અને માન દ્વેષ સ્વરૂપ છે. આ પ્રમાણે અહીં સંક્ષેપમાં કષાયનો નિર્દેષ કર્યો."** (પ્ર. ર. ૩૨.)

જીવ જેનાથી મુંઝાય, અર્થાત્ હેય અને ઉપાદેય પદાર્થોમાં વિક્ષિપ્ત ચિત્તવાળો કે વિપરીત ચિત્તવાળો બને તે મોહ. અહીં મોહનો અજ્ઞાનતા અર્થ સમજવો. અથવા જે મુંઝવે તે મોહ. અહીં મોહનો મિથ્યાત્વાદિ સ્વભાવવાળું મોહનીય કર્મ એવો અર્થ સમજવો. "રાગ–દ્વેષ–મોહને જીતનારા" એ સ્થળે જીતવું એટલે મૂળથી ઉચ્છેદ કરીને પરાભવ કરવો એવો અર્થ છે, વિદ્યમાન જ રાગાદિને પ્રભાવરહિત બનાવવા એવો અર્થ નથી. કારણ કે ઘાતીકર્મોનો સર્વથા વિનાશ થાય તો જ કેવલજ્ઞાન થાય, અને કેવલજ્ઞાન થાય ત્યારે ભગવાન દેશના આપે.

(રાજાને બે રીતે જીતી શકાય. (૧) રાજાને મારીને જીતી શકાય, (૨) રાજા વિદ્યમાન હોય, એટલે કે રાજ ચલાવતો હોય, પણ તેને નિર્બળ બનાવીને દબાવી દેવો= તેના ઉપર સત્તા ચલાવવી, એ રીતે પણ રાજાને જીતી શકાય. આ બેમાં પહેલી રીતે જીતવું એ શ્રેષ્ઠ છે. બીજી રીતે જીતવામાં રાજા ભવિષ્યમાં ક્યારેક પાછો બળવાન બને. તે પ્રમાણે પ્રસ્તુતમાં પહેલી રીતે રાગાદિને જીતવા એ શ્રેષ્ઠ છે. તીર્થંકરો પહેલી રીતે રાગાદિને જીતે છે.)

રાગાદિને જીતે તે જિન. જિન=છદ્મસ્થ વીતરાગ. જિનોમાં વર=ઉત્તમ તે જિનવર. જિનવર=સામાન્ય કેવલી. જિનવરોના ઇંદ્ર=રાજા તે જિનવરેન્દ્ર. જિનવરેંદ્ર=ચોત્રીશ અતિશયરૂપ ઐશ્વર્યવાળા તીર્થંકર.

અહીં તીર્થંકરોના "રાગ–દ્વેષ–મોહને જીતનારા" એવા વિશેષણથી સમ્યક્ત્વનું લક્ષણ કહેવામાં હેતુનું સૂચન કર્યું છે. આનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ– તીર્થંકરોએ જે કહ્યું છે તે જ પરમાર્થથી સત્ય છે એનું શું કારણ? એનું કારણ એ છે કે તીર્થંકરો રાગ–દ્વેષ અને મોહને જિતનારા છે. તીર્થંકરો રાગ–દ્વેષ–મોહથી રહિત હોવાથી તેમનું કહેલું જ સત્ય છે. આ વિષે કહ્યું છે કે–

**[૧]"વીતરાગ અને સર્વજ્ઞ એવા દેવો ખોટું વચન કહેતા નથી. તેથી તેમનું વચન સત્ય, હિતકર અને સત્ય અર્થને બતાવનારું છે."**

રાગાદિ દોષોથી પરાભવ પામેલા કપિલ આદિએ રચેલું સત્ય નથી. કપિલ વગેરે "આત્મા એકાંતે નિત્ય છે" વગેરે અસત્ય દેશના આપે છે. આવી દેશનાથી તેઓ રાગાદિ-દોષવાળા છે એમ જાણી શકાય છે.

---

૧. શ્લોકમાં **हि** શબ્દ કારણ અર્થમાં છે. તેનો અન્વય આ પ્રમાણે છેઃ–તીર્થંકરોનું જ વચન સત્ય છે. કારણકે વીતરાગ અને સર્વજ્ઞદેવો ખોટું વચન કહેતા નથી.

**પ્રશ્નઃ–** સમ્યક્ત્વના સ્વરૂપમાં બુદ્ધિને સમ્યક્ત્વ કહેલ છે. બુદ્ધિ એટલે મતિ. મતિ તો જ્ઞાનરૂપ જ છે, જ્યારે સમ્યક્ત્વ તો તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધારૂપ છે. વાચક શ્રીઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે કે– **तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम्** ( તત્ત્વા. ૧–૨) તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. જે જ્ઞાન હોય તે સમ્યગ્દર્શન ન કહેવાય. આથી બુદ્ધિને સમ્યક્ત્વ કેવી રીતે કહેવાય? **ઉત્તરઃ–** અહીં કાર્યમાં કારણનો ઉપચાર કરીને બુદ્ધિથી થયેલ તત્ત્વરુચિ પણ બુદ્ધિ શબ્દથી વિવક્ષિત છે. તત્ત્વરુચિ અને બુદ્ધિ વચ્ચે કાર્ય–કારણ ભાવ પણ નથી એમ ન કહેવું. પૂજ્યશ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણે કહ્યું છે કે–

**“જેમ અવગ્રહ, ઇહા, અપાય અને ધારણા એ ચારે જ્ઞાનરૂપ હોવા છતાં અપાય અને ધારણા એ બે વચનપર્યાયને ગ્રહણ કરનારા હોવાથી વિશેષ બોધરૂપ છે, અને એથી જ્ઞાન તરીકે ઇષ્ટ છે, અવગ્રહ અને ઇહા એ બે અર્થપર્યાયને ગ્રહણ કરનારા હોવાથી સામાન્ય બોધરૂપ છે, અને એથી દર્શન તરીકે ઇષ્ટ છે. તેમ અહીં જીવાદિ તત્ત્વો સંબંધી રુચિ શ્રદ્ધારૂપ સમ્યક્ત્વ કહેવાય છે, અને જેનાથી જીવાદિ તત્ત્વોની રુચિ કરાય છે=શ્રદ્ધા કરાય છે તે જ્ઞાન છે.”** (વિશેષા. ગા. ૫૩૬)

( અહીં આ ગાથાનો સાક્ષીપાઠ આપીને એ જણાવ્યું છે કે જ્ઞાન (=બુદ્ધિ) સમ્યક્ત્વનું કારણ છે, અને તત્ત્વરુચિરૂપ સમ્યક્ત્વ કાર્ય છે. તત્ત્વરૂચિરૂપ કાર્યનો બુદ્ધિરૂપ કારણમાં ઉપચાર કરીને બુદ્ધિને તત્ત્વરુચિ કહી છે.)

અથવા ઉક્ત પ્રશ્નનું સમાધાન બીજી રીતે આ પ્રમાણે છેઃ–“આ મોદક સરસ છે, સુંદર છે, આનંદનો હેતુ છે” ઈત્યાદિ ગુણોને બતાવનારી મતિ લોકમાં રુચિ તરીકે પ્રસિદ્ધ છે, એનાથી વિપરીત દોષોને ગ્રહણ કરનારી મતિ અરુચિ તરીકે પ્રસિદ્ધ છે, તે પ્રમાણે અહીં પણ લોકરૂઢિથી રુચિરૂપ જ બુદ્ધિ વિવક્ષિત છે. આથી બુદ્ધિને સમ્યક્ત્વ કહેવામાં કોઈ દોષ નથી. [ ૧૨ ]

સમ્યક્ત્વમાં સ્વરૂપદ્વારની આ ગાથાનું મારા બોધ પ્રમાણે વર્ણન કર્યું. હવે મૂળદ્વારગાથાના ભેદદ્વારને વિસ્તારથી કહેવામાં આવે છેઃ–

**एगविह दुविह तिविहं, चउहा पंचविह दसविहं सम्मं ।**
**दव्वाइकारगाइयउवसमभेएहिं वा सम्मं ॥ १३ ॥**

**ગાથાર્થ** :–( તત્ત્વરૂપ પદાર્થોની શ્રદ્ધારૂપ ) એક પ્રકારનું, દ્રવ્ય વગેરે ભેદોથી બે પ્રકારનું, કારક વગેરે ભેદોથી ત્રણ પ્રકારનું, ઉપશમ વગેરે ભેદોથી ચાર પ્રકારનું અને પાંચ પ્રકારનું, તથા નિસર્ગ વગેરે ભેદોથી દશ પ્રકારનું સમ્યક્ત્વ સારી રીતે જાણવું.

**ટીકાર્થ:-** મૂળગાથામાં एगविह વગેરે સ્થળે "नीया लोवमभूया य आणिया दीह-बिंदुदुब्भावा" ( दीर्घत्वबिन्दुद्विर्भावाः ( प्रयोगेण ) आनीता, लोपं नीताश्चाभूताः = દીર્ઘત્વ, અનુસ્વાર અને દ્વિર્ભાવ પ્રયોગથી લવાયા અને લોપને પમાડાયા, એથી પ્રયોગમાં ન રહ્યા. ) ઈત્યાદિ સૂત્રથી અનુસ્વારનો લોપ થયો છે.

વિશેષ ભેદોની વિવક્ષા વિના સમ્યક્ત્વ એક પ્રકારનું છે. તે આ પ્રમાણે :– तत्त्वार्थश्रद्धानं सम्यग्दर्शनम् = તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન. ( તત્ત્વા. ૧–૨ ) આ વિષે કહ્યું છે કે–

**"ત્રણ જગતના શરણ્ય (= શરણું આપવાને યોગ્ય) તીર્થંકરોએ જીવાદિ જે પદાર્થો કહ્યા છે તે પદાર્થોની પરમવિશુદ્ધિથી શ્રદ્ધા કરવી તેને સમ્યગ્દર્શન કહે છે. (૧) ત્રણકાળ, છદ્રવ્યો, નવપદો, છજીવનિકાય, છલેશ્યા, પાંચ અસ્તિકાય, વ્રત, સમિતિ, ગતિ, જ્ઞાન અને ચારિત્રના ભેદો આ બધા પદાર્થો અને મોક્ષનું મૂળ (સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર) ત્રિભુવનથી પૂજાયેલા અરિહંતદેવોએ કહેલ છે, જે બુદ્ધિમાન તેને જાણે છે, તેથી તેની શ્રદ્ધા કરે છે, અને તેની આરાધના કરવા વડે સ્પર્શના કરે છે તે સમ્યગ્દષ્ટિ [1]છે. (૨)**

આ એક પ્રકારનું સમ્યક્ત્વ કહ્યા વિના પણ જાણી શકાય તેવું હોવાથી મૂલકારે એનું વિવરણ કર્યું નથી. બે વગેરે પ્રકારો તો કહ્યા વિના ન જાણી શકાય, માટે તેનો ( ગાથાના ઉત્તરાર્ધમાં ) ઉલ્લેખ કરે છે:– બે પ્રકારનું સમ્યક્ત્વ દ્રવ્ય વગેરે ભેદોથી, ત્રણ પ્રકારનું કારક વગેરે ભેદોથી, ચાર પ્રકારનું અને પાંચ પ્રકારનું ઉપશમ વગેરે ભેદોથી, અને દશ પ્રકારનું મૂળગાથામાં वा શબ્દથી જેમનું સૂચન કર્યું છે તે નિસર્ગ વગેરે ભેદોથી છે.

**દ્રવ્ય–ભાવ:–** દ્રવ્ય અને ભાવ એ બે ભેદોથી બે પ્રકારનું સમ્યક્ત્વ છે. તેમાં શુદ્ધ મિથ્યાત્વપુંજમાં રહેલા કર્મદલિકો જ દ્રવ્યથી સમ્યક્ત્વ છે. એ કર્મદલિકોની સહાયથી થયેલ જીવનો તત્ત્વરુચિરૂપ પરિણામ ભાવથી સમ્યક્ત્વ છે. दव्वाइ એ સ્થળે રહેલ આદિ શબ્દ બીજી રીતે પણ બે પ્રકારો બતાવવા માટે છે. તેથી નિશ્ચય અને વ્યવહાર, નૈસર્ગિક અને આધિગમિક, પૌદ્ગલિક અને અપૌદ્ગલિક વગેરે ભેદોથી પણ બે પ્રકારનું સમ્યક્ત્વ છે. તેમાં નિશ્ચય અને વ્યવહારરૂપ સમ્યક્ત્વ નીચેની ગાથાથી વિચારવું.

---

૧. અથવા આ શ્લોકનો અર્થ આ પ્રમાણે થઈ શકે:– ત્રણ કાળ, છ દ્રવ્યો, નવપદો, છ જીવનિકાય છ લેશ્યા, પાંચ અસ્તિકાય, વ્રત, સમિતિ, ગતિ, જ્ઞાન અને ચારિત્રના ભેદો આ બધા મોક્ષનું મૂળ છે, (= આ બધાનું યથાર્થ જ્ઞાન મોક્ષનું મૂળ છે,) એમ ત્રિભુવનથી પૂજાયેલા અરિહંતદેવોએ કહ્યું છે, જે બુદ્ધિમાન તેને જાણે છે, તેના ઉપર શ્રદ્ધા કરે છે, અને તેની આરાધના કરવા વડે સ્પર્શે છે તે સમ્યગ્દષ્ટિ છે.

**"નિશ્ચયથી તો જે (મૌન=) ચારિત્ર છે તે જ સમ્યક્ત્વ છે, જે સમ્યક્ત્વ છે તે જ (મૌન=) ચારિત્ર છે. (આથી આ સમ્યક્ત્વ ચારિત્રીને હોય છે.) બીજાઓને નિશ્ચયસમ્યક્ત્વના હેતુભૂત સમ્યક્ત્વના સડસઠ ભેદ રૂપ વ્યવહારસમ્યક્ત્વ હોય છે."**

**નૈસર્ગિક–આધિગમિકઃ–** નિસર્ગ=સ્વભાવ. ઉપદેશ આદિ નિમિત્ત વિના સ્વભાવથી (=સ્વાભાવિકપણે) થતું સમ્યક્ત્વ નૈસર્ગિક છે. પરના ઉપદેશરૂપ નિમિત્તથી થતું સમ્યક્ત્વ આધિગમિક છે. (અહીં પરોપદેશના ઉપલક્ષણથી જિનપૂજા, ગુરુવંદન, સુપાત્રદાન વગેરે નિમિત્તો પણ સમજવા.)

**પૌદ્ગલિક–અપૌદ્ગલિકઃ–** ક્ષાયોપશમિકભાવથી થતું સમ્યક્ત્વ પૌદ્ગલિક છે. ક્ષાયિક અને ઔપશમિક સમ્યક્ત્વ અપૌદ્ગલિક છે.

**ત્રણ પ્રકારનું સમ્યક્ત્વઃ–** કારક, રોચક અને વ્યંજક (=દીપક) એ ત્રણ ભેદોથી ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ છે. અથવા कारगाइ એ સ્થળે રહેલ આદિ શબ્દથી ક્ષાયોપશમિક વગેરે ભેદોથી ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ છે. કહ્યું છે કે–

**"જિનેશ્વરોએ ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિક એમ ત્રણ પ્રકારનું, અથવા કારક, રોચક અને દીપક એમ ત્રણ પ્રકારનું સમ્યક્ત્વ કહ્યું છે."**

**ચાર–પાંચ પ્રકારનું સમ્યક્ત્વઃ–** ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને સાસ્વાદન એ ચાર પ્રકારનું, આ ચાર અને વેદક એમ પાંચ પ્રકારનું સમ્યક્ત્વ છે.

**દશ પ્રકારનું સમ્યક્ત્વઃ–** પ્રજ્ઞાપના ઉપાંગમાં જોવાયેલા દશ ભેદોથી દશ પ્રકારનું સમ્યક્ત્વ છે. મૂળગાથામાં આ (પ્રજ્ઞાપનામાં જોવાયેલા) ભેદોનો સાક્ષાત્ ઉલ્લેખ કર્યો નથી, પણ वा શબ્દથી આ ભેદોનું સૂચન કર્યું છે. પ્રજ્ઞાપનામાં દશ ભેદો આ પ્રમાણે કહ્યા છેઃ–

**"નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, આજ્ઞારુચિ, સૂત્રરુચિ, બીજરુચિ, અધિગમરુચિ, વિસ્તારરુચિ, ક્રિયારુચિ, સંક્ષેપરુચિ અને ધર્મરુચિ એમ દશ પ્રકારનું સમ્યક્ત્વ છે."**

(सम्मं=) અહીં જણાવેલ દ્વિવિધ વગેરે સમ્યક્ત્વ આગમોક્ત રીતે સમજવું, સ્વમતિથી કલ્પિત ભેદોથી નહિ.

**કારક વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ–**

**"જે સમ્યક્ત્વમાં જિનેશ્વરોએ જે જે પ્રમાણે કહ્યું છે, તે તે પ્રમાણે સદા કરે તે કારક સમ્યક્ત્વ છે. (આ સમ્યક્ત્વ વિશુદ્ધ સંયમીને જ**

હોય.) સમ્યક્ ક્રિયામાં માત્ર રુચિ-પ્રીતિ કરે, પણ ક્રિયા ન કરે તે રોચક સમ્યક્ત્વ છે. (આ સમ્યક્ત્વ શ્રેણિક મહારાજા, કૃષ્ણ મહારાજા વગેરે અવિરતિ સમ્યગ્દૃષ્ટિ જીવોને હોય.)"

"(જેમ દીવો પરને પ્રકાશ કરે છે તેમ) પોતે મિથ્યાદૃષ્ટિ હોવા છતાં ધર્મકથા વગેરેથી બીજાઓને દીપાવે=સમ્યક્ત્વ પમાડે તે જીવમાં દીપકસમ્યક્ત્વ છે. આ સમ્યક્ત્વ કાર્ય-કારણભાવથી જાણવું, અર્થાત્ મિથ્યાત્વીનો શુદ્ધ ઉપદેશ બીજાઓના સમ્યક્ત્વનું કારણ હોવાથી (કારણમાં કાર્યના ઉપચારથી) તે ઉપદેશ દીપકસમ્યક્ત્વ છે એમ જાણવું."

"પૂર્વે ઉદયમાં આવેલા મિથ્યાત્વનો ક્ષય કર્યો, સત્તામાં રહેલા મિથ્યાત્વપુંજ તથા મિશ્રપુંજ રૂપ મિથ્યાત્વનો ઉદય અટકાવ્યો, અને વર્તમાનમાં સમકિતપુંજ રૂપે ઉદયમાં આવેલા મિથ્યાત્વના દલિકોમાંથી મિથ્યાસ્વભાવને (=રસને) દૂર કરવારૂપ ઉપશમ કર્યો, આમ ક્ષય અને ઉપશમ વડે મિશ્રભાવને પામેલા; વર્તમાનમાં વેદાતા અને રસ રહિત બનેલા સમ્યક્ત્વમોહનીય નામના શુદ્ધપુંજ રૂપ મિથ્યાત્વનો ઉદય ક્ષય-ઉપશમયુક્ત હોવાથી ક્ષાયોપશમિક સમ્યક્ત્વ કહેવાય છે." (વિશેષા. ૫૩૨)

"ઉપશમ શ્રેણિમાં વર્તતા જીવને ઔપશમિક સમ્યક્ત્વ હોય છે, અથવા જેણે ત્રણ પુંજ કર્યા નથી અને મિથ્યાત્વનો ક્ષય કર્યો નથી તે જીવ ઔપશમિક સમ્યક્ત્વ પામે છે." (વિશેષા. ૫૨૯)

"સંસારનું કારણભૂત ત્રણેય પ્રકારનું દર્શનમોહનીયકર્મ ક્ષીણ થતાં અવિનાશી અને અનુપમ ક્ષાયિક સમ્યક્ત્વ પ્રગટ થાય છે." (ધર્મસં. ૮૦૧)

"ઉપશમસમ્યક્ત્વથી પડતાં મિથ્યાત્વના ઉદય પહેલાં ઉપશમ સમ્યક્ત્વ અને મિથ્યાત્વના આંતરામાં છ આવલિકા પ્રમાણ સાસ્વાદન સમ્યક્ત્વ હોય છે." (વિશેષા. ૫૩૧)

"(ખંડ ક્ષપકશ્રેણિમાં અનંતાનુબંધી ચાર કષાય, મિથ્યાત્વમોહનીય અને મિશ્રમોહનીય એ છ પ્રકૃતિઓનો સર્વથા ક્ષય થતાં) મોહનીયની બાવીસ પ્રકૃતિના ઉદયવાળા જીવને સમ્યક્ત્વમોહનીયને ખપાવતાં ખપાવતાં જે સમયે સંપૂર્ણ દલિકો ખપી જાય તે છેલ્લા સમયમાં તેના દલિકોને ભોગવતી વખતે વેદક સમ્યક્ત્વ હોય છે."

"બીજાના ઉપદેશ વિના સ્વયમેવ જિનોક્ત નામ-સ્થાપના-દ્રવ્ય-ભાવ એ ચાર પ્રકારના જીવાદિ પદાર્થોની 'જિને જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે જ છે એમાં કોઇ ફેરફાર નથી' એવી શ્રદ્ધા કરનાર જીવ નિસર્ગ-રુચિ છે. (અર્થાત્ તેને નિસર્ગરુચિસમ્યક્ત્વ હોય છે. આગળના ભેદોમાં પણ આ ભાવ સમજવો.)"

"આ (પૂર્વોક્ત) જ જીવાદિ પદાર્થોની અન્ય કોઇ છદ્મસ્થના કે કેવલ-જ્ઞાનીના ઉપદેશથી શ્રદ્ધા કરનાર જીવ ઉપદેશરુચિ છે."

"રાગ-દ્વેષ-મોહ અને અજ્ઞાન નબળા બની જવાથી આચાર્ય વગેરેની આજ્ઞાથી જીવાદિ પદાર્થોની રુચિ=શ્રદ્ધા કરનાર જીવ (માષતુષમુનિ વગેરેની જેમ) આજ્ઞારુચિ છે."

"સૂત્રને ભણતો જે જીવ આચારાંગાદિ અંગસૂત્રથી કે ઉત્તરાધ્યયનાદિ અંગબાહ્યસૂત્રથી જીવાદિ પદાર્થોનું અવગાહન કરે છે=ઊંડા ઉતરીને સૂક્ષ્મજ્ઞાન મેળવે છે, અને એથી સમ્યક્ત્વને પામે છે તે જીવ (ગોવિંદ-વાચક વગેરેની જેમ) સૂત્રરુચિ છે."

"જે જીવની જીવાદિ કોઇ એક તત્ત્વમાં થયેલી રુચિ=શ્રદ્ધા જેમ પાણીમાં પડેલું તેલનું બિંદુ સઘળા પાણીમાં ફેલાઇ જાય છે તેમ, બધા પદાર્થોમાં ફેલાઇ જાય, (અથવા જેમ એક બીજ અનેક બીજોને ઉત્પન્ન કરે તેમ એક પદાર્થમાં થયેલી રુચિ સઘળા પદાર્થોમાં રુચિ ઉત્પન્ન કરે) તે જીવ બીજરુચિ જાણવો."

"આચારાંગ વગેરે અગિયાર અંગો, ઔપપાતિક વગેરે ઉપાંગો, ઉત્તરાધ્યયન વગેરે પ્રકીર્ણકો અને દૃષ્ટિવાદ (=ચૌદપૂર્વો) રૂપ શ્રુતજ્ઞાનને અર્થથી જાણનાર અભિગમરુચિ છે."

"પ્રત્યક્ષાદિ સર્વ પ્રમાણોથી અને નૈગમાદિ નયભેદોથી ધર્માસ્તિ-કાયાદિ દ્રવ્યોના એકત્વ, પૃથક્ત્વ વગેરે સર્વ પર્યાયોને જાણનાર વિસ્તારરુચિ છે."

"દર્શન-જ્ઞાન-ચારિત્ર, તપ, વિનય અને સદ્ભૂત સમિતિ-ગુપ્તિમાં જે ક્રિયાના ભાવપૂર્વક રુચિવાળો છે, અર્થાત્ દર્શનાચાર આદિ અનુષ્ઠાનોમાં ભાવથી રુચિવાળો છે, તે નિશ્ચિત ક્રિયારુચિ છે."

"જે જિનવચનમાં કુશળ નથી, જે કપિલાદિ મતોનો પણ જાણકાર નથી, અને જેણે બૌદ્ધાદિ મિથ્યાદર્શનોનો સ્વીકાર કર્યો નથી (=મિથ્યા-

**દર્શનોમાં આગ્રહ રાખ્યો નથી), ચિલાતીપુત્રની જેમ સંક્ષેપથી જ તત્ત્વરુચિને પામનાર તે જીવ સંક્ષેપરુચિ છે."**

**"જિનોક્ત ધર્માસ્તિકાય વગેરેના ગતિસહાયકતા વગેરે ધર્મની, અંગપ્રવિષ્ટ વગેરે આગમરૂપ શ્રુતધર્મની અને સામાયિક વગેરે ચારિત્રધર્મની શ્રદ્ધા કરનાર જીવ ધર્મરુચિ જાણવો."**[1]

સમ્યક્ત્વના પ્રકારોનું વિશેષ સ્વરૂપ ગ્રંથાંતરથી જાણી લેવું. [૧૩]

ભેદદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે ઉત્પત્તિ (=કેવી રીતે ઉત્પન્ન થાય) દ્વાર કહે છેઃ—

**काऊण गंढिभेयं, सहसम्मुइयाए पाणिणो केई ।**
**परवागरणा अन्ने, लहंति सम्मत्तवररयणं ॥ १४ ॥**

**ગાથાર્થઃ**– કેટલાક પ્રાણીઓ પરોપદેશ વિના જાતિસ્મરણ વગેરે સ્વપ્રતિભાથી અને બીજા પ્રાણીઓ પરોપદેશથી ગ્રંથિભેદ કરીને સમ્યક્ત્વરૂપી શ્રેષ્ઠ રત્નને પામે છે.

**ટીકાર્થ**:–ગ્રંથિ એટલે કર્મજનિત ગાઢ (=તીવ્ર) રાગ-દ્વેષનો પરિણામ. કહ્યું છે કે–

**"જેમ વેલડી આદિના કાષ્ઠની કર્કશ, બધી તરફથી નિબિડ, શુષ્ક અને ગૂઢ ગાંઠ દુર્ભેદ્ય હોય છે, તેવી રીતે જીવના કર્મજનિત અને અત્યંત દુર્ભેદ્ય એવા તીવ્ર રાગ-દ્વેષના પરિણામને ગ્રંથિ કહેવામાં આવે છે." (રાગ-દ્વેષના પરિણામ ગાંઠની જેમ દુર્ભેદ્ય હોવાથી ગ્રંથિ તરીકે ઓળખાય છે.) (વિશેષા. ૧૧૯૫)**

**પ્રશ્ન**:– સમ્યક્ત્વને શ્રેષ્ઠરત્નની ઉપમા કેમ આપવામાં આવી છે?

**ઉત્તર**:– ચિંતામણી વગેરે રત્નોની અપેક્ષાએ સમ્યક્ત્વ શ્રેષ્ઠ હોવાથી તેને શ્રેષ્ઠરત્નની ઉપમા આપવામાં આવી છે. કહ્યું છે કે–

**"સમ્યક્ત્વરૂપી રત્નથી શ્રેષ્ઠ કોઇ રત્ન નથી. સમ્યક્ત્વરૂપી બંધુથી શ્રેષ્ઠ કોઇ બંધુ નથી. સમ્યક્ત્વરૂપી મિત્રથી શ્રેષ્ઠ કોઇ મિત્ર નથી. સમ્યક્ત્વના લાભથી શ્રેષ્ઠ કોઇ લાભ નથી."**

જેને પ્રાણ હોય તે પ્રાણી કહેવાય. ઇંદ્રિય વગેરે પ્રાણો છે. કહ્યું છે કે–

**"પાંચ ઇંદ્રિય, મનોબળ, વચનબળ અને કાયબળ એમ ત્રણ બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય આ દશ પ્રાણો તીર્થંકરોએ આગમમાં કહ્યા છે."**

---

૧. અહીં ટીકામાં ઉદ્ધૃત કરાયેલી નિસર્ગરુચિ વગેરેના સ્વરૂપને જણાવનારી આ દશ ગાથાઓ ઉત્તરાધ્યયનના ૨૮ મા અધ્યયનમાં છે. અધ્યયનના ગાથા નં. ૧૮ થી ૨૭ છે, અને સળંગ નંબર ૧૦૭૮ થી ૧૦૮૭ છે.

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો સપ્તતિકા ગ્રંથની બૃહત્ચૂર્ણિમાંથી જાણવો. સ્થાન શૂન્ય ન રહે એ માટે કંઈક ( ભાવાર્થ ) લખીએ છીએ :–

નરકાદિ ચાર ગતિમાંથી કોઈ એક ગતિમાં વર્તમાન, યથાપ્રવૃત્તકરણથી આયુષ્ય સિવાય સાતકર્મોની અંતઃકોડાકોડિ પ્રમાણ સ્થિતિ કરનાર, સંજ્ઞિપંચેંદ્રિય, પર્યાપ્ત, મતિ–શ્રુત અને વિભંગ એ ત્રણ જ્ઞાનમાંથી કોઈ એક જ્ઞાનના સાકારોપયોગમાં વર્તમાન, મન–વચન અને કાયા એ ત્રણ યોગમાંથી કોઈ એક યોગમાં વર્તમાન, તેજોલેશ્યાનો જઘન્ય પરિણામ, પદ્મલેશ્યાનો મધ્યમ પરિણામ, શુક્લલેશ્યાનો ઉત્કૃષ્ટ પરિણામ, એ ત્રણ લેશ્યાપરિણામમાંથી કોઇ એક પરિણામમાં વર્તમાન, અશુભકર્મોના ચતુઃસ્થાનક રસને દ્વિસ્થાનક કરતો અને શુભપ્રકૃતિના દ્વિસ્થાનક રસને ચતુઃસ્થાનક કરતો, ધ્રુવબંધિની[1] બધી પ્રકૃતિઓને બાંધતો, અવિશુદ્ધ જીવને આયુષ્યબંધના અધ્યવસાય થતા હોવાથી આયુષ્ય સિવાય સંભવિત ભવ પ્રાયોગ્ય પરાવર્તમાન પ્રકૃતિઓને બાંધતો, [2]અંતર્મુહૂર્ત-માત્ર કાલ પ્રમાણ અપૂર્વકરણ અને અનિવૃત્તિકરણ નામના વિશુદ્ધિવિશેષોથી વિશેષ શુદ્ધ બનતો, અપૂર્વ અપૂર્વતર સ્થિતિઘાત, રસઘાત, સ્થિતિબંધ અને ગુણશ્રેણીને પ્રવર્તાવતો કોઈ અનાદિ મિથ્યાદૃષ્ટિ જીવ અંતરકરણ કરવાની શરૂઆત કરે છે. કહ્યું છે કે–

**“જ્યારે ઘણા હજારો સ્થિતિખંડો ઓળંગે છે ત્યારે અનિવૃત્તિકરણના સંખ્યાતમા ભાગ પ્રમાણ કાલ બાકી રહે છતે (૧) તે જીવ અંતર કરે છે. નીચે અંતર્મુહૂર્ત પ્રમાણ સ્થિતિને રાખીને શરૂઆતના મિથ્યાત્વના દલિકોની પ્રથમ સ્થિતિ છે એ પ્રમાણે તું જાણ. (૨) અંતર્મુહૂર્તથી ઉપર કાંઇકન્યૂન અંતર્મુહૂર્તવડે સમાન મિથ્યાત્વની સ્થિતિઓને ઉકેરે છે (=નાશ કરે છે) તેને અંતર કહ્યું છે.”**

તેમાં પહેલી સ્થિતિમાં રહેલો જીવ મિથ્યાત્વ દલિકોને ભોગવતો=અનુભવતો હોવાથી મિથ્યાદૃષ્ટિ છે. અંતર્મુહૂર્ત બાદ પ્રથમસ્થિતિ દૂર થતાં અંતરકરણના પહેલા સમયે જ નિસર્ગથી કે અધિગમથી ઔપશમિકસમ્યક્ત્વને પામે છે.

---

૧. ધ્રુવબંધી ૪૭ પ્રકૃતિઓ આ પ્રમાણે છે :– જ્ઞાનાવરણીય ૫, દર્શનાવરણીય ૯, અંતરાય ૫, મિથ્યાત્વ, કષાય ૧૬, ભય, જુગુપ્સા, તૈજસ, કાર્મણ, વર્ણાદિ ૪, અગુરુલઘુ, ઉપઘાત, નિર્માણ.

૨. તે આ પ્રમાણે :– તિર્યંચ કે મનુષ્ય પહેલીવાર સમ્યક્ત્વ પામે છે ત્યારે દેવગતિ પ્રાયોગ્ય સુરદ્વિક, વૈક્રિયદ્વિક, પરાઘાત, ઉચ્છ્વાસ, પ્રશસ્ત વિહાયોગતિ, પંચેંદ્રિય જાતિ, શાતાવેદનીય, ઉચ્ચગોત્ર, સમચતુરસ્રસંસ્થાન, ત્રસદશક– આ એકવીસ પ્રકૃતિઓને બાંધે છે, દેવ અને નારક મનુષ્યગતિ પ્રાયોગ્ય જ મનુષ્યદ્વિક, ઔદારિકદ્વિક, પ્રથમસંઘયણ, પરાઘાત વગેરે બાવીસ પ્રકૃતિઓને બાંધે છે. સાતમી નરકના નારકો તિર્યંચદ્વિક, નીચગોત્ર અને પૂર્વોક્ત મનુષ્યગતિપ્રાયોગ્ય બાવીસ પ્રકૃતિની અંતર્ગત એકવીસ પ્રકૃતિ બાંધે છે.

[1]જે જીવ અંતરકરણ ન કરે તે જીવ પહેલાં જ યથાપ્રવૃત્ત વગેરે ત્રણ કરણોથી જ પૂર્વોક્ત રીતે જ ત્રણ પુંજ કરે છે. અને (શુદ્ધપુંજને ભોગવતો) ક્ષાયોપશમિક સમ્યક્ત્વ પામે છે. સમ્યક્ત્વનો લાભ થતાં સમ્યગ્જ્ઞાનાદિનો લાભ થાય છે. કહ્યું છે કે—

**"સમ્યક્ત્વના લાભથી જીવ આત્મહિતરૂપ જ્ઞાન-દર્શન-ચારિત્રને પામે છે. તે સમ્યક્ત્વ સંસાર સમુદ્રમાં જીવે પૂર્વે ક્યારેય પ્રાપ્ત કર્યું નથી."**

પ્રાસંગિક વર્ણનથી સર્યું. જો કે આ ગાથામાં સ્વપ્રતિભા અને પરોપદેશથી સમ્યક્ત્વની ઉત્પત્તિમાં દૃષ્ટાંતનું સૂચન કર્યું નથી, તો પણ પ્રથમ પદમાં (=સ્વપ્રતિભામાં) શ્રેયાંસકુમારનું અને બીજા પદમાં (=પરોપદેશમાં) ચિલાતીપુત્રનું દૃષ્ટાંત જાણવું. તેમાં શ્રેયાંસકુમારની કથા આ જ ગ્રંથમાં અતિથિસંવિભાગવ્રતના ભાવનાદ્વારમાં કહેશે. ચિલાતીપુત્રની કથા આ પ્રમાણે છે:—

## ચિલાતીપુત્રનું દૃષ્ટાંત

ક્ષિતિપ્રતિષ્ઠ નગરમાં જિતશત્રુ નામનો રાજા હતો. સકલ અંતઃપુરમાં સારભૂત ધારિણી નામની તેની રાણી હતી. મંત્રીઓ ઉપર (રાજ્યનો) ભાર નાખીને દોગુંદક દેવની જેમ ધારિણીરાણીની સાથે વિષયસુખોમાં આસક્ત તે કેટલો કાળ ગયો તે પણ જાણતો નથી. તે વખતે તે નગરમાં એક બ્રાહ્મણનો ચૌદ વિદ્યાસ્થાનોને પાર પામેલો યજ્ઞદેવ નામનો પુત્ર રહેતો હતો. પોતાને પંડિત માનનાર, અભિમાની, શુચિવાદી અને જાતિના મદવાળો તે નગરમાં સાધુઓને જોઈને અનેક રીતે હીલના કરતો હતો. વિવિધરીતે જિનશાસનની નિંદા કરતો હતો, અને લોકોની સમક્ષ કહેતો હતો કે આ સાધુઓ શુચિધર્મથી રહિત છે. હવે કોઈવાર ત્યાં બહાર ઉદ્યાનમાં સુસ્થિત નામના આચાર્ય પધાર્યા. ભિક્ષા માટે નગરમાં ગયેલા સુવ્રત નામના તેમના શિષ્યે બ્રાહ્મણનો તે વૃત્તાંત સાંભળ્યો. તેણે ગુરુની પાસે આવીને ગોચરી આલોવીને આ પ્રમાણે કહ્યું: જો આપ અનુજ્ઞા આપો તો હું રાજસભામાં જઈને બધા લોકોની સમક્ષ તેના પાંડિત્યના ગર્વને દૂર કરું. આ વખતે ગુરુએ કહ્યું: આપણને આ (=વાદ કરવો એ) યોગ્ય નથી. કારણ કે આપણો ધર્મ ક્ષમાની પ્રધાનતાવાળો છે. વિવાદથી તે વિરુદ્ધ છે, અર્થાત્ વિવાદ કરવાથી તે ધર્મનો ભંગ થાય. આ નિંદા પરાભવ પણ નથી, કારણ કે આક્રોશ પરીષહ સહન થાય છે. તથા વાદથી સિદ્ધિ પણ થતી નથી. કારણ કે કહ્યું છે કે:—
**"તત્ત્વના નિર્ણય વિનાના પૂર્વપક્ષને અને ઉત્તરપક્ષને છ માસ સુધી કંઠ શોષ થાય તે પ્રમાણે કહેનારા ગતિ કરવામાં ઘાંચીના બળદની જેમ**

---

૧. અંતરકરણ કરે અને ઔપશમિકસમ્યક્ત્વ પામે એ મત કાર્મગ્રંથિક છે. અંતરકરણ ન કરે અને ક્ષાયોપશમિકસમ્યક્ત્વ પામે એ મત સૈદ્ધાન્તિક છે.

**તત્ત્વના પારને પામતા નથી."** આ પ્રમાણે ગુરુએ કહ્યું એટલે શિષ્યે ઉત્તર આપ્યો કે– સામર્થ્ય હોય તો શાસનપ્રભાવના અવશ્ય કરવી જોઇએ એમ શાસ્ત્રમાં સંભળાય છે. કહ્યું છે કે–**"પ્રાવચની, ધર્મકથક, વાદી, નૈમિત્તિક, તપસ્વી, વિદ્યાવાન, સિદ્ધ અને કવિ એ આઠેયને શાસનના પ્રભાવક કહ્યા છે."** આ પ્રમાણે કહીને ગુરુના ચરણે વંદન કર્યું. પછી તે ત્યાંથી નીકળ્યો. લાભને જોતા ગુરુએ પણ પછી તેને રોકચા નહિ. તેણે યજ્ઞદેવ પાસે જઇને કહ્યું : હે ભદ્ર ! તું મૂઢ લોકોની પાસે જિનશાસનની જે નિંદા કરે છે તે અજ્ઞાનતાથી કરે છે કે જ્ઞાનથી ગર્વિષ્ઠ થઇને કરે છે ? જો અજ્ઞાનતાથી કરે છે તો હે ભદ્ર ! તેનાથી અટકી જા. કારણ કે જે જીવો અજ્ઞાનતાથી પણ જિનશાસનની નિંદા કરે છે તે જીવો ભવોભવ દુઃખના ભાગી થાય છે અને જ્ઞાનગુણથી રહિત થાય છે. કહ્યું છે કે– **"જ્ઞાન અને જ્ઞાનીઓની નિંદા, દ્વેષ, ઇર્ષ્યા, નાશ અને વિઘ્ન કરવાથી જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે."** હવે જો જાણીને નિંદા કરે છે તો રાજસભામાં ઘણા લોકોની સમક્ષ મારી સાથે વાદ કર. મૂઢ લોકોને શું કામ છેતરે છે ? વાદમાં તું કે હું જે હારી જાય તેણે જીતનારના શિષ્ય બનવું એવી પ્રતિજ્ઞા મુનિએ કહી એટલે યજ્ઞદેવ મુનિ ઉપર ગુસ્સે થયો. તેણે કહ્યું: ગર્વથી ભરેલા હે શ્રમણાધમ ! જો તને વાદની ખણજ ઉપડી હોય તો સવારે રાજસભામાં આવ, જેથી તેને દૂર કરું. સાધુ પણ 'એમ હો' એ પ્રમાણે સ્વીકાર કરીને પોતાની વસતિમાં આવ્યા. સૂર્યોદય થતાં રાજસભામાં ઉપસ્થિત થયા. યજ્ઞદેવ પણ આવી ગયો. મુનિએ યજ્ઞદેવને કહ્યું: હે ભદ્ર ! ગઇકાલના તારા વચનથી આ હું રાજાની પાસે આવી ગયો છું. હમણાં રાજા, સભાપતિ, સભ્યો અને આ વિશિષ્ટ લોકો હાજર છે. તેથી અહીં વાદની ભૂમિકાને કહે, તારે જે કંઇ પણ કહેવું હોય તે કહે. એટલામાં યજ્ઞદેવે કહ્યું: તમે અધમ છો, કારણ કે વેદમાં કહેલા અનુષ્ઠાનથી રહિત છો, માતંગની જેમ. હેતુ અસિદ્ધ છે એમ ન કહેવું. કારણ કે વેદોક્ત સઘળાં અનુષ્ઠાનો શૌચ-વિધિપૂર્વક કહ્યાં છે, અને તમે મલથી મલિન શરીર અને વસ્ત્રોથી અશુચિરૂપ છો. પછી મુનિએ કહ્યું : તારી પ્રતિજ્ઞા લોક અને આગમ એ બંનેથી બાહ્ય છે. કારણ કે સાધુઓ લૌકિકશાસ્ત્રમાં પણ પ્રશસ્ત કહેવાય છે. કહ્યું છે કે–**"સાધુઓનું દર્શન ઉત્તમ છે, સાધુઓ તીર્થસ્વરૂપ છે, તીર્થ કાળે કરીને પવિત્ર કરે છે, જ્યારે સાધુઓનો સમાગમ તુરત પવિત્ર કરે છે."** વેદને અનુસરનારાઓએ પણ કહ્યું છે કે– **"ભૂમિમાં રહેલું પાણી પવિત્ર હોય છે, પતિવ્રતા સ્ત્રી પવિત્ર હોય છે, ધર્મમાં તત્પર રાજા પવિત્ર હોય છે, બ્રહ્મચારી સદા પવિત્ર હોય છે."** તારો હેતુ પણ અસિદ્ધ છે. કારણ કે વેદમાં હિંસાનો નિષેધ કર્યો છે. અમે પણ હિંસા કરતા નથી. તેથી અમે વેદોક્ત અનુષ્ઠાનથી રહિત કેવી રીતે છીએ ? વેદમાં કહ્યું છે કે– **"સર્વ જીવોની હિંસા ન કરવી જોઇએ."** તેં વેદોક્ત અનુષ્ઠાનનો અભાવ શૌચના અભાવથી જે સિદ્ધ કર્યો

છે તે પણ અયુક્ત છે. કારણ કે શૌચ અનેક પ્રકારનું કહ્યું છે. વેદને અનુસરનારાઓ કહે છે કે– **સત્ય શૌચ છે, તપ શૌચ છે, ઇંદ્રિયનિગ્રહ શૌચ છે, સર્વ જીવો ઉપર દયા શૌચ છે, અને પાંચમું શૌચ જલથી થાય છે.** અમે સત્ય વગેરેને આચરનારા હોવાથી અપવિત્ર કેવી રીતે બનીએ? વળી મલિન દેહ અને મલિન વસ્ત્રવાળા હોવાથી તમે અપવિત્ર છો એમ જે કહ્યું તે પણ અયુક્ત છે. કારણ કે કહ્યું છે કે– **"જીવલોકમાં જે મનુષ્યો મલથી મલિન છે, કાદવથી મલિન છે અને ધૂલથી મલિન છે, તે મનુષ્યો મલિન નથી, કિંતુ જેઓ પાપકાર્યથી મલિન છે તેઓ મલિન છે."** મુનિએ આવાં વચનોથી તેને નિરુત્તર કર્યો એટલે તે ભાવરહિત પણ તેનો શિષ્ય બન્યો. પછી મુનિ વાદનો ઉપસંહાર કરીને વસતિમાં આવ્યા. આચાર્યને વંદન કરીને યજ્ઞદેવને દીક્ષા અપાવી. સ્વીકારેલું પાળવું એ જ વીરપુરુષોનું મોટું વ્રત છે એમ વિચારતા તેણે પણ દ્રવ્યથી દીક્ષા સ્વીકારી. કહ્યું છે કે– **"સ્વીકારેલું પાળવામાં પુરુષોને મસ્તક છેદાય, બંધન થાય કે લક્ષ્મી બધી ચાલી જાય, એમ જે થવાનું હોય તે થાય (પણ સ્વીકારેલું પાળવું જોઇએ)."** કોઈક વિષયમાં દેવતાવડે પ્રેરણા કરાયેલા તેને ભાવથી પણ દીક્ષાનો પરિણામ થયો, પણ તે દુગંછાને છોડતો નથી. તેના શાંત થયેલા બધા સંબંધીઓ પણ શ્રાવક થયા. પણ તેની મૂઢપત્નીએ તેના ઉપર કામણ કર્યું. આહાર–પાણી વગેરે વહોરાવતી વખતે ગુપ્ત રીતે કામણવાળો આહાર વહોરાવ્યો. કામણવાળો આ આહાર છે એવી ખબર ન પડવાથી તેણે તે આહાર વાપર્યો. આથી તે કામવિકારવાળો થયો. તેથી વ્રતભંગના ભયથી તેણે અનશનનો સ્વીકાર કર્યો. દુગંછાનું પ્રતિક્રમણ કર્યા વિના સમાધિથી મરીને દેવલોકમાં ગયો. તે જ વૈરાગ્યથી (=પોતાના કારણે પતિનું આ રીતે મૃત્યુ થયું એ પ્રસંગથી થયેલ વૈરાગ્યથી જ) તેની પત્નીએ પણ દીક્ષાનો સ્વીકાર કર્યો. શરમના કારણે પોતાનો તે દોષ ગુરુને કહ્યો નહિ. આયુષ્ય પૂર્ણ થતાં તે મૃત્યુ પામી. પૂર્વે કરેલા સુકૃતના કારણે તે પણ દેવલોકમાં ઉત્પન્ન થઇ. ત્યાં તે બંને દેવભવને યોગ્ય દિવ્યભોગોને ભોગવે છે.

આ તરફ આ ભરતક્ષેત્રમાં મગધ નામનો રમ્ય દેશ છે. તે દેશમાં ઘર, મંદિર અને દુકાનોથી શોભતું રાજગૃહ નામનું નગર છે. તે નગરમાં વાહન, ધન અને ધાન્ય વગેરે સંપત્તિથી યુક્ત ધન નામનો સાર્થવાહ હતો. તેની ભદ્રા નામની પત્ની હતી. તેમને ચિલાતી નામની દાસી હતી. એકવાર યજ્ઞદેવનો જીવ દેવના આયુષ્યનો ક્ષય થતાં ત્યાંથી ચ્યવીને (પૂર્વે કરેલ) દુગંછાદોષથી ચિલાતીદાસીનો પુત્ર થયો. કેટલાક દિવસો બાદ તેનું ચિલાતીપુત્ર એવું નામ રાખ્યું. ક્રમે કરીને તે મોટો થયો. આ તરફ તેની પત્ની પણ ચ્યવીને પાંચ પુત્રો ઉપર ભદ્રા શેઠાણીની પુત્રી તરીકે ઉત્પન્ન થઈ. યોગ્ય સમયે તેનું સુંસુમા એવું નામ પાડયું. પછી સુંસુમાના માતા–પિતાની આજ્ઞાથી ચિલાતીપુત્ર સુંસુમા બાલિકાને રમાડવા લાગ્યો. તે બાલિકાની સાથે પણ કુચેષ્ટા કરવા લાગ્યો.

હવે એકવાર ધનશેઠે તેને બાલિકાની સાથે કુચેષ્ટા કરતો જોયો. આથી શેઠે તેને ઘરમાંથી કાઢી મૂક્યો. ભમતો ભમતો તે ક્રમે કરીને સિંહગુફા નામની ચોરોની પલ્લિમાં આવ્યો. ઉગ્ર, ક્રૂર, દૃઢ પ્રહારવાળો અને સર્વ કાર્યોમાં નિર્દય એવો તે પલ્લિપતિ સિંહનાદનો આશ્રય લઈને રહ્યો. કાળે કરીને તેવા પ્રકારના ગુણોથી તે પલ્લિપતિને બહુ માન્ય થયો. આવું થાય જ. કારણ કે સમાન લોકો સમાન લોકોમાં રાગવાળા થાય છે. કહ્યું છે કે–" **હરણો હરણોનો સંગ કરે છે, ગાયો ગાયોનો સંગ કરે છે, મૂર્ખાઓ મૂર્ખાઓનો સંગ કરે છે, બુદ્ધિશાલીઓ બુદ્ધિશાલીઓનો સંગ કરે છે, સમાન આચારવાળાઓમાં અને સમાન સ્વભાવવાળાઓમાં મૈત્રી થાય છે."** સમય જતાં પલ્લિપતિ એકવાર મૃત્યુ પામ્યો. પોતાના પરાક્રમથી ચિલાતિપુત્ર જ ચોરોનો આગેવાન થયો.

આ તરફ લાવણ્યથી ભરેલી અને સર્વકલાઓના સમૂહથી સંપૂર્ણ તે સુંસુમા પણ રૂપ વગેરે ગુણોથી પ્રસિદ્ધ બની. રાજગૃહનગરથી આવેલા કોઈકે ચિલાતીપુત્રની આગળ સુંસુમાની વિગત કહી. સુંસુમા ઉપર રાગના કારણે એણે ચોરોને બોલાવીને કહ્યું : આપણે રાજગૃહનગરમાં જઈએ. ત્યાં ધન નામનો ધનાઢ્ય સાર્થવાહ પ્રસિદ્ધ છે. તેની સુંસુમા નામની પુત્રી છે. તે મારી પત્ની થશે, ઘણા પ્રકારનું ધન તમારું થશે. આ પ્રમાણે પ્રલોભન પમાડેલા તે ચોરો તેની વાતનો સ્વીકાર કરીને ચાલ્યા. રાજગૃહનગરમાં આવીને રાત્રે તેમણે ધનશેઠના ઘરમાં પ્રવેશ કર્યો. અવસ્વાપિની વિદ્યાથી ઘરના માણસોને નિદ્રાધીન કરી દીધા. પછી ઘરમાં રહેલા સારભૂત ધનને લઈને ઘરમાંથી નીકળી ગયા. પલ્લિપતિએ સુંસુમાને લીધી. આ વૃત્તાંત જાણીને ધનશેઠે કોટવાળોને કહ્યું : તમે જઈને મારી એક પુત્રી સુંસુમાને પાછી લાવો તો ચોરોએ ચોરેલું બધું જ ધન તમારું. ત્યારબાદ આ પ્રમાણે કહેવાયેલા કોટવાળો જલદી ચોરોના માર્ગે દોડ્યા. ધનશેઠ પણ પુત્રોની સાથે તેમની પાછળ નીકળ્યો. આ દરમિયાન જાણે પુત્રીના વિરહથી ધન સાર્થવાહને થયેલા ભયંકર દુઃખને જાણીને તે દુઃખ ચોરોને બતાવવા માટે હોય તેમ જલદી સૂર્યનો ઉદય થયો. જતા એવા કોટવાળોએ દૂર ધનસહિત બધા જ ચોરોને જોયા અને ચોરોથી વધારે દૂર સુંસુમા સહિત ચિલાતિપુત્રને જોયો. બખ્તર ધારણ કરીને તૈયાર થયેલા કોટવાળોએ ચોરોના સમુદાયને પકડી પાડ્યો, અને હતપ્રહત કરીને બધું ધન ખેંચી લીધું. ચિલાતિપુત્ર પણ આ વૃત્તાંતને જોઈને સુંસુમાને આગળ કરીને તલવારને ભમાડતો ઉતાવળે ચાલવા લાગ્યો. આ દરમિયાન કોટવાળોએ ધનશેઠને કહ્યું : પોતાના સ્થાનને છોડીને અમે દૂર આવી ગયા છીએ અને ભૂખ્યા–તરસ્યા થયા છીએ, આ અટવી ઉપદ્રવવાળી છે, ચિલાતિપુત્ર પણ ભયાનક તલવારના કારણે કષ્ટથી જોઈ શકાય તેવો છે, આથી અમે તમારી એક પુત્રીના કારણે શા માટે (પ્રાણના) સંશયમાં પડીએ ? નીતિમાં પણ કહ્યું છે કે– " **કુલના માટે (=કુલને બચાવવા) એકનો ત્યાગ કરવો જોઈએ,**

**ગામ માટે કુલનો ત્યાગ કરવો જોઈએ, દેશ માટે ગામનો ત્યાગ કરવો જોઇએ, અને પોતાના માટે પૃથ્વીનો ત્યાગ કરવો જોઇએ."** ધનશેઠે કહ્યું : જો એમ હોય તો તમે તમારા ઘરે જાઓ, અને હું પોતાની પુત્રીને લઈને આવીશ. આમ કહીને ધનશેઠ પુત્રોની સાથે આગળ ચાલ્યો. કોટવાળો પણ બધુંય ધન લઈને પાછા ફર્યા. આગળ જતો ધનશેઠ ચિલાતિપુત્રની નજીક આવી ગયો એટલે ચિલાતિપુત્ર સુંસુમાનું મસ્તક તલવારથી (કાપીને પોતાની સાથે) લઈને આ મારી ન થાઓ અને એમની પણ ન થાઓ એમ વિચારતો તે જ પ્રમાણે આગળ જવા લાગ્યો. તેમણે પણ સુંસુમાના દેહને જોયો. શોકથી ભરેલા હૃદયવાળા અને ભૂખ–તરસથી અત્યંત ખિન્ન થયેલા પિતા–પુત્રો મસ્તક રહિત શરીરને લઇને પાછા ફર્યા.

તેઓ વૃક્ષની છાયામાં બેઠા. પિતાએ પુત્રોને કહ્યું : હે વત્સ ! અહીં તીવ્રભૂખથી હેરાન થયેલા તમે એક પગલું પણ જવા સમર્થ નથી. તેથી હમણાં એક વૃદ્ધાવસ્થાથી પકડાયેલા અને બીજું પુત્રીમરણના દુઃખથી પીડિત થયેલા મને મારીને ખાઓ, તો તમે સુખપૂર્વક પોતાના ઘરે જઈ શકો. પુત્રોએ કહ્યું : હા હા ! હે પિતા ! અમને કહેલું આ વચન અયુક્ત છે. આવું કરીને અમે કોને મોઢું બતાવીશું ? પિતાએ (પોતાને મારીને માંસ ખાવાનું) કહ્યું હતું તેમ મોટા પુત્રે પણ કહ્યું. તેમણે તે વચન પણ ન માન્યું. આ પ્રમાણે ક્રમશઃ બધાએ કહ્યું. પછી પિતાએ કહ્યું: જો એમ છે તો પછી બહેનના આ જ મૃતશરીરને, ચાંદામાં મલમને ઇચ્છતા મુનિની જેમ, અર્થાત્ જેમ મુનિઓ ચાંદામાં મલમની જેમ શરીરને ટકાવવા પૂરતો જ રાગ વિના આહાર કરે છે તેમ, રાગ વિના ખાઓ. પછી તેઓ મૃતશરીરને ખાઈને ઘરે ગયા. સુંસુમાનું મસ્તક હાથમાં લઈને જતા ચિલાતિપુત્રે એક ઉત્તમ મુનિને ધ્યાનમાં રહેલા જોયા. તેણે મુનિને કહ્યું : હે શ્રમણ ! મને સંક્ષેપથી ધર્મ કહો, અન્યથા આ મસ્તકની જેમ તમારું પણ મસ્તક છેદી નાખીશ. મુનિએ પણ આ પ્રતિબોધ પામશે એમ જ્ઞાનના ઉપયોગથી જાણીને "ઉપશમ, વિવેક અને સંવર" એ ત્રણ પદો તેને કહ્યાં. ત્રણ પદો સાંભળીને ઉપશાંત થયેલો તે એકાંત ભૂમિપ્રદેશમાં જઈને આ પદોનો શો અર્થ છે ? એમ વિચારવા લાગ્યો. હું જાણ્યું, ઉદયમાં નહિ આવેલા ક્રોધના ઉદયને રોકવાથી, એટલે કે ક્રોધ ન કરવાથી, અને " ઉદયમાં આવેલા ક્રોધને નિષ્ફળ કરવાથી, (એમ બે રીતે) ક્રોધનો ત્યાગ કરવો તે અહીં ઉપશમ છે. કારણ કે દુર્ગતિમાં જવામાં શુકન (=શુભનિમિત્ત) સમાન, મોક્ષ અને સ્વર્ગના માર્ગમાં કાળા સાપ સમાન, સ્વ–પર ઉભયને સંતાપ આપનાર ક્રોધ ભયંકર છે. હવે જીવનપર્યંત મારો ક્રોધ દૂર થાઓ એમ વિચારીને જમણા હાથમાંથી તલવાર મૂકી દીધી. મુનિએ બીજા પદમાં મને જે વિવેક કહ્યો તેનો પણ ભાવાર્થ ધન, સ્વજન અને વસ્ત્ર વગેરેનો ત્યાગ કરવો એવો છે. કારણ કે જીવ જેટલા પ્રમાણમાં મનપ્રિય સંયોગોને (=સંબંધોને) કરે છે તેટલા પ્રમાણમાં તે શોકરૂપ ખીલાથી પોતાના મનમાં હણાય છે. તેથી હવે આ

સંબંધો પણ મેં જીવનપર્યંત છોડી દીધા છે એમ વિચારીને મોહના ત્યાગી તેણે મસ્તક પણ છોડી દીધું. ઇંદ્રિય અને મનને (વિષયો વગેરેમાં) જતા અટકાવવાથી સંવર પણ થાય છે. અત્યારે કાયાનો ત્યાગ કરીને તેનો પણ મેં સ્વીકાર કર્યો છે. આ પ્રમાણે વિચારીને મુનિપતિના ઉપદેશથી સ્વાધીન થયેલા (=પ્રાપ્ત થયેલા) આત્મહિતકર સારથી હર્ષ પામેલા તે મહાત્મા કાઉસ્સગ્ગમાં રહ્યા. એટલામાં લોહીની ગંધથી આવેલી વજ્રની તીક્ષ્ણ ધાર જેવા મુખવાળી કીડીઓએ પગના તળિયાથી માંડી મસ્તક સુધી તેમના શરીરનું ભક્ષણ કરવાનું શરૂ કર્યું. તો પણ તે ધ્યાનથી જરા પણ ચલિત ન થયા. તેમનું શરીર ચારણી જેવું થઈ ગયું. અઢી દિવસ થતાં તે મરીને દેવલોકમાં ગયા. કહ્યું છે કે– ઉપશમ, વિવેક અને સંવર એ ત્રણ પદોથી ધર્મને જાણીને જે સંયમમાં આરૂઢ થયા તે ચિલાતિપુત્રને હું નમું છું. લોહીની ગંધથી કીડીઓ જેના પગોથી પ્રવેશ કરીને મસ્તકનું ભક્ષણ કરે છે તે દુષ્કરકારકને હું વંદન કરું છું. ધીર ચિલાતિપુત્રનું શરીર કીડીઓ વડે ખવાઈને ચારણી જેવું કરાયું તો પણ તેમણે ઉત્તમ લાભ મેળવ્યો. ચિલાતિપુત્રે અઢી રાત-દિવસમાં દેવેંદ્રની અપ્સરાઓના સુખથી ભરેલા અને મનોહર દેવભવનને પ્રાપ્ત કર્યું. આ પ્રમાણે સંક્ષેપથી ચિલાતિપુત્રનું ચરિત્ર કહ્યું, વિસ્તારથી ઉપદેશમાળાની ટીકામાંથી જાણી લેવું. [૧૪]

શ્રુતદેવીની કૃપાથી સમ્યક્ત્વ જે રીતે પ્રગટે છે એ કહ્યું. હવે સમ્યક્ત્વના દોષ-દ્વારને કહે છે:–

**सम्मत्तपरिब्भट्ठो, जीवो दुक्खाण भायणं होइ ।**
**नंदमणियारसेट्ठी, दिट्ठंतो एत्थ वत्थुम्मि ॥ १५ ॥**

**ગાથાર્થ**:– જિનશાસનની શ્રદ્ધારૂપ સમ્યક્ત્વથી પતિત જીવ અસાતાના ઉદયરૂપ શારીરિક–માનસિક દુઃખોનું પાત્ર બને છે. આ વિષે નંદમણિયાર શેઠનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ**:– સમ્યક્ત્વથી પતિત જીવ દુર્ગતિમાં જતો હોવાથી દુઃખોનું પાત્ર બને છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો કથાથી જાણવો. તે કથા આ પ્રમાણે છે:–

## નંદમણિયારનું દૃષ્ટાંત

પૂર્વે રાજગૃહનગરમાં શ્રેણિક રાજાના સમયમાં ધન, ધાન્ય, સુવર્ણ, ચાંદી, દ્વિપદ અને ચતુષ્પદ વગેરે સંપત્તિથી યુક્ત નંદમણિયાર ગૃહસ્થ હતો. તે વખતે તે નગરીમાં શ્રી મહાવીરસ્વામી પધાર્યા. કૌતુક વગેરેથી નંદમણિયાર તેમની પાસે ગયો. ભગવાને ધર્મદેશના શરૂ કરી. નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચારે ભવોમાં સંસાર દુઃખથી ભરેલો છે એવી પ્રરૂપણા કરી. જીવસમૂહની અશરણતાનું વ્યાખ્યાન કર્યું. સંસારરૂપી સાગરને પાર પામવાનું સાધન ધર્મ છે, તે ધર્મ સાધુધર્મ અને શ્રાવકધર્મ એ બે

પ્રકારે છે એમ જણાવ્યું. તે ઉપદેશને સાંભળીને અનેક જીવો પ્રતિબોધ પામ્યા. તે નંદ પણ આ વખતે ઊભા થઈને ભગવાનને વંદન કરીને શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. એક વાર ત્રણ લોકના બંધુ ભગવાન સિંધુદેશના શ્રાવક ઉદાયનરાજાને દીક્ષા આપવા માટે પધાર્યા. આ સમયે નંદમણિયાર શ્રાવકે ઉનાળામાં ચૌદશની તિથિએ પૌષધ લીધો. સૂર્યાસ્ત થતાં તેણે સાંજના વિધિપૂર્વક આવશ્યક (=પ્રતિક્રમણ) કર્યું. ધર્મધ્યાનમાં લીન બનેલા એને કોઈ વેળા તૃષાવેદના થઈ. તેથી તૃષાથી પીડાતા તેણે વિચાર્યું: જીવોને પાણી વિના બધું નકામું છે. કારણ કે પાણી વિના ગાઢ તૃષાવેદનાથી અતિશય દુઃખી થતા જીવો મરી જ જાય. આથી જ લોકો વાવ, કૂવા અને તળાવ વગેરે જલસ્થાનોને કરાવે છે. આથી હું પણ જો રાતના મરી નહિ જાઉં તો કોઈપણ જલસ્થાનને કરાવીશ. આ પ્રમાણે મિથ્યાત્વના ઉદયથી તેનું સમ્યક્ત્વરૂપી રત્ન પડી ગયું. આ પ્રમાણે વિચારણા કરતાં કરતાં માંડ માંડ રાત્રિ પૂર્ણ થઈ=પરોઢ થયું. સવારના તે જ પ્રમાણે પડેલા ભાવ-વાળો તે હાથમાં વિશિષ્ટ ભેટણું લઈને રાજકુલમાં ગયો. રાજાનાં દર્શન કર્યાં. ભેટણું આપીને જલાશય નિમિત્તે ભૂમિપ્રદેશની માગણી કરી. રાજાએ તેને ભૂમિપ્રદેશ આપ્યો. ત્યાં વાવ કરાવવાનું શરૂ કર્યું. સમય જતાં વાવ બની ગઈ. વાવડીની ચારે તરફ ચાર દ્વાર (=વિભાગ) કરાવ્યા. ચારે દ્વારોમાં (=વિભાગોમાં) આમ્ર વગેરેના બગીચા બનાવ્યા. બગીચાની બાજુમાં જ વિદેશથી આવેલા માણસોને લાયક નિવાસ (=ધર્મશાળા) બનાવ્યો. દાનશાલા શરૂ કરી. આ પ્રમાણે ઘણા ધનનો ખર્ચ કરીને તેમાં જ અતિશય મૂર્છાવાળો થયો. ક્યારેક નિરુપક્રમ (=ઉપાયોથી પણ દૂર ન થાય તેવા) રોગથી તેનું શરીર ઘેરાયું. આર્તધ્યાનથી મરીને તે જ વાવડીમાં ગર્ભજ દેડકો થયો. ત્યાં આરામ આદિ માટે આવેલા લોકો આ પ્રમાણે બોલતા હતા: તે નંદમણિયાર ધન્ય છે કે, જેણે જાણે વિવિધ કમલોથી શોભતી વનભૂમિ હોય, નજીકમાં સુંદર બગીચાવાળી સીતાનદી હોય, વિશિષ્ટ માણસોને આનંદ આપનારી સુંદર નવયૌવનવાળી સ્ત્રી હોય, તેવી વાવડી બંધાવી. લોકોથી કરાતી આવી પ્રશંસા વગેરે સાંભળીને તે નંદજીવ દેડકાને પૂર્વે ક્યાંક મેં આવું વચન સાંભળ્યું છે એમ તર્ક–વિતર્ક કરતાં કરતાં જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવે દેશવિરતિનો સ્વીકાર કરીને ભંગ કર્યો અને તેના કારણે હલકી યોનિમાં પડ્યો એ જાણ્યું. શોકને પામ્યો. તેથી તે જ દેશવિરતિનો સ્વીકાર કર્યો. હવેથી મારે પ્રાસુક (=અચિત્ત) પાણી પીવું અને સુકી શેવાલ વગેરેનો આહાર કરવો એવો નિયમ લીધો. આ પ્રમાણે વ્રતનો સ્વીકાર કર્યા બાદ કેટલોક કાળ પસાર થયો. એકવાર તે જ દેશમાં ગામ–નગર આદિમાં વિચરતા શ્રી વર્ધમાનસ્વામી ફરી ત્યાં પધાર્યા. શ્રી વર્ધમાનસ્વામી પધાર્યા છે એમ લોકો બોલવા લાગ્યા. પાણી વગેરે લાવવા માટે ત્યાં આવેલી શ્રાવિકા-ઓનો "શ્રી મહાવીરસ્વામી પધાર્યા છે વગેરે વાર્તાલાપ" સાંભળીને તે દેડકાને પણ ભગવાનનાં દર્શન–વંદન વગેરેની ઇચ્છા થઈ. વાવડીમાંથી બહાર નીકળ્યો. શુભ

અધ્યવસાયવાળા તેણે જવાનું શરૂ કર્યું. રસ્તામાં ઘોડાઓની કઠણ ખુરીથી તેનું શરીર ચગદાઈ ગયું. જાતે જ વ્રતો વગેરે ઉચ્ચરીને અને અઢાર પાપસ્થાનોનો ત્યાગ કરીને મૃત્યુ પામેલો તે દેવલોકમાં ઉત્પન્ન થયો. આ પ્રમાણે સંક્ષેપથી નંદમણિયારની કથા કહી, વિસ્તારથી તો જ્ઞાતાધર્મકથા સૂત્રથી જાણવી. [ ૧૫ ]

સમ્યક્ત્વનું ચોથું દોષદ્વાર કહ્યું. હવે પાંચમું ગુણદ્વાર કહે છે :–

**सम्मत्तस्स गुणोऽयं, अचिंतचिंतामणिस्स जं लहइ ।**
**सिवसग्गमणुयसुहसंगयाणि धणसत्थवाहोव्व ॥ १६ ॥**

**ગાથાર્થ** :– અચિંત્યચિંતામણી એવા સમ્યક્ત્વથી આ લાભ થાય છે કે, સમ્યક્ત્વથી પરિણત જીવ ધનસાર્થવાહની જેમ મોક્ષ–સ્વર્ગ–મનુષ્યના સુખોને પામે છે.

**ટીકાર્થ** :– અચિંત્ય માહાત્મ્યવાળો ચિંતામણી=અચિંત્ય ચિંતામણી. આવો પ્રયોગ શાકપાર્થિવ વગેરે શબ્દગણમાં જોવામાં આવતો હોવાથી અહીં મધ્યમપદલોપી સમાસ છે. સમ્યક્ત્વ અચિંતિત મોક્ષ વગેરે ફલને પમાડનારું હોવાથી અચિંત્ય માહાત્મ્યવાળું છે. સમ્યક્ત્વ વિશિષ્ટ ભાવરત્ન હોવાથી તેને ચિંતામણીની ઉપમા આપવામાં આવી છે.

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો કથાથી જાણવો. તે કથા આ છેઃ–

## ધન સાર્થવાહનું દૃષ્ટાંત

આ જંબૂદ્વીપમાં પશ્ચિમ મહાવિદેહ સુક્ષેત્રમાં દેવનગર સમાન વૈભવવાળું ક્ષિતિપ્રતિષ્ઠિત નામનું નગર હતું. આ નગરનું પ્રસન્નચંદ્ર રાજા નીતિથી પાલન કરતો હતો. તે વખતે ત્યાં પોતાના વૈભવથી કુબેરને જીતનાર ધન નામનો સાર્થવાહ હતો. એકવાર તે યોગ્ય કરિયાણું લઈને વસંતપુર નગર ચાલ્યો (=જવાનો નિર્ણય કર્યો). લોકોને જણાવવા માટે પટહથી ઘોષણા કરાવી. તે આ પ્રમાણે :– હે લોકો ! હમણાં ધન સાર્થવાહ અહીંથી વસંતપુર જાય છે, આથી જેને વસંતપુર આવવાની ઈચ્છા હોય તે તેની સાથે આવે. જેની પાસે રસ્તામાં ભાતું, કરિયાણાનું મૂલ્ય, વાહન, વસ્ત્ર વગેરે જે ન હોય તેને તે બધાથી તે જ પૂર્ણ કરશે. આ પ્રમાણે તેની ઘોષણા સાંભળીને વિવિધકાર્ય કરવાની ઇચ્છાવાળા સેવક, ગરીબ, વેપારી વગેરે અનેક લોકો ચાલ્યા. આ વખતે ક્યાંયથી પણ તેની ઘોષણાને સાંભળીને આચાર્ય શ્રી ધર્મઘોષસૂરિએ સાર્થવાહના સર્વકાર્યોના ચિંતનમાં તત્પર એવા માણિભદ્રની પાસે બે મુનિને મોકલ્યા. પોતાના ઘરે આવેલા તે બે સાધુઓને જોઈને વંદન કરીને માણિભદ્રે વિનયપૂર્વક તેમને આવવાનું કારણ પૂછ્યું. સાધુઓએ કહ્યુંઃ ધન સાર્થવાહનું વસંતપુર તરફ જવાનું સાંભળીને શ્રી ધર્મઘોષસૂરિ વડે મોકલાયેલા અમે અહીં આવ્યા છીએ. જો તે અનુજ્ઞા આપે તો અમારા પૂજ્ય તેની સાથે જવાની ઈચ્છાવાળા છે. સાધુઓએ આ પ્રમાણે કહ્યું એટલે

તેણે કહ્યું: સાર્થવાહની અનુજ્ઞા છે, આમ છતાં જવાના સમયે સૂરિએ આવીને જાતે જ સાર્થવાહને કહેવું. આ પ્રમાણે કહીને અને વંદન કરીને તેણે તે બે સાધુઓને જવાની રજા આપી. તે બે સાધુઓએ (સ્વસ્થાને) આવીને બધું આચાર્યશ્રીને કહ્યું. સ્વધર્મમાં તત્પર સૂરિ તે સ્વીકારીને સ્વસ્થતાથી રહ્યા.

ત્યારબાદ બીજા દિવસે ધન સાર્થવાહે શુભ તિથિ, કરણ, યોગ અને નક્ષત્રમાં નગરથી નજીકના સ્થાનમાં પ્રયાણ કર્યું. ત્યાં રહેલા તેના દર્શન માટે (=તેને મળવા માટે) આવેલા અને ઘણા મુનિઓથી પરિવરેલા આચાર્યને ધન સાર્થવાહે જોયા. ઊભા થઈને આસન આપવું વગેરે ભક્તિપૂર્વક વંદન કરીને પૂછ્યું: શું આપ પણ મારી સાથે પધારશો? આચાર્યે પણ તેને કહ્યું: જો તમે અનુજ્ઞા આપો તો અમે તમારી સાથે આવીશું. ત્યારબાદ સાર્થવાહે રસોઈયાને બોલાવીને કહ્યું: હે ભદ્ર! આ ઉત્તમમુનિઓને જ્યારે જે કંઈ અશનાદિ જોઈએ ત્યારે તે બધું કોઈ જાતનો વિચાર કર્યા વિના આપવું. આ પ્રમાણે સાંભળીને આચાર્યે ફરી-પણ કહ્યું: હે સાર્થવાહ! આ પ્રમાણે વિચારેલ (=વિચારીને અમારા માટે કરેલ) આહાર વગેરે અમને ન ખપે. કારણ કે જે આહાર વગેરે અમારા માટે ન કરેલું હોય, ન કરાવેલું હોય અને ન અનુમોદેલું હોય, કિંતુ ગૃહસ્થે સાધુઓને આપવાનો વિચાર કર્યા વિના પોતાના જ માટે જે આહાર વગેરે કર્યું હોય તે સાધુઓને પ્રાયોગ્ય છે. એટલામાં કોઈએ બરોબર પાકી ગયેલાં, સુગંધી અને સુંદર આમ્રફલોથી સંપૂર્ણ ભરેલા થાળનું ભેટણું ધનને અર્પણ કર્યું. આ જોઈને હર્ષ પામેલા સાર્થવાહે કહ્યું: હે ભગવંત! હમણાં પ્રાયોગ્ય આ ફળો લઈને આપ મારા ઉપર અનુગૃહત કરો. આચાર્યે કહ્યું: હમણાંજ આપને આ પ્રમાણે જણાવ્યું છે કે; ગૃહસ્થોએ આહાર વગેરે પોતાના માટે જે બનાવ્યું હોય તે અમને ખપે. હે ભદ્ર! કંદ, ફલ, મૂળ વગેરે તો જે શસ્ત્રથી અચિત્ત ન થયું હોય તેને સ્પર્શ કરવો પણ અમને કલ્પે નહિ, તો પછી ભક્ષણ કરવું કેવી રીતે કલ્પે? તે સાંભળીને તેણે કહ્યું: અહો! આપનું વ્રત દુષ્કર છે! અથવા શાશ્વત સુખવાળો મોક્ષ સહેલાઈથી પામી શકાતો નથી. આ પ્રમાણે જો કે રસ્તામાં જતા આપને અમારું કામ તો થોડુંક જ પડવાનું છે, તો પણ જે કંઈ કામ હોય તે અવશ્ય કહેવું. આ પ્રમાણે કહીને, પ્રણામ કરીને અને પ્રશંસા કરીને એણે સૂરિને જવાની રજા આપી. સૂરિ પણ ધર્મલાભ કહીને જીવરહિત શુદ્ધ ભૂમિમાં આવ્યા. ત્યાં સ્વાધ્યાય-ધ્યાનમાં તત્પર સૂરિ આખી રાત રહીને સવારે ધન સાર્થવાહની સાથે ગયા.

તે વખતે વધેલો ઉનાળાનો કાળ ભૂમિતલને ગરમ કરતો હતો, જલસ્થાનોને સુકવી નાખતો હતો, તરસને વધારતો હતો, રસવાળા પદાર્થોનો નાશ કરતો હતો= બગાડી નાખતો હતો. આવા સમયે સતત પ્રયાણો કરીને જતો સાર્થ વિવિધ જંગલી પશુઓથી

ભયંકર એક વિષમ અટવીમાં આવ્યો. લાખ, અર્જુન, સરલ, તમાલ, તાડ, હિન્તાલ અને સલ્લકનાં વૃક્ષોના કારણે એમાં સૂર્યના કિરણો પ્રસરતા ન હોવાથી સૂર્ય પણ દેખાતો ન હતો. આ દરમિયાન જાણે સમસ્ત પૃથ્વીમંડલને ગરમીથી તપી ગયેલું જોઈને જ તેના આશ્વાસન માટે (=તેને શાંત કરવા) હોય તેમ વર્ષાઋતુનો સમય આવી ગયો. તેથી વીજળીથી ચંચલ કાંતિવાળો અને જલની [1]ધારારૂપી ઉત્તમ શસ્ત્રથી ભયંકર વીર પુરુષ જેવો મેઘ મહાનગર્જનાઓથી ગ્રીષ્મનો તિરસ્કાર કરવા લાગ્યો. આવા સમયે મુશ્કેલીથી જઇ શકાય તેવા માર્ગને જાણીને સાર્થના લોકોને પૂછીને (=કહીને) ત્યાં રસ્તામાં જ સ્થિરતા કરી. કરિયાણું વગેરેના વિનાશના ભયથી સાર્થના માણસો વર્ષાઋતુને વીતાવવા માટે તંબુ વગેરે કંઇક (આશ્રય) કરીને રહ્યા. તે સમયે સાર્થના માણસો ઘણા હોવાથી, રસ્તામાં ઘણા દિવસો સુધી ચાલવાનું થવાથી, ઘણું દાન કરવાથી, ધનના સઘળા ય સાર્થમાં ભાતું વગેરે ખલાસ થઇ ગયું. તેથી સાર્થના માણસો પશ્ચાત્તાપ કરવા લાગ્યા, અને ભૂખથી પીડિત થયેલાઓ કંદ, ફલ અને મૂળનું ભક્ષણ કરવા લાગ્યા. તેથી માણિભદ્રે રાતે પલંગમાં રહેલા ધનને કહ્યું: હે નાથ! સાર્થના માણસોનું ભાતું ખલાસ થઈ ગયું છે. સાર્થના માણસોએ હમણાં લજ્જા, પુરુષાર્થ અને મર્યાદાને મૂકીને કંદ, ફલ અને મૂળનું ભક્ષણ કરવા દ્વારા તાપસવૃત્તિનો આશ્રય લીધો છે. કારણ કે ભૂખથી પીડાયેલ પ્રાણી માન મૂકી દે છે, ગૌરવનો ત્યાગ કરે છે, દીનતાને પામે છે, લજ્જાને છોડી દે છે, નિર્દયતાનો આશ્રય લે છે, નીચતાનું આલંબન લે છે, પત્ની, બંધુ, મિત્ર અને પુત્રો ઉપર પણ વિવિધ અપકારો કરે છે, ભૂખથી પીડાયેલ પ્રાણી નિંદિત પણ શું શું નથી કરતો? આ સાંભળીને ધન ક્ષણવાર ચિંતાથી ઘેરાઈ ગયો. ત્યારબાદ જાણે ઈર્ષ્યાથી હોય તેમ, તેની નિદ્રાએ ચિંતાને દૂર કરી.

આ દરમિયાન રાત્રિના છેલ્લા પહોરમાં અશ્વશાલાનો રક્ષક ધન સાર્થવાહને ઉદ્દેશીને એક આર્યા બોલ્યો: સારો સ્વામી વિષમસ્થિતિને પામવા છતાં સ્વીકારેલાનું પાલન કરે છે. અથવા ચંદ્ર ખંડિત થવા છતાં કુમુદોને (=ચંદ્રવિકાશી કમળોને) વિકસિત કરે છે. આ આર્યાને સાંભળીને સાર્થવાહે નિદ્રા છોડીને વિચાર્યું: ખરેખર! આણે હમણાં પ્રશંસાના બહાને મને ઠપકો આપ્યો છે. આથી આ સાર્થમાં કોણ બહુ દુઃખથી પીડિત છે? એમ વિચારતા તેને સહસા સૂરિ વગેરે સાધુઓ યાદ આવ્યા. હા! હા! આટલા કાળ સુધી મહાવ્રતધારી તેમની સેવા વગેરે તો દૂર રહ્યું, કિંતુ તેમનું નામ પણ મેં લીધું નથી. કંદ અને ફલ વગેરે તો તેઓને અભક્ષ્ય છે. આથી તે મહામુનિઓ અત્યંત દુઃખી છે એમ હું કલ્પના કરું છું. અહાહા! પ્રમાદરૂપી મદિરાની ભયંકરતા માણસને

---

૧. વીરપુરુષના પક્ષમાં ધારા એટલે શસ્ત્રની ધાર.

સદા કુચિંતાઓમાં પ્રેરે છે અને સારા વિષયની બુદ્ધિવાળા ચૈતન્યને હરી લે છે. તેથી હવે પણ સવારે તેમની પાસે જઈને તેમની સેવા કરું. ધન આમ વિચારી રહ્યો હતો તેટલામાં પહેરીગરે આર્યા આ પ્રમાણે કહીઃ આ સંસારમાં ભાગ્ય નહિ ઇચ્છતું[1] હોવા છતાં મનુષ્ય તે કોઈની પણ સાથે મેળાપને પામે છે, જેના કારણે તે મનુષ્ય સુખના સમૂહમાં પડે છે, અર્થાત્ ઘણા સુખને પામે છે. બોલાતી આ આર્યાને સાંભળીને ધન પણ ચિત્તથી તુષ્ટ થયો. કારણકે આ આર્યાથી (મને થયેલો) મુનિનો સંગ મારા સુખને લાવનાર છે એમ સૂચન કર્યું છે. આ અવસરે કાલનિવેદકે (=સમય જણાવનારે) કહ્યુંઃ ભુવનના વિસ્તારને અલંકૃત કરનાર અને રાત્રિનો અંત કરનાર આ સૂર્ય જાણે સમાન ગુણભાવથી[2] આપને મિત્રતા બતાવવા માટે હોય તેમ, ઉદય પામ્યો છે.

ત્યારબાદ ઉઠીને સવારનાં કાર્યો કરીને સાર્થવાહ ઘણા લોકોની સાથે સૂરિની પાસે ગયો. ત્યાં ગયેલા તેણે કરુણાના નિવાસ, ધૈર્યના નિધાન, નીતિના મંદિર, ચાર પ્રકારની બુદ્ધિના ઘર, સાધુધર્મના આધાર, સંતોષરૂપી અમૃતના સમુદ્ર, ક્રોધરૂપી ઉદ્ધત અગ્નિ માટે પાણીવાળા વાદળસમાન અને મુનિઓથી પરિવરેલા શ્રી ધર્મઘોષસૂરિને જોયા. અત્યંત આનંદ પામેલા અને પોતાને કૃતાર્થ માનનારા સાર્થવાહે મુનિઓ સહિત આચાર્યને ભક્તિથી વંદન કર્યું. સૂરિએ ભવનું મૂલ એવા કર્મસમૂહ રૂપ પર્વતને ભેદવા વજ્રાગ્નિ સમાન ધર્મલાભ રૂપ વચનથી આદરપૂર્વક મોટા અવાજે એને અભિનંદન આપ્યા. પછી બેસીને ધને કહ્યુંઃ હે નાથ! પુણ્ય રહિત માણસના ઘરમાં કલ્પવૃક્ષ ઉગતો નથી, અથવા ધનવૃષ્ટિ થતી નથી. કારણ કે સંસારરૂપ સમુદ્રને પાર પામવા વહાણ સમાન, તૃણ–મણિ, માટી–સુવર્ણ અને શત્રુ–મિત્ર વિષે સમાન ભાવવાળા, સત્યધર્મના ઉપદેશક અને સુગુરુ એવા આપને પામીને પણ આપનું અમૃતસમાન વચન ન સાંભળ્યું, આપના ચરણકમલની જગતમાં પ્રશંસનીય એવી સેવા ન કરી, આપની કોઈ સ્થળે ચિંતા ન કરી. માટે હે નાથ! આપ મારા આ પ્રમાદાચરણની ક્ષમા આપો. ધને આ પ્રમાણે કહ્યું એટલે ઉચિતને જાણનારા સૂરિએ તેને કહ્યુંઃ હે સાર્થવાહ! સંતાપ ન કરો. કારણ કે ક્રૂર પ્રાણીઓથી અમારું રક્ષણ કરતા તમોએ અહીં અમારું બધું જ કર્યું છે. આહાર વગેરે બધું દેશાદિની યોગ્યતા પ્રમાણે યથાસંભવ તારા સાર્થના લોકો પાસેથી અમને મળે છે. ત્યારબાદ ધને કહ્યુંઃ હે નાથ! ઘણા પણ કહેલા આ વચનોથી સ્થાપના શું? અર્થાત્ મને સંતોષ પમાડનારાં વચનો આપ ઘણાં કહેશો તો પણ મને સંતોષ નહિ થાય. આ પ્રમાદાચરણથી હું ખરેખર લજ્જા પામ્યો છું. તેથી મારા ઉપર અનુગ્રહ કરીને બે

---

૧. અહીં **षष्ठी वाऽनादरे** (સિ.હે. ૨/૨/૧૦૮) એ સૂત્રથી સતી સપ્તમીના અર્થમાં છઠ્ઠી વિભક્તિ થઈ છે.

૨. જેમ સૂર્ય ભુવનના વિસ્તારને અલંકૃત કરનાર છે, તેમ ધન પણ ભુવનના વિસ્તારને અલંકૃત કરનાર છે, સૂર્ય જેમ દોષાનો (= રાત્રિનો) અંત કરનાર છે તેમ ધન શેઠ પણ દોષનો અંત કરનાર છે. આ સિવાય બીજા પણ પ્રતાપ વગેરે ગુણો બંનેમાં સમાન છે.

મુનિઓને મોકલો, જેથી હું તેમને પ્રાયોગ્ય કંઈક આપું=વહોરાવું. તેના ચઢતા ભાવને જાણીને ગુરુએ પણ તેને કહ્યું: હે સુંદર ! એ પ્રમાણે કરું છું. પણ સાધુઓને જે ખપી શકે તે આપ જાણો જ છો. તેણે પણ જવાબ આપ્યો: હે નાથ ! હું જાણું છું. હે પ્રભુ ! સાધુઓને જે અયોગ્ય છે તે નહિ જ આપીશ. ત્યારબાદ આચાર્યે તપસ્વી સંઘાટકને ત્યાં જવા માટે આજ્ઞા કરી. ધન પણ વંદન કરીને પોતાના નિવાસમાં ગયો.

ક્ષણવારમાં પોતાની પાછળ આવતા બે સાધુઓને જોઈને ધન તે વખતે સાધુઓને યોગ્ય અશન વગેરેનું નિરીક્ષણ કરવા લાગ્યો. ભવિતવ્યતાના કારણે બીજું કંઈ ન દેખાયું એટલે થીજેલું ઘી લઈને સાધુઓની પાસે તે આવ્યો. તેણે સાધુઓને કહ્યું: જો આ આપને કલ્પે તો મારા ઉપર અનુગ્રહ કરો અને મને સંતોષ પમાડો. આ અમને કલ્પે છે એમ કહીને મુનિઓએ પાત્ર નીચે મૂક્યું. તેથી વધતા શુભ અધ્યવસાયોની શ્રેણિવાળા, દાનભાવથી ઉત્તમ ચિત્તવાળા, પોતાના જન્મ, જીવન અને ધનને કૃતાર્થ માનતા, અને પરમ આનંદથી રોમાંચવાળા તેણે મુનિઓને ઘી ત્યાં સુધી વહોરાવ્યું કે, પાત્ર ભરાઈ ગયું છે એમ કહીને મુનિઓએ પાત્રને ઢાંકી દીધું. ત્યારબાદ ભાવપૂર્વક મુનિઓને વંદન કરીને જવાની અનુજ્ઞા આપી. મુનિઓ ધર્મલાભ આપીને જેવી રીતે આવ્યા હતા તેવી રીતે ગયા. સાર્થવાહે ભાવપૂર્વક ઉત્તમદાનના પ્રભાવથી ભવ્યત્વના પરિપાકનું કારણ અને અપાર ભવરૂપ સમુદ્રના કિનારે પહોંચાડનાર બોધિબીજ એકઠું કર્યું, અર્થાત્ સમ્યક્ત્વનું બીજ પ્રાપ્ત કર્યું. તેણે સમ્યક્ત્વનું બીજ પામીને દેવ-મનુષ્યના ભવોમાં મોક્ષસુખતુલ્ય સુખસમૂહ ઉત્પન્ન કર્યો, અને સંસારરૂપ મહાસમુદ્રનો મુક્તિરૂપી કિનારો નજીકમાં કર્યો. તે જીવે ત્યારબાદ ઉત્તરોત્તર ગુણના[1] ક્રમે તીર્થંકરનામકર્મનું ઉપાર્જન કર્યું. ધનસાર્થવાહના ભવથી તેરમા ભવે તીર્થંકરનામકર્મને અનુભવીને તે જીવ મોક્ષને પામ્યો. ધન સાર્થવાહના તેર ભવોને સૂચવનારી નિર્યુક્તિ ગાથા આ છે:—

१धण–२मिहुण–३सुर–४महब्बल–५ललियंगय–६वइरजंघ–७मिहुणे य ।
८सोहम्म–९विज्ज– १०अच्चुय– ११चक्की – १२सव्वट्ठ – १३उसभे य ॥

ધન સાર્થવાહ, યુગલિક, દેવ, મહાબલ રાજા, લલિતાંગદેવ, વજ્રજંઘરાજા, યુગલિક, પહેલો દેવલોક, (જીવાનંદ નામનો) વૈદ્ય, અચ્યુત દેવલોક, ચક્રવર્તી, સર્વાર્થસિદ્ધ, અને ઋષભદેવ– એ તેર ભવો પહેલા તીર્થંકરના છે.

૧. સમ્યક્ત્વ, દેશવિરતિ, સર્વવિરતિ એ ગુણના ક્રમે. આદિનાથ ભગવાનનો જીવ પહેલાં સમ્યક્ત્વ પામ્યો, પછી દેશવિરતિ પામ્યો, પછી સર્વવિરતિ પામ્યો, અને પછી તીર્થંકરનામકર્મનું ઉપાર્જન કર્યું છે. આથી અહીં "ગુણના ક્રમે" એમ કહ્યું છે.

જો આ પ્રમાણે તેને માત્ર સમ્યક્ત્વનાં બીજની પણ પ્રાપ્તિ થતાં તેવી ફલપરંપરા પ્રાપ્ત થઈ તો સાક્ષાત્ સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં આ જગતમાં તે શું છે કે જે ન થાય? સમ્યક્ત્વથી થતા લાભો આ પ્રમાણે છેઃ– મનુષ્યોને થતો શુદ્ધ સમ્યક્ત્વનો લાભ સમતાસુખનું નિધાન છે, સંવેગનું (=મોક્ષાભિલાષનું) ધામ છે, ભવસુખ પ્રત્યે વિમુખતાને (=વૈરાગ્યને) વધારવામાં સદ્‌વિવેક છે, નર, નરક અને પશુભવના નાશનો હેતુ છે, અને મોક્ષસુખરૂપી વૃક્ષનું મૂળ છે. કહ્યું છે કે–

**"મેરુના જેવું નિશ્ચલ, શંકાદિદોષોથી રહિત અને વિશુદ્ધ એવું ફક્ત સમ્યક્ત્વ જે મનુષ્યના હૃદયમાં રહી જાય તેને તિર્યંચ અને નરકગતિમાં ભય ન હોય."** અહીં પ્રસ્તુત વિષયમાં ઉપયોગી થોડુંક આ ચરિત્ર કહ્યું, બાકીનો ચરિત્રવિસ્તાર શ્રી ઋષભદેવની કથામાંથી જાણી લેવો. [ ૧૬ ]

સમ્યક્ત્વનું પાંચમા ગુણદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે ક્રમથી આવેલા છઠ્ઠા યતનાદ્વારને કહે છેઃ–

**लोइयतित्थे उण ण्हाणदाणपेसवणपिंडहुणणाई ।**
**संकंतुवरागाइसु. लोइयतवकरणमिच्चाई ॥ १७ ॥**

**ગાથાર્થ**:–લૌકિક તીર્થમાં સંક્રાંતિ અને ઉપરાગ વગેરે પ્રસંગે સ્નાન, દાન, પ્રેષણ, પિંડ, હવન વગેરે ન કરવું જોઈએ, તથા વત્સદ્વાદશીના દિવસે અગ્નિથી પકાવેલું હોય તેવું ભોજન ન કરવું વગેરે લૌકિક તપ ન કરવો.

અથવા આ ગાથાનો ગાથાના બીજા અને ત્રીજા ચરણના અલગ સંબંધની વિવક્ષાથી બીજી રીતે અર્થ આ પ્રમાણે છેઃ– લૌકિક તીર્થમાં સ્નાન, દાન, પ્રેષણ, પિંડ, હવન વગેરે ન કરવું, સંક્રાંતિ, ઉપરાગ વગેરે પ્રસંગે મિથ્યાદૃષ્ટિ માણસો તિલદાન વગેરે કરે છે તે ન કરવું. વત્સદ્વાદશી વગેરેમાં અગ્નિથી પકાવેલું ન હોય તેવું ભોજન કરવું વગેરે લૌકિક તપ ન કરવો.

આ (બીજા અર્થમાં જણાવેલ) અભિપ્રાય મૂલ ટીકામાં જણાય છે. કારણ કે हुणणाई એ સ્થળે आदि શબ્દથી સૂતક વગેરેનું ગ્રહણ કર્યું છે. (જો બીજા અને ત્રીજા ચરણના સંબંધની અલગ વિવક્ષા ન હોય તો સૂતક વગેરેનું ગ્રહણ વ્યર્થ બને.)

**ટીકાર્થ**:– જેનાથી તરાય તે તીર્થ. અહીં નદી વગેરેનો સમભાગ રૂપ દ્રવ્યતીર્થ સમજવું, ભાવતીર્થ નહિ. આથી જ મૂળગાથામાં લૌકિકતીર્થ એમ કહ્યું છે.

મૂળગાથામાં પુનઃ શબ્દ વિશેષ અર્થ માટે છે. તે આ પ્રમાણે :–ગંગાનદીના કાંઠે આવેલ કુશાવર્ત અને કનકખલ વગેરે લૌકિકતીર્થમાં ધર્માર્થીએ ધર્મ નિમિત્તે સ્નાન વગેરે ન કરવું જોઈએ. (અહીં ધર્મ નિમિત્તે ન કરવું એ વિશેષ અર્થ છે.)

સ્નાન=શરીરની શુદ્ધિ કરવી. દાન=બ્રાહ્મણોને (ધન વગેરે) આપવું. પ્રેષણ=હાડકાં વગેરે (ગંગાનદી વગેરે સ્થળે) મોકલવું. પિંડ=મૃત્યુ પામેલા પિતા આદિના નિમિત્તે પિંડપાત કરવો. હવન=અગ્નિમાં ઘી આદિ નાખવું.

'ण्हुणाई' એ સ્થળે રહેલા आदि શબ્દથી વિશિષ્ટ યોગનાં અનુષ્ઠાનો અને અનુષ્ઠાનનાં સ્થાનો વગેરે સમજવું. 'रागाइसु' એ સ્થળે રહેલા आदि શબ્દથી વ્યતિપાત (= જ્યોતિશાસ્ત્રમાં પ્રસિદ્ધ કુયોગ અથવા પડતી) વગેરે સમજવું. 'मिच्चाई' એ સ્થળે રહેલા आदि શબ્દથી નીચે મુજબ સમજવું.

**"સમ્યક્ત્વનો સ્વીકાર કરનારને અન્યદર્શનીઓનાં મંદિરોને અને દેવોને વંદન અને સ્તુતિપૂર્વક પ્રણામ કરવાનું કલ્પે નહિ.(૧) [1]ધર્મબુદ્ધિથી અગ્નિ સળગાવવો-દવદાન[2] કરવું, મૃતનાં હાડકાં નદીમાં પધારાવવાં, બીજાને અગ્નિ આપવો, અનાથાશ્રમો બાંધવાં, તળાવ ખોદાવવાં, પરબો બાંધવી, પિપળાના વૃક્ષને પાણી સિંચવું, અસંયમીઓને (= લૌકિક ગુરુઓને) વસ્ત્રો, ફળો વગેરેનું અને ગાયનું દાન કરવું એ ન કલ્પે."** (૨)

આ બધું અને અન્ય ગ્રંથોમાં આવું બીજું પણ જે કહ્યું હોય તે બધુંય ગૌરવ–લાઘવનો (અધિક–ઓછા લાભનો) વિચાર કરીને, અર્થાત્ (મિથ્યાત્વમાં) સ્થિર કરવાની પ્રવૃત્તિથી બીજાઓના મિથ્યાત્વનો વિષય ન બને તે રીતે વિચારીને કરવું. આ પ્રમાણે કરનારે સમ્યક્ત્વની યતનાનું પાલન કર્યું છે. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. [૧૭]

છઠ્ઠા યતનાદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે સમ્યક્ત્વનું સાતમું અતિચારદ્વાર કહેવામાં આવે છેઃ—

**एत्थ य संका कंखा, विइगिच्छा अन्नतित्थिपसंसा ।**
**परतित्थिओवसेवा, य पंच दूसंति सम्मत्तं ॥ १८ ॥**

**ગાથાર્થ:**– સમ્યક્ત્વમાં શંકા, કાંક્ષા, વિચિકિત્સા, અન્ય તીર્થિક પ્રશંસા અને પરતીર્થિકોપસેવા– આ પાંચ અતિચારો થાય છે, અને થયેલા તે અતિચારો સમ્યક્ત્વને દૂષિત કરે છે.

**ટીકાર્થ:**– 'एत्थ य' એ સ્થળે च નો પ્રયોગ નહિ કહેલા વિશેષ અર્થના સંગ્રહ માટે છે. વિશેષ અર્થ આ પ્રમાણે છેઃ– નિશ્ચયથી સમ્યક્ત્વ ગયે છતે અને વ્યવહારથી સમ્યક્ત્વને મલિન કર્યે છતે શંકા વગેરે અતિચાર થાય છે. દૂષિત કરે છે એટલે સમ્યક્ત્વને વિકૃત કરે છે કે સમ્યક્ત્વનો નાશ કરે છે.

---

૧. આ ગાથા કયા ગ્રંથની છે તે જાણી શકાયું નથી. અટકળે એનો અર્થ લખ્યો છે. આથી અર્થ લખવામાં મારી ભૂલ પણ હોય.

૨. કેટલાક અજ્ઞાન જીવો દવદાનથી પુણ્ય થાય એવું માનનારા હોય છે.

**શંકાઃ–** શંકા એટલે અરિહંત ભગવાને બતાવેલા અત્યંત ગહન ધર્માસ્તિકાય આદિ પદાર્થોમાં મતિમંદતાથી બરોબર નિર્ણય ન કરી શકવાથી "આ આ પ્રમાણે છે કે નહિ?" એવો સંશય કરવો. કહ્યું છે કે–'संसयकरणं संका' =સંશય કરવો એ શંકા છે. તે શંકા દેશશંકા અને સર્વશંકા એમ બે પ્રકારે છે. કોઈ એક પદાર્થ સંબંધી શંકા એ દેશશંકા છે. જેમકે– આ આત્મા અસંખ્ય પ્રદેશવાળો છે કે પ્રદેશ-રહિત છે? સર્વ અસ્તિકાયમાં જ "આ આ પ્રમાણે છે કે નહિ?" એવી શંકા સર્વશંકા છે.

**કાંક્ષાઃ–** કાંક્ષા એટલે બુદ્ધ આદિ બીજાઓએ રચેલા દર્શનની ઈચ્છા. કહ્યું છે કે– 'कंखा अन्नन्नदंसणग्गाहो' = અન્ય અન્ય દર્શનનો સ્વીકાર કરવો = ઈચ્છા કરવી તે કાંક્ષા છે. તે પણ તે જ પ્રમાણે બે પ્રકારે છે. કોઈ એક દર્શન સંબંધી કાંક્ષા એ દેશકાંક્ષા છે. જેમકે– બૌદ્ધદર્શન સારું છે. કારણ કે એમાં ચિત્તજયનો ઉપદેશ આપવામાં આવ્યો છે. ચિત્તજય મુક્તિનો મુખ્ય ઉપાય છે. કપિલ, કણાદ, અક્ષપાદ વગેરે બધાં જ દર્શનો અહિંસાનો ઉપદેશ આપતા હોવાથી અને આ લોકમાં અત્યંત ક્લેશનાશનો ઉપદેશ આપતા હોવાથી સારાં છે એ પ્રમાણે સર્વદર્શનોની ઇચ્છા સર્વકાંક્ષા છે.

**વિચિકિત્સાઃ–** વિચિકિત્સા એટલે યુક્તિ અને આગમથી પદાર્થો સિદ્ધ થયે છતે ફલ પ્રત્યે સંદેહ, અર્થાત્ પદાર્થોમાં શંકા ન હોય, પણ ફળમાં સંદેહ હોય એ વિચિ-કિત્સા છે. જેમકે– રેતીકણના કોળિયા (ચાવવા) સમાન તપના આ મહાન કષ્ટનું ફળ ભવિષ્યમાં મને મળશે કે નહિ? કારણકે ખેડૂત વગેરેની ક્રિયા ફળવાળી અને નિષ્ફળ એમ બંને પ્રકારની દેખાય છે. કહ્યું છે કે– 'संतंमि विचिकिच्छा सिज्झेज्ज न मे अयं अट्ठो' ="**યુક્તિ અને આગમથી પદાર્થ સિદ્ધ થવા છતાં આ મારો અર્થ (=આ મારું કાર્ય) સિદ્ધ થશે કે નહિ એવી શંકા એ વિચિકિત્સા અતિચાર છે.**"

આ (=વિચિકિત્સા) શંકા જ છે, એવી શંકા ન કરવી. કારણ કે શંકા સર્વ કે અમુક કોઈ પદાર્થ સંબંધી છે, અને તે શંકાનો વિષય દ્રવ્ય અને ગુણ છે, જ્યારે વિચિકિત્સાનો વિષય ક્રિયા જ છે. અથવા મૂળમાં विइगिच्छा પદના સ્થાને विउगुच्छा પદ સમજવો. विउगुच्छा પદની સંસ્કૃત છાયા विद्वज्जुगुप्सा થાય. વિદ્વાન એટલે ભવનું સ્વરૂપ જાણ્યું હોવાથી સર્વસંગના ત્યાગી સાધુઓ. તેમની જુગુપ્સા એટલે નિંદા કરવી. જેમકે– આ સાધુઓ સ્નાન નહિ કરવાથી પરસેવાના પાણીથી એકઠા થયેલા ઘણા મલની દુર્ગંધથી યુક્ત શરીરવાળા છે, અથવા પ્રાસુક પાણીથી શરીરનું પ્રક્ષાલન કરે તો તેમને શો દોષ લાગે?

**અન્યતીર્થિક પ્રશંસાઃ–** સર્વજ્ઞપ્રણીત તીર્થમાં રહેલાઓથી અન્ય બૌદ્ધ વગેરે તીર્થિકોની પ્રશંસા કરવી. જેમકે– આ બૌદ્ધો વગેરે દયાળુ હોવાથી પુણ્યશાળી છે. કહ્યું

છે કે– 'परपासंडपसंसा सक्काईणमिह वण्णवाओ उ'=બૌદ્ધ વગેરેની પ્રશંસા કરવી એ અહીં પરતીર્થિકપ્રશંસા છે.

**પરતીર્થિકોપસેવા:**– બૌદ્ધ વગેરે જ પરતીર્થિક છે. તેમની ઉપસેવા=ઉપાસના કરવી, એટલેકે તેમની પાસે જવું, તેમની વાણી સાંભળવી, તેમની પાસે રહેવું વગેરે રીતે તેમનો પરિચય કરવો. આથી જ 'परपाषण्डसस्तव' એ સ્થળે રહેલા સંસ્તવ શબ્દનો અન્ય ગ્રંથોમાં પરિચય અર્થ કર્યો છે. કહ્યું છે કે 'तेहिं सह परिचयो जो स संथवो होइ नायव्वो'=પરતીર્થિકોનો જે પરિચય કરવામાં આવે તેને અહીં સંસ્તવ જાણવો. ચિત્તની મલિનતા, જિનપ્રત્યે અવિશ્વાસ વગેરે કારણોથી શંકા વગેરે સમ્યક્ત્વના અતિચારો છે.

અહીં મૂળગાથામાં શંકા વગેરે પદો વિષે દૃષ્ટાંતો ન લીધા હોવા છતાં વિસ્તારથી જાણનારા (=જાણવાની ઇચ્છાવાળા) શિષ્યોના અનુગ્રહ માટે મૂલટીકામાં દૃષ્ટાંતોનું સૂચન કર્યું છે. તે દૃષ્ટાંતો સુખપૂર્વક જાણી શકાય એ માટે વિસ્તારથી જ અહીં લખવામાં આવે છે. તેમાં શંકા વિષે જ્ઞાતાધર્મકથા સૂત્રમાં પ્રસિદ્ધ મોરના ઇંડાને ગ્રહણ કરનાર સાર્થવાહપુત્રોનું દૃષ્ટાંત કહેવામાં આવે છે.

## સાર્થવાહપુત્રોનું દૃષ્ટાંત

આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના અલંકારભૂત ચંપા નામની નગરી હતી. તેના ઇશાન ખૂણામાં સુભૂમિભાગ નામનું ઉદ્યાન હતું. તેમાં સુગંધી અને શીતલ છાયાવાળા વિવિધ (નાના) બગીચાઓ હતા. તેમાં સર્વ ઋતુઓનાં પુષ્પો અને ફળો થતાં હતાં. તેના એક વિભાગમાં રહેલા [1]માલુકાકક્ષમાં (=માલુકા નામની લતાઓવાળા વનપ્રદેશમાં) રહેનારી એક મોરલી હતી. એકવાર તે મોરલીએ શાલવૃક્ષ ઉપર રહેલી લતાઓ ઉપર સ્વકાલક્રમથી પુષ્ટ બનેલાં, ડાઘવિનાનાં, અખંડ અને શ્વેત બે ઇંડાં મૂકયાં. આ તરફ તે જ ચંપાનગરીમાં જિનદત્ત અને સાગરદત્ત નામના બે સાર્થવાહ પુત્રો હતા. તે (બાલ્યાવસ્થામાં) ધૂળમાં સાથે રમ્યા હતા અને પરસ્પર મિત્ર બન્યા હતા.

તે બંને એકવાર ઉદ્યાનની શોભાને અનુભવવા (=જોવા) માટે ચાર પ્રકારનો આહાર, ધૂપ, પુષ્પ અને સુગંધી પદાર્થો વગેરે લઇને દેવદત્તા વેશ્યાની સાથે સુભૂમિભાગ ઉદ્યાનમાં આવ્યા. ત્યાં તેમણે વાવડીઓમાં વિવિધ જલક્રીડા કરી. પછી કામભોગની લાલસાવાળા તે બંને ઘણા સમય સુધી વેશ્યાની સાથે રહ્યા. પછી તે જ ઉદ્યાનના સુંદર અધિક સુંદર પ્રદેશોને જોતાં જોતાં તે જ માલુકાકક્ષમાં આવ્યા. તેથી તે મોરલી તે બેને જોઈને ભય પામીને મોટા અવાજથી કેકારવ કરતી ત્યાંથી નીકળી

---

૧. मालुका=લતા. कक्ष=ઉદ્યાનનો એક પ્રદેશ.

ગઈ, અને નજીકમાં રહેલા વૃક્ષની ડાળ ઉપર બેઠી. ત્યાં બેસીને તે સાર્થવાહપુત્રોને અને માલુકાકક્ષને જોતી રહી. સાર્થવાહપુત્રોએ મોરલીને તેવી સ્થિતિવાળી જોઇને પરસ્પર મંત્રણા કરી કે, આપણને માત્ર આવેલા જ જોઇને આ મોરલી જાણે છેદાણી હોય તેમ તેમ અતિદુઃખી થઈ ગઈ. એટલું જ નહિ, પણ માલુકાકક્ષમાંથી નીકળીને ભયથી વ્યાકુળ દૃષ્ટિવાળી તે આપણને અને માલુકાકક્ષને જોયા કરે છે. એટલે આમાં કંઈ કારણ હોવું જોઈએ. આથી આપણે કક્ષની અંદર જોઈએ કે આમાં શું કારણ છે? આ પ્રમાણે વિચારણા કરીને કક્ષની અંદર બધી તરફ જોયું તો તે બે ઇંડાં જોયાં. તે બે ઇંડાને લઇને પોતાના ઘરે આવ્યા. આ બે ઇંડાઓમાંથી બે મયૂર થશે એટલે આપણને રમત–ગમત માટે થશે એવી બુદ્ધિથી તેમણે પોતપોતાના સેવકને એક એક ઇંડું રક્ષણ કરવા આપ્યું. તે બેમાંથી સાગરદત્તે પોતે લીધેલા ઇંડામાં શંકા કરી કે આમાંથી મોરનું બચ્ચું થશે કે નહિ? શંકાવાળો તે સદા ઇંડા પાસે આવીને ઇંડાને ફેરવવું વગેરે અનેક રીતે ઇંડાની તપાસ કરતો હતો. આનાથી ઇંડાને પીડા થતી હતી. અંદરના ગર્ભની પરીક્ષા માટે ઇંડાને કાન પાસે લાવીને અનેક રીતે ખખડાવતો હતો–હલાવતો હતો. આ પ્રમાણે દિવસો જતાં પ્રતિકૂળચેષ્ટાના કારણે ઇંડું સુકાઈ ગયું. ઇંડાને સુકાયેલું જોઇને તે ખિન્ન બન્યો અને મેં ઇંડાને આ રીતે ફેરવવા વગેરેથી કષ્ટ કેમ પહોંચાડ્યું? એમ પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

જિનદત્ત તો એ વિષે શંકાથી રહિત જ હતો. તેણે ફેરવવું વગેરે કંઇ પણ ન કર્યું. ફક્ત વિધિથી તેનું રક્ષણ જ કર્યું. એકવાર તેણે પોતાના કાલક્રમથી ઇંડામાંથી મોરનું બચ્ચું થયેલું જોયું. આનંદિત બનેલા તેણે [1]મયૂરપોષકને બોલાવ્યો. સન્માન-પૂર્વક મયૂરપોષકને તેણે કહ્યું: આ મોરનું બચ્ચું વિશિષ્ટ પ્રાયોગ્ય દ્રવ્યોના પોષણથી જલદી જ અત્યંત પુષ્ટ બને અને વિશિષ્ટ નૃત્યકલાને શીખે તેમ કર. મયૂરપોષકે પણ તેનું વચન માનીને મોરના બચ્ચાને લીધું. પછી તેને પોતાના ઘરે લઇ ગયો. અનેક દ્રવ્યોના ઉપચારથી=અનેક દ્રવ્યો ખવડાવીને, તેનું પોષણ કરવાનું શરૂ કર્યું. વિવિધ રીતે નૃત્યલીલાનું શિક્ષણ ત્યાં સુધી આપ્યું કે તે બાલ્યાવસ્થાનો ત્યાગ કરીને પરિપૂર્ણ માન–પ્રમાણવાળો બન્યો અને વિચિત્ર મહાન કલાસમૂહથી યુક્ત બનીને એકતાલથી જ અનેક પ્રકારનું નૃત્ય કરનારો થયો. તે રીતે લીધેલી (=શીખેલી) કલાઓના સમૂહથી શોભતા મયૂરને જોઇને મયૂરપોષક તેને જિનદત્ત પાસે લઇ ગયો અને તેને આપી દીધો. મોરને નૃત્યકળામાં કુશળ બનેલો જોઇને જિનદત્ત અત્યંત આનંદ પામ્યો. હર્ષના અતિરેકથી પ્રગટેલા રોમાંચરૂપ વસ્ત્રથી તેનું શરીર ઢંકાઇ ગયું. તેણે મયૂરપોષકને તેનું મન ખુશ થાય તેટલું ઇનામ આપ્યું. પોતાના મોરનું રક્ષણ કર્યું. તેણે મોર

૧. મોરને પાળી-પોષીને મોટા કરે તથા નૃત્યકળા વગેરે શિખવે તે મયૂરપોષક કહેવાય.

પાસે સ્થાને સ્થાને નવી નવી નૃત્ય લીલા કરાવીને લોકોને વિનોદ પમાડચો, અને એના કારણે ચંપાનગરીના બધા લોકોના હૃદયને તેણે હરી લીધું.

આ પ્રમાણે શંકાથી નુકશાન થાય છે અને શંકાના અભાવથી લાભ થાય છે એમ વિચારીને (જિનોક્ત સઘળા) પદાર્થોમાં શંકાનો ત્યાગ કરવો જોઇએ. કહ્યું છે કે– **"જિનેશ્વરોએ કહેલા પરમાર્થથી સત્ય એવા પદાર્થોમાં બુદ્ધિમાન પુરુષે સંદેહ નહિ કરવો જોઇએ. કારણકે સંદેહ અનર્થનું કારણ છે, અને સંદેહનો અભાવ લાભનું કારણ છે. જે કાર્યમાં સંદેહ કે શ્રદ્ધા જે હોય તે પ્રમાણે તે કાર્ય થાય છે. આ વિષે ઇંડાને ગ્રહણ કરનાર બે શ્રેષ્ઠિપુત્રોનું દૃષ્ટાંત છે."** (જ્ઞાતાધર્મકથા આગમ)

## કાંક્ષાદોષ વિષે રાજાનું દૃષ્ટાંત

કુશસ્થલ નામના નગરમાં કુશધ્વજ રાજા હતો. તેને તીક્ષ્ણબુદ્ધિવાળો એક મંત્રી હતો. એકવાર કોઈ પુરુષ રાજાને વિપરીતશિક્ષાવાળા બે અશ્વો ભેટ આપવા લાવ્યો. આ અશ્વો વિપરીતશિક્ષાવાળા છે એમ તેણે કહ્યું નહિ. તેથી રાજા અને મંત્રી કૌતુકથી તેના ઉપર બેસીને અશ્વોને ચલાવવા માટે નીકળ્યા. તે બંનેએ થોડા દૂર ગયા પછી અશ્વોને ઊભા રાખવા લગામ ખેંચી. પણ જેમ જેમ લગામ ખેંચતા ગયા તેમ તેમ અશ્વો ઊભા રહેવાના બદલે વધારે દોડવા લાગ્યા. આ પ્રમાણે લગામ ખેંચવાથી વધારે દોડતા અશ્વોએ જંગલમાં પ્રવેશ કર્યો. પછી કંટાળી ગયેલા તે બંનેએ લગામને મૂકી દીધી. લગામ મૂકતાંજ ઘોડા ઊભા રહી ગયા. પછી તે બંનેએ ઘોડા ઉપરથી ઉતરીને તરત પલાણને છોડયું. પલાણને છોડતાંજ બંને ઘોડાઓ ભૂમિ ઉપર પડી ગયા. ભૂખ અને તરસથી પીડાતા રાજા અને મંત્રીએ પાણીની શોધ માટે દિશાઓમાં નજર કરતાં બગલાઓ જોયા. તે તરફ ચાલતાં નિર્મલ પાણીથી ભરેલું સરોવર મળ્યું. ત્યાં સ્નાન વગેરે ક્રિયા કરીને ક્ષણવાર આરામ કર્યો. પછી નજીકનાં વૃક્ષો ઉપરથી ફળો લઇને ખાઇને પાંદડાની પથારીમાં સૂઇ ગયા. બીજા દિવસે ઉઠીને ત્યાંથી પોતાના નગર તરફ ચાલ્યા. રસ્તામાં અશ્વના પગલા અનુસાર આવેલા સૈનિકના માણસો મળ્યા. તે માણસો તેમને કેટલાક દિવસોમાં પોતાના નગરમાં લઇ ગયા. પછી ભૂખથી પીડાતા રાજાએ બધીજ જાતનો આહાર તૈયાર કરાવીને મનમાં નાટકનું [1]દૃષ્ટાંત યાદ કરીને આકંઠ ખાધું. તેથી તીવ્ર તરસ લાગી. શરીરમાં દાહ થયો. શૂલની પીડા થઇ. તેથી નજીકમાં રહેલા

૧. જેમ નાટકમાં શૃંગાર વગેરે બધા રસો હોવા જોઈએ, તેમ મારે બધા રસોવાળા આહારનું ભોજન કરવું એમ વિચારીને આકંઠ ખાધું. અથવા, જેવી રીતે નાટકમાં બેઠેલા નિર્બળ માણસોને ખસેડીને બલવાન માણસો બેસી જાય છે, તેમ રાજાએ બીજું તુચ્છ ભોજન ખસેડીને મિષ્ટાન્નની જગ્યા કરીને આકંઠ ખાધું. (શ્રા. પ્ર. ગા. ૯૩, સ. સપ્તતિકા ગા૦ ૩૦)

માણસોએ તેની શાંતિ માટે અગ્નિનો શેક વગેરે ઉપાયો કરવાં છતાં નિરુપક્રમ દોષોની વૃદ્ધિ થવાથી તેનું આયુષ્ય પૂર્ણ થયું. તે આકાંક્ષા દોષથી આ લોકનાં સુખોનું પાત્ર ન બન્યો. મંત્રીએ તો સુવૈદ્યના ઉપદેશથી વમન અને વિરેચન વગેરે કરીને કાયશુદ્ધિ કરી, પછી તે કાળને અનુરૂપ આહાર વગેરે મેળવીને ક્રમે કરીને શરીરને પુષ્ટ કર્યું. આકાંક્ષાથી વિમુક્ત આશયવાળો તે સર્વ સુખોની પરંપરાનું પાત્ર બન્યો. એ પ્રમાણે ધર્મના વિષયમાં અન્ય અન્ય દર્શનની આકાંક્ષા કરનાર જીવ ધર્મથી સાધ્ય સુદેવગતિ વગેરે સુખોને પામતો નથી, ઉલટું, મિથ્યાત્વને પામેલો તે નરકગતિ આદિ ભવપરંપરાને પામે છે. આથી આકાંક્ષા પણ ન કરવી જોઇએ.

વિચિકિત્સા વગેરે અતિચારોમાં જેવાં જોયાં છે તેવાં જ દૃષ્ટાંતો બતાવવામાં આવે છે, અર્થાત્ બીજા ગ્રંથોમાં જે રીતે જોવામાં આવ્યા છે તે જ પ્રમાણે અક્ષરશઃ અહીં બતાવવામાં આવે છે. તેમાં ચિકિત્સામાં દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ– શ્રાવસ્તીનગરીમાં જિનદત્ત નામનો શ્રાવક હતો. તે જીવ–અજીવ અને પુણ્ય–પાપના જ્ઞાનવાળો હતો, શ્રાવકનાં બાર વ્રતોને ધારણ કરતો હતો, અને આકાશમાં ચાલવાની શક્તિવાળો હતો. એકવાર તે નંદીશ્વરદ્વીપમાં જિનમહોત્સવ જોવા માટે ગયો. ત્યાં જિનપૂજાને જોતો તે દેવોની (=દેવશરીરની) સુગંધથી વાસિત થયો. યાત્રા અને મહોત્સવ પૂર્ણ થયા બાદ તે પોતાના નગરમાં આવ્યો. ત્યાં તેનો મહેશ્વરદત્ત નામનો મિત્ર રહેતો હતો. તે મિત્રને મળ્યો. તે મિત્રે તેને પૂછ્યુંઃ આજે તારા શરીરમાં દેવલોકના જેવી અપૂર્વ આવી સુગંધ કેમ છે? તેણે કહ્યુંઃ હું નંદીશ્વર દ્વીપમાં જિનપૂજાને જોવા માટે ગયો હતો, ત્યાં દેવોની આ સુગંધથી વાસિત થયો છું. મહેશ્વરદત્તે પૂછ્યુંઃ તું ત્યાં કેવી રીતે ગયો? જિનદત્તે કહ્યુંઃ આકાશગામિની વિદ્યાથી. મહેશ્વરદત્તે કહ્યુંઃ મને તે વિદ્યા આપ, મારા ઉપર મહેરબાની કર, જેથી હું પણ આકાશથી જઈ શકું. શ્રાવકે કહ્યુંઃ આપું છું, પણ તે વિદ્યા દુઃસાધ્ય છે. તેણે કહ્યુંઃ હું સાધીશ. આથી શ્રાવકે તેને વિદ્યા સાધવાનો ઉપાય કહ્યો. તે આ પ્રમાણેઃ– કૃષ્ણપક્ષની ચૌદશે (રાતે) સ્મશાનમાં જઈને ચાર પાયાવાળું (=દોરડાવાળું) સીકું કરીને વૃક્ષ ઉપર બાંધવું. નીચે અંગારાથી ભરેલી ખાઈ કરવી. પછી સિકા ઉપર ચડીને ૧૦૮ વાર મંત્રજાપ કરવો. પછી સિકાનો એક પાયો છેદવો. આ પ્રમાણે મંત્રનો જાપ કરીને (ક્રમશઃ) બધા પાયા છેદવા. પછી આકાશથી જઈ શકાય. આ પ્રમાણે વિદ્યા સાધવાનો વિધિ કહીને તેને મંત્ર આપ્યો. તેણે તે મંત્ર લીધો. એકવાર કાળી ચૌદશે વિદ્યા સાધવાની સામગ્રી લઇને સ્મશાનભૂમિમાં ગયો. પછી ખદિરના લાકડાની ચિતાની ઉપર વૃક્ષમાં સિકું બાંધ્યું. તેમાં રહીને ૧૦૮ વાર મંત્રજાપ કર્યો. પછી વિચાર્યું કે, આ પ્રમાણે સિકાના ચાર પાયા છેદવાના છે. પછી વિદ્યા સિદ્ધ થશે કે નહિ તે આપણે જાણતા નથી. આ પ્રમાણે વિચારીને તે નીચે ઉતરી ગયો. ફરી વિચારવા લાગ્યોઃ મને શ્રાવકે આગ્રહથી

મંત્ર આપ્યો છે. (બીજી) ચૌદશ ઘણા દિવસે આવશે. (માટે આ વિદ્યા સાધવી જ.) તેથી ફરી પણ સિકા ઉપર ચડચો. નીચે ખદિરના અંગારાની ચિતા જોઈને (ગભરાઈને ફરી) ઉતરી ગયો. આ પ્રમાણે ચડ–ઉતર કરવા લાગ્યો.

આ દરમિયાન હોંશિયાર એક ચોરે રાજાના અંતઃપુરમાં ખાતર પાડીને રત્નની પેટી મેળવી. પેટીને લઈને નીકળી ગયો. રાજપુરુષો તેની પાછળ પડચા. તેથી તે તેમના ભયથી તે જ ઉદ્યાનમાં પેસી ગયો. રાજપુરુષોએ વિચાર્યું: ચોર નાશી જશે અથવા મરી જશે. એથી આપણે ઉદ્યાનને ઘેરીને રહીએ. પછી સવારે તેને પકડી લઈશું. તે પણ રાજપુરુષોને ઉદ્યાનને ઘેરીને રહેલા જાણીને ઉદ્યાનમાંથી જઈ રહ્યો હતો તેટલામાં તેણે બળતા અગ્નિને અને ચડ–ઉતર કરતા માણસને જોયો. તે વિચારવા લાગ્યોઃ આ શું છે? પછી તેની પાસે ગયો અને તેને પૂછ્યુંઃ તું ક્યાંથી આવ્યો છે? શા માટે આવ્યો છે? તેણે કહ્યુંઃ હું આ નગરથી આવ્યો છું, અને વિદ્યાને સાધવાની સામગ્રી લઈને વિદ્યા સાધવા માટે આવ્યો છું. ચોરે કહ્યુંઃ નિશ્ચલ અને એકાગ્રચિત્તવાળા માણસોને વિદ્યા સિદ્ધ થાય છે, નહિ કે ચડ–ઉતર કરવાથી. તેણે કહ્યું તારું કહેવું સાચું છે. પણ સિકા ઉપર ચડ્યા પછી વિદ્યા સિદ્ધ થશે કે નહિ એમ ગભરાઉં છું. ચોરે પૂછ્યું: વિદ્યા સાધવાનો મંત્ર કોણે આપ્યો છે? તેણે કહ્યુંઃ શ્રાવકે આપ્યો છે. તે શ્રાવક મારો મિત્ર છે. ચોરે વિચાર્યું: શ્રાવકો કીડીને પણ મારવાનું ઇચ્છતા નથી. માટે આ મંત્ર સત્ય જ છે. આ સાધી શકતો નથી. આમ વિચારીને તેણે કહ્યું: હું એ વિદ્યાને સાધુ છું. મને વિદ્યાને સાધવાનો ઉપાય કહે અને મંત્ર આપ. હું તને રત્નની પેટી આપું છું. એમ થાઓ એમ કહીને તેણે સ્વીકાર કર્યો. વિચિકિત્સાવાળા તેણે વિચાર્યું: આ વિદ્યા સિદ્ધ થાય કે ન પણ થાય! આ રત્નપેટી તો પ્રત્યક્ષફલ છે. પછી ચોરે તેને રત્નપેટી આપી. ચોરે દૃઢચિત્તથી વિદ્યા સાધી. વિદ્યા સિદ્ધ કરીને આકાશમાં ઉપર ગયો. સવારે રાજપુરુષોએ મહેશ્વરદત્તને ચોરાયેલી રત્નની પેટી સહિત પકડી લીધો. રાજાને જણાવ્યું. રાજાએ તેને મારી નાખવાની આજ્ઞા કરી. રાજપુરુષો તેને શૂળીએ ચડાવવા લઈ ગયા. વિદ્યાસિદ્ધે ઉપયોગ મૂકચો કે મારા ગુરુનું શું થઈ રહ્યું છે? ગુરુને વધ કરવા માટે લઈ જવાતો જોયો. આથી તેણે આકાશમાં નગરની ઉપર મોટી શિલા વિકુર્વી. આકાશમાં રહીને લોકોને કહ્યું કે, આ નિર્દોષ છે. તેથી તેની પૂજા કરીને તેને છોડી દીધો. બંને (=ચોર અને મહેશ્વરદત્ત) શ્રાવક થયા. વિચિકિત્સામાં આ (=આવા) દોષો થાય, માટે વિચિકિત્સાથી રહિત બનવું જોઇએ.

મૂળગાથામાં રહેલા विइगिच्छा પદના સ્થાને विउगुच्छा પદ સમજીને સાધુ-સાધ્વીની જુગુપ્સા=નિંદા કરવી એવો અર્થ પણ કર્યો છે. આ અર્થને આશ્રયીને દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ– નજીકના દેશમાં શાલિગ્રામ નામનું ગામ હતું. તેમાં ધનમિત્ર નામનો શ્રાવક રહેતો હતો. તેને ધનશ્રી નામની પુત્રી હતી. તેના વિવાહના પ્રસંગે સાધુઓ તે ગામમાં આવ્યા.

તેથી શ્રાવકે હર્ષ પામીને સાધુઓને વહોરવા માટે પધારવા વિનંતી કરી. સમય થતાં સાધુઓ તેના ઘરે વહોરવા માટે આવ્યા. પિતાએ પુત્રીને કહ્યુંઃ હે પુત્રી ! તું જ સાધુઓને વહોરાવ. તેથી અલંકારોથી અલંકૃત અને સુશોભિત તે વહોરાવે છે. જેઠ–અષાઢ મહિનાના દિવસો હોવાથી સાધુઓના શરીરમાં મેલ અને પરસેવો ઘણો હતો. આથી ઘણી દુર્ગંધ આવતી હતી. વહોરાવતાં ધનશ્રીના નાકમાં આ ગંધ આવી. આથી તેણે વિચાર્યુંઃ અહો પૂજ્યોએ (=તીર્થંકરોએ) નિર્દોષ ધર્મ કહ્યો છે. પણ જો આ સાધુઓ પાણીથી સ્નાન કરે તો કયો દોષ થાય ? ત્યારબાદ તે આ લોકમાં કામ–ભોગોને ભોગવીને જુગુપ્સાની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના મૃત્યુ પામી. રાજગૃહનગરમાં ગણિકાના પેટમાં ઉત્પન્ન થઇ. તે ગર્ભમાં હતી ત્યારથીજ ગણિકાને અરતિ ઉત્પન્ન થઇ. તેથી તેણે કોઇને ખબર ન પડે તેમ ગર્ભપાતના અનેક ઉપાયો કરાવ્યા. તો પણ આયુષ્ય બલવાન હોવાના કારણે તે ન મરી. પછી જન્મ થતાં ગણિકાએ તેને દાસીપુત્રીને આપી, અને કહ્યું કે આને ક્યાંક મૂકી આવ. તેને જે સ્થાનમાં મૂકી તે સ્થાન અશુચિની દુર્ગંધથી અત્યંત વાસિત થઇ ગયું.

તે નગરમાં તે સમયે ભગવાન શ્રીમહાવીરસ્વામી પધાર્યા. ભગવાનને પધારેલા જાણીને શ્રેણિકરાજા વંદન કરવા માટે સર્વ સૈન્ય સહિત ગયો. તેની ગંધને સહન નહિ કરતા સૈન્યના આગળના માણસો બીજા રસ્તે વળ્યા. ત્યારે શ્રેણિક રાજાએ પૂછયું કે આ લોકો બીજા માર્ગે કેમ જાય છે ? તેથી એકે કહ્યુંઃ અહીં અત્યંત દુર્ગંધવાળી એક બાલિકા પડી છે તેની દુર્ગંધ સહન ન થવાથી અન્ય માર્ગે જાય છે. આથી રાજાએ કુતૂહલથી ત્યાં જઇને તેને જોઇ. રાજાએ વિચાર્યુંઃ અહો ! આની રૂપસંપત્તિ ઉત્તમ છે, પણ ગંધ આવી છે. તેથી જઇને ભગવાનને પૂછીશ કે કયા કર્મોનું આવું ફલ છે ? પછી શ્રેણિકે ભગવાન પાસે જઈને પરમ વિનયથી વંદન કર્યું. પછી બેસીને પૂછયુંઃ હે ભગવન્ ! તે બાલિકાએ પૂર્વભવમાં શું કર્યું કે જેથી તે રૂપસંપત્તિ યુક્ત હોવા છતાં દુર્ગંધવાળી છે ? તેથી ત્રણલોકના નાથે તેનો પૂર્વભવ કહ્યો. હમણાં એ કર્મ ભોગવાઈ ગયું છે. પછી રાજાએ પૂછયુંઃ તેની શી સ્થિતિ થશે ? ભગવાને કહ્યુંઃ હે શ્રાવક ! આઠ વર્ષ પછી તે તારી મુખ્ય પત્ની થશે. હું તે કેવી રીતે જાણી શકીશ ? ભગવાને કહ્યુંઃ જ્યારે તને પાસાઓથી જીતીને તારી પીઠ ઉપર વસ્ત્ર મૂકીને બેસે ત્યારે તું જાણજે કે આ તે છે. પછી રાજા ધર્મ સાંભળીને ભગવાનને વંદન કરીને નગરમાં ગયો. તે પણ દુર્ગંધ વિનાની બની. પછી કોઈ કારણસર ત્યાં આવેલા ભરવાડોએ તેને લીધી. રાજગૃહ નગરમાં લઈ જઇને [1]પત્નીને સોંપી. પત્નીએ તેને પુત્રી તરીકે સ્વીકારી. ગામમુખીના પુત્રે

૧. અહીં ભરવાડોએ ગામના મુખીને આપી, ગામના મુખીએ તેની પત્નીને આપી એમ સંબંધ જોડવો જરૂરી ગણાય. કારણ કે આગળ ગામમુખીના પુત્રે તેનું પાલન કર્યું, ગામમુખીની પત્ની સાથે નાટક જુએ છે. વગેરે સંબંધ આવે છે. જો કે **मयहर** શબ્દનો વડિલ વગેરે અર્થ પણ થાય છે. આમ છતાં **मयहर** શબ્દનો ગામનો મુખી અર્થ વધારે સંગત બને.

તેનું સુખપૂર્વક પાલન કર્યું. તે યુવાવસ્થાને પામી. રાજગૃહનગરમાં કાર્તિક પૂર્ણિમાના દિવસે કૌમુદી મહોત્સવમાં લોકો ઉદ્યાનમાં ફરવા જતા હતા અને નટ–નટડીઓનાં નાટક થતા હતા. તેથી તે બાલિકા માતાની સાથે જોવા માટે આવી. પછી ગામમુખીની પત્ની સાથે એક નાટકને જોવા લાગી. શ્રેણિકરાજા અભયકુમારની સાથે ગુપ્તવેશમાં ત્યાં જ આવ્યો. તેના રૂપના પ્રભાવને જોઇને અને અંગસ્પર્શને અનુભવીને શ્રેણિક તેના ઉપર અત્યંત આસક્ત થયો, અને આ મારી પત્ની કેવી રીતે થશે એમ વિચારવા લાગ્યો. છળથી કામ પાસે પ્રાર્થના કરી, અર્થાત્ છળથી તે બાલિકાને પોતાની બનાવવાનો વિચાર કર્યો. તે બાલિકાના વસ્ત્રમાં પોતાના નામવાળી વીંટી બાંધી દીધી.

પછી તેણે કહ્યું: મારી વીંટી કોઇએ ચોરી લીધી. પછી અભયકુમારે પ્રત્યક્ષ થઇને રાજપુરુષોને બોલાવ્યા અને કહ્યું કે રાજાની વીંટી કોઈએ લીધી છે. માટે તમે દરવાજા આગળ ઊભા રહો અને એક એક માણસને તપાસીને જવા દેવા. રાજ-પુરુષોએ તે જ પ્રમાણે બધું કર્યું. એમ કરતાં તે બાલિકાની ઓઢણીમાં વીંટી જોઈ. રાજાને કહ્યું. રાજપુરુષોએ આ ચોર છે એમ સમજીને તેને પકડી. રાજાએ તેને અંતઃ-પુરમાં રખાવી. પછી ઠાઠમાઠથી તેને પરણ્યો. તે રાજાને અત્યંત પ્રિય બની. સમય જતાં એકવાર રાજા અને રાણીઓ પાસાની રમત રમતા હતા. તેમાં એવી શરત કરી કે જે જીતે તેને પીઠ ઉપર બેસાડવો. બીજી રાણીઓ રાજાને જીતતી હતી ત્યારે રાજાની પીઠ ઉપર વસ્ત્ર મૂકીને તે વસ્ત્ર ઉપર હાથ મૂકતી હતી. પણ દુર્ગંધા રાણી રાજાને જીતી ત્યારે રાજાની પીઠ ઉપર વસ્ત્ર મૂકીને પોતે તેના ઉપર બેસી ગઇ. રાજા ભગ-વાનનું વચન યાદ કરીને હસ્યો. વિલખી બનીને તેણે પૂછ્યું: તમે કેમ હસ્યા? રાજાએ કહ્યું: કંઈ નહિ. તો પણ તેણે આગ્રહથી પૂછ્યું. તેથી રાજાએ ભગવાને કહેલું પૂર્વભવ વગેરે બધું કહ્યું. તેથી સંવેગને પામેલી તેણે રાજાને વિનંતિ કરી: મને રજા આપો, હું દીક્ષા લઉં. રાજાએ રજા આપી અને તેણે દીક્ષા લીધી. આ દૃષ્ટાંતથી જુગુપ્સાના વિપાકને જાણીને જુગુપ્સા ન કરવી જોઇએ.

પરતીર્થિક પ્રશંસા વિષે શકટાલનું દૃષ્ટાંત છે. તે આ પ્રમાણે:– પાટલિપુત્ર નગરમાં નંદવંશની સાથે કલ્પકવંશ ચાલી રહ્યો હતો. નંદવંશમાં નવમો નંદરાજા રાજ્યધુરાને ધારણ કરતો હતો ત્યારે કલ્પકવંશમાં શકટાલ નામનો મંત્રી થયો. તેનું પહેલાં શ્રીવત્સ એવું નામ હતું. પછી તેના સો પુત્રો થયા ત્યારે તેની સો શાખાઓ ફેલાણી છે એમ વિચારીને રાજાએ તેનું [1]શકટાલ (=શતડાલ) નામ પાડ્યું. શકટાલના સો પુત્રોમાં ત્યાગ, ભોગ, દાક્ષિણ્ય અને લાવણ્ય વગેરે ગુણોથી સ્થૂલભદ્ર નામનો પુત્ર મુખ્ય હતો, અને

૧. સો ડાળીઓ=શાખાઓ છે જેની તે **सयडाल**. આ વ્યુત્પત્તિ પ્રમાણે સંસ્કૃતમાં **शतडाल** શબ્દ થવો જોઈએ. પણ **शकटाल** શબ્દ પ્રસિદ્ધ બની ગયો છે.

શ્રીયક સર્વથી નાનો પુત્ર હતો. તે જ નગરીમાં વરરુચિ નામનો બ્રાહ્મણ હતો. તે રોજ ૧૦૮ શ્લોકો નવા નવા બનાવીને નંદરાજાની સેવા કરતો હતો. રાજા તેના ઉપર ખુશ થયો હોવા છતાં તેને કંઈ પણ આપતો ન હતો, માત્ર શકટાલ મંત્રીના મુખ તરફ જોતો હતો. શકટાલ વરરુચિની પ્રશંસાથી મિથ્યાત્વ થાય એમ વિચારીને તેની પ્રશંસા કરતો ન હતો. વરરુચિએ આ હકીકત જાણીને શકટાલની પત્નીની સેવા કરવા માંડી. તેણે વરરુચિને પૂછ્યું: તમે મારી સેવા કેમ કરો છો? તેણે સત્ય હકીકત કહી. તેથી મંત્રીની પત્નીએ કોઈ અવસરે પતિને કહ્યું: તમે વરરુચિના કાવ્યની રાજા આગળ પ્રશંસા કેમ કરતા નથી? મંત્રીએ કહ્યું: મિથ્યાત્વની પ્રશંસા કેવી રીતે કરું? પત્નીએ કહ્યું: મહાપુરુષો આગ્રહશીલ હોય છે. (તો પણ તમે અહીં આગ્રહ છોડી દો.) ભાવદોષનો ત્યાગ કરવો, અર્થાત્ ભાવથી પ્રશંસા ન કરવી. તે તમારી પાસે અણું જેટલું પણ માગતો નથી. માટે તમે તેના કાવ્યની પ્રશંસા કરો. તો પણ મંત્રી પ્રશંસા કરવાને ઇચ્છતો નથી. તેથી બીજા દિવસે ફરી પત્નીએ તેને કહ્યું. પત્નીના વારંવાર કહેવાથી એકવાર રાજાની આગળ વરરુચિ શ્લોકો બોલતો હતો ત્યારે મંત્રીએ કહ્યું: અહો! સારું કહ્યું=કાવ્યો સારાં કહ્યાં. તેથી રાજાએ તેને ૧૦૮ સોનામહોરો આપી. રાજા એ પ્રમાણે દરરોજ ૧૦૮ સોનામહોર આપવા લાગ્યો. તેથી મંત્રીએ વિચાર્યું: આવા વ્રતથી રાજભંડાર ખલાસ થઈ જશે, માટે કોઈ ઉપાય કરું. પછી નંદરાજાને મંત્રીએ કહ્યું: હે પૂજ્યો! આપ વરરુચિને કેમ આપો છો? રાજાએ કહ્યું: તમે તેની પ્રશંસા કરી માટે આપું છું. મેં તે જુનાં લૌકિક (=બીજાએ બનાવેલાં) કાવ્યો બોલે છે તેની પ્રશંસા કરી હતી. રાજાએ કહ્યું: આ પોતે કરેલાં કાવ્યો બોલે છે કે લૌકિક કાવ્યો બોલે છે તેનો પુરાવો શો? શકટાલે કહ્યું: મારી પુત્રીઓ પણ આ શ્લોકો બોલે છે એ તેનો પુરાવો છે, તો પછી બીજા લોકો કેમ ન બોલે? તે મંત્રીને સાત પુત્રીઓ હતી. તે આ પ્રમાણે :– યક્ષિણી, યક્ષદત્તા, ભૂતિની, ભૂતદત્તા, સેના, રેણા[1] અને વેણા. તેમાં પહેલી પુત્રી એકસંધિકા હતી, એટલે કે એકવાર સાંભળીને સો શ્લોક પણ યાદ રાખી શકતી હતી. બીજી દ્વિસંધિકા હતી, એટલે કે બે વાર સાંભળીને યાદ રાખી શકતી હતી. એમ ક્રમશઃ એક એક વધતા સાતમી સાતવાર સાંભળીને સો શ્લોક પણ યાદ રાખી શકતી હતી. પછી મંત્રીએ બધી પુત્રીને સંકેત કરી દીધો કે વરરુચિ જે શ્લોકો બોલે તે તમારે યાદ રાખીને ક્રમશઃ બોલી જવા. આ પ્રમાણે સંકેત કરીને રાજાને વિશ્વાસ પમાડવા બીજે દિવસે સાતે કન્યાઓને અંતઃપુરમાં પડદાની પાછળ રાખવામાં આવી. સમય થતાં વરરુચિ આવ્યો અને ૧૦૮ શ્લોકો બોલ્યો. મંત્રીની પુત્રીઓએ તે શ્લોકો સાંભળ્યા. મંત્રીએ કહ્યું: હે દેવ! જો આપ આજ્ઞા કરો તો મારી પુત્રીઓને બોલાવીને એમની પાસે આ શ્લોકો બોલાવું. રાજાએ કહ્યું: જલદી બોલાવીને

૧. ભરહેસર સજ્ઝાય વગેરેમાં વેણા પછી રેણાનો ઉલ્લેખ છે.

શ્લોકો બોલાવો. પછી 'જેવી દેવની આજ્ઞા' એમ કહીને મંત્રીએ અંતઃપુરના વૃદ્ધને (=રક્ષકને) આજ્ઞા કરીઃ હે ભદ્રમુખ! અહીં ક્યાંય પણ મારી પુત્રીઓ આવી હોય તો જલદી રાજાની પાસે લઈ આવ. "આ પ્રમાણે કરું છું" એમ કહીને તે અંતઃપુરમાં ગયો. ત્યાં પુત્રીઓને જોઈ. તેમને લઈને તે રાજાની પાસે આવ્યો. રાજાના ચરણોમાં નમસ્કાર કરીને પુત્રીઓ પિતાની પાસે બેઠી. મંત્રીએ યક્ષિણીને પૂછ્યુંઃ હે વત્સા! આજે વરરુચિ આવા અક્ષરવાળા અને આવા અર્થવાળા જે ૧૦૮ શ્લોકો બોલ્યો તે તને આવડે છે? તેણે કહ્યુંઃ હા. તો [1]રાજાને સંભળાવ. પછી તેણે અસ્ખલિત અને સુંદર સ્વરથી રાજાને તે શ્લોકો સંભળાવ્યા. યક્ષદત્તાએ શ્લોકો બે વાર સાંભળ્યા. આથી મંત્રીએ તેને પણ તે જ પ્રમાણે કહ્યું. તેણે પણ તે જ પ્રમાણે શ્લોકો સંભળાવ્યા. એમ ક્રમશઃ સાતમીએ સાતવાર સાંભળીને તેજ પ્રમાણે શ્લોકો સંભળાવ્યા. આથી રુષ્ટ થયેલા રાજાએ વરરુચિનું દાન બંધ કર્યું.

પછી વરરુચિ ૧૦૮ સોનામહોરોને રાત્રે ગંગાનદીમાં ગુપ્ત રીતે મૂકેલા યંત્રમાં મૂકી આવતો હતો. સવારે સર્વલોકોની સમક્ષ ગંગાની સ્તુતિ કરીને પગથી યંત્રને દબાવતો હતો. એથી યંત્રમાંથી ઉછળેલી સોનામહોરો "ગંગા આપે છે" એમ કહીને લઈ લેતો હતો. આવા પ્રપંચથી તેણે સઘળા લોકોના હૃદયને હરી લીધું. સમય જતાં રાજાએ આ સાંભળ્યું. તેથી રાજાએ મંત્રીને કહ્યુંઃ જો વરરુચિ લૌકિક કાવ્યો બોલે છે તો ગંગા તુષ્ટ થઇને તેને સોનામહોરો કેમ આપે છે? મંત્રીએ કહ્યુંઃ **"આડંબરનો એક પગ, દંભનો એક પગ, (સાધનાથી સિદ્ધ થતી) વિદ્યાનો એક પગ અને કંઠગર્જનાનો (=બોલવાની ચાલાકીનો) એક પગ એમ ધૂર્ત ચાર પગે ચાલે છે."** રાજાએ કહ્યુંઃ જો એમ હોય તો આ બધાય લોકો સદા તેના ગુણો કેમ બોલ્યા કરે છે? મંત્રીએ કહ્યુંઃ હે દેવ! લોકોને સત્યની ખબર નથી. જો આપને મારી વાત સાચી ન લાગતી હોય તો ત્યાં જ જઇને કૌતુક જોઇએ. મંત્રીની વાત માનીને રાજાએ કહ્યુંઃ સવારના જ જઇશું. 'એમ કરો' એમ કહીને મંત્રી ત્યાંથી ઉઠીને પોતાના ઘરે ગયો. મંત્રીએ સાંજના વિશ્વાસુ માણસને કહ્યું કે ગંગાનદીએ જઇને સંતાઇને રહે, વરરુચિ જે કંઈ ગંગામાં મૂકે તે લઈ આવ. તેણે પણ મંત્રીના કહ્યા પ્રમાણે કર્યું. સવાર થઇ. સવારનાં કાર્યો કરીને મંત્રી રાજમંદિરમાં ગયો. રાજા પણ મંત્રીની સાથે કૌતુક જોવા માટે ગયો. વરરુચિને ગંગાની સ્તુતિ કરતો જોયો. સ્તુતિ પૂર્ણ થતાં પગથી અને હાથથી સોનામહોરો શોધવા લાગ્યો. (પહેલાં પગથી યંત્રને દબાવ્યું. રોજની જેમ સોનામહોરો ન ઉછળી એટલે હાથથી શોધવા લાગ્યો.) પણ સોનામહોરો ન મળી. તેથી તે

---

૧. અહીં **स्वाइ** શબ્દ વાક્યાલંકારમાં છે, અથવા **पुनः**=પછી એવા અર્થમાં છે. "તો પછી તું રાજાને સંભળાવ" એમ પણ ગુજરાતીમાં વાક્યરચના થઈ શકે.

વિલખો થઈ ગયો. એટલામાં મંત્રીએ "જો ગંગા નથી આપતી તો હું આપું છું, લે," એમ કહીને સોનામહોરની થેલી કાઢી. રાજાને બતાવીને તેને આપી. અપમાનના કારણે પોતાનું મોઢું બતાવવાને અસમર્થ તે પણ ત્યાંથી નીકળી ગયો.

વરરુચિ મંત્રી ઉપર દ્વેષવાળો બનીને તેનાં છિદ્રો શોધવા લાગ્યો. (એ માટે) તેની દાસીની સેવા કરવા લાગ્યો. મંત્રીના ઘરની વિગત સદા દાસીને પૂછતો હતો. તે પણ ભોળા ભાવથી બધું કહેતી હતી. એકવાર શ્રીયકના વિવાહના ઉત્સવમાં રાજાને સમર્પણ કરવાના આશયથી મંત્રીના ઘરે શસ્ત્રો તૈયાર થતાં હતાં. તેથી દાસીએ વરરુચિને આ વાત કરી. તેણે 'છિદ્ર મળી ગયું' એમ વિચાર્યું. પછી તેણે મોદકોથી બાળકોને વશ કરીને બાળકોની પાસે આ પ્રમાણે બોલાવવાનું શરૂ કર્યું:—"શકટાલ જે કરશે તે આ લોકો જાણતા નથી. શકટાલ નંદરાજાને મરાવીને શ્રીયકને રાજ્ય ઉપર બેસાડશે." પરંપરાએ રાજાએ આ સાંભળ્યું. વિશ્વાસુ પુરુષદ્વારા મંત્રીના ઘરે તપાસ કરાવી. વિશ્વાસુ માણસે તૈયાર થતાં શસ્ત્રોને જોયાં. આથી રાજા ગુસ્સે થયો. (બીજા દિવસે) શકટાલ (રાજસભામાં) આવ્યો. જે જે તરફ શકટાલ રાજાના ચરણોમાં પ્રણામ કરે છે તે તે તરફથી રાજા મોઢું ફેરવી લે છે. આથી મંત્રી તે જ વખતે પોતાના ઘરે ગયો. તે વખતે શ્રીયક નંદરાજાનો અંગરક્ષક હતો. તેને બોલાવીને શકટાલે કહ્યું: હે વત્સ! વરરુચિએ રાજાને મારા પ્રત્યે વિપરીત બુદ્ધિવાળો (= દ્વેષવાળો) કરી દીધો છે. તેથી રાજા આપણા કુલનો ક્ષય ન કરે ત્યાં સુધીમાં કુલરક્ષા માટે હું જ્યારે રાજાના ચરણોમાં નમસ્કાર કરું ત્યારે તું મને મારી નાખજે. શ્રીયકે આ ન માન્યું. શકટાલે તેને કહ્યું: રાજાના ચરણોમાં નમસ્કાર કરતી વખતે હું તાલપુટ ઝેરનું ભક્ષણ કરીશ. (ઝેરથી મારું મૃત્યુ અવશ્ય થવાનું હોવાથી તને પિતૃહત્યાનું પાપ નહિ લાગે.) આથી તું મારો ઘાત કરજે. શ્રીયકે તે માન્યું, અને તે પ્રમાણે કર્યું. આ પ્રમાણે શકટાલે પ્રાણનો ત્યાગ કર્યો, પણ પરતીર્થિકની પ્રશંસા ન કરી. એ પ્રમાણે બીજાએ પણ પરતીર્થિકની પ્રશંસા ન કરવી જોઈએ.

પરતીર્થિકોની સેવામાં સૌરાષ્ટ્રના શ્રાવકનું દૃષ્ટાંત છે. તેની કથા મિથ્યાત્વના ઉત્પત્તિ દ્વારમાં સંસર્ગથી થતા મિથ્યાત્વમાં કહી છે, આથી અમે અહીં કહેતા નથી.

**પ્રશ્ન**:—સમ્યક્ત્વના બીજા પણ "ઉપબૃંહણા ન કરવી" વગેરે અતિચારના ભેદો છે જ, संथवमाई य नायव्वा ઇત્યાદિ શબ્દોનું વ્યાખ્યાન કરતાં પૂજ્યપાદશ્રી ઉમાસ્વાતિ મહારાજે (શ્રા. પ્ર. ગા. ૯૪ માં) કહ્યું છે કે—

**"અહીં (સમ્યક્ત્વના અધિકારમાં)** सम्मत्तस्सइयारा **(ગા. ૮૬) ઇત્યાદિ દ્વારગાથામાં પ્રયુક્ત** आदि **શબ્દથી બીજા પણ અતિચારોનું સૂચન કર્યું છે. તે અતિચારો સાધર્મિકોની અનુપબૃંહણા, અસ્થિરીકરણ વગેરે છે."**

તો પછી અહીં મૂળગાથામાં નિયત સંખ્યાને જણાવનાર **पञ्च** શબ્દનો ઉલ્લેખ કેમ કર્યો ?

**ઉત્તર**:-તમારો પ્રશ્ન બરોબર છે. પાંચ અતિચારો બીજા અતિચારોનું ઉપલક્ષણ હોવાથી કોઈ દોષ નથી. વળી– મૂળગાથામાં दूसंति सम्मत्तं = આ પાંચ અતિચારો સમ્યક્ત્વને દૂષિત કરે છે એમ જણાવ્યું છે. दूसंति सम्मत्तं એ વિશેષણથી એ જણાય છે કે શંકા વગેરે સમ્યક્ત્વને દૂષિત કરતા હોવાથી અતિચારો છે. તેથી બીજા પણ અનુપબૃંહણા વગેરે જે વિશિષ્ટ પરિણામો સમ્યક્ત્વને દૂષિત કરે તે બધા અહીં સાક્ષાત્ ન કહ્યા હોવા છતાં એની જ જાતિના ( = સમ્યક્ત્વને દૂષિત કરનારની જાતિના ) હોવાથી કહેલા સમજવા. અનુપબૃંહણા વગેરે સમ્યક્ત્વને દૂષિત કરનારા નથી એમ ન કહેવું. પૂજ્યપાદ શ્રી ઉમાસ્વાતિ મહારાજે ( શ્રા. પ્ર. ગા. ૯૫માં ) કહ્યું છે કે–

**“જેનાથી અનુપબૃંહણા (=ઉપબૃંહણાનો અભાવ) વગેરે થાય તે પરિણામ નિશ્ચયનયના મતે સમ્યક્ત્વના ગયા વિના ન થાય, અથવા વ્યવહારનયના મતે સમ્યક્ત્વને મલિન કર્યા વિના ન થાય.”**

આથી શ્રોતાઓને સરળતાથી સમજાય એ માટે અનુપબૃંહણા વગેરે અતિચારોનાં પણ દૃષ્ટાંતો કહેવા જોઈએ. તે દૃષ્ટાંતો જો કે સાધર્મ્ય ( = ઉપબૃંહણા વગેરે કર્યું હોય ) અને વૈધર્મ્ય ( = ઉપબૃંહણા વગેરે ન કર્યું હોય )ના ભેદથી બે પ્રકારે સંભવે છે, તો પણ મૂલવૃત્તિકારે “ઉપબૃંહણામાં શ્રેણિકરાજા, સ્થિરીકરણમાં આષાઢાચાર્ય, વાત્સલ્યમાં વજ્રસ્વામી, પ્રભાવનામાં વિષ્ણુકુમાર વગેરે દૃષ્ટાંતો યથાયોગ્ય વિચારીને કહેવા,” એમ કહ્યું છે, આથી હું પણ તે જ દૃષ્ટાંતોને વિસ્તારથી કહું છું. અહીં અનુપબૃંહણા એટલે ઉપબૃંહણા ન કરવાનો સ્વભાવ. ઉપબૃંહણા એટલે જ્ઞાન–દર્શનાદિ ગુણોથી યુક્ત જીવોની “તમારો જન્મ સફળ છે, આપના જેવા માટે આ યોગ્ય છે” ઇત્યાદિ વચનોથી તેના ગુણોની પ્રશંસા કરવી. ઉપબૃંહણા વિષે શ્રેણિકનું દૃષ્ટાંત છે. કારણ કે દેવોએ સત્યગુણોની પ્રશંસાથી એની ઉપબૃંહણા કરી હતી, અથવા શ્રેણિકે સંજય સાધુની જે ઉપબૃંહણા કરી હતી તે અહીં દૃષ્ટાંત તરીકે કહેવા યોગ્ય છે. તેથી તેનું દૃષ્ટાંત આ પ્રમાણે છે:–

પૂર્વે મગધદેશમાં રાજગૃહનગરનો સ્વામી અને ચતુરંગી સેનાના બલથી સર્વશત્રુઓના સમૂહનો નાશ કરનાર શ્રેણિક નામનો રાજા હતો. એકવાર અશ્વવાહનિકા ( = અશ્વોને ચલાવવા ) માટે નીકળેલો તે મંડિકકુક્ષિ નામના ઉદ્યાનમાં આવ્યો. તે ઉદ્યાન ખીલેલા વિવિધ પુષ્પોના સમૂહથી ઢંકાઈ ગયેલાં અનેક વૃક્ષો અને લતાઓથી શોભતું હતું, બેસતા અને ઉડતા અનેક પ્રકારના પક્ષીઓની શ્રેણિથી સુંદર દેખાતું હતું. તે ઉદ્યાનમાં

એક મુનિ હતા. એ મુનિનું મન અસાધારણ શાંતિ અને સમાધિમાં લીન હતું. એ મુનિએ સઘળાં પાપસ્થાનોનો ત્યાગ કર્યો હતો. શ્રેણિકરાજાએ વૃક્ષની નીચે રહેલા આવા મુનિને જોયા. એ મુનિને જોઇને અહો ! આની રૂપલક્ષ્મી કોઈ અપૂર્વ છે, સૌમ્યતા અનુપમ છે, ક્ષમા અસાધારણ છે, નિઃસંગતા બીજાની સાથે સરખાવી ન શકાય તેવી છે, ઈત્યાદિ વિચારતો રાજા અત્યંત વિસ્મય પામ્યો. વિસ્મિત ચિત્તવાળા રાજાએ મુનિની પાસે આવીને પ્રદક્ષિણા આપવાપૂર્વક મુનિને વંદન કર્યું. પછી મુનિની નજીકમાં બેસીને વિનયથી મસ્તકે અંજલિ જોડીને મુનિને કહ્યું : હે ભગવન્ ! આપ વિશિષ્ટરૂપથી યુક્ત વિગ્રહવાળા ( શરીરવાળા ) હોવા છતાં વિગ્રહથી ( = યુદ્ધથી, અર્થાત્ ક્લેશોથી ) રહિત છો. આવા આપે વિષયસુખનો ઉપભોગ કરવાના સમયે યુવાવસ્થામાં જ જેમાં સર્વ ભોગ-સાધનોનો ત્યાગ રહેલો છે એવા વ્રતનો સ્વીકાર કેમ કર્યો ? એમ કૌતુકવાળું મારું મન જાણવાને ઇચ્છે છે. તેથી જો આ કહેવામાં સ્વાધ્યાય વગેરે યોગોને બહુ બાધા થાય તેમ ન હોય તો કહો. મુનિએ તેને કહ્યું : હે મહારાજ ! જો કૌતુક છે તો સાંભળો. હું અનાથતાના દુઃખથી દુઃખી હતો, વિવિધ શત્રુઓથી પરાભવ પામતો હતો, મને અભય આપે = નિર્ભય બનાવે તેવા કોઇને પણ હું જોતો ન હતો, આથી અત્યંત કંટાળીને મેં વ્રતનો સ્વીકાર કર્યો. આ સાંભળીને કંઈક હસતા મુખે રાજાએ કહ્યું : હે ભગવન્ ! આવા પ્રકારની વિશિષ્ટ શરીરની આકૃતિથી આપ ગુણી જણાઓ છો, અને સઘળી સંપત્તિ આપને આધીન હોય તેમ જણાય છે. આમ છતાં આપ અનાથ કેવી રીતે ? કારણ કે જ્યાં સુંદર આકૃતિ હોય ત્યાં ગુણો હોય એવી લોકોક્તિ છે. વળી– સજ્જનો પરાક્રમીનો, ત્યાગીનો અને વિદ્વાનનો આશ્રય લે છે, અને સજ્જનોના સંગથી પરાક્રમી ત્યાગી અને વિદ્વાન ગુણી બને છે. ગુણવાન પાસે ધન આવે છે. ધનથી પ્રભાવ આવે છે. પ્રભાવવાળામાં આજ્ઞા આવે છે. આજ્ઞાથી રાજ્ય મળે છે. આવો પુરુષ અન્ય લોકોનો પણ નાથ થાય છે. ( આમ છતાં ) જો માત્ર અનાથતા જ પ્રવ્રજ્યાના સ્વીકારનું કારણ હોય તો હું જ આપનો નાથ થાઉં. હું આપનો નાથ થાઉં એટલે આપનો કોઈ પરાભવ ન કરી શકે. આથી તમે નિશ્ચિતપણે જ વિષયસુખનો અનુભવ કરો. રાજાએ આ પ્રમાણે કહ્યું એટલે મુનિએ કહ્યું :

હે રાજન્ ! પરાક્રમ, ઉદારતા વગેરે ગુણોનું સૂચન કરનારી માત્ર આકૃતિથી નાથ ન થવાય, અને જાતે જ અનાથ તમે મારા નાથ ન બની શકો. તમારો આશ્રય લેવા છતાં આ શત્રુઓ મારી પુઠ છોડે નહિ. આથી હું વિષયસુખને નિશ્ચિતપણે કેવી રીતે અનુભવી શકું ? આ પ્રમાણે મુનિએ કહ્યું એટલે રાજાએ કહ્યું : હે પૂજ્ય ! બીજું જવા દો, હું આપને માત્ર એટલું જ પૂછું છું કે, હું ચતુરંગી સેનાથી યુક્ત છું, મારી પાસે રાજ્ય-સંપત્તિ છે, હું પ્રતાપી છું, અપરિમિત અનેક સામંતો મારી આજ્ઞામાં છે, મેં શત્રુઓના સમૂહનો ચૂરો કરી નાખ્યો છે, મારી આજ્ઞાનું કોઈ ઉલ્લંઘન કરતું નથી,

મનને ઇષ્ટ પાંચ પ્રકારના વિષયસુખો મને મળે છે, આમ છતાં હું અનાથ કેવી રીતે ? તે આપ કહો. મુનિએ કહ્યું : હે નરનાથ ! હું અહીં જેવી અનાથતા કહેવાને ઇચ્છું છું તેવી અનાથતા તેં વિચારી નથી. મેં પોતે અનુભવેલી અનાથતાને કહેવાની ઇચ્છાથી હું તમને અનાથતા જણાવું છું. તે આ પ્રમાણે :–

પૂર્વે કાશાંબી નગરીમાં મારો પિતા ઘણા ધનવાળો હતો. તેનો હું સંજય નામનો અત્યંત પ્રાણપ્રિય પુત્ર હતો. એકવાર મને ઓચિંતો સર્વ અંગોમાં દાહની વેદના ઉત્પન્ન કરનાર મહારોગ થયો. એ મહારોગથી મને આંખ, પેટ અને પાંસળીઓમાં ગાઢ શૂલની વેદના થતી હતી. એ રોગ તંત્ર, મંત્ર અને મૂળિયાં વગેરેથી પણ અત્યંત મુશ્કેલીથી દૂર કરી શકાય તેવો હતો. તેનાથી હું હેરાન થઈ ગયો હતો. મને સારો (= નિરોગી) કરવા માટે પિતાએ ચિકિત્સાશાસ્ત્રમાં કુશળ અનેક વૈદ્યો બોલાવ્યા, મંત્ર, તંત્ર અને જ્યોતિષ વગેરેના જાણકારોને બોલાવ્યા, બીજા પણ અનેક લોકોને બોલાવ્યા. તેમણે પોતપોતાના ઉપાયો શરૂ કર્યા. એ ઉપાયોથી મારા રોગનો જરા પણ પ્રતીકાર થયો નહિ. મારા પિતા જે કોઈ આને સારો કરે તેને મારા પોતાના હાથે મારા ઘરનું સારભૂત બધું જ આપી દઉં એમ કહેતા હતા, મારા દુઃખથી દુઃખી થયેલી મારી માતા હે વત્સ ! તું ક્યારે સારો થશે ઇત્યાદિ વિલાપ કરતી હતી, નાના-મોટા ભાઇઓ અંગમર્દન (દબાવવું, ચંપી કરવી વગેરે) વગેરે અનેક પ્રકારના ઉપચારો કરતા હતા, પત્ની હે નાથ ! હે પ્રાણોથી પણ અધિક પ્રિય ! તમને આ શું થયું ! ઇત્યાદિ પ્રલાપો કરતી હતી, સ્વજન, મિત્ર, દાસ, દાસી વગેરે બીજો પણ પરિવાર મારા દુઃખથી અતિશય દુઃખી થઇને ક્ષણવાર પણ મારી પાસેથી દૂર થતો ન હતો. આમ છતાં તલના ફોતરા જેટલું પણ દુઃખ કોઇએ દૂર કર્યું નહિ. આ પ્રમાણે અનાથતાના દુઃખથી દુઃખી થયેલા મારું કોઇએ જરા પણ રક્ષણ કર્યું નહિ. તેથી મેં વિચાર્યું : હું હમણાં અત્યંત ગાઢ રોગની વેદનાથી હેરાન થઈ રહ્યો છું, અને આ વેદના આ ભવમાં જ નથી થઇ, કિંતુ નરક વગેરેના ભવમાં વિચિત્ર વેદનાઓને મેં અનુભવી છે. આ વેદનાઓથી દુઃખી થયેલા મને અભય આપે તેવા કોઇની સંભાવના કરી શકાય તેમ નથી. આ વેદનાઓનું મૂળ મારા મુશ્કેલીથી દૂર કરી શકાય તેવા આ કષાય રૂપી શત્રુઓ છે. મારી જ આવી સ્થિતિ છે એમ નથી, કિંતુ સંસારી સઘળા જીવોની આ સ્થિતિ છે. આથી જો કોઈ પણ રીતે આ વેદનાથી મુક્ત થાઉં તો હું સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરીને સ્વ-પરની નાથતાનું કારણ અને કષાયરૂપી શત્રુઓના અભિમાનને હણનાર વ્રતને આચરીશ. આ પ્રમાણે ભાવના ભાવતા મારી વેદના રાત્રિપૂર્ણ થતાં જતી રહી. તેથી પ્રાતઃ-કાળે પ્રાતઃકાલને યોગ્ય કાર્યો કરીને, પિતા વગેરે કુટુંબીજનને કહીને, સકલ પાપસ્થાનોનો ત્યાગ કરીને મેં પ્રવ્રજ્યાનો સ્વીકાર કર્યો. તેથી હે રાજન્ ! અહીં આ તાત્પર્ય છે :–

અનેકભવોના પરિભ્રમણથી કંટાળેલા અને શારીરિક માનસિક અનેક દુઃખોના સંપાતથી

(=પડવાથી) દુઃખી થયેલા સંસારી જીવોને ધર્મ છોડીને બીજો કોઈ રક્ષણનો હેતુ નથી. આથી મેં ધર્મનો આશ્રય લીધો છે. આ સાંભળીને અત્યંત હર્ષિતચિત્તવાળા શ્રેણિકે મુનિની ઉપબૃંહણા કરીઃ– હે પૂજ્ય! આપે સાચી અનાથતા બતાવી. આપનો મનુષ્યજન્મ સફળ છે, જેથી આપે આખા ય જગતને અનાથ જાણીને, પરમનાથ, કષાયરૂપી શત્રુઓના અભિમાનનો નાશ કરનાર, અને શારીરિક–માનસિક દુઃખોને દૂર કરવામાં કુશળ એવા ધર્મનો આશ્રય લીધો. શ્રેણિકે આ પ્રમાણે ઉપબૃંહણા કરીને મુનિને વંદન કર્યું. પછી "મેં પ્રશ્ન કરીને આપને સ્વાધ્યાયમાં જે વિઘ્ન કર્યો તેની ક્ષમા કરો" એમ કહીને પોતાના સ્થાને ગયો.

શ્રેણિકે જેવી રીતે ઉપબૃંહણા કરી તે રીતે બીજાએ પણ કરવી જોઇએ. જે ન કરે તે સમ્યક્ત્વમાં અતિચાર કરે છે, એમ પ્રસ્તુત અર્થનો સંબંધ છે. આ સંબંધ હવે પછી કહેવાશે તે કથાઓમાં પણ જોડવો. અસ્થિરીકરણ એટલે સ્થિરીકરણ ન કરવું. સ્વીકારેલા ધર્મનાં અનુષ્ઠાનો પ્રત્યે સીદાતા=પ્રમાદ કરતા જીવોને તેમાં સ્થિર કરવા તે સ્થિરીકરણ કહેવાય છે. તેમાં પોતાના શિષ્યોથી સ્થિર કરાયેલ આર્ય આષાઢાચાર્યનું દૃષ્ટાંત છે. તેની કથા ઉત્તરાધ્યયનની બૃહદ્વૃત્તિમાંથી જેવી જોવામાં આવી છે તેવી જ લખવામાં આવે છેઃ–

વત્સાભૂમિમાં આર્ય આષાઢ નામના બહુશ્રુત અને બહુ શિષ્યપરિવારવાળા આચાર્ય હતા. તેમના ગચ્છમાં જે સાધુ કાળ કરે તેને તે અનશન આદિથી નિર્યામણા કરાવતા હતા. તેથી તેમણે ઘણા સાધુઓને નિર્યામણા કરાવી. એકવાર તેમણે પોતાના એક શિષ્યને અધિક આદરથી કહ્યુંઃ તું દેવલોકમાંથી આવીને મને દર્શન આપજે. તે (દેવલોકમાં ઉત્પન્ન થવા છતાં) ચિત્તવ્યાક્ષેપના કારણે દર્શન આપવા ન આવ્યો. પછી તે આચાર્યે વિચાર્યું, (પરલોક નથી. નહિ તો આટલા બધા સાધુઓને મેં નિર્યામણા કરાવી, તેમાંથી એક પણ કેમ ન આવે?) અતિશય ઘણા કાળ સુધી હું (નિરર્થક) ક્લેશ પામ્યો. (હજી પણ દીક્ષા છોડી ભોગો ભોગવીને જન્મને સફલ કરું આમ વિચારીને) તે સાધુવેશમાં જ ઉપાશ્રયમાંથી (એકલા) નીકળી ગયા. આ દરમિયાન દેવલોકમાં ગયેલા તે શિષ્યે (હું ક્યાંથી આવ્યો વગેરે જાણવા) ઉપયોગ મૂક્યો. ગુરુને દીક્ષા છોડી દેવાના ઈરાદાથી જતા જોયા. આથી તેણે તેના માર્ગમાં એક ગામ વિકુર્વ્યું. (ગામની નજીક દિવ્ય નાટક વિકુર્વ્યું.) તે ત્યાં નાટકને જોતો છ મહિના સુધી રહ્યો. દિવ્યપ્રભાવથી ભૂખ–તરસની અને વીતેલા વખતની તેને ખબર ન પડી. પછી હવે તે ગામને સંહરીને તેના સંયમના ભાવ જાણવા માટે ગામની બહાર નિર્જન ઉદ્યાનમાં સર્વ અલંકારોથી વિભૂષિત છ બાળકો વિકુર્વ્યાં. આચાર્યે તે બાળકોને જોયા. મારું જીવન શ્રેષ્ઠ સુખવાળું થાય એ માટે આ બાળકોના આભૂષણો લઈ લઉં

એમ વિચાર્યું. તેણે એક પૃથ્વીકાય નામના બાળકને કહ્યું: અલંકારો લાવ=મને આપી દે. તેણે કહ્યું: હે ભગવન્! પહેલાં મારું એક આખ્યાન (=કથા) સાંભળો, પછી આભૂષણો લઈ લેજો. આચાર્યે કહ્યું: આખ્યાન સાંભળું છું. તેણે કહ્યું: એક કુંભાર હતો. માટીને ખોદતો તે ખાડાના તૂટી પડેલા કિનારાની માટીથી દબાઈ ગયો. આથી તેણે કહ્યું: જેનાથી (=જેની મહેરબાનીથી) ભિક્ષા અને બલિ આપું છું, તથા જ્ઞાતિજનોને પોષું છું તે પૃથ્વી મારા ઉપર આક્રમણ કરે છે. આથી મને શરણથી જ ભય થયો. અહીં ઉપનય આ પ્રમાણે છે:– ચોરો વગેરેના ભયથી હું તમારા શરણે આવ્યો, તમે જ મને લૂંટો છો, આથી મને પણ શરણથી જ ભય થયો. (હવે કહેવાશે તે) બીજા પાંચ બાળકોના વૃત્તાંતમાં પણ ઉપનય આ પ્રમાણે જ સમજવો. આચાર્યે બાળકને કહ્યું: હે બાળક! તું બહુ કુશળ છે. તેના આભૂષણો લઈને પાત્રમાં નાખી દીધાં. પૃથ્વીકાય બાળકની વિગત પૂર્ણ થઈ.

હવે બીજા બાળકનો વારો આવ્યો તેણે પણ આખ્યાન કહ્યું. તે આ પ્રમાણે:– કથાને કહેનારો પાટલક નામનો એક તાલાચર (=ચારણ) હતો. એકવાર તે ગંગાનદી ઉતરી રહ્યો હતો, ઉપરના ભાગમાં વર્ષાદ ઘણો થવાથી પાણીનો પ્રવાહ તેને તાણવા લાગ્યો. તેને પાણીના પ્રવાહમાં તણાતો જોઈને લોકોએ કહ્યું: બહુશ્રુત અને વિવિધ કથા કહેનારને ગંગાનદી તાણી જાય છે. હે તણાતા પાટલક! તારું કલ્યાણ થાઓ. કંઈક સુભાષિત કહે. પાટલકે કહ્યું: જેનાથી બીજો ઉગે છે, જેનાથી ખેડૂતો જીવે છે, તેમાં હું નાશ પામી રહ્યો છું. આથી મને શરણથી ભય થયો. હે બાળક! તું બહુ કુશળ છે એમ કહીને તેના પણ અલંકારો તે જ પ્રમાણે ઝુંટવી લીધા. આ બીજો અપ્કાય નામનો બાળક હતો. હવે ત્રીજા તેઉકાય નામના બાળકનો વારો આવ્યો. તેણે પણ તે જ પ્રમાણે આખ્યાન કહ્યું. તે આ પ્રમાણે:– એક તાપસની ઝુંપડી અગ્નિથી બળી ગઈ. પછી તેણે કહ્યું: હું જેનું રાતે અને દિવસે મધ-ઘીથી તર્પણ કરું છું તેણે જ મારી ઝુંપડીને બાળી નાખી. આથી મને શરણથી ભય થયો. અથવા (જંગલમાં ગયેલા) મેં વાઘથી ભય પામીને અગ્નિનું શરણું લીધું. તેણે મારું શરીર બાળ્યું. આથી મને શરણથી ભય થયો. હે વત્સ! તું બહુ વિચક્ષણ છે એમ બોલતા આચાર્યે તેને પણ લૂંટી લીધો. આ તેઉકાય બાળક હતો. હવે વાયુકાય નામના બાળકનો વારો આવ્યો. તેણે આખ્યાન કહ્યું. તે આ પ્રમાણે:– રુષ્ટ-પુષ્ટ શરીરવાળો એક યુવાન હતો. તે સમય જતાં વાતરોગથી પકડાયો. બીજા કોઈએ તેને કહ્યું: હે મિત્ર! પહેલાં તું દોડવામાં પવનના જેવો સમર્થ હતો અને હમણાં હાથમાં લાકડી પકડીને કેમ ચાલે છે? તને કયો રોગ છે? તેણે કહ્યું: જેઠ-અષાઢ મહિનામાં જે પવન સુખકારી વાય છે =સુખ આપે છે તે પવનથી હમણાં મારું શરીર ભાંગી રહ્યું છે. મને શરણથી ભય થયો. અથવા જેનાથી જીવો જીવે છે અને જેને રોકી શકાય

નહિ તેનાથી મારું શરીર ભાંગી રહ્યું છે. આથી મને શરણથી ભય થયો. હે સુંદર! તું અત્યંત હોંશિયાર છે એમ બોલતા આચાર્યે તેના પણ આભૂષણો તે જ પ્રમાણે લઈ લીધા. આ વાયુકાયની વિગત પૂર્ણ થઈ. હવે પાંચમા વનસ્પતિકાય નામના બાળકનો વારો આવ્યો. તેણે પણ તે જ પ્રમાણે આખ્યાન કહ્યું: તે આ પ્રમાણે:— એક વૃક્ષમાં કોઈ પક્ષીઓનો વાસ હતો. ત્યાં તેમને ઘણા બચ્ચાં થયાં. પછી વૃક્ષની નજીકમાં વેલડી ઉત્પન્ન થઈ. તે વેલડી વૃક્ષને વીંટતી વીંટતી ઉપર ચડી. એકવાર વેલડીના આધારે સર્પ વૃક્ષ ઉપર ચડીને બચ્ચાઓને ખાઈ ગયો. આથી બચેલા પક્ષીઓએ કહ્યું: અમે ઉપદ્રવરહિત વૃક્ષ ઉપર જ્યાં સુધી રહ્યા ત્યાં સુધી સુખથી રહ્યા. પણ વૃક્ષના મૂળમાંથી વેલડી ઉત્પન્ન થઈ તેથી અમને શરણથી ભય થયો. હે પુત્ર! તું બહુ બુદ્ધિશાળી છે એમ બોલતા આચાર્યે તેના પણ આભૂષણો તે જ પ્રમાણે લઈ લીધા. આ વનસ્પતિકાયની વિગત પૂર્ણ થઈ. હવે છઠ્ઠા ત્રસકાયનો વારો આવ્યો. તેને પણ તે જ પ્રમાણે લૂંટવાનું શરૂ કર્યું એટલે તેણે પણ આખ્યાન કહ્યું. તે આ પ્રમાણે:— એક નગરને અન્ય રાજાના સૈન્યે ઘેરી લીધું. આથી બહાર રહેનારા ચંડાલો નગરમાં પેસી ગયા. નગરના માણસો તેમને બહાર કાઢવા લાગ્યા. બહાર અન્ય રાજાના સૈનિકો તેમને પકડવા લાગ્યા. આથી કોઈએ ચાંડાલોને કહ્યું: હે ચાંડાલો! અંદર રહેલા તમે ત્રાસ પામો છો, બહાર રહેલા લોકો પણ પીડા પામે છે. તેથી તમે (બીજી કોઈ) દિશામાં જાઓ. તમને શરણથી ભય થયો. અથવા— એક નગરમાં રાજા સ્વયં ચોરી કરતો હતો, અને પુરોહિત નગરના માણસોને દંડતો હતો. એથી રાજા અને પુરોહિત એ બંને લોકોનું ધન લઈ લેતા હતા. પાછળથી તે વૃત્તાંતને જાણીને લોકો એકબીજાને કહેવા લાગ્યા:— હે નાગરિકો! જ્યાં રાજા સ્વયં ચોર છે, પુરોહિત નગરના લોકોને દંડે છે. (બીજી કોઈ) દિશામાં જતા રહો. તમને શરણથી ભય થયો છે.

અથવા— એક નગરમાં ચૌદ વિદ્યાસ્થાનોનો પારગામી અને ષટ્કર્મમાં તત્પર સોમદેવ નામનો બ્રાહ્મણ હતો. સોમશ્રી નામની તેની પત્ની હતી, અને સોમપ્રભા નામની પુત્રી હતી. તે પુત્રી રૂપ, યૌવન, લાવણ્ય અને કલાસમૂહથી રતિ જેવી હતી. યૌવનને પામેલી પુત્રીને પિતાએ જોઈ. પિતાને તેના પ્રત્યે અનુરાગ થયો. પુત્રીના વિરહમાં (તેની સાથે ભોગ ન ભોગવી શકવાથી) તે ઉદ્વિગ્ન રહેવા લાગ્યો. પતિને ઉદ્વિગ્ન જોઈને પત્નીએ આગ્રહથી ઉદ્વિગ્નતાનું કારણ પૂછ્યું. બ્રાહ્મણે પોતાનો અભિપ્રાય કહ્યો. હાય! કામદેવના બાણથી વિંધાયેલો પતિ મૃત્યુ ન પામો એમ વિચારતી પત્નીએ પતિને કહ્યું: ધીરજ રાખો. હું તેવી રીતે કરીશ જેથી તમે અજ્ઞાતપણે જ તેની સાથે ભોગ ભોગવી શકો. એક દિવસ તેણે પુત્રીને કહ્યું: હે પુત્રી! આ આપણા કુળનો રિવાજ છે કે— પુત્રી પહેલાં યક્ષવડે ભોગવાય, પછી પતિ પાસે જાય. તેથી કાલે કાળીચૌદશે તું અત્યંત અંધકારવાળા રતિઘરમાં

(જઈને) બોલ્યા વિના યક્ષનો આદર કર=તેની સાથે ભોગ ભોગવ. તે કાળને યોગ્ય કાર્યો કરીને તે રતિઘરમાં ગઈ. બ્રાહ્મણે આલિંગન, ચુંબન આદિપૂર્વક ઈચ્છા પ્રમાણે તેની સાથે રતિસુખ અનુભવ્યું. પછી પરિશ્રમથી થાકેલો તે સૂઈ ગયો. સોમપ્રભાને કૌતુક થયું કે યક્ષ કેવો છે? પહેલાં પોતે જે દીપક લાવી હતી અને કોડિયાથી ઢાંકી દીધો હતો તે દીપકના પ્રકાશથી જોતાં પિતાને જોયો. હવે ભય રાખવાની જરૂર નથી. હવે નિર્ભયપણે પિતાને સેવું. હવે વિચાર કરવાનો કોઈ અર્થ નથી. રંગભૂમિમાં નૃત્ય કરતી નર્તકીને ઘુંઘટ કરવાથી શું? આ પ્રમાણે વિચારતી તેણે નિર્લજ્જપણે સર્વલોકોને વિકારી બનાવે તેવી કામચેષ્ટા શરૂ કરી. અત્યંત રતિક્રિયાથી થાકેલા તે બંને સૂર્યોદય થવા છતાં ન ઉઠ્યા. આથી પતિને જગાડવા માટે બ્રાહ્મણીએ માગધિકાછંદમાં કાવ્ય કહ્યું: હે સખી! સૂર્ય ઉદયાચલ પર્વત ઉપર આવી જાય, કાગડો મંદિરના સ્તંભ ઉપર બેસી જાય, તડકો ભીંત ઉપર આવી જાય, ત્યાં સુધી પણ સુખી માણસ ઉઠે નહિ. આ સાંભળીને તેની પુત્રીએ કહ્યું: હે માતા! હે વાચાલ! તેં જ મને કહ્યું હતું કે આવેલા યક્ષનો આદર કરજે. મારા પિતાને યક્ષ હરી ગયો છે. હવે તું બીજા પિતાને શોધ. આ સાંભળીને તેની માતાએ કહ્યું: મેં જે પુત્રીને નવ મહિના સુધી ઉદરમાં રાખી, જેના મળ-મૂત્ર સાફ કર્યાં, તે પુત્રીએ મારા પતિને હરી લીધો. આથી જે મને શરણ હતો તે અશરણ થયો. પછી પિતા નિર્ભય બનીને પુત્રીની સાથે ભોગ ભોગવવા લાગ્યો. અહીં બાળકે બીજું પણ ત્રિવિક્રમનું આખ્યાન કહ્યું. તે દૃષ્ટાંત મિથ્યાત્વના દોષદ્વારમાં કહ્યું જ છે. અહીં ઉપનય આ પ્રમાણે છે:- જેમ તે બ્રાહ્મણીને અને ત્રિવિક્રમ બ્રાહ્મણને શરણ અશરણ થયું, એમ અમને પણ તમે શરણ છો એમ અમે વિચાર્યું હતું, પણ તમે જ લૂંટો છો. તું અત્યંત કુશળ છે એમ બોલતા આચાર્યે ત્રસકાય બાળકને પણ લૂંટી લીધો.

આગળ જતા આચાર્યે ફરી અલંકારથી વિભૂષિત સાધ્વીને જોઈ. તેણે સાધ્વીને કહ્યું: હે આંજેલી આંખવાળી! તારાં કડાં, તારાં કુંડલ, તારું કરેલું તિલક- આ બધા પ્રવચનની મલીનતાનાં કારણ છે. હે દુષ્ટશિષ્યા! તું ક્યાંથી આવી છો? પછી સાધ્વીએ કહ્યું: રાઇ અને સરસવ જેટલા પરછિદ્રોને તમે જુઓ છો, પણ પોતાના બિલા જેટલા પણ દોષોને જોતા હોવા છતાં જોતા નથી. તથા- તમે શ્રમણ છો, સંયત છો, બ્રહ્મચારી છો, માટી-સુવર્ણમાં સમાનભાવવાળા છો, તમારો ઉપાધ્યાય વિહારમાં ઉદ્યત છે. હે વડિલ આર્ય! તમારા પાત્રમાં શું છે? આ પ્રમાણે સાધ્વીથી નિંદિત થયેલો તે ફરી પણ આગળ ગયો. સૈન્યને આવતું જોયું. સૈન્યના રસ્તાથી બીજા રસ્તે વળવા છતાં (દિવ્ય શક્તિથી) રાજાની પાસે જ ગયો. રાજાએ હાથીના સ્કંધ ઉપરથી ઉતરીને આચાર્યને વંદન કર્યું અને કહ્યું: હે ભગવન્! અહો! મારે પરમ મંગલ થયું અને મંગલનું કારણ પણ

થયું. કારણ કે આજે મેં સાધુને જોયા. હે ભગવંત ! મારા ઉપર અનુગ્રહ કરવા માટે પ્રાસુક અને એષણીય આ મોદક વગેરે ભાતાને ગ્રહણ કરો. આચાર્યે ના પાડી. આભૂષણોને જોઇ ન જાય એ માટે પાત્રમાં નાખી દીધા. રાજાએ બળાત્કારે પાત્ર લઈ લીધું. તેમાં મોદક નાખતાં આભૂષણોને જોયાં. રાજાએ આચાર્યને ઠપકો આપ્યો. આચાર્યને વિલખા બનેલા જોઈને શિષ્યદેવે પોતાનું રૂપ બતાવ્યું. પછી આચાર્યને કહ્યું: તમે આ શું આદર્યું છે? સર્વશ્રુતરૂપ સમુદ્રના પારને પામેલા આપને વિચક્ષણલોકોમાં નિંદનીય અને અજ્ઞાન લોકોને બહુ સંમત આવી ચેષ્ટા કરવી એ યોગ્ય નથી. આચાર્યે કહ્યું: શું કરું? દેવલોક છે એમ કોઈએ મને કહ્યું નહિ. તેથી હું મોહરૂપ પિશાચથી અત્યંત છેતરાયો છું. શિષ્યદેવે કહ્યું: હમણાં મોટાભાગે દેવો મનુષ્યલોકમાં આવતા નથી. કારણ કે (બૃ. સં. ગા. ૨૯૯ માં) કહ્યું છે કે–ઉત્પન્ન થયા પછી તુરત દેવાંગનાઓનો દિવ્યપ્રેમ જેમના હૃદયમાં પ્રસરી રહેલો છે એવા, દેવાંગનાની સાથે સ્પર્શ, ગીત વગેરે વિષયમાં આસક્ત થયેલા, જેમના સ્નાન, વનવિહાર, નાટકનિરીક્ષણ વગેરે દેવકાર્યો પૂરાં થયાં નથી એવાં, અને જેમને મનુષ્યને આધીન કોઇ કાર્ય નથી એવા દેવો દુર્ગંધમય મનુષ્યલોકમાં આવતા નથી, અર્થાત્ દિવ્યપ્રેમનું પ્રસરણ વગેરે કારણોથી દેવો મનુષ્યલોકમાં આવતા નથી. (મનુષ્યલોકમાં રહેલી મૃતક અને વિષ્ટા–મૂત્ર વગેરેની દુર્ગંધ ઉપર લગભગ ચારસો–પાંચસો યોજન સુધી ફેલાય છે. માટે દેવો મનુષ્યલોકમાં આવતા નથી.) આથી તમારે ચિત્તવિભ્રમ ન કરવો, સર્વથા દૃઢચિત્તવાળા=દૃઢશ્રદ્ધાવાળા બનવું. આ દૃષ્ટાંતથી એ કહેવામાં આવે છે કે જેમ તે શિષ્યદેવે આચાર્યને ધર્મમાં સ્થિર કર્યા, તેમ બીજાઓએ પણ કરવું જોઇએ.

અવાત્સલ્ય એટલે વાત્સલ્ય ન કરવાનો સ્વભાવ. વાત્સલ્ય એટલે વાત્સલ્યભાવથી સાધર્મિકોની આહાર–પાણી આદિથી ઉચિત ભક્તિ કરવી. તેમાં વજ્રસ્વામીનું દૃષ્ટાંત છે. તે કથા મૂલ આવશ્યકની ટીકામાં વિસ્તારથી કહી છે. અહીં તો સ્થાન ખાલી ન રહે એ માટે તેમાં જ (આવશ્યકટીકામાં જ) રહેલ કંઈક વર્ણન કહેવાય છે:–

તે કાળે અને તે સમયે અવંતી દેશમાં તુંબવન નામના [1]સંનિવેશમાં ધનગિરિ નામે વણિકપુત્ર હતો. તે શ્રાવક હતો અને દીક્ષા લેવાની ભાવનાવાળો થયો. તેના માતા–પિતા જ્યાં જ્યાં તેને યોગ્ય કન્યાની પસંદગી કરતા હતા ત્યાં ત્યાં હું દીક્ષા લેવાની ભાવનાવાળો છું એમ કહીને વિપરિણતિ (=સામા પક્ષને કન્યા ન આપવાના પરિણામવાળો) કરી દેતો હતો. આ તરફ ધનપાલશેઠની સુનંદા નામની પુત્રી હતી. તેણે પોતાના માતા–પિતાને કહ્યું: મને ધનગિરિને આપો. આથી માતા–પિતાએ સુનંદા

૧. જેમ આજે શહેરની બહાર સોસાયટીઓ વગેરે હોય છે તેમ નગરની બહારના નિવાસ-સ્થાનને સંનિવેશ કહેવામાં આવે છે.

ધનગિરિને આપી. સુનંદાના આર્યસમિત નામના ભાઇએ પૂર્વે સિંહગિરિસૂરિની પાસે દીક્ષા લીધી હતી. એકવાર તે ગર્ભવતી બની. તે વખતે ધનગિરિએ તેને કહ્યું: આ તારો ગર્ભ તને સહાયક થશે. હું દીક્ષા લઉં છું. સુનંદાએ રજા આપી. આથી ધનગિરિએ સિંહગિરિસૂરિ પાસે જઇને દીક્ષા લીધી. સુનંદાને પણ કંઈક અધિક નવ મહિના થતાં પુત્ર થયો. ત્યાં આવેલી સ્ત્રીઓએ કહ્યું: જો તેના પિતાએ દીક્ષા ન લીધી હોત તો સારું થાત. બુદ્ધિશાળી તેણે જાણ્યું કે મારા પિતાએ દીક્ષા લીધી છે. આ પ્રમાણે વિચારતા તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. મારી મા કંટાળીને મને મૂકી દે અને તેથી હું સુખપૂર્વક દીક્ષા લઈ શકું એવા આશયથી તે બાળક રાત–દિવસ રોવા લાગ્યો. આ પ્રમાણે છ મહિના વીતી ગયા. એકવાર સિંહગિરિસૂરિ ત્યાં પધાર્યા. આ વખતે આર્યસમિત અને ધનગિરિએ આચાર્યને પૂછ્યું કે, જો આપ આજ્ઞા આપો તો સંબંધીઓને જોઇએ=સંબંધીઓને લાભ આપવા જઇએ. એટલામાં પક્ષી બોલ્યો. આચાર્યે કહ્યું: તમને મહાન લાભ થશે. આજે તમને સચિત્ત કે અચિત્ત જે મળે તે લઈ લેજો. 'ઇચ્છં' એમ કહીને તે બંને સંબંધીઓના ઘરે ગયા. સુનંદાએ તેમને હેરાન કરવાનું શરૂ કર્યું. એટલામાં બીજી સ્ત્રીઓએ સુનંદાને કહ્યું: હે સખિ! આ બાળક આમને આપી દે, પછી તેઓ બાળકને ક્યાં લઇ જશે? (અર્થાત્ સંસારમાં આવી જશે.) આથી સુનંદાએ ધનગિરિને કહ્યું: આટલા કાળ સુધી મેં આ બાળકને સાચવ્યો, હવે તમે સાચવો. ધનગિરિએ કહ્યું: પછી તું પસ્તાવો ન કરીશ. સાક્ષી રાખીને છ મહિનાના બાળકને ધનગિરિએ લઈ લીધો, ચોલપટ્ટાથી વીંટીને ઝોળીમાં લઈ લીધો. હવે તે રડતો બંધ થઇ ગયો. બુદ્ધિશાળી હોવાથી તેને બધી ખબર પડતી હતી. (બંને વસતિમાં આવ્યા.) આચાર્યે પાત્ર ભરેલું છે એમ કહીને હાથ લાંબો કર્યો. ધનગિરિએ આચાર્યને તે બાળક આપ્યો. (ભારના કારણે) આચાર્યના હાથ ભૂમિ સુધી નીચે નમી ગયા. આથી આચાર્યે કહ્યું: હે આર્ય! આ વજ્ર હોય એમ જણાય છે. પછી ઝોળીમાં જોયું તો દેવકુમાર સમાન બાળક દેખાયો. આચાર્યે કહ્યું: એનું બરોબર રક્ષણ કરો. આ શાસનનો આધાર થશે. તે વખતે તેનું વજ્ર એવું નામ રાખ્યું. પછી સાધ્વીઓને સોંપ્યો. સાધ્વીઓએ શય્યાતરકુલમાં સોંપ્યો. શય્યાતરો જ્યારે પોતાના બાળકોને નવડાવે, શણગારે, અથવા ખાવાનું આપે ત્યારે તેનું પહેલાં કરે. વજ્ર જ્યારે વડીનીતિ વગેરે કરવાનું હોય ત્યારે સંકેત કરતો હતો. આ પ્રમાણે તે મોટો થઈ રહ્યો હતો. તેમને પ્રાસુક સામગ્રી ઈષ્ટ હતી, અર્થાત્ શય્યાતરો પ્રાસુક (=અચિત્ત) સામગ્રીથી તેનું પાલન–પોષણ કરતા હતા. સાધુઓ તુંબવન સંનિવેશથી બીજા પ્રદેશમાં વિચરતા હતા. (બાળકને ડાહ્યો અને મોટો થયેલો જોઇને) સુનંદાએ શય્યાતરોની પાસે બાળકની માગણી કરી. આ આચાર્ય મહારાજની થાપણ છે એમ કહીને શય્યાતરોએ

ન આવ્યો. તે આવીને બાળકને ધવડાવે છે. આ પ્રમાણે મોટો થતો તે ત્રણ વર્ષનો થયો. એકવાર વિહાર કરતાં કરતાં સાધુઓ ત્યાં આવ્યા. સુનંદાએ રાજદરબારમાં ફરિયાદ કરી. ધનગિરિએ (રાજદરબારમાં) કહ્યું કે સુનંદાએ મને આ બાળક આપી દીધો છે. આખું નગર સુનંદાના પક્ષમાં હતું. સુનંદાએ (બાળકને લલચાવવા માટે) ઘણાં રમકડાં લીધાં. રાજા જે નિર્ણય આપે તે માન્ય કરવો એવું નક્કી થયું. રાજા પૂર્વ સન્મુખ બેઠો. રાજાની જમણી તરફ સંઘ બેઠો, સ્વજન–પરિવાર સહિત સુનંદા ડાબી તરફ બેઠી. પછી રાજાએ કહ્યું: તમે એને પોતાનો કરો, અર્થાત્ તમે એને બોલાવો, જેની પાસે બાળક જાય તેનો બાળક થશે. બધાએ સ્વીકાર્યું. બાળકને પહેલાં કોણ બોલાવે? ધર્મ પુરુષપ્રધાન છે માટે પુરુષ (=સાધુઓ) પહેલાં બોલાવે, એમ વિચારણા થઈ. આથી નગરલોકોએ કહ્યું: સાધુઓએ તો એને વશ કરેલો જ છે, માટે માતા પહેલાં બોલાવે. વળી માતા દુષ્કર કરનારી છે. વળી માતા કોમળતાથી પ્રવૃત્ત થઈ છે, અર્થાત્ માતા કોમળ હોય છે. માટે માતા જ પહેલાં બોલાવે. તેથી સુનંદાએ ઘોડા, હાથી, રથ, બળદ વગેરે રમકડાં લઈને અને બાલ્યભાવને લોભાવનારા મણિ–સુવર્ણનાં વિવિધ ચિત્રો (=પુતળીઓ વગેરે) પાસે રાખીને કહ્યું: હે વજ્રસ્વામી! આવ, આવ. બાળક જોતો રહે છે. તે સમજે છે કે જો સંઘની અવજ્ઞા કરું તો દીર્ઘ-સંસારી બનું. વળી માતા પણ (મોહ દૂર થવાથી) દીક્ષા લેશે. માતાએ આ પ્રમાણે ત્રણવાર બોલાવ્યો. પણ તે ગયો નહિ. પછી તેના પિતાએ (રજોહરણને બતાવીને) કહ્યું: હે વજ્ર! જો તેં સારો નિર્ણય કર્યો હોય તો ધર્મરૂપ ધજાથી વિભૂષિત અને કર્મરૂપ રજને દૂર કરનાર આ રજોહરણને જલદી લે. તેણે જલદી આવીને રજોહરણ લઈ લીધું. લોકોએ "ધર્મ જય પામે છે" એમ જોરશોરથી સિંહનાદ કર્યો. આ વખતે માતાએ વિચાર્યું: મારા ભાઈએ, પતિએ અને પુત્રે દીક્ષા લીધી તો શું હું કામ રહું? એ પ્રમાણે તેણે પણ દીક્ષા લીધી. ધનગિરિએ વજ્રસ્વામીને દીક્ષા આપીને સાધ્વીઓની પાસે જ રાખ્યા. વજ્રસ્વામીએ અંગોનો અભ્યાસ કરતી સાધ્વીઓની પાસે સાંભળીને પદાનુસારિણી લબ્ધિથી અગિયાર અંગો ભણી લીધા. આઠ વર્ષના થયા ત્યારે સાધ્વીના ઉપાશ્રયમાંથી નીકળીને આચાર્યની પાસે રહ્યા. આચાર્ય એકવાર ઉજ્જૈની ગયા. ત્યાં ધારાબદ્ધ વર્ષાદ પડવા લાગ્યો. આ સમયે ત્યાંથી પસાર થતા પૂર્વભવના મિત્ર જૃંભકદેવોએ વજ્રસ્વામીને જોયા. તેથી વજ્રસ્વામીની પરીક્ષા કરવા માટે વણિકનું રૂપ લઈને નીચે ઉતર્યા. ત્યાં બળદોને છોડીને રસોઈ કરવા લગ્યા. રસોઇ તૈયાર થઈ ગઇ એટલે વજ્રસ્વામીને વહોરવા માટે વિનંતિ કરી. વજ્રસ્વામી વહોરવા ચાલ્યા, પણ હજી ઝીણો ઝીણો વર્ષાદ આવતો હતો. આથી પાછા ફર્યા. પછી વર્ષાદ તદ્દન રહી ગયો. ફરી વણિકદેવો તેમને બોલાવવા આવ્યા. વજ્રસ્વામીએ ત્યાં જઇને ઉપયોગ મૂક્યો. તે આ પ્રમાણે:– દ્રવ્યથી કોળાનું ફલ=કોળા ફલના બનાવેલા પદાર્થો વગેરે છે, ક્ષેત્રથી ઉજ્જૈની નગરી છે, કાળથી વર્ષાઋતુ

છે, ભાવથી વહોરાવનારાઓના પગ જમીનને અડતા નથી, આંખો નિમેષ વગેરેથી રહિત છે, અને શરીર અત્યંત હૃષ્ટ–તુષ્ટ છે, માટે દેવો છે, એમ વિચારીને આહાર ન વહોર્યો. ખુશ થયેલા દેવોએ (પ્રત્યક્ષ થઈને) કહ્યું : અમે તમારાં દર્શન કરવા માટે આવ્યા છીએ. પછી તેમણે વજ્રસ્વામીને [1]વૈક્રિય વિદ્યા આપી. ફરી પણ એકવાર તે દેવોએ જેઠ મહિનામાં સ્થંડિલભૂમિએ ગયેલા વજ્રસ્વામીને ઘેબરની વિનંતિ કરી. તે વખતે પણ તેમણે દ્રવ્યાદિનો ઉપયોગ મૂક્યો. (દેવો છે એમ ખ્યાલ આવવાથી) ભિક્ષા ન લીધી. દેવોએ તેમને આકાશગામિની વિદ્યા આપી.

આ પ્રમાણે વજ્રસ્વામી વિચરી રહ્યા હતા. પૂર્વે પદાનુસારી લબ્ધિથી જે અગિયાર અંગો ભણ્યાં હતાં તે સાધુઓની સાથે રહીને અધિક સ્થિર કર્યાં. વળી સાધુસમુદાયમાં જે કોઈ સાધુ પૂર્વગતશ્રુત ભણતા હતા તે પણ બધું (સાંભળી સાંભળીને) તેમણે ભણી લીધું. જ્યારે તેમને આ સૂત્રને તમે ભણો એમ કહેવામાં આવતું હતું ત્યારે તેમને એ સૂત્ર આવડતું હોવા છતાં (બહાર દેખાવથી) ગોખતા રહેતા અને બીજા ભણતા સાધુઓના શ્રુતને સાંભળીને યાદ કરી લેતા હતા. એકવાર સાધુઓ મધ્યાહ્નને ભિક્ષા માટે ગયા ત્યારે આચાર્ય સ્થંડિલભૂમિએ ગયા. વજ્રસ્વામી વસતિપાલ તરીકે એકલા રહ્યા હતા. આ વખતે વજ્રસ્વામીએ સાધુઓના વીંટિયાઓને સાધુઓની માંડલી પ્રમાણે ગોઠવીને વચ્ચે પોતે બેસીને વાચના આપવા લાગ્યા. તે વખતે ક્રમશઃ અગિયારે ય અંગો અને પૂર્વગતશ્રુતની વાચના આપતા હતા. થોડીવાર પછી આચાર્ય પધાર્યા. (અવાજ સાંભળીને) તેમણે વિચાર્યું કે સાધુઓ ભિક્ષા લઈને જલદી આવી ગયા છે. મેઘના જેવા સરસ શબ્દો સાંભળ્યા. થોડીવાર બહાર સાંભળતા ઊભા રહ્યા. આથી જાણ્યું કે આ તો વજ્ર છે. વજ્રમુનિને ક્ષોભ ન થાય એ માટે પાછા વળીને મોટેથી નિસીહિ બોલે છે. તેથી વજ્રસ્વામીએ વિંટિયાઓને સ્વસ્થાનમાં મૂકી દીધા. બહાર નીકળીને આચાર્યના હાથમાંથી દાંડો લઈ લીધો, અને પગોનું પ્રમાર્જન કર્યું. આચાર્યે વિચાર્યું કે, સાધુઓ આનો પરાભવ ન કરે એ માટે આ બહુ જ્ઞાની છે એમ સાધુઓને જણાવું. તેથી રાતે સાધુઓને કહ્યું: હું (આવતી કાલે) અમુક ગામ જાઉં છું. ત્યાં બે કે ત્રણ દિવસ રહીશ. યોગ કરનારા સાધુઓએ કહ્યું: અમારા વાચનાચાર્ય કોણ થશે? આચાર્યે કહ્યું: વજ્ર. વિનીત હોવાથી સાધુઓએ તહત્તિ એમ કહીને એનો સ્વીકાર કર્યો. સાધુઓએ આ વખતે વિચાર્યું કે ક્યારે શું કરવું અને કેમ કરવું વગેરે આચાર્યો જ જાણે છે. (અમારે તો આચાર્ય કહે તેમ જ કરવું જોઈએ.) કહ્યું છે કે–**"ગુરુવચનની શ્રદ્ધા કરનારા સિંહગિરિના તે સુશિષ્યોનું કલ્યાણ થાઓ કે જેમણે 'વજ્ર તમને વાચના આપશે' એ**

---

૧. જેના પ્રભાવથી ઈચ્છા મુજબ દેવનાં અને મનુષ્યોનાં રૂપો કરી શકાય તેવી લબ્ધિ.

**ગુરુના વચનનો અનાદર ન કર્યો.**" (ઉપ. મા. ગા. ૪૮ની ટીકા.) આચાર્યે વિહાર કર્યો. સાધુઓએ પણ સવારે વસતિપ્રમાર્જન આદિ કાર્યો કર્યાં. કાલનિવેદન વગેરે વજ્રમુનિની આગળ કર્યું. (વાચના માટે) વજ્રમુનિનું આસન પાથર્યું. વજ્રમુનિ તેના ઉપર બેઠા. સાધુઓ આચાર્યની જેમ તેનો બધો વિનય કરે છે. વજ્રમુનિ તે બધાને ક્રમશઃ સૂત્રના આલાવા આપતા હતાં.[1] જે સાધુઓ મંદબુદ્ધિવાળા હતા તે પણ જલદી ભણવા લાગ્યા. આથી તેઓ વિસ્મય પામ્યા. જે આલાવા પૂર્વે ભણ્યા હતા એથી આવડતા હતા તે આલાવાઓને પણ વિશેષ સમજવા માટે પૂછતા હતા. વજ્રમુનિ પણ બધું કહેતા હતા =સમજાવતા હતા. આથી ખુશ થયેલા સાધુઓ કહેવા લાગ્યા કે જો આચાર્ય ભગવંત કેટલાક દિવસ ત્યાં જ સ્થિરતા કરે તો આ શ્રુત-સ્કંધ જલદી પૂર્ણ થઈ જાય. સાધુઓ આચાર્યની પાસે જે શ્રુત ક્રમથી લાંબા કાળે લેતા હતા, તે શ્રુત વજ્રમુનિ એક પોરિસીમાં આપી દેતા હતા. આ પ્રમાણે વજ્રમુનિ સાધુઓને બહુ માન્ય થયા. આચાર્ય પણ વજ્રમુનિ જ્ઞાની છે એમ સાધુઓને જણાવી દીધું છે અને બાકી રહેલું ઉત્તમ શ્રુત તેને ભણાવી દેવું જોઈએ એમ વિચારીને (કહ્યા પ્રમાણે) આવી ગયા. આચાર્યે સાધુઓને પૂછ્યું: સ્વાધ્યાય થયો? સાધુઓએ કહ્યું: થયો. હવેથી આ જ અમારા વાચનાચાર્ય થાઓ. આચાર્યે કહ્યું: આ તમારા વાચનાચાર્ય થશે. તમે એનો પરાભવ ન કરો એ હેતુથી આ મહાજ્ઞાની છે એમ તમને જણાવવા હું બીજા સ્થળે ગયો હતો. પણ આ (=પોતે વિધિપૂર્વક ભણ્યા વિના બીજાને ભણાવે એ) કલ્પ નથી. કારણ કે એણે કાનથી ચોરીને શ્રુત લીધું છે. આથી એનો [2]ઉત્સાર કલ્પ કરવો જોઈએ. આચાર્ય જલદી ઉત્સાર કલ્પ કરાવવા લાગ્યા. (પહેલી પોરિસિમાં સૂત્રવાચના આપતા હતા અને) બીજી પોરિસિમાં અર્થ કહેતા હતા. કારણ કે સૂત્ર અને અર્થ એ બંનેનો યોગ થાય તો એ વાચના માટે સમર્થ બને. જે અર્થો આચાર્યને પણ શંકિત હતા તે પણ વજ્રમુનિએ સ્પષ્ટ કર્યા. આચાર્ય જેટલો દૃષ્ટિવાદ જાણતા હતા તેટલો દૃષ્ટિવાદ વજ્રમુનિએ ભણી લીધો. પછી વિહાર કરતાં કરતાં આચાર્ય દશપુરનગર ગયા.

તે વખતે ઉજ્જૈનીમાં ભદ્રગુપ્ત નામના આચાર્યે વૃદ્ધાવસ્થાના કારણે સ્થિરવાસ કર્યો હતો. તેમની પાસે દૃષ્ટિવાદ હતો. (તેમની પાસે દૃષ્ટિવાદ ભણવા જવા માટે) આચાર્યે વજ્રમુનિને એક સંઘાટક (=સહાયક સાધુ) આપ્યો. વજ્રમુનિ ભદ્રગુપ્ત-સૂરિની પાસે ગયા. સ્થવિર ભદ્રગુપ્તસૂરિએ સ્વપ્ન જોયું કે, દૂધથી ભરેલું મારું પાત્ર

---

૧. અહીં **करकरस्स** પદનો અર્થ સમજાયો નથી 'કળકળાટ' એવો અર્થ સંભવે છે.

૨. વિધિપૂર્વક ઘણા દિવસોમાં ભણી શકાય તેવા શ્રુતને થોડા દિવસોમાં ભણાવી દેવું તે ઉત્સાર કલ્પ.

આગંતુક કોઈ સંપૂર્ણ પી ગયો અને આશ્વાસન પામ્યો. સવારે સાધુઓને સ્વપ્ન કહ્યું: સાધુઓ પરસ્પર ( પોતાની સમજ પ્રમાણે ) સ્વપ્નનું ફલ કહેવા લાગ્યા. ગુરુએ કહ્યું: તમે સ્વપ્નના ફલને જાણતા નથી. આજે મારો [2]પ્રતીચ્છક આવશે. તે મારી પાસેથી સર્વ સૂત્ર અને અર્થ લેશે ( આગલા દિવસે આવીને રાતે ) નગરની બહારના ભાગમાં રહેલા આર્યવજ્રસ્વામી પણ ત્યારે ત્યાં પધાર્યા. પૂર્વે જેમને સાંભળ્યા હતા તે આ વજ્રમુનિને ભદ્રગુપ્તસૂરિએ જોયા. આનંદ પામીને મુનિને આલિંગન કર્યું. વજ્રમુનિ તેમની પાસે દશ પૂર્વો ભણ્યા. જ્યાં ( જેની પાસે ) ઉદ્દેશો કર્યો હોય ત્યાં જ અનુજ્ઞા કરવી જોઈએ. આથી ત્યાં ભણેલા શ્રુતની અનુજ્ઞા કરવા માટે વજ્રમુનિ દશપુર નગર આવ્યા. ત્યાં અનુજ્ઞા શરૂ કરી. જૃંભકદેવોએ અનુજ્ઞાને ઉજવી, દિવ્ય પુષ્પ અને ચૂર્ણોની વૃષ્ટિ કરી. તે વખતે સિંહગિરિસૂરિએ વજ્રસૂરિને ગણ સોંપ્યો. પછી સિંહગિરિસૂરિ અનશન કરીને દેવલોક પામ્યા.

પાંચસો સાધુઓથી પરિવરેલા શ્રીવજ્રસ્વામી પણ વિચરવા લાગ્યા. તેઓ જ્યાં જ્યાં વિહાર કરતા હતા ત્યાં ત્યાં ‘ અહો ભગવાન ’ એ પ્રમાણે ઉત્તમ પ્રશંસા અને કીર્તિના શબ્દો ભમતા હતા. આ પ્રમાણે ભગવાન આર્યવજ્રસ્વામી ભવ્યજનો રૂપી કમલોને વિકસિત કરતા વિચરી રહ્યા હતા.

આ તરફ પાટલિપુત્ર નગરમાં ધન નામનો શેઠ હતો. તેની પુત્રી અતિશય રૂપવતી હતી. તેની અશ્વશાળામાં સાધ્વીઓ ઉતરી હતી. સાધ્વીઓ વજ્રસ્વામીના ગુણોની પ્રશંસા કરતી હતી. સ્વભાવથી લોક ઇચ્છિતને ઇચ્છનારો હોય છે. શેઠની પુત્રીએ વિચાર્યું: જો વજ્રસ્વામી મારા પતિ થાય તો હું ભોગોને ભોગવીશ, અન્યથા મારે ભોગોથી સર્યું. તેને પસંદ કરવા ઘણા આવે છે. પણ તે ના પડાવે છે. ત્યારે સાધ્વીઓએ તેને કહ્યું: વજ્રસ્વામી લગ્ન ન કરે. તેણે કહ્યું: જો એ નહિ પરણે તો હું પણ દીક્ષા લઈશ. ભગવાન પણ વિહાર કરતાં કરતાં પાટલિપુત્ર પધાર્યા. તેમનું સન્માન કરવા માટે રાજા પરિવાર સહિત સામે ગયો. સાધુઓ નાના નાના સમૂહથી અલગ અલગ આવી રહ્યા હતા. તેમાં ઘણા સાધુઓ રૂપાળા હતા. રાજા સમૂહમાં રહેલા રૂપાળા કોઈ સાધુ સામે જોઈને પૂછતો હતો કે આ ભગવાન વજ્રસ્વામી છે? સાધુઓ ના પાડતા હતા. ફરી બીજા સમૂહમાં રૂપાળા સાધુ સામે જોઈને પૂછતા હતા કે આ વજ્રસ્વામી છે? સાધુઓ કહેતા હતા કે આ તો તેમના શિષ્ય છે. એમ છેલ્લા સાધુના ટોળા સુધી પૂછ્યું. છેલ્લા સાધુવૃંદમાં થોડા સાધુઓથી સહિત વજ્રસ્વામીને રાજાએ જોયા, પછી વંદન કર્યું. વજ્રસ્વામીએ ઉદ્યાનમાં સ્થિરતા કરી, અને

---

૨. પોતાના ગુરુની રજા લઈને શાસ્ત્રાધ્યયન આદિ માટે બીજા ગચ્છમાં રહેનાર.

લોકોને ધર્મોપદેશ આપ્યો. વજ્રસ્વામી [1]ક્ષીરાસવ લબ્ધિવાળા હતા. વજ્રસ્વામીએ (ક્ષીરાસવલબ્ધિથી) રાજાનું હૃદય આકર્ષી લીધું. રાજાએ પોતાના અંતઃપુરને વજ્રસ્વામીનું સ્વરૂપ કહ્યું. આથી અંતઃપુરે કહ્યું કે અમે પણ વજ્રસ્વામીના સ્વરૂપને જોવા જઈએ. અંતઃપુરની બધી સ્ત્રીઓ વજ્રસ્વામીનું સ્વરૂપ જોવા ગઈ. તે શેઠની પુત્રી લોકોની પાસેથી વજ્રસ્વામીની વિગત સાંભળીને હું તેમને કેવી રીતે જોઉં ? એમ વિચારી રહી હતી. તેણે બીજા દિવસે પિતાને વિનંતિ કરીઃ મને વજ્રસ્વામીને આપો, અન્યથા મારા પ્રાણનો નાશ કરીશ. આથી શેઠ કન્યાને સર્વ અલંકારોથી શણગારીને અનેક ક્રોડ ધન સાથે લઇને વજ્રસ્વામી પાસે લઈ ગયા. ક્ષીરાસવલબ્ધિવાળા ભગવાને લોકોને ધર્મોપદેશ આપ્યો. લોકો બોલવા લાગ્યા કે, અહો ! ભગવાન સુંદર સ્વરવાળા છે અને સર્વગુણસંપન્ન છે, પણ રૂપથી રહિત છે. જો તેમને રૂપ હોત તો સર્વગુણોની સંપત્તિ હોત. ભગવાને તેમના માનસિક અભિપ્રાયને જાણીને હજાર પત્રવાળું કમળ વિકુર્વ્યું. તેના ઉપર પોતે બિરાજ્યા. પછી દેવોને જેવું શ્રેષ્ઠ રૂપ હોય તેવું પોતાનું અત્યંત સૌમ્ય રૂપ વિકુર્વ્યું. આકર્ષાયેલા લોકો બોલવા લાગ્યાઃ આ તેમનું સ્વાભાવિક રૂપ છે. હું બીજાઓને (સ્ત્રીઓને) પ્રાર્થનીય ન બનું એવા આશયથી ભગવંત કુરૂપથી રહે છે. કારણકે ભગવાન અતિશયથી (=રૂપપરાવર્તન આદિ શક્તિથી) સહિત છે. રાજાએ પણ કહ્યુંઃ અહો ! ભગવાન પાસે આ (=રૂપપરાવર્તન આદિ શક્તિ) પણ છે. આથી વજ્રસ્વામીએ (રાજા વગેરેની સમક્ષ) સાધુઓના ગુણોનું વર્ણન કર્યું, અર્થાત્ તપ વગેરેથી સાધુઓને પ્રગટ થતી શક્તિઓનું વર્ણન કર્યું. તપગુણના પ્રભાવથી સાધુઓમાં એવી પણ શક્તિ પ્રગટે છે કે જેનાથી અસંખ્ય દ્વીપ-સમુદ્રોમાં ન સમાઈ શકે તેટલાં વૈક્રિયશરીરનાં અદ્‌ભુતરૂપો વિકુર્વી શકે. પછી વજ્રસ્વામીએ તે દિવ્યરૂપથી ધર્મદેશના આપી. પછી શેઠે અનેક ક્રોડ ધન સહિત પુત્રીને સ્વીકારવાની વિનંતી કરી. ભગવાને વિષયોની નિંદા કરી=વિષયોના ભોગથી થતા અનર્થો સમજાવ્યા. પછી કહ્યું કે જો તે મને ઇચ્છતી હોય તો દીક્ષા લે. પછી શેઠની પુત્રીએ દીક્ષા લીધી.

પદાનુસારી લબ્ધિવાળા ભગવંતે મહાપરિજ્ઞા અધ્યયનમાંથી વિચ્છેદ પામેલી આકાશગામિની વિદ્યાનો ઉદ્ધાર કર્યો. તે વિદ્યાથી (અને પૂર્વે જૃંભકદેવોએ આપેલ આકાશગામિની વિદ્યાથી) ભગવંત આકાશમાં જવાની શક્તિવાળા થયા. આ પ્રમાણે ગુણો અને વિદ્યાથી યુક્ત ભગવંત વિહાર કરતાં કરતાં પૂર્વ દેશમાંથી ઉત્તરાપથમાં પધાર્યા. ત્યાં દુકાળ થયો. (એક ગામથી બીજા ગામમાં જવાના) માર્ગો પણ બંધ થઈ ગયા. તેથી શ્રમણસંઘ તેમની પાસે આવ્યો અને અમારી રક્ષા કરો એવી વિનંતી કરી. તેથી વજ્રસ્વામીએ પટવિદ્યાથી વિકુર્વેલા પટમાં સંઘ બેઠો. આ વખતે ગાયો ચરાવવા ગયેલો શય્યાતર

૧. જેના પ્રભાવથી વાણી દૂધ જેવી મધુર લાગે = બહુ ગમે તેવી લબ્ધિ.

બ્રાહ્મણ ત્યાં આવી પહોંચ્યો. તેણે જોયું કે આ સર્વ ઉપડવાના છે. આથી તેણે દાતરડાથી પોતાના મસ્તકની ચોટલી કાપીને શ્રીવજ્રસ્વામીને કહ્યું: હે ભગવંત! હું પણ આપનો સાચો સાધર્મિક થયો. આ વખતે વજ્રસ્વામીએ આ (=નીચેનું) સૂત્ર યાદ કર્યું: **"સાધુઓ સાધર્મિક વાત્સલ્યમાં, સ્વાધ્યાયમાં, ચરણ-કરણમાં અને શાસનની પ્રભાવનામાં ઉદ્યમવાળા હોય,"** આ સૂત્રને યાદ કરીને તેમણે શય્યાતરને પણ પટમાં લઈ લીધો. ત્યારબાદ ભગવંત આકાશમાં ઉડીને પુરિકા નગરીમાં પધાર્યા. ત્યાં સુકાળ હતો. ત્યાં શ્રાવકો ઘણા હતા, પણ રાજા બૌદ્ધધર્મનો ઉપાસક હતો. ત્યાં જૈન શ્રાવકો અને બૌદ્ધ ઉપાસકો વચ્ચે પરસ્પર પોતપોતાના દેવને પુષ્પો ચડાવવા માટે સ્પર્ધા ચાલતી હતી. બૌદ્ધ ભક્તો સર્વત્ર પરાભવ પામતા હતા, અર્થાત્ જૈનો અધિકમૂલ્ય આપીને પણ પુષ્પો વેચાતા લઈ લેતા હતા, એથી બૌદ્ધોને બહુજ અલ્પ પુષ્પો મળતાં હતાં. તેથી તેમણે રાજા દ્વારા પર્યુષણમાં જૈનોને પુષ્પો આપવાની મનાઇ કરાવી. પુષ્પો ન મળવાથી શ્રાવકો ખિન્ન બની ગયા. તેથી આબાલવૃદ્ધ બધા શ્રાવકો વજ્રસ્વામી પાસે ગયા. વિનંતી કરી કે, હે ભગવંત! આપ વિદ્યાને જાણો છો. આપના જેવા શાસનનાયક હોવા છતાં શાસનની લઘુતા થાય, તો પછી બીજા કોને શાસનની ઉન્નતિ કરવામાં સમર્થ ગણવા? શ્રાવકોએ આ પ્રમાણે ઘણું કહ્યું એટલે વજ્રસ્વામી આકાશમાં ઉડીને માહેશ્વરીપુરીમાં ગયા. ત્યાં હુતાશન નામનું ઉદ્યાન હતું. ત્યાં દરરોજ કુંભ-પ્રમાણ પુષ્પો થતાં હતાં. ત્યાં તડિત નામનો માળી હતો. તે ભગવંતના પિતાનો મિત્ર હતો. તેણે (વજ્રસ્વામીને આવેલા જોઈને) સંભ્રમથી પૂછ્યું: આપ અહીં શા કારણે પધાર્યા છો? તેથી ભગવંતે કહ્યું: પુષ્પોની જરૂર છે. તેણે કહ્યું: આપે મારા ઉપર ઉપકાર કર્યો. ભગવંતે કહ્યું: હું આવું ત્યાં સુધીમાં તમે પુષ્પોને ભેગા કરી રાખો. પછી ભગવંત લઘુહિમવંત ઉપર (પદ્મદ્રહમાં રહેલ) શ્રીદેવી પાસે ગયા. તે વખતે શ્રીદેવીએ દેવની પૂજા માટે (હજાર પત્રવાળું શ્વેત) કમળ ચૂંટ્યું હતું. તેણે વજ્રસ્વામીને વંદન કરીને આ મહાપદ્મ લેવાની વિનંતી કરી. વજ્રસ્વામી તે કમળ લઇને હુતાશન ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં ભગવંતે એક વિમાન વિકુર્વ્યું. તેમાં પુષ્પોનો કુંભ મૂક્યો. પોતે મોટા કમળની નીચે બેઠા, અર્થાત્ મસ્તક ઉપર મહાપદ્મ રહે તે રીતે બેઠા. પછી જૃંભક દેવોના સમૂહથી પરિવરેલા તે ભગવંત દિવ્ય ગીત-નૃત્યની ધ્વનિપૂર્વક આકાશ દ્વારા પુરિકા નગરીમાં પધાર્યા. (ગીત-વાજિંત્રયુક્ત વિમાનને આવતું જોઈને) બૌદ્ધો બોલવા લાગ્યા કે દેવો પણ અમારું ઉત્તમ સાન્નિધ્ય કરે છે. અર્ઘ્ય (=પૂજાની સામગ્રી) લઇને નીકળ્યા. તે દેવો બૌદ્ધોના મંદિરને વટાવીને જિનમંદિરમાં ગયા. ત્યાં તેમણે મહોત્સવ કર્યો. આથી લોકોને જૈનધર્મ ઉપર અત્યંત બહુમાન ભાવ થયો. રાજા પણ આકર્ષાઇને શ્રાવક થયો. શેષ કથાસંબંધ મૂલ આવશ્યક ટીકામાંથીજ જાણી લેવો. અહીં પ્રસ્તુત (=ઉપનય) આ છે:- જેમ વજ્રસ્વામીએ દુષ્કાળમાં સંઘની રક્ષા કરીને સાધ-

ર્મિક વાત્સલ્ય કર્યું, તેમ બીજાઓએ પણ સાધર્મિક વાત્સલ્ય કરવું જોઇએ. જો ન કરે તો અતિચાર થાય.

અપ્રભાવના એટલે પ્રભાવના ન કરવાનો સ્વભાવ. પ્રભાવના એટલે શાસનનો પરાભવ વગેરે થતાં શાસનની ઉન્નતિ થાય તેવી પ્રવૃત્તિ કરવી. તેમાં વિષ્ણુકુમારનું દૃષ્ટાંત છે. તેની કથા આ પ્રમાણે છે :–

કુરુ નામનો દેશ હતો. તે દેશ સંપૂર્ણ પૃથ્વીમાં સારભૂત હતો, શ્રેષ્ઠ અને ધનાઢ્ય જનસમૂહથી ભરેલો હતો, કોઠો કુળોથી ભરેલાં નગરો અને ગામોથી મનોહર હતો. તેમાં [1]શોભતાં કમળોની શ્રેણિવાળા અનેક સરોવરો હતાં, અગણિત ખાણનાં સ્થાનો હતાં. તેમાં દેવલોકના જેવું હસ્તિનાગપુર નામનું નગર હતું. તે સુરભવનોથી અલંકૃત હતું, વિબુધજનોને આનંદ કરનારું હતું, અનેક સભાઓ અને પાણીવાળા સરોવરોથી મનોહર હતું. [2]તે નગરમાં શત્રુરાજાઓ રૂપી ઉન્મત્ત હાથીઓ માટે સિંહ સમાન, શરણે આવેલા સામંત રાજાઓના સંતાપને શમાવવા મેઘવૃષ્ટિ સમાન, વધતા પ્રતાપથી શોભતો, જય પામતો, લક્ષ્મીથી વિષ્ણુ સમાન, સ્વકુલ રૂપ સરોવરમાં પદ્મસમાન પદ્મોત્તર નામનો રાજા હતો. સકલ અંતઃપુરમાં શ્રેષ્ઠ એવી જ્વાલા નામની તેની રાણી હતી. તેણે પોતાના રૂપથી રતિના લાવણ્યને, વિલાસને અને વાસગૃહને પણ જીતી લીધું હતું. તેની સાથે ભવાંતરમાં ઉપાર્જિત પુણ્યસમૂહથી પ્રાપ્ત કરેલ, ડાહ્યા પુરુષોને પ્રશંસનીય, [3]જીવો માટે સારભૂત એવા પાંચ પ્રકારના વિષય સુખને અનુભવતા તે રાજાને કેટલોક કાળ પસાર થયો. એકવાર સુખશય્યામાં અલ્પનિદ્રાથી જેનાં બે નેત્રો મીંચાયેલાં છે એવી મહાદેવી જ્વાલાએ રાત્રિના છેલ્લા પહોરમાં સ્વપ્નમાં પોતાના ખોળામાં બેઠેલું સિંહનું બચ્ચું જોયું. તેનું શરીર વાદળરહિત રાત્રિના ચંદ્રકિરણોના સમૂહ જેવું સફેદ હતું. તેના સ્કંધપ્રદેશ ઉપર પીળા રંગનો કેસરાનો સમૂહ શોભી રહ્યો હતો. એથી તે વિજળીના વર્તુલથી અલંકૃત શરદઋતુના વાદળા જેવું દેખાતું હતું. સ્વપ્ન જોયા પછી તે પ્રભાતે વાગેલા મંગલવાજિંત્રના ધ્વનિથી જાગી ગઇ. તે કાળને યોગ્ય સર્વ કાર્યો કરીને પરમ

૧. અહીં **रमा** શબ્દનો શોભા અર્થ કરીને આ અર્થ કર્યો છે, **रमा** શબ્દનો લક્ષ્મી અર્થ કરીને લક્ષ્મીદેવીના નિવાસવાળા કમળો એવો અર્થ પણ થઈ શકે.

૨. અહીં **सुर** શબ્દનો દેવલોકના પક્ષમાં દેવ અર્થ છે અને નગરના પક્ષમાં પંડિત અર્થ છે. **विबुध** શબ્દનો દેવલોકના પક્ષમાં દેવ અર્થ છે અને નગરના પક્ષમાં વિદ્વાન અર્થ છે. **सद्दोऽप्सरो** શબ્દમાં દેવલોકના પક્ષમાં સભાઓ અને અપ્સરાઓના સમૂહથી મનોહર એમ અર્થ કરવો. નગરના પક્ષમાં અહીં લખેલ અર્થ સમજવો.

૩. મૂળગ્રંથમાં અહીં **जीवलोक** શબ્દ છે. લોકમાં= લોકાકાશમાં જીવો પણ છે અને અજીવો પણ છે. લોકમાં જીવો છે એટલે લોકને જીવલોક કહેવાય, લોકમાં અજીવો છે માટે અજીવલોક પણ કહેવાય. તેમાં અહીં જીવલોકમાં સારભૂત છે એમ શબ્દાર્થ થાય. ભાવાર્થ તો લખ્યો છે તે સમજવો.

આનંદથી પૂર્ણ તે પતિની પાસે ગઈ અને સ્વપ્નની વિગત કહી. પતિએ સ્વપ્નશાસ્ત્રના અનુસારે વિચારીને ઉત્તમ પુત્રનો જન્મ થશે એમ તેને કહ્યું. આથી તેના મનમાં અનુપમ હર્ષ થયો. તે જ કાળે ઉત્પન્ન થયેલા ગર્ભને તેણે સુખપૂર્વક ધારણ કર્યો. તેને જે સમયે જે જે દોહલા (=ઈચ્છા) થતા હતા તે સમયે તે તે બધા દોહલા પૂર્ણ કરવામાં આવતા હતા. ગર્ભનો કાળ પૂર્ણ થતાં તેણે દેવકુમાર સમાન પુત્રને જન્મ આપ્યો. પ્રિયંકરિકા નામની દાસીએ રાજાને અભિનંદન આપ્યા, અર્થાત્ પુત્રજન્મની વધામણી આપી. રાજાએ તેને ઈચ્છાથી અધિક ઈનામ આપ્યું. પછી રાજાએ બધા લોકોને હર્ષ ઉત્પન્ન કરનારી વધામણી શરૂ કરી. તે આ પ્રમાણે હતી:– વધામણીમાં સ્થાને સ્થાને વેશ્યાઓનો સમૂહ મદિરાપાત્ર પીને નૃત્ય કરી રહ્યો હતો, વગાડવામાં આવતા વિવિધ વાજિંત્રોના અવાજથી સંપૂર્ણ બ્રહ્માંડ બહેરું થઇ ગયું હતું, બંદીઓનો (=મંગલ પાઠકોનો) સમૂહ વિવિધ સ્તુતિઓ બોલી રહ્યો હતો, વધામણીમાં આખું નગર જાણે કે દાનમય, હર્ષમય, સુંદર ઉત્સવમય અને ગીત વગેરે વિલાસમય થઇ ગયું હતું. તિથિ, નક્ષત્ર, યોગ, કરણ, વાર અને લગ્નહોરા આ બધું શુભ હતું ત્યારે બાળકનું વિષ્ણુકુમાર એવું નામ રાખ્યું. સમય જતાં વિષ્ણુકુમાર શરીરની પુષ્ટિથી અને કલાના સમૂહથી વૃદ્ધિ પામ્યો. સકલજનોને પ્રશંસનીય યૌવનને પામ્યો.

યૌવનવયમાં વર્તતો તે માતા–પિતાની સેવામાં તત્પર રહેતો હતો. પરોપકારમાં પરાયણ હતો. ક્યારેક દિવસની જેમ [1]મિત્રમંડલથી યુક્ત તે પ્રશ્નોત્તર વગેરે વિનોદથી કાળ પસાર કરતો હતો. ક્યારેક લક્ષ્મણની જેમ સ્ત્રીઓની સાથે રહીને વિવિધ વિલાસો કરીને કાળ પસાર કરતો હતો. (લક્ષ્મણના પક્ષમાં રામાનુગત એટલે રામચંદ્રજીની સાથે રહીને) ક્યારેક સમૃદ્ધ રાજાની જેમ સર્વ વિષયસમૂહવાળો તે અનુપમ સુખસમૂહનું સેવન કરીને સમય પસાર કરતો હતો. (રાજાના પક્ષમાં વિષય એટલે દેશ.) આ પ્રમાણે તેણે કેટલોક કાળ પસાર કર્યો. એકવાર જ્વાલા રાણીએ ફરી પણ ચૌદ મહાસ્વપ્નોથી સૂચિત દેવકુમાર જેવા સુકુમાર પુત્રને જન્મ આપ્યો. તેના પણ જન્મમાં રાજાએ મહોત્સવ કર્યો. યોગ્ય સમયે તેનું મહાપદ્મ એવું નામ પાડ્યું. શુક્લપક્ષના ચંદ્રની જેમ કળાઓની સાથે શરીરપુષ્ટિથી તે વધવા લાગ્યો. ક્રમે કરીને તે સકલ લોકોના મનને હરનારું યૌવન પામ્યો. તે રાજાઓને જીતવાની ઈચ્છાવાળો છે એમ વિચારીને પિતાએ તેને યુવરાજ બનાવ્યો.

આ તરફ ઉજ્જૈની નગરીમાં શ્રીધર્મ નામનો રાજા હતો. તેનો નમુચિ નામનો મંત્રી હતો. એકવાર તે નગરીમાં મુનિસુવ્રતસ્વામીના શિષ્ય અને અનેક મુનિગણથી પરિવરેલા સુવ્રત નામના સૂરિ પધાર્યા. મહેલ ઉપર નમુચિમંત્રીની સાથે રહેલા રાજાએ નગરના

૧ દિવસના પક્ષમાં મિત્રમંડલ એટલે સૂર્યમંડલ.

લોકોને પોતપોતાની વિભૂતિથી સૂરિને વંદન કરવા માટે જતા જોયા. રાજાએ મંત્રીને પૂછયું : આ લોકો અકાળે ઉત્સવમાં ક્યાં જાય છે? નમુચિએ કહ્યું : હે દેવ! સવારના અશ્વ ખેલાવવા માટે ગયેલા મેં સાંભળ્યું છે કે અહીં ઉદ્યાનમાં કોઈ શ્રમણો આવેલા છે. આથી તેનો આ ભક્તજન તેની પાસે જાય છે. રાજાએ કહ્યું : આપણે પણ જઈએ. નમુચિએ કહ્યું : આપને ત્યાં શા માટે જવું છે? જો ધર્મ સાંભળવાની ઇચ્છાથી જવું હોય તો અમે જ વેદમાં કહેલ અને સર્વલોકોને સંમત એવો ધર્મ કહીએ છીએ. રાજાએ કહ્યું : તમે ધર્મ કહો છો એ વાત સાચી છે. પણ તે મહાત્માઓને પણ જોવા જોઇએ, તથા તેઓ કેવો ધર્મ કહે છે તે જાણવું જોઇએ. નમુચિએ કહ્યું : જો એમ હોય તો જઈએ. પણ ત્યાં જઈને તમારે મધ્યસ્થ રહેવું, જેથી હું તેમને વાદથી જીતીને નિરુત્તર કરી દઉં. રાજાએ 'એમ હો' એ પ્રમાણે સ્વીકાર કર્યો એટલે સામંત રાજાઓ વગેરે લોકોની સાથે તેઓ ત્યાં ગયા. ત્યાં પહેલાં આવેલા નગરના લોકોને ધર્મદેશના કરતા અને તારાના સમૂહથી પરિવરેલા ચંદ્રની જેમ મુનિમંડલની વચ્ચે રહેલા સુવ્રતસૂરિને જોયા. તેમને પ્રણામ કરીને રાજા વગેરે યોગ્યસ્થાને બેઠા. એટલે નમુચિમંત્રીએ ઓચિંતું જ સૂરિને કહ્યું : બરોબર વિચારતાં તમે પરમાર્થના જ્ઞાનથી રહિત છો. કારણ કે તમોએ પ્રત્યક્ષ અનુભવાતા આનંદ સ્વરૂપ વિષયસુખને છોડીને સર્વ સાધુઓએ જેને દૂષિત માન્યો છે અને વિશિષ્ટ જનોએ જેનો ત્યાગ કર્યો છે એવા જિનધર્મનો સ્વીકાર કર્યો છે, તથા પોતાની સંપત્તિને છોડીને ભિખ માગો છો, અથવા મેલથી મલિન દેહવાળા, અપવિત્રતાના કારણે પિશાચતુલ્ય, મસ્તક અને દાઢીના મુંડનવાળાઓને આ કેટલું છે? અર્થાત્ એવાઓ અનેક દોષોથી ભરેલા છે. વળી–હે મૂઢ! જ્યાં ત્રણ પુરુષોની (=બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ એ ત્રણની) પૂજા થતી નથી, અગ્નિમાં હવન થતું નથી, બ્રાહ્મણોને દાન થતું નથી, તે ધર્મ કેવી રીતે હોય? આ સાંભળીને અહો! આ મૂર્ખ અને શઠ છે, વિચાર્યા વિના બોલનારો છે, આથી આવાને ઉત્તર આપવાથી શું? એમ વિચારીને આચાર્ય મૂંગા રહ્યા. કારણ કે કહ્યું છે કે–"**સરળ વિદ્વાન અભિગમ્ય છે, એટલે કે પરિચય કરવા યોગ્ય છે, શઠ વિદ્વાનમાં પ્રમાદ ન કરવો, અર્થાત્ શઠ વિદ્વાનથી સાવધ રહેવું, સરળ મૂર્ખ અનુકંપા કરવા યોગ્ય છે, અર્થાત્ સરળ મૂર્ખ ઉપર કરુણા કરવી, શઠ મૂર્ખ સર્વથા ત્યાગ કરવા યોગ્ય છે, અર્થાત્ શઠ મૂર્ખથી દૂર રહેવું.**" આચાર્ય કંઇ બોલ્યા નહિ એટલે નમુચિએ વિચાર્યું : મુંડિયો પ્રતિભાથી (=હાજર જવાબ આપવાની શક્તિથી) રહિત છે, એથી ઉત્તર આપી શકતો નથી. આમ વિચારીને તે મશ્કરી કરવા માટે વારંવાર તે જ બોલવા લાગ્યો. આથી સૂરિએ તેને કહ્યું: આ પ્રમાણે અસંબદ્ધ કેમ બોલે છે? જો વાદ કરવાની શક્તિ હોય તો [1]પાંચ અવયવવાળા વાક્યના ઉપન્યાસથી પૂર્વપક્ષ કર. આ

૧. ન્યાયવાક્યના પ્રતિજ્ઞા, હેતુ, ઉદાહરણ, ઉપનય અને નિગમન એ પાંચ અવયવો છે.

વખતે એક શિષ્યે ચરણોમાં પડીને વિનયપૂર્વક વિનંતિ કરી: હે ભગવંત! આ વળી કોણ છે? કે જેની સાથે આપ વાદ શરૂ કરો છો, અર્થાત્ આવા સામાન્ય માણસ સાથે આપને વાદ ન શોભે. કારણ કે જેમના ગંડસ્થલમાં મદનો પ્રવાહ વેગથી વહી રહ્યો છે, એની ગંધથી ભમરાઓ જેમના ગંડસ્થલ પર વળગેલા છે, એવા બલવાન શ્રેષ્ઠ હાથીઓ જેમના એક પ્રહારથી પણ નીચે પડી જાય છે, તેવા સિંહનો પગ શું મૃગલાઓ ઉપર શોભે? માટે [1]આક્ષેપથી (=પૂર્વપક્ષથી) સર્યું. આપ મને આદેશ આપો, જેથી એના વાદગર્વને હું દૂર કરું. ગુરુએ તેને રજા આપી. પછી તેણે મંત્રીને કહેવાનું શરૂ કર્યું. તે આ પ્રમાણે:– તેં "વિષય સુખ આનંદ સ્વરૂપ છે" એમ જે કહ્યું તે અસંબદ્ધ છે= અસત્ય છે. કારણકે જેમનામાં સુવિવેક અતિશય ઉલ્લસી રહ્યો છે તેવા લોકોને વિષય-સુખ વિષના વિકારસમાન જ જણાય છે. સુવિવેકી જીવો વિષયો વિષે જેવી વિચારણા કરે છે તે અંગે વ્યાસે કહ્યું છે કે– **"વિષ જેવા વિષયો એક એક પણ એનું સેવન કરનારને હણે છે, તો પછી જે વિવેક રહિત આત્મા પાંચેને એકી સાથે સેવે છે તેના માટે શું કહેવું?"** જો કે મોહાધીન ચિત્તવાળા બીજા જીવોને વિષયસુખ આનંદરૂપ લાગે છે, તો પણ તેમને તે સુખ વિદ્યુલ્લતાના વિલાસની જેમ થોડો કાળ જ મળે છે. કારણ કે કહ્યું છે કે–**"સંસારમાં સારા વિષયોના સંગથી જે લેશમાત્ર સુખાસ્વાદ મળે છે, તે પણ અંતે વિયોગવાળો હોવાથી આપત્તિઓમાં અગ્રેસર છે."** [2]વળી–**મૈથુનનું સુખ, શઠ માણસ સાથે મૈત્રી, સંધ્યાનો રંગ, ઇંદ્રધનુષ્ય, કલિકાલમાં યૌવન અને જીવન– આ બધું અનિત્ય છે."** વળી તેં "સર્વ સાધુઓએ જૈન ધર્મને દૂષિત માન્યો છે" એમ જે કહ્યું તે પણ બરોબર નથી. કારણ કે જીવહિંસાના ત્યાગરૂપ ધર્મ સર્વસાધુઓને પણ સંમત જ છે. કહ્યું છે કે–**"અહિંસા, સત્ય, અચૌર્ય, પરિગ્રહનો ત્યાગ અને મૈથુનનો ત્યાગ આ પાંચ સર્વ ધર્મચારીઓ માટે પવિત્ર છે, અર્થાત્ સર્વ સાધુઓની આત્મશુદ્ધિ કરનાર છે."** "વિશિષ્ટ લોકોએ જૈનધર્મનો ત્યાગ કર્યો છે" એમ જે કહ્યું તે પણ અસંગત છે. કારણ કે બધાય ધર્મોનું મૂળ દયા છે. તે દયા સંપૂર્ણપણે જૈનધર્મમાં જ છે. કારણ કે જૈનધર્મમાં જીવતત્ત્વનું યથાર્થ જ્ઞાન થાય છે, બીજા કોઇ ધર્મમાં જીવોનું યથાર્થજ્ઞાન થઇ શકતું નથી. માટે વિશિષ્ટ લોકો ધર્મના સંપૂર્ણ ફલની ઇચ્છાથી જૈનધર્મનો જ આદર કરે છે. વળી–"પોતાની સંપત્તિ છોડીને ભિખ માગો છો" વગેરે જે કહ્યું તે દૂષણ જ નથી. કારણ કે લક્ષ્મીનો ત્યાગ કરવો અને

---

૧. આચાર્યે નમુચિને પૂર્વપક્ષ કરવાનું કહ્યું હતું, માટે શિષ્ય કહે છે કે પૂર્વપક્ષ કરવાની જરૂર નથી.

૨. બધાજ કાળમાં યૌવન અનિત્ય છે. આમ છતાં કલિકાલમાં આયુષ્ય ઘણું ઓછું હોવાથી વિશેષ અનિત્ય છે. માટે અહીં કલિકાલનો ઉલ્લેખ કર્યો છે.

ભિખ માટે પરિભ્રમણ કરવું એ સર્વધાર્મિક લોકોને ઇષ્ટ છે. તે આ પ્રમાણેઃ– લક્ષ્મી સર્વકષ્ટોનું મૂળ હોવાથી જીવે છોડી દેવી જોઇએ. કહ્યું છે કે–**"જે વિદ્યમાન સહાયકોને પ્રાપ્ત કરવા લાયક છે, અર્થાત્ જેને સહાયકો લઇ લે છે, જેમાં ખેદ છે, જેમાં મહાભય છે, વિપત્તિ જેવી તે સંપત્તિઓનું તે શું છે કે જે દુઃખ માટે ન થાય? અર્થાત્ સંપત્તિથી જે કંઇ મળે છે તે બધું દુઃખ માટે થાય છે."** ભિક્ષા તો વિશિષ્ટગુણોવાળી હોવાથી ઉપાદેય છે. ઋષિઓએ કહ્યું છે કે–**"સંન્યાસીઓએ [1]આચરેલી, પવિત્ર, મૂર્ખ વગેરેથી નિંદાયેલી અને સર્વ પાપોનો નાશ કરનારી માધુકરી વૃત્તિને આચરે."** તથા–**"બૃહસ્પતિ જેવા પણ એકની પાસેથી અન્ન લઇને ભોજન ન કરે, મ્લેચ્છ કુળમાંથી પણ અન્ન લઈને માધુકરીવૃત્તિને જ આચરે."** "મલથી મલિન દેહવાળા" વગેરે જે કહ્યું તેમાં પણ સાધુઓ મેલ ધારણ કરે એ દૂષણ નથી. કારણ કે શાસ્ત્રમાં મુનિઓને સ્નાન કરવાનો નિષેધ કરવામાં આવ્યો છે. તમારા ઋષિઓએ રચેલા શાસ્ત્રમાં કહ્યું છે કે–**"સ્નાન કામદેવના ગર્વને કરે છે, અર્થાત્ સ્નાનથી કામની વૃદ્ધિ થાય છે, સ્નાનને કામનું (=કામવાસનાનું) પહેલું સાધન કહ્યું છે. તેથી કામને છોડીને દમનમાં રત બનેલા સાધુઓ સ્નાન કરતા નથી."** તથા તમારા આગમમાં જ "બ્રહ્મચારી સદા પવિત્ર હોય છે" ઇત્યાદિ કહીને "બ્રહ્મચારીઓ અશુચિ હોય છે" એવા તારા કથનનો નિષેધ કર્યો છે. મસ્તક–દાઢીનું મુંડન પણ શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે પાલન કરનારા સાધુઓને ભૂષણ છે, દૂષણ નથી.

વળી–"ત્રણ પુરુષોની જ્યાં પૂજા ન થતી હોય" વગેરે જે કહ્યું તે અંગે જણાવવાનું કે– વિવક્ષિત (=બ્રહ્મા–વિષ્ણુ–મહેશ) ત્રણ પુરુષોની પૂજા કરવી યોગ્ય નથી. કારણ કે તે ત્રણ બીજા પુરુષોની જેમ રાગાદિથી યુક્ત છે. સ્ત્રીનો સ્વીકાર વગેરે ચિહ્નો રાગાદિથી રહિત હોય તો ન ઘટી શકે. કહ્યું છે કે–**"હાસ્ય, ગીત, નૃત્ય વગેરેના વિસ્તારવાળો કોઇ રાગી છે. જેના હાથ શસ્ત્રોથી વ્યગ્ર છે એવો જે બીજો પુરુષ છે તે દ્વેષ કરે છે. સ્ફટિકના જેવી નિર્મલ રુદ્રાક્ષની માલાને ધારણ કરતો પુરુષ મોહવાળો=અજ્ઞાન છે. પણ (હે જિન!) તારામાં તે (રાગ–દ્વેષ–અજ્ઞાનતાનાં) ચિહ્નો નથી, આથી તું સર્વજ્ઞ ને વીતરાગ છે"** અગ્નિમાં હવન કરવું એ પણ જીવહિંસાનું કારણ હોવાથી સારું નથી. તમારા આગમમાં અગ્નિનો પાંચ શૂનામાં ઉલ્લેખ હોવાથી અગ્નિ જીવહિંસાનું કારણ છે. કહ્યું છે કે– **"ખાંડણીયો, ઘંટી, ચુલો, પાણીનો ઘડો અને સાવરણી આ પાંચ ગૃહસ્થનાં કતલખાનાં છે. તેનાથી ગૃહસ્થ સ્વર્ગમાં જતો નથી."** આમાં હિંસા

---

૧. અવધૂત એટલે સંન્યાસી. સંન્યાસીએ આચરેલી હોવાથી માધુકરીવૃત્તિ પણ ઉપચારથી અવધૂત કહેવાય.

હોવા છતાં વેદવિહિત અનુષ્ઠાન હોવાથી સ્વર્ગ માટે થાય એમ ન કહેવું. વ્યાસે કહ્યું છે કે-**"યજ્ઞસ્તંભ ઊભો કરીને, પશુઓનો વધ કરીને તથા લોહીનો કાદવ કરીને જો સ્વર્ગમાં જવાતું હોય તો નરકમાં કોણ જાય?"** મોક્ષાર્થીએ પાત્રને શોધીને દાન આપવું જોઇએ, ગમે તેને નહિ. વિષયવિરાગ વગેરે ગુણોથી યુક્ત પાત્ર પ્રશંસનીય છે. કારણ કે તે જ સંસાર સાગરમાં પડતા લોકોનું રક્ષણ કરવા સમર્થ છે. કહ્યું છે કેઃ-**"વિષયરાગી વિષયમાં આસક્તને, ધનવાળો ધનવાળાને, ઘરવાળો ઘરવાળાને અને આરંભવાળો આરંભવાળાને ન તારી શકે. કારણ કે તુલ્ય દોષવાળો ન તારી શકે. (૧) વિષયરાગી વિષય વિરાગીની, ધનવાળો ધન રહિતની, ઘરવાળો ઘરરહિતની અને આરંભવાળો આરંભરહિતની ચિંતા કરીને (=સેવા કરીને) ભવસમુદ્રને તરી જાય."** (૨) આ બ્રાહ્મણોનું મન વિષયરૂપ વિષથી ભરેલું હોવાથી બ્રાહ્મણો પાત્ર કેવી રીતે બને? આ પ્રમાણે [1]આઘાતજનક હારથી સભામાં નિરુત્તર કરાયો એટલે તે સાધુઓ ઉપર અતિશય દ્વેષવાળો થયો. આથી રાતે તલવાર ખેંચીને મુનિઘાત માટે આવ્યો. દેવતાએ તેને સ્તંભિત કરી દીધો. સવારે તે આશ્ચર્યને જોઇને અને મુનિની પાસે ધર્મ અને અધર્મનું ફલ સાંભળીને રાજા અને લોકો ઉપશાંત થયા અને જૈનધર્મનો સ્વીકાર કર્યો. અપમાનિત થયેલ નમુચિ વિલખો થઇને હસ્તિનાગપુર ગયો. ત્યાં તે મહાપદ્મ રાજાનો મંત્રી થયો. તે વખતે મહાપદ્મનો સિંહબલ નામનો દુષ્ટસામંત વિષમ (=શત્રુ પ્રવેશ ન કરી શકે તેવા) કિલ્લાના બળથી દેશને ઉપદ્રવ કરતો હતો. તેથી મહાપદ્મે નમુચિને પૂછ્યુંઃ સિંહબલને પકડવાનો કોઇપણ ઉપાય તું જાણે છે? નમુચિએ કહ્યુંઃ સારી રીતે જાણું છું. પછી નમુચિ તેના દેશમાં જઇને કુશળ ઉપાયથી કિલ્લાને ભાંગી નાખ્યો. પછી સિંહબલને પકડીને મહાપદ્મ પાસે આવ્યો. અત્યંત તુષ્ટ થયેલા રાજાએ કહ્યુંઃ વરદાન માગ. મંત્રીએ કહ્યુંઃ જ્યારે માગું ત્યારે આપજો. આ પ્રમાણે મહાપદ્મ યુવરાજપણાનું પાલન કરતો હતો ત્યારે કોઇવાર તેની માતા જ્વાલાએ જિનેશ્વરનો રથ કરાવ્યો. બીજી લક્ષ્મી નામની શોકયમાતાએ બ્રહ્માનો રથ કરાવ્યો. પહેલાં કયો રથ ફેરવવો એ વિષે તે બંને વચ્ચે પરસ્પર વિવાદ થયો. આથી પદ્મોત્તર રાજાએ બંને રથો અટકાવી દીધા. તેથી તેને (=પહેલાં જિનરથને ફેરવવામાં ન આવ્યો તેને) જ પોતાની માતાનું અપમાન માનતો મહાપદ્મ કુમાર કહ્યા વિના જ મહાજંગલમાં ગયો. ત્યાં તાપસોના આશ્રમમાં કેટલાક દિવસ રહ્યો.

ચંપાનગરીના રાજા જન્મેજયને કાળરાજા સાથે યુદ્ધ થયું. તેમાં જન્મેજય રાજા મૃત્યુ પામ્યો. અંતઃપુર વગેરે પરિવાર ભયથી જુદી જુદી દિશામાં ભાગી ગયો. જન્મેજયની નાગવતી નામની પ્રિયા પોતાની મદનાવલી નામની પુત્રીની સાથે તે જ તાપસના

---

૧. અથવા મારની સામે માર મળવાથી.

આશ્રમમાં આવી. ત્યાં મદનાવલી અને મહાપદ્મને પહેલી જ વારના દર્શનમાં પરસ્પર અનુરાગ થયો. કુલપતિએ (પરસ્પરના અનુરાગથી વિપરીત બનાવ બની જવાના ભયથી) મહાપદ્મને આશ્રમમાંથી રજા આપી. તે ત્યાંથી સિંધુનંદન નગરમાં ગયો. એ સમયે ત્યાં ઉદ્યાનમાં વસંત ઉત્સવ ચાલી રહ્યો હતો. તેથી નગરની સ્ત્રીઓ ક્રીડા કરતી હતી. તે ક્રીડાનો કોલાહલ સાંભળી રાજાનો એક હાથી આલાનસ્તંભને ઉખેડીને તોફાન કરવા લાગ્યો. કોઈ પુરુષ તેને વશ કરી શક્યો નહિ. એ હાથી ઉદ્યાનમાં ક્રીડા કરતી સ્ત્રીઓની નજીક આવ્યો. અકસ્માત્ ભય આવવાથી તે સ્ત્રીઓ નાસી શકી નહિ, તેથી ત્યાં જ રહીને મોટા સ્વરથી પોકાર કરવા લાગી. તેઓનો પોકાર સાંભળી મહાપદ્મ ત્યાં દોડી આવ્યો અને હાથીને વશ કરી લીધો. આ રીતે ક્રીડા કરતી નગરની સ્ત્રીઓને મદોન્મત્ત મહાન હાથીથી બચાવીને મહાપદ્મ એ હાથીને આલાનસ્તંભ પાસે લઈ આવ્યો. ત્યાંના રાજાએ મહાપદ્મનો સંબંધ જાણીને પોતાની સો કન્યાઓ તેને પરણાવી. તે મનથી સદા જ મદનાવલીને જ ધારણ કરે છે. તે વિશિષ્ટ સુખપૂર્વક ત્યાં જ રહ્યો. એકવાર રાતે સૂતેલા તેનું વેગવતી નામની વિદ્યાધર સ્ત્રીએ અપહરણ કર્યું. મહાપદ્મની નિદ્રા દૂર થતાં વિદ્યાધરીએ એને અપહરણનું કારણ જણાવ્યું. પછી તે તેને વૈતાઢ્યપર્વત ઉપર સૂરોદય નગરમાં લઈ ગઈ, અને ઇંદ્રધનુષ નામના વિદ્યાધર રાજાને સોંપ્યો. તેણે પોતાની પત્ની શ્રીકાંતાથી થયેલી જયકાંતા નામની પુત્રી તેને પરણાવી. જયચંદ્રાના મામાના દીકરા ગંગાધર અને મહીધર નામના શ્રેષ્ઠ વિદ્યાધરો જયકાંતા મહાપદ્મને પરણી છે એમ ખબર પડતાં મહાપદ્મની સાથે યુદ્ધ કરવા સૂરોદય નગરમાં આવ્યા. મહાપદ્મે તે બંનેને જીતી લીધા. પછી ક્રમે કરીને મહાપદ્મ વૈતાઢ્યપર્વતની બંને શ્રેણિને પોતાને આધીન કરીને સર્વ વિદ્યાધરોનો અધિપતિ બન્યો. મદનાવલી વિના તેને જરાય આનંદ આવતો નથી. એકવાર તે કોઈ બહાનાથી તે જ તાપસના આશ્રમમાં ગયો. ત્યાં તાપસોએ શ્રેષ્ઠ પુષ્પ અને ફલ વગેરેથી તેનું સન્માન કર્યું. ત્યાં જ આવેલા શતુધનુષના પુત્ર જનમેજયે એને મદનાવલી આપી. અત્યંત હર્ષને ધારણ કરતો મહાપદ્મ તેને પરણ્યો. પછી વિદ્યાધર ચક્રવર્તીની સમૃદ્ધિથી સહિત તે મહાન આડંબરથી હસ્તિનાગપુર ગયો. મંગલપાઠક લોકોથી પ્રશંસા કરાતા તેણે નગરમાં પ્રવેશ કર્યો. તેણે પ્રણામ વગેરે ઉચિત ભક્તિ કરીને લાંબાકાળના વિયોગથી દુઃખી થયેલા માતા–પિતાને અને વિષ્ણુકુમારને આનંદ પમાડ્યો.

આ વખતે તે જ મુનિસુવ્રતસ્વામીના શિષ્ય સુવ્રતસૂરિ ત્યાં પધાર્યા. તે ક્ષમારૂપી સ્ત્રીના કુલગૃહ (કુળના ઘર) હતા, નમ્રતારૂપી કલ્પવૃક્ષના નંદનવન હતા, સરળતારૂપી ધનના નિધાન હતા, મુક્તિરૂપી વેલડીના આલંબન હતા, તપરૂપ લક્ષ્મીના ક્રીડાગૃહ હતા, સંયમરૂપી સેવકના સ્વામી હતા, સત્યરૂપી બંધુના સહાયક હતા, સુપવિત્રતારૂપી પરાગ માટે દિવ્યવૃક્ષના પુષ્પ હતા, નિષ્પરિગ્રહતારૂપી કરિયાણાની બજારભૂમિ હતા,

બ્રહ્મચર્યરૂપી શણગાર માટે યુવાવસ્થારૂપ હતા. પોતાના ઉદ્યાનપાલક પાસેથી સુવ્રતસૂરિનું આગમન જાણીને વિષ્ણુકુમાર, મહાપદ્મકુમાર અને અન્ય પરિવારની સાથે પદ્મોત્તર રાજા વંદન માટે આવ્યો. ત્યાં આવેલા રાજાએ પરિવાર સહિત ત્રણ પ્રદક્ષિણા આપીને આચાર્યને વંદન કર્યું. આચાર્ય કામદેવના વિજયથી જાણે કે જયપતાકાને પકડી હોય તેમ કરકમલથી પકડીને મુખપ્રદેશમાં રાખેલી મુખવસ્ત્રિકાથી દીપતા હતા, જમણી તરફ મૂકેલા રજોહરણથી શોભતા હતા, અને પદ્માસન આસને બેઠેલા હતા. આચાર્યે પણ પાપમલના સમૂહને ધોવા માટે જલ સમાન ધર્મલાભથી રાજાને આનંદ પમાડ્યો. પછી રાજા યોગ્ય સ્થાને બેઠો. ભગવંતે કહ્યું: હે ભવ્યો! આ સંસારરૂપી સાગર પાર પામવો દુષ્કર છે. આ સંસાર સાગર જન્મ-જરા-મરણરૂપી ભયંકર જલચર પ્રાણીઓથી ભયંકર છે, જેનો શારીરિક-માનસિક દુઃખરૂપ સામો કિનારો દૂર છે એવા જલથી પરિપૂર્ણ છે, ચારગતિરૂપી મહાન આવર્તોથી ભયંકર છે, તેમાં મનરૂપી દુષ્ટપવનથી પ્રેરાયેલા વિષયો-રૂપી આવર્તોથી ચપળ ઇંદ્રિયોરૂપી વહાણ હાલં-ડોલં થઈ રહ્યું છે, આ સંસારમાં સમુદ્રના મધ્યભાગમાં પડેલા રત્નની જેમ મનુષ્ય ભવ દુર્લભ છે. વિષયસુખ વિષની જેમ વિપાકમાં કટુ છે. મોજાંઓની જેમ કર્મ પરિણતિઓ નિરંતર ફેલાય છે. મગરમચ્છ વગેરે ક્રૂર જલચર પ્રાણીઓની જેમ ભયને લાવનાર રાગ-દ્વેષ વગેરે ઉછળે છે. ઊંડા પાતાલના જેવો નરકસમૂહ અતિશય દુઃખથી ભરેલો (શાસ્ત્રમાં) સંભળાય છે. વડવાનલની જેમ અતિશય દાહનો હેતુ કષાયરૂપી અગ્નિ વધી રહ્યો છે. વિષવેલડીની જેમ સ્ત્રીઓ લોકોને વ્યાકુળ બનાવે છે. માટે આ સંસારસમુદ્રને તરવાની ઇચ્છાથી તીર્થંકરપ્રણીત સુધર્મરૂપ વહાણમાં (બેસવાનો) પ્રયત્ન કરો. આ સુધર્મરૂપી વહાણ વિવિધ વ્રતોરૂપી પાટિયાના સમૂહથી બંધાયેલું છે, જ્ઞાનરૂપી નાવિકથી સુશોભિત છે, સમ્યક્ત્વરૂપી મધ્યસ્તંભથી શોભિત છે, પ્રશસ્ત અધ્યવસાયરૂપી વાયુથી પરિપૂર્ણ એવા વિવિધ તપ અને અનુષ્ઠાનોરૂપી શ્વેતપટથી યુક્ત છે, સામે કિનારે આવેલ મોક્ષપુરીમાં નિવાસ કરવાની ઇચ્છાવાળા મુનિજનરૂપી વણિકજનના સમૂહથી યુક્ત છે. વળી અહીં ચૌદરાજપ્રમાણ આ લોકમાં રહેલા લોકોને એક મોક્ષપુરીને છોડીને બીજે ક્યાંય સુખ નથી. મોક્ષપુરીનો માર્ગ સાધુધર્મ અને ગૃહ-સ્થધર્મ એમ બે પ્રકારનો છે. પહેલો માર્ગ પાંચ મહાવ્રતના પાલનરૂપ છે અને અતિ મુશ્કેલીથી જઈ શકાય તેવો છે. કારણ કે તેમાં ઘણા પ્રકારના પરિષહો અને ઉપસર્ગો સહન કરવાના હોય છે. હંમેશાં અખંડ પરિણામોથી ગુરુની પરતંત્રતા સ્વીકારવાની હોય છે. મોહરૂપી પિશાચને જીતવાનો હોય છે. પાંચ ઇંદ્રિયનો નિગ્રહ કરવાનો હોય છે. કામરૂપી હાથીને હણવાનો હોય છે. કષાયરૂપી દાવાનલને શાંત કરવાનો હોય છે. જો કે આ મોટો રસ્તો મનમાં કષ્ટરૂપ લાગે છે, તો પણ તે માર્ગ જલદી મોક્ષપુરની પ્રાપ્તિ કરે છે = મોક્ષપુરમાં પહોંચાડે છે. જિનોએ બીજો મોક્ષ માર્ગ અણુવ્રત વગેરે બાર પ્રકારનો કહ્યો છે. તેમાં ઘણા ભાંગા હોવાથી ગમે તે ભાંગાથી તેનો સ્વીકાર થઈ શકતો

હોવાથી તે માર્ગ સુકર છે. પરંતુ તે માર્ગ મોક્ષપુરીમાં જલદી પહોંચાડતો નથી. તેથી વીર માણસોએ મોક્ષપુરીમાં જલદી જવાની ઇચ્છાથી પહેલા જ માર્ગનો આશ્રય લીધો છે.

આ સાંભળીને પદ્મોત્તર રાજા જાતિ, જન્મ અને મરણ આદિના પરિવર્તનથી વિરક્ત બન્યો, અર્થાત્ તેને સંસાર ઉપર વૈરાગ્ય થયો, મોક્ષમાં નિવાસ એ પરમ-સુખમાં નિવાસરૂપ છે એમ સાંભળીને તેને મોક્ષની પ્રબળ ઇચ્છા થઇ, ઉલ્લસિત બનેલા જીવવીર્યથી તેને સર્વવિરતિનો પરિણામ થયો, આથી તેણે વિનયથી અંજલિ જોડીને કહ્યું: હે ભગવંત! પોતાના રાજ્ય ઉપર વિષ્ણુકુમાર વગેરે કોઇને બેસાડ્યા પછી આપની અનુજ્ઞાથી આપની પાસે જ સર્વકર્મરૂપી મલને ધોવામાં કુશળ એવી દીક્ષાને લઇશ. ભગવંતે કહ્યું: હે દેવાનુપ્રિય! જીવોને શુભકાર્યનો અવસર ઘણા વિઘ્નવાળો હોય છે. ભવ્યજીવોને આ ( = દીક્ષા સ્વીકાર ) કરવા યોગ્ય છે. તેથી ક્યાંય મમત્વ કરીશ નહિ. પછી તે ગુરુને પ્રણામ કરીને નગરમાં ગયો. પોતાના ઘરે જઇને તેણે મુખ્ય સંબંધીઓની સાથે વિષ્ણુકુમારને અને મંત્રીઓને બોલાવ્યા. પછી તેમને સંબોધીને રાજાએ કહ્યું: ભગવંત વડે વર્ણવાયેલી સંસારની અસારતા તમોએ સાંભળી જ છે. તેથી લાગણીશીલ માણસને સંસારમાં રહેવું યોગ્ય નથી, એના માટે સંસારનો ઉચ્છેદ કરવો એ જ શ્રેયસ્કર છે. આથી હું વિષ્ણુકુમારનો રાજ્યાભિષેક કર્યા પછી દીક્ષા લઈને મનુષ્યભવ વગેરે સામગ્રીને સફળ કરવાને ઇચ્છુ છું. તેથી કુમારે કહ્યું : હે પિતાજી! હું શું આપને અપ્રિય છું? જેથી કિંપાકફલની જેમ પ્રારંભમાં મધુર અને પરિણામે ભયંકર એવા આપના રાજ્યને મારા ઉપર નાખીને આપ સ્વયં પરિણામે સુંદર અને સકલ કર્મોરૂપી વ્યાધિને દૂર કરવામાં કુશળ દીક્ષારૂપી મહાન ઔષધિને સ્વીકારશો. તેથી હું પણ જલદી જ આપની સાથે દીક્ષા લઇશ. રાજાએ તેનો દીક્ષા લેવાનો આગ્રહ જાણીને મહાપદ્મને બોલાવીને કહ્યું: હે પુત્ર! તું રાજ્યનો સ્વીકાર કર, જેથી હું સઘળા સંગોનો ત્યાગ કરીને દીક્ષાને પાળું. તેણે કહ્યું: હે પિતાજી! આપ ( રાજ્ય સ્વીકારવા ) વિષ્ણુકુમારને કહો, જેથી હું તેનો દાસ બનું. રાજાએ કહ્યું : હે વત્સ! વિષ્ણુકુમાર રાજ્ય લેતો નથી. તે તો મારી સાથે જ દીક્ષા લેશે. આથી "દેવની જેવી આજ્ઞા" એમ કહીને મહાપદ્મ મૌન રહ્યો. પિતાએ સમસ્ત સામંત રાજાઓની સંમતિથી બધી રીતે વિશુદ્ધ દિવસે મહાન આડંબરથી અતિશય વિશુદ્ધ લગ્નનો સમય થયો ત્યારે મહાપદ્મનો રાજ્યાભિષેક કર્યો. સ્વયં ત્રિક, ચતુષ્ક, ચોરો વગેરે સ્થાનોમાં (જેને ધન વગેરેની જરૂરિયાત હોય તે લઈ જાઓ એવી ) ઘોષણાપૂર્વક ગરીબ, અનાથ વગેરે લોકોને ઘણું દાન અપાવ્યું. મહાન આરાધ્ય શ્રીતીર્થંકર ભગવાનને પણ પૂજ્ય એવા શ્રી શ્રમણ-સંઘની પૂજા કરી. સર્વ જિનમંદિરોમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવ્યો. પ્રશસ્ત દિવસે જેની પાછળ અનેક રાજાઓ વગેરે ચાલી રહ્યા છે એવો તે વિષ્ણુકુમારની સાથે સૂરિની પાસે ગયો. ભગવંતે યથાયોગ્ય વિધિથી વિષ્ણુકુમારની સાથે તેને દીક્ષા આપી. પછી રાજા વગેરે

લોકોએ વિષ્ણુકુમાર સહિત તેને વંદન કર્યું. પછી ગુરુએ ધર્મદેશના શરૂ કરી. આ સંસારમાં મનુષ્યભવ, ધર્મશ્રવણ, ધર્મશ્રદ્ધા અને સંયમમાં સામર્થ્ય (=સંયમના પાલન માટે વીર્યોલ્લાસ જાગવો) એ ચાર ધર્મનાં મુખ્ય કારણ છે અને તે દુર્લભ છે, ઇત્યાદિ દેશના આપી. પદ્મોત્તર મુનિએ ક્રમે કરીને તેવા પ્રકારના (વિશિષ્ટ) ક્ષયોપશમથી થોડા જ કાળમાં બંને પ્રકારની શિક્ષાનો અભ્યાસ કરી લીધો. તે વિષયોમાં વિરક્ત હોવાથી ગીતાર્થનો (=ગીતના વિષયોનો) ત્યાગ કર્યો હોવા છતાં મુખ્ય ગીતાર્થ થયા. સમય જતાં સર્વઘાતી કર્મોનો ક્ષય કરીને ભૂતકાળ–ભવિષ્યકાળ–વર્તમાનકાળના સર્વ-પર્યાયોથી સહિત લોક અને અલોકને પ્રકાશિત કરનારું કેવલજ્ઞાન પ્રાપ્ત કર્યું.

મહાપદ્મ રાજાને પણ આયુધશાળામાં ચક્રરત્ન ઉત્પન્ન થયું. તેણે સર્વ દિશાઓમાં વિજય મેળવીને ભરતક્ષેત્રના છખંડ સાધ્યા. આથી તે નવમો ચક્રવર્તી થયો.. પૂર્વે તૈયાર કરેલા તે બન્ને રથો નગરીમાં હજી સુધી ફેરવવામાં આવ્યા ન હતા. અત્યારે જિનરથને નગરીમાં પહેલો ફેરવીને તેણે માતાને સંતોષ પમાડવા સાથે શાસનની પ્રભાવના કરી. ત્યારથી અનેક લોકોએ જિનશાસનનો સ્વીકાર કર્યો. તેણે સંપૂર્ણ ભરતક્ષેત્રની ભૂમિ અનેક જિનમંદિરોથી વિભૂષિત કરી. પદ્મોત્તર મુનિ કેટલોક કાળ સુધી કેવલીપર્યાયથી વિચરીને નિર્વાણ પામ્યા.

વિષ્ણુકુમાર મુનિએ વિવિધતપો કરીને શરીરને શોષવી નાખ્યું. જ્ઞાન–દર્શન-ચારિત્રના પર્યાયોથી વૃદ્ધિ પામતા તેમને વૈક્રિયકરણ, આકાશમાં ગમન વગેરે વિવિધ લબ્ધિઓ ઉત્પન્ન થઇ. આમાં કોઈ આશ્ચર્ય નથી. પ્રત્યેકપળે નિરતિચારપણે સર્વવિરતિ ધર્મની આરાધના કરતા સાધુઓને લબ્ધિઓ ઉત્પન્ન થાય છે. કહ્યું છે કે સાધુઓ ક્ષણમાં પોતાની ચરણરજથી સર્વરોગોનો નાશ કરી શકે, ઘાસની અણીમાંથી ત્રણભુવનને વિસ્મય પમાડે તેવા ઇચ્છિતોને આપી શકે. (૧) ધર્મથી રત્નયુક્ત સુવર્ણની વૃષ્ટિ કરી શકે, આશ્ચર્યજનક અને ભયંકર હજારો મોટી શિલાઓને પાડી શકે. (૨)

આ તરફ સ્વશિષ્યોથી પરિવરેલા સુવ્રતસૂરિ માસકલ્પની મર્યાદાથી વિહાર કરતાં કરતાં ચોમાસાના નજીકના દિવસોમાં હસ્તિનાગપુર પધાર્યા. બહારના ઉદ્યાનમાં સ્થિરતા કરી. રાજા વગેરે લોકો તેમને વંદન કરવા માટે આવ્યા. તેમણે ધર્મકથા શરૂ કરી. ધર્મકથામાં મિથ્યાત્વ વગેરે પદાર્થોની નિંદા કરી, અને સમ્યક્ત્વ વગેરે પદાર્થોની પ્રશંસા કરી. તેથી તીર્થંકરના વચનને યથાર્થ જેમણે જાણ્યું છે એવા કેટલાકોએ દીક્ષા લીધી, બીજા કેટલાકો શ્રાવક થયા. આ વખતે નમુચિ મંત્રીને પૂર્વનું વૈર યાદ આવ્યું. એથી તેને સાધુઓ ઉપર તીવ્ર ગુસ્સો આવ્યો. એથી તે સાધુઓનાં (જેનાથી સાધુઓને હેરાન કરી શકાય તેવા) છિદ્રો જોવા લાગ્યો. એટલામાં ચોમાસાનો સમય આવી ગયો.

ચોમાસામાં માર્ગોમાં ચાલવું મુશ્કેલ થઈ જાય છે. કામાતુર વિરહી લોકો સુકાય છે. જાણે કે બળવાન શત્રુ ઉનાળાને જીતીને હોય તેમ, અર્થાત્ ઉનાળાને જીતી લેવાથી આનંદ વ્યક્ત કરતો હોય તેમ, મેઘ ગર્જના કરે છે. જાણે કે મલિનના (=વાદળના) ઉદયને જોઈને હોય તેમ, અર્થાત્ મેલી વસ્તુના (=વાદળના) ઉદયને જોઈ શકતા ન હોય તેમ, હંસો અહીંથી માનસ સરોવરમાં જતા રહે છે. પહેલાં માસકલ્પથી વિહાર કરનારા પણ સાધુઓ એક સ્થાનમાં રહેનારા થાય છે. આવા વર્ષાદના સમયે મુનિજન ઉપર ગુસ્સે થયેલા નમુચિએ પૂર્વે સ્વીકારેલ વરદાન રાજા પાસે માગ્યું. રાજાએ વરદાન આપ્યું અને કહ્યું: તને જે ઈષ્ટ હોય તે કહે. તેણે કહ્યું: વેદમાં કહેલા વિધિથી હું યજ્ઞ કરવાને ઇચ્છું છું. તેથી તેટલા દિવસ પોતાનું રાજ્ય મને આપો. સત્ય-પ્રતિજ્ઞાવાળા રાજાએ રાજ્ય આપ્યું. અંતઃપુરમાં પ્રવેશ કરીને સ્વયં રાજા થઈને રહ્યો તે રાજા બન્યો એટલે એક તે જૈન સાધુઓને છોડીને બધા ધર્મના સાધુઓ તેની વધામણી કરવા માટે આવ્યા. આ વખતે તે જ (=વધામણી માટે ન આવ્યા એ જ) છિદ્રને મેળવીને મુનિઓને બોલાવીને કહ્યું: મારા દેશમાંથી ચાલ્યા જાઓ, હમણાં મારા નગરમાંથી જતા રહો. સર્વલોકોને સંમત અને ઉચિત જે લોકાચાર તેનું પણ તમે ઉલ્લંઘન કરનારા છો, આથી તમારું મુખ પણ જોવા લાયક નથી. તથા તમારો આચાર નીતિશાસ્ત્રથી પણ વિરુદ્ધ છે. કહ્યું છે કે – "**જો કે કુશળ યોગી પૃથ્વીને દોષવાળી જુએ છે, તો પણ લૌકિક આચારોને મનથી પણ ન ઉલ્લંઘે.**" વળી– "**પરીક્ષકોએ લૌકિક વિષયને (=વ્યવહારને) લોકની જેમ સ્વીકારવો જોઈએ. લોકવ્યવહાર પ્રત્યે બાલ (=અજ્ઞાન) અને પંડિત બંને સમાન છે.**" અન્યધર્મના સાધુઓથી તમે ઉત્તમ નથી. અન્ય-ધર્મના બધાય સાધુઓ મને નૂતન રાજ્યનો લાભ થતાં વધામણી કરવા આવ્યા, પણ અતિશય દર્પથી બળેલા અંતઃકરણવાળા અને લોકવ્યવહારથી બાહ્ય તમે જ ન આવ્યા! નમુચિએ આ પ્રમાણે કહ્યું એટલે સૂરિએ કહ્યું: અમે અભિમાનના કારણે નથી આવ્યા એવું નથી, કિંતુ સકલસંગના ત્યાગી સાધુઓનો આ કલ્પ છે. તમારા આગમમાં પણ કહ્યું છે કે: "**જે મહાત્માએ સર્વ તિથિ, પર્વ અને ઉત્સવો (=લૌકિક-વ્યવહારો છોડયા છે તેને અતિથિ જાણવો, બાકીને અભ્યાગત જાણવા.**" અમોએ લૌકિક વ્યવહારને કોઈ બાધા પણ પહોંચાડી નથી. કારણ કે રાજવિરુદ્ધ વગેરે કંઈ (અનુચિત) આચર્યું નથી. તમોએ અમને દેશને છોડવાનું જે કહ્યું તે અનુચિત છે. કારણ કે– "**સદાચારોમાં પરાયણ સાધુઓ જંગમતીર્થ છે. આવા સાધુઓ જે દેશોમાં નથી તે દેશોમાં પવિત્રતા કયાંથી હોય!**" વળી– "**આ મુનિઓ કાયાને કષ્ટ આપીને જે ધર્મનું ઉપાર્જન કરે છે તેને, તેમનું પાલન કરવાથી રાજા ક્લેશ વિના સાધી લે છે.**" વળી– અનાર્ય બીજા લોકોથી

પરાભવ પામતા સાધુઓને રાજા જ શરણ થાય છે. આ વિષે સ્મૃતિનું વચન આ પ્રમાણે છેઃ– **"અનાર્યલોકોથી પરાભવ પામેલા દુર્બલ, અનાથ, બાલ, વૃદ્ધ અને સાધુ– આ બધાઓને રાજા શરણ છે."** વળી મનુએ પણ સામાન્યથી આ પ્રમાણે કહ્યું છેઃ– **"પ્રજાનું રક્ષણ કરનાર રાજાને પ્રજાના ધર્મનો છઠ્ઠો ભાગ મળે છે, અને પ્રજાનું રક્ષણ ન કરનાર રાજાને પ્રજાના અધર્મનો છઠ્ઠો ભાગ મળે છે."** આથી નિર્દોષ જ સાધુઓને દેશમાંથી શા માટે કાઢો છો ? હવે જો કોઈ કારણ ન હોવા છતાં એમ જ આ સાધુઓ તમને ન ગમતા હોય તો પણ વર્ષાકાલ સુધી તમારે કંઇ ન બોલવું. ત્યાર પછી અમે નીકળી જઈશું. સૂરિએ આ પ્રમાણે કહ્યું એટલે નમુચિએ કહ્યુંઃ અહીં બહુ વાણીના કલહથી શું ? જો તમારે જીવતા રહેવું હોય તો સાત દિવસની અંદર આ દેશમાંથી નીકળી જાઓ. તેનાથી વધારે તો બંધુની (= વિષ્ણુકુમારની) પણ સાથે તમને જોઈશ તો અવશ્ય મહાદંડથી દંડીશ. આ પ્રમાણે તેનો આગ્રહ જાણીને સાધુઓ પોતાના સ્થાને આવ્યા. સૂરિએ સાધુઓની સાથે વિચારણા શરૂ કરી કે હવે શું કરવું ? આ પૂર્વે વાદમાં આપેલા ઉત્તરથી ગુસ્સે થયો છે, અને મિથ્યા અભિમાનથી આપણને આ પ્રમાણે હેરાન કરે છે. આ વખતે એક સાધુએ કહ્યુંઃ વિષ્ણુકુમારના વચનથી આ જલદી શાંત થઈ જશે એમ જણાય છે. એથી જો એને શાંત કરવો હોય તો જલદી મેરુપર્વત ઉપરથી વિષ્ણુકુમારને બોલાવીને એની પાસે મોકલો. તેથી સૂરિએ કહ્યુંઃ ત્યાં કોણ જઈ શકશે ? તે પર્વત આપણાથી દૂર રહેલો છે. જો કોઇ જંઘાચરણ કે વિદ્યાચરણ હોય તો તે જ ત્યાં જઇ શકે, બીજો નહિ. તેથી બીજા મુનિએ કહ્યુંઃ હું આકાશ દ્વારા જવા માટે સમર્થ છું, પણ પાછો આવવા સમર્થ નથી. સૂરિએ કહ્યુંઃ જો એમ છે તો તમે જાઓ, તમને વિષ્ણુકુમાર જ પાછા લઈ આવશે. તેથી તે મુનિ તમાલપત્રના જેવા શ્યામ ગગનમંડલમાં ઉડ્યા, અને ક્ષણવારમાં ત્યાં પહોંચી ગયાં. વિષ્ણુકુમારે તે મુનિને આવતા જોયા અને વિચાર્યું કે સંઘ વગેરેનું કોઈ મોટું કાર્ય હશે, જેથી આ વર્ષાકાલે જ આવ્યા. તે મુનિએ પણ આ પ્રમાણે વિચારતા વિષ્ણુકુમારને વિધિપૂર્વક વંદન કરીને આવવાનું કારણ જણાવ્યું. વિષ્ણુકુમાર પણ થોડી જ વારમાં તેમને લઈને આકાશરૂપ વાહનથી હસ્તિનાગપુર તરફ જવા પ્રવૃત્ત થયા. ક્ષણવારમાં ત્યાં પહોંચી ગયા. સૂરિને વંદન કર્યું. બીજા સાધુને લઇને વિષ્ણુકુમાર નમુચિને મળવા માટે ગયા.

નમુચિ સિવાય મોટા રાજાઓ વગેરે બધાએ વિષ્ણુકુમારને વંદન કર્યું. સુખપૂર્વક આસન ઉપર બેઠેલા વિષ્ણુકુમારે ધર્મકથા વગેરે કહેવાપૂર્વક કહ્યુંઃ વર્ષાકાળ સુધી મુનિઓ અહીં રહે. ત્યાર બાદ તમે જેમ કહેશો તેમ કરીશું. મહાઈર્ષ્યાના સમૂહથી જેનું અંતઃકરણ ભરેલું છે એવા તેને તે વચનની કોઈ અસર ન થઇ, ઉલટું કાનમાં પ્રવેશેલા પાણીની જેમ તે વચને શૂલ ઉત્પન્ન કર્યું. તેથી તેણે કહ્યુંઃ

અહીં ફરી ફરી કહેવાથી શું? પાંચ દિવસ સુધી પણ અહીં રહેવાની રજા આપતો નથી. વિષ્ણુકુમારે કહ્યું: સાધુઓને નગરની બહાર ઉદ્યાનમાં રહેવાની રજા આપો. તેથી ફરી વધારે ગુસ્સે થઈને નમુચિએ કહ્યું: નગરના ઉદ્યાનની વાત બાજુએ રહી, સર્વસાધુઓમાં અધમ આ સાધુઓએ મારા રાજ્યમાં પણ ન રહેવું. તેથી જો તમારે જીવતા રહેવું હોય તો જલદી મારા રાજ્યને છોડી દો. વિષ્ણુકુમારે જોયું કે આ અત્યંત અસહિષ્ણુ છે = જરા પણ માને તેમ નથી. તેની અસહિષ્ણુતાના દર્શનરૂપ કાષ્ઠોથી વિષ્ણુકુમારનો ક્રોધરૂપી અગ્નિ પ્રજ્વલિત બન્યો. ગુસ્સે થઈને વિષ્ણુકુમારે કહ્યું : તો પણ ત્રણ પગલાં મૂકી શકાય તેટલી ભૂમિ આપ. તેણે કહ્યું: જો ત્રણ પગલાંથી અધિક ભૂમિમાં જોઈશ તો મસ્તક કાપી નાખીશ. આ સાંભળીને વિષ્ણુકુમારને ભયંકર કોપ થયો. આથી તેમણે (લબ્ધિથી) શરીરને વધારવા માંડયું. વધારતાં વધારતાં એક લાખ યોજન પ્રમાણ શરીર કર્યું. પછી જાણે સ્વર્ગ અને મનુષ્યલોકના અંતરનું માપ લેવા માટે હોય તેમ, પગરૂપી પર્વત તેટલો વધાર્યો અને ગાઢ દબાવ્યો કે જેથી જંગલ અને પર્વત સહિત આ આખી પૃથ્વી કંપવા માંડી, જેમાં ચંચળ મોજાઓથી માછલાઓ ઉછળી રહ્યા છે એવા સમુદ્રો ઉછળ્યા, ભયથી વ્યાકુલ દૃષ્ટિવાળા દિગ્ગજો મદનો ત્યાગ કરીને નાસી ગયા, બધીય નદીઓ જલદી વિપરીત માર્ગે વહેવા લાગી, ત્રાસ પામેલું સંપૂર્ણ જ્યોતિષચક્ર ચલિત થઈ ગયું. ભવનપતિ અને વ્યંતર દેવો ત્રાસી ગયા.

આ વખતે ત્રણે ભુવનને ક્ષુબ્ધ કરનાર મહામુનિને ગુસ્સે થયેલા જોઈને સૌધર્મ-ઈંદ્રે પોતાની ગીતવિદ્યામાં કુશલ એવી ગાયિકા સુરસુંદરીઓને તેની પાસે મોકલી. તેમણે ત્યાં આવીને મુનિના કાન પાસે કોપનો નાશ કરનારા વચનો વડે ગાવાનું શરૂ કર્યું. કહ્યું છે કે– **"ક્રોધ સંતાપ (=તપારો) પેદા કરે છે, ચિત્તને વ્યાકુળ બનાવે છે, વૈરની પરંપરા સર્જે છે, સુગતિનો નાશ કરે છે. (૧) મનુષ્યના શરીરમાંથી (=આત્મામાંથી) ક્રોધ નામનો શત્રુ ઉત્પન્ન થાય છે, તેનાથી જીવ મિત્રોને છોડી દે છે અને ધર્મથી રહિત બને છે."** (૨) વળી– **"એક આવીને ચંદનના વિલેપનથી ભક્તિથી શરીરમાં વિલેપન કરે છે, બીજો કુહાડી લઈને ક્ષણે ક્ષણે શરીરને છોલે છે. (૧) એક વંદન કરીને ભોજન, આચ્છાદન વગેરે આપે છે, બીજો સોટીઓથી મારીને ઘરમાંથી કાઢે છે. (૨) એક હૃદયને આહ્લાદ આપનારા સુશ્લોકોથી સુંદર સ્તુતિ કરે છે, ગુસ્સાને પામેલો બીજો દુર્વચનોથી તરછોડે છે. (૩) આ પ્રમાણે ઇષ્ટ–અનિષ્ટ કરનારા જીવોમાં પ્રાણીઓ પ્રત્યે વાત્સલ્યવાળા અને સમભાવવાળા સુસાધુઓ રાગ-દ્વેષ કરતા નથી"** (૪) **વળી– માણસ દેશોન પૂર્વકોટિ**

**સુધી ચારિત્રનું પાલન કરીને જે ચારિત્રના ફલને મેળવે તે બધું કોપને પામેલ માણસ મુહૂર્ત માત્રમાં હારી જાય.'** એ પ્રમાણે ત્રણે લોકના ક્ષોભને જોતા અને (એથી) ગભરાયેલા કિન્નરદેવો અને વિદ્યાધરો વગેરે પણ કોપને દૂર કરનારા વચનોથી ગાય છે. આ તરફ સર્વ દેવમંદિરોમાં શાંતિ માટે જિનપૂજા શરૂ કરી. શ્રમણ-પ્રધાન ચતુર્વિધ સંઘ પણ કાયોત્સર્ગમાં રહ્યો. આ વખતે નમુચિ વિષ્ણુકુમારને ખમાવવા માટે તેની પાસે આવીને તેના પગોમાં પડ્યો ત્યારે મુનિએ પગના અગ્ર-ભાગથી ઉપાડીને પશ્ચિમસમુદ્રમાં નાખી દીધો. મહાપદ્મચક્રવર્તીને આ વૃત્તાંતની જાણ થતાં તે ભયથી કંપવા માંડ્યો. મુનિને શાંત કરવા ત્યાં આવેલા સમસ્ત સંઘની સાથે મહાપદ્મ મુનિને પ્રસન્ન કરવા લાગ્યો. આ પ્રમાણે સંઘસહિત મહાપદ્મથી પ્રસન્ન કરાતા અને દેવ વગેરેના ઉપશાંત કરનારા અને સ્તુતિ કરનારા વચનના ગીતો અને કાવ્યો વગેરેની રચનાઓથી સ્તુતિ કરાતા વિષ્ણુકુમાર મહાકષ્ટથી ઉપશાંત[1] થયા. પછી વિષ્ણુ-

---

૧. ત્રિષષ્ટિશલાકા પુરુષચરિત્રમાં (પર્વ-૬ સર્ગ-૮માં) આ પ્રસંગનું વર્ણન આ પ્રમાણે છે:-

તે સમયે ત્રણ જગતને ક્ષોભ થતો જોઈ તેમને પ્રસન્ન કરવાને ઇંદ્રે ગાયન કરનારી દેવાંગનાઓને આજ્ઞા કરી. તે ગાયિકા દેવીઓ ત્યાં આવીને સર્વજ્ઞ શાસ્ત્રમાં કહેલા ભાવને જણાવનારું ગાયન ગાંધાર સ્વરે તેમના કર્ણની સમીપે આ પ્રમાણે ગાવા લાગી-"પ્રાણીઓ કોપથી આ ભવમાં પણ દગ્ધ થાય છે, વારંવાર સ્વાર્થમાં મોહિત થાય છે અને મૃત્યુ પામ્યા પછી અનંત દુઃખવાળા નરકમાં પડે છે," આ પ્રમાણે તેમનો કોપ શમાવવાને કિંનરોની સ્ત્રીઓ તેમની આગળ ગાવા લાગી અને નૃત્ય પણ કરવા લાગી. પછી પદ્મકુમારના અગ્રજ બંધુ કે જેના ચરણ જગતને વંદન કરવા યોગ્ય છે, તેઓ નમુચિને પૃથ્વી પર નાંખી પૂર્વ અને પશ્ચિમ સમુદ્રના કિનારે (જંબૂદ્વીપની જગતી ઉપર) બે પગલા મૂકીને સ્થિત થયા. આ વૃત્તાંત જાણીને પદ્મકુમાર સંભ્રમથી ત્યાં આવ્યા, અને પોતાના પ્રમાદથી તથા નમુચિના દોષથી ચકિત થઈ ગયા. પછી પોતાના અગ્રજ મહર્ષિને અતિ ભક્તિથી નમસ્કાર કરી અંજલિ જોડીને અશ્રુવડે મુનિના ચરણને પ્રક્ષાલિત કરતાં આ પ્રમાણે બોલ્યા-

"હે પ્રભુ! લોકોત્તર ગુણવાળા તમે વિજયવંત સ્વામી છતાં પૂજ્ય પિતાશ્રી પદ્મોત્તર રાજા અદ્યાપિ મારા ચિત્તથી વિદ્યમાન જ છે. આ અધમ નમુચિ મંત્રી હંમેશા શ્રી સંઘની આશાતના કરતો તે મારા જાણવામાં આવ્યું નહિ, તેમ કોઈએ મને જણાવ્યું પણ નહિ, તથાપિ હું પોતે જ અપરાધી છું. કારણ કે એ પાપી મારો સેવક છે, સ્વામી સેવકના દોષથી દૂષિત થાય છે એવી નીતિ છે. તે નીતિ પ્રમાણે હું પણ તમારો સેવક છું અને તમે મારા સ્વામી છો, તો તમે પણ મારા દોષથી ગ્રહણ થશો. માટે કોપ તજી દો. હે મહાત્મા! આ પાપી મંત્રીના અપરાધથી આ ત્રણે લોક પ્રાણ-સંશયમાં આવી પડ્યું છે, માટે હે કરુણાનિધિ! તેની રક્ષા કરો." એવી રીતે બીજા પણ અનેક સુર, અસુર અને નરોના ઈશ્વરોએ (ઈંદ્રો અને રાજાઓએ) અને ચતુર્વિધ સંઘે વિવિધ પ્રકારે સ્તુતિ કરીને મહામુનિ વિષ્ણુકુમારનું સાંત્વન કરવા માંડ્યું. જ્યારે આકાશમાં અત્યંત વૃદ્ધિને પામેલા વિષ્ણુ-કુમારને સાંભળ્યા ત્યારે સર્વેએ ત્યાં આવી આવીને ભક્તિથી ચરણનો સ્પર્શ કર્યો. ચરણને અત્યંત સ્પર્શ થતાં વિષ્ણુકુમારે નીચે જોયું એટલે ત્યાં પોતાના ભાઈ પદ્મ, ચતુર્વિધ સંઘ અને સુર, અસુર તથા રાજાઓ જોવામાં આવ્યા. મુનિએ વિચાર્યું કે "આ કૃપાળુ સંઘ, આ દીન એવો મારો ભાઈ

કુમારે કેટલાક કાળ સુધી પૂર્વ કરતાં વધારે ઘોર તપ કર્યો. પછી ચાર ઘાતી કર્મોનો ક્ષય થતાં તેમને લોક–અલોકને પ્રકાશિત કરનાર કેવલજ્ઞાન પ્રગટયું. પછી ભવોપગ્રાહી ચાર કર્મોનો નાશ કરીને લોકના અગ્ર ભાગે રહેલ મોક્ષપદને પામ્યા. ત્યાં અનંત, એકાંતિક (=દુઃખરહિત) અને આત્યંતિક (=નાશ ન પામનાર) સુખ હોય છે, જરા અને મરણ વગેરે સર્વ દુઃખોનો અભાવ હોય છે. વિષ્ણુકુમારના ભાઈ મહાપદ્મ પણ ચક્રવર્તીપદનો વિપાક કટુ છે એમ વિચારીને, હજાર રાજાઓની સાથે દીક્ષા લઈને, દુષ્ટ આઠ કર્મોનો ક્ષય કરીને મોક્ષમાં ગયા. પ્રભાવના વિષે વિષ્ણુકુમારનું ચરિત્ર કહ્યું. પ્રસ્તુત વિષયનો ઉપસંહાર આ પ્રમાણે છે. :– જેમ વિષ્ણુકુમારમુનિએ પ્રભાવના કરી, તેમ શક્તિ હોય તો બીજાએ પણ કરવી જોઈએ, પ્રભાવના ન કરવામાં અતિચાર લાગે. [ ૧૮ ]

પ્રાસંગિક ઉદાહરણ સહિત સમ્યક્ત્વનું સાતમું અતિચાર દ્વાર કહ્યું. હવે આઠમું ભંગદ્વાર કહે છે :–

**संमत्तं पत्तंपि हु, रोरेण निहाणगव्व अइदुलहं ।**
**पावेहि अंतरिज्जइ, पढमकसाएहि जीवस्स ।। १९ ।।**

**ગાથાર્થ** :– દરિદ્ર નિધાનને મેળવે એની જેમ અતિ દુર્લભ એવું સમ્યક્ત્વ જીવે મેળવી લીધું હોય તો પણ પાપ એવા અનંતાનુબંધી નામના પ્રથમ કષાયો તેને દૂર કરે છે=તેનો નાશ કરે છે.

**ટીકાર્થ** :– અતિ દુર્લભ શબ્દનો ભાવ આ પ્રમાણે છે :–જે દુઃખેથી મેળવાય તે દુર્લભ. અતિશય દુઃખેથી મેળવાય તે અતિદુર્લભ. અનાદિ આ સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવે કર્મગ્રંથિનો ભેદ ન કર્યો હોવાથી સમ્યક્ત્વને ક્યારેય મેળવ્યું નથી. આથી સમ્યક્ત્વ અતિદુર્લભ છે.

**પ્રશ્ન** :– અનંતાનુબંધી કષાયોને પ્રથમ કષાયો કેમ કહેવામાં આવે છે?

**ઉત્તર** :– અનંતાનુબંધી કષાયો પહેલા ગુણનો ઘાત કરતા હોવાથી પ્રથમ કહેવાય છે. 'સમ્યક્ત્વ પહેલો ગુણ છે. કારણ કે દેશવિરતિ આદિ ગુણોનું મૂળ સમ્યક્ત્વ છે.

**પ્રશ્ન** :– અનંતાનુબંધી કષાયો પાપ કેમ છે? **ઉત્તર** :– અનંતાનુબંધી કષાયો પાપનું કારણ હોવાથી અથવા પાપપ્રકૃતિરૂપ હોવાથી પાપ છે.

---

પદ્મકુમાર અને આ સુર, અસુર તથા રાજાઓ ભય પામીને મારા કોપની શાંતિને માટે એક સાથે પ્રયત્ન કરે છે, તો મારે આ સંઘ માન્ય છે અને ભ્રાતા પદ્મ વગેરે સર્વ અનુકંપા કરવા યોગ્ય છે." આવો વિચાર કરી એ મહામુનિ વિષ્ણુકુમાર શરીરની વૃદ્ધિનો ઉપસંહાર કરી મર્યાદામાં આવેલા સમુદ્રની જેમ પોતાની મૂલ પ્રકૃતિની અવસ્થામાં સ્થિર થયા. સંઘના આગ્રહથી તે મહામુનિએ નમુચિને છોડી દીધો, એટલે પદ્મરાજાએ તરત જ તે અધમ મંત્રીને નગરમાંથી કાઢી મૂક્યો.

( ગુજરાતી ભાષાંતરમાંથી અક્ષરશઃ સાભાર ઉદ્ધૃત. )

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ભાવાર્થ આ પ્રમાણે છેઃ– આ ગાથામાં ભંગ-દ્વારનો નિર્દેશ ક્ષાયોપશમિક અને ઔપશમિક સમ્યક્ત્વની અપેક્ષાએ છે, ક્ષાયિકની અપેક્ષાએ નહિ. કારણ કે ક્ષાયિક શુદ્ધ અને અશુદ્ધ એમ બે પ્રકારે છે. તેમાં ભવસ્થ કેવલીઓનું અને સિદ્ધોનું અપાયયુક્ત સદ્ દ્રવ્યોથી રહિત સમ્યગ્દર્શન શુદ્ધ ક્ષાયિક છે. તે સાદિ–અનંત હોવાથી તેનો નાશ થતો જ નથી. આ વિષે ગંધહસ્તી શ્રી સિદ્ધસેન ગણીએ તત્ત્વાર્થાધિગમ (૧–૭) સૂત્રની ટીકામાં કહ્યું છે કે–" સયોગી અને અયોગી એ બે પ્રકારના ભવસ્થ કેવલીનું મોહનીય સપ્તકના ક્ષયથી પ્રગટેલ સમ્યગ્દર્શન સાદિ–અનંત છે." શ્રેણિક વગેરેના સમ્યગ્દર્શનની જેમ અપાયથી (મતિ જ્ઞાનના ભેદરૂપ અપાયથી) સહિત સમ્યગ્દર્શન અશુદ્ધ ક્ષાયિક છે. તે સાદિ–સાંત હોવાથી તેનો નાશ થાય છે. આ વિષે ગંધહસ્તી શ્રી સિદ્ધસેન ગણીએ કહ્યું છે કે–" તેમાં (=બે પ્રકારના સમ્યગ્દર્શનમાં) જે મતિજ્ઞાનના ભેદરૂપ અપાયની અને ક્ષાયોપશમિક સમ્યક્ત્વના દલિકોરૂપ સદ્દ્રવ્યની સાથે રહેલ શ્રેણિક વગેરેનું સમ્યગ્દર્શન દર્શક સપ્તકનો ક્ષય થાય ત્યારે સદ્દ્રવ્યનો (=ક્ષાયો-પશમિક સમ્યક્ત્વના દલિકોનો) નાશ થતાં અપાય સહચારી બને છે, અર્થાત્ મતિજ્ઞાન યુક્ત ક્ષાયિક સમ્યગ્દર્શન થાય છે. તે સાદિ–સાંત છે, કારણ કે દર્શનસપ્તકનો ક્ષય થતાં તેની (=અપાય સહચારી ક્ષાયિક સમ્યગ્દર્શનની) આદિ થાય છે, અને કેવલજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે મતિજ્ઞાનનો નાશ થતાં તેનો (=અપાય સહચારી ક્ષાયિક સમ્યગ્દર્શનનો) નાશ થાય છે.

પ્રાસંગિક વર્ણનથી સર્યું. કારણ કે આરંભમાં માત્ર દિગ્દર્શન જ કરાવવાનું હોય. અહીં કુરુડ–ઉત્કુરુડ વગેરે દૃષ્ટાંતો સ્વબુદ્ધિથી વિચારી લેવાં. [૧૯]

આઠમું ભંગદ્વાર પૂર્ણ થયું. હવે નવમું ભાવનાદ્વાર કહેવામાં આવે છે :–

**मिच्छत्तकारणाइं, कुणंति नो कारणेऽवि ते धन्ना ।**
**इइ चिंतेज्जा मइमं, कत्तियसेट्ठी उयाहरणं ॥ २० ॥**

**ગાથાર્થ** :– જેઓ મિથ્યાત્વના પરતીર્થિકની સેવા અને પરિચય વગેરે કારણોને (રાજા વગેરેથી ઉત્પન્ન કરાયેલા) કારણો ઉત્પન્ન થવા છતાં આચરતા નથી તેઓ ધન્ય છે, એમ બુદ્ધિવંત સમ્યગ્દૃષ્ટિ વિચારે. આ વિષે કાર્તિક શ્રેષ્ઠીનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ** :– આ પ્રમાણે ગાથાનો સંક્ષિપ્ત અર્થ છે. વિસ્તૃત અર્થ કથાથી જાણવો. તે કથા આ પ્રમાણે છેઃ–

## કાર્તિકશેઠનું દૃષ્ટાંત

હસ્તિનાપુર નગરમાં જિતશત્રુ નામનો રાજા હતો. તે રાજાનો કાર્તિક નામનો શેઠ હતો. તે શેઠ વિશિષ્ટ કાર્યોમાં અતિકુશળ હતો, હજાર વેપારીઓમાં શ્રેષ્ઠ હતો, મણિ,

રત્ન, સુવર્ણ અને પુણ્યનો ભંડાર હતો, ગરીબ લોકોનો ઉદ્ધારક હતો, સુવિશુદ્ધ વ્યવહાર કરનાર તરીકે પ્રસિદ્ધ હતો, જીવ–અજીવનો જાણકાર હતો, આસ્રવ–સંવરનો જ્ઞાતા હતો, બંધતત્ત્વમાં વિદ્વાન હતો, નિર્જરાની વિચારણા કરવામાં નિપુણ હતો, મોક્ષપદને સાધવામાં ઉદ્યુક્ત હતો, જિનશાસનમાં અનુરક્ત હતો, મિથ્યાત્વનો દૂરથી ત્યાગ કરનારો હતો, બારે પ્રકારના શ્રાવક ધર્મમાં (=શ્રાવકના વ્રતોમાં) બરોબર અપ્રમત્ત હતો. તે વખતે ત્યાં જ ગંગદત્ત નામનો બીજો પણ સુશ્રાવક હતો. ભવથી વિરક્ત મનવાળા તેણે મુનિસુવ્રત જિનેશ્વરની પાસે દીક્ષા લીધી. તે વખતે તે નગરમાં ઘણા માસક્ષમણ કરવાથી પ્રસિદ્ધ થયેલો અને ભાગવતવ્રતોમાં શ્રેષ્ઠ એક (ગૈરિક નામનો) પરિવ્રાજક વસતો હતો. તે નગરમાં પારણા માટે જ્યારે પ્રવેશ કરે છે ત્યારે બધા લોકો તેનો અભ્યુત્થાન વગેરે આદર કરે છે. તે આ પ્રમાણે :– કોઈ ઘરમાં (પધારવા) નિમંત્રણ કરે છે. કોઈ હર્ષ પામીને પગમાં પડે છે. કોઈ વંદન કરે છે. કોઈ સ્તુતિ કરે છે. કોઈ પૂજા કરે છે. પણ કાર્તિક બેઠેલો જ રહે છે. તેથી આ બધાઓમાં આ શેઠ મારો આદર કરતો નથી એમ વિચારીને તે કોપ પામ્યો. એક દિવસ માસખમણના પારણે રાજાએ જાતે જ પોતાના ઘરે ભોજન માટે નિમંત્રણ આપ્યું. કોઈ પણ રીતે તે રાજાને ત્યાં પારણું કરવાને ઇચ્છતો ન હતો. તેણે રાજાને કહ્યું: હે રાજન્ ! જો કાર્તિકશેઠ પોતાના હાથે મને ભોજન પીરસે તો તમારા ઘરે પારણું કરું, અન્યથા નહિ. રાજાએ તેનો સ્વીકાર કર્યો. પછી રાજા જાતે જ શેઠની પાસે ગયો. આપેલા આસન ઉપર બેઠો અને હર્ષ પામેલા શેઠને બોલાવ્યો. પછી પોતે નિમંત્રણ કર્યું વગેરે પરિવ્રાજકનો વૃત્તાંત કહ્યો. કાર્તિકે કહ્યું: હે દેવ ! અમારે આ યોગ્ય નથી. કારણ કે એમ કરવાથી સમ્યક્ત્વ મલિન થાય. હે ઉત્તમનર ! આમ છતાં હું આપના દેશમાં રહું છું, એથી આપ જે કહો તે કરું. તેથી રાજાએ કહ્યું: મારા કહેવાથી તું પીરસજે. પછી રાજા પોતાના ઘરે ગયો. ભોજન સમયે શેઠ રાજાના ઘરે આવ્યો. પરિવ્રાજક ભોજન કરવા બેઠો. શેઠે પીરસવાનું શરૂ કર્યું. ગુસ્સે થઈને તેણે પીરસતા શેઠનો આંગળીથી તિરસ્કાર કર્યો. તેથી શેઠે વિચાર્યું: ભાગ્યથી પ્રસિદ્ધ બનેલાઓને ધિક્કાર થાઓ. ઘરમાં રહેવાથી આ પ્રમાણે પરાભવ થાય. તે ગંગદત્ત ધન્ય છે કે જે સ્ત્રી, પુત્ર, ઘર અને મિત્રોનો ત્યાગ કરીને મુનિસુવ્રતસ્વામીની પાસે સંયમરૂપી રાજ્યને પામ્યો. જો મેં પણ તે જ વખતે દીક્ષા લીધી હોત તો હમણાં સમ્યક્ત્વની મલિનતા વગેરે અને પરાભવ ન જ પામત. આ પ્રમાણે વિચારતો તે પરિવ્રાજકને જમાડીને રાજાની પાસે ગયો. હવે હું દીક્ષા લઉં છું એમ રાજાને જણાવ્યું. ત્યારે તેનો આગ્રહ જાણીને રાજાએ વિદાય આપી. પછી કુટુંબને (સ્વ દીક્ષાની ભાવના) કહીને પુત્રને કુટુંબના વડિલના (=વડેરાના) સ્થાને સ્થાપ્યો. પછી જિનેશ્વરોના મંદિરમાં શ્રેષ્ઠ અષ્ટાહ્નિકા મહોત્સવો શરૂ કર્યા. ગરીબ, અનાથ વગેરેને વિવિધ દાન આપવાનું શરૂ કર્યું. શ્રીસંઘની પૂજા કરી. આ વખતે તે જ નગરમાં શ્રી મુનિસુવ્રત તીર્થંકર પધાર્યા

અને બહાર ઉદ્યાનમાં સમવસર્યા. જિનેશ્વરના આગમનને જાણીને શેઠ વંદન કરવાને માટે આવ્યા. ધર્મ સાંભળીને હજાર વેપારીઓની સાથે દીક્ષા લીધી. પરમ સંવેગવાળા કાર્તિક મુનિ થોડા જ કાળમાં શાસ્ત્રોક્ત અભ્યાસ કરીને બાર અંગ પ્રમાણ શ્રુતને ધારણ કરનારા ગીતાર્થ બન્યા. બાર વર્ષ સુધી નિરતિચાર દીક્ષા પાળી. પછી અનશનપૂર્વક શુભધ્યાનમાં કાળ કરીને સૌધર્માવતંસક વિમાનમાં બે સાગરોપમના આયુષ્યવાળા અને બત્રીશ લાખ વિમાનના અધિપતિ ઇંદ્રરૂપે ઉત્પન્ન થયા. ગૈરિકતાપસ પણ આભિયોગિક કર્મ ઉપાર્જન કરીને, મરીને, આભિયોગિક દેવોમાં ઇંદ્રનું વાહન (હાથી) થયો. ઇંદ્રની આજ્ઞા પામેલા દેવોએ લીલાથી વિલાસ કરતા તેને કહ્યું: તું ઐરાવણ હાથીનું રૂપ ધારણ કર, જેથી ઇંદ્ર આરૂઢ થાય. ત્યારે વિભંગજ્ઞાનથી ઇંદ્ર શેઠનો જીવ છે એમ જાણીને પહેલાં તો એણે હાથીનું રૂપ ધારણ ન કર્યું, પણ પછી આગ્રહથી કહ્યું એટલે હાથીનું રૂપ ધારણ કર્યું. (ઇંદ્રને ડરાવવા) બે ઐરાવણ હાથીના રૂપ કર્યાં, ઇંદ્ર પણ તેનો ભાવ જાણીને પોતાના બે રૂપો કરીને અલગ અલગ તે બંને ઉપર આરૂઢ થયો. એ પ્રમાણે દેવ જેટલાં રૂપો કરે છે, ઇંદ્ર પણ તેટલાં રૂપો કરીને તે બધા ઉપર બેસે છે. ઇંદ્રે વધારે રૂપો ન કરે એ માટે કંઈક ગુસ્સે થઈને તેને વજ્રથી માર્યો. પછી તે સ્વાભાવિક સ્વરૂપમાં રહ્યો. આ પ્રમાણે સમ્યક્ત્વભાવનામાં શ્રુતદેવીની કૃપાથી કાર્તિક શેઠનું ચરિત્ર કહ્યું. આ ચરિત્રને સાંભળતા લોકો ધર્મમાં સ્થિર થાઓ. [ ૨૦ ]

સમ્યક્ત્વના ભાવનાદ્વારનું વ્યાખ્યાન કર્યું. તેના વ્યાખ્યાનથી સમ્યક્ત્વ નામનું બીજું મૂલદ્વાર નવે ય દ્વારોથી પૂર્ણ થયું. જેમ ભીંતમાં દોરેલા ચિત્રની શુદ્ધિમાં ભીંતની શુદ્ધિ મૂલકારણ છે, મહેલની સ્થિરતામાં પાયો મૂલ કારણ છે, તેમ વ્રત સ્વીકારવામાં સમ્યક્ત્વ મૂલકારણ છે કારણ કે સમ્યક્ત્વ વિના વ્રતનો સ્વીકાર ન થઈ શકે. કહ્યું છે કે–

**"સમ્યક્ત્વને બાર પ્રકારના આ શ્રાવક ધર્મનું મૂલ, દ્વાર, પીઠિકા, આધાર, ભાજન અને નિધિરૂપ કહેલ છે."**

આથી હવે સમ્યક્ત્વ પછી કહેલ ત્રીજા વ્રતદ્વારનો અવસર છે. વ્રતદ્વારનો સામાન્યથી ઉલ્લેખ કર્યો હોવા છતાં વ્રતદ્વાર શ્રાવકવ્રત સંબંધી જાણવું. કારણ કે અન્યથા "શ્રાવકોના અનુગ્રહ માટે કહીશ" એ સંબંધ ઘટી શકે નહી. શ્રાવકનાં વ્રતો પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત એમ બાર છે. મૂલગુણ–ઉત્તરગુણ રૂપ આ બધાય વ્રતોને ક્રમશઃ કહેવા માટે પહેલાં પ્રથમ અણુવ્રતનું જ 'સ્વરૂપ' વગેરે નવદ્વારોથી વિવરણ કરવાની ઇચ્છાવાળા ગ્રંથકાર પ્રથમદ્વાર કહે છે :–

**दुन्निसया तेयाला, पाणाइवाए पमाओ अट्ठविहो ।**
**पाणा चउराईया, परिणामेऽट्ठुत्तरसयं च ॥ २१ ॥**

**ગાથાર્થ**:– પ્રાણાતિપાતમાં ૨૪૩ ભેદો છે. પ્રમાદ આઠ પ્રકારનો છે. પ્રાણો ચાર વગેરે છે. પરિણામને આશ્રયીને ૧૦૮ ભાંગા છે.

**ટીકાર્થ** :– પ્રાણાતિપાતમાં ૨૪૩ ભેદો છે. પ્રાણોનો અતિપાત=નાશ તે પ્રાણાતિપાત. અહીં પ્રાણ શબ્દનો પ્રાણી અર્થ સમજવો. જેમ લોકમાં દંડધારી પુરુષને દંડ કહેવામાં આવે છે, તેમ અહીં પ્રાણ ધારણ કરનારને પ્રાણ કહેવામાં આવેલ છે. (આથી પ્રાણનો અતિપાત=નાશ એટલે પ્રાણીનો અતિપાત.) આ ભેદો પ્રાણાતિપાતનું સ્વરૂપ છે.

પ્રાણાતિપાતના ૨૪૩ ભેદો આ પ્રમાણે છે. :– એકેંદ્રિય ૫ અને બેઇંદ્રિયથી પંચેંદ્રિય સુધીના ૪, એમ નવ ભેદો થયા. તેને મન–વચન–કાયા એ ત્રણ કરણથી ગુણતાં ૨૭ થયા. તેને કરણ–કરાવણ–અનુમોદન એ ત્રણ યોગોથી ગુણતાં ૮૧ થયા. તેને અતીત–અનાગત–વર્તમાન એ ત્રણ કાળથી ગુણતાં ૨૪૩ થયા. આ ભેદો પ્રાણાતિપાતનું સ્વરૂપ છે.

જીવ જેનાથી મોક્ષમાર્ગ પ્રત્યે શિથિલ ઉદ્યમવાળો બને તે પ્રમાદ. તે પ્રમાદ આઠ પ્રકારે છે. કહ્યું છે કે–

**"અજ્ઞાન, સંશય, મિથ્યાજ્ઞાન, રાગ-દ્વેષ, અશ્રદ્ધા, ધર્મવિષે અનાદર, અને યોગોનું દુષ્પ્રણિધાન (=અયોગ્ય પ્રવૃત્તિ) એ આઠ પ્રકારનો પ્રમાદ છે. પ્રમાદના યોગથી જીવ પ્રમત્ત બને છે. પ્રમાદથી રહિત જીવ અપ્રમત્ત બને છે." (૧–૨)**

આ પ્રમાદ પણ પ્રાણાતિપાતનું સ્વરૂપ છે. (કારણ કે પ્રમાદથી પ્રાણાતિપાત થાય છે.)

**પ્રશ્ન** :–જેના અતિપાતનું સ્વરૂપ કહેવામાં આવે છે એ પ્રાણો કયા છે? **ઉત્તર** :– ચાર વગેરે પ્રાણો છે. आदि પદથી છ વગેરે પ્રાણો સમજવા. કહ્યું છે કે–

**એકેંદ્રિયને (એક ઈંદ્રિય, એક બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એમ) ચાર, બેઇન્દ્રિયને (બે ઈંદ્રિય, બે બળ, શ્વાસોશ્વાસ અને આયુષ્ય એમ) છ, તેઇંદ્રિયને (એક ઈંદ્રિય વધવાથી) સાત, ચઉરિંદ્રિયને (એક ઇંદ્રિય વધવાથી) આઠ, અસંજ્ઞી પંચેંદ્રિયને (એક ઈંદ્રિય વધવાથી) નવ, સંજ્ઞી પંચેંદ્રિયને (એક બળ વધવાથી) દશ પ્રાણ જાણવા."**

પરિણામ એટલે ચિત્ત વગેરેની પરિણતિવિશેષ. તેમાં ૧૦૮ ભાંગા થાય છે. આ ૧૦૮ ભાંગા પણ પ્રાણાતિપાતનું સ્વરૂપ છે. ૧૦૮ ભાંગા આ પ્રમાણે છે:– સંરંભ, સમારંભ અને આરંભ એ ત્રણ મન–વચન–કાયા દ્વારા થાય છે. માટે ૩×૩=૯ થાય. આ નવ ભેદો સ્વયં કરે છે, કરાવે છે, અને અનુમોદે છે. એટલે નવને કરણ–કરાવણ– અનુમોદન એ ત્રણ ભેદથી ગુણતાં ૨૭ થાય. ૨૭ ભેદોમાં ક્રોધાદિ ચાર કષાયો નિમિત્ત બને છે. માટે ૨૭×૪=૧૦૮ ભેદો થયા.

સંરંભ વગેરેનું સ્વરૂપ આ પ્રમાણે છે:– સંરંભ=પ્રાણાતિપાતાદિનો માનસિક સંકલ્પ. સમારંભ=પ્રાણાતિપાત આદિ સંકલ્પને પૂર્ણ કરવામાં (સંકલ્પને પૂર્ણ કરવા જરૂરી સામગ્રી એકઠી કરવામાં) ઉત્પન્ન કરેલ પરિતાપ=પીડા. આરંભ=પ્રાણાતિપાતની ક્રિયાની સિદ્ધિ, અર્થાત્ પ્રાણનો અતિપાત થાય એ આરંભ છે. કહ્યું છે કે–

**"પ્રાણાતિપાતનો માનસિક સંકલ્પ કરવો તે સંરંભ, પરિતાપ (=પીડા) ઉપજાવવો એ સમારંભ અને ઉપદ્રવ કરવો, અર્થાત્ જીવોનો વિનાશ કરવો એ આરંભ છે, આ વ્યાખ્યા સર્વશુદ્ધનયોને સંમત છે."**

**પ્રશ્ન**:– અહીં સ્વરૂપ વગેરે દ્વારોથી વ્રતોનું વ્યાખ્યાન કરવાનું શરૂ કર્યું છે. તેમાં પહેલું વ્રત પ્રાણાતિપાતનો ત્યાગ છે. તેથી સ્વરૂપદ્વારમાં તેનું જ સ્વરૂપ કહેવું ઉચિત છે, નહિ કે પ્રાણાતિપાતનું. કારણ કે પ્રાણાતિપાતનો અર્થ પ્રાણવિનાશ છે. તેનો ત્યાગ તે પ્રાણાતિપાતવિરતિ છે. વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે કે–हिंसानृतस्तेयाब्रह्मपरिग्रहेभ्यो विरतिर्व्रतम् (તત્ત્વા. ૭–૧) "હિંસા, અનૃત (=અસત્ય), સ્તેય (=ચોરી), અબ્રહ્મ (=મૈથુન) અને પરિગ્રહ એ પાંચ પાપોથી અટકવું તે વિરતિ છે."

**ઉત્તર**:– વિષય (=પ્રાણાતિપાત) અને વિષયી (=પ્રાણાતિપાતનિવૃત્તિ) એ બેના અભેદ ઉપચારથી પ્રાણાતિપાત સંબંધી નિવૃત્તિનો પણ પ્રાણાતિપાત શબ્દથી ઉલ્લેખ કર્યો છે. આથી અહીં કોઈ દોષ નથી.

સામાન્યથી જ (વિશેષથી નહિ) સાધુ અને શ્રાવક એ બંને પ્રાણાતિપાતના સ્વામી છે એ જણાવવા માટે અહીં સૂક્ષ્મ અને સ્થૂલ એવા ભેદ વિના જ પ્રાણાતિપાતનું સ્વરૂપ કહ્યું છે. એ બંનેની પ્રાણાતિપાતની નિવૃત્તિ તો જે પ્રમાણે (=જેટલી) થઈ શકે તે પ્રમાણે (=તેટલી) વિચારવી. [૨૧]

સ્વરૂપદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે ભેદદ્વારનો અવસર છે. (આથી) ભેદદ્વારને જણાવવા કહે છે:–

**थूला सुहुमा जीवा, संकप्पारंभजो य सो दुविहो ।**
**सवराह निरवराहो, साविक्खो तह य निरविक्खो ॥ २२ ॥**

**ગાથાર્થ**:– સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારના જીવો છે, અર્થાત્ સ્થૂલ અને સૂક્ષ્મ એમ બે પ્રકારનો પ્રાણાતિપાત છે. તે બંને પ્રકારનો પ્રાણાતિપાત સંકલ્પજ અને આરંભજ એમ બે પ્રકારનો છે. સંકલ્પજ પ્રાણાતિપાત સાપરાધ અને નિરપરાધ એમ બે પ્રકારનો છે. સર્વ પ્રકારનો પ્રાણાતિપાત સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે પ્રકારનો છે.

**ટીકાર્થ** :– ચક્ષુ ઇંદ્રિયથી જોઈ શકાય તેવા બેઇંદ્રિય વગેરે જીવો સ્થૂલ છે. ચક્ષુથી ન જોઈ શકાય તેવા એકેંદ્રિય જીવો સૂક્ષ્મ છે. [1]સૂક્ષ્મદષ્ટિથી જોઈ શકાતા હોવાથી સૂક્ષ્મ સમજવા, સૂક્ષ્મ નામ કર્મોદયથી સૂક્ષ્મ ન સમજવા. કારણ કે સૂક્ષ્મ નામકર્મના ઉદયવાળા એકેંદ્રિય જીવોનો બીજાથી નાશ થતો જ નથી. તેમનું મૃત્યુ આયુષ્યના ક્ષયથી જ થાય છે.

જીવના આ બે ભેદ કહીને આશ્રય (=જીવ) અને આશ્રયી (=પ્રાણાતિપાત) એ બેના અભેદ ઉપચારથી પ્રાણાતિપાત સ્થૂલ અને સૂક્ષ્મ એ બે પ્રકારનો છે એમ કહ્યું છે. તેથી પ્રાણાતિપાતના ભેદદ્વારમાં પણ જીવોના ભેદો કહેવા એ યોગ્ય જ છે. આ પ્રમાણે ગાથાનો અર્થ સૂક્ષ્મબુદ્ધિથી વિચારવો.

બીજી રીતે પણ પ્રાણાતિપાતના બે ભેદ કહે છે :– સંકલ્પથી અને આરંભથી પ્રાણાતિપાત બે પ્રકારનો છે. "આ કુલિંગીને મારું" એવો માનસિક સંકલ્પ એ આરંભ છે. ખેતી (રસોઈ, વસ્ત્ર પ્રક્ષાલન) વગેરે આરંભ છે. સંકલ્પથી થતો આરંભ સંકલ્પજ છે, અને આરંભથી થતો પ્રાણાતિપાત આરંભજ છે. પૂર્વોક્ત સ્થૂલ અને સૂક્ષ્મ એ બંનેય પ્રકારનો પ્રાણાતિપાત સંકલ્પજ અને આરંભજ એમ બે પ્રકારનો છે. સંકલ્પજ પ્રાણાતિપાત પણ સાપરાધ અને નિરપરાધ એમ બે પ્રકારનો છે. અપરાધ કરનાર= પ્રતિકૂલ વર્તનાર જીવ સાપરાધ છે. સાપરાધ જીવનો વધ પણ પૂર્વોક્ત જ હેતુથી (= આશ્રય–આશ્રયીના[=આધાર–આધેયના] અભેદ ઉપચારથી) સાપરાધ કહેવાય. અપ-રાધથી રહિત હોય તે નિરપરાધ છે. પ્રાણાતિપાત કરનાર જીવ જો સાપેક્ષ હોય, અર્થાત્ સાપેક્ષભાવથી (=નિર્દય બન્યા વિના કોમલભાવથી) પ્રાણાતિપાત કરે તો સર્વ પ્રકારનો પ્રાણાતિપાત સાપેક્ષ છે, અને પ્રાણાતિપાત કરનાર નિરપેક્ષ હોય, અર્થાત્ નિરપેક્ષ-ભાવથી પ્રાણાતિપાત કરે તો આ સર્વ પ્રકારનો પ્રાણાતિપાત નિરપેક્ષ છે.

સ્થૂલ પ્રાણાતિપાતની નિવૃત્તિ કરનાર શ્રાવકે સંકલ્પજ અને નિરપરાધ પ્રાણાતિ-પાતથી નિવૃત્ત થવું જોઇએ. સાપરાધ પ્રાણાતિપાતમાં તો ગૌરવ–લાઘવનો વિચાર કરીને સાપેક્ષ ક્રિયાથી (હૃદય નિર્દય–નિષ્ઠુર ન બને તે રીતે) પ્રવૃત્તિ કરવી જોઈએ. નિરપેક્ષતા (નિર્દયતા કે નિષ્ઠુરતા) ન કરવી જોઇએ.

જો કે શ્રાવકને આરંભજ પ્રાણાતિપાતનો નિયમ નથી, તો પણ તેમાં યતનાથી (જીવ હિંસા ઓછી થાય તેવી કાળજીથી) પ્રવૃત્તિ કરવી જોઇએ.[2] [૨૨]

---

૧. સૂક્ષ્મદષ્ટિ શબ્દના સૂક્ષ્મ એવી દષ્ટિથી કે સૂક્ષ્મદષ્ટિવાળાથી એમ બંને અર્થ થઈ શકે. અહીં સૂક્ષ્મદષ્ટિ એટલે સમ્યગ્દર્શન કે કેવલજ્ઞાન. સમ્યગ્દષ્ટિ આત્મા જિનાગમથી એકેંદ્રિયને જોઈ શકે છે. કેવલજ્ઞાની આત્મા સાક્ષાત્ એકેંદ્રિયને જોઈ શકે છે.

૨. **સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ** :–નિષ્કારણ, નિરપરાધી, ત્રસજીવોની સંકલ્પપૂર્વકની હિંસાનો ત્યાગ. (૧) આ વ્રતમાં ત્રસ અને સ્થાવર એ બે પ્રકારના જીવોમાંથી ત્રસજીવોની જ હિંસાનો ત્યાગ

બીજું દ્વાર પૂર્ણ થયું. "હવે પ્રાણાતિપાતની વિરતિ જેવી રીતે થાય છે" એ (ઉત્પત્તિ) દ્વાર કહે છે.

**सम्मत्तंमिवि पत्ते, बीयकसायाण उवसमखएणं ।**
**तव्विरईपरिणामो, एवं सव्वाणवि वयाणं ॥ २३ ॥**


**ગાથાર્થ** :– સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી પણ અપ્રત્યાખ્યાન નામના બીજા કષાયના ક્ષયોપશમથી પ્રાણાતિપાતવિરતિનો પરિણામ થાય છે. એ પ્રમાણે મૃષાવાદ–વિરતિ વગેરે બધાય વ્રતોનો પરિણામ અપ્રત્યાખ્યાન કષાયના ક્ષયોપશમથી થાય છે.

**ટીકાર્થ** :–અહીં "સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થયા પછી પણ" એ કથનનો ભાવ એ છે કે જેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ નથી થઈ તેને વિરતિપરિણામ થતો જ નથી. [૨૩]

---

કરવામાં આવે છે. ગૃહસ્થપણામાં સ્થાવર જીવોની હિંસાનો ત્યાગ અશક્ય છે. (૨) તેમાં પણ સંકલ્પથી એટલે કે મારવાની બુદ્ધિથી, હિંસાનો ત્યાગ કરવામાં આવે છે. મારવાની બુદ્ધિ ન હોવા છતાં ખેતી, રસોઇ આદિની પ્રવૃત્તિમાં અજાણતાં કે સહસા વગેરે કારણોથી ત્રસ જીવો હણાઈ જાય તો તે આરંભ-જન્ય હિંસાનો ત્યાગ થતો નથી. (૩) તેમાં પણ નિરપરાધીજીવોની જ હિંસાનો ત્યાગ કરવામાં આવે છે. કોઈ બદમાસ સ્ત્રીની લાજ લેતો હોય, ઘરમાં ચોર પેઠો હોય, હિંસક પ્રાણી હુમલો કરે, કૂતરું કરડવા આવે, રાજા હોય તો શત્રુની સાથે લડવું પડે, વગેરે પ્રસંગોમાં અપરાધીને યથાયોગ્ય શિક્ષા આદિ કરતાં સ્થૂલ હિંસા થઈ જાય છે. અપરાધીને મારવો પડે તો તેમાં થતી હિંસાનો ત્યાગ થતો નથી. (૪) તેમાં પણ નિષ્કારણ હિંસાનો ત્યાગ છે. નિરપરાધી હોવા છતાં કારણસર પ્રમાદી પુત્ર આદિને, બરોબર કામ ન કરનાર નોકર આદિને કે અપલક્ષણા બળદ આદિને મારવાનો પ્રસંગ આવે તો તેનો નિયમ નથી.

**હિંસાના પ્રકારો :-**




આમ મહાવ્રતની અપેક્ષાએ અણુવ્રતમાં સવા વસો (રૂપિયામાં એક આની જેટલું) અહિંસાનું પાલન થાય છે.

ત્રીજું દ્વાર કહ્યું. હવે ચોથું દ્વાર કહેવાય છે :–

**पाणाइवायअनियत्तणंमि इहलोय परभवे दोसा ।**
**पइमारिया य इत्थं, जत्तादमगो य दिट्टंता ॥ २४ ॥**

**ગાથાર્થ** :–પ્રાણાતિપાતથી નિવૃત્ત ન થવામાં આ લોકમાં અને પરલોકમાં દોષો થાય છે આ વિષે પતિમારિકા અને યાત્રાદ્રમક એ બે દૃષ્ટાંતો છે.

**ટીકાર્થ** :–ગાથાનો ભાવાર્થ બે કથાઓથી જાણવો. તે બેમાં પહેલી કથા કહેવામાં આવે છે :–

## પતિમારિકાનું દૃષ્ટાંત

લાટ દેશમાં ભૃગુકચ્છનગરમાં ઘણા છાત્રોને (=શિષ્યોને) ભણાવનાર ગંગક નામનો એક ઉપાધ્યાય (= અધ્યાપક) હતો. તેની નર્મદા નામની યુવાનપત્ની હતી. એકવાર તેણે ઉપાધ્યાયને કહ્યું: હું વિશ્વદેવોની (=શ્રાદ્ધના સત્યક્રતુ વગેરે દેવોની) પૂજાના સમયે બલિ નાખું છું ત્યારે મને કાગડાઓ હેરાન કરે છે, માટે કાગડાઓથી મારી રક્ષા કરો. તેના વક્ર સ્વભાવને નહિ જાણતા ઉપાધ્યાયે છાત્રોને કહ્યું: ભટિણી બલિ નાખે ત્યારે તમારે દરેકે વારાફરતી એનું કાગડાઓથી રક્ષણ કરવું, જેથી એ સુખપૂર્વક બલી નાખી શકે. છાત્રોએ તે આજ્ઞાનો સ્વીકાર કર્યો. તે પ્રમાણે દિવસો પસાર થઈ રહ્યા હતા. એકવાર કુશળ છાત્રનો વારો આવ્યો. તેણે વિચાર્યું: આ બહુ ભોળી નથી, કિંતુ પોતાના વ્યભિચારને છુપાવવા માટે એનો આ દંભ છે. તેથી આજે હું રાત–દિવસ તેની જવા–આવવાની ચેષ્ટા જોઉં, એમ વિચારીને તેને ખબર ન પડે તે રીતે તેની પ્રવૃત્તિને જોવા લાગ્યો. સાંજે તે ઘડો લઈને પાણી લાવવા માટે નર્મદા નદી તરફ ચાલી. છાત્ર પણ તેની ચેષ્ટા જોવાને તેની પાછળ ગયો. તે નદીના કાંઠે આવીને કછોટો બાંધીને ઘડાને નદીના પાણીમાં ઊંધો રાખીને તેના આધારે નદી તરવા માંડી, છાત્ર પણ તેને ખબર ન પડે તે રીતે જ નદી તરીને ક્ષણવારમાં સામા કિનારે આવી ગયો. તે સામા કિનારે આવીને તે પ્રદેશમાં રહેતા એક યુવાન ગોવાળની પાસે ગઈ. તેની સાથે ઘણા વખત સુધી કામક્રીડા કરીને તે જ પ્રમાણે પાછી આવવા લાગી. આ દરમિયાન નદી ઉતરવામાં નદીમાં ક્યાં ખરાબ સ્થળ છે એમ નહિ જાણતા ચોરો નદીને ઉતરવા લાગ્યા. સુંસુમાર નામના જલચર પ્રાણીએ તેમને પકડ્યા. તેથી ચોરો સુંસુમારને વિવિધ મારોથી મારવા લાગ્યા. તો પણ તેણે ચોરોને છોડ્યા નહિ. આ જોઈને ભટિણીએ કહ્યું: હે ભદ્રો! તમે ખરાબ સ્થળેથી નદી ઉતર્યા તેથી સુંસુમારથી પકડાયા. આ સુંસુમાર આ રીતે પીઠ વગેરેમાં મારવાથી દૂર ન ખસે, શું તમે સુંસુમારની પકડ સાંભળી નથી? (અર્થાત્ સુંસુમારની પકડમાંથી બચવાનો ઉપાય તમે જાણતા નથી.) તમે એની આંખોને દબાવો. ચોરોએ તેમ કર્યું, એટલે સુંસુમાર દૂર ભાગી ગયો. છાત્રે ભટિણીની રાતની આ બધી

રમત જાણી લીધી. પછી કાગડાઓથી રક્ષણ કરવાના પ્રસંગે કોઈ ન હતું ત્યારે તે (એક કાવ્ય) બોલ્યો. તે આ પ્રમાણે:–"તું દિવસે કાગડાઓથી ભય પામે છે, પણ રાતે નર્મદાને તરે છે, કુતીર્થોને (=નદી ઉતરવાના ખરાબ માર્ગોને) જાણે છે, અને નેત્રને દબાવવાનું જાણે છે." આમ બોલીને તેણે ભટિણીને (હું તારું બધું જાણું છું એમ) જણાવ્યું. તેથી ભટિણીએ તેના વડે હું જણાઈ ગઈ છું એમ વિચારીને કહ્યું: તમારા જેવા કુશળ ન મળવાથી હું આમ કરું છું. શું કરું? જેમ તેમ સમય પસાર કરું છું. હવેથી તો તું જ મારો પ્રાણનાથ છે. છાત્રે કહ્યું: આહા! તું શું ઉપાધ્યાયની પણ લજ્જા રાખતી નથી? (આ સાંભળીને) તેણે વિચાર્યું: આ પ્રમાણે બોલતા આ છાત્રનો આશય એ છે કે આપણા બેના મિલન માટે ઉપાધ્યાય કાંટા સમાન છે. તેથી એને મારી નાખ. આ પ્રમાણે સ્વમતિથી વિચારીને રાતે સુખપૂર્વક સુતેલા ઉપાધ્યાયને છરીથી મારી નાખ્યો. પછી તેના શરીરના ઘણા ટુકડા કરીને જુની પેટીમાં નાખી દીધા. ટુકડાઓને પરઠવવા માટે મળશ્કે પેટીને મસ્તકે મૂકીને જંગલમાં ગઈ. પરઠવતી વખતે કુલદેવે પેટીને મસ્તક ઉપર જ અટકાવી દીધી. તેથી લજ્જાના કારણે નગરમાં આવવા અસમર્થ તેણે કેટલાક દિવસો ત્યાં જ પસાર કર્યા. એકવાર અતિશય ભૂખથી ખૂબ પીડાતી તે લજ્જાને છોડીને શહેરમાં પેઠી. ઘરે ઘરે પતિમારિકાને (=પતિને મારનારીને) ભિક્ષા આપો એમ બોલતી અને રોતી ભિક્ષા માટે ફરવા લાગી. જીવોના લજ્જા વગેરે ગુણો ત્યાં સુધી જ ફેલાય છે કે જ્યાં સુધી પિશાચણી જેવી ભૂખ ઉછળતી નથી. કહ્યું છે કે–**"રૂપ, શોભા, સૌભાગ્ય, જ્ઞાન, માન, પરાક્રમ, સત્ત્વ, લજ્જા અને ઇંદ્રિયના વિષયો– આ બધાને એકલી ભૂખ હણી નાખે છે."** કેટલાક કાળ બાદ તેના તે (અશુભ) કર્મનો ક્ષયોપશમ થતાં સામે મળેલી સાધ્વીઓને જોઈને તેણે વિચાર્યું: કામ ભોગોથી વિરક્ત આ સાધ્વીઓ ધન્ય છે કે જેઓ સર્વ સાવદ્યોની નિવૃત્તિને સ્વીકારીને પ્રકૃષ્ટ સંતુષ સુખથી તૃપ્ત રહે છે. પણ અત્યંત પાપિણીએ મેં આ લોક અને પરલોક વિરુદ્ધ એવું કર્યું કે જેથી હું છોડવા કે લેવા અસમર્થ બની. સાધ્વીજીઓના ચરણોમાં પડવાની ઇચ્છાવાળી થયેલી તેની પેટી ભૂમિ ઉપર પડી.

## રાજગૃહાના ભિખારીનું દૃષ્ટાંત

બીજું દૃષ્ટાંત આ પ્રમાણે છે:– રાજગૃહનગરમાં કોઈ ભિખારી રહેતો હતો. તે નગરમાં કોઈ ઉત્સવ પ્રસંગે ઉજાણીમાં ક્રીડા કરવા માટે લોકો વૈભાર નામના ઉત્તમ પર્વતની પાસે આવેલા, વિવિધ વનવિભાગોથી વિભૂષિત અને જેમાં સર્વ ઋતુનાં ફળો વગેરે થાય છે એવા ઉદ્યાનમાં ગયા. તે ભિખારી બે પ્રહર જેટલો દિવસ થયો ત્યારે ભિક્ષા માટે નગરમાં જ પેઠો. લોકોના ઉજાણીમાં જવાના વૃત્તાંતને ન જાણતા તેણે દરેક ઘરે ફરવાનું શરૂ કર્યું. તેને કોઈ ભિક્ષા આપતું નથી. ઘરના રખેવાળ વગેરેએ તેને કહ્યું:

આજે બધા લોકો ખાદ્ય (=ખાવા લાયક), પેય (=પીવાલાયક), ચૂષ્ય (=ચુસવા લાયક) અને લેહ્ય (=ચાટવા લાયક) વગેરે વસ્તુઓ લઈને ઉદ્યાનમાં ગયા છે. તેથી તું ત્યાં જ જઈને માગ. આથી તે ઉદ્યાનમાં પહોંચ્યો ત્યાં સુધીમાં તો બધા ય લોકો ભોજન કરીને નાટક વગેરે જોવામાં લીન બની ગયા હતા. કોઇ તેને ઉત્તર પણ આપતું નથી. તેથી એ ભૂખ્યો હોવાથી અત્યંત ગુસ્સે થયો. પર્વતનાં ઊંચા શિખર ઉપર ચડીને લોકોને હણવા માટે એક શિલાની નીચે ખોદીને, ક્રોધથી પોતાના આત્માને ભૂલી ગયેલ તેણે તે શિલાની નીચે જ રહીને, તે શિલાને પાડવા માંડી. પડતી તે શિલાથી તેનો જ ચૂરો થઇ ગયો. પ્રલયકાલમાં થયેલી ઘટના વખતે વાગેલી વનઘંટાના ભયાનક અવાજ જેવા તે શિલાના ખટખટ અવાજથી ત્રાસી ગયેલા લોકો આમતેમ ભાગી ગયા. તે રૌદ્રધ્યાનથી મરીને (સાતમી) નરકમાં દુઃખનું ભાજન થયો. આ પ્રમાણે જેમ આ પતિમારિકા, અને ભિખારી પ્રાણાતિપાતની નિવૃત્તિ ન કરવાથી આ લોકમાં અને પરલોકમાં દુઃખનું ભાજન થયા, એમ બીજા જીવો પણ થાય. [૨૪]

હવે પાંચમું ગુણદ્વાર કહેવામાં આવે છેઃ—

**जे पुण वहविरइजुया, उभओ लोगेऽवि तेसि कल्लाणं ।**
**जह सूवगहियदारगदामन्नगमाइयाणं च ॥ २५ ॥**

**ગાથાર્થ**:— પણ જેઓ પ્રાણાતિપાતવિરતિથી યુક્ત છે તેઓનું રસોઈયાએ લીધેલ શ્રાવકપુત્ર અને દામનક વગેરેની જેમ બંને ય લોકમાં કલ્યાણ થાય છે.

**ટીકાર્થ**:— આદિ શબ્દથી ક્ષેમ વગેરે દૃષ્ટાંતો છે. આ પ્રમાણે ગાથાનો સંક્ષિપ્ત અર્થ છે. વિસ્તૃત અર્થ તો કથાઓથી જાણવો. તે કથાઓ ક્રમશઃ કહેવામાં આવે છે.

## શ્રાવકપુત્રનું દૃષ્ટાંત

પૂર્વે ધાન્યપુર ગામમાં મહાસમૃદ્ધિવાળા માણિભદ્ર નામના શ્રાવકનો ધર્મરુચિ નામનો પુત્ર હતો. તે પ્રશમ વગેરે ગુણસમૂહથી અલંકૃત હતો, તેનું સમ્યક્ત્વ નિષ્કલંક હતું, તેણે અણુવ્રતો સ્વીકાર્યાં હતાં, તેણે જૈનદર્શનનો સારી રીતે અભ્યાસ કર્યો હતો. આ પ્રમાણે તે ધર્મમાં રુચિવાળો હોવાથી તેનું ધર્મરુચિ એવું નામ યથાર્થ હતું. ક્યારેક પોતાના મિત્રોથી પરિવરેલો એ ગામની બહાર ગયો. ક્યાંકથી આવેલા ચોરોએ તેનું અપહરણ કરીને તેને ઉજ્જૈની લઈ ગયા. તેને રાજાના રસોઈયાને વેચ્યો. રસોઇયો તેને પોતાના નિવાસમાં લઈ ગયો. રસોઈયાએ તેને કહ્યું : તેતર વગેરેને માર. તેણે તેમને છોડી દીધા. તેથી રસોઈયાએ તેને ઘણો ઠપકો આપ્યો, અને ફરી આ પ્રમાણે ન કરવું એમ કહીને રાખ્યો. બીજા દિવસે તેતર વગેરેને માર એમ કહ્યું. ત્યારે તેણે હું નહિ મારું એમ કહ્યું. તેથી રસોઈયાએ તેને નહિ કહેવા જેવાં વચનો કહીને મારવાનું કહ્યું.

તો પણ તેણે મારવાની ઇચ્છા ન કરી. આથી કોપાવેશથી રસોઇયાએ તેને ગાઢ માર્યો. માર ખાતાં ખાતાં તે ચીસો પાડવા લાગ્યો. નજીકના ઝરુખામાં રહેલા રાજાએ તેને ચીસો પાડતો સાંભળીને પૂછ્યું : આ કેમ બહુ ચીસો પાડે છે ? તેથી એક પુરુષે કહ્યું : રસોઇયાએ તેને કિંમતથી ખરીદી લીધો હોવા છતાં અને તેતર વગેરેને મારવાની આજ્ઞા કરવા છતાં મારવા ઇચ્છતો નથી. રાજાએ કહ્યું: એને જોઉં, અહીં લાવો. માણસો તેને રાજા પાસે લઈ આવ્યા. તે રાજાના ચરણોમાં પડ્યો. રાજાએ તેને પૂછ્યું : તેતર વગેરેને શા માટે મારતો નથી ? તેણે કહ્યું: હે દેવ ! મેં જીવોને ન મારવાનો નિયમ લીધો છે. રાજાએ કહ્યું: જે સ્વાધીન હોય તેને નિયમ હોય, તું તો પરાધીન છે. તેણે કહ્યું: બીજો મને શું કરશે ? તેથી રાજાએ તેના સાહસની પરીક્ષા માટે લલાટપટ્ટને ખોટી રીતે ભ્રૂકુટિથી ભયંકર બનાવીને નજીકમાં રહેલા પુરુષોને કહ્યું: અરે રે ! ખોટા નિયમનો અભિમાન ધારણ કરનારા એને ચાબુકના પ્રહારોથી મારો. તો પણ તેણે મારવાની ઇચ્છા ન કરી.

તેથી રાજાએ દુષ્ટ હાથી મંગાવ્યો. રાજા તે હાથીથી તેને બીવડાવવા લાગ્યો. એથી એણે કહ્યું: હું એક મરી જઉં એ સારું, પણ અનેકને મારું એ સારું નથી. કારણ કે આ પ્રમાણે સંભળાય છે:–**"જે કોઇ પોતાના એકના જીવન માટે ઘણા ક્રોડ જીવોને દુઃખમાં નાખે છે તેમનું જીવન શું શાશ્વત છે ?"** તેથી રાજાએ કહ્યું: હે રસોઇયા ! આને મને જ આપી દે. તેથી રસોઇયાએ 'જેવી દેવની આજ્ઞા' એમ કહીને તેને રાજાની પાસે મૂક્યો. રાજાએ વિચાર્યું: અભિગ્રહના આવા આગ્રહવાળો આ અંગરક્ષાના કાર્યમાં યોગ્ય છે. પછી લક્ષપાક તેલથી અંગમર્દન કરીને તેને નવડાવ્યો. પછી મુખ્ય આસન ઉપર જમાડીને શરીરરક્ષાના કાર્યમાં નીમ્યો. (સમય જતાં) તેને સમૃદ્ધદેશનો અધિપતિ કર્યો. ઘણા કાળ સુધી જીવલોકના સારભૂત પાંચ પ્રકારના વિષય-સુખો અનુભવ્યા. એકવાર તેવા (=ઉત્તમ) આચાર્યની પાસે ધર્મ સાંભળીને દીક્ષા લીધી. જીવવધની નિવૃત્તિથી આને આ પ્રમાણે થયેલો લાભ બતાવ્યો.

## દામનકનું દૃષ્ટાંત

કોઇ મચ્છીમાર મહામહિનામાં સાંજે જાલથી માછલા લઈને તેવા પ્રકારના જલાશયમાંથી બહાર આવ્યો. તેણે નજીકમાં રહેલા અને વસ્ત્રરહિત ઠંડીને સહન કરતા એક મુનિને જોયા. દયાથી યુક્ત અંતઃકરણવાળો તે મુનિને જાળથી વીંટીને પોતાના ઘરે ગયો. રાતે તેણે વિચાર્યું: હું પરાળના સંથારામાં રહેલો છું, નજીકમાં રહેલી પ્રિય અને ઉત્તમ પત્ની મને ભેટેલી છે, બળતી જ્વાલાઓના સમૂહરૂપ જટાઓથી જટાવાળો અગ્નિ નજીકમાં રહેલો છે, આમ છતાં બરફના અણુસમૂહને વહન કરતો પવન ગાઢ

વાઈ રહ્યો હોવાથી, મારી કાયારૂપી લાકડી ઠંડીની વેદનાથી કંપી રહી છે, તો પછી તેવા ખુલ્લા સ્થાનમાં રહેલા મહાનુભાવ તે તપસ્વી અત્યંત દુઃસહ ઠંડીની પીડા કેવી રીતે સહન કરી શકે? આ પ્રમાણે તેણે વારંવાર વિચાર્યું. મહાકષ્ટથી રાત્રિ લગભગ પૂર્ણ થવા આવી ત્યારે (=મળસ્કે) સાધુની પાસે તે ગયો તો મુનિને તે જ પ્રમાણે ઊભા રહેલા જોયા. ભક્તિના સમૂહથી પૂર્ણમનવાળો તે મુનિના ચરણોમાં પડચો. મુનિના શરીર ઉપરથી જાળ લઇ લીધી. આ વખતે અનુપમપ્રભાના સમૂહથી કમલવનને વિકાસિત કરતો અને ફેલાયેલા અંધકારરૂપી શત્રુનો વિનાશ કરતો સૂર્ય ઉદયાચલ પર્વતના શિખર ઉપર આરૂઢ થયો. સાધુએ પણ કાયોત્સર્ગ પાર્યો. તેને ધર્મલાભ આપીને ધર્મ-દેશના શરૂ કરી. તેવા પ્રકારના ક્ષયોપશમથી તે પ્રતિબોધ પામ્યો. જીવદયા મનમાં એકમેક રૂપે પરિણમી ગઈ. તેણે 'હું મચ્છીમાર છું' એમ મુનિને કહ્યું. પછી જીવહિંસા ન કરવાનો નિયમ લેવા તૈયાર થયો. સાધુએ તેને કહ્યુંઃ બરોબર વિચાર કરીને નિયમ લે. વિચાર કર્યા વિના જ લીધેલો નિયમ પાળવો અશક્ય છે=દુષ્કર છે. તેણે કહ્યુંઃ આ મેં વિચારી જ લીધું છે. અહીં પોતાના મનને કાબૂમાં રાખનારાઓને કંઈ પણ દુષ્કર નથી, પછી તેનો આગ્રહ જાણીને સાધુએ જીવહિંસા ન કરવાનો અભિગ્રહ આપ્યો. જાળને છેદીને પોતાના ઘરે ગયો. તેની પત્નીને તેના આ નિયમની ખબર પડી એટલે તે તેના ઉપર ગુસ્સે થઇને ગમે તેમ બોલવા લાગી. વારંવાર પત્નીએ માછલા મારવા માટે તેને કહ્યું એટલે તે બોલ્યોઃ હે ભદ્રે! આ પ્રમાણે વારંવાર શા માટે બોલ બોલ કરે છે? જીવતો હું માછલા પકડીને આજીવિકા નહિ કરું. કારણ કે કહ્યું છે કે–**"પ્રાણો જાય તો પણ બુદ્ધિમાન પુરુષે તે કરવું યોગ્ય નથી કે જે ઉભયલોકમાં ઘણું વિરુદ્ધ હોય, અહિત-કર અને ભવભ્રમણ કરનારું હોય."** આ વખતે તેની પત્નીનો કકળાટ સાંભળીને મચ્છીમારના પાડામાં રહેલા બધા ય લોકો ભેગા થઈ ગયા. તેમણે કહ્યુંઃ આપણા કુળમાં ઉત્પન્ન થઇને પણ અત્યંત દયાળુ બને છે? વિધાતાએ જીવરક્ષાથી આપણો નિર્વાહ વિચાર્યો નથી. આથી જાળ લઇને તું જાતે અમારી સાથે માછલા પકડવા માટે નદીના કિનારા તરફ ચાલ, નહિ તો અમે તને ગળે પકડીને પણ લઇ જઇશું. તેથી તેમના કર્કશવચનોરૂપી મારથી મરાયેલો તે નદીના કિનારે ગયો. તેમણે તેને જાળ આપી. તેણે જાળ પાણીમાં નાખી. જાળને માછલાથી ભરેલી જોઇને દયાળુ તેણે પશ્ચાત્તાપ થવાથી પાછી પાણીમાં મૂકી દીધી. બધા માછલા જાળમાંથી નીકળી ગયા. પણ એક માછલાની પાંખ ભાંગી ગઇ. ત્યારબાદ ફરી તેમના બલાત્કારથી પ્રેરાઇને બીજીવાર જાળ પાણીમાં નાખી. પૂર્વ પ્રમાણે જ જોઇને ફરી જાળ પાણીમાં મૂકી દીધી. એ પ્રમાણે ત્રીજીવાર કર્યું. પછી તેમની અપેક્ષા (=શરમ) રાખ્યા વિના તેણે કહી દીધું કે, હે સ્વજનો! મારા પ્રાણ જશે તો પણ હું આ નિર્દય કાર્ય નહિ કરું. તમને જે ગમે તે તમે કરો. આથી તેઓ પણ તેની મક્કમતા જાણીને મૌન રહ્યા. તેણે પણ પ્રાણાતિપાતવિરતિની પ્રતિજ્ઞા કેટલોક

કાળ પાળી, દયાગુણથી મનુષ્યનું આયુષ્ય બાંધીને, મરીને, રાજગૃહ નગરીમાં (દામન્નક નામનો) શ્રેષ્ઠિપુત્ર થયો.

ભવિતવ્યતાના કારણે તેનું કુલ મરકી રોગથી નાશ પામ્યું. મારીના ફેલાવાના ભયથી લોકોએ તેના ઘરને વાડથી ચારે બાજુ બંધ કરી દીધું. આ બાળક પૂર્વભવે પાળેલ જીવદયાવ્રતના પ્રભાવથી ન મર્યો. કહ્યું છે કે–**"રણમાં, વનમાં, શત્રુની વચ્ચે, પાણીમાં, અગ્નિમાં, મહાસમુદ્રમાં કે પર્વતના શિખર ઉપર અસાવધાનપણે સુતેલાનું કે વિષમદશામાં રહેલાનું પૂર્વે કરેલાં પુણ્યો રક્ષણ કરે છે."** એકવાર ઘરના ફળિયામાં ફરતો તે વાડમાં કૂતરાએ કરેલી છીંડીને જોઈને તેમાંથી બહાર નીકળી ગયો. તે જ શહેરમાં ભિક્ષા માટે ઘરે ઘરે ભમતો તે મોટો થયો. રાતે દુકાનના એક ભાગમાં સૂઇ રહેતો હતો. એકવાર પોતાની દુકાનમાં રહેલા સમુદ્રદત્ત નામના વણિકે ઠંડીના સમયે તેવા પ્રકારના વસ્ત્રોથી રહિત અને ઠંડીથી ઠરતા શરીરવાળા તેને તે જ રસ્તાથી જતો જોયો. તેથી દયાળુ તે તેને પોતાના ઘરે લઇ ગયો, અને નોકર તરીકે રાખ્યો. બીજા દિવસે તેના ઘરે ભિક્ષા માટે બે સાધુઓ આવ્યા. તેમાં એક સાધુએ બીજા સાધુને કહ્યું : આ ભિખારી આ ઘરનો માલિક બનશે. પડદાના આંતરે રહેલા સમુદ્રદત્ત શેઠે તે વચન સાંભળ્યું. શેઠે વિચાર્યું : મારો પુત્ર વગેરે મારા ઘરના માલિક કેમ નહિ થાય ? મારા ઘરનો આ માલિક કેવી રીતે થશે ? તેથી હજી પણ મુનિનું વચન સાચું ન પડે ત્યાં સુધીમાં કોઈ ઉપાયથી આને મારી નાખું. આ પ્રમાણે વિચારીને તેણે પૂર્વપરિચિત એક ચાંડાલને બોલાવ્યો. તેને દાન અને સન્માનથી આકર્ષીને નોકરને મારવાની આજ્ઞા કરી. ચાંડાલે તે સ્વીકાર્યું. એકવાર દુકાનના માર્ગે કપટથી શેઠે ચંડાલ પાસે દ્રમ્મ[1] માગ્યા. ચાંડાલે કહ્યું : હમણાં મારી પાસે દ્રમ્મ નથી. જો કોઈને મારા સ્થાને મોકલો તો આપી દઉં. તેથી શેઠે પાસે રહેલા દામન્નકને જ મોકલ્યો. તે ચાંડાલની સાથે ગયો. નગરના છેડે રહેતો ચાંડાલ તેને ચાંડાલના પાડાથી ઘણું દૂર લઇ ગયો. પછી દામન્નકના પુણ્યના પ્રભાવથી તેને દયા આવી. આથી તેણે દામન્નકને શેઠે મારવાની આજ્ઞા આપી છે એ વૃત્તાંત જણાવીને કહ્યું: જો તું અહીંથી દૂર ભાગી જાય તો મેં તને મારી નાખ્યો છે એવી ખાતરી શેઠને કરાવવા માટે તારી આંગળી કાપીને તને જીવતો છોડી દઉં. નહિ તો અવશ્ય મારી નાખું છું. ચાંડાલે આ પ્રમાણે કહ્યું એટલે અત્યંત ભય પામેલા તેણે કહ્યું : તું મને મૂકી દે, તું જે કહે તે હું કરું. દામન્નકે એ સ્વીકાર્યું એટલે ચાંડાલે તેની આંગળી લઇને તેને છોડી દીધો.

મરણના ભયથી ગભરાયેલો તે કોઇને ખબર ન પડે તે રીતે તે જ શેઠના ગોકુળમાં ગયો. ત્યાં તેના ઘરે જ વાછરડાઓનું પાલન કરવા રહ્યો. આ તરફ ચાંડાલે

૧. દ્રમ્મ એ તે વખતનું ચલણી નાણું છે. તેની ગણતરી આ પ્રમાણે છે:– ૨૦ કોડિ= ૧ કાકિણી. ૪ કાકિણી= ૧ પણ. ૧૬ પણ= ૧ દ્રમ્મ. ૧૬ દ્રમ્મ= ૧ નિષ્ક.

શેઠને તેની આંગળી બતાવી. શેઠ નિશ્ચિંત બની ગયો. એકવાર તે સાંજના ગોકુલમાં ગયો. અશ્વ વગેરે ચતુષ્પદ પ્રાણીઓને જોતા તેણે વાછરડાઓની સાથે આવતા દામન્નકને જોયો. તેણે વિચાર્યું: આ દામન્નક કેમ દેખાય છે? પછી શેઠે અનુકૂલ વચનોથી તેને બોલાવ્યો. પછી તેને (કપટથી) વિશ્વાસ પમાડચો કે– દ્રમ્મના લોભથી ચાંડાલે આ કાર્ય કર્યું છે, આવા કાર્યોમાં મારું મન પણ ન પ્રવર્તે, એથી ચાંડાલની હકીકત નિઃશંકપણે મને કહે. તેથી દામન્નકે ચાંડાલની બધી હકીકત કહી. શેઠે વિચાર્યું: દામન્નક વિષે ભાગ્યે ગાઢ પક્ષપાત બાંધ્યો છે. નહિ તો આ રીતે મારી નાખવા (=મારી નાખવાનો પ્રયત્ન કરવા) છતાં કેમ જીવે? તેથી શું મુનિવચન સત્ય બનશે? અથવા કંઈક થાઓ, અર્થાત્ હજી કંઈક પ્રયત્ન કરવો જોઇએ. "કોઈ પણ પ્રસંગે કંટાળવું નહિ એ લક્ષ્મીનું મૂળ છે" એવો જનપ્રવાદ છે. તેથી બીજો જ કોઇ મરણનો ઉપાય વિચારું. આમ વિચારીને તેણે સ્વપુત્ર સાગરદત્તના નામનો પત્ર લખ્યો. મળસ્કે દામન્નકને પત્ર આપીને રાજગૃહ શહેર તરફ મોકલ્યો. બે પ્રહર જેટલો સમય થતાં તે રાજગૃહ શહેરના નજીકના ઉદ્યાન પાસે આવ્યો. માર્ગના શ્રમથી થાકેલો તે પત્રને ગળે બાંધીને તે ઉદ્યાનમાં જ વિશાળ છાયાવાળા વૃક્ષની નીચે સુઈ ગયો. એટલામાં ભવિતવ્યતાના કારણે તે જ શેઠની પુત્રી સખીઓ સાથે તે જ વખતે ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં આવી. તેણે સ્વર્ગની જેમ વૃક્ષ નીચે પત્રસહિત સૂતેલા દામન્નકને જોયો અને ઓળખ્યો. પત્રની બહાર સાગરદત્ત એવું નામ જોઈને તે જ પ્રમાણે ઊંઘી રહેલા તેની ગાંઠ છોડીને ધીમેથી પત્ર લઇ લીધો. અત્યંત ઉતાવળથી કાગળને ઉઘાડીને વાંચ્યો. તેમાં લખ્યું હતું કે જેણે પગ ધોયા નથી એવા આ દામન્નકને ઝેર આપવું, અર્થાત્ એ આવે કે તુરત તેને ઝેર આપી દેવું. આ વાંચીને શેઠપુત્રી દયામાં તત્પર ચિત્તથી એકીટસે તેને જ જોવા લાગી. તેણે વિચાર્યું: આ બિચારાએ અતિભયંકર વૈરનું કારણ એવું શું કર્યું કે જેથી પિતાએ તેને ઝેર અપાવ્યું. આ પ્રમાણે વારેવારે તેનું નિરીક્ષણ કરતી તેને તેનાં અંગો અને ઉપાંગો જોવાથી તેના ઉપર ગાઢ અનુરાગ થયો. આથી આંખનું કાજળ લઈને નખરૂપી છીપથી 'વિષ આપવું' એના સ્થાને 'વિષા આપવી' એમ કરીને કાગળ બંધ કરી દીધો, અને તે જ પ્રમાણે ગળામાં બાંધી દીધો. ક્ષણવાર ત્યાં ક્રીડા કરીને તે ઘરે ગઇ. ક્ષણ પછી જાગેલો તે પણ ઉઠીને સાગરદત્ત પાસે ગયો. તેને પત્ર આપ્યો. તેણે પણ પિતાના બહુમાનથી સવિનય પત્ર લઈને મસ્તકે મૂકચો. પછી ઉઘાડીને વાંચ્યો. જેણે પગ ધોયા નથી એવા આ દામન્નકને વિષા આપવી એમ વાંચ્યું. વિષા એ તે જ કન્યાનું (=તેની બહેનનું) નામ હતું. પછી તેણે પત્રના અભિપ્રાયનું અવધારણ કર્યું. ગુરુની આજ્ઞામાં કોઈ બીજો વિચાર ન કરવો જોઇએ એ વચનાર્થને યાદ કરતો તે ઉપાધ્યાયની પાસે ગયો. ઉપાધ્યાયને વિવાહ માટે લગ્નશુદ્ધિ પૂછી. ઉપાધ્યાયે જલદી વિચારીને કહ્યું: આજે જ અર્ધી રાતે આ બેના વિવાહ માટે

લગ્નશુદ્ધિ છે, પછી તો બે વર્ષે લગ્નશુદ્ધિ છે. તેથી સાગરદત્તે વિચાર્યું: એક તરફ વિષાને વર મળી ગયો છે, અર્થાત્ વિષાનો વર અત્યારે હાજર છે. અને એક તરફ એનું લગ્ન નજીકમાં છે, બીજું લગ્ન દૂર છે, તેથી હમણાં શું કરવું યોગ્ય છે? અથવા જે થવાનું હોય તે થાય, લગ્ન સાધી લઇએ. એમ વિચારીને પોતાના ઘરે ગયો. અર્ધી રાત થતાં લગ્નવેળાએ [1]ગાંધર્વ વિવાહ કર્યો. પ્રભાતે સૂર્યોદય થતાં શેઠ ગોકુલથી આવ્યો. જેણે નવાં, સ્વચ્છ, ઝીણાં અને સફેદ વસ્ત્રો પહેર્યાં છે એવા દામન્નકને જોયો. શેઠ આવતાં દામન્નક ઊભો થયો અને શેઠને વંદન કર્યું. શેઠે છોકરાને દામન્નકની હકીકત પૂછી. તેણે પત્ર વગેરેની વિગત કહી. તેથી ચિત્તથી ખિન્ન થવા છતાં મુખ ઉપર ખેદનો વિકાર બતાવ્યા વિના કહ્યું: હે પુત્ર! સારું કર્યું. પછી ચિત્રશાલામાં રહેલા પલંગના એક ભાગમાં બેસીને વિચાર્યું: અહો! જે અનુકૂળ હોય ત્યારે અપાયો (=સંકટો) પણ ઉપાયો (=શુભનું કારણ) થાય છે, વિપત્તિ પણ સંપત્તિ બની જાય છે, તે કર્મનો વ્યવહાર વિજય પામે છે. કોઈએ કહ્યું છે કે—"**પુરુષ મનોરથો બીજી રીતે જ કરે છે અને ભાગ્યથી પ્રાપ્તિ થતી હોવાથી કાર્યોની ગતિ બીજી રીતે થાય છે, અર્થાત્ મનુષ્ય વિચારે છે કંઇ અને થાય છે કંઈ.**" કોઇએ આ જે કહ્યું છે તે સત્ય જ થયું. તેથી હવે મુનિવચન અન્યથા નહિ થાય એવી સંભાવના છે. મુનિવચન ભલે સત્ય થાઓ. તો પણ પ્રારંભેલું ઇષ્ટ કાર્ય સિદ્ધ ન થવા છતાં પુરુષે એ વિષયમાં ખિન્ન ન બનવું જોઇએ, બલ્કે પ્રયત્ન કરવો જોઈએ. કહ્યું છે કે—"**અધમ માણસો વિઘ્નના ભયથી કાર્ય શરૂ કરતા નથી. મધ્યમ માણસો વિઘ્નથી હેરાન થાય તો પ્રારંભેલું કાર્ય છોડી દે છે. ઉત્તમ માણસો વિઘ્નોથી વારંવાર હેરાન થવા છતાં પ્રારંભેલા કાર્યને છોડતા નથી.**" આ પ્રમાણે વિચારીને શેઠે પત્નીને બોલાવી. તેની આગળ કહ્યું: મેં કુલદેવતાની એવી માનતા માની છે કે—જે મારી પુત્રીને પરણશે તે બલિ અને પુષ્પોની છાબ લઈને એકલો આવીને તારી પૂજા કરશે. તેથી આજે સાંજે પૂજ્ય કુલદેવતાની પૂજા માટે જમાઇ જશે. માટે તારે પૂજા યોગ્ય બલિ, પુષ્પો વગેરે બધું તૈયાર કરીને રાખવું. પત્નીને આમ કહીને શેઠ પૂર્વપરિચિત બીજા ચંડાળની પાસે ગયો. તેને ઘણી લાંચ આપીને દામન્નકના વધનો સ્વીકાર કરાવ્યો. પછી તે ઘરે આવ્યો. ચક્રવાકના બંધુ સૂર્યે અસ્તાચલ પર્વતના શિખર તરફ પ્રયાણ કર્યું ત્યારે દામન્નકને દેવપૂજાના બહાને હાથમાં બલિની છાબ લઇને નગરથી દૂર રહેલા ચંડિકાદેવીના મંદિરે મોકલ્યો. બજારના માર્ગથી જતા તેને દુકાનમાં રહેલા સાગરદત્તે જોયો. સાગરદત્તે તેને બોલાવીને પૂછ્યું: આ સમયે એકલા જ કયાં ચાલ્યા? તેણે કહ્યું: ચંડિકાદેવીની પૂજા માટે સસરાએ મોકલ્યો છે. તેથી સાગરદત્તે કંઇક ગુસ્સો બતાવીને કહ્યું: અહો! દેવપૂજાનો સમય સારો છે!

---

૧. પરણનાર પુરુષ અને સ્ત્રી એ બંનેની સંમતિથી થતા લગ્નને ગાંધર્વ લગ્ન કહેવામાં આવે છે.

અહો ! પિતાનું બુદ્ધિકૌશલ્ય ! આમ કહીને દામન્નકને જ દુકાનમાં બેસાડીને, સ્વયં બલિની છાબ લઈને, હું દેવપૂજા કરીને આવું ત્યાં સુધી ક્ષણવાર તમારે અહીંજ રાહ જોવી એમ કહીને, જાણે યમના મુખમાં જતો હોય તેમ ચંડિકાદેવીના મંદિર તરફ ગયો. લક્ષ્યને બરાબર વીંધનાર તે ચંડાલ મંદિરની પાસે દેખે નહિ તે રીતે આંતરા-વાળા સ્થાનમાં રહેલો હતો. સાગરદત્ત ત્યાં આવ્યો એટલે તેણે કાન સુધી ધનુષ ખેંચીને બાણથી તેને વીંધી નાખ્યો. આહ ! અકારણ વૈરી એવા કયા પાપીએ આ કર્યું' એમ બોલતો તે ભૂમિપર પડ્યો. નજીકમાં રહેલા લોકો ભેગા થઈ ગયા. સમુદ્ર-દત્ત વણિકે પરંપરાએ દામન્નકનું મરણ સાંભળ્યું. નિર્દય તે મનથી ખુશ થયો, તો પણ લોકાપવાદના ભયથી હા ! આ શું થયું એમ બોલતો ઘરમાંથી નીકળ્યો. જતાં દામન્નકને દુકાનમાં બેઠેલો જોયો. તેને પૂછ્યું: સાગરદત્ત ક્યાં ગયો છે ? તું અહીં કેમ રહ્યો છે ? તેણે કહ્યું: મને જ પૂજા કરવા જવા દો એવા આગ્રહથી તે ચંડિકાદેવીની પૂજા કરવા ગયો અને મને અહીં રાખ્યો. કાનને ફાડી નાખનાર તે વચન સાંભળીને તે ચિંતા કરવા લાગ્યો કે, હા ! મંદભાગ્યવાળો હું હણાયો છું, જેના માટે મેં આ દામન્નકનો વધ ચિંતવ્યો તે જ મારા પુત્રને પ્રતિકૂલ કરનારા વિધાતાએ મારી નાખ્યો. અહો ! તેથી આ કહેવત સાચી પડી કે–**"જે બીજાના માટે વિચારવામાં આવે તે પોતાની જ પાસે આવે છે."** આ પ્રમાણે ચિંતાથી વ્યાકુલ બનેલા તેને ઓચિંતો હાર્ટએટેક આવ્યો, આથી તે ભૂમિ ઉપર પડી ગયો. પાપ કાર્ય કરનારો આ ખરેખર ! પાપરહિત જીવ વિષે અશુભ ચિંતવે છે એમ વિચારીને પ્રાણોને જાણે તેના ઉપર ગુસ્સો થયો હોય તેમ પ્રાણોએ તેને છોડી દીધો. આમ પુત્રસહિત શેઠ મૃત્યુ પામ્યો. રાજાએ મરેલા શેઠનાં કુળમાં બીજો કોઇ નથી એમ સાંભળ્યું, તેથી જમાઇ દામન્નક જ એના ઘરની સંપત્તિનો માલિક થાઓ એમ વિચારીને તેને જ શ્રેષ્ઠિપદે સ્થાપ્યો. કેટલાક દિવસો પસાર થઇ ગયા પછી સ્વાભાવિક રીતે જ અનુરાગિણી બનેલી પત્નીએ તેને કોઇ અવસરે પત્ર વગેરેની હકીકત કહી. તેથી બાકીનું બધું દામન્નકે જાતે જ વિચારી લીધું કે મારા વધ માટે જ જેની બુદ્ધિ રોકાયલી હતી એવા શેઠે આ બધું કર્યું.

એકવાર સમુદ્રદત્તવણિકે પૂર્વે જે વહાણો સમુદ્રની પાર મોકલ્યાં હતાં, તેના પુણ્યથી આકર્ષાયેલા તે વહાણો વિશિષ્ટ કરિયાણાથી પૂર્ણ થયેલાં આવ્યાં. એક પુરુષે આવીને તેને વધામણી આપી. દામન્નકે તેને ઇનામ આપ્યું. વહાણો જોવાને માટે તે ચાલ્યો. અર્ધા રસ્તે તેણે નાટક જોયું. તે પ્રસંગે નવા ગીતવાળી ગાથા ગાવામાં આવી. તે આ પ્રમાણે:– **"સુખદુઃખના દરવાજા બંધ કરી દેનાર મૃત્યુ જેના પક્ષને ધારણ કરે છે, તેના માટે અંત સુધી કરાતા અનર્થો બહુગુણવાળા થાય છે."** આ સાંભળીને દામન્નકે પ્રસન્ન થઇને એક લાખ સોનામહોરોનું ઇનામ આપવાનું જાહેર કરીને નટને કહ્યું: ફરી આ ગાથા બોલ. ગાથા બોલી રહ્યો એટલે બીજી વાર પ્રસન્ન

થઈને બીજી એક લાખ સોનામહોરોનું ઇનામ આપ્યું. એમ ત્રીજું પણ ઇનામ આપ્યું. આ વખતે રાજાએ વણિકજનમાં ન સંભવે એવા મહાદાનના સમાચાર જાણીને બીજા દિવસે દામન્નકને બોલાવીને પૂછ્યું: ત્રણ લાખનું દાન કેમ આપ્યું? બીજાએ ઉપાર્જન કરેલું ધન આપવું સહેલું હોય છે માટે આપ્યું? અથવા વિચાર કરીને આપ્યું છે? દામન્નકે કહ્યુ: દેવ! જણાવું છું. વિચારપૂર્વક દાન આપ્યું છે! એમ મારું માનવું છે. કારણકે કોઇ પણ રીતે પોતાના પ્રસંગમાં આવેલી ગાથાને બોલતા નટે મારો સ્વયં અનુભવેલો વૃત્તાંત મને યાદ કરાવ્યો. આમ કહીને તેણે રાજા પાસે ચંડાલને ઘાત કરવાનું કહ્યું ત્યારથી આરંભી ગાથા સાંભળી ત્યાં સુધીના બધા વૃત્તાંતનું વિસ્તારથી વર્ણન કર્યું. તેથી રાજાએ તેનું સન્માન કરીને વિદાય આપી. પછી તે પોતાના ઘરે ગયો. આ પ્રમાણે તે વિશિષ્ટ ભોગોને ભોગવનારો થયો. આ પ્રમાણે એ દૃષ્ટાંતના અનુસારે પ્રાણાતિપાતથી નિવૃત્ત થયેલાઓને આ લોકમાં અને પરલોકમાં પ્રાપ્ત થતા ગુણગણને વિચારીને ભવ્યજનોએ પ્રાણાતિપાત નિવૃત્તિમાં યત્ન કરવો જોઈએ એવો ગાથાનો રહસ્યાર્થ છે.

## ક્ષેમમંત્રીનું દૃષ્ટાંત

આદિ શબ્દથી લીધેલું ક્ષેમનું દૃષ્ટાંત કહેવામાં આવે છે:—પાટલીપુત્ર નગરમાં જિતશત્રુ રાજા હતો. તેનો ક્ષેમ નામનો મંત્રી હતો. તે ઉત્તમ શ્રાવક હતો. તે રાજાને અતિશય પ્રિય હતો, આથી (ઇર્ષ્યાના કારણે) સામંત વગેરેને અપ્રિય હતો. આથી સામંત વગેરે તેનો વધ ઇચ્છી રહ્યા હતા. એકવાર ક્ષેમના પુરુષોને દાન અને સન્માન વગેરેથી વશ કરીને રાજાના મારા તરીકે જોડ્યા. રાજપુરુષોએ તેમને પકડ્યા. એટલે તેમણે કહ્યું કે ક્ષેમ મંત્રીએ અમને રાજાનો વધ કરવા મોકલ્યા છે. તેથી રાજાએ ક્ષેમ મંત્રીને બોલાવીને કહ્યું: તું પણ આ પ્રમાણે મારું અકલ્યાણ કરે છે? તેણે કહ્યું: હે દેવ! હું કીડીનું પણ અકુશળ ન કરું, તો પછી આપનું અકુશળ કેમ કરું? તો પણ રાજાએ તેનો વધ કરવાની આજ્ઞા આપી. ત્યાં બીજા પણ જે પુરુષને મારી નાખવાની આજ્ઞા કરવામાં આવતી હતી તેને રાજાની અશોક વાટિકામાં રહેલી વાવમાંથી પદ્મો લાવવા મોકલવામાં આવતો હતો. તે વાવ અનેક પદ્મિનીઓના (=કમળના વેલાઓના) પત્રોથી ઢંકાયેલી હતી, કુવલય (=કાળું કમળ), કુમુદ (=ચંદ્રવિકાસી કમળ), કલ્હાર (=સફેદ કમળ) વગેરે વિવિધ કમળોથી શોભિત હતી, અને મગરમચ્છ વગેરે ભયંકર જલચર પ્રાણીઓના કારણે કષ્ટથી પ્રવેશ કરી શકાય તેવી હતી. તેમાં જે પ્રવેશ કરે તેને મગરમચ્છ વગેરે પ્રાણીઓ ખાઈ જાય. આથી ક્ષેમ મંત્રીને પણ તે જ આજ્ઞા કરવામાં આવી. તેથી કૌતુક જોવાની ઇચ્છાવાળા અનેક લોકોથી પરિવરેલો તે ત્યાં ગયો. નમસ્કાર મહામંત્ર બોલીને સકલ લોકોની સમક્ષ ભાવપૂર્વક તેણે કહ્યું: જો રાજાનો દ્રોહ કરનારા મેં ઘાતકોને રાજાનો ઘાત કરવા મોકલ્યા હોય તો આ મગરમચ્છ વગેરે પ્રાણીઓ મને

ખાઈ જાઓ, નહિ તો દેવ મારું સાંનિધ્ય કરીને જલચર પ્રાણીઓથી મારી રક્ષા કરો. પછી સાગારિક અનશન લઈને અગાધ જળમાં પ્રવેશ કર્યો. દેવના સાંનિધ્યથી મોટા એક મગરમચ્છને પકડીને તેની પીઠ ઉપર બેઠો, ઘણાં ફળો લઈને બહાર આવ્યો. તે ફળો રાજાને આપ્યાં. તુષ્ટ થયેલા અને પશ્ચાત્તાપ કરતા રાજાએ તેને ભેટીને ખમાવ્યો. પછી તેના શત્રુઓને શિક્ષા કરવાપૂર્વક મહાન આડંબરથી તેને નગરમાં પ્રવેશ કરાવ્યો. પછી રાજાએ તેને કહ્યું: હું તને શું વરદાન આપું? દીક્ષાની અનુજ્ઞા ન માગવી એમ ના પાડવા છતાં સંવેગ વગેરે ગુણોને પામેલા ક્ષેમમંત્રીએ "મને દીક્ષાની અનુજ્ઞા આપો" એવું વરદાન માગ્યું. દેવપૂજા વગેરે કરવા પૂર્વક તેવા પ્રકારના (=ગુણસંપન્ન) આચાર્યની પાસે દીક્ષા લીધી. આ પ્રમાણે પ્રથમવ્રતના પાલનમાં લાભ થાય છે. (૨૫)

ગુણદ્વાર કહ્યું. હવે યતનાદ્વાર કહેવામાં આવે છે:–

**पाणाइवाएँ जयणा, दारुयधन्नाइउदगविसयाओ ।**
**तसजीवे रक्खंतो, विहिणा गमणाइयं कुज्जा ॥ २६ ॥**

**ગાથાર્થ**:– પ્રાણાતિપાતવિરતિમાં કાષ્ઠ, ધાન્યાદિ અને જલસંબંધી યતના છે. શ્રાવક ત્રસજીવોની શાસ્ત્રોક્ત વિધિથી રક્ષા કરતો જવું વગેરે ક્રિયા કરે.

**ટીકાર્થ**:–पाणाइवाए એ પદના અંતે एकार ગુરુ હોવા છતાં "પદના અંતે एकार, ओकार અને અનુસ્વાર લઘુ થાય છે" એ પ્રાકૃતના નિયમથી લઘુ સમજવો.

યતના એટલે અશઠ જીવની રાગ–દ્વેષથી રહિત પ્રવૃત્તિ. કહ્યું છે કે –

**"નિષ્કપટ જીવની રાગ–દ્વેષથી રહિત પ્રવૃત્તિ યતના છે, રાગ–દ્વેષયુક્ત પ્રવૃત્તિ અયતના છે, અર્થાત્ રાગ–દ્વેષનો અભાવ એ યતના છે, અને એ જ જયણાનું લક્ષણ છે, આનાથી વિપરીત અજયણા છે, અને એ જ અજયણાનું લક્ષણ છે,"** ( નિશીથ–૬૬૯૬ )

મૂળગાથામાં धन्नाइ એ સ્થળે રહેલ આદિ શબ્દથી કાકડી વગેરે ફળો, શાક, પાંદડાં વગેરે વસ્તુઓ સમજવી.

કાષ્ઠ સંબંધી યતના આ પ્રમાણે છે:– પોલા વગેરે પ્રકારના કાષ્ઠનો ઉપયોગ ન કરવો. કુહાડા વગેરેથી ફાડેલા કાષ્ઠને ચક્ષુથી જોઈને ભૂમિમાં અફળાવીને રાંધવા વગેરે માટે અગ્નિમાં નાખવું. જેમાં કીડા પડી ગયા હોય તેવા ધાન્યાદિનો ત્યાગ કરવો વગેરે રીતે ધાન્યાદિની યતના જાણવી. પરિમિત પાણીનો ઉપયોગ કરવો, વસ્ત્રથી ગાળેલા પાણીનો ઉપયોગ કરવો વગેરે રીતે પાણીની યતના જાણવી. 'જવું વગેરે' એ સ્થળે વગેરે શબ્દથી 'ઊભા રહેવું' વગેરે ક્રિયા સમજવી.

ત્રસના ઉપલક્ષણથી સ્થાવર જીવોની પણ યથાસંભવ રક્ષા કરે એમ સમજવું. કારણ કે યતનાથી બહુ લાભ થાય છે. તે આ પ્રમાણે :–

**"જયણા ધર્મની ઉત્પત્તિનું કારણ છે. જયણા ધર્મનું પાલન કરનારી (=શ્રુત-ચારિત્રરૂપ ધર્મના ઉપદ્રવને દૂર કરનારી) છે. જયણા ધર્મની પુષ્ટિનું કારણ હોવાથી ધર્મની વૃદ્ધિ કરનારી છે. વિશેષ શું કહેવું? જયણા એકાંતે સુખ આપનારી (=મોક્ષને પ્રાપ્ત કરાવનારી) છે, (ઉપ. પ. ૭૬૯) જિનોક્ત યતનામાં વર્તતા જીવને કેવલી ભગવંતોએ તેનામાં સાચામાર્ગની શ્રદ્ધા, જીવાદિતત્ત્વોનો બોધ અને સમ્યક્ ચારિત્ર હોવાથી સમ્યગ્દર્શન-સમ્યગ્જ્ઞાન-સમ્યક્ચારિત્ર એ ત્રણે રત્નોનો આરાધક કહ્યો છે."** (ઉપ. પ. ૭૭૦) [૨૬]

યતના દ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે અતિચારદ્વાર કહેવામાં આવે છે :–

**बंधवहछविच्छेयं, अइभार णिरोह भत्तपाणेसु ।**
**पढमवयस्सऽइयारे, कोहाईहिं ण उ करेज्जा ॥ २७ ॥**

**ગાથાર્થ** :– બંધ, વધ, છવિછેદ, અતિભાર અને ભક્ત–પાનનિરોધ આ પાંચ પ્રથમ વ્રતના અતિચારો છે. શ્રાવકે આ પાંચ ક્રોધાદિથી ન કરવા જોઈએ.

**ટીકાર્થ** :– **બંધ**=દોરી–દોરડા વગેરેથી બાંધવું. **વધ**=સોટી વગેરેથી મારવું. **છવિછેદ**= છવિ એટલે ચામડી. ચામડીનો શરીર સાથે યોગ હોવાથી ચામડીથી શરીર પણ સમજવું. ચામડીનો છરી વગેરેથી છેદ કરવો તે છવિછેદ, અર્થાત્ શરીરના કોઈ પણ અવયવનો છેદ કરવો તે છવિછેદ છે. **અતિભાર**= બળદ આદિની પીઠ વગેરે ઉપર ઘણી સોપારી વગેરેનો ભાર મૂકવો તે અતિભાર. **ભક્ત-પાનનિરોધ**= ભોજન અને પાણી ન આપવાં તે ભક્ત–પાનનિરોધ છે.

પ્રાણાતિપાતના અતિચાર એટલે પ્રાણાતિપાતવિરતિની મલિનતા.

**પ્રશ્ન** :–'અતિચારોને ન કરે' એમ સામાન્યથી ન કહેતાં 'ક્રોધાદિથી ન કરે' એમ વિશેષથી કેમ કહ્યું?

**ઉત્તર**:– જો 'અતિચારોને ન કરે' એમ સામાન્યથી જ કહેવામાં આવે તો પ્રિયપુત્ર વગેરેને વિનય શિખવાડવો કે રોગનો ઉપાય કરવો વગેરે (હિત) માટે પણ વ્રતમલિનતાના ભયથી બંધ વગેરે ન કરે. વિનય શિખવાડવો કે રોગનો ઉપાય કરવો વગેરે (હિત) માટે બંધ આદિનો નિષેધ નથી, કિંતુ ક્રોધ, લોભ વગેરે (કષાય)થી બંધ આદિનો નિષેધ છે. આથી અહીં 'ક્રોધાદિથી ન કરે' એમ કહ્યું છે.

અહીં આવશ્યકચૂર્ણિ વગેરેમાં કહેલ વિધિ આ પ્રમાણે છે:— દ્વિપદ કે ચતુષ્પદ પ્રાણીઓનો બંધ થાય. તે પણ સકારણ અને નિષ્કારણ થાય. તેમાં નિષ્કારણ બંધ ન જ કરવો જોઇએ. સકારણ પણ સાપેક્ષ અને નિરપેક્ષ એમ બે રીતે થાય. અત્યંત ગાઢ (=જલદી ન છૂટે તેવા અથવા બંધાયેલ જીવ જરાય ખસી ન શકે તેવા) બંધનથી બાંધવામાં આવે તે નિરપેક્ષ બંધ છે. દોરડાની ગાંઠથી (ઢીલું) બાંધવામાં આવે તે સાપેક્ષ બંધ. આવો બંધ આગ લાગે વગેરે પ્રસંગે જલદી છોડી શકાય કે છેદી શકાય. ચતુષ્પદપ્રાણીના બંધ અંગે આ કહ્યું. દાસ, દાસી, ચોર કે ભણવામાં પ્રમાદી પુત્ર વગેરે દ્વિપદ પ્રાણીને જો બાંધવાનો હોય તો ગાઢ ન બાંધવો અને આગ વગેરેથી તેની રક્ષા કરવી. તથા શ્રાવકે (મુખ્યતયા) બાંધ્યા વિના જ (સ્થાને) બેસી રહે (=કાબૂમાં રહેતા હોય) તેવા દ્વિપદ કે ચતુષ્પદ પ્રાણી રાખવા જોઇએ.

વધ અંગે પણ બંધ પ્રમાણે સમજવું, પણ આટલો ફેર છે:— નિર્દય પણે મારવું એ નિરપેક્ષ વધ છે. સાપેક્ષ વધ આ પ્રમાણે છે:— શ્રાવકે પહેલેથી જ [1]ભીતપર્ષદ્ બનવું જોઇએ. (આમ છતાં) પણ જો કોઇક જીવ આજ્ઞા ન માને (એથી મારવાનો પ્રસંગ આવે) તો મર્મસ્થાનને મૂકીને સોટી કે દોરીથી એક કે બે વાર (હળવેથી) મારે.

છવિછેદ અંગે પણ ઉક્ત રીતે સમજવું. પણ આટલો ફેર છે:— હાથ, પગ, કાન વગેરે અવયવોને નિર્દયપણે છેદે તે નિરપેક્ષ છવિછેદ છે. રસોળી વગેરેને છેદે કે (રોગને દૂર કરવા) ડામ દે તે સાપેક્ષ છવિછેદ છે.

પ્રાણી ઉપર બહુ ભાર ન મૂકવો જોઇએ. પહેલા નંબરમાં તો શ્રાવકે દ્વિપદ આદિ પ્રાણીઓને ભાર ઉપડાવવા દ્વારા ચાલતી આજીવિકાનો ત્યાગ કરવો જોઇએ. હવે જો બીજી આજીવિકા ન હોય તો દ્વિપદ (મનુષ્ય) જેટલો ભાર સ્વયં ઉપાડી શકે અને ઉતારી શકે તેટલો તેની પાસે ઉપડાવવો. ચતુષ્પદને માટે તો જેટલો ભાર ઉચિત ગણાય તેનાથી કંઇક ઓછો કરવો. તથા હળ અને ગાડું વગેરેમાં જોડેલા બળદ વગેરેને ઉચિત સમયે છોડી દેવા. ભક્ત–પાન નિરોધમાં પણ સકારણ–નિષ્કારણ વગેરે ભેદો બંધની જેમ જાણવા. નિરપેક્ષ, એટલે કે નિર્દયપણે, ભક્તપાનનો નિરોધ કોઈને ય ન કરવો જોઇએ. જેથી અતિભૂખના કારણે તેનું મૃત્યુ ન થાય. રોગને દૂર કરવા સાપેક્ષ અન્નપાન નિરોધ તો થઈ શકે, અથવા (અપરાધીને ભય બતાવવા પૂરતું દેખાવથી) "આજે તને ભોજન વગેરે નહિ આપીશ" એમ વાણીથી કહે. (પણ ભૂખ્યો ન રાખે.) શાંતિ નિમિત્તે ઉપવાસ કરાવે. બહુ કહેવાથી શું? સ્થૂલપ્રાણાતિપાત વિરમણવ્રતમાં અતિચાર ન લાગે તે રીતે સર્વત્ર યતનાથી પ્રવૃત્તિ કરવી.

---

૧. જેના કહ્યા વિના પણ માત્ર ભયથી પરિવાર પોતપોતાનું કર્તવ્ય કરે અને અનુચિત કંઈ ન કરે તે ભીતપર્ષદ્ કહેવાય.

બંધાદિના ઉપલક્ષણથી મન્ત્ર–તંત્ર વગેરે બીજા પણ અતિચારો જાણવા. [૨૭]

અતિચારદ્વાર કહ્યું. હવે ભંગદ્વાર કહેવામાં આવે છે :–

**बंधाईणि उ आउट्टियाइणा जइ करेज्ज तो भंगो ।**
**बीयकसायाणुदए, तिव्वाणं होइ सड्ढस्स ॥ २८ ॥**

**ગાથાર્થ** :–નિર્દયપણે, અર્થાત્ વિરતિથી નિરપેક્ષ પ્રવૃત્તિના [1]પરિણામથી બંધ વગેરે જો કરે તો પ્રબળ બીજા અપ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ઉદય થતાં શ્રાવકની પ્રાણાતિપાતવિરતિનો ભંગ જ થાય.

**ટીકાર્થ** :–મૂળ ગાથામાં आकुट्टियाइणा એ પદમાં રહેલ આદિ શબ્દથી દર્પ (=ધિટ્ઠાઈ) વગેરે સમજવું.

**કષાય** :– જીવ જેનાથી કષાય=દુઃખી કરાય તે કષ. (જીવ કર્મોથી કષાય છે= દુઃખી કરાય છે માટે) કષ એટલે કર્મ. અથવા જીવ જેમાં કષાય=દુઃખી કરાય તે કષ. જીવ સંસારમાં કષાય છે=દુઃખી કરાય છે માટે) કષ એટલે સંસાર. આય એટલે લાભ. કષનો (=કર્મનો કે સંસારનો) આય (=લાભ) જેમનાથી થાય તે કષાયો. કહ્યું છે કે–

कम्मं कसं भवो वा कसमाओ सिं जओ कसाया ते ।

**"કષ એટલે કર્મ, અથવા કષ એટલે સંસાર. કષનો આય=લાભ જેમનાથી થાય તે કષાય."** (વિશેષા. ૧૨૨૮ પૂર્વાર્ધ)

**પ્રશ્ન** :–(પ્રાણાતિપાતનું પ્રત્યાખ્યાન છે, બંધ આદિનું પ્રત્યાખ્યાન નથી.) બંધ આદિનું પ્રત્યાખ્યાન ન હોવાથી તેને કરવામાં વ્રતનો ભંગ કેવી રીતે થાય? હવે જો એમ કહેવામાં આવે કે પ્રાણાતિપાતના પ્રત્યાખ્યાન સાથે બંધ આદિનું પણ પ્રત્યાખ્યાન કર્યું છે, તો આગમમાં કહેલ વ્રતની બાર સંખ્યાનો વિરોધ થાય. કારણ કે બંધ આદિનું અલગ અલગ પ્રત્યાખ્યાન કર્યું હોવાથી વ્રત ભિન્ન થાય.

**ઉત્તર** :–તમારી વાત સત્ય છે. પ્રાણાતિપાતના પ્રત્યાખ્યાનથી બંધ આદિનું પણ પ્રત્યાખ્યાન કર્યું છે. કારણકે પ્રાણાતિપાતના બંધ વગેરે ઉપાયો છે. કારણને (બંધ વગેરેને) અટકાવ્યા વિના કાર્યને (પ્રાણાતિપાતને) અટકાવવાનું શક્ય નથી. આથી આકુટ્ટિકાથી (=નિર્દયતાથી વ્રતનિરપેક્ષપણે) બંધ વગેરે કરવામાં પણ વ્રતનો ભંગ થાય છે.

તથા "બંધ આદિનું પણ પ્રત્યાખ્યાન કર્યું છે, એથી વ્રતસંખ્યાનો વિરોધ થાય" ઈત્યાદિ જે કહ્યું છે તે અયુક્ત જ છે. કારણકે વિશુદ્ધ (=નિરતિચાર) હિંસા-વિરતિ હોય ત્યારે બંધાદિનો સંભવ જ નથી.

---

૧. વાક્યરચના ક્લિષ્ટ ન બને એ માટે અહીં આદિ શબ્દનો ઉલ્લેખ કર્યો નથી.

**પ્રશ્ન :**–તો પછી અતિચારદ્વારમાં બંધાદિને અતિચાર કેમ કહ્યા ?

**ઉત્તર :**–બંધાદિને અતિચાર કહ્યા છે તે બરોબર કહ્યું છે, પણ વિવક્ષાથી તેમ કહ્યું છે. તે આ પ્રમાણે :–જ્યારે 'હું મારું' એવા સંકલ્પ વિના પણ ક્રોધાદિને આધીન બનીને પરપ્રાણનાશની દરકાર કર્યા વિના બંધાદિ કરવા માંડે ત્યારે નિર્દયતાના કારણે વ્રતની અપેક્ષાથી રહિત બની ગયેલાને દેશથી વિરતિભંગ થાય, સંપૂર્ણ ભંગ ન થાય. કારણ કે તે રીતે (=નિર્દયતાથી વ્રતનિરપેક્ષપણે) પ્રવૃત્તિ કરનારથી પણ પ્રાણાતિપાત થયો નથી. આથી (આંશિક ભંગ અને આંશિક અભંગ એમ) ભંગાભંગની વિવક્ષાથી બંધાદિકને અતિચાર કહેલ છે. કહ્યું છે કે–

**પ્રશ્ન :–"મારે પ્રાણનાશ ન કરવો એવો નિયમ લેનારને મૃત્યુ વિના જ (માત્ર બંધ, વધ આદિથી) અતિચાર કેવી રીતે લાગે ?** (निगद्यते=)

**ઉત્તર :–જે ગુસ્સે થઇને વધ વગેરે કરે છે તે વ્રતથી નિરપેક્ષ છે. આવી રીતે વધાદિ કરવામાં મૃત્યુ ન થવાથી નિયમ રહે છે, કોપથી દયાહીન બની જવાથી પરમાર્થથી નિયમનો ભંગ થાય છે. પૂજ્ય પુરુષો વ્રતના એક દેશના ભંગને અને એક દેશના પાલનને અતિચાર કહે છે." [૨૮]**

ભંગદ્વાર કહ્યું. હવે ભાવનાદ્વાર કહેવામાં આવે છે :–

**पणमामि अहं निच्चं, आरंभविवज्जिआणं विमलाणं ।**
**सव्वजगजीवरक्खणसमुज्जयाणं मुणिगणाणं ॥ २९ ॥**

**ગાથાર્થ :**–જગતમાં રહેલા સર્વ જીવોનું રક્ષણ કરવામાં શાસ્ત્રોક્ત વિધિથી તત્પર બનેલા, આરંભથી રહિત અને નિર્મલ મુનિસમુદાયોને હું સદા પ્રણામ કરું છું.

**ટીકાર્થ :**–પ્રથમ અણુવ્રત સ્વીકારનાર શ્રાવકે ત્રણે કાળ આ પ્રમાણે (આ ગાથામાં જણાવ્યા પ્રમાણે) ચિંતવવું જોઇએ.

**પ્રશ્ન :**–પ્રણામક્રિયાના યોગમાં ચોથી વિભક્તિનો પ્રયોગ થાય; જેમકે–"तस्मै तत्त्वविदां वराय जगतः शास्त्रे प्रणम्य" એ સ્થળે પ્રણામક્રિયાના યોગમાં ચોથી વિભક્તિનો પ્રયોગ થયો છે. તો અહીં 'मुणिगणाण' એમ છટ્ઠી વિભક્તિનો પ્રયોગ કેમ કર્યો[૧] ?

ઉત્તર:– "छट्ठी विभत्तीए भन्नइ चउत्थी" એ પ્રાકૃત નિયમથી અહીં ચતુર્થીના અર્થમાં છટ્ઠી વિભક્તિ છે.

---

૧. આ મતાંતર સંભવે છે. નમઃ પદના યોગમાં ચોથી વિભક્તિ આવે એવો નિયમ છે, પણ પ્રણામક્રિયાના યોગમાં ચોથી વિભક્તિ આવે એવો નિયમ નથી. આથી જ સ્નાતસ્યા થોયની બીજી સ્તુતિ, ભક્તામર સૂત્રની પહેલી ગાથા વગેરે અનેક સ્થળે પ્રણામક્રિયાના યોગમાં બીજી વિભક્તિનો પ્રયોગ જોવામાં આવે છે.

આરંભ એટલે પૃથ્વી વગેરે જીવોની હિંસા. વિમલ એટલે ક્રોધાદિરૂપ ભાવમલથી રહિત. જીવોના ચૌદ ભેદો છે. કહ્યું છે કે–

**"સૂક્ષ્મ-બાદર એકેંદ્રિય, સંજ્ઞી-અસંજ્ઞી પંચેંદ્રિય અને વિકલેંદ્રિય એ સાતના દરેકના પર્યાપ્ત–અપર્યાપ્ત ભેદથી જીવોના ચૌદ ભેદો છે."**[1]

વિશેષણોની સફલતા હેતુ–હેતુમદ્ (કારણ–કાર્ય) ભાવથી વિચારવી. તે આ પ્રમાણેઃ–(જીવોની રક્ષામાં તત્પર બનનારા જીવો જ આરંભનો ત્યાગ કરે છે. આરંભનો ત્યાગ કરનાર જ નિર્મલ બને છે. આમ નિર્મલતામાં આરંભત્યાગ હેતુ છે. આરંભ ત્યાગમાં જીવરક્ષામાં તત્પરતા હેતુ છે. આમ હેતુ–હેતુમદ્ભાવ છે આથી) જીવરક્ષામાં તત્પર ન બનનારા જીવો આરંભનો ત્યાગ કરતા નથી. આરંભનો ત્યાગ ન કરનારા જીવો નિર્મલ બનતા નથી. [૨૯.]

નવે ય પ્રકારનું પહેલું અણુવ્રત કહ્યું. હવે બીજા અણુવ્રતનો અવસર છે. તે પણ નવ ભેદવાળું છે. આથી પ્રથમ ભેદથી બીજા અણુવ્રતને કહે છેઃ–

**अणभूयं उब्भावइ, हूयं निण्हवइ तह य विवरीयं।**
**गरिहा सावज्जं वा, अलियं एमाइरूवं तु ॥ ३० ॥**

**ગાથાર્થઃ**– અસત્યને (=જે ન હોય તેને) પ્રગટ કરવું, સત્યને (=જે હોય તેને) છુપાવવું, વિપરીત બોલવું, ગર્હા કરવી, સાવદ્ય બોલવું વગેરે અસત્યનું સ્વરૂપ છે=અસત્ય છે.

**ટીકાર્થઃ**– (૧) અસત્યને આ રીતે પ્રગટ કરેઃ– આત્મા શ્યામાક (સામોધાન્ય) જેટલો કે તંદુલ (ચોખા) જેટલો (નાનો) છે. આત્મા (સંપૂર્ણ શરીરમાં નથી રહેલો કિંતુ) લલાટમાં રહેલો છે, અથવા હૃદયમાં રહેલો છે, અથવા સર્વવ્યાપી (=વિભુ) છે. આ બધાં વચનો અસત્ય છે. કારણ કે આ બધું અનુભવથી ઘટતું નથી. તે આ પ્રમાણેઃ– જો આત્મા શ્યામાક જેટલો કે તંદુલ જેટલો હોય તો સંપૂર્ણ શરીરમાં સુખ–દુઃખ વગેરેનો અનુભવ **ન** થાય, આ પ્રમાણે સૂક્ષ્મબુદ્ધિથી વિચારવું. જો આત્મા સર્વવ્યાપી હોય તો શરીરની બહાર પણ ચૈતન્યનો અનુભવ કરાય, ઇત્યાદિ અનેક દોષો ગ્રંથાંતરથી વિચારવા. એ પ્રમાણે–**"એક જ જીવાત્મા બધા શરીરોમાં રહેલો છે. આત્મા એક જ પ્રકારનો હોવા છતાં જલમાં પ્રતિબિંબિત ચંદ્રની જેમ બહુ પ્રકારે દેખાય છે."** ઇત્યાદિ પણ અસત્ય છે. કારણકે જો બધાં શરીરોમાં એક જ આત્મા હોય તો એકને સુખ, દુઃખ, બંધ, મોક્ષ વગેરે જે કંઈ થાય તે બધાને થવાનો પ્રસંગ આવે.

---

૧. સાક્ષી ગાથામાં આવેલા **ग्राम** શબ્દનો સમૂહ અર્થ છે.

( ૨ ) સત્યને આ રીતે છૂપાવેઃ- આત્મા નથી, પરલોક નથી વગેરે.

( ૩ ) વિપરીત બોલવું એટલે જે વસ્તુ જેવા સ્વરૂપે હોય તેને તેનાથી જુદા સ્વરૂપે કહેવી. જેમ કે-બળદને ઘોડો કહેવો વગેરે. અથવા બૌદ્ધો વિપરીત કહે છે. જેમ કે ક્ષણે ક્ષણે ક્ષય પામનાર જ્ઞાન જ આત્મા છે, અથવા સાંખ્યો વિપરીત કહે છે. જેમ કે- આત્મા નિત્ય અને એક જ સ્વરૂપવાળો છે.

( ૪ ) ગર્હા એટલે નિંદા. ( અર્થાત્ ક્રોધાદિને વશ બનીને જેનાથી અપ્રીતિ થાય તેવું અપ્રિય વચન બોલવું અથવા તિરસ્કાર થાય તેવું વચન બોલવું વગેરે ગર્હા અસત્ય છે. ) જેમ કે તું કાણો છે, તું કુબડો છે, તું દાસ છે વગેરે.

( ૫ ) સાવદ્ય એટલે પાપવાળું. જેમકે- સાંઢોનું દમન કરો, અર્થાત્ સાંઢોને બળદ બનાવો વગેરે સાવદ્ય વચન છે. કહ્યું છે કે-

**જે વાક્ય ( ક્રોધ વગેરે ) ભાવદોષવાળું છે, જે વાક્ય તત્ત્વથી વિપરીત છે, અથવા જે વાક્ય સાવદ્ય છે, તે બધાને વિદ્વાનો અસત્ય જાણે છે."**

'एमाइ' એ સ્થળે રહેલા આદિ શબ્દથી જે વચન સ્વ-પરના સંક્લેશનું કે ઉપઘાત ( નુકશાન કે મૃત્યુ ) વગેરે (અશુભ)નું કારણ બને તે અસત્ય છે તેમ જાણવું. [૩૦]

સ્વરૂપદ્વાર કહ્યું. હવે ભેદદ્વાર કહેવામાં આવે છેઃ-

**कण्णागोभूमालियनासवहारं च कूडसक्खेज्जं ।**
**भेया य तस्स पंच उ, हवंति एए जिणुद्दिट्ठा ॥ ३१॥**

**ગાથાર્થ**:-મૃષાવાદના કન્યા અસત્ય, ગાય અસત્ય, ભૂમિ અસત્ય, ન્યાસ-અપહાર અને કૂટસાક્ષ્ય એમ પાંચ ભેદો છે. આ પાંચ ભેદો જિનેશ્વરોએ કહ્યા છે.

**ટીકાર્થ**:-મૂળગાથામાં અલીક શબ્દમાં હ્રસ્વ પ્રયોગ પ્રાકૃત શૈલીથી છે.

(૧) કન્યા-અસત્યઃ- અખંડિત શીલવાળી કન્યાને ખંડિત શીલવાળી અને ખંડિત-શીલવાળી કન્યાને અખંડિત શીલવાળી કહેવી વગેરે કન્યા-અસત્ય છે. કન્યા અસત્યના ઉપલક્ષણથી બે પગવાળા સર્વ પ્રાણી સંબંધી અસત્ય પણ કન્યા-અસત્ય સમજવું.

(૨) ગાય-અસત્યઃ- થોડું દૂધ આપતી ગાયને ઘણું દૂધ આપનારી અને ઘણું દૂધ આપતી ગાયને થોડું દૂધ આપનારી કહેવી વગેરે ગાય-અસત્ય છે. ગાય-અસત્યના ઉપલક્ષણથી ચાર પગવાળા સર્વ પ્રાણી સંબંધી અસત્ય પણ ગાય-અસત્ય સમજવું.

(૩) ભૂમિ-અસત્યઃ- જમીન બીજાની હોવા છતાં પોતાની કહેવી, અને પોતાની હોવા છતાં બીજાની કહેવી વગેરે ભૂમિ-અસત્ય છે. ભૂમિ-અસત્યના ઉપલક્ષણથી પગ વિનાના સર્વ દ્રવ્યો સંબંધી અસત્ય પણ ભૂમિ-અસત્ય સમજવું.

**પ્રશ્ન:**–જો કન્યા શબ્દથી સઘળા દ્વિપદ, ગાયશબ્દથી સઘળા ચતુષ્પદ અને ભૂમિ શબ્દથી સઘળા અપદ દ્રવ્યોને ગ્રહણ કરવાનું કહ્યું, તો કન્યા વગેરે શબ્દોના બદલે 'દ્વિપદ' અસત્ય, 'ચતુષ્પદ' અસત્ય અને 'અપદ' અસત્ય એવાં નામો કેમ ન રાખ્યા?

**ઉત્તર:**–કન્યા અસત્ય વગેરે લોકમાં અતિ નિંદનીય તરીકે પ્રસિદ્ધ હોવાથી (વિશેષ રૂપે છોડવા જોઈએ એમ સમજાવવા) 'દ્વિપદ' વગેરેના બદલે 'કન્યા' વગેરે નામો રાખ્યાં છે.

(૪) ન્યાસ–અપહાર:– ન્યાસ એટલે રક્ષણ માટે બીજાની પાસે રાખવું, (અર્થાત્ સોનું વગેરે થાપણ,) તેનો અપહાર કરવો, એટલેકે નથી આપી વગેરે અસત્ય બોલીને તે વસ્તુ પાછી ન આપવી. આમાં પારકી વસ્તુ પાછી ન આપવી–લઈ લેવી એ ચોરી છે. આ ચોરી હોવા છતાં આમાં જુઠું બોલવામાં આવતું હોવાથી મૃષાવાદ રૂપ છે. આમાં ચોરી અને અસત્ય બંને હોવાથી આનો જુદો ઉલ્લેખ કર્યો છે.

(૫) કૂટસાક્ષ્ય:– કૂટસાક્ષ્ય એટલે છેતરનાર વિશ્વાસ, અર્થાત્ ખોટો વિશ્વાસ. વિવાદમાં જેને પ્રમાણ માન્યો હોય તે ક્રોધ, ઈર્ષ્યા આદિને આધીન બનીને જુઠ્ઠું બોલે (=ખોટી સાક્ષી પૂરે) તે કૂટસાક્ષ્ય છે. જેમકે –આ વિવાદમાં આનો હું સાક્ષી છું. આ અસત્ય બીજાના પાપનું સમર્થન કરનારું હોવાથી પૂર્વભેદોથી આનો જુદો ઉલ્લેખ કર્યો છે.[1] [ ૩૧ ]

---

૧. તત્ત્વાર્થાધિગમ વગેરે તાત્ત્વિક અને ધર્મસંગ્રહ વગેરે આચાર ગ્રંથોમાં પ્રસિદ્ધ અસત્યના ચાર પ્રકાર આ પ્રમાણે છે. ભૂતનિહ્નવ, અભૂતોદ્ભાવન, અર્થાંતર અને ગર્હા.

(૧) ભૂતનિહ્નવ:– ભૂત એટલે સત્ય. નિહ્નવ એટલે છૂપાવવું. સત્યને છૂપાવવા માટે બોલાતું વચન ભૂતનિહ્નવરૂપ અસત્ય છે. જેમ કે–આત્મા નથી, પુણ્ય–પાપ નથી વગેરે.

(૨) અભૂતોદ્ભાવન :–અભૂત એટલે અસત્ય. ઉદ્ભાવન એટલે પ્રગટ કરવું. અસત્યને (=જે ન હોય તેને) પ્રગટ કરવું તે અભૂતોદ્ભાવનરૂપ અસત્ય છે. જેમકે- આત્મા દેહ પ્રમાણ હોવા છતાં આત્મા માત્ર ચોખાના દાણા જેટલો છે, અથવા આત્મા સર્વવ્યાપી છે વગેરે બોલવું એ અભૂતોદ્ભાવન રૂપ અસત્ય છે.

(૩) અર્થાંતર :– અર્થ એટલે વસ્તુ. અંતર બીજી. જે વસ્તુ જે હોય તે વસ્તુને તે ન કહેતાં બીજી કહેવી તે અર્થાંતરરૂપ અસત્ય છે. જેમ કે– બળદ એ બળદ છે, ઘોડો નથી. આમ છતાં કોઈ બળદને ઘોડો કહે તો તે અર્થાંતર અસત્ય છે.

(૪) ગર્હા:– ગર્હા અસત્યના સાવદ્ય, અપ્રિય અને તિરસ્કાર એમ ત્રણ પ્રકાર છે. (૧) સાવદ્ય= પાપવાળું. પાપવાળું વચન બોલવું, અર્થાત્ જેનાથી બીજાઓ પાપમાં પ્રવર્તે તેવું વચન બોલવું એ સાવદ્યવચન છે. જેમ કે- સાંઢને બળદ બનાવો વગેરે. (૨) જેનાથી અપ્રીતિ થાય તેવું અપ્રિય વચન બોલવું તે અપ્રિય અસત્ય છે. જેમ કે– કાણાને કાણો કહેવો. (૩) ક્રોધથી તિરસ્કાર થાય તેવું વચન બોલવું તે તિરસ્કાર અસત્ય છે. જેમકે– તું ગધેડો છે.

ભેદદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે ઉત્પત્તિદ્વાર કહેવામાં આવે છે :–

**दुग तिग दुग दुग दुग एक्कगेण एगेण होइ तिविहं तु ।**
**इग दुग इग एक्केणं, वयाण एसेव गहणविही ॥ ३२ ॥**

**ગાથાર્થ**:–દ્વિવિધ–ત્રિવિધ, દ્વિવિધ–દ્વિવિધ, દ્વિવિધ–એકવિધ, એકવિધ–ત્રિવિધ, એકવિધ–દ્વિવિધ, એકવિધ–એકવિધ, એ ક્રમથી વ્રતોના ભાંગા જાણીને પોતાના સ્વભાવનો વિચાર કરવાપૂર્વક મૃષાવાદવિરતિનો સ્વીકાર કરવો જોઇએ. કારણકે વ્રતસ્વીકારનો આ જ વિધિ છે.

**ટીકાર્થ**:–વ્રતને સ્વીકારવાની ઈચ્છાવાળો કોઈ પણ શ્રાવક થોડું કે સ્વીકારે છે, બધું સ્વીકારતો નથી. કારણકે વ્રત સ્વીકારવાના ઘણા ભાંગા (=ભેદો) છે. તે તે ભાંગાનો ઉલ્લેખ બતાવવા માટે આ ગાથા છે.

(૧) કરણ–કરાવણ–મન–વચન–કાયા સ્વરૂપ દ્વિવિધ–ત્રિવિધથી પહેલા ભાંગાનું સૂચન કર્યું છે.

**પ્રશ્ન**:– અહીં ત્રિવિધ–ત્રિવિધે ભાંગો કેમ ન લીધો ?

**ઉત્તર**:–શ્રાવકને બધાં વ્રતોમાં અનુમોદનાનો ત્યાગ હોતો નથી. (શ્રાવકથી અનુમોદનાનો ત્યાગ કરી શકાતો નથી. કારણ કે શ્રાવકે પુત્રાદિનો પરિગ્રહ છોડ્યો નથી. આથી પુત્રાદિ જે હિંસાદિ કરે તેની અનુમોદના વ્રતધારી શ્રાવકને પણ લાગે. અનુમોદનાના અનિષેધ, ઉપભોગ અને સંવાસ એમ ત્રણ પ્રકાર છે. (૧) પોતે અધિકારી હોવા છતાં નિશ્રામાં રહેલા જીવોને તે તે પાપો કરવાનો નિષેધ ન કરે તો "अनिषिद्धमनुमतम्" એ ન્યાયે અનિષેધ અનુમોદના ગણાય. (૨) નિષેધ કરવા છતાં પાપથી અટકે નહિ અને પાપ કરીને કરેલી કમાણીનો પોતે ઉપભોગ=ઉપયોગ કરે તો ઉપભોગ દ્વારા અનુમોદના કરવાથી ઉપભોગઅનુમોદના ગણાય. (૩) પાપનો નિષેધ કરે, પાપથી કરેલી કમાણીનો ઉપયોગ ન કરે છતાં જેમ ચોરના ટોળામાં રહેલો શાહુકાર પણ ચોર ગણાય, તેમ પાપ કરનારની સાથે રહેનાર પાપમાં સાથ આપનાર મનાય. અને એથી તેને સંવાસઅનુમોદના લાગે. આ રીતે વ્રતધારી શ્રાવકને પણ પુત્રાદિએ કરેલા પાપની અનુમોદના અનિષેધરૂપે, ઉપભોગરૂપે કે સંવાસરૂપે પણ લાગતી હોવાથી શ્રાવકોને વ્રતો લેવામાં અનુમોદનાનો ત્યાગ થઈ શકતો નથી.)

ભગવતીસૂત્રમાં ત્રિવિધ–ત્રિવિધે એ ભાંગો પણ જે કહ્યો છે તે વિષયવિભાગથી કોઇક શ્રાવકને કોઇક અવસ્થામાં કોઈક વસ્તુને આશ્રયીને કોઇક ક્ષેત્ર વગેરેમાં જાણવો, બધે નહિ. (જેમકે–દીક્ષાનો અભિલાષી કોઈ શ્રાવક પુત્રાદિનું પાલન અનિવાર્ય હોવાથી તેની ખાતર સંસારમાં રહે. આ વખતે તે શ્રાવકની અગિયારમી પ્રતિમા સ્વીકારે તો

તેને, અથવા કોઈ શ્રાવક સ્વયંભૂરમણસમુદ્રના માછલાનું માંસ, હાથીના દાંત, ચિત્તાનું ચામડું વગેરેના પચ્ચક્ખાણ કરે તો તેને, અથવા કોઇ શ્રાવક વિશિષ્ટ નિવૃત્ત અવસ્થામાં સ્થૂલ હિંસાદિનું પચ્ચક્ખાણ કરે તો તેને ત્રિવિધ–ત્રિવિધ ભાંગો સંભવે. પણ તે કોઈક જ શ્રાવકને આશ્રયીને હોવાથી અહીં ગણ્યો નથી. માટે પહેલો ભાંગો દ્વિવિધ–ત્રિવિધ કહ્યો છે.)

પહેલો ભાંગો આ રીતે બોલવામાં આવે છે:–(હિંસાદિ પાપ) હું ન કરું, ન કરાવું, મન, વચન અને કાયાથી.

(૨) દ્વિવિધ–દ્વિવિધ એ બીજો ભાંગો છે. આ ભાંગાથી ત્રણ ઉત્તર ભાંગાનું સૂચન કર્યું છે, આમાં કારણ પૂર્વોક્ત (શ્રાવકના વ્રત સ્વીકારવાના ઘણા ભાંગા છે એ) જ સમજવું. આગળ પણ આ જ હેતુ વિચારવો. બીજો ભાંગો આ રીતે ઉચ્ચરવામાં= બોલવામાં આવે છે:– (i) હું ન કરું, ન કરાવું, મનથી અને વચનથી. (ii) હું ન કરું, ન કરાવું, મનથી અને કાયાથી. (iii) હું ન કરું, ન કરાવું, વચનથી અને કાયાથી. (૩) દ્વિવિધ–એકવિધ એ ત્રીજા ભાંગાથી પણ ત્રણ ભાંગાનું સૂચન કર્યું છે. તે ભાંગા આ રીતે બોલવામાં આવે છે:–(i) હું ન કરું, ન કરાવું મનથી. (ii) હું ન કરું, ન કરાવું વચનથી. (iii) હું ન કરું, ન કરાવું, કાયાથી. (૪) એકવિધ–ત્રિવિધ એ ચોથા ભાંગાથી બે ભાંગાનું સૂચન કર્યું છે. તે બે ભાંગા આ પ્રમાણે છે:–ન કરું, મન–વચન –કાયાથી. ન કરાવું, મન–વચન–કાયાથી. (૫) એકવિધ–દ્વિવિધ એ પાંચમા ભાંગાથી છ ભાંગાનું સૂચન કર્યું છે. તે છ ભાંગા આ પ્રમાણે છે:– (i) ન કરું મનથી અને વચનથી. (ii) ન કરું મનથી અને કાયાથી. (iii) ન કરું, વચન અને કાયાથી. આ ત્રણ ભાંગા થયા. એ રીતે 'ન કરાવું' એ ભેદથી પણ ત્રણ થાય. કુલ છ ભાંગા થયા. (૬) એકવિધ–એકવિધ એ છઠ્ઠા ભાંગાથી પણ છ ભાંગાનું સૂચન કર્યું છે. તે ભાંગા આ પ્રમાણે છે:–(i) ન કરું મનથી. (ii) ન કરું વચનથી. (iii) ન કરું કાયાથી. એ પ્રમાણે 'ન કરાવું' એ ભેદથી પણ ત્રણ ભાંગા થાય. કુલ છ ભાંગા થયા.

આ છ એ ભાંગાના ઉત્તર ભાંગાઓની બધી સંખ્યા ૨૧ થાય. કહ્યું છે કે–

**"દ્વિવિધ-ત્રિવિધાદિ મૂળ ભાંગા છ જ છે. તેના ઉત્તરભેદો ક્રમશ: આ પ્રમાણે થાય છે:-પહેલાનો ૧, બીજાના ૩, ત્રીજાના ૩, ચોથાના ૨, પાંચમાના ૬, છઠ્ઠાના ૬, કુલ ૨૧ ભેદો થયા."** (શ્રાવકવ્રતભઙ્ગ૦ ૯)

આ ભાંગાઓનો કોષ્ટક આ પ્રમાણે છે:–

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | → મૂળભાંગાનો ક્રમ |
| ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ | } મૂળભાંગાના પ્રકાર |
| ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | |
| ૧ | ૩ | ૩ | ૨ | ૬ | ૬ | → ભાંગા |

[ આ છ ભાંગા મૂલવ્રતો ( =પાંચ અણુવ્રતો ) ઉચ્ચરનારા શ્રાવકની અપેક્ષાએ છે. ગુણવ્રત અને શિક્ષાવ્રત રૂપ ઉત્તરગુણવ્રતો ઉચ્ચરનારાઓની અપેક્ષાએ એક જ ( દ્વિવિધ –ત્રિવિધ ) ભાંગો છે. તથા એકેય વ્રત ન સ્વીકારનાર સમ્યગ્દૃષ્ટિનો એક ભાંગો છે. ] મૂલગુણના છ, ઉત્તરગુણનો એક અને અવિરતિનો એક એમ કુલ ૮ ભાંગા થયા. આ વિષે આવશ્યક નિર્યુક્તિકારે કહ્યું છે કે–

**"દ્વિવિધ–ત્રિવિધથી પહેલો, દ્વિવિધ–દ્વિવિધથી બીજો, દ્વિવિધ–એકવિધથી ત્રીજો, એકવિધ–ત્રિવિધથી ચોથો, એકવિધ–દ્વિવિધથી પાંચમો અને એકવિધ–એકવિધથી છટ્ઠો, ઉત્તરગુણથી સાતમો અને અવિરતિથી આઠમો ભંગ થાય છે."** ( આવ. નિ. ૧૫૫૮–૧૫૫૯ )

આ છ જ ભાંગાના પાંચ અણુવ્રતના એક પદ વગેરેના સંયોગની અપેક્ષાએ ૧૬૮૦૬ ભાંગા થાય. તે ભાંગા લાવવાનો ( =ઉપજાવવાનો ) ઉપાય નીચેની ગાથાથી જાણવો.

एगवए छब्भंगा, निद्दिट्ठा सावयाण जे सुत्ते ।
ते च्चिय पयवुड्ढीए, सत्तगुणा छज्जुया कमसो ॥ १ ॥

**"શ્રાવકોના એક વ્રતમાં દ્વિવિધ–ત્રિવિધ વગેરે જે છ ભાંગા સૂત્રમાં બતાવ્યા છે, તે જ છ ભાંગાને એક પદ વૃદ્ધિથી=છમાં એક ઉમેરવા વડે અર્થાત્ સાતથી ગુણવા. જે સંખ્યા આવે તેમાં છ ઉમેરવા. આમ ક્રમશઃ કરવાથી વ્રતના દ્વિસંયોગી વગેરે ભાંગાઓની સંખ્યા આવે."**

તે આ પ્રમાણેઃ– પ્રાણાતિપાતવિરતિ નામના એક વ્રતમાં જે દ્વિવિધ–ત્રિવિધ વગેરે છ ભાંગા છે, તેને સાતથી ગુણીને છ ઉમેરતાં ઉક્ત ( ૧૬૮૦૬ ) સંખ્યા થાય છે. કારણ કે–

૬ ને સાતથી ગુણતા અને છ ઉમેરતા ૪૮ થાય.
૪૮ ને ,, ,, ,, ,, ,, ૩૪૨ થાય.
૩૪૨ ને ,, ,, ,, ,, ,, ૨૪૦૦ થાય.
૨૪૦૦ ને ,, ,, ,, ,, ,, ૧૬૮૦૬ થાય.

(૧) પહેલા વ્રતના એકસંયોગી છ ભાંગા થયા.

(૨) પહેલા–બીજા વ્રતના એકસંયોગી અને દ્વિસંયોગી ૪૮ ભાંગા થયા.

(૩) એકથી ત્રણ વ્રત સુધીના ત્રિસંયોગી સુધીના ૩૪૨ ભાંગા થયા.

(૪) એકથી ચાર વ્રત સુધીના ચતુઃસંયોગી સુધીના ૨૪૦૦ ભાંગા થયા.

(૫) એકથી પાંચ વ્રત સુધીના પંચસંયોગી સુધીના ૧૬૮૦૬ ભાંગા થયા.

અથવા ઉક્ત સંખ્યા લાવવાનો બીજો પ્રકાર કહેવામાં આવે છેઃ– પ્રાણાતિપાતવિરતિ વગેરે પાંચ પદોના એક સંયોગથી ૫, દ્વિકસંયોગથી ૧૦, ત્રિકસંયોગથી ૧૦, ચતુષ્ક-સંયોગથી ૫, પંચકસંયોગથી ૧ ભાંગો થાય. કહ્યું છે કે–

**"પાંચ અણુવ્રતોના એકસંયોગથી, દ્વિકસંયોગથી, ત્રિકસંયોગથી, ચતુષ્કસંયોગથી અને પંચકસંયોગથી અનુક્રમે ૫, ૧૦, ૧૦, ૫, અને ૧ ભાંગો થાય."**

ભાંગા લાવવાનો ઉપાય આ પ્રમાણે છે :–

उभयमुहं रासिदुगं, हेट्ठिल्लानंतरेण भय पढमं ।
लद्धहरासिविहत्ते, तस्सुवरिं गुणं तु संजोगा ॥ १ ॥

આ ગાથાનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ– જેટલાં વ્રતોના ભાંગા કાઢવા હોય તેટલાં વ્રતોના ૧–૨–૩–૪–૫ વગેરે અંકો અનુક્રમે ડાબી બાજુથી શરૂ કરીને લખવા. પછી તેની નીચે જેટલા સંયોગના ભાંગા કાઢવા હોય તેટલા આંક જમણી બાજુથી ૫–૪–૩–૨–૧ વગેરે લખવા. જેમકે–પાંચ અણુવ્રતોના સંયોગી ભાંગા બનાવવા હોય તો

૧–૨–૩–૪–૫
૫–૪–૩–૨–૧ આ પ્રમાણે અંકો મૂકવા.

પછી નીચેના ઉપાંત્ય ( = છેલ્લા અંકની બાજુનો ) અંક બેથી ઉપરના છેલ્લા પાંચ અંકને ભાગતાં રા। થયા. તેને તેની ઉપરના ચાર અંકથી ગુણતા ૧૦ થયા. આ દ્વિક-સંયોગની સંખ્યા થઇ. એ પ્રમાણે બીજા પણ સંયોગો લાવવા ( =ઉપજાવવા ), પણ એમાં એટલું ખ્યાલ રાખવું કે ઉપર થયેલા ૧૦ વગેરે અંકનો જ નીચેના ત્રણ વગેરે અંકથી ભાગાકાર કરવો. આદિ શબ્દથી ઉપરના ત્રણ વગેરે અંકથી ગુણાકાર કરવો. તે આ પ્રમાણેઃ–

| | |
|---|---|
| ૧૦ ÷ ૩ = $\frac{૧૦}{૩} \times \frac{૩}{૧}$ = ૧૦ ત્રિસંયોગી ભાંગા | ૧–૨–૩–૪–૫ વ્રતાંક |
| ૧૦ ÷ ૪ = $\frac{૫}{૨} \times \frac{૨}{૧}$ = ૫ ચતુઃસંયોગી ભાંગા | ૫–૪–૩–૨–૧ સંયોગાંક |
| ૫ ÷ ૫ = ૧ × ૧ = ૧ પંચ સંયોગી ભાંગો | ૧–૫–૧૦–૧૦–૫ સંયોગ ભાંગા |

એકસંયોગી પાંચ ભાંગા સ્પષ્ટ છે.

**અથવા** પાંચ પદોના એક સંયોગમાં પાંચ ભાંગા થાય અને બે સંયોગમાં દશ ભાંગા થાય. તે આ પ્રમાણે :–(૧) પહેલું–બીજું, (૨) પહેલું–ત્રીજું, (૩) પહેલું–ચોથું, (૪) પહેલું–પાંચમું. આ પ્રમાણે પહેલા વ્રત સાથે ચાર ભાંગા થાય. (૫) બીજું–ત્રીજું, (૬) બીજું–ચોથું, (૭) બીજું–પાંચમું. આ પ્રમાણે બીજા વ્રત સાથે ત્રણ ભાંગા થાય. (૮) ત્રીજું–ચોથું, (૯) ત્રીજું–પાંચમું. આ પ્રમાણે ત્રીજા વ્રત સાથે બે ભાંગા થાય. (૧૦) ચોથું–પાંચમું આ પ્રમાણે એક ભાંગો થયો. બધા મળીને દ્વિસંયોગી દશ ભાંગા થયા. આ પ્રમાણે ત્રણ સંયોગી આદિમાં પણ સાંયોગિક ભાંગા કરવા. કહ્યું છે કે–

"અથવા પદોને સ્થાપીને [1]અક્ષોને ગ્રહણ કરીને સંચાલન કરવું, એ રીતે એકાદિ-સંયોગમાં ભાંગાઓની સંખ્યા કરવી."

તેથી પ્રાણાતિપાત વગેરે પદોની દ્વિવિધ-ત્રિવિધ વગેરે છ પદોથી જે ભાંગાઓ પ્રાપ્ત થાય છે તે દરેકનો સંયોગભાંગાની સંખ્યાથી ગુણાકાર કરવો. ગુણાકારથી જે સંખ્યા (मीलिता:=) મળી આવી તે ઉક્ત સંખ્યાને પૂર્ણ કરે છે, અર્થાત્ કહેલી સંખ્યા આવે. તે આ પ્રમાણે:- જે પ્રમાણે પ્રાણાતિપાત છ ભાંગાઓને પ્રાપ્ત કરે છે, તે પ્રમાણે મૃષાવાદ વગેરે પણ, અર્થાત્ પ્રાણાતિપાતમાં છ ભાંગા આવે છે, તેવી રીતે અસત્ય વગેરે દરેકમાં પણ છ-છ ભાંગા આવે. આ પ્રમાણે એકસંયોગી ભાંગાની પાંચ સંખ્યા વડે છનો ગુણાકાર ત્રીસ થાય. તથા પ્રાણાતિપાત અને મૃષાવાદના દ્વિકસંયોગમાં જે પ્રમાણે ૩૬ ભાંગા આવે છે તે પ્રમાણે બાકીના નવ દ્વિકસંયોગમાં પણ ૩૬-૩૬ ભાંગા આવે. આથી ૩૬ સંખ્યાને દ્વિસંયોગની ૧૦ સંખ્યાથી ગુણતાં ૩૬૦ ભાંગા આવે. આ પ્રમાણે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાનના ત્રિસંયોગમાં ૨૧૬ ભાંગા આવે. તે પ્રમાણે બાકીના નવ ત્રિસંયોગમાં પણ ૨૧૬-૨૧૬ ભાંગા આવે. આથી ૨૧૬ ની સંખ્યાને ત્રિસંયોગની ૧૦ સંખ્યાથી ગુણતાં ત્રિસંયોગીના કુલ ૨૧૬૦ ભાંગા આવે. એ જ પ્રમાણે પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન અને મૈથુનના ચતુઃસંયોગમાં જે પ્રમાણે ૧૨૯૬ ભાંગા આવે છે તે પ્રમાણે બાકીના ચાર ચતુઃસંયોગી ભાંગામાં પણ ૧૨૯૬-૧૨૯૬ આવે. આથી ૧૨૯૬ની સંખ્યાને ચતુઃસંયોગ ભાંગાની ૫ સંખ્યાથી ગુણતાં ચતુઃસંયોગીના કુલ ૬૪૮૦ ભાંગા આવે. પંચસંયોગી ભાંગો એક જ હોવાથી ગુણકરાશિથી વધ-ઘટનો અભાવ હોવાથી પંચસંયોગીના કુલ ભાંગા ૭૭૭૬ થાય છે. એકસંયોગી આદિ ભાંગાની સ્થાપના આ પ્રમાણે છે:-

| કેટલા વ્રતના? | વ્રતના ભાગા | સંયોગી ભાંગા | કુલ ભાંગા |
|---|---|---|---|
| એકના | ૬ | ૫ | ૩૦ |
| બેના | ૩૬ | ૧૦ | ૩૬૦ |
| ત્રણના | ૨૧૬ | ૧૦ | ૨૧૬૦ |
| ચારના | ૧૨૯૬ | ૫ | ૬૪૮૦ |
| પાંચના | ૭૭૭૬ | ૧ | ૭૭૭૬ |

**વ્રત સ્થાપના આ પ્રમાણે છે.**

| પ્રા. | મૃ. | અ. | મૈ. | પ. |
|---|---|---|---|---|
| ૨-૩ | ૨-૩ | ૨-૩ | ૨-૩ | ૨-૩ |
| ૨-૨ | ૨-૨ | ૨-૨ | ૨-૨ | ૨-૨ |
| ૨-૧ | ૨-૧ | ૨-૧ | ૨-૧ | ૨-૧ |
| ૧-૩ | ૧-૩ | ૧-૩ | ૧-૩ | ૧-૩ |
| ૧-૨ | ૧-૨ | ૧-૨ | ૧-૨ | ૧-૨ |
| ૧-૧ | ૧-૧ | ૧-૧ | ૧-૧ | ૧-૧ |

---

૧. દા. ત. પાંચ (अक्ष=) પાશા રાખવાના. તેમને ક્રમશઃ એક-બે-ત્રણ-ચાર અને પાંચ એ નંબર આપવા. પહેલાં એક નંબરના પાશા સાથે ક્રમશઃ બે, ત્રણ, ચાર અને પાંચ નંબરના પાશાને લેતાં દ્વિસંયોગી ચાર ભાંગા થયા. તે રીતે બે નંબરના પાશાની સાથે ક્રમશઃ ત્રણ ચાર અને પાંચ નંબરના પાશાને મૂકવાથી દ્વિસંયોગી ત્રણ ભાંગા થયા. પછી ત્રણ નંબરના પાશા સાથે ક્રમશઃ ચાર, પાંચ નંબરના પાશાને મૂકવાથી દ્વિસંયોગી બે ભાંગા થયા. છેલ્લે ચાર અને પાંચ નંબરના પાશાનો એક ભાંગો થયો. એવી રીતે ત્રિસંયોગી વગેરેમાં પણ સમજી લેવું અહીં પાશાના સ્થાને વ્રતોની સંખ્યા સમજવી.

**ભાંગાઓનું ઉચ્ચારણ આ પ્રમાણે છે:-**

દ્વિવિધ–ત્રિવિધથી હિંસાનો હું ત્યાગ કરું છું. આ પ્રમાણે એકસંયોગી એક ભાંગો થયો. આ પ્રમાણે બાકીના ચાર વ્રતોમાં પણ સમજવું.

(૧) દ્વિવિધ–ત્રિવિધથી હિંસાનો અને દ્વિવિધ–ત્રિવિધથી અસત્યનો હું ત્યાગ કરું છું.
(૨) ,, ,, ,, ,, ,, દ્વિવિધથી ,, ,, ,, ,, ,,
(૩) ,, ,, ,, ,, ,, એકવિધથી ,, ,, ,, ,, ,,
(૪) ,, ,, ,, ,, એકવિધ ત્રિવિધથી ,, ,, ,, ,, ,,
(૫) ,, ,, ,, ,, ,, દ્વિવિધથી ,, ,, ,, ,, ,,
(૬) ,, ,, ,, ,, ,, એકવિધથી ,, ,, ,, ,, ,,

આ પ્રમાણે હિંસાવ્રતના એક પદની સાથે અસત્યવ્રતના છ પદના છ ભાંગા આવ્યા, તેવી રીતે હિંસાવ્રતના બાકીના પાંચ પદો સાથે પણ છ–છ ભાંગા આવે, તેથી કુલ છત્રીશ ભાંગા થાય. આ પ્રમાણે બાકીના નવ દ્વિસંયોગોમાં પણ જાણવું.

**ત્રિસંયોગી ભાંગાઓનું ઉચ્ચારણ આ પ્રમાણે છે:-**

(૧) દ્વિવિધ–ત્રિવિધથી હિંસા અને અસત્યનો તથા દ્વિવિધ–ત્રિવિધથી ચોરીનો ત્યાગ કરું છું.
(૨) ,, ,, ,, ,, ,, ,, ,, દ્વિવિધથી ,, ,, ,, ,,
(૩) ,, ,, ,, ,, ,, ,, ,, એકવિધથી ,, ,, ,, ,,
(૪) ,, ,, ,, ,, ,, ,, એકવિધ–ત્રિવિધથી ,, ,, ,, ,,
(૫) ,, ,, ,, ,, ,, ,, ,, દ્વિવિધથી ,, ,, ,, ,,
(૬) ,, ,, ,, ,, ,, ,, ,, એકવિધથી ,, ,, ,, ,,

આ પ્રમાણે હિંસા અને અસત્યને દ્વિવિધ–ત્રિવિધમાં સ્થિર રાખીને ચોરીના સંચાલનથી છ ભાંગા પ્રાપ્ત થયા. તેવી રીતે મૃષાવાદના બાકીના પાંચ ભાંગા સાથે સંચાલન કરવાથી છત્રીશ ભાંગા આવે. અને હિંસાની સાથે સંચાલન કરવાથી બસો સોળ ભાંગા થાય. આ પ્રમાણે બાકીના નવ ત્રિસંયોગીમાં પણ જાણવું.

**ચતુઃસંયોગી ભાંગાઓનું ઉચ્ચારણ આ પ્રમાણે છે:-**

(૧) દ્વિવિધ-ત્રિવિધથી હિંસા, અસત્ય અને ચોરીનો તથા દ્વિવિધ-ત્રિવિધથી મૈથુનનો ત્યાગ કરું છું.
(૨) ,, ,, ,, ,, ,, ,, ,, ,, દ્વિવિધથી ,, ,, ,, ,,
(૩) ,, ,, ,, ,, ,, ,, ,, ,, એક વિધથી ,, ,, ,, ,,
(૪) ,, ,, ,, ,, ,, ,, ,, એકવિધ-ત્રિવિધથી ,, ,, ,, ,,
(૫) ,, ,, ,, ,, ,, ,, ,, ,, –દ્વિવિધથી ,, ,, ,, ,,
(૬) ,, ,, ,, ,, ,, ,, ,, ,, એકવિધથી ,, ,, ,, ,,

આ પ્રમાણે ત્રીજું પદ ચોરીની સાથે સંચાલન કરવાથી છત્રીશ, બીજું પદ અસત્યની સાથે સંચાલન કરવાથી બસો સોળ, પહેલું પદ હિંસા સાથે સંચાલન કરવાથી બારસો-છન્નું ભાંગા થાય. એ પ્રમાણે શેષ ચાર ચતુઃસંયોગીમાં પણ જાણવું.

## પંચસંયોગી ભાંગાઓનું ઉચ્ચારણ આ પ્રમાણે છે :–

(૧) દ્વિવિધ-ત્રિવિધથી હિંસા, અસત્ય ચોરી અને મૈથુનનો તથા દ્વિવિધ–ત્રિવિધથી પરિગ્રહનો હું ત્યાગ કરુ છું.
(૨) ,, ,, ,, ,, ,, ,, ,, ,, ,, દ્વિવિધથી ,, ,, ,, ,, ,,
(૩) ,, ,, ,, ,, ,, ,, ,, ,, ,, એકવિધથી ,, ,, ,, ,, ,,
(૪) ,, ,, ,, ,, ,, ,, ,, ,, એકવિધ–ત્રિવિધથી ,, ,, ,, ,, ,,
(૫) ,, ,, ,, ,, ,, ,, ,, ,, ,, દ્વિવિધથી ,, ,, ,, ,, ,,
(૬) ,, ,, ,, ,, ,, ,, ,, ,, ,, એકવિધથી ,, ,, ,, ,, ,,

આ પ્રમાણે ચોથા મૈથુનપદની સાથે સંચાલન કરવાથી ૩૬, ત્રીજા ચોરી પદની સાથે સંચાલન કરવાથી ૨૧૬, બીજા અસત્યપદની સાથે સંચાલન કરવાથી ૧૨૯૬ અને પ્રથમ હિંસાપદની સાથે સંચાલન કરવાથી ૭૭૭૬ ભાંગા થાય છે.

આ પ્રમાણે બારે વ્રતોના ભાંગાઓ જાણવા. તેની સંખ્યા જણાવતી ગાથા આ છેઃ—

तेरसकोडिसयाइं, चुलसीजुयाइं बारस य लक्खा ।
सत्तासीइ सहस्सा, दो य सता तह दुरग्गा य ॥ १ ॥

"તેરસો ચોર્યાસી ક્રોડ, બાર લાખ, સત્યાશી હજાર, બસો અને બે (૧૩૮૪,૧૨,૮૭૨૦૨)."

ઉક્ત ભાંગાઓને લાવવાનો ઉપાય સ્વયં કરવો. અને દ્વિવિધ–ત્રિવિધ વગેરે છ પદોમાં સંચાલનના ક્રમથી જે ૨૧ ભાંગાઓ આવ્યા, તે પણ પાંચવ્રતના સંચાલનથી અથવા બારવ્રતના સંચાલનથી ભાંગાઓની જુદી જુદી સંખ્યાને ઉત્પન્ન કરવી, અને તેને લાવવાનો ઉપાય આ પ્રમાણે છે :–

"સૂત્રમાં શ્રાવકોના જે એકવીસ ભાંગા બતાવ્યા છે, તે ભાંગાઓને બાવીસગુણા કરવા અને તેમાં એકવીસ ઉમેરવા."

આનાથી પાંચવ્રતોના ભાંગાઓનું પરિમાણ પ્રાપ્ત થયું. તે આ પ્રમાણે :– એકાવન લાખ, ત્રેપનહજાર, છસો એકત્રીસ ( ૫૧,૫૩,૬૩૧ ). પહેલા બતાવેલ સંયોગ વગેરેની વક્તવ્યતાથી આ સંખ્યા પ્રાપ્ત થાય છે. મૂલસંયોગને ગુણવાલાયક ગુણાકારના આવેલ ક્રમથી તેની જેવા પ્રકારની સ્થાપના થાય છે તેવા પ્રકારની તે સ્થાપના બતાવાય છે.

| વ્રતના ભાંગા | | સંયોગી ભાંગા | કુલ ભાંગા |
|---|---|---|---|
| એક સંયોગી (૨૧) | = ૨૧ | ૫ | ૧૦૫ |
| દ્વિસંયોગી (૨૧×૨૧) | = ૪૪૧ | ૧૦ | ૪૪૧૦ |
| ત્રિસંયોગી (૨૧×૨૧×૨૧) | = ૯૨૬૧ | ૧૦ | ૯૨૬૧૦ |
| ચતુઃસંયોગી (૨૧×૨૧×૨૧×૨૧) | =૧૯૪૪૮૧ | ૫ | ૯૭૨૪૦૫ |
| પંચસંયોગી (૨૧×૨૧×૨૧×૨૧×૨૧) | = ↓ ૪૦૮૪૧૦૧ | ૧ | ૪૦૮૪૧૦૧ |
| | | | =૫૧૫૩૬૩૧ |

આ પ્રમાણે આપેલ બધા પદોનો સરવાળો કરવાથી ઉક્ત (૫૧૫૩૬૩૧) સંખ્યાની પૂર્તિ થાય છે. આ ક્રમ વડે બાર વ્રતોના ભાંગાઓની સંખ્યા સ્વયં જાણી લેવી.

આ પ્રમાણે આવશ્યકનિર્યુક્તિના અભિપ્રાયથી ભાંગાઓની પ્રરૂપણા કરી. હવે ભગવતીસૂત્રના અભિપ્રાયથી ભાંગાઓની પ્રરૂપણા બતાવાય છેઃ—

યોગમાં ત્રણ તગડા, ત્રણ બગડા અને ત્રણ એકડા સ્થાપવા. તેમાં ક્રમે કરીને તગડો, બગડો એકડો, તગડો બગડો એકડો, તગડો બગડો એકડો એ રીતે કરણોની (નીચે) સ્થાપના કરવી, અર્થાત્ ત્રણ તગડાની નીચે ત્રણ, બે, એક અંક મૂકવા (=સ્થાપવા). એવી રીતે ત્રણ બગડાની નીચે અને ત્રણ એકડાની નીચે પણ ત્રણ, બે, એક અંક મૂકવા.

**સ્થાપના**

| યોગ | ૩ | ૩ | ૩ | ૨ | ૨ | ૨ | ૧ | ૧ | ૧ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| કરણ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ | ૩ | ૨ | ૧ |
| ભાંગા | ૧ | ૩ | ૩ | ૩ | ૯ | ૯ | ૩ | ૯ | ૯ |

આનો ભાવ એ છે કે મન–વચન–કાયારૂપયોગના ત્રિસંયોગી ભાંગામાં ન કરું, ન કરાવું, ન અનુમોદું એમ ત્રણ કરણનો ત્રિસંયોગી એક ભાંગો, દ્વિસંયોગી ત્રણ ભાંગા અને એકસંયોગી ત્રણ ભાંગા થયા, અર્થાત્ ત્રિસંયોગી યોગના એકાદિ સંયોગવાળા કરણ સાથે કુલ સાત ભાંગા થયા. એ પ્રમાણે દ્વિસંયોગી યોગના ત્રણ ભાંગામાં અને એક-સંયોગી યોગના ત્રણ ભાંગામાં પણ જાણવું.

અહીં એક, બે અને ત્રણ સંયોગના ચિંતનથી ૪૯ ભાંગા થાય. કહ્યું છે કે—

**"મન-વચન અને કાયા એ ત્રણ યોગથી કરવું, કરાવવું અને અનુ-મોદવું એ ત્રણ કરણથી ત્રણ, બે અને એકના સંયોગના સાત–સાત ભાંગા થાય. કુલ ૪૯ ભાંગા થાય, અર્થાત્ યોગના સાત ભાંગાને કરણના સાત ભાંગાથી ગુણાકાર કરવાથી ૪૯ ભાંગા થાય છે."**

## આ ૪૯ ભાંગાઓનું ઉચ્ચારણ આ પ્રમાણે છે :-

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ન કરું | ન કરાવું | ન અનુમોદું | મનથી | વચનથી | કાયાથી | આ પ્રમાણે | ત્રિવિધ-ત્રિવિધનો | ૧ | ભાંગો. |
| ૨ | ,, | ,, | ,, | ,, | ,, | — | ,, | ,, દ્વિવિધનો | ૧ લો | ,, |
| ૩ | ,, | ,, | ,, | ,, | — | ,, | ,, | ,, ,, | ૨જો | ,, |
| ૪ | ,, | ,, | ,, | — | ,, | ,, | ,, | ,, ,, | ૩જો | ,, |
| ૫ | ,, | ,, | ,, | ,, | — | — | ,, | ,, એકવિધનો | ૧લો | ,, |
| ૬ | ,, | ,, | ,, | — | ,, | — | ,, | ,, ,, | ૨જો | ,, |
| ૭ | ,, | ,, | ,, | — | — | ,, | ,, | ,, ,, | ૩જો | ,, |
| ૮ | ,, | ,, | — | ,, | ,, | ,, | ,, | દ્વિવિધ-ત્રિવિધનો | ૧લો | ,, |
| ૯ | ,, | — | ,, | ,, | ,, | ,, | ,, | ,, ,, | ૨જો | ,, |
| ૧૦ | — | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, ,, | ૩જો | ,, |
| ૧૧ | ,, | ,, | — | ,, | ,, | — | — | દ્વિવિધ-દ્વિવિધનો | ૧લો | ,, |
| ૧૨ | ,, | ,, | — | ,, | — | ,, | ,, | ,, ,, | ૨જો | ,, |
| ૧૩ | ,, | ,, | — | — | ,, | ,, | ,, | ,, ,, | ૩જો | ,, |
| ૧૪ | ,, | — | ,, | ,, | ,, | — | ,, | ,, ,, | ૪થો | ,, |
| ૧૫ | ,, | — | ,, | ,, | — | ,, | ,, | ,, ,, | ૫મો | ,, |
| ૧૬ | ,, | — | ,, | — | ,, | ,, | ,, | ,, ,, | ૬ઠ્ઠો | ,, |
| ૧૭ | — | ,, | ,, | ,, | ,, | — | ,, | ,, ,, | ૭મો | ,, |
| ૧૮ | — | ,, | ,, | ,, | — | ,, | ,, | ,, ,, | ૮મો | ,, |
| ૧૯ | — | ,, | ,, | — | ,, | ,, | ,, | ,, ,, | ૯મો | ,, |
| ૨૦ | ,, | ,, | — | ,, | — | — | ,, | દ્વિવિધ એકવિધનો | ૧લો | ,, |
| ૨૧ | ,, | ,, | — | — | ,, | — | ,, | ,, ,, | ૨જો | ,, |
| ૨૨ | ,, | ,, | — | — | — | ,, | ,, | ,, ,, | ૩જો | ,, |
| ૨૩ | ,, | — | ,, | ,, | — | — | ,, | ,, ,, | ૪જો | ,, |
| ૨૪ | ,, | — | ,, | — | ,, | — | ,, | ,, ,, | ૫મો | ,, |
| ૨૫ | ,, | — | ,, | — | — | ,, | ,, | ,, ,, | ૬ઠ્ઠો | ,, |
| ૨૬ | — | ,, | ,, | ,, | — | — | ,, | ,, ,, | ૭મો | ,, |
| ૨૭ | — | ,, | ,, | — | ,, | — | ,, | ,, ,, | ૮મો | ,, |
| ૨૮ | — | ,, | ,, | — | — | ,, | ,, | ,, ,, | ૯મો | ,, |

| | | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૨૯ | ,, | – | – | ,, | ,, | ,, | ,, | એકવિધ-ત્રિવિધનો | | ૧લો | ,, |
| ૩૦ | – | ,, | – | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ૨જો | ,, |
| ૩૧ | – | – | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ,, | ૩જો | ,, |
| ૩૨ | ,, | – | – | ,, | ,, | – | ,, | એકવિધ-દ્વિવિધનો | | ૧લો | ,, |
| ૩૩ | ,, | – | – | ,, | – | ,, | ,, | ,, | ,, | ૨જો | ,, |
| ૩૪ | ,, | – | – | – | ,, | ,, | ,, | ,, | ,, | ૩જો | ,, |
| ૩૫ | – | ,, | – | ,, | ,, | – | ,, | ,, | ,, | ૪થો | ,, |
| ૩૬ | – | ,, | – | ,, | – | ,, | ,, | ,, | ,, | ૫મો | ,, |
| ૩૭ | – | ,, | – | – | ,, | ,, | ,, | ,, | ,, | ૬ઠ્ઠો | ,, |
| ૩૮ | – | – | ,, | ,, | ,, | – | ,, | ,, | ,, | ૭મો | ,, |
| ૩૯ | – | – | ,, | ,, | – | ,, | ,, | ,, | ,, | ૮મો | ,, |
| ૪૦ | – | – | ,, | – | ,, | ,, | ,, | ,, | ,, | ૯મો | ,, |
| ૪૧ | ,, | – | – | ,, | – | – | ,, | એકવિધ-એકવિધનો | | ૧લો | ,, |
| ૪૨ | ,, | – | – | – | ,, | – | ,, | ,, | ,, | ૨જો | ,, |
| ૪૩ | ,, | – | – | – | – | ,, | ,, | ,, | ,, | ૩જો | ,, |
| ૪૪ | – | ,, | – | ,, | – | ,, | ,, | ,, | ,, | ૪થો | ,, |
| ૪૫ | – | ,, | – | – | ,, | – | ,, | ,, | ,, | ૫મો | ,, |
| ૪૬ | – | ,, | – | – | – | ,, | ,, | ,, | ,, | ૬ઠ્ઠો | ,, |
| ૪૭ | – | – | ,, | ,, | – | – | ,, | ,, | ,, | ૭મો | ,, |
| ૪૮ | – | – | ,, | – | ,, | – | ,, | ,, | ,, | ૮મો | ,, |
| ૪૯ | – | – | ,, | – | – | ,, | ,, | ,, | ,, | ૯મો | ,, |

આ બધા મળીને ૪૯ ભાંગા થયા. તેને ત્રણે કાળથી ગુણવાથી ૧૪૭ ભાંગા થાય. કહ્યું છે કે–

**"પ્રથમ એક, પછી ત્રણ તગડા, પછી બે નવડા, પછી ત્રણ તગડા, પછી બે નવડા, એમ ઉપર બતાવ્યા પ્રમાણે કુલ ૪૯ ભાંગા થાય. તેને ત્રણ કાળથી ગુણવાથી ૧૪૭ ભાંગા થાય. (ઉપર કોષ્ટકથી બતાવેલ વિગતને આ ગાથામાં જણાવી છે.)"**

અહીં બતાવેલા નવ મૂળ ભેદો અને ઓગણ પચાસ સાંયોગિક ભેદોની પાંચ વ્રતો સાથે અથવા બારવ્રતો સાથે વિચારણા કરતાં ઘણા ભેદો થાય છે, અને તે લાવવા માટેનો ઉપાય નીચેની બે ગાથાથી જાણવો.

एगवए नव भंगा, निद्दिट्ठा सावयाण जे सुत्ते । ते च्चिय दसगुणकाउं, नव पक्खेवंमि कायव्वा ॥ १ ॥

इगुवन्नं खलु भंगा, निद्दिट्ठा सावयाण जे सुत्ते । ते च्चिय पन्नासगुणा, ऍगुवन्नं पक्खिवेयव्वा ॥ २ ॥

**"સૂત્રમાં શ્રાવકોના એકવ્રતમાં જે નવ ભાંગા બતાવેલા છે, તેને દશ ગણા કરીને તેમાં નવનો પ્રક્ષેપ કરવો. (૧) તથા સૂત્રમાં (આગમમાં)**

**શ્રાવકના જે ૪૯ ભાંગા બતાવેલા છે, તેને પચાસગુણા કરવા, અને તેમાં ૪૯ નો પ્રક્ષેપ કરવો. (૨)"**

આની ભાવના=રીત પહેલાં બતાવી છે તે જ જાણવી.

પાંચ વ્રતોની નવપદોથી સંખ્યા નવાણું હજાર નવસો નવાણું (૯૯,૯૯૯) થાય. અને પાંચવ્રતોની ૪૯ ભાંગાઓથી સંખ્યા એકત્રીસ ક્રોડ, ચોવીસ લાખ નવાણું હજાર, નવસો નવાણું (૩૧,૨૪,૯૯,૯૯૯) થાય. અથવા તો પહેલાં કહેલ એકસંયોગી આદિના ક્રમથી ઉક્ત સંખ્યા લાવવી. તે બંને સંખ્યાનો સ્થાપનાક્રમ અનુક્રમે આ પ્રમાણે છેઃ–

| પદો | સંયોગી ભાંગા | કુલ ભાંગા | પદો | સંયોગી ભાંગા | કુલ ભાંગા |
|---|---|---|---|---|---|
| ૯ | ૫ | ૪૫ | ૪૯ | ૫ | ૨૪૫ |
| ૮૧ | ૧૦ | ૮૧૦ | ૨૪૦૧ | ૧૦ | ૨૪૦૧૦ |
| ૭૨૯ | ૧૦ | ૭૨૯૦ | ૧૧૭૬૪૯ | ૧૦ | ૧૧૭૬૪૯૦ |
| ૬૫૬૧ | ૫ | ૩૨૮૦૫ | ૫૭૬૪૮૦૧ | ૫ | ૨૮૮૨૪૦૦૫ |
| ૫૯૦૪૯ | ૧ | ૫૯૦૪૯ | ૨૮૨૪૭૫૨૪૯ | ૧ | ૨૮૨૪૭૫૨૪૯ |
| | | =૯૯૯૯૯ | | | =૩૧૨૪૯૯૯૯૯ |

આ પ્રમાણે બાર વ્રતોના ભાંગાઓની સંખ્યા પણ લાવવી અને એ ભાંગાઓનો ગુણાકાર બાર વગેરેનો જાણવો. કહ્યું છે કે–

**बारस छावट्ठीविय वीसहिया दो य पंच नव चउरो । दो नव सत्त य चउ दोन्नि नव य दो नव य सत्तेव पण नव चउरो वीसा, य दोन्नि छावट्ठि बारसेक्को य । सावगभंगाण इमे, सव्वाणं हुंति गुणयारा॥२॥**

"આ બે ગાથામાં શ્રાવકના બાર વ્રતોના એકસંયોગથી બારસંયોગ સુધી ભાંગાઓને ગુણવા માટેની બાર ગુણકરાશિ બતાવેલ છે. તે આ પ્રમાણે :–

**(૧) ૧૨, (૨) ૮૬, (૩) ૨૨૦, (૪) ૪૯૫, (૫) ૭૯૨, (૬) ૯૨૪, (૭) ૭૯૨, (૮) ૪૯૫, (૯) ૨૨૦, (૧૦) ૮૬, (૧૧) ૧૨, (૧૨) ૧."**

ઉક્ત ક્રમથી ભાંગાઓનું સ્વરૂપ જાણીને પોતાના સ્વભાવ (=પરિસ્થિતિ) વગેરેની વિચારણાપૂર્વક અસત્યના ત્યાગનો સ્વીકાર કરવો જોઇએ. આ પ્રમાણે (=જાણીને વિચારપૂર્વક) જ વ્રતોનો સ્વીકાર થાય.

**પ્રશ્ન:**– જાણીને વિચારપૂર્વક જ વ્રતોનો સ્વીકાર કરવો જોઈએ એમ શા માટે કહો છો ?

**ઉત્તર:**– કારણકે "જાણીને અને સ્વીકારીને કરવું તે વિરતિ છે" એવું વચન હોવાથી પ્રાણાતિપાતવિરમણ વગેરે વ્રતોના સ્વીકારનો ઉક્ત સ્વરૂપવાળો વિધિ છે. નિર્યુક્તિકારે પણ કહ્યું છે કે–

**"જે ૧૪૭ ભાંગાઓને સારી રીતે જાણે છે, તે જ પચ્ચક્ખાણ (કરવા)માં કુશલ છે, બાકીના કુશલ નથી." [૩૨]**

ઉત્પત્તિદ્વાર કહ્યું. હવે દોષદ્વાર કહેવામાં આવે છેઃ–

**अलियं च जंपमाणो, मूगत्ताईणि लहइ दुक्खाणि ।**
**जायइ तहा (? य तस्स) निहणं, वसुराया एत्थुदाहरणं ॥३३॥**

**ગાથાર્થ**:– અસત્ય બોલનાર જીવ પરલોકમાં મૂંગાપણું વગેરે દુઃખોને પામે છે, તથા આ લોકમાં અસત્યના કારણે તેનું મૃત્યુ થાય છે. આ વિષે વસુરાજાનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ**:– અસત્ય બોલનાર પરલોકમાં મૂંગાપણું વગેરે દુઃખોને પામે છે. આ વિષે કહ્યું છે કે–

**"અસત્ય બોલનારા મનુષ્યો પરલોકમાં મૂંગા, બુદ્ધિહીન, ઇંદ્રિયોની ખામીવાળા, બોલવાની શક્તિની ખામીવાળા, વાણીથી નિંદિત બનેલા અને દુર્ગંધી મુખવાળા થાય છે."**

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ કહ્યો. ભાવાર્થ તો કથાથી જાણવો. કથા આ પ્રમાણે છેઃ–

## વસુરાજાનું દૃષ્ટાંત

આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના અલંકારરૂપ સૂરસેન નામનો દેશ હતો. તેમાં મૂર્તિમતી નામની નગરી હતી. તેમાં હરિવંશરૂપ ગગનમંડલને અલંકૃત કરનાર અને સૌમ્યતા, કાંતિ વગેરે ગુણસમૂહથી ચંદ્રને પણ ઝાંખો પાડનાર અભિચંદ્ર નામનો રાજા હતો. તેનો વસુકુમાર પુત્ર હતો. એકવાર વસુકુમાર વિદ્યા ગ્રહણ કરવા યોગ્ય થઈ ગયો છે એમ માનીને રાજાએ તેને તે નગરીમાં રહેતા ક્ષીરકદંબક નામના ઉપાધ્યાયને સત્કારપૂર્વક સોંપ્યો. આ તરફ ઉપાધ્યાયનો પુત્ર પર્વતક અને નારદ છાત્ર ત્યારે જ તેની પાસે ભણવા માટે આવ્યા. આથી ઉપાધ્યાય તે ત્રણેને વેદ ભણાવવા લાગ્યો. એકવાર આકાશમાં જતા આકાશચારી બે સાધુઓએ આ ત્રણને ભણતા જોયા. એક સાધુએ બીજા સાધુને કહ્યુંઃ જે આ ત્રણ વેદ ભણી રહ્યા છે તેમાંથી બે નરકમાં જશે અને એક દેવલોકમાં જશે. ક્ષીરકદંબક ઉપાધ્યાયે આ સાંભળ્યું. સાધુઓ તે પ્રમાણે બોલતાં જ અદૃશ્ય થઈ ગયા. ઉપાધ્યાય અત્યંત અધીર બનીને વિચારવા લાગ્યોઃ બધાં શાસ્ત્રોનાં રહસ્યોને જાણીને શાસ્ત્રોક્ત અનુષ્ઠાન કરવાપૂર્વક મોક્ષપદની આરાધના કરશે એવા આશયથી મેં એમને વેદાર્થના જાણકાર કર્યા, બીજાં પણ બધાં શાસ્ત્રોના જાણકાર કર્યા. મોક્ષપદ તો બાજુએ રહ્યું, ઉલટું, આ બે નરકમાં જશે. સાધુવચન ખોટું ન પડે. તેથી અહો! પુરુષ પુરુષાર્થોને બીજી જ રીતે વિચારે છે અને થાય છે બીજી જ રીતે, તે તું જો. તેથી હું પણ જ્યાં સુધીમાં જરાથી જર્જરિત શરીરવાળો બનીને સકલપુરુષાર્થને સાધવામાં અસમર્થ ન બનું ત્યાં સુધીમાં આત્મહિત કરી લઉં, એમ વિચારીને સંસારથી

વિરક્ત ચિત્તવાળા તેણે તેવા પ્રકારના (=ગુણસંપન્ન) આચાર્યની પાસે દીક્ષાનો સ્વીકાર કર્યો. કેટલાક કાળ સુધી ઉગ્રતપ–ચારિત્રમાં રત બનીને લોકાલોકને પ્રકાશિત કરવા સમર્થ એવું દિવ્ય કેવલજ્ઞાન ઉત્પન્ન કરીને, સર્વકર્મ કલંકથી રહિત તે મોક્ષને પામ્યા.

અભિચંદ્રરાજાએ સ્વરાજ્યમાં વસુનો રાજ્યાભિષેક કર્યો અને પોતે પ્રવ્રજિત બન્યો. પછી વસુરાજા થોડા જ કાળમાં અપ્રતિહતશાસન (=જેની આજ્ઞા કોઈ અમાન્ય ન કરે તેવો) બન્યો. આ તરફ એકવાર શિકાર કરવા ગયેલા કોઈ પારધિએ ઘણા દૂર રહેલા હરણને જોઈને કાન સુધી ધનુષ ખેંચીને બાણ છોડયું. તે બાણ આગળ સ્ખલના પામીને સામું (=પાછું) જ આવ્યું. તેથી તેણે વિચાર્યું: આ શું? આગળ જઈને જોયું તો જાણ્યું કે સ્ફટિકની શિલા છે. તેથી તેણે વિચાર્યું: આ શિલા અદ્ભુત રત્ન છે. આ શિલાના આંતરે રહેલા મૃગથી મારી બુદ્ધિ છેતરાઈ ગઈ, અને એથી મેં બાણ છોડવાનો પ્રયત્ન કર્યો. રાજા જ આવાં રત્નોને યોગ્ય છે. આથી હું રાજાને જણાવું, જેથી વિશિષ્ટ રત્નના દર્શનથી તુષ્ટ થયેલો રાજા મારા ઉપર મોટી મહેરબાની કરે. આમ વિચારીને ત્યાં કંઈક ચિહ્ન કરીને તે વસુરાજાની પાસે ગયો. રાજાને શિલાનો વૃત્તાંત કહ્યો. તેથી રાજાએ તે શિલાને મંગાવીને, ગુપ્તપણે ઉત્તમ કારીગરોની પાસે તે શિલામાંથી સિંહાસન કરાવીને, રાજસભાના મંડપમાં તે સિંહાસન મૂકાવ્યું. તેથી સિંહાસન ઉપર બેઠેલો રાજા આકાશમાં રહેલો હોય તેમ જણાતો હતો. તેથી બીજા રાજ્યોમાં પણ એવી પ્રસિદ્ધિ થઈ કે વસુરાજા સત્યના પ્રભાવથી આકાશમાં રહેલો રાજસભા કરે છે, અર્થાત્ રાજસભામાં આકાશમાં અદ્ધર બેસે છે. તેનો સહાધ્યાયી નારદ પણ પોતાના ઘરે જઈને અનેક છાત્રોને ભણાવતો હતો, અને શ્રાવકધર્મને પાળતો હતો. પર્વતક તો ત્યાં જ પોતાના અનેક શિષ્યોને વેદો ભણાવતો હતો.

એકવાર સ્વશિષ્યોથી પરિવરેલો નારદ ગુરુબંધુના સ્નેહથી પર્વતકને જોવા (=મળવા) ત્યાં જ આવ્યો. તેણે પર્વતકના ઘરમાં પ્રવેશ કર્યો. પ્રવેશ કરતાં હર્ષના કારણે તેના શરીરમાં ઘણા રોમાંચો પ્રગટયા. પર્વતકે તેને જોયો. આસન આપવું વગેરે ભક્તિ કરી. એક બીજાની સુખદુઃખની વાતો પૂછી. કેટલોક કાળ રહીને નારદે કહ્યું: હે બંધુ! વ્યાખ્યાન કર (=શિષ્યોને અર્થ સમજાવ). આ શિષ્યોને (ભણવાથી) વિમુખ ન કર. હું ભણવાનું બંધ કરાવવા નથી આવ્યો. તેથી પર્વતકે વેદોમાં યજ્ઞવિધિમાં જે અર્ધું. વ્યાખ્યાન કહ્યું હતું તેનું વ્યાખ્યાન કહેવાનું શરૂ કર્યું. તેમાં 'अजैर्यष्टव्यम्' એવું સૂત્ર હતું. એની વ્યાખ્યા પર્વતકે આ પ્રમાણે કરી: अज એટલે બકરા. यष्टव्य એટલે યજ્ઞ કરવો. બકરાઓથી યજ્ઞ કરવો. આ વખતે નારદે કહ્યું: આ પ્રમાણે ન કહે. યજ્ઞની વિધિમાં ત્રણ વર્ષ જુની ડાંગર વગેરે જોઈએ. કારણકે અહીં न जायन्ते=न रोहन्तीति अजाः (જે ન ઉગે તે અજ) એવી अज શબ્દની વ્યુત્પત્તિ છે. આથી ત્રણ વર્ષ જુની ડાંગર વગેરેથી

યજ્ઞ કરવો જોઈએ, નહિ કે બકરાઓથી. પછી ઉત્તર–પ્રત્યુત્તરથી તે બેનો મહાન વિવાદ થયો. વિવાદ થતાં તે બેએ કહ્યું: ત્રીજો વસુરાજા આપણો સહાધ્યાયી હતો. આ વિષયમાં તે પ્રમાણ છે. પણ જે જીતાઈ જાય (=ખોટો પડે) તેની જીભ કાપવી. આ પ્રમાણે શરત કર્યા પછી નારદ ઉઠીને પોતાના છાત્રોની સાથે પોતાના નિવાસમાં ગયો. પર્વતક પણ પોતાના શ્રોતાઓને રજા આપીને માતાની પાસે ગયો. માતાને નારદનો વૃત્તાંત જણાવ્યો. તેથી માતાએ કહ્યું: નારદે જે પ્રમાણે વ્યાખ્યાન કર્યું તે પ્રમાણે તારા પિતા પણ વ્યાખ્યાન કરતા હતા, એવું મને યાદ છે. તેથી પર્વતકે કહ્યું: જો એમ છે તો મારો જિહ્વાછેદ થાઓ. માતાએ કહ્યું: ઉતાવળો ન થા. તેં રાજાને પ્રમાણ કરેલો છે. આથી તેની પાસે જ જઇએ. કદાચ આગ્રહથી વશ કરાયેલો રાજા તારો પક્ષ પણ પૂરે=તારો પક્ષ સાચો કહે. આ પ્રમાણે કહીને તે પુત્રની સાથે રાજા પાસે ગઇ. રાજમહેલના દરવાજા પાસે આવી. દ્વારપાળે રાજાને ખબર આપી કે, હે દેવ! ગુરુપત્ની અને પર્વતક આપનાં દર્શન કરવાને ઇચ્છે છે. રાજાએ કહ્યું: જલદી આવવા દે. દ્વારપાળે જેવી દેવની આજ્ઞા એમ કહીને તે બેને આવવા દીધા. પછી રાજાએ ગુરુપત્ની અને પર્વતકને અભિવાદન કર્યું. તે બંનેએ પણ રાજાને આશીર્વાદ આપ્યા. રાજાએ આસન અપાવીને કહ્યું: ઘણા સમયે અમને યાદ કર્યા. માતાજીને મારું શું કામ છે? આજ્ઞા કરો. તેથી ઉપાધ્યાયપત્નીએ કહ્યું: (કામોમાં) ઘણી વ્યગ્રતાના કારણે આટલા દિવસ આપનાં દર્શન ન કર્યાં. પુત્રે કાર્ય માટે જે પૂછ્યું તે તો એકાંતમાં કહેવા જેવું છે. તેથી રાજાએ તેના કહ્યા પછી તુરત જલદી બધા લોકોને વિદાય કર્યા. તેણે પર્વતકને પાસે જ રાખીને જિહ્વાછેદની શરત સુધીનો નારદનો વૃત્તાંત કહ્યો. તેથી હવે કરવા જેવું કે ન કરવા જેવું હું જે કહું તે અવશ્ય તમારે સ્વીકારવું. વિશેષ શું કહેવું? મારો પુત્ર હારે નહિ તેમ કરવું. તેના આગ્રહથી રાજાએ સ્વીકાર્યું. અથવા, કાનનું આ ઝેર મહાઝેર છે. જેને સુતત્ત્વોરૂપી અમૃત પરિણમ્યું નથી તેને એ વિષ કઈ વિટંબણા ઉપજાવતું નથી? કહ્યું છે કે–**કાનના ઝેરથી બળેલા મૂર્ખ લોકો શું શું નથી કરતા? (અર્થાત્ બીજાઓના કહેવાથી ન કરવા જેવું પણ કરવા માંડે છે.) આવા લોકો (બીજાઓના કહેવાથી) તપ પણ કરે અને મનુષ્યની ખોપરીમાં દારૂ પણ પીએ."** તેથી પર્વતકની માતા હર્ષ પામી. પુત્રની સાથે રાજભવનમાંથી નીકળી ગઇ. સંપૂર્ણનગરીમાં જનપ્રવાદ થયો કે–સવારે રાજાની આગળ નારદ અને પર્વતકનો મહાન વાદ થશે. બીજા દિવસે રાજાએ સંપૂર્ણ સભા ભરીને નારદ અને પર્વતકને બોલાવ્યા. તે બંને પણ પરિવાર સહિત આવી ગયા. બેસવા માટે તે બંનેને આસન આપ્યા. બંને ઉચિત સ્થાને બેઠા. મંત્રી, મહામંત્રી, સામંત વગેરે રાજાના માણસો ભેગા થયા. વેદમાં નિપુણ અનેક પુરુષો આવ્યા. તે બધા પોતપોતાના સ્થાને બેસી ગયા એટલે મધ્યસ્થ પુરુષોએ દિક્પાલોનું અને દેવતાઓનું આહ્વાન કરીને રાજાની સમક્ષ કહ્યું: હે દેવ! નારદ અને પર્વતકે ન્યાય આપવામાં આપને પ્રમાણ કર્યા છે,

તેથી અત્યારે આપે સાચું કહેવું, જેથી નદીના પ્રવાહો વેગથી ન વહે, શાકિની, ભૂત વગેરે છળે નહિ, દેવો વશ થાય, અગ્નિ બાળે નહિ, બધી રીતે ક્ષીરકદંબક ઉપાધ્યાયે જે રીતે વ્યાખ્યાન કર્યું હતું, તે રીતે આપ કહો. વસુરાજાએ કહ્યું: હું અસત્ય બોલતો નથી. કારણ કે હું સત્યવાદી હોવાથી જ સભાનો અવસર આકાશમાં કરું છું, અર્થાત્ સભાના સમયે આકાશમાં અદ્ધર રહું છું. માટે અહીં ક્યારેય એવી શંકા ન કરો કે વસુરાજા અસત્યવાદી છે. આમ કહીને તે બોલ્યોઃ યજ્ઞની વિધિમાં અજ એટલે બકરા એવું ક્ષીર-કદંબક ઉપાધ્યાયે વ્યાખ્યાન કર્યું હતું એમ મને યાદ છે. આ વખતે કોપ પામીને દેવે વિચાર્યું: અહહ! અસત્ય અભિપ્રાય આપનારા આ પાપીએ અસત્ય પ્રતિપાદનના કલંકથી નિર્મલ પણ પોતાના વંશને કલંકિત કર્યો. તેથી એને હમણાં પાપફલ બતાવું. આમ વિચારીને તેને તેવી રીતે હણ્યો કે જેથી સિંહાસનથી નીચે પડતાં જ તે મૃત્યુ પામ્યો. તેથી લોકોએ વસુરાજાની તેવી સ્થિતિ જોઇને પર્વતકને પણ ધિક્કાર્યો. નારદ સુર, અસુર અને ગંધર્વ વગેરેથી પૂજાયો. લોકો પાસેથી ઉત્તમ પ્રશંસાને પામ્યો. આ પ્રમાણે અસત્ય બોલવામાં દોષ છે, અને સત્ય કહેવામાં ગુણ છે. [ ૩૩ ]

આ પ્રમાણે એક જ દૃષ્ટાંતથી દોષદ્વાર અને ગુણદ્વાર એ બંને દ્વારનું વ્યાખ્યાન કર્યું જાણવું. કારણ કે ગુણદ્વારમાં પણ મૂળકાર પૂજ્યશ્રીએ નારદનું જ દૃષ્ટાંત જણાવ્યું છે. તે ગાથા આ પ્રમાણે છે:-

**जे मिउ सच्चं जंपंति निउणयं सव्वसत्तहियजणयं ।**
**ते इह पुज्जा रिसिनारयव्व सुगइं पुणो जंति ॥ ३४ ॥**

**ગાથાર્થ**:-જે પ્રાણીઓ નમ્ર અને સર્વજીવોને સુખ ઉત્પન્ન કરે એવું (જનપદ વગેરે ભેદોવાળું) સત્ય વિચારપૂર્વક બોલે છે તે જીવો આ લોકમાં નારદઋષિની જેમ પૂજ્ય બને છે, અને પરલોકમાં સ્વર્ગાદિ સુગતિમાં જાય છે.

**ટીકાર્થ**:-આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો કથાદ્વારા કહી જ દીધો છે. [ ૩૪ ]

હવે છઠ્ઠું યતનાદ્વાર કહેવામાં આવે છે:-

**बुद्धि पुव्वं काऊण भासए अंधगोविव सचक्खुं ।**
**अप्पाणम्मि परम्मि य, वज्जंतो पीडमुमओवि ॥ ३५ ॥**

**ગાથાર્થ**:- સ્થૂલમૃષાવાદવિરતિના નિયમવાળો શ્રાવક, જેમ આંધળો માણસ દેખતા માણસને આગળ કરીને ગમનાદિ ક્રિયા કરે તેમ, બુદ્ધિને આગળ કરીને, અર્થાત્ બોલતા પહેલાં બુદ્ધિથી વિચાર કરીને, સ્વને, પરને અને સ્વ-પર ઉભયને પીડા ન થાય તેમ બોલે.

**ટીકાર્થ**:- सचक्षुषं એ સ્થળે स શબ્દનો વિદ્યમાન અર્થ છે. જેમકે—सलोमक એટલે વિદ્યમાન વાળવાળો.

સ્વપીડાજનક વચન આ પ્રમાણે છે :– રાજાએ એક સરોવર ખોદાવ્યું. પછી રાજાએ શું કરવાથી સરોવરમાં પાણી ટકી રહે એવો પ્રશ્ન પિંગલ નામના કારીગરને પૂછ્યો. તેણે કહ્યું કે "મારા જેવા (શુભલક્ષણવાળા) પુરુષનું બલિદાન આપવામાં આવે તો સરોવરમાં પાણી ટકી રહે." રાજાએ તેવા પુરુષની શોધ કરાવી, પણ તેવો પુરુષ મળ્યો નહિ. આથી રાજાએ પિંગલને જ બલિદાનમાં હોમી દીધો. આમ પિંગલનું વચન પોતાના જ મૃત્યુ માટે થયું. આમ આ વચન સ્વપીડાજનક છે.

"આ ચોર જાય છે" એવું વચન પરપીડાજનક છે. કારણ કે આવું વચન કોટવાળ વગેરે સાંભળે તો તેનો (જેને ચોર કહ્યો તેનો) નાશ કરે. આથી આ વચન પરપીડાનું કારણ છે. આ જ વચન સ્વ–પર ઉભય પીડાજનક પણ છે. કારણ કે આ વચન સાંભળીને ઉત્પન્ન થયેલા ગુસ્સાથી કદાચ તેને (=બોલનારને) મારી પણ નાખે. તથા કોટવાળ વગેરે ચોર વગેરેને મારી નાખે. આ પ્રમાણે આ વચન ઉભયપીડાજનક છે. [ ૩૫ ]

યતનાદ્વાર કહ્યું. હવે અતિચારદ્વાર કહેવામાં આવે છે :–

**सहसा अब्भक्खाणं, रहसं च सदारमंतभेयं च ।**
**मोसुवएसं तह कूडलेहकरणं च वज्जेज्जा ॥ ३६ ॥**

**ગાથાર્થ** :–સ્થૂલમૃષાવાદવિરતિના નિયમવાળો શ્રાવક સહસાઅભ્યાખ્યાન, રહોઽભ્યાખ્યાન, મૃષોપદેશ, સ્વદારમંત્રભેદ અને કૂટલેખકરણનો ત્યાગ કરે.

**ટીકાર્થ**:– (૧) સહસાઅભ્યાખ્યાન :–સહસા–એટલે વિચાર કર્યા વિના. અભ્યાખ્યાન એટલે ખોટા દોષનું આરોપણ. વિચાર્યા વિના બીજા ઉપર ખોટા દોષનું આરોપણ કરવું તે સહસાઅભ્યાખ્યાન. જેમકે– તું ચોર છે, તું વ્યભિચારી છે, વગેરે.

(૨) રહોઽભ્યાખ્યાન :– રહસ્ એટલે એકાંત. એકાંતમાં કે એકાંતથી જે અભ્યાખ્યાન થાય તે રહોઽભ્યાખ્યાન. **ભાવાર્થ** :– કોઈને એકાંતમાં મસલત કરતા જોઈને કે સાંભળીને બીજાને કહે કે આ લોકો અમુક અમુક રાજ્યવિરુદ્ધ વગેરે મસલત કરે છે.

(૩) સ્વદારમંત્રભેદઃ– દાર એટલે સ્ત્રી. મંત્ર એટલે ગુપ્ત વાત. ભેદ એટલે પ્રકાશન કરવું. પોતાની પત્નીએ મારી વાત બીજા પાસે નહિ જાય એવા વિશ્વાસથી કરેલી ગુપ્ત વાત બીજાને કહેવી તે સ્વદારમંત્રભેદ. પત્નીના ઉપલક્ષણથી મિત્ર આદિ માટે પણ તેમ સમજવું. અર્થાત્ કોઈ પણ વ્યક્તિએ મારી વાત બીજા પાસે નહિ જાય એવા વિશ્વાસથી કરેલી ગુપ્તવાત બીજાને કહેવી તે સ્વદારમંત્રભેદ.

(૪) મૃષોપદેશઃ– મૃષા એટલે અસત્ય. અસત્ય બોલવાનો ઉપદેશ આપવો તે મૃષોપદેશ. જેમકે– તું આ વાત કહે અને આ પ્રમાણે કહે એમ અસત્ય બોલવાનું શીખવવું.

(૫) કુટલેખકરણઃ– ખોટા અર્થના સૂચક અક્ષરો લખવાનું કરવું તે કુટલેખકરણ.

**પ્રશ્નઃ**– પહેલા બે અતિચારોમાં ખોટો આરોપ હોવાથી તે બેમાં અર્થની દૃષ્ટિએ કોઈ ભેદ નથી.

**ઉત્તરઃ**– બીજા અતિચારમાં એકાંતમાં કરેલી મંત્રણાસંબંધી વિચાર કરીને સંભવિત દોષો કહેવામાં આવે છે. જ્યારે પહેલા અતિચારમાં વિચાર્યા વિના જ ખોટો આરોપ મૂકવામાં આવે છે.

**પ્રશ્નઃ**– અભ્યાખ્યાન ખોટા દોષો બોલવારૂપ હોવાથી મૃષાવાદવિરમણ વ્રતથી તેનો ત્યાગ થઈ જાય છે. આથી અભ્યાખ્યાનથી વ્રતનો ભંગ જ થાય, અતિચાર નહિ.

**ઉત્તરઃ**– અભ્યાખ્યાનથી પરને આઘાત થાય છે. પરને આઘાત પહોંચાડનારું (અભ્યાખ્યાનનું) વચન અનુપયોગ આદિથી કહે તો માનસિક સંક્લેશ ન હોવાથી વ્રતસાપેક્ષ હોવાથી વ્રતનો ભંગ ન થાય, પણ આઘાતનું કારણ હોવાથી વ્રતભંગ થાય, આમ ભંગાભંગારૂપ હોવાથી અતિચાર ગણાય. પણ જો તેવું વચન ઇરાદાપૂર્વક તીવ્રસંક્લેશથી કહે તો વ્રતભંગ જ થાય. કારણકે તે વ્રતનિરપેક્ષ છે. કહ્યું છે કે–

**"સહસાઅભ્યાખ્યાન વગેરે જો જાણીને કરે તો વ્રતભંગ થાય, પણ જો અનુપયોગ આદિથી કરે તો અતિચાર લાગે."**

સ્વદારમંત્રભેદમાં બીજાએ જેવી વાત કહી છે તેવી જ વાત કહેવાથી સત્ય હોવા છતાં જેની ગુપ્ત વાત કરી હોય તેનું લજ્જા આદિથી મૃત્યુ વગેરે થવાનો સંભવ હોવાથી પરમાર્થથી તે અસત્ય છે. આથી સ્વદારમંત્રભેદ ભંગાભંગરૂપ હોવાથી અતિચાર છે.

મારે બીજાને જુઠું ન બોલાવવું એમ વ્રત લેવામાં કે હું જુઠું નહિ બોલું અને બીજાને જુઠું નહિ બોલાવું એમ વ્રત લેવામાં અસત્ય ઉપદેશથી વ્રતનો ભંગ જ થાય, તથા હું જુઠું નહિ બોલું એમ વ્રત લેવામાં અસત્ય ઉપદેશથી ન વ્રતભંગ થાય અને ન તો અતિચાર લાગે. આમ બંને રીતે નિયમ લેવામાં અસત્ય ઉપદેશ અતિચારરૂપ નથી. છતાં મારે જુઠું ન બોલાવવું એવું વ્રત લેનારને સહસા અને અનુપયોગથી કે અતિક્રમ, વ્યતિક્રમ અને અતિચારથી બીજાને જુઠું બોલવાની સલાહ કે સૂચના આપવામાં અસત્ય ઉપદેશ રૂપ અતિચાર લાગે. અથવા વ્રતભંગની બીકથી જુઠું બોલવાની સલાહ સીધી રીતે ન આપે, પણ અમુકે અમુક પ્રસંગે અમુક કહ્યું હતું વગેરે રીતે બીજાની વાત કહેવા દ્વારા આડકતરી રીતે જુઠું બોલવાની સલાહ આપે. આમાં વ્રતસાપેક્ષ હોવાથી અભંગ અને બીજાને અસત્યમાં પ્રવર્તાવવાથી વ્રતભંગ થવાથી અતિચાર લાગે છે.

મારે કાયાથી અસત્ય બોલવું નહિ એવું વ્રત લેનારને કે મારે કાયાથી અસત્ય બોલવું નહિ અને બીજા પાસે બોલાવવું નહિ એવું વ્રત લેનારને કૂટલેખથી વ્રતનો ભંગ જ થાય. મારે જુઠું બોલાવવું નહિ એવું વ્રત લેનારને કૂટલેખથી ન વ્રતભંગ થાય, ન તો અતિચાર લાગે, આમ કૂટલેખ અતિચારરૂપ ન હોવા છતાં, સહસા આદિથી

કે અતિક્રમ આદિથી કૂટલેખ કરવામાં અતિચાર લાગે. અથવા કોઈ મંદબુદ્ધિ જીવ મારે જુઠું બોલવાનું પ્રત્યાખ્યાન છે, જ્યારે આ તો લખાણ છે એવું વિચારીને કૂટલેખ કરે તો વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર ગણાય. [ ૩૬ ]

અતિચારદ્વાર પૂર્ણ થયું. હવે ભંગદ્વાર જણાવવામાં આવે છે:–

**अब्भक्खाणाईणि, उ जाणंतो जइ करेज्ज तस्स भवे ।**
**भंगो पावस्सुदए, मूलं सो सव्वदुक्खाणं ॥ ३७ ॥**

**ગાથાર્થ**:– જો અભ્યાખ્યાન વગેરે જાણી જોઈને કરે તો પાપનો (=બીજા કષાયનો) ઉદય થતાં તેની મૃષાવાદવિરતિનો નાશ થાય, અને તે વિનાશ આ લોક અને પરલોકસંબંધી શારીરિક અને માનસિક સર્વ દુઃખોનું મૂળ છે. [ ૩૭ ]

ભંગદ્વાર પૂર્ણ થયું. હવે ભાવનાદ્વાર કહેવામાં આવે છે :–

**तेसिं नमामि पयओ, साहूणं गुणसहस्स कलियाणं ।**
**जेसिं मुहाउ निच्चं, सच्चं अमयं व पज्झरइ ॥ ३८ ॥**

**ગાથાર્થ**:– જેમના મુખમાંથી સદા અમૃતની જેમ સત્ય નીકળે છે, હજારો ગુણોથી યુક્ત તે સાધુઓને હું પ્રયત્નપૂર્વક પ્રણામ કરું છું.

**ટીકાર્થ**:– અસત્યવિરતિના નિયમવાળા ગૃહસ્થે સદૈવ આ ગાથામાં જણાવ્યા પ્રમાણે ચિંતન કરવું જોઈએ.

પૂર્વે ( ૨૯મી ગાથામાં ) જણાવ્યું તેમ આ ગાથામાં પ્રણામક્રિયાના યોગમાં ચોથી વિભક્તિ છે, એને "छट्ठीविहत्तीए भण्णइ चउत्थी" એ નિયમથી ચોથીના સ્થાને છઠ્ઠી વિભક્તિ છે.

**સાધુ**:– આત્માવડે કરાયેલી ક્રિયાઓથી મોક્ષને સાધે તે સાધુ. હજારો ગુણોથી યુક્ત એટલે અઢાર હજાર શીલાંગરૂપ મૂલગુણો અને ઉત્તરગુણોથી યુક્ત. આનાથી નામધારી વગેરે સાધુઓને દૂર કરીને ભાવસાધુઓને પ્રણામ કરુ છું એમ સૂચન કર્યું છે.

**સત્ય**:– સત્યના મન, વચન અને કાયાની સરળતા અને અવિસંવાદ (=જેવું હોય તેવું કહેવું) એમ ચાર પ્રકાર છે. આ ચાર પ્રકારો જિનમતમાં જ પ્રસિદ્ધ છે. વાચકમુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે કે–

**"અવિસંવાદન=જેવું હોય તેવું કહેવું, મન, વચન અને કાયાની સરળતા એમ સત્યના ચાર પ્રકાર છે. આવું સત્ય જૈન સિદ્ધાંતમાં જ છે. બીજે ક્યાંય નથી."** ( પ્રશમરતિ–૧૭૪ )

અથવા દશપ્રકારનું સત્ય છે કે જે દશવૈકાલિકનિર્યુક્તિમાં પ્રસિદ્ધ છે. કહ્યું છે કે–

**जणवय सम्मय ठवणा, नामे रूवे पडुच्चसच्चे य । ववहारभाव जोगे, दसमे ओवम्मसच्चे य ॥ १ ॥**

**વ્યાખ્યાઃ**– (૧) તે તે દેશોમાં જે ભાષા જે અર્થમાં રૂઢ થયેલી હોય તેનાથી અન્યદેશમાં તે અર્થમાં ન વપરાતી હોય તો પણ તેને 'સત્ય' માનવી તે **જનપદસત્ય.** જેમકે કોંકણ વગેરે દેશોમાં પાણીને 'પેચ્ચ' કહેવાય છે, આનું સત્યપણું એ કારણે છે કે લોક તે તે શબ્દો સાંભળીને તે તે દેશમાં તે તે વ્યવહારો કરે છે, અર્થાત્ વ્યવહારમાં (પ્રવૃત્તિમાં) હેતુ છે. બીજા પ્રકારોમાં પણ એ રીતે ભાવાર્થ સમજી લેવો. (૨) સર્વલોકમાં સામાન્યરૂપે સત્ય તરીકે પ્રસિદ્ધ=સમ્મત હોય તે **સમ્મતસત્ય.** જેમકે કુમુદ, કુવલય, ઉત્પલ, તામરસ, એ બધાં પઙ્કજ છે, અર્થાત્ કાદવમાં ઉપજે છે, તો પણ ગોવાળીયા (સામાન્ય લોકો)ને અરવિન્દ જ 'પઙ્કજ' તરીકે માન્ય છે, બીજાંઓને તેઓ 'પઙ્કજ' માનતા નથી, એમ અરવિન્દનું પઙ્કજ નામ સર્વને સમ્મત હોવાથી તે સમ્મતસત્ય જાણવું. (૩) સ્થાપનાથી સત્ય તે સ્થાપનાસત્ય. જેમકે એકના આંકની આગળ બે મીંડા મૂકવાથી સો, ત્રણ મીંડા મૂકવાથી હજાર, (૧૦૦–૧૦૦૦) વગેરે મનાય છે તે, અથવા ચુનાના લેપથી, ચિત્રથી, ઘડતરથી, એમ વિવિધ રીતે બનાવેલી તે તે પ્રતિમાઓમાં 'અરિહંત' વગેરે વિકલ્પ કરવો, ઈત્યાદિ તે તે અક્ષરોના આકારને કે ચિત્ર–મૂર્તિ વગેરેને તે તે અરિહંતાદિ તરીકે માનવા તે **સ્થાપનાસત્ય.** (૪) માત્ર નામથી સત્ય તે 'નામસત્ય', જેમકે– કુળને નહિ વધારનારનું પણ નામ 'કુલવર્ધન' રખાય અને મનાય વગેરે **નામસત્ય.** (૫) રૂપની અપેક્ષાએ સત્ય તે 'રૂપસત્ય', જેમકે દમ્ભથી પણ યતિનો વેષ સ્વીકાર્યો હોય તેને વેષમાત્રથી યતિ કહેવો ઈત્યાદિ રૂપસત્ય. (૬) વસ્તુના અન્તરને આશ્રયીને બોલાય તે પ્રતીત્યસત્ય, જેમકે– અનામિકા અઙ્ગુલી કનિષ્ઠાની અપેક્ષાએ મોટી અને મધ્યમાની અપેક્ષાએ નાની છે, તેને તે રીતે નાની કે મોટી કહેવી તે અન્ય અઙ્ગુલીને આશ્રયીને કહેવાય છે માટે તે **પ્રતીત્યસત્ય** જાણવું. (૭) લોકવિવક્ષારૂપ વ્યવહારથી બોલાય તે વ્યવહારસત્ય. જેમકે–'પર્વત બળે છે, ભાજન ગળે છે (ઝમે છે), કન્યા અનુદરા (પેટ વિનાની) છે, બકરી રોમ( વાળ ) વિનાની છે,' વગેરે (સાચું નથી, વસ્તુતઃ તો ઝાડો બળે છે. પાણી ઝમે છે, કન્યા દુબળા પેટવાળી છે, બકરીને વાળ અલ્પ છે, તો પણ) લોકવ્યવહાર એવો ચાલે છે માટે એવું બોલવું તે **વ્યવહારસત્ય.** એ પ્રમાણે સાધુએ પણ વ્યવહારને અનુસારે બોલવું તે વ્યવહારસત્ય ગણાય એ ભાવાર્થ સમજવો. (૮) ભાવ એટલે વર્ણ (ગુણ) વગેરેની અપેક્ષાએ સત્ય મનાય તે ભાવસત્ય છે, જેમકે– જ્યાં જે વર્ણ–ગુણ વગેરે ભાવો ઉત્કટ (વધારે કે દૃઢ) હોય તેનાથી તેને તેવું માનવું, દૃષ્ટાંતરૂપે શંખમાં પાંચે વર્ણો હોવા છતાં શુક્લવર્ણની ઉત્કટતા હોવાથી તેને શુક્લ કહેવો, (કે– ભ્રમરમાં પાંચે વર્ણો હોવા છતાં કૃષ્ણની ઉત્કટતા હોવાથી તેને કૃષ્ણ કહેવો) વગેરે **ભાવસત્ય.** (૯) યોગ એટલે સંબંધ. યોગની=સંબંધની અપેક્ષાએ સત્ય મનાય તે

યોગસત્ય. જેમકે– છત્ર રાખનારો કોઈ વાર છત્ર વિનાનો પણ હોય, છતાં તેને 'છત્રી' (કે– દંડ રાખનારને કોઈવાર દંડનો અભાવ હોવા છતાં દંડી) કહેવો વગેરે **યોગસત્ય.** (૧૦) ઔપમ્યથી=ઉપમાથી સત્ય મનાય તે 'ઔપમ્યસત્ય,' જેમકે– મોટા તળાવને સમુદ્ર જેવું કહેવું, (વિશેષ ધનવાળાને કુબેર કહેવો, બુદ્ધિહીનને પશુ કહેવો) વગેરે **ઉપમાસત્ય.** આ દશ ભેદો સત્યભાષાના કહ્યા. (ધર્મસંગ્રહ પ્રથમ ભાગ ગુજરાતી અનુવાદમાંથી સાભાર ઉદ્ધૃત.) [ ૩૮ ]

મૃષાવાદ ભાવનાદ્વાર કહ્યું, અને મૃષાવાદ ભાવનાદ્વાર કહેવાઈ જવાથી નવે પ્રકારનું મૃષાવાદવ્રત સમાપ્ત થયું. હવે નવભેદવાળા અદત્તાદાનવિરમણ નામના ત્રીજા અણુવ્રતને કહેવાની ઈચ્છાવાળા ગ્રંથકાર ક્રમથી આવેલું પહેલું દ્વાર કહે છે :–

**सामीजीवादत्तं, तित्थयरेणं तहेव य गुरूहिं ।**
**एयस्स उ जा विरती, होइ अदत्ते सरूवं तु ॥ ३९ ॥**

**ગાથાર્થ** :– સ્વામી અદત્ત, જીવ અદત્ત, તીર્થંકર અદત્ત અને ગુરુ અદત્ત વસ્તુને ન લેવી એ અદત્તાદાનવિરમણ વ્રતનું સ્વરૂપ છે.

**ટીકાર્થ** :– સ્વામી એટલે માલિક. અદત્ત એટલે નહિ આપેલ. સોનું વગેરે જે વસ્તુ તેના માલિકે ન આપી હોય તે સ્વામીઅદત્ત છે.

પશુ આદિના પોતાના સ્વીકારમાં રહેલા અર્થાત્ પશુ આદિના પોતાના શરીરમાં રહેલા, જીવરૂપનો (=પ્રાણોનો) જે કોઈ વિનાશ કરે તે તેનું (=નાશ કરનારનું) જીવ અદત્ત છે. કારણ કે તે પશુ આદિએ પોતાના પ્રાણોને હણવાની સંમતિ આપી નથી. પશુ આદિએ પોતાના પ્રાણો હણવાની સંમતિ આપી નથી એનું કારણ એ છે કે બધા જ જીવોને જીવવું ગમે છે. કહ્યું છે કે– सव्वे जीवावि इच्छन्ति जीविउं न मरिज्जिउं="**બધા જ જીવો જીવવાને માટે ઇચ્છે છે, મરવાને માટે ઇચ્છતા નથી.**"

જેનાથી સંસારરૂપી સમુદ્ર તરાય છે તે તીર્થ. સમ્યગ્દર્શનાદિના પરિણામથી તરાય છે માટે સમ્યગ્દર્શનાદિનો પરિણામ તીર્થ છે. સંઘ સમ્યગ્દર્શનાદિ પરિણામથી અભિન્ન હોવાથી સંઘ પણ તીર્થ છે. તીર્થને કરે તે તીર્થંકર. ઘરના માલિકે આધાકર્મિક આદિ કોઈ વસ્તુ આપી હોય તો પણ તે વસ્તુ લેવાની તીર્થંકરે રજા ન આપી હોવાથી તે વસ્તુ તીર્થંકરઅદત્ત છે.

બેતાલીસ દોષોથી રહિત પણ વસ્તુ ગુરુની રજા વિના વાપરવામાં આવે તો તે ગુરુઅદત્ત છે. કહ્યું છે કે–"**સાત પ્રકારના આલોક [=ભોજન કરતી વખતે જોવાના (=પાળવાના) નિયમો] વિના ભોજન કરનાર સાધુને ચોરીનો દોષ લાગે છે.**"

સાત પ્રકારનો આલોક નીચેની ગાથાથી જાણવો.

ठाणदिसि पगासणया, भायणपक्खेवणा य गुरुभावे ।
सत्तविहो आलोओ, सयावि जयणा सुविहियाणं ॥ १ ॥

**"ગૃહસ્થો ન આવે અને સાધુઓને આવવા-જવાનો માર્ગ ન હોય તેવા સ્થાને, (૨) ગુરુને પુંઠ વગેરે ન થાય તે દિશામાં, (૩) સૂર્યના પ્રકાશમાં, (૪) પહોળા પાત્રમાં, (૫) સુખપૂર્વક સુખમાં જાય તેવા કોળિયા કરીને, (૬) ગુરુની નજર પડે તે રીતે, (૭) જ્ઞાનાદિની વૃદ્ધિ માટે સાધુ આહાર કરે. સાધુઓએ ભોજન કરતાં આ સાત આલોકનું (પાળવાના મુદ્દાઓનું) પાલન કરવું જોઈએ."**

આ ચાર પ્રકારના અદત્તને ન લેવું એ અદત્તાદાનવિરમણવ્રતનું સ્વરૂપ છે. [૩૯]

સ્વરૂપદ્વાર કહ્યું. હવે ભેદદ્વાર કહેવામાં આવે છે:–

सच्चित्ताचित्तोभयदुपयचउप्पय तहेव अपयं च ।
जेण य चोरंकारो,-विसओऽदत्तंमि सो नेओ ॥ ४० ॥

**ગાથાર્થ**:– સચિત્ત, અચિત્ત અને સચિત્તાચિત્તમિશ્ર એમ ત્રણ પ્રકારની દ્વિપદ, ચતુષ્પદ અને અપદ વસ્તુઓ અદત્તાદાનનો વિષય છે, અથવા જે વસ્તુ લેવાથી "આ ચોર છે" એવો શબ્દપ્રયોગ થાય તે વસ્તુ અદત્તાદાનનો વિષય છે.

**ટીકાર્થ**:– જીવતો મનુષ્ય વગેરે સચિત્ત દ્વિપદ છે. જિનપ્રતિમા વગેરે અચિત્ત દ્વિપદ છે. હાર વગેરેથી અલંકૃત સ્ત્રી સચિત્ત–અચિત્તમિશ્ર દ્વિપદ છે. અશ્વ વગેરે સચિત્ત ચતુષ્પદ છે. હાથીની મૂર્તિ વગેરે અચિત્ત ચતુષ્પદ છે. સત્તાવીસમોતીનો હાર વગેરેથી અલંકૃત હાથી સચિત્ત–અચિત્તમિશ્ર ચતુષ્પદ છે. સચિત્ત ધાન્ય વગેરે સચિત્ત અપદ છે. સુવર્ણ વગેરે અચિત્તઅપદ છે. કામળીમાં બાંધેલા મગ વગેરે સચિત્ત–અચિત્તમિશ્ર અપદ છે.

આનાથી અદત્તાદાનના નવ ભેદો કહ્યા. અથવા અદત્તાદાનના ઘણા ભેદો છે. તે આ પ્રમાણે:– જે જે ધન વગેરે ચોરવાથી "આ ચોર છે" એવો વ્યવહાર થાય તે તે ધન વગેરેના સંબંધથી તે તે અદત્તાદાનનો ભેદ છે. [૪૦]

ભેદદ્વાર કહ્યું. હવે ઉત્પત્તિદ્વાર કહેવામાં આવે છે:–

गुणठाणगंमि तह परिणयंमि जीवस्स कुगइभीयस्स ।
वयगहपरिणामोच्चिय, होइ दढं तिव्वसड्ढस्स ॥ ४१ ॥

**ગાથાર્થ**:– દુર્ગતિથી ભય પામેલા અને અતિશય તીવ્ર શ્રદ્ધાવાળા જીવને આગમમાં કહ્યા પ્રમાણે દેશવિરતિ ગુણસ્થાનનો પરિણામ થયે છતે અદત્તાદાનવિરમણરૂપ વ્રતના સ્વીકારનો પરિણામ થાય છે.

**ટીકાર્થ** :– સમ્યગ્જ્ઞાન–દર્શન–ચારિત્રરૂપ ગુણોનું સ્થાન તે ગુણસ્થાન. સ્થાન એટલે અધ્યવસાયસ્થાન પ્રમાણે આત્માની શુદ્ધિ–અશુદ્ધિની વૃદ્ધિ–હાનિથી કરાયેલ આત્મસ્વરૂપનો ભેદ.

જો કે અહીં મૂળગાથામાં સામાન્યથી 'गुणठाणम्मि' એમ ગુણસ્થાન શબ્દનો ઉલ્લેખ કર્યો છે, તો પણ દેશવિરતિ ગુણસ્થાન સમજી શકાય છે. કારણ કે અહીં ત્રીજા અણુવ્રતનું ઉત્પત્તિદ્વારથી વ્યાખ્યાન કરવાનું શરૂ કર્યું છે. ત્રીજું અણુવ્રત દેશવિરતિ ગુણસ્થાનમાં જ થાય, બીજા ગુણસ્થાનોમાં નહિ.

**પ્રશ્ન** :– દેશવિરતિ પરિણામ કેવી રીતે થાય છે? **ઉત્તર** :– મિથ્યાદષ્ટિ ગુણસ્થાનથી આરંભી મોહનીયાદિ કર્મના સ્થિતિઘાત વગેરે ક્રમથી ઉત્તરોત્તર ગુણસ્થાનની પ્રાપ્તિ થતાં દેશવિરતિ પરિણામ થાય છે. તેમાં પ્રથમ સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય. પછી બેથી નવ પલ્યોપમ જેટલી કર્મસ્થિતિનો ઘાત થતાં દેશવિરતિગુણસ્થાન થાય છે. દેશવિરતિ-ગુણસ્થાન થયે છતે અદત્તાદાનવિરતિરૂપ વ્રતના સ્વીકારનો પરિણામ થાય છે.

દુર્ગતિથી ભય પામેલ એટલે જેનું મૂળ (=મુખ્ય કારણ) અવિરતિ છે એવા કર્મબંધથી ભય પામેલ.

તીવ્ર શ્રદ્ધાવાળો એટલે (વિરતિની) ઉત્કટ ઇચ્છાવાળો, અર્થાત્ નીચેની ગાથામાં જણાવેલા અભિપ્રાયવાળો.

परिमियमुवसेवंतो, अपरिमियमणंतयं परिहरंतो। पावइ परम्मि लोए, अपरिमियमणंतयं सोक्खं ॥१॥

"પરિમિત (પાપ)ને સેવતો અને અપરિમિત=અનંત પાપને છોડતો શ્રાવક પરલોકમાં અપરિમિત=અનંત સુખને પામે છે." [૪૧]

ઉત્પત્તિદ્વારનું વર્ણન થઈ ગયું. હવે ચોથું દોષદ્વાર કહેવામાં આવે છે :–

**जे पुण करेंति विरइं, अदिन्नदाणस्स नेह लोहिल्ला ।**
**ते मंडियविजया इव, चोरा पावेंति दुक्खाइं ॥ ४२ ॥**

**ગાથાર્થ** :–જે લોભી જીવો મનુષ્યલોકમાં ચોરીની વિરતિ કરતા નથી તે જીવો મંડિક અને વિજય એ બે ચોરોની જેમ શૂળીએ ચઢવું, ગળે ફાંસો નાંખવો વગેરે દુઃખો પામે છે.

**ટીકાર્થ** :–'लोहिल्ल' શબ્દમાં પ્રાકૃતમાં लोह શબ્દ પછી 'છે' અર્થમાં इल्ल પ્રત્યય આવ્યો છે. કહ્યું છે કે– आलं इल्लं चास्त्यर्थे='છે' અર્થ માં आल અને इल्लપ્રત્યય આવે છે.

मंडियविजया એ સ્થળે 'बहुवयणेण दुवयणं' એ વચનથી मण्डिकविजयौ એમ દ્વિવચન સમજવું. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાથી જાણવો. તે કથા આ પ્રમાણે છે :–

## મંડિકચોરનું દૃષ્ટાંત

[1]અવંતીદેશમાં [2]વિશ્વની પૃથ્વીના વિસ્તારરૂપ ચૂડા માટે અલંકાર સમાન શ્રી ઉજ્જયની નામની નગરી હતી. તે નગરીમાં બજારની શેરીઓમાં રત્નવગેરેની શ્રેણિઓ (=ઢગલા) જોઇને લોકો સાગરમાં માત્ર પાણી જ બાકી રહ્યું છે, અર્થાત્ સમુદ્રમાંથી રત્ન વગેરે અહીં આવી ગયું છે, માત્ર પાણી જ રહ્યું છે, એમ માનતા હતા. તે નગરમાં પહોળાં, ઊંચાં અને મનોહર ઘરોની શ્રેણિઓની [3]શોભા દેવોનાં પણ ચિત્તોને આકર્ષતી હતી. ધર્મકાર્યમાં બુદ્ધિ રાખનારા તે નગરના નિવાસી લોકો ઉદારતા, કુશળતા, દાક્ષિણ્ય, શૌર્ય અને વીર્ય વગેરે સદ્‌ગુણોથી શોભતા હતા.

તે નગરીમાં દુશ્મન સામંતરાજાઓ રૂપી મત્ત હાથી માટે સિંહસમાન, અનીતિરૂપી ચાંદની માટે સૂર્યસમાન જિતશત્રુ નામનો રાજા હતો. તેનો પ્રતાપરૂપ અગ્નિ શત્રુરાજાઓની રાણીઓના આંસુઓથી સતત સિંચાતો હોવા છતાં ઘણો બળતો હતો એ આશ્ચર્ય હતું. તે સુનીતિશાસ્ત્રોમાં રાગી હતો, અશુભ કામોમાં ચિત્તરહિત હતો, અર્થાત્ અશુભ કામોનો વિચાર પણ કરતો ન હતો, પરસ્ત્રીઓમાં નિઃસ્પૃહ હતો અને ગુણોના સંગ્રહમાં લંપટ હતો. તે રાજાને માન્ય, બંધુરૂપી કૈરવ (=ચંદ્રવિકાસી કમલ) માટે ચંદ્રસમાન, ઉત્તમ નૂતન યૌવનવાળો અચલ નામનો સાર્થવાહ હતો. મહાસત્ત્વવંત તેણે રૂપથી કામદેવને, ધનથી કુબેરને અને સત્ત્વથી યુધિષ્ઠિરને જીતી લીધો હતો.

તે નગરીમાં દેવદત્તા નામની વેશ્યા હતી. તે સર્વકળાઓમાં કુશળ હતી, તેનું લાવણ્ય, રૂપ અને સૌભાગ્ય અનુપમ હતું, તે કામરૂપી સર્પથી ડસાયેલા લોકો માટે સારી રીતે જીવવા માટે મહાન ઔષધિ (=સંજીવની) હતી, સંભોગસુખરૂપ રત્નો માટે રોહણાચલ પર્વતની ભૂમિ હતી. તેનું શરીર વિધાતાએ સ્પર્શ કર્યા વિના જ બનાવ્યું છે એમ હું માનું છું, અન્યથા શરીરની સુકુમારતા કરમાયા વિનાની કેમ રહે? તે નગરીમાં જ મૂલદેવ નામનો જુગારી હતો. તે જુગારીઓમાં મુખ્ય હતો, બધી કળાઓમાં કુશળ હતો, ઠગોનો નાયક હતો, અને બુદ્ધિશાળીઓમાં અગ્રેસર હતો. મૂલદેવ ઉપર ભાવથી અનુરાગવાળી બનેલી તે વેશ્યા આગળ, પાછળ, બારણામાં, મધ્યમાં, દુકાનમાં, ઘરમાં એમ બધે તેને જ જોતી હતી. મૂલદેવ પણ તેના રાગથી તેના વિયોગમાં દિવસે કે રાતે, બેસવામાં કે સૂવામાં એમ ક્યાંય આનંદ પામતો ન હતો. પરસ્પર અનુરાગવાળા અને જીવલોકમાં સારભૂત સુખને સેવતા એ બંનેનો કેટલોક કાળ પસાર થયો.

એકવાર તે વસંતમહોત્સવ આવ્યો કે જેમાં નગરના લોકો ઉદ્યાનમાં જઇને વિવિધ ક્રીડાઓ કરતા હતા. ત્યારે ઉદ્યાનમાં આવેલા અચલ સાર્થવાહે મૂલદેવની સાથે

---

૧. **अवन्तीदेशप्रसरा** એ પદનો શબ્દાર્થ આ પ્રમાણે છે :–અવંતી દેશમાં પ્રસર=ફેલાવો છે જેનો એવી.

૨. અથવા સમગ્ર પૃથ્વીના વિસ્તારરૂપ એમ પણ અર્થ થઈ શકે

૩. અહીં **विप्रलोकिताः** એ પદનો અનુવાદ કર્યો નથી, સ્વયં સમજી લેવો.

રહેલી તે દેવદત્તાને જોઇ. તેથી તેણે વિચાર્યું: કોઇક આ સુયુવાન ધન્ય છે કે જે પૂર્ણિમાની સાથે ચંદ્રની જેમ આ વેશ્યાની સાથે શોભે છે. અહો ! આની સૌભાગ્યરૂપી સંપત્તિ ! અહો ! ઉત્તમ લાવણ્ય ! અહો ! યુવાનોને ઉન્માદનું કારણ યૌવન ! અહો ! વિધાતાએ આ એવી નવીન વિષની ગાંઠ બનાવી છે, કે જેનો ભોગ કરવામાં માણસ સુખ અનુભવે છે, અને ત્યાગ કરવામાં દુઃખ પામે છે. આ પ્રમાણે વિચારીને તેનો સંગ કરવાની અભિલાષાવાળા તેણે તેનો મેળ કરી આપનાર માણસને તેની પાસે મોકલ્યો. તે માણસે જઇને વેશ્યાને કહ્યું: આજે તારા ઘરે તારો સંગ કરવાની ઇચ્છાથી અચલ નામનો સાર્થવાહ આવશે. તેણે કહ્યું: જલદી આવે. સ્વાગતનું ભાજન, ધન આપનાર અને સ્વયં આવતાને કયો ગૃહસ્થ ન ઇચ્છે ? આ પ્રમાણે કહીને તે ઘરે ગઈ. તે માણસે પણ સાર્થવાહની પાસે સહર્ષ આવીને તે વૃત્તાંત જણાવ્યો. તેથી તે સાર્થવાહ સાંજે સ્નાન–વિલેપન કરીને, અલંકારો લઈને, મિત્રોની સાથે વેશ્યાના ઘરે ગયો. તેના ઘરમાં રત્નના દીવાઓથી પ્રકાશ કર્યો હતો. તેનું ઘર વિવિધ ચિત્રોથી શોભતું હતું, લક્ષ્મીનું કુલગૃહ હતું, લોકોની આંખને આનંદ આપતું હતું. વેશ્યાએ જાતે સાર્થવાહને આસન આપ્યું. તે આસન ઉપર બેઠો. પછી વેશ્યાએ તેના પગ ધોઈને અને ઉચિત સત્કાર કરીને તેને વાસશય્યામાં પ્રવેશ કરાવ્યો.

સાર્થવાહની મિત્રમંડળી અનુરાગને વધારનારી પ્રાસંગિક કુશળ વાતો ક્ષણવાર કરીને સ્વસ્થાને જતી રહી. પછી સાર્થવાહે વેશ્યાની સાથે સદ્ભાવપૂર્વક કામક્રીડા કરવાનો પ્રારંભ કર્યો. વેશ્યાએ પણ વિવિધ બંધપ્રયોગો (=કામક્રીડાના પ્રકારો) કરીને તેને એવો રાગી બનાવી દીધો કે જેથી હવે તે બીજી સ્ત્રીઓનું નામ પણ ઇચ્છતો નથી. ત્યારથી જ તુષ્ટ થયેલો તે વસ્ત્ર, અલંકાર, ભોજન અને બીજા પણ તેવા વિવિધ ઉપાયોથી દરરોજ તે વેશ્યાની સેવા કરવા લાગ્યો. પણ તે કેવળ કુટ્ટિનીના (=વેશ્યાઓ ઉપર કાબૂ રાખનારી સ્ત્રીના) ભયથી જ સાર્થવાહ ઉપર બહુમાન રાખતી હતી, ચિત્તથી તો તેને બળતા અંગારા સમાન જ માનતી હતી. કારણ કે તેને ચિત્તથી મૂલદેવ પ્રિય હતો, અચલને તો ધનની લોભી કુટ્ટિનીના આગ્રહથી પ્રવેશ કરાવ્યો હતો. આમ છતાં કૃત્રિમ પણ રાગથી વેશ્યા તેને તેવી રીતે અનુસરી કે જેથી તે દિવસે કે રાતે તેનું પડખું છોડતો જ ન હતો. આથી જ કહ્યું છે કે:–**"ધન માટે કૃત્રિમ અનુરાગ કરનારી; ફરી જતી અને કપટી વેશ્યાઓને વશ બનેલો કોણ જગતમાં ભ્રષ્ટ બન્યો નથી ?"**

આ તરફ જ્યારથી ધનવાન અચલે વેશ્યાના ઘરમાં પ્રવેશ કર્યો ત્યારથી જ મૂલદેવ તેના ઘરે આવતો બંધ થઈ ગયો. આથી મૂળદેવના વિયોગરૂપ અગ્નિના તીવ્ર સંતાપથી તપી ગયેલી તેણે એકવાર કુટ્ટિનીને કહ્યું કે મૂળદેવને પ્રવેશ કરાવ.

કારણ કે હે માતાજી! ફેલાતા અભિમાન અને કામરૂપ વિષના વેગથી બેશુદ્ધ બનેલા મૂળદેવ વિના બીજો કોણ મને સુખી કરવા સમર્થ છે? કુટ્ટિનીએ કહ્યું: હે વત્સે! નીતિશાસ્ત્રોમાં પંડિતો જેની ઘોષણા કરે છે તેને તેં સાચું જ કર્યું. નીતિશાસ્ત્રમાં કહ્યું છે કે— **"સ્ત્રી અયોગ્યમાં રમે છે; મેઘ પર્વતમાં વરસે છે; લક્ષ્મી નીચનો આશ્રય કરે છે, અને વિદ્વાન પ્રાયઃ નિર્ધન હોય છે."** તેં આ કથનને સાચું કર્યું છે. કારણ કે હે મૂર્ખી! તું સર્વગુણોના સાગર અચલને મૂકીને ધનરહિત, જુગારમાં આસક્ત અને ધૂર્ત મૂળદેવને ઇચ્છે છે. દેવદત્તાએ કહ્યું: હે માતાજી! હું રૂપ, યૌવન અને ધન વગેરે સદ્ગુણોમાં અનુરાગવાળી નથી, કિંતુ વિજ્ઞાનના કૌશલ્યમાં અનુરાગવાળી છું. વિજ્ઞાનનું કૌશલ્ય તો મૂળદેવમાં જેવું છે તેવું દેવોમાં પણ નથી. માતાએ કહ્યું: આ અચલ વિજ્ઞાનથી પણ મૂલદેવ કરતાં ઉતરતો નથી. દેવદત્તાએ કહ્યું: હે માતાજી! આવું અયોગ્ય ન બોલ. કારણ કે આ બે વચ્ચે સૂર્ય અને ખજુઆ જેટલું અંતર છે. માતાએ કહ્યું: હે વત્સે! જો એમ છે તો આ બેમાં કોનામાં કયો ગુણ છે તેની પરીક્ષા કરીએ. દેવદત્તાએ કહ્યું: સારું, સારું. હે માતા! તું અચલની પાસે જા અને મારા વચનથી તેને જણાવ કે દેવદત્તાને આજે શેરડી ખાવાની ઇચ્છા થઈ છે. તેથી તેણે અચલની પાસે જઈને દેવદત્તાએ કહેલું જણાવ્યું. તેણે પણ શેરડીથી ભરેલું ગાડું દેવદત્તાના ઘરે મોકલી આપ્યું. તેથી માતાએ દેવદત્તાને કહ્યું: હે વત્સે! શેઠનો વૈભવ, દાનશક્તિ, મહત્ત્વ અને પ્રિય વચન વગેરે બધું ય અદ્ભુત છે. વિષાદ-પૂર્વક મૌનથી લગભગ મુહૂર્ત વિલંબ કરીને મૂલદેવના વિજ્ઞાનને યાદ કરતી તે બોલીઃ હું શું મત્ત હાથિણી છું? જેથી તેણે મારી આગળ આ પ્રમાણે સંસ્કારથી રહિત (= છોલીને ગંડેરી બનાવ્યા વિના) આ શેરડીનો ભારો નાંખ્યો.

હે માતા! હવે તું મૂલદેવની પાસે જા અને તેને આ કહે, જેથી તેના પણ વિજ્ઞાનનું સાર–અસારપણું જોઈએ. તેથી માતા જલદી મૂલદેવની પાસે આવી, અને દેવદત્તાનો સંદેશો વિસ્તારથી કહ્યો. તેના કહ્યા પછી મૂળદેવ જુગારના મંડપમાં ગયો. ત્યાં જુગારીઓને જીતીને દશ કોડી લીધી. પછી બે કોડિથી શરાવસંપુટ,[1] બે કોડિથી શેરડીના ઉત્તમ બે સાંઠા, અને બાકીની કોડિઓથી તજ, તમાલપત્ર, એલચી અને નાગ-કેશર વગેરે (સ્વાદિષ્ટ મસાલો) ખરીદીને ઘરે આવ્યો. પછી તેણે શેરડીના બે સાંઠાને કાપીને બે આંગળ જેટલા ટુકડા કર્યા, તેને છોલીને નાના નાના ટુકડા કર્યા, દરેક ટુકડા ઉપર સળી ખોસી, અને તજ વગેરે મસાલાનો સંસ્કાર કર્યો, એ ટુકડાઓને ધૂપથી ધૂપેલા શરાવસંપુટમાં મૂક્યા. પછી દેવદત્તાની દાસીપુત્રીને બોલાવીને શરાવસંપુટ આપ્યું. દાસીપુત્રીએ ત્યારે જ જઈને દેવદત્તાને જણાવ્યું કે હે સ્વામિનિ! આ મૂળદેવે તમને

૧. નીચે સીધું કોડિયું અને ઉપર ઊંધું કોડિયું હોય તેને શરાવસંપુટ કહેવામાં આવે છે.

મોકલ્યું છે. તમે માતાના મુખે તે બુદ્ધિશાળીને કહેવડાવ્યું હતું એથી આ મોકલ્યું છે. તેથી દેવદત્તાએ હાથ લંબાવીને તે લઈને માતાને કહ્યું: હે માતા! જો, જો માણસોમાં અંતર. કારણ કે અચલે ઘણા ધનનો ખર્ચ કરીને પણ શેરડીને તેવી ખાવા યોગ્ય ન બનાવી કે જેવી બુદ્ધિશાળી મૂળદેવે બનાવી. ગાઢ ક્રોધસમૂહના આવેગને વશ બનેલી માતાએ કંઈ ઉત્તર ન આપ્યો. પણ ત્યારથી જ તેણે મૂલદેવનાં છિદ્રો જોવાનું શરૂ કર્યું. વિષયોથી આસક્ત ચિત્તવાળાઓનાં છિદ્રો દુર્લભ હોતા નથી. કહ્યું છે કે-**"ધનને મેળવીને કોણ અભિમાની નથી બન્યો? વિષયોમાં આસક્ત કયા જીવની આપત્તિઓ નાશ પામી છે? પૃથ્વીમાં સ્ત્રીઓથી કોનું મન ખંડિત થયું નથી? રાજાઓને કોણ પ્રિય છે? કાળનો વિષય કોણ નથી થયો? અર્થાત્ મૃત્યુ કોણ નથી પામ્યું? અર્થી કોણ ગૌરવને પામ્યો છે? દુર્જનની જાળોમાં પડેલો કયો પુરુષ સુખપૂર્વક નીકળ્યો છે?"**

તેથી બીજા દિવસે તેણે સાર્થવાહ અચલને કહ્યું: તું આજે દેવદત્તાની આગળ કહે કે હું આજે ગામ જવાનો છું. જેથી દેવદત્તા ઘરમાં મૂલદેવનો જલદી પ્રવેશ કરાવે. પછી તું સાંજના આવીને મૂળદેવને પકડી લેજે. અક્કાએ આમ કહ્યું એટલે સાર્થવાહે પણ એ બધું કર્યું, તેથી હર્ષિત દેવદત્તાએ મૂલદેવને બોલાવ્યો. અચલે મૂલદેવને આવેલો જાણીને તેને પકડવાની ઇચ્છાથી તેના ઘરને પુરુષોથી બધી બાજુથી ઘેરી લીધું. ભયથી ત્રાસેલો મૂળદેવ પલંગની નીચે ઘુસી ગયો. અચલ હાથમાં તલવાર લઈને ઘરમાં આવ્યો, અને પલંગ ઉપર બેઠો. મૂળદેવને પલંગ નીચે રહેલો જાણીને તેણે સ્નાનની સામગ્રી તૈયાર કરવા દેવદત્તાને આદેશ કર્યો. પછી દેવદત્તાએ તેની આજ્ઞા પ્રમાણે બધું કરીને અને સ્નાનનાં બધાં વસ્ત્રો તૈયાર રાખીને એને કહ્યું: હે નાથ! તમારા કહેવાથી સ્નાન માટે આસન વગેરે બધું તૈયાર કરી દીધું છે, તેથી ઉઠો. તેણે કહ્યું: અહીં જ સ્નાન કરાવ. કારણ કે હે સુંદરી! હું પલંગ ઉપર બેસીને જ સ્નાન કરીશ. દેવદત્તાએ કહ્યું: તેમ થાઓ, પણ શય્યા નાશ પામશે. અચલે કહ્યું: હે પ્રિયે! હું બીજી સુંદર શય્યા કરાવીશ. માટે પાણી વગેરે અહીં લાવ. તારે શું કામ આ ચિંતા કરવી જોઈએ? આથી ઉદ્વિગ્ન ચિત્તવાળી દેવદત્તાએ ત્યાં જ રહેલા તેને બહુ ગરમ ન હોય તેવા પાણીથી ધીમે સ્નાન કરાવવાનું શરૂ કર્યું. અચલે દેવદત્તાના ભાવને જાણીને અને ક્ષુદ્રતાના કારણે ગરમ પાણી તેવી રીતે નાખ્યું કે જેથી પલંગની નીચે રહેલો બળતો મૂલદેવ નીકળ્યો. મૂળદેવને પલંગ નીચેથી નીકળેલો જોઈને કેશમાં પકડીને અચલે કહ્યું: પકડાયેલા[1] તારું હમણાં શું કરું તે કહે. તેણે કહ્યું: તને જે ગમે તે જ કર. તેથી અચલે

૧. **प्राप्तक्षुण्णस्य** પદનો શબ્દાર્થ આ પ્રમાણે છે:- **प्राप्तं क्षुण्णं=वेष्टनं** (ઘેરવું તે) **येनासौ प्राप्तक्षुण्णस्तस्य प्राप्तक्षुण्णस्य.**

વિચાર્યું: અહો! આ મહાત્મા છે, સંકટને પામવા છતાં જરા પણ દીનતા બતાવતો નથી. અથવા અહીં સત્પુરુષોનું આ કુલવ્રત છે. કહ્યું છે કે—**"જેને વિપત્તિમાં વિષાદ ન થાય, સંપત્તિમાં હર્ષ ન થાય અને યુદ્ધમાં ધીરતા હોય તે ભુવનના તિલક સમાન છે, અને આવા બહુ ઓછા પુત્રોને માતાઓ જન્મ આપે છે."** વળી—જેમને સંકટ ન આવ્યું હોય, જેઓ ઉપાય (=મહેનત) વિના જીવતા હોય, જેમને સદા સુખ હોય, જેઓ દૂષણથી રહિત હોય, તેવા મનુષ્યો સંસારમાં વિરલા—બહુ જ ઓછા હોય છે. કહ્યું છે કે—**"કોને કહેવા જેવું નથી? ઉપાયસહિત કોણ નથી જીવતું? સંકટ કોને આવ્યું નથી? નિરંતર સુખ કોને હોય છે?"** અચલે આ પ્રમાણે વિચારીને અને હે ભાગ્યશાળી! આવી આપત્તિમાં મને પણ તું છોડી દેજે એમ કહીને મૂળદેવને છોડી દીધો. પરાભવના સ્થાનને પામેલા મૂળદેવે વિચાર્યું: હવે માણસોને મારું મુખ કેવી રીતે બતાવીશ? કારણ કે ધન—માનથી રહિત અને પુણ્યહીન મનુષ્યે જ્યાં સહવાસીઓ ન જુએ ત્યાં ક્યાંક જતા રહેવું જોઈએ.

આ પ્રમાણે વિચારીને એ થોડું ભાતું લઈને બિન્નાતટ નગર તરફ જવા માટે એકલો ચાલ્યો. ચાલતાં ચાલતાં કેટલાક દિવસે એ મહાન અટવીમાં આવ્યો, હવે એનું ભાતું ખૂટી ગયું. એવામાં તેને સદ્ધડ નામનો બ્રાહ્મણ મળ્યો. તેના હાથમાં સાથવાની (=શેકેલા જવ વગેરેના લોટની) પોટલી જોઈને મૂળદેવે વિચાર્યું: આના ભાતાથી હું પણ આ મહાન અટવીને ઓળંગી જઈશ. તેથી મૂળદેવ તેની સાથે ચાલવા લાગ્યો. તીવ્ર મધ્યાહ્ન સમય થયો ત્યારે માર્ગની નજીકમાં ઉત્તમ સરોવરને અને વટવૃક્ષને જોઈને તેની છાયામાં તે બંનેએ ક્ષણવાર આરામ કર્યો. પછી સદ્ધડે ઉઠીને પાણીના કિનારે જઈને સાથવાનું ભક્ષણ કર્યું. મૂલદેવે મને પણ આ આપશે એમ વિચાર્યું હતું, પણ સદ્ધડ કંઈ જ બોલ્યો પણ નહિ. પછી કૃપણ સદ્ધડ સાથવાની પોટલી બાંધીને તેની સાથે ચાલ્યો. મૂલદેવ પણ આગળ ક્યાંક મારી કાળજી કરશે એમ મનમાં વિચારતો ફરી તેની પુઠે વળગ્યો.

આ પ્રમાણે તેની આશાથી મૂલદેવના ત્રણ દિવસ પસાર થઈ ગયા. તે બંને મહા અટવીને ઓળંગીને ગામની નજીક આવી ગયા. તેથી મૂલદેવે ચિત્તમાં આ નક્કી કર્યું કે, આની આશાના પ્રભાવથી મેં આ અટવી ઓળંગી છે, (એથી તેનો મારા પર ઉપકાર થયો, પણ) હમણાં હું એના ઉપર ઉપકાર કરવા (= ઉપકારનો બદલો વાળવા) સમર્થ નથી. આ પ્રમાણે સંકલ્પ કરીને તેણે સદ્ધડને કહ્યું: હે ભદ્ર! મને રાજ્ય મળ્યું છે એમ તું જાણે ત્યારે મારી પાસે આવજે. જેથી હું યથાશક્તિ તારો પ્રત્યુપકાર કરું. આ પ્રમાણે કહીને તેને છોડીને તેણે પોતે ભિક્ષા માટે ગામમાં પ્રવેશ કર્યો. ભિક્ષામાં અડદ (=બાફેલા અડદના બાકળા) મળ્યા. તેનાથી તેનો પડિયો ભરાઈ ગયો. ગામમાંથી

પાછો ફરેલો તે તળાવ તરફ ચાલ્યો. ગામમાં ભિક્ષા માટે આવતા એકમાસના ઉપવાસી સાધુને જોઇને તેણે વિચાર્યું : આ મહામુનિ ધન્ય છે. અહો! પુણ્યથી અહીં આ પ્રમાણે આ મહાત્મા મારા જોવામાં આવ્યા. આ અડદ સિવાય બીજું કાંઈ આપવા યોગ્ય મારી પાસે નથી. તેથી આ આપીને પણ આજે મારા આત્માને કૃતાર્થ કરું.

આ પ્રમાણે વિચારતા તેણે ભક્તિપૂર્ણ અંતઃકરણથી સાધુને બોલાવ્યા. હે નાથ! જો આ અડદ આપને કલ્પતા હોય તો મારા ઉપર અનુગ્રહ કરવાની ઈચ્છાથી સ્વીકારો. આ પ્રમાણે વિનંતિ કરાયેલા મુનિએ પણ (દોષિત છે કે નહિ વગેરે) ઉપયોગ મૂકીને તે અડદ લીધા. મુનિને કરેલા અડદના દાનથી અત્યંત ખુશ થયેલ મૂળદેવ જલસહિત મેઘના જેવા અવાજથી અર્ધીગાથા બોલ્યો :– **"સાધુના પારણામાં અડદના બાકળા વહોરાવવાનો લાભ ધન્ય પુરુષોને જ મળે છે."** એટલામાં દેવતાએ તેને કહ્યું : હે વત્સ! તારી જે ઈચ્છા હોય તે નિઃશંકપણે માગ. તેણે પૂર્વોક્ત ગાથાના ઉત્તરાર્ધથી કહ્યું : દેવદત્તાવેશ્યા અને હજાર હાથીવાળું રાજ્ય મને આપ. તેથી દેવીએ કહ્યું : હે વત્સ! તેં જે માગ્યું છે તે મુનિદાનના પ્રભાવથી જલદી થશે. પછી ભિક્ષા માટે પરિભ્રમણ કરીને, ભોજન કરીને આગળ ચાલ્યો. જતાં જતાં તે એક નગરમાં આવ્યો. ત્યાં મુસાફરમંડપમાં સૂતો. થોડી રાત્રિ બાકી રહી ત્યારે તેણે સ્વપ્નમાં મુખમાં પ્રવેશ કરતા ચંદ્રમંડલને (=પૂર્ણ ખીલેલા ચંદ્રને) જોયો, અને તે જ વખતે તે જાગી ગયો. તેવું જ સ્વપ્ન બીજા એક મુસાફરે જોયું. તેણે ઉતાવળિયા થઈને ભિક્ષુકોને સ્વપ્ન કહ્યું. તેમણે કહ્યું : સ્વપ્નના પ્રભાવથી તું આજે સૂર્યમંડલના જેવા આકારવાળો ઘી–ગોળથી સહિત ખાખરો મેળવીશ. તેથી તે હર્ષ પામ્યો. ભિક્ષાકાળ થતાં ભિક્ષા માટે ભમતા તેણે ભિક્ષુકોના કહ્યા મુજબ એક ખાખરો મેળવ્યો. મૂલદેવ પણ સ્વપ્નના વિષયમાં ભિક્ષુકોની અજ્ઞાનતા જોઈને ઉઠીને, પવિત્ર થઈને, ફલ–પુષ્પો લઈને સુખાસને બેઠેલા ઉપાધ્યાયની પાસે ગયો. ઉપાધ્યાયની પૂજારૂપ સેવા કરીને તેને સ્વપ્ન જણાવ્યું. તેણે પણ તેના સ્વપ્નને સાંભળીને, પોતાની પુત્રી તેને પરણાવીને કહ્યું : સાત દિવસમાં તને ઉત્તમ રાજ્ય મળશે. ક્રમે કરીને મૂળદેવ બિન્નાતટ નગરમાં આવ્યો. નગરના કોટવાળોએ રાતે તેને નગરના દરવાજા આગળ જોયો. તેના હાથમાં ચોરીનો માલ હતો. આથી કોટવાળોએ તેને પકડ્યો અને દંડાના ઘાથી માર્યો. તેના ગળે કોડિયાની માળા પહેરાવીને અને બે હાથ બાંધીને તેને ગધેડા ઉપર બેસાડ્યો. પછી તેને વધભૂમિમાં લઈ જવા માંડ્યા. આવી કષ્ટદશા પામેલા તેણે મનમાં વિચાર્યું : શું દેવીનું અને ઉપાધ્યાયનું મારા પાપસમૂહના ભારથી પરાભવ પામેલું વચન હમણાં ખોટું પડશે? આ દરમિયાન ત્યાં પુત્ર વિનાનો રાજા મરણ પામ્યો. તેથી પાંચ દિવ્યોનો [1]અભિષેક (=જળથી પ્રક્ષાલન

---

૧ હાથી, અશ્વ, છત્ર, કળશ અને ચામર એ પાંચને જળથી પ્રક્ષાલન આદિ વિધિપૂર્વક મંત્રથી પવિત્ર કરવા તેને દિવ્યાભિષેક કહેવામાં આવે છે.

આદિ વિધિપૂર્વક મંત્રથી પવિત્ર કરવારૂપ અભિષેક) થયો. તે દિવ્યો (રાજાની શોધ માટે) ભમવા લાગ્યા. ભમતાં ભમતાં મૂળદેવ જે રસ્તામાં વધભૂમિએ લઈ જવાતો હતો ત્યાં જ દિવ્યો આવ્યા. પછી હાથીએ ગલગર્જના (ગળાથી ગર્જના) કરીને સૂંઢથી મૂળદેવને લઈને પોતાના સ્કંધ ઉપર બેસાડ્યો. ઘોડાએ કાનને સુખ આપે તેવો હેષારવ કર્યો. મસ્તકની ઉપર ઊંચા દંડવાળું શ્વેત છત્ર થયું. તે જ ક્ષણે ચંચળ બે ચામરો વીંઝાવા લાગ્યા. નહિ વગાડવા છતાં ગંભીર સ્વરે દુંદુભી વાગી. પુષ્પવૃષ્ટિ થઈ. સુગંધી જલની વૃષ્ટિ થઈ. બંદીના (=ભાટચારણના) વૃંદો જય–જય શબ્દો પોકારવા લાગ્યા. નિશ્રા મળવાના કારણે તુષ્ટ મનવાળી નગરની સ્ત્રીઓએ નૃત્ય કર્યું. આ પ્રમાણે મહાન આડંબરથી મૂલદેવ રાજા થયો; સામંત વગેરે બધા લોકોએ તેની આજ્ઞાનો સ્વીકાર કર્યો.

ક્રમે કરીને કેટલાક દિવસોમાં રાજ્ય સ્થિર થતાં મૂળદેવે વિચાર્યું: દેવદત્તાનો વિયોગ મારા માટે દુઃખનું કારણ છે. આથી દેવદત્તાના વિયોગવાળા મારે આ રાજ્યલાભથી શું? જેમાં પ્રિયનો મેળાપ ન થાય તે મારી સંપત્તિ શું પ્રશંસનીય છે? કારણ કે– **"નિવાસ ગમે ત્યાં થાઓ, ભોજન ગમે તેવું થાઓ, પણ ઇષ્ટજનોનો સંયોગ હોય તો તે રાજ્ય છે અને ઉત્તમ રક્ષણ છે."**

મને દેવદત્તા પ્રાણથી પણ અધિક પ્રિય છે. તેથી તેને અહીં તેડાવી લઉં. આમ વિચારીને પ્રયત્નશીલ અને ઘણા ભેટણાથી સહિત એક દૂતને ઉજ્જયિની મોકલ્યો. દૂતે ઉજ્જયિની પહોંચીને જિતશત્રુ રાજાનાં દર્શન કર્યાં. રાજાને પ્રણામ કરીને એનું ભેટણું આપ્યું. પછી તેણે રાજાને કહ્યું: બિન્નાતટ નગરના પ્રસન્નચિત્તવાળા મૂળદેવ રાજાએ આપ પૂજ્યદેવના આશ્રયે રહેલી દેવદત્તા વેશ્યા માટે મને આપ પૂજ્ય-દેવની પાસે મોકલ્યો છે, માટે તેને બિન્નાતટ જવા માટે અનુજ્ઞા આપો. આ પ્રમાણે દૂતનું વચન સાંભળીને ખુશી થયેલા રાજાએ કહ્યું: હે દૂત! આ કેટલું કાર્ય છે? હે-આર્ય! તારા સ્વામીનું બીજું પણ જે કંઈ કાર્ય હોય–જે કંઈ જરૂરી હોય તે કહે. આ રાજ્ય, આ લોકો, આ ધન, આ અમે– આ બધું જ તારા સ્વામીને આધીન છે એમ જાણવું. રાજાએ આ પ્રમાણે કહીને વસ્ત્રાદિના દાનથી દૂતનું સન્માન કરીને, જલદી તેની જ સાથે દેવદત્તાને મોકલી. મૂલદેવ પણ દેવદત્તા મળવાથી ખુશ થયો. રાજલક્ષ્મીથી શોભતો તે દેવદત્તા સાથે અને બીજી પણ શ્રેષ્ઠ સ્ત્રીઓની સાથે મુનિદાનરૂપવૃક્ષના પુષ્પસમાન વિષયસુખોને ભોગવવા લાગ્યો. બાહુના બળવાળા તેને ઇચ્છાથી પણ અધિક સુખ વગેરે મળતું હતું. આ તરફ મૂળદેવને રાજ્યસંપત્તિ મળી છે એમ જાણીને પેલો ટક્કદેશનિવાસી સદ્ધડ ત્યાં આવ્યો. રાજાએ તેને તું કોણ છે વગેરે પૂછ્યું. (તેણે પૂર્વની બધી વિગત જણાવી.) રાજાએ તેને કહ્યું: તને જે ગામ જોઈતું હોય તે તારું જ છે. પણ પછી તારે મારી પાસે આવવું નહિ. આમ કહીને તેને (ગામ આપીને) રજા આપી.

આ તરફ ઉજ્જયની નગરીમાં અચલ સાર્થવાહે એક વાર વિચાર્યું : જીવોમાં તેની જ પ્રશંસા થાય છે કે જેની ઉજ્જવલકીર્તિ, ચંદ્રની ઉજ્જવલ કાંતિની જેમ, સમુદ્ર સુધી પૃથ્વીને આનંદ પમાડે છે. કીર્તિ દાનથી, તપથી, પરાક્રમરૂપ બલથી કે વિજ્ઞાનરૂપ-સંપત્તિથી પ્રયત્નશાળી પુરુષને મળે છે. એમાં તપ અતિદુષ્કર છે, વણિકમાં પ્રાયઃ પરાક્રમ હોતું નથી, ગુરુની સેવા નહિ કરનારને વિજ્ઞાનનું જ્ઞાન ક્યાંથી મળે? તેથી દાનથી જ યથાયોગ્ય સુકીર્તિને મેળવું. પોતાની ભુજાથી ધન મેળવારની કીર્તિ દાનથી પણ વખણાય છે. આથી પહેલાં બીજા દેશમાં જઈને ધન મેળવું. પછી ગરીબ આદિને દાન કરીને કીર્તિને વધારીશ. આ પ્રમાણે વિચારીને તેણે દેશાંતર જવા માટે યોગ્ય વિવિધ કરિયાણું લઈને (અચલ સાર્થવાહ દેશાંતર જાય છે, જેને સાથે આવવું હોય તેણે આવવું વગેરે) ઘોષણા કરાવી. શુભતિથિ, નક્ષત્ર, લગ્ન, વાર અને નવમાંશને જોઈને દીન, ગરીબ અને વણિકવર્ગ વગેરેની સાથે ચાલ્યો. સંપૂર્ણપણે ભયને દૂર કરનાર, પ્રેમને ઈચ્છતા જીવો માટે મોર સમાન, લોકોના લોચનરૂપ ચાતકને આનંદ આપનાર અને શોભતા દાનરૂપ જલસમૂહથી પૃથ્વીતલને શાંત કરી દેનાર અચલે વર્ષાઋતુના વાદળની જેમ આગળ જવા માંડયું. નિરંતર પ્રયાણોથી જતો તે વિવક્ષિત (=ઈચ્છિત) નગરમાં આવ્યો. ત્યાં બુદ્ધિમાન તેણે ક્રય-વિક્રય કર્યો. ઘણો લાભ મેળવીને ઉજ્જયની તરફ ચાલ્યો. વચ્ચે બિન્નાતટમાં ગયો. ત્યાં કંઈ પણ જકાત ચુકવ્યા વિના કરિયાણાને નગરમાં દાખલ કરતા તેને જકાત લેનારા અધિકારીઓએ પકડયો. પછી તેને રાજસભામાં લઈ ગયા. મૂલદેવ રાજાએ તેને જોયો. ઓળખીને મૂળદેવે કહ્યું : હે સાર્થનાયક! શું મને ઓળખે છે? ભયભીત બનેલા તેણે કહ્યું : હે દેવ! સુવિશુદ્ધ યશસમૂહથી ભુવનના મધ્ય-ભાગને પૂરી દેનાર અને મનુષ્યોના સ્વામી આપને કોણ નથી ઓળખતું? પછી રાજાએ ફરી કહ્યું : હે શ્રેષ્ઠી! એમ ન બોલ. કારણ કે હું તને વિશેષ ઓળખાણ પૂછું છું.

આ પ્રમાણે કહેવાયેલો શેઠ પ્રત્યુત્તર આપે એ પહેલાં જ રાજાએ પોતાના કેશની લટ બતાવીને તેને પોતાનું ચરિત્ર કહ્યું. તેથી અચલ લજ્જા પામ્યો અને ગભરાયો. રાજાએ તેને કહ્યું : હે શેઠ! શા માટે લજ્જા પામે છે? અને શા માટે ગભરાય છે? કારણ કે તું મારો ઉપકારી છે. આ પ્રમાણે આશ્વાસન આપીને અને વસ્ત્ર-અલંકારના દાનથી સન્માન કરીને તેને રજા આપી. પછી શેઠ પોતાના આવાસમાં ગયો. ઘણા આનંદથી પૂર્ણ તે ક્રમે કરીને ઉજ્જયિની આવ્યો.

આ તરફ મૂળદેવ રાજ્ય કરી રહ્યો હતો ત્યારે એક વાર નગરમાં ચોરનો અત્યંત ભયંકર ઉપદ્રવ વધી ગયો. લોકો રાજા પાસે આવી આવીને ઘણી બૂમ પાડતા હતા કે હે દેવ! આપનું નગર અનાથની જેમ ચોરોથી ચોરાય છે, હે દેવ! જે જે ઘરમાં ક્યાંક ધન પડેલું હતું તે તે ઘરમાં સુઈને ઉઠેલા માણસો ખાતર પાડેલું (=ચોરી થયેલી)

જુએ છે. હે રાજન્ ! આ નગરમાં હમણાં એક, બે કે ત્રણ ખાતર જેમાં ન પડ્યા હોય તેવી (એક પણ) રાત્રિ અમારી જતી નથી. લોકોની આ પ્રમાણે બૂમ સાંભળીને લજ્જા પામેલા રાજાએ કોટવાળને બોલાવીને કહ્યું : અરે ! પોતાના કાર્યમાં તારો પ્રમાદ કેમ છે? જેથી ખાતર પાડનારાઓએ (=ચોરી કરનારાઓએ) આખા નગરને ઉદ્‌વિગ્ન બનાવી દીધું છે. કોટવાળે કહ્યું : હે દેવ ! રોષ છોડીને મારી વિનંતિ સાંભળો. મેં બધા ગાઢ પ્રયત્નો કર્યા છે, છતાં મને ચોર મળ્યો નથી. દરરોજ રાતે નગરની અંદર અને બહાર સૈનિકના ટોળાની સાથે ફરું છું. ચારે તરફ પોલિસોને ગોઠવ્યા, સ્થાને સ્થાને ચાર ચાર જણા બેઠા, તો પણ ચોર મળ્યો નહિ. આ પ્રમાણે તેનું વચન સાંભળીને રાજાએ વિચાર્યું : ખરેખર ! તે કોઈ મોટો ધૂર્ત જણાય છે કે જે આ પ્રમાણે પણ દેખાતો નથી. તેથી આજે હું જાતે જ તેને જોવા માટે પ્રયત્ન કરીશ. આ પ્રમાણે વિચારીને રાજા સૂર્યાસ્ત સુધી રહ્યો. દિશાઓના મંડલ બધી તરફ અંધકારના સમૂહથી ભરાઈ ગયા ત્યારે વાદળી રંગનું વસ્ત્ર પહેરીને રાજા મહેલમાંથી નીકળ્યો. ચતુષ્ક, ચોરો, ઉદ્યાન, શૂન્યદેવમંદિર વગેરે સ્થળોમાં ભમી ભમીને કંટાળી ગયેલા રાજાએ ચોરને ન જોયો. તેથી રાત્રિના બે પ્રહર પસાર થઈ ગયા ત્યારે થાકેલો રાજા બજારના ખુણાનો આશરો લઈને સૂઈ ગયો. આ વખતે મંડિક નામનો ચોર ત્યાં આવ્યો. તેણે મૂલદેવને પૂછ્યું : તું કોણ છે? મૂલદેવે કહ્યું : હે પ્રભુ ! હું પરદેશી મુસાફર છું. ચોરે કહ્યું : જો તું મને સાચે જ પ્રભુ માને છે તો ઉઠ, મારી સાથે આવ, તને પણ ધનવાન કરું. આ પ્રમાણે સાંભળીને મૂલદેવે વિચાર્યું : ખરેખર ! જેના માટે હું મહેનત કરું છું તે આ લાગે છે. તેથી ઉભો થાઉં, જાઉં અને એની ચેષ્ટાને જોઉં કે એ શું કરે છે? ક્યાં જાય છે? કારણ કે આ ધિઠ્ઠો દેખાય છે. આ પ્રમાણે વિચારીને તે તેની સાથે ચાલ્યો. ચોર ધનપતિના એક ઘર આગળ ગયો. દિવાલમાં બાકોરું પાડીને તેમાંથી ઘરમાં પ્રવેશ કર્યો. ચોરેલું બધું ધન લઈને નીકળી ગયો. પોતાનામાંથી ભાગ લેનાર તેના (=મૂળદેવના) મસ્તકે ધન મૂકીને પોતે તલવાર લઈને તેની પાછળ ચાલ્યો. નગરના દરવાજા આગળ ગયો. દરવાજા આગળ રહેલા દ્વારપાલોને અવસ્વાપિની વિદ્યાથી નિદ્રાધીન કરીને દરવાજા ઉઘાડીને જલદી શહેરથી દૂર રહેલી ગુફા પાસે આવ્યો. પહેલાં મૂળદેવને તેમાં પ્રવેશ કરાવીને પછી પોતે પ્રવેશ કર્યો. પછી તેણે સંકેત કરીને બહેનને આજ્ઞા કરી : હે ભદ્રે ! આ મહેમાનનું અત્યંત આદરપૂર્વક પાદપ્રક્ષાલન કર અને ઉત્તમ ભદ્રાસન આપ. તેથી તેણે જલદી ઉઠીને "અહીં આવો અને બેસો" એમ સંભ્રમથી એને સ્થાન બતાવ્યું. તેણે બતાવેલું આસન અંધારિયા કૂવાની પાસે હોવાથી નજીકમાં જ મૃત્યુ કરનારું હતું. આનાથી અજાણ મૂલદેવ તે આસન ઉપર બેઠો. તેને કૂવામાં નાખી દેવા માટે તત્પર બનેલી બહેને પાણી લાવીને ધોવાના બહાનાથી એનો પગ ઉપાડ્યો. અતિશય કોમળતા-ગુણથી માખણને પણ જીતે તેવો તેના પગનો કોમળ સ્પર્શ અનુભવ્યો. આથી તેણે

વિચાર્યું : આના પગના તળિયામાં જેવી કોમળતા અનુભવાય છે તેનાથી હું માનું છું કે આ કોઈ સુખનો ભંડાર રાજા છે. વળી– રૂપ લાવણ્ય, સૌભાગ્ય, ભાગ્ય અને સંપત્તિથી યુક્ત આ ખરેખર રતિથી રહિત દેહધારી કામદેવ છે. તેથી આ પ્રાણનાથ મારા પ્રાણોથી પણ (=મારા પ્રાણોના ભોગથી પણ) કોડો દિવાળી સુધી જીવતો રહે. આ પ્રમાણે વિચારીને તેને નહિ દેખાયેલો કૂવો દેખાડીને તેના પ્રત્યે ભાવથી અનુરાગવાળી થયેલી બહેને તું ભાગી જા એવો સંકેત કર્યો. બહેનના અભિપ્રાયને જાણીને તે ત્યાંથી પલાયન થઈ ગયો એટલે ભાઈને જણાવવા માટે તેણે કોલાહલ કર્યો : ઓ ભાઈ, ભાઈ! આવ, અને પકડ, આ ગયો. તે પણ આ પ્રમાણે સાંભળીને તે ધનને સુરક્ષિત રાખ્યા વિના જ નીકળ્યો. હાથમાં તીક્ષ્ણ તલવાર લઈને મારી પાસેથી તું ક્યાં જાય છે? એમ બોલતો એની પાછળ દોડ્યો. મૂલદેવ પણ તેને વેગથી નજીક આવેલો જાણીને ચોરાના એક થાંભલાનો આશ્રયને લઈને તેની આડમાં છૂપાઈ ગયો. ચોર પણ તે સ્થાને આવ્યો. તીવ્રરોષથી તીક્ષ્ણ તલવાર વડે તે જ સ્તંભને તેની બુદ્ધિથી હણ્યો. કોપથી જેની આંખ ઢંકાઈ ગઈ છે તેવો માણસ પ્રાયઃ વસ્તુને જેવી હોય તેવી જોઈ શકતો નથી. મહાત્માઓએ કહ્યું છે કે– **"કામ, શોક, ભય, ઉન્માદ, ચોર અને સ્વપ્નના ઉપદ્રવવાળા માણસો વસ્તુઓ ન હોય તો પણ સામે જ રહેલી હોય તેમ જુએ છે.** મેં એને મારી નાખ્યો છે એવા વિચારથી ખુશ થયેલો ચોર અને મેં ચોરને જાણી લીધો છે એવા વિચારથી ખુશ થયેલો રાજા એ બંને પોતપોતાના સ્થાને ગયા. રાત્રિ પૂર્ણ થઈ અને સૂર્યોદય થયો એટલે રાજાએ પ્રાતઃકાળનાં કાર્યો કર્યાં. પછી થોડા પરિવારને લઈને અશ્વો ખેલાવવાના બહાને ચોરને જોવાની ઇચ્છાથી આમ તેમ દૃષ્ટિ નાખતો રાજા બજારના માર્ગે ગયો. એટલામાં એક દુકાનમાં મંડિક નામનો ચોર રાજાના જોવામાં આવ્યો. તે (ખરીદવાનું) કાર્ય ઉતાવળેથી કરી રહ્યો હતો, આંખોની પીડાના બહાને તેનું મુખ અર્ધું ઢાંકેલું હતું, જુના વસ્ત્રના ટુકડાઓથી બે પગોને ઢાંકી દીધા હતા. રાજા કોઈ ચિહ્નથી તેને ઓળખીને કોઈ બહાનું કરીને પોતાના ઘર તરફ ચાલ્યો. ચોરને બોલાવવા માટે અંગરક્ષકને મોકલ્યો. અંગરક્ષકે તેને રાજા તને બોલાવે છે માટે મારી સાથે ચાલ એમ કહ્યું. ભય પામેલા તેણે પોતાના મનમાં વિચાર્યું : ખરેખર! રાતે મેં તે માણસને માર્યો નહિ, તેથી જ રાજા એકાએક મને બોલાવે છે. તેથી હવે અન્યાયરૂપ વૃક્ષના ફલનો ઉદય થનાર છે. દરેક બિલમાં ઘો જ ન હોય, કોઈ બિલમાં સર્પ પણ હોય. તેથી જે થવાનું હોય તે થાઓ, મુખની આકૃતિને વિકૃત કર્યા વિના જ રાજાની પાસે જાઉં. કારણ કે સાત્ત્વિક માણસોની આ (=હવેના શ્લોકમાં કહેવાશે તે) સ્થિતિ હોય છે :– **"ધીર પુરુષો પોતાની આકૃતિની ખબર પડવા દેતા નથી, અર્થાત્ અંતરમાં ઉત્પન્ન થયેલા ચિંતા વગેરે ભાવોને બહાર મુખ વગેરેમાં પ્રગટ કરતા નથી, સમભાવથી જોનારા હોય છે, સંપત્તિ અને વિપત્તિમાં અભિમાન**

**અને દીનતાથી રહિત હોય છે."** આ પ્રમાણે વિચારતો તે રાજમંદિરમાં ગયો. અભ્યુત્થાન (=ઊભા થવું) વગેરેથી તેની પૂજા કરીને રાજાએ એકાંતમાં તેને કહ્યું: જો આપો તો હું આપની પાસે કંઈક માગણી કરું છું. ઉત્તમ પોતાની બહેનને મારી પત્ની તરીકે આપો. તેણે કહ્યું: બાહ્ય દ્વિપદ વગેરે આ કેટલું છે? હે સ્વામિન્ ! મારા જેવાઓનું જીવન પણ આપને આધીન છે. તેથી આપ આ કન્યાને સ્વીકારો. પછી રાજા તેની બહેનને પરણ્યો, અને પ્રેમ બતાવીને એનું (=ચોરની બહેનનું) ચિત્ત હરી લીધું. પછી તેણે ચોર પાસે ધન વગેરે કેટલું છે તે રાજાને કહ્યું. રાજાએ સન્માન વગેરે ઉપાયોથી મંડિક પાસેથી (ધીમે ધીમે) ધન વગેરે બધું લઈ લીધું. પછી તેને નિર્ધન જાણીને રાજાએ વિચાર્યું: હવે આ અનાચારીનો નિગ્રહ કરવો જોઈએ. કારણ કે નીતિશાસ્ત્રમાં **"રાજાઓએ દુષ્ટોનો નિગ્રહ અને શિષ્ટોનું રક્ષણ કરવું જોઈએ"** એમ કહ્યું છે. રાજાએ આ પ્રમાણે વિચારીને વિવિધ સેંકડો યાતનાઓથી ખૂબ દુઃખી કરીને તેને મારી નાખ્યો. આ પ્રમાણે સંક્ષેપથી મંડિકનો વૃત્તાંત જણાવ્યો, વિસ્તારથી [1]ઉત્તરાધ્યયન સૂત્રની ટીકામાંથી જાણી લેવો. અહીં ચોરીના દોષમાં મંડિકનું એક દૃષ્ટાંત કહ્યું, હવે વિજયનું દૃષ્ટાંત કહેવામાં આવે છે:–

## વિજયનું દૃષ્ટાંત

ચંપા નામની નગરી હતી. એ નગરીએ રમ્યતાથી સમસ્ત દેવલોકનો તિરસ્કાર કર્યો હતો. એ નગરીમાં લોકોની આંખોને આનંદ આપનારા નાટક વગેરેના વિવિધ વિપુલ વિલાસો સ્થાને સ્થાને જોવામાં આવતા હતા. તેમાં શોભતા મહાન મહોત્સવો વધી રહ્યા હતા. એ મહોત્સવોમાં ગરીબ, અનાથ, અતિથિ વગેરે ઘણા લોકોને સોનું વગેરે અનેક વસ્તુઓનું દાન આપવામાં આવતું હતું. તેમાં સદા વિકસિત રહેતાં ઘણાં ચંપકવૃક્ષો જોવામાં આવતાં હતાં. એ ચંપકવૃક્ષો એ નગરીમાં રહેનારા વણિક વગેરે (જાતિના) ભેદથી ભિન્ન ભિન્ન લોકસમૂહને આનંદ ઉત્પન્ન કરતાં હતાં. એ નગરીમાં જિતશત્રુ નામનો રાજા હતો. એણે શત્રુસામંત રાજાઓને કેદ કર્યા હતા. એ કેદી સામંતરાજાઓનો સ્ત્રીસમુદાય તેના અંતઃપુરની પત્નીઓના ચરણોની વિવિધ સેવા કરતો હતો, અને એથી

---

૧. ઉત્તરાધ્યયન વગેરેમાં આ દૃષ્ટાંતની અંતિમ વિગત આ પ્રમાણે છે:– રાજાએ ચોરને મહાપ્રધાન બનાવ્યો. તેની પાસેથી રાજા હંમેશાં આભૂષણો અને વસ્ત્રો વગેરે તેની બહેન દ્વારા મંગાવે છે એમ કરતાં જ્યારે ઘણું દ્રવ્ય તેની પાસેથી લઈ લીધું ત્યારે રાજાએ પત્નીને પૂછ્યું કે, હવે તારા ભાઈ પાસે કેટલું ધન છે? ચોરની બહેને કહ્યું: હવે કંઈ રહ્યું નથી. પછી તેને ઘણું દુઃખ આપીને મારી નાખ્યો. ઉત્તરાધ્યયનમાં આ દૃષ્ટાંતનો ઉપનય આ પ્રમાણે છે:– જેમ રાજાએ ચોર અકાર્ય કરનારો હોવા છતાં તેની પાસે ધનનો લાભ થયો ત્યાં સુધી રાખ્યો, તેમ સાધુઓએ શરીર ઘણા દોષોનું કારણ હોવા છતાં નિર્જરા થાય ત્યાં સુધી તેની અપેક્ષા રાખવી, શરીરથી જ્યારે ધર્મ ન થઈ શકે ત્યારે અનશનથી તેનો ત્યાગ કરવો

એ રાજાનો પ્રૌઢ( વધેલો ) પ્રતાપ જણાતો હતો. પ્રતાપથી વ્યાપ્ત પરાક્રમવાળા રાજાઓના મસ્તકમાં રહેલી પુષ્પમાળાઓનાં પુષ્પોના મર્દનથી તે રાજાના [1]પગરૂપી પલ્લવો (=કુંપળો) ચંચળ બની ગયા હતા. તેણે લવની જેમ વિષમ બાણવાળા ધનુષથી ઉદ્દામ પરશુરામને વશ કર્યો હતો. તેણે કુલક્રમથી આવેલી અસાધારણ બુદ્ધિથી બૃહસ્પતિનું પણ ઉપહાસ્ય કરનાર મંત્રિમંડલ ઉપર રાજ્યચિંતાનો ભાર મૂકી દીધો હતો, અને પોતે ધારિણી નામની ઉત્તમરાણીની સાથે વિષયસુખને અનુભવતો હતો. ધારિણીરાણી સકલ અંતઃપુરમાં મુખ્ય હતી, નીતિ અને વિનયથી શોભતી હતી, અને લજ્જા વગેરે ગુણગણને ધારણ કરનારી હતી. આવી ધારિણી રાણી સાથે વિષયસુખનો અનુભવ કરતા જિતશત્રુરાજાનો કેટલોક કાળ પસાર થયો.

એક વાર તે નગરીમાં વિજય નામનો ચોર થયો. તે વિચાર્યા વિના અનાર્ય પ્રવૃત્તિ કરતો હતો, અત્યંત નિર્દય હતો, અવસ્વાપિની વગેરે અનેક ચોરવિદ્યાઓના બલના ગર્વથી ગર્વિષ્ઠ હતો, તેનું ચિત્ત ચોરીમાં જ રહેતું હતું, ચોરીથી મેળવેલા અસીમ ધનના સમૂહથી તે આનંદિત હતો. તે યમની જેમ પોતાના આગમનની કોઈને ખબર ન પડે તે રીતે દરરોજ ઘરની મુખ્ય સારભૂત વસ્તુઓ ચોરી જતો હતો. આથી પોતાના રક્ષણનો બીજો ઉપાય નહિ જોતા નગરના બધા જ લોકો રાજાની પાસે આવ્યા. ભેટણું આપવું વગેરે વિનયપૂર્વક લોકોએ રાજાને કહ્યું : હે દેવ ! જેની ચતુરંગી સેનાના [2]આક્રમણથી નમી ગયેલી પૃથ્વીના ભારથી શેષનાગનું ફણામંડલ ભાંગી ગયું છે એવા આપ રાજા હોવા છતાં આ નગરી જાણે રાજા વિનાની હોય તેમ ચોરોથી અત્યંત હેરાન થઈ ગઈ છે. તેવી કોઈ રાત જ નથી કે જેમાં શ્રીમંતોના ઘરોમાં બે–ત્રણ ખાતર ન પડ્યા હોય. તેથી આ સાંભળીને આપ દેવ જે કરો તે પ્રમાણ છે. નાગરિકોનું પૂર્વે નહિ સાંભળેલું તેવા પ્રકારનું તે વચન સાંભળીને હું મહાન આવા પ્રકારના ઠપકાને પાત્ર થયો છું એમ વિચારીને રાજાના મનમાં થોડો ખેદ થયો. ક્ષણવાર મૌન રહીને રાજાએ કહ્યું : હવેથી બધું સારું કરીશ. નગરજનોને આ પ્રમાણે જણાવીને રજા આપી. ક્ષણ પછી નગરરક્ષકોના અધિપતિને બોલાવીને કહ્યું: તારો આવા પ્રકારનો આ પ્રમાદ કેમ છે? જેથી આ પ્રમાણે દરરોજ ચોરોથી ચોરાતી પણ નગરીનું તું પોતે રક્ષણ કરતો નથી, અને મને પણ એ વાત જણાવતો નથી. તેથી હવે તને આ જ દંડ છે કે પાંચ રાતની અંદર ચોરને પકડ, અન્યથા ચોરને થતી શિક્ષા તને જ કરવામાં આવશે. તે પણ જેવી દેવની આજ્ઞા એમ કહીને પ્રણામપૂર્વક તે સ્થાનથી ઉઠ્યો. પછી ત્યારથી જ ત્રિક, ચતુષ્ક, ચોરો, ઉદ્યાન, મઠ,

૧. પુષ્પો પગ ઉપર પડે, એથી રાજા પગ હલાવીને એ પુષ્પોને ખંખેરે. એ દૃષ્ટિએ અહીં પગરૂપી પલ્લવો ચંચળ બની ગયા હતા એમ કહ્યું છે.

૨. અહીં અનુવાદમાં વાક્ય ક્લિષ્ટતાના કારણે **भर** શબ્દનો અર્થ લીધો નથી. **भर**=સમૂહ.

વિહાર (=બૌદ્ધમંદિર), શૂન્યશાળા અને દુકાન વગેરે સ્થાનોમાં આકૃતિ વગેરેથી ચોરને ઓળખવા માટે સ્થિરચિત્તે પરિવાર સહિત તેણે આખો દિવસ પસાર કર્યો. આ વખતે હું સકલ જગતની આંખ હોવા છતાં અને નગરરક્ષકોનો અધિપતિ આ પ્રમાણે પ્રયત્ન કરતો હોવા છતાં હું તેને ચોર બતાવી શકતો નથી, આથી મને ધિક્કાર થાઓ, એવા વિચારથી જાણે સૂર્યને ઘણો વિષાદ થયો હોય, એથી તે અસ્ત પામ્યો. આ ચોર વળી કેટલો માત્ર છે? હું એને બતાવું એમ વિચારીને જાણે અતિશય ઈર્ષ્યાથી હોય તેમ, સંધ્યા ક્ષણવાર રંગસહિત ઉલ્લસિત બની. પછી જાણે ચોરને બતાવવાનું સામર્થ્ય ન હોવાના કારણે વિલખી પડી ગઈ હોય અને એથી શોભારહિત બનીને સંધ્યા ક્ષય પામી. પછી તું જો, ચોર સારી રીતે જોવાતો હોવા છતાં મારી સહાયથી કોટવાળોથી જરા પણ ઓળખાયો નહિ એવા વિચારથી જાણે અદ્‌ભુત ઘણો હર્ષ થયો હોય તેમ, જાણે અટ્ટહાસ્યના ઢાંકણ હોય તેવા ઊંચા તારાગણને બતાવતી રાત્રિ થઈ, અને એ રાત્રિએ જ જાણે ચોરને સંતાડવા માટે હોય તેમ, સઘળા લોકોની ચક્ષુગતિને હરી લેનાર અને શ્યામવસ્ત્રના જેવો અતિશય અંધકારસમૂહ સર્વ તરફ ફેલાવ્યો.

આ વખતે તે વિજય ચોર એક શ્રીમંતના મુશ્કેલીથી ચઢી શકાય તેવા ઘરમાં કમલના આકારે ખાતર પાડીને ઘરમાં રહેલું સારભૂત બધુંય લઈને પોતાના નિવાસમાં ગયો. ક્ષણમાત્રમાં રાત્રિ પૂર્ણ થતાં, જાણે તું ક્યાં જાય છે? આ તને પકડ્યો એમ સંભ્રમથી હોય તેમ, ઉગેલા સૂર્યે ચારેબાજુ કિરણો ફેલાવ્યા. પછી જાણે હજી સુધી તમે કેમ સૂતા છો? ખાતર જુઓ, એમ સમાચાર જણાવવા માટે હોય તેમ, જ્યાં ખાતર પાડ્યું હતું ત્યાં રહેલા બાકોરાથી જ ઘરની અંદર સૂર્યના કિરણોએ પ્રવેશ કર્યો, ખાતર પાડેલું જોઈને સંભ્રમથી વ્યાકુલ બનેલા ઘરના માણસોના કોલાહલથી કોટવાળ વગેરે લોકો ભેગા થયા. આ વખતે તેવી ભવિતવ્યતાના કારણે મૃત્યુથી ખેંચાયેલો તે સ્નાન, વિલેપન, ભોજન અને અલંકારનો શૃંગાર કરીને પુત્રની સાથે ત્યાં જ જનસમુદાય પાસે આવ્યો. મુશ્કેલીથી ચઢી શકાય તેવા મહેલમાં કમલના આકાર જેવા નાના દ્વારવાળા ખાતરને જોઈને ત્યાં ભેગા થયેલા લોકો બોલવા લાગ્યા કે, મુશ્કેલીથી ચઢી શકાય તેવા સ્થાન ઉપર ચઢીને ચોરે આવું અતિવિચિત્ર ખાતર કેવી રીતે કર્યું? અને ચોર કેવી રીતે અંદર પ્રવેશ કરીને ઘરનું સારભૂત બધું લઈને નીકળ્યો? આ આશ્ચર્ય છે! આ પ્રમાણે બોલતા લોકોનો વાર્તાલાપ સાંભળીને ચોરે વિચાર્યું: હું અહીં કેવી રીતે પેઠો અને કેવી રીતે નીકળ્યો? અથવા મેં આવું કેવી રીતે કર્યું એમ લોકો વિચારે છે એ સાચું જ છે. આ પ્રમાણે વિચારતા તેને સ્વસામર્થ્યના વિજ્ઞાનથી આશ્ચર્ય થયું. આ કાર્ય પોતે કર્યું છે એવી અસંભાવનાથી જાતે જ ક્ષણવાર કમાડના પટ્ટ જેવી છાતી ઉપર, ક્ષણવાર વિશાળ કટિપ્રદેશ ઉપર, ક્ષણવાર પુત્રના મુખ ઉપર, અને ક્ષણવાર ખાતરના દ્વાર ઉપર નજર નાખતો હતો. ચોરના તેવા પ્રકારની વિશિષ્ટ ચેષ્ટાવાળા શરીરને

જોઈને ત્યાં નજીકમાં રહેલા કોટવાળોએ તેની શરીરચેષ્ટાની આકૃતિઓથી આ જ ચોર છે એમ જાણી લીધું. પછી દંડાથી માર મારવાપૂર્વક બાહુમાં બાંધીને પાછળ મુખ રહે તે રીતે તેને રાજાની પાસે લઈ ગયા. રાજાએ પણ વિવિધ વિડંબનાપૂર્વક વધ-ભૂમિમાં મોકલીને વિચિત્ર યાતનાઓથી તેને મારી નખાવ્યો.

અહીં મંડિકચોરના દૃષ્ટાંતથી અદત્તાદાનના દોષદ્વારનું જ્ઞાન થઈ જવા છતાં વિજયનું દૃષ્ટાંત શાસ્ત્રમાં આવા પ્રકારનાં ઘણાં દૃષ્ટાંતો છે એવું જણાવવા માટે કહ્યું છે. [ ૪૨ ]

આ મંડિક વગેરે બે દૃષ્ટાંતોથી ચોરી આ જ ભવમાં અનેક દુઃખોના અંતવાળી છે એમ બતાવીને આ દોષદ્વારનું નિરૂપણ કર્યું. હવે ચોરીના ત્યાગમાં થતા લાભને બતાવવા પાંચમું ગુણદ્વાર કહે છે :–

**परदव्वहरणविरया, गुणवंता पडिमसंठियसुसीला ।**
**इहपरलोए सुहकित्तिभायणं णागदत्तो व्व ॥ ४३ ॥**

**ગાથાર્થ** :– જે જીવો બીજાનું ધન ચોરવાથી નિવૃત્ત બનેલા છે, ગુણવાન છે, પ્રતિમામાં રહેલા છે અને સુંદર ચારિત્રવાળા છે, તે જીવો નાગદત્ત નામના શ્રેષ્ઠિપુત્રની જેમ આ લોકમાં અને પરલોકમાં સુખ અને યશ–કીર્તિનું ભાજન બને છે.

**ટીકાર્થ** :– ગુણવાન એટલે સમ્યક્ત્વ વગેરે ગુણોવાળા, અર્થાત્ અસાધારણ વિશુદ્ધ જીવધર્મોથી યુક્ત. પ્રતિમા એટલે દર્શન વગેરે પ્રતિમાઓ, અથવા પ્રતિમા એટલે કાયોત્સર્ગ. આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો કથાથી જાણવો. તે કથા આ પ્રમાણે છેઃ–

## નાગદત્તનું દૃષ્ટાંત

વારાણસી નગરીમાં જિતશત્રુ રાજાનો સુવિશિષ્ટ ગુણોથી યુક્ત ધનદત્ત નામનો શેઠ ઉત્તમ મિત્ર હતો. તે શેઠ જિનશાસનનો અનુરાગી હતો, પોતાના ગુરુજનની ચરણ-સેવામાં આસક્ત હતો, સાધર્મિકજનોનો ભક્ત હતો, અભિમાન અને ઇર્ષ્યાદોષથી રહિત હતો, રૂપથી કામદેવ જેવો હતો, સ્થિરતાથી મેરુપર્વત જેવો હતો, ગંભીરતાથી સમુદ્ર જેવો હતો, ઋદ્ધિથી કુબેર જેવો હતો. તેને કૃષ્ણને લક્ષ્મીની જેમ મનપ્રિય ધનશ્રી નામની પત્ની હતી. તે લાવણ્ય, રૂપ, યૌવન, સૌભાગ્ય અને કલાસમૂહથી શ્રેષ્ઠ હતી. જાણે જન્માંતરમાં કરેલા સુકૃતોરૂપી પાણીથી સિંચાયેલા ઉત્તમ પુણ્યરૂપ વૃક્ષનું ફલ હોય તેવા વિષયસુખને અનુભવતા તે બેનો કેટલોક કાળ પસાર થયો. એકવાર રાત્રિના છેલ્લા પહોરનો અર્ધોભાગ બાકી રહ્યો હતો ત્યારે સુખપૂર્વક સુતેલી અને સંતુષ્ટ ધન-શ્રીએ ઉત્તમ સ્વપ્ન જોયું. તે આ પ્રમાણેઃ – નાગદેવતાએ દશ દિશાઓના મંડલને

પ્રકાશિત કરનાર હારને પોતાના કંઠમાથી લઈને મારા ઉરઃસ્થલમાં નાખ્યો. એ જ વખતે પ્રાતઃકાલનાં મંગલગીતોના શબ્દો સાંભળીને તે ઊઠી ગઈ. અત્યંત ખુશી થયેલી તેણે તે સ્વપ્ન પતિને કહ્યું. તેણે પણ કહ્યું : નાગદેવ આપણા કુલક્રમથી આવેલા દેવ છે. હે પ્રિયે! તેની કૃપાથી તને સુંદર પુત્ર થશે. તે જ વખતે તેને ઉત્તમગુણોથી યુક્ત ગર્ભ રહ્યો. તે ગર્ભના પ્રભાવથી જ તે અધિક સૌભાગ્યવાળી બની. જિનબિંબપૂજા અને સંઘપૂજા કરવાના ઉત્તમ દોહલાઓ પૂરવામાં આવ્યા. સુખપૂર્વક (ગર્ભના) મહિનાઓ પૂર્ણ થતાં એક દિવસે તેને નિર્મલગુણોથી યુક્ત, મોતીના હાર જેવો અત્યંત ઉજ્જ્વલ અને લોકોના મનને આનંદ પમાડનાર પુત્ર થયો. પ્રિયંવદા નામની દાસીએ શેઠને (પુત્રજન્મની) વધામણી આપી. શેઠે તેને તેની ઈચ્છાથી અધિક ઈનામ આપ્યું. શેઠે ત્યાંથી ઉઠીને પ્રસૂતિગૃહમાં જઇને પુત્રને જોયો. પછી વધામણી કરાવી. તે આ પ્રમાણેઃ— જયસૂચક મંગલવાજિંત્રોનો શુભ નાદ થઈ રહ્યો હતો. એ નાદથી સર્વ દિશાઓના મધ્યભાગો પૂરાઈ ગયા હતા. ઉત્તમ સ્ત્રીઓનાં નૃત્યોથી લોકો આનંદ પામતા હતા. લોકોના ચિત્તવિલાસ માટે ધનનો ઉપયોગ થઈ રહ્યો હતો. ધન અને સુવર્ણથી ગરીબ માણસોને ખુશ કરવામાં આવતા હતા. લોકોના આનંદ માટે ભાતું કરાવવામાં આવ્યું હતું. કંકુના ઘટ્ટ પાણીના છાંટણાં કરવામાં આવતાં હતાં. ઉજ્જ્વલ ચોખાની સેંકડો થાળીઓ મૂકવામાં આવી હતી. કમળોથી શોભતા પૂર્ણ કળશો મૂકવામાં આવ્યા હતા. લાખો ઘડા પ્રમાણ તેલનો પ્રવાહ વહેવડાવવામાં આવ્યો હતો. સર્વ લોકોમાં વધ અને મારિનું નિવારણ કરવામાં આવ્યું હતું. કેદી માણસોને સ્વજનની જેમ છોડી દેવામાં આવ્યા હતા. વધામણી થઈ જતાં અગિયારમો દિવસ આવતાં પુત્રનું નાગદત્ત એવું નામ રાખ્યું. કારણકે સ્વપ્નમાં હારના બહાને નાગદેવતાએ મને આ આપ્યો છે, તેથી આ જ નામ યોગ્ય છે એમ વિચારીને નાગદત્ત નામ રાખ્યું હતું. તે ક્રમશઃ શુક્લ-પક્ષના ચંદ્રની જેમ શરીરની વૃદ્ધિથી અને કલાસમૂહથી વધવા લાગ્યો. પિતાની સાથે જિનમંદિરમાં અને મુનિવરોની પાસે જવા લાગ્યો. મુનિવરોની પાસે જિનવચનને સાંભળતાં તેનો આત્મા ભાવિત બની ગયો. કહ્યું છે કે—**"જિનવચન સાંભળનારને નવો નવો સંવેગ, જ્ઞાનાવરણીયકર્મોનો ક્ષયોપશમ અને તત્ત્વોનો બોધ— આટલા લાભો થાય છે."** પછી તે કામદેવનું કુલભવન એવા યૌવનને પામવા છતાં વિષયોને વિષ જેવા માનતો હતો અને ધર્મકાર્યોમાં તત્પર રહેતો હતો જ્યાં સુધી લાવણ્ય–રૂપથી યુક્ત જેટલી કુલબાલિકાઓ (તેને પરણવા માટે) આવી ત્યાં સુધી તેટલી બાલિકાઓને મુક્તિમાં આસક્ત તેણે લગ્ન માટે ઈચ્છી નહિ. તેથી તેના માતા–પિતાએ તેને વિષ-યોમાં તૃષ્ણારહિત જાણીને ખરાબ મિત્રમંડળીની સોબત કરાવી. તેથી તે પોતાના મનથી ઈચ્છતો ન હોવા છતાં મિત્રોના આગ્રહથી ઉદ્યાન, વિહાર, વાવડી અને મંદિર વગેરે સ્થળે જતો હતો. દિવસો જતાં એક દિવસ સવારે તે મિત્રવર્ગની સાથે સહસ્રામ્રવન

ઉદ્યાનમાં ગયો. તે ઉદ્યાન પૂર્ણ ફ્લોના ભારથી નમી ગયેલા, પક્ષીઓથી સેવાયેલા અને ઊંચા આમ્રવૃક્ષના સમૂહોથી જાણે [1]સત્પુરુષોનું અનુકરણ કરતો હતો. તે ઉદ્યાનમાં જાણે શરણે આવેલી ઠંડીના રક્ષણ માટે હોય તેમ સારી છાયાઓ હતી, અને વૃક્ષો સૂર્યકિરણોને જરા પણ પ્રવેશ કરવા દેતા ન હતા. તે ઉદ્યાન નૂતન આમ્રમંજરીઓનું ભક્ષણ કરીને ટહુકતી કોયલોના અવાજથી જાણે મુસાફરોના સમૂહને વિશ્રામ કરવા માટે આમંત્રણ આપતું હતું. નંદનવન સમાન તે ઉદ્યાનમાં મનોહર વિવિધ પુષ્પો દેખાતાં હતાં. નાગદત્તે કમલ, ઉત્પલ (ચંદ્રવિકાસી કમળ) અને કુવલય (=સફેદ કમલ) થી વ્યાપ્ત સ્નાનવાવડી જોઈ. નાગદત્તે તે વાવડીમાં મિત્રમંડલની સાથે ઇચ્છા મુજબ સ્નાન કરીને ત્યાં રહેલા મજબૂત અને ઊંચા જિનમંદિરમાં પ્રવેશ કર્યો. તે મંદિરમાં જાણે જિનધ્યાનરૂપ અગ્નિથી બળતી કામજ્વાળાઓ હોય તેવી શ્રેષ્ઠ સુવર્ણથી બનાવેલા કળશોની શ્રેણિઓ શોભતી હતી, પવનથી મંદિરની ધજાઓ ડોલતી હતી, ડોલતી ધજાઓ સાથે ઘુઘરીઓ અથડાતી હતી, એથી ઘુઘરીઓ ઘર્ઘર અવાજ કરતી હતી. ઘુઘરીઓના ઘર્ઘર અવાજથી મંદિર જાણે મારા જેવું બીજું કોઈ દેવમંદિર હોય તો કહો એમ કહેતું હતું. વળી તે મંદિર [2]રમ્ય, રૂપાળું અને સ્થિર હતું.

તે મંદિરમાં પૂર્વે પ્રવેશેલા વિશિષ્ટ આચરણવાળા, શ્રેષ્ઠગુણોના સ્થાન, લાવણ્ય-રૂપથી સુંદર અને કુશળ મનુષ્યો ગણગણાટ કરતા હતા. ત્યાં તેણે એક યુવતિને જોઈ. એ યુવતિએ યુવાનોના મનને આકર્ષે તેવી દેહશોભાથી દેવાંગનાઓને પણ જીતી લીધી હતી. તેના દેહમાં મનોહર નવીન યૌવન પ્રગટ્યું હતું. કમલદલ જેવી તેની આંખો હતી. સાહેલીઓની સાથે હતી. જિનબિંબની પૂજા માટે વિવિધપ્રકારે ઉત્તમ [3]પત્રછેદ્ય ક્રિયા કરી રહી હતી, અર્થાત્ વિશિષ્ટકળાથી જિનબિંબની આંગી તૈયાર કરી રહી હતી. તેને જોઈને અનુપમ વિજ્ઞાનની વિશેષતાથી વાસિત અંતઃકરણવાળા નાગદત્તે વિચાર્યું: અહો! જગપ્રસિદ્ધ આ (હવે કહેવાશે તે) શ્લોક સત્ય છે. **"દાનમાં, તપમાં, પરાક્રમમાં, વિજ્ઞાનમાં, વિનયમાં અને નીતિમાં આશ્ચર્ય ન પામવું. કારણ**

---

૧. સત્પુરુષો ગુણોરૂપી ફ્લોથી નમી જતા હોય છે = નમ્ર બને છે બીજાઓને આશ્રય આપે છે અને ગુણોથી ઊંચા = મોટા બને છે. સત્પુરુષોના આ ત્રણ ગુણો અહીં વૃક્ષોમાં હતા. તેથી ઉદ્યાન જાણે સત્પુરુષોનું અનુકરણ કરતો હતો.

૨. અહીં અનુવાદમાં સંસ્કૃત-પ્રાકૃત ભાષાથી અજ્ઞાત વાચકો દ્વિઅર્થી અનુવાદ સમજી ન શકે આથી અહીં અનુવાદમાં ભાવાર્થ લખ્યો છે. શબ્દાર્થ આ પ્રમાણે છે:- તે મંદિર ખરાબ રીતે રહેલ હોવા છતાં રમ્ય હતું, (બીજા અર્થમાં પૃથ્વી ઉપર રહેલું,) રૂપની શોભાથી રહિત હોવા છતાં સાર રૂપવાળું હતું, (બીજા અર્થમાં રૂપની શોભા રહેલી છે,) પગની જંઘા ક્ષીણ ન થવા છતાં જવાની શક્તિથી રહિત હતું, (બીજા અર્થમાં મંદિરની પાયારૂપી જંઘા ક્ષીણ નથી થઈ.)

૩. પત્રછેદ્ય વિશિષ્ટ કળા છે.

કે बहुरत्ना वसुन्धरा = **પૃથ્વીમાં ઘણાં રત્નો પડેલાં છે.**" એટલામાં જિનેશ્વરની પૂજા માટે ઊભી થયેલી તેણે પણ પોતાની શરીરશોભાથી કામદેવને જીતનાર તેને જોયો. તે જ ક્ષણે તે યુવતિને તેના ઉપર અનુરાગ થયો. ઉત્તમ વસ્તુમાં કોને અનુરાગ ન થાય? તેણે નાગદત્તને કોઈ પણ રીતે તેવી રીતે જોયો કે જેથી, જાણે કામદેવને તેના ઉપર ઈર્ષ્યા થઈ હોય તેમ, તે કામદેવ વડે પાંચ બાણોથી હણાઈ. કામદેવના બાણથી પીડિત થવા છતાં તેણે આત્માને સ્થિર રાખ્યો. લજ્જા કુલબાલિકાઓનું અંગુઠાનું આભરણ છે. પછી વિશિષ્ટ અંગરચનાથી જિનેશ્વરની પૂજા કરીને વારંવાર તેને જોતી તે જિનમંદિરમાંથી નીકળી. જિનેશ્વરને વંદન કરવામાં એકાગ્રચિત્તવાળો નાગદત્ત પણ ઉત્તરાસંગ કરીને, ત્રણ પ્રદક્ષિણા કરીને, જિનેશ્વરની સ્તુતિ કરવા લાગ્યો. તે આ પ્રમાણે:– ત્રણ ભુવનને સંતાપ પમાડનાર કામદેવના મહાન માનનો વિનાશ કરનારા તમે જય પામો! કષ્ટથી સહન કરી શકાય તેવા ક્રોધરૂપી અગ્નિને શાંત કરવા માટે પ્રચંડ મેઘસમાન તમે જય પામો! શુક્લધ્યાનરૂપી અમૃતથી કષાયરૂપી ભયંકર ઝેરના વેગને દૂર કરનારા તમે જય પામો! ઉપસર્ગ અને પરીષહરૂપી પિશાચ ઉપર અસ્ખલિતપણે સમચિત્ત રાખનારા તમે જય પામો! ઘાતી કર્મોરૂપી અંધકારસમૂહના નાશથી પ્રગટ થયું છે કેવલજ્ઞાનરૂપી પ્રકાશ જેમને એવા તમે જય પામો! ચાર ગતિમાં ભમતા જીવસમૂહનું રક્ષણ કરનારા તમે જય પામો! નમેલા સુર અને અસુરોના ક્રોડો મુગુટો જેમના કોમળ પાદપીઠમાં પડ્યા તેવા તમે જય પામો! સર્વ કર્મ સમૂહરૂપી પર્વતનો ચૂરો કરવા માટે વજ્રની અગ્નિસમાન તમે જય પામો! તમને નમસ્કાર થાઓ! આ પ્રમાણે જિનની સ્તુતિ કરીને અને વિશિષ્ટપૂજાને જોઈને તેણે પોતાના મિત્રોને પૂછ્યું: પોતાના હાથે જિનેશ્વરની પૂજા કરીને જેણે યોગ્ય સ્થાને આ સ્વકલાનું કૌશલ્ય પ્રકાશિત કર્યું છે તે આ શ્રેષ્ઠકન્યા કોણ છે? કોની છે? ખરેખર! આ એ યુવતિમાં આસક્ત થયો છે, તેથી આ પ્રમાણે પૂછે છે એમ તેમણે જાણી લીધું. તો પણ તેમણે કહ્યું: શું તું તેને નથી જાણતો? આ જ નગરમાં પ્રિયમિત્ર નામનો સાર્થવાહ રહે છે. નાગશ્રી નામની તેની પત્ની છે. તેમની નાગવસુ નામની આ પુત્રી છે. બાલ્યાવસ્થાથી જ એ કળામાં કુશળ હતી, તો પછી હમણાં વિલાસને નચાવનારી તરુણ અવસ્થામાં તો પૂછવું જ શું? એના લાવણ્ય વગેરે ગુણોથી જિતાયેલી અને એથી જાણે શરમિંદી બની ગઈ હોય તેમ, રંભા વગેરે દેવાંગનાઓ આવા મનુષ્યલોકમાં આવતી નથી. જાણે આની દેહશોભા જોવામાં વિરહને સહન ન કરી શકતા હોય તેમ, હણાયેલહૃદયવાળા દેવો પણ આંખના નિમેષથી રહિત બન્યા. તેના શરીરમાં રૂપ વગેરે જે કોઈ ગુણ વિચારવામાં આવે તે દરેક ગુણ અપૂર્વભાવથી ચિત્તમાં ચમત્કાર ઉત્પન્ન કરે છે. પણ તેમાં એક દોષ છે કે એને અનુરૂપ વર મળતો નથી. હમણાં તેં એને જોઈ એથી તેનો એ પણ દોષ નાશ પામ્યો. પછી નાગદત્તે કહ્યું: મારા ભાવને નહિ જાણનારા તમોએ વચનનો આ વિસ્તાર

નિરર્થક શરૂ કર્યો છે. કારણ કે પૂછવામાં એના વિષે જરા પણ મારો અનુરાગ કારણ નથી, કેવલ એના વિજ્ઞાનસંબંધી કૌશલ્યમાં કુતૂહલ જ કારણ છે. આ પ્રમાણે બોલતો તે જિનમંદિરમાંથી નીકળીને મિત્રમંડલની સાથે પોતાના ઘરે આવ્યો.

પોતાની સખીઓથી પરિવરેલી તે દિવ્યકન્યા નાગવસુ પણ હૃદયમાં નાગદત્તને ધારણ કરતી પોતાના ઘરે આવી. ત્યાં તે સૂતી નથી, હસતી નથી, ખાતી નથી, માણસો સાથે બોલતી નથી, બોલાવતી સખીઓને ઉત્તર આપતી નથી. તેને આવી જાણીને તેની માતાએ તેની પાસે આવીને કહ્યું : હે વત્સે ! તારા શરીરમાં પીડાનું કારણ શું છે તે કહે. તેણે કહ્યું : હે માતાજી! મારા શરીરમાં પીડાનું કારણ હું જાણતી નથી, કિંતુ આખા શરીરમાં મહાદાહ ફેલાયો છે. એટલામાં મશ્કરી કરવામાં હોંશિયાર સખીએ કહ્યું : નયનરૂપી અંજલિથી લાવણ્યવાળા માણસને જ કેમ અધિક ન પીધો ? નાગવસુએ મૌન રહીને કંઈ પણ પ્રત્યુત્તર ન આપ્યો. એટલે સખીએ હિંમત આપવાપૂર્વક એની માતાને કહ્યું : હે માતાજી ! તમે આના માટે મનમાં ઉદ્વેગ ન કરો. હું એનું સ્વરૂપ જાણીને કહીશ. પરિજન સહિત માતાને વિદાય કરીને સખીએ કહ્યું : હે પ્રિયસખી ! જે દુઃખનું કારણ હોય તે કહે. કહ્યા વિના ઉપાય ન થઈ શકે. કારણ કે લોક પણ આ પ્રમાણે કહે છે કે– (ઘરમાં) રાખેલા મોતીઓનું મૂલ્ય કરવા માટે સુવિચક્ષણ પુરુષ પણ સમર્થ બનતો નથી. વળી–હાર તને ક્ષાર લાગે છે, ચંદ્રનાં કિરણો બાણસમૂહ લાગે છે, પાણી જ્વાળાસમૂહ લાગે છે. ચંદનરસ અગ્નિસમાન લાગે છે, અંગમાં ધારણ કરેલો પાણીભીનો પંખો સંતાપ ઉત્પન્ન કરે છે. તેથી હું માનું છું કે તને કામદેવનો દાહ છે. આ પ્રમાણે સામાન્યથી તારું જાણેલું જ છે. તારું ચિત્ત કોના ઉપર અનુરક્ત છે તે તું મને કહે. સખીનું વચન સાંભળીને તેણે પોતાના મનમાં વિચાર્યું : આણે સાચું કહ્યું કે કહ્યા વિના ઉપાય ન થાય. વળી કહ્યા વિના પણ તેણે મારું સ્વરૂપ ચિહ્નોથી જાણી લીધું છે, તો હવે શા માટે છુપાવવું ? આમ વિચારીને તેણે કહ્યું : હે સખી ! તું જાણે જ છે કે– આજે સવારના સમયે જિનમંદિરમાં જિનબિંબની વિશેષ રીતે પૂજા કરતી મેં તારાગણથી પરિવરેલા ચંદ્રની જેમ પોતાના મિત્રમંડલથી પરિવરેલા અને અત્યંત હર્ષિત ચિત્તવાળા શ્રેષ્ઠિપુત્ર નાગદત્તને જોયો. તેણે મારી ચક્ષુરૂપી ખડકીથી ચિત્તરૂપી ભવનમાં પ્રવેશીને મને ખબર ન પડે તે રીતે મારું અતિ કિંમતી વિવેકરૂપી રત્ન ચોરી લીધું છે. ત્યારથી જ હું બોલું છું કે રડું છું, અથવા હસું છું કે સુવું છું વગેરે કાંઈ જાણતી નથી. સખીએ કહ્યું : હે પ્રિયસખિ ! તું હમણાં ઉતાવળી ન થા. તારું ઈચ્છિત કાર્ય જેમ જલદી થાય તેમ હું કરું છું. સખી આમ કહીને નાગશ્રી પાસે ગઈ. તેને અમે જિનમંદિરમાં ગયા વગેરે સઘળો તે વૃત્તાંત કહ્યો. નાગશ્રીએ પોતાના પતિને આ વૃત્તાંત કહ્યો. તેણે કહ્યું : આપણી પુત્રીને યોગ્ય સ્થાને જ અનુરાગ થયો છે. આ યુક્ત જ છે. ઉત્તમકુલમાં ઉત્પન્ન થયેલાઓ ઉત્તમ સ્થાનમાં જ રાગ કરે. શું હાથણી મહાગજેંદ્રને

મૂકીને શિયાળને ઇચ્છે ? તેથી હવે રતિના કામદેવની સાથે સંયોગની જેમ મારી પુત્રીનો તેની સાથે અનુરૂપ યોગ જે રીતે થાય તે રીતે કરું. આમ કહીને ત્યાંથી ઉઠીને તે ધનદત્તના ઘરે ગયો. ધનદત્ત પણ વિનયપૂર્વક ઊભો થયો અને ઉચિત વ્યવહાર કર્યો. ધનદત્તે પૂછ્યું : કયા કારણથી તમે આવ્યા છો ? કારણ કે બુદ્ધિમાન પુરુષોની પ્રવૃત્તિ પ્રયોજન રહિત હોતી નથી. પ્રિયમિત્રે પણ કહ્યું : કેવલ તમારાં દર્શન માટે જ આવ્યો છું. કારણ કે ઉત્તમ માણસોનાં દર્શન શ્રેષ્ઠ કલ્યાણનું કારણ છે. નીતિમાં પણ કહ્યું છે કે– **"રાજસભા જોવી જોઈએ, અને રાજપૂજિત લોકોને જોવા જોઇએ (=મળવું જોઇએ). આનાથી કદાચ વિશેષ લાભ ન થાય તો પણ અનર્થો દૂર થાય છે."** બીજું– નાગવસુ નામની મારી વિખ્યાત પુત્રી છે. તે તમારા પુત્ર નાગદત્તમાં અત્યંત અનુરક્ત બની છે. તેને આપવા માટે આવ્યો છું. તેથી નાગદત્ત એની સાથે લગ્ન જે રીતે કરે તેમ તમે કરો. તેથી ધનદત્તે વિચાર્યું : એક તરફ વાઘ અને એક તરફ ભયંકર આકારવાળી નદી એમ લોકો જે કહે છે તે આ વિષમ થયું. મારો પુત્ર દીક્ષા લેવાની ભાવના રાખે છે અને આ પણ પોતાની પુત્રી આપે છે. આવું થયું તેથી આને ઉત્તર શું આપું ? અથવા મારા પુત્રનું સ્વરૂપ આને કહું, પછી જે ઉચિત હશે તે જ કહીશું. આમ વિચારીને તેણે પુત્રનું સ્વરૂપ કહ્યું. પ્રિયમિત્રે કહ્યું : મારી પુત્રી સ્વપ્નમાં પણ અન્યને ઇચ્છતી નથી. કારણ કે તેની માતાએ તેની જેવી ચેષ્ટા મને કહી તે ચેષ્ટાથી હું જાણું છું કે તે મરી જાય તો પણ અન્યને ન ચિંતવે. ધનદત્તે કહ્યું : જો એમ છે તો મારા પુત્રને કહું. તેનો ઉત્તર મળશે એટલે ફરી તમને હકીકત કહીશ. તમે તમારા ઘરે જાઓ એમ કહીને તેને રજા આપ્યા પછી ધનદત્તે પુત્રને ઘણી રીતે કહ્યું. પણ નાગદત્તે કાંઈ પણ માન્યું નહિ.

આ તરફ તે જ ઉત્તમ નગરીમાં વસુદત્ત નામનો વણિકપુત્ર હતો. જિતશત્રુ રાજાએ તેને નગરના રક્ષક તરીકે નીમ્યો હતો. ભવિતવ્યતાના કારણે એ તે દિવસે ફરતો ફરતો પ્રિયમિત્રના ગૃહદ્વાર પાસે આવ્યો. એટલામાં કોઈ કારણથી નીકળેલી નાગવસુને તેણે પોતાના ગૃહદ્વારની પાસે જોઈ. જોવા માત્રથી જ તે જલદી તેના ઉપર અનુરક્ત થયો. ભવાભિનંદી જીવોને સ્ત્રીઓ રાગનું કારણ છે. પછી તેણે ઘરમાં પ્રવેશીને પ્રિયમિત્ર પાસે કન્યાની માંગણી કરી. તેણે કહ્યું : આ ધનદત્તના પુત્રને આપી દીધી છે. અન્યને આપેલી કુલબાલિકાઓ ફરી અન્યને ન જ અપાય. કારણ કે નીતિમાં (=નીતિશાસ્ત્રમાં) પણ આ કહ્યું છે:– **"રાજાઓ એક વાર બોલે છે, ધાર્મિક માણસો એક વાર બોલે છે, અને કન્યા એક વાર અપાય છે, આ ત્રણ કાર્યો એક એક વાર થાય છે."** આ પ્રમાણે કહેવા છતાં મોહવશ એ ફરી પણ બોલ્યો : તમે જેટલું ઇચ્છો તેટલું ધન તમને આપું, પણ મને સ્વકન્યા આપો. તેથી શેઠે હાસ્યપૂર્વક કહ્યું : હે મહાયશ ! મારા ઘરે કન્યાઓ વેચાતી નથી. આ પ્રમાણે સાંભળીને તે વિલખા મોઢે ત્યાંથી નીકળી ગયો.

હવે તે નાગદત્તના છિદ્રો જોવા લાગ્યો. આ જીવતો હશે ત્યાં સુધી આ કન્યા મારી નહિ જ થાય, માટે આને જલદી મારી નાખું, એમ મનથી વિચારી રહ્યો હતો. એક દિવસ અશ્વ સવારી કરવા માટે નગરીમાંથી નીકળેલા રાજાના કાનમાંથી કુંડલ પડી ગયું. પોતાના આવાસે ગયા પછી રાજાએ આ જાણ્યું. તેથી રાજાએ તે વસુદત્તને જ શોધી લાવવા આજ્ઞા કરી. કુંડલને જોતા તેણે ભવિતવ્યતાવશ નગરીના બહારના ભાગમાં પર્વતિથિ આઠમના દિવસે ચાર પ્રકારના પૌષધમાં રહેલા એકાકી નાગદત્તને જોયો. નાગદત્ત સંધ્યા સમયે પ્રતિમા સ્વીકારીને પૂર્વોક્ત ઉદ્યાનમાં જિનમંદિર તરફ જઈ રહ્યો હતો. નાગદત્ત ઉપયોગપૂર્વક થોડે સુધી ગયો એટલે રસ્તામાં દશ દિશાચક્રને પ્રકાશિત કરનાર કુંડલરત્ન તેણે જોયું. જાણે કે પોતાનો અસ્ત થતો જોઈને ભયથી આકાશમંડલમાંથી પૃથ્વીના માર્ગમાં પડેલું સૂર્યમંડલ હોય તેવું કુંડલરત્ન હતું. કુંડલને જોઈને નાગદત્ત બીજા માર્ગે ચાલ્યો. તેની પાછળ રહેલા વસુદત્તે વિચાર્યું: આ કેમ જલદી વળી ગયો? બીજા માર્ગે કેમ ગયો? એટલામાં તેણે પણ ત્યાં તે કુંડળ જોયું. તે વિચારવા લાગ્યો: નક્કી આ કુંડલના ભયથી વળી ગયો છે. એના મરણ માટે આ જ છિદ્ર મળી ગયું. આ પ્રમાણે વિચારીને કુંડલ લઈને નાગદત્ત જિનમંદિર આગળ આવ્યો ત્યાં સુધી તે તેની પાછળ આવ્યો. ત્યાં કાયોત્સર્ગમાં રહેલા તેના ગળામાં કુંડલ બાંધીને વસુદત્તે પોતાના પુરુષોને બોલાવીને તેમને કુંડલ બતાવ્યું અને કહ્યું: આ પાપી રાજાનું કુંડલ લઈને એકાંતમાં મૂકવા માટે આવ્યો, એટલામાં મેં તેને પકડી લીધો. તમે આને બાંધીને રાજાની પાસે લઈ જાઓ. પુરુષો પણ તેની આજ્ઞા માનીને નાગદત્તને રાજાની પાસે લઈ ગયા. તેમણે રાજાને કહ્યું કે, હે દેવ! આ આપનું કુંડલ લઈને (ગુપ્ત) મૂકવા માટે એકાંતમાં ગયો અને પકડાઈ ગયો. હવે દેવ પ્રમાણ છે. તેમનું વચન સાંભળીને રાજાને અત્યંત રોષ થયો, બંને આંખો રોષથી લાલ થઈ ગઈ. પછી યોગ્યા–યોગ્યનો વિચાર કર્યા વિના રાજાએ કહ્યું: પાપકાર્ય કરનારા તેની સવારે નગરમાં ફજેતી કરીને શૂળી ઉપર ચડાવી દો. પછી વસુદત્તે રાજાનું વચન પામીને એને બાંધીને આખી રાત રાખ્યો. પ્રભાત થતાં તેને રાતા કણવીરની માળા પહેરાવી અને તેના શરીરે લાલચંદનથી વિલેપન કર્યું. પછી કાન અને પુંછડાથી રહિત અને લંગડા ગધેડા ઉપર તેને બેસાડ્યો. તેના માથે સૂપડાનું છત્ર ધર્યું. તેની આગળ ઢોલ વગાડવામાં આવતો હતો. આવી સ્થિતિમાં તેને નગરમાં ફેરવવાનું શરૂ કર્યું. વસુદત્તના કહેવાથી રાજપુરુષો બોલતા હતા કે– હે લોકો! એક ચંડાળયુવાન જતો હતો, તેની પાસેના સ્થાનમાં પડેલું રાજાનું કુંડલ આણે ચોરી લીધું. આ અપરાધથી રોષ પામેલા રાજાની આજ્ઞાથી આને વિટંબના કરવાપૂર્વક વધ્યભૂમિમાં લઈ જવામાં આવે છે. તેના આ ભયંકર વચનને સાંભળીને લોકોએ વિચાર્યું: આ આ પ્રમાણે બોલે છે એ ખોટું છે કે સાચું છે? તે વખતે મહેલ ઉપર ચઢીને નાગદત્તને જોઈને કોઈએ કહ્યું: રાજાએ આ આજ્ઞા વિચાર્યા

વિના કરી છે. કારણ કે આવા પ્રકારની આકૃતિવાળા પુરુષમાં આવું કાર્ય કોઈ રીતે પણ ન ઘટી શકે. ત્યાં રહેલો બીજો બોલ્યો : કર્મની આધીનતાથી આ પણ ઘટી શકે. કારણ કે કહ્યું છે કે–**"ખરેખર! અત્યંત કઠીન વજ્રના સાર જેવા અત્યંત ચીકણાં કર્મો જ્ઞાનથી સમૃદ્ધ પુરુષને પણ માર્ગમાંથી ઉન્માર્ગમાં લઇ જાય છે."** બીજા સ્થળે બારીમાં રહેલી અને વિષયાભિલાષથી યુક્ત હૃદયવાળી કોઈ બાળા તેને આવી અવસ્થાવાળો જોઈને બોલી : અહો ! વિધિએ આ યોગ્ય ન કર્યું. કારણ કે વિધાતાએ ગુણોરૂપી રત્નના ભંડાર આની આવી અવસ્થા કરી. બીજી બોલી : જેનો આ પતિ છે તે જો આજે એની સાથે જ નહિ મરે તો પણ તે મરેલી જ છે. બીજીએ વિચાર્યું : જેની માત્ર દૃષ્ટિમાં જ આ યુવાન પડ્યો છે તે પણ ધન્ય છે, તો પછી જે એના ગળે લાગી હોય એની શી વાત કરવી? આવા વાર્તાલાપને સાંભળતી નાગવસુ પણ તેને જોવા માટે ઘર ઉપર ચઢી. રાજમાર્ગે રાજપુરુષોથી લઈ જવાતા તેને જોઈને હા હા ! હું હણાઈ છું એમ વિલાપ કરતી એકદમ મૂર્છિત બની ગઈ. ભવિતવ્યતા વશ નાગદત્તે આવી અવસ્થાવાળી તેને જોઈને વિચાર્યું : જો,-મારા માટે આ કેવી અવસ્થાને પામી? જો કોઈ પણ રીતે આ સંકટમાંથી મારી મુક્તિનો ઉપાય થશે તો અવશ્ય હું એના મનોરથોને પૂરીશ. આ પ્રમાણે વિચારતા તેને રાજપુરુષો વધ્યભૂમિમાં લઈ ગયા. રાજપુરુષોએ તેને કહ્યું : રે પાપી ! હમણાં ઈષ્ટદેવને યાદ કર ! તેથી શુદ્ધ પરિણામવાળા તેણે જિનવચનના અર્થનું સ્મરણ કર્યું, સિદ્ધોની સાક્ષીએ આલોચના કરી, અને આગારવાળું પચ્ચક્ખાણ કર્યું. આ તરફ તે નાગવસુએ કોઈ પણ રીતે ચેતના પામીને પોતાના ઘરમાં રહેલા જિનમંદિરમાં જઇને જિનેશ્વરની પૂજા કરી. પછી શાસનદેવીને પ્રસન્ન કરવા માટે તે એકાગ્ર ચિત્તે કાઉસ્સગ્ગમાં રહી. કાઉસ્સગ્ગમાં રહીને તેણે વિનંતી કરી કે, હે દેવી ! જો તમે જિનભક્તોનું સાચે જ સાંનિધ્ય કરો છો તો પ્રસન્ન થઇને નાગદત્તને આ સંકટમાંથી મુક્ત કરો. તેની ભક્તિથી પ્રસન્ન થયેલી દેવી જ્યાં નાગદત્તને શૂળી ઉપર ચડાવવાનું શરૂ કર્યું હતું ત્યાં આવી. તડ તડ કરતી શૂળી ભાંગી ગઈ. બીજી શૂળી ઉપર ચડાવવા લાગ્યા તો તેના પણ બે ટુકડા થઇ ગયા. ત્રીજી શૂળી ઉપર ચડાવવા લાગ્યા તો ત્રીજીના પણ બે ટુકડા થઈ ગયા. પછી રાજપુરુષોએ તેને દોરડાથી બાંધ્યો. તે પણ તૂટી ગયું. આથી ફરી બાંધ્યો અને તૂટી ગયું. ફરી બાંધ્યો અને તૂટી ગયું. આ પ્રમાણે ત્રણ વાર થતાં વસુદત્તે ગુસ્સે થઇને કહ્યું: રે રે ! માણસો ! તલવારથી આનું માથું કાપી નાખો ! તેથી રાજપુરુષોએ એના ગળામાં તલવારનો પ્રહાર કર્યો. તે પ્રહાર દેવીની કૃપાથી પુષ્પમાળા રૂપ બની ગયો. આ જોઈને ગભરાયેલા મનુષ્યોએ રાજાને કહ્યું. રાજાએ તેમને કહ્યું: તમોએ જેનું આ પ્રમાણે અતિ અદ્‌ભુત ચરિત્ર જોયું, તેને જલદી મારી પાસે લાવો. જેવી દેવની આજ્ઞા એમ કહીને રાજપુરુષો તેને રાજા પાસે લઈ આવ્યા. નાગદત્તનું ઘણું સન્માન કરીને રાજાએ કહ્યું: આ કાર્યને કરનાર તું નથી એ તારી ચેષ્ટાથી જ કહેવાઈ ગયું છે. પણ જેણે આ કાર્ય

કર્યું હોય તેની સ્પષ્ટ સત્ય હકીકત કહે. તેથી તેણે કહ્યું: હે સ્વામિન્! જોતમે તેને અભયદાન આપો તો કહું, અન્યથા કોઇ પણ રીતે ન કહું. 'એમ થાઓ' એમ રાજાએ કહ્યું એટલે નાગદત્તે જે બન્યું હતું તે મૂળથી આરંભીને બધું કહ્યું. પછી રાજાએ તેને પોતાની સાથે હાથીના સ્કંધ ઉપર બેસાડીને નગરીમાં ફેરવ્યો. વાજિંત્રો વાગી રહ્યા હતા, ભાટલોકો સ્તુતિ કરી રહ્યા હતા, ગીતો ગવાતા હતા, એ રીતે આડંબરથી તેને નગરમાં ફેરવ્યો. પછી સભામાં ઘણા લોકોની વચ્ચે રાજાએ વસુદત્તને કહ્યું: અરે અનાર્ય! આજે નાગદત્તે તારો જીવ બચાવ્યો, અન્યથા મારી પાસેથી તું જીવતો કેવી રીતે છૂટે? આમ કહ્યા પછી તેનું બધું ધન લઇને તેને દેશમાંથી ચાલ્યા જવાની આજ્ઞા કરી.

રાજાએ રજા આપી એટલે નાગદત્ત પણ પોતાના ઘરે આવ્યો. તેણે પોતાના માતા–પિતા વગેરે માણસોને આનંદ પમાડ્યો. પછી પ્રિયમિત્ર સાર્થવાહ નાગદત્તના ઘરે આવ્યો. તેણે નાગદત્તને નાગવસુનો કાયોત્સર્ગ વગેરે વૃત્તાંત કહ્યો. તેથી ખુશ થયેલા તેણે પ્રિયમિત્રની નાગવસુને પરણાવાની વિનંતિને માની. હર્ષ પામેલા પ્રિયમિત્રે શુભ દિવસે નાગવસુનો વિવાહ કરાવ્યો. મહાન આડંબરથી વિવાહ થઈ જતાં નાગવસુની સાથે નાગદત્ત સીતાની સાથે રામની જેમ શોભતો હતો. હવે તે નાગવસુની સાથે મનુષ્યલોક સંબંધી ભોગસુખો ભોગવવા લાગ્યો. પૂર્વે કરેલાં સુકૃતોના પ્રભાવથી તેને ઘણું સુખ મળતું હતું. એક દિવસ મહેલ ઉપર જઇને પ્રિયાની સાથે રમી રહ્યો હતો ત્યારે ઉત્તમનગરીની શોભા જોઇને તેણે પ્રિયાને હસતાં હસતાં કહ્યું: પહોળા કિલ્લારૂપી કમરવાળી, ચંચળ અને આગળના ભાગમાં આમ–તેમ ચાલતા આગળિયાના ઉત્તમ સ્વરવાળી, દેવલોકના જેવા ભવનોના ઉપરના ભાગમાં ઊંચા, મનોહર અને દૃઢ કળશોથી રમણીય, અને રમણીય વાસભવનમાં શોભતી બારીઓથી આંખોવાળી આ નગરી પણ તારા રૂપને–આકૃતિને ધારણ કરે છે.[1] નાગવસુ બોલી: હે નાથ! આ અસંબંધવાળી વચનરચનાથી શું? વિદ્વાનોએ કહેલા પ્રશ્નોત્તર અને જેમાં ચોથું ચરણ ગૂઢ હોય વગેરે પ્રકારના વિનોદ વડે ક્ષણવાર રમીએ, અર્થાત્ ક્ષણવાર વિદ્વાનોએ કહેલા વિનોદને કરીએ. આથી નાગદત્તે કહ્યું: હે સુંદરી! જો એમ છે તો એક પ્રશ્નોત્તર સાંભળ. હે કમલદલ જેવી આંખોવાળી! ઉનાળાની ગરમીથી હેરાન થયેલા લોકોને પવનની સાથે કોણ ઇષ્ટ હોય છે? અથવા હાથીઓને કોણ પ્રાણપ્રિય હોય છે? તે તું કહે. બોલતાં જ મેળવીને=તેનો અર્થ જાણીને નાગવસુએ કહ્યું: હે નાથ! **करेणुया** (**करेऽणुया**) એ જવાબ છે. (અહીં બે પ્રશ્નો પૂછ્યા છે. તેનો ઉત્તર એક જ શબ્દથી આપવાનો છે. આથી પહેલા પ્રશ્નના ઉત્તરમાં करेऽणुया એમ પદભેદ છે. करे એટલે કિરણોમાં, अणुता એટલે સૂક્ષ્મતા–કોમળતા.

---

૧. **विच्छविए** પ્રયોગનો અર્થ આ પ્રમાણે છે:– **विच्छ**=દર્શન–જોવું. **विअ**=કુશળ. **विच्छविए** સપ્તમી એકવચન છે. જોવામાં કુશળમાં, અર્થાત્ જોવામાં કુશળને નગરીમાં તારું રૂપ દેખાય છે. વાક્યક્લિષ્ટતાના કારણે **विच्छविए** પ્રયોગનો અર્થ અનુવાદમાં કર્યો નથી.

ઉનાળાની ગરમીમાં પવન હોય અને સૂર્યના કિરણો કોમળ હોય તો ગરમી ઓછી લાગે. આથી ઉનાળાની ગરમીથી હેરાન થયેલા લોકોને પવનની સાથે સૂર્યના કિરણોમાં કોમળતા હોય એ ઈષ્ટ હોય છે. બીજા પ્રશ્નના ઉત્તરમાં करेणुया એમ આખો એક જ શબ્દ છે. करेणुया એટલે હાથણી. હાથીને હાથણી પ્રાણપ્રિય હોય છે.) આ જવાબથી વિસ્મય પામેલા નાગદત્તે જલદી બીજું કહ્યું= બીજો પ્રશ્ન કહ્યો. અલ્પલોભવાળા લોકો પૂછે છે કે લોકોના સંસારસુખનો હેતુ કોને કહ્યો છે? અથવા કેવી નગરી પરચક્રથી દુર્લંઘ્ય ન હોય? નાગવસુએ ઉત્તર આપ્યો કે अप्पायारा. (અહીં પહેલા પ્રશ્નના ઉત્તરમાં अप्प-आयारा એમ પદભેદ છે. अप्प એટલે આત્મા. आयारा એટલે આચારો. આત્માના આચારો=આત્મહિતકર આચારો સંસારસુખના હેતુ છે. બીજા પ્રશ્નના ઉત્તરમાં अ-प्रायारा એમ પદભેદ છે. अ=નિષેધ. प्रायार=કિલ્લો. કિલ્લાથી રહિત નગરી પરચક્રને દુર્લંઘ્ય નથી.) આ ઉત્તર કહ્યા પછી નાગવસુએ કહ્યું: હે પ્રિય! જેમાં ચોથું ચરણ ગૂઢ હોય તેવું કંઈક સંસ્કૃતભાષામાં કહો. પછી નાગદત્તે કહ્યું: લીલાથી શોભી રહ્યા છે નેત્રરૂપી પાંદડાના વિલાસો જેના એવી સ્ત્રી કામદેવરૂપી વાયુ ફેલાયે છતે (कं=) કામદેવને મદવશ કરતી નથી. નાગવસુએ આનો લાંબા કાળ સુધી વિચાર કર્યો. (અર્થ ખ્યાલમાં આવી જતાં) એનું મન ખુશી થયું. એણે કહ્યું: આનો ઉત્તર પણ મળી ગયો છે. "યૌવનરૂપીવનમાં રહેલા કામદેવનો નાશ કરનારી બાળા" એ આનો ઉત્તર છે, અર્થાત્ યૌવનરૂપી વનમાં રહેલા કામદેવનો નાશ કરનારી કન્યા કામદેવને મદવશ કરતી નથી. નાગવસુના આ ઉત્તરથી નાગવસુની તીક્ષ્ણબુદ્ધિને જાણીને નાગદત્તે પણ કહ્યું: હે પ્રિયે! તું પણ કંઈક કહે, જેથી હું જાણું. પછી નાગવસુએ કહ્યું: હે પ્રિયતમ! જેમાં ચોથું ચરણ ગૂઢ છે ઈત્યાદિ પ્રકારના અને **અદ્ધાબંધથી** વિરચિત એવા અપૂર્વ શ્લોકને તમે એકચિત્તે સાંભળો......................પછી આ શ્લોકનો ઘણા સમય સુધી વિચાર કરીને કોઈ પણ રીતે અર્થ મળી જતાં નાગદત્તે કહ્યું: હે સુંદરી! તેં સુંદર અને અપૂર્વ કહ્યું છે. મને ઘણી મહેનતથી એનો અર્થ મળ્યો છે. આનો અર્થ આ પ્રમાણે છે:– માલતીના ફૂલ, મોતીઓનો હાર, હિમ અને દૂધ જેવી શ્વેતપ્રભાવાળી, દાનવોથી સ્તુતિ કરાયેલી અને જાણે પોતાની (નિર્મલ) કીર્તિથી સ્વચ્છ કરાયેલી હોય એવી, (આ ત્રણ ચરણ છે.) હે પ્રિયે! આનું ચોથું ચરણ भारती वरदाऽस्तु ते એ પ્રમાણે છે. અર્થાત્ માલતીના ફૂલ, મોતીઓનો હાર, હિમ અને દૂધ જેવી શ્વેતપ્રભાવાળી, દાનવોથી સ્તુતિ કરાયેલી, અને જાણે પોતાની જ (નિર્મલ) કીર્તિથી સ્વચ્છ કરાયેલી હોય એવી સરસ્વતી તમને વરદાન આપનારી બનો.

નાગદત્તે આ શ્લોકનું ફરી ફરી ચિંતન કરીને પરાવર્તન કર્યું. એથી તેની બુદ્ધિ પૂર્વથી અધિક સુંદર બની. તેણે વિચાર્યું કે–माराणुभावहारक (=કામદેવના પ્રભાવનો નાશ કરનાર) એ ચરણથી નાગવસુએ ગુણોમાં સારભૂત કામવિજયનું સૂચન કર્યું છે.

કામ ઉપર વિજય મેળવનારા વિરલા હોય છે. તેથી કહ્યું છે કે– ઘણા મનુષ્યો જલદી અગ્નિમાં પ્રવેશ કરે છે, શસ્ત્રોથી પોતાના શરીરને કાપે છે, વિવિધ કષ્ટો આચરે છે. પણ કામદેવરૂપી શત્રુના સુભટને વિરલા જીતે છે. અને આ આ પ્રમાણે જ છે. (=આ સત્ય જ છે.) અન્યથા વિવેકયુક્ત પણ હું આત્માને ભૂલીને વિષયમાં આસક્ત કેવી રીતે રહું? આ પ્રમાણે વિચારતા નાગદત્તને નાગવસુએ આ પ્રમાણે કહ્યું:– હે પ્રિયતમ! હમણાં તમે અન્ય ચિત્તવાળા કેમ દેખાઓ છો તે કહો. પછી નાગદત્ત જેટલામાં પોતાના હૃદયમાં રહેલો શુભભાવ નાગવસુને કહે છે તેટલામાં નજીકના ઘરમાં આક્રંદનનો અવાજ ફેલાયો. તે આ પ્રમાણે:– હા પુત્ર! પુત્ર! માતા–પિતાનો ભક્ત! હા નાથ! તું કયાં ગયો તે કહે. હા બંધુ–બહેન પ્રત્યે વત્સલ! હાય! તું યમવડે કેવી રીતે છેતરાયો? હા સ્વામી! હા ગુણગણરૂપી મણિના દાબડા સમાન! વિલાપ કરતા માતા, પત્ની, બહેન અને સ્નેહીઓના શબ્દોથી આ પ્રમાણે ઘણો કોલાહલ થતો હતો. તે સાંભળીને નાગવસુએ પ્રિયને કહ્યું: હે નાથ! આ શું છે? આ પ્રમાણે કરુણ શબ્દોથી વિલાપ કરતા બિચારા આ લોકો કેમ રડે છે? નાગદત્તે કહ્યું: હે પ્રિયે! આજે એમના ઘરમાં યમનો દંડ પડ્યો છે. તેણે ઘરના માણસો જોતા હોવા છતાં ઘરના સ્વામીને મૃત્યુ પમાડયું છે. યમ વડે હરણ કરાતા જીવનું માતા, ભાર્યા, ભગિની, સ્નેહિવર્ગ કે અત્યંત સમર્થ વસ્તુઓ પણ રક્ષણ કરતી નથી. તેથી જેનો પ્રતિકાર થઈ શકતો નથી, જેના આગમનની ખબર પડતી નથી અને સર્વનો નાશ કરનાર એવો આ યમ આપણી પાસે પણ આવે નહિ ત્યાં સુધીમાં હે સુંદરી! ઘણા પ્રકારના જન્મ, જરા, મરણ, રોગ અને શોક આદિનો અંત કરનારા સર્વજ્ઞભાષિત ધર્મમાં (=સંયમમાં) ઉદ્યમ કરીએ. નાગવસુએ કહ્યું: તમોએ વિષયની અભિલાષાથી રહિત બનવાનું જે કહ્યું તેનું જ વૈરાગ્યના હેતુ આ યમે સમર્થન કર્યું છે. કારણ કે જેમને જૈનધર્મ પૂર્વભવમાં અતિશય પરિચિત થયો છે તે કેટલાક પુણ્યશાલીજીવો નિમિત્તમાત્રથી બોધ પામે છે. આથી આપે કહ્યું તે યોગ્ય જ છે. આપ એ પ્રમાણે કરો. હે નાથ! મને પણ એ સંમત છે. તમારી પાછળ રહેલી હું પણ ભવરૂપ સમુદ્રને ઓળંગી જઈશ. આ પ્રમાણે નાગવસુનું વચન સાંભળીને નાગદત્ત ઘણા રોમાંચવાળો થયો. પછી તેણે માતા–પિતા વગેરે લોકોને પૂછયું. તેમણે પણ સંમતિ આપી. ઘણા આડંબરથી જિનમંદિરમાં મહોત્સવ કરાવ્યો. દીન–અનાથ વગેરેને દાન આપ્યું. સંઘની પૂજા કરી. પછી સુસ્થિતસૂરિની પાસે દીક્ષા લીધી. તેની પત્નીએ પણ આચાર્યની જ પ્રવર્તિનીની પાસે દીક્ષા લીધી. ઘણા કાળ સુધી નિરતિચારપણે સાધુધર્મનું પાલન કર્યું. મૃત્યુસમયે વિધિપૂર્વક અંતિમ આરાધના કરીને બંને દેવલોક પામ્યા. આ પ્રમાણે જેમ અદત્તાદાનથી નિવૃત્ત ચિત્તવાળો નાગદત્ત આ લોક અને પરલોકમાં અસાધારણ સુખનું સ્થાન થયો, તે પ્રમાણે બીજા જીવો પણ થાઓ. [૪૩]

ત્રીજા અણુવ્રતનું પાંચમું ગુણદ્વાર કહ્યું. હવે છટ્ઠું યતનાદ્વાર કહે છે:–

**उचियकलं जाणिज्जसु, धरिमे मेए कलंतराइसु य ।**
**पडियस्स य गहणंमी, जयणा सव्वत्थ कायव्वा ॥ ४४ ॥**

**ગાથાર્થ**:– અદત્તાદાન વિરમણ વ્રતમાં ધરિમ, મેય અને વ્યાજ વગેરેમાં ઉચિત-લાભને જાણે, અર્થાત્ ઉચિત લાભ લે, અનુચિત નહિ. તથા ભૂમિ વગેરે સ્થળે પડેલા બીજાના ધનને લેવામાં યતના કરવી જોઈએ. વિશેષ શું કહેવું? ક્રય–વિક્રય આદિ સર્વ કાર્યોમાં યતના કરવી જોઈએ.

**ટીકાર્થ**:– આઠગણો લાભ વગેરે ઉચિત લાભ છે.

પરિમાણ જાણવા માટે ત્રાજવા વગેરેમાં ધરવામાં=મૂકવામાં આવે તે ગોળ વગેરે ધરિમ છે. અસૃતિ, પ્રસૃતિ, સેતિકા વગેરે માપથી જે માપવામાં આવે તે ધાન્ય વગેરે મેય છે. **कलंतराइसु य** એ સ્થળે કલાંતર એટલે વ્યાજે મૂકેલા ધનનો લાભ લેવો, આદિ શબ્દથી એક આપીને બે લેવા વગેરે સમજવું. **च** શબ્દ ઉચિત કલા (=લાભ) વિશેષને જણાવવા માટે છે, અર્થાત્ વ્યાજે આપેલા ધનમાં ઉચિત લાભ લેવો જોઈએ, અનુચિત નહિ, એમ જણાવવા માટે **च** શબ્દ છે. સો (રૂપિયા) વ્યાજે આપ્યા હોય તો પાંચ દ્રમ્મ (પાંચ આના) લાભ લેવો એ ઉચિતલાભ છે.

ગોળ વગેરેમાં, ધાન્ય વગેરેમાં અને વ્યાજ વગેરેમાં દેશ–કાલ વગેરેની અપેક્ષાએ ઉચિત જ લાભ લે. પડેલું લેવામાં પણ અલ્પદોષ અને અધિક લાભનો વિચાર કરીને કાષ્ઠ, ઢેકું વગેરે ઉચિત લે, સોનું વગેરે ન લે. કહ્યું છે કે–

"અલ્પવ્યયથી ઘણા લાભને શોધે (=મેળવે) એ પંડિતપુરુષનું લક્ષણ છે. આ [1]અર્થપદનો જાણકાર સર્વ પ્રતિસેવાઓમાં (=નિષિદ્ધ કાર્યો કરવામાં) અલ્પવ્યયથી બહુલાભને શોધે." [૪૪]

યતનાદ્વાર પૂર્ણ થયું. હવે અતિચારદ્વાર કહે છે:–

**तेनाहडं च तक्कर–पओगकूडतुल कूडमाणं च ।**
**तप्पडिरूवं च विरुद्धरज्जगमणं च वज्जेज्जा ॥ ४५ ॥**

**ગાથાર્થ**:– સ્તેનાહૃત, તસ્કર પ્રયોગ, કૂટતુલ–કૂટમાન, તત્પ્રતિરૂપ વ્યવહાર અને વિરુદ્ધરાજ્યગમન એ પાંચ અતિચારોનો ત્યાગ કરે.

**ટીકાર્થ**:– (૧) સ્તેનાહૃતઃ– સ્તેન એટલે ચોર. આહૃત એટલે ચોરી લાવેલું. ચોરોએ ચોરી લાવેલી કેશર વગેરે વસ્તુ સ્તેનાહૃત છે.

---

૧. અર્થપદ એટલે અર્થસૂચકપદ. અહીં પદ એટલે શ્લોકનું ચરણ. અહીં **अप्पेण बहुमेसेज्जा** એ પદ જાણવું.

(૨) તસ્કરપ્રયોગઃ– તસ્કર એટલે ચોર. પ્રયોગ એટલે ચોરી કરવામાં પ્રેરણા કરવી. "તમે ચોરી કરો" એ પ્રમાણે પ્રેરણા કરવી એ તસ્કર પ્રયોગ છે.

(૩) કૂટતુલ–કૂટમાનઃ– તુલ એટલે જોખવાનાં (કિલો વગેરે) તોલાં. પ્રસિદ્ધ સ્વભાવની (=તોલની) અપેક્ષાએ ન્યૂન કે અધિક તોલાં રાખવાં તે કૂટતુલ. માન એટલે માપવાનાં કુડવ (=પાશેર) વગેરે માપાં. ન્યૂન કે અધિક માપાં રાખવાં તે કૂટમાન.

(૪) તત્પ્રતિરૂપવ્યવહારઃ– તત્ એટલે અસલી વસ્તુ. પ્રતિરૂપ એટલે સમાન. વ્યવહાર એટલે વેચવું વગેરે પ્રવૃત્તિ. ઘી કે ડાંગર વગેરે અસલી વસ્તુના જેવી ચરબી કે પલંજી (=ડાંગર જેવું ધાન્ય વિશેષ)ને ઘી તરીકે કે ડાંગર તરીકે વેચવી તે પ્રતિરૂપવ્યવહાર છે. અથવા સુવર્ણ વગેરે અસલી વસ્તુની સમાન નકલી સુવર્ણ વગેરેનો અસલી સુવર્ણ તરીકે વ્યવહાર કરવો તે વ્યવહાર અને પ્રતિરૂપના અભેદ ઉપચારથી પ્રતિરૂપ છે.

(૫) વિરુદ્ધ રાજ્યગમનઃ– વિરુદ્ધ એટલે શત્રુ. રાજ્ય એટલે સૈન્ય કે દેશ. શત્રુના દેશમાં કે સૈન્યમાં જવું તે વિરુદ્ધરાજ્યગમન.

સ્તેનાહૃત વગેરે દોષો અતિચાર આ પ્રમાણે છેઃ– લોભદોષથી ચોરીનો માલ ખરીદીને છૂપી રીતે લેનાર ચોર થાય છે. કહ્યું છે કે–

**"ચોરી કરનાર, બીજા પાસે ચોરી કરાવનાર, ચોરીની સલાહ-સૂચના આપવા આદિથી ચોરીની મંત્રણા કરનાર, ચોરીનો ભેદ જાણનાર, ચોરી લાવેલી વસ્તુ વેચાતી લેનાર, ચોરને ભોજન આપનાર, ચોરને સ્થાન આપનાર, એમ સાત પ્રકારના ચોર છે."**

આથી ચોરે ચોરી લાવેલી વસ્તુ વેચાતી લેવાથી પરમાર્થથી ચોરી કરી હોવાથી વ્રતભંગ થાય, પણ હું તો વેપાર જ કરું છું, ચોરી કરતો નથી, આવી બુદ્ધિથી વ્રત–સાપેક્ષ હોવાથી વ્રતનો ભંગ નથી. આમ સ્તેનાહૃત ભંગાભંગરૂપ અતિચાર છે.

મન–વચન–કાયાથી હું ચોરી કરું નહિ અને બીજા પાસે કરાવું નહિ, એમ દ્વિવિધ–ત્રિવિધથી અદત્તાદાન વિરમણવ્રત લેનારને સ્તેનપ્રયોગથી વ્રતભંગ જ થાય, તો પણ (કોઈ મંદબુદ્ધિ જીવ) તમોએ ચોરેલી વસ્તુ હું વેચાવી દઈશ અને તમને ભોજન વગેરે આપીશ, તમે નવરા કેમ બેઠા છો? આમ કહીને ચોરોને ચોરીની પ્રેરણા કરે, પણ "તમે ચોરી કરો" એમ હું કહેતો નથી એવા આશયથી ચોરોને ચોરી કરાવવાનો ત્યાગ કરતો તે વ્રતસાપેક્ષ હોવાથી તસ્કરપ્રયોગ અતિચાર છે.

કૂટતુલ–કૂટમાન અને તત્પ્રતિરૂપવ્યવહાર પરવંચનારૂપ હોવાથી તે બેથી અદત્તાદાનવિરમણવ્રતનો ભંગ જ છે, છતાં કેવલ ખાતર પાડવું વગેરે જ ચોરી છે, કૂટતુલ–

કૂટમાન અને તત્પ્રતિરૂપવ્યવહાર તો વણિકકલા જ છે, આવી સ્વકલ્પનાથી વ્રતરક્ષણમાં તત્પર શ્રાવકને આ બે અતિચાર છે.

પોતાના સ્વામીએ રજા નહિ આપેલા સૈન્યમાં કે દેશમાં પ્રવેશ કરવો એ ૩૯-મી મૂળગાથામાં કહ્યા પ્રમાણે સ્વામી અદત્ત હોવાથી અને તેમ કરનારાઓને ચોરીનો દંડ થતો હોવાથી ચોરી જ છે, એથી તે વ્રતભંગ જ છે, તો પણ વિરુદ્ધ રાજ્યગમન કરતો હું વેપાર જ કરું છું, ચોરી નહિ, એવા આશયથી તે વ્રતસાપેક્ષ હોવાથી અને લોકમાં આ ચોર છે એવો વ્યવહાર થતો ન હોવાથી વિરુદ્ધરાજ્યગમન અતિચાર છે.

અથવા સ્તેનાહૃત વગેરે પાંચેય દોષો અનાભોગ વગેરેથી કે અતિક્રમ વગેરેથી અતિચાર છે, એમ વિચારવું. [ ૪૫ ]

હવે ભંગદ્વાર કહે છે:—

**जो चिंतेइ अदिन्नं गेण्हामि पयंपए तहा गिण्हे ।**
**अइयारेसु य वट्टइ पुणो पुणो तस्स भंगोऽत्थ ॥ ४६ ॥**

**ગાથાર્થ:**— જે જીવ 'હું અદત્ત લઉં' એમ વિચારે છે, તથા 'હું અદત્ત લઉં' એમ બોલે છે, અને અદત્ત લે છે, તથા પૂર્વોક્ત સ્તેનાહૃત વગેરે અતિચારોમાં વારંવાર પ્રવૃત્તિ કરે છે, અતિસંક્લિષ્ટ તે જીવના અદત્તાદાન વિરમણવ્રતનો નાશ થાય છે. [૪૬]

ભંગદ્વાર કહ્યું. હવે ભાવનાદ્વાર કહેવામાં આવે છે:—

**जे दंतसोहणंपि हु, गिण्हंति अदिण्णयं न य मुणिंदा ।**
**तेसिं नमामि पयओ, निरभिस्संगाण गुत्ताण ॥ ४७ ॥**

**ગાથાર્થ:**— જે મુનીંદ્રો, સુવર્ણ આદિ તો ઠીક, દાંત ખોતરવાની સળી પણ માલિકની રજા વિના લેતા નથી, નિરભિષ્વંગ અને ગુપ્ત એવા તે મુનીંદ્રોને હું આદર પૂર્વક પ્રણામ કરું છું.

**ટીકાર્થ:**— જગતની ભૂત–ભવિષ્ય–વર્તમાન એ ત્રણ કાળની અવસ્થાને જાણે તે મુનિઓ. મુનિઓમાં ઇંદ્ર સમાન તે મુનીંદ્રો, અર્થાત્ ઉત્તમ સાધુઓ. નિરભિષ્વંગ એટલે દ્રવ્ય વગેરે પ્રતિબંધથી રહિત, અર્થાત્ વીતરાગ (=વીતરાગ જેવા). ગુપ્ત એટલે મન–વચન–કાયાના નિરોધરૂપ ગુપ્તિથી યુક્ત.

આ ગાથાથી આવા પ્રકારના સાધુઓને નમસ્કાર કરવા દ્વારા પોતે લીધેલ અદત્તાદાન વિરમણરૂપ ગુણ ઉપર બહુમાનરૂપ ભાવનાનું સૂચન કર્યું છે. [ ૪૭ ]

ભાવનાદ્વાર કહ્યું, અને ભાવનાદ્વાર કહેવાથી ત્રીજું અણુવ્રત કહ્યું. હવે ચોથા અણુ-વ્રતનો અવસર છે. તે વ્રત પણ 'સ્વરૂપ' વગેરે નવદ્વારવાળું છે. આથી ક્રમથી આવેલા ચોથા અણુવ્રતનું પહેલાદ્વાર વડે નિરૂપણ કરતા ગ્રંથકાર કહે છે:—

**अट्ठारसहा बंभं, नवगुत्तीपञ्चभावणासहियं ।**
**कामचउवीसरहियं, दसहा वा अट्ठहा वावि ॥ ४८ ॥**

**ગાથાર્થઃ**— બ્રહ્મચર્ય અઢાર પ્રકારનું છે, નવગુપ્તિ અને પાંચ ભાવનાથી સહિત છે, ચોવીસ પ્રકારના કામથી રહિત છે, અથવા બ્રહ્મચર્ય દશ પ્રકારનું કે આઠ પ્રકારનું છે.

**ટીકાર્થઃ**— બ્રહ્મચર્યના અઢાર ભેદોઃ— વૈક્રિય અને ઔદારિક એ બે પ્રકારના અબ્રહ્મથી ત્રિવિધ ત્રિવિધે નિવૃત્તિ કરવાથી બ્રહ્મચર્યના અઢાર ભેદ થાય છે. વાચક—મુખ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજે કહ્યું છે કે—

**" મન, વચન અને કાયાથી ન કરવું, ન કરાવવું અને ન અનુમોદવું એ ( ૩×૩=૯ ) નવ પ્રકારે દેવતા સંબંધી અને મનુષ્ય સંબંધી મૈથુનથી નિવૃત્તિ— એમ ( ૯×૨=૧૮ ) બ્રહ્મચર્યના અઢાર ભેદો છે."**

**નવગુપ્તિઃ**— ગુપ્તિ એટલે બ્રહ્મચર્યની રક્ષાના પ્રકારો. નવગુપ્તિઓ આ પ્રમાણે છેઃ—

**" વસતિ ૧, કથા ૨, નિષદ્યા ૩, ઇંદ્રિય ૪, કુડ્યાંતર ૫, પૂર્વક્રીડિત ૬, પ્રણીત આહાર ૭, અતિમાત્ર આહાર ૮, વિભૂષા ૯, એ નવ બ્રહ્મચર્યની ગુપ્તિઓ છે."**

(૧) વસતિઃ— જ્યાં સ્ત્રીઓનું ગમનાગમન વધારે હોય, જ્યાં પશુઓ અધિક પ્રમાણમાં હોય, જ્યાં નપુંસકો રહેતા હોય તેવી વસતિનો ત્યાગ કરવો જોઇએ. (૨) કથાઃ— રાગથી સ્ત્રીઓની કથા નહિ કરવી જોઇએ. જેમકે—અમુક દેશની સ્ત્રીઓ અતિશય રૂપાળી હોય છે, અમુક દેશની સ્ત્રીઓનો કંઠ અતિશય મધુર હોય છે, અમુક જાતિની સ્ત્રીઓ અમુક વસ્ત્રો પહેરે છે વગેરે. (૩) નિષદ્યાઃ— જે સ્થાને સ્ત્રી બેઠેલી હોય તે સ્થાને તેના ઉઠી ગયા પછી પુરુષે બે ઘડી સુધી બેસવું નહિ અને પુરુષના ઉઠી ગયા પછી સ્ત્રીએ ત્રણ પ્રહર સુધી બેસવું નહિ. (૪) ઇંદ્રિયઃ— રાગથી સ્ત્રીઓની ઇંદ્રિયો કે અન્ય અંગોપાંગ તરફ દૃષ્ટિ પણ નહિ કરવી જોઇએ. અચાનક દૃષ્ટિ પડી જાય તો સૂર્ય સામેથી દૃષ્ટિ જેટલી ઝડપથી ખેંચી લેવામાં આવે છે, તેટલી જ ઝડપથી પાછી ખેંચી લેવી જોઇએ. (૫) કુડ્યાંતરઃ— જ્યાં ભીંતના આંતરે પુરુષ—સ્ત્રીની કામચેષ્ટા સંબંધી અવાજ સંભળાતો હોય તેવા સ્થાનનો ત્યાગ કરવો જોઇએ. (૬) પૂર્વક્રીડિતઃ— પૂર્વે ( =ગૃહસ્થાવસ્થામાં ) કરેલી કામક્રીડાનું સ્મરણ ન કરવું. (૭) પ્રણીત આહારઃ— પ્રણીત એટલે સ્નિગ્ધ. અત્યંત સ્નિગ્ધ દૂધ, ઘી આદિ આહારનો ત્યાગ કરવો. (૮) અતિમાત્ર આહારઃ— અપ્રણીત આહાર પણ ભૂખથી વધારે ન લેવો. (૯) વિભૂષાઃ— શરીરની અને ઉપકરણોની વિભૂષાનો ( ટાપ—ટીપનો ) ત્યાગ કરવો.

**પાંચ ભાવના આ પ્રમાણે છેઃ—**

"જે બુદ્ધિમાન મુનિ ૧ આહારથી ગુપ્ત હોય, ૨ અવિભૂષિતાત્મા હોય, ૩ સ્ત્રીને ન જુએ, ૪ સ્ત્રીનો સંસ્તવ ન કરે, ૫ ક્ષુદ્ર કથા ન કરે, તે ધર્માનુપ્રેક્ષી મુનિ બ્રહ્મચર્યને બરાબર ધારણ કરે છે એમ જાણવું."

**ભાવાર્થ**:– બુદ્ધિમાન એટલે તત્ત્વને જાણનાર. ૧ આહારથી ગુપ્ત હોય એટલે પ્રણીત અને અતિમાત્ર આહાર ન કરે. ૨ અવિભૂષિતાત્મા હોય એટલે શરીર અને ઉપકરણોની વિભૂષા ન કરે. ૩ સ્ત્રીને ન જુએ એટલે રાગદૃષ્ટિથી સ્ત્રીની ઇંદ્રિયોનું અને અંગોપાંગોનું નિરીક્ષણ ન કરે. ૪ સંસ્તવ એટલે પ્રશંસા કે પરિચય. સ્ત્રીનો સંસ્તવ ન કરે એટલે સ્ત્રીની પ્રશંસા અને પરિચય ન કરે. ૫ ક્ષુદ્ર કથા ન કરે એટલે વિકથા વગેરે અપ્રશસ્ત કથા ન કરે. ધર્માનુપ્રેક્ષી એટલે ધર્મના આસેવનમાં તત્પર. આ પાંચ ભાવનાથી જેનું અંતઃકરણ ભાવિત થયું છે એવો મુનિ બ્રહ્મચર્યને બરાબર ધારણ કરે છે.

**કામના ૨૪ ભેદ**:– જે ઇચ્છાય તે કામ. કામના સંપ્રાપ્ત અને અસંપ્રાપ્ત એમ મુખ્ય બે ભેદ છે. તેમાં સંપ્રાપ્તના ચૌદ અને અસંપ્રાપ્તના દશ એમ કુલ ચોવીસ ભેદો છે.

સંપ્રાપ્ત કામના ચૌદ ભેદો દશવૈકાલિક નિર્યુક્તિ ( ગાથા ૨૬૧–૨૬૨ )માં આ પ્રમાણે છેઃ–

"**દૃષ્ટિસંપાત ૧**:– સ્ત્રીના સ્તનાદિ અંગોને જોવા. **દૃષ્ટિસેવા ૨**:– ભાવથી ( = વાસનાથી ) દૃષ્ટિની સાથે દૃષ્ટિ મેળવવી. **સંભાષ ૩**:– ઉચિત સમયે કામકથાવડે વાત કરવી. **હાસિત ૪**:– વક્રોક્તિગર્ભિત હાસ્ય કરવું. આવું હાસ્ય જાણીતું છે. **લલિત ૫**:– પાશા વગેરેથી રમવું. **ઉપગૂહિત ૬**:– આલિંગન કરવું. **દંતનિપાત ૭**:– દાંતોથી પ્રહાર ( =ક્ષત ) કરવા. **નખનિપાત ૮**:– નખથી ઉઝરડા ( ક્ષત ) કરવા. **ચુંબન ૯**:– મુખે ચુંબન કરવું. **આલિંગન ૧૦**:– અંગોમાં સ્પર્શ કરવો. **આદાન ૧૧**:– ( સ્તન, હાથ વગેરે ) કોઈ પણ સ્થાનમાં પકડવું. **કરણ ૧૨**:– નાગરક વગેરે રતિબંધનો પ્રારંભ કરવાનું બંધન. **આસેવન ૧૩**:– મૈથુનક્રિયા. **અનંગક્રીડા ૧૪**:– મુખ વગેરેમાં તેવી કામચેષ્ટા કરવી.

આ પ્રમાણે દોઢ ગાથાથી સંપ્રાપ્તકામના ચૌદ ભેદ કહ્યા. અસંપ્રાપ્ત કામના દશ ભેદો આ પ્રમાણે છેઃ–

કામના પહેલા ભેદમાં વિષયની મનથી વિચારણા થાય છે. બીજામાં ( સ્ત્રીને ) જોવાને ઇચ્છે છે. ત્રીજામાં દીર્ઘ નિઃસાસા નાખે છે. ચોથામાં તાવ આવે છે. પાંચમામાં શરીરે દાહ થાય છે. છઠ્ઠામાં ખાવાનું ભાવતું નથી. સાતમામાં શરીર કંપે છે. આઠમામાં ઉન્માદ થાય છે. નવમામાં પ્રાણનો સંદેહ રહે છે. દશમામાં પ્રાણનો ત્યાગ કરે છે.

અથવા દશવૈકાલિકનિર્યુક્તિના અનુસારે અસંપ્રાપ્તકામના દશ પ્રકાર જાણવા. દશવૈકાલિકનિર્યુક્તિ ( ગાથા ૨૬૦ )માં કહ્યું છે કેઃ–

**( કામના સંપ્રાપ્ત અને અસંપ્રાપ્ત એમ બે ભેદ છે ) તેમાં અસં-પ્રાપ્તકામના ભેદો આ પ્રમાણે છેઃ–**

૧ **અર્થઃ**– સ્ત્રી વગેરેને જોયેલ ન હોવા છતાં સાંભળીને તેના પ્રત્યે માત્ર રાગ. ૨ **ચિંતાઃ**– અહો ! તેમાં જ રૂપાદિ ગુણો છે એમ આગ્રહથી તેનું ચિંતન. ૩ **શ્રદ્ધાઃ**– તેનો સંગ કરવાની ઈચ્છા. ૪ **સ્મરણઃ**– તેના રૂપની કલ્પના કરીને તેના રૂપનું આલેખન વગેરે કરીને આનંદ પામવો. ૫ **વિક્લવતાઃ**– તેના ( વિયોગથી થયેલા ) શોકથી આહાર વગેરેમાં પણ ઉપેક્ષા. ૬ **લજ્જાનાશઃ**– માતા–પિતા વગેરેની સમક્ષ પણ તેના ગુણો કહેવા. ૭ **પ્રમાદઃ**– તેના ( યોગ ) માટે જ અન્ય સર્વ કાર્યોમાં પ્રવૃત્તિ ન કરવી. ૮ **ઉન્માદઃ**– પાગલ થઈ જવાથી ગમે તેમ બોલવું. ૯ **તદ્‌ભાવઃ**– સ્તંભ વગેરેને પણ તેની બુદ્ધિથી આલિંગન કરવું વગેરે ચેષ્ટા. ૧૦ **મરણઃ**– ( તેના વિયોગથી ) શોક વગેરે વધી જવાથી પ્રાણનો ત્યાગ કરવો. આ પ્રમાણે અસંપ્રાપ્તકામ દશ પ્રકારે છે.

અથવા બ્રહ્મચર્યના દશ પ્રકાર કે આઠ પ્રકાર છે. તેમાં ગંધહસ્તિએ (=શ્રી સિદ્ધસેન ગણીએ ) મૈથુન વગેરે દશ પ્રકારના કામના ભેદો કહ્યા છે. તે પ્રત્યેક ભેદનો ત્યાગ કરવાથી આઠ પ્રકારના બ્રહ્મચર્યનું પાલન થાય છે. કહ્યું છે કે–

૧ **મૈથુન**= મિથુનક્રિયા કરવી. ૨ **અનુસ્મૃતિ** =પૂર્વે કરેલ કામક્રીડાનું સ્મરણ કરવું. ૩ **સંસ્કાર**= શરીરને આભૂષણો વગેરેથી શણગારવું. ૪ **સ્પૃહા** =સ્ત્રીનો સંગ કરવાની ઈચ્છા રાખવી. ૫ **ઇંદ્રિયાલોક**= સ્ત્રીની ઇંદ્રિયોનું નિરીક્ષણ કરવું. ૬ **વૃષ્યરસ**= વીર્ય-વર્ધક રસોનું સેવન કરવું. ૭ **વિષયો**= પાંચ વિષયોનું સેવન કરવું. ૮ **વિકથા**= સ્ત્રી-કથા વગેરે વિકથા કરવી. ૯ **સત્કાર**= સ્નાન વગેરેથી શરીરસત્કાર કરવો. ૧૦ **સંસક્તસેવા**= સ્ત્રી, પશુ, નપુંસક, વગેરેથી સંસક્ત વસતિમાં રહેવું. આ દશ પ્રકારના અબ્રહ્મથી નિવૃત્તિ એ બ્રહ્મચર્ય છે."

બ્રહ્મચર્યના આઠ પ્રકાર આ પ્રમાણે છેઃ–

૧ "સ્મરણ= પૂર્વે કરેલ કામક્રીડાનું સ્મરણ કરવું. ૨ કીર્તન= પ્રેમપાત્ર સ્ત્રી વગેરેની પ્રશંસા કરવી કે તેના નામનું વારંવાર ઉચ્ચારણ કરવું. ૩ કેલિ= સ્ત્રી સાથે વિલાસ કરવો, વિવિધ ક્રીડા કરવી. ૪ પ્રેક્ષણ= સ્ત્રીના અંગોપાંગનું નિરીક્ષણ કરવું. ૫ ગુહ્ય-ભાષણ= કામની ગુપ્તપણે વાતો કરવી. ( ગુપ્ત સંદેશો પહોંચાડવો. ) ૬ સંકલ્પ= કામના વિચારો કરવા. ૭ અધ્યવસાય= કામના પરિણામવાળા બનવું. ૮ ક્રિયાનિવૃત્તિ= મૈથુનનું સેવન કરવું. (૧) બુદ્ધિશાલીઓ આ પ્રમાણે આઠ પ્રકારનું મૈથુન કહે છે, આનાથી વિપરીત આ જ આઠ પ્રકારનું બ્રહ્મચર્ય કહે છે." (૨)

આ પ્રમાણે અનેક પ્રકારે બ્રહ્મચર્યવ્રતનું સ્વરૂપ જાણીને વિવેકી પુરુષે જે રીતે ઉચિત હોય તે રીતે વ્રતનો સ્વીકાર કરવો. [૪૮]

સ્વરૂપદ્વારથી ચોથા અણુવ્રતનું વ્યાખ્યાન કર્યું. હવે ભેદદ્વારનો અવસર છે, તેથી આ વ્રતના જેટલા ભેદો સંભવે છે તેટલા ભેદોને બતાવવા ગ્રંથકાર કહે છેઃ–

**ओरालियं च दिव्वं, तिरियं माणुस्सयं पुणो दुविहं ।**
**माणुस्स सदाराईकाए सयकारणाईहिं ॥ ४९ ॥**

**ગાથાર્થઃ**– મૈથુનના ઔદારિક અને દિવ્ય એમ બે ભેદ છે. વળી ઔદારિક મૈથુનના તિર્યંચ સંબંધી અને મનુષ્ય સંબંધી એમ બે ભેદ છે. મનુષ્ય સંબંધી મૈથુન સ્વસ્ત્રી, પરસ્ત્રી અને વેશ્યા આદિ સાથે સ્વયં કરવું, કરાવવું અને અનુમોદવું એમ અનેક પ્રકારે છે.

**ટીકાર્થઃ– પ્રશ્નઃ**– મૈથુનવિરતિના ભેદો કહેવા જોઈએ, એના બદલે મૈથુનના ભેદો કેમ કહ્યા ? **ઉત્તરઃ**– વિષય (=મૈથુન) અને વિષયી[1] (=મૈથુનવિરતિ)ના અભેદ ઉપચારથી જેટલા ભેદ મૈથુનના છે તેટલા જ ભેદ મૈથુનવિરતિના છે. આવા અભિપ્રાયથી આ ગાથામાં મૈથુનના ભેદો જણાવ્યા છે.

વૈક્રિયની અપેક્ષાએ ઉદાર પુદ્ગલોથી, એટલે કે સ્થૂલ અને પોચા પુદ્ગલોથી જે થયેલું હોય તે ઔદારિક, અથવા ઔદારિક શરીરથી થતું મૈથુન પણ અભેદોપચારથી ઔદારિક કહેવાય. દેવલોક સંબંધી મૈથુન દિવ્ય કહેવાય છે, અર્થાત્ દિવ્ય એટલે વૈક્રિય.

જો કે આ સર્વ (વૈક્રિય, તિર્યંચસંબંધી અને મનુષ્યસંબંધી એ ત્રણે) પ્રકારનું મૈથુન મન વગેરેથી સ્વયં કરવું વગેરે રીતે અનેક પ્રકારે છે, તો પણ સ્વરૂપના લક્ષણોમાં ભેદ હોવાથી અને મનુષ્યસંબંધી મૈથુનના ભેદોદ્વારા જ બાકીના (=વૈક્રિય અને તિર્યંચ સંબંધી) મૈથુનના ભેદોનું જ્ઞાન થતું હોવાથી અહીં ગાથાના ઉત્તરાર્ધમાં મનુષ્યસંબંધી મૈથુનના જ અનેક પ્રકારો બતાવ્યા છે. [૪૯]

ભેદદ્વાર કહ્યું. હવે ઉત્પત્તિદ્વાર કહેવામાં આવે છે. તેમાં મૈથુનવિરમણ જેવી રીતે થાય છે (=સ્વીકારવામાં આવે છે) તે કહે છેઃ–

**दुविहं तिविहेण विउव्वियं तु एगविहतिविह तिरियंमि ।**
**मणुयं चरिमे भंगे, पच्चक्खाणं चउत्थवए ॥ ५० ॥**

---

૧. ઘટનું જ્ઞાન એટલે ન્યાયની ભાષામાં **घटविषयकं ज्ञानं** કહેવાય. ઘટ છે વિષય જેનો એવું જ્ઞાન. અહીં ઘટનું જ્ઞાન છે માટે ઘટ વિષય બન્યો, અને જ્ઞાન વિષયી બન્યું. જેમ ગૃહ છે જેને તે ગૃહી, તેમ વિષય છે જેનો તે વિષયી કહેવાય. જ્ઞાન કોનું ? ઘટનું. માટે ઘટ વિષય બન્યો. ઘટ વિષય છે. કોનો ? જ્ઞાનનો. માટે જ્ઞાન વિષયી બન્યું. એવી રીતે અહીં વિરતિ કોની ? મૈથુનની. આથી મૈથુન વિષય બન્યું. અને વિરતિ વિષયી બની. વિરતિનો વિષય મૈથુન છે. આથી મૈથુન અને મૈથુનવિરતિ એ બેનો વિષય-વિષયી તરીકેનો સંબંધ છે.

**ગાથાર્થ**:– ચોથાવ્રતમાં વૈક્રિયમૈથુનનું પચ્ચક્ખાણ દ્વિવિધ–ત્રિવિધથી, અર્થાત્ મન–વચન–કાયાથી ન કરું અને ન કરાવું એવા ભાંગાથી થાય છે. તિર્યંચસંબંધી મૈથુનનું પચ્ચક્ખાણ એકવિધ ત્રિવિધથી, અર્થાત્ મન–વચન–કાયાથી ન કરું એવા ભાંગાથી થાય છે. મનુષ્યસંબંધી મૈથુનનું પચ્ચક્ખાણ એકવિધ એકવિધથી, અર્થાત્ કાયાથી ન કરું એવા ભાંગાથી થાય છે.

**ટીકાર્થ**:– શ્રાવકને સર્વત્ર (=સર્વ નિયમોમાં) અનુમોદનાનો નિષેધ ન હોવાથી વૈક્રિય મૈથુનવિરમણ દ્વિવિધ ત્રિવિધભાંગાથી થાય. ગાય આદિનો બળદ આદિ સાથે સંબંધ કરાવવાના કારણે તિર્યંચસંબંધી મૈથુન ન કરાવવું અને ન અનુમોદવું એવું પચ્ચક્ખાણ લેવાનું શ્રાવક માટે પ્રાયઃ અશક્ય છે, આથી તિર્યંચસંબંધી પચ્ચક્ખાણમાં એકવિધ ત્રિવિધ ભાંગો કહ્યો છે. પોતાના પુત્રના વિવાહ આદિમાં કરાવવું અને અનુમોદવું એ બે થતા હોવાથી અને બલવતી પ્રવૃત્તિના કારણે મન અને વચનનો નિરોધ દુઃશક્ય હોવાથી મનુષ્યસંબંધી મૈથુનવિરમણ એકવિધ એકવિધથી કહ્યું.

મનને કાબુમાં રાખવું વગેરે યોગ્યતાવાળો શ્રાવક ઉત્કૃષ્ટ પ્રકારથી પણ પચ્ચક્ખાણ લે એ સંભવિત છે. આથી આવા શ્રાવકને આશ્રયીને બાકીના પણ આઠ ભાંગાનો ત્રણે પદમાં (=દેવ, તિર્યંચ અને મનુષ્ય એ ત્રણે પ્રકારના મૈથુનવિરમણમાં) નિષેધ નથી. [૫૦]

ઉત્પત્તિદ્વાર કહ્યું. હવે ચોથા વ્રતના દોષદ્વારનો અવસર છે. આ લોકસંબંધી અને પરલોકસંબંધી દોષો થાય છે. તેમાં માતૃગમન, ભગિનીગમન વગેરે આ લોક સંબંધી દોષો છે. નપુંસકપણું વગેરે પરલોકસંબંધી દોષો છે. બંને પ્રકારના તે દોષોને એક ગાથાથી કહે છેઃ–

**गिरिनयरे तिन्नि वयंसियाउ दो जमलगा वणिसुया य ।**
**परलोए नपुंसत्तं, दोहग्गं चेव दोसा य ॥ ५१ ॥**

**ગાથાર્થ**:– ગિરિનગર નામના શહેરમાં ત્રણ સખી સ્ત્રીઓ અને એક વણિકપુત્રી મૈથુનથી નિવૃત્ત ન થવાથી આ લોકમાં દોષોનું ભાજન થઈ. મૈથુનથી નિવૃત્ત ન થવાથી પરલોકમાં નપુંસકપણું અને દૌર્ભાગ્ય વગેરે દોષો થાય છે.

**ટીકાર્થ**:– મૂળગાથામાં च શબ્દના પ્રયોગથી બીજા પણ દોષોનું સૂચન કર્યું છે. કહ્યું છે કે–

"બ્રહ્મચર્યવ્રતનો ભંગ કરવાથી, મુખમાં અને અપાનદ્વારમાં (કે યોનિમાં) તેવી કામચેષ્ટા કરવાથી, અને હસ્તકર્મ કરવાથી જીવ વિધવાપણું અને વંધ્યાપણું પામે, મરેલાં બાળકો જન્મે, યોનિમાં શૂળ ઉત્પન્ન થાય, અને યોનિમાંથી ઘણું લોહી વહે."

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાઓથી જાણવો. તેમાં પહેલી કથા આ છેઃ–

## ત્રણ સખીઓનું દૃષ્ટાંત

આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના મધ્યખંડના અલંકારરૂપ સૌરાષ્ટ્રદેશમાં ગિરિનગર (=ગિરનાર) નામનું શહેર હતું. તેમાં પૂર્ણ યૌવનને પામેલી જિનમતિ, પ્રિયંકરી અને ધનશ્રી નામની ત્રણ શ્રેષ્ઠિપુત્રીઓ હતી. તે ત્રણે પરસ્પર સ્નેહભાવવાળી હતી. તેમનાં લગ્ન અનુક્રમે જિનદત્ત, પ્રિયમિત્ર અને ધનદત્ત નામના શ્રેષ્ઠિપુત્રો સાથે થયાં. તેમાં જિનમતિનો પતિ જિનદત્ત અણુવ્રતધારી શ્રાવક હતો. તેની સંગતિથી જિનમતિ પણ શ્રાવિકા થઇ. પણ પ્રિયંકરી અને ધનશ્રીની સાથે મૈત્રી હોવાથી જિનધર્મમાં અત્યંત સ્થિર-મતિવાળી ન બની. તેમને એક એક પુત્ર થયો. એક વાર ત્રણેય ઉજ્જયંતપર્વત ઉપર નેમનાથ ભગવાનને વંદન કરવા ગઇ. તેમને એક બીજાથી અધિક અધિક મનોહર પ્રદેશોને જોવાથી અધિક અધિક મનોહર પ્રદેશોને જોવાનું કુતૂહલ થયું. આથી જુદા જુદા પ્રદેશને જોવાની ઇચ્છાથી ફરતી તેમને ચોરોએ જોઇ. ચોરો તેમને પકડીને પારસકૂલમાં (=ઇરાન દેશમાં) લઈ ગયા. ત્યાં વેશ્યાઓને વેચી. વેશ્યાઓએ તેમને વેશ્યાઓને ઉચિત વેશ્યાસંબંધી કળાઓ શિખવાડી. ત્રણે અત્યંત પ્રસિદ્ધ વેશ્યા બની ગઈ. આ તરફ તેમના પુત્રોને પોતાના પિતાઓએ એક જ ઉપાધ્યાય પાસે ભણાવ્યા. કાલક્રમે યૌવનને પામ્યા. સમાન સ્વભાવ હોવાથી પરસ્પર મૈત્રીવાળા હતા. પિતાઓએ પરણાવ્યા. જિન-દત્તનો પુત્ર પિતાના સંસર્ગથી જ શ્રાવકપણું પાળતો હતો. બીજા બે તેવા ન હતા. એકવાર તેમણે વિચાર્યું: પિતાની પરંપરાથી આવેલા આ ઘણા પણ ધનથી શું? એ ધનથી દાન અને ભોગ કરવાથી પણ કોઇ પુરુષની પ્રશંસા થતી નથી, બલ્કે બીજા માણસોનો ઠપકો જ મળે છે. આ વિષે લોક પ્રસિદ્ધ દુહો આ પ્રમાણે છે:— पियरि विढत्तइ दव्वइ ठिड्डिरिका न करेइ। सइं विढवा सइ विलसणा, विरला जणणि जणेइ। **"પિતાએ ઉપાર્જન કરેલા ધનથી લોકો પ્રશંસા કરતા નથી. સ્વયં ધનનું ઉપાર્જન કરે અને એનાથી વિલાસ કરે તેવા પુત્રને વિરલ માતાઓ જન્મ આપે છે."** આથી આપણે પણ કોઇ પણ બીજા દેશમાં જઇને સ્વબાહુથી ધનને મેળ-વીએ. પછી ઉચિત દાન અને ભોગથી મનુષ્યજન્મને સફલ કરીએ. આ પ્રમાણે વિચારીને પોતાના પિતાની આજ્ઞા લઇને દેશાંતરમાં લઈ જઇ શકાય તેવું કરિયાણું લીધું, ઘણી તૈયારી કરીને નાવથી સમુદ્રને પાર કરીને પારસકૂલ ગયા. ત્યાંના લોકોને પોતાનું કરિયાણું બતાવ્યું. આ વખતે સારો વેશ અને અલંકારો પહેરીને તે ત્રણેય વેશ્યાઓ તેમની પાસે આવી. પાસે રહેલા માણસે તેમને કહ્યું: અહીંના રાજાએ સ્વયં આ વેશ્યાઓનું કૃપાદાન આ પ્રમાણે કર્યું છે:— અહીં જે કોઈ ધંધા માટે આવે છે તેમણે આ વેશ્યાઓને બસો સોળ દ્રમ્મ આપીને એમની જ સાથે વિષયસુખનો અનુભવ કરવો. તેથી વણિક-પુત્રોએ 'તેમ થાઓ' એમ કહીને ઉચિત તાંબુલ વગેરે આપ્યું. પછી તેમનાં ઘરો

જાણીને તેમને પોતાના ઘરે મોકલી દીધી. વણિકપુત્રોએ પોતાનું કરિયાણું વેચ્યું, બીજું કરિયાણું ખરીદ્યું, એમ ક્રય વિક્રય વગેરે વ્યાપારથી દિવસ પસાર કર્યો. ચક્રવાકના બંધુ સૂર્યનો અસ્ત થયો. અભિસારિકાઓને (=નાયકને મળવા સંકેતસ્થાન તરફ જનારીઓને) પરમ આનંદ દાયક સંધ્યાસમય થયો. મંદ મંદ ચમકતા ઊંચા તારાઓ દેખાયા. ક્રમે કરીને બધી દિશાઓ અંધકારના સમૂહથી ભરાઈ ગઈ. આ વખતે વણિકપુત્રો સ્વસ્થાનમાં રક્ષપાલોને રાખીને બસો સોળ દ્રમ્મ લઈને તે વેશ્યાઓના ઘરે ગયા. વેશ્યાઓ તેમના આગમનની સતત રાહ જોઈ રહી હતી. તેમને આવેલા જોઇને ઊભા થવું, આસન આપવું, વગેરે ઉચિત વ્યવહાર કર્યો. થોડોક વધારે કાળ હાસ્યાદિ વિનોદ કર્યો. પછી વેશ્યાઓ તેમને પોતાના શયનસ્થાનોમાં લઈ ગઈ. તે ત્રણમાં જિનદત્તનો પુત્ર શ્રાવક ચોપડો અને ખડી (=લખવાનું પેનસિલ જેવું સાધન) લઈને આવ્યો હતો. તેણે ક્ષણવાર જિનમતિની સાથે વાતો વગેરે કરીને દીપકની નજીકમાં જ બેસીને ચોપડો ખોલીને હિસાબ ગણવાનું શરૂ કર્યું. જિનમતિ પણ તેની પાસે જ બેઠી. કેટલીક વાર પછી જિનમતિ બોલીઃ હે આર્યપુત્ર! મારે તને પૂછવું છે કે તું ક્યાંથી આવ્યો? તેણે કહ્યુંઃ ગિરિનગરથી. પોતાના નગરનું નામ લેવાથી આનંદ પામેલી તેણે વિશેષરૂપે ઉજ્જયન્ત વગેરેના સમાચાર પૂછીને કહ્યુંઃ ત્યાં જિનદત્ત, પ્રિયમિત્ર અને ધનદત્ત મહાન શ્રેષ્ઠિપુત્રો છે. તે ત્રણેને એક એક પુત્ર છે. તે બધા ક્ષેમ-કુશળ છે ને? તેણે કહ્યુંઃ છે, પણ વિશેષથી એમના સમાચાર પૂછવાનું શું કારણ? તેણે કહ્યુંઃ અમને ત્રણેયને તે પરણ્યા હતા. અમે ત્રણેએ એક એક પુત્રને જન્મ આપ્યો હતો. ચોરોએ અમને ત્યાંથી અહીં લાવીને વેશ્યાને વેચી. તેણે કહ્યુંઃ તે ત્રણેય અમે તમારા પુત્ર છીએ. હું જિનદત્તનો પુત્ર જિનવલ્લભ છું. બીજા બેમાંથી એક પ્રિયમિત્રનો પ્રિયાવહ નામનો પુત્ર છે અને એક ધનદત્તનો ધનાવહ નામનો પુત્ર છે.

અહીં બીજાઓ આ પ્રમાણે કહે છેઃ કુલદેવતાએ જિનવલ્લભને રસ્તામાં વાછરડા સહિત ગાયનું રૂપ બતાવ્યું. ભવિતવ્યતાવશ જિનવલ્લભે ગાય પાસે બેઠેલા વાછરડાની પીઠમાં પોતાના અશુચિથી ખરડાયેલા પગને લુછ્યો. તેથી વાછરડાએ આ પોતાની માતાને કહ્યું. માતાએ મનુષ્યની ભાષામાં કહ્યુંઃ હે વત્સ! આનું આ દુષ્ટ આચરણ કેટલું છે? આ પાપકર્મી આજે પોતાની માતા સાથે ભોગ ભોગવવા તૈયાર થયો છે. પછી ગાયનું વચન સાંભળીને શંકાવાળા થયેલા તેણે જિનમતિના ઘરમાં પ્રવેશ કર્યો. તેણે જ બધો વૃત્તાંત વેશ્યાને પૂછ્યો. તેથી વેશ્યાએ પોતાનો વૃત્તાંત કહ્યો. પછી જિનવલ્લભે કહ્યુંઃ તે તું મારી માતા છે. બીજી બે મારા મિત્રોની માતા છે. આ સાંભળીને તે ભયથી તેના ગળે વળગીને રોવા લાગી. તે પણ જિનમતિના ગળે વળગીને રોવા લાગ્યો. પછી ક્ષણવાર પરસ્પર સુખ દુઃખ પૂછીને જિનવલ્લભે કહ્યુંઃ હે માતા! મેં જરા પણ અકાર્ય કર્યું નથી. પોતપોતાની માતા પાસે ગયેલા મારા તે બે મિત્રોએ કંઈ પણ કર્યું હશે

કે નહિ તે હું જાણતો નથી. તેથી આ જણાવવા માટે જાઉં. આમ કહીને તે ત્યાં ગયો તો તેમણે તેમને ભોગવી હતી. તેથી બંનેને એકાંતમાં બોલાવીને તેણે કહ્યું: તે વખતે ચોરોએ જેમનું અપહરણ કર્યું હતું તે આ ત્રણ આપણી માતાઓ છે. તેથી તે બે અતિશય વિષાદ પામ્યા. જિનવલ્લભે તે બેને સમજાવ્યા કે, વિષયોની અભિલાષાથી નિવૃત્ત નહિ થયેલા જીવોનું આવું થાય છે, માટે આપણે કર્તવ્યમાં તત્પર બનીએ, વિષાદ કરવાથી શું વળવાનું છે. પછી બધાએ ઘણું ધન આપીને પોતાની માતાઓને છોડાવી. પછી પોતાના દેશ તરફ ચાલ્યા. રસ્તામાં પ્રિયમિત્ર અને ધનદત્તના પુત્રોએ પોતાની માતાઓ સાથે વિચાર્યું કે, પોતાના નગરમાં જઈને અમે સ્વજનોને શું ઉત્તર આપશું? તેથી સ્વદેશમાં જવું એ અમારા માટે યોગ્ય નથી. આમ કહીને તેમણે વહાણ બીજી તરફ ચલાવ્યું. પરમ વિષાદને પામેલી તેમની માતાઓએ સમુદ્રમાં ઝંપલાવ્યું. જાણે કલંકથી ભય ન પામ્યા હોય તેમ પ્રાણોએ તેમને છોડી દીધી. જિનવલ્લભ તો પોતાની માતાને લઈને પોતાના નગરમાં આવ્યો. તેના મુખથી જ વૃત્તાંત જાણીને ઘણા લોકોએ અણુવ્રતો લીધાં. જિનવલ્લભ પણ તેવા પ્રકારના (=ગુણસંપન્ન)[1] સ્થવિરની પાસે માતાની સાથે દીક્ષા લઈને વિધિથી પાળીને દેવલોકમાં ગયો. બીજાઓ તો આ પ્રમાણે કહે છે:– બધા જ પોતાની માતા સાથે સ્વનગરમાં આવ્યા. વિશિષ્ટ સંવેગને પામીને પાંચ અણુવ્રતોને ધારણ કરનારા પરમ શ્રાવક થયા. આ પ્રમાણે જાણીને બીજાએ પણ મૈથુનમાં અતિપ્રસંગ ન કરવો જોઈએ, કિંતુ વિરતિ કરવી જોઈએ.

બીજું દૃષ્ટાંત આ પ્રમાણે છે:–

## કુબેરદત્ત અને કુબેરદત્તાનું દૃષ્ટાંત

સૂરસેના દેશમાં મથુરા નગરી હતી. તેમાં અસાધારણ રૂપ અને લાવણ્ય વગેરે ગુણગણરૂપ અલંકારોને ધારણ કરનારી અને સર્વ કલાઓમાં કુશળ કુબેરસેના નામની વેશ્યા હતી. તેને એકવાર કોઈ પણ રીતે ગર્ભ રહ્યો. એથી તેને ઘણી શરીરપીડા થઈ. તેણે આ પીડા વૈદ્યને કહી. વૈદ્યે કહ્યું: ગર્ભયુગલનો આ દોષ છે, રોગનો દોષ નથી. તેથી તેની માતાઓ (=વેશ્યાઓ ઉપર સત્તા ચલાવનારી સ્ત્રી)એ કહ્યું: હે વત્સે! પ્રસૂતિ સમયે તને ઘણી પીડા થશે, માટે ઔષધ વગેરેથી આ ગર્ભને ગાળી નાખ. તેણે કહ્યું: જાણકાર કોણ આવા અતિભયંકર પાપને સ્વીકારે? આથી આ ગર્ભ આ પ્રમાણે જ ભલે રહે, જે થવાનું હોય તે થાય. પછી કાલક્રમે તેણે એકપુત્ર અને એકપુત્રીને જન્મ આપ્યો. માતાએ કહ્યું: આ બેનો ત્યાગ કર. કુબેરસેનાએ કહ્યું: હે માતા! દશ રાત્રિ સુધી પાળીને

૧. સ્થવિરના વય, પર્યાય અને શ્રુતથી ત્રણ ભેદ છે. ૬૦ વર્ષથી અધિક વયવાળા વયસ્થવિર છે. ૨૦ વર્ષથી અધિક દીક્ષા પર્યાયવાળા પર્યાયસ્થવિર છે. સમવાયાંગ સુધી શ્રુતજ્ઞાન ધરાવનારા શ્રુતસ્થવિર છે.

તજી દઈશ. માતાએ તેનો સ્વીકાર કર્યો. પછી તેમના કુબેરદત્ત અને કુબેરદત્તા એ પ્રમાણે નામ રાખ્યા. એમના નામથી અંકિત બે [1]વીંટીઓ બનાવીને તેમના જ ગળામાં બાંધી. સુવ્યવસ્થિત દિવ્યપેટી કરાવી. તેમાં દશમા દિવસે તે બે બાળકોને મૂકીને યમુનામાં વહેતા કર્યાં. શૌર્યપુર નિવાસી મહેશ્વરદત્ત અને યક્ષદત્ત નામના બે શેઠ સવારે વડીનીતિ કરીને યમુનાના કિનારે જ શુદ્ધિ કરી રહ્યા હતા. આ વખતે તેમણે ચપળ મોજાઓની શ્રેણિથી કિનારાની નજીક વહેતી આવતી પેટી જોઈ. પેટી પોતાની પાસે આવી એટલે લઈ લીધી. પછી ઉઘાડીને જોયું તો પેટીમાં બે બાળકો જોયા. તે બેમાં સમાનરૂપવાળો એક છોકરો હતો અને એક છોકરી હતી. તેથી મહેશ્વરદત્તે કહ્યું: હે યક્ષદત્ત! સુંદર રૂપવાળું આ યુગલ કોઈકનું છે. પણ તેને આ પ્રમાણે જ મૂકી દેવામાં આવે તો તે દુઃખની પરંપરાને કે મરણને પામશે. માટે આ યુગલનું આપણે રક્ષણ કરીએ. તેથી યક્ષદત્તે કહ્યું: જો એમ છે તો પુત્ર મને આપો અને પુત્રીને તમે પોતે જ સ્વીકારો. મહેશ્વરદત્તે એમ થાઓ એમ કહીને કુબેરદત્તાને સ્વયં લીધી અને કુબેરદત્ત તેને આપ્યો. પછી તે બંને પોતાના ઘરે આવ્યા. સમય જતાં તે બંને તેમના ઘરમાં સુખપૂર્વક મોટા થયા. બંનેને એક જ ઉપાધ્યાયની પાસે યથાયોગ્ય કળાનો અભ્યાસ કરાવ્યો. બંનેને પરસ્પર સ્નેહ થયો. ક્રમે કરીને બંને યૌવનને પામ્યા. ઉચિત સમયે તે બે શ્રેષ્ઠીઓએ અતિશય સ્નેહવાળા આ બેનો વિયોગ કોણ કરે? એમ વિચારીને પરસ્પર તે બેના લગ્ન કર્યા.

એકવાર તે બંને જુગારથી વિનોદ કરી રહ્યા હતા. તેમાં કુબેરદત્તાએ પોતાના નામથી અંકિત વીંટી સરકાવી. કુબેરદત્તે તે વીંટીની રચના પોતાની વીંટીના જેવી જ જોઈને વિચાર્યું: અમારા બેની આ બે વીંટીઓ એક સરખી રચનાવાળી કેમ છે? નામ પણ સરખા કેમ લખ્યા છે? વીંટીઓ જુની કેમ છે? અમે બંને કદાચ એક જ કુક્ષિમાં ઉત્પન્ન થયેલા સંતાન તો નહિ હોઈએ ને? બીજું, મને આની ઉપર ક્યારેય પત્નીની બુદ્ધિ થતી નથી. આથી માતા-પિતા પાસે જઈને પૂછું. દેવ-ગુરુના સોગંદ આપવા પૂર્વક માતા-પિતાને પૂછ્યું. તેમણે પેટીની પ્રાપ્તિનો સત્ય વૃત્તાંત કહ્યો. આ જાણીને તેણે કહ્યું: હા! આ સારું ન કર્યું. કુબેરદત્તાને તે વૃત્તાંત કહીને તેના પિતાના ઘરે તેને મૂકી. પછી પોતે વેપાર કરવાના વિચારથી મથુરામાં ગયો. ત્યાં ભવિતવ્યતા વશ તે પોતાની માતા કુબેરસેનાના ઘરે કોઈ પણ રીતે ગયો. તેને જોઈને તેના ઉપર અનુરાગ થયો. આથી ભાડું આપીને તેની જ સાથે વિષયસુખનો અનુભવ કર્યો. ક્રમે કરીને તેને જ પોતાની પત્ની તરીકે રાખી. એક પુત્ર થયો.

---

૧. અહીં **ग्रहणक** શબ્દનો અર્થ મારી સમજમાં આવ્યો ન હોવાથી અનુવાદમાં તેનો અર્થ કર્યો નથી. **ग्रहणक** એ જુગારની રમતમાં વપરાતી કોઈ સંજ્ઞા હોવી જોઈએ.

આ તરફ કુબેરદત્તા તે જ વખતે વૈરાગ્ય પામી. સુવ્રતા નામના ગણિનીની પાસે વિસ્તારથી ધર્મ દેશના સાંભળીને તેને ચારિત્રનો પરિણામ થયો. તેણે ગણિનીને પૂછ્યું: હે ભગવતી! મેં મારા ભાઈમાં પતિબુદ્ધિ કરીને તેની સાથે ચેષ્ટા કરીને જે પાપ ઉપાર્જ્યું છે તેની શુદ્ધિ આપની દીક્ષાથી થાય કે નહિ? ગણિનીએ કહ્યું: હે ભદ્રે! થાય. કારણ કે અમારા આગમમાં કહ્યું છે કે **"સંપૂર્ણ દીક્ષા જ ભવાંતરમાં કરેલાં પાપકર્મોનું પ્રાયશ્ચિત્ત છે=પાપશુદ્ધિનું કારણ છે. આથી પ્રવ્રજ્યારૂપ પ્રાયશ્ચિત્ત આગમોક્ત હોવાથી (પ્રવ્રજ્યાના એક દેશરૂપ) પ્રાયશ્ચિત્તને આગમોક્ત માનવામાં કોઈ દોષ નથી."** (પંચાશક ૧૬ ગા. ૪૮) આ સાંભળીને વધતા શુભ અધ્યવસાયવાળી તેણે કહ્યું: હે ભગવતી! જો એમ છે તો મને જલદી આપની દીક્ષા આપો. ગણિનીએ તેની યોગ્યતાને જાણીને તેને દીક્ષા આપી. બે પ્રકારની શિક્ષાનું જ્ઞાન મેળવ્યું. સમય જતાં છટ્ઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ અને પાંચ ઉપવાસ વગેરે વિશેષ પ્રકારના તપથી શરીરને સુકવી નાખ્યું. બ્રહ્મચર્યની પાંચેય ભાવનાઓનું વિશેષપણે વારંવાર પરાવર્તન કરતા હતા. વિશુદ્ધ બ્રહ્મચર્યની નવગુપ્તિઓના પરિપાલનમાં તત્પર રહેતા હતા. ક્રમે કરીને અધિક અધિક શુભ અધ્યવસાય સ્થાનકોમાં આરૂઢ થઈને અવધિ જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થવાથી અવધિજ્ઞાન પ્રાપ્ત કર્યું. અવધિજ્ઞાનથી માતાની સાથે વિષયોને સેવતા કુબેરદત્તને જોયો. તેથી તેને પ્રતિબોધ કરવા ગણિનીને પૂછીને તે સાધ્વીજી મથુરાપુરી ગયા. તેના ઘરના એક ભાગમાં જ અવગ્રહની યાચના કરીને રહ્યા. ક્યારેક માતા-પિતાની સમક્ષ તે બાળકને લઈને આ પ્રમાણે બોલતા હતા:- હે વત્સ! તું મારો પુત્ર છે, ભાઈ છે, ભત્રીજો છે અને દિયર છે. તારો પિતા મારો ભાઈ છે, પિતા છે, પતિ છે, અને સસરો છે. તારી માતા પણ મારી માતા છે, સાસુ છે, શોક્ય છે અને ભાભી છે. આ પ્રમાણે વિરુદ્ધવચનો બોલીને બાળકને રમાડતા હતા. તેથી કુબેરદત્તે કહ્યું:

હે આર્યા! આ પ્રમાણે સંબંધ વિનાનું કેમ બોલો છો? સાધ્વીજીએ કહ્યું: હે મહાનુભાવ! હું સંબંધ વગરનું બોલતી નથી. જો તને કૌતુક થતું હોય તો ક્ષણવાર સાવધાન થઈને સાંભળ. પછી જન્મથી માંડી બધો જ વૃત્તાંત કહ્યો. આ જાણીને કુબેરદત્તે વિચાર્યું: અહો! અજ્ઞાન ભયંકર છે, જેથી તેને વશ બનીને મેં આ અકાર્ય આચર્યું. આ પ્રમાણે વિચારીને પરમસંવેગને પામેલા અને કામ-ભોગોથી વિરક્ત બનેલા તેણે દીક્ષા લીધી. કુબેરસેના પણ ત્યારથી બ્રહ્મચર્યના પાલનમાં તત્પર વિશિષ્ટ શ્રાવિકા થઈ. આ પ્રમાણે અબ્રહ્મની નિવૃત્તિ ન કરવાથી થતા દોષોને જાણીને બ્રહ્મચર્યની નિવૃત્તિમાં પ્રયત્ન કરવો જોઈએ.

બીજું દૃષ્ટાંત પૂર્ણ થયું. હવે ત્રીજું વણિકપુત્રીનું દૃષ્ટાંત કહેવામાં આવે છે:-

## વણિકપુત્રીનું દૃષ્ટાંત (પહેલું)

મનોહર હસ્તિનાગપુરમાં મહેશ્વર નામનો સાર્થવાહ હતો. તેની વસુમતી નામે પત્ની હતી. તે એકવાર ગર્ભવતી બની. સાર્થવાહ તેને ત્યાં જ મૂકીને પોતે વેપાર માટે અન્ય દેશમાં ગયો. ત્યારબાદ સમય જતાં વસુમતીએ પુત્રીને જન્મ આપ્યો. દિવસો જતાં કન્યા મોટી થઈ. પણ તેનો પિતા ન આવ્યો. વસુમતીએ એને જણાવ્યું કે તમારી પુત્રી વિવાહને યોગ્ય થઈ ગઈ છે. તેણે વસુમતીને સંદેશો મોકલ્યો કે તું કન્યાને પરણાવી દે. કારણ કે મને અહીં જ કેટલાક દિવસો લાગશે. વસુમતીએ મથુરાપુરીમાં પુત્રીને પરણાવી. ભવિતવ્યતા વશ સમય જતાં એકવાર સાર્થવાહ મથુરાપુરીમાં આવ્યો અને જમાઈના ઘરે જ રહ્યો. પણ તેને સંબંધની ખબર ન પડી. ત્યાં એ રહ્યો એ દરમિયાન ચોમાસું આવી ગયું. કેટલાક દિવસો સુધી પુત્રીની સાથે વાતો વગેરે કરતાં પુત્રી સાથે તેનો (શારીરિક) સંબંધ થયો. કારણ કે તેને પરસ્ત્રીગમનનો નિયમ ન હતો. વર્ષાઋતુ પૂર્ણ થતાં તે પોતાના ઘરે ગયો. અવસરે તેણે પત્નીને પૂછ્યુંઃ તેં પુત્રીને ક્યાં આપી છે? તેણે તુરત કહ્યુંઃ મથુરાનગરીમાં આપી છે. તેથી તેણે પુત્રીને બોલાવી=તેડાવી. તેણે પુત્રીને જોઈ. આ તો મારાથી ભોગવાયેલી છે એમ જાણીને તે વિલખો પડી ગયો. પુત્રીએ પણ પોતાને ભોગવનારા પિતાને જાણીને, લજ્જાથી અંદર પ્રવેશીને, જલદી ગળે ફાંસો બાંધીને પ્રાણનો ત્યાગ કર્યો. ગાઢ પશ્ચાત્તાપરૂપ અગ્નિજ્વાલાઓની શ્રેણિને સ્પર્શેલા મનવાળા તેના પિતાએ આચાર્યની પાસે જલદી દીક્ષા લીધી.

અથવા બીજું વણિકપુત્રીનું દૃષ્ટાંત બતાવવામાં આવે છેઃ–

## વણિકપુત્રીનું દૃષ્ટાંત (બીજું)

એક ગામમાં દેવાનંદ નામનો વણિક રહેતો હતો. તેની ગુણવતી નામની પત્ની હતી. તેની સુંદરી નામની પુત્રી હતી. તેને અન્ય ગામમાં રહેતો યશોનંદ નામનો કુલપુત્ર[1] પરણ્યો. ક્રમે કરીને એને નંદ નામનો પુત્ર થયો. તે મોટો થયો, અને યૌવનને પામ્યો. માતા–પિતાએ તેને પરણાવ્યો. જીવલોક મરણ અંતવાળું હોવાથી, અર્થાત્ બધા જીવોનું અંતે મરણ થતું હોવાથી, એકવાર તેનો પિતા યશોનંદ મરણ પામ્યો. તેની માતા સુંદરી દુરાચારવાળી બની. તેની પત્નીએ આ જાણીને તેને કહ્યું કે તમારી માતા સારી નથી. પણ નંદ પત્નીનું કહ્યું માનતો નથી. એકવાર તે સુંદરીએ કોઈ વ્યભિચારી પુરુષને રાત્રે દેવકુલમાં આવવાનો સંકેત આપ્યો હતો, આથી તે રાતે દેવકુલમાં તેના જ આગમનની રાહ જોતી રહેલી હતી. આ વખતે તેનો પુત્ર નંદ પણ

---

૧. વંશરક્ષક પુત્રને કુલપુત્ર કહેવામાં આવે છે, અથવા કુલપુત્ર એટલે કુલીન (=સારા આચાર–વિચારવાળો) પુત્ર.

કોઇક વ્યભિચારી જેવા પુરુષોની સાથે તે જ દેવમંદિરના દરવાજા પાસે આવ્યો. તે પુરુષો કોઈ પણ રીતે અંદર ગયા. તેને એકલીને જોઇને તાંબૂલ વગેરે આપવાપૂર્વક તેની પાસે ભોગની માંગણી કરી. બધા ય ક્રમશઃ તેની સાથે ભોગ ભોગવીને કેટલીક વાર પછી બહાર નીકળ્યા. પછી નંદનેજ અંદર મોકલ્યો. તેણે પણ ઘોર અંધકારમાં તેને ઓળખી ન શકવાથી તેની સાથે ઘણા સમય સુધી વિષયચેષ્ટા કરી. પછી કોઈ પણ રીતે પોતાના વસ્ત્રની બુદ્ધિથી માતાનું જ વસ્ત્ર પહેરીને નીકળી ગયો. પોતાના ઘરે આવ્યો. પ્રભાત થતાં તેના શરીરે પોતાની માતાનું વસ્ત્ર પહેરેલું જોઇને તેની પત્નીએ તેને પૂછયું અને ઠપકો આપ્યો કે, હે પાપી ! આ શું આશ્ચર્ય ? શું રાતે ક્યાંય પણ માતાની સાથે જ નથી રહ્યા ? નહિ તો વસ્ત્રની બદલી ન થાય. આ સાંભળીને તેણે પણ ઉપયોગ મૂકચો, આ સાચું છે એમ જાણ્યું. ગાઢ પશ્ચાત્તાપરૂપી અગ્નિથી બળતા મનવાળા અને કામ-ભોગથી વિરક્ત બનેલા તેણે તેવા પ્રકારના (=ગુણસંપન્ન) આચાર્યની પાસે દીક્ષા લીધી. સર્વ કથાઓનો ભાવાર્થ પરદારાથી અનિવૃત્તપરિણામવાળા જીવોને આ પ્રમાણે આ ભવમાં જ અનર્થો-થાય છે, એ પ્રમાણે વિચારીને વિવેકી જીવોએ તેનાથી નિવૃત્ત થઈને જ રહેવું જોઇએ એવો ઉપદેશ આપે છે. [૫૧]

દોષદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે ક્રમથી આવેલું ગુણદ્વાર કહેવાય છેઃ-

**परपुरिसवज्जणाओ, इह परलोए य लहइ कल्लाणं ।**
**एत्थ सुभद्दा सीया, महासई दोण्णि दिट्ठंता ॥ ५२ ॥**

**ગાથાર્થ**:- રાગબુદ્ધિથી પરપુરુષનો ત્યાગ કરવાથી સ્ત્રી આલોક અને પરલોકમાં કલ્યાણને પામે છે. આ વિષયમાં મહાસતી સુભદ્રા અને મહાસતી સીતા એ બેનાં દૃષ્ટાંતો છે.

**ટીકાર્થ**:- આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો બે કથાઓથી જાણવો. તે બે કથાઓ આ છેઃ-

## સુભદ્રાનું દૃષ્ટાંત

આ જ ભરતક્ષેત્રના દક્ષિણાર્ધમાં મધ્યખંડના અલંકારરૂપ અંગ નામનો દેશ છે. ત્યાં ચંપા નામની નગરી જિતશત્રુ રાજાની રાજધાની છે. તેમાં જિનદત્ત નામનો શ્રાવક રહેતો હતો. તે જિને કહેલા જીવાદિ સર્વ તત્ત્વોનો જ્ઞાતા હતો. તેના આત્મામાં જિન-શાસન સંબંધી પ્રેમરૂપ અનુરાગ [૧]અસ્થિમજ્જાની જેમ એક સ્વરૂપ થઈ ગયો હતો. આથી તે દેવ વગેરેથી પણ જિનશાસનથી ચલિત ન કરી શકાય તેવા સત્ત્વવાળો હતો.

---

૧. अस्थीनि च-कीकसानि मिञ्जा च-तन्मध्यवर्ती धातुरस्थिमिञ्जास्ताः प्रेमानुरागेण-सर्वज्ञप्रवचनप्रीतिरूपकुसुम्भादिरागेण रक्ता इव रक्ता येषां ते तथा, अथवाऽस्थिमिञ्जासु जिनशासनगतप्रेमानुरागेण रक्ता ये ते तथा (ભ. શ. ૨ ઉ. ૫)

ગરીબ અને અનાથ વગેરેને આપવા યોગ્ય તથા ઉપભોગ કરવા યોગ્ય ઘણું ધન તેણે મેળવ્યું હતું. તેને સમાનરૂપ વગેરે ગુણોથી યુક્ત અને દયા–દાન વગેરે વિશિષ્ટ ધર્મના અનુષ્ઠાનોથી શોભતી જિનદાસી નામની પત્ની હતી. ભવાંતરમાં ઉપાર્જન કરેલા પુણ્યના ઉદય પ્રમાણે આલોકનાં પાંચ પ્રકારનાં વિષયસુખોને અનુભવતા અને નિર્વિઘ્નપણે ધર્મ-માર્ગમાં ચાલતા તેમને કાલક્રમે જેના ભવિષ્યનાં સર્વ કલ્યાણો નજીકમાં છે તેવી સુભદ્રા નામની કન્યા થઈ. શુક્લપક્ષના એકમની ચંદ્રકળાઓની જેમ તેના શરીરના સર્વ અંગો પ્રતિદિન વધી રહ્યા હતા. તેણે ઉચ્ચકલાઓનો અભ્યાસ કર્યો હતો. યૌવનને પામેલી તેને ક્યારેક કારણવશાત્ ત્યાં જ આવેલા બૌદ્ધસાધુઓના ઉપાસકના પુત્ર બુદ્ધદાસે જોઈ. વિસ્મયથી વિકસિત બનેલી આંખોથી તેને લાંબા કાળ સુધી જોઈને તે તેના વિષે ગાઢ અનુરાગવાળો થયો. ઘરે જઈને સુભદ્રાને પરણવાની બુદ્ધિથી જિનદત્તની પાસે પોતાના સેવકોને મોકલ્યા. જિનદત્તે પણ ઉચિત આદરથી તેમનું સન્માન કર્યું. પછી આવવાનું કારણ પૂછ્યું. તેમણે બધું કહ્યું. તેથી જિનદત્તે કહ્યું: આ ઉચિત જ છે. પણ એ અન્ય-ધર્મી છે, માટે મારી પુત્રી એને હું નથી આપતો. તેથી તેમણે જઈને બુદ્ધદાસને શેઠનું વચન કહ્યું. સુભદ્રાના અનુરાગથી વિહ્વલમનવાળા તેણે વિચાર્યું: હું આને કેવી રીતે મેળવી શકું? હા જાણ્યું, કપટથી શ્રાવકપણું કરું, તેમના આચારોને શીખું, આ પ્રમાણે વિચારીને તે સાધુ પાસે ગયો. વંદન કરીને કહ્યું: હે સાધુઓ! હું ભવભયથી કંટાળી ગયો છું, આથી આપના શરણે આવ્યો છું. આથી આપ સ્વધર્મની રક્ષાથી મારી રક્ષા કરો, રક્ષા કરો. સાધુઓએ પણ તેના ભાવને જાણ્યા વિના સાધુધર્મ કહ્યો, તેણે કહ્યું: હું આ ધર્મને કરવા સમર્થ નથી. માટે મને ગૃહસ્થપણાને યોગ્ય જ કોઈ પણ ધર્મનું સ્વરૂપ કહો. તેથી સાધુઓએ તેને શ્રાવકધર્મનો ઉપદેશ આપ્યો. તેણે પહેલાં દંભવૃત્તિથી શ્રાવક-ધર્મ સ્વીકાર્યો. પણ પછી નિરંતર (જિનવાણીના) શ્રવણથી ભાવથી ધર્મ સ્વીકાર્યો. તેણે ગુરુને કહ્યું: (અત્યાર સુધી) મેં આ ધર્મ કન્યા મેળવવા માટે જ કર્યો, પણ હવે યથોક્ત ધર્મ ભાવથી પણ મેં સ્વીકાર્યો છે. પછી તે પાંચ અણુવ્રત અને [1]સાત શિક્ષાવ્રત રૂપ ધર્મને ગુરુ પાસે સ્વીકારીને વિશિષ્ટ શ્રાવક થયો. તેણે જિનમંદિરોમાં સતત સ્નાત્ર-રૂપ યાત્રા વગેરે મહોત્સવોની પરંપરા કરાવી. અચિત્ત અને નિર્દોષ આહાર વગેરેથી જૈન સાધુસમુદાયની ભક્તિ કરી. બીજા પણ સાધર્મિક વાત્સલ્ય વગેરે ધર્મકાર્યોમાં પ્રસંગને અનુરૂપ પ્રવૃત્તિ કરતો હતો. તેથી જિનદત્તે પણ કાલક્રમથી તેને ભાવથી શ્રાવકધર્મ પરિણમ્યો છે એમ જાણીને પોતાની કન્યા આપી. (જ્યોતિષ પ્રમાણે) જેમાં લગ્ન વગેરે વિશિષ્ટ હોય તેવા સમયે મહાન આડંબરથી લગ્ન કરાવ્યાં. પછી સુભદ્રાની સાથે સદ્-ભાવપૂર્વક કામ–ભોગના સુખને અનુભવતો તે કેટલાક દિવસ ત્યાં જ રહ્યો. એકવાર

---

૧. સામાન્યથી ચાર શિક્ષાવ્રત અને ત્રણ ગુણવ્રત એમ પ્રસિદ્ધ છે.

જમાઈએ સસરાને એકાંતમાં કહ્યું: હે પિતાજી! આ સ્વપુત્રીને રજા આપો, જેથી એ સસરાના ઘરે આવે. જિનદત્તે કહ્યું: હે પુત્ર! કુલીન સ્ત્રીઓને સસરાના ઘરે રહેવું એ યોગ્ય છે. પણ જીવોને મિથ્યાત્વનો વિકાર અતિપ્રબળ હોય છે. ધતૂરો ખાધેલા માણસની જેમ મિથ્યાત્વથી બેભાન બનેલા જીવો કૃત્ય–અકૃત્યના વિભાગને જાણતા નથી, બોલવા યોગ્ય અને ન બોલવા યોગ્યના સ્વરૂપને જાણતા નથી, સ્વ-પરના ગુણ-દોષના નિમિત્તોને વિચારતા નથી, તેથી ગમે તેમ પરપરિવાદમાં પ્રવર્તે છે, ખોટી અનેક આળ આપે છે, સજ્જનોના પ્રગટ પણ ઉત્તમશીલ વગેરે ગુણસમૂહને ઢાંકે છે, આમ હોવાથી ગાઢ મિથ્યાત્વથી ઘેરાયેલ સ્વભાવવાળા આપના પિતા વગેરે લોકની સાથે મારી પુત્રી રહે એ દુઃખરૂપ છે એમ હું સંભાવના કરું છું. તેણે કહ્યું: હે પિતાજી! હું એને અલગ સ્થાનમાં સુખપૂર્વક રાખીશ, માટે તમે ચિંતા ન કરો. તેથી સસરાએ કહ્યું: જો એમ હોય તો તમારી ઈચ્છા પ્રમાણે કરો. પણ કષાયરૂપ રાક્ષસોથી આત્માને બચાવવો, ઘણી કાળજીથી જિનધર્મની પ્રાપ્તિરૂપ ધનનું રક્ષણ કરવું. કારણ કે આ સંસારમાં જૈનધર્મ અત્યંત દુર્લભ છે. તે આ પ્રમાણે:— હે પુત્ર! જેનાથી મોટા માણસોથી પૂજ્ય બની શકાય તેવી સુંદર રાજ્યરૂપ સંપત્તિઓ અનેકવાર મળે છે, જેમાં ઇચ્છાપ્રમાણે આશાઓ પૂરી થાય તેવા વૈમાનિક વગેરે દેવનાં સ્થાનો અનેકવાર મળે છે, પણ વિશિષ્ટ સ્વર્ગ અને મોક્ષના સંબંધનું કારણ આ જિનેશ્વરોએ કહેલો મહાધર્મ મળતો નથી. આ પ્રમાણે બુદ્ધદાસને શિખામણ આપી. પછી પોતાની પુત્રીને બોલાવીને કહ્યું: હે પુત્રિ! હવે તારે સસરાના ઘરે જવું જોઈએ. ત્યાં તારા સસરાના ઘરના માણસો ગાઢ મિથ્યાત્વવાળા છે. તેથી તે તે રીતે વર્તવું કે જેથી શાસનની મલિનતા ન થાય, જૈન ધર્મ હાંસીને પાત્ર ન બને, આ તારો પતિ મિથ્યાત્વનો સ્વીકાર ન કરે. આ પ્રમાણે શિખામણ આપીને બંનેને ઉચિત આદર કરવાપૂર્વક રજા આપી. સ્વસ્થાને ગયેલા બુદ્ધદાસે સુભદ્રાને અલગ સ્થાનમાં રાખી. સુભદ્રા દરરોજ જિનમંદિરે જવું, પૂજા કરવી, ચૈત્યવંદન કરવું, સાધુઓની સેવા કરવી, સાધુઓને વહોરાવવું, સ્વાધ્યાય કરવો, ધર્મધ્યાન કરવું, ઇત્યાદિ ધાર્મિક પ્રવૃત્તિમાં પરાયણ રહેતી હતી. 'કુલીન સ્ત્રીઓ પતિને દેવસમાન માને છે' એવા નીતિવાક્યને યાદ કરીને અતિશય આંતરિક પ્રીતિથી સર્વસ્થાનોમાં પતિના ચિત્તને અનુસરતી હતી. આ પ્રમાણે તેણે કેટલાક દિવસો પસાર કર્યા. પછી ધર્મભેદના કારણે ઈર્ષ્યાથી તેનો સાસુ અને જેઠાણી વગેરે સ્વજનવર્ગ તેના પતિને કહેવા લાગ્યો: આ તારી પત્ની સુશીલ નથી, કારણ કે દેવવંદનના બહાને જિનમંદિરોમાં જઇને શ્વેતવસ્ત્રધારી સાધુઓની સાથે ઘણા વખત સુધી વાતો વગેરે કરતી રહે છે. તે સાધુઓ પણ ભિક્ષાના બહાને એના ઘરે સતત આવે છે અને ઘણા વખત સુધી રહે છે. નિર્મલશીલથી શોભનારાઓને આ અતિસંબંધ યોગ્ય નથી. સ્વકુલના ક્રમથી આવેલ બૌદ્ધધર્મને છોડીને પત્નીને અનુસરીને શ્વેતામ્બર ધર્મના શરણે ગયેલો તું પણ મૂઢ છે. આ સાંભળીને તેમના વચનને અસત્ય માનતો તે બોલ્યો: કદાચ

મેરુપર્વતનું શિખર ચલિત બને, કદાચ પાણીમાં પણ સતત અગ્નિ બળે, પણ મહાસતી એવી આનો શીલનાશ અસંભવિત છે. જેઓ ભવથી અત્યંત ભય પામેલા છે અને પાંચમહાવ્રતોનું પાલન કરે છે તે શ્વેતવસ્ત્રધારી સાધુઓનું પણ શીલ (શુદ્ધ) ન હોય તો બીજા કોનું શીલ (શુદ્ધ) હોય? દેવમંદિરમાં (=દેવમંદિરની પાસે મંડપમાં) ઘણો વખત આ રહે છે તેથી પણ ઠપકાને પાત્ર નથી. કારણ કે સાધુઓ ત્યાં વ્યાખ્યાન કરે છે અને તે સાંભળે છે. જેમના પાપસમૂહનો નાશ થઈ ગયો છે તેવા આ સાધુઓ ભિક્ષા માટે રોજ ઘરે આવે છે એ પણ મારા પોતાના ઉપર અનુગ્રહ થાય એવી ઇચ્છાથી મેં જ તેમને નિત્ય આવવાનું કહ્યું છે માટે આવે છે. જૈન ધર્મનો સ્વીકાર પણ મેં પત્નીના અનુસરણથી નથી કર્યો, કિંતુ જૈનધર્મની કષ, છેદ અને તાપથી શુદ્ધિ જોઈને કર્યો છે. ઈત્યાદિ વચનોથી નિરુત્તર કરાયેલ સ્વજનવર્ગ વિલખો થઈને (શાંત) રહ્યો. પણ તેનાં છિદ્રો શોધવામાં તત્પર થયો. એકવાર એક તપસ્વી માસખમણના પારણે તેના ઘરે આવ્યા. તેમની આંખમાં પવનથી ઉડીને એક નાનું તણખલું પડી ગયું. તે મુનિ અપ્રતિકર્મ શરીરવાળા હતા, એટલે કે જાતે શરીરની કોઈ પણ પ્રતિકૂળતાને દૂર ન કરવાના નિયમવાળા હતા. આથી મુનિએ તે તણખલું જાતે કાઢયું નહિ. અતિશય ભક્તિથી તેમને ભિક્ષા આપવા માટે ઊભી થયેલી સુભદ્રાએ મુનિની એક આંખ પાણીના પ્રવાહથી ભિની થયેલી જોઈ. પછી સૂક્ષ્મદૃષ્ટિથી જોતી તેણે આંખના એક ભાગમાં તણખલું લાગેલું જોયું. આ તણખલું અપ્રતિકર્મ શરીરવાળા મુનિની આંખના નાશ માટે ન થાઓ એમ વિચારીને જીભના અગ્રભાગથી તેને દૂર કર્યું. આ વખતે તેના કપાળમાં રહેલ તિલક મુનિના કપાળમાં લાગી ગયું. ઉપયોગ ન રહેવાથી સુભદ્રાએ તે જોયું નહિ. તેની સાસુ અને નણંદે બહાર નીકળેલા સાધુના લલાટપ્રદેશને તિલકથી વિભૂષિત જોયો. તેથી બુદ્ધદાસને બોલાવીને તે મુનિ બતાવીને કહ્યું: હવે શું ઉત્તર આપીશ? તેથી તેણે વિચાર્યું: જે ન સંભવે એવું આ શું જોવામાં આવે છે? અથવા એવું કોઈ કાર્ય નથી કે જે સંસારમાં ન સંભવે. આથી જ નીતિશાસ્ત્રમાં પણ કહ્યું છે કે **"માતા, બહેન અને પુત્રીની સાથે પણ એકાંતમાં ન રહેવું. કારણ કે ઇંદ્રિયસમૂહ બલવાન છે. એકાંતમાં પંડિત પણ મુંઝાઈ જાય."** તેથી શું અસંભવિત છે? આવી વિચારણાથી સુભદ્રા ઉપર તેનો રાગ ઘટી ગયો અને તે ધર્મથી થોડો વિપરિણામવાળો બની ગયો, અર્થાત્ જૈનધર્મ પ્રત્યે શ્રદ્ધા થોડી ઢીલી થઈ. આ વિષયની સુભદ્રાને કોઈ પણ રીતે ખબર પડી ગઈ. તેણે વિચાર્યું: આ સારું ન થયું. કારણ કે મારા નિમિત્તે ભગવાનના શાસનની મલિનતા થઈ. તેથી આ મલિનતા કેવી રીતે દૂર કરવી? આ મલિનતાને દૂર કર્યા વિના મને જીંદગી સુધી ધીરજ–શાંતિ નહિ રહે. તેથી આગાર સહિત અનશન કરીને શાસનદેવતાને પ્રસન્ન કરવા કાયોત્સર્ગ કરું. આમ વિચારીને તેણે ઉપવાસ કર્યો, સાંજે જિનપ્રતિમાની વિશિષ્ટ પૂજા કરી. પછી શાસનદેવતાની આરાધના

માટે કાયોત્સર્ગમાં રહી. મનમાં અભિગ્રહ કર્યો કે જ્યાં સુધી મારું આ વાંછિત કાર્ય નહિ થાય ત્યાં સુધી હું કાયોત્સર્ગ નહિ પારું, અને મેં આ જ છેલ્લો અનશનવિધિ સ્વીકાર્યો છે. તેણે આ પ્રમાણે નિશ્ચય કરીને કેટલીક રાત પસાર કરી તેવામાં તેના દૃઢ સત્ત્વથી શાસનદેવી પ્રસન્ન થઈ. સ્વશરીરની પ્રભાના સમૂહથી દશેય દિશાઓને પ્રકાશિત કરતી અને હે શ્રાવિકા! તારું શું પ્રિય કરું એમ બોલતી ત્યાં આવી. તેથી સુભદ્રાએ કાયોત્સર્ગ પારીને વિનંતિ કરી: જો તમે જિનશાસનના સાચા ભક્ત હો તો મારા ઉપર તેવી કૃપા કરો કે જેથી નિષ્કારણ થયેલ જિનશાસનનો અપવાદ દૂર થાય. દેવીએ કહ્યું: હે શ્રાવિકા! આ વિષયમાં તું ચિત્તમાં ખેદ ન કર. હું તેમ કરું છું કે જેથી સવારે જ શાસનની ઉન્નતિ થાય. આજે સવારે ચંપાપુરીની ચારે ય પોળો જ્યાં સુધી તું ચાલણીમાં રાખેલું પાણી છાંટશે નહિ ત્યાં સુધી નહિ ઉઘડે. બીજી સ્ત્રીઓ ન જાય ત્યાં સુધી તારે જવું નહિ. આમ કહીને દેવી અદૃશ્ય થઈ ગઈ. સુભદ્રાએ સ્વાધ્યાયના વિનોદથી બાકીની રાત્રિ પસાર કરી. યોગ્ય સમયે પોળના દ્વારપાળો ઉઠીને પોળોને ઉઘાડવા લાગ્યા, પણ ઉઘડી નહિ. ઘણા માણસો ભેગા થયા. પરંપરાએ જિતશત્રુ રાજાએ જાણ્યું. જિતશત્રુ રાજા જાતે ત્યાં આવ્યો. તે પણ પોળોને કોઇપણ રીતે ઉઘાડી શક્યો નહિ. તેથી રાજાએ હાથમાં ધૂપધાણું લઇને સુગંધિ પુષ્પ, ફલ અને વિલેપન આદિથી મિશ્ર બલિ ચારે બાજુ નાખ્યો. પછી બધા માણસોની સાથે ઉદ્‌ઘોષણા કરી કે, અહીં જે કોઈ દેવ કે દાનવ હોય તે આ પ્રમાણે તમારો આદર અને પ્રણામ કરવામાં તત્પર બનેલા સઘળા લોકો ઉપર કૃપા કરીને તે પ્રમાણે કરો કે જેથી પોળો ઉઘડે અને મનુષ્ય-પશુઓ વગેરેનો સમુદાય સ્વેચ્છા મુજબ ફરી શકે. તેથી આકાશમંડલમાં રહેલી શાસનદેવીએ નગરની ઉપર રહીને કહ્યું: જો કોઈ મહાસતી ચાલણીમાં રાખેલું પાણી દરવાજાઓ ઉપર ત્રણવાર છાંટશે તો પોળો ઉઘડી જશે. તેથી બધાય માણસોએ પોત-પોતાની પત્ની પાસે આ કામ કરાવ્યું. પણ કોઈની ચાલણીમાં પાણી રહ્યું નહિ. તેથી ત્યાં કોલાહલમાં ઘણી સ્ત્રીઓ વ્યાકુળ બની ગઈ ત્યારે સુભદ્રાએ સસરા વગેરે માણસોને કહ્યું: જો તમારી રજા હોય તો હું પણ મારી પરીક્ષા કરું. તેથી સાસુ અને નણંદ વગેરેએ કહ્યું: મુંગી રહે, તારું મહાસતીપણું જોઈ લીધું છે. બુદ્ધદાસે કહ્યું: શો દોષ છે? જો નહિ ઉઘાડે તો પણ બીજી સ્ત્રીઓની સમાન થશે. પછી પતિની અનુજ્ઞાથી સુભદ્રાએ ત્રણ વાર નમસ્કાર મહામંત્ર ગણીને ચાલણીને હાથમાં રાખીને તેમાં પાણી નાખ્યું. પાણી ચાલણીમાં રહ્યું. તેથી નગરીના સર્વ લોકોથી પરિવરેલી તે પરમ આનંદથી ભરેલા સ્વપતિની સાથે આગળ વાગી રહેલા અનેક ગંભીર વાજિંત્રોથી સહિત પૂર્વદિશાની પોળમાં આવી. આ વખતે અસંભવિત જલથી પરિપૂર્ણ ચાલણી મહાસતીના હાથમાં જોઇને રાજા સ્વયં ઊભો થયો, સામે આવ્યો, અંજલિ જોડી બોલ્યો: હે મહાસતી! આવો, આવો. પોળ ઉઘાડીને આ લોકોને બંધનથી મુક્ત કરો. સુભદ્રાએ નમસ્કાર

મંત્ર ગણીને ચાલણીનું પાણી ત્રણ વાર દરવાજા ઉપર છાંટીને તુરત જ ચીત્કાર અવાજથી દિશાઓના મધ્ય ભાગોને બહેરા બનાવી દેનારા દરવાજાને ઉઘાડી નાખ્યા. કૌતુકથી ત્યાં આવેલા સિદ્ધ, ગાંધર્વ વગેરે અનેક લોકોએ તેના ઉપર પાંચ વર્ણનાં પુષ્પોની વૃષ્ટિ કરી. આકાશના ચોકમાં રહેલા દેવસમૂહે ઉદ્‌ઘોષણા કરી કે, અહો! મહાસતીનું શીલ-માહાત્મ્ય! તે જૈનશાસન જય પામો કે જેમાં રહેલી અબળાઓનું પણ ચરિત્ર આ પ્રમાણે સુર, અસુર અને મનુષ્યોના સમૂહને આશ્ચર્યયુક્ત કરે છે. રાજા અને નગરીના બધા લોકો આનંદ પામ્યા. રાજાએ વિચાર્યું: હું બધી રીતે ધન્ય છું કે જેની નગરીમાં આવી મહાસતીઓ છે. ખુશ થયેલો રાજા સુભદ્રાને સર્વ અંગોનાં આભૂષણો અને વસ્ત્રો આપીને દક્ષિણદિશાની પોળમાં લઈ ગયો. તેને ઉઘાડીને પશ્ચિમની પોળને ઉઘાડી. પછી રાજા તેને ઉત્તરની પોળમાં લઈ ગયો. ત્યાં "મારા જેવી બીજી મહાસતી જે હોય તે આને ઉઘાડશે." એમ કહીને ઊભી રહી. આજે પણ ચંપાનગરીમાં ઉત્તરની પોળ તે જ પ્રમાણે બંધ રહેલી છે એવી લોકોક્તિ છે. પછી તે જિનમંદિરે ગઈ. નગરનો લોકસમૂહ[1] અને રાજા તેની પાછળ ચાલી રહ્યો હતો, સ્વજન અને પરિજન વગેરે તેની પ્રશંસા કરી રહ્યા હતા, ભાટચારણો વગેરે તેની સ્તુતિ કરી રહ્યા હતા, નારીલોક મંગલ ગીતો ગાઈ રહ્યો હતો, આ રીતે તે જિનમંદિરે ગઈ. ત્યાં ભાવપૂર્વક જિનબિંબની પૂજા કરી. પછી ગુરુની પાસે ગઈ. દ્વાદશાવર્ત વંદનથી તેમની વિનયરૂપ સેવા કરી. પછી ત્યાંજ સમસ્ત સંઘને વંદન કર્યું. પછી ગરીબ વગેરેને મહાદાન આપતી અને સ્થાને સ્થાને આ જિનશાસનનો પ્રભાવ છે એવી પ્રસિદ્ધિ કરતી કરતી પોતાના ઘરે આવી. હર્ષ અને સંતોષને પામેલા રાજા વગેરે લોકો તેના ચરણયુગલને નમીને પોતાના સ્થાનોમાં ગયા. પણ સાસુ અને નણંદ વગેરેના મુખ ઉપર શાહીનો કૂચડો જ ફેરવ્યો, અર્થાત્ એમનું મોઢું પડી ગયું. તેના પતિએ પણ આવીને કહ્યું: દેવ અને મનુષ્યોથી આરાધ્ય હે મહાસતી! અસહિષ્ણુ લોકોનાં વચનોથી મેં તારો જે પરાભવ કર્યો તે બધાની તું ક્ષમા કર. તારામાં જેવો નિર્મલશીલથી યુક્ત સમ્યક્ત્વ ગુણ છે તેવો અન્ય નારીલોકમાં ક્યાંથી હોય? તું સાચે જ સુભદ્રા=સારા કલ્યાણવાળી છે. સુવિશુદ્ધ શીલથી શોભતી હે સુભદ્રા! તેં કેવલ શાસનની જ ઉન્નતિ કરી છે એમ નથી, તેં મને પણ ધર્મમાં સ્થિર કર્યો છે. બુદ્ધદાસે આ પ્રમાણે કહ્યું એટલે સુભદ્રાએ કહ્યું: હે નાથ! મારા પિતાએ જે કહ્યું હતું તેને યાદ કરો, ચંચલ હૃદયવાળા ન બનો. લોકોથી સારી રીતે સેવા કરવા યોગ્ય અને ધર્મમાં તત્પર સુભદ્રાએ આ પ્રમાણે પતિના ચિત્તને સ્થિર કરીને પોતાના પતિની

---

૧. **પ્રવાદ** શબ્દના પરંપરાથી આવેલ વાક્ય, કહેવત, લોકોમાં પ્રસિદ્ધ લોકવાદ વગેરે અર્થો છે. પણ તે અર્થો અહીં ઘટી શકતા નથી, આથી મેં **પ્રવાદ** શબ્દનો સમૂહ અર્થ કર્યો છે. બીજો ઘટી શકે તો ઘટાડવો.

સાથે (વર્ષો સુધી) ઉત્તમ ભોગોને ભોગવ્યા. તે પરલોકમાં સ્વર્ગમાં ગઈ. સ્વર્ગમાં દિવ્ય દેવઋદ્ધિ અનુભવીને તે પરંપરાએ મોક્ષમાં જશે. આ પ્રમાણે સુભદ્રાનું દૃષ્ટાંત પૂર્ણ થયું.

હવે સીતાની કથાનો અવસર છે. તે કથા વિસ્તારથી પદ્મચરિત્ર વગેરે ગ્રંથોમાંથી જ જાણી લેવી. સ્થાન શૂન્ય ન રહે એ માટે પ્રસ્તુતમાં ઉપયોગી કાંઈક લખવામાં આવે [1]છેઃ–

## સીતાનું દૃષ્ટાંત

અયોધ્યા રાજધાનીમાં દશરથ રાજાને દીક્ષા લેવાની ભાવના થઈ. આથી દશરથ-રાજાએ પૂર્વે આપેલા બે વરદાનની કૈકેયીએ અત્યારે માગણી કરી. કૈકેયીએ [2]એક વરદાનથી ભરતને રાજ્ય આપવાની અને બીજા વરદાનથી સીતા સાથે રામ અને લક્ષ્મણ ચૌદ વર્ષ સુધી વનવાસ ભોગવે એ માગણી કરી. કૈકેયીના આ વચનથી લઘુપુત્ર ભરતને રાજ્ય આપ-વાની ઈચ્છાવાળા દશરથ રાજાએ લક્ષ્મણ અને સીતા સહિત રામને વનમાં મોકલ્યા. વનમાં એકવાર સ્વેચ્છાથી આમ-તેમ ફરતા લક્ષ્મણે વાંસની ઝાડીમાં આકાશમાં લટકતું ખડ્ગ જોયું. ખડ્ગને લઈને તેની તીક્ષ્ણતાની પરીક્ષા કરવા તે ખડ્ગથી વાંસની ઝાડીમાં પ્રહાર કર્યો. એનાથી એકસો વીસ વાંસની ઝાડીમાં રહેલાં એક પુરુષનું મસ્તક છેદાઇ ગયું. આ પુરુષ સૂર્યહાસ નામના ખડ્ગની વિદ્યા સાધવા માટે પ્રવૃત્ત થયેલો ખરદૂષણ વિદ્યાધરનો શંબૂક નામનો રાજપુત્ર હતો. શંબૂકની માતા અને રાવણની બહેન ચંદ્રનખા વિદ્યા સાધતા મારા પુત્રને બાર વર્ષ થઈ ગયા છે, એથી તે વિદ્યા લગભગ સિદ્ધ થઈ ગઈ હશે, તેથી તેને યોગ્ય પાણી–ભોજન વગેરે કાંઇ પણ લઈને તેની પાસે જાઉં એમ વિચારીને ભોજન વગેરે લઇને તે સ્થાને આવી. ભૂમિ ઉપર પડેલું શંબૂકનું મસ્તક જોયું. હા! મારા પુત્રની આવી અવસ્થા કોણે કરી એમ વિચારતી ક્ષણવાર મૂર્છા પામી. ચેતના આવી એટલે ઘણા પ્રકારનો વિલાપ કરીને જેણે મારા પુત્રની આવી અવસ્થા કરી તેને અહીં પરિભ્રમણ કરતી હું જો જોઉં તો તેના માંસથી યમને બલિ આપું એમ બોલતી આકાશમાં ઉડી. સીતાથી યુક્ત રામ–લક્ષ્મણને જોયા. તેમનું રૂપ જોઈને તેનું ચિત્ત તેમના પ્રત્યે આકર્ષાયું, આથી તે પુત્રશોકને ભૂલી ગઈ. વિદ્યાના બળે દિવ્યકન્યાનું રૂપ કરીને તેમની પાસે આવી. અનેક પ્રકારે ખુશામત કરીને તમારા બેમાંથી કોઈ એક મને પરણો એમ

---

૧. ટીકામાં આ કથા અત્યંત સંક્ષેપમાં લખી છે. ગુજરાતીમાં તેટલા સંક્ષેપથી ન લખી શકાય. માટે સંબંધ જળવાઈ રહે અને વાંચનારને કંઈક ખૂટતું ન જણાય એ માટે અનુવાદમાં ક્યાંક ક્યાંક બીજા ગ્રંથના આધારે કંઇક વિશેષ લખ્યું છે.

૨. આ વિગત યોગશાસ્ત્રના આધારે લખી છે. બીજા ગ્રંથોમાં એક વરદાનનો ઉલ્લેખ જોવા મળે છે. તથા દશરથ રામને વનમાં મોકલતા નથી, કિંતુ શ્રીરામ સ્વેચ્છાથી જાય છે એવો ઉલ્લેખ જોવા મળે છે.

વારંવાર પ્રાર્થના કરી. શ્રીરામ અને લક્ષ્મણજીએ માતા–પિતાએ નહિ આપેલી કન્યાને અમે ઈચ્છતા નથી એમ કહીને તેનો સ્વીકાર ન કર્યો. આથી તે તે બે ઉપર ગાઢદ્વેષ પામી. દીન-મુખવાળી તે તેમના દૃષ્ટિમાર્ગમાંથી તે જ પ્રમાણે (=આકાશમાં ઉડીને) દૂર થઈ પછી શરીરમાં બગલ, છાતી, સ્તન વગેરે ભાગોમાં નખોથી ઉઝરડાં કરીને રોતી રોતી પોતાના પતિ પાસે ગઇ. પતિને કહ્યું : પાપકાર્ય કરનારા અને એક સ્ત્રીની સાથે જંગલમાં રહેલા કોઇ બે પુરુષોએ મારા પુત્રને મારીને લગભગ સિદ્ધ થયેલું સૂર્યહાસ ખડ્ગરત્ન લઈ લીધું, અને મને એકલી રડતી જોઇને હું ઈચ્છતી ન હોવા છતાં મને બળાત્કારે પોતાના ખોળામાં બેસાડીને અનેક પ્રકારના કામવાળાં વચનોથી મારી પાસે (ભોગની) માગણી કરી. તો પણ મેં તેમને ઈચ્છચા નહિ એટલે તેમણે દશ નખોથી જખમ કરીને મારી આવી અવસ્થા કરી. તેથી ગુસ્સે થયેલા ખરદૂષણે રાવણ પાસે દૂત મોકલ્યો, અને પોતે સૈન્ય–વાહન લઈને રામ–લક્ષ્મણને મારવા માટે દંડકારણ્યમાં આવ્યો. આકાશથી તે સૈન્યને આવતું જોઇને ભય પામેલી સીતાએ રામ–લક્ષ્મણને કહ્યું. હે લક્ષ્મણ! તે કન્યાએ ઊભું કરેલું આ વિકરાલ સંકટ છે એમ બોલતા શ્રીરામે ઘાતક ધનુષ્ય ઉપર વિકરાલ દૃષ્ટિ કરી. શ્રીલક્ષ્મણે કહ્યું: હે બંધુ! આની સાથે આપને લડાઇનો પ્રયત્ન કરવાની શી જરૂર છે? આપ અહીં સીતાનું રક્ષણ કરતા રહો. હું જ આપની કૃપાથી તેને જીતીને આવું છું. પણ હું ઘણા વૈરીઓથી ઘેરાઈ જાઉં અને એથી સિંહ-નાદ કરું તો આપે જલદી આવવું. આ પ્રમાણે કહીને શ્રીલક્ષ્મણકુમાર ગયા. ઘાતક ધનુષ ઉપર બાણ ચડાવીને લક્ષ્મણે તેની સાથે યુદ્ધ કરવા માંડ્યું. આ દરમિયાન ખર-દૂષણે મોકલેલા દૂતથી ઉત્સાહિત થઈને પુષ્પક વિમાનમાં બેસીને આવતા રાવણે ભવિ-તવ્યતા વશ સીતાને જોઈ. તેને સીતાજી ઉપર અનુરાગ થયો. રામ હોય ત્યાં સુધી સીતા-જીનું હરણ કરી શકાશે નહિ એમ વિચારીને રાવણે અવલોકની નામની વિદ્યાનું સ્મરણ કર્યું. અવલોકની વિદ્યાએ રામ–લક્ષ્મણ વચ્ચે થયેલો સિંહનાદનો સંકેત જણાવ્યો. આથી રાવણે શ્રીરામને ભ્રમ પમાડવા માટે સિંહનાદ કર્યો. સિંહનાદના શ્રવણથી શ્રી રામને અતિશય ક્રોધ આવ્યો. શ્રીરામે સીતાજીને કહ્યું: હે સુંદરી! જ્યાં સુધી હું શત્રુના સૈન્યને હરાવીને અહીં ન આવું ત્યાં સુધી તમારે અહીં જ રહેવું, જટાયુ પક્ષી તમને સહાય કરશે. સીતાજીને ત્યાં રાખીને શ્રીરામ લક્ષ્મણ તરફ ચાલ્યા. રાવણે રામને ગયેલા જાણીને જલદી આવીને કરુણસ્વરે રુદન કરતા સીતાજીને પુષ્પક વિમા-નમાં બેસાડચા. પછી આકાશમાર્ગે આગળ ચાલ્યો. સીતાજી તો વિલાપ કરવા લાગ્યા. તે આ પ્રમાણેઃ– હે રામ! આ કોઈક પુરુષથી અપહરણ કરાતી મારું રક્ષણ કરો, રક્ષણ કરો. હે લક્ષ્મણ! તું જલદી આવ, જલદી આવ. મને દૂર લઈ જશે પછી તું આવશે તો પણ શું કરી શકીશ? હે જટાયુ! આનાથી લઈ જવાતી મારી તું ઉપેક્ષા કેમ કરે છે? શત્રુને જીતવા માટે જતા સ્વામીએ તું મને સહાયક છે એમ જણાવ્યું છે. આ પ્રમાણે

વિલાપ કરતા સીતાજીને રાવણ કેટલાક પ્રદેશ સુધી લઇ ગયો એટલે જટાયુપક્ષી ઉઠીને=ઉડીને ચાંચના ગાઢ પ્રહારોથી રાવણને હણવા લાગ્યો. ગુસ્સે થયેલા રાવણે ચંદ્રહાસ ખડ્ગના પ્રહારથી તેની બે પાંખો કાપીને એને પૃથ્વી ઉપર પાડી દીધો. પોતે સીતાજીને લઇને પુષ્પક વિમાનથી લંકાપુરીમાં ગયો.

આ તરફ શ્રીરામ લક્ષ્મણ પાસે ગયા એટલે શ્રી લક્ષ્મણે કહ્યું: સીતાજીને એકલી મૂકીને કેમ આવ્યા? શ્રીરામે કહ્યું: તારો સિંહનાદ સાંભળીને તને સહાય કરવા આવ્યો છું. શ્રીલક્ષ્મણે કહ્યું: હા બંધુ! તમે કોઇકથી છેતરાયા છો. ચોક્કસ સીતાજીનું અપહરણ થયું. તેથી જલદી પાછા જાઓ. લક્ષ્મણે આ પ્રમાણે કહ્યું એટલે શ્રીરામ પાછા વળીને ત્યાં ગયા તો તે સ્થાન સીતાજીથી શૂન્ય જોયું. કેટલાક પગલા આગળ જઇને જટાયુને કંઠે પ્રાણ આવી ગયા હતા એવી હાલતમાં જોયો. આ જોઇને શ્રીરામે વિચાર્યું કે ચોક્કસ અમારો કોઈ વૈરી આને હણીને સીતાજીને લઈ ગયો છે. પછી જટાયુને નમસ્કાર મંત્ર સંભળાવીને પચ્ચક્ખાણ આપવાપૂર્વક નિર્યામણા (=અંતિમ આરાધના) કરાવી. પછી શ્રીસીતાને શોધવા લાગ્યા. શ્રીરામે સંભળાવેલા નમસ્કાર મંત્ર વગેરેના પ્રભાવથી જટાયુ ત્રીજા દેવલોકમાં મુખ્ય દેવ થયો. શ્રીરામે પ્રયત્નપૂર્વક સીતાજીની શોધ કરી, છતાં સીતાજીને ન જોઈ. આથી શ્રીરામ ક્ષણવાર મૂર્છિત થઈ ગયા, ક્ષણવાર વિલાપ કર્યો, ક્ષણવાર વિચાર કર્યો, ક્ષણવાર વનદેવતાને ઠપકો આપ્યો. એટલામાં શ્રી લક્ષ્મણ ખરદૂષણને મારીને સહાય કરનાર વિરાધની સાથે ત્યાં આવ્યા. ઉન્મત્તની જેમ આમ-તેમ ફરતા શ્રીરામને જોયા. શ્રી લક્ષ્મણે કહ્યું: હે ભાઈ! આપ બીજા લોકોની જેમ આવી ચેષ્ટા કેમ કરવા લાગ્યા છો? આપ સ્રીજન ઉચિત શોકને છોડીને યોગ્ય કાર્ય કરનારા બનો. શ્રી લક્ષ્મણના વચનથી આશ્વાસન પામેલા શ્રીરામનો શોક થોડો ઓછો થયો. શ્રીરામે વિરાધના મુખ સામે જોઈને પૂછ્યું: આ કોણ છે? શ્રી લક્ષ્મણે કહ્યું: હે બંધુ! આ ચંદ્રોદર વિદ્યાધરનો વિરાધ નામનો પુત્ર છે. ખરદૂષણની સાથે યુદ્ધના પ્રયત્નમાં મને સહાય કરવા માટે આવ્યો છે. ખરદૂષણ હણાયો અને તેનું સૈન્ય હત-પ્રહત કરાયું એટલે અતિશય ભક્તિવાળો આ આપના દર્શન માટે મારી સાથે આવ્યો છે. પછી શ્રીરામે જટાયુમરણની અને સીતાજીના અપહરણની બીના જણાવી. પછી વિરાધે શ્રી લક્ષ્મણને કહ્યું: મને જ આદેશ આપો, જેથી હું શ્રી સીતાજીના સમાચાર મેળવું. પણ હમણાં ખરદૂષણનો વિનાશ કર્યો હોવાથી તેની રાજધાની પાતાળ લંકાપુરીમાં રહેવાય તો સારું થાય. તેથી હમણાં ત્યાં જઇએ. પછી બધા આકાશથી પાતાળલંકામાં ગયા. તે નગરી સ્વાધીન કરી. ત્રાસી ગયેલો તેનો અધિપતિ ખરદૂષણનો સુંદરનામનો પુત્ર રાવણની પાસે ગયો.

આ તરફ કિંકિંધી નામના નગરમાં સાહસગતિ નામનો એક વિદ્યાધર (સુગ્રીવની ગેરહાજરીમાં) સુગ્રીવનું રૂપ ધારણ કરીને સુગ્રીવની પત્ની તારાને ઇચ્છતો હતો. સાચો

સુગ્રીવ કોણ અને બનાવટી સુગ્રીવ કોણ એ જાણી ન શકવાથી તારાએ મંત્રિમંડલને આ વિગત જણાવી. મંત્રીઓએ બંનેને કિંકિધિનગરની બહાર રાખ્યા. સાચો સુગ્રીવ યુદ્ધથી તેને જીતી શકતો નથી. તેથી સાચો સુગ્રીવ ખરદૂષણનું મૃત્યુ વગેરે સમાચાર ક્યાંકથી જાણીને પોતાના મંત્રી જંબવંતની સાથે શ્રીરામની પાસે આવ્યો. ત્યાં સુગ્રીવે પ્રતિજ્ઞા કરી કે, જો આપ મારી પત્ની તારાને બનાવટી સુગ્રીવથી છોડાવો તો આપની પ્રિયા સીતાના સમાચાર હું સાત દિવસમાં લાવું. જો હું આ ન કરું તો મારે જવાલાઓના સમૂહથી કષ્ટપૂર્વક જોઈ શકાય તેવા અગ્નિમાં પ્રવેશ કરવો.

આ સાંભળીને શ્રીરામે એમ થાઓ એમ કહ્યું. પછી લક્ષ્મણની સાથે કિંકિધિપુરમાં જઈને સાહસગતિની સાથે સુગ્રીવનું યુદ્ધ કરાવ્યું. લડતા તે બેમાં કોણ સાહસગતિ છે અને કોણ સુગ્રીવ છે એવો ભેદ શ્રીરામ જાણી શક્યા નહિ. તેથી રામના દેખતાં જ સાહસગતિએ કોઈ પણ રીતે સુગ્રીવને કાંતિરહિત બનાવી દીધો. તેથી ભ્રષ્ટ થયેલો તે શ્રીરામની પાસે આવ્યો શ્રીરામે બીજીવાર બંનેનું યુદ્ધ કરાવીને અસત્ય સુગ્રીવની સુગ્રીવનું રૂપ ધારણ કરવામાં કારણભૂત વૈતાલિની વિદ્યાને વજ્રાવર્ત નામના ધનુષના ટંકારથી ત્રાસ પમાડ્યો. એ વિદ્યા દૂર થતાં સ્વાભાવિકરૂપમાં રહેલા સાહસગતિને બાણથી વીંધીને મારી નાખ્યો. જેમ આદેશીના[1] સ્થાને આદેશ આવે, તેમ સાહસગતિના સ્થાને સુગ્રીવને બેસાડ્યો. ત્યારપછી શ્રીરામ સ્વસ્થાને ગયા. સુગ્રીવે પોતાનું કાર્ય થઈ જતાં અંતઃપુરમાં પ્રવેશ કર્યો. પછી ભોગસુખમાં આસક્ત ચિત્તવાળા તેણે શ્રીરામનો ઉપકાર ભૂલીને સીતાના સમાચાર મેળવવાનો પ્રયત્ન ન કર્યો. એકવાર શ્રી લક્ષ્મણે આવીને તેને કઠોરવચનોથી ઠપકો આપ્યો. આથી તેનું મોઢું પડી ગયું. પછી તેણે ચારે બાજુ સીતાજીની શોધ કરવા માંડી. કંબૂદ્વીપમાં પ્રહારથી વિહ્વળ બનેલો રત્નજટી વિદ્યાધર સુગ્રીવને મળ્યો. સુગ્રીવને તેની પાસેથી સીતાજીના કેટલાક સમાચાર મળ્યા. આથી સુગ્રીવ રત્નજટીની સાથે શ્રીરામની પાસે આવ્યો અને શ્રીરામને રત્નજટી દેખાડ્યો. પછી સુગ્રીવે કહ્યું: આ રત્નજટી સુંદરપુરનો સ્વામી છે, તે સીતાજીના સમાચાર જાણતો હોવાથી હું તેને પૂજ્ય રામની પાસે લાવ્યો છું. તેથી દેવ તેને પૂછે, અર્થાત્ આપ તેને પૂછો.

તેથી શ્રીરામે હર્ષપૂર્વક તેને બોલાવીને કહ્યું: સીતાનું વૃત્તાંત કહે. તેણે કહ્યું: સાંભળો, લવણસમુદ્રના ઉપરના ભાગમાં રહેલા આકાશના માર્ગે રાવણથી લઈ જવાતા અને વિવિધપ્રકારના વિલાપોને કરતા સીતાજીને મેં જોયાં. આપનું નામ લેવાપૂર્વક કરાતા પ્રલાપોથી મેં તેમને ઓળખ્યા. રાવણની સાથે યુદ્ધનો સ્વીકાર કરીને હું સીતાજીને છોડાવવા લાગ્યો. પણ રાવણે મારી વિદ્યાઓ હરી લીધી. બીજો વૃત્તાંત હું જાણતો નથી. શ્રીરામે કહ્યું: આનાથી પછીનો વૃત્તાંત હું જ જાણી લઈશ. પણ તમે જય

૧. જેમકે–वनात् गच्छति એ સ્થળે त् નો द् આદેશ થાય છે. અહીં त् આદેશી છે અને द् આદેશ છે. આથી त् આદેશીના સ્થાને द् આદેશ આવે છે.

ક્યાંય રાવણ હોય ત્યાં મને લઇ જાઓ. તેથી જંબવંતે કહ્યું: જો એમ છે તો પહેલાં અમને ખાતરી થાય એ માટે કોટિશિલાને ઉપાડો. કારણ કે પૂર્વે વિશિષ્ટજ્ઞાની અનંતવીર્ય નામના સાધુએ કહ્યું હતું કે જે કોટિશિલાને ઉપાડશે તે રાવણને હણશે. તેથી લક્ષ્મણે કહ્યું: મને કોટિશિલા બતાવ. પછી શ્રી લક્ષ્મણને કોટિશિલા બતાવી. શ્રી લક્ષ્મણે ઘુંટણ સુધી તેને ઉપાડી. દેવો વગેરેએ ઘોષણા કરી કે આઠમા વાસુદેવ જય પામે છે, જય પામે છે. પછી બધા કિંકિંધિપુર ગયા. શું કરવું તેનો નિર્ણય કરીને શ્રીપુરનગરથી હનુમાનને બોલાવ્યો. પછી શ્રીરામને કહ્યું: હે સ્વામી! સીતાના સમાચાર મેળવવા માટે આને લંકાપુરી મોકલો. પછી શ્રીરામે સીતાજીને ખાતરી થાય એ માટે પોતાની વીંટી આપીને હનુમાનને મોકલ્યો. માર્ગમાં જ અનેક [1]વૃત્તાંતોને કરતો હનુમાન ક્રમશઃ પરિવાર સહિત લંકાપુરી આવ્યો.

નગરીની બહાર સાલી નામની અંગારકની માતાએ વિદ્યાથી કિલ્લો કર્યો હતો. અસ્ખલિત બળવાળા હનુમાને લાત મારીને તે કિલ્લો પાડી નાખ્યો. યુદ્ધ માટે તૈયાર થયેલી સાલીને તેના મુખથી આરંભી આખા શરીરના બે ભાગ કરીને મારી નાખી. યુદ્ધમાં તેના પતિ વજ્રમુખનું મસ્તક છેદી નાખ્યું. પછી તેણે લંકાનગરીમાં પ્રવેશ કર્યો. પછી પહેલાં બિભીષણના ઘરે ગયો. બિભીષણના મોઢે રાવણને કહેવડાવ્યું કે- સીતાજીને છોડી દે, અન્યથા રામથી તું બચવાનો નથી. પછી હનુમાન રાવણના ઉદ્યાનમાં ગયો. ત્યાં વિષવેલડીઓથી મહાન ઔષધિની જેમ, રાવણે રાખેલી ત્રિજટા વગેરે રાક્ષસીઓથી ઘેરાયેલા સીતાજીને જોયા. તેમને પ્રણામ કરીને રામનામથી અંકિત મુદ્રિકારત્ન આપ્યું. પછી રડતા સીતાજીને પ્રિય સંદેશાઓ વડે ઘણા કષ્ટથી શાંત રાખ્યા. પછી પૂર્ણ પ્રતિજ્ઞાવાળા સીતાજીને કોઇક રીતે ભોજન કરાવીને કહ્યું: હે મહાસતી! આવો, હમણાં આપને મારા સ્કંધ ઉપર બેસાડીને શ્રીરામ પાસે લઈ જાઉં. સીતાજીએ કહ્યું: હે વત્સ! હું પરપુરુષના શરીરનો સ્પર્શ પણ ઇચ્છતી નથી તો પછી સ્કંધ ઉપર બેસવાની વાત જ ક્યાં રહી? તેથી તું જલદી જા. વળી રાવણ તને અહીં આવેલો જાણશે તો બીજું પણ કાંઇક વિઘ્ન કરશે. તેથી મારા પતિને ખાતરી થાય એ માટે આ ચૂડામણિ લઇને આ સ્થાનથી જલદી જતો રહે. તેથી ચૂડામણિ લઇને અને સીતાજીના સંદેશાઓ સાંભળીને ત્યાંથી ઉઠીને રાવણના પદ્મ નામના મુખ્ય ઉદ્યાનમાં ગયો.

આ દરમિયાન બિભીષણે રાવણને વિનંતિ કરી કે, હે ભાઈ! આ પરસ્ત્રી સીતાજીને છોડી દે, પરસ્ત્રીઓના સંગ્રહથી રાજાઓના પ્રભાવની જરા ય વૃદ્ધિ થતી નથી, કેવળ અપયશ રૂપ કલંક જ ચોંટે છે. વળી અહીં પવનંજયનો પુત્ર હનુમાન આવેલો છે.

---

૧. જેમકે- રસ્તામાં મહેંદ્રપુર આવતાં પોતાના નાના અને મામા સાથે યુદ્ધ કર્યું, દાવાનલ શાંત કરીને બે મુનિ તથા ત્રણ કન્યાઓનું રક્ષણ કર્યું વગેરે.

તેણે આ પ્રમાણે કહેવડાવ્યું છે એમ કહીને હનુમાને કહેલી વિગત કહેવા લાગ્યો. એટલામાં મંદોદરીએ ત્યાં આવીને હનુમાનનો વૃત્તાંત કહ્યો. પછી ગુસ્સે થયેલા રાવણે તેને હણવા માટે પોતાનું સૈન્ય મોકલ્યું. રાવણના સૈન્યને આવતું જોઇને હનુમાને તેને હણવા માટે ઉદ્યાનનાં વૃક્ષોને ઉખેડી નાખ્યાં, અને રાક્ષસસૈન્યને વૃક્ષોના પ્રહારથી વિહ્વલ બનાવી દીધું. પછી પોળના દરવાજાઓને ભાંગતો, કિલ્લાની અટારીનો નાશ કરતો, સ્થાને સ્થાને રહેલા અનેક પ્રકારના રાક્ષસસુભટોને ત્રાસ પમાડતો અને આખીય નગરીને ઉપદ્રવ કરતો હનુમાન રાવણની સભાભૂમિમાં આવ્યો. તેને જોઇને રાવણે પોતાના સુભટોને કહ્યું: રે રે! આ અધમ વાનરને મારો. તેથી તેના પુત્રો ઇંદ્રજિત અને મેઘવાહન હનુમાનને મારવા લાગ્યા. હસ્તલાઘવથી છલ કરીને કોઈ પણ રીતે તેને નાગપાશોથી બાંધી લાવીને પોતાના પિતાને સોંપ્યો. રાવણે આજ્ઞા કરી કે, આને આ પ્રમાણે બંધાયેલો જ સંપૂર્ણ નગરીમાં એક ઘરથી બીજા ઘરે ફેરવીને શ્મશાનભૂમિમાં મારી નાખો

હનુમાને કહ્યું: શું હું તારા પુત્રોથી બંધાયો છું? જેથી તું આ પ્રમાણે આદેશ કરે છે. કારણ કે તારા પિતા પણ મને બાંધવા સમર્થ નથી તો પછી આ તારા પુત્રો મને ક્યાંથી બાંધી શકે? કેવલ તારી પરીક્ષા માટે જ હું જાતે જ બંધાયો છું. કઠોર વચનોથી મેં તારી પરીક્ષા કરી લીધી. હવે તું મને આકાશમાર્ગે જતો જો. એમ કહેતો હનુમાન તડ-તડ એવા મોટા અવાજ સાથે નાગપાશને તોડીને તમાલપત્રના જેવા શ્યામ ગગનતલમાં ઉડ્યો. પગના અત્યંત ગાઢ પ્રહારથી હજારો સ્તંભોથી યુક્ત અને વિચિત્ર મણિવાળા ભૂમિ-તલથી રમણીય રાવણના ભવનને ભાંગી નાખ્યું. રાક્ષસસમૂહના દેખતા જ સંપૂર્ણ નગરી અત્યંત કંપાવીને પાડી નાખી. ક્ષણવારમાં અદૃશ્ય થઈને હનુમાન પરિવાર સહિત કિંકિંધિપુરમાં આવ્યો. ત્યાં સુગ્રીવ આદરપૂર્વક ઉઠીને તેને ભેટી પડ્યો, અને પોતાની સાથે રામની પાસે લઈ ગયો. હનુમાન શ્રીરામને પ્રણામ કરીને શ્રીરામે બતાવેલા આસન ઉપર બેઠો. પછી ચૂડામણિ આપીને સીતાજીનો સંપૂર્ણ વૃત્તાંત અને રાવણ વગેરેની ચેષ્ટા જણાવી. આ સાંભળીને લક્ષ્મણસહિત શ્રીરામ સુગ્રીવ વગેરેની સંમતિથી તુરત હનુમાન, નલ વગેરેની વાનરસેના સાથે લંકાપુરી તરફ ચાલ્યા. ક્ષણવારમાં વેલંધર પર્વતના શિખર ઉપર રહેલ વેલંધર નગરમાં આવ્યા. ત્યાં સમુદ્રરાજાને જીતીને તેને જ આગળ કરીને લંકાની નજીક ત્રિકૂટ પર્વતના શિખર ઉપર રહેલા હંસ દ્વીપમાં આવ્યા. ત્યાં હંસરથ રાજાને યુદ્ધમાં જીતીને સૈન્ય-વાહન સહિત ત્યાં જ રહ્યા. શ્રીરામને હંસદ્વીપમાં રહેલા જાણીને રાવણે યુદ્ધ માટે રાક્ષસસૈન્યની સાથે લંકાપુરીથી પ્રયાણ કર્યું. આ દરમિયાન નીતિના પક્ષપાતી બિભીષણે રાવણને પગમાં પડીને કહ્યું: કુલ-કીર્તિનો નાશ કરનારા કોપને છોડ, કુલકીર્તિને વધારનાર ધર્મનો સ્વીકાર કર, પ્રસન્ન થા, (જેથી) બંધુ સહિત અમે જીવીએ, સીતા રામને આપી દે. આ સાંભળીને ઇન્દ્રજિતે કહ્યું: હે બિભીષણ કાકા! તમે શત્રુપક્ષનું સમર્થન કરો છો. બિભીષણે કહ્યું: એવું ન

બોલ. મહાપુરુષોએ નીતિને જ આગળ કરવી જોઇએ. આ સાંભળીને રાવણ ચંદ્રહાસ-ખડ્ગ ખેંચીને બિભીષણને મારવા લાગ્યો. બિભીષણ પણ રાવણની આ પ્રવૃત્તિને સહન ન કરી શકવાથી એક સ્તંભ ઉપાડીને રાવણને હણવા પ્રવૃત્ત થયો. તેથી ઇંદ્રજિત અને કુંભકર્ણ વગેરેએ ઘણા કષ્ટથી તે બંનેને પકડી લીધા અને પોતપોતાના સ્થાને મોકલી દીધા. પછી બિભીષણ અભિમાનથી લંકાપુરીમાંથી નીકળીને રામની પાસે ગયો. શ્રીરામે સન્માનપૂર્વક તેને રાખ્યો. પછી આઠ દિવસ સુધી તે દ્વીપમાં ભામંડલ વગેરેનું સર્વ સૈન્ય એકઠું કરીને સુગ્રીવ, ભામંડલ અને હનુમાન વગેરેના સૈન્યથી પરિવરેલા શ્રીરામ લક્ષ્મણની સાથે વિજયયાત્રા માટે પ્રશસ્ત મુહૂર્તમાં લંકા તરફ ચાલ્યા. રામને આવતા જાણીને રાવણને પણ યુદ્ધમાં જવાનો એકદમ ઉત્સાહ થયો. આથી પોતાના સૈન્યથી સહિત તે લંકાપુરીમાંથી નીકળ્યો.

અર્ધા રસ્તે મોટી યુદ્ધરચના કરીને બંને સૈન્યનું યુદ્ધ થયું. તેમાં પન્નગવિદ્યાથી નાગપાશોવડે મેઘવાહને ભામંડલને, ઇંદ્રજિતે સુગ્રીવને અને કુંભકર્ણે હનુમાનને બાંધી લીધો. તેમને છોડાવવા માટે શ્રીરામે લક્ષ્મણને કહ્યું: સુલોચનદેવનું સ્મરણ કર. તેથી લક્ષ્મણે સુલોચનદેવનું સ્મરણ કર્યું. સ્મરણ કરતાં જ સુલોચનદેવે આવીને લક્ષ્મણને સિંહનાદવિદ્યા, ગારુડવિદ્યા અને વિદ્યુદ્વદન નામની ગદા આપી, શ્રીરામને દિવ્યહળ અને દિવ્યમુશલ[1] એ બે શસ્ત્રો આપ્યા, તેમને બંનેને દિવ્યશસ્ત્રોથી પરિપૂર્ણ બે રથ આપ્યા, યુદ્ધમાં વિજયના હેતુ એવા પાવન, વારુણ અને આગ્નેય શસ્ત્રો આપ્યાં. પછી તેમની અનુમતિથી દેવ સ્વસ્થાને ગયો. રામ અને લક્ષ્મણ દેવે આપેલા તે બે રથ ઉપર જ આરૂઢ થઈને યુદ્ધભૂમિમાં આવ્યા. લક્ષ્મણના ગારુડવિદ્યાથી યુક્ત ગારુડરથને જોઇને ઇંદ્રજિત વગેરેએ સુગ્રીવ વગેરેની ઉપર મૂકેલી પન્નગવિદ્યા નાશી ગઈ. છૂટા થયેલા તેઓ શ્રીરામની છાવણીમાં આવ્યા. ફરી સુગ્રીવ વગેરેએ અનેક પ્રકારે ભયંકર મહાયુદ્ધ શરૂ કર્યું. તેમાં તેમણે મેઘવાહન વગેરે કેટલાક રાક્ષસ સુભટોનો પરાભવ કર્યો અને કેટલાક સુભટોનો વિનાશ કર્યો. પછી રાવણનું બિભીષણની સાથે મહાયુદ્ધ શરૂ થયું. તેમાં રાવણે સુગ્રીવના વધ માટે અમોઘ વિજયા શક્તિ ફેંકી. સુગ્રીવને બચાવવા શ્રી લક્ષ્મણે વચ્ચે પડીને તે શક્તિને પકડી લીધી. તે શક્તિ અમોઘ (=નિષ્ફળ ન જાય તેવું) શસ્ત્ર છે. આથી તે શક્તિએ શ્રી લક્ષ્મણની છાતીમાં પ્રવેશ કર્યો. શક્તિના પ્રહારની ગાઢ વેદનાથી લક્ષ્મણનું શરીર વિહ્વળ બની ગયું. આથી શ્રીલક્ષ્મણ પૃથ્વી પર પડી ગયા. રાવણે પોતાના બંધુ ઉપર શક્તિનો પ્રહાર કર્યો એ જોઇને શ્રીરામ અત્યંત ગુસ્સે થઇને રાવણની સાથે યુદ્ધ કરવા લાગ્યા. તેમાં શ્રીરામે નિરંતર બાણ-સમૂહની વૃષ્ટિથી રાવણના રથને ભાંગીને રાવણને અસ્ત્ર અને રથ વિનાનો બનાવી દીધો. આથી રાવણ નાશીને લંકામાં જતો રહ્યો.

૧. હળ અને મુશલ એ બે બળદેવના મુખ્ય શસ્ત્ર છે.

શ્રી લક્ષ્મણને મૂર્છિત જોઈને શ્રીરામને શોક થયો, એથી શ્રીરામ ક્ષણવાર મૂર્છા પામ્યા, ક્ષણવાર પ્રલાપ કર્યો, ક્ષણવાર વ્યાકુલતાનો અનુભવ કર્યો. તે જ રાતે એક વિદ્યાધરે આવીને શ્રીરામને કહ્યું: જો શ્રી લક્ષ્મણને જીવતા કરવા હોય તો જલદી કોઈને પણ સાકેતપુર મોકલીને ભરતના મામા દ્રોણમેઘ રાજાની પુત્રી વિશલ્યાના સ્નાનજળને મંગાવીને તેનું શ્રી લક્ષ્મણ ઉપર સિંચન કરો. જેથી શ્રી લક્ષ્મણ તુરત જ ઉપદ્રવ રહિત બની જાય. તેથી શ્રીરામે તુરત જ ભામંડલ વગેરેની સાથે હનુમાનને ત્યાં મોકલ્યો. હનુમાને ભરત રાજાની પાસે જઈને તેને તે વૃત્તાંત સંક્ષેપથી કહ્યો. પછી તેની સાથે જ દ્રોણમેઘના ઘરે ગયો. પિતાની પાસેથી વિશલ્યાને લઈને, હજાર કન્યાઓથી પરિવરેલી તેને ભામંડલના વિમાનમાં બેસાડીને જલદી લઈ આવ્યો. તેના હાથનો સ્પર્શ થતાં ક્ષણવારમાં શ્રી લક્ષ્મણ શલ્યરહિત બની ગયા. પછી વિશલ્યાએ પોતાના હાથે તેમનાં શરીરે ગોશીર્ષ ચંદનનું વિલેપન કર્યું. આથી તત્કાળ જ વ્રણ રુઝાઈ ગયું અને લક્ષ્મણ જાણે સૂઈને જાગ્યા હોય તેમ ઉઠ્યા. શ્રીરામ હર્ષથી તેમને ભેટ્યા. પછી ત્યાં જ મહાન આડંબરથી વિશલ્યા શ્રી લક્ષ્મણને પરણાવી.

લક્ષ્મણ સજીવન થયા એવા સમાચાર ચરપુરુષોથી જાણીને રાવણનું ચિત્ત વિહ્વલ બની ગયું. મંત્રીઓએ સીતાજીને સોંપી દેવા રાવણને કહ્યું, પણ તેણે માન્યું નહિ. પછી તેણે બહુરૂપી વિદ્યા સાધી. પછી ત્રિજટાની સાથે રહેલી મંદોદરીએ રોકવા છતાં અને અપશકુનોએ નિષેધ કરવા છતાં રાવણ ફરી યુદ્ધ કરવા રામના સૈન્યની પાસે આવ્યો. શ્રીરામ પણ સુગ્રીવ, ભામંડલ આદિ સૈન્ય અને શ્રીલક્ષ્મણની સાથે સામે આવ્યા. ફરી બંને સૈન્યોનું મહાયુદ્ધ થયું. શ્રીલક્ષ્મણે નિરંતર બાણવર્ષા કરીને બધી બાજુથી રાવણને ઘેરી લીધો. આથી રાવણે બહુરૂપી વિદ્યાનું સ્મરણ કરીને અનેક રૂપો કરવા માંડ્યા. શ્રીલક્ષ્મણ એ બધાં રૂપોને ખંડિત કરી નાખતા હતા. આથી અત્યંત દુઃખી થયેલા રાવણે લક્ષ્મણના વધ માટે ચક્રરત્ન મૂક્યું. દેવોથી અધિષ્ઠિત તે ચક્ર શ્રી લક્ષ્મણને ત્રણ પ્રદક્ષિણા કરીને તેમના જમણા હાથમાં આવીને રહ્યું. ગુસ્સે થયેલા શ્રી લક્ષ્મણે તે જ ચક્ર રાવણની સામે ફેંકીને તેનું મસ્તક છેદી નાખ્યું. આ વખતે રાક્ષસસૈન્ય ગમે તે દિશામાં નાસવા લાગ્યું. આ જોઈને સુગ્રીવ અને બિભીષણે તમે ભય ન પામો, તમારા માટે શ્રીરામ અને લક્ષ્મણ શરણભૂત છે એમ કહીને સૈન્યને નાસી જતું અટકાવ્યું. પછી શ્રીરામ–લક્ષ્મણે લંકાપુરીમાં પ્રવેશ કર્યો. પુષ્પગિરિના શિખર ઉપર આવેલા પદ્મનામના ઉદ્યાનમાં રહેલા સીતાજીને જોઈને પરમ આનંદથી પૂર્ણ બની ગયા. ત્યાં થોડીવાર રહીને રાવણના ભવનમાં ગયા. ત્યાં રાક્ષસ લોકોનું સન્માન કર્યું, અને તેમને યથાયોગ્ય સ્થાને સ્થાપ્યા. પછી પૂર્વે પરણવાને કબૂલ કરેલી સિંહોદર વગેરે રાજાની કન્યાઓને રામની આજ્ઞાથી વિદ્યાધરો ત્યાં લાવ્યા અને પોતપોતાની પ્રતિજ્ઞા પ્રમાણે શ્રીરામ–લક્ષ્મણ તે

અનેક રાજપુત્રીઓને પરણ્યા. સીતા અને વિશલ્યા વગેરે પોતપોતાના અંતઃપુરની સાથે વિવિધ સુખોને અનુભવતા શ્રીરામ–લક્ષ્મણે છ મહિના પસાર કર્યા.

આ દરમિયાન ઘણા સમયથી થયેલા પુત્રવિયોગથી સંતપ્ત બનેલી અપરાજિતા અને સુમિત્રાએ નારદને પુત્રવિરહનું પોતાનું દુઃખ જણાવીને અયોધ્યાથી લંકાપુરી મોકલ્યા. નારદે લંકાપુરી આવીને શ્રીરામ–લક્ષ્મણને માતાનો વૃત્તાંત જણાવ્યો. આથી ઘણા વિદ્યાધર સૈનિકોથી અનુસરાતા અને સીતા–વિશલ્યા વગેરે પોતપોતાના અંતઃપુરથી યુક્ત શ્રીરામ–લક્ષ્મણ બિભીષણ અને સુગ્રીવ વગેરેની સાથે પુષ્પક વિમાનમાં બેસીને અયોધ્યા આવ્યા. તેમનું આગમન જાણીને ભરતરાજા તેમની સામે ગયા. પરસ્પર મિલન થતાં અતિશય ભાવથી આલિંગન વગેરે સ્નેહ કાર્ય કરીને પરમ આનંદથી પૂર્ણ બધાએ નગરીમાં પ્રવેશ કર્યો. અપરાજિતા અને સુમિત્રા વગેરે માતાઓ આનંદ પામી. ભરતરાજાએ અત્યંત હર્ષ પામીને મહાન વર્ધનક (=વધામણીનો મહોત્સવ) કરાવ્યું. પછી કેટલાક દિવસ રહીને, શ્રીરામ–લક્ષ્મણને રાજ્ય સોંપીને, ભરતરાજાએ અનેક સામંતોની સાથે દેશભૂષણ કેવલીની પાસે દીક્ષા લીધી. નિરતિચાર ચારિત્ર પાળીને મોક્ષમાં ગયા.

આ તરફ ભરતની દીક્ષા પછી તુરત જ વિદ્યાધરો વગેરે લોકોએ રાજ્યાભિષેક માટે શ્રીરામને વિનંતિ કરી. શ્રીરામે લક્ષ્મણને બતાવ્યા, અર્થાત્ આ લક્ષ્મણ વાસુદેવ હોવાથી તેમનો અભિષેક કરો એમ કહ્યું. તેમ થાઓ એમ શ્રીરામના વચનને સ્વીકારીને શ્રીરામ સહિત વિદ્યાધર વગેરે લોકોએ મહાન આડંબરથી લક્ષ્મણકુમારનો રાજ્યાભિષેક કર્યો. શ્રીલક્ષ્મણજી નારાયણ નામના આઠમા વાસુદેવ થયા. વિશલ્યા તેમની મુખ્ય મહાદેવી (=પટ્ટરાણી) થઈ. ત્યારબાદ બધાએ જ શ્રીરામનો અભિષેક કર્યો. શ્રીરામ પદ્મ નામના આઠમા બલદેવ થયા. સીતાજી તેમના મુખ્ય મહાદેવી થયા. આ પ્રમાણે રાજ્યાભિષેક થઇ ગયા પછી રાજસમુદાયથી પરિવરેલા અને રાજસભાના મંડપમાં બેઠેલા તે બંને સૂર્ય–ચંદ્રની જેમ શોભ્યા. ત્યારબાદ બિભીષણ વગેરેને રાક્ષસદ્વીપ વગેરે પોતપોતાના સ્થાનનું આધિપત્ય આપીને પોત–પોતાના સ્થાનમાં મોકલ્યા. પછી શ્રીરામ–લક્ષ્મણે રાજ્યને સુખી બનાવીને કેટલોક કાળ પસાર કર્યો.

એકવાર ઋતુસમયે સ્નાન કરેલા અને દિવ્યભવનમાં રહેલી શય્યામાં સુખપૂર્વક સૂતેલા સીતાદેવીએ રાત્રિના અંતે સ્વપ્નમાં અત્યંત મનોહર આકૃતિવાળા અને સૂર્યના મુખની જેમ દીપતાં અષ્ટાપદપ્રાણીનાં બે બચ્ચાં ઉદરમાં સુખપૂર્વક પ્રવેશ કરતાં જોયાં, અને પોતાને તે બેની સાથે વિમાનમાંથી નીચે પડેલી જોઈ. આથી સીતાદેવી એક સાથે જ હર્ષ અને શોકને આધીન બન્યા. જાગેલા સીતાજીએ જાતે જ શ્રીરામ પાસે જઇને

સ્વપ્ન કહ્યું. શ્રીરામે કહ્યું: હે પ્રિયે! ઉત્તમ પુત્રયુગલનો જન્મ થશે. પણ તમે વિમાનમાંથી પડ્યા તે સારું નથી. આથી આ અનિષ્ટફળના નાશ માટે શાંતિકર્મમાં ઉદ્યમ કરવો જોઈએ. સીતાજીએ કહ્યું: જેવી પ્રાણનાથની આજ્ઞા. સીતાજીએ તે જ સમયે ગર્ભ ધારણ કર્યો. શ્રીરામનો સીતાજી ઉપર ગાઢ પ્રેમ જોઈને બીજી રાણીઓનું અંતઃકરણ અતિશય ઈર્ષ્યાથી બળવા માંડ્યું. આથી તે રાણીઓ સીતાજીનાં છિદ્રો જોવામાં તત્પર બની. એક દિવસ બેઠેલા સીતાજીને બીજી રાણીઓએ કોઈક વાતમાં પૂછ્યું: રાવણનું રૂપ કેવું હતું? સીતાજી બોલ્યાઃ મેં ક્યારેય તેનું રૂપ જોયું નથી. કેવલ એ મારી પાસે આવ્યો ત્યારે નીચા મુખવાળી મેં તેના બે પગો જોયા છે. બીજી રાણીઓએ કહ્યું: જો એમ છે તો તેનાં બે ચરણ આલેખીને અમને બતાવો. તેના બે ચરણના અનુસારે જ તેનું શેષરૂપ અમે જાણી લઈશું. તેથી તેમના ચિત્તની દુષ્ટતાને નહિ જાણતા સીતાજીએ ભોળપણથી જ સુંદર રંગો લઈને રાવણના બે ચરણ આલેખ્યાં. પછી સીતાજી ત્યાંથી જતા રહ્યા. તે જ ક્ષણે કોઈ કામ માટે આવેલા શ્રીરામને બીજી રાણીઓએ સીતાજીએ આલેખેલાં તે બે ચરણને બતાવીને કહ્યું: હે દેવ! આપને પ્રિય એવી સીતાજીને આજે પણ રાવણ ઉપર રાગ છે, જેથી આ પ્રમાણે તેના બે ચરણને આલેખીને તેની આરાધના કરે છે. શ્રીરામે ગંભીરતાથી તેમને કોઈ ઉત્તર ન આપ્યો, અને સીતાજીને પણ તે વાત ન કરી.

એકવાર વસંતઋતુનો સમય આવતાં ક્રીડાનિમિત્તે મહેંદ્રોદય ઉદ્યાનમાં આવેલા શ્રીરામે સીતાજીને કહ્યું: હે પ્રિયે! તમે કંઈક નિરુત્સાહ કેમ જણાઓ છો? સીતાજીએ કહ્યું: ગર્ભના પ્રભાવથી થયેલા દોહલાના કારણે. શ્રીરામે પૂછ્યું: કેવો દોહલો થયો છે? સીતાજી બોલ્યાઃ બધા મંદિરોમાં જિનબિંબોની પૂજા કરવાનો દોહલો થયો છે. તેથી શ્રીરામે તે જ વખતે પ્રતિહારીને આજ્ઞા કરી કે મારી આજ્ઞાથી સર્વ જિનમંદિરોમાં વિશેષ રીતે પૂજા કરાવ. પ્રતિહારીએ 'જેવી આપની આજ્ઞા' એમ તેમના વચનને સ્વીકારીને તેમની આજ્ઞાનું પાલન કરાવ્યું. સીતાજી અને લક્ષ્મણથી યુક્ત શ્રીરામ મહેંદ્રોદય ઉદ્યાનમાં રહેલા નગરના લોકોની વિવિધ ક્રીડાઓ જોઈને વિશેષપ્રકારની પૂજાનાં દર્શન માટે જિનમંદિરે આવ્યા. આ વખતે સીતાજીએ કહ્યું: મારું જમણું નેત્ર ફરકે છે. શ્રી રામે કહ્યું: હે પ્રિયે! આ સારું નથી. સીતાજી બોલ્યાઃ હે સ્વામી! પ્રતિકૂલ વર્તનારાં કર્મો શું હજી પણ ફરી પ્રિયવિરહનું દુઃખ ઉત્પન્ન કરશે? મને રાક્ષસદ્વીપમાં મોકલીને જે દુઃખ આપ્યું એનાથી હજી તેમને સંતોષ થયો નથી! શ્રીરામે કહ્યું: હે પ્રિયે! જેને જ્યારે શુભ કે અશુભ જે પ્રાપ્ત થવાનું હોય તેને ત્યારે તે અવશ્ય પ્રાપ્ત થાય છે. આમાં કોઈ શંકા નથી. માટે હે દેવી! તમે આ વિચારીને ખેદ ન કરો, કિંતુ હમણાં દેવપૂજા વગેરે ધર્મમાં વિશેષ ઉદ્યમ કરો. હે દેવી! તમે પોતાના ઘરે જાઓ અને ગરીબ લોકોને સતત દાન આપો, જેથી તમારું આ અશુભ નિમિત્ત જલદી નાશ પામે. શ્રીરામે

આ પ્રમાણે કહ્યું એટલે સખીઓથી પરિવરેલા સીતાજી પોતાના ઘરે ગયા. જિનમંદિરોમાં વિશેષથી પૂજા વગેરે કરવાનો આદેશ કર્યો. ઘોષણાપૂર્વક ગરીબ વગેરે લોકોને યથાયોગ્ય ઘણું દાન આપવાનું શરૂ કર્યું. શાંતિનિમિત્તે સઘળા નગરલોકોને પોતાના દેવ–દેવીઓની પૂજા કરાવી. શ્રીરામ સીતાને તે પ્રમાણે કહીને, લક્ષ્મણ રાજા વગેરે લોકોને સ્વસ્થાને મોકલીને પોતે લોકચેષ્ટા વગેરે જોવા માટે એકલા જ લોકો પોતાને ન જાણે તે રીતે ત્યાં ઉદ્યાનમાં જ રહ્યા.

આ વખતે રાજાના બધા જ લોકો જતા રહ્યા એટલે પરદોષ ગ્રહણ કરવામાં આસક્ત લોકો નિર્ભય બનીને પરસ્પર કહેવા લાગ્યા કે, જુઓ, રાવણ સીતાને લઈ ગયો, છતાં રામ ગુણ–દોષનો વિચાર કર્યા વિના એને અહીં પાછી લઇ આવ્યા. કારણ કે રાગાસક્ત રાવણ અપહરણ કરીને સીતાજીને પોતાના ઘરે લઇ ગયો, અને ભોગવી નહિ એમ અહીં કયો ચતુર પુરુષ વિશ્વાસ કરે? અથવા, જેનું ચિત્ત જેનામાં અનુરક્ત હોય તે તેના મોટા દોષને પણ ગુણ જ જાણે છે, શ્રીરામ સીતાના મોટા દોષને ગુણ જાણે છે તેમ. આ સાંભળીને શ્રીરામે વિચાર્યું: જુઓ, જેના માટે સમુદ્ર તરીને કષ્ટથી રાવણને માર્યો તેના માટે લોકોએ કેવી સંભાવના કરી? અથવા, લોકો આ યુક્ત બોલે છે. અનુરાગી પરપુરુષ જેને પોતાના આવાસમાં લઇ ગયો તેને કેમ ન ભોગવી હોય?

આ પ્રમાણે વિચારીને સીતાના શીલ વિષે લોકવિચારોને સાંભળવા માટે ચરપુરુષોને આજ્ઞા કરીને શ્રીરામ પોતાના ઘરે ગયા. ગુપ્તચર પુરુષો આવી જતાં ત્યાં લક્ષ્મણરાજા વગેરેને બોલાવીને શ્રીરામે કહ્યું: હે પુરુષો! સીતાસંબંધી લોકવાણી રાજાની સમક્ષ કહો. તેમણે કહ્યું: લોકો નિઃશંકપણે કહે છે કે, રાવણે સીતાને પોતાની નગરીમાં લઈ જઇને નથી ભોગવી એમ અહીં કયો ચતુરપુરુષ વિશ્વાસ કરે? આ પ્રમાણે સાંભળીને અત્યંત ગુસ્સે થયેલા શ્રી લક્ષ્મણ "જે આ પ્રમાણે કહે છે તેની જીભ મારા પોતાના હાથથી કાપી નાખું" એમ બોલતા તલવાર ખેંચીને ઊભા થઈ ગયા. તેથી શ્રીરામે "આ પ્રમાણે ગુસ્સો ન કર, આ પ્રમાણે નિર્વિચાર પ્રવૃત્તિ સજ્જનોને ન શોભે" એમ કહીને તેમનો હાથ પકડીને બેસાડી દીધા. પછી શ્રીરામે કહ્યું: હે બંધુ! આ સીતાજી મને પ્રાણથી પ્રિય હોવા છતાં લોકોએ આ પ્રમાણે એના શીલકલંકની સંભાવના કરી હોવાથી હું એને અહીં રાખવા ઇચ્છતો નથી. શ્રી લક્ષ્મણે કહ્યું: લોકો કુટિલ પ્રકૃતિવાળા હોય છે, ચુગલીખોર હોય છે, ગુણો વિષે ઇર્ષ્યા કરવાના સ્વભાવવાળા હોય છે, ઘસાતું બોલવાના સ્વભાવવાળા હોય છે. એથી માત્ર લોકનિંદાથી મહાસતી સીતાજીનો ત્યાગ ન કરો. શ્રીરામે કહ્યું: તું કહે છે તે સાચું છે. પણ લોકવિરુદ્ધ આ મહાન અપયશના કલંકરૂપ કાદવ સહન કરવો અશક્ય છે. પછી લક્ષ્મણ વગેરેએ રોકવા છતાં શ્રીરામે

કૃતાંતવદન નામના સેનાધિપતિને બોલાવીને આજ્ઞા કરી કે, ગર્ભવતી સીતાને લઇને જંગલમાં મૂકી આવ. આ વખતે શ્રી લક્ષ્મણ રામ ઉપર ગુસ્સો કરીને ત્યાંથી ઉઠીને પોતાના સ્થાને ગયા. કૃતાંતવદન "સ્વામી જે પ્રમાણે આજ્ઞા કરે છે તે પ્રમાણે કરું છું" એમ કહીને, શ્રી રામને પ્રણામ કરીને, ત્યાંથી ઉઠ્યો. પછી વાહનશાળામાં રથને તૈયાર કરીને ફરી શ્રીરામની પાસે આવ્યો.

શ્રીરામે કહ્યું: જલદી જા, સીતાને સર્વમંદિરોમાં વંદન કરવાનો દોહલો થયો છે. આથી એ દોહલો પૂરવાના બહાને લઈ જઇને જંગલમાં મૂકી આવ. શ્રીરામની આ આજ્ઞા થયા પછી કૃતાંતવદન શ્રીરામને પ્રણામ કરીને સીતાજીની પાસે ગયો. તેણે સીતાજીને કહ્યું: હે દેવી ! આપ જલદી રથમાં બેસી જાઓ, જેથી હું આપને બધા મંદિરે વંદન કરાવું. તેથી તેના વક્રસ્વભાવને નહિ જાણતા સીતાજી અતિશય હર્ષ પામતા રથમાં આરૂઢ થયા. કૃતાંતવદને સીતાજીને લઈ જવા પ્રયાણ કર્યું ત્યારે સેંકડો અશુભ નિમિત્તોએ તેમને રોક્યા, અર્થાત્ તેમને સેંકડો અપશુકનો થયા. છતાં કૃતાંતવદન સીતાજીને ગંગાસાગર પાર કરાવીને (સિંહનિનાદક નામના) મહાન જંગલ સુધી લઇ ગયો. ત્યાં તેણે રથ ઊભો રાખ્યો. સીતાજીને રથ ઉપરથી [1]ઉતારીને સીતાજીના પગમાં પડીને શોકના સમૂહથી રુંધાયેલા ગળારૂપી ક્યારામાંથી નીકળતા ગદ્દગદ્દ શબ્દોથી રામે જેવી વિગત કહી હતી તેવી કહી. તે સાંભળીને સીતાજીએ મનને મજબૂત કરીને કહ્યું: હે કૃતાંતવદન ! સીતાજીએ કહેવડાવ્યું છે એમ કહીને તું મારા પ્રાણનાથને કહેજે કે, જો કે એકપક્ષથી જ તમે મારા ઉપર સ્નેહરહિત બની ગયા, તો પણ હે સ્વામી ! શુદ્ધિ માટે મારી પરીક્ષા કેમ ન કરી ? આ પ્રમાણે કહીને રથસહિત કૃતાંતવદનને રજા આપી. તે પોતાના નગર તરફ ગયો.

તે મહાન જંગલમાં માત્ર પોતાની સાથે બોલે એવા પણ બીજા કોઈ સહાયકને નહિ જોતા એકલા સીતાજી ક્ષણવારમાં મૂર્છાથી ભૂમિ ઉપર ઢળી પડ્યા. વનના શીતલપવનથી ચેતનાને પામેલા સીતાજી વિલાપ કરવા લાગ્યા કે, હા નાથ ! હા વલ્લભ ! હા ગુણસમૃદ્ધ ! હા રામ ! હા નિષ્કારણ દયાનિધાન સ્વામી ! કૃપા કરીને ભયથી પીડિત મને પોતાનાં દર્શન જલદી આપો. આ પ્રમાણે વિલાપ કરતા સીતાજીને પુંડરીકપુરથી હાથીઓને બાંધવા (=લેવા) માટે જંગલમાં આવેલા વજ્રજંઘરાજાએ જોયા. તેણે સીતાજીને કોમલવચનોથી અનેક પ્રકારે આશ્વાસન આપ્યું. પછી તમે કોણ છો ? અહીં જંગલમાં એકલા કેમ છો ? વગેરે પૂછ્યું. સીતાજીએ પોતાનો સઘળો વૃત્તાંત કહ્યો.

---

૧. **समुत्तार्य** પદના અર્થથી જ **मुक्त्वा भूमौ** પદોનો અર્થ સમજાઈ જતો હોવાથી તે બે પદોનો અનુવાદ કર્યો નથી.

પછી વજ્રજંઘ રાજા તમે મારા સાધર્મિક હોવાથી ધર્મબહેન છો એમ કહીને સીતાજીને પોતાની નગરીમાં લઈ ગયો. આ તરફ કૃતાંતવદન મહાકષ્ટથી અયોધ્યા આવ્યો. શ્રીલક્ષ્મણ વગેરેની સાથે રહેલા શ્રીરામને સીતાજીનો વૃત્તાંત કહ્યો. શ્રીરામ તે સાંભળીને શોકના આવેગને આધીન બનીને ક્ષણવારમાં મૂર્છા પામ્યા. ચેતના આવતાં વિલાપ કરવા લાગ્યા. હા! નિર્દય મેં ચુગલીખોર લોકોના વચનથી અપરાધરહિત પ્રાણ પ્રિયાને અહીંથી કાઢીને જંગલમાં પશુઓનું ભક્ષ્ય કેમ કરી? ઇત્યાદિ પ્રલાપ કરતા શ્રીરામને શ્રીલક્ષ્મણે કહ્યું: હે બંધુ! અજ્ઞાન લોકને ઉચિત આ શોકથી શું? જો સીતાજી ત્યાં જીવતા હોય તો હજી પણ જઈને અહીં લઈ આવો, પછી આપને જે યોગ્ય લાગે તે કરવું. તેથી બધા કૃતાંતવદનને જ આગળ કરીને આકાશમાર્ગે તે સ્થાને ગયા. પણ ત્યાં સીતાજીને જોયા નહિ. પરસ્પર કહેવા લાગ્યા કે સિંહ કે વાઘ સીતાજીનું ભક્ષણ કરી ગયો છે. બધા વિલખે મોઢે પોતાના નગરમાં આવ્યા. ત્યાં સીતાજીનું મૃતકાર્ય કર્યું. નગરના લોકો સીતાજીના રૂપ વગેરે ગુણસમૂહને યાદ કરીને શ્રીરામની નિંદા કરવા લાગ્યા. તે આ પ્રમાણે:– નિષ્કપટ ભક્તા સીતાદેવી વિષે શ્રીરામે જેવું કર્યું તેવું નિર્દય આચરણ કરવું એ શત્રુને પણ યોગ્ય નથી. લોકોના નયન અને મનને હરનારું સીતાજીનું રૂપ ગણ્યું નહિ, નિર્મલ શીલ પણ ગણ્યું નહિ, વનવાસમાં સુખ–દુઃખ અવસ્થામાં સીતાજીનો સમભાવ પણ ગણ્યો નહિ. કેવલ પરમાં આસક્તિવાળા શ્રીરામે સ્ત્રીહત્યા અને ગર્ભઘાતને સ્વીકારીને સીતાજીનો ત્યાગ કર્યો. અહો! રામ નિર્દય છે!

પુંડરીકપુરમાં આવેલા સીતાજી વજ્રજંઘના ઘરે સુખપૂર્વક રહ્યા. સમય જતાં તેમણે પુત્રયુગલને જન્મ આપ્યો. તેના જન્મમાં વજ્રજંઘે મહાવર્ધનક (=જન્મ મહોત્સવ) કરાવ્યું. ઉચિત સમયે તે બંનેના અનંગલવણ અને મદનાંકુશ એવાં નામો કર્યાં. બંનેનાં ઉચિત સર્વ કાર્યો થઈ રહ્યાં હતાં. દિવસે દિવસે વધતા તે બંને કળા ગ્રહણ કરવાને યોગ્ય થઈ ગયા. આ વખતે સર્વ કલાસમૂહને પાર પામનાર અને નિર્દોષ વિદ્યાના બલવાળો સિદ્ધાર્થ નામનો સિદ્ધપુત્ર ત્યાં આવ્યો, અને ભિક્ષા માટે સીતાજીના ભવનમાં ગયો. સંભ્રમપૂર્વક ઊભા થયેલા સીતાજીએ વંદન કરીને પોતાના હાથે ઉચિત ભોજન–પાણીથી તેનો સત્કાર કર્યો. તેણે સીતાજીના ઘરમાં જ એક સ્થાનની યાચના કરીને ભોજન કર્યું. ત્યારબાદ સીતાજીએ ત્યાં આવીને સુખપૂર્વક બેઠેલા તેને વિહારની શાતા પૂછી. સિદ્ધપુત્રે સીતાજીના પ્રશ્નનો જવાબ આપીને સીતાજીનો વૃત્તાંત પૂછ્યો. રડતા સીતાજીએ પુત્રજન્મ સુધીનો પોતાનો વૃત્તાંત કહ્યો. સિદ્ધાર્થે તેના બે પુત્રોને જોઈને કહ્યું: હે મહાસતી! તમે રડો નહિ, તમારું બધું સારું થશે. કારણ કે તમારા આ બે પુત્રો શુભ લક્ષણવાળા છે. આ પ્રમાણે આશ્વાસન પામેલા સીતાજીએ સિદ્ધાર્થને કેટલાક દિવસ ત્યાં જ રાખ્યો. સિદ્ધાર્થે થોડા જ કાળમાં તે બે કુમારોને સઘળી કળાઓ શિખવાડી દીધી. જવાની ઈચ્છાવાળા સિદ્ધાર્થને તેની ઉચિત ઉત્તમપૂજા કરવાપૂર્વક રજા આપી.

બંને કુમારોને સ્ત્રીજનના મનને હરનારા પ્રૌઢ યૌવનને પામેલા જાણીને વજ્રજંઘે અનંગલવણના લગ્ન માટે પોતાની લક્ષ્મીમતી પત્નીના ઉદરથી જન્મેલી શશિચૂલા પુત્રીને બીજી બત્રીસ કન્યાઓની સાથે આપી, અને શુભ દિવસે પરણાવી. પૃથુરાજની પુત્રી કનકમાલા મદનાંકુશને યોગ્ય છે એમ યાદ કરીને (=વિચારીને) તેની માગણી કરવા માટે પૃથુરાજની પાસે દૂત મોકલ્યો. દૂતે જઈને આવવાનું કારણ જણાવ્યું. પૃથુરાજે કહ્યું: જેનું કુલ ન જણાય તેને મારી પુત્રી કેવી રીતે આપું? પછી દૂતે જઈને વજ્રજંઘને જણાવ્યું. આથી વજ્રજંઘે પૃથુરાજા ઉપર ગુસ્સે થઈને લડાઈની તૈયારી કરી. આ જાણીને કુમારોએ વજ્રજંઘને કહીને જાતે જ આવીને યુદ્ધમાં પૃથુરાજનો પરાભવ કર્યો. આથી પૃથુરાજે પોતાની પુત્રી આપી. મદનાંકુશ તેને સ્વીકારીને પરણ્યો. ત્યાર પછી તે કુમારોએ બીજા પણ ઘણા રાજાઓ ઉપર પોતાના પરાક્રમથી આક્રમણ કરીને તેમને પોતાના સેવક બનાવ્યા.

કેટલાક દિવસો બાદ કુમારોએ સીતાને પૂછ્યું: અમારા પિતા કોણ છે? તેથી પૂર્વના વૃત્તાંતને યાદ કરીને રડતા સીતાજીએ મૂળથી જ આરંભી બધું કહ્યું. પિતાના આદેશથી રામ વનમાં ગયા, ત્યાં પોતાનું અપહરણ થયું, એથી રાવણનો વધ કર્યો, ફરી અયોધ્યામાં આગમન થયું, તમે બંને ગર્ભમાં હતા ત્યારે દોહલો પૂરવાના બહાને જંગલમાં મારો ત્યાગ કરાવ્યો, આ બધું કહ્યું. આ જાણીને પોતાની માતાનો નિષ્કારણ પરાભવ કરવાથી ગુસ્સે થયેલા કુમારોએ રામ-લક્ષ્મણ ઉપર ચઢાઈ કરવા વજ્રજંઘને જણાવ્યું. પછી સર્વ સૈન્યોથી સહિત કુમારોએ વજ્રજંઘની સાથે રામ-લક્ષ્મણ ઉપર ચઢાઈ કરી. મહાયુદ્ધ શરૂ થયું. કુમારોએ ક્ષણવારમાં રામ-લક્ષ્મણને શસ્ત્ર વિનાના બનાવી દીધા. તેથી શ્રીરામ હાથમાં હળ અને મુશળ શસ્ત્ર લઈને અનંગલવણની સામે અને શ્રીલક્ષ્મણ હાથમાં ચક્ર લઈને મદનાંકુશની સામે દોડ્યા. તે શસ્ત્રો અમોઘ હોવા છતાં સ્વગોત્રમાં (=એક ગોત્રમાં) સમર્થ ન બને. આથી તેમણે એ શસ્ત્રો ફેંક્યા, છતાં શસ્ત્રોએ તેમના ઉપર જરા પણ અપકાર ન કર્યો, કેવલ કુમારોને પ્રદક્ષિણા કરીને રામ-લક્ષ્મણના હાથમાં પાછા આવી ગયા. આથી રામ-લક્ષ્મણે વિચાર્યું: શું આપણે બલદેવ-વાસુદેવ નથી? એટલામાં ક્યાંકથી તેમના યુદ્ધનો વૃત્તાંત જાણીને કુમારોનો અધ્યાપક સિદ્ધાર્થ નામનો સિદ્ધપુત્ર નારદની સાથે ત્યાં આવ્યો. તેથી તેમણે શ્રીરામને કહ્યું: આ તમારા અનંગલવણ અને મદનાંકુશ નામના તે જ પુત્રો છે કે જેઓ ગર્ભમાં હતા ત્યારે તમોએ સીતાજીનો મહાવનમાં ત્યાગ કરાવ્યો હતો. તમારા જે આ અમોઘ શસ્ત્રોએ આ કુમારો ઉપર અપકાર ન કર્યો તેનું કારણ એ છે કે આ શસ્ત્રો સ્વગોત્રમાં સમર્થ ન બને એવો નિયમ છે. માટે ઊંચા મનવાળા ન થાઓ, કિંતુ શ્રીલક્ષ્મણને પણ આ વાત જણાવીને લડાઈ છોડીને કુમારોને બોલાવો. ભામંડલ રાજાએ પહેલાં જ કુમારોના યુદ્ધનો આડંબર જોયો, પછી નારદ પાસેથી સીતા સંબંધી સર્વ સમાચાર જાણ્યા. આથી તે

પુંડરીકપુરમાં સીતા પાસે જઈને સીતાજીને ત્યાંથી અહીં લઈ આવ્યો. અત્યારે સીતાજી કુમારોની છાવણીમાં રહેલા છે. માટે આ બધાને પોતાના કરો.

સિદ્ધાર્થ અને નારદથી આ પ્રમાણે કહેવાયેલા શ્રીરામે શ્રી લક્ષ્મણજીની પાસે જઈને તેમને તે વૃત્તાંત જણાવ્યો. શ્રીરામ સમકાળે [1] હર્ષ અને ખેદને આધીન બન્યા. આંસુઓના જલથી ગાલના તળિયાને ધોઈ નાખ્યા. આવી દશાને પામેલા શ્રીરામ લક્ષ્મણની સાથે પુત્રોની પાસે આવવા માટે ચાલ્યા. પિતાને અને કાકાને આવતા જોઈને કુમારોએ રથને છોડીને સ્નેહપૂર્ણ અંતઃકરણથી જલદી આવીને તેમના પગમાં પડ્યા. શ્રીરામ પુત્રોને ગાઢ ભેટીને ક્ષણવાર રડ્યા. પછી વિલાપ શરૂ કર્યો:– હા પુત્ર ! મેં અકાર્ય કર્યું છે. કારણ કે ગર્ભમાં રહેલા તમારા બેની સાથે તમારી માતાનો ત્યાગ કર્યો. હા પ્રિયે ! ક્રૂર પ્રાણીઓથી વ્યાપ્ત જંગલમાં મુકાયેલા તમે ત્યારે કેવી રીતે જીવ્યા ? તેથી લક્ષ્મણે કહ્યું: હે બંધુ ! આ પ્રમાણે શોક કેમ કરો છો ? શું આપે નથી સાંભળ્યું કે– **"રણમાં, વનમાં, શત્રુની વચ્ચે, પાણીમાં, અગ્નિમાં, મહાસમુદ્રમાં કે પર્વતના શિખર ઉપર અસાવધાનપણે સુતેલાનું કે વિષમ દશામાં રહેલાનું પૂર્વે કરેલાં પુણ્યો રક્ષણ કરે છે."** આથી શોક છોડીને આવો, અને અહીંથી કુમારોની સાથે પોતાની નગરીમાં પ્રવેશ કરો.

આ જાણીને સીતાજી શ્રેષ્ઠ વિમાનમાં બેસીને પુંડરીકપુર ગયા. શ્રીરામે વજ્રજંઘને પોતાના હાથમાં લઈને કહ્યું: તમે જ મારા પરમ બંધુ છો કે જેના ઘરમાં સીતાજી રહ્યા અને આ મારા પુત્રો મોટા થયા. વજ્રજંઘને આ પ્રમાણે કહેતા શ્રીરામ લક્ષ્મણના વચનને સ્વીકારીને, કુમારોને પોતાની જમણી અને ડાબી બાજુ રાખીને, લક્ષ્મણ વગેરે સર્વ રાજાઓની સાથે પુષ્પક વિમાનમાં બેસીને, મહાન આડંબરથી નગરીમાં પ્રવેશ કર્યો.

આ વખતે બિભીષણ વગેરેએ રામને વિનંતિ કરી કે હે સ્વામી ! સીતાજીને મંગાવો. વિદેશમાં રહેલા તે દુઃખી છે. તેથી રામની ગળારૂપી નીક ક્રોધથી રુંધાઈ ગઈ. શ્રીરામે કહ્યું: સીતાજીનું આગમન કોણ નથી ઇચ્છતું ? પણ લોકનો સ્વભાવ વિષમ હોય છે. તેથી જો તે કોઈ પણ રીતે ( પોતે શુદ્ધ છે એમ ) લોકને વિશ્વાસ કરાવી શકે તો હું તેમની સાથે એક સ્થળે રહું, અન્યથા નહિ. તેથી 'એમ થાઓ' એ પ્રમાણે સ્વીકાર કર્યો. બિભીષણ વગેરેએ બધા લોકોને નગરના બહારના ભાગમાં ભેગા કર્યા. સીતાજીને લાવવા માટે પુષ્પક વિમાનથી સુગ્રીવને પુંડરીક નગર મોકલ્યો. સુગ્રીવ ક્ષણવારમાં ત્યાં ગયો, અને સીતાજીને લઈ આવ્યો. સીતાજી અયોધ્યાનગરીની બહાર રહેલા મહેન્દ્ર નામના ઉદ્યાનમાં રહ્યા.

---

૧. સીતાત્યાગની સ્મૃતિથી ખેદ અને પુત્રપ્રાપ્તિથી હર્ષ એમ બંને એકી સાથે થયા.

આ વખતે શ્રી લક્ષ્મણે સ્વયં સીતાજી પાસે આવીને પ્રણામ કરીને [1]અર્ઘને ઉછાળવા પૂર્વક સીતાજીને કહ્યું: હે દેવી! કૃપા કરીને નગરપ્રવેશનો સ્વીકાર કરો, અર્થાત્ નગરમાં પ્રવેશ કરો. સીતાજીએ કહ્યું: હે લક્ષ્મણ! હું પોતાને શુદ્ધ (સિદ્ધ) ન કરું ત્યાં સુધી નગરીમાં પ્રવેશ કરવાને ઇચ્છતી નથી. સીતાજીનો આગ્રહ જાણીને શ્રીલક્ષ્મણે શ્રીરામને આ વાત કહી. શ્રીરામ પોતે સીતાજી પાસે આવ્યા. શ્રીરામે પ્રણામ કરીને સુખાસને બેઠેલા પ્રિયાને કહ્યું: હે પ્રિયે! પોતાનું કલંક દૂર કરવા તમે કોઈ પણ રીતે સમર્થ છો?

સીતાજી બોલ્યા: લોકમાં પાંચ દિવ્યો છે. તે આ પ્રમાણે:- તુલારોપણ (=ત્રાજવા ઉપર ચઢવું), અગ્નિપ્રવેશ, વિષભક્ષણ, ફાલગ્રહણ (=તપાવેલું લોઢું પકડવું), અને શસ્ત્રધારા શયન. આ પાંચમાં કયા દિવ્યથી પોતાને શુદ્ધ કરું? શ્રીરામે કહ્યું: અગ્નિથી. સીતાજીએ સ્વીકાર કર્યો. પછી શ્રીરામે ત્રણસો હાથ પ્રમાણ ચોરસ મોટી વાવડી ખોદાવી. ખેરના કાષ્ઠોથી તેને પૂરી દીધી. જ્વાલાસમૂહથી દુઃખથી જોઈ શકાય તેવો અગ્નિ સળગ્યો. સીતાજીને બોલાવ્યા. શ્રીરામે સીતાજીને કહ્યું: દુષ્ટ લોકોએ જેની સંભાવના કરી છે તે કલંકરૂપ કાદવથી મલિન થયેલા આત્માને આ સળગેલા અગ્નિમાં સુવર્ણની જેમ શુદ્ધ કરો. વિકસિત મુખરૂપ કમળવાળા અને તુષ્ટ મનવાળા સીતાજી પણ "સ્વામી જે પ્રમાણે આજ્ઞા કરે છે તે પ્રમાણે કરું છું" એમ કહીને અગ્નિ તરફ ચાલ્યા. તેથી સઘળા લોકો હા હા એવા અવાજપૂર્વક બોલવા લાગ્યા: અરે! અરે! શ્રીરામે આ સારું કરવાનું શરૂ કર્યું નથી. સીતાજીને અતિનિર્દય કાર્યની આજ્ઞા કરી છે. અમે એમના શીલખંડનની જરા પણ સંભાવના કરતા નથી. મુખનો ચહેરો જ જીવોના મલિનશીલપણાને પ્રગટ કરે છે. સીતાજીમાં કંઈ પણ કુશીલતાનું લક્ષણ જોવામાં આવતું નથી.

આ વખતે સિદ્ધાર્થે કહ્યું: હે રામદેવ! કદાચ મેરુ પાતાળમાં પેસી જાય, લવણસમુદ્રનો જલસમૂહ સુકાઈ જાય, તો પણ સીતાજીના શીલનાશની સંભાવના નથી. અથવા સીતાજીએ અગ્નિમાં પ્રવેશ કર્યા વિના જ આત્માને શુદ્ધ કર્યો છે. કારણ કે લોકમાં પ્રશંસા પ્રાપ્ત થઈ છે. હવે સીતાજીને અગ્નિમાં પ્રવેશ કરતા અટકાવી દો. શ્રીરામે કહ્યું: હે સિદ્ધાર્થ! આ લોકો દુર્જનના જેવા સ્વભાવવાળા છે. ક્ષણવારમાં ઊંધું બોલે છે, તો ક્ષણવારમાં સીધું બોલે છે. તેથી સીતાજીનો શીલરૂપી સુવર્ણનો ગુણ અગ્નિમાં સિદ્ધ ન થાય ત્યાં સુધી હું સીતાજીને ન રોકું. સીતાજી પણ અગ્નિ પાસે જઈને અરિહંત–સિદ્ધ વગેરેને નમસ્કાર કરીને બોલ્યા: હે લોકપાલો! જો મેં શ્રીરામને છોડીને બીજા પુરુષની મનથી પણ ઇચ્છા કરી હોય તો આ અગ્નિ મને બાળી નાંખો, નહિ તો હિમકણ જેવો શીતલ થાઓ. આમ કહીને સીતાજીએ અગ્નિમાં ઝંપાપાત કર્યો. આ દરમિયાન

૧. અર્ઘ એટલે પૂજાની સામગ્રી. આજે જેમ દેવ વગેરેની સન્મુખ ચોખા ઉછાળવામાં આવે છે તેમ કોઈ ઉત્તમ વસ્તુ તેમની સન્મુખ ઉછાળી હશે એમ અનુમાન થાય છે.

જગદ્‌ભૂષણ મુનિને પ્રગટેલા કેવલજ્ઞાનનો મહિમા કરવા માટે આવેલા ઈંદ્રે (પદાતિ-સેનાના અધિપતિ) હરિનૈગમૈષીને આજ્ઞા કરી કે મહાસતી સીતાજીનું સાંનિધ્ય કર. તેથી એણે વાવડીને નિર્મલ જલથી પૂર્ણ અને કમલ, કુમુદ, કુવલય, કહ્‌લાર, શતપત્ર અને સહસ્રપત્ર (વગેરે વિવિધ કમલો)થી સુશોભિત બનાવીને એક સહસ્રપત્ર કમળ ઉપર સીતાજીને બેસાડ્યા. આકાશમાં રહેલા દેવો, સિદ્ધપુત્ર (કે વિદ્યાસિદ્ધ), ગાંધર્વ વગેરેએ તેમના ઉપર પુષ્પવૃષ્ટિ કરી, અને ઘોષણા કરી કે, અહો! મહાસતીનું શીલમાહાત્મ્ય! દેવોએ દુંદુભિઓ ઘણીવાર વગાડી. દુંદુભિઓએ પડઘાથી ભુવનના પોલાણને પૂરી દીધું. વિશેષ શું કહેવું? સર્વ લોકો ખુશ થઈ ગયા. લવણ અને અંકુશ આવીને સીતાના પગે પડ્યા.

આ વખતે જાણે કે પ્રલયકાળથી ક્ષુબ્ધ કરાયેલ સમુદ્રની મોટી લહરીઓનો સમૂહ હોય તેવું અને સર્વ લોકોને ડુબાડી દેવા માટે સમર્થ એવું વાવડીમાંથી ઉછળતું પાણીનું પૂર જોઈને, હા દેવી! મહાસતી! જનકપુત્રી! ઉન્માર્ગે વહેતા આ વાવડીના પાણીથી તણાતા આ સઘળા લોકોની રક્ષા કરો, રક્ષા કરો!, આ પ્રમાણે લોકોનો કરુણ વિલાપ સાંભળીને, સીતાદેવીને દયાનો પરિણામ ઉત્પન્ન થયો. આથી તેમણે જલદી કમળ ઉપરથી ઉતરીને બંને હાથોથી પાણીને પાછું વાળીને વાવડીપ્રમાણ જ કર્યું. પોતે ફરી તે જ પદ્મના આસન ઉપર બેઠા. પછી સ્વસ્થ થયેલા લોકો સીતાની આગળ જ નિર્મલશીલની પ્રશંસા કરતા નાચવા લાગ્યા. શ્રીરામે ત્યાં મહાસતી સીતાજીને લક્ષ્મીની જેમ કમલ ઉપર બેઠેલા જોઈને કહ્યું: હે જનકપુત્રી! આ એક અપરાધને ક્ષમા કરો. સીતાજીએ કહ્યું: હે પ્રિય! તમારો શો અપરાધ છે? આ તો પૂર્વે ઉપાર્જન કરેલા મારા કર્મનો પરિણામ છે, જેથી નિર્મલશીલવાળી પણ મને આ પ્રમાણે અપયશરૂપ કાદવ લાગ્યો. આ પ્રમાણે બોલતા સીતાજી કમલના આસન ઉપરથી ઉઠીને વાવડીમાંથી બહાર નીકળ્યા. પછી શ્રીરામના ચરણોમાં નમીને જિનમંદિરે ગયા, અને જિનબિંબોને વંદન કર્યું. તે જ નિમિત્તને સ્વીકારીને (=પામીને) સીતાજીને વૈરાગ્ય થયો, અને એ વૈરાગ્યથી ચારિત્રનો પરિણામ પ્રગટ થયો. આથી સઘળા લોકોને ખમાવીને પંચમુષ્ટિક લોચ કર્યો. પછી સાધ્વીજીના ઉપાશ્રયે ગયા. સાધ્વીજીને પ્રણામ કરીને તેમની પાસે અરિહંત ભગવાને કહેલી દીક્ષાની માગણી કરી. સાધ્વીજીઓ તેમને જગદ્‌ભૂષણ કેવલી પાસે લઈ ગયા. તેમણે રજોહરણ વગેરે વેષ આપવાપૂર્વક વિધિથી તેમને દીક્ષા આપી. સીતાજીએ દીક્ષા લીધી છે એમ જાણીને શ્રીરામનું હૃદય શોકથી ભરાઈ ગયું. અનેક પ્રકારના અસંબદ્ધ પ્રલાપો કરતા શ્રીરામને લક્ષ્મણ ત્યાં જ લઈ ગયા અને સાધ્વીજી સીતાને બતાવ્યા. શ્રીરામે લક્ષ્મણ વગેરેની સાથે કેવળીને વંદન કરીને સીતાજીને ભાવપૂર્વક વંદન કર્યું. શ્રીરામ વગેરે કેવળીએ કરેલી દેશનાને સાંભળીને અલ્પશોકવાળા થયા. ફરી વંદન કરીને

સ્વસ્થાને ગયા. સીતાજી નિરતિચાર ચારિત્ર પાળીને અનશનની વિધિથી મૃત્યુ પામીને અચ્યુતેંદ્ર થયા.

સીતાનો જીવ અન્યભવમાં મૃણાલકુંદ નામના નગરમાં રહેતા શ્રીભૂતિનામના પુરોહિતપુત્રની પત્ની સરસ્વતીની વેગવતી નામની પુત્રી હતો. યૌવનના મદથી મત્ત બનેલી તેણે નગરની બહાર કાયોત્સર્ગમાં રહેલા સુદર્શન નામના સાધુને લોકોથી વંદન કરાતા જોઈને લોકોની આગળ ખોટું જ કહ્યું કે હે લોકો! મેં આને અહીં સ્ત્રી સાથે જોયો છે, તેથી આને આ પ્રમાણે તમે વંદન કેમ કરો છો? આ સાંભળીને લોકો સાધુ પ્રત્યે અસદ્ભાવવાળા બની ગયા અને સાધુની નિંદા કરવા લાગ્યા. સાધુએ તો આ સાંભળીને મનથી જ અભિગ્રહ લીધો કે, જ્યાં સુધી મારું આ કલંક દૂર ન થાય ત્યાં સુધી મારે કાયોત્સર્ગ ન પારવો. આ દરમિયાન નજીકમાં રહેલા દેવે મુનિના અનુરાગથી વેગવતીનું મુખ સુજેલું કરી દીધું. તેના પિતા શ્રીભૂતિને સાધુના વૃત્તાંતની ખબર પડી એટલે તેણે વેગવતી ઘરે ગઈ ત્યારે તેને કઠોર વચનોથી તિરસ્કારી. આથી તેને ગાઢ પશ્ચાત્તાપ થયો. સાધુ પાસે આવીને તેણે સર્વ લોકોની સમક્ષ કહ્યું કે, હે ભગવન્! તમે નિર્દોષ છો, છતાં દુર્મુખી મેં આપને ખોટી જ આળ આપી. તેથી આપ મારા આ એક અપરાધને ક્ષમા કરો. પુનઃ સંવેગવાળી બનેલી તેણે લોકોને પણ એ પ્રમાણે (=મુનિ નિર્દોષ છે એ પ્રમાણે) વિશ્વાસ કરાવ્યો. તેથી સંતુષ્ટ થયેલા લોકો ફરી મુનિની પૂજા કરવા લાગ્યા. ત્યારથી એ સુશ્રાવિકા થઈ. તેને રૂપવતી જોઇને શંભુ રાજાએ તેની માગણી કરી. શ્રીભૂતિએ મારી કન્યા હું મિથ્યાદૃષ્ટિને આપતો નથી એમ કહ્યું. આથી શંભુરાજાએ શ્રીભૂતિને મારીને વેગવતીની સાથે બળાત્કારે ભોગ કર્યો. તે વખતે વેગવતીએ [1]નિયાણું કર્યું કે– "હું ભવાંતરમાં તારા વધ માટે થાઉં." તેથી ભય પામેલા તેણે વેગવતીને મૂકી દીધી.

પછી તેણે [2]અરિકન્યા નામની સાધ્વીજી પાસે દીક્ષા લીધી. દીક્ષાનું પાલન કરી બ્રહ્મદેવલોકમાં દેવી થઈ. પોતાનું આયુષ્ય પૂર્ણ થતાં ચ્યવીને પોતાના નિયાણાના પ્રભાવથી સંસારમાં પરિભ્રમણ કરીને રાવણના મરણ માટે આ સીતા થઈ. શંભુનો જીવ રાવણ થયો. પ્રસંગથી આવેલી આ વિગત કહી. પ્રસ્તુતમાં તો એટલું જ છે કે વેગવતીના ભવમાં સીતાજીએ સાધુને આળ આપી=દોષારોપણ કર્યું, તે કર્મવિપાકથી આ કલંક આ પ્રમાણે પામ્યા. પછી પશ્ચાત્તાપ થવાથી લોકોની સમક્ષ પોતાની નિંદાપૂર્વક સાધુના દોષને ફરી દૂર કર્યો અને ધર્મને સ્વીકાર્યો. તેનાથી શુદ્ધશીલના બલવડે શુદ્ધિને પામ્યા. આ પ્રમાણે સુભદ્રાને અને સીતાજીને આ ભવમાં અને પર ભવમાં કલ્યાણની પ્રાપ્તિ થઈ

૧. અન્ય ગ્રંથોમાં 'શાપ આપ્યો' એવો ઉલ્લેખ જોવામાં આવે છે.

૨. રામાયણ વગેરેમાં સાધ્વીજીનું નામ 'હરિકાંતા' જોવામાં આવે છે.

એ જાણીને ચોથા વ્રતમાં પ્રયત્ન કરવો જોઈએ. એ પ્રમાણે ગાથાના ભાવાર્થનો ઉપદેશ છે. [ ૫૨ ]

ગુણદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે યતનાદ્વાર કહેવાય છેઃ—

**छण्णंगदंसणे फासणे य गोमुत्तगहणकुसुमिणे ।**
**जयणा सव्वत्थ करे, इंदिय अवलोयणे च तहा ॥ ५३ ॥**

**ગાથાર્થ**:– ગુપ્ત અંગોને જોવાં, ગુપ્ત અંગોને સ્પર્શવાં, ગાયનું મૂત્ર લેવું, ખરાબ સ્વપ્ન અને ઇંદ્રિયોને જોવી, આ બધામાં યતના કરે, અર્થાત્ અલ્પ–અધિક લાભનો વિચાર કરીને પ્રવૃત્તિ કરે.

**ટીકાર્થ**:– આનો ભાવાર્થ આ પ્રમાણે છેઃ– જેણે ચોથું વ્રત લીધું છે તેવા પુરુષે/સ્ત્રીઓનાં અને તેવી સ્ત્રીએ પુરુષના અંગોપાંગોને ચાહીને જોવા નહિ અને સ્પર્શવાં નહિ, આમ છતાં કોઈ રીતે જોવામાં આવે કે સ્પર્શવામાં આવે તો તેમાં રાગબુદ્ધિ ન કરવી. ગોમૂત્ર ગાયની યોનિનું મર્દન કરીને ન જ લેવું, કિંતુ જ્યારે સ્વાભાવિકપણે જ પેશાબ કરે ત્યારે લેવું. અનિવાર્યકાર્યમાં તો ગાયની યોનિનું મર્દન કરવું પડે તો પણ તેના કોમલસ્પર્શથી થતા સુખમાં રાગ ન કરવો. સ્ત્રી સાથે કામક્રીડા વગેરે પ્રકારના ખરાબ સ્વપ્નમાં યતના આ પ્રમાણે છેઃ– ધર્મ–ધ્યાનમાં તત્પર એવા શ્રાવકે પહેલાથી જ નમસ્કાર મહામંત્રને ગણવાપૂર્વક ઉત્તમ ભાવનાઓથી વૈરાગ્યવાળા બનીને સૂવું જોઈએ. ઉત્તમ ભાવનાઓ આ પ્રમાણે છેઃ—

(૧) "વિષયો પ્રારંભમાં ઉત્સવ જેવા લાગે છે, અર્થાત્ કોઈ ઉત્સવનો પ્રસંગ આવવાનો હોય તો તેના આવવાના પહેલાં જ જેમ એક પ્રકારની આનંદની લાગણી પેદા થાય છે, તેમ વિષયો ઉપભોગની પહેલાં જ તુચ્છ આનંદની લાગણી પેદા કરે છે. (૨) વિષયો મધ્યમાં વિષયોપભોગ દરમિયાન વેશભૂષા, કેશભૂષા, અલંકારોનો શણગાર, મુખચુંબન, હાસ્ય આદિ દ્વારા શૃંગાર અને હાસ્યરસથી રસને પ્રદીપ્ત બનાવે છે, તુચ્છ આનંદમાં વૃદ્ધિ કરે છે. (૩) વિષયો અંતે ( વિષયોપભોગ થયા પછી ) બિભિત્સા, કરુણા, લજ્જા અને ભયને પ્રાયઃ ઉત્પન્ન કરે છે.

(૧) કામાંગો ખુલ્લા જોઇને ઘૃણા ઉત્પન્ન થાય છે. (૨) કામિનીના અંગમાં દાંત અને નખથી નિર્દયપણે કરેલા ક્ષતો જોઈને કામિની પ્રત્યે કરુણા જાગે છે. (૩) વસ્ત્રહીન દશા જોઇને શરમ આવે છે. (૪) આવી અવસ્થામાં પોતાને બીજાઓ જોઈ ન જાય તેનો ભય લાગે છે.

આમ વિષયોપભોગના પ્રારંભમાં ( તુચ્છ આનંદ કે રાગરૂપ ) અસ્વસ્થતા, મધ્યમાં મોહની તીવ્ર વેદના અને અંતે બીભત્સા આદિ થવાથી વિષયસુખો ત્યાજ્ય છે. ॥ ૧ ॥

**પ્રશ્ન**:-વિષયો ગમે તેવા હોય, પણ સેવનકાળે તો સુખ જ આપે છે. આથી એનું સેવન શા માટે ન કરવું? **ઉત્તર**:-પણ પછી શું? એના પરિણામનો તો વિચાર કરવો જોઈએ ને? કિંપાક ફલના આસ્વાદન વખતે ટેસ આવે છે, છતાં સમજુ લોકો તેનું ભક્ષણ કરતા નથી. કારણ કે ઝેરી હોવાથી પેટમાં ગયા પછી પ્રાણ હરી લે છે. એજ પ્રમાણે વિષયો પણ સેવન કરતી વખતે મનને તુચ્છ આનંદ આપે છે, પણ પાછળથી વિપાકકાળે (સેવન કરતી વખતે રાગ આદિના કારણે બંધાયેલાં અસાતા વેદનીય આદિ અશુભ કર્મોનો ઉદય થાય છે ત્યારે) દુઃખ આપે છે."[૨] ॥ ૨ ॥

શ્રાવકે આવી ભાવનાથી વૈરાગ્યવાળા બનીને સૂવું જોઈએ, જેથી તેવું ખરાબ સ્વપ્ન ન આવે. આમ છતાં કોઈ રીતે નિદ્રાની આધીનતાથી મોહવૃદ્ધિના કારણે ખરાબ સ્વપ્ન આવે તો તે જ વખતે ઉઠીને ઇરિયાવહી કરીને એક સો આઠ શ્વાસોશ્વાસ પ્રમાણ (= સાગરવર ગંભીરા સુધી ચાર લોગસ્સનો) કાયોત્સર્ગ કરવો.

ઇંદ્રિયોને જોવામાં પણ પૂર્વે કહ્યું તેમ યતના કરે. શ્રી શય્યંભવસૂરિ વગેરેએ કહ્યું છે કે-

**"સ્ત્રીઓના મસ્તક વગેરે અંગોના અને ચક્ષુ વગેરે પ્રત્યંગોના આકારને, સુંદર વાણીને અને નિરીક્ષણને (સ્ત્રીની જોવાની ક્રિયાને) ન જુએ. કારણ કે તે (મસ્તકાદિનું દર્શન) મૈથુનાભિલાષાને વધારે છે."** (દશવૈ. અ. ૮ ગા. ૫૮)

**"સ્ત્રીના ગુહ્ય અંગ (= યોનિ), મુખ, બગલ, જંઘા અને સ્તન ઉપર દૃષ્ટિ પડે તો (તુરત) પાછી ખેંચી લે, અને પરસ્પર દૃષ્ટિને મેળવે નહિ."** (નિશીથ ગા. ૧૭૫૩) [૫૩]

યતનાદ્વાર પૂર્ણ થયું. હવે ચોથા વ્રતના જ અતિચાર દ્વારને કહે છેઃ-

**परदारवज्जिणो पंच हुंति, तिण्णि उ सदारसंतुट्ठे ।**
**इत्थीए तिण्णि पंच व, भंगविगप्पेहिं अइयारा ॥ ५४ ॥**

**ગાથાર્થ**:- પરસ્ત્રીનો ત્યાગ કરનારને પાંચ અને સ્વસ્ત્રીમાં સંતોષ રાખનારને ત્રણ જ, સ્ત્રીને ત્રણ કે પાંચ અતિચારો અતિક્રમ વગેરે વિવિધ ભાંગાઓથી અથવા પૂર્વોક્ત અનેક પ્રકારના વ્યાખ્યાભેદોથી (= વ્રત સ્વીકારવાના ભેદોથી) સંભવે છે.

**ટીકાર્થ**:- અતિચારોની ઘટના આ પ્રમાણે છેઃ- (૧) **ઇત્વર પરિગૃહીતા-ગમન**:- ઇત્વરપરિગૃહીતા એટલે મૂલ્ય આપીને (ઇત્વર=) થોડા સમય માટે (પરિ-

ગૃહીત=) સ્વીકારેલી, અર્થાત્ વેશ્યા. ગમન એટલે વિષયસેવન. વેશ્યા સાથે વિષય-સેવન કરવું તે ઈત્વર પરિગૃહીતાગમન. મારે પરસ્ત્રી ન ભોગવવી એવો નિયમ લેનાર જ પરસ્ત્રીત્યાગી છે. મૂલ્ય આપીને થોડા સમય માટે બીજાએ રખાત રાખેલી વેશ્યાનો ભોગ કરનાર પરસ્ત્રીત્યાગીને ઈત્વર પરિગૃહીતાગમન અતિચાર લાગે. કારણ કે– વેશ્યા અપેક્ષાએ પરસ્ત્રી હોવાથી વ્રતનો ભંગ છે, પણ પરસ્ત્રીત્યાગી પોતાની બુદ્ધિથી "આ પરસ્ત્રી નથી, કિંતુ વેશ્યા છે" એમ વિચારતો હોવાથી અભંગ છે. આમ ઈત્વરપરિ-ગૃહીતાગમન ભંગાભંગરૂપ હોવાથી અતિચાર છે.

(૨) **અપરિગૃહીતાગમન** :– અપરિગૃહીતા એટલે પતિ વિનાની (વિધવા, ત્યક્તા, કુમારિકા વગેરે) કુલાંગના. તેની સાથે વિષયસેવન કરવું તે અપરિગૃહીતાગમન. અનાથ કુલાંગના પરસ્ત્રી હોવાથી અને કામુકની દૃષ્ટિએ પતિ ન હોવાને કારણે પરસ્ત્રી ન હોવાથી ભંગાભંગરૂપ હોવાથી અપરિગૃહીતાગમન પરસ્ત્રીત્યાગીને અતિચાર છે. સ્વસ્ત્રી-સંતોષીને તો સ્વસ્ત્રી સિવાય બીજી બધી સ્ત્રીનો ત્યાગ હોવાથી આ બંનેમાં વ્રત ભંગ થાય એમ વિચારવું. હવે પછીના ત્રણ અતિચારો તો બંનેને તુલ્ય જ છે. તે આ પ્રમાણે :–

(૩) **અનંગક્રીડા**:–અનંગ એટલે કામ (= વિષયવાસના). કામની ક્રીડા તે અનંગ-ક્રીડા. સ્વલિંગ (પુરુષચિહ્ન)થી મૈથુન કરવા છતાં (અસંતોષથી) ચામડા આદિથી બનાવેલા કૃત્રિમ પુરુષલિંગથી સ્ત્રીની યોનિને (વારંવાર) સ્પર્શ કરે તે અનંગ-ક્રીડા. અથવા (અહીં મૈથુનની અપેક્ષાએ સ્ત્રીયોનિ અને પુરુષચિહ્ન અંગ છે. તે સિવાયના અવયવો અનંગ છે.) સ્તન, બગલ, છાતી, મુખ વગેરે અવયવોમાં તેવી વિષયચેષ્ટા કરવી તે અનંગક્રીડા કહેવાય છે.

જો કે સ્વસ્ત્રીસંતોષીએ સ્વસ્ત્રી સાથે અને પરસ્ત્રીત્યાગીએ વેશ્યા અને સ્વસ્ત્રી સાથે અનંગ ક્રીડાનો પરસ્ત્રીની જેમ ત્યાગ કર્યો નથી, તો પણ પરમાર્થથી તો તેનો ત્યાગ થઈ ગયો છે. કારણકે તે બંને (=સ્વસ્ત્રીસંતોષી અને પરસ્ત્રીત્યાગી) અત્યંત પાપ-ભીરુ હોવાથી (સંપૂર્ણ) બ્રહ્મચર્ય સ્વીકારવાની ઈચ્છાવાળા હોવા છતાં વેદોદયને સહન ન કરી શકવાથી માત્ર વેદોદયને શમાવવા માટે જ તેમણે સ્વસ્ત્રીસંતોષ કે પરસ્ત્રીત્યાગનો સ્વીકાર કર્યો છે, અને યોનિમૈથુન માત્રથી વેદોદયની શાંતિ થઈ જાય છે. આથી પર-માર્થથી તો અનંગ ક્રીડાનો પણ ત્યાગ થયેલો જ છે.

(૪) **પરવિવાહ**:– પોતાના સંતાન સિવાય બીજાઓનો સ્નેહસંબંધ આદિથી વિવાહ કરવો તે પરવિવાહકરણ છે.

(૫) **તીવ્રકામાભિલાષ**:–જે ઈચ્છાય તે કામ. જે ભોગવાય તે ભોગ. શબ્દ અને રૂપ કામ છે. ગંધ, રસ અને સ્પર્શ ભોગ છે. કામ અને ભોગમાં તીવ્ર અભિલાષ એટલે

અતિશય તેના જ અધ્યવસાય, અર્થાત્ અતિશય મૈથુનના જ અધ્યવસાયવાળા બનીને સદા મૈથુનસુખ અનુભવી શકાય તે માટે વાજીકરણ ઔષધ આદિથી કામને પ્રદીપ્ત બનાવવો તે તીવ્રકામાભિલાષ છે.

આ બેનું (પરવિવાહ અને તીવ્ર.નું) પણ પરમાર્થથી તો પ્રત્યાખ્યાન કર્યું છે. આથી (છેલ્લા ત્રણનો) અપેક્ષાએ નિયમ હોવાથી ભંગાભંગરૂપ હોવાના કારણે આ ત્રણે (છેલ્લા ત્રણ) અતિચાર છે એ સિદ્ધ થયું.

બીજાઓ તો અનંગક્રીડાની ઘટના આ પ્રમાણે કરે છેઃ– સ્વસ્ત્રીસંતોષી અને પરસ્ત્રીત્યાગી મૈથુનસેવનનો જ નિયમ લે છે, અનંગક્રીડાનો નહિ, આવી સ્વકલ્પનાથી નિયમ પ્રમાણે મૈથુનનો ત્યાગ કરે અને જ્યારે અનુક્રમે વેશ્યા આદિ સાથે અને પરસ્ત્રી સાથે આલિંગનાદિરૂપ અનંગક્રીડા કરે ત્યારે વ્રતસાપેક્ષ હોવાથી તે બંનેને અનંગક્રીડા અતિચાર રૂપ છે.

(પરવિવાહની ઘટના આ પ્રમાણે છેઃ–) સ્વસ્ત્રીસંતોષીએ સ્વસ્ત્રી સિવાય બીજી કોઈ સ્ત્રી સાથે, પરસ્ત્રીત્યાગીએ સ્વસ્ત્રી અને વેશ્યા સિવાય બીજી કોઈ સ્ત્રી સાથે, મન—વચન-કાયાથી મૈથુન ન કરવું અને ન કરાવવું એવું વ્રત લીધું હોય ત્યારે પરવિવાહ કરવાથી પરમાર્થથી પરને મૈથુન કરાવ્યું ગણાય. પણ વ્રત લેનાર એમ માને કે હું વિવાહ જ કરાવું છું, મૈથુન નહિ. આથી વ્રતસાપેક્ષ હોવાથી અતિચાર થાય છે. પરવિવાહકરણ અંગે બાકીના પ્રશ્ન અને તેના ઉત્તરની વિચારણા પહેલા પંચાશકની વૃત્તિમાંથી જાણી [1]લેવી.

સ્ત્રીઓને ત્રણ કે પાંચ અતિચારો હોય છે. તેમાં ત્રણ અતિચારો આ પ્રમાણે છેઃ– સ્ત્રીઓ માટે સ્વપુરુષસંતોષ કે પરપુરુષત્યાગ એ બેમાં કોઈ ભેદ નથી. કારણ કે સ્ત્રીઓને સ્વપતિ સિવાય અન્ય સર્વ પુરુષો પરપુરુષ છે. આથી અનંગક્રીડા વગેરે ત્રણ અતિચારો જેમ સ્વસ્ત્રીસંતોષી પુરુષને સ્વસ્ત્રીમાં હોય છે, તેમ સ્ત્રીને પણ સ્વપુરુષમાં હોય છે. સ્ત્રીને સ્વપુરુષમાં ત્રણ જ અતિચારો હોય છે.

સ્ત્રીઓમાં પહેલા અતિચારની ઘટના :– શોકચના વારાના દિવસે શોકચનો વારો ટાળીને પતિ સાથે વિષયસેવન કરે ત્યારે ઈત્વરપરિગૃહીતાગમનરૂપ પ્રથમ અતિચાર લાગે. (શોકચનો વારો હોવાથી અપેક્ષાએ પરપતિ છે, એથી વ્રતભંગ છે, પણ પરમાર્થથી પોતાનો પતિ હોવાથી વ્રતનો અભંગ છે.)

સ્ત્રીઓમાં બીજા અતિચારની ઘટનાઃ– પરપુરુષ સાથે વિષયસેવનની ઇચ્છાથી પરપુરુષ પાસે જતી હોય ત્યારે અતિક્રમ આદિથી અપરિગૃહીતાગમનરૂપ બીજો અતિચાર જાણવો.

૧. સંપૂર્ણ પંચાશકનો ટીકાસહિત ગુજરાતી ભાવાનુવાદ પ્રકાશિત થઈ ગયો છે.

અતિક્રમ વગેરે વિવિધ ભાંગાઓથી અથવા પૂર્વોક્ત અનેક પ્રકારના વ્યાખ્યાભેદોથી (=વ્રતસ્વીકારવાના ભાંગાઓથી) અતિચારો થાય છે=ઘટે છે. [૫૪]

અતિચારદ્વાર કહ્યું. હવે ચોથાવ્રતનું આઠમું ભંગદ્વાર કહેવાય છે:-

**इत्थी पुरिसेण समं, विसयपसंगं करेइ दप्पेण ।**
**तइया भंगो जायइ, अइयारो अन्नहा होइ ॥ ५५ ॥**

**ગાથાર્થ**:- સ્ત્રી પુરુષની સાથે (કે પુરુષ સ્ત્રીની સાથે) જ્યારે મદથી એટલે કે અતિચારના ભય વિના મૈથુનસેવન કરે ત્યારે ચોથાવ્રતનો ભંગ થાય, અન્યથા અતિચાર લાગે, એટલે કે અનાભોગ આદિથી મૈથુન સેવન કરનાર વ્રતસાપેક્ષ જીવને અતિચાર લાગે. [૫૫]

ભંગદ્વાર પૂર્ણ થયું. હવે ભાવનાદ્વાર કહેવામાં આવે છે:-

**अट्ठारसहा बंभ, जे समणा धारयंति गुत्तिजुयं ।**
**बहुसावज्जं नाउं, तेसिं पणमामिऽहं निच्चं ॥ ५६ ॥**

**ગાથાર્થ**:- જે સાધુઓ મૈથુનસેવનને બહુ પાપવાળું જાણીને પૂર્વોક્ત નવગુપ્તિઓથી યુક્ત અઢારપ્રકારનું બ્રહ્મચર્ય ધારણ કરે છે તે સાધુઓને હું પ્રણામ કરું છું.

**ટીકાર્થ**:- મૈથુનસેવન બહુ પાપવાળું છે એ વિષે શ્રી હરિભદ્રસૂરિ મહારાજે (અષ્ટક પ્રકરણમાં) કહ્યું છે કે:-

**"શ્રી મહાવીરસ્વામી આદિ મહર્ષિઓએ મૈથુન જીવોનો નાશ કરનાર છે એમ શાસ્ત્રમાં (ભગવતીમાં) નળીના દૃષ્ટાંતથી કહ્યું છે. રૂથી ભરેલી નળીમાં અગ્નિથી ધખધખતા સળિયાનો પ્રક્ષેપ કરવામાં આવે તો જેમ સમસ્ત રૂ બળી જાય તેમ મૈથુનસેવનથી સ્ત્રીની યોનિમાં રહેલા જીવો નાશ પામે છે."**

આગમમાં પણ કહ્યું છે કે:-

**"મૈથુન પાપનું બીજ છે, ચોરી વગેરે મોટા દોષોના સમૂહવાળું છે. તેથી સાધુઓ મૈથુનસંબંધનો=સ્ત્રીઓ સાથે બોલવા વગેરેનો પણ ત્યાગ કરે છે."** (દશવૈ. અ. ૬ ગા. ૧૬) [૫૬]

ભાવનાદ્વાર કહ્યું, અને તે કહેવાથી નવે દ્વારોથી ચોથા અણુવ્રતનું સમર્થન કર્યું. હવે પાંચમા અણુવ્રતનો અવસર છે. તેનું પણ સ્વરૂપ વગેરે નવદ્વારોથી વ્યાખ્યાન કરવું જોઈએ. આથી "ઉદ્દેશ પ્રમાણે નિર્દેશ થાય" એ ન્યાયથી પહેલા સ્વરૂપદ્વારથી કહે છે:-

मुच्छा परिग्गहो इह, अइरित्त असुद्ध तह ममत्तेणं ।
एयस्स उ जा विरई, सरूवमेयं तु नायव्वं ॥ ५७ ॥

**ગાથાર્થ**:- જિનપ્રવચનમાં મૂર્ચ્છાને પરિગ્રહ કહ્યો છે. તથા અતિરિક્તથી, અશુદ્ધથી અને મમત્વથી પરિગ્રહ થાય છે. આવા પરિગ્રહની જે વિરતિ (અર્થાત્ પરિગ્રહનું પરિમાણ કરવું) એ જ પાંચમા અણુવ્રતનું સ્વરૂપ જાણવું.

**ટીકાર્થ**:- મૂર્ચ્છા પરિગ્રહ છે એ વિષે કહ્યું છે કે-

**"સાધુઓ વસ્ત્ર, પાત્ર, કામળી, પાદપ્રોંછન (=રજોહરણ) વગેરે જે કાંઈ રાખે છે તે સંયમ (=જીવરક્ષા) માટે કે લજ્જાના માટે રાખે છે અને પહેરે છે, (૧) જગત્ત્રાતા શ્રી મહાવીરદેવે વસ્તુને પરિગ્રહ નથી કહ્યો, કિંતુ મૂર્ચ્છાને જ પરિગ્રહ કહ્યો છે, એમ મહર્ષિ ગણધરભગવંતે કહ્યું છે."** (૨) (દશવૈ. અ. ૬ ગા. ૨૦-૨૧)

અતિરિક્ત એટલે પ્રમાણથી અધિક વસ્તુ, અર્થાત્ ઘણું ધન મેળવવા છતાં સંતોષ ન થવો એ પરિગ્રહ છે. અશુદ્ધ એટલે આધાકર્મ વગેરે દોષ, અર્થાત્ પાસે રહીને જાતે કરવું, બીજા પાસે કરાવવું વગેરે અશુદ્ધ ઉપાયથી ઘર વગેરે બનાવનારને પરિગ્રહ થાય છે. મમત્વ એટલે "આ મારું છે" એવી પરિણતિ. ધન-ધાન્યાદિના મમત્વથી પરિગ્રહ થાય છે, અર્થાત્ પોતાના કબજામાં રાખેલા ધન-ધાન્યાદિ મમત્વભાવ રાખવાથી પરિગ્રહ થાય છે. [૫૭]

પ્રથમદ્વારથી પાંચમું વ્રત કહ્યું. હવે ભેદદ્વારથી કહેવું જોઈએ. જો કે પાંચમું વ્રત ભેદરહિત છે, તો પણ (ક્ષેત્ર વગેરે નવ) વિષય વડે ભેદવાળું છે. આથી વિષયદ્વારા જ એના ભેદોને કહેવામાં આવે છેઃ-

खेत्तंवत्थुहिरण्णंसुवण्णधणधन्नकुवियपरिमाणं ।
दुपयं चउप्पयंपिय, नवहा तु इमं वयं भणियं ॥ ५८ ॥

**ગાથાર્થ**:- ક્ષેત્ર, વાસ્તુ, હિરણ્ય, સુવર્ણ, ધન, ધાન્ય, કુપ્ય, દ્વિપદ અને ચતુષ્પદ એ નવનું પરિમાણ એ પાંચમા વ્રતના નવભેદો જ છે.

**ટીકાર્થ**:- **(૧) ક્ષેત્રઃ**- (ક્ષેત્ર એટલે જેમાં અનાજ ઉત્પન્ન થાય તેવી ભૂમિ.) ક્ષેત્રના સેતુ, કેતુ અને સેતુ-કેતુ એમ ત્રણ ભેદ છે. તેમાં નદી આદિના પાણીથી, રેંટ કે કોશ આદિ દ્વારા જે ભૂમિ સિંચાય તે સેતુ છે. વર્ષાકાલના પાણીથી જ જે ભૂમિ સિંચાય તે કેતુ છે. નદી આદિના પાણીથી અને વર્ષાકાલના પાણીથી એમ ઉભયથી જે ભૂમિ સિંચાય તે સેતુ-કેતુ છે. **(૨) વાસ્તુ**:-(વાસ્તુ એટલે ઘર.) વાસ્તુના ખાત,

ઉચ્છ્રિત અને ખાતોચ્છ્રિત એમ ત્રણ ભેદો છે. તેમાં ભોંયરું ખાત છે. મહેલ ઉચ્છ્રિત છે. ભોંયરાવાળું મહેલ ખાતોચ્છ્રિત છે.

(૩) **હિરણ્ય**[1] :– હિરણ્ય એટલે ઘડેલું સોનું (=દાગીના). (૪) **સુવર્ણ**:– એટલે નહિ ઘડેલું સોનું.[2] (૫) **ધનના**:– ગણિમ, ધરિમ, મેય અને પારિછેદ્ય એમ ચાર પ્રકાર છે. તેમાં જે ગણવામાં (=ગણીને આપવામાં આવે) તે સોપારી, નાળિયેર વગેરે ગણિમ છે. જે ત્રાજવામાં રાખવામાં આવે (=જોખીને આપવામાં આવે) તે ખાંડ, ગોળ વગેરે ધરિમ છે. જે કર્ષ[3] વગેરેથી મપાય તે ઘી વગેરે મેય છે. જે પરીક્ષા કરીને લેવાય તે દ્રમ્મ[4] વગેરે પારિછેદ્ય છે. (૬) **ધાન્ય**:– ઘઉં, ચોખા વગેરે. (૭) **કુપ્ય**:– સુવર્ણ અને ચાંદી સિવાય તાંબાના વાસણ વગેરે ઘરવખરી. (૮) **દ્વિપદ**:– દાસ, દાસી વગેરે. (૯) **ચતુષ્પદ**:– ગાય, અશ્વ વગેરે.

મૂળગાથામાં च શબ્દ ઉક્ત દરેક ભેદના અનેક પેટાભેદોનો સૂચક જાણવો. [૫૮]

ભેદદ્વાર કહ્યું. હવે ઉત્પત્તિદ્વાર કહેવામાં આવે છે:–

**अत्थं अणत्थविसयं, संतोसविवज्जियं कुगइमूलं।**
**नाउं तप्परिमाणं, कुणंति संसारभयभीया॥ ५९॥**

**ગાથાર્થ**:– સંસારના ત્રાસથી ત્રાસી ગયેલા જીવો ધનને અનર્થનું કારણ, સંતોષથી અતિશયરહિત અને નારક–તિર્યંચ વગેરે કુગતિનું મૂલ જાણીને તેનું પરિમાણ કરે છે.

**ટીકાર્થ**:– સંતોષ= ઉત્તરોત્તર અભિલાષની નિવૃત્તિ, અર્થાત્ અધિક અધિક મેળવવાની ઇચ્છાનો અભાવ. (જેમકે–લાખ મળે તો બે લાખ મેળવવાની ઇચ્છા. બે લાખ

---

૧. અહીં ટીકામાં **हिरण्यं-घटितकनकं, सुवर्णं च घटितसुवर्णं** એમ હિરણ્ય અને સુવર્ણનો એક જ અર્થ વિચારણીય છે. કોઈ ગ્રંથમાં હિરણ્ય એટલે ઘડેલું સોનું અને સુવર્ણ એટલે ઘડચા વિનાનું સોનું એવો અર્થ જોવામાં આવે છે. કોઈ ગ્રંથમાં હિરણ્ય એટલે ઘડ્યા વિનાનું સોનું અને સુવર્ણ એટલે ઘડેલું સોનું એવો અર્થ જોવામાં આવે છે. એટલે અહીં મુદ્રિતપ્રતમાં બે સ્થળે **घटित** એવો પ્રયોગ છે તેના બદલે એક સ્થળે **अघटित** એવો પ્રયોગ જોઇએ. ૬૩ મી ગાથાની ટીકામાં હિરણ્યનો ચાંદી અર્થ કર્યો છે. આ અર્થ વધારે પ્રસિદ્ધ છે.

૨. અહીં હિરણ્ય અને સુવર્ણના ઉપલક્ષણથી ચાંદી અને રત્ન વગેરે ઉચ્ચપ્રકારની ધાતુઓ વગેરે પણ સમજી લેવું.

૩. કર્ષ ભૂતકાળનું એક માપ છે. કર્ષ= સોળ માસા, અથવા એંશી રતિ.

૪. દ્રમ્મ એ ભૂતકાળનું ચલણીનાણું છે. ૨૦ કોડિ= ૧ કાકિણી. ૪ કાકિણી= ૧ પણ. ૧૬ પણ= ૧ દ્રમ્મ ૧૬ દ્રમ્મ= ૧ નિષ્ક. નિષ્ક એટલે સોનામહોર.

મળે તો ત્રણ લાખ મેળવવાની ઇચ્છા. ત્રણ લાખ મળે તો ચાર લાખ મેળવવાની ઈચ્છા. આવી ઈચ્છા એ લોભ છે, અને આવી ઈચ્છાનો અભાવ એ સંતોષ છે. ધન જેમ જેમ મળતું જાય તેમ તેમ અધિક મેળવવાની ઈચ્છા થાય છે. અધિક મેળવવાની ઈચ્છાનો અભાવ=સંતોષ થતો નથી. આથી ધન સંતોષથી અતિશય રહિત છે એમ કહ્યું.)

અહીં સંસારથી ત્રાસી ગયેલા જીવો ધનને સંતોષથી અતિશય રહિત, કુગતિનું મૂળ અને અનર્થનું કારણ જાણીને તેનું પરિમાણ કરે છે એમ કહ્યું, (આથી હવે) ધન કેવી રીતે અનર્થનું કારણ છે અને કુગતિનું મૂળ છે એ વિગત દૃષ્ટાંતથી કહેવામાં આવે છે.

## બે બ્રાહ્મણપુત્રોનું દૃષ્ટાંત

આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના મધ્યખંડમાં કોશવર્ધન નામનું નગર હતું. ત્યાં ભીમ નામનો બ્રાહ્મણ હતો. તેના દેવ અને દેવશર્મા નામના બે પુત્રો હતા. તે બે જન્મથી જ મહાન દારિદ્ર્યથી પીડિત હતા. જેમ તેમ કરીને પિતાએ તેમને યુવાન બનાવ્યા. એકવાર તે બેએ વિચાર્યું: અહીં આપણને ભોજન જેટલું પણ મળતું નથી. તેથી બીજા કોઈ પણ સ્થાનમાં જઈએ કે જ્યાં કંઈક નિર્વાહ જેટલું થાય (=મળે). પછી પિતાને પૂછીને તે બે કૌશાંબીનગરીમાં ગયા. તે વખતે તે નગરીમાં રાજપુત્રીનો સૌભાગ્યસંદીપન (=સૌભાગ્યને પ્રદીપ્ત કરનાર) નામનો ઉત્સવ કર્યો હતો. તેના ઉજમણામાં (=ઉત્સવ-સમાપ્તિમાં કરવાની વિધિમાં) સમાનવયવાળા અને સમાનવિદ્યાગુણવાળા નવા આવેલા બે બ્રાહ્મણ અતિથિને ગુપ્તરીતે મોતી, સુવર્ણ અને રત્ન વગેરે આપવાનું હોય છે. ઉજ-મણાના દિવસે ભવિતવ્યતાવશ આવા બ્રાહ્મણની શોધ માટે મોકલેલા પુરુષો ધૂળથી ખરડાયેલા પગવાળા તે જ બે બ્રાહ્મણોને વય અને રૂપ વગેરે ગુણોથી સમાન જોઈને રાજકુલમાં લઈ આવ્યા. પછી ઉચિત કર્તવ્યો કરીને તે બે બ્રાહ્મણો રાજપુત્રીને બતાવ્યા. રાજપુત્રીએ ચાંદીના કચોળામાં મોતી વગેરે વસ્તુઓ ગુપ્ત મૂકીને ઉપર મંગળ માટે બાંધવામાં આવતું સૂત્ર (=સૂતરની દોરી) વગેરે વીંટીને બંનેને એક એક કચોળો આપ્યો. તે બે તેને લઈને તળાવની પાળે ગયા. પાણી લઈને ચરણોને ધોયા. પછી પોતાની ઉપસ્પર્શન (=વેદોક્ત મંત્ર બોલીને પાણી વગેરેથી મુખનો સ્પર્શ કરવો) વગેરે ક્રિયા કરીને ખાવાનું શરૂ કર્યું. તેટલામાં મોતી-સુવર્ણ વગેરે જોયું. તેથી બંનેને અનાદિ ભવોથી જેનો અભ્યાસ કર્યો છે તે લોભસંજ્ઞા પ્રગટ થઈ, અને એથી તે ધન ઉપર ગાઢ મૂર્છાના પરિણામ થયા. એથી બંનેને પરસ્પર મારવાની ઈચ્છા વધી.

દેવે વિચાર્યું: દેવશર્માને મારી નાખું તો આ બધું ધન મારું થાય. દેવશર્માએ પણ દેવ માટે એ જ પ્રમાણે વિચાર્યું. પછી દેવ બોલ્યો: જો આ મોતી-સુવર્ણ વગેરે દ્રવ્યને છુપાવ્યા વિના જ આપણી પાસે રાખીશું તો ચોર વગેરે લઈ લેશે. માટે આને કોઈ સ્થાનમાં

ગુપ્ત રાખીને આપણે બીજા સ્થળે રહીએ. દેવશર્માએ તે સ્વીકાર્યું. પરસ્પર મારવાના વિચાર-વાળા તે બે ધનને ગુપ્ત રાખીને અન્ય સ્થાન તરફ ચાલ્યા તેટલામાં દેવે એક જુનો કૂવો જોયો. તેણે દેવશર્માને કહ્યું: હે વત્સ! આ કૂવાને જો, તેમાં કેટલું પાણી છે? તેથી દેવશર્મા કૂવાને જોવા લાગ્યો તેટલામાં દેવે તેને કૂવામાં ફેંકી દીધો. પડતા એવા તેણે તેને પણ પોતાના શરીરભાગમાં લઈ લીધો. આલંબન ન મળવાથી બંને કૂવામાં પડ્યા. મરીને બંને સર્પ થયા. ક્રમશઃ ભમતા તે બે નિધાનના સ્થાન આગળ આવ્યા. તે સ્થાનની મૂર્છા થઈ. એથી પ્રબળ ક્રોધવાળા તે બંને લડવા લાગ્યા. પરસ્પર લડતાં લડતાં જ મરીને ઉંદર થયા. પૂર્વ મુજબ તે સ્થાન આગળ આવ્યા. તે સ્થાનની મૂર્છા થઈ. એથી પરસ્પરના આખા શરીરનું ભક્ષણ કર્યું. અતિશય વેદનાથી પરાભવ પામેલા તે બે મરીને હરણ થયા. પૂર્વ પ્રમાણે જ સમય જતાં તે સ્થાને હરણના જુથ સહિત આવ્યા. પરસ્પર લડવા લાગ્યા. તીવ્ર ક્રોધ હોવાથી કોઈ પણ રીતે લડતા બંધ થયા નહિ. તેટલામાં શ્રેષ્ઠ[1] ધનુષ ઉપર બાણ ચડાવીને કાન સુધી જેણે બાણ ખેચ્યું છે તેવો શિકારી ત્યાં આવ્યો. તેને જોઇને હરણનું સંપૂર્ણ ટોળું જુદી જુદી દિશાઓમાં પલાયન થઈ ગયું. તે બે હરણો યુદ્ધ કરવાના આગ્રહને આધીન બની જવાથી શિકારીના આગમનને જાણી શકયા નહિ. તેણે એક બાણ ફેંકીને બંનેને હણી નાખ્યા. મરણ સમયે મનુષ્યભવનું આયુષ્ય બંધાય તેવા અધ્યવસાય થયા. એ અધ્યવસાયના પ્રભાવથી તે જ કૌશાંબીનગરીમાં માધવ નામના બ્રાહ્મણની વસંતિની નામની પત્નીના યુગલ પુત્ર થયા. ઉચિત સમયે તે બેમાં એકનું રુદ્ર અને બીજાનું મહેશ્વર નામ કર્યું. ક્રમે કરીને તે બે આઠ વર્ષના થયા.

એકવાર તે બે માધવની સાથે તે નિધાનથી નજીકના પ્રદેશમાં રહેલા પોતાના ખેતરમાં જઇ રહ્યા હતા ત્યારે તે જ પૃથ્વી સ્થાનને જોઇને બંનેને પૂર્વના અભ્યાસના કારણે જ મૂર્છા થઈ. મૂર્છા દૂર થતાં બંને વાળની ચોટલી ખેંચવાપૂર્વક લડવા લાગ્યા એટલે પિતાએ રોકયા. પિતા બંનેને પોતાના ઘરે લઈ ગયો. બંને પ્રેમથી રહેવા લાગ્યા. ફરી પૂર્વની જેમ તે સ્થાને આવ્યા અને તે જ પ્રમાણે લડવા લાગ્યા. આ પ્રમાણે તે બેએ પિતાને સદા ઉદ્વિગ્ન બનાવી દીધા.

આ દરમિયાન તે જ નગરીમાં મનોરમ નામના ઉદ્યાનમાં વિશિષ્ટજ્ઞાની વિમલયશ નામના આચાર્ય પધાર્યા. નગરના માણસો, પરિજનો અને દેશના માણસો વગેરેની સાથે રાજા આચાર્યને વંદન કરવા ગયો. આચાર્ય ભગવંતે ધર્મકથા શરૂ કરી. અવસરે અશોક-

---

૧. **दण्ड** શબ્દનો શ્રેષ્ઠ એવો પણ અર્થ થાય છે એમ કાવ્યનિષ્ણાત એક પંડિતે મને કહ્યું હતું. આથી મેં અહીં દંડનો શ્રેષ્ઠ અર્થ કર્યો છે. અથવા દંડનો અર્થ દંડ કરવો. કોનો દંડ? બાણનો દંડ. ધનુષ ઉપર બાણના દંડને ચઢાવીને એવો અર્થ પણ થઈ શકે.

દત્ત શેઠે પૂછ્યું: હે ભગવન્! મારી અશોકશ્રી નામની પુત્રી છે. તે મનોહરયૌવનને પામી છે, તેનામાં રૂપ, લાવણ્ય અને કલાકુશલતા વગેરે ગુણસમૂહ છે, વિવિધ આભૂષણ અને વેશના શણગારથી વિભૂષિત છે, આમ છતાં પૂર્વ ભવમાં ઉપાર્જન કરેલા અતિકટુ દૌર્ભાગ્યકર્મના ઉદયથી તે કોઈને ગમતી નથી, કોઈ પણ તેને બોલાવતું નથી. તેથી પૂર્વ ભવમાં તેણે શું કર્યું કે જેના પ્રભાવથી તે આવી થઈ. સૂરિએ કહ્યું: હે ભદ્ર! સાંભળ. પ્રતિષ્ઠાનનગરમાં મહા ધનવાન વિમલ નામનો શ્રેષ્ઠિપુત્ર હતો. તેની ધનશ્રી નામની પત્ની હતી. તે સ્વભાવથી જ નીતિ (=ઉચિત વ્યવહાર) અને વિનયથી સુશોભિત હતી, તેણે કષાયના ઉદયને જીત્યો હતો, દયા–દાનની પ્રવૃત્તિથી શોભતી હતી, લજ્જા વગેરે વિશિષ્ટ ગુણોનું મંદિર હતી, પતિની અતિશય ભક્તા હતી અને પતિને પ્રાણપ્રિય હતી, પણ વંધ્યા હતી.

તેથી પતિએ એકવાર તેને પૂછ્યું: હે પ્રિયે! તારી ઉપર હું પરણવાની ઇચ્છાવાળો નથી. પણ જો કદાચ મારું કંઈક પ્રતિકૂળ થશે તો આપણું આ દ્રવ્ય રાજકુળમાં પ્રવેશ કરશે (=રાજા લઈ લેશે). તેથી ધનના રક્ષણનો કોઈ ઉપાય છે? ધનશ્રીએ કહ્યું: હે પ્રિય! બીજી સ્ત્રીને પરણવા સિવાય કોઈ ઉપાય નથી. તેથી હવે મારા આગ્રહથી પણ બીજા લગ્નનો સ્વીકાર કરો. હું જ આપને યોગ્ય કોઈ કન્યાને જોઈશ. ધનશ્રીના આગ્રહથી વિમલે તેના વચનનો સ્વીકાર કર્યો. આથી એને શ્રીપ્રભા નામની કોઈ શ્રેષ્ઠિકન્યા પરણાવી. સમય જતાં ધનશ્રીને મારી નાખવાના ઉપાયોને વિચારતી શ્રીપ્રભાએ પોતાના ઘરે જ ભિક્ષા માટે આવેલી એક પરિવ્રાજિકાને જોઈ.

દાન અને સન્માનથી તેને વશ કરીને કહ્યું: હે ભગવતી! મારો પતિ દ્વેષવાળો થઇને ધનશ્રીને પોતાના ઘરમાંથી કાઢી નાખે તે પ્રમાણે તું જલદી કર. "એ પ્રમાણે કરું છું" એમ કહીને તેણે સ્વીકાર્યું. એકવાર વિમલ જઈ રહ્યો હતો ત્યારે પરિવ્રાજિકાએ તેની નજીક જઈને તે સાંભળે તે રીતે પૂર્વે સંકેત કરાયેલી સ્ત્રીની સામે કહ્યું: હે ભદ્રે! હું ધનશ્રીની પાસે ઉતાવળી જાઉં છું. કારણ કે તે યુવાન તેના વિયોગમાં દુઃખી રહે છે. વિમલે તેનું વચન સાંભળીને વિચાર્યું: ચોક્કસ ધનશ્રી દુષ્ટ શીલવાળી છે, તેથી તેનાથી શું? પછી તેણે ઘરે જઈને ધનશ્રીને કહ્યું: હે ભદ્રે! તું મારું એક વચન માન. ધનશ્રીએ કહ્યું: હે આર્યપુત્ર! આપ મને આવું કેમ કહો છો? મારું જીવન આપને આધીન છે, તો આપે જે કહ્યું તેટલામાત્રની તો શી વાત કરવી? વિમલે કહ્યું: પિતાના ઘરે જા. તેથી એ તેના વચનથી [1]મુદ્ગરથી હણાય તેમ હણાઇ, તેના પગમાં પડીને રોતી તે બોલી: હે નાથ! આપે મારા કોઈ દુરાચારની કલ્પના કરી છે, જેથી

૧. મુદ્ગર એટલે ઢેફાં વગેરે ભાંગવાનો મગદલ–લોઢાનું શસ્ત્ર.

અવસર વિના પણ આ પ્રમાણે આવો આદેશ આપ્યો. રહસ્ય પ્રગટ થાઓ એમ વિચારતા વિમલે તેને ઉઠાડીને કહ્યું: ધીરી થા. મારા આ આદેશનું [1]પણ પાલન થશે, માટે પિતાના ઘરે જા.

તેથી ધનશ્રીએ વિચાર્યું: આ કરવું યોગ્ય નથી, તો પણ પતિના વચનનું ઉલ્લંઘન નહિ કરવું જોઇએ, અને પૂર્વે મેં આનો (=પતિવચનને માનવાનો) સ્વીકાર કર્યો છે, આથી જે થવાનું હોય તે થાઓ. આમ વિચારતી તેણે પતિનું વચન સ્વીકાર્યું. તેથી વિમલે જ્યારે હું તેડાવું ત્યારે આવવું એમ કહીને તેને મોકલી. (રસ્તામાં) સહાય કરનારા પોતાના વિશ્વાસુ પુરુષો તેને આપ્યા. પોતાના પુરુષોને તેણે કહ્યું: ધનશ્રીને પિતાના ઘરે મૂકીને તમારે પગ ધોયા વિના જ જલદી ત્યાંથી પાછા ફરવું. તેના વચનનો સ્વીકાર કરીને તે પુરુષો ધનશ્રીને લઈને તેના પિતાના ઘરે ગયા. તેને ત્યાં મૂકીને વિમલે કહ્યું હતું તે જ પ્રમાણે ત્યાંથી પાછા વળ્યા. ધનશ્રીના માતા-પિતાએ પૂછ્યું: હે વત્સે! આમ કેમ? ધનશ્રીએ કહ્યું: હું જાણતી નથી. પતિએ અપરાધ વિના જ મને કાઢી મૂકી છે. માતા-પિતાએ કહ્યું: આ યોગ્ય નથી. પણ જ્યાં સુધી સાચી વાત મેળવીએ ત્યાં સુધી તું અહીં રહે.

પછી તે વચનથી જાણે મુદ્ગરથી હણાઈ હોય તેમ તે રોવા લાગી. તેણે વિચાર્યું: હા! અપ્રિય કરનારા પતિએ પરીક્ષા કર્યા વિના જ, રામે શ્રી સીતાજીને છોડી તેમ, મને જે છોડી, તે શું તેમને ઉચિત છે? હું શું કરું? અથવા ક્યાં જાઉં? અથવા કોની આગળ કહું? પતિથી દુઃખ થયું એ શરણથી ભય થયો. અથવા અનિષ્ટસંયોગ અને ઇષ્ટવિયોગથી ભરેલા આ સંસારમાં ધર્મહીન જીવોને આવું સુલભ છે. આ સર્વ સ્વકર્મના વિપાકને જ હું અનુભવું છું. તેથી એનો નાશ કરવા માટે ધર્મ જ મારે યોગ્ય છે. આ પ્રમાણે વિચારીને ક્રમથી આવેલા સુખ-દુઃખમાં સમભાવવાળી તે નિત્ય ધર્મના અનુષ્ઠાનથી યુક્ત બની.

એકવાર ત્યાં સિદ્ધાદેશ નામનો નૈમિત્તિક આવ્યો. તેના પિતાએ તેને પૂછ્યું: ધનશ્રી દુષ્ટશીલવાળી છે કે સુશીલવાળી છે? શીલવતી હોવા છતાં તે સસરાના ઘરે જશે કે નહિ? તેણે કહ્યું: તે શીલવતી છે અને સસરાના ઘરે જશે. આ વિષે આ ખાતરી છે કે કેટલાક દિવસો પછી એનો પતિ લેવા માટે આવશે. તેથી ખુશ થયેલા તેના પિતાએ સિદ્ધાદેશને ઇનામ આપીને રજા આપી. પિતાએ ધનશ્રીને કહ્યું: હે પુત્રી! તું ધર્મમાં તત્પર બનીને સુખપૂર્વક રહે, ઉચક મનવાળી ન થા, તને લેવા માટે તારો પતિ આવશે. તેનાથી આશ્વાસન અપાયેલી ધનશ્રી "પિતા જે પ્રમાણે આજ્ઞા કરે છે તે પ્રમાણે કરું છું" એમ કહીને ધર્મમાં વિશેષ તત્પર બનીને કેટલાક દિવસ ત્યાં જ રહી.

---

૧. 'ધીરી થા' એ આદેશનું.

આ તરફ– ધનશ્રી વિમલના ઘરમાંથી જ્યારથી જતી રહી ત્યારથી જ શ્રીપ્રભા અતિશય ઉગ્રરોગથી ઘેરાણી. મંત્રપ્રયોગ કરનારાઓએ વિવિધ મંત્રોથી અને વૈદ્યોએ વિવિધ ઔષધોથી પ્રયત્ન કરવા છતાં એના રોગને શાંત ન કર્યો. રોગ વધી ગયો એટલે પશ્ચાત્તાપને પામેલી શ્રીપ્રભાએ પોતાનો ધનશ્રી સંબંધી સઘળો વૃત્તાંત મિત્ર અને બંધુ વર્ગની સાથે રહેલા વિમલને વિસ્તારથી જણાવ્યો. તેથી પશ્ચાત્તાપથી યુક્ત તેણે પણ વિચાર્યું: અહો ! મેં વિચાર્યા વિના અનુચિત કર્યું. જેથી વિચાર્યા વિના નિર્દોષ પણ પત્નીને મેં છોડી દીધી. હા પ્રિયે ! મારું આવું અતિ ભયંકર અપ્રિય કાર્ય જોઈને બોલાવવા છતાં તું મારી પાસે કેવી રીતે આવશે ? અહો ! સ્ત્રીઓ સાપણની જેમ કુટિલ હોય છે ! અહો ! સ્ત્રીઓમાં તીવ્ર રોષ હોય છે ! અહો ! સ્ત્રીઓમાં અતિભયંકર ઈર્ષ્યા હોય છે ! અથવા આ ભદ્રિક જ છે. જેથી મૃત્યુ સમયે પણ પશ્ચાત્તાપ પામીને સ્વકાર્ય મને કહ્યું. આ વખતે નિમિત્તને જાણનાર સિદ્ધાદેશ ત્યાં આવ્યો. તેણે આ થોડા જ સમયમાં નીરોગી થઈ જશે એમ કહ્યું. નૈમિત્તિકનું આ વચન સાંભળીને તેની પાસે રહેલા વૈદ્યે શ્રીપ્રભાની માતાને કહ્યું: બલા તેલ લઈને આની સાથળના એક ભાગમાં ચોળો. આ આમવાતજ્વર ( =આમવાતથી યુક્ત તાવ ) છે. માતાએ વૈદ્યના વચન પ્રમાણે કર્યું એટલે તુરત જ તે સ્થાને થોડો લાભ થયો. તેથી તેના રોગના જાણકાર બની ગયેલા વૈદ્યે વિવિધ ઉપાયોથી ઉપચાર કરીને થોડા જ દિવસોમાં શ્રીપ્રભાને નિરોગી કરી.

આથી વિમલે ઉચિત પૂજાથી નૈમિત્તિક અને વૈદ્યનું વિધિપૂર્વક સન્માન કર્યું. પછી રાજકુલ પાસેથી બે દિવસમાં પચાસ યોજન જનારી ગાડી માગીને તેમાં બેસીને પોતે સસરાના ઘરે ગયો. ત્યાં વિવિધ તપશ્ચર્યાઓથી સુકાઈ ગયેલા શરીરવાળી ધનશ્રીને જોઈ. લજ્જાના સમૂહથી નમી ગયેલા અને પોતાનું મોઢું બતાવવા અસમર્થ બનેલા વિમલે સસરાને પ્રણામ કરીને કહ્યું: મારો એક અપરાધ ક્ષમા કરો. ફરી હું આ પ્રમાણે નહિ કરું આ ધનશ્રીને રજા આપો, જેથી એને લઈને પોતાના ઘરે જાઉં. સસરાએ કંઈક ઠપકો આપવાપૂર્વક જમાઈને કહ્યું: હે જમાઈ ! આ પ્રમાણે વિચાર્યા વિના કરવું એ આપને યોગ્ય નથી. કારણકે– **"શ્રુતગ્રાહી ન બનો, જે પ્રત્યક્ષ ન જોયું હોય તેનો વિશ્વાસ ન કરો, જે પ્રત્યક્ષ જોયું હોય તેમાં પણ યોગ્યાયોગ્યનો વિચાર કરો."** વળી આના સુશીલપણું વગેરે ગુણસમૂહને જોઈને લોક પણ આ પ્રમાણે કહે છે કે– **"વિમલે જેમ કર્યું તેમ પુરુષે બરોબર નહિ જોયેલું, બરોબર નહિ જાણેલું, બરોબર નહિ સાંભળેલું, અને બરોબર નિર્ણય નહિ કરેલું કાર્ય નહિ કરવું જોઈએ."** એથી આ મોકલવા યોગ્ય નથી, આમ છતાં સ્ત્રીઓ માટે પતિ દેવરૂપ ગણાય છે માટે અને તમે જાતે જ તેને લેવા માટે આવ્યા છો એથી અમે ના કહી શકતા નથી. એમ કહીને, ઉચિત સેવા કરવાપૂર્વક પાંચ દિવસ રાખીને, ધનશ્રીની સાથે એને રજા આપી. એટલે તે પોતાના નગરમાં આવ્યો.

ગાડી રાજકુલમાં જ પાછી આપી. ધનશ્રીને લાવવાથી સંતુષ્ટ બનેલા તેણે મહાન ઉત્સવ કરાવ્યો.

શ્રીપ્રભાને પોતાના ઘરમાંથી કાઢવા માંડી. ધનશ્રીએ તેને રોક્યો. ધનશ્રીએ કહ્યું: આ મારી બહેન છે. એનો જરા પણ અપરાધ નથી. મારાં જ પૂર્વે કરેલાં કર્મોનો આ વિલાસ છે. કહ્યું છે કે– **"બધા જીવો પૂર્વે કરેલાં કર્મોના ફળવિશેષને પામે છે, અપરાધોમાં અને લાભોમાં બીજો જીવ નિમિત્તમાત્ર છે."** ધનશ્રીએ દીક્ષા માટે રજા માગી. વિમલે રજા ન આપી, અને કહ્યું: સાત વર્ષ સુધી રહે, અનુરાગી થયેલા મારી સાથે ઉત્તમ ભોગોને ભોગવ; પછી છેલ્લી વયમાં આપણે બંને દીક્ષા લઈશું. તેથી તે પતિના આગ્રહથી સંસારમાં જ રહી. કેટલાક દિવસો ગયા પછી પતિને કહીને ઘણા ધનનો ખર્ચ કરીને એક મોટું જિનમંદિર કરાવ્યું. તેમાં સતત ઘણા વિસ્તારથી પૂજા અને સ્નાત્ર મહોત્સવ વગેરે સ્વયં કરવામાં અને બીજાઓ પાસે કરાવવામાં તત્પર તેના સાત વર્ષ પસાર થઈ ગયા. ફરી પણ દીક્ષા માટે પતિને વિનંતિ કરી. તેથી તેણે જિનમંદિરમાં અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવીને, પ્રતિમાને યોગ્ય આભૂષણ અને અંગરચના વગેરેમાં ઘણું ધન આપીને, ધનશ્રી અને શ્રીપ્રભાની સાથે જીવાનંદ આચાર્યની પાસે સર્વવિરતિરૂપ દીક્ષા લીધી. કાલાંતરે ઘણાં ક્લિષ્ટ કર્મો ખપાવીને, અંત્યસમયે નમસ્કાર મંત્રનું સ્મરણ વગેરે વિધિપૂર્વક આરાધના કરીને, મૃત્યુ પામીને, વિમલ અને ધનશ્રી બ્રહ્મલોક નામના પાંચમા દેવલોકમાં ગયા, અને શ્રીપ્રભા તો સૌધર્મ દેવલોકમાં લલિતાંગ વિમાનમાં જ ઉત્પન્ન થઈ. હે અશોકદત્ત શ્રેષ્ઠી ! બાકી રહેલાં તે કર્મોથી ત્યાંથી ચ્યવેલી શ્રીપ્રભા તમારી જ અશોકશ્રી નામની પુત્રી થઇ છે. તે આ અશોકશ્રી તે કર્મોના વિપાકથી દૌર્ભાગ્યને અનુભવે છે. આ સાંભળીને તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. એનાથી પૂર્વભવનો પોતાનો વૃત્તાંત જાણ્યો. અશ્રુપાત કરતી તે વિમલયશસૂરિના ચરણોમાં પડીને બોલી: હે ભગવન્ ! પોતાની દીક્ષા આપીને મારા ઉપર અનુગ્રહ કરો. આચાર્યે કહ્યું: હે ભદ્રે ! હમણાં તારામાં વ્રતની યોગ્યતા નથી. કારણકે પાંચ વર્ષ પછી તારું દૌર્ભાગ્યનું કારણ આ કર્મ દૂર થશે, અને ભોગફલવાળા કર્મનો પ્રબળ ઉદય થશે. તેથી ભોગો ભોગવીને કેટલાક કાળે વ્રતની યોગ્યતાને તું પામશે. અન્યથા હમણાં તારો વ્રતભંગ જ થાય. તેથી તે "ભગવાન જેમ આદેશ કરે છે તેમ કરું છું" એમ કહીને (સંસારમાં) રહી.

આ વખતે માધવબ્રાહ્મણે પણ વિમલયશસૂરિના બે ચરણોમાં ભૂમિતલને મસ્તક અડે તે રીતે નમીને પૂછ્યું: હે ભગવન્ ! મારા બે પુત્રો રુદ્ર અને મહેશ્વર પોતાના ખેતરના પ્રદેશમાં જાય છે ત્યારે સદા બંને વચ્ચે વૈરભાવ થાય છે, અને બીજા સ્થળે તો પ્રેમ રહે છે, આમાં શું કારણ છે ? તેથી આચાર્ય ભગવંતે તે બેનું ચાર ભવ

સુધી કયા કારણથી મરણ થયું તે અને નિધાન વગેરેનો વૃત્તાંત વિસ્તારથી કહ્યો. આ સાંભળીને તે બેને પણ તે જ ક્ષણે જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાના પૂર્વભવોને જાતે જ જાણીને મનમાં વિસ્મય પામ્યા. આચાર્યના પગમાં પડ્યા. પછી પિતા વગેરે લોકોને વિશ્વાસ થાય એ માટે જાતે જ નિધાન બતાવ્યું. એ ધનનો સારા સ્થાનમાં ઉપયોગ કર્યો. પછી પિતાને પૂછીને તે જ આચાર્યની પાસે તે બેએ દીક્ષા લીધી. વિધિથી દીક્ષાને પાળીને, સમાધિમરણથી મૃત્યુ પામીને માહેંદ્ર દેવલોકમાં દેવ થયા. આ દૃષ્ટાંતથી સંતોષથી રહિત ધન અનર્થનું કારણ છે અને દુર્ગતિનું મૂળ છે એ સિદ્ધ થયું. આ કથાનો વિસ્તાર ભગિનીવત્સલ ગ્રંથની જેમ જાણવો, અર્થાત્ આ ગ્રંથનો વિસ્તાર ભગિનીવત્સલ ગ્રંથમાંથી જાણવો. સંતોષયુક્ત ધન તો આનંદ વગેરે શ્રાવકોની જેમ દાન અને ભોગની પ્રધાનતાવાળો હોય છે, તથા કર્મક્ષય અને યશનું કારણ બને છે. [ ૫૯ ]

ઉત્પત્તિદ્વાર કહ્યું. હવે પાંચમા વ્રતનું જ દોષદ્વાર કહે છેઃ—

अणियत्ता उण पुरिसा, लहंति दुक्खाइं णेगरूवाइं ।
जह चारुदत्तसड्ढो, पब्भट्ठो माउलाहिंतो ॥ ६० ॥

**ગાથાર્થ**:— પરિગ્રહથી નિવૃત્તિ નહિ કરનારા પુરુષો, મામાથી ભ્રષ્ટ થયેલ ચારુદત્ત નામના શ્રાવકની જેમ અનેક પ્રકારનાં દુઃખો પામે છે.

**ટીકાર્થ**:— પરિગ્રહનો ત્યાગ નહિ કરનારા પુરુષો નરક અને તિર્યંચગતિમાં છેદન વગેરે અને મનુષ્યગતિમાં સ્નેહનાશ વગેરે અનેક અનર્થોને પામે છે. કહ્યું છે કે—

**"જગતમાં ચંચળ એવા ધનના કારણે અર્ધીક્ષણમાં પિતા, પુત્ર, માતા, પુત્રવધૂ અને બંધુઓનો સ્નેહ નાશ પામે છે. (૧) લોભથી પીડિત જીવ (ધન માટે) ઘણું ભમે છે, ભાર ઉપાડે છે, ભૂખ સહન કરે છે, ધિઠ્ઠો બનીને પાપ આચરે છે. કુલ,શીલ અને જાતિના કારણે નિયત થયેલી મર્યાદાઓનો ત્યાગ કરે છે. (૨) ધનમાં આસક્ત થયેલ પુરુષ પર્વત ઉપર દોડે છે, સમુદ્રને તરે છે, પર્વતની ગુફાઓમાં રહે છે, અને બંધુજનને મારે છે."** (૩)

તથા બીજા કોઈએ પણ કહ્યું છે કે—

**"પરિગ્રહ દ્વેષનું ઘર છે. ધીરજને ઘટાડે છે. ક્ષમાનો શત્રુ છે. વ્યાક્ષેપનો ભંડાર છે. મદનો મિત્ર છે. દુર્ધ્યાનનું ભવન છે. કષ્ટ આપનાર શત્રુ છે. દુઃખને ઉત્પન્ન કરે છે. સુખનો નાશ કરે છે. પાપનો સ્વાભાવિક વાસ (=રહેઠાણ) છે. બુદ્ધિશાળીને પણ (દુષ્ટ) ગ્રહની જેમ ક્લેશ માટે અને નાશ માટે થાય છે."**

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાથી જાણવો. તે કથા આ છેઃ—

## ચારુદત્તનું દૃષ્ટાંત

ચંપા નામની નગરીમાં શુભશીલ અને વિનય વગેરે ગુણોથી પ્રસિદ્ધ ભાનુ નામનો ઉત્તમ શેઠ હતો. તેની ગુણોથી યુક્ત સ્વચરિત્રથી પવિત્ર અને પુત્રની આકાંક્ષાવાળી સુભદ્રા નામની પ્રાણપ્રિય પત્ની હતી. દરરોજ પોતાના જિનમંદિરમાં જિનેશ્વરોની પૂજા કરતા તે બંએ ક્યારેક ઉત્તમ ચારણશ્રમણને જોયા. પુત્રની કામનાવાળા તેમણે તે મુનિને અતિભક્તિથી નમસ્કાર કરીને અમને પુત્ર થશે કે નહિ એમ પૂછયું. મુનિએ શ્રાવક છે એમ વિચારીને તેમને જવાબ આપ્યો: થોડા જ કાળમાં તમને વણિકવંશમાં ઉત્તમ એક પુત્ર થશે. આમ કહીને મુનિ અંતર્ધાન થઈ ગયા. દિવસો જતાં તેમને પ્રિયપુત્ર થયો. તેનું ચારુદત્ત નામ કર્યું. કળાઓમાં–કુશળપુરુષોમાં તે વિદ્વાન બન્યો, અર્થાત્ કળાઓમાં કુશળ એવા બધા મનુષ્યોથી તે અધિક કુશળ બન્યો. એકવાર તે હરિસિંહ વગેરે સુમિત્રોની સાથે અંગોદરપર્વતની પાસે રત્નાવલિકા નામની નદીએ ગયો. ત્યાં ક્રીડા કરતા તેમણે સ્ત્રી–પુરુષના પગલાની પંક્તિ જોઈને અહીં પત્ની સહિત કોઈ યુવાન છે એમ વિચાર્યું. તેથી તેઓ પગલાના અનુસારે થોડુંક ગયા. તેટલામાં ઠંડીથી જાણે હેમંત ઋતુનું ધામ હોય તેવું કેળનું ઘર જોયું. એમાં પ્રવેશેલા તેમણે મનોહર પુષ્પશય્યા અને મ્યાનસહિત ખડ્ગરત્ન જોયું. તેની નજીકમાં વૃક્ષની સાથે લોઢાના ખીલાઓથી બંધાયેલા, સર્વ અંગોમાં સુંદર અને નવીન યૌવનમાં વર્તમાન પુરુષને જોયો. તેને તેવી સ્થિતિમાં રહેલો જોઈને ચારુદત્તે મિત્રોને કહ્યું: હે મિત્રો! હજી આ જીવતો દેખાય છે, તેથી કયા ઉપાયથી આને છોડાવવો તે કહો. મિત્રોએ કહ્યું: દેશ–કાલનો જાણકાર તું જ જાણે છે તો કહે. આમ તેમ જોતા તેણે ખડ્ગરત્નના મ્યાનમાં નામથી અંકિત ત્રણ[1] ઔષધિવલયો જોયા. પોતાની બુદ્ધિથી જ તે ઔષધિવલયોને લઈને એક ઔષધિવલયથી તેને છોડાવ્યો, બીજાથી તે જ ક્ષણે શરીરમાં પડેલા વ્રણો રુઝવી દીધા. તેની સંપૂર્ણ સંજ્ઞા નાશ પામી હોવા છતાં સંજીવની નામના ત્રીજા વલયથી તેને સચેતન બનાવી દીધો. તેથી નિમેષમાત્રમાં તેણે કહેવાનુ શરૂ કર્યું:– તમે મારા ઉપકારી છો, તેથી મારી કથા સાંભળો.

વૈતાઢ્યપર્વતની દક્ષિણ શ્રેણિમાં શિવમંદિર નામનું નગર છે. તેમાં વિદ્યાધરોનો સ્વામી મહેંદ્રવિક્રમ નામનો રાજા છે. તેનો હું અમિતગતિ નામનો પુત્ર છું. મારા ગૌરી-મુંડ અને ધૂમશિખ નામના બે પ્રિય મિત્ર હતા. ક્યારેક તેમની સાથે હું હ્રીમંત પર્વત ઉપર આવ્યો. ત્યાં હિરણ્યરોમ નામનો મારો મામો તાપસ રહે છે. તેની નવીન યૌવનમાં પ્રવેશેલી અને ચંદ્રની શ્રેણિ જેવી સૌમ્ય સુકુમાલિકા નામની પુત્રી છે. તેને જોઈને હું કામદેવના બાણનું લક્ષ્ય બન્યો છું એમ મિત્રોએ જોયું. તેથી મને સ્વનગર તરફ લઈ ગયા. મિત્રોએ મારા પિતાને આ જણાવ્યું. પિતાએ મારા માટે સુકુમાલિકાને પસંદ

---

૧. ઔષધિવલય એટલે વલયના=બંગડીના આકારે રહેલ ઔષધિ.

કરી. શુભ દિવસે મને પરણાવ્યો. ત્યારબાદ દેવલોકમાં દેવની જેમ તેની સાથે ભોગ સુખને અનુભવતા મારો કેટલોક કાળ પસાર થયો. એકવાર મેં ધૂમશિખને સુકુમાલિકાની સાથે અકાર્ય કરવામાં તત્પર જોયો. તેથી મને ખોટું કરનાર તેના ઉપર અપ્રીતિ થઈ. હું પહેલાંની જેમ બધા સ્થળે અસાવધાનપણે શંકારહિત ફરતો હતો. આજે અહીં રહેલા મને તેણે બાંધ્યો અને તે સુકુમાલિકાને લઈને જતો રહ્યો, તેટલામાં તમે આવ્યા. તમે મને છોડાવ્યો એથી મારા બંધુ છો. આ પ્રમાણે કહીને ચારુદત્તના મિત્રોને જલદી નામ અને વંશ વગેરે પૂછીને જાણી લીધું. પછી તે જે રીતે આવ્યો હતો તે રીતે ગયો.

ચારુદત્ત મિત્રોની સાથે પોતાના નગરમાં આવ્યો. વિલાસના વાસગૃહ એવા યૌવનને પામ્યો. તેનો સર્વાર્થ નામનો મામો હતો. તેની નવીનયૌવનવાળી મિત્રવતી નામની પુત્રી હતી. માતા–પિતાએ ચારુદત્તને તેની સાથે પરણાવ્યો. કળાઓમાં આસક્ત ચિત્તવાળો તે ભોગસુખો પ્રત્યે ન આકર્ષાયો. તેથી માતા–પિતાએ તેને વિલાસી મિત્રમંડળીમાં પ્રવેશ કરાવ્યો. મિત્રમંડળીની સાથે ઈચ્છામુજબ ફરતો તે જાણે સાક્ષાત્ લક્ષ્મીદેવી હોય તેવી, રૂપ અને યૌવનથી શોભતી, કલિંગસેનાની પુત્રી, વસંતસેના નામની વેશ્યાને જોઈને કામને આધીન બન્યો. તેથી વિશાળ આંખોવાળી તેની સાથે બાર વર્ષો સુધી ભોગવિલાસ કર્યો. તેટલા કાળના ભોગમાં આસક્ત તેણે સોળ ક્રોડ સુવર્ણનો નાશ કર્યો. આટલા ધનનો નાશ થવા છતાં તેને એની ખબર ન પડી. તેના ઘરમાં સારભૂત બધું નાશ પામવાથી કલિંગસેનાએ એક દિવસ મદિરાપાનથી ઘેનવાળા તેને મૂકી દીધો. ઘણા કષ્ટથી પોતાના ઘરે આવ્યો. પોતાની પત્નીએ આદર કર્યો. પિતાના મૃત્યુને અને માતાના શોકને જાણીને તે અત્યંત દુઃખી થઈ ગયો. તે વેપાર કરવાની ઈચ્છાથી પત્નીના દાગીના લઈને મામાની સાથે ઉસીરાવર્ત નગર ગયો. ધન મેળવવામાં આસક્તિવાળા તેણે ત્યાં ઘણું કપાસ લીધું. પછી તામ્રલિપ્તિ નગરી તરફ આવતાં રસ્તામાં તેના જોતાં જ દાવાનલથી કપાસ જલદી બળી ગયું. તેથી મામાને છોડીને અશ્વથી પશ્ચિમદિશા તરફ ગયો. મરેલા અશ્વને પણ છોડીને પગથી જ ચાલીને ગયો.

તૃષાથી પીડા પામેલો તે બીજા દિવસે સૂર્યોદય વખતે વહાણ દ્વારા થતા વેપારથી પૂર્ણ એવા પ્રિયંગુનગરમાં આવ્યો. ત્યાં પિતાના મિત્ર સુરેંદ્રદત્તે તેને જોયો. તેણે ચારુદત્તને ભોજન અને વસ્ત્રો આપીને પુત્રની જેમ રાખ્યો. એકવાર રોકવા છતાં ધનની આશાથી તે સમુદ્ર પાર કરીને યવનદ્વીપ આવ્યો. યવનદ્વીપના નગરોમાં ભમતા તેણે થોડા જ સમયમાં આઠક્રોડ ધન મેળવ્યું. ફરી પોતાના નગર તરફ ચાલ્યો. વચ્ચે જ એનું વહાણ તૂટી ગયું, ધન બધું જતું રહ્યું. જીવતા રહેલા તેણે કોઈ પણ રીતે પાટિયાને મેળવીને સાત રાતે સમુદ્ર તર્યો. રાજપુરની બહાર આશ્રમસ્થાને આવ્યો. ત્યાં રસવિદ્યામાં કુશળ દિનકરપ્રભ નામના સંન્યાસીને જોયો. ચારુદત્ત સંન્યાસીની પાછળ લાગ્યો. સંન્યા-

સીએ તેનો પુત્રની જેમ સ્વીકાર કર્યો. ક્યારેક સુવર્ણરસ મેળવવાના લોભથી સંન્યાસી તેને કોઇ પર્વત ઉપર લઈ ગયો. તેના શિખરના એક ભાગમાં કૃત્રિમયંત્રરૂપી બારણાથી બંધ કરાયેલ, યમના મુખના જેવી આકારવાળી, મંત્રના પ્રયોગથી પ્રકાશિત કરાયેલી ઘોર બખોલ સંન્યાસીએ ચારુદત્તને બતાવી. પછી પોતાની સાથે ચારુદત્તને તેમાં પ્રવેશ કરાવીને તેની અંદર દુર્ગન્ધી, ચાર હાથ પ્રમાણ, ઘોર અંધકારવાળો, લંબાઈ-પહોળાઇથી સમાન અને નરકના જેવા આકારવાળો કૂવો બતાવ્યો. પછી સંન્યાસીએ તેને કહ્યું: હે પુત્ર! તું આની અંદર ઉતર, જેથી તને સિદ્ધ રસથી પૂર્ણ એક તુંબડી આપું. તૃષ્ણાથી અંધ બનેલો અને રસ લેવાની ઈચ્છાથી પ્રેરાયેલો તે હાથમાં તુંબડી લઇને દોરડાથી ચાર પુરુષ પ્રમાણ ભૂમિ સુધી નીચે ગયો એટલે નીચેની મેખલાએ આવ્યો. આ વખતે અંધકારથી જેની આકૃતિ દેખાતી નથી તેવા કોઈએ મનુષ્યભાષાથી "તું નીચે ન જો" એમ નીચે જોવાનો નિષેધ કર્યો. ભયથી રહિત ચારુદત્તે સંન્યાસીના વચનથી આવેલા મને કોણ રોકે છે? એમ પૂછ્યું. તેણે કહ્યું: હું વણિક છું. દરિયામાં મારું વહાણ ભાંગી ગયું. આથી ધનની ઈચ્છાથી સંન્યાસીની સેવા કરી. સ્વાર્થમાં તત્પર અને પાપી એવા ત્રિદંડીએ (रसाय=)રસ મેળવવા માટે પશુની જેમ મારું બલિદાન[1] કરીને તે પોતે (કૂવામાં ઉતરીને રસને લાવે તેવા માણસની શોધ માટે) જતો રહ્યો. આ પ્રમાણે સમુદ્રને તરીને અહીં દુઃખી અવસ્થામાં રહેલો હું જેમ નાશ પામ્યો, તેમ હે ચારુદત્ત! તું પણ આવી અવસ્થાને ન પામ. મને તુંબડી આપ, જેથી રસથી ભરીને તને પાછી આપું, એ રસથી સ્પર્શાયેલો તું મરણ ન પામે. (એ રસ શરીરે સ્પર્શે તો શરીર બળી જાય.) તેથી ચારુદત્તે તુંબડી આપી. તેણે કરુણાથી સિદ્ધરસથી ભરીને તુંબડી પાછી આપી. પછી ચારુદત્તે દોરડું હલાવ્યું. ઉપર રહેલો સંન્યાસી દોરડું ખેંચીને તેને કુવાના કાંઠે લઈ આવ્યો. સંન્યાસીએ તુંબડી માગી. મર્મને જાણનારા ચારુદત્તે તુંબડી ન આપી.

સંન્યાસીના ક્રૂર અભિપ્રાયને જાણીને ચારુદત્તે રસથી ભરેલી તુંબડીને કૂવામાં જ નાખી દીધી. પરિવ્રાજકે આ જાણીને દોરડાને અને તુંબડીને મૂકીને ચારુદત્તને તેવી રીતે પાડ્યો કે જેથી તે મેખલા ઉપર પડ્યો. તેથી મૃત્યુભયથી ત્રાસ પામેલા ચારુદત્તે લલાટે અંજલિ જોડીને તીર્થંકરોને નમસ્કાર કરીને સાગારિક વ્રતનો સ્વીકાર કર્યો. મન-વચન-કાયાના સંયમવાળો હું હિંસા, અસત્ય, ચોરી મૈથુન અને પરિગ્રહથી બધી રીતે નિવૃત્ત થયો છું. ધર્મસ્નેહી જે મહાત્માઓએ ભોગ-સંપત્તિનો ત્યાગ કરીને જિનેશ્વરે કહેલો સુધર્મ આરાધ્યો છે તેમને નમસ્કાર થાઓ. લોભ-મોહ-ક્લેશથી ઘેરાયેલા, દુઃખ સાગરમાં ડુબેલા અને ધનની આકાંક્ષાવાળા અમારા જેવાઓ તો આ પ્રમાણે નાશ પામે છે. તેને

---

૧. અર્થાત મને આ કૂવામાં ફેંકીને.

આ પ્રમાણે શોક કરતો જોઇને નીચે રહેલા તે વણિકે કહ્યું: ઉદાસીન મનવાળો તું આ પ્રમાણે ખિન્ન ન થા. ભવપરંપરામાં જેણે જે રીતે શુભ-અશુભ કર્મો બાંધ્યા હોય તે તેને પામે છે. આ પ્રમાણે હોવા છતાં જો તું ભય પામ્યા વિના કરી શકે તો તારે નીકળવાનો એક ઉપાય છે. અહીં રસ પીવા માટે દરરોજ ઘો આવે છે. તેના પુછડે વળગીને જો જઇશ તો નીકળી જવાશે. નહિ તો તું પણ મારી જેમ થોડા જ કાળમાં મૃત્યુ પામીશ. (અંધકારના કારણે) સમાન છે રાત-દિવસ જેને એવો તે આ સાંભળીને સ્વસ્થ થયો.

સિદ્ધરસના સામર્થ્યથી અવયવો બળી જવાના કારણે તીવ્રવેદનાથી દુઃખી થયેલો બીજો વણિક મૃત્યુ પામ્યો. તેને મરેલો જાણીને ચારુદત્ત નમસ્કાર મંત્ર ગણવામાં તત્પર બનીને ત્યાં રહ્યો. એકવાર આવતા કોઇનો અવાજ તેને સંભળાયો. તેથી ભય પામીને ચિંતાથી વ્યાકુળ બની ગયો. આ કોણ છે? હા, રસની ઇચ્છાવાળી આ ઘો આવે છે. એનો આ શબ્દ છે. આ પ્રમાણે જાણીને જિનેશ્વરોને પ્રણામ કરીને તે સાવધાન થઇને રહ્યો. તેટલામાં તે આવી ગઈ. રસ પીને નિકળતી હતી ત્યારે બે હાથોથી તેની પૂંછડીને તેણે મજબૂત પકડી લીધી. આથી ઘો તેને ખેંચીને કુવામાંથી બહારના ભાગમાં લઈ ગઈ એટલે તેણે ઘોને છોડી દીધી. પછી તે મૂર્છા પામ્યો. પછી ચેતના આવતાં આમ તેમ ફરવા લાગ્યો. તેટલામાં એક જંગલી પાડો તેને મારવા દોડ્યો. તેનાથી ભય પામેલો તે મોટી શિલા ઉપર ચડી ગયો. જંગલી પાડો રોષથી તે સ્થાને આવ્યો. તેને હણવાની ઇચ્છાથી બે શિંગડાઓથી તેણે તે શિલાને ઠોકી. તેણે શિલાને ઠોકવાનું શરૂ કર્યું તેવામાં ક્યાંકથી સાપે આવીને તેને પકડ્યો. આથી તે બંને લડવા લાગ્યા. બંનેને લડતા જોઈને ચારુદત્ત ધીમેથી શિલા ઉપરથી ઉતરીને જંગલના માર્ગથી ચાલ્યો. તે કોઇ સીમાડાના ગામમાં આવ્યો. ત્યાં વેપાર માટે આવેલા તેના મામાના મિત્ર રુદ્રદત્તે તેને તુરત જોયો, તથા તેનું રક્ષણ કર્યું. આથી ફરી તે તાજો થઈ ગયો. પછી લાખ વગેરે સામાન્ય કરિયાણું લઇને તેની જ સાથે સુવર્ણભૂમિ તરફ ચાલ્યો. ઈષુવેગવતી નદીને પાર કરીને, પર્વતના શિખરને ઓળંગીને વેત્રવનમાં આવ્યા.

ત્યાંથી ધનની તૃષ્ણાવાળા તે બે ટંકણ દેશમાં આવ્યા. ત્યાં બે બકરા લઈને તેના ઉપર બેસીને ક્રમે કરીને યમના મોઢા જેવા જંગલમાં આવ્યા. કેટલોક પૃથ્વીભાગ ઓળંગ્યા પછી તુરત મસ્તકે અંજલિ જોડીને રુદ્રદત્તે કહ્યું: અહો! આ સ્થાનથી પગથી ચાલીને જઇ શકાય તેમ નથી. માટે બે બકરાને મારીને અંદરના ભાગમાં રૂંવાટા રહે તેવી ધમણ બનાવીને તેમાં આપણે પેસી જઇએ. બે ભારંડ પક્ષી માંસની બુદ્ધિથી ધમણને ઉપાડશે. આથી આપણે સુખપૂર્વક સુવર્ણભૂમિમાં પહોંચી જઈશું. ચારુદત્તે કહ્યું: હા!

આ યોગ્ય નથી. કારણ કે એમણે આપણને ગાઢ જંગલથી પાર ઉતાર્યા છે. તેથી કૃતજ્ઞતાને છોડીને આવું નિર્દય કાર્ય કોણ કરે? વળી અહીં હિંસાથી જે ફળ મળે તે આપણા કુળમાં ન થાઓ. રુદ્રદત્તે હસીને કહ્યું: આ બકરા તારા નથી. મારા પોતાના બકરાઓનું મને જે કંઈ ગમે તે હું કરું. આમ કહીને તુરત જ પોતાના વાહન બકરાને હણ્યો. ચકિત થયેલા બીજા બકરાએ ચારુદત્તના મોઢા સામે જોયું. તેથી ચારુદત્તે બકરાને કહ્યું: અહો બકરા! તેં પૂર્વે ક્યાંક હિંસા કરી છે તેથી તું હણાય છે. જીવે પૂર્વે મન–વચન–કાયાથી જે શુભ–અશુભ કર્મ કર્યું હોય તેને તે ભોગવવું પડે છે, આમાં જરાય સંશય નથી. આથી હું તને બચાવવા સમર્થ નથી. પણ તું મારું વચન ભાવથી સાંભળ, જેથી તું સંસારમાં ફરી દુઃખી ન થાય.

મૃત્યુના દુઃખથી પીડાયેલા જીવોને મન–વચન–કાયાની ચેષ્ટાથી મારે પીડા ન કરવી એ પ્રમાણે પહેલું વ્રત તું લે. જીવવાની ઈચ્છાવાળા જીવોનું જેનાથી વધ થાય અથવા પીડા થાય તેવું મારે ન બોલવું એ પ્રમાણે બીજું વ્રત તને હો. સચિત્ત, અચિત્ત અને મિશ્ર એમ ત્રણ પ્રકારની પારકી વસ્તુ મારે ન ચોરવી એમ ત્રીજું વ્રત પણ તું સ્વીકાર. મન–વચન–કાયાના સંયમવાળો હું મનુષ્ય, તિર્યંચ અને દેવની સ્ત્રીઓના મૈથુનથી નિવૃત્ત છું એ પ્રમાણે ચોથા વ્રતનું તું આચરણ કર. મન–વચન–કાયાથી મારે બાહ્ય અને અભ્યંતર પરિગ્રહ ન રાખવો એ પ્રમાણે પાંચમા વ્રતનો સ્વીકાર કર. જો તું આ પ્રમાણે જિને કહેલાં પાંચેય વ્રતો બરોબર કરીશ તો ભવાંતરમાં દિવ્ય ઋદ્ધિને પામીશ. વળી આ રુદ્રદત્ત મને હણે છે એમ મનથી ન વિચાર, કિંતુ મારાં કરેલાં જ કર્મો મને હણે છે એમ વિચાર. શરીર મારાથી પર છે, હું શરીરથી પર છું, હું પોતે કરેલા કર્મનો ભોક્તા છું, હું નિત્ય છું, શરીર અનિત્ય છે, આ પ્રમાણે ભાવથી સ્વીકાર. ક્રોધ વગેરે ભાવચોરોની ગતિને અટકાવીને જ્ઞાનાદિ રત્નસમૂહનું આદરથી સતત પાલન કર. મનમાં નમસ્કાર મંત્રને ગણ. આ પ્રમાણે કહેવાયેલા તેણે નમીને બધું સ્વીકાર્યું. એટલામાં રુદ્રદત્તે આવીને ચારુદત્તે રોકવા છતાં દયાળુ બકરાને તુરત હણી નાખ્યો. તેમના ચામડાની ધમણ બનાવીને એકમાં શસ્ત્રસહિત ચારુદત્તને પ્રવેશ કરાવીને બીજીમાં પોતે પ્રવેશ કર્યો.

પછી બે ભારંડપક્ષીઓએ માંસની ઇચ્છાથી ક્યાંકથી ઉતરીને તેમને તે જ ક્ષણે આકાશમાં ઉપાડ્યા. જે ભારંડે ચારુદત્તને ઉપાડ્યો હતો તેનું બીજા પક્ષી સાથે આકાશમાં યુદ્ધ થતાં તેની ધમણ સરોવરના પાણીમાં પડી. શસ્ત્રથી ધમણને તોડીને તે જાણે ગર્ભમાંથી નીકળ્યો હોય તેમ ધમણમાંથી નીકળ્યો. સરોવરમાંથી નીકળેલા તેણે રત્નથી શોભતા દ્વીપને જોયો. ત્યાં નિઃશંકપણે ભમતા તેણે પર્વતના શિખરની ટોચ ઉપર મંદપવનથી હાલતું અને ચંદ્રકિરણો જેવું ઉજ્જવલ વસ્ત્ર જોયું. આ વસ્ત્ર ચારણ શ્રમણનું છે એવી સંભાવના કરીને તે સાધુને વંદન કરવા માટે ચાલ્યો અને જલદી તે પર્વત ઉપર

ચડ્યો. ત્યાં જાણે દીપતો અગ્નિ હોય તેવા, મહાતેજસ્વી અને બે બાહુ ઊંચા રાખીને આતાપના લેતા ચારણ શ્રમણને જોયા. ઉત્તમમુનિની વિનયથી પાસે જઇને અત્યંત હર્ષથી તેમને વંદન કર્યું. મુનિએ કાયોત્સર્ગ પારીને તેને ધર્મલાભ આપ્યો. પછી મુનિએ કહ્યું: હે ચારુદત્ત! તું અહીં ક્યાંથી આવ્યો? ચંપાનગરીમાં બંધાયેલા જે વિદ્યાધરને તેં છોડાવ્યો હતો તે હું છું. તે જ વખતે પોતાની પત્નીને મેળવીને હું અષ્ટાપદ પર્વત તરફ ગયો. મારો શત્રુ ભાગી ગયો એટલે હું ત્યાંથી પોતાના નગરમાં ગયો. કેટલાક કાળથી દીક્ષા લેવાની ઇચ્છાવાળા મારા પિતાએ મને પોતાના રાજ્ય ઉપર સ્થાપ્યો અને પોતે હિરણ્યસ્વર્ણકુંભ નામના ચારણશ્રમણની પાસે દીક્ષા લીધી.

તે શિક્ષણ લઇને એકલવિહારી થયા. મર્યાદાથી રાજ્યનું પાલન કરતા મારી સર્વ અંતઃપુરમાં સુંદર જયસેના અને મનોરમા નામની બે ઉત્તમ પત્નીઓ થઇ. મનોરમાની કુક્ષિથી મને બે પુત્ર થયા. તેમાં એકનું નામ સિંહયશ અને બીજાનું નામ વરાહગ્રીવક છે. વિજયસેનાની કુક્ષિથી ગાંધર્વવિદ્યામાં અતિશય વિચક્ષણ અને સૌભાગ્ય વગેરે ગુણોથી ઉત્તમ ગંધર્વસેના નામની પુત્રી થઇ. એકવાર પોતાના બે પુત્રોને વિદ્યાની સાથે રાજ્ય આપીને તે બે ચારણ મુનિઓની પાસે મેં દીક્ષા લીધી. લવણસમુદ્રમાં રહેલો કુંભકંઠ નામનો આ દ્વીપ છે. એમાં કર્કોટક પર્વત છે કે જેમાં હું આતાપના લઇ રહ્યો છું. દેવો, વિદ્યાધરો અને ચારણ મુનિઓને છોડીને બીજો કોઈ અહીં આવવા સમર્થ નથી, તો તું કેવી રીતે આવ્યો? આ પ્રમાણે કહીને મુનિ અટક્યા એટલે ચારુદત્તે પણ મૂળથી આરંભી ત્યાં આવ્યો ત્યાં સુધીની પોતાની કથા કહી. એટલામાં ત્યાં ચહેરાથી સાધુના જેવા અને આકાશને[1] પ્રકાશિત કરતા બે ઉત્તમ વિદ્યાધર પુરુષો આવ્યા. ચારુદત્તે તે બેને મુનીશ્વરને વંદન કરતા જોઇને આ બે આ અમિતગતિ મુનિના પુત્રો છે એમ મનમાં વિચાર્યું. (ઉત્તમ) કુળમાં જન્મ થવાથી (સ્વાભાવિક) સિદ્ધ થયેલા વિનયથી એ બે ચારુદત્તને પણ નમીને ઉચિતસ્થાને બેઠા. મુનિએ વિદ્યાધરોને કહ્યું: આ તે ચારુદત્ત છે. મુનિએ આ પ્રમાણે કહ્યું એટલે તેમણે પિતાને જીવન આપનાર તેને સ્વાગતં (=તમારું સારું આગમન થયું) એમ કહ્યું. આ વખતે આ બધાએ દિવ્યસંગીતના ધ્વનિવાળું વિમાન આકાશથી મુનિની પાસે આવતું જોયું. જેના મણિકુંડલ હાલી રહ્યા છે એવા અને દિવ્ય સ્વરૂપવાળા દેવે વિમાનમાંથી ઉતરીને ચારુદત્તના બે ચરણોને વંદન કર્યું.

ત્યારબાદ સાધુને વંદન કરીને તે દેવ ચારુદત્તની સામે બેઠો. વિદ્યાધરોએ તુરત તેને ઠપકો આપ્યો. આ લોકમાં સર્વ વિધિઓ દેવોથી પ્રવર્તે છે એ નિશ્ચિત છે. તો તેં સાધુને મૂકીને શ્રાવકને પહેલાં વંદન કેમ કર્યું? દેવે કહ્યું: આ મારો ધર્માચાર્ય છે.

૧. અહીં શબ્દાર્થ આ પ્રમાણે છેઃ- આકાશરૂપી આંગણાને.

કારણ કે હું એનાથી ધર્મ, ધર્મફલ, દેવ અને ગુરુનો જાણકાર થયો છું. એ કેવી રીતે? એમ વિદ્યાધરોએ પૂછ્યું, એટલે દેવે કહ્યું: પૂર્વે વારાણસી નગરીમાં વેદ અને વેદના અંગો વગેરેમાં કુશળ સુભદ્રા અને સુલસા નામની બે પરિવ્રાજિકાઓ હતી. એકવાર યાજ્ઞવલ્ક્યે વાદમાં સુલસાને જીતી. ત્યારથી જ તે યાજ્ઞવલ્ક્યની સેવામાં તત્પર બની. અત્યંત પરિચય થવાથી એકાંતમાં પણ તેને (યાજ્ઞવલ્ક્યની પાસે આવતી) રોકવામાં આવતી નહતી.

સમય જતાં યુવાનીના મદથી મત્ત બનેલા તે બંને પરસ્પર ભોગની આતુરતાથી મૈથુનમાં આસક્તિ થઈ. નગરથી બહુ દૂર આશ્રમના સ્થાનમાં કામક્રીડા કરતા તેમને એકવાર પુત્ર થયો. તેને પિપળાના વૃક્ષની છાયામાં મૂકીને તે બંને ત્યાંથી પલાયન થઈ ગયા. કોઈ પણ રીતે મુખમાં પડેલી પીપળી (=પીપળાના વૃક્ષનું ફલ)ને ખાતા તે બાળકને સુલસાની બહેન સુભદ્રાએ જોયો. વૃત્તાંત જાણીને તેના ચિત્તમાં ઘણો ખેદ થયો. તે બાળકને પોતાના ઘરે લઈ ગઈ. નામ પાડવાના સમયે કાલાદિ ઔચિત્યને જાણનારી તેણે એનું પિપ્પલાદ એવું સ્પષ્ટ અને યથાર્થ નામ પાડ્યું. તેના સ્થાનમાં રહીને સર્વકળાઓ અને છ અંગોની સાથે વેદનો અભ્યાસ કરીને તે મહાન વાદી થયો.

એકવાર સુલસા અને યાજ્ઞવલ્ક્યની સાથે તેનો વાદ થયો. ઘણા લોકોની સમક્ષ તેણે તે બંનેને જીતી લીધા. સુભદ્રાએ તેને કહ્યું કે તું આ બંનેનો પુત્ર છે. દ્વેષ પામેલા તેણે પિતૃમેધ વગેરે મહાયજ્ઞો રચ્યા. પછી તેણે પિતૃમેધ અને માતૃમેધથી પોતાના માતા–પિતાને હણ્યા. તેનો વાગ્બલિ નામનો શિષ્ય હતો. પિપ્પલાદથી તે પ્રસિદ્ધ બન્યો. તે પશુઓનો સતત વધ કરીને ભયંકર નરકમાં ગયો. ત્યાંથી નીકળેલો તે મથુરામાં બકરો થયો. બ્રાહ્મણોએ પિતૃયજ્ઞમાં પશુમેધ કરીને પાંચવાર તેનો વધ કર્યો. પછી પણ છઠ્ઠીવાર ટંકનદેશમાં બકરો થયો. રુદ્રદત્તે ચારુદત્તના વાહન માટે એને લીધો. એક દિવસ રુદ્રદત્તથી મરાતા એને દયાળુ ચારુદત્તે ધર્મ કહ્યો. તેણે ભાવથી ધર્મનો સ્વીકાર કર્યો. તેથી નમસ્કારમંત્ર વગેરેથી ભાવિત થયેલો તે ધર્મના પ્રભાવથી પશુપણાને છોડીને સૌધર્મ દેવલોકમાં દેવ થયો. જે આ વાગ્બલિનો જીવ ટંકનદેશમાં મહાન બકરો થયો હતો તે હું છું, અને ચારુદત્તની કૃપાથી દેવભવમાં આવ્યો. આથી આ મારો ધર્મ ગુરુ હોવાથી મેં તેને મુનિથી પહેલાં વંદન કર્યું. દેવ આ પ્રમાણે વિદ્યાધરોને કહી રહ્યો એટલે વિદ્યાધરોએ પણ તેને આ પ્રમાણે કહ્યું: સાચે જ આ ઉપકારી છે. કારણ કે પિતાને બંધનથી છૂટા કરીને અમારા કુલના પણ આ ઉપકારી છે. પછી દેવે અંજલિ કરીને ચારુદત્તને કહ્યું: હે પ્રભુ! તમારું જે કાર્ય હોય તે કહો, જેથી હું તે કાર્ય કરું. ચારુદત્તે કહ્યું: જ્યારે હું તને યાદ કરું ત્યારે તારે આવવું. દેવે 'એમ થાઓ' એમ કહીને તેનું કથન માન્ય કર્યું. દેવ ફરી તેને અને મુનિને પ્રણામ કરીને અદૃશ્ય થઈ ગયો. વિદ્યાધરો મુનિને નમીને

ચારુદત્તને પોતાના નગરમાં લઈ ગયા. ત્યાં પ્રમોદસમૂહથી પૂર્ણ બનેલી વિદ્યાધરની સ્ત્રીઓ બોલીઃ જેમણે સ્વામીને પ્રાણ આપ્યા છે તે આ આવ્યા.

ઇચ્છા મુજબ સ્થાન, શયન, આસન અને ભોજનને કરતો તે દેવલોકમાં દેવની જેમ ત્યાં સુખપૂર્વક રહ્યો. વિદ્યાધરોએ ક્યારેક ચારુદત્તને ચંપાપુરી જવા માટે રજા આપી. તે દેવ તેને ઘણું ધન આપીને ચંપાપુરીમાં લઇ ગયો. ત્યાં તેને સર્વાર્થ મામો, માતા, મિત્રવતી પત્ની અને મિત્ર વગેરે બધા ય લોકો મળ્યા. ચારુદત્તનો જે દિવસે વિયોગ થયો તે જ દિવસથી શરીરશણગાર વગેરેનો ત્યાગ કરીને રહેલી વસંતસેના વેશ્યા હવે પતિવ્રતા (=ચારુદત્તની પત્ની) બનીને રહી. ફરી પુણ્યના ઉદયથી ધર્મ, અર્થ અને કામ એ ત્રિવર્ગમાં તત્પર એનો બાકીનો કાળ પણ તેમની સાથે સુખપૂર્વક પસાર થયો. આ પ્રમાણે પરિગ્રહથી અનિવૃત્ત ચારુદત્ત સર્વાર્થ મામાથી છૂટો પડીને જેમ ઘણું દુઃખ પામ્યો, તેમ અસંતુષ્ટ બીજા જીવો પણ દુઃખ પામે છે. વિવેકી જીવોએ આ પ્રમાણે જાણીને પરિગ્રહની આસક્તિ છોડવી જોઇએ. ચારુદત્તનું દૃષ્ટાંત પૂર્ણ થયું. [ ૬૦ ]

દોષદ્વાર કહ્યું. હવે પાંચમાવ્રતનું જ ગુણદ્વાર કહે છેઃ—

**जे इह परिमाणकडा, संतोसपरा दढव्वया धीरा ।**
**ते जिणदासो व्व सया, हवंति सुहभाइणो लोए ।। ६१ ।।**

**ગાથાર્થ:**— જે પુરુષો સંતોષમાં તત્પર હોવાથી પરિગ્રહ પરિમાણવાળા છે અને ધીર હોવાથી દૃઢવ્રતવાળા છે તે જિનદાસની જેમ જગતમાં સદા સુખના ભાગી થાય છે.

**ટીકાર્થ:**— સંતોષ=ઇચ્છાનો નિરોધ. દૃઢવ્રતવાળા=નિયમો જેવા લીધા હોય તેવા પાળનારા.

આ ગાથામાં જે કહ્યું છે તે સ્વબુદ્ધિથી નથી કહ્યું. કારણ કે બીજાઓએ પણ કહ્યું છે કે—

**“જેનું મન સંતુષ્ટ છે તેની પાસે બધી સંપત્તિઓ છે. જેણે પગમાં જોડા પહેર્યા છે તેના માટે બધી પૃથ્વી ચામડાથી ઢંકાયેલી જ છે. (૧) જેમ જેમ લોભ ઓછો થાય તથા જેમ જેમ પરિગ્રહ અને આરંભ ઓછો થાય તેમ તેમ સુખ વધે છે, અને ધર્મની સાધના સારી રીતે કરી શકાય છે.” (૨)**

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાથી કહેવામાં આવે છેઃ—

## જિનદાસ શ્રાવકનું દૃષ્ટાંત

પાટલિપુત્ર નગરમાં સમ્યગ્દૃષ્ટિ, પાંચ અણુવ્રત ધારણ કરનાર અને ગુણોથી સમૃદ્ધ જિનદાસ નામનો પ્રસિદ્ધ શ્રાવક હતો. તળાવ ખોદાવા માટે રાજાએ રોકેલા મજૂરો એકવાર જિનદાસની દુકાનમાં સુવર્ણમય લોઢા જેવા (અંદર સોનું અને બહાર ઉપરના ભાગમાં લોઢું હોય તેવા) કુશ લઈ આવ્યા. પરિગ્રહપરિમાણનું ઉલ્લંઘન થવાના ભયથી નિપુણ તેણે તે કુશ ન લીધા. પછી મજૂરો લોભનંદની દુકાનમાં કુશ લઈ ગયા. તેણે સુવર્ણના લોભથી લોઢાના મૂલ્યથી તે લઈ લીધા, અને કહ્યું કે બીજા પણ આવા કુશ અહીં જ વેચવા. અજ્ઞાનતાદોષથી મજૂરો કુશ સુવર્ણમય હોવા છતાં દરરોજ લોઢાના મૂલ્યથી વેચે છે અને લોભનંદ લોભથી લે છે. એક દિવસ તેના મિત્રના ઘરે કોઈ પણ પ્રસંગ આવ્યો. આથી મિત્ર લોભનંદની ઈચ્છા ન હોવા છતાં આગ્રહ કરીને જમવા માટે લઈ ગયો. મિત્રના ઘરે જતા તેણે પુત્રને કહ્યું: જો કુશ આવે તો આ મૂલ્યથી લેવા. તેની આગળ મર્મ પ્રગટ ન કર્યું. ભોળપણથી આ લોઢાના છે એવી બુદ્ધિથી તેણે પિતાએ કહેલા મૂલ્યથી કુશો ન લીધા. મજૂરો બીજી દુકાનમાં કુશો લઈ ગયા. ભવિતવ્યતાવશ તેમાંથી એક કુશ કોઈ પણ રીતે પથ્થર ઉપર પડ્યો. તેની ઉપરથી લોઢાનો કાટ નીકળી જવાથી તેની નજીકમાં રહેલા કોટવાળોએ તેને સુવર્ણમય જોયો. તેથી તેમણે મજૂરોને પૂછ્યું: આ કુશ તમને ક્યાં મળ્યા? ક્યાં રાખ્યા છે? કોને આપ્યા છે? કેટલા આપ્યા છે? મજૂરોએ કહ્યું: તળાવ ખોદતાં માટીથી લેપાયેલા આ મળ્યા અને લોઢાની બુદ્ધિથી એકાંતમાં રાખ્યા. જિનદાસની દુકાને લઈ ગયા, પણ તેણે ન લીધા. લોભનંદે કેટલાક કોશ લોઢાના મૂલ્યથી ખરીદ્યા. તેણે વધારે મૂલ્ય આપીને અમને હર્ષિત બનાવ્યા. આથી હજી પણ જે કેટલાક કુશો રહેલા છે તે તેની દુકાનમાં વેચીએ છીએ. આ પ્રમાણે સાંભળીને કોટવાળોએ રાજાને કહ્યું. રાજાએ પહેલાં જિનદાસને જ બોલાવીને પૂછ્યું કે આ કુશો તેં કેમ ન લીધા? તેણે કહ્યું: મારે પરિગ્રહનું પરિમાણ છે. તેનો ભંગ ન થાય એ માટે આ સુવર્ણમય છે એમ જાણવા છતાં ન લીધા. તેથી ખુશ થયેલા રાજાએ તેની પૂજા કરીને તેને પોતાના ઘરે મોકલ્યો. પછી લોભનંદને બોલાવવા માટે પુરુષો મોકલ્યા.

આ તરફ ઉત્સુક લોભનંદ પણ ભોજન કરીને પોતાના ઘરે આવ્યો. પુત્રે કુશ ન લીધા એ જાણ્યું. તેથી તેણે વિચાર્યું: જો વૈરી એવા આ મારા બે પગ ન હોત તો હું મિત્રના ઘરે કેવી રીતે જાત? આ પ્રમાણે વિચારીને તેણે કુહાડો મારીને પોતાના બે પગ છેદી નાખ્યા. એટલામાં રાજપુરુષો આવીને ડોકમાંથી પકડીને તેને રાજાની પાસે લઈ ગયા. રાજાએ તેનું બધું ધન લઈને તેને ચોરીના દંડથી દંડ્યો. આ પ્રમાણે જાણીને લોભને છોડો. લોભને છોડનાર જિનદાસની જેમ પૂજ્ય થાય છે એમ લાભ જાણીને પરિગ્રહ-પરિમાણમાં પ્રયત્ન કરવો જોઈએ એવો ગુણદ્વારને જણાવનાર ગાથાનો ભાવાર્થ છે. [ ૬૧ ]

હવે યતનાદ્વાર કહેવાય છેઃ—

**संभरइ वारवारं, मुक्कलतरगं व गेण्हइस्सामि ।**
**एवं वयं पुणोऽविय, मणेण नय चिंतए एवं ॥ ६२ ॥**

**ગાથાર્થ**:— જેણે પરિગ્રહપરિમાણ લીધું છે તે શ્રાવકને યતના આ પ્રમાણે છેઃ— આટલું પરિગ્રહ પ્રમાણ આટલા કાળ સુધી મેં લીધું છે એમ વારંવાર યાદ કરે, તથા લીધેલા પરિગ્રહ પ્રમાણનો ચાતુર્માસ આદિના નિયમમાં સંક્ષેપ કર્યો હોય તો ઘણો ધંધો વગેરે કરવાની ઈચ્છાથી આ નિયમ પૂર્ણ થયા પછી આ નિયમ વધારે છૂટવાળું જ લઇશ એમ મનથી ન જ વિચારે. [ ૬૨ ]

યતનાદ્વારનું વ્યાખ્યાન કર્યું. હવે આનું જ અતિચારદ્વાર કહેવાય છેઃ—

**खेत्ताइहिरण्णाईधणाइदुपयाइकुप्पमाणकमे ।**
**जोयणपयाणबंधण–कारणभावेहि नो कुणइ ॥ ६३ ॥**

**ગાથાર્થ**:— પાંચમું અણુવ્રત લેનાર શ્રાવક યોજન, પ્રદાન, બંધન, કારણ અને ભાવથી અનુક્રમે ક્ષેત્રાદિ, હિરણ્યાદિ, ધનાદિ, દ્વિપદાદિ અને કુપ્ય એ પાંચના પરિમાણનો અતિક્રમ ( = ઉલ્લંઘન ) ન કરે, અર્થાત્ ધારેલા પરિમાણથી વધારે ન રાખે.

**ટીકાર્થ**:—**(૧) ક્ષેત્રાદિપ્રમાણાતિક્રમ**:— ક્ષેત્ર એટલે જેમાં અનાજ ઉગે તેવી ભૂમિ. તે સેતુ, કેતુ અને સેતુ–કેતુ એમ ત્રણ પ્રકારે છે, એમ પૂર્વે કહ્યું છે. ક્ષેત્રાદિ એ શબ્દમાં રહેલા આદિ શબ્દથી વાસ્તુનું ગ્રહણ કરવું. વાસ્તુ એટલે ઘર, ગામ, નગર વગેરે વસવા લાયક પ્રદેશ. ઘરના ત્રણ પ્રકાર પૂર્વે કહ્યા જ છે. યોજન એટલે બીજા ક્ષેત્ર વગેરેની સાથે જોડવું. એક ક્ષેત્ર કે વાસ્તુને બીજા ક્ષેત્ર કે વાસ્તુ સાથે જોડીને તેના પરિમાણનું ઉલ્લંઘન કરવું એ અતિચાર છે. તે આ પ્રમાણેઃ— મારે એકથી વધારે ભૂમિ કે વાસ્તુ ન રાખવું એવો નિયમ કરનાર વધારે ભૂમિની કે ક્ષેત્રની ઈચ્છા થતાં વ્રતભંગના ભયથી પહેલાની ભૂમિ આદિ પાસે બીજી ભૂમિ વગેરે લે, પછી તે બંનેને એક કરવા બંને વચ્ચે રહેલ વાડ વગેરે દૂર કરે. આ રીતે લીધેલ ભૂમિ વગેરેને પહેલાની ભૂમિ વગેરે સાથે જોડનારને વ્રત સાપેક્ષપણું હોવાથી અને અપેક્ષાએ વ્રતભંગ થવાથી અતિચાર લાગે.

**(૨) હિરણ્યાદિપ્રમાણાતિક્રમ**:— હિરણ્ય એટલે ચાંદી. આદિ શબ્દથી સુવર્ણનું ગ્રહણ કરવું. પ્રદાન એટલે બીજાને આપવું. પરિમાણથી અધિક ચાંદી કે સુવર્ણ બીજાને આપીને પરિમાણનું ઉલ્લંઘન કરવું એ અતિચાર છે. તે આ પ્રમાણેઃ— કોઇએ

ચાતુર્માસ વગેરે કાલમર્યાદાથી ચાંદી આદિનું પરિમાણ કર્યું. નિયમ દરમિયાન ખુશ થયેલા રાજા આદિ પાસેથી તેને કરેલા પરિમાણથી અધિક ચાંદી વગેરે મળ્યું. વ્રતભંગના ભયથી નિયમ પૂર્ણ થતાં પાછું લઈ લઇશ એવી ભાવનાથી તે ચાંદી વગેરે બીજાને આપે. આ પ્રમાણે વ્રતસાપેક્ષપણું હોવાથી અતિચાર છે.

(૩) **ધનાદિપ્રમાણાતિક્રમઃ**– ધન ગણિમ, ધરિમ, મેય અને પરિચ્છેદ્ય એમ ચાર પ્રકારે છે, એમ પૂર્વે કહ્યું જ છે. આદિ શબ્દથી ચોખા વગેરે ધાન્ય સમજવું. બંધન એટલે બાંધવું. બાંધીને રાખી મૂકવા આદિરૂપ બંધનથી ધન–ધાન્યના પરિમાણનું ઉલ્લંઘન થાય છે. તે આ પ્રમાણેઃ– કોઈએ ધન આદિનું પરિમાણ કર્યું. પછી કોઈક મેળવવા યોગ્ય (= સારું) કે બીજું ધન વગેરે તેને આપે છે. વ્રતભંગના ભયથી ચાતુર્માસ આદિ પછી, અથવા ઘરમાં રહેલા ધનનું વેચાણ કર્યા પછી લઈશ એવો વિચાર કરીને, આપનારના ઘરે જ દોરી આદિથી બાંધીને મૂકનારને, અથવા અમુક સમય પછી હું આ લઈ જઇશ એમ ખાતરી આપીને આપનારના ઘરે જ રાખી મૂકનારને અતિચાર લાગે.

(૪) **દ્વિપદાદિપ્રમાણાતિક્રમઃ**– પુત્ર, સ્ત્રી, દાસી, દાસ, નોકર, પોપટ, મેના વગેરે દ્વિપદ છે. આદિ શબ્દથી ચતુષ્પદનું ગ્રહણ કરવું. કારણ એટલે પેટમાં રહેલ ગર્ભ. કારણથી=ગર્ભાધાન કરાવીને દ્વિપદ–ચતુષ્પદના પરિમાણનું ઉલ્લંઘન કરવું તે અતિચાર છે. તે આ પ્રમાણેઃ– કોઇએ એક વર્ષ વગેરે સમય સુધી દ્વિપદ–ચતુષ્પદનું પરિમાણ કર્યું. હવે એક વર્ષ વગેરે કાળમાં કોઈનો જન્મ થાય તો કરેલા પરિમાણથી સંખ્યા વધી જાય, એથી વ્રતભંગ થાય. આથી વ્રતભંગના ભયથી અમુક સમય ગયા બાદ ગર્ભ ધારણ કરાવે. અહીં ગર્ભમાં હોવાથી સંખ્યા વધી જવાથી વ્રતભંગ છે, પણ બહાર જન્મ ન થયો હોવાથી વ્રતભંગ નથી. આથી અતિચાર લાગે.

(૫) **કુપ્યપ્રમાણાતિક્રમઃ**– આસન, પથારી વગેરે ઘરવખરી કુપ્ય છે. ભાવ એટલે મૂળ વસ્તુમાં ફેરફાર કરવો. ભાવથી=પર્યાયાંતરરૂપે કરવા વડે કુપ્યના પરિમાણનું ઉલ્લંઘન કરવું એ અતિચાર છે. તે આ પ્રમાણેઃ– કોઇએ દશ કથરોટથી (=પરાતથી) વધારે કથરોટો ન રાખવી એમ કુપ્યનું પરિમાણ કર્યું. કારણસર કથરોટો ડબલ થઇ ગઇ. વ્રતભંગના ભયથી (બધી કથરોટો ભંગાવીને) બે બે કથરોટની એક એક મોટી કથરોટ કરાવનારને પર્યાયાંતર કરવામાં સંખ્યા વધતી ન હોવાથી અને સ્વાભાવિક સંખ્યાનો બાધ થવાથી અતિચાર લાગે.

કેટલાક કહે છે કે– ભાવ એટલે તે વસ્તુનું અર્થિપણું=તે વસ્તુને લેવાની ઇચ્છા.

અમુક સમય પછી હું આ લઈશ, આથી આ વસ્તુ તમારે બીજાને આપવી નહિ, આ પ્રમાણે બીજાને નહિ આપવા તરીકે રાખનારને અતિચાર લાગે.

આ અતિચારો મૂલસૂત્રમાં "ક્ષેત્ર-વસ્તુ પ્રમાણાતિક્રમ, હિરણ્ય-સુવર્ણપ્રમાણાતિક્રમ" ઈત્યાદિ પ્રમાણે કહેવામાં આવે છે.

( વિશેષ વિચાર કર્યા વિના ) સાંભળ્યા પ્રમાણે આ અતિચારોનો સ્વીકાર કરવામાં વ્રતભંગ અને અતિચારમાં કોઈ વિશેષતા ન રહે, આથી તેની (=વ્રતભંગ અને અતિચારની) વિશેષતા બતાવવા માટે આચાર્ય મહારાજે યોજન, પ્રદાન વગેરે ભાવના (=ઘટના) બતાવી. આ ભાવના બતાવવાથી જ જેમની ભાવના બતાવી નથી તે સહસા અભ્યાખ્યાન વગેરે અતિચારોની પણ ભાવના વિચારવી. તે ભાવના કેટલાક અતિચારોની અમોએ અમારા બોધ પ્રમાણે બતાવી જ છે.

**પ્રશ્ન:–** પરિગ્રહના નવ પ્રકાર હોવાથી અતિચાર નવ થાય, જ્યારે અહીં પાંચ જ કહ્યા છે તેનું શું કારણ ? **ઉત્તર:–** સમાન હોવાથી બાકીના ચાર ભેદોનો પાંચ ભેદોમાં સમાવેશ થઈ ગયો છે, તથા શિષ્યહિત માટે પ્રાયઃ બધા સ્થળે મધ્યમ પદ્ધતિથી જ વિવક્ષા કરી હોવાથી બધાં વ્રતોમાં અતિચારોની પાંચ સંખ્યા જ ગણી છે. આથી અતિચારોની ચાર કે છ સંખ્યા નહિ ગણવી જોઈએ. [ ૬૩ ]

અતિચારદ્વાર પૂર્ણ થયું. હવે ભંગદ્વારને કહે છે:–

**जइ जाणंतो गेण्हइ, अहियं धण्णाइ तो भवे भंगो ।**
**अइसंकिलिट्ठचित्तस्स, तस्स परिणामविरहाओ ॥ ६४ ॥**

**ગાથાર્થ:–** જો જાણતો છતો સ્વીકારેલા પરિમાણથી અધિક ધાન્ય વગેરે ગ્રહણ કરે તો વ્રતપરિણામનો અભાવ થવાથી અતિ સંક્લિષ્ટચિત્તવાળા (=અતિરૌદ્ર અધ્યવસાયયુક્ત ચિત્તવાળા) એવા તેના વ્રતનો ભંગ થાય. [ ૬૪ ]

હવે ભાવનાદ્વાર કહે છે:–

**चत्तकलत्तपुत्तसुहिसयणसबंधवमित्तवग्गया, खेत्तसुवण्णदविणधणधण्णविवज्जियसयलसंगया ।**
**देहाहारवत्थपत्ताइसुदुरुज्झियममत्तया, चिंतसु सुविहिया वि तं सावय ! मोक्खपहंमि पत्तया ।६५।**

**ગાથાર્થ:–** હે શ્રાવક ! પત્ની, પુત્ર, સુહૃત્, સ્વજન અને બંધુસહિત મિત્રવર્ગ આ બધાનો જેમણે ત્યાગ કર્યો છે, ક્ષેત્ર, સુવર્ણ, દ્રવિણ, ધન અને ધાન્યરૂપ સકલ સંગનો જેમણે ત્યાગ કર્યો છે, દેહ, આહાર, વસ્ત્ર, પાત્ર વગેરે ધર્મોપકરણને વિષે પણ, જેમણે

મમત્વનો અત્યંત ત્યાગ કર્યો છે, તથા જેઓ મોક્ષમાર્ગમાં અત્યંત આસક્ત છે, આવા સુવિહિતોને તું વિચાર, અર્થાત્ તેમની ( =તેમના ત્યાગ-તપ વગેરે ધર્મની ) અનુમોદના કર.

**ટીકાર્થ**:- **શ્રાવકઃ**- સમ્યગ્દર્શનાદિ ગુણસંપન્ન એવો જે જીવ સાધુઓ પાસે સમાચારીને સાંભળે તે શ્રાવક. **સુવિહિત**=શુભ અનુષ્ઠાનવાળા સાધુઓ. **મોક્ષમાર્ગ**= સમ્યગ્જ્ઞાન-દર્શન-ચારિત્ર.

**સુહૃત્**:- પોતાને જેના પ્રત્યે સ્નેહ હોય તે પ્રતિકૂલ વર્તન કરે તો પણ એના વિષે ખરાબ વિચાર ન કરે તે સુહૃત્. **સ્વજનઃ**-એક જાતિ આદિથી જેની સાથે સંબંધ હોય તે સ્વજન, અથવા જેનો ( ભરણ-પોષણ આદિ માટે ) સ્વીકાર કર્યો હોય તે **સ્વજન. બંધુ**=ભાઈ વગેરે. **મિત્ર**=જેની સાથે ધૂળમાં રમત કરી હોય વગેરે મિત્ર છે. **ક્ષેત્ર**= અનાજની ઉત્પત્તિનું સ્થાન. **સુવર્ણ**=સોનું. દ્રવિણ=દ્રમ્મ, રૂપક ( રૂપિયો ) વગેરે દ્રવ્ય. **ધન**=ગાય વગેરે. **ધાન્ય**=ચોખા વગેરે. **સંગ**=આસક્તિનું કારણ.

અહીં પત્ની આદિના ત્યાગના નિર્દેશથી સચિત્ત દ્વિપદરૂપ પરિગ્રહનો ત્યાગ કહ્યો છે. પત્ની આદિનો ત્યાગ કરવા છતાં ક્ષેત્ર વગેરે હોય તો પરિગ્રહ રહિત બનાતું નથી. આથી ક્ષેત્ર વગેરે સંબંધી સંગના ત્યાગનો નિર્દેશ કર્યો છે. આનાથી અપદ અને ચતુષ્પદરૂપ પરિગ્રહનો ત્યાગ જણાવ્યો છે. પત્ની, ક્ષેત્ર આદિનો અભાવ હોવા છતાં શરીર આદિ ઉપર મૂર્છા હોય તો પરિગ્રહધારી જ છે. આથી દેહ આદિ વિષે મૂર્છાના ત્યાગનો નિર્દેશ કર્યો છે. पत्ताइसु એ સ્થળે રહેલા આદિ શબ્દથી પાદપ્રોઞ્છન ( રજોહરણ ), દંડ વગેરે સઘળાં ધર્મોપકરણ સમજવાં.

"ધર્મોપકરણને વિષે પણ" એમ 'પણ' શબ્દના પ્રયોગથી એ સૂચવ્યું છે કે ઘર વગેરે અધિકરણ વિષે તો મૂર્છાનો ત્યાગ કર્યો જ છે, કિંતુ ધર્મોપકરણ વિષે પણ મૂર્છાનો ત્યાગ કર્યો છે. **મમત્વ**=મારું એવી બુદ્ધિ.

અનુમોદનાથી એ સૂચિત કર્યું છે કે- જો કે વિષયસુખની પિપાસા આદિથી વ્યાકુલ ચિત્તવાળો શ્રાવક સકલસંગનો ત્યાગ કરવા માટે અસમર્થ છે, તો પણ સાધુસંબંધી આવી વિચારણાથી=અનુમોદનાથી સાધુઓ પ્રત્યે થયેલા બહુમાનથી જેનું આત્મવીર્ય અત્યંત ઉછળ્યું છે એવો શ્રાવક ઈલાપુત્રના ( ઈલાચચિકુમારના ) દૃષ્ટાંતથી સર્વસંગનો ત્યાગ કરે પણ.

આ પ્રમાણે [1]દ્વિપદીનો અર્થ છે. [ ૬૫ ]

---

૧. દ્વિપદી એટલે દ્વિપદી નામનો ગીતિછંદ. સામાન્યથી એક છંદમાં ( શ્લોકમાં ) ચાર પદ હોય છે. પણ આ છંદમાં બે પદ હોય છે. આથી જ તેનું દ્વિપદી એવું નામ છે.

ભાવનાદ્વાર કહ્યું, અને તે કહેવાથી નવે દ્વારોથી પાંચમું અણુવ્રત પૂર્ણ થયું. તે પૂર્ણ થતાં પાંચ અણુવ્રતો પૂર્ણ થયાં. હવે ગુણવ્રતોનો અવસર છે. તે ત્રણેય પ્રત્યેક અણુવ્રતનું આ જ નવદ્વારોથી વ્યાખ્યાન કરવું જોઇએ. આથી પહેલા દિગ્વ્રત નામના પહેલા ગુણવ્રતને પહેલા દ્વારથી કહે છેઃ—

**तत्तायगोलकप्पो, अप्पा अणिवारिओ वहं कुणई ।**
**इइ जा दिसासु विरई, गुणव्वयं तमिह नायव्वं ॥ ६६ ॥**

**ગાથાર્થઃ**— દિશાનું પરિમાણ નહિ કરનાર અગ્નિથી અત્યંત તપેલા લોઢાના ગોળા સમાન જીવ જીવોનો વિનાશ કરે છે. આથી દિશાઓમાં જવાની જે વિરતિ તે અહીં (=વ્રતવિચારણામાં) સ્વરૂપથી દિગ્વ્રત નામનું પ્રથમ ગુણવ્રત જાણવું. અથવા આ ગાથાનો બીજી રીતે અર્થ આ પ્રમાણે છેઃ— દિશાનું પરિમાણ નહિ કરનાર, તપેલા લોઢાના ગોળા સમાન જીવ જીવોનો વિનાશ કરે છે, એ પ્રમાણે જ્ઞપરિજ્ઞાથી જાણીને પ્રત્યાખ્યાન પરિજ્ઞાથી દિશાઓમાં જવાની જે વિરતિ તે અહીં સ્વરૂપથી દિગ્વ્રત નામનું પ્રથમ ગુણવ્રત જાણવું.

**ટીકાર્થઃ**— પ્રમાદના કારણે જેમ તેમ વર્તતો જીવ હિંસાનો હેતુ હોવાથી તપેલા લોઢાના ગોળા સમાન છે. અથવા "અનિવૃત્તિ (=વિરતિ ન કરવી) એ જ પ્રવૃત્તિ છે" એવા વચનથી (વિરતિથી રહિત) જીવ હિંસાનો હેતુ હોવાથી તપેલા લોઢાના ગોળા સમાન છે. કહ્યું છે કે—

**"(વિરતિ કર્યા વિના કર્મબંધથી મુક્ત થવાતું નથી.) આથી કર્મબંધને નહિ ઇચ્છતા જીવે સાવદ્યયોગની વિશેષરૂપે નિવૃત્તિ કરવી જોઇએ. અવિષયની પણ એટલે કે જ્યાં જવાની કોઇ સંભાવના નથી તેવા સ્વયંભૂરમણ સમુદ્ર વગેરેની પણ વિરતિ ન કરવાથી ક્લિષ્ટ અધ્યવસાયના કારણે દૃઢતર બંધ થાય."**

આ (શાસ્ત્ર) વચનથી અનિવૃત્તિ એ જ પ્રવૃત્તિ છે એમ સિદ્ધ થયું. [ ૬૬ ]

હવે ભેદદ્વારને કહે છેઃ—

**पुव्वावरउत्तरदाहिणेण, उड्ढं अहे य परिमाणं ।**
**छच्चेव तस्स भेया, गुणव्वयस्सेह नायव्वा ॥ ६७ ॥**

**ગાથાર્થઃ**— તે ગુણવ્રતના અહીં (=ભેદના અવસરમાં) પૂર્વદિક્પરિમાણ, પશ્ચિમદિક્પરિમાણ, ઉત્તરદિક્પરિમાણ, દક્ષિણદિક્પરિમાણ, ઊર્ધ્વદિક્પરિમાણ અને અધોદિક્પરિમાણ એમ છ ભેદો જાણવા.

**ટીકાર્થ**:– અહીં છ દિશાના સંબંધથી છ ભેદો છે. छच्चेव એ સ્થળે च શબ્દ નહિ કહેલાના સંગ્રહ માટે છે. આથી અન્ય ચાર વિદિશાઓને ઉમેરવાથી દશ ભેદો પણ થાય.

ગુણવ્રતઃ– ગુણ (=લાભ) માટે વ્રત તે ગુણવ્રત. ગુણવ્રતો પ્રાણાતિપાત વિરમણ વગેરે અણુવ્રતોના પાલન માટે વાડ સમાન છે. [ ૬૭ ]

હવે આ વ્રત જે પ્રમાણે થાય છે તે પ્રમાણે ઉત્પત્તિદ્વાર કહે છેઃ–

**परिमियखेत्ताउ बहिं, जीवाणं अभयदाणबुद्धीए ।**
**दिसिवयगहपरिणामो, उप्पज्जइ तिव्वसड्ढस्स ॥ ६८ ॥**

**ગાથાર્થ**:– તીવ્ર શ્રદ્ધાવાળા શ્રાવકને પરિમિતક્ષેત્રથી બહાર જીવોને અભય આપવાની બુદ્ધિથી દિગ્વ્રત લેવાના પરિણામ ઉત્પન્ન થાય છે.

**ટીકાર્થ**:– પરિમિતક્ષેત્ર એટલે પૂર્વાદિ દશેય દિશાઓમાં પ્રત્યેક દિશામાં આટલા યોજન સુધી મારે જવું (તેનાથી વધારે જવું નહિ) એ પ્રમાણે નક્કી કરેલ ભૂમિપ્રદેશ.

તીવ્ર શ્રદ્ધાવાળો એટલે તીવ્ર શ્રેષ્ઠભાવવાળો. [ ૬૮ ]

હવે દોષદ્વારનું પ્રતિપાદન કરે છેઃ–

**दिसि परिमाणं न कुणंति कहवि मोहेण मोहिया पावा ।**
**तिमिसगुहाए जह कोणिओ हु निहणं नरा जंति ॥ ६९ ॥**

**ગાથાર્થ**:–અજ્ઞાનથી મૂઢ કરાયેલા જે ભારે કર્મી મનુષ્યો કોઈપણ કારણથી દિક્‌-પરિમાણ કરતા નથી તે તમિસ્રા ગુફામાં કોણિકની જેમ મૃત્યુ પામે છે.

**ટીકાર્થ**:– આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો કથાથી જાણવો. તે કથા આ પ્રમાણે છેઃ–

## કોણિકનું દૃષ્ટાંત

ચંપાનગરીમાં શ્રેણિકરાજાનો પુત્ર કોણિક રાજા હતો. તેનું બીજું નામ અશોકચંદ્ર હતું. તેને પૂર્વભવમાં શ્રેણિકરાજા ઉપર વૈરભાવ થયો હતો. આથી તે શ્રેણિકની પત્ની ચેલ્લણાના પુત્રપણે ઉત્પન્ન થયો. તે મોટો થયો ત્યારે શોકયમાતાના કાલ વગેરે દશ કુમારોને તમને દરેકને રાજ્યનો અગિયારમો ભાગ આપીશ એમ કહીને પોતાના પક્ષમાં લીધા. પછી તેણે પોતાના પિતા શ્રેણિકને બાંધીને રાજ્ય લીધું. વિષભક્ષણથી પિતા મૃત્યુ

પામ્યા એટલે પિતાના શોકથી જ રાજગૃહનગરને છોડીને ચંપાપુરીને રાજધાની કરી. પોતાના બંધુ હલ્લ અને વિહલ્લના પ્રસંગના કારણે તેણે પોતાના નાના ચેડા મહારાજાની સાથે યુદ્ધ કર્યું. યુદ્ધમાં કાલ વગેરે દશ કુમારો મૃત્યુ પામ્યા. તેમનું બધું સૈન્ય તેણે લઈ લીધું. ઘણા કાળે મહાકષ્ટથી તેણે વૈશાલીનગરી કબજે કરી. ચેડા મહારાજ દેવલોકમાં ગયા એટલે તે સર્વત્ર અસ્ખલિત આજ્ઞારૂપી ઐશ્વર્યવાળો મોટો રાજા બનીને ચંપાનગરીમાં પાછો આવ્યો. આ બધા પ્રસંગો કેવી રીતે બન્યા તે વિસ્તારથી મૂળ આવશ્યક ટીકામાંથી જાણી લેવું. અહીં તો પ્રસ્તુત ગાથાના અર્થની ઘટના કરવા માટે કંઈક કહેવામાં આવે છે.

તેણે પોતાના અસાધારણ પરાક્રમથી સમસ્ત સામંતસમૂહનો પરાભવ કર્યો હતો, અર્થાત્ બધા સામંતોને પોતાના વશમાં રાખ્યા હતા. તેના શરીરના હાથ-પગ વગેરે અવયવો ચક્ર અને સ્વસ્તિક વગેરે શુભ લક્ષણોથી યુક્ત હતા. પૂર્વભવે ઉપાર્જન કરેલા ઉત્તમ પુણ્યના ઉદયથી તેને રાજ્યનાં [1]સર્વ અંગો અસાધારણ મળ્યાં હતાં. પદ્માવતી વગેરે અંતઃપુરની સાથે જીવલોકમાં સારભૂત ગણાતા પાંચ પ્રકારના વિષયસુખને અનુભવતા તે મહાન રાજાના કેટલાંક વર્ષો પસાર થયાં. તે જ ચંપાપુરીમાં એક દિવસ શ્રી મહાવીર તીર્થંકર પધાર્યા. લક્ષકોટિ દેવો શ્રી મહાવીર ભગવાનના ચરણ કમલની સેવા કરી રહ્યા હતા. શ્રી મહાવીરસ્વામીએ પોતાના ચરણકમલના સ્પર્શથી સર્વ પૃથ્વીને પવિત્ર કરી હતી. તેઓશ્રીના બાલ્યકાળથી થયેલાં મેરુપર્વતકંપન વગેરે અનેક પ્રકારના સુંદર ચરિત્રો સંપૂર્ણ પૃથ્વીતલમાં પ્રસિદ્ધ છે. ઇંદ્રે તેઓશ્રીનાં સુંદર ચરિત્રોનું વર્ણન કરતાં તેઓશ્રીના પ્રબળ સત્ત્વગુણનું વર્ણન કર્યું. આથી ઉત્પન્ન થયેલ અતિશય રોષથી સંગમે તેઓશ્રીને છ મહિના સુધી વિવિધ ઉપસર્ગો કર્યા. પણ તેઓશ્રી ચલિત બન્યા નહિ. તેઓશ્રીએ નિરાબાધપણે વધેલા શુભધ્યાન રૂપ અગ્નિથી કર્મરૂપી કાષ્ઠોને બાળી નાખ્યાં. આવા શ્રી મહાવીર પ્રભુ ચંપાપુરીમાં પધાર્યા. ઉદ્યાનપાલક વગેરે દ્વારા શ્રી મહાવીર પ્રભુના આગમનના સમાચાર જાણીને કોણિક મહાન આડંબરથી શ્રીમહાવીરપ્રભુને વંદન કરવા માટે ચાલ્યો. સમવસરણ પાસે આવ્યો એટલે તેણે છત્ર અને ચામર વગેરે રાજ્યના અલંકારોનો ત્યાગ કર્યો. પ્રભુજીને ત્રણ પ્રદક્ષિણા આપી. ભક્તિસમૂહથી મસ્તકને નમાવીને વિધિપૂર્વક પ્રભુના બે ચરણકમલને વંદન કર્યું. પછી ઉચિતસ્થાને બેઠો. પ્રભુએ ધર્મદેશના શરૂ કરી. ધર્મદેશનામાં ધર્મ અને અધર્મના ફલનો વિભાગ જણાવ્યો.

પછી કોણિકે પ્રસંગોચિત પ્રશ્ન કર્યોઃ હે ભગવન્! આપે ધર્મના ફલનું વર્ણન કરતાં દેવ વગેરેનું વર્ણન કર્યું, તેમાં ચક્રવર્તીઓ પણ ધર્મના પ્રભાવથી થાય એમ કહ્યું. ચક્રવર્તીઓ

---

૧. સ્વામી, મંત્રી, મિત્ર, ભંડાર, કિલ્લો, રાષ્ટ્ર, પ્રજા અને સેના એ આઠ રાજ્યનાં અંગો છે.

કામભોગથી નિવૃત્ત થયા વિના જ મરે તો ક્યાં ઉત્પન્ન થાય? ભગવાને કહ્યું: સાતમી નરકમાં. કોણિકે પૂછ્યું: હું ક્યાં જઇશ? પ્રભુએ કહ્યું: તું છઠ્ઠી નરકમાં જઇશ. કોણિકે પૂછ્યું: હું છઠ્ઠી નરકમાં કેમ ઉત્પન્ન થઇશ? (સાતમીમાં કેમ નહિ?) પ્રભુએ કહ્યું: તું ચક્રવર્તી નથી માટે. કોણિકે પૂછ્યું: શું આ નિયમ છે કે, ચક્રવર્તીઓ જ સાતમી નરકમાં ઉત્પન્ન થાય? અથવા ચક્રવર્તીઓ સાતમી નરકમાં જ ઉત્પન્ન થાય? અથવા ચક્રવર્તીઓ સાતમી નરકમાં ઉત્પન્ન થાય જ? પ્રભુએ કહ્યું: વિષયસુખોને નહિ છોડનારા ચક્રવર્તીઓ સાતમીમાં જ જાય છે. વિષયસુખોને છોડનારા ચક્રવર્તીઓ દેવલોકમાં કે મોક્ષમાં જાય છે એવો નિયમ છે. કોણિકે પૂછ્યું: હું ચક્રવર્તી કેમ નથી? પ્રભુએ કહ્યું: જેને ચૌદ મહારત્નો ઉત્પન્ન થયા હોય, પૂર્વદિશા વગેરે દિગ્વિજયના ક્રમથી જેણે ભરતક્ષેત્રના છ ખંડ સાધ્યા હોય તે જ ચક્રવર્તી થાય. તું તેવો નથી. પછી ત્યારથી જ કોણિકે સ્વકલ્પનાથી કૃત્રિમરત્નો ઉત્પન્ન કર્યા. વૈતાઢ્યથી પહેલાના (=દક્ષિણાર્ધ ભરતના) ત્રણ ખંડો કોઈ પણ રીતે સ્વાધીન કર્યા. વૈતાઢ્યથી પછીના ભાગમાં રહેલા ત્રણ ખંડોને જીતવા તિમિસ્રા ગુફા પાસે ગયો. ત્યાં કિરિમાલક નામના ગુફાપાલકને કહ્યું: હે કિરિમાલક! હું અશોકચંદ્ર નામનો ચક્રવર્તી છું. વૈતાઢ્યથી પછીના ભાગમાં રહેલા ત્રણ ખંડોને જીતવાની ઇચ્છાથી તિમિસ્રા ગુફાને ઉઘાડું છું, તેથી તું આ ગુફાને ઉઘાડ.

આ પ્રમાણે આદેશ કરાયેલા તેણે કહ્યું: આ અવસર્પિણીમાં ભરતથી આરંભી બ્રહ્મદત્ત સુધી બાર ચક્રવર્તીઓ છે, અને તે બધાય થઇ ગયા છે. તેથી કોણિકે કહ્યું: હું તેરમો ચક્રવર્તી છું. કિરિમાલકે કહ્યું: મૃત્યુને ભજનારો ન થા, સ્વસ્થાને જા. આ અશક્ય આચરણથી તમારું શું પ્રયોજન છે? અર્થાત્ આનાથી તમારું કોઈ કાર્ય સિદ્ધ થવાનું નથી. આ પ્રમાણે કિરિમાલકે તેને રોક્યો, છતાં તેણે વારંવાર પોતાનો આગ્રહ ન છોડ્યો, એટલે ગુસ્સે થયેલા તેણે કોણિકને ગાલમાં થપ્પડ મારીને મારી નાખ્યો. મરીને તે તમઃપ્રભા નામની છઠ્ઠી નરકમાં ગયો. આ પ્રમાણે દિશાનું પરિમાણ નહિ કરનારાઓને આ લોકમાં જ અનર્થ થાય છે એમ જાણીને નિપુણ પુરુષોએ દિશાનું પરિમાણ કરવામાં પ્રયત્ન કરવો જોઇએ એ પ્રમાણે ગાથાનો ભાવાર્થ છે. [ ૬૯ ]

હવે ગુણદ્વારનો અવસર છે, આથી તેને કહે છે:—

**जह चंडकोसिओ खलु, निरुद्धदिट्ठीमणोवईकाओ।**
**तह अन्नोऽवि सउन्नो, सव्वसुहाणं इहाभागी ॥ ७० ॥**

**ગાથાર્થ**:— જોવાનું, (અશુભ) વિચારવાનું, બોલવાનું અને ફરવાનું બંધ કરનાર ચંડકૌશિક સર્પ (અથવા દૃષ્ટિનો નિરોધ (=જોવાનું બંધ) કરનાર ચંડકૌશિક

સર્પ મન, વચન અને કાયાથી) જેમ સર્વ સુખોનો ભાગી થયો, તે પ્રમાણે દિક્પરિમાણવ્રતને સ્વીકારનાર અન્ય પુણ્યશાલી શ્રાવક પણ જગતમાં સર્વ સુખોનો ભાગી થાય છે.

**ટીકાર્થ**:– આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો કથાથી જાણવો. તે કથા આ છેઃ–

## ચંડકૌશિક સર્પનું દૃષ્ટાંત

એક ગચ્છમાં એક તપસ્વી મુનિ વર્ષાકાળમાં માસખમણના પારણાના દિવસે નાના સાધુની સાથે ભિક્ષા લેવા માટે ગયા. કોઈ પણ રીતે અનુપયોગથી તેમના પગથી માત્ર ચગદાઈને દેડકી મરી ગઈ. તેથી નાના સાધુએ કહ્યુંઃ હે તપસ્વી મુનિ! આપે દેડકીને મારી. તપસ્વીએ તે સ્થાનમાં આજુ–બાજુમાં રહેલી બીજી પણ મરેલી દેડકીઓ તે સાધુને બતાવીને કહ્યુંઃ રે રે દુષ્ટ [1]શૈક્ષક! શું આ દેડકીઓ પણ મેં મારી છે? બાલમુનિએ વિચાર્યુંઃ આ ભૂખથી કૃશ બની ગયા છે, અર્થાત્ ભૂખ્યા છે, એથી પ્રેરણા કરવાનો આ સમય નથી, બીજા કોઈ પ્રસંગે યાદ કરાવીશ. આમ વિચારીને બાલમુનિએ તે વખતે મૌનનો જ આશ્રય લીધો. તપસ્વી ભિક્ષા લઈને પોતાના ઉપાશ્રયમાં આવ્યા. ગુરુની પાસે આલોચના[2] વગેરે કરીને ભોજન કર્યું. ભોજન વગેરે (દિવસના સર્વ) વ્યાપારોના અંતે, સાંજના આવશ્યકના સમયે, તપસ્વી (ગુરુની પાસે) દોષોની આલોચના કરીને બેસવા જાય છે તેટલામાં, આ યાદ કરાવવાનો સમય છે એમ વિચારીને, બાલમુનિએ કહ્યુંઃ હે તપસ્વી! દેડકીની આલોચના કરો એમ યાદ કરાવ્યું. તપસ્વીએ વિચાર્યુંઃ આણે મને સાધુઓની વચ્ચે હલકો પાડયો, માટે એના દુર્વિનયનું ફળ બતાવું. પછી અતિશય ગુસ્સે થયેલો તે પોતાને બેસવાનું પીઠ (પાટલા જેવું લાકડાનું આસન) લઈને તેના તરફ દોડયો, તેટલામાં વચ્ચે જ થાંભલા સાથે અથડાયો. મર્મસ્થાનમાં વાગવાથી મરીને સંયમની વિરાધના કરનાર તે જ્યોતિષ્ક દેવલોકમાં ઉત્પન્ન થયો.

પોતાના આયુષ્યનો ક્ષય થતાં ત્યાંથી ચ્યવેલો તે આ જ ભરતક્ષેત્રમાં કનકખલ નામના તાપસોના આશ્રમમાં પાંચસો તાપસોના અધિપતિ તાપસની પત્ની તાપસીના ઉદરમાં ઉત્પન્ન થયો. ઉચિત સમયે તેનો જન્મ થયો. કાળક્રમે મોટો થયો. સ્વભાવથી ચંડ (=ઉગ્ર) હોવાથી અને તેનું કુલ કૌશિક હોવાથી લોકમાં ચંડકૌશિક એવા નામથી પ્રસિદ્ધિને પામ્યો. એકવાર તેના પિતા મૃત્યુ પામતાં તે જ કુલપતિ થયો. ઉદ્યાન ઉપર મૂર્છા થવાથી તે તાપસોને બગીચામાંથી ફલ, પુષ્પ અને કંદ વગેરે લેવા દેતો ન હતો. તેથી તાપસો અન્ય વનમાં ચાલ્યા ગયા. બીજા દિવસે ચંડકૌશિક બીજા કોઈ કામ માટે

૧. શૈક્ષક એટલે નૂતન સાધુ.

૨. અહીં આલોચના એટલે ભિક્ષામાં લાગેલા દોષો વગેરેનું ગુરુને નિવેદન કરવું.

જંગલમાં ગયો હતો ત્યારે નજીકમાં આવેલી શ્વેતાંબીનગરીથી રાજકુમારોએ આશ્રમમાં આવીને બગીચાને ભાંગીને બીજોરું વગેરે ફલો લીધાં. તેથી ગોવાળોના છોકરાઓએ તેને આ બીના જણાવી. અત્યંત રોષથી ભરેલો ચંડકૌશિક હાથમાં કુહાડી લઈને રાજકુમારોને મારવા દોડ્યો. બધા રાજકુમારો જુદી જુદી દિશામાં પલાયન થઈ ગયા. વેગથી આવતો ચંડકૌશિક કોઈ પણ રીતે સ્ખલના પામ્યો અને ભૂમિ ઉપર પડ્યો. તે જ કુહાડાથી તેનું મસ્તક ચિરાઈ ગયું. મૃત્યુ પામીને ત્યાં જ દૃષ્ટિવિષ સર્પ થયો. તાપસો ચંડકૌશિક મરી ગયો એમ સાંભળીને ફરી તે જ આશ્રમમાં આવ્યા. કેટલાક દિવસો પછી તેની વિષશક્તિ ઘણી વધી ગઈ. પૂર્વભવના અભ્યાસથી તે જ વનમાં ગાઢ મૂર્છાને પામેલો તે વનમાં બધી બાજુ ફરવા લાગ્યો. આ પ્રમાણે ફરતો તે ચકલો, કબૂતર વગેરે જે કોઈને જુએ, તેને વિષપૂર્ણ ચક્ષુઓથી જોઈને ભસ્મ કરી નાખવા લાગ્યો. તેથી કેટલાક તે તાપસો બળી ગયા અને કેટલાક નાસી ગયા. આ પ્રમાણે બાર યોજન પ્રમાણ ક્ષેત્રને વસતિરહિત કરીને પ્રતિદિન બે સંધ્યાએ ફરતો અને ઝુંપડી પાસેના મંડપના બિલમાં વસતો તે સુખપૂર્વક રહેતો હતો...

આ તરફ ભગવાન શ્રીમહાવીર છદ્મસ્થકાલમાં પહેલું ચોમાસું શૂલપાણિ યક્ષના મંદિરમાં કરીને, લોકોએ ના કહેવા છતાં તે આશ્રમમાં આવીને તેના મંડપની બાજુમાં કાયોત્સર્ગમાં રહ્યા. તેમની ગંધથી તે બિલમાંથી બહાર નીકળ્યો. ભગવાનને જોઈને તેણે વિચાર્યું: મારા મંડપની બાજુમાં રહેલો આ કોઈ નિર્ભય જણાય છે. આ પ્રમાણે વિચારીને અતિશય ગુસ્સે થયેલા તેણે ભગવાનને બાળી નાખવાની ઈચ્છાથી સૂર્ય સામે જોઈને ભગવાનની સામે જોયું. તેણે જેમ જેમ ભગવાનની સામે જોયું તેમ તેમ તેના ચક્ષુઓ વિષરહિત બની ગયા. પછી દાઢાઓથી (ચરણમાં) દંશ મારીને, વિષના વેગથી બેશુદ્ધ બનેલો આ મારા ઉપર ન પડે એવી બુદ્ધિથી, દૂર ખસીને તેણે જોયું તો દંશના સ્થાને લોહીનો પ્રવાહ ગાયના દૂધ જેવો સફેદ દેખાયો. આ વખતે ભગવાને તેને કહ્યું: હે ચંડકૌશિક ઉપશાંત થા, ઉપશાંત થા. આ વચન સાંભળીને તર્ક–વિતર્ક કરવાથી તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. તપસ્વી વગેરેના ભવમાં અનુભવેલા ક્રોધના ફળને વિચારીને તેણે અનશનનો સ્વીકાર કર્યો. સર્વ જીવો વિષે ક્ષમાપનાના અધ્યવસાયવાળો અને કષાય ઉપર કાબૂ મેળવનાર તે બિલમાં મોઢું રાખીને પંદર દિવસ રહ્યો. ભગવાન પણ કોઈ એને ઉપદ્રવ ન કરે એવી બુદ્ધિથી ત્યાં જ તે જ પ્રમાણે રહ્યા. લોકો પણ ભગવાનની સુખ–દુઃખની સ્થિતિ જોવા માટે વૃક્ષ વગેરેના આંતરે ઊભા રહ્યા. તેમણે ભગવાનને તે જ પ્રમાણે ઊભા રહેલા જોઈને વિચાર્યું કે, ચોક્કસ આ દૃષ્ટિવિષ સર્પને તેમણે જ કોઈ પણ રીતે ઉપશાંત કર્યો છે, અન્યથા મૃત્યુ પામ્યા વિના આ આ પ્રમાણે કેવી રીતે રહે? પછી લોકોએ નજીકમાં આવીને સર્પને બિલમાં મોઢું નાખીને રહેલો જોયો. કાષ્ઠ, ઢેફાં વગેરે ફેંકીને ખાતરી કરી.

અત્યંત ઉપશાંત થયેલા તેની દૂધ-ઘી વગેરેથી પૂજા કરી. તેની ગંધથી આવેલી કીડીઓ તેને નિરંતર ખાવા લાગી. આ વેદનાને સારી રીતે સહન કરીને પંદરમા દિવસે તે મૃત્યુ પામીને આઠમા દેવલોકમાં મહર્ધિક દેવ થયો. આ પ્રમાણે આ દૃષ્ટિવિષ સર્પ દૃષ્ટિ અને મન-વચન-કાયાનો નિરોધ કરીને જેમ આ લોકમાં પૂજાનો અને પરલોકમાં દેવ-લોકના સુખોનો ભાગી બન્યો, તેમ દિશાપરિમાણનો સ્વીકાર કરીને શરીરનો નિરોધ કરનાર શ્રાવક પણ સર્વ સુખોનો ભાગી થાય છે. આગાથાનો ભાવાર્થ આ પ્રમાણે વિચારીને દિશાના પરિમાણમાં પ્રયત્ન કરવો એવા ઉપદેશથી ગર્ભિત છે. [૭૦]

હવે યતનાદ્વારનું વર્ણન કરે છેઃ-

फलसंपत्तीवि धुवा, जीवाणं तहवि जत्थ उवघाओ।
पंचिंदियमाईणं, तत्थ न गच्छंति ते कहवि ॥ ७१ ॥

**ગાથાર્થઃ**- દિક્પરિમાણ જેમણે કર્યું છે તે જીવોને પરિમિત (=નક્કી કરેલા) ક્ષેત્રમાં પણ ઇષ્ટફલની પ્રાપ્તિ અવશ્ય થવાની સંભાવના હોય તો પણ જ્યાં (પરિમિત-ક્ષેત્રમાં) પંચેંદ્રિયાદિ જીવોનો વિનાશ થતો હોય ત્યાં તે જીવો વ્રતમાં અતિચાર ન લાગે તો પણ કોઈ પણ રીતે ન જાય, એ યતના છે.

**ટીકાર્થઃ**- જેમ કે દેડકી, તીડ, કીડી વગેરે જીવોથી આકુલ માર્ગમાં ન જાય. જો આવા માર્ગમાં પણ જાય તો દિક્પરિમાણ કરવાનો શો અર્થ? કારણકે તેમાં પણ જીવ-વિનાશ થાય છે. (જીવવિનાશથી બચવા માટે તો દિક્પરિમાણ કર્યું છે.)

પંચેંદ્રિયાદિ એ સ્થળે પહેલાં પંચેંદ્રિયનો નિર્દેશ પંચેંદ્રિયની હિંસાથી ઘણું પ્રાયશ્ચિત્ત આવતું હોવાથી પંચેંદ્રિયની હિંસા મહાદોષ છે એ જણાવવા માટે છે. અન્યથા 'એકેંદ્રિય' એમ પૂર્વાનુક્રમથી જ નિર્દેશ કરે. [૭૧]

હવે અતિચારદ્વાર શરૂ કરે છેઃ-

उड्ढं अहे य तिरियं, अतिक्कमं तहय खेत्तवुड्ढिं च।
सइअंतरद्धमेत्थं, वज्जेज्जा पंच अइयारे ॥ ७२ ॥

**ગાથાર્થઃ**- ઊર્ધ્વદિશા પ્રમાણાતિક્રમ, અધોદિશા પ્રમાણાતિક્રમ, તિર્યગ્દિશા પ્રમાણાતિક્રમ, ક્ષેત્રવૃદ્ધિ અને સ્મૃતિ-અંતર્ધાન એ પાંચ અતિચારોનો અહીં (=અતિચારના અવસરે) ત્યાગ કરે.

**ટીકાર્થઃ**- ઉપર પર્વતશિખર વગેરેમાં દિશાપ્રમાણનું ઉલ્લંઘન કરવું એ ઊર્ધ્વ-દિશા પ્રમાણાતિક્રમ છે. નીચે કૂવા વગેરેમાં દિશાપ્રમાણનું ઉલ્લંઘન કરવું એ અધો-

દિશા પ્રમાણાતિક્રમ છે. તિર્છું પૂર્વ વગેરેમાં દિશાપ્રમાણનું ઉલ્લંઘન કરવું એ તિર્યગ્દિશા પ્રમાણાતિક્રમ છે. બીજી દિશામાં સ્વીકારેલા ક્ષેત્રપ્રમાણને વિવક્ષિતદિશામાં નાખીને વિવક્ષિતદિશામાં સ્વીકારેલા ક્ષેત્રપ્રમાણનો વધારો કરવો એ ક્ષેત્રવૃદ્ધિ છે. કરેલું દિશાનું પરિમાણ ભૂલી જવું તે સ્મૃતિ—અંતર્ધાન.

પ્રથમના ઊર્ધ્વદિશા પ્રમાણાતિક્રમ વગેરે ત્રણ જો [1]અતિક્રમ આદિ થાય તો અતિચાર રૂપ છે, જાણી જોઇને કરવાથી તો વ્રતભંગ રૂપ જ છે.

**ક્ષેત્રવૃદ્ધિઃ**— કોઈ શ્રાવકે પૂર્વ અને પશ્ચિમ એ પ્રત્યેક દિશામાં સો યોજન સુધી જવાનું પરિમાણ કર્યું. પ્રયોજન ઉત્પન્ન થતાં તે એક દિશામાં નેવું યોજન રાખીને બીજી દિશામાં એકસો દશ યોજન કરે. તેના અભિપ્રાયથી [2]બંને રીતે બસો યોજનનું પરિમાણ કાયમ રહે છે. આથી આ રીતે એક દિશામાં ક્ષેત્ર વધારનારને વ્રતસાપેક્ષપણું હોવાથી અતિચાર લાગે.

**સ્મૃતિ—અંતર્ધાનઃ**— કોઈએ પૂર્વદિશામાં સો યોજન પરિમાણ કર્યું હતું, પણ જતી વખતે વ્યાકુલતા, પ્રમાદ, મતિમંદતા આદિ કોઈ કારણથી મેં સો યોજન પરિમાણ કર્યું છે કે પચાશ યોજન? એમ સ્પષ્ટ યાદ નથી આવતું. આવી સ્થિતિમાં તે પચાશ યોજનથી વધારે જાય તો સાપેક્ષપણું હોવાથી અતિચાર લાગે, અને સો યોજનથી વધારે જાય તો નિરપેક્ષપણું હોવાથી વ્રતભંગ થાય.

**અહીં વૃદ્ધસંપ્રદાય આ છેઃ**— ઉપરની દિશામાં જે પ્રમાણ કર્યું હોય તેનાથી વધારે દૂર પર્વતના શિખર ઉપર કે વૃક્ષના ઉપરના ભાગમાં વાંદરો કે પક્ષી, વસ્ત્ર કે આભૂષણ લઇને જાય, તો તેનાથી ત્યાં ન જઈ શકાય. જો તે વસ્તુ સ્વયં પડી જાય કે બીજો કોઇ લઈ આવે તો લઈ શકાય. આવું ગિરનાર વગેરે પર્વતોમાં બને. એ જ પ્રમાણે નીચે કૂવા વગેરેમાં પણ સમજવું. તથા તિર્છી દિશામાં જે પ્રમાણ લીધું હોય તેનું મન—વચન—કાયાથી ઉલ્લંઘન નહિ કરવું, અને એક દિશામાંથી લઇને બીજી દિશામાં ઉમેરવા રૂપ ક્ષેત્રવૃદ્ધિ નહિ કરવી જોઈએ. તે આ પ્રમાણેઃ— દિગ્વ્રતવાળો શ્રાવક કરિયાણું લઈને પૂર્વ દિશા તરફ પરિમાણ હતું ત્યાં સુધી ગયો. તેનાથી આગળ અધું કરિયાણું મેળવી શકાય તેમ હોવાથી (આગળ જવા માટે) પશ્ચિમદિશાના યોજનોને પૂર્વદિશાના પરિમાણમાં નાખે. જો અનુપયોગથી પરિમાણનું ઉલ્લંઘન થયું હોય તો ખ્યાલ આવે એટલે

---

૧. અહીં અતિક્રમ શબ્દ ઉલ્લંઘન અર્થમાં નથી, કિંતુ અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર એ ચાર ભેદમાં આવતા અતિક્રમના અર્થમાં છે.

૨. બે દિશાના સો સો મળીને કે એક દિશાના ૯૦ અને બીજી દિશાના ૧૧૦ મળીને એમ બંને રીતે.

ત્યાંથી પાછા ફરવું જોઈએ, અથવા ત્યાંથી આગળ ન વધવું જોઈએ અને બીજાને પણ ન મોકલવો જોઇએ. મોકલ્યા વિના બીજો કોઈ ગયો હોય તો તે જે વસ્તુ લાવ્યો હોય તે વસ્તુ નહિ લેવી જોઈએ. અથવા ભૂલી જવાથી સ્વયં જાય તો ત્યાંથી કોઇ વસ્તુ નહિ લેવી જોઈએ. [ ૭૨ ]

અતિચાર દ્વાર કહ્યું. હવે ભંગદ્વાર જણાવે છેઃ–

**दुविहं तिविहेण गुणव्वयं तु घेतूण पेसए अन्नं ।**
**तल्लाभं वा गेण्हइ, तस्स धुवं होइ इह भंगो ॥ ७३ ॥**

**ગાથાર્થ**:– દ્વિવિધ–ત્રિવિધથી દિક્પરિમાણનો સ્વીકાર કરીને કારણ ઉત્પન્ન થતાં જાણી જોઈને ધારેલા પરિમાણથી આગળ બીજાને મોકલે કે ત્યાં થયેલ લાભને લે તો લીધેલા દિક્પરિમાણનો નક્કી ભંગ થાય.

**ટીકાર્થ**:– દ્વિવિધ એટલે સ્વયં ન જાઉં અને બીજાને ન મોકલું. દા.ત. વીસ–યોજનથી આગળ મારે ન જવું, અને બીજાને ન મોકલવો. ત્રિવિધ=મન–વચન–કાયાથી.

**પ્રશ્ન**:– કારણ ઉત્પન્ન થતાં એમ શા માટે કહ્યું ? **ઉત્તર**:– વિચારીને કરનારા પુરુષો કારણ વિના પ્રવૃત્તિ કરતા નથી. માટે 'કારણ ઉત્પન્ન થતાં' એમ કહ્યું. [ ૭૩ ]

હવે ભાવનાદ્વાર કહે છેઃ–

**इरियासमियाएँ परिब्भमंति भूमण्डलं निरारंभा ।**
**सव्वजगज्जीवहिया, ते धन्ना साहुणो निच्चं ॥ ७४ ॥**

**ગાથાર્થ**:– જેઓ સદા ઇરિયાસમિતિ પૂર્વક પૃથ્વી ઉપર પરિભ્રમણ કરે છે, આરંભથી રહિત છે, જગતના સર્વ જીવોનું હિત કરનારા છે, તે સાધુઓ ધન્ય છે.

**ટીકાર્થ**:– ચિત્તના વ્યાક્ષેપ વિના યુગપ્રમાણના આંતરે દૃષ્ટિ રાખીને નિરવદ્ય (=જીવોથી અવ્યાકુલ) માર્ગમાં જવું તે ઇર્યાસમિતિ.

જગતના સર્વ જીવોનું હિત કરનારા એટલે ચૌદરાજ પ્રમાણ લોકમાં રહેલા સર્વ જીવો પ્રત્યે વાત્સલ્યભાવવાળા. ( અહીં વાત્સલ્યભાવવાળા એમ કહીને હિત કરનારા કેમ છે તેનું કારણ જણાવ્યું છે. જેનામાં વાત્સલ્ય (=પ્રેમ) હોય તે જ હિત કરે. )

સાધુઓ ધર્મરૂપી ધનને મેળવનારા હોવાથી ધન્ય છે, અર્થાત્ પુણ્યશાલી છે. [ ૭૪ ]

પ્રથમગુણવ્રત કહ્યું. હવે બીજું ગુણવ્રત કહેવું જોઈએ. તેમાં પણ પહેલાં પ્રથમદ્વારથી કહે છેઃ–

उवभोगपरीभोगो, विणिवित्ती तं गुणव्वयं बीयं ।
आहाराईविलयादियाइ चित्तं जओ भणियं ॥ ७५ ॥

**ગાથાર્થ:**– ઉપભોગ અને પરિભોગમાં અનેક રીતે પરિમાણ કરવું તે બીજું ઉપ-ભોગ–પરિભોગ પરિમાણવ્રત છે. તે અનેક પ્રકારે છે. કારણ કે તે વ્રત તીર્થંકર–ગણધરોએ [1]આહારાદિના પરિમાણરૂપ અને સ્ત્રી, હાથી વગેરેના પરિમાણરૂપ અનેક પ્રકારે કહ્યું છે.

**ટીકાર્થ:**– જે એક જ વાર ભોગવી શકાય કે શરીરની અંદર ભોગવી શકાય તે ઉપભોગ. જે વારંવાર ભોગવી શકાય કે શરીરની બહાર ભોગવી શકાય તે પરિભોગ. આહારાદિ ઉપભોગ છે, અને સ્ત્રી, હાથી વગેરે પરિભોગ છે. કહ્યું છે કે–

**"વિગઇઓ, તંબોલ, આહાર, પુષ્પ, ફલ વગેરે ઉપભોગમાં ગણાય છે. વસ્ત્ર, સુવર્ણ વગેરે અને સ્ત્રી, હાથી વગેરે પરિભોગમાં ગણાય છે."** [૭૫]

ભેદદ્વારમાં આ ગાથા છે:–

महुमज्जमंसपंचुंबराइविरइं करिज्ज बीयंमि ।
असणविलेवणवत्थाइयाण परिमाणकरणेण ॥ ७६ ॥

**ગાથાર્થ:**– ઉવભોગ–પરિભોગ પરિમાણવ્રતમાં અશન, વિલેપન, વસ્ત્ર વગેરેના પરિમાણ કરવાની સાથે મધ, મદિરા, માંસ, પાંચ જાતિના ઉદુંબર આદિની વિરતિ કરે.

**ટીકાર્થ:**– મધના માખીયું (=માખીઓએ બનાવેલું) વગેરે ભેદો છે. મદિરા કાષ્ઠનિષ્પન્ન (=તાડ વગેરે વૃક્ષના રસથી થયેલ) અને પિષ્ટનિષ્પન્ન (=લોટ વગેરે કોહવડાવીને થયેલ) એમ બે પ્રકારે છે. માંસના જલચરપ્રાણીથી થયેલ વગેરે અનેક ભેદો છે, અથવા ચામડું, લોહી અને માંસ એમ ત્રણ ભેદ છે. વડ, ઉદુંબર, પીપળો, ટુંબરિકા અને પ્લક્ષ (=પીપળાની જાતિનું વૃક્ષ) એ પાંચ જાતિના ઉદુંબર છે. આ પાંચેય ઉદુંબર સમાન જાતિના છે. 'पंचुंबराइ' એ સ્થળે આદિ શબ્દથી માખણ, ઘોલવડા (=દહીંમિશ્રિતવડાં) અને રાત્રિભોજન વગેરે સમજવું. અશન=ભાત વગેરે. વિલેપન=[2]કુંકુમ વગેરે.

---

૧. આહારાદિથી એટલે આહારાદિના પરિમાણથી. સ્ત્રી-હાથી વગેરેથી એટલે સ્ત્રી, હાથી વગેરેના પરિમાણથી.

૨. કુંકુમ શબ્દનો કોશમાં કેશર અર્થ જણાવ્યો છે. પણ અહીં વિલેપનનું કોઈ સુગંધી દ્રવ્ય અર્થ વધારે ઘટે છે.

'वत्थाइयाण' એ સ્થળે આદિ શબ્દથી પાણી, પુષ્પ અને આભરણ વગેરે સમજવું. કારણકે અશન અને વિલેપન ઉપભોગરૂપ હોવાથી અને વસ્ત્ર પરિભોગરૂપ હોવાથી આદિ શબ્દથી ઉપભોગ અને પરિભોગ એ બંને પ્રકારની વસ્તુનું ગ્રહણ કરવું જોઈએ.

મારે આ આટલું ખાવું કે આટલું વાપરવું એમ ઉપભોગ–પરિભોગનું પરિમાણ જે જીવ લે તેણે પહેલાં મધ આદિ વાપરવાનું બંધ કરવું જોઈએ. કારણ કે મધ આદિનો ઉપયોગ બહુ પાપરૂપ હોવાથી મધ આદિ બંધ ન કરવાથી ઉપભોગ–પરિભોગ પરિમાણથી જે કર્મનિર્જરા સાધવાની છે તે ન સાધી શકાય. (કારણકે–એક બાજુ ઉપભોગ–પરિભોગ પરિમાણથી નિર્જરા થાય તો બીજી બાજુ મધ આદિના ઉપયોગથી નવાં કર્મો બંધાય.)

મધ આદિ વિષે કહ્યું છે કે–"ચઉરિંદ્રિય જીવોના શરીરની ચરબી અને લોહીથી મિશ્રિત, હલકું અને નિંદનીય એવા આ મધના ભક્ષણનો અને વિક્રયનો ત્યાગ કરો. (૧) કુલ, બલ, મતિ, મહત્તા, પ્રશંસા અને વૈભવનો નાશ કરનાર, કુરૂપ, આપત્તિ અને વિવિધ હીલનાનો જનક એવા દારૂનો ત્યાગ કરો. (૨) પંચેંદ્રિય જીવના વધથી બનાવાયેલું, ઉગ્રપાપ ફલવાળું, વીર્ય, રસ, લોહી અને કલમલથી[1] દુર્ગંધવાળું અને ભવજનક એવું માંસ તું છોડ. (૩) વડ, ઉંબરી, ઉંબર, પીપળી અને પીપળાના ફલોમાં ઘણા (સૂક્ષ્મ) જીવો હોય છે. ભક્ષણ કરાયેલાં એ ફળો વ્રતભંગ કરે છે. (૪) માખણની યોનિવાળા અને માખણના વર્ણવાળા ઉત્પન્ન થયેલા જીવોથી સંસક્ત અને અવસ્થાંતરને નહિ પામેલા (=ઘી રૂપે નહિ બનેલા) માખણને છોડો. આ માખણ (=માખણનું ભક્ષણ) પણ ભવજનક (=સંસારવર્ધક છે.) (૫) પલ્યંક[2] (=પાલખની ભાજી), [3]લટ્ટ (=ખસખસ) અને સાગ (=વૃક્ષવિશેષ) જીવોથી સંસક્ત છે. કાચા ગોરસના મિશ્રણવાળા મગ[4] જીવોથી સંસક્ત થાય છે. તેનું ભક્ષણ પણ નિયમા દોષ માટે થાય છે. (૬) જે જીવો રાત્રિભોજન કરવામાં તત્પર છે તે જીવો સદા ધન, ઉન્નતિ, બુદ્ધિ, કુલ, બલ અને રૂપ આ બધાથી રહિત થાય છે. (૭) મૂળા, ગાજર, લૂણીની ભાજી અથવા દુર્ગંધી દ્રવ્ય, થોર, કુંઆરી, આદુ, અંકુરા વગેરે સાધારણ (=અનંતકાય) છે. તેમાં અનેક પ્રકારે (=અનંતા) જીવો હોય છે. (૮) તેથી ઉપભોગમાં ફલ, શીંગ, પત્ર, પુષ્પ, કાષ્ઠ, બહુબીજ, વિગઈઓ, સચિત્ત, અનંતકાય અને દ્રવ્યોનું પ્રમાણ કરવું જોઈએ.

૧. લોહી અને વીર્યના મિશ્રણથી ઉત્પન્ન થયેલો પ્રવાહી પદાર્થ.

૨. પલ્યંકના ઉપલક્ષણથી અનંતકાય બધી વનસ્પતિઓ સમજી લેવી.

૩ ખસખસના ઉપલક્ષણથી બહુબીજવાળી બધી વનસ્પતિઓ સમજી લેવી.

૪. મગના ઉપલક્ષણથી બધા દ્વિદળ ધાન્ય સમજી લેવા.

(૯) રાંધવું, ખાંડવું, પીસવું, દળવું અને પકાવવું ઇત્યાદિ (પાપક્રિયા)નું સદા પરિમાણ કરવું જોઇએ. કારણકે અવિરતિથી ઘણો કર્મબંધ થાય છે." (૧૦)

મદ્યવિરતિ ઈત્યાદિરૂપે ભેદની (પ્રકારની) વિચારણા કરવી, અર્થાત્ મદ્યવિરતિ, માંસવિરતિ, માખણવિરતિ એમ આ વ્રતના અનેક ભેદો થાય છે એમ વિચારવું.

અહીં મદ્યપાન, માંસભક્ષણ અને રાત્રિભોજનમાં ઘણા અનર્થો દેખાતા હોવાથી મૂળગાથામાં સૂચિત ન કર્યા હોવા છતાં શ્રાવકોના અનુગ્રહ માટે બે દૃષ્ટાંતો કહેવામાં આવે છેઃ—

## ઋષિનું દૃષ્ટાંત

કોઈ ઋષિએ જંગલમાં રહીને હજારો વર્ષો સુધી ઉગ્રતપની સાધના કરી. 'ઉગ્રતપના પ્રભાવથી આ ઋષિ મને ઇંદ્રપદથી ચ્યુત કરશે' એવી શંકાથી ઇંદ્ર ગભરાયો. ઋષિને તપની સાધનાથી પતિત કરવા દેવાંગનાઓને તેમની પાસે મોકલી. ઋષિ પાસે આવીને દેવાંગનાઓએ અંજલિપૂર્વક પ્રણામ અને વિવિધ પ્રકારની સ્તુતિ આદિ અનેક પ્રકારના વિનયથી ઋષિને પ્રસન્ન કર્યા. પ્રસન્ન થયેલા ઋષિએ વરદાન માંગવાનું કહેતાં દેવાંગનાઓએ "મદ્ય, હિંસા કે અબ્રહ્મ એ ત્રણમાંથી ગમે તે એકનું તમે સેવન કરો" એમ કહ્યું. આ સાંભળી ઋષિ કઈ વસ્તુનું સેવન કરવું એના વિચારમાં પડી ગયા. વિચારણા કરીને હિંસા અને અબ્રહ્મ નરકનાં કારણો છે, જ્યારે મદ્ય ગોળ, ધાવડી આદિ શુદ્ધ વસ્તુઓથી બનતું હોવાથી નિર્દોષ છે એમ નિર્ણય કર્યો. આથી મદ્યપાનનો સ્વીકાર કરીને મદ્યપાન કર્યું. અધિક સ્વાદ કરવા (વિદંશ[1] બનાવવા) બકરાને હણીને હિંસા આદિ સઘળાં પાપો કર્યાં. પરિણામે તપનું સામર્થ્ય હણાઈ ગયું. અંતે મરણ પામીને તે ઋષિ દુર્ગતિમાં—નરકમાં ગયા. આ પ્રમાણે ધર્મીઓએ મદ્યને દોષોની ખાણ જાણવું.

## વસુમિત્રાનું દૃષ્ટાંત

આ ભરતક્ષેત્રમાં દેવભવન જેવાં ભવનો, ઉદ્યાનો, કૂવાઓ, વાવડીઓ અને જલકુંડો (=હવાડા)થી મનોહર ઉજ્જૈની નામની ઉત્તમ નગરી હતી. તેમાં યજ્ઞદત્ત, વિષ્ણુદત્ત અને જિનદાસ એમ ત્રણ શ્રાવકો હતા. તેમની અનુક્રમે જયશ્રી, વિજયશ્રી અને અપરાજિતા નામની પુત્રીઓ હતી. ત્રણે પરસ્પર પ્રીતિવાળી હતી. બાલ્યાવસ્થાથી

---

૧. વિદંશ એ મદ્યપાન ઉપર પ્રીતિ ઉત્પન્ન કરનાર એક પ્રકારનું ચાટણ છે. જેમ ખોરાક ખાધા પછી મુખવાસ લેવામાં આવે છે તેમ મદ્યપાન કર્યા પછી વિદંશનો ઉપયોગ કરવામાં આવે છે **उपदंशस्त्ववदंशश्चक्षण मद्यपाशनम्** અભિ. શ્લોક ૯૦૭

વૃદ્ધિ પામતી એ ત્રણે જિનેશ્વરના વચનમાં અનુરાગવાળી અને જિનેંદ્રની પૂજામાં તત્પર હતી. તેમની બીજી પણ વસુમિત્રા નામની બ્રાહ્મણપુત્રી સખી હતી. તે તેમને અતિપ્રિય હતી. પણ તે જિનધર્મથી ભાવિત ન હતી. આષાઢ ચોમાસીના દિવસે સૂર્યોદય થતાં જ વસુમિત્રા સખીઓની પાસે આવી. સખીઓએ વસુમિત્રાને કહ્યું: હે પ્રિયસખી! આજે તું તારા ઘરે જા. કારણ કે આજે અમારે જિનમંદિરોમાં પૂજા કરવાની છે, તથા સાધ્વીઓની પાસે અણુવ્રતોનો સ્વીકાર કરવાનો છે. વસુમિત્રાએ કહ્યું: શું અમારે ત્યાં જવું યોગ્ય નથી? સખીઓએ કહ્યું: હે કલ્યાણી! એમાં શો દોષ છે? જો તારી ઈચ્છા હોય તો તું પણ આવ. વસુમિત્રા પણ તેમની સાથે જિનમંદિરે ગઈ. તેમણે ઉપયોગપૂર્વક જિનેશ્વરોની અષ્ટપ્રકારી પૂજા કરી, સ્તુતિ–સ્તોત્રોથી સ્તુતિ કરી, અને ચૈત્યવંદન કર્યું. પછી સાધ્વીજીની પાસે ગઈ. વંદન કરીને પચ્ચક્ખાણ કર્યું. પછી બેસીને ભાવથી ધર્મોપદેશ સાંભળ્યો.

આ વખતે કર્મક્ષયોપશમથી વસુમિત્રાને ધર્મોપદેશ પરિણમી ગયો. તેથી વસુમિત્રાએ કહ્યું: હે ભગવતી! હવેથી મારો પણ આ ધર્મ થાઓ. તેથી સાધ્વીજીએ તેને કહ્યું: હે સુતનુ! માનસિક પરિણામ વિના માત્ર કહેવાથી ધર્મ થતો નથી. તેથી જો મારો કહેલો આ ધર્મ તારા ચિત્તમાં પરિણમી ગયો હોય તો અરિહંતને દેવ તરીકે અને સાધુઓને ગુરુ તરીકે સ્વીકાર. તેથી તેણે ઉઠીને વિનયથી મસ્તકે અંજલિ કરીને સાધ્વીજીએ જે કહ્યું તેનો સ્વીકાર કર્યો અને માંસભક્ષણ તથા રાત્રિભોજનનો ત્યાગ કર્યો. જયશ્રી વગેરે સખીઓ પાંચ અણુવ્રતોને વંદનપૂર્વક સ્વીકારીને પોતાના ઘર તરફ ચાલી. વસુમિત્રા પણ તેમની સાથે ત્યાંથી નિકળીને પિતાના ઘરે આવી. એકવાર તેને લેવા માટે તેના શ્વસુરકુલથી અહીં એક પુરુષ આવ્યો. તેણે સખીઓને બોલાવી. સખીઓએ તેને રજા આપી. પછી તે વર્ધનપુરમાં આવી અને નિયમને પાળતી શ્વસુરકુલમાં રહી.

એકવાર સસરાએ તેને કહ્યું: હે પુત્રી! રાત્રિભોજનનો ત્યાગ કરવો એ આપણો કુલાચાર નથી. માંસનો ત્યાગ પણ યોગ્ય નથી. કારણ કે હે વત્સે! જે અનુષ્ઠાન વેદમાં વિહિત છે તે જ આપણો કુલધર્મ છે. વસુમિત્રાએ કહ્યું: હે પિતાજી! વેદમાં હિંસાનો નિષેધ છે. જીવોની હિંસા વિના માંસભક્ષણ ન થાય. માંસભક્ષણમાં જેઓ સ્વયં હિંસા કરતાં નથી તેઓ પણ અવશ્ય બીજાઓ પાસે હિંસા કરાવે છે, અને માંસભક્ષણમાં અનુમોદનાને કોણ રોકી શકે છે? રાત્રિભોજનનો ત્યાગ આપણો કુલાચાર નથી એ પણ ખોટું છે. કારણ કે તમારા પિતાઓ પિંડને રાતે સ્વીકારતા નથી. વસુમિત્રાએ આ પ્રમાણે કહ્યું એટલે સસરાએ ગુસ્સે થઈને કહ્યું: હે મહાપાપિણી! અભિમાનથી મારી સાથે તું આ પ્રમાણે વાદ કરે છે. તેથી ઉત્તર અને પ્રત્યુત્તરથી શું? જો તારે સસરાનું કામ હોય તો આ વાદને મૂકી દે, અન્યથા તારું કામ નથી.

તેથી વસુમિત્રાએ વિચાર્યું: જો એમ જ ઓચિંતી પિતાને ઘરે જાઉં તો કુલને મોટું લાંછન લાગે, તેથી બીજા કોઇ ઉપાયથી આમને ત્યાં જ લઇ જાઉં. આ પ્રમાણે વિચારીને તેણે કહ્યું: હે પિતાજી ! જો એમ હોય તો જ્યાં મેં નિયમ લીધો છે ત્યાં તમે પણ આવો. જેથી તમારી સમક્ષ આ નિયમનો ત્યાગ કરું. સસરાએ આ માન્યું. એટલે સસરો, સાસુ અને વહુ ઉજ્જૈની તરફ ચાલ્યા. વસુમિત્રાના પતિ વિશ્વભૂતિએ વિચાર્યું કે, વસુમિત્રા આ યોગ્ય કહે છે, માટે ભલે જાય. એથી પણ કોઈ પણ રીતે લાભ થશે. સાંજના તે ત્રણે જીતહરણ ગામમાં આવ્યા.

માધવ નામનો બ્રાહ્મણ તેમને જોઈને પોતાના ઘરે લઈ ગયો. તેમને સ્નાન કરાવીને તેમના જ ભોજન નિમિત્તે ભાત વગેરે ઘણી રસોઈ બનાવવાનું શરૂ કર્યું. ત્યાં ભવિતવ્યતાવશ કઢી હલાવાતી હતી ત્યારે સર્પ છાપરા ઉપરથી ઉંદર તરફ ઓચિંતો દોડચો. ક્યાંક સ્ખલના પામેલો તે નીચે પડચો. ( ત્યાં રહેલા માણસોએ ) લાકડાના હાથાથી તેના ટુકડેટુકડા કરી નાખ્યા. એટલામાં માધવ બ્રાહ્મણે મહેમાનોને કહ્યું: આવો, બેસો અને ભોજન કરો. સદાચારનું પાલન કરનારી વસુમિત્રા જમવા ન આવી. તેથી સાસુ–સસરા પણ ના જમ્યા. બ્રાહ્મણનો પરિવાર જમ્યો. વિષથી ભાવિત કઢીવાળું ભોજન કરવાથી પરિવાર મૃત્યુ પામ્યો. સવારે થાળીમાં સર્પનો ટુકડો જોયો. તેથી સાસુ–સસરાને વસુમિત્રા ઉપર બહુમાન થયું. પછી જીતહરણથી નીકળીને દશપુર નગર આવ્યા.

તે નગરમાં બકુલદત્ત નામના બ્રાહ્મણના ઘરમાં ઉતર્યા. ત્યાં પણ રાત પડી ગઈ. બ્રાહ્મણે રસોઈ બનાવવાનું શરૂ કર્યું. આ તરફ બકુલદત્તનો આદિત્યશર્મ નામનો પુત્ર હતો. તે પોતાના ઘરકામ માટે રાખેલા નોકરની સ્ત્રીમાં આસક્ત બન્યો. તે જાણીને નોકરે તેના જ માતા–પિતાને આ વિગત કહી. તેમણે તેને રોકચો નહિ. તેથી નોકર મનમાં ગુસ્સે થયો. આથી તે તેમનું છિદ્ર શોધી રહ્યો હતો. અત્યારે આદિત્યશર્મના માતા–પિતાએ તેને માંસ લાવવા આજ્ઞા કરી. ભવિતવ્યતાવશ અત્યારે આદિત્યશર્મને પોતાની સ્ત્રી સાથે એકાંતમાં જોયો. તેને દોરડાથી બાંધીને તેના સાથળનું માંસ લઇને તેની માતાને આપ્યું. પોતે પત્નીને લઇને પલાયન થઈ ગયો. નહિ જાણતી આદિત્યશર્મની માતાએ તે માંસ મહેમાનો માટે પકાવ્યું. વસુમિત્રાએ રાત્રિભોજન–માંસભક્ષણની વિરતિ કરી હોવાથી ન ખાધું. તેણે ન ખાધું એથી સાસુ–સસરાએ પણ પૂર્વની જેમ ન ખાધું. બકુલદત્તે પોતાના પુત્રની શોધ કરી. તેવી અવસ્થામાં રહેલા પુત્રને જોયો. આ વૃત્તાંત જાણીને સસરાએ વસુમિત્રાની પ્રશંસા કરી. સસરાએ વસુમિત્રાને કહ્યું: હે પુત્રી ! તું પુણ્યવંતી છો કે જેણે આ ધર્મ પ્રાપ્ત કર્યો છે. હે પુત્રી ! અમે પણ આ જ ધર્મનો સ્વીકાર કર્યો છે કે જેના પ્રભાવથી અમે જીવતા રહ્યા અને મનુષ્યમાંસ ન ખાધું. હે પુત્રી ! તેથી હવે પોતાના ઘરે જઈએ. હવેથી જાવજ્જીવ અમારે પણ રાત્રિભોજન અને માંસભક્ષણ ન

કરવાનો નિયમ છે. આ પ્રમાણે કહીને પાછા વળ્યા અને ઘરે આવ્યા. વસુમિત્રાનો પતિ પણ ધર્મકાર્યમાં તત્પર સુશ્રાવક થયો.

આ પ્રમાણે ધર્મના પરિણામવાળા તેમના કેટલાક દિવસો પસાર થયા. [1] ક્યારેક સાસુ, સસરો અને વસુમિત્રા એ ત્રણે સમાધિથી મૃત્યુ પામીને સૌધર્મ દેવલોકમાં ગયા. ત્યાંથી ચ્યવીને સસરાનો જીવ આ ભરતક્ષેત્રમાં વસંતપુરનગરમાં વિજયવર્મ રાજાની અશોકશ્રી રાણીનો શ્રીવર્મ નામનો પુત્ર થયો. વસુમિત્રાએ પણ તે જ નગરમાં ધનદત્ત શેઠની ધનશ્રી નામની પત્નીથી શ્રીદેવી નામની પુત્રી થઇ. તે નગરમાં તે જ દિવસે સુંદર રૂપ અને લાવણ્યથી યુક્ત બીજી પણ ચૌદ કન્યાઓ જન્મી હતી. તેમાં સાસુનો જીવ દેવલોકથી ચ્યવીને દેવજસા નામની પુત્રી તરીકે ઉત્પન્ન થયો. તેમના જન્મદિવસે શેઠે વર્ધાપનક (=જન્મમહોત્સવ) કરાવ્યું.

આઠ વર્ષ પછી કલાઓનો અભ્યાસ કરાવ્યો. કલાઓનો અભ્યાસ કરી લીધો ત્યારે તે બધી કન્યાઓ યૌવનને પામી. પણ દેવજસાને કોઢનો રોગ થયો. શેઠના વચનથી વૈદ્યોએ તેના ઉપાયો કર્યા, પણ કોઈ લાભ ન થયો. તેથી દુઃખી થયેલી તે ચિંતા કરવા લાગી. [2]પછી નૈમિત્તિકના વચનથી શ્રીદેવીના સ્નાનજલથી તેને સ્નાન કરાવ્યું, આથી તુરત સારું થઈ ગયું. તે જ રોગ રાજપુત્ર શ્રીવર્મને પણ થયો. પિતાએ તેના માટે નગરમાં પડહ વગડાવ્યો. દેવજશાએ એ પડહનો સ્પર્શ કર્યો, અર્થાત્ શ્રીવર્મના રોગને દૂર કરવાનું સ્વીકાર્યું. પછી દેવજશાએ કહ્યું: કુમાર અહીં આવે, જેથી થોડા કાળમાં તેને નિરોગી કરીએ. પડહ વગાડનારાએ આવો તે વૃત્તાંત રાજાને જણાવ્યો. રાજાએ કુમારને શેઠના ઘરે મોકલ્યો. તેને એક મકાનમાં રાખ્યો. શ્રીદેવીના શરીરે લગાડેલા સુગંધી દ્રવ્યોથી દરરોજ તેના શરીરે મર્દન કરવાનું શરૂ કર્યું. ચૌદમા દિવસે તે નિરોગી થઈને પોતાના ઘરે ગયો. અતિશય હર્ષના સમૂહથી પૂર્ણ હૃદયવાળા રાજાએ તેને જોયો. તુષ્ટ થયેલા રાજાએ પછી તે જ કન્યાઓ તેને જ પરણાવી. તેમની સાથે તે દોગુંદક દેવની જેમ ભોગો ભોગવવા લાગ્યો.

પૂર્વભવના સાસુ અને સસરા દેવજસા અને શ્રીવર્મને વહુના વ્રતનો ભંગ કરાવવાથી કોઢનો રોગ થયો. એકવાર શ્રીવર્મ જ રાજા થયો. સર્વ સામંત રાજાઓ તેને

---

૧. **अणणया** અને **कयाइवि** એ બંનેના અર્થનો એક સાથે પ્રયોગ ગુજરાતીમાં થતો ન હોવાથી અહીં **अणणया** નો અર્થ લખ્યો નથી.

૨. આ સ્થળે મુદ્રિતપ્રતમાં કાઉંસમાં મુકાયેલ ગાથાનો સંબંધ મારી સમજમાં ન આવવાથી તેનો અનુવાદ કર્યો નથી.

નમતા હતા. પૂર્વે કરેલા સુકૃતસમૂહથી તે મનવાંછિત પદાર્થો[3] મેળવતો હતો. પછી આયુષ્ય પૂર્ણ થતાં વિધિપૂર્વક મૃત્યુ પામીને દેવપણાને પામ્યો. ત્યાંથી ચ્યવીને ક્રમે કરીને મોક્ષમાં જશે. આ પ્રમાણે વસુમિત્રાનું ચરિત્ર સંક્ષેપથી કહ્યું, [4]વિસ્તારથી ભગિની-વત્સલ ગ્રંથમાંથી જાણી લેવું. આ પ્રમાણે રાત્રિભોજન અને માંસભક્ષણની વિરતિમાં મહાપુણ્ય થાય છે એમ જાણીને સર્વ પ્રયત્નથી રાત્રિભોજન અને માંસભક્ષણ આદિનો ત્યાગ કરો. [ ૭૬ ]

ભેદદ્વાર પૂર્ણ થયું. હવે ઉત્પત્તિદ્વાર જણાવવા માટે કહે છેઃ—

**दुविहतिविहाइ मंसाइयाण एगविहतिविह सेसेसु ।**
**निरवज्जाहाराई, अहम्मवित्तीपरिच्चाओ ।। ७७ ।।**

**ગાથાર્થઃ**— માંસ વગેરેની નિવૃત્તિ દ્વિવિધ–ત્રિવિધ ભાંગાથી કરવી જોઈએ. શેષ વિગઈ આદિનો નિયમ એકવિધ–ત્રિવિધ ભાંગાથી કરવો જોઇએ. નિરવદ્ય વગેરે પ્રકારનો આહાર લેવો જોઇએ. અધર્મવૃત્તિનો ત્યાગ કરવો જોઇએ.

**ટીકાર્થઃ**— દ્વિવિધ–ત્રિવિધ = ન કરું અને ન કરાવું, મન, વચન અને કાયાથી. એકવિધ–ત્રિવિધ = ન કરું, મન, વચન અને કાયાથી. જે માંસ નિવૃત્તિ કરે તે ઉત્કૃષ્ટથી દ્વિવિધ–ત્રિવિધ ભાંગાથી કરે, ઉત્કૃષ્ટથી માંસ નિવૃત્તિ ન કરી શકે તો દ્વિવિધ–દ્વિવિધ વગેરે ભાંગાઓથી પણ કરે. વિગઇ આદિનો નિયમ તો એકવિધ–ત્રિવિધ ભાંગાથી કરે. કારણકે વિગઈ આદિના નિયમનો વિષય પ્રાયઃ એકવિધ–ત્રિવિધ ભાંગો છે, અર્થાત્ વિગઈ આદિનો નિયમ પ્રાયઃ એકવિધ–ત્રિવિધ ભાંગાથી લેવાય છે.

ઉપભોગ–પરિભોગ પરિમાણવ્રત લેનારે નિરવદ્ય વગેરે પ્રકારનો આહાર લેવો જોઈએ. નિરવદ્ય એટલે સચિત્ત આદિના ત્યાગથી નિર્દોષ. આદિ શબ્દથી અલ્પ સાવદ્ય (=અલ્પ દોષવાળો) વગેરે સમજવું.

અધર્મવૃત્તિ એટલે અંગારકર્મ, વનકર્મ વગેરે પાપ આજીવિકા. નિરવદ્ય આહાર અને પાપ આજીવિકાના ત્યાગ વિષે કહ્યું છે કે—

**"શ્રાવક નિરવદ્ય અને નિર્જીવ આહારથી, (તેમ ન બની શકે તો અનંતકાયનો ત્યાગ કરીને) કે પ્રત્યેક વનસ્પતિકાયવાળા આહારથી શરીરને ધારણ કરે=ટકાવે અને સાવદ્ય વ્યાપારનો (=ધંધાનો) ત્યાગ કરે."**
( સંબોધ પ્ર. વ્રતાધિ. ગા. ૭૦ )

---

૩. **जणिय** શબ્દનો 'ઉત્પન્ન કરેલું" અર્થ થાય છે, પણ અહીં 'મેળવેલું" અર્થ વધારે સંગત હોવાથી 'મેળવેલું' એવો ભાવાર્થ કર્યો છે.

૪. **सवित्थरमवि** પદનો અર્થ **वित्थरओ** પદથી સમજાઈ જતો હોવાથી અનુવાદમાં લખ્યો નથી.

સાવદ્ય વ્યાપાર એટલે અગ્નિનો આરંભ વગેરેથી યુક્ત અંગારકર્મ વગેરે પાપવાળો વ્યાપાર. કહ્યું છે કે–

"અંગારકર્મ, વનકર્મ, શકટકર્મ, ભાટકકર્મ, સ્ફોટકકર્મ, દંતવાણિજ્ય, લાક્ષાવાણિજ્ય, રસવાણિજ્ય, વિષવાણિજ્ય, કેશવાણિજ્ય, યંત્રપીલણ, નિર્લાંછન, દવદાન, જલશોષણ અને અસતીપોષણનો શ્રાવક ત્યાગ કરે." આનો ભાવાર્થ વૃદ્ધસંપ્રદાયથી જાણવો. તે આ પ્રમાણે છેઃ–

(૧ થી ૫) **અંગારકર્મ**:– [1]લાકડાં બાળીને કોલસા બનાવવા અને વેચવા તે અંગારકર્મ. (તથા અગ્નિની અને અગ્નિદ્વારા બીજા જીવોની પણ જેમાં વિરાધના થાય તે ભઠ્ઠી વગેરે પણ અંગારકર્મ છે.) તેમાં છ નિકાયના જીવોની હિંસા થતી હોવાથી તે શ્રાવકને ન કલ્પે.

**વનકર્મ**:– વનને વેચાતું લઇને તેમાં રહેલાં વૃક્ષો, પાંદડા, ફળ, વગેરે કાપીને વેચવા દ્વારા આજીવિકા ચલાવવી તે વનકર્મ. (હિંસાનું કારણ હોવાથી આ વ્યવસાય પણ શ્રાવકને ન કલ્પે.)

**શકટકર્મ**:– ગાડું (વગેરે) ચલાવીને જીવનનિર્વાહ કરવો તે શકટકર્મ. આમાં બળદ આદિને બાંધવા પડે, મારવા પડે, વગેરે અનેક દોષો લાગે. (ગાડું વગેરે તથા તેના પૈડાં વગેરે અવયવો સ્વયં તૈયાર કરવા કે વેચવા એ પણ શકટકર્મ છે.)

**ભાટકકર્મ**:– પોતાના ગાડાં વગેરેમાં બીજાનો માલ ભાડાથી લઈ જવો, અથવા ગાડું, બળદ વગેરે વાહનો બીજાને ભાડે આપવાં તે ભાટકકર્મ.

**સ્ફોટકકર્મ**:– વાવ, તળાવ વગેરે બનાવવા માટે પૃથ્વીને ફોડવી–ખોદવી, અથવા હળથી ભૂમિ ખેડવી તે સ્ફોટકકર્મ. (જેમાં પૃથ્વીકાયની અને તેના દ્વારા વનસ્પતિકાય વગેરે જીવોની હિંસા થાય તેવાં પથ્થરો ફોડવા વગેરે કાર્યો પણ સ્ફોટકકર્મ છે.)

(૬ થી ૧૦) **દંતવાણિજ્ય**:– પ્રાણીના દાંત વગેરે અંગોનો વેપાર કરવો તે દંતવાણિજ્ય. જે લોકો (ભીલ વગેરે) પ્રાણીઓના દાંત વગેરે અંગો એકઠાં કરતા હોય તેમની પાસેથી દાંત વગેરે ખરીદવાથી અતિચાર લાગે. દાંત વગેરે અંગોને એકઠાં કરનારા ભીલ વગેરેને પહેલેથી જ પૈસા આપીને અમુક સમયે હું માલ લેવા આવીશ એમ કહેવાથી વેપારી સમયસર માલ લેવા આવશે એમ વિચારીને તે લોકો હાથી

૧. પંદર કર્માદાનનું વર્ણન પ્રસ્તુત ટીકામાં બહુ જ સંક્ષેપમાં હોવાથી અહીં યોગશાસ્ત્રના આધારે કંઈક વિસ્તૃત લખ્યું છે.

વગેરે પ્રાણીઓને મારીને દાંત વગેરે તૈયાર રાખે. તથા તૈયાર રાખેલા માલને લેવાથી તેઓ જીવોનો વધ કરીને નવો માલ મેળવવા મહેનત કરે. તથા આવું કર્મ કરનારાઓને (પહેલેથી) શંખનું મૂલ્ય આપે, અને પૂર્વે લાવેલા શંખોને ખરીદે, તે પણ દંતવાણિજ્ય છે. આથી દાંત વગેરેના મૂળ ઉત્પાદકો–સંગ્રાહકો પાસેથી માલ લેવાથી આ અતિચાર લાગે. પણ વેપારી પાસેથી લેવાથી અતિચાર ન લાગે.

**લાક્ષાવાણિજ્ય :**– લાક્ષા એટલે લાખ. લાખના રસમાં કીડા ઉત્પન્ન થતા હોવાથી શ્રાવકે તેનો વેપાર નહિ કરવો જોઇએ. લાખના ઉપલક્ષણથી જેમાં બહુ હિંસા થાય તેવી મનઃશીલ, ગળી, ધાતકી, ટંકણખાર વગેરેનો વેપાર પણ ન કરવો જોઇએ. ટંકણખાર અને મનઃશીલ ત્રસ જીવોના ઘાતક છે. ગળી બનાવવામાં અનેક જીવોની હિંસા થાય છે. ધાતકીના પાંદડાં, ફૂલો વગેરેમાંથી દારૂ બને છે. તેના રસમાં કીડા ઉત્પન્ન થાય છે. આથી આ વસ્તુઓનો વેપાર પાપનું ઘર છે.

**રસવાણિજ્ય :**– માખણ, ચરબી, મધ, દારૂ વગેરે રસોનો વેપાર રસવાણિજ્ય છે. માખણ છાશથી છૂટું પડતાં તેમાં અંતર્મુહૂર્તમાં જ અસંખ્ય સંમૂર્છિમ જીવો ઉત્પન્ન થાય છે. મધ અને ચરબી જીવહિંસાથી ઉત્પન્ન થાય છે. દારૂ નશો કરે છે. આથી દારૂ પીધેલા લોકો બીજાને મારી નાખે છે કે બીજાઓ સાથે મારામારી, ક્લેશ–કંકાસ આદિ કરે છે. આથી દારૂથી અનેક અનર્થો થાય છે.

**કેશવાણિજ્ય :**– અહીં કેશ શબ્દથી કેશવાળા જીવો સમજવા. કેશવાળા દાસ, દાસી, ગુલામ, ગાય, બળદ, હાથી, ઘોડા વગેરે જીવોનો વેપાર તે કેશવાણિજ્ય છે. આનાથી તે તે જીવોને પરાધીનતા, માર, બંધન, ક્ષુધા, તૃષા, પરિશ્રમ વગેરે અનેક દુઃખો થતાં હોવાથી કેશવાણિજ્ય ત્યાજ્ય છે.

**વિષવાણિજ્ય :**– કોઈપણ જાતના ઝેરનો વેપાર વિષવાણિજ્ય છે. ઝેર અનેક જીવોના પ્રાણનાશનું કારણ છે. ઝેરના ઉપલક્ષણથી હિંસક શસ્ત્રોનો વેપાર પણ વિષવાણિજ્ય છે.

(૧૧ થી ૧૫) **યંત્રપીલન :**– તલ, શેરડી આદિ પીલવાનાં યંત્રોથી તલ, શેરડી આદિ પીલવું. તલ આદિ પીલવાથી તલ આદિના જીવોનો અને તેમાં પડેલા ત્રસ જીવોનો ઘાત થાય છે.

**નિર્લાંછનકર્મ :**– ગાય વગેરે પ્રાણીઓના શરીરનાં અંગો છેદવાનો ધંધો તે નિર્લાંછનકર્મ. જેમકે–કાન વીંધવાં, શરીરે ચિહ્નો કરવાં. ખસી કરવી, ડામ દેવો વગેરે. આમ કરવાથી તે તે જીવોને દુઃખ થાય છે, એ સ્પષ્ટ જોવામાં આવે છે.

**દવદાન :**– ક્ષેત્રની રક્ષા માટે વનને બાળવું તે દવદાન. જેમકે ઉત્તરાપથમાં, ત્યાં

વનને બાળવાથી નવું ઘાસ ઉગે છે. જુનું ઘાસ બાળી નાખવાથી ત્યાં નવું ઘાસ ઉગે એ બુદ્ધિથી કે [૧]ધર્મબુદ્ધિથી (કે બીજા કોઈ કારણથી) દવદાન કરવું એ પાપ છે. તેમ કરવાથી અગ્નિના જીવોની વિરાધના થાય અને બીજા લાખો જીવો અગ્નિમાં બળીને મરી જાય.

**જલશોષણ**:– ધાન્ય વાવવા માટે (કે બીજા કોઈ કારણથી) તળાવ વગેરેનું પાણી સૂકવી દેવું તે જલશોષણ. આમ કરવાથી પાણીના જીવોનો અને પાણીમાં રહેલા જીવોનો નાશ થાય છે.

**અસતીપોષણ**:– યોનિપોષકો (=દુરાચાર કરાવીને આજીવિકા ચલાવનારાઓ) દાસીઓનું પોષણ કરે અને તેનું ભાડું લે તે અસતીપોષણ છે. જેમકે ગોલ્લદેશમાં. આનો ભાવાર્થ એ છે કે–પૈસા કમાવવા માટે દુરાચારિણી દાસી, વેશ્યા વગેરેનું તથા હિંસક મેના, પોપટ, બિલાડી, શ્વાન, કુકડો, મોર વગેરે પ્રાણીઓનું પોષણ કરવું તે અસતીપોષણ છે. આમ કરવાથી દુરાચાર અને હિંસાદિ પાપોનું પોષણ થાય છે.

કર્મસંબંધી અતિચારો પંદર જ છે એવું નથી. અહીં બતાવેલા પંદર અતિચારો દિશાસૂચન માત્ર છે. આથી બીજાં પણ આવાં બહુ પાપવાળાં કાર્યો અતિચાર તરીકે સમજી લેવાં. [૭૭]

હવે ચોથું દ્વાર કહે છે :–

**भोगुवभोगेहिंतो, अनियत्ताणं तु हुंति दुक्खाइं ।**
**सेडुयओ य सुबंधू, जह निच्चं मंडिया भट्टी ॥ ७८ ॥**

**ગાથાર્થ**:– ભોગ–ઉપભોગથી નિવૃત્ત ન થયેલા જીવોને સેડુબક, સુબંધુ અને નિત્યમંડિત બ્રાહ્મણીની જેમ શારીરિક અને માનસિક અસાતાના ઉદયરૂપ દુઃખો થાય છે.

**ટીકાર્થ**:– એક જ વાર ભોગવી શકાય તે આહાર વગેરે ભોગ છે. અનેકવાર ભોગવી શકાય તે વસ્ત્ર વગેરે ઉપભોગ છે. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો કથાઓથી જાણવો. તે કથાઓ આ છે :–

## સેડુબક બ્રાહ્મણનું દૃષ્ટાંત

ઉત્તમ નગર, ગામ અને ગોકુલો વગેરેથી વ્યાપ્ત અને અનેક સમૃદ્ધિઓનું ઘર એવો વત્સ નામનો પ્રસિદ્ધ દેશ હતો. તેમાં વિલસતા પુણ્યવાળા લોકોથી વ્યાપ્ત, કૂબેરની નગરના જેવી અને ઉત્તમસંપત્તિઓનું સ્થાન એવી કૌશાંબી નામની નગરી હતી. ત્યાં

૧. કેટલાક અજ્ઞાન જીવો દવદાનથી પુણ્ય થાય એવું માનનારા હોય છે.

શતાનીક નામનો રાજા હતો. નમતા સામંતસમૂહના મુગુટમાં રહેલી માળાઓથી તેના ચરણો પૂજાતા હતા. તેણે પ્રતાપથી વૈરીઓને પરાભૂત કર્યા હતા. તે જ મહાનગરીમાં જ્ઞાન–વિજ્ઞાનથી રહિત અને દરિદ્રતાના ઉપદ્રવથી હેરાન થયેલ સેડુબક નામનો બ્રાહ્મણ હતો. એકવાર ગર્ભવતી સ્વપત્નીએ એને કહ્યું : ઘીની જરૂર પડશે માટે તે લઈ આવો. તેણે કહ્યું : હે પ્રિયે! મારામાં તેવું કોઈ વિજ્ઞાન નથી, જેનાથી હું ઘી વગેરે લાવું. બ્રાહ્મણીએ કહ્યું : તમે દરરોજ હાથમાં પુષ્પો લઈને રાજાની સેવા કરો (=દર્શન કરો), જેથી તે કોઈ આજીવિકા કરે. કારણકે **"શેરડીનું ક્ષેત્ર, સમુદ્ર, મણિ આદિની ખાણનું પોષણ અને રાજાઓની કૃપા તુરત દરિદ્રતાનો નાશ કરે છે."** 'એમ થાઓ' એમ કહીને સેડુબકે તેનો સ્વીકાર કર્યો. દરરોજ ભક્તિથી ફલ વગેરે વડે રાજાની સેવા કરવાનું શરૂ કર્યું. હવે લાભાંતરાય કર્મનો ક્ષય થતાં તુષ્ટ થયેલા રાજાએ તેને કહ્યું : હે બ્રાહ્મણ! હું તારા ઉપર ખુશ થયો છું, બોલ તને શું આપું?

અહીં બીજા આચાર્યો આ પ્રમાણે કહે છે:– અતિશયભક્તિથી રાજાની સેવા કરતા તેનો કેટલોક કાળ પસાર થયો. તે દરમિયાન પ્રદ્યોતન રાજા શતાનીકને પકડવાની ઈચ્છાથી ઉજ્જૈનીથી મોટા સૈન્યસમૂહને લઈને આવ્યો. અશ્વયુદ્ધમાં સાવધાન (=કુશળ) શતાનીક રાજા આ જાણીને પોતાની નગરીને કિલ્લાથી સુરક્ષિત કરીને પોતે અંદર રહ્યો. માત્ર જવ, સિંધાલુણ અને પાણી લેનારા અને પ્રમાદી શત્રુના સૈન્યને શતાનીક રાજા અંદર રહીને હુમલાના બળથી ઉપદ્રવ કરતો હતો. આ પ્રમાણે ઘણા દિવસોથી પણ પ્રદ્યોતનરાજા કૌશાંબી નગરીને લઈ શક્યો નહિ, આથી તે એકવાર ઉજ્જૈની તરફ ચાલ્યો. આ દરમિયાન બગીચામાં પુષ્પો ચુંટવા માટે આવેલા સેડુબકે પોતાની નગરી તરફ જતું સૈન્ય જોયું. તેણે શતાનીક રાજાને આ વિગત જણાવી. તેથી તે તેના સૈન્યની પાછળ પડ્યો. તેના સૈન્યને હેરાન કરીને પાછો આવ્યો. પ્રદ્યોતનના અશ્વો વગેરે લઈ લેવાથી ખુશ થયેલા શતાનીક રાજાએ ઈનામ આપવાની ઈચ્છાથી સેડુબકને કહ્યું : બોલ, તને શું આપું? તેણે કહ્યું : હે રાજેંદ્ર! હું મારી બ્રાહ્મણીને પૂછીને કહીશ.

આ પ્રમાણે કહીને તે બ્રાહ્મણી પાસે ગયો. જઈને બ્રાહ્મણીને તેણે કહ્યું : હે બ્રાહ્મણી! આજે રાજા મારા ઉપર અધિક પ્રસન્ન થયો છે. તેણે મને કહ્યું કે તને શું આપું? તેથી તું કહે કે હું શું માગું? બ્રાહ્મણીએ કહ્યું : દરરોજ રાજાના મુખ્ય આસન ઉપર બેસીને ભોજન અને એક સોનામહોરની દક્ષિણા માગો. પછી તેણે જઈને રાજાની પાસે તે જ પ્રમાણે હર્ષથી માગણી કરી. તેની સરળતાને જાણીને રાજાએ પણ તેની માગણીનો સ્વીકાર કર્યો. ત્યારથી રાજાને તે બધું કરતો જોઈને રાજાની પાસે રહેલા બીજાઓએ પણ વિચાર્યું કે, રાજા દરરોજ તેના ઉપર મહાકૃપા કરે છે, તેથી આપણે પણ પ્રયત્નથી તેની પૂજા કરીએ.

આ પ્રમાણે વિચારીને તે બધા દરરોજ તેને પોતાના ઘરે પ્રેમથી જમાડે છે અને પ્રયત્નથી દક્ષિણા આપે છે. તેથી તેવા લાભથી તે થોડા જ સમયમાં મહાન શ્રીમંત થઈ ગયો. તેનો પુત્ર–પૌત્ર વગેરે પરિવાર પણ વધ્યો. પણ દક્ષિણાના લોભથી ઉલટી કરીને જુદા જુદા ઘરમાં અનેકવાર ભોજન કરતા તેને ભયંકર કોઢ રોગ થયો. કોઢના કારણે એનું નાક ઘસાઈ ગયું, શરીરમાં ચાંદાં પડી ગયાં, દુર્ગંધી પરુ નીકળવા માંડયું, આખા શરીરે માખીઓ બણબણવા લાગી, આવી દુઃખમય અવસ્થાને પામ્યો. તો પણ પૂર્વની જેમ રાજાના મુખ્ય આસન ઉપર બેસીને ભોજન કરતો હતો. હું કોઢિયો છું એમ મનમાં જરા પણ શંકા ન રાખી. ઉપેક્ષા કરાયેલો તેનો રોગ ક્રમે કરીને ઘણો વધી ગયો. તે રોગ દુર્જનના સંગની જેમ તેને પીડા આપવા લાગ્યો. તેને કોઢિયો જોઇને મંત્રીઓએ ચેપ લાગવાના ભયથી રાજાને વિનંતિ કરીઃ હે દેવ! આ રોગ અત્યંત ચેપી છે એમ સંભળાય છે. કારણ કે એક સ્થળે ભોજન કરવાથી, સ્પર્શથી, એક શય્યાથી, અને એક આસન વગેરેથી રોગનું સંક્રમણ થાય છે એમ શાસ્ત્રમાં પણ કહેવાય છે. માટે આ બ્રાહ્મણને મુખ્ય આસને જમાડવાનું બંધ કરો. એના સ્થાને એના વિદ્યમાન નિરોગી છોકરાઓને સ્થાપો. 'એમ થાઓ' એમ કહીને રાજાએ મંત્રીની સલાહનો સ્વીકાર કર્યો.

આથી મંત્રીઓએ સેડુબકને કહ્યુંઃ આજથી રાજમંદિરમાં તારા પુત્રોએ જમવું. રાજાની આજ્ઞાથી તેણે પોતાના પુત્રોને રાજમંદિરમાં જમવાની રજા આપી. [1]પરિવારને આજ્ઞામાં રાખનાર તે પોતે કંઈક અશુભમનવાળો થઈને ઘરે રહ્યો. સમય જતાં તેનો રોગ ઘણો વધી ગયો. [2]શરમથી તેના છોકરાઓએ તેના માટે ઘરથી બહાર ઝુંપડી કરાવી. તેથી વહુઓ પણ તેને જોઈને ક્ષણવારમાં થુંકે છે. વારંવાર કહેવા છતાં કોઈ તેની આજ્ઞા માનતું નથી. ભોજન વગેરે પણ નાકને ઢાંકીને ચાંડાલની જેમ દૂર રહીને જુગુપ્સાથી તેના ઠીકરામાં નાખે છે. ભોજન રસવગરનું આપે છે. આ જોઈને તેણે વિચાર્યુંઃ જેઓ મારા પ્રભાવથી આવી અવસ્થાએ પહોંચ્યા છે, તેમનું વર્તન કેવું છે તે તું જો. અથવા–**"બળદો તૃષા લાગવાથી જે નદીઓનું પાણી પીએ છે, કૃતઘ્ન તે બળદો શિંગડાઓથી તે જ નદીઓના કિનારાઓનો નાશ કરે છે." "ભીલો જેના પત્રપુટમાં (=પળિયામાં) ભોજન કરીને જેની છાયામાં વારંવાર સુવે છે તે જ પલાશવૃક્ષના મૂળને ખોદે છે." "જાણે હર્ષ પામ્યા હોય તેવા ખીલેલા કુમુદો જેના પ્રભાવથી શોભાને પામ્યા, રાત્રે પોતાની કાંતિથી તે જ ચંદ્રની ચાંદનીનું ઉપહાસ્ય કરે છે."**

---

૧. स्वे=स्वकीयाः नियोगे=आज्ञायां यस्य।

૨. કોઢિયા બાપની સાથે રહેવામાં શરમ આવવાથી. અહીં **ह्रिया** ના સ્થાને **भिया** પાઠ હોય તો વધારે સંગત ગણાય.

એ પ્રમાણે આ પાપીઓ પણ મારી સંપત્તિથી મહત્ત્વને પામ્યા અને મારો જ આ પ્રમાણે પરાભવ કરે છે. દુર્જન જેવા પુત્રોને ધિક્કાર થાઓ. આથી જલદી અવજ્ઞાનું ફળ તેમના માથે નાખું એમ ક્રોધથી વિચારીને બ્રાહ્મણે પુત્રોને કહ્યું: હું મારા જીવનથી અત્યંત કંટાળી ગયો છું. આથી જલદી મરવા માટે પોતાના કુલાચારને કરવાની ઇચ્છા રાખું છું. આ સાંભળીને આનાથી (=કુલાચારના પાલનથી) આ જલદી મરે તો સારું થાય એમ વિચારીને હર્ષ પામેલા પુત્રોએ કહ્યું: કહો, અમે શું કરીએ? તેણે કહ્યું: હે પુત્રો! આપણા કુલમાં આ રિવાજ છે કે મરવાની ઇચ્છાવાળા હિતેચ્છુએ સ્વજનોને મંત્રથી સંસ્કારિત કરેલ એક પશુ આપવો જોઇએ. આથી તમે કુલાચારને કરવાની ઇચ્છાથી અત્યંત બલવાન, બરોબર પ્રમાણવાળો અને દેખાવડો બકરો આ ઝુંપડીમાં લઈ આવો. જેથી તેને મંત્રોથી સંસ્કારિત કરીને, હિત માટે સ્વજનોને વિધિપૂર્વક ખવડાવીને, વ્યાકુલતાથી રહિત બનેલો હું સ્વકાર્યમાં ચિત્ત રાખું. તેના કહ્યા પછી અજ્ઞાનતાના કારણે તેના ભાવને નહિ જાણનારા પુત્રોએ તેવો બકરો તેની ઝુંપડીમાં હર્ષથી બાંધ્યો. પછી તે બ્રાહ્મણ દરરોજ પોતાના શરીરમાંથી પરુ વગેરે મલિન પદાર્થો લઈને રોગના સંક્રમણ માટે બકરાને ખવડાવવા લાગ્યો. પરુ વગેરે મલિન પદાર્થોને ખાતો તે બકરો પણ થોડા જ કાળમાં અત્યંત કોઢિયો થઈ ગયો. આથી તેને હણીને પોતાના પુત્રોને ખાવા માટે આપ્યો. તેની પ્રવૃત્તિને નહિ જાણનારા પુત્રોએ તે બકરાને ખાધો. બ્રાહ્મણે ફરી કહ્યું: હે પુત્રો! હું તીર્થમાં પ્રાણ છોડીશ. કારણ કે તીર્થમાં મરેલા મારું શરીર અન્યજન્મમાં ફરી આવું અશુચિથી નિંદિત અને રોગથી પીડિત ન થાય.

આ પ્રમાણે બોલતો અને હર્ષ પામેલો તે તુરત ત્યાંથી નીકળી ગયો. ઊંચા મુખવાળો તે બ્રાહ્મણ જેની આકૃતિનું દર્શન ભયંકર છે એવા જંગલમાં આવ્યો. ત્યાં અતિશય તૃષા પામેલો તે પાણીને શોધવા માટે પ્રયત્નથી ઘણા પર્વતોવાળા જંગલમાં આમ-તેમ ભમ્યો. ભમતા તેણે ભાગ્યયોગથી કોઈ પણ રીતે અનેકવૃક્ષોથી વ્યાપ્ત સ્થાનમાં નાનું સરોવર જોયું. તેના કાંઠે રહેલી વૃક્ષશ્રેણિની ઉપરથી સતત પડતાં પત્ર-ફળ-પુષ્પોથી અને ઉનાળાના તાપથી એ સરોવરનું પાણી [1]મેલું (ક્વાથ =દવાના-ઉકાળા જેવું) થઈ ગયું હતું. તેને જોઇને તે જ ક્ષણે તેનું હૃદય ઉલ્લાસ પામ્યું, અને ઇંદ્રિયો પોતાનો વિષય જાણવા માટે અત્યંત પટુ (સમર્થ) બની ગઈ. પછી તૃષા દૂર કરવાની ઇચ્છાવાળા તેણે (થોડો) આરામ કરીને હર્ષથી તકલીફ વિના મેલું પાણી પીવાનું શરૂ કર્યું. તેણે તે મેલું પાણી જેમ જેમ પીધું તેમ તેમ તેને કૃમિઓની

૧. કલ્ક શબ્દના અનેક અર્થો છે. તેમાં અહીં ૬૧માં શ્લોકમાં **कलुषाकृति** એ પ્રયોગના આધારે મેલ અર્થ ઘટી શકતો હોવાથી મેં તે અર્થ કર્યો છે. શબ્દકોશમાં કલ્ક શબ્દનો ક્વાથ (=ઔષધિનો ઉકાળો) અર્થ મારા જોવામાં આવ્યો નથી. આમ છતાં ભાવાર્થની દૃષ્ટિએ ઔષધિનો ઉકાળો એવો અર્થ પણ કરી શકાય

સાથે રેચ થયો, અર્થાત્ ઝાડાની સાથે કોઢરોગના કૃમિઓ નીકળવા માંડ્યા. આ પ્રમાણે રસાયણ જેવા તે પાણીએ પરિમિત દિવસોમાં જ તેનું શરીર અધિક નિરોગી કર્યું. **"ઉત્તમ ભાગ્ય અભિમુખ થાય, ત્યારે જેવી અવસ્થા કરવી શકય નથી, બોલવી શકય નથી અને વિચારવી પણ શકય નથી, તેવી પણ અવસ્થા થાય છે. સંભાવના ન કરી શકાય તેવું તેનું આરોગ્ય જોઇને આપત્તિમાં પણ પડેલા સત્પુરુષો કેમ મુંઝાય?"**

પોતાના શરીરની તેવી કાંતિ જોઈને તેણે વિચાર્યું કે આ શરીરકાંતિ પોતાના માણસોને બતાવું. આ જગતમાં માણસોની ઉત્પન્ન થયેલી સારભૂત પણ તે સંપત્તિથી શું? કે જે સંપત્તિને હર્ષથી વિકસિત બનેલ નેત્રોથી પોતાના માણસો જોતા નથી. અથવા પાપ કરનારા તેમની જેવી અવસ્થા થઈ હોય તેવી અવસ્થાને જઈને જોઉં. એમ વિચારીને તે પોતાના નગરમાં ગયો. નગરમાં પ્રવેશ કરતા તે બ્રાહ્મણને ઓળખીને લોકોએ પૂછ્યું કે જેનું દર્શન પણ ભયંકર છે તેવો તારો કોઢ કોણે દૂર કર્યો? તેણે કહ્યું: મેં જંગલમાં ભક્તિથી દેવની સેવા કરી. તેણે તુરત કોઢ દૂર કરીને મારું શરીર આવું કર્યું. તેથી અહો! આ બ્રાહ્મણ ધન્ય છે કે જેને દેવ પ્રસન્ન થયો, આ પ્રમાણે લોકોથી પ્રશંસાતા તેણે પોતાના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં પોતાના પુત્રોને કોઢથી સડી ગયેલા અંગવાળા જોઇને તેણે કહ્યું: મારી અવજ્ઞાનું ફળ તમે ભોગવો. તેમણે કહ્યું: હે પિતા! તમોએ અમારી પ્રત્યે આવું આચરણ કેમ કર્યું? તેણે કહ્યું: પૃથ્વીમાં મારા વિના બીજા કોની આવી શક્તિ હોય? પુત્રોએ ફરી કહ્યું: નિર્દય તમોએ ધર્મથી અને લોકથી વિરુદ્ધ આવું શું આચર્યું? તેણે કહ્યું: તમોએ મારા પ્રત્યે જે આચરણ કર્યું તે શું યોગ્ય હતું? અથવા કયો માણસ પોતાના દોષોને જુએ છે? લોકો પોતાના મોટા પણ દોષોને જોતા નથી, બીજાના નાના પણ દોષોને જુએ છે. અહો! લોકોની અંધતા અપૂર્વ દેખાય છે! તેને આ પ્રમાણે પુત્રો સાથે સતત બોલતો જોઇને બીજા પણ લોકો તેની સતત નિંદા કરવા લાગ્યા. તેથી નિંદાથી ભય પામેલો તે રાજગૃહનગર ગયો. આલંબન વિનાના તેણે આજીવિકા માટે દ્વારપાળનો આશ્રય લીધો. આ દરમિયાન કેવલજ્ઞાની અને સુર–અસુરોથી પૂજાતા શ્રીવીરજિન તે નગરમાં પધાર્યા. તેથી દ્વારપાળે તેને કહ્યું: હે ભદ્ર! હું ભગવાનનાં દર્શન કરવા જઇશ. તારે અહીં બેસવું. જ્યાં સુધી હું અહીં ન આવું ત્યાં સુધી અહીંથી ક્યાંય પણ ન જવું. આમ તેને કહીને દ્વારપાળ ભગવાન પાસે ગયો. બ્રાહ્મણ પણ 'એમ થાઓ' એમ સ્વીકાર કરીને રહ્યો.

દ્વાર આગળ દુર્ગાદેવીને ધરવામાં આવતા નૈવેદ્યોને ખાતો તે ઘણા કાળ સુધી ત્યાં રહ્યો. લાલસાના કારણે ઘણું નૈવેદ્ય ખાવાથી અને ઉનાળો હોવાથી અતિ પીડા કરતી ઘણી તરસ લાગી. દ્વારપાળના ભયથી બીજાને ત્યાં રાખીને પાણી પીવા ન ગયો, પણ પાણીમાં

રહેનારા જીવો ધન્ય છે એવું ધ્યાન કર્યું. આવું ધ્યાન પૂરું કરીને અતિશય તૃષાના કારણે (મનમાં પાણીનું) રટણ કરતો તે બિચારો તિર્યંચનું આયુષ્ય બાંધીને મરણ પામ્યો. પછી ક્ષણવારમાં આ જ નગરમાં વાવડીમાં તે દેડકો થયો. આ જાણીને મનુષ્યોને જાતિમદ કરવો એ કેવી રીતે યોગ્ય ગણાય ?

આ દરમિયાન ફરી ત્યાં શ્રીમહાવીર ભગવાન પધાર્યા. લોકો ભગવાનને વંદન કરવા માટે નગરના દરવાજાથી નીકળ્યા. નીકળતા લોકોના ભગવાનની વાતના શબ્દો સાંભળીને દેડકાએ વિચાર્યું: અહો! મેં આ શબ્દો પૂર્વે ક્યાંક સાંભળ્યા છે. સંજ્ઞી હોવાથી પૂર્વે મેં આ શબ્દો ક્યાં સાંભળ્યા છે? એમ તર્ક–વિતર્ક કરતા તેને જાતિસ્મરણ જ્ઞાન થયું. અહો! મને દરવાજા આગળ રાખીને દ્વારપાલ જેમની આગળ ગયો હતો તે આ ભગવાન પધાર્યા છે. તેથી તેમને પ્રણામ કરવાની ઇચ્છાવાળા આ લોકો જેમ જાય છે તેમ હું પણ જાઉં. આમ વિચારીને ભગવાનને વંદન કરવાની ઇચ્છાવાળો તે વાવડીમાંથી બહાર નીકળ્યો. કૂદી કૂદીને ભગવાનની પાસે જવા માટે તે તત્પર થયો, તેટલામાં શ્રેણિકરાજાના સૈન્યના અશ્વની ખરીએ તેને દબાવીને ચૂરી નાખ્યો. તેથી તે દેડકો વિશુદ્ધ અધ્યવસાયથી મરીને દર્દુરાંક દેવોમાં મહાન દેવ થયો. કહ્યું છે કે– **"ભાવથી તીર્થંકરને વંદન કરવા માટે ચાલનાર આત્મા સ્વર્ગને પામે છે. જેમકે, દેડકાનો જીવ વૈમાનિકદેવપણાને પામ્યો."**

દેવોની શ્રેણિની વચ્ચે બેઠેલા ઇંદ્રે શ્રેણિકની વાત કરતાં કહ્યું કે આ ભક્તને જિન-શ્રદ્ધાથી કોઈ ચલિત કરી શકે તેમ નથી. દર્દુરાંક દેવે તેની શ્રદ્ધા ન કરી. તેથી શ્રેણિકની શ્રદ્ધાની પરીક્ષા કરવા માટે તે દેવે શ્રેણિકરાજાની દૃષ્ટિનું સંમોહન કરીને શ્રેણિકને પોતે કોઢિયો છે એવું બતાવ્યું. તે દેવે સમવસરણની મધ્યમાં બિરાજમાન વીરપ્રભુના ચરણોમાં ભક્તિથી ગોશીર્ષ ચંદનવડે તેવી રીતે વિલેપન કર્યું કે જેથી ભગવાનના ચરણોની પાસે બેઠેલા શ્રેણિકે "આ પાપી સ્વામીના ચરણોમાં (પોતાના શરીરની) રસીનું સિંચન (=વિલેપન) કરે છે" એમ જોયું. તેથી રોષથી ભરેલા મનવાળા શ્રેણિકે વિચાર્યું: જો, આ પાપી કેવું [1]અતિશય અકાર્ય કરે છે. જે સર્વદેવોને અને રાજાઓને પૂજ્ય છે તે ત્રિલોકના નાથને આ પાપી પરુથી સિંચે (=વિલેપન કરે) છે. આથી સ્વામીની અવજ્ઞા કરનાર આ દુષ્ટને મારું અથવા ભગવાનની આગળ આ કરવું યોગ્ય નથી. કારણકે ભગવાનનું આગમન થતાં પૂર્વે ઉત્પન્ન થયેલા બધા વૈરો શાંત થાય છે, અને બીજા નવા વૈરો થતા નથી.

---

૧. અહીં **સિ૰હે.** વ્યાકરણના ૭–૩–૮ સૂત્રથી 'પ્રકૃષ્ટ' અર્થમાં **तरप्** પ્રત્યય લાગ્યો છે અને **तरप्** પ્રત્યયના અંત્ય **अ** નો **आम्** આદેશ થયો છે.

આથી આ કોઢિયો આ સ્થાનથી ઊઠે (=બહાર જાય) એટલે આજે એના દુર્વિનયનું ફલ બતાવું. આ દરમિયાન શ્રી વીર ભગવાને છીંક ખાધી. તે સાંભળીને કોઢિયાએ "આપ મરો" એમ કહ્યું. પછી તુરત શ્રેણિકે છીંક ખાધી. કોઢિયાએ "હે ભૂપતિ! તમે લાંબો કાળ જીવો" એમ કહ્યું. અભયકુમારે છીંક ખાધી એટલે "તમે જીવો અથવા મરો" એમ કહ્યું. કાલસૌકરિકે છીંક ખાધી એટલે "હે કાલસૌકરિક! તું ન મર કે ન જીવ" એમ કહ્યું. સ્વામી માટે "તમે મરો" એવા વચનને સાંભળીને શ્રેણિક તેના ઉપર ગુસ્સે થયો અને બલવાન દાંતથી હોઠરૂપ પલ્લવને (=કુંપળને) ડસ્યો. આંખના ઈશારાથી પોતાના પુરુષોને જણાવ્યું કે આ સ્થાનથી આ કોઢિયો ઊભો થાય એટલે એને પકડી લેજો. દેશના પૂર્ણ થયા પછી આ કોઢિયો તીર્થંકરને નમીને ચાલ્યો. તેને પકડવા માટે શ્રેણિકના પુરુષો તેની પાછળ પડ્યા. પકડવાની ઇચ્છાવાળા તે પુરુષોને પોતાની પાછળ પડેલા જોઈને તે કોઢિયો દિવ્યરૂપ ધારણ કરીને આકાશમાં ઉડ્યો. વિલખા બનેલા તે પુરુષોએ આવીને શ્રેણિકને કહ્યું: હે રાજન્! તે કોઢિયાનું રૂપ છોડીને આકાશમાં ગયો. તે સાંભળીને, જો કેવું આશ્ચર્ય! એમ આશ્ચર્ય પામેલા શ્રેણિક રાજાએ ભગવાનને પૂછ્યું: હે સ્વામી! આ કોણ છે તે જણાવો. તેથી એ જે રીતે દેવપણાને પામ્યો, જે કારણથી સમવસરણમાં તેવું રૂપ ધારણ કર્યું અને રસીનો ભ્રમ કર્યો, તે બધું ભગવંતે રાજાને જણાવ્યું. ભૂતકાળ–ભવિષ્યકાળનું જાણનારા ભગવાનને પ્રશ્ન કરવા માટે શ્રેણિકે ફરી કહ્યું: હે સ્વામી! આ તો મેં જાણ્યું, પણ એણે આશીર્વાદ શા માટે આપ્યા? ભગવાને કહ્યું: સારરહિત સંસારમાં કેમ રહો છો? મોક્ષમાં જાઓ, એવી બુદ્ધિથી એણે મને "મરો" એમ કહ્યું. હે ભૂપ! તને જીવતાં સુખ છે, મરીને તું નરકમાં જઈશ, તેથી તેણે તને 'જીવો' એ પ્રમાણે હિતકર વચન કહ્યું. અભયકુમાર અહીં જીવતાં ધર્મ વગેરે કરે છે અને મરીને દેવોમાં ઉત્પન્ન થશે, તેથી તેને ઉદ્દેશીને તેણે "મરો અથવા જીવો" એમ કહ્યું. કાલસૌકરિક અહીં રહીને ઘણું પાપ ભેગું કરે છે અને મરીને નારક થશે, તેથી તેને જીવન અને મરણ એ બંનેનો નિષેધ કર્યો.

પોતાની નરકગતિ સાંભળીને રાજાએ કહ્યું: આપના જેવા મારા નાથ હોવા છતાં મારી નરકગતિ કેવી રીતે થાય? ભગવાને કહ્યું: હે ભૂપ! તેં પહેલાં જ નરકનું આયુષ્ય બાંધી દીધું છે, એથી અવશ્ય તારે નરકમાં જવાનું થશે. હે ભૂપતિ! અવશ્ય થનારા ભાવોને અમે કે બીજા ઇંદ્રો અન્યથા કરવા માટે સમર્થ નથી. પણ તમે આવતી ચોવીસીમાં મહાપદ્મ[1] નામના તીર્થંકર થશો. આથી હે રાજન્! અધીરાઈ ન કરો. આ સાંભળીને શ્રેણિકના નયનરૂપી કમળો હર્ષના ઉત્કર્ષથી વિકસિત બની ગયા. નિપુણ શ્રેણિકે કહ્યું:

૧. અન્ય ગ્રંથોમાં 'પદ્મનાભ' એવું નામ જોવામાં આવે છે, અને એ નામ વધારે પ્રસિદ્ધ છે.

હે સ્વામી ! અહીં શું કોઈ ઉપાય છે ? કે જેનાથી હું અતિશય ભયંકર સ્વરૂપને ધારણ કરનાર નરકમાં ન જાઉં. ભગવાને કહ્યું: હે ભૂપ ! જો તું કોઈ પણ રીતે કપિલા બ્રાહ્મણી પાસે ( એક વખત પણ )સાધુને પ્રેમથી ભિક્ષા અપાવે, અથવા, કાલસૌકરિક પાસે ( એક દિવસ પણ ) હિંસા છોડાવવા સમર્થ બને, તો તારો નરકથી છુટકારો સ્વાધીન છે, અન્યથા નહિ, એમ વિચાર (=સમજ ). આનાથી રાજાનો ( નરકને રોકવાનો ઉપાય છે કે નહિ એ વિષે ) સંશય દૂર થયો. જિનશાસન વિષે નિશ્ચલબુદ્ધિવાળો રાજા પરમાત્માને નમીને પોતાના ઘર તરફ ચાલ્યો. આ અવસરે તે દર્દુરાંક દેવે રાજાને સમ્યક્ત્વમાં સંશય છે કે નહિ તેની પરીક્ષા કરવા રાજાની આગળ આ (=નીચે કહેવાશે તે ) કર્યું. એક સ્થળે અકાર્ય કરતા સાધુને રાજાની આગળ તે રીતે બતાવ્યો કે જેને જોઇને બીજાનું મન ધર્મથી દૂર થાય. પણ રાજા તો કર્મની વિચિત્રતાને વિચારતો ધર્મમાં નિશ્ચલ રહ્યો, એટલું જ નહિ, સાધુના લક્ષણથી રહિત તેને પ્રેમથી અકાર્ય કરતો રોક્યો. પછી નગરમાં ગયો. ફરી દેવે તેને ગર્ભવતી સાધ્વી બતાવી. તેને પણ છુપાવીને રાજાએ ઊંચા (=પ્રભાવવંતા ) શાસનની બીજી લઘુતાનું રક્ષણ કર્યું.

આ પ્રમાણે મહાન રાજા કોઈ પણ રીતે શ્રદ્ધાથી ચલિત ન કરી શકાયો ત્યારે દેવે પ્રત્યક્ષ થઇને આ પ્રમાણે કહ્યું:- હે શ્રેણિક ! ઇંદ્રે તમને જેવા જોયા હતા તેવા જ તમે જિનેશ્વરના શાસનમાં સારી રીતે નિશ્ચલ છો. તેથી હે વિભુ ! હાર અને ક્રીડા માટે બે ગોળા લો એમ બોલતા દેવે હાર અને બે ગોળા તેને આપ્યા. તૂટેલા આ હારને જે સાંધશે તે નહિ જીવે એમ કહીને તે દેવ અદૃશ્ય થઇ ગયો. રાજાએ ઘરે જઇને કપીલાને કહ્યું: સાધુને તું દાન આપ, જેથી હું તને ઇચ્છિત ધન આપું. રાજાએ કાલસૌકરિકને પણ તું ( એક દિવસ ) હિંસા છોડ, જેથી હું તને ઘણું ધન આપું, એ પ્રમાણે ઘણું કહ્યું. અભવ્ય હોવાથી તે બંનેએ રાજાનું તે વચન ન સ્વીકાર્યું. અથવા પુણ્યહીન પુરુષો ભોજન કરવા અમૃત પામતા નથી. આ બધું પ્રાસંગિક કહ્યું. પ્રસ્તુત તો એ છે કે– ઉપભોગનું પરિમાણ નહિ કરનાર સેડુબક દુઃખ પામ્યો. આ પ્રમાણે સેડુબકનું ઘણા વિસ્તારવાળું ચરિત્ર જાણીને ઉપભોગમાં અત્યંત દુઃખ આપનારી અતિશય આસક્તિ ન કરો.

## સુબંધુનું દૃષ્ટાંત

હવે સુબંધુનું દૃષ્ટાંત આ છેઃ-

પાટલિપુત્ર નગરમાં ઉદાયી ( ઉદયન ) નામનો મહાન રાજા હતો. તેના અતિશય પ્રબળ પ્રતાપ રૂપ અગ્નિથી શત્રુઓની સ્ત્રીઓનો હર્ષરસ સુકાઈ રહ્યો હતો. તેના મૃત્યુ પછી નંદ નામનો હજામ તેની રાજગાદી ઉપર બેઠો. ચાણિક્યે નંદવંશનો નાશ કરીને

ચંદ્રગુપ્તને નંદની રાજગાદી ઉપર બેસાડ્યો. ચાણક્ય ચંદ્રગુપ્તના રાજ્યની સર્વ ચિંતા કરતો હતો. ચંદ્રગુપ્તરાજાએ કોને કયો અધિકાર આપવો વગેરે અધિકાર તેને આપ્યો હતો. આથી તે મહામંત્રીએ જ નવમા નંદરાજાનાં મંત્રી સુબંધુને પ્રધાન પદથી દૂર કર્યો. ચંદ્રગુપ્તનું મૃત્યુ થતાં તેનો પુત્ર જ બિંદુસાર રાજ્ય સંપત્તિનું પાલન કરવા લાગ્યો. સમય જતાં ચાણક્ય મંત્રી વૃદ્ધ થયો. ચાણક્યના છિદ્રો જોવામાં તત્પર સુબંધુને ભવિતવ્યતાવશ ચાણક્યને અપમાનિત કરવાની એક તક મળી ગઈ. આથી તેણે એકવાર એકાંતમાં બિંદુસાર રાજાને જણાવ્યુંઃ હે દેવ ! જો કે હું આપના રાજ્યમાં નિંદાયેલો છું, તો પણ જે અત્યંત વિરુદ્ધ હોય તેને હું સહન કરી શકતો નથી. આથી આપને કહું છું કે, ચાણક્યે તમારી માતાનું જે અત્યંત નિર્દય કાર્ય કર્યું છે તેને હું કહેવા પણ સમર્થ નથી.

રાજાએ પૂછ્યુંઃ તે કાર્ય શું છે ? સુબંધુએ કહ્યુંઃ ચાણક્યે તમારી માતાનું પેટ ચીરી નાખ્યું હતું. તેના અતિ કઠોર વચનની શ્રદ્ધા નહિ કરતા રાજાએ પોતાની ધાવમાતાને આ વિષે પૂછ્યું. રહસ્યને નહિ જાણતી ધાવમાતાએ પૂર્વાપરનો વિચાર કર્યા વિના ' એ બરોબર છે ' એમ કહીને સુબંધુના વચનનું સમર્થન કર્યું. આથી રોષ પામેલા રાજાએ યોગ્ય સમયે આવેલા ચાણક્યની સામે ન જોયું, અર્થાત્ મોઢું ફેરવી દીધું. અપમાનથી ચાણક્યે રાજાનો ભાવ જાણી લીધો. ચાણક્યે ઘરે જઈને મનમાં વિચાર્યુંઃ ચોક્કસ આ સુબંધુની રમત છે, તેથી હવે તેવું કરું કે જેથી તે પોતાની દુર્જનતાનું ફલ અનુભવે. આ પ્રમાણે વિચારીને ઓરડાની અંદર એક પેટી રાખી. એ પેટીમાં જુદા જુદા સુગંધી ચૂર્ણોથી ભરીને એક દાબડી મૂકી. એ દાબડીમાં એક લખેલું ભોજપત્ર ( =ચિઠ્ઠી ) મૂક્યું. પોતાના ધનનો ધર્મસ્થાનોમાં ઉપયોગ કર્યો. પછી પોતે ( નગરની બહાર ) ગાયના છાણવાળા સ્થાનમાં ઇંગિની મરણથી અનશનનો સ્વીકાર કરીને રહ્યો, અર્થાત્ ઈંગિની અનશનનો સ્વીકાર કરીને રહ્યો. અનશન કર્યું વગેરે ચાણક્યનો વૃત્તાંત બીજા દિવસે ધાવમાતાએ જાણ્યો. આથી તેણે રાજા પાસે આવીને ઠપકો આપ્યો કે, તેં દાદા સમાન મહામંત્રી ચાણક્ય વિષે આ શું કર્યું ? રાજા બોલ્યોઃ હે માતા ! મારી માના પેટને ચીરનાર તેનું તમે નામ પણ ન લો. ધાવમાતાએ કહ્યુંઃ એમ ન બોલ. તારું રક્ષણ કરવા માટે જ આર્ય ચાણક્યે તેમ કર્યું હતું. કારણ કે ઘણા શત્રુવાળા તારા પિતા ચંદ્રગુપ્ત ઝેર વગેરેથી મૃત્યુ ન પામે એવી બુદ્ધિથી આર્ય ચાણક્ય હંમેશા જ તારા પિતાને વિષમિશ્રિતભોજન આપતો હતો. તું ગર્ભમાં હતો ત્યારે ક્યારેક તારી માતા તારા પિતાની સાથે જ ભોજન કરવા બેઠી. તારા પિતાએ ચાણક્યને પૂછ્યા વિના જ પોતાના ભોજનમાંથી એક કોળિયો તારી માતાને આપ્યો. તેની અસરથી ખાતી ખાતી જ વિષના વેગથી બેશુદ્ધ બનેલી તારી માતાને ચાણક્યે જોઈ, ચાણક્યે તારા પિતાને

કહ્યું: આહા ! હે અધમ ! આ શું કર્યું ? તમોએ કેવલ આને જ નથી મારી, એના ગર્ભનો પણ નાશ કર્યો છે. તેથી અત્યારે કાલને ઉચિત એ છે કે એના નાશથી પણ ગર્ભનું રક્ષણ કરવું જોઇએ.

આ પ્રમાણે કહીને તેણે તારી માતાનું ઉદર ચીરીને તને કાઢી લીધો. તારા તાળવાને સ્થાને માખીના પગ જેટલો વિષરસ રહી ગયો. એ વિષરસે તારા મસ્તકમાં બિંદુ ઉત્પન્ન કર્યું. એથી જ તારું બિંદુસાર એવું નામ પડયું. ધાવમાતાના વચનથી રાજાને પશ્ચાત્તાપ થયો. હા ! પરમોપકારી આર્ય ચાણક્ય વિષે મેં સારું ન કર્યું. હજી પણ સન્માન કરીને તેને લઇ આવું એમ બોલતો તે ચાણક્ય પાસે ગયો. રાજાએ સ્નેહપૂર્વક ચાણક્યને કહ્યું. પણ ચાણક્યે ઉત્તર ન આપ્યો.

આ દરમિયાન ધાવમાતાએ રાજાને સાચી વિગત કહી એ વૃત્તાંત સુબંધુના જાણવામાં આવ્યો. આથી માયાની પ્રધાનતાવાળા સુબંધુએ રાજાને કહ્યું: હે દેવ ! આ મહાત્મા આર્ય ચાણક્ય ઇંગિની મરણથી અનશનનો સ્વીકાર કરીને રહ્યા છે. આથી તે હવે પ્રત્યુત્તર નહિ આપે કે ઘરે નહિ આવે. આ વિષે પૂર્વાપરનો વિચાર કર્યા વિના માત્ર સાંભળેલું પકડીને આવા મહાપુરુષને કલંક આપનારા આપણે જ ધિક્કારથી હણાયેલા છીએ. મહાત્માઓ સર્વ અવસ્થામાં બધી રીતે પૂજવા જ યોગ્ય છે, આથી તેની કાળને ઉચિત પૂજાથી ઉપાસના કરીએ. હે મહારાજ ! સ્રીજનને ઉચિત આપણા આ વિલાપથી શું ? આમ કહીને હાથમાં પુષ્પ, ધૂપ વગેરે લઇને તેની પૂજા કરવાનું શરૂ કર્યું.

રાજા કેટલોક વખત ત્યાં રહીને પોતાના સ્થાન તરફ ચાલ્યો. સુબંધુ હમણાં કોઈ નથી એમ જાણીને ક્ષણવારમાં છાણની ઉપર ધૂપનો અંગારો મૂકીને પોતાના ઘરે જતો રહ્યો. ક્રમશઃ વધતા છાણના અગ્નિએ ચાણક્યના દેહને લપેટી લીધો. ચાણક્ય મરીને દેવ થયો. કેટલાક દિવસો ગયા પછી સુબંધુએ રાજાને જણાવીને ચાણક્યના ઘરમાં પ્રવેશ કર્યો. ત્યાં તાળાથી બંધ કરેલો એક ઓરડો જોયો. ચોક્કસ આ સારભૂત દ્રવ્યનું સ્થાન છે એમ વિચારતા તેણે ઓરડાને ઉઘાડયો. એટલામાં તેની અંદર પેટી જોઈ. હર્ષિત ચિત્તવાળા તેણે તે પેટી ઉઘાડી. તે પેટીની અંદર દાબડી જોઇ. તેને પણ ઉઘાડીને જોયું તો સુગંધી ચૂર્ણોને જોયાં. ચૂર્ણોને તેણે સુંઘ્યાં. આટલા પ્રયત્નથી આ ચૂર્ણો કેમ રાખ્યા છે એમ વિચારતા તેણે સૂક્ષ્મદષ્ટિથી જોયું તો તેની અંદર રહેલ લખેલું ભોજપત્ર (=ચિઠ્ઠી) તેની નજરમાં આવ્યું. તેણે વાંચ્યું:– "જે આ ચૂર્ણોને સુંઘીને મુનિની જેમ બ્રહ્મચર્ય આદિનું પાલન નહિ કરે, તે તુરત મૃત્યુ પામશે." તેથી મરણભયથી ગભરાયેલા તેણે લખેલાની પરીક્ષા કરવા માટે એક પુરુષને તે ચૂર્ણો સુંઘાડીને, સ્નાનાદિ કરાવીને સ્રીસંગ કરાવ્યો. ચૂર્ણની ગંધથી તે વ્યાકુલ બની ગયો અને ક્ષણવારમાં મૃત્યુ

પામ્યો. આ જોઈને સુબંધુએ વિચાર્યું: અહો ! ચાણક્યની કેવી ભયંકરતા ! જેથી પોતે મર્યો અને ઉપાયથી અમને પણ માર્યા. પછી તે પોતાના પ્રાણોની રક્ષા કરવાની ઇચ્છાથી સાધુની જેમ પોતાના દાઢી–મસ્તકનું મુંડન કરાવીને અને સ્નાન વગેરે સર્વ ભોગ સાધનોનો ત્યાગ કરીને રહ્યો.

## બ્રાહ્મણીનું દૃષ્ટાંત

સુબંધુનું દૃષ્ટાંત પૂર્ણ થયું. બ્રાહ્મણીનું દૃષ્ટાંત આ છે:–દેશના છેડાના એક ગામમાં એક બ્રાહ્મણની યુવાનવયમાં વર્તતી પત્નીએ પોતાના પતિની પાસે સોનાના ચૂડા વગેરે અલંકારોની માગણી કરી. બ્રાહ્મણે સોનીને સોનું આપીને બ્રાહ્મણીએ કહ્યાં હતાં તેવાં આભૂષણો કરાવ્યાં. આભૂષણોને ઘરે લઈ આવ્યો. સારા દિવસે બ્રાહ્મણીએ પોતાના હાથ વગેરેમાં આભૂષણો પહેર્યાં. પતિએ બ્રાહ્મણીને કહ્યું: આ છેડાનું ગામ છે, એથી આ ગામમાં મ્લેચ્છો વગેરે ધાડ પાડે છે. આથી આ અલંકારો ગમે ત્યારે ન પહેરવાં, કિંતુ વિશિષ્ટતિથિ વગેરેમાં જ પહેરવાં. શેષકાળમાં તો ખાડા વગેરેમાં મૂકી રાખવા. બ્રાહ્મણીએ કહ્યું: આ પ્રમાણે વ્યાકુલ કેમ થાઓ છો ? પહેલી જ વાર કરાવેલાં આ આભૂષણોનું ફલ સતત પહેરવાં એ જ છે. જ્યારે ધાડ વગેરેનો ભય થશે ત્યારે ઉતારીને છુપાવી દઈશ. આ પ્રમાણે પતિનું વચન અવગણીને જે દિવસથી આભૂષણો પહેર્યાં તે દિવસથી રાત્રે પણ તે ઉતારતી ન હતી. એકવાર ખબર વિના જ ઓચિંતી ક્યાંકથી મ્લેચ્છોની ધાડ પડી. લુંટારાઓએ ગામ લૂંટવા માંડ્યું. કેટલાક લુંટારાઓએ તે જ બ્રાહ્મણના ઘરમાં પ્રવેશ કર્યો. હાથ માંસથી પુષ્ટ બની ગયા હોવાથી બ્રાહ્મણી આભરણોને ઉતારી ન શકી. તેથી લુંટારાઓએ તે જોઇને ઉતાવળથી હાથ કાપીને આભૂષણો લઈ લીધા, અને પોતાના ઘરે લઈ ગયા. બ્રાહ્મણી દુઃખની ભાગી બની.

આ પ્રમાણે ઉપભોગ અને પરિભોગથી નિવૃત્ત ન થનારા જીવો અસાતાના ઉદયના ભાગી થાય છે એમ જાણીને ઉપભોગ–પરિભોગનું પરિમાણ કરવામાં પ્રયત્ન કરવો જોઇએ એવો ગાથાનો ભાવાર્થ છે. અહીં સેડુબક અને સુબંધુ એ બે દૃષ્ટાંતો આહાર અને પુષ્પ વગેરે ઉપભોગ સંબંધી છે, અને નિત્યમંડિત બ્રાહ્મણીનું દૃષ્ટાંત પરિભોગ સંબંધી છે, એમ વિભાગ જણાવવા માટે ત્રણ દૃષ્ટાંતો છે. [ ૭૮ ]

જેમણે ભોગ–ઉપભોગનું પરિમાણ કર્યું છે તેમને થતા લાભને બતાવવા કહે છે:–

**पोग्गलपरिमाणं चिंतिऊण भोगेहि जे विरज्जंति ।**
**सिवजम्मे जह जंबू, वंदिज्जंते बहुजणेणं ॥ ७९ ॥**

ગાથાર્થ:–જે લઘુકર્મી પુરુષો પુદ્ગલના પરિણામનું ચિંતન કરીને ભોગોથી વિરાગ

પામે છે તે જીવો શિવકુમારના ભવમાં જંબૂસ્વામીના જીવની જેમ ઘણા લોકોથી વંદાય છે.

**ટીકાર્થઃ**– પુદ્ગલ=ભેગા થવું અને છૂટા પડવું એવા સ્વભાવવાળા સ્કંધો. પુદ્ગલોના પરિણામનું ચિંતન આ રીતે કરવુંઃ– જે પુદ્ગલો અશુભ વર્ણવાળા હોવાથી ખરાબ હોય તે જ પુદ્ગલો સંસ્કાર થવાથી શુભવર્ણાદિવાળા થઈ જાય. જેમકે–સુબુદ્ધિમંત્રીએ કોહાઈ ગયેલા મડદા આદિથી દુર્ગન્ધવાળું અને મલિન પણ ખાઈનું પાણી વિશિષ્ટ સંસ્કાર કરીને મનોહર વર્ણ–ગંધ–રસ–સ્પર્શવાળું બનાવી દીધું. જે પુદ્ગલો સુંદર વર્ણાદિવાળા હોય તે પણ અન્ય પદાર્થના સંસર્ગથી ખરાબ વર્ણાદિવાળા બની જાય. જેમકે– શ્રેષ્ઠ ભોજન અને અંગરાગ વગેરે પદાર્થો મોદકપ્રિય કુમારના શરીરના સંબંધથી દુર્ગંધાદિવાળા બની ગયા.

ભોગોથી=કામોથી ( વિષયસુખોથી ). વિરાગ પામે છે=ઉદ્વિગ્ન બને છે. વંદાય છે =સ્તવાય છે. આ અવસર્પિણીમાં જંબૂસ્વામી છેલ્લા કેવલી છે. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો કથાથી જાણવો. તે કથા આ છેઃ–

જંબૂદ્વીપ નામના દ્વીપમાં વૈતાઢ્યપર્વતથી બે વિભાગવાળું કરાયેલું અને અર્ધ-ચંદ્રના જેવી આકૃતિવાળું ભરતક્ષેત્ર છે. તેના મધ્યખંડમાં અનેક નગર, ગામ, ગોકુલ અને ઉદ્યાનથી સુશોભિત મગધ નામનો પ્રસિદ્ધ દેશ છે. તેમાં ગામો સરોવરોથી શોભે છે, સરોવરો કમલના વેલાઓથી શોભે છે, કમલના વેલાઓ કમલસમૂહોથી શોભે છે, કમળો ભ્રમરસમૂહોથી શોભે છે. તેમાં તળાવો, જલાશયો, ઉદ્યાનો, કૂવાઓ અને વાવડીઓથી મનોહર અને લોકમાં પ્રસિદ્ધ રાજગૃહ નામનું નગર છે. તેમાં મોતી, પ્રવાલ, રત્નસમૂહ, શંખ અને છીપ વગેરેના ઢગલાઓથી બજારો જાણે ભરતીનાં સ્થાનો હોય તેમ શોભે છે. તે નગરમાં અભિમાની શત્રુઓ રૂપી ઉન્મત્ત હાથીઓના માનની હાનિ કરનાર અને સિંહની ઉપમાને ધારણ કરતો શ્રેણિક રાજા હતો. સામંતરાજાઓ જેને નમેલા છે એવો શ્રેણિક રાજા નીતિથી પૃથ્વીનું પાલન કરતો હતો ત્યારે [1]કષાય (=તૂરો રસ) માત્ર ત્રિફલાચૂર્ણમાં જ હતો, ખારાશ માત્ર મીઠામાં હતી, છિદ્ર માત્ર મોતીઓમાં જ હતું, ભાગાકાર માત્ર ગણિતમાં જ હતો, સંતાપ (=ગરમી) માત્ર ઉનાળાના દિવસોમાં જ હતો. કષાય વગેરે પ્રજામાં ન હતા. શ્રેણિકની સકલ અંતઃપુરમાં મુખ્ય, અનુપમ રૂપાદિ ગુણોવાળી અને જિનશાસનમાં દૃઢ ભક્તિવાળી ચેલણા નામની પત્ની હતી. અપ્સરાની સાથે ઇંદ્રની જેમ ચેલણાની સાથે સર્વોત્તમ ઇચ્છિત ભોગસુખોને

૧. કષાય વગેરે શબ્દોના પ્રજાના પક્ષના અર્થ આ પ્રમાણે છેઃ– કષાય=ક્રોધાદિ કષાયો. ખારાશ =ક્રોધ, આ માણસ બહુ ખારો છે એમ જે બોલાય છે તે અર્થમાં ખારાશ શબ્દ છે. છિદ્ર=દોષો. ભાગકારક=ભાગ લેનાર. સંતાપ=માનસિક તપારો.

ભોગવતા તેનો કેટલોક કાળ પસાર થયો. એકવાર કેવલજ્ઞાનરૂપ પ્રકાશથી લોકાલોકને જોનારા અને સુર–અસુરોથી નમસ્કાર કરાયેલા શ્રી મહાવીરસ્વામી પધાર્યા. તેમનું આગમન સાંભળીને શ્રેણિક રાજા વંદન માટે આવવા (=જવા) ચાલ્યો, અર્ધા રસ્તે નગરની બહારની ભૂમિમાં કાયોત્સર્ગમાં રહેલા પ્રસન્નચંદ્ર નામના રાજર્ષિ તેની નજરમાં આવ્યા.

શ્રેણિકે ભક્તિથી તેની પાસે જઇને ત્રણ પ્રદક્ષિણા આપીને તેમને વંદન કર્યું. તેમણે શ્રેણિકને બોલાવ્યા નહિ. આથી રાજાએ વિચાર્યું: કેવલ મુક્તિમાં જ ચિત્તવાળા, લોકવ્યવહારથી પરાઙ્મુખ અને સર્વસંગથી મુક્ત બનેલા આ રાજર્ષિ મહાધ્યાનમાં રહેલા છે, એથી જ આ મુનિ પ્રણામ કરતા મને પણ બોલાવતા નથી. આવા ધ્યાનવાળા આ મુનિ જલદી મોક્ષને મેળવશે. અથવા ભગવાનની પાસે આજે પહેલો આ જ પ્રશ્ન કરવો.

આ પ્રમાણે વિચારતો શ્રેણિક રાજા સમવસરણ પાસે ગયો. સમવસરણ કેવું છે? તેમાં ત્રણ ગઢમાં રહેલાં રત્નોનાં કિરણો પડતાં હતાં, દેવોએ કરેલી ઇંદ્રધનુષની સેંકડો શ્રેણિઓ હતી, દેવોના મુગુટોમાં રહેલા મણિઓના પ્રકાશરૂપ વિજળીની શ્રેણિઓથી અંધકારનો નાશ કરનાર પ્રકાશ હતો. તે દુંદુભિના ગંભીર ગર્જારવથી વિશિષ્ટ હતું. તેણે લોકસમૂહના મનોવાંછિતોને પૂર્ણ કર્યા હતા. તેણે ભવ્ય જીવોરૂપી મોરલાઓને નૃત્ય કરાવ્યું હતું. અનુસરાયેલું તે સમવસરણ વર્ષાકાળ જેવું લાગતું હતું, અર્થાત્ સમવસરણમાં આવનારને જરાય ગરમી લાગતી ન હતી. ભક્તિપૂર્ણ શ્રેણિકે સમવસરણમાં પ્રવેશીને, પાપરહિત શ્રીમહાવીર ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપીને વંદન કર્યું. પછી તે ઇંદ્ર વગેરે પ્રત્યે જે રીતે ઉચિત હોય તે રીતે કર્તવ્ય કરીને પોતાના ઉચિત સ્થાને બેઠો. ધર્મદેશના પૂર્ણ થતાં તેણે ભગવાનને પૂછ્યું: હે સ્વામી! મેં પ્રસન્નચંદ્ર નામના મુનિને જે ધ્યાનમાં રહેલા જોયા તે ધ્યાન કોનું સાધક છે? ભગવાને કહ્યું: હે રાજન્! તે ધ્યાન સાતમી નરકગતિનું સાધક હતું. આ સાંભળીને રાજાએ પોતાના મનમાં વિચાર્યું: હા! ભગવાન આ પ્રમાણે કેમ કહે છે? શું સંગરહિત સાધુનું ધ્યાન ક્યારેય સાતમી નરકનું સાધક થાય? અથવા, ભગવાને બીજી જ રીતે કહ્યું છે અને મેં બીજી જ રીતે સાંભળ્યું છે. રાજા આ પ્રમાણે વિચારી રહ્યો હતો તેવામાં ક્ષણવારમાં દેવસમૂહોના પ્રકાશથી દેદીપ્યમાન વિમાનો જઈ રહ્યાં હતાં. એ વિમાનોથી આકાશ જાણે તારાઓવાળું ન હોય તેવું બની ગયું. અવાજથી આકાશ અને પૃથ્વીને પૂરી દેનાર દુંદુભિ વાગી. દેવોનો જય જય એવો ગંભીર ધ્વનિ થયો. તેથી વિનયથી નમેલા મસ્તકવાળા શ્રેણિકે ભગવાનને ફરી પૂછ્યું: હે નાથ! દુંદુભિનો ધ્વનિ કરનારા આ દેવો જ્યાં જાય છે ત્યાં આ શું આશ્ચર્યકારી થયું છે? ભગવાને કહ્યું હે ભૂપ! પ્રસન્નચંદ્ર મહામુનિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. પૂજા માટે આ દેવો ત્યાં જાય છે. શ્રેણિકે પૂછ્યું: પૂર્વે મેં જે સાંભળ્યું

હતું તે શું ખોટું જ છે? ભગવાને કહ્યું: તે ખોટું નથી, કિંતુ તે ક્ષણે આને રૌદ્રધ્યાન હતું. શ્રેણિકે ફરી ભગવાનને કહ્યું: હે જિનપુંગવ! મને આ મોટું આશ્ચર્ય થાય છે. તેવું ધ્યાન કેવી રીતે થયું? અને આવું જ્ઞાન કેવી રીતે થયું? મહામુનિના તે ધ્યાનમાં કયું કારણ હતું? ભગવાને કહ્યું: તારું આ આશ્ચર્ય શું છે?, અર્થાત્ આમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. કારણ કે જીવોને કર્મની આધીનતાના કારણે એક દિવસમાં બાહ્ય નિમિત્તો પ્રમાણે અસંખ્ય (વાર) શુભ–અશુભ આત્મપરિણામો થાય છે. હે રાજન્! તેં ધ્યાનમાં જે કારણ પૂછ્યું તે સાંભળ. હે નૃપ! તું જ્યારે વંદન માટે નગરમાંથી નીકળ્યો ત્યારે જ તારી આગળ એક સુમુખ અને બીજો દુર્મુખ (સૈનિક) ગયો. ત્યાં તે સર્વશ્રેષ્ઠ મુનિને જોઈને સુમુખે કહ્યું: અહો! ઉત્તમ રાજ્યનો ત્યાગ કરીને આ પ્રમાણે ઘોર તપશ્ચર્યા કરનારા અને સંસારસુખમાં નિઃસ્પૃહ આ મુનિ ધન્ય છે, પુણ્યશાલી છે. દુર્મુખે કહ્યું: બલ વિનાના બાળકને છોડીને દીક્ષા લેનારા આ મુનિ ધન્ય કેવી રીતે? તેનો તે પુત્ર હમણાં શત્રુઓથી પરાભવ પામે છે. શત્રુઓની સાથે યુદ્ધ કરવામાં અશક્ત તેને શત્રુઓએ રાજ્યસંપત્તિથી ભ્રષ્ટ કરી દીધો છે. તેનું આ વચન સાંભળીને કષાયને આધીન બનેલા પ્રસન્નચંદ્ર મુનિએ આ વિચાર્યું:– મારા જીવતા મારા પુત્રનું રાજ્ય કોણ લે છે? મારા પુત્રનું આ પ્રમાણે જે કરે છે તેનું માથું ફોડી નાખું.

આ પ્રમાણે વિચારતાં જ કોપના કારણે તેની વિવેકબુદ્ધિ નાશ પામી, અને એથી તે ધર્મધ્યાનને છોડીને રૌદ્રધ્યાનને પામ્યો. કારણ કે ક્રોધને વશ બનેલો જીવ ભક્ષ્ય–અભક્ષ્ય, પેય–અપેય, કાર્ય–અકાર્ય, આચરણીય–અનાચરણીય, ધર્મ–અધર્મ અને સુખ–દુઃખને જાણતો નથી. વળી–જેનો ક્રોધરૂપી અગ્નિ પ્રજ્વલિત બન્યો છે તે જીવ ઘણા કાળ સુધી સેંકડો કષ્ટમય અનુષ્ઠાનો કરીને જે મેળવ્યું હતું તે ચારિત્રરૂપી કાષ્ઠને ક્ષણવારમાં બાળી નાખે છે. તેથી એણે અતિશય ક્રોધથી પોતાને ભૂલીને તુરત મનથી જ શત્રુઓની સાથે યુદ્ધ શરૂ કર્યું. એનાં બધાં શસ્ત્રો ખતમ થઈ ગયાં ત્યારે મુગુટ લેવાની ઈચ્છાથી તેણે હાથ ઊંચો કર્યો. આવેશને આધીન બનેલા તેણે મુગુટને પ્રાપ્ત ન કર્યું, કિંતુ મુંડેલા મસ્તકનો સ્પર્શ કર્યો. તેથી ફરી અશુભધ્યાનથી પાછો ફર્યો. હા! હા! મેં ક્રોધથી ચિત્તને આંધળું કરીને અશુભ ચિંતવ્યું. હવે શુદ્ધ હું એનું મિચ્છામિ દુક્કડં આપું છું. સદા નરક વગેરે ચારગતિ સ્વરૂપ સંસારના ચક્રમાં ભમતા કોનો કોણ પુત્ર છે? કોણ પિતા છે? કોણ ભાઈ છે? કોણ શત્રુ છે? કારણ કે– સંસારમાં બધા ય જીવો મારા પિતા થઈ ગયા છે, બધા ય જીવો મારા પુત્ર થઈ ગયા છે, બધા ય શત્રુઓ થઈ ગયા છે, બધા ય પ્રિય બંધુઓ થઈ ગયા છે. આથી આ પ્રમાણે અસ્થિર સ્વભાવવાળા ભયંકર સંસારમાં બુદ્ધિશાલી કોના ઉપર રાગ–દ્વેષ કરે?

આ પ્રમાણે વિચારતો જ તે અપૂર્વકરણનો આશ્રય લઈને ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ

થયો, તેથી તેણે આ પ્રમાણે કેવલજ્ઞાન મેળવ્યું. હે ભૂપ! તમે જ્યારે એને જોયો હતો ત્યારે તે દુર્મુખના દુર્વચનથી અતિશય ક્રોધને વશ બનેલો હતો. તેથી જ મેં પૂર્વે એને સાતમી નરકને યોગ્ય ધ્યાનવાળો કહ્યો હતો. હમણાં તો એને વૈરાગ્યથી કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે. આથી જ અહીં જેનાથી સાતમી નરક કે મોક્ષ મળે તે ચિત્તક્રિયા જ મન–વચન–કાયાનાં કાર્યોમાં પ્રધાન છે.

આ પ્રમાણે ભાવાર્થને જાણનારા શ્રેણિકે સુર–અસુરોના સમૂહથી પૂજ્ય ભગવાનને ફરી પૂછ્યું: હે ભગવંત! આ ભરતક્ષેત્રમાં આ કેવલજ્ઞાનનો ક્યાં (=ક્યારે) વિચ્છેદ થશે? તે સમયે ભગવાનને વંદન કરવા માટે વિદ્યુન્માલી નામનો એક મહા તેજસ્વી દેવ ચાર દેવીઓની સાથે ત્યાં આવ્યો. ભગવાને તે દેવને બતાવીને શ્રેણિકને કહ્યું: કેવલજ્ઞાનનો આ જીવમાં (=આ જીવ પછી) વિચ્છેદ થશે. શ્રેણિકે ફરી પૂછ્યું: દેવને કેવલજ્ઞાન કેવી રીતે થાય? ભગવાને કહ્યું: હે રાજન્! આ સાતમા દિવસે ચ્યવીને મનુષ્ય થશે, અને કેવલજ્ઞાન પામશે. રાજાએ પૂછ્યું: જો એમ છે તો આ દેવનું આવું તેજ કેમ છે? કારણ કે ચ્યવનકાળે (=ચ્યવન નજીકમાં હોય ત્યારે) દેવોનું તેજ ક્ષીણ થાય છે. ભગવાને કહ્યું: હે નૃપ! આ દેવનું પૂર્વે જે ઉત્કૃષ્ટ તેજ હતું, તેનો અસંખ્યાતમો ભાગ પણ હમણાં નથી. શ્રેણિકે ફરી પૂછ્યું: હે મુનીંદ્ર! એણે અન્ય જન્મમાં કયું સુકૃત કર્યું કે જેથી એનું આવું તેજ છે.

ભગવાને કહ્યું: આ જ મગધદેશમાં સુગ્રામ નામના ગામમાં આર્જવ નામનો કુલરક્ષક રાઠોડ હતો. તેની રેવતી પત્ની હતી. તેની સાથે વિષયસુખને અનુભવતા આર્જવને કાલના ક્રમથી બે પુત્ર ઉત્પન્ન થયા. પહેલો ભવદત્ત અને બીજો ભવદેવ હતો. ક્રમે કરીને બંને યૌવનને પામ્યા. એકવાર તે ગામમાં સુસ્થિત નામના આચાર્ય પધાર્યા. તેમને વંદન કરવા માટે સુગ્રામવાસી લોકો ગયા. તે લોકોમાં ભવદત્ત અને ભવદેવ પણ ગયા હતા. તેમણે આચાર્યને જોઈને ભાવપૂર્વક વંદન કર્યું. આચાર્યે પણ દુષ્ટ આઠ કર્મોરૂપી કાષ્ઠોને બાળવા અગ્નિસમાન ધર્મલાભથી તેમને આનંદિત કર્યા. પછી તે બંને ગુરુ ચરણોની નજીકમાં પૃથ્વી ઉપર બેઠા. બીજા લોકો પણ ગુરુને વંદન કરીને યથાયોગ્ય સ્થાને બેઠા. આ સમયે સૂરિએ ધર્મદેશના શરૂ કરી. તે આ પ્રમાણે:–

હે ભવ્યો! આ સંસારમાં મનુષ્યભવ વગેરે અતિદુર્લભ સામગ્રીને પામીને ધર્મ જ કરવો જોઈએ. તે ધર્મ હિંસા, અસત્ય, ચોરી, અબ્રહ્મ અને પરિગ્રહના ત્યાગથી થાય છે, પણ બીજી રીતે નહિ. સર્વ આશંસાથી રહિત જે જીવ આ ધર્મને કરે છે તેને સ્વર્ગ અને મોક્ષનું સુખ [1]હથેળીમાં છે. જે જીવ જીવહિંસા વગેરે પાપોમાં સતત તત્પર

1. **करपल्लवे**=હાથરૂપી કુંપળમાં, અર્થાત્ હથેલીમાં.

રહે છે તે વારંવાર નરક અને તિર્યંચગતિમાં દુઃખ પામે છે. આ સાંભળીને પ્રતિબોધ પામેલા ભવદત્તે દીક્ષા લીધી. પછી તેણે ગુરુની સાથે વિહાર કર્યો. એક વાર એક સાધુએ આચાર્યને વિનંતિ કરી કે, આપની અનુજ્ઞાથી હું સ્વજનવર્ગની પાસે જવા ઇચ્છું છું. ત્યાં અત્યંત સ્નેહના સંબંધવાળો મારો નાનો ભાઈ મને જોઈને કદાચ દીક્ષા લેશે. તેથી ગુરુએ એને બહુશ્રુત (=ગીતાર્થ) સાધુની સાથે જવાની રજા આપી. થોડા જ દિવસોમાં જ્ઞાતિના જનસમૂહને જોઇને પાછો આવ્યો. તેણે ગુરુને કહ્યું: માતા–પિતાએ મારા નાના ભાઇને તેને યોગ્ય કન્યા પરણાવી છે. તેથી તેણે દીક્ષા ન લીધી.

આ સાંભળીને ભવદત્ત સાધુએ કહ્યું: ખરેખર ? શું આ પણ સ્નેહ કહેવાય ? કે જ્યાં ધર્મના સારથિ એવા બંધુ તને પણ ઘણા કાલ પછી જોઇને તેણે દીક્ષા ન લીધી. તે સાંભળીને તે મુનિએ પણ ભવદત્તની સામે કહ્યું: તમારો પણ એક નાનો ભાઈ છે. તમે ત્યાં જશો એટલે અમે તેને પણ દીક્ષા લેતો જોઈશું. ભવદત્તે જણાવ્યું: જો આચાર્ય ભગવંત તે સ્થાનમાં જશે તો તે મને જોઈને કદાચ જો દીક્ષા નહિ લે તો તમે પણ મને જોશો. આ પ્રમાણે તે બેનાં વચન અને પ્રતિવચન થયાં.

બીજા કોઇ સમયે એક ગામથી બીજા ગામ વિહાર કરતા આચાર્ય મગધ દેશમાં રહેલા સુગ્રામ નામના ગામની નજીક આવેલા એક ગામમાં આવ્યા. તેથી ભવદત્ત સાધુએ આચાર્યને વિનંતી કરી કે, હે ભગવંત ! આપની અનુજ્ઞાથી પોતાના જ્ઞાતિજનોને જોવાને ઇચ્છું છું. તેથી આચાર્યે સારા સાધુની સાથે એને મોકલ્યો. ભવદત્ત સુગ્રામમાં આવ્યો. આ તરફ તે સમયે ભવદત્ત, નાગદત્ત અને લક્ષ્મીવતીની પુત્રી નાગિલાની સાથે વિવાહ-મંગલ કરવા માટે લગ્નવેદિકાના મંડપમાં બેઠો, પોતાના હાથથી પત્નીનો હાથ પકડ્યો, ફેરા ફર્યો. આ વખતે ભવદત્ત સાધુએ એના ઘરમાં પ્રવેશ કર્યો. તેથી તેના બધા સ્વ-જનબંધુઓ તેને જોઈને હર્ષ પામ્યા. તેમણે ઉચિત કર્તવ્ય કર્યું, બીજા સાધુની સાથે ભવદત્તને વંદન કર્યું. મારા મોટા ભાઈ ભવદત્ત સાધુ આવ્યા છે એમ ભવદેવે સાંભળ્યું. (આ સાંભળતાં જ) ભવદેવને મુશ્કેલીથી રોકી શકાય તેવા બંધુસ્નેહથી ભાઈને મળ-વાની ઉત્કંઠા થઇ. એ ઉત્કંઠાના કારણે તેનું મન વિહ્વલ બની ગયું. (આથી) તે લગ્ન-મંગલનાં શેષ કર્તવ્યો મૂકીને ભાઈની પાસે ગયો. આ વખતે તેને શ્વસુરકુલના લોકોએ રોક્યો, સમાનવયના મિત્રોએ પકડી રાખ્યો, મનોહર સ્ત્રીજનોએ નિષેધ કર્યો, છતાં હું આ આવ્યો, ઉતાવળ ન કરો, એમ બોલતો જ ભાઇની પાસે ગયો. બીજા સાધુની સાથે ભાઈ મહારાજને આદરથી વંદન કર્યું. બંને સાધુઓએ એને ધર્મલાભ આપ્યો. પછી તેમણે ત્યાં ભેગા થયેલા કુટુંબી માણસોની સમક્ષ કહ્યું: તમે (પ્રસંગમાં) રોકાયેલા છો, તેથી અમે હમણાં જઇએ છીએ, ફરી બીજા કોઇ સમયે આવીશું. ગૃહસ્થોએ કહ્યું: ક્ષણવાર રહો, ભાઇના લગ્નના ઉત્સવને જુઓ. તમારે શું ઉતાવળ છે ? સાધુઓએ કહ્યું: અમને આવું ન કલ્પે,

આગ્રહ કરવા છતાં સાધુ ત્યાં ન રહ્યા એટલે અશન, પાન અને ખાદિમ એ ત્રણ પ્રકારના ઘણા આહારથી તેમને પ્રતિલાભ્યા (=દાન આપ્યું). ભવદત્તે ભોજનનું પાત્ર ભવદેવના હાથમાં આપ્યું. બંને મુનિ ચાલ્યા. થોડા પૃથ્વીપ્રદેશ સુધી જઈને બધા લોકો વંદન કરીને પાછા વળ્યા. ભવદેવ ભાઈની રજા વિના કેવી રીતે પાછો વળું એ પ્રમાણે આગ્રહમાં પડ્યો, તેથી ભાઈ સાથે જવા લાગ્યો. ભાઈ પોતાને પાછો વાળો એ માટે ભવદેવે કિલ્લો, વાવડી અને વનવિભાગ વગેરે જોઈને ભવદત્તને કહ્યું કે, અહીં આપણે રમતા હતા, અહીં સ્નાન કરતા હતા, આમાં ફરતા હતા. સાધુ કેવળ હુંકારો કરીને બધું મને યાદ છે એમ બોલતા ગુરુની પાસે આવ્યા ત્યાં સુધી ચાલ્યા. તેથી પહેરેલા નવા પોષાકથી વિભૂષિત ભવદેવ યુવાનને ભવદત્ત સાધુની સાથે આવેલો જોઇને બાલમુનિઓ ચપળતાના કારણે બોલવા લાગ્યા કે, મારો ભાઈ અર્ધો પરણ્યો હશે (=લગ્નની અર્ધી ક્રિયા કરી હશે) તો પણ જો હું કહીશ તો દીક્ષા લેશે એવું પોતાનું કહેલું મહાન પૂજ્યે સાચું કર્યું. પછી ભવદત્તે ભવદેવને આચાર્યને બતાવ્યો. આચાર્યે પૂછ્યું: આ શા માટે આવ્યો છે? ભવદત્તે કહ્યું: દીક્ષા માટે આવ્યો છે. તેથી આચાર્યે ભવદેવને પૂછ્યું: આ શું સાચું છે? ભવદેવે વિચાર્યું: એક તરફ નવીન યૌવનમાં વર્તતી પ્રાણપ્રિય પત્ની છે, એક તરફ સગાભાઈના વચનનો ભંગ અતિ દુષ્કર છે. આ તરફ નવી પરણેલી પ્રિયાનો મહાન વિરહ છે. આ તરફ ભાઈની લઘુતા છે. શું હિતકર છે? કે જેને હું કરું. તો પણ (=દ્વિધા હોવા છતાં) અત્યારે તો મારો ભાઈ જે કહે છે તે જ કરવાનો અવસર છે. કારણકે તેમ કરવાથી મારો ભાઈ સાધુજનોની આગળ જુઠ્ઠો ન પડે.

આ પ્રમાણે વિચારીને તેણે કહ્યું: મારો ભાઈ કહે છે તે સાચું છે. તેથી તે જ મુહૂર્તે ગુરુએ તેને દીક્ષા આપી. પછી તેણે બીજે વિહાર કર્યો. તેને સઘળી સાધુ-સામાચારીનું જ્ઞાન આપ્યું. તે ભાઇના ઉપરોધથી (=શરમથી) દીક્ષા પાળે છે, હૃદયથી તો નવી પરણેલી પોતાની પત્નીને જ સદા યાદ કરતો હતો. આ પ્રમાણે જ સમય પસાર થઇ રહ્યો હતો. એકવાર સૂત્રપોરિસિમાં ભણતા એને આ સૂત્ર આવ્યું કે न सा महं नोऽवि अहं पि तीसे=તે મારી નથી, હું પણ તેનો નથી. તેથી તેણે પોતાના મનમાં શંકા કરી (=વિચાર્યું) કે, આ ખોટું છે. કારણકે सा महं अहं पि तीसे=તે મારી છે અને હું પણ તેનો છું. આ પ્રમાણે જ તે બોલવા લાગ્યો. સાધુઓએ તેને તેમ બોલતા અટકાવ્યો તો પણ તે તેમ બોલતા અટક્યો નહિ. ભવદત્ત કાલક્રમે સંલેખના કરીને આયુષ્યનો ક્ષય થતાં મરીને સૌધર્મ-દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયો. ભવદત્તનું મૃત્યુ થતાં પત્નીના દર્શનની તૃષ્ણાથી ઘેરાયેલા ચિત્તવાળા ભવદેવે ગુરુનો વિનય મૂકી દીધો. સાધુના આચારોમાં શિથિલ બની ગયો. કામદેવના બાણોથી પીડા પામવા લાગ્યો. આ પ્રમાણે તેનો ધર્મોપદેશ જતો રહ્યો, સદ્બોધ પલાયન થઈ ગયો, વિવેકરત્ન નાશ પામ્યું, કુલના

અભિમાનથી આવેલું દાક્ષિણ્ય જતું રહ્યું, પુરુષાર્થ ચાલ્યો ગયો, શીલ દૂર થયું, વ્રતને ધારણ કરવાની ભાવના જતી રહી. વિશેષ કહેવાથી શું ? જાણે પ્રિયા ચિત્તની આગળ રહેલી હોય, જાણે આંખોની આગળ દેખાતી હોય, જાણે (પોતાની સામે) બોલતી હોય, જાણે (પોતાને) રોકતી હોય, જાણે મંદ હસતી હોય તેમ, ઊંઘમાં પણ સતત પ્રિયાને જ તે જોતો હતો. ઉત્પન્ન થયેલા ઘણા વિકલ્પોની કલ્પનાથી તે માર્ગોમાં અને ઘરોમાં (ઉક્ત રીતે) પ્રિયાને જ જોતો હતો. તેથી સૂરિએ તેને સમજાવ્યો, ઉપાધ્યાયે ઉપદેશ આપ્યો, સાધુઓએ શિખામણ આપી. છતાં બધાના વચનને અવગણીને, ભવિષ્યનો વિચાર કર્યા વિના, હિત-અહિતને સર્વથા વિચાર્યા વિના 'જે થવાનું હોય તે થાઓ' એમ વિચારીને પોતાના ગામ તરફ ચાલ્યો. ગામ પાસે આવ્યો. ગામના ઉદ્યાનમાં આવેલા જિનમંદિરમાં આવ્યો.

આ તરફ – તે જ સમયે તેની પત્ની નાગિલા ધૂપ, પુષ્પ અને સુગંધી ચૂર્ણો વગેરે પૂજાનાં ઉપકરણો લઈને તે જ જિનમંદિરમાં આવી. તેની સાથે કેડે રાખેલા બાળકવાળી એક બ્રાહ્મણી હતી. નાગિલાએ સાધુની બુદ્ધિથી ભવદેવને વંદન કર્યું. ભવદેવે નાગિલાને પૂછ્યું: તમે અહીં આજવ રાઠોડના ઘરની વિગત જાણો છો ? નાગિલાએ કહ્યું: જાણું છું. મુનિએ પૂછ્યું: શી વિગત છે ? તેણે કહ્યું: તેને બે પુત્રો હતા. તે પુત્રોએ દીક્ષા લીધી. તેમના માતા-પિતા મૃત્યુ પામ્યા તેને ઘણો સમય થઈ ગયો. આ સાંભળીને તે જરાક ઉદાસીન થઈ ગયો. તેથી નાગિલાએ પૂછ્યું: હે સાધુ ! તમે ઉદાસીન કેમ બની ગયા ? શું તેઓ તમારા કંઈ પણ સગા થતા હતા ? મુનિએ કહ્યું: હું તેમનો ભવદેવ નામનો પુત્ર છું. મોટા ભાઈ ભવદત્તના ઉપરોધથી (=શરમથી) દીક્ષા લીધી. હમણાં મારો ભાઈ દેવલોક પામ્યો છે. આથી હું પોતાના માતા-પિતાને અને પત્નીને યાદ કરીને સ્નેહથી અહીં આવ્યો.

આ સાંભળીને નાગિલાએ વિચાર્યું: આ મારા પતિ છે અને દીક્ષાને છોડવાની ભાવનાવાળા દેખાય છે. મેં યાવજ્જીવ જ પુરુષનો (=અબ્રહ્મનો) નિયમ કર્યો છે, અને હમણાં હું દીક્ષા લેવાની ભાવનાવાળી છું, તેથી અહીં શું કરવું ? અથવા, એનો ઈચ્છિત નિર્ણય શો છે તે પહેલાં જાણું. આ પ્રમાણે વિચારીને ફરી પણ એણે પૂછ્યું : કોના ઘરે તમે પરણ્યા હતા ? તેણે કહ્યું: નાગદત્તના ઘરે. કારણ કે તેની પુત્રી જ નાગિલાને હું પરણ્યો છું. તેથી તેના ઘરની કુશલ વિગત પણ કહો. તેણે કહ્યું: ત્યાં કુશળ છે. મુનિએ પૂછ્યું: શું શરીરથી કુશળ નાગિલા મારા આગમન આદિની વાત ક્યારેય કરે છે ? તેણે કહ્યું: જ્યારથી આપે દીક્ષા લીધી ત્યારથી જ તે સાધ્વીજી પાસે જવા લાગી. ત્યાં તેણે ધર્મ સાંભળ્યો, અણુવ્રત વગેરેનો સ્વીકાર કર્યો, જીવનપર્યંત અબ્રહ્મનો નિયમ કર્યો. હમણાં તે દીક્ષા લેવાની ભાવનાવાળી છે.

(નાગિલાએ આગળ કહ્યું:) તમોએ ઘણા કાળ સુધી સાધુપણું પાળ્યું, અનેક પ્રકારના તપો કર્યા, તેથી હવે એકાંતે અનિત્ય અને અસાર આ જીવલોકના કારણે વિષયો માટે અમૂલ્ય અને વિશિષ્ટ સર્વવિરતિરૂપી રત્નનો નાશ કરીને આત્માને સંસારરૂપી મહાન જંગલમાં નહિ પાડવો જોઇએ. આ વિષયો કિંપાક ફલની જેમ પ્રારંભમાં રસિક જણાય છે, પણ પરિણામે અશુભ ફળવાળા છે. આ વિષયો અવિવેકી લોકોને ઘણા માન્ય છે (=પસંદ છે), પણ વિવેકી લોકો તેમનો તિરસ્કાર કરે છે. જિનેશ્વરોએ બતાવેલી સર્વવિરતિ લાખો ભવોમાં દુર્લભ છે, તથા એકાંતિક (=દુ:ખથી રહિત) અને આત્યંતિક (=અવિનાશી) સર્વસુખસમૂહને આપનારી છે. સંસારરૂપી મહાન જંગલમાં મોહનીયકર્મની વિવિધ પ્રકૃતિઓરૂપી અતિશય પ્રગટ વૃક્ષ-સમૂહથી સદ્‌વિવેકરૂપી નેત્રોની ગતિ અટકી ગઈ છે, જરા, મરણ, રોગ અને શોક વગેરેના સંતાપરૂપ ગર્વિષ્ઠ અને ક્રૂર ઘણા પશુઓ સતત ફરી રહ્યા છે. તે જંગલ ઘણા દુર્જન માણસોએ કહેલા દુર્વચનરૂપી તીક્ષ્ણ કાંટાઓથી ભરેલું છે. તે જંગલમાં [1]કુલકોટિમાં જન્મપરંપરારૂપ અતિગહન વેલડીઓનો દુ:ખરૂપ સંચાર થાય છે.

(નાગિલા આગળ કહી રહી છે:-) વળી- માત્ર ચિંતવેલા જે વિષયોથી જીવો તુરત નરકમાં પડે છે, પરિણામે કટુફળવાળા તે વિષયોમાં કોણ રાગ કરે? જે જીવોને ચિત્તમાં ભોગસંબંધી તૃષ્ણા થાય છે તે જીવોને સંસારવૃદ્ધિની માતા જેવી તે તૃષ્ણા હજારો દુ:ખોને ઉત્પન્ન કરે છે. ઝેર ખાવું સારું છે, ભયંકર વિષવાળા સર્પોની સાથે ક્રીડા કરવી સારી છે, શત્રુઓની સાથે રહેવું સારું છે, પણ ભોગસુખોની ઇચ્છા પણ કરવી સારી નથી. કારણ કે વિષ વગેરે જીવોના એક જન્મનો નાશ કરે છે, ભોગસુખોની ઇચ્છા તો સેંકડો ભવોમાં પણ જીવને મારે છે. હે મુનિ! આ પ્રમાણે વિષયોના પરિ-ણામે કટુફલને વિચારીને જિનશાસનના શુદ્ધ બોધવાળા તમારે પણ વિષયોની ઇચ્છા પણ ન કરવી જોઈએ.

આ પ્રમાણે તેનાથી હિતશિક્ષા અપાયેલા મુનિએ પણ પોતાના ચિત્તમાં વિચાર્યું કે જો, આ શું થયું? ન ગુરુવાસ રહ્યો, ન તો પિતાનું ઘર રહ્યું. એમ થાઓ, તો પણ [2]જીવતી સ્વપત્નીના દર્શન કરું, આ પ્રમાણે વિચારીને તેણે કહ્યું: હમણાં તો નાગિ-લાને તમે બતાવો, આગળ તે કહેશે તેમ કરીશ. તેથી નાગિલાએ કહ્યું: તે હું જ છું. તેથી તે થોડો વિલખો થઈ ગયો. લજ્જા અને ભય એ બંનેએ એકી સાથે તેને અલંકૃત

---

૧. અહીં પ્રવચન સારોદ્ધાર વગેરેમાં બતાવેલ એકેંદ્રિય વગેરે જીવોની કુલકોટિ સમજવી. બધા જીવોની મળીને ૧ ક્રોડ ૯૭ લાખ અને ૫૦ હજાર કુલકોટિ છે.

૨. અહીં વાક્ય ક્લિષ્ટતાના કારણે **તાવત, યાવત્** અને **સહ** શબ્દનો અનુવાદ કર્યો નથી. બીજા પણ આવાં સ્થાનોમાં આ પ્રમાણે સમજી લેવું.

કર્યો. નાગિલાનું મુખ જોઈને આમ–તેમ જોતો તે મૌન રહ્યો. નાગિલાએ ફરી પણ તેમને કહ્યું: ઉનાળાના મધ્યાહ્નસમયે લલાટને તપાવનાર સૂર્યમંડલ વડે તપાવાયેલા ઉખર પ્રદેશમાં થયેલી મૃગતૃષ્ણામાં ઠગાયેલા મારવાડના માર્ગના મુસાફરની જેમ થયેલી ગાઢ ભોગતૃષ્ણાથી ચંચલ હૃદયવાળા તમે દિશાઓમાં ખાલી આંખોને કેમ ફેરવો છો? નિશ્ચે વિશિષ્ટ ધર્મની આરાધના વિના જીવોને ઇચ્છિત પદાર્થની સિદ્ધિ ક્યારેય થતી નથી. તેથી ગુરુ પાસે જાઓ, પ્રાયશ્ચિત્ત લઈને ફરી પણ સંયમરૂપ શરીરને શણગારો. લાંબા કાળ સુધી પાળેલા ચારિત્રને એમ જ નિષ્ફળ ન બનાવો. ભાંગેલા ચારિત્રના પરિણામવાળા જીવો બ્રાહ્મણપુત્રની જેમ ઘણા દુઃખનું ભાજન બને છે. ભવદેવે પૂછ્યું: એ બ્રાહ્મણપુત્ર કોણ છે? નાગિલાએ કહ્યું: સાંભળો—

આ જ ભરતક્ષેત્રમાં લાટદેશના અલંકારભૂત ભૃગુકચ્છ શહેર હતું. તેમાં જન્મથી જ દરિદ્રતાથી પરાભવ પામેલ અને કુરૂપમાં પ્રથમ શ્રેણિમાં આવનાર રેવાદિત્ય નામનો બ્રાહ્મણ હતો. તેની દેવપૂજક બ્રાહ્મણની કૃપાથી મળેલી આપદ્ નામની યજ્ઞપત્ની બ્રાહ્મણી હતી. તેના દાંત હોઠથી બહાર નીકળેલા હતા, પીળી કીકીઓથી આંખો વિષમ હતી, પેટ લાંબું હતું, મુખ વક્ર હતું. તે ઠીંગણી અને કાળી હતી. તેવી પણ તે અવિનીત, કજિયો કરનારી, ઠગવામાં જ ચિત્તવાળી, સદા ઉદ્વેગ કરનારી, બીજાઓની નિંદા કરનારી અને બહુ બોલવાના સ્વભાવવાળી હતી. આવી પણ તેનાથી રેવાદિત્ય બ્રાહ્મણે ક્રમશઃ પંદર પુત્રીઓ અને બધાથી નાનો એક પુત્ર ઉત્પન્ન કર્યો. એની પાસે માત્ર ગાયત્રી મંત્રરૂપ વિદ્યા હતી, બીજી કોઈ વિદ્યા ન હતી. આથી તે માત્ર માગીને મેળવેલી વસ્તુઓથી નિર્વાહ કરતો હતો. પણ આટલા કુટુંબનું માત્ર માગીને મેળવેલી વસ્તુઓથી નિર્વાહ કરી શકતો ન હતો. આથી તે બ્રાહ્મણીની જ સાથે લાકડાના ભારા લાવીને વેચતો હતો, શ્રીમંતોના ઘરોમાં પાણીના ઘડા લાવી આપતો હતો, ખાંડવું, પીસવું, કચરો કાઢવો વગેરે અનેક નિંદ્ય કામો કરતો હતો, ભિક્ષા માટે ફરતો હતો.

આ પ્રમાણે પ્રવૃત્તિ કરતા તેનો ઘણો કાળ પસાર થયો. આ જીવલોક મરણના અંતવાળો હોવાથી ક્યારેક બ્રાહ્મણી મૃત્યુ પામી. તેના વિયોગરૂપ અગ્નિથી તેનું મન અતિશય બળવા લાગ્યું. ભૂતથી અપહરણ કરાયેલા હૃદયવાળા માણસની જેમ અને સન્નિપાતથી ભાન વિનાના કરાયેલા માણસની જેમ તે કેટલાક દિવસો સુધી શું કરવા યોગ્ય છે એ વિષે મૂઢ (=જડ જેવો) રહ્યો. એક દિવસ એણે વિચાર્યું: જેને ધર્મ, અર્થ અને કામ એ ત્રણમાંથી એક પણ નથી તેને જન્મથી [1]અજાગલસ્તનની જેમ શો લાભ થાય? તેથી સર્વ જીવોથી હલકા, પ્રિયપત્નીના વિયોગવાળા અને પુણ્યહીનોમાં

૧. અજાગલસ્તન એટલે બકરીના ગળામાં આંચળ. બકરીના ગળામાં આંચળ થાય તો તેનાથી જેમ દૂધનો લાભ થતો નથી, તેમ આવા પુરુષના જન્મથી કોઈ લાભ થતો નથી.

શિરોમણિ એવા મારે મરણ જ શ્રેયસ્કર છે, અથવા જેમણે સુકૃતો કર્યાં નથી એવાઓના મરણથી પણ શું? તેથી જુદાં જુદાં તીર્થોનાં દર્શન કરું, તે પુણ્યસ્થાનોમાં સ્નાન કરીને પાપોનો નાશ કરીને જો મરણની આરાધના કરું તો પણ દોષ ન લાગે એમ વિચાર્યું. પછી કન્યાદાનનું ફલ મેળવવાની ઇચ્છાથી પ્રાપ્તિ થઈ તે પ્રમાણે બ્રાહ્મણના છોકરાઓને પોતાની પુત્રીઓ આપી. પછી તે નાના છોકરાની સાથે તીર્થયાત્રા કરવા ચાલ્યો. લઘુ-કર્મી હોવાથી તેવા પ્રકારની ભવિતવ્યતાના કારણે કોઈ પણ રીતે ક્યારેક ક્યાંક તેને સાધુઓનાં દર્શન થયા. તેમની પાસે ધર્મ સાંભળ્યો. ભાવથી ધર્મ પરિણમ્યો. પુત્રની સાથે જ દીક્ષા લીધી. ઉદ્યતવિહારથી ચારિત્રનું પાલન કરવા લાગ્યો. દિવસો જતાં બાળ સાધુ પણ યૌવનને પામ્યો. વિવિધ વિકારોને (=અનુચિત પ્રવૃત્તિને) કરવા લાગ્યો. સાધુજનને અનુચિત અનેક વસ્તુઓ માગવા લાગ્યો. તેનો પિતા પુત્રસ્નેહથી યતનાથી મેળવતો હતો. તે આ પ્રમાણેઃ– જ્યારે તે કહે કે હે આર્ય! હું નવકારશી વિના રહી શકતો નથી, ત્યારે પિતા આચાર્યની રજા લઈને નવકારશી પણ લાવી આપતો હતો. જ્યારે ઉનાળામાં કહે કે સૂર્યના કિરણસમૂહના પ્રચંડ તાપને હું સહન કરી શકતો નથી, ત્યારે સૂરિને જણાવીને જોડાનો અને મસ્તકે કપડાનો ઉપયોગ કરાવતો હતો. આ પ્રમાણે તેના ચારિત્રના પરિણામ મંદ બની ગયા. પ્રતિદિન તેની વિવિધ ઇચ્છાઓ વધતી જતી હતી. પિતા પણ તે ઇચ્છાઓને પૂરી કરીને તેને અનુકૂળ વર્તન કરતો હતો. સાધુઓએ પિતાને સંક્લેશ થાય એવા ભયથી તેને રાખ્યો હતો. આમ છતાં કામદેવની બાણ-શ્રેણિથી વીંધાતા મનવાળા તેણે નિર્લજ્જ બનીને પિતાને કહ્યુંઃ હે આર્ય! હું [1]મૈથુન વિના રહેવા સમર્થ નથી. તેથી તેના પિતાએ વિચાર્યુંઃ આ ચારિત્રરત્નના મહાન લાભને યોગ્ય નથી, સમ્યગ્જ્ઞાનરૂપ નિધાનને લાયક નથી, સુગતિનું ભાજન નથી, દુર્ગતિનું ભાજન છે, વિશેષથી શું? આ આલોકના અને પરલોકનાં અનેક દુઃખ સમૂહનું ઘર થવા યોગ્ય છે. તેથી આનો ત્યાગ કરું.

આ પ્રમાણે વિચારતા પિતાએ તેને કહ્યુંઃ અમારે તારું કંઈ કામ નથી, તને જ્યાં ક્યાંય ઠીક લાગે ત્યાં એકલો જતો રહે. અમે તને અમારા સમુદાયથી બહાર કર્યો છે. આ પ્રમાણે કહીને સાધુજનની સમક્ષ પોતાના ગચ્છમાંથી તેને કાઢી મૂક્યો. તેથી તે સાધુવેષ છોડીને ભોગસાધનો મેળવવા માટે અનેક નિંદ્ય (=હલકાં) કામો કરવા લાગ્યો. છતાં કોડિ જેટલું પણ ક્યાંયથી પામતો ન હતો. કેવળ ભિક્ષાથી દિવસના અંતે માત્ર પેટ ભરાય તેટલો આહાર તેને મળતો હતો. આ પ્રમાણે ઘણા ક્લેશથી કેટલોક કાળ તેણે પસાર કર્યો. એકવાર સર્પથી ડંસાયેલો તે આર્તધ્યાનથી મરીને પાડો થયો. તેના પિતાએ તેના કારણે થયેલા વૈરાગ્યથી વિશેષપણે નિષ્કલંક ચારિત્ર પાળ્યું. મરણ સમયે

૧. હું સ્ત્રી વિના રહેવા સમર્થ નથી એવો અર્થ પણ થઈ શકે. બંને અર્થમાં ભાવ એક જ છે.

વિધિપૂર્વક આરાધના કરીને દેવલોકમાં દેવ થયો. ઉત્પન્ન થયેલા અવધિજ્ઞાનથી પુત્રનો વૃત્તાંત જાણ્યો. પાડાના ભવમાં રહેલા તેને ઘણા ભારથી દબાયેલો અને લાકડી વગેરેથી કુટાતો જોયો. તેથી તેના ઉપર કરુણા આવી. પુત્રસ્નેહથી મનુષ્યલોકમાં આવીને મુસાફર વણિકનું રૂપ વિકુર્વ્યું. વિવિધ કરિયાણાઓથી ભરેલા મોટા ગાડાઓનો સમૂહ બતાવ્યો. પછી ઘણું ધન આપીને તેના સ્વામી પાસેથી તેને છોડાવ્યો. પછી તેને દેવશક્તિથી અતિભારવાળા ગાડામાં જોડીને, અને ગાડાને વહન કરવાની શક્તિ ન હોવાથી પડી ગયેલો (=બેસી ગયેલો) જોઈને, એક તરફ પરોણો, ચાબુક અને લાકડીના અનેક પ્રહારથી તેને જર્જરિત કરી નાખ્યો. બીજી તરફ પિતાનું રૂપ કરીને તેને "હે ક્ષમાવંત! હું નવકારશી વિના રહી શકતો નથી" ઇત્યાદિથી આરંભી "હું મૈથુન વિના રહેવા સમર્થ નથી" ત્યાં સુધી બધું કહ્યું. તેથી વારંવાર તે જ વચનરચનાને સાંભળતા એને ચિત્તમાં થયું કે આ વર્ણશ્રેણિ પૂર્વે મેં ક્યાંક સાંભળી છે, આ રૂપ પણ પહેલાં જોયું હોય તેમ મને લાગે છે, આ પ્રમાણે તર્કવિતર્ક પૂર્વક વિચારથી તપાસ કરતા તેને જાતિસ્મરણને રોકનારા કર્મનો ક્ષયોપશમ થવાથી જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી તેણે પોતાનો પૂર્વભવનો વૃત્તાંત જાણ્યો. આથી તે સંવેગને પામ્યો અને સંસારવાસથી વિરક્ત બન્યો. આ વખતે દેવે પોતાનું સ્વરૂપ પ્રગટ કર્યું. તેને ધર્મદેશના આપી. એ દેશના તેને પરિણમી ગઈ. ભાવપૂર્વક પાંચ અણુવ્રતોનો અને અનશનનો સ્વીકાર કર્યો. શુભધ્યાનને પામેલો તે બે દિવસ સુધી નમસ્કાર મંત્રમાં તત્પર રહ્યો. ત્રીજા દિવસે તે મૃત્યુ પામીને સૌધર્મ દેવ-લોકમાં દેવપણે ઉત્પન્ન થયો. દેવ પોતાના સ્થાને ગયો. જિનમતમાં કુશલ જીવે આ પ્રમાણે જાણીને અંતે (=વિપાકમાં) અશુભ ફળવાળા વિષયો છોડવા જોઇએ. વળી— આ બ્રાહ્મણપુત્ર જેવી રીતે આ લોકનાં અને પરલોકનાં દુઃખો પામ્યો તેવી રીતે વ્રતથી ભ્રષ્ટ થયેલાં તમે પણ આવી અવસ્થાને ન પામો.

આ પ્રમાણે નાગિલાથી ઉપદેશ અપાયેલ ભવદેવ સાધુ પરમ વૈરાગ્યને પામ્યા. આ વખતે નાગિલાની જ સાથે આવેલી બ્રાહ્મણીના પુત્રે માતાને કહ્યું: હે માતા! મને ઉલટી થાય એમ જણાય છે, તેથી જલદી કોઈ પણ પાત્ર લઈ આવ, જેથી તેમાં ઉલટી કરીને અત્યંત મધુર ક્ષીરને ફરી ખાઇશ. બ્રાહ્મણીએ કહ્યું: હે વત્સ! આ યોગ્ય નથી. કારણ કે અતિમધુર પણ જે વમેલું હોય તે અશુચિ હોવાથી ન ખવાય. તે સાંભળીને ભવદેવે વિચાર્યું: બ્રાહ્મણીએ સારું કહ્યું કે જે વમેલું હોય તે ન ખવાય. મેં પણ વિષયોને વમી દીધા છે, તેથી હવે ફરી કેવી રીતે ઇચ્છું? આ પ્રમાણે વિચારીને પુનઃ થયેલા સંવેગવાળા તેમણે નાગિલાને કહ્યું: તેં સારી પ્રેરણા કરી, મને સારી રીતે પ્રતિ-બોધ પમાડ્યો. પછી તે નાગિલાને 'મિચ્છામિ દુક્કડં' આપીને ગુરુની પાસે ગયા. ગુરુની પાસે ભાવથી આલોચન–પ્રતિક્રમણ કર્યું. ઘણા કાળ સુધી તપ કર્યો. ભવદેવ

મુનિ મૃત્યુ સમયે અનશન, નમસ્કાર મંત્રસ્મરણ આદિ વિધિથી કાલ કરીને સૌધર્મદેવ-લોકમાં ઈંદ્રના સામાનિક દેવ થયા.

આ તરફ– આ જ જંબૂદ્વીપમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં વજ્રદત્ત ચક્રવર્તી હતો. તેની પ્રાણપ્રિય યશોધરા નામની પટરાણી હતી. તેને પુત્ર ન થવાથી વિવિધ સેંકડો માનતાઓ કરી, વિવિધ મંત્ર–તંત્ર વગેરે ઉપાય કર્યા, ઘણાં બલિકર્મો કર્યાં. આ વખતે ભવદેવનો પૂર્વભવનો ભાઈ ભવદત્તનો જીવ કે જે દેવ થયો હતો તે આયુષ્યની સ્થિતિનો ક્ષય થતાં ચ્યવીને આ યશોધરાના પુત્ર પણે ઉત્પન્ન થયો. એ ગર્ભમાં હતો ત્યારે માતાને સમુદ્રમાં સ્નાન કરવાનો દોહલો થયો. તેના પિતા વજ્રદત્ત ચક્રવર્તીએ યશોધરાને સમુદ્રસમાન સીતા મહાનદીમાં લઈ જઈને સ્નાન કરાવીને તેનો દોહલો દૂર કર્યો (=પૂર્ણ કર્યો). જેનું મનોવાંછિત સિદ્ધ થયું છે એવી યશોધરાએ ક્રમે કરીને ઉચિત સમયે સુકોમળ હાથ–પગવાળા પુત્રને જન્મ આપ્યો. એક મહિનો પૂર્ણ થતાં તેનું દોહલાને અનુરૂપ સાગરદત્ત એવું નામ કર્યું. પાંચ ધાવમાતાઓથી પાલન કરાતો તે દેહપુષ્ટિથી અને કલાસમૂહથી વૃદ્ધિને પામ્યો, યૌવનને પામ્યો.

પૂર્વભવના અભ્યાસથી અને માતા–પિતા જિનધર્મમાં કુશલ હોવાથી તે જિન-શાસનમાં ભાવિતમતિવાળો થયો. માતા–પિતાએ મહાન સામંત રાજાઓની ઉત્તમરૂપ–યૌવન–વિજ્ઞાન–કલાસમૂહથી શોભતી કન્યાઓ પરણાવી. તેમની સાથે તે ક્યારેક પ્રહેલિકા અને પ્રશ્નોત્તર વગેરેથી વિનોદ કરતો હતો, ક્યારેક જિનમંદિરોમાં વિશિષ્ટ મહોત્સવ અને શાંતિસ્નાત્ર વગેરે કરાવતો હતો, ક્યારેક મુનિજનોથી ઉપદેશાતા સુધર્મના રહ-સ્યોનું શ્રવણ કરતો હતો, ક્યારેક સર્વ જીવલોકમાં સારભૂત ગણાતા વિષયસુખનું સેવન કરતો હતો. આ રીતે તેણે અનેક અબજ વર્ષો સુખપૂર્વક પસાર કર્યા. એકવાર સર્વ જીવોને આનંદકારી પ્રથમ વર્ષાકાળનો સમય આવ્યો. તેમાં મોટી અને નિરંતર ધારાથી પડતા જલના પૂરથી પરિપૂર્ણ બનેલી પૃથ્વીમાં મુસાફર લોકોને ઊંચા–નીચા વિભાગો દેખાતા ન હતા. શિવના ગળાના જેવા અને પાડાના જેવા વર્ણવાળા વાદળોથી આકાશ તે રીતે ઢંકાઈ ગયું હતું કે જેથી લોકો સૂર્યના ઉદય અને અસ્તને જાણી શકતા ન હતા. જાણે કે મારા વિયોગમાં નાથથી રહિત હોય તેમ સંપૂર્ણ પૃથ્વીતલને તપાવીને હવે એ ક્યાં જશે એમ જાણે ઉનાળાને જીતવા માટે મેઘ ગાજતો હતો. દુર્જનની મૈત્રીની જેમ ક્ષણવારમાં દેખાઈને નાશ પામેલા [1]રંગવાળી વિદ્યુતલતાઓ જેટલો ઉદ્વેગ ઉત્પન્ન કરતી હતી તેટલો પ્રકાશથી સંતોષ ઉત્પન્ન કરતી ન હતી. આવા પ્રકારનો વર્ષાકાળ પૂર્ણ થતાં ક્રમથી કમલવન માટે બંધુસ્વરૂપ અને વિકાસ પામતા પ્રકાશવાળો (=વધતા તાપવાળો) શરદઋતુનો કાળ આવ્યો. તેમાં શરદસમયરૂપી પતિને પામીને ભૂમિરૂપી પત્ની અનુ-

---

૧. દુર્જનના પક્ષમાં રાગ= અનુરાગ (પ્રેમ).

રાગથી વિકસિત કમલરૂપી નેત્રોવાળી અને ખીલેલા સુંદર કમળોરૂપી હાસ્યવાળી થઈ. જાણે કે શરદઋતુની શોભાએ શીઘ્ર પોતાના પતિનો સંગ થયો તેથી પ્રગટેલા વિમલ તારાઓરૂપી દાંતોના ઉજ્જવલ કિરણોથી દશે દિશાઓને પૂરી દેનાર હાસ્ય કર્યું. આવા શરદઋતુના સમયે મહેલની ઉપર આરૂઢ થઇને પોતાની પ્રિયાઓની સાથે ક્રીડા કરતા સાગરદત્તે વાદળસમૂહને ક્યાંક પ્રવાલના જેવા વર્ણવાળો, ક્યાંક મોરના કંઠના જેવી પ્રભાવાળો, ક્યાંક તપેલા સુવર્ણસમાન, અને ક્યાંક ચંદ્રબિંબ સમાન જોયો.

આ પ્રમાણે વિવિધવર્ણોથી મનોહર પુષ્કળ વાદળસમૂહને ક્ષણવારમાં અદશ્ય થયેલો જોઇને સાગરદત્તે વિચાર્યું: જેમ આ વાદળસમૂહ દેખાઇને તુરત નાશ પામ્યો તેમ સંસારના આ સર્વ ભાવો ક્ષણવારમાં નાશ પામવાના સ્વભાવવાળા છે. તેથી વિવેકીજનોએ સાંસારિક ભાવોમાં ક્યાંય શ્રદ્ધા (= ઉપાદેયબુદ્ધિ) કરવી યોગ્ય નથી, કિંતુ મોક્ષ આપનાર સંપૂર્ણ સુધર્મનાં કાર્યોમાં જ શ્રદ્ધા કરવી યોગ્ય છે. આ પ્રમાણે વિચારતા સાગરદત્તના મુખકમલને- વૈરાગ્યના કારણે કાંતિરહિત જોઈને પત્નીઓએ પ્રેમથી પૂછ્યુ: હે પ્રિયતમ ! આ પ્રમાણે મુહૂર્તમાત્રમાં તમે જાણે ઉદ્વિગ્ન હો, વિરક્ત હો, નિર્વેદ પામેલા હો તેમ, મુનિની જેમ મૌનવ્રતને ધારણ કરનારા કેમ દેખાઓ છો? સાગરદત્તે કહ્યું: આકાશના આંગણામાં ઉત્પન્ન થયેલા શરદઋતુના મેઘને ક્ષણવારમાં નાશ પામતો જોઇને હું સંસારના વિસ્તારથી ભય પામ્યો છું. કારણકે— સંસારમાં જીવોના જોતાં જ શરીર, સ્વજનોનો સંબંધ, યૌવન અને રાજ્યસંપત્તિઓ નાશ પામે છે. તેથી ક્ષણવારમાં નાશ પામવાના સ્વભાવવાળા આ શરીરથી જો જિને કહેલી દીક્ષા લઈને નિર્મલ તપ કરવામાં આવે તો જ જન્મ સફળ બને એમ હું માનું છું.

આ પ્રમાણે તેનું વચન સાંભળીને પ્રિયાઓએ કહ્યું કે, જો એમ છે તો શા માટે વિલંબ કરવામાં આવે છે? કારણ કે ધીરપુરુષો જીવનને સખત પવનથી ચલિત થયેલા સમુદ્રના જલ જેવું ચંચલ જાણીને અવિનાશી શિવસુખની ઇચ્છા કરીને તપ કરે છે. સાગરદત્તે કહ્યું: જો એમ છે તો માતા—પિતાની રજા લઇને એ પ્રમાણે કરીએ. પછી તે માતા—પિતાની પાસે ગયો. ઘણા કષ્ટથી મા-બાપની રજા મેળવીને સાગરસૂરિની પાસે પત્નીઓની સાથે દીક્ષા લીધી. સાગરદત્ત મુનિએ થોડ જ કાળમાં બંને પ્રકારની શિક્ષા મેળવી લીધી, સંપૂર્ણ શ્રુતસાગરના પારને પામ્યા, અને નિર્મલ અવધિજ્ઞાન પ્રગટ થયું. ગુરુએ તેમને પોતાના પદે સ્થાપ્યા. શિષ્યગણથી પરિવરેલા સાગરદત્ત મુનિ ભવ્ય લોકસમૂહને પ્રતિબોધ કરતા વિચરવા લાગ્યા.

આ તરફ— ભવદેવ સાધુનો જીવ સૌધર્મ દેવલોકમાં સ્વયોગ્ય દેવાયુષ્યને અનુભવીને

સ્થિતિનો ક્ષય થવાથી ત્યાંથી ચવ્યો, અને પુષ્કલાવતી વિજયમાં વીતશોકા નગરીમાં પદ્મરથરાજાની વનમાલા પટરાણીની કુક્ષિમાં આવ્યો. ગર્ભના પ્રભાવથી વનમાલા જીવોને દાન કરવામાં તત્પર બની, પરિવાર ઉપર અતિશય કૃપાવાળી બની, વડિલોનો વિનય કરનારી બની, સાધુઓને સહાયક બની, જીવો ઉપર દયાળુ બની. એનો દેહવિસ્તાર અધિક લાવણ્યની વૃદ્ધિથી અત્યંત દેદીપ્યમાન બન્યો. દિવસો પૂર્ણ થતાં તેણે પુત્રને જન્મ આપ્યો. પ્રિયંવદા નામની દાસીએ રાજાને તેના જન્મની ખબર આપી. તેણે હર્ષના કારણે થતા રોમાંચરૂપી વસ્ત્રની વિશેષતાવાળા પોતાના શરીરે રહેલા આભૂષણ સમૂહને ઉતારીને દાસીને આપ્યો. મહાન આડંબરથી **વર્ધાપનક** (જન્મોત્સવ) શરૂ કર્યું. તે વર્ધાપનકમાં નગરજનો વસ્ત્રો, આભૂષણો અને પુષ્પમાળાઓ વગેરે હાથમાં લઈને આવવા લાગ્યા, અતિશય હર્ષથી પૂર્ણ સ્ત્રીસમૂહ ગીત અને નૃત્ય વગેરે આચરણ કરવા લાગ્યો, અતિશય દાનસમૂહ અપાતો હતો, ઘણા કેદીઓને છોડાવવામાં આવતા હતા, વિવિધ યાચકોને વિશેષ સંતોષ પમાડાતો હતો, ગુરુદેવોને અતિશય સંતોષ પમાડાતો હતો. આવા પ્રકારનું **વર્ધાપનક** રાજાએ બાર દિવસ સુધી કરાવ્યું. પછી આ બાળક ગર્ભમાં હતો ત્યારે સુખ થયું તેથી તેનું શિવ એવું નામ રાખ્યું. ક્રમે કરીને દેહવૃદ્ધિથી તે વધવા લાગ્યો. તેણે સર્વ કલાસમૂહને શીખી લીધી. યૌવનને પામ્યો. મિત્રોની સાથે પ્રેમથી ક્રીડા કરતો તેનો કેટલોક કાળ પસાર થયો.

એકવાર સર્વ સુરો, અસુરો, મનુષ્યો અને વિદ્યાધરો વગેરે લોકો જેમાં વિવિધ ઉત્સવ કરે છે તે વસંતનો સમય આવ્યો. તેમાં કોકિલસમૂહના મધુર શબ્દોરૂપી ગીત જનસમૂહના મનને આનંદિત કરતું હતું. આમ્રવૃક્ષની મંજરીઓની પરાગથી રંગાયેલી વસંતઋતુની [1]શોભા દીપતી હતી. વસંતઋતુમાં શિવકુમાર પોતાના મિત્રમંડલની સાથે ક્રીડા માટે ચંદ્રકિરણ નામના ઉદ્યાનમાં ગયો. ત્યાં તેણે કનકકેતુ રાજાની પ્રિયંગુશ્યામા પટરાણીની કનકવતી પુત્રીને જોઈ. તેના શરીરના સર્વ અંગ-ઉપાંગોમાં ઉત્તમ લક્ષણો રહેલાં હતાં. ખરેખર! જોવાયેલી તે મુનિજનના પણ મનને આકર્ષતી હતી. તેના દર્શન માત્રથી જ કામદેવના બાણોના પ્રહારોથી જર્જરિત મનવાળા તેણે વિચાર્યું: દોષથી રહિત એ જેમ જેમ જોવામાં આવે છે તેમ તેમ એણે મારા મનમાં પ્રવેશ કર્યો, અને તેમ તેમ જેણે ધનુષ ઉપર બાણ ચડાવ્યું છે તે કામદેવ મારા આખા શરીરને પીડા કરે છે. બીજા બીજા વૃક્ષને જોવાના કુતૂહલથી ફરતી તેણે પણ ચંદનલતાગૃહના આંતરે રહેલા, જાણે મૂર્ત કામદેવ હોય એવા શિવકુમારને જોયો. ત્યારબાદ સખીઓએ તેને પણ કામદેવના પાંચ બાણોના પ્રહારોથી વ્યાકુલ કરાયેલી જોઈ. સખીઓ તેને કોઈ પણ રીતે ઘરે લઈ ગઈ અને આ વૃત્તાંત તેની માતાને કહ્યો. તેની માતાએ પોતાના પતિને

1. અથવા વસંતઋતુરૂપી લક્ષ્મીદેવી શોભતી હતી.

આ વૃત્તાંત કહ્યો. પછી ક્રમશઃ બંનેને ગાઢ અનુરાગથી સંગમની અભિલાષા થતી(=વધતી) રહી. કનકકેતુએ પદ્મરથરાજા પાસે જઇને પોતાની પુત્રી શિવકુમારને આપી. શુભતિથિ–કરણ–લગ્ન–મુહૂર્તમાં મહાન આડંબરથી બંનેને પરણાવ્યા. તેની સાથે વિષયસુખને અનુભવતો તે મહાન સામંત રાજાઓની ઉત્કૃષ્ટ યૌવનવાળી અને અનુપમરૂપ અને લાવણ્ય વગેરે ગુણસમુદાયથી યુક્ત બીજી પણ અનેક કન્યાઓને પરણ્યો. તે તેમની સાથે જીવલોકમાં સારભૂત ગણાતા અનેક પ્રકારના ક્રીડાવિકારોમાં (=ક્રીડાના રૂપાંતરોમાં) પરાયણ બન્યો. એકવાર તે જ નગરીમાં સાગરદત્તસૂરિ શ્રમણસમુદાયની સાથે પધાર્યા. લક્ષ્મીનંદન નામના ઉદ્યાનમાં તેમનો મુકામ કરાવ્યો. તેમણે ત્યાં માસખમણ તપ શરૂ કર્યું.

આ તરફ તે જ નગરીમાં પોતાના વૈભવથી કુબેર તુલ્ય કામસમૃદ્ધ નામનો સાર્થવાહ હતો. તેને એકવાર ભોજન સમયે આ ચિંતા થઈ કે, અમારા જેવા કેટલાક મૂઢપુરુષો જાણે કે અમારો મરણનો ત્રાસ દૂર થઈ ગયો છે, અમે અજર–અમર છીએ એમ અતિશય ધન મેળવે છે. ધનની આશાથી પુરુષો અગણિત ઠંડી–ગરમી સહન કરે છે અને ભયવાળા બને છે, સમુદ્રને તરે છે, સુભટોથી ગીચ બનેલા અને અત્યંત ભયજનક સંગ્રામમાં પ્રવેશ કરે છે. વિશેષથી શું? ધનનો અર્થી પુરુષ આ સંસારમાં જે કંઈ અધિક દુષ્કર છે તે બધું જ કરે છે, પણ જેના લાભાંતરાયનો ક્ષય થયો હોય તેને જ ધન મળે છે. વળી– આ પ્રમાણે કષ્ટથી મેળવેલું પણ ધન જો સાધુજનના ઉપકાર માટે થાય તો જ સફલ બને. કારણ કે– યતિજનના ઉપયોગ માટે ન થાય તેવી, કૃપણને પ્રાણપ્રિય અને સંસારવૃદ્ધિ કરાવનારી ઘણી પણ લક્ષ્મીથી શું?

આ પ્રમાણે ચિંતન કરતા એના ગૃહદ્વારમાં ભવિતવ્યતાની પ્રેરણાથી સાગરદત્ત મુનિવર માસખમણના પારણા માટે પધાર્યા. હર્ષથી વિકસિત નેત્રોવાળા તેણે મુનિવરને જોયા. તેણે ઊભા થઈને વંદન કર્યું. પછી અતિશય વધતા શુભ અધ્યવસાયવાળા તેણે પ્રાસુક અને એષણીય વિવિધ આહારથી મુનિવરને પ્રતિલાભ્યા (=મુનિવરનો સત્કાર કર્યો). આ વખતે ભક્તિથી આવેલા આકાશમાં રહેલા દેવો વગેરેએ સુવર્ણ સહિત સુગંધી જલની અને પુષ્પોની વૃષ્ટિ કરી. ત્યાં નગરીના બધા લોકો ભેગા થયા. શિવકુમાર પણ લોકો પાસેથી આ વૃત્તાંત જાણીને ત્યાં આવ્યો. મુનિનાયકને જોઈને પૂર્વભવના સંબંધથી તેમના ઉપર અતિશય સ્નેહ ઉત્પન્ન થયો. ભાવપૂર્વક તેમને વંદન કર્યું. મુનિ તો આહાર લઈને ધર્મલાભ આપીને તે જ ઉદ્યાનમાં ગયા. શિવકુમાર વગેરે લોકો શેઠની અને સાધુની વારંવાર પ્રશંસા કરતા સ્વસ્થાને ગયા. પારણું થયા પછી ફરી સાગરદત્તસૂરિને વંદન કરવા લોકો આવ્યા. ત્રણ પ્રદક્ષિણા આપવાપૂર્વક ભગવંતના બે ચરણ કમલને નમીને લોકો પોતાના ઉચિત સ્થાને બેઠા. સૂરિએ ધર્મલાભપૂર્વક લોકોને[1] બોલાવીને

૧ જેમ લોકવ્યવહારમાં ઘરે કોઈ આવે તો 'આવો' વગેરે કહીને બોલાવવામાં આવે છે તેમ અહીં સૂરિએ 'ધર્મલાભ' શબ્દો ઉચ્ચારીને લોકોને બોલાવ્યા.

ધર્મદેશના શરૂ કરી. તે આ પ્રમાણે :– હે ભવ્યો! જન્મ, જરા, મૃત્યુ અને રોગોથી હેરાન થયેલા જીવોને આ સંસારમાં એક જિનશાસનને છોડીને બીજું કોઈ શરણ નથી. કારણ કે મહાબુદ્ધિશાળીઓ જિનશાસનની આરાધનાથી કર્મરૂપી વનને બાળીને ભવરૂપ જંગલને ઓળંગીને મોક્ષને પામ્યા છે. વળી– જીવાદિના વિસ્તારને જણાવીને અને જીવદયાના ઉત્તમ ઉપાયથી (=જીવદયાનો ઉત્તમ ઉપાય જણાવીને) જિનશાસનમાં જેવી જીવદયા કહી છે તેવી જીવદયા બીજે ક્યાંય કહી નથી. આથી જ આ શાસનમાં રહેલા[1] સત્ત્વંત સાધુઓ પોતાના લેશ સુખના લોભથી અલ્પવીર્યવાળા જીવોને દુઃખ આપતા નથી. મદથી મલિન ગંડસ્થળવાળા ઉત્તમ હાથીઓ ગંડસ્થળને ખંજવાળવા માટે શું હલકા એરંડદંડનો આશ્રય લે છે?

દેશના સાંભળીને શિવકુમારે વિચાર્યું: ભગવંતે આ સત્ય કહ્યું. કેવળ અને પરિપૂર્ણ જિનાજ્ઞાના પાલન વિના જીવદયા પાળી શકાય નહિ, અને ગૃહસ્થાવસ્થામાં સંપૂર્ણ જિનાજ્ઞા પાળી શકાય નહિ. તેથી પિતાની રજા લઈને વ્રતનો સ્વીકાર કરું. વળી– આ આચાર્યને મેં એક જ વાર જોયા હોવા છતાં મને તેમના ઉપર જેટલો સ્નેહ થાય છે તેટલો માતા–પિતા ઉપર પણ થતો નથી. આથી વ્રત લેવાથી હું એમની સેવા નિર્વિઘ્નપણે કરી શકું. વળી મને એમનાં દર્શનથી નેત્ર અને મનના અતિશય સુખનો અનુભવ થયો, આનું કારણ અતિશય સ્નેહનો અનુબંધ છે. મને એમનાં દર્શનથી આટલા બધા સુખનો અનુભવ થયો તેનું શું કારણ છે? એમ ભગવંતને પૂછવું જોઈએ. આ પ્રમાણે વિચારીને કથા પૂર્ણ થયા પછી શિવકુમારે કહ્યું: હે ભગવંત! મને આપનાં દર્શનની અતિશય તૃષ્ણા થાય છે એનું શું કારણ? કારણ કે લાંબા કાળથી છૂટા પડેલા ભાઈની જેમ આપને જોઈને જાણે હું વધતા સ્નેહરૂપી અમૃતથી સિંચાતો હોઉં એવું મારું મન અતિશય પરમાનંદને અનુભવે છે.

ભગવંતે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જાણીને પૂર્વભવનો વૃત્તાંત કહ્યો. તેથી તર્ક–વિતર્કપૂર્વક વિચારણામાં લીન બનેલા એને જાતિસ્મરણજ્ઞાન થયું. તેથી તેને વાસ્તવિક બોધ થયો. તેણે સૂરિને કહ્યું: હે પ્રભુ! આપ પૂજ્યશ્રીએ આ જે પ્રમાણે કહ્યું છે તે પ્રમાણે જ છે. તેથી હવે માતા–પિતાને કહીને તેમની રજા લઈને આપની પાસે જિને કહેલી દીક્ષા લઈને જન્મને સફલ કરું. સૂરિએ કહ્યું: હે દેવાનુપ્રિય! પ્રતિબંધ (=મમતા) ન કરવો. પછી તે ગુરુને વંદન કરીને નગરીમાં ગયો.

તેણે માતા–પિતાને કહ્યું: મેં આજે સાગરદત્ત ગુરુની પાસે જિનેશ્વરે કહેલો ધર્મ સાંભળ્યો, તેથી માત્ર વિડંબના રૂપ સારવાળા, કિંપાક ફળ સમાન પરિણામવાળા અને

---

૧. અહીં **आधिक्यानुपूर्व्ये** (સિ૦ હે૦ ૭/૪/૭૯) એ સૂત્રથી અધિક અર્થમાં **न खलु न खलु** એમ બે વાર પ્રયોગ થયો છે

નરકાદિભવોના દુઃખોની વૃદ્ધિનું કારણ એવા વિષયો પ્રત્યે મારું મન વિરક્ત થયું છે. એથી મને રજા આપો, જેથી હું સાગરદત્તની પાસે ભવભયનો નાશ કરનારી દીક્ષાને સ્વીકારું. તે સાંભળીને શોકથી વ્યાકુલ મનવાલા માતા–પિતા છેદાયેલા મૂળવાળા વૃક્ષોની જેમ પૃથ્વીપીઠ ઉપર પડ્યા. કોઈ પણ રીતે ચેતના મેળવીને પુત્રને કહ્યુંઃ હે વત્સ ! બીજીવાર આ વચન અમને ન સંભળાવવું. માતા–પિતાનો આવો આગ્રહ જાણીને તે મૌન લઈને તથા સર્વ સાવદ્યપ્રવૃત્તિનો અને ભોજનનો ત્યાગ કરીને રહ્યો. તેથી માતા–પિતાએ તેને ભોજન કરવામાટે ઘણું કહ્યું છતાં તેણે ભોજન ન કર્યું, અને બીજા કોઈનું પણ વચન માન્યું નહિ. આથી તેમણે જિનશાસનમાં અનુરક્ત પરમશ્રાવક દૃઢધર્મ નામના શ્રેષ્ઠિપુત્રને બોલાવડાવ્યો. આવેલા તેને કહ્યુંઃ હે વત્સ ! અમારાથી દીક્ષા લેવા માટે અટકાવાયેલો શિવકુમાર મૌનનો આશ્રય લઈને રહ્યો છે, અને ભોજનને પણ ઈચ્છતો નથી. આના કારણે શોકના વેગથી અમારું મૂલરહિત બનેલું મન જાણે ઉખડી રહ્યું છે. તેથી શિવકુમાર અંતઃપુરમાં કે ભવનમાં જ્યાં ક્યાંય રહ્યો હોય ત્યાં તેને બોલાવીને કોઈ પણ પ્રકારે ભોજન કરાવ. દૃઢધર્મે કહ્યુંઃ એ પ્રમાણે કરું છું. પછી તે અંતઃપુરમાં રહેલા શિવકુમારની પાસે ગયો. નિસીહિ કહીને ઇરિયાવહી પ્રતિક્રમણ કર્યું. દ્વાદશાવર્ત વંદન કર્યું. પછી મને ( આપના અવગ્રહમાં આવવાની ) અનુજ્ઞા આપો એમ બોલતો પુંજીને શિવકુમારની પાસે યોગ્ય ભૂમિ ઉપર બેઠો. શિવકુમારે વિચાર્યુંઃ અહો ! આ સાધુની જેમ મારો વિનય કરીને બેઠો, તેથી તેને આનું કારણ પુછું. આમ વિચારીને તેણે દૃઢધર્મને સાધુની જેમ વિનય કરવાનું કારણ પૂછ્યું. તેણે કહ્યુંઃ તું ભાવસાધુ છે, તેથી મેં તારો આ વિનય કર્યો. પછી તેને પૂછ્યુંઃ તેં ભોજન શા માટે છોડી દીધું છે ? શિવકુમારે કહ્યુંઃ મેં યાવજ્જીવ ઘરમાં રહેવાનો ત્યાગ કરીને ભાવથી પ્રવ્રજ્યા લીધી છે. દૃઢધર્મે કહ્યુંઃ હે કુમાર ! આ યોગ્ય છે, પણ આહારનો ત્યાગ યોગ્ય નથી. કારણ કે શરીરનું મૂળ (=આધાર) આહાર છે. ધર્મનું મૂળ શરીર છે. મોક્ષસુખની પ્રાપ્તિનું મૂળ ધર્મ છે. તેથી આહારને લે. શિવકુમારે કહ્યુંઃ જો મુનિજનને પ્રાયોગ્ય આહાર મળે તો લઉં. દૃઢધર્મે કહ્યુંઃ ભાવસાધુ બનેલા તને હું તેવો આહાર મેળવી આપીશ (=લાવી આપીશ). કારણ કે સાધુને કેવો આહાર કલ્પે, અને કેવો ન કલ્પે તેની વિચારણામાં હું કુશળ છું. તેથી શિવકુમારે ભોજન લેવાનું સ્વીકાર્યું, અને કહ્યુંઃ પણ હું જાવજ્જીવ છઠ્ઠના પારણે છઠ્ઠ કરીશ, છઠ્ઠના અંતે આયંબિલથી પારણું કરીશ. તેથી દૃઢધર્મ દરેક છઠ્ઠના પારણે આયંબિલનો નિર્દોષ આહાર લાવી આપતો હતો. દૃઢકુમારે તેના માતા–પિતાને કહ્યુંઃ કુમારને ભોજન કરાવ્યું છે. (=ભોજન કરવાનું નક્કી કરાવ્યું છે.) તેથી હર્ષ પામેલા માતા–પિતાએ નગરીમાં શ્રેષ્ઠ ઉત્સવ કરાવ્યો. શિવકુમાર ઉપવાસના દિવસોમાં જીવાદિ પદાર્થોની વિચારણાથી સારભૂત દેશના કરતો હતો. પત્ની આદિ લોકોએ આ પ્રમાણે રહેલા તેને ક્ષોભ પમાડવાના અનેક પ્રકારના ઉપાયો કર્યા, પણ મહાસત્ત્વવંત તે ક્ષોભ ન પામ્યો. આ પ્રમાણે છઠ્ઠના

પારણે છઠ્ઠ અને પારણામાં કાંજી–ભાતથી આયંબિલનો તપ કરતા તેણે બાર વર્ષ પસાર કર્યા. ગૃહસ્થ હોવા છતાં બ્રહ્મચારી શિવકુમાર કોઇ વખત (અંતસમયની) આરાધના કરવાપૂર્વક મૃત્યુ પામીને બ્રહ્મલોકમાં વિદ્યુન્માલી દેવ થયો. બ્રહ્મલોકમાં ચાર દેવીઓથી પરિવરેલા અને દેવલોકને યોગ્ય સુખને અનુભવતા તેણે દશ સાગરોપમ પસાર કર્યા. હવે બાકી રહેલું સાત દિવસનું આયુષ્ય ભોગવીને તે વૃષભદત્ત શેઠની ધારિણી પત્નીનો જંબૂ નામનો પુત્ર થશે. તેનો વૃત્તાંત આ પ્રમાણે છેઃ– વૃષભદત્ત શેઠ, તેમની ધારિણી-પત્ની અને સિદ્ધપુત્ર આ ત્રણ શ્રીધર્મઘોષસૂરિની પાસે બેસીને ધર્મદેશના સાંભળશે. પછી સિદ્ધપુત્ર શ્રીધર્મઘોષસૂરિને જંબૂવૃક્ષનું સ્વરૂપ પૂછશે. પછી ધારિણી શ્રીધર્મઘોષ-સૂરિને મને પુત્ર થશે કે નહિ? એમ પ્રશ્ન પૂછશે. આથી સિદ્ધપુત્ર ધારિણીને કહેશે કે– હે ધારિણી! સાધુઓને આવા સાવદ્ય પ્રશ્નો ન પૂછવા જોઇએ. હું નિમિત્તજ્ઞાનમાં કુશળ છું. તેથી તને કહું છું કે– જ્યારે તમે સ્વપ્નમાં સિંહ જોશો ત્યારે તમે ગર્ભમાં પુત્રને ધારણ કરશો. પછી ધારિણી જંબૂદેવને ઉદ્દેશીને એક સો આઠ આયંબિલ કરશે. પુત્રનો જન્મ થયા પછી અવસરે જંબૂ નામ પાડવામાં આવશે. યૌવનને પામેલા જંબૂકુમાર મહાન શ્રેષ્ઠીઓની આઠ કન્યાઓને પરણશે. પછી દીક્ષા લેવાની ભાવનાવાળા જંબૂકુમારને તેની પત્નીઓ દીક્ષા ન લેવા માટે ખેડૂત વગેરેનાં દૃષ્ટાંતો કહેશે. જંબૂ કુમાર તેમને હાથીનું મૃતક વગેરે દૃષ્ટાંતોથી પ્રત્યુત્તર આપશે. આ રીતે આઠ પત્નીઓને અને પાંચ સો ચોરથી યુક્ત રાજપુત્ર પ્રભવને પ્રતિબોધ પમાડીને શ્રી સુધર્માસ્વામી ગણધર ભગવંતની પાસે દીક્ષા લેશે. ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઇને કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને મોક્ષમાં જશે. એની પછી કોઈ કેવલજ્ઞાન નહિ પામે. આથી મેં કહ્યું કે, આ દેવથી કેવલજ્ઞાનનો વિચ્છેદ થશે. દેવોની કાંતિ ચ્યવન સમયે ઘટતી રહે છે અને આ દેવ તો પોતાની કાંતિથી બાર સૂર્યનો પણ પરાભવ કરે છે તેનું શું કારણ? એમ તમોએ જે પૂછ્યું હતું, તેનો પ્રત્યુત્તર એ છે કે, શિવકુમારના ભવમાં તેણે કરેલી મહાતપશ્ચર્યાનું આ ફળ છે.

શ્રેણિકને કહી રહેલા શ્રી મહાવીર ભગવાનનું આ વચન જંબૂદ્વીપના અધિપતિ અને જંબૂવૃક્ષ ઉપર નિવાસ કરનારા અનાદૃત નામના દેવે સાંભળ્યું. આ સાંભળીને તે અહો! મારું કુલ ઉત્તમ છે એમ બોલીને ત્રિપદીને અફાળવાપૂર્વક જંબૂવૃક્ષને હાથમાં રાખીને અનેક યક્ષ–યક્ષિણીઓની સાથે નાચવા લાગ્યો. તેથી શ્રેણિકે પૂછ્યુંઃ આ કોણ છે? શા માટે નૃત્ય કરે છે? ભગવાને કહ્યુંઃ હે શ્રેણિક! સાંભળ, આ જ નગ-રમાં મૂર્તિમતિ નામનો શેઠ હતો. તેને વૃષભદત્ત અને જિનદત્ત નામના બે પુત્રો હતા. તે બેમાં જિનદત્ત અતિશય વ્યસની હતો, અને વૃષભદત્ત સજ્જન હતો. તેથી પિતાએ તેને ઘરનો માલિક બનાવ્યો અને જિનદત્તને બધા લોકોની સમક્ષ પોતાના ઘરમાંથી કાઢી મૂક્યો. જુગાર વગેરેમાં આસક્ત તે કોઈ વાર જુગારશાળામાં જુગારીઓની સાથે

જુગાર રમતો હતો. તેમાં કોઈ વિષયમાં વાંધો થતાં એક જુગારીએ તેને મર્મસ્થાનમાં છુરીથી માર્યો. વૃષભદત્તને ખબર પડતાં તે ત્યાં આવીને તેને ઉપચાર કરવા માટે પોતાના ઘરે લઈ જવા લાગ્યો. પણ તે ન ગયો. તેથી ત્યાં જ તેને અનશન આપીને નમસ્કાર મંત્રનો પાઠ આદિ આરાધના કરાવવાપૂર્વક આરાધક બનાવ્યો. તે મરીને જંબૂદ્વીપનો સ્વામી યક્ષનિકાયમાં અનાદૃત નામનો યક્ષ થયો. આ યક્ષ પોતાના ભત્રીજા જંબૂસ્વામીની ભવિષ્યમાં થનારી કલ્યાણોની શ્રેણિને સાંભળીને હર્ષના અતિરેકથી આ પ્રમાણે નૃત્ય કરે છે. ફરી શ્રેણિકે ભગવાનને પૂછ્યું: હે ભગવંત! વિદ્યુન્માલિ દેવના પૂર્વભવના ગુરુ અને અન્યભવના ભાઈ સાગરદત્તસૂરિ દીક્ષા પાળીને ક્યાં ગયા? ભગવાને કહ્યું: એ મહાત્મા નિર્મલ કેવલજ્ઞાનને પામ્યા પછી વિશિષ્ટ ભવ્ય જીવસમૂહને પ્રતિબોધ પમાડીને સર્વકર્મો દૂર થતાં મોક્ષપુરીમાં ગયા. અહીં પ્રસ્તુતમાં ઉપયોગી શિવભવનો સંબંધ કહીને સંક્ષેપથી જંબૂસ્વામીનું ચરિત્ર કહ્યું, એનો વિસ્તાર જંબૂ નામના ચરિત્રથી (= જંબૂચરિત્ર નામના ગ્રંથથી) જાણવો. [ ૭૯ ]

ઉપભોગ–પરિભોગ કરવામાં ગુણદ્વાર કહ્યું. હવે એનું જ યતનાદ્વાર કહે છે:–

**जत्थ बहूणं घाओ, जीवाणं होइ भुज्जमाणंमि ।**
**तं वत्थुं वज्जेज्जा, अइप्पसंगं च सेसेसु ॥ ८० ॥**

**ગાથાર્થ:**– જે વસ્તુ વાપરવામાં ઘણા જીવોનો વિનાશ થાય તે વસ્તુનો ત્યાગ કરે અને બાકીની વસ્તુઓમાં અતિશય આસક્તિનો ત્યાગ કરે.

**ટીકાર્થ:**– ત્રસજીવોથી સંસક્ત ફલ વગેરેને ખાવામાં ઘણા જીવોનો નાશ થાય, આથી તેવી વસ્તુ જ ખાવાની છોડી દેવી જોઇએ, અને જીવોથી સંસક્ત ન હોય તેવી અલ્પ પાપવાળી પુષ્પ, ફલ વગેરે વસ્તુઓમાં અતિશય આસક્તિ (=રાગ) ન કરવી જોઇએ. [ ૮૦ ]

હવે અતિચારદ્વાર કહે છે:–

**सच्चित्तं पडिबद्धं, अपउलदुप्पउलियं च आहारं ।**
**तुच्छोसहीण भक्खणमिह वज्जे पंच अइयारे ॥ ८१ ॥**

**ગાથાર્થ:**– શ્રાવક ઉપભોગ–પરિભોગ પરિમાણવ્રતમાં સચિત્ત આહાર, સચિત્ત–પ્રતિબદ્ધ આહાર, અપક્વ આહાર, દુષ્પક્વ આહાર અને તુચ્છ ઔષધિ ભક્ષણ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે.

**ટીકાર્થ:**– ઉપભોગ–પરિભોગ પરિમાણવ્રતને લેનારા શ્રાવકે ઉત્સર્ગથી નિરવદ્ય

(=પોતાના માટે આરંભ કરીને ન બનાવેલ) આહાર વાપરવો જોઈએ. તેવો ન મળી શકે તો પોતાના માટે કરેલ વગેરે દોષોથી દુષ્ટ પણ આહાર વાપરે, પણ અચિત્ત આહાર વાપરે (=સચિત્ત ન વાપરે). અચિત્ત જ આહાર વાપરવાનું ન બને તો સચિત્ત પણ વાપરે, પણ બહુબીજ, અનંતકાય વગેરે અભક્ષ્ય સિવાયનું સચિત્ત વાપરે. જે શ્રાવક (ઉક્ત ક્રમ વિના) પહેલેથી જ અનાભોગ વગેરેથી સચિત્ત વાપરે તેની અપેક્ષાએ આ પાંચ અતિચારો ઘટાવાય છે.

**(૧) સચિત્ત આહારઃ–** મૂળમાં થનારા કંદ વગેરે.

**(૨) સચિત્તપ્રતિબદ્ધ આહારઃ–** સચિત્ત વસ્તુ સાથે જોડાયેલી (ખાવા યોગ્ય) અચિત્ત વસ્તુ સચિત્ત પ્રતિબદ્ધ આહાર કહેવાય. જેમકે સચિત્ત વૃક્ષમાં રહેલ અચિત્ત ગુંદર, પાકાં ફળો વગેરે. (પાકાં ફળોમાં બીજ સચિત્ત છે અને ગર્ભ અચિત્ત છે.)

**(૩) અપક્વ આહારઃ–** અગ્નિથી સંસ્કારિત ન કરાયેલો આહાર.

**(૪) દુષ્પક્વ આહારઃ–** અર્ધો પાકેલો (=અગ્નિથી બરોબર નહિ પકાવેલો) આહાર.

**(૫) તુચ્છ ઔષધિભક્ષણઃ–** તુચ્છ એટલે અસાર. ઔષધિ એટલે ઘઉં, ચણા ચોળા, વાલ, વટાણા વગેરે અનાજ અને કઠોળ. જે ઔષધિઓ ઘણી ખાવા છતાં અલ્પ જ તૃપ્તિ થાય તે તુચ્છ ઔષધિ. જેમકે– ચોળાની શિંગો, વાલની શિંગો વગેરે. તુચ્છ ઔષધિ ખાવી તે તુચ્છ ઔષધિભક્ષણ.

**પ્રશ્નઃ–** જો શ્રાવક ઉત્સર્ગથી સચિત્તનો ત્યાગી હોય તો સચિત્ત આહાર વાપરવાથી વ્રતનો ભંગ જ થાય. તો પછી અહીં સચિત્ત આહારને અતિચાર કેમ કહ્યો? **ઉત્તરઃ–** "જે શ્રાવક (ઉક્ત ક્રમ વિના) પહેલેથી જ અનાભોગ વગેરેથી સચિત્ત વાપરે તેની અપેક્ષાએ આ પાંચ અતિચારો ઘટાવાય છે." એમ પૂર્વે જે કહ્યું તેનાથી જ આ પ્રશ્નનો ઉત્તર આપી દીધો છે. તે આ પ્રમાણેઃ– સચિત્ત ત્યાગી પણ જે શ્રાવક અનાભોગ, સહસા કે અતિક્રમ વગેરેથી સચિત્ત વાપરે છે તેને અતિચાર લાગે.

સચિત્તપ્રતિબદ્ધ આહારમાં અતિચારની ઘટના (ઉક્ત સિવાય) બીજી રીતે પણ કરી શકાય છે. જ્યારે ઠળિયો ફેંકી દઈશ અને ગર્ભ ખાઈ જઈશ એવી બુદ્ધિથી પાકેલી ખજૂર વગેરે ફલને મોઢામાં નાખે ત્યારે જાણી જોઈને પણ સચિત્ત પ્રતિબદ્ધ આહાર ખાનારને વ્રતની અપેક્ષા હોવાથી સચિત્તપ્રતિબદ્ધ આહાર અતિચાર લાગે.

**પ્રશ્નઃ–** અપક્વ ઔષધિઓ (=અગ્નિથી નહિ પકાવેલ આહાર) સચિત્ત છે કે

અચિત્ત? જો સચિત્ત હોય તો પ્રથમ કે બીજા અતિચારમાં તેનો સમાવેશ થઈ જતો હોવાથી ફરી કહેવું એ અસંગત છે. હવે જો અચિત્ત હોય તો અતિચાર લાગતો નથી. કારણ કે અચિત્તનું ભક્ષણ નિષ્પાપ છે.

**ઉત્તર:**– વાત સાચી છે. પણ પ્રથમના બે અતિચારો સચિત્ત કંદ, ફલ વગેરે સંબંધી છે. બાકીના ત્રણ અતિચારો ચોખા આદિ ધાન્ય (કે કઠોળ) સંબંધી છે. આમ અતિચારોનો વિષય ભિન્ન હોવાથી અતિચારો ભિન્ન છે. આથી જ મૂળ (આવશ્યક) સૂત્રમાં 'અપક્વ ઔષધિભક્ષણ' વગેરે કહ્યું છે. (અર્થાત્ આહાર શબ્દનો પ્રયોગ ન કરતાં ઔષધિ શબ્દનો પ્રયોગ કર્યો છે. અનાભોગ વગેરે કારણે અપક્વ આહાર વાપરે તો અતિચાર લાગે એમ અતિચારની ભાવના (=ઘટના) કરવી. અથવા કણિક વગેરે કાચી હોવાથી સચિત્ત અવયવોથી મિશ્ર હોવાનો સંભવ હોવા છતાં આ તો પીસાઈ ગયું (કે ખંડાઈ ગયું) હોવાથી અચિત્ત છે એમ માનીને કાચી કણિક વગેરે ખાનારને વ્રતરક્ષાનો ભાવ હોવાથી અતિચાર લાગે.

**દુષ્પક્વઔષધિભક્ષણ:**– પોંખ વગેરે બરોબર પાકેલા ન હોવાથી સચિત્ત અવયવોથી મિશ્ર હોવાનો સંભવ હોવા છતાં આ તો શેકાઈ ગયું હોવાથી અચિત્ત છે એમ માનીને પોંખ વગેરે ખાનારને દુષ્પક્વઔષધિભક્ષણ અતિચાર લાગે.

**તુચ્છ ઔષધિભક્ષણ:– પ્રશ્ન:**– તુચ્છ ઔષધિઓ અપક્વ છે? દુષ્પક્વ છે? કે સુપક્વ છે? જો અપક્વ અને દુષ્પક્વ હોય તો તેનો ત્રીજા અને ચોથા અતિચારમાં સમાવેશ થઈ જતો હોવાથી પુનરુક્તિનો દોષ છે. હવે જો સુપક્વ છે તો સુપક્વનું ભક્ષણ નિષ્પાપ હોવાથી અતિચાર ન લાગે.

**ઉત્તર:**– વાત સત્ય છે. પણ જેમ પહેલા બે અને પછીના બે અતિચારો સચિત્તની અપેક્ષાએ સમાન હોવા છતાં પહેલા બે અતિચારો કંદ, ફલ વગેરે સંબંધી હોવાથી અને પછીના બે અતિચારો ધાન્ય સંબંધી હોવાથી વિષયભેદના કારણે પહેલા બે અને પછીના બે અતિચારોમાં વિશેષતા છે, તેમ અહીં (તુચ્છ ઔષધિભક્ષણમાં) સચિત્તની અપેક્ષાએ અને વિષયની (ધાન્યની) અપેક્ષાએ (ત્રીજા–ચોથા અતિચારની સાથે) સમાનતા હોવા છતાં તુચ્છતા અને અતુચ્છતાની અપેક્ષાએ ભેદ છે. (અર્થાત્ અપક્વ આહાર અને દુષ્પક્વ આહાર એ બે અતિચાર અતુચ્છ (=તૃપ્તિ થાય તેવા) આહારના છે. જ્યારે તુચ્છઔષધિભક્ષણ રૂપ અતિચાર તુચ્છ આહાર સંબંધી છે.) તેમાં તુચ્છ ઔષધિઓ વિશિષ્ટ તૃપ્તિ કરતી નથી એ બીના કોમલ મગ વગેરેની શિંગ અને પાપડી ખાનારાઓના દૃષ્ટાંતથી પ્રસિદ્ધ છે. આથી અનુપયોગના કારણે અતિક્રમ આદિથી તુચ્છ સચિત્ત જ વસ્તુ વાપરનારને તુચ્છ ઔષધિભક્ષણ અતિચાર લાગે.

અથવા શ્રાવક અતિશય પાપભીરુ હોવાથી સચિત્ત આહારનો ત્યાગી હોય. આથી શ્રાવક અતુચ્છ (=તૃપ્તિ કરે તેવા) આહારને અચિત્ત કરીને વાપરે તો તે યોગ્ય ગણાય. કારણ કે તેણે સચિત્ત વસ્તુનો ત્યાગ કર્યો છે, અચિત્ત વસ્તુનો નહિ. પણ તુચ્છ (=તૃપ્તિ ન કરે તેવો) આહાર લોલુપતાના કારણે અચિત્ત કરીને વાપરે તો તે યોગ્ય ન ગણાય, આથી અતિચાર લાગે. યદ્યપિ અચિત્ત તુચ્છ વસ્તુ ખાવામાં બહારથી (=દ્રવ્યથી) નિયમનો ભંગ થયો નથી, પણ ભાવથી વિરતિની વિરાધના થઈ છે. (કારણ કે તેમાં લોલુપતા રહેલી છે, અને તેવી વસ્તુથી પેટ નહિ ભરાતું હોવાથી નિરર્થક વધારે જીવ હિંસાદિ પાપ લાગે છે.) એ પ્રમાણે રાત્રિભોજન, માંસ આદિના નિયમનો પણ અનાભોગ, અતિક્રમ આદિથી ભંગ થાય તો અતિચાર લાગે. અતિક્રમ આદિથી અતિચારો વિચારવા=ઘટાડવા.

અથવા ઉપભોગ-પરિભોગ પરિમાણવ્રત લીધેલા શ્રાવકે (સચિત્તનો સર્વથા ત્યાગ ન થઈ શકે તો પણ) અશનમાં અનંતકાયવાળી વસ્તુ, પાનમાં મદિરાપાન, ખાદિમમાં રીંગણા વગેરે, સ્વાદિમમાં ત્રસ જીવોથી સંસક્ત તાંબુલપાન વગેરેનો ત્યાગ કરવો જોઇએ. આથી તેના (=અનંતકાય વગેરેના) ભક્ષણમાં પણ અનુપયોગ, અતિક્રમ વગેરેથી કોઇ જીવને કોઈ અતિચારો લાગે એમ કહેવું=સમજવું. કારણ કે (જુદા જુદા જીવને આશ્રયીને) વ્રત વિવિધ પ્રકારનું હોય છે. **પ્રશ્ન:**- તો પછી અહીં પાંચ જ અતિચારો કેમ કહ્યા? **ઉત્તર:**- ગાથામાં કહેલા સચિત્ત આહાર વગેરે અતિચારો ઉપલક્ષણ છે. આથી તેવા બીજા પણ અતિચારો સમજવા. [૮૧]

અતિચારદ્વાર પૂર્ણ થયું. હવે ભંગદ્વારનો અવસર છે. તેમાં આ ગાથા છે:-

**दुविहं तिविहेण गुणव्वयं तु घेत्तूण देइ उवएसं।**
**अहियं वा परिभुंजइ, जाणंतो तो भवे भंगो ॥ ८२ ॥**

**ગાથાર્થ:**- દ્વિવિધ-ત્રિવિધથી ઉપભોગ-પરિભોગ પરિમાણવ્રત લઈને બીજાને તેનો ઉપદેશ આપે=જેનો નિયમ લીધો છે તે વસ્તુ વાપરવાની બીજાને પ્રેરણા કરે, અથવા પોતે જાણતો છતો લીધેલા પરિમાણથી અધિક વાપરે તો નિયમનો ભંગ થાય.

**ટીકાર્થ:**- દ્વિવિધ-ત્રિવિધથી એટલે ન કરું અને ન કરાવું, મન-વચન-કાયાથી એ ભાંગાથી. ગાથામાં તુ શબ્દ બીજા કોઈ ભાંગાથી લીધેલા પણ આ વ્રતનો પ્રેરણા આદિથી ભંગ થાય એ વિશેષ સૂચવવા માટે છે.

**ગાથાનો ભાવાર્થ:**- દ્વિવિધ-ત્રિવિધ ભાંગાથી રાત્રિભોજન અને માંસભક્ષણ

આદિનો નિયમ લઈને જે જાણવા છતાં પણ બીજાને રાતે ખા, માંસ ખા, વગેરે પ્રેરણા કરે, અથવા પોતે લીધેલા પ્રમાણથી વધારે વાપરે તેના આ વ્રતનો ભંગ જ થાય. કારણ કે ઇરાદાપૂર્વક કર્યું છે. [ ૮૨ ]

હવે ભાવનાદ્વારઃ–

**मलमइलजुन्नवत्थो, परिभोगविवज्जिओ जियाणंगो ।**
**कइया परीसहचमूं, अहियासंतो हु विहरिस्सं ॥ ८३ ॥**

**ગાથાર્થ**:– મલથી મલીન અને જીર્ણવસ્ત્રવાળો, પરિભોગથી વિશેષ રહિત અને કામને ( =ભોગેચ્છાને ) જીતનારો બનીને પરીસહરૂપ સેનાને સહન કરતો હું ક્યારે વિચરીશ ?

**ટીકાર્થ**:– પરિભોગ=સ્ત્રી આદિ વિષયોનું સેવન. વિશેષ રહિત=મન–વચન–કાયાથી કરવું–કરાવવું–અનુમોદવું એ ત્રિવિધ–ત્રિવિધભાંગાથી રહિત.

ગાથાના 'परिभोगविवर्जितः' પ્રયોગનો परिभोगो विवर्जितो येन એમ બહુવ્રીહિ સમાસ કરવામાં विवर्जितपरिभोगः એમ क्त પ્રત્યયાંત विवर्जित શબ્દનો પૂર્વનિપાત કેમ ન થયો એ પ્રશ્ન ન કરવો. કેમકે अग्न्याहित વગેરે બહુવ્રીહિ પ્રયોગોમાં क्त પ્રત્યયાંત શબ્દનો પછી નિપાત થાય છે. परिभोगविवर्जित પ્રયોગ अग्न्याहित વગેરેમાં જોવામાં આવે છે.

કામને જીતનાર એ વિશેષણથી પરિભોગથી વિશેષ રહિત કેમ છે તેમાં હેતુ જણાવ્યો છે. તે આ પ્રમાણેઃ– પરિભોગથી વિશેષરહિત શાથી છે ? કારણ કે કામને જીતનાર છે. કામને જીતનાર છે માટે પરિભોગથી વિશેષરહિત છે. અથવા પરિભોગથી વિશેષરહિત એ વિશેષણથી કામદેવ રૂપ ( અબ્રહ્મ ) કામથી રહિત છે એમ કહ્યું છે, અને કામને જીતનાર વિશેષણથી ઇચ્છારૂપ કામનો ત્યાગી છે એમ કહ્યું છે.

કર્મનિર્જરા માટે જે સહન કરવા યોગ્ય છે તે પરીસહ. પરીસહો ક્ષુધા, પિપાસા વગેરે બાવીસ છે. કહ્યું છે કે–

**"ક્ષુધા, પિપાસા, શીત, ઉષ્ણ, દંશમશક, નગ્નતા, અરતિ, સ્ત્રી, ચર્યા, નિષદ્યા, શય્યા, આક્રોશ, વધ, યાચના, અલાભ, રોગ, તૃણ, સ્પર્શ, મલ, સત્કાર, પ્રજ્ઞા, અજ્ઞાન અને અદર્શન એમ ૨૨ પરીસહો છે.**
( નવતત્ત્વ ગા. ૨૭–૨૮ )

સેનાની જેમ પરીસહો અત્યંત મુશ્કેલીથી જીતી શકાય તેમ હોવાથી પરીસહોને સેનાની ઉપમા આપી છે. પરીસહ રૂપ સેનાને સહન કરતો એટલે પરીસહ રૂપ સેનાથી નહિ હારતો.

**ભાવાર્થઃ**– સુસાધુઓની ક્રિયાથી યુક્ત, સંયમનાં અનુષ્ઠાનોમાં તત્પર અને [૧]ક્ષુધાદિ પરીસહોથી અચલિત સત્ત્વવાળો હું ક્યારે ગુરુઓની સાથે વિહાર કરીશ? [૮૩]

નવમું દ્વાર કહ્યું, અને નવમું દ્વાર કહેવાથી ઉપભોગ–પરિભોગ પરિમાણ નામનું બીજું ગુણવ્રત કહ્યું. હવે અનર્થદંડ નામના ત્રીજા ગુણવ્રતનો અવસર છે. તે પણ આ જ નવ-દ્વારોથી કહેવું જોઇએ. આથી પહેલા દ્વારથી ત્રીજા ગુણવ્રતને કહે છેઃ–

**धम्मिंदियसयणट्ठा, जं कज्जं तं तु होइ अट्ठाए।**
**विवरीयं तु अणट्ठा, तव्विरइ गुणव्वयं तइयं ॥ ८४ ॥**

**ગાથાર્થઃ**– ધર્મ માટે, ઇંદ્રિય માટે અને સ્વજનો માટે જે કરવામાં આવે તે અર્થદંડ (=સકારણદંડ) છે. આનાથી વિપરીત અનર્થદંડ (=નિષ્કારણ દંડ) જાણવું. અનર્થદંડની વિરતિ એ અનર્થદંડ વિરમણ નામનું ત્રીજું ગુણવ્રત છે.

**ટીકાર્થઃ**– પહેલાં અર્થદંડની પ્રરૂપણા કરીને પછી અનર્થદંડની પ્રરૂપણા કરવામાં આવે તો અનર્થદંડનો અર્થ સહેલાઈથી સમજી શકાય એવી બુદ્ધિથી મૂલગ્રંથકારે અહીં શ્લોકના પૂર્વાર્ધથી અર્થદંડની પ્રરૂપણા કરીને ઉત્તરાર્ધમાં અનર્થદંડનો અતિદેશ (=ભલામણ) કરવાપૂર્વક પ્રસ્તુત ગુણવ્રતનું સ્વરૂપ જણાવ્યું છે.

**ધર્મ માટેઃ**– જિનબિંબ, જિનાલય વગેરે કરાવવા રૂપ પુણ્યવ્યાપાર ધર્મ છે. જીવોને દુર્ગતિમાં પડતા બચાવે અને સુગતિમાં સ્થાપે તે ધર્મ એવો ધર્મ શબ્દનો વ્યુત્પત્તિથી થતો અર્થ છે. જિનબિંબ, જિનાલય વગેરે કરાવવારૂપ પુણ્યવ્યાપાર જીવોને દુર્ગતિમાં પડતા બચાવે છે અને સુગતિમાં સ્થાપે છે માટે ધર્મ છે. ધર્મ માટે જે ક્રિયા કરવામાં આવે તે અર્થદંડ છે.

**ઇંદ્રિયો માટેઃ**– સ્પર્શન વગેરે ઇંદ્રિયો છે. અહીં વિષય અને વિષયી એ એના અભેદ ઉપચારથી ઇંદ્રિય શબ્દથી ઇંદ્રિયના સ્પર્શ વગેરે વિષયો પણ વિવક્ષિત છે. ઇંદ્રિ-યોની તુષ્ટિ માટે, અર્થાત્ સ્ત્રી, ભોજન, તાંબૂલ વગેરે માટે જે ક્રિયા કરવામાં આવે તે અર્થદંડ છે.

**સ્વજન માટેઃ**– પિતા, માતા, ભાઈ, વગેરે સ્વજન છે. પિતા વગેરેનાં પોષણ વગેરે માટે જે ક્રિયા કરવામાં આવે તે અર્થદંડ છે.

ધર્મ આદિ ત્રણ માટે કાષ્ઠ વગેરે લાવવું, પૃથ્વી ખોદવી, ખેતી કરવી, વેપાર કરવો,

---

૧. અહીં **क्षुधादिपरीषहैरच्यावितं सत्त्वं यस्य सः**=ક્ષુધાદિપરીસહો વડે જેનું સત્ત્વ ચલિત કરાયું નથી એવો હું એમ શબ્દાર્થ થાય. પણ વાક્ય ક્લિષ્ટ ન બને માટે ક્ષુધાદિ પરીસહોથી અચ-લિત સત્ત્વવાળો એમ ભાવાર્થ લખ્યો છે. બીજા પણ અનેક સ્થાનોમાં આ પ્રમાણે સમજી લેવું

રાજાની સેવા કરવી વગેરે જે શક્ય(=જરૂરી) ક્રિયા કરવામાં આવે તે અર્થદંડ છે, ધર્મ આદિ ત્રણમાંથી એકને પણ જે ન સાધે=જરૂરી ન હોય તે (રસ્તામાં હાલતાં નિરર્થક) ઘાસ કાપવું, વેલડી કાપવી, કાકીડાને મારવો વગેરે ક્રિયા કરવામાં આવે તે અનર્થદંડ છે.

"तिण्णि गुणव्वयाणि तं जहा–दिसिव्वय" ઇત્યાદિ આવશ્યક સૂત્રમાં કહેલા ક્રમના પ્રમાણથી અનર્થદંડવિરતિ વ્રત ત્રીજું છે.

આ વ્રત સ્વરૂપથી અનર્થદંડની વિરતિરૂપ છે. [૮૪]

હવે અનર્થદંડ વિરમણના જ ભેદદ્વારની ગાથા આ છેઃ—

**पावोवएस हिंसप्पयाण अवसाण गुरुपमायरियं।**
**भेया अणत्थदंडस्स हुंति चउरो जिणक्खाया ॥ ८५ ॥**

**ગાથાર્થ**:— અનર્થદંડ વિરમણવ્રતના જિનેશ્વરોએ કહેલા પાપોપદેશ, હિંસકપ્રદાન, અપધ્યાન–આચરણ અને ગુરુપ્રમાદ–આચરણ એમ ચાર ભેદો છે.

**ટીકાર્થ**:— **પાપોપદેશઃ**— ભરવાડ આદિ લોકો કોઈક વાત કરતા હોય ત્યારે ગાડાઓ હાંકો, વાછરડાઓનું દમન કરો, ખેતીનાં કામો શરૂ કરો, વિવાહ વગેરેના ઉત્સવો પ્રવર્તાવો ઇત્યાદિ પ્રેરણા કરવી એ પાપોપદેશ છે.

**હિંસકપ્રદાનઃ**— વિષ, અગ્નિ, શસ્ત્ર વગેરે હિંસક વસ્તુઓ આપવી.

**અપધ્યાન આચરણઃ**— આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરવું એ અપધ્યાન આચરણ છે. જેમકે—

**"મને લક્ષ્મી થાઓ, મને મનપસંદ શબ્દ વગેરે (=સુખસાધનો) મળો, વૈરિવર્ગ મરણ પામો, અથવા આ અહીં મરી ગયો તે સારું થયું."**

**ગુરુપ્રમાદ–આચરણઃ**— ગોળ, ઘી, તેલ, વગેરેને બરોબર ઢાંકવા નહિ, મદિરા, જુગાર (વગેરે) વ્યસનોનું સેવન કરવું, વિષયોમાં લંપટ બનવું, કષાયને વશ બનવું વગેરે પ્રમાદ આચરણ છે.

આ અનર્થદંડો સંબંધી દૃષ્ટાંતો સિદ્ધાંતમાં પ્રસિદ્ધ હોવા છતાં અહીં મૂલગાથામાં વિસ્તારભયથી નથી જણાવ્યા. અમે તો સ્થાન શૂન્ય ન રહે એ માટે લખીએ છીએ. તેમાં પાપોપદેશમાં દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ—

## કપાલભિક્ષુનું દૃષ્ટાંત

અરિમર્દન રાજાએ તળાવ ખોદાવ્યું. અનેક ઉપાયો કરવા છતાં તેમાં પાણી રહેતું ન

હતું. કોઈ વાર નિમિત્તને જાણનારો કોરંટ નામનો કપાલભિક્ષુ (=ભિક્ષાપાત્રમાં ભિક્ષા લેનાર [૧]ભિક્ષુક) રાજસભામાં આવ્યો. રાજાએ તેને પૂછ્યું: શું કરવાથી મારા કરાવેલા તળાવમાં પાણી સ્થિર રહે? તેણે કહ્યું: જો પીળા કેશવાળા, વિષમ દાંતવાળા, વાંકા નાકવાળા, લાંબા કાનવાળા બ્રાહ્મણનો ભોગ આપવામાં આવે તો આ તળાવમાં પાણી રહે. તેવા પુરુષની ઈચ્છાવાળા રાજાએ તેવો પુરુષ લાવવા માટે પોતાના નોકરોને આજ્ઞા કરી. નોકરોને તેવો કોઈ જ માણસ મળ્યો નહિ. તેમણે આવીને રાજાને આ જણાવ્યું. એકે કહ્યું: હે દેવ! યથોક્ત ગુણવાળો એ કપાલભિક્ષુ જ છે. આથી તે જ તે સ્થાનને યોગ્ય છે. રાજાએ તેને લાવવાની આજ્ઞા કરી. નોકરો તેને લઈ આવ્યા. ત્યાં તેને મારી નાખ્યો. જેના અંતઃકરણમાં વૈરાગ્ય રહેલો છે એવા કોઇએ પાપના ઉપદેશથી થતા દોષને પ્રત્યક્ષ જ જોઇને લોકોની આગળ કહ્યું છે કે, હિતકર ન કહેવું, અહિતકર ન કહેવું, હિતકર–અહિતકર ન જ કહેવું. હિતકર ઉપદેશથી કોરંટક નામનો કપાલભિક્ષુ છિદ્રમાં પેઠો, અર્થાત્ [૨]જમીનમાં દટાયો.

## ચોરોનું દૃષ્ટાંત

હિંસક પ્રદાનમાં વિષ આપવા વિષે દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ– એક ચોરપલ્લીના ચોરોએ પલ્લીમાંથી નીકળીને કોઈ સ્થાનમાં ધાડ પાડી. ત્યાંથી ઘણી ગાયોને (=ગાયોરૂપી ધનને) લઇને પોતાના સ્થાનમાં આવવા ચાલવા માંડ્યું. રસ્તામાં સૂર્યાસ્ત થવાના સમયે એક ગામ પાસે આવ્યા. ત્યાં કેટલાક ચોરો દારૂ અને મંડક (=ખાખરા કે તેના જેવી ખાદ્ય વસ્તુ) વગેરે લેવા માટે ગયા. કેટલાક ચોરોએ બહાર જ તેતર વગેરેને મારીને માંસ તૈયાર કર્યું. તે વખતે તેમના મનનો પરિણામ એવો થયો કે, જો ગામમાં ગયેલાઓને મારી નાખવામાં આવે તો આ બધી ગાયો એકલા આપણી જ થાય. ગામમાં ગયેલાઓને પણ આ જ સંકલ્પ થયો કે, જો ગામના દરવાજા આગળ રહેલાઓને મારી નાખવામાં આવે તો આ બધી ગાયો આપણી જ થાય. તેથી બંનેએ પરસ્પરને મારી નાખવાના પરિણામથી પોતપોતાની પાસે રહેલા દારૂ, મંડક અને માંસમાં અર્ધા અર્ધા ભાગમાં ઝેર નાખીને રાતે વાર્તાલાપ કર્યો. પછી પોતપોતાની પાસે રહેલા પદાર્થોમાંથી વિષ ભેળવેલો અર્ધો ભાગ પરસ્પરને આપ્યો. તે ખાવાથી મરણ પામ્યા. તેમનામાં કોઈક ચોરોએ રાત્રિભોજનનો ત્યાગ કર્યો હતો. તે ન મર્યા. બધી ગાયોના તે માલિક થયા. ધર્મના ફળની સાક્ષાત્ ખાતરી થવાથી તે વિશેષ રૂપે વ્રત વગેરેમાં ઉદ્યમવાળા બનીને સુગતિના ભાજન થયા.

---

૧. અથવા મનુષ્યની ખોપરીમાં ભિક્ષા લેનાર ભિક્ષુક.

૨. અથવા વિવર એટલે દોષ, કોરંટકને ગુણને (=લાભને) બદલે દોષ (=અનર્થ) થયો.

## સ્કંદકસૂરિનું દૃષ્ટાંત

અગ્નિ આપવા વિષે દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ– શ્રાવસ્તી નગરીમાં જિતશત્રુ રાજાનો સ્કંદક નામનો રાજકુમાર પુત્ર હતો. તેની પુરંદરયશા બહેન હતી. તેને કુંભકારકટ નગરનો સ્વામી દંડકી રાજા પરણ્યો. ક્યારેક જિતશત્રુરાજાની પાસે પાલક નામનો નાસ્તિકવાદી પુરોહિત આવ્યો. તે નાસ્તિકમાર્ગની પ્રરૂપણા કરવા લાગ્યો. આથી જિનમતમાં શુદ્ધ બુદ્ધિવાળા સ્કંદકકુમારે તેના પ્રશ્નોના ઉત્તરો આપીને તેને નિરુત્તર કરી દીધો. આથી તે સ્કંદક ઉપર દ્વેષવાળો થયો. જિતશત્રુ રાજાએ તેને કાઢી મૂકયો. ભવિતવ્યતાવશ તે દંડકી રાજા પાસે ગયો. સ્કંદકે એકવાર વૈરાગ્ય પામીને પાંચ સો રાજપુત્રોની સાથે મુનિસુવ્રતસ્વામી પાસે દીક્ષા લીધી. ક્રમે કરીને બે પ્રકારની શિક્ષાનું શિક્ષણ લઈને ગીતાર્થ બનેલા સ્કંદકમુનિને આચાર્યપદે સ્થાપન કર્યા. તેમની સાથે જે પાંચ સો રાજપુત્રો દીક્ષિત બન્યા હતા તે જ શિષ્યસંપત્તિ તેમને પ્રાપ્ત થઈ. એકવાર સ્કંદકસૂરિએ ભગવાનને વિનંતિ કરી કે, હે ભગવંત! આપની અનુજ્ઞા હોય તો હું પુરંદરયશા વગેરેને પ્રતિબોધવા માટે કુંભકારકટ નગર જાઉં. ભગવાને કહ્યુંઃ ત્યાં તમને મારણાંતિક ઉપસર્ગ થશે. સ્કંદકસૂરિએ કહ્યુંઃ શું આરાધનાફલ થશે કે વિરાધનાફલ થશે[1]? તીર્થંકરે કહ્યુંઃ તમને છોડીને બીજાઓને આરાધનાફલ થશે. તેથી ભગવાનને વંદન કરીને તે કુંભકારકટ નગર તરફ ચાલ્યા. પાલકે કોઈ પણ રીતે તેમનું આગમન જાણીને તે આવે તે પહેલાં જ સાધુને પ્રાયોગ્ય ઉદ્યાનભૂમિમાં વિવિધ શસ્ત્રો દાટ્યાં. ક્રમે કરીને આચાર્ય ત્યાં સાંજે પધાર્યા. તેમના આગમનને જાણીને અતિશય આનંદથી પૂર્ણ બનેલી પુરંદરયશા તે રાત્રિ અનેક સેંકડો મનોરથોથી પસાર કરીને સવારે રાજાની સાથે વંદન કરવા માટે ગઈ. આચાર્યને વિધિપૂર્વક વંદન કરીને કંબલરત્ન વહોરાવ્યું. આચાર્યે તેને ફાડીને આસન અને રજોહરણ બનાવ્યાં. રાજા પુરંદરયશા અને નગરલોકો આચાર્યની પાસે જ ધર્મદેશના સાંભળવા વડે કેટલોક સમય પસાર કરીને પોતાના સ્થાને ગયા. પોતાના સ્થાનમાં એકાંતમાં રહેલા રાજાને પાલકે કહ્યુંઃ હે દેવ! આ સ્કંદક શ્રમણ નથી, કિંતુ શ્રમણાભાસ છે. તેના ચારિત્રના પરિણામ નાશ પામ્યા છે. પુરંદરયશા દેવીએ કરેલા સંકેત મુજબ તે સાધુવેષથી વિશ્વસનીય બનેલા પાંચ સો રાજપુત્રોની સાથે આપને પકડવા માટે આવ્યો છે. જો આપને વિશ્વાસ ન આવતો હોય તો એમની નિવાસભૂમિમાં દાટેલા શસ્ત્રસમૂહને જુઓ. તેથી તેના વચનને અસંભવિત ધારતા રાજાએ વિશ્વાસુ

૧. ભવિતવ્યતાનો નાશ થતો નથી એમ ધારીને વિચાર્યું કે, મારી સહાયતાથી જો સાધુઓ સિદ્ધિ પ્રાપ્ત કરતા હોય, તો તેથી શું ઓછું ગણાય? એમ ધારીને તે આચાર્ય કુંભકારકટમાં પહોંચ્યા. (ઉપદેશમાલા દોઘટી ટીકા) "તો મારે બધું પૂર્ણ થયું એમ હું માનીશ" આ પ્રમાણે કહીને સ્કંદક મુનિએ પરિવાર સાથે ત્યાંથી વિહાર કર્યો." (ત્રિ. શ. પુ. ચ. પર્વ–૭)

માણસ દ્વારા તપાસ કરાવી. સાચે જ ભૂમિમાં શસ્ત્રસમૂહ જોવામાં આવ્યો. આથી રાજાએ ગુસ્સે થઈને પાલકને જ આજ્ઞા કરી કે, આ ભ્રષ્ટાચારીઓને ઉચિતદંડથી તું જ સજા કર. રાજાનું આ વચન પામીને તે પાપાત્માએ રાતે જ મનુષ્યને પીલવાના યંત્રો મંગાવીને સાધુઓને પીલવા માંડ્યા. આચાર્યે સાધુઓને કહ્યું: તીર્થંકર ભગવાને કહેલો આ મારણાંતિક ઉપસર્ગ તમને આવ્યો છે. આથી તમે આગમના અર્થને યાદ કરીને સમભાવ રાખો. આગમમાં કહ્યું છે કે, **"અજ્ઞાન જીવોથી સુલભ એવા આક્રોશ, તાડન, પ્રાણનાશ અને ધર્મભ્રંશમાં ઉત્તરોત્તરની અપ્રાપ્તિમાં ધીરપુરુષ લાભને માને, અર્થાત્ અજ્ઞાન જીવો આક્રોશ કરે તો સારું છે કે આ જીવો માત્ર આક્રોશ કરે છે, પણ લાકડી વગેરેથી મારતા નથી, એમ ધીરપુરુષ ચિંતવે, અજ્ઞાન જીવો લાકડી વગેરેથી મારે તો, સારું છે કે આ જીવો માત્ર મારે છે, પણ પ્રાણ નાશ કરતા નથી, એમ ચિંતવે, અજ્ઞાન જીવો પ્રાણનાશ કરે તો, સારું છે કે આ જીવો માત્ર પ્રાણનાશ કરે છે, પણ મને ધર્મથી ભ્રષ્ટ કરવાનો પ્રયત્ન કરતા નથી, એમ ચિંતવે. આમ ધીર-પુરુષ પછી પછીની અપ્રાપ્તિથી લાભને માને છે."**

સ્કંદકસૂરિએ પોતાના સાધુઓને આ પ્રમાણે કહીને આલોચના, વ્રતોચ્ચારણ અને ક્ષમાપના વગેરે વિધિ કરાવી. વિશેષથી શું? તેમને ભાવસમાધિ પ્રાપ્ત કરાવી. તેથી પાલકથી પીલાતા તે સાધુઓએ વધતા વિશુદ્ધ અધ્યવસાયથી ક્ષપકશ્રેણિ ઉપર આરૂઢ થઈને ઘાતીકર્મોને ખપાવીને કેવલજ્ઞાન મેળવ્યું. તે જ ક્ષણે થયેલા અતિશય જીવવીર્યો-લ્લાસથી શૈલેશી અવસ્થાને પામીને સાધુઓ મોક્ષમાં ગયા. બધા સાધુઓને પીલ્યા પછી બાળમુનિને પીલવાનો પ્રયત્ન કરતા પાલકને સૂરિએ કહ્યું: તેં મારા આ પાંચ સો સાધુઓને પીલ્યા. સંહનન વગેરે બલથી યુક્ત એમણે તારા ઉપસર્ગને સમભાવથી સહન કર્યો. પણ આ બાલ પીલાતો શું કરશે તે હું જાણતો નથી. તેથી એને હમણાં રહેવા દે, મને જ પહેલાં પીલ, જેથી હું તેનું દુઃખ ન જોઉં. સ્કંદકે સૂરિના વચનની અવગણના કરીને "એને વધારે દુઃખ થાય તેમ હું કરું" એવી બુદ્ધિથી બાલમુનિને જ પહેલાં પીલ્યા. તેથી ગુસ્સે થયેલા સૂરિએ વિચાર્યું: જો, આ દુષ્ટે મારું એકવચન પણ ન માન્યું. તેથી જો મારા આચરેલા તપનું કંઈ ફળ હોય તો આવતા ભવે હું એના વધ માટે થાઉં, માત્ર એના જ વધ માટે નહિ, કિંતુ નગરના બધા લોકો અને પરિવાર સહિત રાજાના પણ વધ માટે થાઉં. કારણકે રાજા પણ એના જેવો જ છે કે જે આવા પ્રકારના પાપકાર્ય કરનારાઓને તક આપે છે. લોકો પણ એવા જ છે કે જેઓ આ પ્રમાણે કુસંગમાં અત્યંત આસક્ત રાજાના નગરમાં વસે છે. આ પ્રમાણે નિદાન કરીને પાલકથી પીલાયેલા, સ્કંદકસૂરિ મરીને અગ્નિકુમાર દેવોમાં ઉત્પન્ન થયા.

બાળસાધુ તો બીજા સાધુઓની જેમ આરાધક થયો. સવારે રુધિરથી ખરડાયેલા સ્કંદકસૂરિના રજોહરણને સમળીએ 'હાથ છે' એમ સમજીને ઉપાડયું. સમળીથી લઈ જવાતું તે રજોહરણ ભવિતવ્યતાવશ પુરંદરયશાદેવીના ભવનમાં તેની આગળ જ પડયું. તેણે રજોહરણ પડયું એ જોયું. હા! મારા ભાઈનું અકુશલ થયું છે એમ વિચારતી તેણે રજોહરણને જોયું. તેટલામાં અગ્નિકુમારે ભવપ્રત્યય વિભંગજ્ઞાનથી પોતાનો પૂર્વભવનો વૃત્તાંત જોયો. આથી તેણે સંવર્તક મહાવાયુ વિકુર્વીને અઢાર યોજન સુધીમાં રહેલા ઘાસ, કાષ્ઠ, કચરો, દ્વિપદ અને ચતુષ્પદ પ્રાણી વગેરેને નગરમાં નાખ્યા. પછી નગરના દરવાજા બંધ કરીને અગ્નિ સળગાવ્યો. ભગવાન મુનિસુવ્રતસ્વામી મારે શરણ છે એમ બોલતી પુરંદરયશાને દેવ ઉપાડીને તીર્થંકરની પાસે લઈ ગયો. ત્યાં તે દીક્ષા લઈને ક્રમે કરીને દેવલોકને પામી. અગ્નિકુમાર દેવે આખું નગર બાળી નાખ્યું. ત્યાં મહાદંડક અરણ્ય થયું, અર્થાત્ તે સ્થાન મહાદંડક અરણ્ય એવા નામથી પ્રસિદ્ધ થયું. આ પ્રમાણે અગ્નિકુમાર દેવે સર્વ દ્વિપદ–ચતુષ્પદ વગેરેને અગ્નિ આપ્યો=અગ્નિમાં બાળી નાખ્યા તે હિંસકપ્રદાન રૂપ અનર્થદંડ છે. બહુ પાપનું કારણ હોવાથી આ ન જ કરવું જોઈએ. બીજાઓએ પણ કહ્યું છે કે–**"નિપુણ પુરુષોએ અગ્નિ, વિષ, શસ્ત્ર, દારૂ અને માંસ આ પાંચ વસ્તુઓ લેવી ન જોઇએ અને આપવી પણ ન જોઇએ."**

અપધ્યાન આચરણ આર્ત–રૌદ્રધ્યાન સ્વરૂપ છે એમ પહેલાં જણાવ્યું છે. તેમાં આર્તધ્યાનનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ–**"રાજ્યનો ઉપભોગ, શયન, આસન, વાહન, સ્ત્રી, સુગંધીમાળા, મણિરત્ન અને આભૂષણો વગેરેની મોહથી અતિશય ઇચ્છા કરે તેને આર્તધ્યાનને જાણનારાઓ આર્તધ્યાન કહે છે."** તેમાં દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ—

## શેખચલીનું દૃષ્ટાંત

ઘણી ભેંસોવાળા કોઈક ગામમાં ભેંસોને ચરાવનાર એક પુરુષ લોકોની ભેંસોનું રક્ષણ કરીને લોકો પાસેથી દૂધ મેળવતો હતો. એક દિવસ તેણે પોતાના વારામાં દૂધથી ભરેલો ઘડો મેળવ્યો. તે ઘડાને પોતાના બે પગ વચ્ચે રાખીને તેણે વિચાર્યુંઃ– આમાંથી મને દહીં, ઘી અને છાશ બહુ થશે. વેચેલા દહીં–છાશમાંથી દિવસનો ખર્ચ નીકળી જશે (=પૂરો થઈ જશે). બીજા બીજા વારાઓથી ઘણું ઘી કરીને વેચીશ એટલે રૂપિયા મેળવીશ. તેનાથી બે બળદ લઈશ. પછી હળ વગેરે બધીય સામગ્રી લઈને ખેતી કરીશ. તેનાથી ઘણું ધાન્ય મળશે. તેના વેચાણથી મારી પાસે વિવિધ વસ્તુઓનો વિસ્તાર થશે. પછી સહાયક (=રોકડ) સંપત્તિથી યુક્ત હું સ્ત્રીને પરણીશ. પછી વિવિધચિત્રોવાળું મોટું ઘર કરાવીને બધીજ રીતે નિશ્ચિંત બનેલો હું ભોગો ભોગવીશ.

મને એક પત્નીથી તૃપ્તિ ન થાય, આથી બીજીને પરણીશ. તે બે પત્નીઓથી કાળે કરીને મને પુત્રો થશે. એક પત્ની મને અતિશય પ્રિય થશે. બીજી પ્રિય નહિ થાય. તેમના પુત્રો પણ એવા (પ્રિય–અપ્રિય) થશે. તેથી ગાયો દોહવાના સમયે પ્રિય પત્ની પોતાનું બાળક ખાટલામાં રહેલા મને જ્યારે આપશે ત્યારે તેને જલદી સારી રીતે લઈ લઇશ, બીજીના છોકરાને તો કંઈક અરુચિ બતાવીને લાતથી મારીશ. આશારૂપી રાક્ષસીના વળગાડથી પરાધીન બનીને આ પ્રમાણે વિચારતા તેણે ડાબો પગ ઉપાડીને દૂધના ઘડાને લાત મારી. લાતના પ્રહારથી ઘડો ભાંગી ગયો અને દૂધ જમીનમાં જતું રહ્યું. આ પ્રમાણે જાણીને વિવેકી પુરુષોએ આર્તધ્યાન ન જ કરવું જોઇએ.

રૌદ્રધ્યાન આચરણમાં તો દુર્મુખના વચનના શ્રવણથી ઉત્પન્ન થયેલા કોપવાળા અને મનથી જ યુદ્ધ કરતા પ્રસન્નચંદ્ર રાજર્ષિ દૃષ્ટાંતરૂપ છે. તે દૃષ્ટાંત પહેલાં જ શિવ-કુમારની કથાના પ્રસંગમાં જણાવ્યું છે. રૌદ્રધ્યાનનું લક્ષણ આ પ્રમાણે છેઃ– છેદવું, બાળવું, ભાંગવું, મારવું, બાંધવું, પ્રહારો કરવા, દમવું, પ્રાણનાશ કરવો– આવું કરીને હર્ષ પામવો અને દયા ન કરવી એને રૌદ્રધ્યાનને જાણનારાઓ રૌદ્રધ્યાન કહે છે.

ઘી વગેરેને બરોબર ન ઢાંકવું, દારૂ વગેરે વ્યસન સેવવું, વિષયોમાં તીવ્ર આસક્તિ કરવી વગેરે ગુરુપ્રમાદ આચરણનું વર્ણન પહેલાં કર્યું છે. આ પ્રમાદ આચરણમાં બરોબર ન ઢાંકવામાં નિરર્થક માખી વગેરે જીવોનો નાશ પ્રસિદ્ધ છે. દારૂ વગેરે વ્યસનમાં પહેલાં દારૂ વિષે ઋષિનું દૃષ્ટાંત કહેલું જ છે. જુગારના વ્યસનમાં પાંડવો રાજ્યને હારી ગયા. વિષયોમાં તીવ્ર આસક્તિ વિષે દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ–

કોઈક [1]સંનિવેશમાં ઐશ્વર્ય આદિના અભિમાનવાળો વેલ્લહલ નામનો વણિકપુત્ર હતો. તેણે ક્યારેક કુંદકલિકા વેશ્યાની સાથે સંગ કર્યો. તેણે એમ ન જાણ્યું કે, તે જ સ્પર્શનું સુખ છે અને તે જ સ્પર્શસુખના અંતે વિડંબના છે. તે સ્ત્રીઓમાં પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રીઓમાં કે વેશ્યાઓમાં શી વિશેષતા છે? (અર્થાત્ સ્વસ્ત્રી, પરસ્ત્રી, અને વેશ્યા એ ત્રણેમાં પ્રારંભમાં સ્પર્શસુખ છે અને અંતે વિડંબના છે. એથી પરસ્ત્રીમાં અને વેશ્યામાં કોઈ વિશેષતા નથી, માટે પરસ્ત્રીગમન અને વેશ્યાગમન નહિ કરવું જોઇએ.) વેશ્યાથી વિવિધ હાવભાવ વગેરેથી વશ કરાયેલો તે પોતાના કુટુંબને ભૂલી ગયો. ઘરનું સારભૂત બધું જ ખાઈ ગયો=વેશ્યા પાછળ ગુમાવી દીધું. પોતાના વંશના હિતચિંતક પરિવારને છોડી દીધો. એના ઘરનું બધું ધન લઈ લીધું છે એમ જાણીને કુંદકલિકાની માતાએ એને પોતાના ઘરમાંથી કાઢી મૂક્યો. પિતાના ઘરે જઇને તેણે જોયું તો ઘરના બધા જ માણસો મરી ગયા હતા અને ઘર પડી ગયું હતું. તેથી ઘણા વિષા-

૧. સંનિવેશ એટલે શહેરની બહારનો ભાગ, જેમ આજે સોસાયટીઓ હોય છે તેમ.

દથી પૂર્ણ હૃદયવાળા તેણે વિચાર્યું: જો, મુશ્કેલીથી રોકી શકાય તેવા વિષયોના વ્યસનરૂપ સાગરમાં ડૂબેલા મેં માણસોની ઉપેક્ષા કરી, ધનસમૂહનો નાશ કર્યો, ઘરનો વ્યવહાર છોડ્યો. વિશેષથી શું? આ આત્માને સમસ્ત દુઃખોનું કારણભૂત દરિદ્રતાનું પાત્ર બનાવ્યો. તેથી હવે શું કરું? અથવા કોઈ પણ રીતે ફરી પણ થોડું ધન મેળવું. કારણકે ધન વિનાના માણસોને કેવળ અનાજ અને વસ્ત્ર જેટલું પણ મળતું નથી. તેથી અનેક નિંદ્ય કામો કરીને ફરી પણ કેટલાક રૂપિયા ભેગા કર્યા એક દિવસ પૂર્વક્રીડાઓને યાદ કરીને સાંજે સ્નાન-વિલેપન કરીને, ઉત્તમ વસ્ત્રો પહેરીને, તાંબૂલ વગેરે સામગ્રીથી સહિત તે પોતાના ઘર તરફ ચાલ્યો. કુંદકલિકાની માતાએ તેને જોયો, અને પોતાના ઘરે લઈ ગઈ. વણિકપુત્રે આપેલા રૂપિયા તેણે સ્વીકાર્યા. પોતાની પુત્રીને તેણે કહ્યું: હે વત્સે! આ તારા પ્રાણપ્રિય વેલ્લહલને ઘણા કાળથી જોયો એટલે તારી પાસે લઈ આવી. તેથી તારે તેની એવી સેવા કરવી કે જેથી તે પોતાના [1]ઘરને ન સંભારે. અતિશય સંભ્રમ બતાવતી તેણે પણ ચરણપ્રક્ષાલન વગેરે ક્રિયા કરીને પોતાના પલંગમાં તેને બેસાડ્યો.

આ તરફ-તેણે એક રાજપુત્રનું ભાડું લીધું હતું. ભવિતવ્યતાવશ તે ત્યારે જ આવ્યો. તેને પલંગ ઉપર બેઠેલો જોયો. તેથી તેને પોતાના પુરુષોથી પકડાવીને પોતાના હાથે છુરી ખેંચીને એના કેશસમૂહને કાપી નાખ્યો, બે કાન કાપી નાખ્યા, હોઠ સહિત નાકને પકડ્યું. પછી ગળાથી પકડીને તે સ્થાનમાંથી બહાર કાઢીને અશુચિસ્થાનમાં નાખી દીધો. વિષયોમાં લંપટ બનવાથી આ ભવમાં પણ આ પ્રમાણે વિડંબના થાય છે એમ જાણીને પોતાનો હિતૈષી કોણ વિષયોમાં અત્યંત આસક્તિ કરે?

મહાન અનર્થનું કારણ કષાયરૂપ પ્રમાદ વિષે કેટલાં દૃષ્ટાંતો લખવાં? તે કષાયોના અશુભ પરિણામો આગમમાં આ પ્રમાણે જણાવ્યા છે:- "**નહિ નિગ્રહ કરાયેલા ક્રોધ અને માન, તેમ જ વૃદ્ધિ પામતા માયા અને લોભ, આ ચારે સંપૂર્ણ કષાયો પુનર્જન્મરૂપ વૃક્ષના મૂળને સિંચે છે.**" (દ. વૈ. અ. ૮. ગા. ૪૦) તથા બીજાઓએ પણ કહ્યું છે કે- "**સંપૂર્ણ લોકમાં દુષ્ટસ્વભાવવાળા કષાયો જેવો બીજો કોઇ કૃતઘ્ન નથી. કારણકે જે જીવ પ્રયત્નથી કષાયોનું લાલન કરે છે તેને જ તે કષાયો અગાધ સંકટમાં નાખે છે.**" "**કષાયથી પરશુરામે પૃથ્વીને ક્ષત્રિયરહિત કરી, અને સુભૂમે પૃથ્વીને બ્રાહ્મણરહિત કરી. તેથી કષાયો જીવને અનંત ભવરૂપ ખાડામાં નાખે છે.**" આથી જ મહાત્માઓએ આ ઉપદેશ આપ્યો છે કે, "**ગુણસેન-અગ્નિશર્માનો, શ્રેણિક-કૂણિકનો**

૧. અહીં શેષે ( સિ૦ હે૦ ૨/૨/૮૧ ) એ સૂત્રથી **निजगृहस्य** એ સ્થળે છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ થયો છે.

**અને ગંગદત્તનો વૃત્તાંત સાંભળીને સાધક ક્ષમાને આચરે."** આ દૃષ્ટાંતો અન્ય ગ્રંથોમાંથી જ જાણી લેવાં. [ ૮૫ ]

ઉત્પત્તિદ્વાર કહે છેઃ-

**दट्ठूण दोसजालं, अणत्थदंडंमि न य गुणो कोइ।**
**तव्विरई होइ दढं, विवेगजुत्तस्स सत्तस्स ॥ ८६ ॥**

**ગાથાર્થ**:- અનર્થદંડમાં દોષના સમૂહને જોઈને અને અનર્થદંડથી કોઈ લાભ થતો નથી એમ જાણીને વિવેકયુક્ત જીવને ઘણી અનર્થદંડની વિરતિ થાય છે.

**ટીકાર્થ**:- વિવેકયુક્ત એટલે ગુણવાળી અને ગુણરહિત વસ્તુની વિચારણાથી યુક્ત, અર્થાત્ લાભ અને હાનિની વિચારણાથી યુક્ત.

**ભાવાર્થ**:- જે અનર્થદંડમાં દોષને જુએ છે, અને તેનાથી કોઈ લાભને જોતો નથી તે વિવેકી જીવનું ચિત્ત અનર્થદંડની વિરતિ કરવામાં ઉત્સાહિત થાય જ છે, એથી પોતાના ઉત્સાહ પ્રમાણે પ્રવૃત્તિ કરનારાઓને અનર્થદંડની વિરતિ થાય છે. [૮૬]

હવે દોષદ્વારઃ-

**रागद्दोषवसट्टा, दुद्दंतुम्मत्तजायवकुमारा।**
**खलियारिऊण य मुणिं, निरत्थयं ते गया निहणं ॥ ८७ ॥**

**ગાથાર્થ**:- રાગ-દ્વેષની આધીનતાથી વ્યાકુલ બનેલા, અંકુશથી રહિત અને મદિરાના મદથી વિહ્વલ બનેલા તે યાદવકુમારો નિરર્થક દ્વૈપાયનમુનિને હેરાન કરીને મૃત્યુ પામ્યા.

**ટીકાર્થ**:- આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો કથાથી જાણવો. તે કથા આ છેઃ-

દેવે રચેલી દ્વારિકા નામની મહાનગરીમાં દશ દશાર્હો હતા. તેમના નાનાભાઈ વસુદેવના કૃષ્ણ અને બલરામ એ બે પુત્રો અનુક્રમે વાસુદેવ અને બલદેવ હતા, અને તેમના મોટાભાઈના પુત્ર અરિષ્ટનેમિ તીર્થંકર હતા. અરિષ્ટનેમિએ બાલ્યકાળમાં જ હાથી, અશ્વ, રથ અને સુભટ એ ચતુરંગી સૈન્યથી યુક્ત જરાસંધ નામના પ્રતિવાસુદેવના સૈન્યમાં રહેલા મુકુટબદ્ધ લાખ રાજાઓને લીલાથી જીતી લીધા. અરિષ્ટનેમિએ આયુધશાલામાં રહેલા પાંચજન્ય નામના શંખને વગાડ્યો અને શાર્ઙ્ગ ધનુષને ચડાવ્યું. આમ કરીને તેમણે કૃષ્ણના ચિત્તમાં આશ્ચર્ય ઉત્પન્ન કર્યું. નેમિકુમારે અને કૃષ્ણે પરસ્પરની બળની પરીક્ષા માટે પરસ્પરની ભુજા નમાવવા વડે યુદ્ધ કર્યું. તેમાં કૃષ્ણે લાંબી કરેલી ભુજાને નેમિકુમારે નેતરની લતાની માફક વાળી નાખી. પછી નેમિકુમારે પોતાની ભુજા

લાંબી કરી. કૃષ્ણ તેમની ભુજાને વાળી શકયા નહિ અને તેમની ભુજા ઉપર લટકી રહ્યા. એ રીતે નેમિકુમારે પોતાનું બળ કૃષ્ણને બતાવ્યું. આવું બળ જોઇને કૃષ્ણને ચિંતા થઇ કે આ નેમિકુમાર મારું રાજ્ય લઈ લેશે. નેમિકુમારે કૃષ્ણની એ ચિંતાને દૂર કરી. નેમિકુમારે વાસુદેવ વગેરેની પ્રાર્થનાથી વિવાહનો સ્વીકાર કર્યો. વિવાહમાં ભોજન માટે રાખેલા અનેક સસલા, ભુંડ અને હરણ વગેરે જીવસમૂહના એક જ સમયે કરેલા કરુણ સ્વરને સાંભળીને નેમિકુમારને અતિશય કરુણા ઉત્પન્ન થઈ. આથી નેમિકુમારે સંવેગથી સમસ્ત સંસારકાર્યોનો ત્યાગ કર્યો, પોતાના વિષે અત્યંત અનુરક્ત અને રૂપ–લાવણ્ય વગેરે ગુણસમૂહથી યુક્ત શ્રીઉગ્રસેન રાજાની પુત્રી રાજીમતીનો ત્યાગ કર્યો. માતા–પિતા વગેરેના શોક–સંતાપની અવગણના કરીને સર્વ પાપવ્યાપારની નિવૃત્તિની પ્રતિજ્ઞા કરી. તેમનો કુમાર અવસ્થાનો કાળ ત્રણસો વર્ષ થયો. પછી તેમના દીક્ષા, જ્ઞાન અને નિર્વાણ એ ત્રણ કલ્યાણક ઉજ્જયંત પર્વતના શિખર ઉપર થયા. આકર્ષાયેલા ચાર નિકાયના દેવ–દેવીઓના સમૂહે તેમની પૂજા કરી. વ્રત લીધા પછી ચોપન દિવસો પસાર કર્યા પછી તેમને નિર્મલ કેવલજ્ઞાન રૂપ પ્રકાશ થયો. તેમનો અઢાર હજાર પ્રસિદ્ધ શ્રમણ-સંઘનો પરિવાર હતો. તેમણે બીજાં બીજાં સ્થાનોમાં વિહાર કરીને દ્વારિકામાં વારંવાર વિહાર કર્યો હતો.

આવા બાવીસમાં તીર્થંકર શ્રી નેમિનાથ જ્યારે વાસુદેવ અને બલદેવ રાજ્યલક્ષ્મીના સુખને અનુભવી રહ્યા હતા ત્યારે કયારેક દ્વારિકાનગરીમાં પધાર્યા. ઇંદ્ર વગેરે દેવસમૂહો આવ્યા. અતિશય ભક્તિથી પ્રેરાયેલા તેમણે સમવસરણ રચ્યું. યાદવોના રાજા વગેરે નગરીના લોકો ભેગા થયા. ભગવાને ધર્મદેશના કરી. દેશના બાદ વિનયથી અંજલિ જોડીને કૃષ્ણે ભગવાનને પૂછ્યું: હે સ્વામી ! હવે મારું આયુષ્ય કેટલું છે ? મહાન ઋદ્ધિથી યુક્ત આ દ્વારિકાનગરી કેટલા કાળ સુધી ટકશે ? અને બંનેનો વિનાશ કોનાથી થશે ? ભગવાને કહ્યું: હવે તમારું આયુષ્ય બાર વર્ષનું છે. દ્વારિકાનગરી પણ એટલા કાળ સુધી જ રહેશે. બંનેનો વિનાશ કોનાથી થશે એમ જે પૂછ્યું તેનો ઉત્તર આ પ્રમાણે છે:– તમારું મૃત્યુ જરાકુમારથી થશે અને દ્વારિકાનો વિનાશ મદિરારસના પાનથી મદવાળા (=નશાવાળા) બનેલા યાદવકુમારોથી હેરાન કરાયેલા દ્વૈપાયનથી થશે. આ સાંભળીને કૃષ્ણનું મન અતિશય વિષાદરૂપી વિષના વેગથી અસ્વસ્થ બની ગયું. ભગવાને સુધર્મની દેશનારૂપી અમૃતવૃષ્ટિથી તેમને આશ્વાસન આપ્યું. કૃષ્ણે ભગવાનને પ્રણામ કરીને બલદેવ વગેરે યાદવસમુદાયની સાથે પોતાની નગરીમાં પ્રવેશ કર્યો. કૃષ્ણે પડહની ઉદ્‌ઘોષણા પૂર્વક નગરીના લોકોને જણાવ્યું કે, બધા જ લોકોએ બધા પ્રકારનો સઘળો દારૂ પર્વતની ગુફાઓમાં લઈ જઇને નાખી દેવો. કારણકે ભગવાને તેના દ્વારા નગરીનો નાશ થશે એમ કહ્યું છે.

આ સાંભળ્યા પછી તુરત દારૂના લાખો નાના ઘડાઓ સેંકડો ગાડાઓથી લઇ જઇને પર્વતની ગુફાઓમાં ફોડી નાખ્યા. દ્વૈપાયનઋષિ નગરીનો વિનાશ પોતાનાથી થશે એમ ભગવાને કહેલું છે એ સાંભળીને મારે વસતિવાળા સ્થાનમાં ન રહેવું એવા અભિપ્રાયથી એકાંત જંગલમાં રહેનારો થયો. જરાકુમાર પણ હા! મને આ દુઃખ છે કે હું પોતાના નાનાભાઇનો વધ કરવાનો છું, તેથી ત્યાં જાઉં કે જ્યાં મારું નામ પણ જાણવામાં ન આવે, આવો વિચાર કરીને કૌશાંબ વનમાં જતો રહ્યો.

દ્વારિકામાં અવસરે બલદેવના બંધુ સિદ્ધાર્થ નામના સારથિએ બલદેવને વિનંતિ કરી કે, મને રજા આપો, જેથી હું દીક્ષા લઉં. તેથી "દુઃખમાં પડેલા મને તારે પ્રતિબોધ કરવો" એમ કહીને બલદેવે તેને રજા આપી. સિદ્ધાર્થે જિને કહેલી દીક્ષા લઇને ઉગ્ર તપશ્ચર્યા કરી. આયુષ્યનો ક્ષય થતાં સમાધિથી મૃત્યુ પામીને દેવ થયો. આ તરફ– છ મહિના પસાર થતાં કાદંબરી ગુફામાં પૂર્વે નાખેલ દારૂ સારો (=સ્વાદિષ્ટ) થઈ ગયો. કામી માણસોના મનને હરનાર વસંત સમય આવતાં ભવિતવ્યતાવશ પ્રદ્યુમ્ન અને શાંબ વગેરે યાદવકુમારો ક્રીડા માટે નીકળ્યા. તેમાંથી શાંબનો એક માણસ કોઈ પણ રીતે પર્વતની ગુફામાં ગયો. ત્યાં તૃષાથી હેરાન થયેલા તેણે પાણીની શોધ કરતાં લોકોએ પૂર્વે નાખેલો દારૂ જોયો. ત્યાંનાં અનેક પુષ્પો અને ફળો વગેરે તેમાં પડવાથી તે દારૂ સુંદર (=સ્વાદિષ્ટ) બની ગયો હતો. તેણે સ્વેચ્છા પ્રમાણે તે દારૂ પીધો. ઘણા વિલંબથી લથડિયા ખાતો ખાતો બીજા કુમારોની પાસે આવ્યો. તેમણે પૂછ્યું: તેં આ શું કર્યું? આટલો વખત તું ક્યાં રહ્યો? તેણે કહ્યું: મેં આજે પૂર્વે ન પીધો હોય તેવો અમૃત સમાન દારૂ પીધો. તે દારૂ અહીં જ થોડી દૂર રહેલી પર્વતની ગુફાઓમાં છે. તેથી તેઓ પણ તેણે બતાવેલા માર્ગે તે સ્થાને ગયા. દારૂને જોયો અને ઘણા વખતથી પીધો ન હોવાથી ઉત્કંઠાથી પીધો. આથી તેમનું ચિત્ત અત્યંત વિહ્વલ બની ગયું. પછી પર્વતના રમણીય સ્થાનોમાં ફરતા તેમણે ધ્યાનમાં રહેલા દ્વૈપાયન ઋષિને જોયા. ઋષિને જોઇને તેમનામાંથી એકે કહ્યું: આ તે છે કે જે આપણી નગરીનો નાશ કરશે. પછી નશાના પ્રમાદને આધીન બનેલા તેમણે પગથી પ્રહાર કરવો અને પથ્થર ફેંકવા વગેરે રીતે તેને માર્યો. પછી કહ્યું: તું અમારી નગરીનો નાશ કરશે. આ પ્રમાણે મશ્કરી કરાતો અને માર મરાતો તે ક્રોધને પામ્યો. મારે ભવન, કોટ, દ્વિપદ અને ચતુષ્પદ પ્રાણીઓ સહિત આ નગરીનો નાશ કરવો એ પ્રમાણે નિદાન કરીને અનશનનો સ્વીકાર કર્યો.

બલદેવ અને વાસુદેવ આ વૃત્તાંત જાણીને અત્યંત ભય પામ્યા, અને તેને શાંત કરવા માટે નગરના વૃદ્ધલોકોની સાથે તેની પાસે આવ્યા. તેમણે ઋષિને કહ્યું: હે ભગવંત! હે મહર્ષિ! આપ મહાન તપસ્વી છો. તેથી બાળક જેવા આ મૂર્ખાઓએ અજાણતાં આપની જે કદર્થના કરી તેની અમને ક્ષમા આપો. મુનિઓ ક્ષમામાં તત્પર હોય છે.

તેથી આપ પ્રસન્ન થાઓ. ઋષિએ કહ્યું: એમણે અપરાધ વિના મારી આ કદર્થના કરી છે. આથી નિષ્કારણ વૈરી બનેલા તેમને બધા લોકોનો વિનાશ કરવા વડે એમના આ દુર્વિનયનું ફલ જલદી બતાવું છું (=બતાવીશ). વાસુદેવે કહ્યું: હે તપસ્વી! એમ ન બોલો. કુતરો કરડે તો શું તેને પણ કરડવું? વળી– યાદવકુમારોએ અપકાર કર્યો તેથી આખીય નગરીના વિનાશ માટે નિદાન કરવું એ શું ઉચિત છે? તેથી કૃપાબુદ્ધિ કરીને અમારા આ એક અપરાધને માફ કરો. દ્વૈપાયને કહ્યું: તમે સુખી છો એટલે બીજાનાં દુઃખોને જાણતા નથી. આ અતિશય પાપીઓએ અનેક રીતે ઘણી મશ્કરી કરીને મને માર્યો છે. તેથી શું આ જ મારા અપકારીઓ છે? નગરના બીજા લોકો અપકારી નથી? તેથી તમે સ્વસ્થાને જાઓ. મારે તો એમની જ મશ્કરી સાચી કરવી છે, આ અપરાધને માફ કરવો નથી. હવે તમારે મને ફરી ફરી કાંઈ પણ કહેવું નહિ. આ વખતે બલદેવે કૃષ્ણને કહ્યું:- અવશ્ય થનારા ભાવને ઈંદ્રસહિત દેવો અને અસુરો પણ અન્યથા કરવા સમર્થ થતા નથી. આથી એને જે રુચે તે ભલે કરે, તમે તેને કેટલી પ્રાર્થના કરશો? આ પ્રમાણે બલદેવે નિષેધ કરવા છતાં અને ઋષિએ રોકવા છતાં કૃષ્ણે સ્વાર્થમાં તત્પર બનીને ફરી ફરી વિનંતિ કરી. એટલે ઋષિએ કહ્યું: તમે આ પ્રમાણે વારંવાર કેમ પ્રલાપ કરો છો? મહાપુરુષ તમને બેને મૂકીને બીજા કીડાને પણ મારે છોડવો નથી. આથી વિશેષથી વિલખા થયેલા કૃષ્ણ બલભદ્ર વગેરે લોકોની સાથે નગરીમાં ગયા. કૃષ્ણે નગરીના બધા લોકોને આદેશ કર્યો કે, બધાએ ઉપવાસ વગેરે તપમાં રક્ત રહેવું અને શાંતિકારક ધર્મ-ક્રિયાઓમાં તત્પર બનવું, જેથી તેને અસમર્થ બનાવી શકાય. તેથી લોકો વિશેષથી ધર્મક્રિયામાં પરાયણ થયા. દ્વૈપાયનઋષિ મરીને અગ્નિકુમાર દેવોમાં ઉત્પન્ન થયો. તેણે ઉપયોગ મૂકીને ભવપ્રત્યય વિભંગજ્ઞાનથી પૂર્વભવમાં કરેલું નિદાન જાણ્યું. તેથી દ્વારિકા-નગરીમાં આવ્યો. ત્યાં બધા લોકોને ભયથી તપ, નિયમ અને શાંતિકારક ધર્મકાર્યો કરવામાં તત્પર જોયા. તેથી પોતાને બતાવીને પોતાના સ્થાને ગયો. લોકોએ તેને ફરી ન જોવાથી અમારી તપશ્ચર્યા આદિથી એ અસમર્થ થઈ ગયો છે એમ વિચાર્યું. આથી લગભગ બાર વર્ષ પસાર થતાં લોકો પ્રમાદી બની ગયા. દ્વારિકા નગરીના લોકો પ્રમાદી બની ગયા છે એમ વિચારીને (=જાણીને) તેણે તક મેળવી લીધી. મહાન સંવર્તક વાયુથી બહાર રહેલા પણ દ્વિપદ વગેરે પ્રાણીઓને અંદર નાખ્યા. પછી બધા દરવાજા બંધ કરીને બધી દિશાઓમાં નગરીને સળગાવી. અતિશય મોટો હોવાના કારણે કાનના પડદાને ફોડી નાખે તેવો, લોકોનો હા સ્વામી! રક્ષા કરો, રક્ષા કરો, અમને પ્રાણની ભિક્ષા આપો ઇત્યાદિ કરુણ પ્રલાપ શરૂ થયો.

આ વખતે પ્રતિકાર ન કરી શકાય તેવા સંકટના આગમનના સ્મરણથી દુઃખી થયેલા વાસુદેવ અને બલદેવ માતા–પિતાની પાસે ગયા. રથને તૈયાર કરીને તેમાં દેવકી

અને રોહિણીની સાથે વસુદેવને બેસાડ્યા. રથ સ્થાનથી આગળ ચાલ્યો નહિ એટલે અશ્વના સ્થાને પોતે જ જોડાઇને સ્વબળથી રથને ખેંચીને દરવાજા સુધી લઈ આવ્યા. લાત મારીને બે બારણાને દૂર કરવા પ્રવૃત્ત થયા તેટલામાં આકાશમાં રહેલા દ્વૈપાયનદેવે કહ્યું: અહીં તમને બેને છોડીને બીજા કીડાનો પણ છૂટકારો નહિ થાય એમ પૂર્વે જ મેં નિર્ણય કર્યો છે, આથી તમે બે જતા રહો, એમનો તો અહીં જ મૃત્યુ છે. આમ કહીને તેમના જોતાં જ રથ બળવા લાગ્યો. આ વખતે તેમની આંખો અતિશય પ્રબળ શોકના વેગથી નિકળી રહેલા આંસુઓના ઉછાળામાં તરવા લાગી. તેથી વસુદેવ વગેરેએ તેમને કહ્યું: હે વત્સો! તમે જાઓ, અમારા માટે તમે વિનાશને ન અનુભવો, અર્થાત્ અમારા માટે તમે દુઃખી ન થાઓ. અનિવાર્ય આપત્તિના નિવારણમાં અસમર્થ તમારે અમારી પાસે કોઈ પણ રીતે ન રહેવું. તમે હશો તો ફરી યાદવવંશની ઉન્નતિ કરી શકાશે. તેથી બળદેવે કૃષ્ણને કહ્યું: પૂજ્યો આ સાચું કહે છે. હવે અહીં આપણા રહેવાથી એમને પણ ઘણી અસમાધિ થાય. આથી વર્તમાનકાળને યોગ્ય એમનું કાર્ય જ કરીને આપણે જઇએ. પછી તેમણે વસુદેવ વગેરેને અનશન આપ્યું, ભગવાન નેમિનાથે કહેલાં અણુવ્રતો વગેરેનું સ્મરણ કરાવ્યું, નમસ્કારમંત્રનું ઉચ્ચારણ કરાવ્યું, સર્વજીવો પ્રત્યે ક્ષમાપના કરાવી. એટલામાં ક્ષણવારમાં વસુદેવ, દેવકી અને રોહિણીની સાથે રથ ભસ્મીભૂત થઈ ગયો. વસુદેવ વગેરે દેવલોકને પામ્યા.

વર્ણન ન કરી શકાય તેવા દુઃખથી ખૂબ દુઃખી થતા તે બે મહાકષ્ટથી કૌશાંબી વનમાં ગયા. ત્યાં કૃષ્ણે બળદેવને કહ્યું : હે બંધુ! હું અહીંથી એક ડગલું પણ જવા સમર્થ નથી. ગાઢ તૃષાથી મારું મોઢું સુકાય છે. આંખ આગળ ફેલાતી અંધકાર રૂપી વેલડીઓ બે આંખોને પીડા કરે છે. ગળા રૂપી બખોલમાં પાણીના એકપણ ટીપાનું ઝરણુ બંધ થઈ ગયું છે, અર્થાત્ ગળું સુકાય છે. બોલવા અસમર્થ હોવાના કારણે જીભ જડતાને પામે છે. આથી બળદેવે કૃષ્ણને થોડા નજીકમાં રહેલા વડલાની છાયામાં બેસાડ્યા. હું પાણી લઈને આવું ત્યાં સુધી તમારે સાવધાન રહેવું એ પ્રમાણે કૃષ્ણને હિતશિક્ષા આપી. પછી વનદેવતાને કહ્યું : મેં આપની આગળ આ થાપણ મૂકી છે, હું અહીં આવું ત્યાં સુધી મારા ભાઈની તમારે રક્ષા કરવી. વનદેવતાને આમ કહીને બળદેવ પાણી લેવા માટે ગયા. શીતલ છાયામાં રહેલા કૃષ્ણનું શરીર વનના ઠંડા પવનથી ખુશ (=સ્વસ્થ) થયું. એથી પીળાવર્ણવાળા [1]ઉત્તરીયવસ્ત્રથી શરીરને સંપૂર્ણ ઢાંકીને, ડાબા ઢીંચણની ઉપર જમણો ઢીંચણ મૂકીને થોડી વાર નિદ્રાસુખને અનુભવ્યું. આ વખતે તે પ્રદેશમાં નજીકમાં રહેલો જરાકુમાર ક્યાંકથી ત્યાં આવ્યો. તેણે સુવર્ણની પીઠવાળો આ હરણ ઉભો છે તેથી તેને મારું એવી બુદ્ધિથી દૂર રહીને જ અતિશય તીક્ષ્ણ બાણ ફેંકીને

૧ ઉત્તરીય એટલે શરીરના ઉપરના ભાગમાં પહેરવા યોગ્ય વસ્ત્ર.

કૃષ્ણને ચરણના તળિયામાં વીંધ્યો. આથી કૃષ્ણ ( જાગીને ) બોલ્યા : ખબર ન પડે તે રીતે વર્તન કરીને વિશ્વાસથી સુતેલા મને આ પ્રમાણે કોણે હણ્યો ? પરાક્રમના અભિમાન-વાળા પુરુષો સુતેલા કે અસાવધાન વગેરે ઉપર પ્રહાર કરતા નથી. મેં ત્રણસો સાઠ યુદ્ધો કર્યાં છે, પણ તેમાં જેના કુલ અને શીલના સ્વરૂપનું મને જ્ઞાન ન હોય તેવા કોઈ પુરુષને મેં હણ્યો નથી. કૃષ્ણના આ શબ્દો સાંભળીને જરાકુમારે ખેદપૂર્વક વિચાર્યું : આહા ! મેં આ શું કર્યું ? આ સુવર્ણની પીઠવાળો હરણ નથી, કિંતુ હરણબુદ્ધિથી છેતરાયેલા અને વૃક્ષસમૂહથી અદૃશ્ય શરીરવાળા મારાથી આ કોઈક મનુષ્ય જ બાણથી હણાયો છે. તેથી તેની પાસે જાઉં અને એ કોણ છે તે જોઉં. ઉક્તપ્રમાણે બોલતા કૃષ્ણે જેટલામાં મુખ ઉપરથી વસ્ત્ર ઉતારીને જોયું તેટલામાં ઉક્ત વિચાર કરતો જરાકુમાર કૃષ્ણની પાસે આવ્યો. પરસ્પરનાં દર્શન થયાં. જરાકુમારે પોતાનું કુલ અને વનમાં આવવાનું કારણ જણાવ્યું. તેથી વાસુદેવે બે હાથ લાંબા કરીને જરાકુમારને કહ્યું : આવ, આવ, મને ભેટ, લાંબા કાળથી તારા વિરહરૂપી અગ્નિથી અતિશય બળતા આ મારા શરીરને સ્વસંગરૂપી જલથી શાંત કર. જેની રક્ષા માટે સંસારનાં સર્વસુખોથી વિમુખ બનીને તેં બાર વર્ષ સુધી વનવાસનું દુઃખ અનુભવ્યું તે વાસુદેવ મને વિધાતાએ તારી સાથે જોડી આપ્યો. આ જાણીને જરાકુમારની આંખો પુષ્કળ આંસુઓથી ભરાવા લાગી. તે કૃષ્ણની પાસે જઈને તેનાં ચરણોમાં પડીને વિલાપ કરવા લાગ્યો, એટલે કૃષ્ણે કહ્યું : હે બંધુ ! વિલાપ ન કર. કારણ કે—“**મહાન મેરુ પર્વત ચલાયમાન થાય, સૂર્ય પશ્ચિમ દિશામાં ઊગે, આ ત્રણ લોકનું સ્થાન ફરી જાય, તો પણ જિન-વચનમાં ફેરફાર ન થાય.** તેથી હજી પણ બલદેવ અહીં ન આવે ત્યાં સુધીમાં તું પાંડુમથુરા નગરી તરફ ચાલ્યો જા. જેથી મારા વિનાશથી ઉત્પન્ન થયેલા ક્રોધવાળો બલદેવ બંધુવધ ન કરે. આ મારું કૌસ્તુભરત્ન લે. પાંડવોને ( મારા મૃત્યુનો ) વિશ્વાસ થાય એ માટે આ કૌસ્તુભરત્ન તેમને બતાવવું. મારા મિચ્છામિ દુક્કડં કહેવા. આ પ્રમાણે કહીને જરાકુમારને મોકલી દીધો. પછી પોતે ધ્યાન કરવા લાગ્યા. તે આ પ્રમાણે :—યાદવકુલના અલંકારભૂત શ્રી અરિષ્ટનેમિ ભગવાનને નમસ્કાર થાઓ, સર્વસિદ્ધોને નમસ્કાર થાઓ, અતીત, અનાગત અને વર્તમાનકાલનાં અરિહંતોને નમસ્કાર થાઓ. હા ! પાપી દ્વૈપાયને સારું ન કર્યું. જો કે કુમારોએ એને હેરાન કર્યો, તો પણ સર્વલોકોનો ક્ષય કરવા આવું અનાર્યજનને યોગ્ય આચરણ કરવું એ એને ઉચિત ન ગણાય. મને પણ તેવો કોઈ અવસર મળી જશે તો હું પણ તેના આ આચરણના માહાત્મ્યને જોઈ લઈશ. આ પ્રમાણે વિવિધ ધ્યાનને કરતા કૃષ્ણ મૃત્યુ પામ્યા. આ વખતે હાથમાં પાણીથી ભરેલા કમલપત્રના પડીયાને લઈને બળદેવ આવ્યા. કૃષ્ણને મરેલા જોઈને મૂર્છા પામ્યા. પછી ચેતનાને પામીને વિલાપ કર્યો, વિવેકહીન બનીને કૃષ્ણના મૃતકને ખભા ઉપર મૂકીને છ મહિના સુધી ઉપાડ્યું, સિદ્ધાર્થદેવે પ્રતિબોધ પમાડ્યો, ચારિત્ર લઈને પાંચમા

દેવલોકમાં ગયા, ઈત્યાદિ બધું વિસ્તારથી હવે કહેવાશે તે હરણની કથામાંથી જાણી લેવું. અહીં મદ્યપ્રમાદરૂપ અનર્થદંડથી તે કુમારો વિનાશ પામ્યા, માટે અનર્થદંડવિરતિ કરવી જોઈએ એ પ્રમાણે દ્વારગાથાનો ભાવાર્થ છે. [८७]

હવે ગુણદ્વાર :–

जे पुण अणत्थदंडं, न कुणंति कयंपि कहवि निंदंति ।
ते अंगरक्खसड्ढो, व्व सावया सुहनिही हुंति ॥८८॥

**ગાથાર્થ:**– જેઓ અનર્થદંડ કરતા નથી, અનુપયોગ વગેરે કોઈ કારણથી અનર્થદંડ કર્યું હોય તો તેની નિંદા કરે છે, તે શ્રાવકો અંગરક્ષક (=શરીરરક્ષા માટે નિયુક્ત કરાયેલા) શ્રાવકની જેમ સુખના ભંડાર બને છે.

**ટીકાર્થ:**– આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો કથાથી જાણવો. તે કથા આ છે:–

પૃથ્વીપ્રતિષ્ઠિત નામના નગરમાં પ્રચંડ પ્રતાપથી ઘણા [1]મંડલોને સાધનાર અરિદમન નામનો રાજા હતો. તેના જિનપાલ અને ચંદ્રપાલ નામના અનુક્રમે સમ્યગ્દષ્ટિ અને મિથ્યાદષ્ટિ અંગરક્ષકો હતા. હાથમાં તલવાર લઈને સતત અપ્રમત્તપણે રાજાના શરીરની રક્ષા કરતા તે બન્નેનો કેટલોક કાળ પસાર થયો. એકવાર રાજા વિજયયાત્રા માટે નગરની બહાર લશ્કરનો પડાવ કરીને રહ્યો. ત્યાં રાત્રિના પ્રયાણમાં સૈનિકના માણસોએ એકદમ ઉતાવળ કરી. તેમાં કોઈપણ રીતે તે બે પોતપોતાની તલવાર ભૂલી ગયા. અર્ધા રસ્તે ગયા પછી તલવારો યાદ આવી. તેથી બંનેએ પરસ્પર કહ્યું: આપણી તલવારો ત્યાં ભૂલાઈ ગઈ. પછી સમ્યગ્દષ્ટિએ કહ્યું : હે ચંદ્રપાલ! આપણે પાછા ફરીને ફરી તે સ્થાનને જોઈએ અને ત્યાં જ રહેલી તે તલવારોને મેળવીએ. ચંદ્રપાલે કહ્યું : રાજાની મહેરબાનીથી મારે કાંઈ ઓછું નથી. જો તલવારો ભૂલાઈ ગઈ તો તું તેને ભૂલી જા, બીજી સુંદર તલવાર થશે. તેથી જિનપાલે વિચાર્યું : આ સાચું કહે છે કે, રાજાની મહેરબાનીથી બીજી પણ તલવાર થશે. પણ તે આ પ્રમાણે જાણતો નથી કે, આ પંચેંદ્રિયવધનું મોટું શસ્ત્ર છે. આથી અવિધિથી તજેલા એનાથી આ લોકમાં અને પરલોકમાં મહાઅનર્થ થશે. તેથી અજ્ઞાનરૂપી અંધકારથી ઢંકાયેલા વિવેકરૂપી નેત્રોવાળો તે નથી લેતો તો ભલે ન લે. જિનાગમના ઉપદેશરૂપી શુભ ઔષધથી દૂર કરાયેલ અજ્ઞાનરૂપી અંધકારના સમૂહવાળા મારે તો મહાન અનર્થનું કારણ આ તલવારની ઉપેક્ષા કરવી ઉચિત નથી. તેથી તે તે સ્થાનમાં ગયો. બધા સ્થળે તલવારની શોધ કરી. તે સ્થાનમાં રહેલા લોકોને પૂછ્યું. જરા પણ પતો લાગ્યો નહિ. તેથી મંડલ આગળ તે સ્થાનમાં નજીકમાં રહેલા

૧. ચાલીશ યોજન પ્રમાણ પૃથ્વીના પ્રદેશને મંડલ કહેવામાં આવે છે.

લોકોની સમક્ષ તે તલવાર ઉપર પોતાની માલિકીનો ત્યાગ કરીને ફરી પોતાના સૈન્યના સ્થાનમાં આવી ગયો. ત્યાર બાદ શત્રુને જીતી લેનારા રાજાની સાથે તે બે અંગરક્ષકો પોતાના નગરમાં આવ્યા.

આ તરફ—અન્યદેશના કોઈ પુરુષોને તે તલવારો મળી. તે પુરુષો ફરતાં ફરતાં તે જ નગરમાં આવ્યા. ક્યાંક એકાંતમાં રહેલા અને કોઈપણ રીતે અસાવધાન બનેલા રાજપુત્રને તેમણે જોયો. રાજપુત્રને કેદ કરવા માટે પકડવા લાગ્યા. તેથી તેમનો ભાવ જાણનારા રાજપુત્રે તેમની સાથે યુદ્ધ કર્યું. પરસ્પર પ્રહારોથી રાજપુત્ર અને તે પુરુષો મૃત્યુ પામ્યા. ઘણા લોકો ત્યાં ભેગા થયા. કોઈ રાજપુરુષે જિનપાલ અને ચંદ્રપાલ નામથી અંકિત થયેલી તે બે તલવારો જોઈ. તે બે તલવારો ગુપ્ત કરીને રાજાને આપી, અને પુત્રમૃત્યુના સમાચાર કહ્યા. તલવારોને તેમના નામથી અંકિત થયેલી જોઈને રાજાએ પહેલાં જિનપાલને બોલાવ્યો. તલવાર બતાવીને રાજાએ તેને કહ્યું : લે આ તારી પોતાની તલવાર. તેણે કહ્યું : આ તલવાર મારી નથી. રાજાએ પૂછ્યું : કેવી રીતે? જિનપાલે કહ્યું : કારણ કે તે તલવાર ઉપર મારી પોતાની માલિકીનો મેં ત્યાગ કરી દીધો છે. પછી પૂર્વનો વૃત્તાંત જણાવ્યો. ખુશ થયેલા રાજાએ તેની પૂજા કરી. પછી રાજાએ ચંદ્રપાલને બોલાવ્યો. તેને પણ તે જ પ્રમાણે કહ્યું : તેણે સૂક્ષ્મ વિચાર કર્યો નહિ. કેવલ આ મારી છે એમ કહીને વિચાર કર્યા વિના જ લઈ લીધી. તેથી આ પ્રમાદી છે એમ વિચારીને રાજાએ તેને દંડ કર્યો અને અંગરક્ષકપદેથી ઉતારી દીધો. આ પ્રમાણે અનર્થદંડથી નિવૃત્ત નહિ થયેલાઓના અનર્થને જાણીને ભવાંતરના શરીર વગેરેમાં પણ મમત્વબુદ્ધિનો ત્યાગ કરવા માટે વોસિરાવવાનો ઉપયોગ કરવો જોઈએ, અન્યથા તે વસ્તુ સંબંધી પરિગ્રહદોષ દૂર ન થતો હોવાથી તેનાથી થતો કર્મબંધ અટકે નહિ, એ પ્રમાણે પ્રસ્તુત ગાથાનો ભાવાર્થ છે. [ ૮૮ ]

હવે અનર્થદંડ વિરમણવ્રતનું યતનાદ્વાર કહેવાય છે :—

**कज्जं अहिकिच्च गिही, कामं कम्मं सुहासुहं कुणइ ।**
**परिहरियव्वं पावं, निरत्थमियरं च सत्तीए ॥८९॥**

**ગાથાર્થ** :— જો કે ધર્મ, ઇંદ્રિય અને સ્વજન સંબંધી પ્રયોજનને સ્વીકારીને ગૃહસ્થ ઘણાં શુભાશુભ કાર્યો કરે છે, તો પણ નિરર્થક પાપકાર્યોનો ત્યાગ કરવો જોઈએ, અને પ્રયોજનવાળાં (=જરૂરી) કાર્યોનો પણ શક્તિ પ્રમાણે ત્યાગ કરવો જોઈએ.

**ટીકાર્થ** :—**શુભાશુભકાર્યો** :— ચૈત્યવંદન વગેરે કરવું, કરાવવું એ શુભકાર્ય છે, અથવા સુવર્ણ, રત્ન, કેશર વગેરેનો વેપાર [1]શુભકાર્ય છે. ચંડિકાદેવીનું મંદિર કરાવવું

૧. અહીં સુવર્ણ વગેરેના વેપારને શુભકાર્ય કહેલ છે તે બીજા વેપારોની અપેક્ષાએ તેમાં અલ્પ પાપ થાય છે એ દૃષ્ટિએ સમજવું.

વગેરે અશુભકાર્યો છે. અથવા દારૂ, મધ, શસ્ત્ર, સાંવરણી, કાંસકી, કોલસા વગેરેનો વેપાર કરવો એ અશુભકાર્ય છે.

**નિરર્થક પાપકાર્યોનો ત્યાગ :–** દારૂ વેચવો, મધ વેચવું, વગેરે નિરર્થક કાર્યોનો ત્યાગ કરવો જોઇએ.

**પ્રશ્ન :–** નિષ્પ્રયોજન (=બિન જરૂરી) કાર્યોનો ત્યાગ કરવો જોઈએ એનો અર્થ એ થયો કે પ્રયોજનવાળાં (=જરૂરી) કાર્યો કરવા જોઇએ એવો ઉપદેશ આપ્યો, એટલે પ્રયોજનવાળાં કાર્યોનો ક્યારે પણ ત્યાગ કરવો ઉચિત ન ગણાય.

**ઉત્તર :–** એવું નથી. જરૂરી કાર્યોનો પણ નિર્વાહ થાય તે પ્રમાણે ત્યાગ કરવો જોઇએ. આથી જ ગ્રંથકાર કહે છે કે–'इयरं च सत्तीए'=કેવલ બિનજરૂરી કાર્યોનો જ ત્યાગ કરવો જોઈએ એવું નથી, જરૂરી કાર્યોનો પણ શક્તિ પ્રમાણે એટલે કે અધિક–ઓછા લાભનો વિચાર કરીને જે રીતે નિર્વાહ થાય તે રીતે ત્યાગ કરવો જોઈએ. [૮૯]

હવે અનર્થદંડ વિરમણ વ્રતના જ અતિચારદ્વારની ગાથા :–

**कंदप्पं कुक्कुइयं, मोहरियं संजुयाहिगरणं च ।**
**उवभोगे अइरेगं, पंचइयारे परिहरेज्जा ॥९०॥**

**ગાથાર્થ :–** કંદર્પ, કૌકુચ્ય, મૌખર્ય, સંયુક્ત–અધિકરણ અને ઉપભોગ–અતિરેક એ પાંચ અતિચારોનો ત્યાગ કરે.

**ટીકાર્થ :–કંદર્પ :–** કંદર્પ એટલે કામ=વિષયરાગ. કામનું કારણ બને તેવો વિશિષ્ટ વચનપ્રયોગ પણ કંદર્પ કહેવાય, અર્થાત્ મોહ વધે તેવી હાંસી કરવી એ કંદર્પ છે. અહીં સામાચારી આ પ્રમાણે છે :– શ્રાવકને અટ્ટહાસ્ય કરવો યોગ્ય નથી, જો શ્રાવક હશે તો પણ થોડું (=સામાન્ય મોઢું મલકાય તેટલું) જ હસે.

**કૌકુચ્ય :–** હાસ્ય વગેરે કરાવે તેવી મુખ અને આંખ વગેરેની વિકારવાળી અનેક–પ્રકારની ચેષ્ટાઓ કૌકુચ્ય છે, અર્થાત્ ભાંડની જેમ નિરર્થક ક્રિયા કરવી એ કૌકુચ્ય છે. અહીં સામાચારી આ પ્રમાણે છે :– જેનાથી લોકોને હસવું આવે તેવાં વચનો બોલવાં, એવી ગતિથી જવું, તેવી સ્થિતિથી ઉભા રહેવું કે બેસવું એ શ્રાવકને ન કલ્પે=યોગ્ય નથી.

કંદર્પ અને કૌકુચ્ય એ બે અતિચારો પ્રમાદ–આચરણ વ્રતના જાણવા. કારણ કે તે બે પ્રમાદરૂપ છે. હવે કહેવાશે તે છેલ્લો ઉપભોગ–અતિરેક અતિચાર પણ પ્રમાદ-આચરણ વ્રતનો જ છે. કારણ કે તે વિષયરૂપ છે. (પાંચ પ્રકારના પ્રમાદમાં વિષયની ગણતરી હોવાથી વિષયો પ્રમાદરૂપ છે.)

**મૌખર્ય** :– પ્રાયઃ ધિટ્ઠાઈભિર્યું, અસત્ય અને સંબંધ વિનાનું બોલવું તે મૌખર્ય. આ અતિચાર પાપોપદેશવ્રતનો છે. કારણ કે મૌખર્યથી (=નિરર્થક બહુ બોલવાની ટેવથી) પાપોપદેશ થવાનો (બહુ) સંભવ છે.

**સંયુક્ત–અધિકરણ** :– જેનાથી આત્મા નરકાદિમાં જોડાય તે અધિકરણ. કુહાડો, ખાંડણીયું, વાટવાનો પથ્થર અને ઘંટી વગેરે (હિંસા દ્વારા દુર્ગતિનું કારણ હોવાથી) અધિકરણ છે. સંયુક્ત એટલે [1]જોડેલું. હિંસક સાધનોને ગોઠવીને (જોડેલાં) તૈયાર રાખવાં તે સંયુક્ત અધિકરણ છે. અહીં સામાચારી આ પ્રમાણે છેઃ–શ્રાવકે ગાડું વગેરે સાધનોને જોડેલાં તૈયાર ન રાખવાં જોઈએ.

આ અતિચાર હિંસકપ્રદાનવ્રતનો છે.

**ઉપભોગ–અતિરેક** :– એકવાર જે ભોગવાય તે પુષ્પ, તાંબુલ વગેરે ઉપભોગ. અહીં ઉપભોગના ઉપલક્ષણથી વસ્ત્ર, ઘર વગેરે પરિભોગ પણ સમજી લેવો. અથવા જે ભોગવાય તે ઉપભોગ એવી વ્યુત્પત્તિથી સામાન્યથી જ જે ભોગવવા (=વાપરવા કે ઉપયોગ કરવા) યોગ્ય હોય તે (બધી) વસ્તુ ઉપભોગ શબ્દથી વિવક્ષિત છે. પોતાને અને પોતાના કુટુંબને જરૂર પડે તેનાથી અધિક ઉપભોગની સામગ્રી રાખવી તે ઉપભોગ–અતિરેક છે. અહીં સામાચારી આ પ્રમાણે છેઃ–શ્રાવક તેલ–આમળાં (–સાબુ) ઘણાં રાખે તો તેના લોભથી ઘણા સ્નાન કરવા તળાવ આદિ સ્થળે જાય. તેથી પાણીના જીવોની અને તેમાં રહેલા પોરા વગેરે જીવોની અધિક વિરાધના થાય. એ પ્રમાણે તંબોલપાન આદિ વિષે પણ સમજવું. આથી શ્રાવકે તેવી સામગ્રી જરૂરીયાત કરતાં વધારે નહિ રાખવી જોઇએ.

**પ્રશ્નઃ**– ઉપભોગમાં વિધિ શો છે? **ઉત્તર** :–મુખ્યતયા શ્રાવકે ઘરે જ સ્નાન કરવું જોઇએ, ઘરે સ્નાન કરવાની અનુકૂળતા ન હોય તો ઘરે તેલ–આમળાથી માથું ઘસીને માથા ઉપરથી તેલ–આમળાં ખંખેરીને તળાવ વગેરે સ્થળે જાય, ત્યાં તળાવ આદિના કિનારે બેસીને અંજલિથી (ખોબા ભરીને) સ્નાન કરે. (અર્થાત્ તળાવ આદિમાં પ્રવેશીને સ્નાન ન કરે તથા બહુ પાણી ન વાપરે.) તથા જેમાં કુંથુઆ વગેરે જીવો હોય તેવાં પુષ્પો વગેરેનો ઉપયોગ ન કરે.

---

૧. સાધનો ગોઠવીને (=જોડેલાં) તૈયાર હોય તો પોતાનું કાર્ય કરી શકે, છૂટા નહિ. જેમકે ગાડા સાથે ધોંસરી જોડેલી હોય તો જ ગાડું સ્વકાર્ય કરી શકે. આથી ટીકાના '**अर्थक्रियाकरण-समर्थं**' નો તાત્પર્યાર્થ જોડેલું એવો છે. **अर्थ** એટલે પદાર્થ–વસ્તુ. ક્રિયા એટલે કાર્ય. દા. ત. ઘટરૂપ પદાર્થની ક્રિયા=કાર્ય જલાનયન છે. એમ ગાડાનું જે કાર્ય છે તે કાર્ય કરવા ગાડું ત્યારે જ સમર્થ બને કે જ્યારે ગાડું ધોંસરી વગેરેથી યુક્ત હોય. આમ **अर्थक्रिया–करणसमर्थं** નો ભાવાર્થ જોડેલું થાય.

આ કંદર્પ વગેરે પાંચ અતિચારો પાપોપદેશ, હિંસકપ્રદાન અને પ્રમાદ આચરણ વ્રતમાં બતાવ્યા. અપધ્યાન–આચરણ વ્રતમાં તો અનાભોગ આદિથી અપધ્યાન થાય એ જ અતિચાર છે.

અનાભોગ આદિથી અપધ્યાન થાય એ અતિચાર મૂળગાથામાં કહ્યો ન હોવા છતાં કંદર્પ વગેરે અતિચારોના અનુસારે સમજી લેવો. માત્ર અપધ્યાન જ અનાભોગ આદિથી થાય તો અતિચાર છે એમ નથી, કિંતુ કંદર્પ વગેરે પણ અનાભોગ આદિથી થાય તો જ અતિચાર છે, ઈરાદાપૂર્વક થાય તો તે ભંગરૂપ જ છે. હવે પછીની (૯૧ મી) ગાથામાં આ બાબત કહેશે.

**પ્રશ્નઃ–** અનાભોગથી અપધ્યાન વગેરે પણ અતિચારો છે, તો અહીં અતિચારો પાંચ જ કેમ કહ્યા ? **ઉત્તરઃ–** મૂળ ગાથામાં પાંચ અતિચારો કહ્યા હોવાથી (ટીકામાં) પાંચ અતિચારો કહ્યા છે. બાકી પાંચ જ અતિચારો છે એવો નિયમ નથી. [૯૦]

ભંગદ્વાર વિષે કહે છેઃ–

**कंदप्पाइ उवेचा, कुव्वंतो अइकिलिट्ठपरिणामो।**
**पावस्सुदएण गिही, भंजइ एवं अविण्णाणो ॥ ९१ ॥**

**ગાથાર્થઃ–** વિશિષ્ટ વિવેકથી રહિત ગૃહસ્થ કંદર્પ વગેરે અતિચારોને ઈરાદાપૂર્વક કરે તો પાપના ઉદયથી વ્રતનિરપેક્ષ અધ્યવસાયવાળો (=વ્રતરક્ષાના ભાવથી રહિત) થયો છતો તે અનર્થદંડ વિરમણ વ્રતને મૂળથી ભાંગે છે. [૯૧]

અનર્થદંડ વિરમણવ્રતની ભાવનામાં આ ગાથા છેઃ–

**चिंतंति करिंति सयंति जंति जंपंति किंपि जयणाए।**
**तम्मुवउत्ता सम्मं, जे ते साहू नमंसामि ॥ ९२ ॥**

**ગાથાર્થઃ–** જેઓ સમ્યક્ (=અવિપરીતપણે) ચિંતનમાં, કરણમાં (=ક્રિયા કરવામાં), શયનમાં, ગમનમાં (=જવામાં) અને બોલવામાં ઉપયોગવાળા છે અને (એથી) યતનાથી ચિંતવે છે, ક્રિયા કરે છે, સુવે છે, જાય છે, થોડુંક બોલે છે, તે સાધુઓને હું નમસ્કાર કરું છું.

**ટીકાર્થઃ– થોડુંક બોલે છેઃ–** સાધુઓ ધર્મની પુષ્ટિ કરનારું હોય તેવું થોડુંક જ બોલે છે, નહિ કે બધું જ. આર્તધ્યાન વગેરે પાપને કરાવનારું હોય તેવું પણ બોલતા નથી. યતના એટલે અધિક–અલ્પ લાભની વિચારણા. અહીં 'યતનાથી' એમ કહીને એ જણાવે છે કે– યતનાથી કરાતી સઘળીય ક્રિયા પાપબંધનું કારણ બનતી નથી. કહ્યું છે કે–

**"સાધુ યતનાથી ચાલે, યતનાથી ઉભો રહે, યતનાથી બેસે, યતનાથી સુવે, યતનાથી આહાર કરતો અને બોલતો સાધુ પાપકર્મ (=અકુશલાનુબંધી જ્ઞાનાવરણીયાદિ કર્મ) બાંધતો નથી."** (દશવૈ. અ. ૪, ગા. ૮)

**ચિંતનમાં ઉપયોગઃ–** ઉપયોગ જેનું લક્ષણ છે, જે અનાદિ–અનંત છે, શરીરથી ભિન્ન છે, પોતે (પોતાના) કર્મનો કર્તા છે, અને કર્મફલનો ભોક્તા છે, એવો આત્મા મારે ચિંતન કરવા યોગ્ય છે, અથવા તેનાં લક્ષણો વગેરેથી યુક્ત અજીવાદિ પદાર્થો મારે ચિંતન કરવા યોગ્ય છે. જે સાધુ ચિંતનમાં પ્રવૃત્ત થયો નથી તેને આ ઉપયોગ હોય. (અર્થાત્ ચિંતનમાં પ્રવૃત્ત ન હોય ત્યારે આ ઉપયોગ હોય) ચિંતનમાં પ્રવૃત્ત થયેલા સાધુને તો હું શુભ ચિંતવું છું કે અશુભ ચિંતવું છું? એવો ઉપયોગ હોય. તેમાં જ્યારે અનાભોગ આદિથી અશુભ વિચારાઈ જવાય ત્યારે મિચ્છામિ દુક્કડં આપે, પશ્ચાત્તાપ કરે અને અશુભને છોડીને ફરી શુભ જ ચિંતવે. શુભ ચિંતવવામાં પણ બીજા બીજા પદાર્થોમાં જતા ચિત્તને રોકવું જોઈએ. એક જ વસ્તુમાં અધિક અધિક સૂક્ષ્મ ઉપયોગથી ચિત્તને ધારણ કરવું જોઈએ.

**કરણમાં ઉપયોગઃ–** ચૈત્યવંદન, પ્રતિક્રમણ વગેરે નિષ્પાપ અનુષ્ઠાન શાસ્ત્રોક્ત વિધિથી મારે કરવું જોઈએ, નહિ કે સાવદ્ય પ્રવૃત્તિરૂપ અનુષ્ઠાન. જે સાધુ ક્રિયામાં પ્રવૃત્ત થયો નથી તેને આ ઉપયોગ હોય. ક્રિયામાં પ્રવૃત્ત થયેલા સાધુને તો "હું જરાપણ સાવદ્ય ન આચરું" એવો ઉપયોગ હોય. તેમાં અનુપયોગ વગેરેથી સાવદ્ય આચરણ થઈ જાય તો પણ મિચ્છામિ દુક્કડં આપે, પશ્ચાત્તાપ કરે અને સાવદ્ય આચરણને છોડીને નિરવદ્ય જ આચરણ કરે. તેમાં પણ ફરી સાવદ્ય આચરણ ન થાય એ માટે શક્તિ હોય તો અભિગ્રહપૂર્વક કાયોત્સર્ગ વગેરે કરે.

**શયનમાં ઉપયોગઃ–** ગુરુ પાસે મુહપત્તિની પડિલેહણાપૂર્વક સંથારો કરવાની રજા લઈ હાથને ઓશીકું કરીને ડાબા પડખે આડા પડીને મારે સૂવું જોઈએ. શયનમાં પ્રવૃત્તિ ન થઈ હોય ત્યારે આ ઉપયોગ છે. શયનમાં પ્રવૃત્તિ થતાં તો ઉપયોગ આ પ્રમાણે હોયઃ– પગ અને હાથને ફેલાવીને ન સુવે, અર્થાત્ પગ અને હાથને સંકોચીને સુવે, જ્યારે પગ અને હાથ સંકોચાયેલા હોય તેવી સ્થિતિમાં ન રહી શકે ત્યારે કુકડીના દૃષ્ટાંતથી પાદપ્રસારણ વગેરે કરે. પગ વગેરે જ્યાં મૂકવાના હોય ત્યાં (ચક્ષુથી) જોઈને અને (રજોહરણથી) પ્રમાર્જીને મૂકે. અવિધિથી શયન વગેરે થાય તો પૂર્વે કહ્યું તેમ મિથ્યાદુષ્કૃત વગેરે કરે.

**ગમનમાં ઉપયોગઃ–** નીચે જમીનમાં [1]યુગપ્રમાણ દૃષ્ટિ રાખીને ચિત્તના વ્યાક્ષેપથી

---

૧. યુગ એટલે બળદોને ગાડામાં જોડવાની ધોંસરી. ધોંસરી ચાર હાથ પ્રમાણ હોય છે. **युगमात्रं=चतुर्हस्तप्रमाणं शकटोद्धिसंस्थितं** (આચા. શ્રુ. ૨, અ. ૩, ઉ. ૧, સૂત્ર ૧૧૫)

રહિત બનીને દૃષ્ટિથી પવિત્ર બનેલા સ્થળે પગને મૂકતા મૂકતા, ત્રસ વગેરે જીવોથી સંસક્ત ન હોય તેવા માર્ગે, ગુરુનું કાર્ય ઉત્પન્ન થાય ત્યારે મારે જવું જોઇએ. જવાની ક્રિયા ન થતી હોય ત્યારે આ ઉપયોગ છે. જવાની ક્રિયા થતી હોય ત્યારે તો "જે રીતે ચિંતવેલું છે તે પ્રમાણે ઉપયોગપૂર્વક કરવું" એ જ ઉપયોગ છે. અનુપયોગ આદિથી બીજી રીતે થાય તો પૂર્વની જેમ મિથ્યાદુષ્કૃત વગેરે કરે. વારંવાર આવું ન બને એ માટે કાયોત્સર્ગનો અભિગ્રહ અહીં પણ સમજવો.

**બોલવામાં ઉપયોગઃ**– મારે [1]સોળ વચનવિધિના જાણકાર બનીને સ્વ–પર હિતકારી, કઠોરતાથી રહિત અને નિરવદ્ય બોલવું જોઇએ, તે પણ જરૂર પડે ત્યારે જ બોલવું જોઈએ, નિષ્પ્રયોજન ન બોલવું જોઇએ. આનાથી બીજી રીતે બોલાય તો પૂર્વની જેમ સમજવું. વારંવાર તેમ ન થાય એ માટે શુભાધ્યવસાયવાળા સાધુએ મૌનનો અભિગ્રહ લેવો જોઈએ. [ ૯૨ ]

ભાવનાદ્વાર પૂર્ણ થયું. ભાવનાદ્વાર કહેવાથી નવે ય દ્વારોથી અનર્થદંડ વિરતિ-વ્રતનું વ્યાખ્યાન કર્યું. એનું વ્યાખ્યાન થતાં ત્રણે ગુણવ્રતો પૂર્ણ થયાં. હવે જેમનું બીજું નામ 'શિક્ષાપદ' છે તે શિક્ષાવ્રતોનો અવસર છે. તે વ્રતો સામાયિક વગેરે ચાર છે. તે વ્રતો પણ સ્વરૂપ વગેરે નવદ્વારોથી જ કહેવા જોઈએ. આથી પહેલાં સામાયિકવ્રતને પહેલા દ્વારથી કહે છેઃ–

**सावज्जजोग वज्जण, निरवज्जस्सेह सेवणं जं च।**
**सव्वेसु य भूएसुं, समयाभावो य सामइयं ॥ ९३ ॥**

**ગાથાર્થ** :– સાવદ્યયોગોનો ત્યાગ, પઠન વગેરે નિરવદ્યક્રિયાનું સેવન અને શત્રુ–મિત્ર વગેરે સર્વ જીવોમાં સમભાવ એ આ શાસનમાં સામાયિક છે.

---

૧. સોળ વચનો આ પ્રમાણે છેઃ– ૩. **કાલત્રિકઃ**– ભૂતકાળ, ભવિષ્યકાળ કે વર્તમાનકાળ સંબંધી વચન બોલવું તે. જેમકે, 'ગયો, જશે, જાય છે.' ૬ **વચનત્રિકઃ**– એકવચન, દ્વિવચન કે બહુવચન સંબંધી વચન બોલવું તે. જેમકે, 'બાળક, બે બાળકો, ઘણા બાળકો.' ૯. **લિંગત્રિકઃ**– પુલ્લિંગ, સ્ત્રીલિંગ કે નપુંસકલિંગ સંબંધી વચન બોલવું તે. જેમકે, છોકરો, છોકરી, છોકરું.' ૧૦. **પરોક્ષઃ**– પરોક્ષસૂચક વચન બોલવું તે. જેમકે, 'તે છોકરો.' અહીં 'તે' પદ પરોક્ષસૂચક છે. ૧૧. **પ્રત્યક્ષઃ**– પ્રત્યક્ષસૂચક વચન બોલવું તે. 'જેમકે, આ છોકરો. અહીં 'આ' પદ પ્રત્યક્ષસૂચક છે. ૧૨. **ઉપનયઃ**– પ્રશંસાસૂચક (=ઉત્કર્ષસૂચક) વચન બોલવું તે. જેમકે, 'આ સ્ત્રી રૂપાળી છે.' ૧૩. **અપનયઃ**– નિંદા–સૂચક (=અપકર્ષસૂચક) વચન બોલવું તે. જેમકે, 'આ સ્ત્રી રૂપરહિત છે.' ૧૪. **ઉપનય-અપનયઃ**– પ્રશંસાયુક્ત નિંદાવાળું વચન બોલવું તે. જેમકે, આ સ્ત્રી રૂપાળી છે, પણ અસતી છે. ૧૫. **અપનય-ઉપનયઃ**– નિંદાયુક્ત પ્રશંસાવાળું વચન બોલવું તે. જેમકે, "આ સ્ત્રી રૂપરહિત છે, પણ સતી છે." ૧૬. **અધ્યાત્મઃ**– ચિત્તમાં બીજું હોય, પણ સામાને છેતરવાની બુદ્ધિથી બીજું કહેવાની ઈચ્છાવાળો થાય, પણ સહસા ચિત્તમાં જે હોય તે જ કહે.

**ટીકાર્થ** :– સાવદ્ય=અવદ્યથી ( =ગર્હ્યથી ) સહિત તે સાવદ્ય. નિરવદ્ય=નિષ્પાપ.

**સામાયિક** :– સમ એટલે રાગ–દ્વેષરહિત જીવ. તેને આય=જ્ઞાન–દર્શન–ચારિત્રનો લાભ તે સમાય. અર્થાત્ જ્ઞાન–દર્શન–ચારિત્રનો લાભ તે સમાય. સમાય એ જ સામાયિક. અહીં સ્વાર્થમાં इकण् પ્રત્યય આવ્યો છે.

ગાથામાં च નો પ્રયોગ જીવો સિવાય નહિ કહેલા મણિ, માટીનું ઢેફું, સુવર્ણ વગેરે પદાર્થોના સંગ્રહ માટે છે. આથી સર્વ જીવોમાં અને મણિ વગેરે સર્વ પદાર્થોમાં સમભાવ એ સામાયિક છે. [૯૩]

હવે ભેદદ્વાર આ પ્રમાણે છેઃ–

**सम्मत्तसुयं तह देसविरइ तिविहं गिहीण सामइयं ।**
**इत्तरियमावकहियं, अहवा दुविहं तयं नेयं ॥ ९४ ॥**

**ગાથાર્થ** :– ગૃહસ્થને સમ્યક્ત્વ સામાયિક, શ્રુતસામાયિક અને દેશવિરતિસામાયિક એમ ત્રણ પ્રકારે સામાયિક હોય છે. અથવા ઈત્વર અને યાવત્કથિક એમ બે પ્રકારનું સામાયિક જાણવું.

**ટીકાર્થ**:– સમ્યક્ત્વ=તત્ત્વરૂપ જીવાદિ પદાર્થોની શ્રદ્ધા. શ્રુત=શ્રુતજ્ઞાન. દેશવિરતિ= દેશની કે દેશથી વિરતિ. સ્થૂલપ્રાણાતિપાત વગેરેની વિરતિ દેશવિરતિ છે.

**પ્રશ્ન** :– ચોથું સર્વવિરતિ સામાયિક પણ છે, તો અહીં ત્રણ સામાયિક કેમ કહ્યા ?

**ઉત્તર** :– અહીં ગૃહસ્થોના સામાયિકનું વર્ણન છે. ગૃહસ્થોને સર્વવિરતિ સામાયિક ન હોય. આથી અહીં ત્રણ સામાયિક કહ્યાં છે.

**પ્રશ્ન** :– સામાયિક સમભાવરૂપ છે એમ પહેલાં કહ્યું છે. શ્રદ્ધારૂપ સમ્યક્ત્વમાં અને શ્રુતરૂપ જ્ઞાનમાં સમભાવ વળી કેવો ? **ઉત્તર** :–યથાવસ્થિતની શ્રદ્ધા ( પદાર્થો યથા=જેવા સ્વરૂપે અવસ્થિત=રહ્યા છે તેવા સ્વરૂપે પદાર્થોની શ્રદ્ધા ) તે સમ્યક્ત્વ છે. યથાવસ્થિતનું= પદાર્થો જેવા સ્વરૂપે છે તેવા સ્વરૂપે પદાર્થોનું જ્ઞાન એ શ્રુત છે. યથાવસ્થિતને સદ્દહતો અને જાણતો જીવ સમભાવમાં જ હોય. વિષમભાવમાં તો શ્રદ્ધા અને જ્ઞાનમાં યથાવસ્થિત-પણું જ નથી, અર્થાત્ વિષમભાવવાળો જીવ ( નિશ્ચયનયથી ) યથાવસ્થિત પદાર્થની શ્રદ્ધા કરતો નથી અને યથાવસ્થિત પદાર્થને જાણતો નથી. કારણ કે નિશ્ચયનય જેની હાજરીમાં સમભાવ હોય તે જ શ્રદ્ધાને શ્રદ્ધારૂપે અને તે જ જ્ઞાનને જ્ઞાનરૂપે માને છે.

અથવા રાગ–દ્વેષથી રહિતને જે લાભ થાય તે જ સામાયિક છે. અને તે લાભ સમ્યક્ત્વ અને શ્રુત હોય ત્યારે પણ નિશ્ચયનયના મતે થાય છે જ. આચારાંગમાં કહ્યું છે કે–

जं मोणंति पासहा तं सम्मंति पासहा । जं सम्मंति पासहा तं मोणंति पासहा ॥ १ ॥

**"જેને મૌન (મુનિનો ધર્મ-ચારિત્ર) જુઓ=જાણો તેને સમ્યગ્જ્ઞાન કે સમ્યગ્દર્શન જુઓ. જેને સમ્યગ્જ્ઞાન કે સમ્યગ્દર્શન જુઓ તેને મૌન જુઓ." (આચારાંગ અ. ૫ ઉ. ૩ સૂત્ર ૧૫૫)**

[સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ત્વ એ બંને સાથે રહેતા હોવાથી એકના ગ્રહણથી બીજાનું પણ ગ્રહણ થઈ જાય એ ન્યાયે અહીં સમ્યક્પદથી સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન એ બંનેનું ગ્રહણ કર્યું છે.

જ્ઞાનનું ફળ વિરતિ છે. સમ્યક્ત્વ જ્ઞાન અને વિરતિની અભિવ્યક્તિનું કારણ છે. (સમ્યક્ત્વ વિના સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર ન હોય.) નિશ્ચયનયની દૃષ્ટિએ કારણ અને કાર્ય અભિન્ન છે=એક જ છે. આથી સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને ચારિત્ર એ ત્રણે એક સ્વરૂપ છે. આથી નિશ્ચયનયની દૃષ્ટિએ સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્દર્શન હોય ત્યારે ચારિત્ર=સમભાવ હોય છે જ. આવું મૌન અને સમ્યગ્જ્ઞાન-સમ્યગ્દર્શન સાતમા ગુણસ્થાને હોય છે.]

જ્ઞાન વિષે પણ કહ્યું છે કે –

तज्ज्ञानमेव न भवति, यस्मिन्नुदिते विभाति रागगणः ।
तमसः कुतोऽस्ति शक्तिर्दिनकरकिरणाग्रतः स्थातुम् ॥ १ ॥

**"જેનો ઉદય થતાં (=જેની વિદ્યમાનતામાં) રાગ ગણ પ્રકાશિત થાય, તે જ્ઞાન જ નથી. સૂર્યના કિરણોની આગળ રહેવાની અંધકારમાં શક્તિ ક્યાં છે? અર્થાત્ જેમ સૂર્યના કિરણો આગળ અંધકાર ન રહી શકે તેમ જ્ઞાન આગળ રાગાદિ દોષો ન રહી શકે"**

વ્યવહારથી તો સમ્યક્ત્વ અને શ્રુતમાં ઉપચરિત (અતાત્ત્વિક) જ સમભાવ હોય છે. અથવા ઇત્વર અને યાવત્કથિક એમ બે પ્રકારનું સામાયિક છે. તેમાં ઇત્વર એટલે પરિમિત કાલ સુધીનું. જેમ કે–જ્યાં સુધી સાધુની સેવા કરું=સાધુ પાસે રહું અથવા જ્યાં સુધી નિયમને સેવું=નિયમમાં રહું ત્યાં સુધી ઇત્યાદિ નક્કી કરેલા કાળ સુધી (મારણાંતિક) ઉપસર્ગને પામેલ શ્રાવક યાવત્કથિક=જીવનપર્યંતનું સામાયિક કરે. ઉપસર્ગ આવે ત્યારે મરતાં પણ મારે સાવદ્ય ન સેવવું જોઈએ, ઉપસર્ગ કરનાર ઉપર પણ ક્રોધવાળા ન બનવું જોઇએ ઇત્યાદિરૂપ સામાયિક કરે. [૯૪]

હવે ઉત્પત્તિદ્વાર કહે છેઃ–

**कम्मक्खओवसमेण, कयसामइओ जइव्व सो सम्मं ।**
**इय लाभदंसणेणं, पुणो पुणो कुणइ सामइयं ॥ ९५ ॥**

**ગાથાર્થ**:– દેશચારિત્રાવરણીય બીજા (અપ્રત્યાખ્યાની) કષાયરૂપ કર્મના ક્ષયોપ-

શમથી જેણે સામાયિક કર્યું છે તે સાધુ જેવો થાય છે, સામાયિકનો આવો લાભ દેખાવાથી શ્રાવક ફરી ફરી સમ્યક્ સામાયિક કરે.

**ટીકાર્થ** :– જે ગૃહસ્થે કર્મક્ષયોપશમથી સામાયિક કર્યું છે, અને એથી (સામાયિકમાં) સાધુ જેવો થાય તેને સામાયિકનો આવો લાભ દેખાવાથી ફરી ફરી સામાયિ કકરવાની ઇચ્છા થાય એ ઇચ્છાથી સામાયિક ઉત્પન્ન થાય છે. આ વિષે કહ્યું છે કે–

सामाइयंमि उ कए, समणो इव सावओ हवइ जम्हा ।
एएण कारणेणं, बहुसो सामाइयं कुज्जा ॥१॥

"સામાયિક કર્યે છતે શ્રાવક સાધુના જેવો થાય છે. આ કારણથી શ્રાવક બહુવાર સામાયિક કરે."

અહીં સાધુના જેવો થાય છે એમ 'જેવો' શબ્દથી સામાયિકવાળો પણ શ્રાવક સાક્ષાત્ સાધુ નથી એમ સૂચન કર્યું છે. કારણકે શ્રાવકને સામાયિકમાં પાપની અનુમોદના બંધ થતી નથી, અને તેના સામાયિકનો કાળ અનિયત હોય છે. જ્યારે સાધુને તો સામાયિકમાં ત્રિવિધ–ત્રિવિધથી સાવદ્યની નિવૃત્તિ હોય છે અને સામાયિક જીવનપર્યંત હોય છે.

આ સામાયિક જે કરે છે, જ્યાં કરે છે, જે પ્રમાણે કરે છે તે પ્રમાણે અન્યે રચેલી ગાથાના વ્યાખ્યાનથી બતાવવામાં આવે છે, તથા સામાયિક સંબંધી શાસ્ત્રોક્ત સામાચારી પણ ઉપયોગી હોવાથી બતાવવામાં આવે છે. તેમાં (અન્યે રચેલી) ગાથા આ છેઃ–

चेइहरसाहुगिहमाइएसु सामाइयं समो कुज्जा ।
पणिवायाणंतर साहु वंदिउं कुणइ सामाइयं ॥१॥

**ગાથાર્થ**:– સમભાવવાળો જીવ ચૈત્યગૃહમાં, સાધુ પાસે અને ઘર વગેરે સ્થળે સામાયિક કરે. પ્રણિપાત કર્યા પછી સાધુઓને વંદન કરીને સામાયિક કરે.

**ટીકાર્થ**:– ચૈત્ય=જિનપ્રતિમા. **પ્રશ્નઃ**– "ચિત્ત એ જ ચૈત્ય" એવી વ્યુત્પત્તિથી ચૈત્ય શબ્દનો ચિત્ત અર્થ થાય છે. તો પછી ચૈત્યનો જિનપ્રતિમા અર્થ કેમ થાય? **ઉત્તરઃ**– જિનપ્રતિમા પ્રશસ્તભાવવાળા ચિત્તનું (=ચૈત્યનું) કારણ હોવાથી કારણમાં કાર્યના ઉપચારથી ચૈત્યનો જિનપ્રતિમા અર્થ થાય. ચૈત્યોનું (=જિનપ્રતિમાઓનું) ગૃહ તે ચૈત્યગૃહ, અર્થાત્ જિનમંદિર.

મોક્ષરૂપ પદાર્થને સાધે=સિદ્ધ કરે તે સાધુ. મમત્વભાવથી લીધેલા જેનાથી જીવ સંસારનું કારણ બને તેવા કર્મથી પકડાય તે ગૃહ, અર્થાત્ ઘર. (મમત્વભાવ વિના લીધેલું ઘર કર્મબંધનું કારણ બનતું નથી માટે અહીં 'મમત્વભાવથી લીધેલા' એવું વિશેષણ છે.)

ગાથામાં રહેલા આદિ શબ્દથી પૌષધશાલા વગેરે સમજવું.

સમ એટલે રાગ–દ્વેષની વચ્ચે રહેલ, અથવા (રાગાદિ) વિકારથી રહિત. સામાયિક જે કરે અને જ્યાં કરે તે (પૂર્વાર્ધથી) કહ્યું. હવે (ઉત્તરાર્ધથી) જેવી રીતે કરે છે તે કહે છે. પ્રણિપાત એટલે નમુત્થુણં વગેરે પ્રણિપાતદંડકસૂત્ર. જિનપ્રતિમા સમક્ષ

પ્રણિપાત પછી (=પ્રણિપાતદંડકસૂત્ર કહ્યા પછી) સાધુઓને વંદન કરીને સામાયિક કરે.

આ વિધિ **શ્રીવસુદેવસૂરિએ** કહ્યો છે, પણ પ્રાયઃ સામાચારી આ પ્રમાણે દેખાતી નથી. આથી તેના (=સામાચારીના) અનુસારે વ્યાખ્યા આ પ્રમાણે છેઃ– પ્રણિપાત એટલે સામાન્યથી માત્ર પ્રણામ. તે પ્રણિપાત અહીં સાધુઓના અવગ્રહનું સૂચન હોવાથી સાધુ સંબંધી જાણવો. ત્યારબાદ (=સાધુઓને સામાન્યથી વંદન કર્યા પછી) સાધુઓને (વિશેષ) વંદન કરીને સામાયિક કરે.

અથવા "પ્રણિપાત પછી" એ શબ્દોથી જિનમંદિરની પાસે (= [1]સભામંડપમાં) સામાયિક કરવાનું હોય ત્યારે કરવાનો વિધિ કહ્યો છે. 'સાધુઓને વંદન કરીને' એ શબ્દોથી સાધુ પાસે સામાયિક કરવાનું હોય ત્યારે કરવાનો વિધિ કહ્યો છે. કારણકે જ્યાં જિનમંદિર છે ત્યાં જિનને વંદન કરીને સામાયિક લેવું જોઇએ. જિનને વંદન તો પ્રણિપાતદંડકપૂર્વક હોય છે.

અહીં સામાયિક કરવા માટે ચૈત્ય પાસે અને સાધુ પાસે એમ બે સ્થાનના અનુસારે બીજાં પણ ઘર વગેરે સ્થાનો (ઉપલક્ષણથી) સૂચિત કર્યાં છે.

પૂર્વોક્ત (=પ્રણિપાત એટલે સામાન્યથી માત્ર પ્રણામ ઇત્યાદિ) વ્યાખ્યાના પક્ષમાં તો મુખ્યતયા સાધુ પાસે જ સામાયિક કરવાનો વિધિ છે. આમ છતાં આ જ પક્ષથી [2]તુલાદંડમધ્યગ્રહણ ન્યાયથી આદિ (=જિનમંદિર) અને અંત (=ઘર વગેરેનું) ગ્રહણ પણ જાણવું, અર્થાત્ જિનમંદિર પાસે અને ઘર વગેરેમાં પણ સામાયિક કરવાનું સૂચિત કર્યું છે એમ જાણવું.

આવશ્યક ચૂર્ણિ આદિમાં કહેલ સામાચારી તો આ છેઃ–

**પ્રશ્નઃ**– શ્રાવકે સામાયિક કેવી રીતે કરવું જોઈએ? **ઉત્તરઃ**– શ્રાવકના અલ્પધનવાળો અને ધનાઢ્ય એમ બે ભેદ છે. તેમાં અલ્પધનવાળો શ્રાવક જિનમંદિરમાં (=જિનમંદિરની પાસે રહેલા સભામંડપમાં), સાધુ પાસે, પૌષધશાલામાં, ઘરમાં કે પોતે જ્યાં આરામ કરતો હોય કે શાંતિથી બેસતો હોય તે સ્થાનમાં સામાયિક કરે. આવશ્યક (=પ્રતિક્રમણ) કરતી વખતે શ્રાવક નિયમા જિનમંદિરમાં, સાધુ પાસે, પૌષધશાલામાં કે ઘરમાં એ ચાર સ્થાનોમાં જ સામાયિક કરે, અર્થાત્ પ્રતિક્રમણ નિયમા જિનમંદિર આદિ ચાર સ્થાનોમાં જ કરે.

તેમાં જો જિનમંદિર પાસે કે સાધુ પાસે સામાયિકકરે તો તેનો વિધિ આ પ્રમાણે છેઃ–

---

૧. પૂર્વકાળમાં જિનમંદિરની તદ્દન પાસે વ્યાખ્યાન આદિ માટે સભામંડપ રહેતો હતો. ત્યાં શ્રાવકો સામાયિક વગેરે આરાધના કરતા હતા.

૨. જેમ ત્રાજવાના મધ્ય ભાગમાં રહેલી દાંડીને પકડવાથી તેની બંને બાજુએ રહેલા બે ત્રાજવા પણ પકડાઈ જાય છે, તેમ "સાધુ પાસે સામાયિક કરે" એમ કહેવાથી જિનમંદિર પાસે અને ઘરે સામાયિક કરે એમ કહેવાઈ ગયું.

જો કોઈના સાથે તકરાર ન હોય, કોઈનાથી ય ભય ન હોય, કોઈનો દેવાદાર ન હોય, જેથી તેનાથી ખેંચાણ કે હલકાઈ ન થાય, અથવા દેવાદાર હોય પણ લેણદાર સામાયિકનો ભંગ ન થાય એટલા માટે દેવાદારને જોઈને પકડે તેવો ન હોય, અથવા રસ્તામાં વેપાર ન કરે, તો ઘરે જ સામાયિક લઈને જિનમંદિરે કે સાધુ પાસે જાય. પાંચસમિતિ અને ત્રણગુપ્તિનું પાલન કરતા સાધુની જેમ જાય. ત્યાં આવેલો તે ત્રિવિધે સાધુઓને નમસ્કાર કરીને તેમની સાક્ષીએ કરેમિભંતે સૂત્રનો પાઠ બોલીને ફરી સામાયિક કરે. ત્યારબાદ ઇરિયાવહી કરી ગમણાગમણે આલોવે. ત્યારબાદ આચાર્ય વગેરે બધા સાધુઓને દીક્ષાપર્યાયથી મોટાના ક્રમથી વંદન કરે. પછી ઉપયોગપૂર્વક (=શરીરના સંડાસા અને બેસવાની જગ્યા પૂંજીને) બેસીને પાઠ કરે કે પુસ્તકનું વાંચન વગેરે કરે.

જિનમંદિરની પાસે તો જો સાધુઓ ન હોય તો ઈરિયાવહી કરવાપૂર્વક ગમણાગમણે આલોવીને ચૈત્યવંદન કરે. ત્યારબાદ પાઠ વગેરે કરે. ત્યાં સાધુઓ હોય તો પૂર્વોક્ત જ વિધિ છે. એ પ્રમાણે પૌષધશાલા વિષે પણ સમજવું. ઘરે આવશ્યક કરે ત્યારે જે રીતે સામાયિક લે તે જ રીતે પૌષધશાલામાં સામાયિક લે, ફક્ત જવાનો વિધિ ન હોય.

શ્રાવકને આવશ્યક (=પ્રતિક્રમણ) ન હોય એમ ન કહેવું. કારણ કે—

**"સાધુએ અને શ્રાવકે દિવસના અને રાત્રિના અંતે અવશ્ય કરવું જોઇએ, માટે તેનું આવશ્યક નામ છે"** આ વચનથી શ્રાવકનું પ્રતિક્રમણ પ્રસિદ્ધ છે.

સાધુ આદિની પાસે જ્યાં સામાયિક લેવાનું હોય ત્યાં બધા સ્થળે મુહપત્તિનું પડિલેહણ કરવાપૂર્વક વિધિથી લેવું જોઇએ.

ધનાઢય શ્રાવક સામાયિક કરવા જિનમંદિરમાં કે સાધુ પાસે ઘણી ઋદ્ધિથી (=આડંબરથી) જ જાય. કારણ કે તેનાથી લોકોને (ધર્મ પ્રત્યે) શ્રદ્ધા ઉત્પન્ન થાય. સારા પુરુષોથી સ્વીકારાયેલા જિનમંદિરો અને સાધુઓ વિશેષ પૂજ્ય બને છે. કારણ કે લોક (મોટા પુરુષોથી) પૂજાયેલાની પૂજા કરનારો હોય છે. આથી ધનાઢય શ્રાવકે ઘરે જ સામાયિક લઈને ન આવવું જોઈએ. કારણ કે ઘરેથી સામાયિક લઈને જિનમંદિરે કે સાધુ પાસે આવે તો અધિકરણના ભયથી (=પાપ કર્મબંધના ભયથી) હાથી, ઘોડા વગેરે લાવી શકે નહિ.

[ [1]રાજા, શેઠ વગેરે ધનાઢય શ્રાવક માટે સામાયિકનો વિધિ આ પ્રમાણે છેઃ— રાજા હોય તો ઉત્તમ હાથી ઉપર બેઠેલો હોય, છત્ર, ચામર વગેરે રાજચિહ્નોથી અલંકૃત હોય, હાથી ઘોડા, પાયદળ અને રથ એ ચતુરંગ સૈન્યથી સહિત હોય, ભેરી આદિ ઉત્તમ

૧. કાઉંસનું લખાણ યોગશાસ્ત્રના આધારે છે.

વાજિંત્રોનો નાદ થતો હોય, બંદીજનો બિરુદાવલી ગાતા હોય, અનેક સામંત રાજાઓ અને માંડલિક રાજાઓ સ્પર્ધાપૂર્વક રાજાના દર્શન કરતા હોય, નગરના લોકો "આ મહાન ધર્માત્મા છે" એવી શ્રદ્ધાપૂર્વક આંગળીથી બીજાઓને રાજાનું દર્શન કરાવતા હોય, નગરના લોકો "આપણે પણ આવો ધર્મ ક્યારે કરીશું" એમ ધર્મના મનોરથો કરી રહ્યા હોય, રાજા પણ નગરલોકોના અંજલિબદ્ધ પ્રણામોની અનુમોદના કરતો હોય, "અહો આ ધર્મ ઉત્તમ છે, જેની રાજા જેવાઓ પણ આરાધના કરે છે" એ પ્રમાણે સામાન્ય લોકો ધર્મપ્રશંસા કરતા હોય, આવા આડંબરપૂર્વક [1]જિનમંદિરે કે સાધુ જ્યાં હોય ત્યાં જાય.]

ઉક્ત રીતે આવેલ ધનાઢ્ય શ્રાવક જિનાલયમાં પ્રવેશીને જિનપ્રતિમાઓની દ્રવ્યસ્તવ અને ભાવસ્તવથી ભક્તિ કરીને સાધુનો સંભવ હોય તો સાધુ પાસે આવે. પછી મુહપત્તિના પડિલેહણપૂર્વક 'કરેમિ ભંતે' સૂત્ર ઉચ્ચરે. પછી ઇરિયાવહી વગેરે કરીને દીક્ષાપર્યાયથી મોટાના ક્રમથી બધા સાધુઓને વંદન કરે. પછી પ્રશ્નો પૂછવા વગેરે (ધર્મધ્યાન) કરે. રાજા સામાયિક કરતી વખતે મુકુટ, કુંડલ, નામમુદ્રા (=નામવાળી વીંટી), પુષ્પ, તાંબુલ, ઉત્તરીયવસ્ત્ર આદિનો ત્યાગ કરે.

વળી આડંબરથી સામાયિક લેવા આવનાર જો શ્રાવક જ હોય તો એ આવે ત્યારે (તેનો આદર કરવા) કોઈ સાધુ ઊભો ન થાય. હવે જો તે યથાભદ્રક (=સાધુઓના આચારોથી અજાણ અને સરલપરિણામી મિથ્યાદૃષ્ટિ) હોય તો (સાધુઓ અવિનયી નથી=સત્કાર કરે છે એમ એને થાય એ માટે) એ સન્માનને જુએ એવી બુદ્ધિથી એ આવે તે પહેલાં જ આચાર્ય માટે અને એના માટે આસન ગોઠવે, આચાર્ય તો તેના આવ્યા પહેલાં જ ઊભા થઈને તે ન આવે ત્યાં સુધી આમ તેમ પરિભ્રમણ કરે. તે આવે એટલે બંને સાથે બેસે. જો આચાર્ય આમ ન કરે તો ઉભા થવામાં અને ઉભા ન થવામાં એ બંનેમાં [2]દોષો છો (તે આવે ત્યારે ઊભા થાય તો આવનારનો વિનય કર્યો ગણાય. સાધુઓને ગૃહસ્થોનો વિનય કરવાનો નિષેધ છે. કારણ કે ગૃહસ્થ પાપમાં પડેલો છે. એથી ગૃહસ્થના આદરથી પાપની અનુમોદના થાય. સાધુએ પાપનો મન–વચન–કાયાથી ન કરવું, ન કરાવવું અને ન અનુમોદવું એમ ત્રિવિધ–ત્રિવિધે ત્યાગ કર્યો

---

૧. અહીં સામાયિક લેવાનો વિધિ હોવા છતાં ધનાઢ્ય શ્રાવકે જિનદર્શન કરવા પણ આડંબરપૂર્વક જવું જોઈએ એ સૂચવવા અહીં જિનમંદિરનો પણ ઉલ્લેખ કર્યો છે.

૨. અહીં ટીકામાં **उत्थानानुत्थानदोषा विभाष्याः** એવો પ્રયોગ છે. આનો શબ્દાર્થ આ પ્રમાણે છેઃ–**विभाष्** ધાતુનો વિભાષા કરવી=વિકલ્પ કરવો એવો અર્થ છે. એથી **विभाष्याः** એટલે વિકલ્પ કરવા યોગ્ય છે. ઉભા થવામાં અને ન થવામાં દોષો વિકલ્પ કરવા યોગ્ય છે, અર્થાત્ ઉભા થાય તો અમુક દોષ લાગે અને ઉભા ન થાય તો અમુક દોષો લાગે, એમ વિકલ્પ કરવા યોગ્ય છે. અનુવાદમાં શબ્દાર્થ ન લેતાં ભાવાર્થ લીધો છે.

છે. ઉભા ન થવામાં એને એમ થાય કે સાધુઓ અવિનયી છે. આમ થાય તો એને સાધુ પ્રત્યે અને સાધુઓના આચારો પ્રત્યે બહુમાન ન પ્રગટે. એથી તે ધર્મમાં આગળ ન વધી શકે. કદાચ પાછો પણ ખસી જાય.)

આ પ્રાસંગિક કહ્યું. પ્રસ્તુત આ છેઃ– સામાયિકમાં રહેલાએ વિકથા વગેરે ન કરવું જોઈએ. સ્વાધ્યાય આદિમાં તત્પર રહેવું જોઇએ. કહ્યું છે કે–

"સામાયિકમાં વિકથા વગેરેથી રહિત અને સ્વાધ્યાયમાં તત્પર જીવ સાધુતુલ્ય થાય છે, ઇચ્છિત કાળ સુધી સામાયિકમાં રહે, ઈચ્છિત કાળ પૂર્ણ થતાં સામાયિક પારવા માટે ક્રિયા કરે."

**પ્રશ્ન**:–"ઈચ્છિત કાલ સુધી સામાયિકમાં રહે" એ વચનથી સામાયિક લઈને તુરત પારી શકાય? **ઉત્તર**:–ના. સામાયિક લઈને તુરત પારવામાં 'અનવસ્થિતકરણ' અતિચાર લાગે. તો શું કરવું? જઘન્યથી પણ "બે ઘડી સુધી સામાયિકમાં રહેવું" એવો વૃદ્ધોનો ઉપદેશ છે.

અહીં નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત એમ સાત મૂળનયો છે. તે નયોમાં કયો નય કયા સામાયિકને ઇચ્છે છે=માને છે એ પણ કંઇક કહેવામાં આવે છેઃ– નૈગમનય જ્યારે ગુરુએ "તું સામાયિક સૂત્રને ભણ" એમ કહ્યું હોય ત્યારથી જ સામાયિકને માને છે. સંગ્રહ અને વ્યવહારનય સામાયિક માટે ગુરુ પાસે બેઠો હોય ત્યારથી જ સામાયિક સ્વીકારે છે. ઋજુસૂત્રનય તો જે સામાયિકના સ્વીકારની સૂચક ગાથા બોલતો હોય અથવા સામાયિક કરવા માટે ચૈત્યવંદન કરતો હોય તેના જ સામાયિકનો સ્વીકાર કરે છે, કારણ કે સામાયિકસૂત્રનો પાઠ કે ચૈત્યવંદન સામાયિકનું નજીકનું અસાધારણ કારણ છે. શબ્દાદિ નયો શબ્દ–ક્રિયાથી રહિત હોય તો પણ જે સામાયિકમાં ઉપયુક્ત હોય અને સમભાવમાં રહેલો હોય તેને સામાયિકવાળો માને છે. કારણ કે સામાયિકના પરિણામથી ભિન્ન નથી=સામાયિકના પરિણામરૂપ છે.

**"આ પ્રમાણે નયના વાદો (=અપેક્ષાઓ) વિચિત્ર છે. ક્યાંક વિરુદ્ધ જેવા લાગતા હોવા છતાં વિરૂદ્ધ નથી, લૌકિક વિષયને ઓળંગી ગયેલ છે, અર્થાત્ લોકમાં પ્રસિદ્ધ નથી. આવા નયો તત્ત્વજ્ઞાન માટે જાણવા જોઇએ."**

**પ્રશ્નઃ**– નયો પરસ્પર વિરુદ્ધ અર્થનું પ્રતિપાદન કરતા હોવાથી નયોથી તત્ત્વજ્ઞાન ન થાય. **ઉત્તરઃ**–નયો પરસ્પર વિરુદ્ધ અર્થોનું પ્રતિપાદન કરનારા હોવા છતાં પરસ્પર સાપેક્ષ હોવાથી (=અન્ય નયનો અપલાપ કરતા ન હોવાથી) સમ્યગ્રૂપ છે. કહ્યું છે કે–

**"આથી જ (કોઇ એક જ નયના પક્ષમાં સંસાર, સુખ–દુઃખનો સંબંધ, મોક્ષ વગેરે પદાર્થો નહિ ઘટી શકતા હોવાથી) માત્ર પોતપોતાના પક્ષમાં**

**જ સંલગ્ન બધા નયો મિથ્યાદૃષ્ટિ છે, પરંતુ આ જ નયો જો પરસ્પર સાપેક્ષ હોય તો સમ્યગ્રૂપ બને છે.=સમ્યગ્દૃષ્ટિ છે."**

(સમ્મતિતર્ક કાંડ ૧, ગા. ૨૧)

આથી જ જિનમત સર્વનયસમૂહરૂપ કહેવાય છે. કહ્યું છે કે–

**"જિનેશ્વરના ઉપદેશથી બધાય નયોની બહુપ્રકારની વક્તવ્યતાને સાંભળીને, જાણીને અને શ્રદ્ધા કરીને જે સર્વનયસંમત છે તે સર્વ નય-વિશુદ્ધ છે, એમ જાણવું."** (વિશેષા. ગા. ૩૫૯૯) [૯૫]

સામાયિક જેવી રીતે ઉત્પન્ન થાય છે તે કહ્યું. હવે ઉત્પન્ન થયેલું પણ સામાયિક જો પાળવામાં ન આવે તો દોષ છે એમ કહે છેઃ–

**सामाइयं तु पडिवज्जिऊण भंजंति कम्मदोसेण ।**
**ते कंडरीयसरिसा, भमंति संसारकंतारे ॥ ९६ ॥**

**ગાથાર્થ**:– જે સામાયિકને સ્વીકાર્યા પછી ચારિત્રાવરણીય કર્મના દોષથી ભાંગે છે તે કંડરિક જેવા શ્રાવકો સંસારરૂપ જંગલમાં ભમે છે.

**ટીકાર્થ**:– ચતુર્ગતિરૂપ સંસાર ચોરાશીલાખ યોનિઓથી ગહન હોવાથી અને જન્મ–મરણાદિના ભયોથી વ્યાકુલ હોવાથી સંસારને જંગલની ઉપમા આપી છે.

**પ્રશ્નઃ**– અહીં દેશવિરતિ શ્રાવક પ્રસ્તુત છે; કંડરિકે તો સર્વવિરતિ સ્વીકારી હતી. આથી તે અહીં દૃષ્ટાંત તરીકે કેવી રીતે ઘટે? **ઉત્તરઃ**–તમારો પ્રશ્ન બરોબર છે. સર્વવિરતિ પણ સામાયિકનો ભેદ હોવાથી સામાયિક શબ્દથી વાચ્ય (=કહેવા યોગ્ય) છે, અર્થાત્ સામાયિક શબ્દથી સર્વવિરતિ પણ લઈ શકાય. આથી અહીં કંડરીકનું દૃષ્ટાંત આપવામાં દોષ નથી.

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો કથાથી જાણવો. તે કથા આ છેઃ–

## કંડરીકનું દૃષ્ટાંત

જંબૂદ્વીપ નામનો દ્વીપ છે. તે દ્વીપ સર્વશુભ વસ્તુઓના નામવાળા અસંખ્યદ્વીપ-સમુદ્રની મધ્યમાં રહેલો છે. તેના હિમવાન વગેરે પ્રસિદ્ધ છ વર્ષધર પર્વતોથી ભરત વગેરે સાત ક્ષેત્રોરૂપ સાત વિભાગ કરાયા છે. તે ગંગા–સિંધુ વગેરે ચૌદ મહાનદીઓની સાથે સંબંધવાળી હજારો નદીઓથી મનોહર છે. તે જંબૂદ્વીપમાં મહાવિદેહક્ષેત્ર છે. તેના મધ્યભાગમાં મહાન મેરુપર્વત રહેલો છે. એ મેરુપર્વત લાખયોજન ઊંચો છે. કિરણસમૂહથી અંધકારનો નાશ કરનાર પાંચ પ્રકારના સારભૂત રત્નોથી મિશ્ર ઉત્તમ

સુવર્ણમય છે. એની તળેટી ભદ્રશાલ વનથી શોભે છે. તેની બે મેખલાઓ નંદન અને સૌમનસ નામના બે વનોથી અલંકૃત છે. એનું શિખર પંડકવનથી શોભિત છે. મેરુથી દક્ષિણ અને ઉત્તર તરફ અનુક્રમે નિષધ અને નીલ એ બે પર્વતો આવેલા છે. એ બે પર્વતોને અડીને ચાર વક્ષસ્કાર પર્વતો રહેલા છે. એ ચાર પર્વતોથી દેવકુરુક્ષેત્ર અને ઉત્તરકુરુક્ષેત્રનો વિભાગ શોભિત છે. મહાવિદેહક્ષેત્ર સીતા અને સીતોદા નામની બે મોટી નદીઓના બંને કિનારા ઉપર રહેલી બત્રીસ વિજયોથી વિભૂષિત છે. આવા મહાવિદેહ-ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરી છે. તે નગરીમાં બજારના માર્ગોમાં વિખે-રાયેલા સુવર્ણ, રત્ન, પ્રવાલ, સોપારી અને ચંદન વગેરે દ્રવ્યસમૂહને જોઈને મુસાફર-સમૂહના મનમાં થતું હતું કે ખરેખર પૃથ્વીમાં આ નગરી સર્વપ્રકારની સંપત્તિનો નિવાસ છે. સ્વકુલરૂપી આકાશમાં સૂર્યસમાન, ભયરૂપી વેલડી માટે અગ્નિસમાન, નીતિ અને વિનયમાં કુશળ, શત્રુરૂપી શ્રેષ્ઠહાથીઓના ગંડસ્થલનો લીલાથી ભેદ કરીને પોતાના નામને પ્રગટ કરનાર પુંડરીક નામનો રાજા હતો. તેનો કંડરીક નામનો નાનો ભાઈ યુવરાજ હતો. પોતાના પુણ્યોદયને અનુરૂપ પ્રાપ્ત થતા નિર્દોષ સંસારસુખોને અનુભવતા અને નીતિથી પૃથ્વીનું પાલન કરતા તે બંનેનો ઘણો કાળ પસાર થયો. એકવાર વિહારના ક્રમથી ગામ–નગર આદિમાં વિહાર કરતા સુસ્થિત નામના આચાર્ય તે નગરીમાં પધાર્યા. બહાર ઉદ્યાનમાં નિવાસ કર્યો. તેમના આગમનના સમાચાર જાણીને નગરના માણસો પુંડરીક રાજાની સાથે વંદન આદિ માટે તેમની પાસે આવ્યા. વિધિપૂર્વક વંદન કર્યું. સૂરિએ ધર્મલાભ રૂપ આશીર્વાદ આપ્યા. આથી તેમનું મન હર્ષિત બન્યું. પછી ઉચિત સ્થાને બધા બેઠા. સૂરિએ ધર્મદેશના શરૂ કરી. તે આ પ્રમાણેઃ– અનાદિ–અનંત સંસારમાં મિથ્યાત્વ વગેરેથી વશ કરાયેલા જીવો જ્ઞાનાવરણીય વગેરે ભેદવાળું કર્મ બાંધે છે. અતિશય શત્રુ તે કર્મથી નરકાદિ ભવમાં ફેંકાયેલા જીવો છેદન વગેરે અનેક પ્રકારે દુઃખસમૂહને સહન કરે છે. તે આ પ્રમાણેઃ– નારકોને ઉત્પત્તિસમયે [1]ઘટિકાલયોમાં રહેલાં જોઇને પરમાધામીઓ કરુણ સ્વરથી બૂમો પાડતા તેમને અતિશય નિર્દયપણે ઘટિકાલયમાંથી ખેંચે છે. પછી તીક્ષ્ણ કરવતોથી દરવાજાની જેમ તેમને ફાડે છે. ત્રિશૂલ વગેરેથી ભેદે છે. સેંકડો કાતરોથી કાપે છે. [2]મુદ્ગરોથી હણે છે. તલવારથી કાષ્ઠની જેમ કાપે છે=છોલે છે. આ પ્રમાણે ભેદાયેલા, છેદાયેલા અને હણાયેલા તે નારકોનાં શરીરનાં અંગો ન રોકી શકાય તેવાં કર્મોના યોગથી ફરી ભેગા થઈ જાય છે, અર્થાત્ હતા એવા થઈ જાય છે. તેથી પરમાધામીઓ તેમને ફરી હતા એવા થયેલા જોઈને શાલ્મલીવૃક્ષો-વાળા સ્થાનમાં લઈ જાય છે, અને શાલ્મલીવૃક્ષો સાથે આલિંગન કરાવે છે. તેથી વજ્ર-મય કાંટાઓથી ભેદાયેલાં અંગોવાળા નારકો કરુણસ્વરે બૂમો પાડે છે. તપેલા સીસાનો

૧. ઘટિકાલય એટલે ગોખલા જેવાં છિદ્રો. ૨. ઢેફાં વગેરે ભાંગવાનું સાધન (=મગદલ).

રસ પીવડાવવામાં આવે છે. સાણુસાથી મોઢું પકડીને કઢાયામાં શેકે છે. પોતાના માંસનું ભક્ષણ કરાવે છે. રક્ષણ કરો એમ બોલતા નારકોને ચરબી, પરૂ, લોહી અને [1]ખારથી મલિન અને ભયંકર વૈતરણી નદીમાં તરાવવામાં આવે છે. વૈતરણી નદીને તરવાથી કોઈ પણ રીતે છૂટેલા તે નારકો [2]અસિપત્ર વનમાં જાય છે. ત્યાં પણ પડેલાં શસ્ત્ર જેવાં પાંદડાઓથી છેદાય છે. આવી વેદના તેમને ત્રણ નરકોમાં હોય છે. ચોથી નરકથી છઠ્ઠી નરક સુધી નારકો પરસ્પર મહાદુઃખ ઉત્પન્ન કરે છે. સાતમી નરકમાં પરસ્પરના મુખ [3]સામ સામે આવે તેવા આકારના ઉપર–નીચે રહેલા વજ્રમય યંત્રો હોય છે. તે યંત્રોમાં ઉત્પન્ન થયેલા નારકો તેમાંથી નીકળી શકતા નથી, ઉપર જાય અને નીચે પડે, ફરી ઉપર જાય અને નીચે પડે, એમ જીવનપર્યંત દુઃખ પામે છે.

આ વખતે રાજાએ પૂછ્યું: હે ભગવંત ! નારકોને અતિશય ઘણું દુઃખ હોય છે એમ આપે જણાવ્યું. તેમાં જીવોની નરકમાં ઉત્પત્તિ થવામાં મિથ્યાત્વ વગેરે જ સામાન્ય કારણો છે કે બીજાં પણ વિશેષ કારણો છે ? સૂરિએ ઉત્તર આપ્યો:–વિશેષ કારણો પણ છે. આગમમાં કહ્યું છે કે–**"મહા આરંભ, મહાપરિગ્રહ, માંસાહાર અને પંચેંદ્રિયવધથી જીવો નરકના આયુષ્યનું કર્મ બાંધે છે.** આ સાંભળીને રાજાએ ત્રાસ અનુભવતાં વિચાર્યું કે હા ! તો હું નરકમાં ગયેલો છું. કારણ કે રાજ્યના કારણે નરકાયુષ્યના મહા આરંભ વગેરે વિશેષ કારણો મારામાં છે. આ પ્રમાણે વિચારીને પ્રણામપૂર્વક રાજાએ ફરી સૂરિને પૂછ્યું: હે સ્વામી ! અમારા જેવાના નરકનિવારણનો કોઈ ઉપાય છે ? આચાર્યે કહ્યું: ભગવાને કહેલી દીક્ષા ઉપાય છે. રાજાએ પૂછ્યું: તે દીક્ષા કેવી છે ? તેથી સૂરિએ અરિહંતોએ કહેલી અઢારહજારશીલાંગોના પાલન સ્વરૂપ દીક્ષા વિસ્તારથી કહી. હર્ષ પામેલા રાજાએ કહ્યું: જો એમ છે તો, નાનાભાઈ કંડરીકને રાજ્ય ઉપર સ્થાપીને આપના ચરણોમાં હું આ દીક્ષાને સ્વીકારું. પછી અતિશયહર્ષિત ચિત્તવાળો રાજા ઉઠીને ફરી ભાવપૂર્વક ગુરુને વંદન કરીને પોતાના રાજમહેલમાં ગયો. ત્યાં અવસરે કોઈક સ્થળે કંડરીકને બોલાવ્યો, અને કહ્યું: હે વત્સ ! આ રાજ્યના વિસ્તારનો સ્વીકાર કર. હું તો તારી અનુમતિથી મહાપુરુષોએ સેવેલા ઉત્તમ ધર્મનો સ્વીકાર કરું છું. કંડરીકે કહ્યું: હે બંધુ ! આપ અવસર વિના જ રાજ્યનો ત્યાગ કેમ કરો છો ?

---

૧. શબ્દકોશમાં **क्लेद** શબ્દનો 'ભીનાશ' અર્થ જણાવ્યો છે. તે અર્થ અહીં બંધ બેસતો નથી. આથી મેં ભવભાવના ગ્રંથમાં જણાવેલા વૈતરણીનદીના સ્વરૂપના આધારે અહીં **क्लेद** શબ્દનો ખાર અર્થ કર્યો છે. બીજો પણ અર્થ ઘટતો હોય તો ઘટાડવો.

૨. આ વનમાં તલવાર આદિ શસ્ત્રના આકારસમાન પત્રોવાળાં વૃક્ષો હોય છે. પણ અસિ (=તલવાર) આકારવાળાં પત્રો વિશેષ હોવાથી તેનું અસિપત્રવન નામ છે.

૩. સીધા ઘડા ઉપર ઊંધો ઘડો રાખતાં જેમ બંને ઘડાના મુખ સામ સામે આવે તેમ.

પુંડરીકે કહ્યું: રાજ્યમાં દુર્ગતિહેતુરૂપ દોષ હોવાથી હું રાજ્યનો ત્યાગ કરું છું. મહા આરંભ વગેરેથી નરકગતિ થાય એમ આચાર્ય મહારાજે કહ્યું છે. નાનાભાઈએ કહ્યું: હે આર્ય! જો આ રાજ્ય આવું છે તો મને કેમ આપો છો? કારણ કે હું પણ આપને ક્યારેય અપ્રિય થયો નથી. રાજાએ કહ્યું: તારું શરીર કષ્ટ સહન કરી શકે તેવા અભ્યાસવાળું નથી, આથી તું દુષ્કર તપ કરવા સમર્થ નથી. તેથી તારે રાજ્યનું પાલન કરીને પાછલી વયમાં દીક્ષા લેવી. કંડરીકે કહ્યું: અહીં અભ્યાસથી શું? હે પૂજ્ય! ધીરપુરુષો જ્યારે સાહસનું આલંબન લઈને કાર્યમાં પ્રવૃત્તિ કરે છે ત્યારે તેમને એમાં કાંઈ પણ દુષ્કર જણાતું નથી. કહ્યું છે કે–સાહસથી પુરુષોને પૃથ્વીમંડલ નાનું બની જાય છે, સમુદ્ર સુકાઈ જાય છે, મેરુપર્વત નાનો બની જાય છે, ભાગ્ય પણ અનુકૂળ થઈ જાય છે. હું પણ બીજા પિતાથી નથી થયો. તેથી અવશ્ય મારે દીક્ષા લેવી છે. આ પ્રમાણે બોલતા તેણે પુંડરીકે ના કહેવા છતાં આચાર્યની પાસે જઈને દીક્ષા લીધી. પુંડરીક તો ત્યારથી વિશેષથી શ્રાવકધર્મમાં પરાયણ બનીને સતત જ સર્વવિરતિ સંબંધી મનોરથોની શ્રેણિને કરતો રાજ્ય ચલાવવા લાગ્યો. કંડરીકે બે પ્રકારની શિક્ષા મેળવી લીધી. સુસ્થિત આચાર્યની સાથે ગામ, ઉદ્યાન, નગર અને ખાણથી વિભૂષિત પૃથ્વી ઉપર વિહાર કરતા કંડરીકે કેટલોક કાળ પસાર કર્યો. એકવાર તેવા પ્રકારની ભવિતવ્યતા વશ ભયંકર વ્યાધિએ કંડરીકને પકડ્યો. સૂરિએ પોતાની સામગ્રી (=સંયોગો) પ્રમાણે ઔષધ વગેરે કરાવ્યું. પણ કંડરીક મુનિ સારા ન થયા. તેથી આચાર્ય તે જ પુંડરીકિણી નગરીમાં પધાર્યા. નિર્જીવ ઉદ્યાનભૂમિમાં તેમનો નિવાસ રાખવામાં આવ્યો.

આચાર્યનું આગમન જાણીને રાજા વંદન માટે આવ્યો. પરમભક્તિથી સૂરિને વંદન કરીને એણે પૂછ્યું: હે ભગવંત! કંડરીક મુનિ ક્યાં છે? સૂરિએ કહ્યું: આ ઉદ્યાનમાં જ સામે દેખાતા શૂન્ય ઉદ્યાનપાલકના ઘરમાં છે. રાજાએ પૂછ્યું: તે આપની પાસે જ કેમ નથી બેઠા? સૂરિએ કહ્યું: તે કંઇક રોગને આધીન બનેલો છે, એથી વધારે સમય બેસી શકતો નથી. તેથી રાજા જાતે જ તેની પાસે ગયો. વંદન કરીને શરીરની વિગત પૂછી. તેણે વિગત જણાવી. પછી રાજાએ ઉત્તમવૈદ્યોને આજ્ઞા કરી કે, આ સાધુને સારા કરો, ઔષધ વગેરે જેની જરૂર હોય તે અમને જણાવવું, જેથી અમે તે મેળવીએ. વૈદ્યોએ પણ "દેવની આજ્ઞા પ્રમાણે કરીએ છીએ" એમ કહીને સાધુના રોગના ઉપચારો શરૂ કર્યા. દૂધ–સાકર વગેરે જેની જરૂર પડતી હતી તે બધું રાજાની આજ્ઞાથી રાખેલા પુરુષો મેળવી આપતા હતા. માસકલ્પ પૂર્ણ થતાં સૂરિએ તેની પાસે સેવા કરનારા સાધુઓને રાખીને બીજે વિહાર કર્યો. ક્રમે કરીને તેનો રોગ લગભગ મટી ગયો. આચાર્ય ક્યારેક ત્યાં જ પાછા પધાર્યા. કંડરીકને નિરોગી શરીરવાળો જોયો.

પછી કેટલાક દિવસો રહીને સૂરિએ કંડરીકને કહ્યું: હે કંડરીક! તું અહીં ઘણા દિવસ

રહ્યો. સાધુઓને એક સ્થાને ઘણો કાળ રહેવું ઉચિત નથી. કારણકે આગમમાં તેનો નિષેધ કર્યો છે. કહ્યું છે કે– **"પહેલા–છેલ્લા જિનના સાધુઓને માસકલ્પનું પાલન ન કરવામાં પ્રતિબંધ અને લઘુતા થાય, તથા જનોપકાર, દેશ-વિજ્ઞાન અને આજ્ઞારાધના એ ત્રણ ન થાય એ દોષો લાગે છે."** (પંચા. ૧૭ ગા. ૩૬) અમે પણ બીજા સ્થળે વિહાર કરવાની ઇચ્છાવાળા છીએ. આથી હવે રાજાને છોડીને અમારી સાથે જ આવ. કંડરીકમુનિની સુસ્નિગ્ધ, સુંદર અને નરમ આહાર વડે વાત રોગને અનુરૂપ ઉપચારોથી ચિકિત્સા થઈ રહી હતી. તેવા આહારમાં લોલુપ બનવાથી રસગૃદ્ધિના પરિણામવાળા થઈ ગયા. આથી તે સ્થાનને છોડવા અસમર્થ કંડ-રીકમુનિએ કહ્યું: હે ભગવંત! મારું શરીર હજી પણ તેવું કુશળ થયું નથી. તેથી આપની ઇચ્છાથી (=અનુજ્ઞાથી) કેટલાક દિવસો સુધી અહીં જ રહેવા ઇચ્છું છું. સૂરિએ જણાવ્યું: ચિત્તમાં આસક્તિ કર્યા વિના રહે. તેમણે કહ્યું: આપની આજ્ઞાને ઇચ્છું છું, અર્થાત્ મારી ઇચ્છાથી આપની આજ્ઞાનું પાલન કરીશ. તેથી તે ત્યાં જ રહ્યા. શેષ સાધુઓ સાથે સૂરિએ બીજા સ્થળે વિહાર કર્યો. કેટલાક દિવસો વીત્યા પછી ફરી પણ સૂરિ ત્યાં પધાર્યા. ફરી કંડરીકમુનિને સાથે આવવા સૂરિએ કહ્યું. પણ તે આવવા ઇચ્છતા ન હતા. તેથી સૂરિએ જાણ્યું કે રસ વગેરેની ગૃદ્ધિથી નહિ આવવાની ઇચ્છાવાળો આ દંભી થઈ ગયો છે. પછી રાજાને આ વિગત કહી. રાજાએ પણ એકાંતમાં લઈ જઈને તેમને કહ્યું: ઉભયકુલથી વિશુદ્ધ, ક્ષત્રિયવંશના અલંકારભૂત અને પોતાની ઇચ્છાથી દુષ્કર દીક્ષાને ગ્રહણ કરનાર આપને એક સ્થળે વધારે કાળ રહેવું ઉચિત નથી. કારણ કે સત્પુરુષો જેટલો ભાર ઉપાડી શકાય તેટલો જ ભાર મૂકે છે. વળી– પૂર્વે સ્વમુખથી જ "ધીરપુરુષો જ્યારે સાહસથી કાર્યમાં પ્રવૃત્તિ કરે છે" ઇત્યાદિ જે કહ્યું હતું તેને શું ભૂલી ગયા? તેથી હવે સંયમમાં રહેલી શિથિલતાબુદ્ધિને છોડીને ગુરુની સાથે જાઓ, વિશુદ્ધ મુનિ-ચર્યામાં તત્પર બનો, જેથી સુગતિના સાધક બનો.

રાજાએ આમ કહ્યું એથી તે ક્ષણવાર લજ્જાથી કંઈક ડોક નમાવીને (=નીચું મોઢું કરીને) રહ્યા. પછી કહ્યું: તમે જે કહો છો તે કરું છું. જવાનો દિવસ આવતાં સૂરિની સાથે ચાલ્યા. પણ [1]અંત, પ્રાંત અને રૂક્ષ ભિક્ષાની ઇચ્છા થતી નથી. કેવળ કંઈક ભાઈની લજ્જાથી અને કંઇક આચાર્યની અપેક્ષાથી સાધુઓની સાથે કેટલાક દિવસ વિહાર કર્યો. એક દિવસ ભિક્ષાનો સમય વીતી જતાં ઠંડી અને વિશેષરૂક્ષ ભિક્ષા વાપરવાથી કર્મદોષના કારણે ચિત્ત દુર્ધ્યાનને પામ્યું. તે આ પ્રમાણે:– મારાથી આ દીક્ષા પાળી શકાય તેમ નથી. આ દીક્ષા ખરેખર લોઢાના જવ ચાવવા તુલ્ય છે. અલ્પ સત્ત્વવાળા જીવોથી આ દીક્ષા પાળી શકાય નહિ. તેથી દીક્ષા પાળવામાં અસમર્થ હું હવે

૧. અંત એટલે નીરસ. પ્રાંત એટલે ગૃહસ્થોના ભોજન કર્યા પછી વધેલ.

શું કરું? અથવા ક્યાં જાઉં? અથવા ધન વગેરે શું માગું? અથવા કોની સેવા કરું? હા જાણ્યું, મારો ભાઈ પુંડરીક પૂર્વે જ દીક્ષા લેવાની ભાવનાવાળો હતો, પણ તે વખતે જાતે દીક્ષા લેતા મેં જ તેને રોક્યો. હવે હું દીક્ષાપાલનમાં અસમર્થ છું, તેથી તેની પાસે જ જાઉં. તે જ બંધુસ્નેહથી અને દીક્ષા લેવાની ઇચ્છાથી મારી ઈચ્છાને પૂર્ણ કરશે. આ પ્રસંગે બીજો કોઈ મારે જવા યોગ્ય નથી. આ પ્રમાણે વિચારીને એકવાર સૂરિએ બીજા ગામમાં જવા વિહાર કર્યો ત્યારે સાધુઓને કહ્યા વિના જ તે પાછળ રહ્યો. બે દિવસ વીતાવીને પુંડરીકિણી નગરી તરફ ગયો. ક્રમે કરીને ત્યાં આવી પહોંચ્યો.

બીજાઓ તો દુર્ધ્યાનનું કારણ વસંતઋતુનો સમય આવતાં થયેલી રમણીયતા જણાવે છે. કારણ કે અમારા પૂજ્યશ્રીએ લખ્યું છે કે, "તેથી, વસંતનો સમય આવતાં આમ્રવૃક્ષોમાં પુષ્પો આવી ગયાં હતાં, આમ્રવૃક્ષના અંકુરના રસનો અનુભવ કરવાથી આનંદિત મનવાળી કોયલો મધુર ટહુકાર કરી રહી હતી, અતિશય હર્ષને આધીન બનીને ફરી રહેલા નગરના લોકોએ સ્થાને સ્થાને સંગીત મંડળીઓ ગોઠવી હતી, આ વખતે હજાર વર્ષ સુધી દીક્ષાને પાળી હોવા છતાં કંડરીક સંયમથી ચલિત ચિત્તવાળો બનીને રાજ્ય મેળવવા માટે એકલો જ પુંડરીકિણી નગરીમાં આવ્યો."

બહાર ઉદ્યાનમાં રહ્યો. અતિશય ઊંચા વૃક્ષના ઉપરના ભાગની શાખામાં પાત્રાદિ ઉપકરણને લટકાવીને ઉદ્યાનપાલકની પાસે ગયો. તેણે ઉદ્યાનપાલકને કહ્યું: પુંડરીકરાજાને મારા આગમનના સમાચાર જણાવીને કહે કે, કંડરીક આપના દર્શનને ઇચ્છે છે, તેથી આપ ઉદ્યાનમાં આવો છો કે કંડરીક અહીં આવે? ઉદ્યાનપાલકે જઈને તેના કહ્યા પ્રમાણે કહ્યું. રાજાએ પૂછ્યું: કંડરીક કેટલા સાધુઓથી યુક્ત છે? તેણે કહ્યું: એકલો છે. તેથી રાજાએ વિચાર્યું: એના એકલાનું આગમન સારું નથી. આનાથી તેને પડેલા પરિણામવાળો જ હું જાણું છું. તેથી યોગ્ય થોડા જ પરિવારની સાથે તેની પાસે જાઉં. પછી વિચાર્યા પ્રમાણે જ રાજા ગયો. એને સુકોમળ વનસ્પતિકાય ઉપર પલાઠી વાળીને બેઠેલો જોયો. કંડરીક રાજાને જોઈને પલાઠી છોડીને પગ લાંબા કરીને ત્યાં જ રહ્યો. તેની વિશેષચેષ્ટાથી તેના આંતરિક અભિપ્રાયને જાણીને વિચાર્યું: અત્યંત ભાંગેલા વ્રતવાળા તેને હવે બીજું કંઈ પણ કહેવું યોગ્ય નથી, કેવળ એને અનુકૂળ જ કહું. આ પ્રમાણે વિચારતા રાજાએ કહ્યું: હે ભદ્ર! મેં તને પહેલાં જ કહ્યું હતું, તે વખતે તેં મારું વચન માન્યું નહિ. તેથી હમણાં પણ અહીં આવ્યો તે સારું કર્યું. આ રાજ્ય લે. તારો રજોહરણ વગેરે વેશ મને આપ.

પછી રાજાએ વિષયસુખને ઇચ્છતા તેને રાજ્ય ઉપર સ્થાપ્યો. રાજ્યના અલંકારો ધારણ કરીને કંડરીક રાજા થયો. ભૂખથી પીડાતા શરીરવાળા તેને આ જ (=રાજ્યપ્રાપ્તિ થઈ એ જ) અધિક વિશિષ્ટ ભોજનની પ્રાપ્તિ થઈ. પુંડરીક રાજા તેનું રજોહરણ લઇને

સાધુ થયો. પછી પુંડરીકે મંત્રીઓને કહ્યું: હવે આ તમારો રાજા છે, હું ગુરુની પાસે જાઉં છું. ચિંતવેલા મારા મનોરથોની આજે સારી રીતે સિદ્ધિ થઈ છે. આ પ્રમાણે બોલતો અને ગુરુચરણોનાં દર્શન ન થાય ત્યાં સુધી ભોજન ન કરવું અને સૂવું નહિ એમ મનમાં ગાઢ પ્રતિજ્ઞા કરીને અતિશય વધતા અતિશય તીવ્ર શુભ પરિણામવાળો તે નગરમાંથી નીકળી ગયો. કંડરીક રાજભવનમાં ગયો. આ વ્રતથી ભ્રષ્ટ થયો છે, એનું મુખ કોણ જુએ? આવા વિચારવાળા પરિવારે તેનો અનાદર કર્યો. આ જોઇને તેણે વિચાર્યું: પહેલાં ઘણા કાળથી આજે અઢાર પ્રકારની વાનગીઓનું ભોજન કરું, પછી હું એમને જોઈ લઈશ, આ પ્રમાણે રૌદ્રધ્યાન કરતા તેણે રસોઈયાઓને આજ્ઞા કરી કે, હે ભદ્રો! અહીં જે કોઈ ખાદ્યવસ્તુનો ઉપયોગ થતો હોય તે સર્વ તૈયાર કરીને ભોજનશાલામાં મૂકો. રસોઇયાઓએ દેવની આજ્ઞા પ્રમાણે કરીએ છીએ એમ કહીને કેટલાક સમયમાં તેની આજ્ઞા પ્રમાણે કર્યું. પછી કંડરીકને જણાવ્યું. તે ભોજનમંડપમાં બેઠો. અનેક પ્રકારના ભોજનસમૂહને જોઇને, "બલવાનો વડે દુર્બલો ખસેડાય[1] છે." એ પ્રમાણે નાટકદૃષ્ટાંતથી પહેલાં વાલ અને ચણા વગેરે અસાર ખાઇને પછી ઘેબર વગેરે ઉત્તમ વસ્તુઓ ખાધી. ભૂખથી દુર્બલ જઠરવાળા (=જઠરાગ્નિવાળા) તેણે ઇચ્છા પ્રમાણે ત્યાં સુધી ખાધું કે એના પેટમાં પાણીની પણ જગ્યા ન રહી. અતિશય ખાવાથી રાતે [2]વિસૂચિકા રોગ થયો. તેનાથી એ ખૂબ દુઃખી થયો. અનાદેય (=અસ્વીકાર્ય) હોવાથી માણસોએ તેની સેવા ન કરી. આથી તેણે વિચાર્યું: જો હું ભાગ્યથી કોઈ પણ રીતે આ આપત્તિને તરી જઇશ તો આ બધાં લોકોને મારે ખદિરના સાંબેલાથી દંડવા. આ પ્રમાણે અતિશય વધતા અતિશય તીવ્ર રૌદ્રપરિણામવાળો અને નહિ પચેલા આહારથી ઉત્પન્ન કરાયેલી મહાદાહની વેદનાથી ખૂબ દુઃખને સહન કરતો તે કેટલાક સમયમાં મરીને સાતમી નરકપૃથ્વીમાં અપ્રતિષ્ઠાન નામના મહાનરકમાં અજઘન્યોત્કૃષ્ટ ૩૩ સાગરોપમ પ્રમાણ સ્થિતિવાળો નારક થયો.

સુકોમળ હાથ-પગવાળો પુંડરીક પણ ઉલ્લસિત બનેલા શુભ જીવવીર્યના યોગથી કેટલાક ભૂમિપ્રદેશ સુધી ગયો. તેણે અત્યાર સુધી ક્યારે પણ કષ્ટ જોયું ન હતું. તેનું મસ્તક પંચમુષ્ટિ લોચથી મુંડન કરાયેલું અને ખુલ્લું હતું. આથી મસ્તક અતિશય કઠોર સૂર્ય કિરણોના સમૂહથી તપી રહ્યું હતું. ગ્રીષ્મતાપના પ્રવેશથી તપેલી રેતીથી તેના

---

૧. જેમ નાટકમાં બેઠેલા દુર્બલ માણસોને ખસેડીને બલવાન માણસો પોતાની જગ્યા કરી લે છે=બેસી જાય છે, તેમ અહીં પ્રથમ વાલ વગેરે તુચ્છ વસ્તુ ખાઈને પછી મિષ્ટાન્ન ખાય તો મિષ્ટાન્ન વાલ વગેરેને ખસેડીને પોતાની જગ્યા કરી લે છે, અર્થાત્ વાલ વગેરે તુચ્છ વસ્તુ ખાધા પછી મિષ્ટાન્ન ખાય તો વધારે ખાઈ શકાય.

૨. વિસૂચિકા એટલે જેમાં અજીર્ણના કારણે અંગોમાં સોયો ભોંકાતી હોય તેવી વેદના થાય તેવો રોગ.

બે ચરણો બળી રહ્યા હતા. આમ છતાં યુદ્ધ અને કલહનું કારણ રાજ્યનો ત્યાગ કરવાથી એનું મન સ્વસ્થ હતું. શરીરની પીડા માત્રથી એનું સત્ત્વ ચલિત થયું ન હોવા છતાં અતિશય ક્ષુધા, તૃષા અને શ્રમ વગેરેની પીડાથી એનું શરીર વિહ્વલ બની ગયું. આથી તેણે અંતિમ આરાધના કરવા માંડી. તે આ પ્રમાણેઃ—ભૂતકાળમાં થઈ ગયેલા, ભવિષ્યમાં થનારા અને વર્તમાનમાં વિદ્યમાન અરિહંતોને નમસ્કાર થાઓ. સર્વ સિદ્ધોને નમસ્કાર થાઓ. સંસારરૂપી અંધારા કૂવામાં પડેલા અમારા જેવા પ્રાણીઓને જિનેશ્વરે કહેલા સુધર્મની દેશના રૂપ આલંબનથી ખેંચવામાં (=બહાર કાઢવામાં) તત્પર શ્રીસુસ્થિત-સૂરિને નમસ્કાર હો. તેમની કૃપાથી મારી ઉત્તમ અંતિમ આરાધના થાઓ. આ પ્રમાણે ચિંતવતા તેણે સર્વ જીવો પ્રત્યે ક્ષમાપના કરીને આગાર રહિત પચ્ચક્ખાણથી સર્વ વ્યાપારનો ત્યાગ કર્યો. તે જ રાતે વર્તમાનભવમાં રહેલા દશ પ્રકારના પ્રાણોને છોડીને સર્વાર્થસિદ્ધ મહા વિમાનમાં ગયો. ત્યાં તેની અજઘન્યોત્કૃષ્ટ ૩૩ સાગરોપમ સ્થિતિ થઈ. ત્યાંથી ચ્યવીને તે સિદ્ધ થશે. આ પ્રમાણે સામાયિકના વિશુદ્ધ પાલનરૂપ ગુણથી પુંડરીક થોડા જ કાળમાં આરાધક થયો. કંડરીક એક હજાર વર્ષ સુધી પણ દીક્ષા પાળીને અંતે પડી ગયેલા સામાયિકના પરિણામરૂપ દોષથી વિરાધક થયો. આ વિષે શ્રીધર્મદાસગણીએ કહ્યું છે કે—**“એક હજાર વર્ષ સુધી પણ અને અતિશય ઘણું પણ સંયમ પાળીને છેવટે ક્લિષ્ટ પરિણામવાળો બનેલો સાધુ કંડરીકની જેમ શુદ્ધ બનતો નથી. વળી કોઇક અલ્પકાળમાં પણ મહાવ્રતરૂપ શીલસંયમનું સ્વીકાર કર્યા પ્રમાણે પાલન કરીને પુંડરીક મહર્ષિની જેમ પોતાના આત્માનું હિતકાર્ય સાધી લે છે.”** (ઉ. મા. ૨૫૧-૨૫૨) આ પ્રમાણે વિચારીને સામાયિકના પાલનમાં જ પ્રયત્ન કરવો જોઇએ, ભંગનું તો રક્ષણ કરવું જોઇએ, અર્થાત્ ભંગ ન થવા દેવો જોઇએ, આ પ્રમાણે દોષદ્વારની ગાથાનો ભાવાર્થ છે. [ ૯૬ ]

સામાયિકને બરોબર પાળવામાં ગુણ બતાવવાની ઇચ્છાવાળા ગ્રંથકાર સામાયિકની દ્વારગાથાને કહે છેઃ—

**सिवसग्गपरमकारणसामाइयसंगमं तु काऊण ।**
**सागरचंदसुदंसणहेऊउ, चयंति नो पत्तं ॥ ९७ ॥**

**ગાથાર્થ**:—(સત્ત્વવંત) શ્રાવકો મોક્ષ અને સ્વર્ગના શ્રેષ્ઠહેતુ એવા સામાયિકની સાથે ભાવથી સંબંધ કરીને અર્થાત્ ભાવથી સામાયિકને સ્વીકારીને પ્રાપ્ત થયેલા સામાયિકને સાગરચંદ્ર અને સુદર્શનના દૃષ્ટાંતોથી (=દૃષ્ટાંતોનું આલંબન લઇને) છોડતા નથી.

**ટીકાર્થ**:—સામાયિક જલદી મોક્ષ અને સ્વર્ગને પમાડતું હોવાથી મોક્ષ અને સ્વર્ગનું શ્રેષ્ઠ કારણ છે.

**પ્રશ્ન:-** હેતુ શબ્દનો દૃષ્ટાંત અર્થ કેવી રીતે થાય? **ઉત્તર:-** જે અર્થને જાણવાની ઇચ્છા હોય તે અર્થને જણાવે તે હેતુ એવી વ્યુત્પત્તિથી હેતુ શબ્દનો દૃષ્ટાંત અર્થ વિવક્ષિત છે. કારણ કે જે અર્થને જાણવાની ઇચ્છા હોય તે અર્થને દૃષ્ટાંત પણ જણાવે છે.

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો બે કથાઓથી જાણવો. તે બે કથાઓમાં સાગરચંદ્રની કથા આ પ્રમાણે છે:-

## સાગરચંદ્રનું દૃષ્ટાંત

સૌરાષ્ટ્ર નામનો દેશ હતો. તે દેશમાં શુભ વસ્તુઓની સ્થાપનાથી સમસ્ત પાપો અને ઉપદ્રવોનો નાશ થયો હતો. તે દેશ વિશાળ પૃથ્વીમંડલનો શણગાર હતો. તે દેશે અસાધારણ ભોગોથી દેવલોકનો પરાભવ કર્યો હતો. તે દેશમાં દ્વારાવતી (દ્વારિકા) નામની નગરી હતી. તે નગરીમાં રહેલાં ઘણાં, ઉજ્જ્વળ અને અત્યંત ઊંચાં મંદિરોનાં શિખરોની શિખાઓએ સૂર્યરથના અશ્વોનો માર્ગ દૂર કરી દીધો હતો. માર્ગમાં ફરતી યુવાન સ્ત્રીજનના કણકણ અવાજ કરતા મણિના કંદોરા અને નૂપુર વગેરે રત્નનાં આભૂષણોના રણ-ઝણ અવાજથી દિશાઓનાં મુખો બહેરાં થઈ ગયા હતાં. તે નગરીનો રાજા વાસુદેવ હતો. મુખ્ય સામંત રાજાઓનો સમૂહ તેને નમેલો હતો. તેણે સર્વ શત્રુઓના પક્ષોનો નાશ કર્યો હતો. ભરતક્ષેત્રના ત્રણ ખંડોના આધિપત્યથી (=માલિકીથી) પ્રકાશિત થતા અસાધારણ સાહસના અતિરેકથી તેણે ઇંદ્રને અનુરાગી બનાવ્યો હતો. બલદેવ તેનો બંધુ હતો, તેના વિશ્વાસનું ભાજન હતો, અતિશય સ્નેહનું મંદિર હતો, દાનવોથી પણ ક્ષોભ ન પમાડી શકાય તેવા સત્ત્વનું ઘર હતો. બલદેવનો પુત્ર નિષધ હતો. નિષધનો સંબ (=શાંબ) વગેરે રાજકુમારોને અતિપ્રિય સાગરચંદ્ર નામનો પુત્ર ત્યાં જ રહેતો હતો. આ તરફ તે જ નગરીમાં ઉગ્રસેન નામના રાજાની નવીન યૌવનને પામેલી અને પોતાના રૂપથી સુરસુંદરીઓના પણ સૌંદર્યને જીતનારી કમલામેલા નામની પુત્રી હતી. તેને ધનસેન રાજાના પુત્ર નભઃસેનને આપી. તે અવસરે આકાશગામી, પરિવ્રાજકનો વેશ ધારણ કરનાર, સમ્યગ્દૃષ્ટિ, બ્રહ્મચારી, વૈક્રિયલબ્ધિથી યુક્ત, અને મશ્કરી [1]કરવામાં ખૂબ તત્પર એવા નારદ લીલાથી પરિભ્રમણ કરતા નભઃસેનના ભવનમાં આવ્યા. ઉત્તમકન્યાના લાભથી વ્યાક્ષિપ્તચિત્તવાળા તેણે ઓળખવા છતાં તેમની ઉચિત પૂજાથી પૂજા ન કરી. આથી તે દ્વેષ પામ્યા. ત્યાંથી ઉઠીને વેગથી સાગરચંદ્રની પાસે ગયા. સાગરચંદ્રે ઉભા થવું, આસન આપવું, વંદન કરવું વગેરે ઉચિત વિનયપૂર્વક હે મહર્ષિ! स्वागतम् (=ભલે પધાર્યા) એમ કહીને તેમને બોલાવ્યા. પછી પૂછ્યું: આપે પૂર્વે ક્યાંય કોઈ આશ્ચર્ય જોયું છે? નારદે કહ્યું: સર્વ આશ્ચર્યોની સીમા અને

૧. કલહ કરાવવાના સ્વભાવવાળા છે એવું પ્રસિદ્ધ છે.

રૂપથી ઇંદ્રાણી અને અપ્સરાને જીતનારી કમલામેલા રાજપુત્રી આ જ નગરીમાં મેં જોઈ છે. સાગરચંદ્રે પૂછ્યું: કોઇ પણ રીતે તે મારી થશે ? નારદે કહ્યું: તે હું જાણતો નથી. કારણકે એ નભઃસેનને અપાયેલી છે. ક્ષણમાત્રમાં તેણે નારદને રજા આપી. નારદ કમલામેલા પાસે ગયા. તેણે પહેલાંથી જ નારદને આવતા જોઈને ઊભા થવું વગેરે વિનયપૂર્વક આદર કર્યો. નારદ બેઠા. પ્રણામ કરીને કમલામેલાએ પણ સાગરચંદ્રની જેમ જ પ્રશ્ન પૂછ્યો. નારદે કહ્યું: આ પૃથ્વી ઉપર મેં બે આશ્ચર્યો જોયાં છે. એક આશ્ચર્ય સર્વકલાસમૂહથી, સૌભાગ્યથી, રૂપથી અને બત્રીસ લક્ષણોથી યુક્ત સાગરચંદ્ર છે, અને બીજું આશ્ચર્ય અગંભીર, માયાનું મંદિર, અભિમાની, મૂર્ખ, સર્વજનને અપ્રિય અને કુરૂપવાળાઓમાં શિરોમણિ નભઃસેન છે. તેથી તે નભઃસેન પ્રત્યે વિરક્ત બની. સાગરચંદ્ર પ્રત્યે અનુરાગ-વાળી બનેલી તેણે પૂછ્યું: તે મારો કેવી રીતે થશે ? નારદે કહ્યું: તે હું જાણતો નથી.

બીજાઓ તો કહે છે કે–"નભઃસેનથી અપમાનિત થયેલા નારદ કમલામેલાના ઘરે ગયા. તેની આગળ નભઃસેનની નિંદા કરી અને સાગરચંદ્રના રૂપની પ્રશંસા કરી. સાગરચંદ્રના સંગની અભિલાષાવાળી બનેલી કમલામેલાનું રૂપ ચિત્રપટમાં આલેખીને સાગરચંદ્રને બતાવ્યું. તેનામાં પણ કમલામેલા પ્રત્યે અનુરાગ ઉત્પન્ન કરીને નારદ આકાશમાં ઉડ્યા."

ત્યારથી જ કમલામેલા અને સાગરચંદ્ર પરસ્પર અનુરાગવાળા બન્યા. બંનેએ પોતાની ક્રીડા વગેરે પ્રવૃત્તિને છોડી દીધી. બંનેનું મન દુઃસહ્ય વિરહવેદનાથી દુઃખી થઇ ગયું. સાગરચંદ્રની આવી અવસ્થા સાંભળીને શંબકુમાર સમાનચિત્તવાળા અનેક યાદવ કુમારોની સાથે તેની પાસે આવ્યો. તે વખતે તે અવળા મુખે બેસીને એકાગ્રચિત્તે કમલામેલાનું જ ધ્યાન કરતો હતો. તેથી (પાછળના ભાગથી આવેલા) શાંબે તેનાં નેત્રો (બે હાથથી દબાવીને) બંધ કરી દીધા. સાગરચંદ્ર બોલ્યો: કમલામેલા જણાય છે. શંબે કહ્યું: હું કમલામેલા નથી, કિંતુ કમલામેલ (=કમલામેલાનો મેળાપ કરાવી આપનાર) છું. તેથી છલથી એણે કહ્યું: તું જ મને કમલપત્રના જેવા નેત્રોવાળી કમલામેલાને મેળવી આપશે એમ સત્ય પ્રતિજ્ઞાવાળો થા. તે જ અર્થનું સમર્થન કરવા માટે કુમારોએ શંબકુમારને દારૂ પીવડાવીને તેની પાસે વચન અપાવડાવ્યું કે હું કમલામેલાને પરણાવીશ. કેફ ઉતરી ગયા. પછી ચૈતન્યને પામેલા તેણે વિચાર્યું: આ કેવી રીતે થશે ? કારણ કે તે માતા–પિતા વડે નભઃસેનને અપાયેલી છે. મારે તેને સાગરચંદ્રની સાથે કેવી રીતે જોડવી ? તેથી આ અતિશય દુર્ઘટ છે. આ તરફ વાઘ અને આ તરફ નદી એમ કેટલાક લોકોથી જે કહેવાય છે તે આ ન્યાય આ સ્વીકારથી મને લાગુ પડ્યો. પછી તે પ્રદ્યુમ્નની પાસે ગયો અને સઘળો ય વૃત્તાંત કહ્યો. તેણે શાંબને પ્રજ્ઞપ્તિ વિદ્યા આપી. આ તરફ બંને પક્ષમાં વિવાહ સંબંધી ઉત્સવ શરૂ કર્યો. સ્નાન, વિલેપન, વસ્ત્રપરિધાન, શરીરશણગાર આદિ

કરીને વિવાહમંડપમાં પ્રવેશ વગેરે કર્યું. તેથી ઘણા કુમારોથી યુક્ત શંબ સાગરચંદ્રને ઉદ્યાનમાં લઈ ગયો. નિર્દોષ વિદ્યાથી નભઃસેનની પાસે કમલામેલા જેવું બીજું રૂપ રાખ્યું. કમલામેલાનું સુરંગથી અપહરણ કર્યું. અનેક વિદ્યાધરોથી સહિત શાંબે ગાંધર્વવિવાહથી કમલામેલા ચંદ્રસાગરને પરણાવી. પ્રજ્ઞપ્તિ વિદ્યાથી ભક્ષ્ય (=ખાવા લાયક), પેય (=પીવા લાયક), ચૂષ્ય (=ચૂસવા લાયક) અને લેહ્ય (=ચાટવા લાયક) વગેરે અનેક પ્રકારની વસ્તુઓ પ્રાપ્ત કરી. બધા કુમારો પરિવાર સહિત ક્રીડા કરવા લાગ્યા.

આ તરફ– નભઃસેન વૈક્રિયરૂપધારી કમલામેલાની સાથે ચોથું મંડલ ફરતો હતો તેવામાં મહાન અટ્ટહાસ્ય કરીને તે અદૃશ્ય થઈ ગઇ. બીજાઓ કહે છે કે, "કન્યાના અંતઃપુરમાં રહેલી જ કમલામેલાનું [1]અપહરણ કરીને પરણાવી. નભઃસેનના વિવાહ સમયે કમલામેલા ન દેખાતાં તેનું અપહરણ થયું છે એમ જાણવામાં આવ્યું." તેથી ઘણો કોલાહલ થયો. બધા સ્થળે કમલામેલાને શોધવા લાગ્યા. વાસુદેવ અને બલદેવને આ વિગત જણાવી. તેમણે તેની શોધ માટે મોકલેલા પુરુષોએ કોઈ પણ રીતે ઉદ્યાનમાં ઘણા વિદ્યાધરોના સમૂહથી પરિવરેલા અને વિદ્યાધરનું રૂપ ધારણ કરનારા સાગરચંદ્રની સાથે વિવિધ ક્રીડાઓથી ક્રીડા કરતી જોઇ. તેમણે વાસુદેવ વગેરે યાદવોને જણાવ્યું. વાસુદેવ વગેરેએ યુદ્ધની ભેરી વગડાવવાપૂર્વક ચતુરંગી સૈન્ય સાથે આવીને યુદ્ધ શરૂ કર્યું. વિદ્યાધરો ઉપર રોષપૂર્વક ખેંચેલા ધનુષ્યના નિરંતર બાણસમૂહની વૃષ્ટિ કરી. વિદ્યાધરો પણ બાણસમૂહની વૃષ્ટિ કરવા લાગ્યા, એટલે શાંબે ચરણોમાં પડીને પોતાનો વૃત્તાંત કહીને ક્ષમા માગી. તેથી સર્વલોકોની સમક્ષ શાંબને તિરસ્કારીને કૃષ્ણે કન્યા નભઃસેનને પરણાવી. નભઃસેને શાંબ અને સાગરચંદ્રની ઉપર આ વૈરને છોડ્યો નહિ. અત્યંત કોપને પામેલો તે છિદ્રો શોધવામાં તત્પર થયો. પણ અપકાર કરવાનો અવસર એને ક્યાંય મળ્યો નહિ.

આ પ્રમાણે કાળ પસાર થઈ રહ્યો હતો, તેવામાં એકવાર રેવતક ઉદ્યાનમાં અરિષ્ટનેમિ ભગવાન પધાર્યા. તેમણે નિર્મલ કેવળજ્ઞાનરૂપી પ્રકાશથી સંપૂર્ણ લોક–અલોકને પ્રકાશિત કર્યો હતો. તે ભગવાન સુર, અસુર અને ચક્રવર્તીઓથી સ્તુતિ કરાતા હતા, અસાધારણ ચોત્રીશ અતિશયોથી યુક્ત હતા, દેવોએ કરેલા નવીન નવ સુવર્ણકમલ ઉપર બે ચરણો મૂકતા હતા, યાદવકુલના તિલક હતા. તે ભગવાનને વંદન કરવા સર્વ યાદવકુમારોથી સહિત વાસુદેવ ગયા. ત્રિલોકનાથ શ્રીનેમિભગવાનને વંદન કર્યું.

૧. "આગળથી કરેલા સંકેત અનુસાર સુરંગથી એકલી જ કમલામેલા ઉદ્યાનમાં આવી" એમ ઉપદેશમાળામાં છે.

ભગવાને પણ દેશના શરૂ કરી. દેશનામાં સંસારની અસારતા જણાવી, વિષયોની નિંદા કરી, મોહરૂપી મહામલ્લ દુર્જેય છે એમ જણાવ્યું, તેને હણવાના દેશવિરતિ અને સર્વવિરતિસ્વરૂપ ઉપાયનું વર્ણન કર્યું, તેનો વિજય કરવાથી કેવલજ્ઞાનરૂપી લક્ષ્મીના લાભ પૂર્વક શાશ્વત શિવસુખની પ્રાપ્તિ બતાવી. તેથી અનેક જીવો પ્રતિબોધ પામ્યા. કોઈ જીવોએ સર્વવિરતિનો સ્વીકાર કર્યો. તેનું પાલન કરવા અસમર્થ બીજા કેટલાક જીવોએ દેશવિરતિનો સ્વીકાર કર્યો. બીજા કેટલાક જીવોને તો માત્ર સમ્યક્ત્વનો જ લાભ થયો. ત્યારબાદ સાગરચંદ્ર સિવાય શેષ પર્ષદા ભુવનબંધુ ભગવાનને વંદન કરીને સ્વસ્થાન તરફ ગઈ. પરમવૈરાગ્યની વાસનાથી વાસિત અંતઃકરણવાળો સાગરચંદ્ર તો ત્રિકરણ શુદ્ધ ભાવથી જિનને નમીને અને અણુવ્રત વગેરે શ્રાવકધર્મને સ્વીકારીને જેટલામાં નગરી તરફ ચાલ્યો તેટલામાં તેના મનમાં થયું કે, ભુવનનાથે સંસારને પાર પામવાનો અનંતર= સીધો ઉપાય સર્વવિરતિ જ જણાવ્યો છે, દેશવિરતિ તો પરંપરાએ ઉપાય છે. તેથી આ સર્વવિરતિનો સ્વીકાર મારાથી થઈ શકે છે કે નહિ તેનો નિર્ણય કરવા આત્માની તુલના (=પરીક્ષા કે ચકાસણી) કરું. તેથી ત્યારબાદ તેણે મહાસત્ત્વના કારણે નગરના નજીકના ઉદ્યાનમાં જ સામાયિકનો સ્વીકાર કરીને સંપૂર્ણરાત્રિમાં કાઉસ્સગ્ગથી પ્રતિમાનો મનથી સ્વીકાર કર્યો.

આ તરફ—નભઃસેને નિમેલો ચરપુરુષ સમવસરણમાં દેશના પૂર્ણ થઈ ત્યારથી જ સાગરચંદ્રની પાછળ લાગ્યો હતો. તેણે તે વૃત્તાંતને જાણીને નભઃસેનને કહ્યું. નભઃસેન પણ હર્ષ પામીને તે સ્થાને આવ્યો. એને જોઈને પૂર્વના રોષથી અત્યંત ગરમ થયેલા તેણે ભીની માટી લાવીને તેનાથી તેના મસ્તકમાં કુંડાળું કર્યું. તે કુંડાળાને સ્મશાનમાં બળતા અંગારાના સમૂહથી ભરી દીધું. તેથી જિનમતના તત્ત્વોને જાણનાર તેણે ભાવના ભાવી કે, **"સર્વ જીવો પૂર્વે કરેલાં કર્મોના વિપાકકાળે કર્મ પ્રમાણે ફલ મેળવે છે, અપરાધમાં અને લાભમાં બીજાઓ તો નિમિત્ત-માત્ર છે. હમણાં આટલા પણ શરીરદુઃખમાં ખેદને ન પામ.** કારણ કે **હે જીવ! નરકમાં પડેલા તેં આ દુઃખ અનંતગણું સહન કર્યું છે."** ઇત્યાદિ ભાવનાથી આત્માને ભાવિત કરતા તેણે તેના ઉપર જરા પણ રોષ ન કર્યો. દાહવેદનાને સમાધિથી સહન કરી. અરિહંત વગેરેને નમસ્કાર કર્યો. સમભાવથી અવિચલિત મનવાળો તે આ ભવના ઔદારિક શરીરને છોડીને દેવલોકને પામ્યો. ત્યાં ઘણી ઋદ્ધિવાળો વૈમાનિક દેવ થયો. આથી જ કહ્યું છે કે—**"સર્વજ્ઞ ભગવંતે કહેલ ધર્મને જાણનારા ગૃહસ્થો પણ નિશ્ચલતાથી વ્રતોનું પાલન કરે છે, તો સાધુઓએ તો વિશેષ દઢતા રાખવી જોઈએ. આ વિષે કમલામેલા અને સાગરચંદ્રનું દૃષ્ટાંત છે."**

## સુદર્શનનું દૃષ્ટાંત

હવે સુદર્શનનું દૃષ્ટાંત કહેવામાં આવે છેઃ– [1]લક્ષ્મીના વિલાસ માટે પુષ્પસમાન, કરુણારસથી યુક્ત લોકોએ જેમાં પવિત્ર વિવિધ દાનશાળાઓ પ્રવર્તાવી છે તેવો, પૃથ્વીરૂપી સ્ત્રીનું જાણે ચંચળ લલાટતિલક હોય એવો અને લોકમાં પ્રસિદ્ધ અંગ નામનો દેશ હતો. તેમાં 'અમરાવતી' એ પ્રમાણે પ્રખ્યાત બનેલી 'ચંપા' નામની નગરી હતી. તેના ગુણોનું વર્ણન કરવા હજાર મુખવાળો [2]બૃહસ્પતિ પણ સમર્થ નથી. તે નગરી સુવર્ણકલશોની શ્રેણિથી યુક્ત દેવમંદિરોથી વ્યાપ્ત હતી, હિમવાન વગેરે [3]કુલપર્વત સમાન ઊંચા અને શ્રેષ્ઠ ગૃહશ્રેણિઓથી યુક્ત હતી. તેમાં બજારમાં રહેલા રત્નોના ઢગલાઓથી અંધકારની સ્થિતિનો નાશ થયો હતો, અનેક કવિઓના સ્ફુરતા (=બોલાતા) કાવ્યોનો કોલાહલ થતો હતો. તે નગરીમાં નિર્મલ કીર્તિરૂપી વેલડીના વિસ્તારને વધારવા માટે તત્પર સદ્‌ગુણો રૂપી પાણીના પૂર સમાન અને પ્રતાપનું નિવાસસ્થાન દધિવાહન નામનો રાજા હતો. તેની રતિસમાન રૂપવાળી અભયા નામની રાણી હતી. તે રાજાનો પોતાની સંપત્તિથી પુણ્યવંત લોકોના માલિકોને (=શ્રીમંતોને) જીતી લેનાર તથા શુભકીર્તિ અને ગુણોથી પ્રસિદ્ધ વૃષભદાસ નામનો શ્રેષ્ઠી હતો. તેની પ્રેમપાત્ર, કમલદલ જેવા નેત્રોવાળી, સુશીલ વગેરે ગુણોની સીમારૂપ (=સર્વાધિક ગુણોવાળી) અર્હદ્દાસી એવા નામથી વિખ્યાત પત્ની હતી. તેના ઘરમાં ભેંસોનું રક્ષણ કરનાર સુભગ નામનો ભદ્રક નોકર હતો.

એકવાર તે ભેંસો લઈને જંગલમાં ગયો. તે વખતે જેમાં લોકોને ઘણું કેશર, સારી રીતે પકાવેલું સુગંધી તેલ, અગ્નિની સગડી, ઘટ્ટ અને લાલ–પીળા રંગથી રંગેલાં વસ્ત્રો, સારા મકાનમાં વાસ અને સ્ત્રીઓના સ્તનો આ બધીય વસ્તુઓ પ્રિય બની હતી તેવી હેમંતઋતુ વર્તતી હતી. આવી હેમંતઋતુમાં સુભગે નદીના કાંઠે ખુલ્લા સ્થાનમાં સૂર્યાસ્ત થઈ રહ્યો હતો ત્યારે અને ઠંડો પવન વાઈ રહ્યો હતો ત્યારે [4]નિષ્પ્રતિકર્મ શરીરવાળા, મેરુની જેવા સ્થિર, સમુદ્ર જેવા ગંભીર અને કાયોત્સર્ગમાં રહેલા એક મુનિને

---

૧. લક્ષ્મીદેવી કમળ પુષ્પ ઉપર રહે છે માટે અહીં **મુકુર** શબ્દનો "પુષ્પની કળી" એવો અર્થ હોવા છતાં ભાવાર્થથી 'પુષ્પ' અર્થ લખ્યો છે. લક્ષ્મીના વિલાસનું મંદિર એવો અર્થ અધિક શ્રેષ્ઠ ગણાય. પણ **મુકુર**નો મંદિર કે ઘર અર્થ શબ્દકોષમાં જોવા મળતો નથી.

૨. શબ્દકોષમાં જણાવેલા **શેષ** શબ્દના અર્થો અહીં ઘટી શકતા ન હોવાથી મેં અહીં બૃહસ્પતિ અર્થ કર્યો છે. બીજો અર્થ ઘટી શકતો હોય તો ઘટાડવો.

૩. અથવા કુલાચલ નામનો પર્વત એવો અર્થ પણ કરી શકાય.

૪. રોગ દૂર કરવો, પગમાંથી કાંટો કાઢવો વગેરે શરીરસેવાને પ્રતિકર્મ કહેવામાં આવે છે. આવા પ્રતિકર્મથી રહિત તે નિષ્પ્રતિકર્મ.

જોયા. મુનિને જોઈને તેણે વિચાર્યું: આવી ઠંડી પડી રહી છે ત્યારે મુનિ વસ્ત્ર વિના કેવી રીતે રહેશે? વળી– ઘણા જંગલી પ્રાણીઓથી વ્યાપ્ત અને ભયંકર આ નદીકિનારે અનેક ઉપદ્રવવાળી રાત્રિને આ એકલા કેવી રીતે વીતાવશે? ઇત્યાદિ વિચારતો તે બહુમાન-પૂર્વક વંદન કરીને પોતાની ભેંસો લઈને ઘરે ગયો. મુનિ વિષે ઉત્સુક, મુનિનાં ફરી પણ દર્શનની આકાંક્ષાવાળા અને મુનિ પ્રત્યે અત્યંત વાત્સલ્યવાળા તેણે તે રાત કોઈ પણ રીતે પસાર કરી. થોડી રાત બાકી રહી ત્યારે ઉઠીને ભેંસોની સાથે જલદી ત્યાં ગયો તેટલામાં મુનિને જોયા. તેથી હર્ષના કારણે ઉત્પન્ન થયેલા આંસુના પૂરથી નેત્રોને ડુબાવી દેનાર તેણે તેવી અવસ્થામાં રહેલા મુનિના ચરણોને ભક્તિથી પ્રણામ કર્યા.

પછી તે મુનિની પાસે બેઠો, એટલામાં રાત્રિની સાથે અંધકારસમૂહને દૂર કરતો સૂર્ય ઉગ્યો. આ વખતે 'નમો અરિહંતાણં' એ પ્રમાણે સ્પષ્ટ પદને બોલતા મુનિ આકાશમાં ઉડ્યા. તે પદને સાંભળીને તેણે વિચાર્યું: નક્કી આ મહાવિદ્યા છે, તેથી એના ઉચ્ચારણમાત્રથી ઉત્તમમુનિ તુરત આકાશમાં ગયા. ત્યારથી જ એ ભોજન કરતાં, ચાલતાં અને ઊભા રહેતાં બહુમાનથી આ પદનું ઉચ્ચારણ કરવા લાગ્યો. શેઠે તેને કહ્યું: હે ભદ્ર! આ પદ અવિધિથી ન બોલાય. તેણે કહ્યું: હે પિતાજી! હું આ મંત્રને મૂકી શકું તેમ નથી. તેથી શેઠે વિચાર્યું: જેને જિનનમસ્કારમાં કલ્યાણકારી આ પ્રમાણે નિશ્ચલ ભક્તિ છે, તે આ ધન્ય છે. પછી શેઠે તેને કહ્યું: હે ભદ્ર! જો એમ છે તો આ મંગલ એ પ્રમાણે જ સદા તારું પરમહિત કરનારું થાઓ. એક દિવસ તે ભેંસોને ચરાવવા માટે ગંગાનદી પાસે ગયો. ભેંસો ચારો લેવાની (=ચરવાની) ઇચ્છાથી નદી તરીને સામે કાંઠે ગઈ. તેથી તેમની પાછળ જવાની ઇચ્છાવાળા તેણે નમસ્કારને (=નમસ્કારમંત્રના પહેલા પદને) બોલતાં જ નદીના કાંઠાથી પાણીમાં કુદકો માર્યો. ભાગ્ય-યોગથી ત્યાં ખીલો હતો. એ ખીલાથી તે વીંધાયો. વેદનાથી ઘેરાયેલો તે તે જ ક્ષણે મૃત્યુ પામ્યો. નમસ્કાર મંત્રના પ્રભાવથી તે ત્યાંથી તે જ શેઠની અર્હદ્દાસી પત્નીની [1]કુક્ષિમાં ઉત્પન્ન થયો. તેને પાંચમો મહિનો ચાલતો હતો ત્યારે ગર્ભના પ્રભાવથી દોહલો થયો. તે આ પ્રમાણે:– હું ગરીબ વગેરેને દાન આપું, જિનમંદિરોમાં મહોત્સવ કરાવું, પતિની સાથે અર્ધા આસને બેઠેલી હું તે મહોત્સવને જોઉં. શેઠે આ જાણીને તેના દોહલાને પૂર્ણ કર્યો.

ગર્ભના મહિનાઓ અને દિવસો પૂર્ણ થતાં તેણે પોતાના શરીરના તેજથી દિશા-સમૂહને પ્રકાશિત કરતા અને અસાધારણરૂપથી દેવોને પણ જીતતા સુંદર પુત્રને જન્મ આપ્યો. પ્રિયંવદા નામની દાસીએ શેઠની પાસે જઈને શેઠને હર્ષની અધિકતાથી

---

૧. અહીં **કુક્ષિકોટરે** શબ્દ છે. **કોટર** એટલે બખોલ કે ગુફા. વાક્ય ક્લિષ્ટતાના કારણે અનુવાદમાં તે અર્થનો ઉલ્લેખ કર્યો નથી.

સ્ખલના પામતા વાક્યોથી પ્રશંસનીય પુત્રજન્મ કહ્યો. તેથી અતિશય હર્ષ પામેલા શેઠે એને ઇનામ આપ્યું. સર્વ કેદખાનાઓમાંથી કેદીઓને છોડાવ્યા. ગરીબ વગેરેને ઇચ્છા પ્રમાણે દાન અપાવ્યું. જિનમંદિરોમાં અષ્ટાહ્નિકા ઉત્સવ કરાવ્યો. દોહલાથી એના દર્શનનું [1]અનુમાન કરીને માતા-પિતાએ રૂપથી શોભતા તેનું સુદર્શન એવું પ્રસિદ્ધ નામ પાડ્યું. તે શુક્લપક્ષના ચંદ્રની જેમ કળા વગેરેથી વૃદ્ધિ પામ્યો. તથા તે બાળ હોવા છતાં સર્વજ્ઞે કહેલા ધર્મમાં અનુરાગી થયો. એથી જ તેણે સંસારરૂપી સાગરને પાર પામવામાં ઉત્તમ મહામતિ કરી, અર્થાત્ સંસાર સાગરને પાર પામવાની ભાવનાવાળો થયો. (એથી જ) સુંદર યુવાવસ્થાને પામવા છતાં તેની બુદ્ધિ વિષયોમાં આસક્ત ન બની. પરણવાને ઇચ્છતો ન હોવા છતાં એકવાર પિતાએ રતિના રૂપને જીતનારી સાગરદત્તની પુત્રી મનોરમા નામની કન્યા તેને પરણાવી. તેની સાથે સંસારસુખનો અનુભવ [2]કરતા અને ધર્મ-અર્થ-કામને સેવતા એના કેટલાક દિવસો પસાર થયા. દીક્ષા માટે ઉદ્યમ કરનારા તેના પિતાએ એકવાર રાજાને અને નગરના લોકોને પોતાના ઘરે લઈ આવ્યો. તેમનું ઉચિત સન્માન કરીને અને પોતાનો અભિપ્રાય જણાવીને તે રાજા વગેરેને સુદર્શનને પોતાના પદે બતાવ્યો, અર્થાત્ હવેથી મારા પદે સુદર્શન છે એમ રાજા વગેરેને જણાવ્યું. પોતે તેવા પ્રકારના આચાર્યની પાસે જિનશાસનમાં કહેલ વિધિથી ઉત્તમ ચારિત્રનો સ્વીકાર કર્યો. પિતા વડે સ્વપદે બેસાડાયેલો સુદર્શન પણ સ્વગુણોથી લોકોને સંમત થયો. અથવા ગુણવાન કોને પ્રિય નથી બનતો? એક દિવસ તે પોતાના મહેલની ઉપર બેસીને પત્નીની સાથે પ્રસંગથી ઉપસ્થિત થયેલી સુધર્મની વાતો કરી રહ્યો હતો. આ વખતે તેણે આકાશથી આવતા બે ચારણ શ્રમણોને જોયા. તેથી પત્નીસહિત ઊભા થઈને તેણે તેમને વંદન કર્યું. તેની આંખો આનંદના આંસુઓથી ભરાઈ ગઈ. ભક્તિથી તેના શરીરમાં રૂંવાટાં ખડાં થઈ ગયાં. પછી તેણે મુનિઓને શાસ્ત્રોક્ત વિધિથી કુશળતા વગેરે પૂછ્યું. પછી આપ પૂજ્યો અહીં ક્યાંથી પધાર્યા? એમ પૂછ્યું. તેથી તેમણે કહ્યું: અમે નંદીશ્વરદ્વીપથી આવ્યા છીએ. ત્યાં શાશ્વતા જિનમંદિરોમાં દેવોએ કરેલા અત્યંત સુંદર અષ્ટાહ્નિકા ઉત્સવને જોવા માટે અમે ગયા હતા. તેથી સુદર્શને પૂછ્યું: નંદીશ્વરનું સ્વરૂપ કેવું છે? ત્યાં જિનમંદિરો વર્ણથી અને પ્રમાણથી કેવા છે? મુનિઓએ કહ્યું: આ જંબૂદ્વીપથી તે દ્વીપ આઠમો છે. જંબૂદ્વીપ એક લાખ યોજન પ્રમાણ છે. ત્યાર પછી લવણસમુદ્રથી માંડી બધા દ્વીપ-સમુદ્રો

૧. અહીં દર્શન એટલે ભગવાનના વચનમાં શ્રદ્ધા. આને જરૂર ભગવાનના વચનમાં શ્રદ્ધા થશે એમ દોહલાના આધારે અનુમાન કરીને તેનું સુદર્શન નામ રાખ્યું.

૨. **શાલિન** શબ્દનો અર્થ શોભનાર એવો થાય છે. અહીં ભાવાર્થ લઈને 'કરતા' એમ લખ્યું છે.

ક્રમશઃ ડબલ ડબલ છે, અર્થાત્ પૂર્વ પૂર્વના દ્વીપકે સમુદ્રથી પછી પછીનો દ્વીપ કે સમુદ્ર ક્રમશઃ બમણા બમણા વિસ્તારવાળો છે. આથી નંદીશ્વર દ્વીપની પહેલાનો સમુદ્ર જેટલા વિસ્તારવાળો છે તેનાથી નંદીશ્વર બમણા વિસ્તારવાળો છે. નંદીવૃક્ષોના ઘણા વનખંડોથી શોભિત અને ઉત્તમ દેવો અને અપ્સરાઓથી યુક્ત તે દ્વીપમાં ચાર નીલરત્નમય અંજનગિરિ છે. તે દરેક અંજનગિરિની ચાર દિશાઓમાં ( ચાર ) વાવડીઓ છે. નિર્મલ પાણીવાળી તે વાવડીઓ લંબાઈ–પહોળાઈથી જંબૂદ્વીપ પ્રમાણ છે. તે વાવડીઓના બરોબર મધ્યમાં દધિમુખ પર્વતો છે. તળિયાના ભાગથી યુક્ત તે પર્વતો શ્વેત–ઉજ્જ્વલ રત્નમય છે, ગોળ, ખૂબ ઊંચા અને દહીંના જેવા વર્ણવાળા છે.

આ ચાર અંજનગિરિઓમાં અને સોળ દધિમુખ પર્વતોમાં ઉપરના ભાગમાં મનોહર અને શાશ્વતા જિનમંદિરો છે. તે દરેક મંદિર ચાર દ્વારવાળા છે, ૫૦ યોજન પહોળા, ૭૨ યોજન ઊંચા, અને ૧૦૦ યોજન લાંબા છે. તેનાં સુંદર શિખરો ઊંચાં અને ચળકતા તોરણોવાળાં છે, તથા મેરુપર્વતની ચૂલા જેવા ઊંચાં છે. એ મંદિરો અવ્યક્ત મધુર અવાજ કરતી ઘુઘરીઓ અને ધજાઓની શ્રેણિઓથી અત્યંત વિભૂષિત છે, રથ, હાથી, અશ્વ અને વિદ્યાધરોના પ્રતિબિંબોની શ્રેણિઓથી અધિક શોભિત છે. સર્વઅંગોમાં મનોહર પૂતળીઓથી સુંદર છે, તેના ગભારામાં એક એક શ્રેષ્ઠ રત્નપીઠિકા છે. તેની ઉપર આઠ મહાપ્રાતિહાર્યોથી યુક્ત, ઉત્તમ પાંચ વર્ણના રત્નોથી બનાવેલી, મનોહર અને ચામર–ઘંટ વગેરે ઉપકરણોથી યુક્ત એકસો આઠ પ્રતિમાઓ છે. તે પ્રતિમાઓનું પ્રમાણ ઉત્કૃષ્ટથી શ્રી આદિનાથની કાયા જેટલું, જઘન્યથી શ્રી વીરજિનની કાયા જેટલું અને મધ્યમથી અનેક પ્રકારનું છે. જિનમંદિરનાં ચારે દ્વારોની આગળ મુખમંડપો છે. તે મુખમંડપો સ્તંભોની શ્રેણિઓથી વિશિષ્ટ છે, ત્રણ દ્વારવાળા છે, અને વિવિધ ચિત્રોથી શ્રેષ્ઠ છે. તે મુખમંડપોની આગળ દેવો અને અસુરોના સુંદર નાટકોને યોગ્ય મુખમંડપ જેવા પ્રેક્ષણક મંડપો છે. તે પ્રેક્ષણકમંડપોની આગળ ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન એ ચાર નામવાળા રત્નમય સ્તૂપો છે. એ સ્તૂપોની સામે ચારે દિશાઓમાં મણિની પીઠિકા ઉપર જિનપ્રતિમાઓ રહેલી છે. તે પ્રતિમાઓનું શરીર પ્રશાન્ત મુખ અને નેત્રોથી શોભિત છે. તે સ્તૂપોની આગળ મનોહર ઉત્તમ અશોકવૃક્ષો રહેલાં છે. તે વૃક્ષોની આગળ મણિમય પીઠિકાઓ છે. તે મણિપીઠિકાઓમાં અત્યંત ઊંચા ઈંદ્રધ્વજો રહેલા છે. મણિપીઠિકાઓની આગળ નિર્મલ જલથી પૂર્ણ મનોહર વાવડીઓ છે. આ પ્રમાણે નંદીશ્વરમાં રહેલા જિનમંદિરોના સ્વરૂપનું વર્ણન કરીને તે મુનિઓ તેને ધર્મલાભ આપીને તુરત આકાશમાં ઉડ્યા. ત્યારથી સુદર્શન ધર્મકાર્યોમાં વિશેષ સ્થિરચિત્તવાળો બન્યો, અને તેણે અભિગ્રહ લીધો કે આઠમ, ચૌદશ, પૂનમ અને અમાસ એ ચાર તિથિઓમાં સદા જ પ્રતિમાથી ( =કાઉ-

સ્સગ્ગથી ) યુક્ત પૌષધ કરવો. તથા ક્યારે ભગવાને કહેલી દીક્ષાને સ્વીકારીને આકુળતાથી અને મમતાથી રહિત બનેલો હું વિહાર કરીશ એવી ઈચ્છાવાળો થઈને રહ્યો.

આ તરફ– રાજાનો પુરોહિત કપિલ નામનો બ્રાહ્મણ સુદર્શનનો જ અત્યંત સ્નેહ-યુક્ત મિત્ર હતો. તેની કપિલા નામની પત્ની હતી. તે પોતાના પતિની પાસે સુદર્શનના ગુણોનું વર્ણન સાંભળીને સુદર્શન વિષે અનુરાગવાળી બની. ક્યારેક એકાંત જોઈને પોતાના પતિને રોગ થયો છે એમ કહીને કપટથી સુદર્શનને પોતાના ઘરે લઈ આવી. પછી તેને અંદરના ઓરડામાં લઈ જઈને કહ્યું: હે સ્વામી ! મનોરથોથી ઘણા કાળે આ સમય પ્રાપ્ત થયો છે કે જે સમયે આપનું અહીં આગમન થયું. આ આગમનને હમણાં વિરહથી બળેલા મારા દેહને સ્વસંગરૂપ જલથી શાંત કરીને સફળ કરો. તેનું અનુરાગથી પૂર્ણ આ વચન સાંભળીને તેણે તાત્કાલિક બુદ્ધિ મેળવીને ઉત્તર આપ્યો કે, હે ભદ્રે ! શું તે સાંભળ્યું નથી કે હું નપુંસક હોવા છતાં પુરુષના વેષમાં રહુ છું, અને કપટથી મુગ્ધ જીવોને છેતરું છું. તેથી રાગ રહિત બનેલી તે બ્રાહ્મણીએ તેને છોડી દીધો. સુદર્શન પોતાના ઘરે આવ્યો અને અતિશય દીક્ષાની ભાવનાવાળો થયો. પણ હજી ધર્માચાર્ય વગેરેનો યોગ થતો નથી.

આ પ્રમાણે દિવસો પસાર થઈ રહ્યા હતા ત્યારે ક્યારેક રાજાએ ઉદ્યાનમાં કોઈક ઉત્સવ શરૂ કર્યો. તેમાં સુદર્શન, પત્નીસહિત કપિલ, અભયારાણી, અને મનોરમા એ બધાને બોલાવ્યા. એ બધાય પોતપોતાના પરિવાર અને વાહનોની સાથે ત્યાં ભેગા થયા. મનોરમાને પુત્રસહિત જોઇને કપિલાએ અભયારાણીને પૂછ્યું: હે સ્વામિનિ ! અહીં દેવકુમાર જેવા રૂપાળા બાળકને ખોળામાં ધારણ કરતી, છત્ર–ચામર વગેરે શ્રેષ્ઠ સમૃદ્ધિથી યુક્ત, પોતાના રૂપથી ઇંદ્રાણીને જીતનારી અને મનોહર આભૂષણ–વેષને ધારણ કરનારી આ કઈ રાણી આવે છે? અભયારાણીએ કહ્યું: હે ભદ્રે ! આ મનોરમા નામની સુદર્શનની પત્ની છે. જે આ એના ખોળામાં પુત્ર છે તે તેમનો જ છે. કપિલાએ કહ્યું: હે દેવિ ! હું આ વચનની શ્રદ્ધા કરતી નથી. કારણકે સુદર્શન નપુંસક છે, તેથી પુત્ર કેવી રીતે થાય ? રાણીએ પૂછ્યું: હે ભદ્રે ! તેં આ કેવી રીતે જાણ્યું ? તેથી કપિલાએ પોતાનો સત્ય વૃત્તાંત કહ્યો. અભયારાણીએ હસીને કહ્યું: હે મુગ્ધે ! સ્વપત્નીના અનુરાગ-વાળા અને પરસ્ત્રીનો ત્યાગ કરનારા તેણે તને છેતરી છે. તે આ પ્રમાણે:– તેણે રૂપથી કામદેવને, તેજથી સૂર્યને, શરીરકાંતિથી ચંદ્રને, ગંભીરતાથી સમુદ્રને અને સ્થિરતાથી મેરુપર્વતને પરાજિત કર્યો છે, તેથી આ નપુંસક છે એમ તેં કેવી રીતે કલ્પના કરી તે કહે. જેને તેં જોઇ તે એની પત્ની પણ માત્ર નામથી મનોરમા નથી, કિંતુ સાચા ગુણોથી પણ મનોરમા છે. એ સ્વપ્નમાં પણ પરપુરુષની ગંધ પણ ઈચ્છતી નથી. એથી એના પુત્રનો જન્મ સુદર્શન વિના ક્યારેય સંભવિત નથી, તેથી તેણે કપટવાળા ઉત્તરથી

જ તને નિરુત્તર કરી છે. અથવા, બ્રાહ્મણીઓને આવા પ્રકારના અર્થમાં કુશળતા ક્યાંથી હોય? અભયાએ કપિલાને આ પ્રમાણે કહ્યું એટલે કપિલાના મનમાં [1]અસૂયા ઉત્પન્ન થઇ.

આથી તેણે અભયાને કહ્યું: જો તું એને ભોગની ઈચ્છાવાળો બનાવે તો તારું પણ પાંડિત્ય જાણું. અભયાએ કહ્યું: હું સ્વબુદ્ધિથી એને ભોગની ઈચ્છાવાળો બનાવીશ, નહિ તો ત્યારે અવશ્ય મૃત્યુ પામીશ, આ પ્રમાણે મેં પ્રતિજ્ઞા કરી છે. પછી પોતાના નિવાસે જઇને અભયાએ પંડિતા નામની ધાવમાતાને બોલાવીને તેની આગળ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. પંડિતાએ કહ્યું: હે પુત્રી! તત્ત્વને જાણ્યા વિના જ તેં જે આ મોટી પ્રતિજ્ઞા કરી એ સારું નથી કર્યું. કારણકે હે વત્સે! તે મહાત્મા પરસ્ત્રીને માતા કે બહેન માને છે. તેથી આ કદાગ્રહને છોડ. તેથી અભયાએ દોરડું લઈને કહ્યું: હે માતા! આ દોરડાનો પાસો કર, જેથી હું પ્રાણોની સાથે આ કદાગ્રહને છોડું. એના છોડાવી ન શકાય એવા અતિશય આગ્રહને જાણીને પંડિતાએ કહ્યું: હે પુત્રી! જો એમ છે તો હું તારી કામના પૂર્ણ કરીશ. પણ લોકોને આનંદ આપનાર કૌમુદી મહોત્સવ આવે ત્યાં સુધી કેટલાક દિવસ રાહ જો. ધાવમાતાએ આ પ્રમાણે આશ્વાસન આપ્યું એટલે તે દિવસો ગણવા લાગી. કહેલી અવધિ પહેલાં ઉચ્ચક મનવાળી અને દુઃખી થઈને રહી. હવે ક્રમે કરીને કૌમુદીનો દિવસ આવતાં રાજાએ હર્ષ પામીને સવારે જ પડહ વગડાવીને ઘોષણા કરાવી. તે આ પ્રમાણે:– રાજા અંતઃપુરની સાથે ક્રીડા કરવાના ઉદ્યાનમાં જશે, તેથી ત્યાં બધા લોકોએ પોતાના વૈભવપૂર્વક આવવું. અન્યકાર્યમાં તત્પર બનેલ જે અવજ્ઞા કરીને રાજાની આજ્ઞાનું ઉલ્લંઘન કરશે તેને મોટા દંડથી દંડવામાં આવશે. આ સાંભળીને સુદર્શને મનમાં વિચાર્યું: એક તરફ ચોમાસી પર્વ છે, બીજી તરફ રાજાની આજ્ઞા છે. બંને થવું અશક્ય છે. કારણકે ચોમાસીપર્વમાં જિનબિંબોની પૂજા[2] કરવી જોઈએ અને શક્તિપ્રમાણે ચાર પ્રકારનો પૌષધ ધારણ કરવો જોઈએ, ઉત્સવમાં વ્યગ્ર બનેલો હું આ કંઈ પણ નહિ કરી શકીશ. તેથી રાજા પાસે જઈને ઉદ્યાનમાં ન આવવાની રજા લઉં. પછી સુદર્શને અમૂલ્ય રત્નો લઇને રાજાનાં દર્શન કર્યાં. હર્ષ પામેલા રાજાએ આદરપૂર્વક પૂછ્યું: કયા કાર્ય માટે તમે અહીં આવ્યા છો? તેથી સુદર્શને કહ્યું: આ કાર્તિકી પૂનમમાં આપની ઉદ્યાનમાં જવાની આજ્ઞા છે, અમારે જિનપૂજા અને પૌષધ કરવો જોઈએ. તેથી (=પૂજા આદિના કારણે) આજે ઉદ્યાનમાં ન આવવામાં પણ અપરાધ છે. રાજાએ કહ્યું: તમારી ઈચ્છા પ્રમાણે બધું કરો. તમારો ક્યાંય અપરાધ નથી. તેથી (ધર્મકાર્યમાં) પ્રયત્નવાન અને ધન્ય સુદર્શને જિનની સ્નાત્રપૂજા વગેરે કરીને ચાર પ્રકારનો પૌષધ [3]સર્વથી કર્યો. ક્ષોભ ન પમાડી શકાય

૧. અસૂયા એટલે ગુણોમાં પણ દોષોને પ્રગટ કરવા. દા.ત. કોઇના કરકસર ગુણને લોભ તરીકે જોવો...

૨. જિનપૂજા કરીને પૌષધ લેવાની વિધિ પ્રતિમાધારી શ્રાવકની આપેક્ષાએ છે.

૩. અર્થાત્ ચોવિહાર ઉપવાસથી પૌષધ કર્યો.

તેવા સત્ત્વવાળા તે આખી રાત કાયોત્સર્ગમાં રહ્યા. આ તરફ મસ્તકપીડાના બહાને અંતઃપુરમાં રહેલી અભયારાણીએ ધાવમાતાને કહ્યું: તમારે આજે મને સુદર્શનનો યોગ કરાવી આપવો. રાણીનું વચન સ્વીકારીને ધાવમાતાએ સુદર્શનની પ્રવૃત્તિને જોઈ. ક્યાંક એકાંતમાં કાયોત્સર્ગમાં રહેલા તેમને જોયા. તે વખતે સૂર્ય અસ્ત પામતાં કાંતિરહિત કમલના જેવી મુખવાળી કમલિનીને જોઈને પત્નીના વિયોગની શંકાવાળો ચક્રવાક પક્ષી કરુણસ્વરે રડતો હતો. વળી જેમ સમુદ્રનું પાણી લેવાની ઇચ્છાથી સ્ત્રી ઘડાને સમુદ્રમાં ડુબાડે છે તેમ, કિરણોથી નિયંત્રિત કરાયેલા આ સૂર્યને પશ્ચિમદિશા જલદી અસ્ત પમાડે છે.

પછી કપિલાએ પહેલાં વસ્ત્રથી ઢાંકેલી યક્ષપ્રતિમાનો બે–ત્રણ વાર કોઈપણ રીતે પ્રવેશ કરાવીને કંચુકીઓને વિશ્વાસ પમાડ્યો. રાણી યક્ષપ્રતિમાઓની પૂજા કરે છે એ પ્રમાણે કંચુકીઓ વિશ્વાસે રહ્યા એટલે તે ઉપાયથી (=યક્ષપ્રતિમાના બહાનાથી) સુદર્શન શેઠને પણ લઈ આવી, અને રાણીને સોંપ્યા. કામથી પીડાતી રાણીએ પોતાની આગળ રહેલા શેઠને હાવ–ભાવ વગેરેથી ક્ષોભ પમાડવાનું શરૂ કર્યું. સ્પર્શ, આલિંગન અને ચુંબન કરવા છતાં તે વીતરાગ મહામુનિની જેમ ધર્મધ્યાનમાં આરૂઢ તેને ચલિત કરવા સમર્થ ન બની. આ વખતે રાણી બલથી ક્ષોભ પમાડવા લાગી, પણ મેં એનો પ્રતીકાર ન કર્યો એમ વિચારી, જાણે લજ્જા પામી હોય તેથી, રાત્રિ નાશ પામી. તથા જો, આખી રાત રહેવા છતાં આ સત્પુરુષને એનાથી છોડાવી ન શક્યો એમ વિચારી, જાણે લજ્જા પામ્યો હોય તેથી, ચંદ્ર પણ અસ્ત પામ્યો. સંપૂર્ણ ત્રણ પ્રહર સુધી કદર્થના પમાડાયેલા જે ધ્યાનથી ચલિત ન થયા તે આ દર્શન કરવા યોગ્ય છે એવી બુદ્ધિથી જાણે સૂર્ય ઉદયાચલ પર્વતના શિખર ઉપર આરૂઢ થયો. પછી રાતે વિવિધ ઉપાયોથી પણ શેઠ ભાવથી ચલિત ન થયા એટલે રાણીએ પ્રભાતે શેઠને કહ્યું: હે વિભુ! અનુરાગવાળી મારી સાથે રમો. હે સુંદર! હું શ્રેષ્ઠ ખાદ્ય, પેય, તાંબૂલ, પુષ્પ અને વસ્ત્ર વગેરે બધું જ તમને આપીશ અને રાજા વગેરે કોઇ જાણશે નહિ.

આ પ્રમાણે કહેવા છતાં શેઠે મૌન મૂક્યું નહિ એટલે રાણીએ રોષથી કહ્યું: મારો સ્વીકાર કરો, નહિ તો હું જે કરીશ તે તમે જોઈ લેજો. આ તરફ રાજા ઉદ્યાનમાંથી રાજમંદિરમાં આવી ગયા છે તે જાણીને રાણીએ જે કર્યું તે હવે જાણો. દંભથી નિર્દય એવી તેણે જાતેજ નખોથી પોતાના શરીરને ઉઝરડીને બૂમ પાડી કે, અહીં જારપુરુષે પ્રવેશ કર્યો છે. શબ્દો સાંભળીને તુરત રક્ષકપુરુષો એ ક્યાં છે એમ બોલતા રોષપૂર્વક ત્યાં આવ્યા. તેને જોઇને માર માર્યો. તેમણે જાણ્યું કે આ સુદર્શન છે, તેથી ધિક્કારીને પૂછ્યું કે તું કેવી રીતે પ્રવેશ્યો? શેઠે જવાબ ન આપ્યો. આથી તેમણે રાજાને જણાવ્યું. રાજાએ કહ્યું: ફરી પૂછો. જો જવાબ ન આપે તો અહીં લઈ આવો, જેથી હું બધું જાણી લઉં. રક્ષક-

પુરુષો શેઠને ઉપાડીને લઈ આવ્યા. વિસ્મય પામેલા રાજાએ કહ્યું: આ નવું થયું. જો શીતલ ચંદ્રમા અગ્નિને ફેંકે, બાળનાર દાવાનલ હિમસમૂહને ફેંકે, અચલ મેરુપર્વત ચલાયમાન બને, તો ખરેખર ! જગતમાં સર્વ વસ્તુઓમાં શ્રદ્ધા ન રહે. રાજાએ અનુકૂલ સુંદર વચનોથી એને પૂછ્યું: હે શેઠ ! અહીં રાણીએ તમને દાખલ કર્યા કે તમે જાતે દાખલ થયા છો? તમારું વચન માન્ય છે, સ્ત્રીનું નહિ, માટે સત્ય વિગત કહો. હે ભદ્ર ! જો તમે સત્ય બોલો તો મેં તમને અભય આપ્યું છે. સત્ય કહેવામાં રાણી, ધાવમાતા, અને રક્ષકપુરુષો એ બધાય ચોક્કસ દંડાય એમ વિચારીને શેઠ મૌનનું આલંબન લઈને રહ્યા. તેથી રાજાએ રોષથી કહ્યું: ચોક્કસ આણે દંભનો આશ્રય લીધો છે, એને શૂળીના અગ્રભાગમાં પરોવી દો. પછી દુષ્ટ રાજસેવકો તેને નગરની બહાર લઈ ગયા. આ તરફ– લોક પાસેથી વજ્રપાત તુલ્ય તે વૃત્તાંત સાંભળીને તેની પત્ની મનોરમાએ ઘણો વિલાપ કર્યો. પછી પુષ્પ–ધૂપ વગેરેથી ઉત્તમ જિનપૂજા અને ભક્તિથી ચૈત્યવંદન કરીને કાયોત્સર્ગમાં રહી. તેની પ્રણિધાન શુદ્ધિથી ક્ષણવારમાં આસન કંપવાથી દેવીએ તેની આગળ ઊભા રહીને પૂછ્યું: તારું શું કરું? કાયોત્સર્ગ પારીને મહાસતી એવી તેણે કહ્યું: હે દેવી ! જો મારો પતિ શુભ છે (=શુદ્ધ છે) તો એને કલંકથી મુક્ત કરો. તેથી જૈનદર્શનની પ્રભાવના પ્રત્યે પ્રેમવાળી તે દેવીએ જલદી ત્યાં જઈને શૂળીનું રત્નોથી સુશોભિત સિંહાસન કર્યું, તેથી ક્ષુદ્ર રક્ષક પુરુષોએ તલવાર વગેરેથી શેઠને હણ્યા. દેવીએ શેઠને હાર, બાજુબંધ અને કુંડલ વગેરેથી વિભૂષિત કર્યા. સુદર્શનને દેવતુલ્ય રૂપવાળા જોઈને લોકોએ, ધર્મ જય પામે છે, અધર્મ નહિ, એમ કહીને તેમને વંદન કર્યું. લોકના તેવા વચનને સાંભળીને વિસ્મય પામેલા રાજાએ પણ પશ્ચાત્તાપ પામીને વિચાર્યું કે મેં સારું ન કર્યું. શેઠની પાસે આવીને પ્રણામ કરીને ક્ષમાપના કરી. પછી નગરમાં મહોત્સવ કરાવીને હાથી ઉપર બેઠેલા શેઠનો મહાન આડંબરથી પોતાના નગરમાં પ્રવેશ કરાવ્યો.

પછી શેઠને હાથી ઉપરથી ઉતારીને પોતાના મહેલમાં સિંહાસન ઉપર બેસાડ્યા. પછી તેમને રાજાએ આ પ્રમાણે કહ્યું:– વિવેકથી રહિત અને ઘણા પાપી એવા મેં તમારા જે અપરાધો કર્યા હોય તે સર્વ અપરાધોને માફ કરો. કારણકે સજ્જનોને ક્ષમા એ જ ધન હોય છે. શેઠે કહ્યું: હે નૃપ ! હું બધા જીવો ઉપર ક્ષમાના સ્વભાવવાળો છું, તો પૃથ્વીનાથ આપના ઉપર ક્ષમા કેમ ન હોય? પણ આપને કંઈક વિનંતિ કરું છું કે, હે નરેન્દ્ર ! મારી દીક્ષા લેવાની ઈચ્છા છે તેથી સુકૃપા કરીને મને રજા આપો. આ સાધુ થશે એમ કહીને રાજાએ લક્ષપાક તેલ મંગાવ્યું. તેનાથી અંગમર્દન કરનારા અત્યંત કુશલ પુરુષો વડે અને જાતે પણ શેઠના શરીરનું મર્દન કર્યું. ભોજન પછી રાજાએ શેઠને કુતૂહલથી પ્રેમપૂર્વક રાત્રિમાં બનેલા પ્રસંગની વિગત પૂછી. શેઠે કહ્યું:

હે નૃપ! વીતેલા પ્રસંગથી શું? રાજાના અતિ આગ્રહથી કહ્યું: હે નરનાથ! જો ધાવમાતા, અભયારાણી અને કંચુકીઓને અભય આપો તો કહું. રાજા બોલ્યો: હે શેઠ! આ અયુક્ત છે, તો પણ તમારા વચનનું ઉલ્લંઘન ન કરી શકાય એથી અભય આપ્યું, કોઈ પણ જાતનો વિકલ્પ કર્યા વિના બધું કહો. આથી શેઠે બધું કહ્યું. રાજા રાણી ઉપર ગુસ્સે થયો. શેઠે રાજાને શાંત કર્યો. પછી રાજા શ્રાવક થયો. રાજાએ શેઠને અર્ધું રાજ્ય આપવાની ઇચ્છા કરી, પણ સંસારરૂપી ખાડામાંથી બહાર નીકળવાના મનવાળા તેણે કોઈ પણ રીતે અર્ધું રાજ્ય ઇચ્છ્યું નહિ. તેણે કેવળ પોતાને રાજા પાસેથી છોડાવીને, અર્થાત્ રાજા પાસેથી દીક્ષાની અનુમતિ મેળવીને, ગરીબ વગેરે લોકોને દાન આપીને, જિનમંદિરોમાં પૂજાઓ કરાવીને, શ્રી ધર્મઘોષ નામના સૂરિની પાસે પત્નીની સાથે દીક્ષા લીધી.

બીજાઓ તો ચારણશ્રમણોના ગયા પછી કપિલાના વૃત્તાંતને છોડીને આ કથાને કંઇક બીજી રીતે કહે છે. શ્રી વસુદેવસૂરિ આ પ્રમાણે કહે છે:– એકવાર રાજમાર્ગમાં મિત્રોની સાથે લીલાથી જતા અત્યંત રૂપવંત સુદર્શન શેઠને રાજાની રાણીએ જોયા. તેણે દાસીને પૂછ્યું: રૂપથી કામદેવને જીતનાર આ કોણ છે? દાસી બોલી: આ સમુદ્રદત્તનો પુત્ર છે, પ્રસિદ્ધ પરમ શ્રાવક છે, નામથી સુદર્શન છે. તેથી તેના ઉપર અતિશય અનુરાગવાળી બનેલી રાણીએ પોતાની ધાવમાતાને મોહથી કહ્યું: હે માતા! તું કોઇ પણ ઉપાયથી એને જલદી લઈ આવ, અન્યથા મારું જીવન નથી. તેથી ઘણા ચાતુર્યથી વિભૂષિત ધાવમાતાએ એ પ્રમાણે સ્વીકાર કરીને યુક્તિથી સુદર્શન શેઠની પાસે ગઇ. શેઠને પોતાના આશીર્વાદ આપ્યા. પછી રાણીએ જે કહ્યું હતું તે એકાંતમાં હૃદયને આનંદ કરનાર ભાષાથી ટૂંકમાં કહ્યું. તેથી શેઠ બોલ્યા: ધિક્કાર, ધિક્કાર, નહિ સાંભળવા જેવું આ ક્યારેય ન કહેવું. પરસ્ત્રીનો ત્યાગ કરવો જોઇએ, રાજપત્નીનો વિશેષથી ત્યાગ કરવો જોઈએ. મેં તો વિશેષથી યાવજ્જીવ પરસ્ત્રીત્યાગનો નિયમ લીધો છે. તેથી આવું ન જ કહેવું. તેણે ત્યાંથી આવીને રાણીને બધું જણાવ્યું કે, સામ–ભેદ વગેરે ઉપાયોથી તેને મેં કહ્યું, પણ તે કોઈ પણ રીતે ઇચ્છતો નથી. આ સાંભળીને રાણી એકદમ ભૂમિતલ ઉપર પડી ગઇ. પંખાનો પવન વગેરે ઉપાયોથી મહાકષ્ટથી સ્વસ્થ કરાયેલી રાણીને ધાવમાતાએ ફરી કહ્યું: હે પુત્રી! તું સ્વસ્થ થઇને રહે. કાર્તિકી પૂનમે તને શેઠનો યોગ કરાવું છું. આમાં જરાય સંશય નથી. હવે પછીથી દીક્ષાગ્રહણ સુધીનો વૃત્તાંત પૂર્વની જેમ જ છે.

તે વૃત્તાંતને જાણીને જાતે જ જલદી ફાંસો ખાઇને રાણીએ પ્રાણત્યાગ કર્યો. તેવા પ્રકારના મરણથી ત્યાંથી તે પાટલિપુત્રના શ્મશાનમાં રાક્ષસીઓના કુળમાં વ્યંતરીપણે ઉત્પન્ન થઇ. ધાવમાતા પંડિતા તો પોતાના અપરાધના ભયથી ત્યારે જ જાતે જ નાસીને

પાટલિપુત્ર નગરમાં ગઇ. ત્યાં દેવદત્તા નામની વેશ્યાનો આશરો લઇને રહી. દરરોજ સુદર્શનના ગુણો ગાતી હતી. સંયમની આરાધનામાં તત્પર સુદર્શનમુનિ પણ કાળે કરીને ગીતાર્થ બન્યા અને ગુરુની રજા મેળવીને એકાકી વિહારનો આશ્રય લીધો. શહેરમાં પાંચ રાત અને ગામમાં એક રાત રહેવું એમ વિહાર કરતા તે મહામુનિ પાટલિપુત્ર શહેરમાં આવ્યા. ત્યાં બહારના ભાગમાં જીર્ણ દેવમંદિરમાં રહેલા તેમને ધાવમાતા પંડિતાએ ભાગ્યયોગથી કોઈ પણ રીતે જોયા. તિરસ્કાર [1]પામેલા ચિત્તવાળી પંડિતાએ દેવદત્તાને સુદર્શનમુનિના આગમનની વાત કહી. દેવદત્તાએ ભિક્ષાદાનના બહાને કોઈ પણ રીતે મુનિનો ઘરમાં પ્રવેશ કરાવ્યો. ઘરનાં બારણાં બંધ કરીને ઘરમાં રહેલા મહામુનિને હાવભાવોથી અનેક રીતે ઉપસર્ગો કરવાનું શરૂ કર્યું. જેમ મહાપવનોથી મેરુનું શિખર ચલિત ન બને તેમ, અનેક હાવભાવોથી પણ શ્રેષ્ઠ ધીરપુરુષોમાં ઉત્તમ તે મુનિનું ચિત્ત ચલિત ન બન્યું. તેથી વિલખી પડેલી દેવદત્તાએ તે મુનિને રાતે શ્મશાનમાં લઈ જઇને મૂકી દીધા. ત્યાં વ્યંતરી થયેલી અભયાએ તેમને જોયા. તેથી તેણે પણ મુનિને ઉપસર્ગો કર્યા. તેના ઉપસર્ગોથી ચલિત ન બનેલા તેમને સાતમા દિવસે કેવલજ્ઞાન થયું. દેવોએ કેવલજ્ઞાનનો મહિમા કર્યો. પછી વિશિષ્ટ ચારિત્રવાળા તેમણે રાગ વગેરેના વિપાકનું વર્ણન કરીને વ્યંતરી, વેશ્યા અને ધાવમાતાને ઉપશાંત કરી. સર્વ અવસ્થામાં સામાયિકથી (=સમભાવથી) ચલિત ન બનેલા અને દૃઢ ચિત્તવાળા તે મુનિ કાળે કરીને સર્વ કર્મોરૂપી મળનો નાશ કરીને મોક્ષમાં ગયા. જિનશાસનમાં અનુરાગવાળો અને સ્થિર પરિણામવાળો જે જીવ આ પ્રમાણે ચલિત બનતો નથી તે શ્રાવક હોય તો પણ સુદર્શનની જેમ સદ્‌ગુણોની શ્રેણિ ઉપર ચડે છે. આ પ્રમાણે સુદર્શનનું દૃષ્ટાંત પૂર્ણ થયું. [ ૯૭ ]

ગુણદ્વાર પૂર્ણ થયું. હવે યતનાદ્વાર કહેવાય છેઃ–

**धम्मज्झाणोवगओ, जियकोहाई जिइंदिओ धीरो।**
**सुस्साहुपेसणरओ, जयणपरो होइ सत्तीए ॥ ९८ ॥**

**ગાથાર્થઃ–** [2]શક્તિથી સામાયિકમાં યતનામાં તત્પર શ્રાવક ધર્મધ્યાનથી યુક્ત, કષાય જયવાળો, ઇંદ્રિયજયવાળો, ધીર અને સુસાધુની આજ્ઞામાં આસક્ત બને એ સામાયિકની યતના છે.

**ટીકાર્થઃ–** ધર્મધ્યાન=આજ્ઞાચિંતન વગેરે. કષાયજય એટલે કષાયનો ઉદય ન થવા

---

૧. સુદર્શન શેઠે સત્ય હકીકત રાજાને કહી. તેથી તે તિરસ્કાર પામી હતી. આ અપેક્ષાએ અહીં "તિરસ્કાર પામેલા ચિત્તવાળી" એવો ઉલ્લેખ છે.

૨. **सत्तीए** પ્રયોગનો (ત્રીજી વિભક્તિ માનીને) 'શક્તિથી' અથવા (સાતમી વિભક્તિ માનીને) 'શક્તિ હોય તો' એમ બંને અર્થ થઈ શકે.

દેવો અને ઉદયમાં આવેલા કષાયને નિષ્ફળ બનાવવો. ઇંદ્રિયજય એટલે ઇંદ્રિયોના સ્પર્શ વગેરે શુભ વિષયોમાં રાગ ન કરવો અને અશુભ વિષયોમાં દ્વેષ ન કરવો. ધીર એટલે દેવ વગેરેથી કરાયેલા ઉપસર્ગોમાં અને ક્ષુધા વગેરે પરીસહોમાં ક્ષોભ ન પામે તેવો. અથવા ધી એટલે બુદ્ધિ, બુદ્ધિથી શોભે તે ધીર, એવી વ્યુત્પત્તિથી ધીર એટલે બુદ્ધિશાલી, અર્થાત્ સાવદ્ય અને અનવદ્ય વસ્તુનો સૂક્ષ્મ વિચાર કરીને સાવદ્યનો ત્યાગ કરનાર અને નિરવદ્યને આચારનાર. સુસાધુની આજ્ઞામાં આસક્ત એટલે આચાર્ય વગેરેની વૈયાવચ્ચ કરવામાં આસક્ત. યતનામાં તત્પર એટલે અધિકઅલ્પ લાભનો સૂક્ષ્મ વિચાર કરીને તે તે પ્રવૃત્તિમાં તત્પર. [૯૮]

હવે અતિચારદ્વાર કહે છે.

**मणवइकायाणं पुण, दुप्पणिहाणं विवज्जए सड्ढो ।**
**सामाइयसइअकरणमणवट्ठियकरणमइयारो ॥ ९९ ॥**

**ગાથાર્થઃ**– શ્રાવક સામાયિકમાં મન-વચન-કાયાનું દુષ્પ્રણિધાન, સામાયિકસ્મૃતિ અકરણ અને અનવસ્થિતકરણનો ત્યાગ કરે. કારણકે મનો દુષ્પ્રણિધાન વગેરે અતિચાર છે.

**ટીકાર્થઃ**– સામાયિકમાં યતનમાં તત્પર શ્રાવક ધર્મધ્યાનથી યુક્ત વગેરે પ્રકારનો બને છે એમ પૂર્વે જે કહ્યું તેનાથી મન વગેરેનું સુપ્રણિધાન કરવું જોઇએ એમ કહ્યું છે. તો હવે પ્રશ્ન થાય કે દુષ્પ્રણિધાન અંગે શું કરવું? તેના જવાબમાં અહીં કહ્યું કે મન-વચન-કાયાના દુષ્પ્રણિધાનનો ત્યાગ કરે.

(૧) **મનોદુષ્પ્રણિધાનઃ**– ઘર વગેરેનાં સારા-ખરાબ કાર્યોનું ચિંતન.

(૨) **વચનદુષ્પ્રણિધાનઃ**– સંબંધ રહિત અને અસત્ય વગેરે બોલવું.

(૩) **કાયદુષ્પ્રણિધાનઃ** જોયા વિનાની અને પ્રમાર્જ્યા વિનાની જગ્યાએ બેસવું.

સામાયિકમાં રહેલો શ્રાવક જો આ ત્રણ અતિચારોને ન છોડે તો સામાયિકનું ફળ પામતો જ નથી. કહ્યું છે કે–

**"જે શ્રાવક સામાયિક કરીને ઘરની ચિંતા કરે છે, તે આર્તધ્યાનથી દુઃખી બને છે, અને સંસારની નજીક જાય છે. આથી તેનું સામાયિક નિરર્થક છે. (૧) શ્રાવકે સામાયિકમાં સદા પહેલાં બુદ્ધિથી વિચારીને પાપરહિત વચન બોલવું જોઇએ, અન્યથા (=પાપવાળું વચન બોલે તો) વાસ્તવિક સામાયિક ન થાય. (૨) નિર્દોષ ભૂમિમાં આંખોથી જોયા વિના અને ચરવળા આદિથી પ્રમાર્જન કર્યા વિના (કાયોત્સર્ગ આદિ માટે) ભૂમિ આદિનો ઉપયોગ કરવાથી (જીવો ન હોવાથી કે તેના પુણ્યથી બચી**

**જવાથી) હિંસા ન થાય તો પણ પ્રમાદથી (=જીવરક્ષાની કાળજી ન હોવાથી ભાવથી હિંસા થવાથી) વાસ્તવિક સામાયિક કર્યું ન ગણાય." (૩)** (શ્રાવકપ્રજ્ઞપ્તિ)

(૪) **સામાયિક સ્મૃતિ અકરણ:**– સામાયિકનું સ્મરણ ન કરવું, અર્થાત્ પ્રબલ પ્રમાદના કારણે આ સમયે મારે સામાયિક કરવાનું છે, મેં સામાયિક કર્યું કે નહિ એમ યાદ ન રાખે. સ્મરણ મોક્ષના દરેક અનુષ્ઠાનનું મૂળ છે. (જે અનુષ્ઠાન યાદ જ ન હોય તેનું આચરણ શી રીતે થાય?) આથી આ અતિચાર પણ સેવવામાં સામાયિક નિષ્ફળ જ છે. કહ્યું છે કે–

**"જે પ્રમાદી બનીને મારે સામાયિક ક્યારે કરવાનું છે– સામાયિકનો કાળ કયો છે, મેં સામાયિક કર્યું કે નહિ તે યાદ ન રાખે, તેનું કરેલું પણ સામાયિક નિષ્ફળ જાણવું. (કારણ કે ધર્મનાં અનુષ્ઠાનોનું મૂળ સ્મૃતિ છે. જેમ મૂળ વિના વૃક્ષ ન હોય તેમ સ્મરણ વિના ધર્માનુષ્ઠાન પણ ન હોય.)"** (શ્રાવકપ્રજ્ઞપ્તિ)

(૫) **અનવસ્થિતકરણ:**– ચિત્તની સ્થિરતા વિના સામાયિક કરવું અથવા પ્રબલ પ્રમાદના કારણે તત્કાલ લીધેલું સામાયિક તત્કાલ જ મૂકી દે, અર્થાત્ લઈને તુરત પારી નાખે, અથવા મન ફાવે તેમ સામાયિક કરે. સેવન કરાતું તે અતિચાર પણ સામાયિકને અશુદ્ધ બનાવે છે. કહ્યું છે કે–

**"સામાયિક કરીને તુરત પારે કે (વ્યાકુલ ચિત્તથી) ગમે તેમ અસ્થિરપણે કરે તો સામાયિક ઉપર બહુમાન ન હોવાથી સામાયિક શુદ્ધ થતું નથી."** (શ્રાવકપ્રજ્ઞપ્તિ) [૯૯]

અતિચારદ્વાર પૂર્ણ થયું. હવે ભંગદ્વાર કહેવાય છેઃ–

**दुप्पणिहाणं काउं, न देइ मिच्छक्कडत्ति भावेण।**
**कुणइ य अइप्पसंगं, तस्स फुडं होइ भंगोत्थ ॥ १०० ॥**

**ગાથાર્થ:**– સામાયિકમાં રહેલ જે શ્રાવક દુષ્પ્રણિધાન કરીને ભાવથી મિચ્છામિદુક્કડં ન આપે અને વારંવાર અતિચારો લગાડે છે, તેના સામાયિકનો પ્રગટ ભંગ થાય છે.

**ટીકાર્થ:**– ભાવથી મિચ્છામિદુક્કડં એટલે સંવેગથી મિચ્છામિદુક્કડં. જેમકે–હા! સામાયિકમાં રહેલા મેં ઘરની ચિંતા વગેરે કર્યું, તે સારું ન કર્યું, અર્થાત્–

**"પાપભીરુ આત્મા હા! મેં અશુભ કર્યું! હા! મેં અશુભ**

**કરાવ્યું ? હા ! મેં અનુમોદના પણ અશુભ કરી ! આ પ્રમાણે અંદરને અંદર દાવાનલથી બળતા પોલાવૃક્ષની જેમ બળે છે."**

એ પ્રમાણે આત્મનિંદા કરે. અથવા મિચ્છામિ દુક્કડં પદનો અર્થ આવશ્યક નિર્યુક્તિકારની નીચેની ગાથાઓથી જાણવો.

मित्ति मिउमद्दवत्ते, छत्ति य दोसाण छायणे होइ।
मित्ति य मेराएँ ठिओ, दुत्ति दुगुंछामि अप्पाणं ॥ १ ॥
कत्ति कडं मे पावं डत्ति य डेवेमि तं उवसमेणं।
एसो मिच्छाउक्कडपयक्खरत्थो समासेणं ॥ २ ॥

**"મિચ્છામિ દુક્કડં પદમાં મિ, ચ્છા, મિ, દુ, ક્ક અને ડં એમ છ અક્ષરો છે. દરેક અક્ષરનો અર્થ આ પ્રમાણે છે. મિ=મૃદુતા (નમ્રતા). ચ્છા=દોષોનું છાદન કરવું–રોકવા, અર્થાત્ ફરી ન કરવા. મિ=મર્યાદામાં (ચારિત્રના આચારોમાં) રહેલ. દુ=દુષ્કૃત કરનાર આત્માની નિંદા કરું છું. આ ચાર અક્ષરોનો સમુદિત અર્થ આ પ્રમાણે છેઃ– [1]કાયાથી અને ભાવથી નમ્ર બનીને થયેલી ભૂલ ફરી નહિ કરું એવા ભાવથી ચારિત્રના આચારોમાં રહેલો હું દુષ્કૃત્ય કરનાર મારા આત્માની નિંદા કરું છું.**

**ક્ક=મેં પાપ કર્યું છે એવી પાપની કબૂલાત. ડં=ઉપશમથી પાપને ઓળંગી જઉં છું. અર્થાત્ મેં પાપ કર્યું છે એવી કબૂલાત કરું છું અને ઉપશમભાવથી મારા કરેલા એ પાપથી રહિત બની જઉં છું."** [ ૧૦૦ ]

હવે ભાવનાદ્વારઃ–

सव्वं चिय सावज्जं, तिविहं तिविहेण वज्जियं जेहिं ।
जावज्जीवं तेसिं, नमामि भत्तीय पयकमलं ॥ १०१ ॥

**ગાથાર્થઃ**– જેમણે નાના–મોટા બધાં જ પાપવાળાં અનુષ્ઠાનોનો ત્રિવિધ–ત્રિવિધથી યાવજ્જીવ ત્યાગ કર્યો છે, તે સુસાધુઓના ચરણ કમલને હું ભક્તિથી નમું છું.

***ટીકાર્થઃ***– ત્રિવિધ એટલે કરવું–કરાવવું–અનુમોદવું એ ત્રણ પ્રકારે. ત્રિવિધથી એટલે મન–વચન–કાયા એ ત્રણ યોગથી. યાવજ્જીવ એટલે છેલ્લા શ્વાસ સુધી. ભક્તિથી એટલે અંતરના પ્રેમથી, નહિ કે બળાત્કાર વગેરેથી, અર્થાત્ બહુમાનપૂર્વક. [ ૧૦૧ ]

નવદ્વારોવાળું સામાયિકવ્રત કહ્યું. હવે દેશાવગાશિકનો અવસર છે, તે પણ આ જ

૧. વિનયપૂર્વક કાયાને (કેડથી ઉપરના ભાગને) નમાવવી એ કાયાથી નમ્રતા છે.

નવદ્વારોથી કહેવો જોઇએ. આથી પ્રથમદ્વારથી દેશાવગાશિકને કહે છેઃ—

देसावगासियं पुण, संखेवो जस्स पुव्वगहियस्स।
जह विसपन्नगदिट्ठी, संखिवई वाइओ कोई ॥ १०२ ॥

**ગાથાર્થ**:— જેમ સ્થાવર અને જંગમ વિષનો પ્રતીકાર કરનાર મંત્રવાદી ગરલ અને સર્પદૃષ્ટિનો સંકોચ કરે છે તેમ પૂર્વે લીધેલાં વ્રતોનો જેમાં સંક્ષેપ કરાય છે તે સ્વરૂપથી દેશાવગાશિક જાણવું.

**ટીકાર્થ**:— દેશાવગાશિક શબ્દમાં દેશ, અવકાશ અને इक એમ ત્રણ શબ્દો છે. દેશ એટલે પૂર્વે લીધેલા પ્રાણાતિપાત વગેરે વ્રતોના પરિમાણનો થોડો ભાગ, અર્થાત્ વ્રતો લેતી વખતે જેટલું પરિમાણ રાખ્યું હતું તેમાંથી પણ ઓછું કરીને થોડો ભાગ= થોડું પરિમાણ રાખવું તે દેશ. દેશમાં અવકાશ (=અવસ્થાન) એટલે રહેવું તે દેશાવગાશ. દેશાવગાશથી થયેલું વ્રત (देशावगाश+इक) દેશાવગાશિક.

અહીં "પૂર્વે લીધેલા વ્રતો" એ પ્રયોગથી પૂર્વે લીધેલાં પ્રાણાતિપાતવિરમણ વગેરે બધાં વ્રતો સમજવાં. કારણ કે મૂળગ્રંથકારે પ્રાણાતિપાત વિરમણ વગેરે બધાં વ્રતોનો સંક્ષેપ જ દેશાવગાશિક છે એવી વિવક્ષા કરી છે. सव्ववयाणं संखेवकरणं देसावगासियं (=સર્વ વ્રતોનો સંક્ષેપ કરવો તે દેશાવગાશિક છે.) એ વચન પ્રામાણિક હોવાથી મૂલગ્રંથકારે આવી વિવક્ષા કરી છે.

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો વૃદ્ધ સંપ્રદાયથી જાણવો. તે આ છેઃ—

## વૈદ્યનું દૃષ્ટાંત

મહા બલવાન શત્રુરાજાના ભયથી કોઇ રાજાએ પોતાના દેશમાં રહેલા પાણી અને ઘાસ વગેરેનો નાશ કરવાની ઇચ્છાથી પોતાના મંડલનો વિષનો કર (=ટેક્ષ) નાખ્યો. તેથી કોઇ દશ [1]પલ, કોઇ વીસ પલ, કોઇ પચાસ પલ, કોઈ સો પલ જેટલું વિષ લઈ આવ્યા. રાજાના જ વૈદ્યે માત્ર જવ જેટલું વિષ લઇને રાજાને આપ્યું. તેટલું જ વિષ આપવાથી રાજા રોષ પામ્યો. ઇંગિત આકારમાં (=અભિપ્રાયને અનુરૂપ ચેષ્ટામાં) કુશળ વૈદ્યે રાજાને રોષવાળો જાણીને કહ્યુંઃ હે દેવ! આ મહાવિષ છે, યવ જેટલા પણ આ વિષથી સો ભાર થાય છે. કારણકે આ વિષ શતવેધી (=સો જીવોને મારનાર) છે. રાજાએ કહ્યુંઃ એની ખાતરી શી? વૈદ્યે કહ્યુંઃ કોઈ મરવાની ઇચ્છાવાળા (=થોડા સમયમાં મૃત્યુ પામે તેવા) કોઈ હાથીને મંગાવો. તેના વચનથી રાજાએ તુરત જ વૃદ્ધાવસ્થાથી શિથિલ થઇ ગયેલ અને રોગથી વિહ્વલ એક મોટો હાથી મંગાવ્યો. વૈદ્યે તેના પુંછડાનો

૧. પલ=ચાર તોલા. ભાર=વીસ તોલા.

એક વાળ તોડીને તેના (=વાળના) સ્થાનમાં નખના અગ્રભાગથી વાળના અગ્રભાગ જેટલું વિષ મૂક્યું. તે જ ક્ષણે આખા શરીરમાં વિષ ફેલાઇ ગયું. હાથી નીચે પડ્યો અને ચેષ્ટા વિનાનો બની ગયો, તથા જાણે ગળીના રંગથી રંગ્યો હોય તેમ અતિશય લીલાવર્ણવાળો થઈ ગયો. વૈદ્યે કહ્યું: હે દેવ! આ સંપૂર્ણ હાથી વિષરૂપ થઇ ગયો છે. એનું જે ભક્ષણ કરશે તે શ્વાન અને શિયાળ વગેરે પણ વિષરૂપ બની જશે. આ પ્રમાણે સોમા સ્થાનને પણ આ વિષ મારે છે, એથી આ મહાવિષ છે. તેથી રાજાએ કહ્યું: અહો ઉત્તમવૈદ્ય! આવા પ્રકારના મહાવિષનો કોઈ પ્રતીકાર છે? વૈદ્યે કહ્યું: હે દેવ! છે. રાજાને વિશ્વાસ પમાડવા માટે વૈદ્યે ફરી કહ્યું: હે દેવ! બલવાન શરીરવાળો બીજો કોઇ મોટો હાથી મંગાવો. રાજાએ વૈદ્યનું વચન તે જ પ્રમાણે કર્યું. વૈદ્યે પણ તે જ પ્રમાણે વિષ મૂક્યું. તે જ ક્ષણે તેના આખા શરીરમાં વિષ ફેલાઇ ગયું. તેથી વૈદ્યે તે જ વખતે તે જ સ્થાનમાં ઔષધ મૂક્યું. ઔષધે વિષને ખસેડીને એક પગમાં લાવી મૂક્યું. ત્યાંથી પણ ખસેડીને પગના અંગુઠામાં લાવી મૂક્યું. ત્યાંથી પણ ખસેડીને અંગુઠાના અગ્રભાગમાં લાવી. મૂક્યું. તેથી ખુશ થયેલા રાજાએ વૈદ્ય ઉપર મહાકૃપા કરી. વૈદ્ય પણ રાજાના પ્રભાવથી આ લોકનાં સુખોનો ભાગી બન્યો.

એ પ્રમાણે શ્રાવકે પણ દિશાપરિમાણવ્રતમાં સો યોજન વગેરે ક્ષેત્રપ્રમાણ લીધું હોય, દેશાવગાશિક વ્રતમાં તેનો જ સંક્ષેપ કરીને એક ગાઉ વગેરે પ્રમાણ કરે, અથવા તેનાથી પણ ઓછું કરીને ઘરની ડેલી સુધી પ્રમાણ કરે. અહીં દિશાપરિમાણવ્રતમાં લીધેલું ક્ષેત્રપ્રમાણ હાથીના દેહ તુલ્ય છે. શ્રાવકની ગમન–આગમન વગેરે પ્રવૃત્તિ વિષના ફેલાવા સમાન છે. દેશાવગાશિક ઔષધ તુલ્ય છે. તેથી શ્રાવક તેનાથી ઘણા કે અધિક ઘણા ક્ષેત્રનો સંક્ષેપ કરે.

## દૃષ્ટિવિષ સર્પનું દૃષ્ટાંત

કોઇક જંગલમાં દૃષ્ટિવિષ સર્પ રહેતો હતો. તેની દૃષ્ટિમાં મહાવિષ હોવાથી તેની દૃષ્ટિનો વિષય બાર યોજન હતો. તેથી બાર યોજન જેટલી ભૂમિમાં કબૂતરી વગેરે જે કોઈ પક્ષી હોય, સસલો વગેરે જે કોઈ સ્થલચર જીવ હોય, તે બધાનો તેણે નાશ કર્યો. તેથી તે માર્ગે ચકલો પણ ફરકતો નથી. એકવાર પોતાની મિત્રમંડલીથી પરિવરેલો એક મહાન મંત્રવાદી તે પ્રદેશમાં આવ્યો. એણે એ પ્રદેશને બધી તરફથી પ્રાણીઓના સંચારથી રહિત જોયો. એ પ્રદેશની હદમાં રહેતા કોઇક માણસને તેણે પૂછ્યું: આ પ્રદેશ આ રીતે પ્રાણીઓના સંચારથી રહિત કેમ છે? તેણે કહ્યું: અહીં એક મહાન દૃષ્ટિવિષ સર્પ છે. તેની દૃષ્ટિનો વિષય બાર યોજન છે. તેથી એણે આ પ્રદેશને અગ્નિથી બળેલા જંગલ સમાન કરી નાખ્યું, એટલે મરણના ભયથી આ પ્રદેશમાં કોઈ પણ જીવ

સંચાર કરતો નથી, વિશેષથી શું? ચકલો વગેરે પ્રાણીઓએ પણ સ્વજીવનના રક્ષણની ઈચ્છાથી આ પ્રદેશનો ત્યાગ કર્યો છે. મંત્રવાદીએ કહ્યું: જો એમ છે તો, મારી પાસે ગુરુપરંપરાથી આવેલો એક ગારુડ મંત્ર છે. તેના પ્રભાવથી હું આ સર્પની દૃષ્ટિના આટલા વિષયનો નિરોધ (=સંક્ષેપ) કરું. પછી તેણે સર્પની નજીકના પ્રદેશમાં જઈને તેના વિષયનો નિરોધ કર્યો, બાર યોજન પ્રમાણ વિષયની માત્ર યોજનપ્રમાણ મર્યાદા કરી, તેથી પણ અધિક સંક્ષેપ કરીને પરિમિત, અતિશય પરિમિત એમ કરતાં કરતાં છેક દૃષ્ટિની નજીક અંગુલ વગેરે પ્રમાણવાળી મર્યાદા કરી. અહીં ઉપનય તો પૂર્વની જેમ જ સ્વબુદ્ધિથી કરવો. [ ૧૦૨ ]

ભેદદ્વારમાં ગાથા આ પ્રમાણે છે:—

**संवच्छराइगहियं, पभायसमये पुणोऽवि संखिवइ ।**
**राओ तंपिय नियमइ, भेएण विसिट्ठतरमेव ॥ १०३ ॥**

**ગાથાર્થ**:—વર્ષ, ચારમાસ આદિકાળ સુધી લીધેલા દિશા પરિમાણ વગેરે વ્રતમાં પ્રભાતે ફરી પણ સંક્ષેપ કરે એ દેશાવગાશિકનો એક ભેદ છે. પ્રભાત સમયે કરેલા નિયમમાં પણ રાત્રે [1]આટલી ભૂમિથી વધારે ન જવું વગેરે ભેદથી અધિક સંક્ષેપ કરે એ દેશાવગાશિકનો બીજો ભેદ છે.

**ટીકાર્થ**:—કોઈ શ્રાવકે સુગુરુની પાસે પર્યુષણ સુધી કે ચાર માસ સુધી દિશા-પરિમાણ વગેરે નિયમો લીધા, સૂઈને ઉઠવાના કાળે નમસ્કાર મહામંત્રના સ્મરણપૂર્વક જાગીને તે નિયમોને યાદ કરીને આ પ્રમાણે વિચારે:—નિયમમાં મેં જે છૂટ રાખી છે તે ઘણી છે, મને દરરોજ એટલી છૂટની જરૂર પડવાની નથી, આથી આજે નિયમમાં સંક્ષેપ કરું, આ પ્રમાણે વિચાર્યા પછી તે જ પ્રમાણે (=વિચાર્યા પ્રમાણે) આ નિયમનો સંકોચ કરે તે દેશાવગાશિકનો એક ભેદ છે. બીજો ભેદ આ પ્રમાણે છે:—પ્રભાત સમયે કરેલા નિયમમાં પણ રાત્રે આટલી ભૂમિથી વધારે ન જવું વગેરે ભેદથી અધિક સંક્ષેપ કરે. [ ૧૦૩ ]

દેશાવગાશિક જે પ્રમાણે ઉત્પન્ન થાય છે તે પ્રમાણે કહે છે:—

**एगविहं तिविहेणं, सव्ववयाणं करेइ संखेवं ।**
**अहवा जहासमाही, गंठीनवकारपरिमाणं ॥ १०४ ॥**

**ગાથાર્થ**:—એકવિધ-ત્રિવિધ ભાંગાથી સર્વવ્રતોનો સંક્ષેપ કરે. અથવા સમાધિ પ્રમાણે ગ્રંથિ, નમસ્કાર વગેરેથી દેશાવગાશિકનું પરિમાણ કરે.

૧. અથવા પૃથ્વી ન ખોદવી વગેરે ભેદથી.

**ટીકાર્થ**:–એકવિધ–ત્રિવિધ ભાંગાના ઉપલક્ષણથી અન્યભાંગાથી પણ સંક્ષેપ કરે. એકવિધ–ત્રિવિધભાંગાથી સર્વવ્રતોનો સંક્ષેપ કરે એનો ભાવ એ છે કે જે એકવિધ–ત્રિવિધભાંગાથી સર્વવ્રતોનો સંક્ષેપ કરે તેને એ જ ભાંગાથી દેશાવગાશિક ઉત્પન્ન થાય છે. કારણકે સર્વવ્રત સંક્ષેપરૂપ દેશાવગાશિક આ ભાંગાથી લીધું છે. બીજા કોઈ ભાંગાથી લેનારને બીજા કોઈ ભાંગાથી પણ દેશાવગાશિક ઉત્પન્ન થાય.

સમાધિ પ્રમાણે એટલે સમાધિનો ભંગ ન થાય તે પ્રમાણે, અર્થાત્ શક્તિનું ઉલ્લંઘન કર્યા વિના. ગ્રંથિથી પરિમાણ એટલે વસ્ત્રના છેડા વગેરેમાં ગાંઠ બાંધેલી હોય ત્યાં સુધી, અર્થાત્ ગાંઠ છોડું નહિ ત્યાં સુધી. નમસ્કારથી પરિમાણ એટલે જ્યાં સુધી નમસ્કાર મહામંત્ર[1] ગણું ત્યાં સુધી. અહીં ગ્રંથિ અને નમસ્કારના ઉપલક્ષણથી સાધુની પર્યુપાસના, જિનમંદિરમાં અવસ્થાન (=રહેવું), વ્યાખ્યાન શ્રવણ વગેરે પણ સમજવું. ભાવાર્થ આ છેઃ–મહાધનાઢ્ય વગેરે જે શ્રાવક પોતાની નિયમમાં રાખેલી ઘણી છૂટને વિચારીને તે છૂટને દૂર કરવા વસ્ત્રના છેડા વગેરેમાં ગાંઠ બાંધેલી હોય ત્યાં સુધી, અથવા જ્યાં સુધી નમસ્કાર મહામંત્ર ગણું ત્યાં સુધી, અથવા જ્યાં સુધી સાધુઓની ઉપાસના કરું ત્યાં સુધી મારે આટલા પરિમાણવાળું દેશાવગાશિક છે, એમ દેશાવગાશિકનું પરિમાણ કરે તેને આ પ્રમાણે પણ દેશાવગાશિક ઉત્પન્ન થાય છે. [ ૧૦૪ ]

દેશાવગાશિક નહિ કરવામાં થતા દોષને કહે છેઃ–

**जाणंतस्सवि एवं, अनिवित्तीपच्चओ बहू बंधो।**
**तहवि न करेइ माणं, दिया य राओ पमाएणं ॥ १०५ ॥**

**ગાથાર્થ**:– આ રીતે (૧૦૪ મી ગાથામાં કહ્યું તેમ) દેશાવગાશિક ન કરવામાં જ્ઞાનીને પણ અવિરતિના કારણે ઘણો કર્મબંધ થાય છે, અર્થાત્ જાણકાર પણ જો પચ્ચક્ખાણ ન કરે તો તેને પણ કર્મબંધ થાય છે. તો પણ (મહામોહરૂપી ગ્રહે જેના ચિત્તને પકડી લીધો છે એવો) જીવ વિકથા, નિદ્રા વગેરે પ્રમાદથી દિવસે અને રાતે પરિમાણ કરતો નથી.

**ટીકાર્થ**:– જે પરિમાણ કરતો નથી તેને ઘણો કર્મબંધ થાય એ જ ભયંકર દોષ (=નુકશાન) છે. આ ગાથાનો બીજી રીતે અર્થ આ પ્રમાણે છેઃ– **जाणंतस्सवि** એ સ્થળે પ્રાકૃત जाणंति अस्स એવો પ્રયોગ છે. अचोऽचि (સ્વર પછી સ્વર આવે તો પૂર્વ સ્વરનો લોપ થાય.) એ નિયમથી जाणंतस्स એવો પ્રયોગ થયો. જેમકે–

---

૧. અહીં "નમસ્કાર ગણું ત્યાં સુધી" અથવા "નમસ્કાર ન ગણું ત્યાં સુધી" એમ બંને અર્થ થઈ શકે. નમસ્કાર ગણું ત્યાં સુધી એટલે જ્યાં સુધી હું નમસ્કાર ગણતો રહું ત્યાં સુધી મારે આ નિયમ છે, પછી નહિ. નમસ્કાર ન ગણું ત્યાં સુધી એટલે એક (અથવા બે વગેરે) નવકાર ન ગણું ત્યાં સુધી મારે નિયમ છે. નમસ્કાર ગણું એટલે નિયમ નહિ.

मोत्तूण पत्तनियरं जडाण नियपरिमलंसमप्पंते ।
सहस्सुम्मूलणदुक्खं बालय ! बालोऽसि किं भणिमो ॥ १ ॥

આ ગાથામાં सहस्सुम्मूलण० એ સ્થળે अचोऽचि એ નિયમથી अ નો લોપ થયો છે. ( सहस्स उम्मलण०=सहस्सुम्मूलण० )

जाणंति अस्सની સંસ્કૃત છાયા जानन्ति अस्य એવી થાય. अस्य વિશેષણ દેશાવગાશિકનું છે. अकरणे એમ અધ્યાહાર છે. अपि શબ્દ एव અર્થમાં છે, અને તેનો અન્વય बहु શબ્દની આગળ કરવો. करेइ એ પ્રયોગમાં પ્રાકૃતમાં लिङ्गविभक्तिवचनानां व्यत्ययो बहुलम् (=લિંગ, વિભક્તિ અને વચનનો બહુલતાએ ફેરફાર થાય છે) એ નિયમથી करिंति એમ સમજવું. આથી ગાથાનો અર્થ આ પ્રમાણે થાયઃ—

"આ દેશાવગાશિકને ન કરવામાં અવિરતિના કારણે ઘણો જ કર્મબંધ થાય એમ જીવો જાણે છે તો પણ પ્રમાદના કારણે દિવસે કે રાતે ક્યારેય પરિમાણ કરતા નથી." જીવો જાણતા હોવા છતાં દેશાવગાશિકને કરતા નથી, તેથી જ અવિરતિના કારણે કર્મ-બંધથી બંધાય છે, એમ દોષદ્વાર ગાથાનો ભાવાર્થ છે.

**પ્રશ્નઃ**—અવિરતિના કારણે કર્મબંધ થાય છે એ કોઈ પ્રમાણથી સિદ્ધ થતું નથી.

**ઉત્તરઃ**—આગમપ્રમાણથી સિદ્ધ છે. તે આ પ્રમાણેઃ—પચ્ચક્ખાણ નહિ કરનાર જીવના પૂર્વભવોનું શરીર વગેરે પણ બધુંય આગમમાં છૂટું જ (=પાપબંધવાળું) જણાવ્યું છે. કહ્યું છે કે—**"સંસારમાં જે અનંતા શરીરો બાંધ્યા અને મૂક્યા તેમને વોસિરાવવામાં ન આવે તો જીવ કર્મબંધથી પકડાય છે, અર્થાત્ તેને કર્મબંધ થાય છે."**

આથી જ દુષ્કૃતગર્હામાં—

गहिऊणं मुक्काइं जम्मणमरणेसु जाइ देहाइं । पावेसु पसत्ताइं वोसिरियाइं मए ताइं ॥ १ ॥

**"જન્મ-મરણોમાં મેં જે શરીરો લઈને મૂક્યા હોય, પાપોમાં રહેલાં (=પાપોનું કારણ બનતાં) તે બધાં શરીરોને મેં વોસિરાવી દીધા છે."**

આ પ્રમાણે પૂર્વભવના શરીરોનો ત્યાગ કરાવ્યો છે. [૧૦૫]

ગુણદ્વાર વિષે કહે છેઃ—

**चाउम्मासिगऽवहिणा, बहुयं गहियं न तस्स संपत्ती ।**
**एवं नाउं विहिणा, संखेवं कुणइ राईए ॥ १०६ ॥**

**ગાથાર્થઃ**—ચાર માસ વગેરે કાળ સુધી નિયમમાં વધારે છૂટ રાખી હોય, જેટલી છૂટ રાખી હોય તેટલાનો લાભ થવાનો નથી (કે તેટલાની જરૂર પડવાની નથી) એમ જાણીને વિધિથી રાત્રે સંક્ષેપ કરે.

**ટીકાર્થ**:-વિધિથી એટલે "उवउत्तो गुरुमूले संविग्गो इत्तरं व इयरं वा [1]गिण्हइ पच्चक्खाणं" સંવિગ્ન (મોક્ષાભિલાષી) શ્રાવક ચિત્તની એકાગ્રતાપૂર્વક થોડા સમય સુધી કે જીવનપર્યંત ગુરુની પાસે પચ્ચક્ખાણ લે, ઈત્યાદિ અન્યશાસ્ત્રોમાં કહેલા વિધિથી. ગાથાનો ભાવાર્થ:- ચાર માસ વગેરે કાળ સુધી જે સોનું, ધન, ધાન્ય વગેરે વ્યવહાર કરવા માટે (=વાપરવા માટે) છૂટું રાખ્યું હોય તેનો રાત્રિ વગેરે વિવક્ષિત કાળમાં ઉપયોગ થવાની સંભાવના ન હોય તો વિવેકીએ ગુરુ વગેરેની પાસે તેનું પચ્ચક્ખાણ જ કરી લેવું જોઇએ. કારણકે પચ્ચક્ખાણ કરી લેવાથી આશ્રવનો નિરોધ થઈ જાય છે. પચ્ચક્ખાણ ન કરવાથી તો અવિરતિના કારણે કર્મબંધ થાય છે.

અહીં કામદેવનું દૃષ્ટાંત છે. કામદેવની કથાનું સૂચન કરનારી ગાથા બીજા ગ્રંથમાં આ (નીચે મુજબ) છે.

चंपाए कामदेवो पडिमं पडिवण्णु सव्वराईयं। सक्कपसंसा देवोवसग्ग वीरेण परिकहणं ॥ १ ॥

**"ચંપાનગરીમાં કામદેવ શ્રાવકે આખી રાત પ્રતિમાનો સ્વીકાર કર્યો. ઈંદ્રે કામદેવના સત્ત્વની પ્રશંસા કરી. દેવે કામદેવને ઉપસર્ગો કર્યા. શ્રાવકે સમતાથી ઉપસર્ગો સહન કર્યા એ બિના શ્રી મહાવીર ભગવાને સાધુ-સાધ્વીઓને કહી."**

આ ગાથાનો ભાવાર્થ કથાથી બતાવાય છે.

## કામદેવનું દૃષ્ટાંત

ચંપાનગરીમાં જીવ-અજીવના બોધવાળો, પુણ્ય-પાપનો જાણકાર, આસ્રવ-સંવર-નિર્જરામાં કુશળ, બંધ-મોક્ષની વિચારણામાં નિપુણ અને અઢાર દોષોથી રહિત દેવની પરમભક્તિથી આરાધના કરનાર કામદેવ નામનો શ્રાવક હતો. તેની દેવ-ગુરુની પૂજા કરનારી, સુશીલવંતોમાં અગ્રેસર, વિનયથી ઉત્તમ અને સર્વ અકાર્યોનો ત્યાગ કરનારી ભદ્રા નામની ઉત્તમ પત્ની હતી. કામદેવે ભગવાન મહાવીર તીર્થંકરની પાસે પરિગ્રહ-પરિમાણ લીધું. તે આ પ્રમાણે:-વ્યાજે આપેલા છ ક્રોડ, નિધાનરૂપે રાખેલા છ ક્રોડ, વેપારમાં રોકેલા છ ક્રોડ, બધું મળીને અઢાર ક્રોડ ધન, પાંચસો હળ, પાંચસો વહાણ, દશ દશ હજારના પરિમાણવાળા દશ ગોકુલ, આ સિવાયનું મેં સ્વપરિગ્રહમાંથી દ્વિવિધ-ત્રિવિધથી વોસિરાવી દીધું છે. આ પ્રમાણે આટલા પરિગ્રહથી યુક્ત તે વીશ વર્ષ સુધી રહ્યો. કેવળ આઠમ-ચૌદશ વગેરે તિથિઓમાં હંમેશાં જ સર્વથી (=ચોવિહાર ઉપવાસથી) ચાર પ્રકારનો પૌષધ કરતો હતો. પૌષધમાં તેનું મન ધ્યાન-અધ્યયનમાં લીન રહેતું હતું,

1. **गिण्हइ पच्चक्खाणं** સિવાય આ પાઠ શ્રાવકપ્રજ્ઞપ્તિ ગાથા ૧૦૮ ના પૂર્વાર્ધમાં છે.

અને આખી રાત પ્રતિમાનો અભ્યાસ કરતો હતો (=કાઉસ્સગ્ગમાં રહેતો હતો). એકવાર કોઇ પર્વદિવસે કામદેવને પ્રતિમા સ્વીકારીને રહેલો જોઈને સૌધર્મ સભાના મધ્યમાં રહેલા સૌધર્મેન્દ્રનું મન તેના અસાધારણ ગુણોના અનુરાગથી હર્ષિત બની ગયું. તેણે સર્વ દેવસમૂહની સમક્ષ કામદેવની પ્રશંસા કરી. તે આ પ્રમાણે:–

હે દેવો! સાંભળો. જંબૂદ્વીપમાં દક્ષિણાર્ધ ભરતમાં રહેલી ચંપાનગરીમાં રહેતા કામદેવ સમાન શ્રાવક હમણાં કોઈ જોવામાં આવતો નથી. તેને ઇંદ્રસહિત દેવો પણ ધ્યાનથી ચલિત કરવા સમર્થ નથી. અહો! કોઈ શ્રાવકો પણ આ પ્રમાણે મહાપ્રતાપી હોય છે. આ વખતે ઇંદ્રે કરેલી તેવી પ્રશંસાને સાંભળીને તેની શ્રદ્ધા નહિ કરતો એક દેવ ભયંકર ઉત્તમ હાથીનું રૂપ કરીને કામદેવની પાસે આવ્યો. તેને ચલિત કરવા માટે દાંતોથી ભેદીને ક્ષોભ પમાડવો વગેરે અનેક રીતે ઉપસર્ગો કરવાનું શરૂ કર્યું. મહાસત્ત્વવંત તે જરા પણ ચલિત ન થયો. તેથી દેવે મહાસર્પનું રૂપ કર્યું. અતિશય ક્રોધથી ભયંકર સ્વરૂપવાળા તેણે પણ મોટા ફુંફાડા મારીને કરડવાનું શરૂ કર્યું. આમ છતાં તે ચલિત ન થયો–એટલે ભયંકર રાક્ષસનું બિહામણું રૂપ કર્યું. પછી એટલા જોરથી અટ્ટહાસ્ય કર્યું કે જેથી નજીકમાં રહેલ પ્રાણીસમૂહ ગભરાઈ ગયો. ત્યારબાદ ભય પમાડવાના વિવિધ પ્રકારોથી ભય પમાડવાનું શરૂ કર્યું. આ વખતે મહાસત્ત્વવંત એને નિષ્કારણ તેવા ઘોર ઉપસર્ગો કરવાથી અટકેલા તે અધમદેવને જોઈને જાણે કોપથી હોય તેમ, ગુલાબના જેવા લાલ શરીરવાળો સૂર્ય ઉગ્યો. દેવ આખી રાત ઉપસર્ગો કરીને તેને અખંડ શુદ્ધધ્યાનથી ચલિત ન કરી શક્યો એટલે થાકીને ભાવપૂર્વક તેને નમ્યો. પછી દેવે તેને કહ્યું: તું ધન્ય છે કે જેના સત્યગુણોની પ્રશંસા સર્વદેવોની સભાના મધ્યમાં બેઠેલા ઇંદ્ર પણ કરે છે. પછી તેના વિશિષ્ટ સર્વગુણો પ્રત્યે અનુરાગવાળો થયેલો તે દેવ તેને ફરી ફરી વંદન કરીને સ્વર્ગમાં ગયો. કામદેવ પણ કાયોત્સર્ગ પારીને પોતાના ઘરે ગયો. ત્યાં કોઇકે એને કહ્યું: હે શ્રેષ્ઠી! સુર–અસુરો જેમના બે ચરણકમલમાં નમેલા છે એવા, ત્રિલોકબંધુ, ભગવાન શ્રી વીરજિનેશ્વર બહાર ઉદ્યાનમાં પધાર્યા છે. તે સાંભળીને હર્ષિત મનવાળા એણે તેને ઇનામ આપ્યું. પછી પોતાને કૃતાર્થ માનતો તે સમવસરણ ભૂમિમાં આવ્યો. ભગવાનને ત્રણ પ્રદક્ષિણા આપીને અને વિધિથી વંદન કરીને ઉચિત સ્થાનમાં બેઠો. જિનેશ્વરે તેનો રાત્રિમાં બનેલો સઘળો પ્રસંગ સાધુ વગેરેની સમક્ષ કહ્યો. તેથી તેઓ પણ શુભધ્યાનમાં સ્થિર થયા. કાલાંતરે તીર્થંકરે કહેલા શ્રાવકધર્મને નિષ્કલંકપણે પાળીને ભક્તિથી અને (પાપ વગેરેની) નિવૃત્તિથી શુદ્ધ ચિત્તવાળો તે ઉત્તમ દેવભવને પામ્યો. સૌધર્મ દેવલોકમાં અરુણપ્રભ નામના ઉત્તમ વિમાનમાં બે સાગરોપમના આયુષ્યવાળો દેવ થયો. ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં સિદ્ધ થશે. [૧૦૯]

હવે યતનાને કહે છે:–

एगमुहुत्तं दिवसं, राई पंचाहमेव पक्खं वा।
वयमिह धारेउ दढं, जावइयं उच्छहे काले ॥ १०७॥

**ગાથાર્થ**:-એક મુહૂર્ત સુધી, અથવા એક દિવસ સુધી, અથવા એક રાત્રિ સુધી, અથવા પાંચ દિવસ સુધી, અથવા એક પક્ષ સુધી એમ જેટલા કાળ સુધીનું દેશાવગાશિક લેવાનો ઉત્સાહ થાય તેટલા કાળ સુધીનું દઢતાથી દેશાવગાશિક ધારણ કરે.

**ટીકાર્થ**:-મુહૂર્ત, દિવસ વગેરે જેટલા કાળ સુધી દેશાવગાશિક લેવામાં વીર્યોલ્લાસરૂપ શક્તિ હોય તેટલા કાળ સુધી જ આ વ્રત વારંવાર કરે, (અર્થાત્ હમણાં એક દિવસ સુધીનું જ દેશાવગાશિક લેવાનો ઉત્સાહ છે તો એક દિવસ સુધીનું જ લે, એક દિવસ પૂર્ણ થયા પછી ફરી જેટલા કાળ સુધીનું દેશાવગાશિક લેવાનો ઉત્સાહ થાય તેટલા કાળ સુધીનું લે, આમ ફરી ફરી લે,) પણ આળસ ન કરે આ જ વ્રતની યતના છે. [૧૦૭]

હવે દેશાવગાશિકના અતિચારોને કહે છેઃ-

आणयणि पेसणेऽवि य, पओग तह सद्दरूववाए य।
बहिपोग्गलपक्खेवो, पंचइयारे परिहरेज्जा ॥ १०८॥

**ગાથાર્થ**:-દેશાવગાશિકના આનયનપ્રયોગ, પ્રેષ્યપ્રયોગ, શબ્દપાત, રૂપપાત અને બહિઃપુદ્ગલપ્રક્ષેપ એ પાંચ અતિચારોનો ત્યાગ કરે.

**ટીકાર્થ**:-(૧) **આનયનપ્રયોગઃ**-(લાવવામાં બીજાને જોડવો તે આનયનપ્રયોગ.) વિવક્ષિત (=નિયમમાં ધારેલા) ક્ષેત્રથી બહાર રહેલ સચિત્ત વગેરે કોઇ વસ્તુને વિવક્ષિતક્ષેત્રમાં લાવવામાં પોતે જાય તો વ્રતભંગ થાય, એથી બીજાને સંદેશા વગેરેથી તારે આ વસ્તુ અહીં લાવવી એમ બીજાને જોડવો તે આનયન પ્રયોગ.

(૨) **પ્રેષ્યપ્રયોગઃ**-(બીજાને મોકલવામાં જોડવો તે પ્રેષ્ય પ્રયોગ.) લીધેલા દિશાપરિમાણથી આગળ (કંઇક કામ પડતાં) સ્વયં જવામાં વ્રતભંગ થાય એથી બીજાને મોકલવો તે પ્રેષ્યપ્રયોગ.

(૩) **શબ્દપાતઃ**-(શબ્દો નાખવા તે શબ્દપાત.) વિવક્ષિતક્ષેત્રથી બહાર રહેલા કોઇને બોલાવવા માટે તેના કાનમાં ખાંસી વગેરે શબ્દો નાખવા તે શબ્દપાત.

(૪) **રૂપપાતઃ**-(રૂપ નાખવું=કાયા બતાવવી તે રૂપપાત.) વિવક્ષિતક્ષેત્ર બહાર રહેલા કોઇને બોલાવવા માટે તેની આંખોમાં પોતાના શરીરનો આકાર નાખવો=બતાવવો તે રૂપપાત.

આ બે અતિચારો આ પ્રમાણે સંભવે છેઃ- પોતાની બુદ્ધિમાં સ્વીકારેલા (=નક્કી કરેલા) ક્ષેત્રની બહાર રહેલા કોઈ માણસને બોલાવવાની જરૂર છે, વ્રતભંગના ભયથી

પોતે ન જઈ શકે=ન જાય, કિંતુ તેને ખાંસી વગેરે શબ્દ સંભળાવીને કે પોતાની કાયા બતાવીને તેને બોલાવે ત્યારે વ્રતરક્ષાનો ભાવ હોવાથી શબ્દપાત કે રૂપપાત અતિચાર થાય.

(૫) **બહિઃપુદ્ગલ પ્રક્ષેપઃ**–વિવક્ષિતક્ષેત્રથી બહારની ભૂમિમાં પ્રયોજન ઉપસ્થિત થતાં બીજાને જણાવવા માટે ઢેફું, કાંકરો વગેરે પુદ્ગલોનો પ્રક્ષેપ કરવો=કાંકરો વગેરે ફેંકવું તે બહિઃપુદ્ગલપ્રક્ષેપ.

આ અતિચાર પણ સંભવે છે. કહ્યું છે કે–

"શૂન્યઘરમાં કે જિનમંદિરમાં (=જિનમંદિરની પાસેના મંડપ વગેરેમાં) પૌષધ લઈને પૌષધધારી તે બહાર કાંકરો વગેરે ફેંકીને લોકને જણાવે."

દેશાવગાશિકવ્રતના આ પાંચ અતિચારોનો શ્રાવક ત્યાગ કરે. કારણ કે બહાર જવા આવવાની પ્રવૃત્તિથી જીવોનો નાશ ન થાઓ એ માટે દેશાવગાશિક લેવામાં આવે છે. જીવોનો નાશ સ્વયં કર્યો હોય કે બીજાની પાસે કરાવ્યો હોય એમાં ફલમાં કોઇ ભેદ નથી. બલ્કે જાતે જવામાં લાભ છે. કારણકે પોતે ઇર્યાસમિતિનું પાલન કરવાથી ઇર્યાસમિતિની વિશુદ્ધિ હોય છે. જ્યારે બીજાને તેનું જ્ઞાન ન હોવાથી ઇર્યાસમિતિની વિશુદ્ધિ ન જ હોય.

આમાં પહેલા બે અતિચારો તેવી શુદ્ધ સમજણના અભાવથી કે સહસાત્કાર આદિથી થાય છે. છેલ્લા ત્રણ અતિચારો માયા કરનારને માયાથી થાય છે. [૧૦૮]

હવે ભંગદ્વારને કહે છેઃ–

**सव्ववयाण निवित्तिं, दियहं काऊण तक्खणा चेव ।**
**आउट्टियाएँ भंगं, निरवेक्खो सव्वहा कुणइ ॥ १०९ ॥**

**ગાથાર્થઃ**–સ્થૂલ પ્રાણાતિપાત વગેરે સર્વવ્રતોના સંક્ષેપનો સંપૂર્ણ દિવસ સુધી નિયમ કરીને તત્કાળ જ ઇરાદાપૂર્વક સર્વથા વ્રતભંગ તરફ નિરપેક્ષ (=વ્રતભંગના ભયથી રહિત) બનનાર વ્રતનો ભંગ કરે છે.

**ટીકાર્થઃ**–પૂર્વે પ્રાણાતિપાતવિરમણ વગેરે જે વ્રતો લીધા હતાં તે વ્રતોનો જ "આજે મારે પૃથ્વી ન ખોદવી વગેરે રીતે" દિવસ સુધી સંક્ષેપ કરીને તત્કાળ જ ઇરાદાપૂર્વક પૃથ્વીકાય આદિના વિનાશમાં પ્રવૃત્ત થયેલ શ્રાવક સર્વ વ્રતસંક્ષેપરૂપ દેશાવગાશિકનો ભંગ કરે છે. કારણ કે વ્રતરક્ષાના ભાવથી રહિત છે. [૧૦૯]

ભાવનાદ્વારમાં ગાથા આ છેઃ–

**सव्वे य सव्वसंगेहिं वज्जिए साहुणो नमंसिज्जा ।**
**सव्वेहिं जेहिं सव्वं, सावज्जं सव्वहा चत्तं ॥ ११० ॥**

**ગાથાર્થ**:– જીવો પ્રત્યે અનુકૂલ વર્તનારા એવા જેમણે સર્વ સાવદ્યનો સર્વ પ્રકારે ત્યાગ કર્યો છે, અને જેઓ સર્વસંગોથી રહિત છે, તે સર્વ સાધુઓને શ્રાવક નમસ્કાર કરે.

**ટીકાર્થ**:– **સર્વસંગોથી** રહિત= મમત્વ વગેરે અંતરંગ અને ધન–ધાન્યાદિ બહિરંગ સર્વસંબંધોથી રહિત. **સાધુઓને**= મોક્ષને સાધવામાં તત્પર ભાવસાધુઓને. સાવદ્ય=પાપવાળાં અનુષ્ઠાનો. [૧૧૦]

બીજું શિક્ષાવ્રત કહ્યું. હવે ત્રીજું શિક્ષાવ્રત કહેવું જોઈએ. તે પણ નવદ્વારવાળું છે. આથી પ્રથમદ્વારથી તેને કહે છે.

**पोसह उववासो उण, आहाराईनियत्तणं जं च।**
**कायव्वो सो नियमा, अट्ठमिमाईसु पव्वेसु ॥ १११ ॥**

**ગાથાર્થ**:– આહાર આદિનો ત્યાગ કરવો એ પૌષધોપવાસ વ્રત છે. તે વ્રત આઠમ આદિ પર્વોમાં અવશ્ય કરવો જોઈએ.

**ટીકાર્થ**:– ધર્મની પુષ્ટિ કરે તે પૌષધ, અર્થાત્ પર્વ દિવસોમાં આચરવા યોગ્ય ધર્મકાર્ય તે પૌષધ. પૌષધ એ જ ઉપવાસ=પૌષધોપવાસ. આહાર અશન–પાન–ખાદિમ–સ્વાદિમ એમ ચાર પ્રકારે છે. આદિ શબ્દથી દેહસત્કાર વગેરે સમજવું. આહાર વગેરે ચારેયનો ત્યાગ કરે તો જ પૌષધોપવાસ થાય એમ નહિ, કિંતુ ચારમાંથી કોઈ એકનો પણ ત્યાગ કરે તો પણ પૌષધોપવાસ થાય. આનું च શબ્દના પ્રયોગથી સૂચન કર્યું છે. આઠમ આદિ પર્વોમાં એટલે આઠમ, ચૌદશ વગેરે પર્વતિથિઓમાં. કહ્યું છે કે–

**"આઠમ, ચૌદશ, જિનના ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલજ્ઞાન અને નિર્વાણકલ્યાણકોના દિવસો, ત્રણ ચોમાસી, ચૈત્ર અને આસો માસના અનધ્યાયના આઠમ વગેરે દિવસોમાં કરવામાં આવતી અઠ્ઠાઇઓ, (અથવા કલ્યાણકના દિવસોની અટ્ઠાઇઓ) અને પર્યુષણ આ દિવસોમાં સુશ્રાવકને જિનપૂજા, તપ અને ધર્મક્રિયામાં વિશેષ ઉદ્યમ કરવાનું કહ્યું છે."**

આ વિષે શ્રી ધર્મદાસગણીએ કહ્યું છે કે–

**"સંવત્સરી, ત્રણ ચોમાસી, (ચૈત્ર અને આસો માસની) અટ્ઠાઇઓ, તથા આઠમ આદિ પર્વતિથિઓમાં સર્વ પ્રયત્નથી જિનપૂજા, તપ અને જ્ઞાનાદિગુણોમાં વિશેષ આદરવાળા બનવું જોઇએ."** [૧૧૧]

હવે ભેદદ્વારને કહે છેઃ–

आहारदेहसक्कारबंभऽवावारपोसहो चउहा।
एक्केको चिय दुविहो, देसे सव्वे य नायव्वो ॥ ११२ ॥

**ગાથાર્થ**:– આહાર પૌષધ, શરીરસત્કાર પૌષધ, બ્રહ્મચર્યપૌષધ, અને અવ્યાપાર પૌષધ એમ ચાર પ્રકારે ત્રીજું શિક્ષાવ્રત છે. આહાર પૌષધ આદિ ચારેના દેશથી અને સર્વથી એમ બે બે ભેદ છે.

**ટીકાર્થ**:– શરીરસત્કાર એટલે શરીરવિભૂષા (=શરીરને સુશોભિત બનાવવું). અવ્યાપાર એટલે હળ હાંકવો વગેરે પાપ કાર્યોનો ત્યાગ કરવો. એકાસણું વગેરે દેશથી આહાર પૌષધ છે. ચારે પ્રકારના આહારનો ત્યાગ કરીને ઉપવાસ કરવો તે સર્વથી આહાર પૌષધ છે. સ્નાન ન કરવું વગેરે કોઈ અમુક શરીરસત્કારનો ત્યાગ તે દેશથી શરીર-સત્કાર પૌષધ છે. સ્નાન કરવું, તેલ ચોળવું, મેંદી વગેરે લગાડવું, ચંદન આદિનું વિલેપન કરવું, મસ્તકમાં પુષ્પો નાખવાં, અત્તર આદિ સુગંધિ પદાર્થો લગાડવા, સુંદર, કિંમતી અને રંગીનવસ્ત્રો પહેરવાં, અભૂષણો પહેરવાં વગેરે સર્વપ્રકારના શરીરસત્કારનો રાગબુદ્ધિથી ત્યાગ કરવો તે સર્વથી શરીરસત્કાર પૌષધ છે. દિવસે જ, રાત્રે જ, એક જ વાર કે બે જ વાર ઇત્યાદિ નિયમથી અબ્રહ્મનું સેવન કરવું એ દેશથી બ્રહ્મચર્ય પૌષધ છે. સંપૂર્ણ અહોરાત્ર સુધી બ્રહ્મચર્યનું પાલન તે સર્વથી બ્રહ્મચર્ય પૌષધ છે. કોઈ પણ (રસોઈ નહિ કરવી, વેપાર નહિ કરવો, કપડાં નહિ ધોવાં વગેરે રીતે) એક પાપ વ્યાપારનો ત્યાગ તે દેશથી અવ્યાપારપૌષધ છે. હળ હાંકવો, ગાડું ચલાવવું, ઘરનાં કામો કરવાં વગેરે સર્વ પાપવ્યાપારોનો ત્યાગ તે સર્વથી અવ્યાપારપૌષધ છે.

જે દેશથી અવ્યાપારપૌષધ કરે તે સામાયિક કરે અથવા ન પણ કરે. પણ જે સર્વથી અવ્યાપાર પૌષધ કરે તે નિયમા સામાયિક કરે. જો ન કરે તો તેના ફળથી વંચિત રહે. કારણ કે સર્વથી અવ્યાપાર પૌષધવાળો સ્વાભાવિક રીતે જ સાવદ્યવ્યાપારથી રહિત અને ધ્યાન–અધ્યયન વગેરે વિશુદ્ધ વ્યાપારવાળો હોય છે. કહ્યું છે કે–

**"સર્વથી અવ્યાપાર પૌષધવાળો શ્રાવક સાવદ્યયોગોથી વિરત અને ધર્મધ્યાનમાં અત્યંત નિશ્ચલ બનીને જિનમંદિરમાં (=જિનમંદિર પાસે સભામંડપમાં) રહે."**

**પ્રશ્ન**:– પૌષધશાલા પૌષધ માટે જ બનાવવામાં આવે છે, આથી પૌષધવાળાએ પૌષધશાળામાં જ રહેવું ઉચિત છે, બીજે રહેવું ઉચિત નથી. તો પછી "જિનમંદિરમાં રહે" એમ કેમ કહ્યું? **ઉત્તર**:– તમારો પ્રશ્ન સાચો છે. જિનમંદિર વગેરે ન હોય તો પૌષધશાલા વગેરેમાં રહેવાની અનુજ્ઞા આપી છે. કહ્યું છે કે–

"જિનમંદિર અને સાધુના અભાવમાં પૌષધ માટે ઘરના એકાંતમાં ઘરથી અલગ પૌષધશાલા કહી છે, અર્થાત્ જિનમંદિરમાં પૌષધ થઈ શકે તેમ ન હોય કે સાધુઓનો અભાવ હોય (અથવા સાધુઓની પાસે પૌષધ થઈ શકે તેમ ન હોય) તો શ્રાવક

ઘરમાં રહેલી પણ ઘરથી અલગ એવી પૌષધશાલામાં પૌષધ કરે. એક સમૃદ્ધ શ્રાવકને એક પૌષધશાલા હોવી જોઇએ એમ શાસ્ત્રમાં કહ્યું છે. (૧) ચંદ્રાવતંસ, શંખ, સુદર્શન, કામદેવ અને અભયકુમાર– આ શ્રાવકો એકલા (અલગ) પૌષધશાલામાં શયન કરતા હતા." (૨)

આવશ્યકચૂર્ણિમાં તો સામાન્યથી જ કહ્યું છે. તે આ પ્રમાણે:–"શ્રાવક મણિ–સુવર્ણ વગેરેના અલંકારો ઉતારીને, ફૂલમાળા, મેંદી વગેરેના રંગ, ચંદન વગેરેનું વિલેપન અને શસ્ત્રોનો ત્યાગ કરીને જિનમંદિરમાં (=સભામંડપમાં) સાધુની પાસે અથવા પૌષધશાળામાં પૌષધવ્રતનો સ્વીકાર કરે. પૌષધ લીધા પછી ભણે, પુસ્તક વાંચે અથવા મંદભાગી હું સાધુના ગુણોને ધારણ કરવા (=દીક્ષા લેવા) અસમર્થ છું, ઇત્યાદિ પ્રકારે ધર્મધ્યાન કરે."

માટે પ્રવચનની ગંભીરતા બરોબર વિચારવી. પોતાની બુદ્ધિથી ક્યાંય પણ આગ્રહ ન રાખવો.

જે આ પૌષધનો સામાયિકની જેમ દ્વિવિધ–ત્રિવિધથી સ્વીકાર કરે છે તેને પૌષધથી જ સામાયિકનો લાભ મળી જતો હોવાથી સામાયિક બહુ ફળવાળું બનતું નથી. છતાં મેં પૌષધ અને સામાયિક એમ બે વ્રતોનો સ્વીકાર કર્યો છે એવા ભાવ વિશેષથી સામાયિક ફળવાળું પણ બને છે. [૧૧૨]

હવે ત્રીજા દ્વારથી પૌષધવ્રતને જ કહે છે :–

**विरतिफलं नाऊणं, भोगसुहासाउ बहुविहं दुक्खं ।**
**साहुसुहकोउएण य, पडिपुण्णं (चउव्विहं) पोसहं कुणइ ॥ ११३ ॥**

**ગાથાર્થ** :– વિરતિના ફળને અને ભોગસુખની આશાથી થતાં શારીરિક–માનસિક વગેરે વિવિધ દુઃખોને જાણીને તથા સાધુના સુખની અભિલાષાથી શ્રાવક ચાર પ્રકારનો પૌષધ કરે.

**ટીકાર્થ** :– કર્મોનો સંવર વગેરે વિરતિનું ફલ છે. કહ્યું છે કે–संयमे अनिण्हयफले= સંયમનું ફળ સંવર છે. ભોગસુખની આશાથી કપિલ બ્રાહ્મણની જેમ અસંતોષના કારણે અનેક દુઃખો થાય છે. ઉત્તરાધ્યયનમાં કહ્યું છે કે–

**"જેમ જેમ ધનની પ્રાપ્તિ થાય છે તેમ તેમ ધનનો લોભ વધે છે. કારણ કે લાભથી લોભ અત્યંત વધે છે. બે[1] માસા સુવર્ણથી કરી શકાય તેવું (કપિલ કેવળીનું) કામ ક્રોડ સોનામહોરથી પણ ન થયું."**

(ઉત્તરા. અ. ૮ ગાથા ૨૪)

---

૧. માસો= પાંચ રતિ કે પાંચ ચણોઠી.

સાધુનું સુખ આ પ્રમાણે છે :–

**"સંસારસુખનાં સાધનો મેળવવાની માથાકૂટથી રહિત સાધુને આ જ જન્મમાં જે સુખ છે, તેનો એક અંશ પણ અખંડ છ ખંડના માલિક ચક્રવર્તી પાસે કે સદા ભોગમસ્ત ઈંદ્ર પાસે પણ નથી."**
(પ્રશમરતિ ગા. ૧૨૮)

આ ગાથાથી આ ત્રણ (વિરતિ ફલનું જ્ઞાન, ભોગસુખની આશાથી વિવિધ દુઃખોનું જ્ઞાન અને સાધુ સુખની અભિલાષા) કારણોથી પૌષધ ઉત્પન્ન થાય છે. એમ (દ્વારના) ક્રમથી જણાવ્યું. [૧૧૩]

હવે દોષદ્વારને કહે છે :–

**जे पोसहं तु काउं, चइया य परीसहेहि भंजंति ।**
**नालोयंति य भग्गं, भमंति भवसायरे भीमे ॥ ११४ ॥**

**ગાથાર્થ** :– ચારે ય પ્રકારનું પૌષધ કરીને પરીસહો વડે ઉદ્વિગ્ન કરાયેલા જે શ્રાવકો પૌષધને ભાંગે છે, અને કરેલા પૌષધ ભંગને ગુરુની પાસે પ્રગટ કરતા નથી, તથા જેઓ અત્યંત વિષયોના અભિલાષી હોવાથી મૂળથી જ પૌષધ લેતા નથી, તેઓ ભયંકર સંસારસાગરમાં ભમે છે.

**ટીકાર્થ** :– "ચારે ય પ્રકારનું" એ અર્થ ગાથાના तु શબ્દથી સૂચવ્યો છે. કર્મની નિર્જરા માટે જે સહન કરવા યોગ્ય છે તે ક્ષુધા, તૃષા, મલ, સ્ત્રી વગેરે પરીસહો છે. "જેઓ અત્યંત વિષયોના અભિલાષી હોવાથી મૂળથી જ પૌષધ લેતા નથી" એ અર્થ ગાથાના च શબ્દથી સૂચવ્યો છે. [૧૧૪]

પૌષધ કરવામાં લાભ આ છે :–

**धीरा य सत्तिमंता, पोसहनिरया लहंति परमगइं ।**
**दिट्ठंतो इह संखो, आणंदो जणमणाणंदो ॥ ११५ ॥**

**ગાથાર્થ** :– ધીર અને સામર્થ્યવાળા જેઓ પૌષધમાં અત્યંત તત્પર રહે છે તેઓ પરમગતિને પામે છે. આ વિષયમાં લોકોના મનને આનંદ પમાડનાર શંખ અને આનંદના દૃષ્ટાંતો છે.

**ટીકાર્થ** :– ધીર=બુદ્ધિથી શોભનારા. પરમગતિ એટલે સુદેવગતિ. અનંતર ફલની અપેક્ષાએ આ કથન છે. આ કથન આગમથી સિદ્ધ છે. કારણ કે આગમમાં દેશવિરતિ શ્રાવકની ઉત્કૃષ્ટથી અચ્યુત સુધી જ ઉત્પત્તિ કહી છે. કહ્યું છે કે– **उववाओ सावयाणं उक्कोसेणं** तु अच्चुओ जाव="શ્રાવકોની ઉત્કૃષ્ટથી ઉત્પત્તિ અચ્યુત સુધી છે." પરંપર

ફલની અપેક્ષાએ તો પરમગતિ મોક્ષ પણ છે.” પરંપરાએ તો જિનધર્મનું ફલ મોક્ષ જ છે” એ વિષે કોઈ જ વિવાદ નથી.

આ પ્રમાણે ગાથાનો સંક્ષેપાર્થ છે. વિસ્તારથી અર્થ તો બે કથાઓથી જાણવો. તે બે કથાઓ આ છેઃ–

## શંખનું દૃષ્ટાંત

આ જ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં શ્રાવસ્તિ નામની નગરી હતી. તેમાં ચંદ્ર દોષાકર (=રાત્રિને કરનાર) હતો, બીજો કોઈ દોષાકર (=દોષોની ખાણ) ન હતો. શ્રીમંતોના ઘરો (छुह सुसियाई=) छुह=મકાનને રંગવાના શ્વેત દ્રવ્યથી सुसियाई=શુભ શુક્લ વર્ણવાળા હતા, બીજા કોઈ (छुहसुसियाई=) छुह=ભૂખથી सुसियाई=સુકાયેલા ન હતા. જિનમંદિરોમાં (सावया= श्रावकाः) શ્રાવકો દેખાતા હતા. પણ બીજે ક્યાંય (सावया=श्वापदाः) હિંસક પ્રાણીઓ દેખાતા ન હતા. વળી– તેમાં સ્વાદિષ્ટ રસોથી સુશોભિત કૂવાઓ પણ ચંદ્ર જેવા (શીતલ) હતા. ભવનો શાંત થયેલા શ્રેષ્ઠ મદોન્મત્ત હાથી જેવા (ઊંચા) હતા. લોકો પણ દાક્ષિણ્યનું મંદિર, વિનયને રમવાનું ઉદ્યાન, નીતિમાં તત્પર, અતિશય સંતોષનું ભાજન અને ધર્મમાં શ્રદ્ધાળુ હતા. તેમાં નગરના ઘણા લોકોને સંમત, મદથી રહિત, મતિરૂપ વૈભવવાળો, વૈભવથી કુબેર તુલ્ય, નય–વિનયરૂપ ગુણોનું કુલભવન, જીવાદિ પદાર્થોનો જાણકાર, જિન-શાસન પ્રત્યે ગાઢ ભક્તિ–અનુરાગવાળો અને સર્વ કળાઓમાં કુશળ શંખ નામનો સુશ્રાવક હતો. તેની ઉત્પલા નામની સુશ્રાવિકા પત્ની હતી. શરદપૂર્ણિમાની ચંદ્ર-જ્યોત્સ્નાના પ્રવાહ જેવું નિર્મલ શીલ તેનું આભૂષણ હતું. તેણે આભૂષણોમાંથી સ્ફુરેલા (=પ્રસરેલા) અનેક રત્નકિરણોના વિસ્તારથી દિશાઓના મંડલને વ્યાપ્ત કરી દીધું હતું. તેણે દિશા–મંડલમાં પ્રસિદ્ધ થયેલા રૂપ વગેરે ગુણસમુદાયથી નેત્રોરૂપી કમલોને આનંદિત કર્યાં હતા. તેની સાથે ધર્મ–અર્થ–કામ એ ત્રિવર્ગમાં [1]સારભૂત જીવલોકના સુખને અનુભવતા શંખનો કેટલોક કાળ પસાર થયો. તે જ શ્રાવસ્તીનગરીમાં પુષ્પકલી નામનો શ્રાવક રહેતો હતો. તેનું જ બીજું નામ શતક હતું. તેનો ધન–સુવર્ણ વગેરે વૈભવ શંખના સમાન હતો. શ્રાવક હોવાથી તે શંખની પરમપ્રીતિનું સ્થાન હતો. તે શ્રાવકના સર્વ ગુણોથી યુક્ત હતો. પરસ્પર પરમપ્રીતિથી યુક્ત તે બંને ક્યારેક બંધ–મોક્ષની વિચારણામાં વ્યગ્ર રહેતા હતા, ક્યારેક સંસારના સ્વરૂપની વિચારણામાં લીન રહેતા હતા, ક્યારેક દાનાદિ ચાર પ્રકારના ધર્મકાર્યો કરવામાં આસક્ત રહેતા હતા, આ પ્રમાણે તેમના દિવસો પસાર થઈ રહ્યા હતા.

---

૧. અર્થ અને કામ ધર્મથી જ મળે છે એથી ત્રિવર્ગમાં ધર્મ જ સારભૂત છે. આમ છતાં ધર્મ અને અર્થ કારણ છે, જ્યારે સુખ કાર્ય છે. અપેક્ષાએ કારણ અને કાર્ય એ બેમાં કાર્યની પ્રધાનતાને માનનારા લોકોની દૃષ્ટિએ અહીં સુખને સારભૂત કહેલ છે.

એકવાર તે જ નગરીમાં ઉત્તર-પૂર્વ દિશાના ભાગમાં (=ઇશાન ખૂણામાં) કોષ્ઠક નામના ઉદ્યાનમાં હજારો સાધુના પરિવારવાળા અને વિહારના ક્રમથી એકગામથી બીજા ગામે વિહાર કરતા ભગવાન શ્રી મહાવીર તીર્થંકર પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. ત્રિલોકબંધુ સમવસરણમાં બિરાજમાન થયા. સુખ ઉપજે તેમ સઘળી પર્ષદા બેઠી. શ્રી મહાવીરસ્વામીના આગમનના સમાચાર જાણીને શંખ અને શતક નામના તે બંને શ્રાવકો મહાસમૃદ્ધિના સમુદાયથી (=ઘણા આડંબરથી) ભગવાનને વંદન કરવા માટે આવ્યા. આ વખતે ભગવાને ધર્મકથા શરૂ કરી. તે આ પ્રમાણે:- હે જનો! તમે જેના માટે આ સંસારમાં ઘણા ધનને મેળવો છો, ઘણા પાપકારણોને વધારો છો, મહા-આરંભો કરો છો, મિત્ર, જ્ઞાતિજન, સ્વજન અને સંબંધી લોકો ઉપર વિવાહ વગેરે વિવિધ પ્રસિદ્ધ વ્યવહારમાં વિવિધ ઉપકાર કરો છો તે હણાયેલું શરીર વિદ્યુતશ્રેણિના આડંબરની જેમ ચંચલ છે, અને વિવેકીજનોને આશારૂપ બંધનને જરા પણ ઉત્પન્ન કરતું નથી, અર્થાત્ વિવેકી જનો શરીરની (=શરીરસુખની અથવા શરીરનિત્યતાની) જરાય આશા રાખતા નથી. વળી- જેના માટે ધન, મનોહર સ્ત્રીઓ તથા મિત્રોને મેળવો છો તે શરીર વિજળીના વિલાસની જેમ અત્યંત ચંચલ (=અનિત્ય) છે. તથા જો બધુંય હરી લેનારી ઓચિંતી મૃત્યુની ધાડ ન પડતી હોય તો આ જગતમાં મનો-હર વિષયો કોને પ્રિય ન થાય? (અર્થાત્ મૃત્યુની ધાડ પડ્યા વિના રહેતી નથી, એથી વિવેકીજનોને વિષયો પ્રિય થતા નથી.) વળી- પ્રજ્વલિત અગ્નિજ્વાળાઓના આડંબરથી ભયંકર, તીક્ષ્ણ અનંત તલવારવાળા, પડી રહેલા ભાલા, મુદ્ગર, ત્રિશૂળ અને બાણના સમૂહથી દુઃખજનક, પરમાધામી દેવોએ વિકુર્વેલા ભયંકર રૂપોથી ત્રાસજનક, કાજળ જેવા કાળા અંધકારથી યુક્ત દિશાચક્રવાળા, ફેલાતી દુર્ગંધવાળા, ચરબી અને લોહીના પ્રવાહથી કાદવવાળા, નારકોના કરુણ આક્રંદનના બોધથી ઉદ્વેગને ઉત્પન્ન કરનારા- આવા નરકમાં પડતા જીવોનું પ્રિય, રણઝણ કરતા નેપુરવાળી, અને કટિમેખલાના અવાજથી વાચાળ ગતિવાળી પત્નીઓ શું જરા પણ રક્ષણ કરે છે? ચાંદી, સુવર્ણ અને રત્નોનો સમૂહ વગેરે અનેક પ્રકારનો સારભૂત વૈભવ શું રક્ષણ કરે છે? અથવા, અતિશય સ્નેહથી પૂર્ણ અને મિત્રસહિત સ્વજનો શું રક્ષણ કરે છે? અથવા, શત્રુના બલવાન ભુજાના અભિમાનનો નાશ કરનાર બાહુબલ શું રક્ષણ કરે છે? જીવોને જેવી રીતે નરકમાં કોઈ શરણ નથી, તેવી રીતે તિર્યંચગતિમાં પણ વિવિધ જન્મ મરણોથી સંતાપ પમાડાયેલા જીવોનું ધન અને સ્ત્રી વગેરેથી રક્ષણ થતું નથી. તે આ પ્રમાણે:-

તિર્યંચના ભવમાં જીવો જ્યારે અતિશય તાપ, પાણીનું પૂર અને ઠંડી વગેરેથી ઉત્પન્ન કરાયેલા દુઃખોથી ક્લેશ પામે છે ત્યારે શું તેમનું રક્ષણ થાય છે? એ પ્રમાણે મનુષ્યભવમાં પણ ઉત્તમ જાતિનો મદ કરવાથી નીચકુળમાં ઉત્પન્ન થયેલા, દારિદ્રય, રોગ,

દૌર્ભાગ્ય, શોક, વૃદ્ધાવસ્થા અને મરણની વેદનાથી દુઃખી થયેલા, અને વૃદ્ધિ પામેલા દુઃખવાળા માચ્છીમારો, માતંગો અને ડુંબ વગેરે મનુષ્યોનું બીજા કોઈથી પણ રક્ષણ થતું નથી. હે જનો! આ પ્રમાણે જાણીને ધર્મમાં જ સુપ્રયત્ન કરો, જેથી મરણ આવે ત્યારે તમે શોક ન કરો. વળી– આ સંસારમાં જીવોના હિંસા વગેરે દોષોનું કારણ અર્થ અને કામ છે. તે બે પુરુષાર્થોને છોડો. કારણકે– જે જીવોએ હિંસાથી લક્ષ્મીને મેળવી છે તે જીવો, જેમ સમુદ્ર હજારો નદીઓનો આધાર બને છે તેમ, દુઃખોનું ભાજન બને છે. વિજળીના વિલાસ સમાન (=ચંચળ) અને વેશ્યાની જેમ બીજા બીજા પુરુષોની સેવામાં તત્પર લક્ષ્મીને કોઈ પ્રિય નથી અને કોઈ અપ્રિય નથી. સુખની ઇચ્છાવાળા[1] સંસારમાં સર્પોની જેમ જેમણે વક્રગતિ બતાવી છે, અને જે ચિત્તવિકારના હેતુ છે, તે ભોગોથી સુખ ક્યાંથી હોય? જેમણે ઇંદ્રિયોરૂપી શત્રુઓને જીતી લીધા છે તેમણે સંપૂર્ણ ત્રિલોકને જીતી લીધું છે. આથી જયની ઇચ્છાવાળાઓએ ઇંદ્રિયોનો નિગ્રહ કરવામાં જ પ્રયત્ન કરવો જોઈએ. ઇંદ્રિયોને વશ બનેલા જીવો સકલ લોકને વશ થાય છે. તથા આશાના પાશથી બંધાયેલા જીવો અનેક દુઃખો સહન કરે છે. ક્યારેક ઇષ્ટના યોગમાં જે સુખ થાય છે તે પણ વિષયોની તૃષાવાળાઓને સ્વપ્નમાં કરાયેલા સંગની જેમ ઘણી તૃપ્તિ કરતું નથી, અર્થાત્ ક્ષણિક તૃપ્તિ કરે છે. આ પ્રમાણે ઋદ્ધિની અને વિષયસુખની અસારતા જણાઈ. આથી ઋદ્ધિને અને વિષયસુખને છોડીને ધર્મપુરુષાર્થમાં ઉદ્યમ કરો. આ પ્રમાણે ભગવાનનું વચન સાંભળીને ઘણા જીવો પ્રતિબોધ પામ્યા. કેટલાકોએ સર્વ-વિરતિ સ્વીકારી. બીજાઓએ વળી દેશવિરતિ સ્વીકારી. બીજા કેટલાકોએ સમ્યક્ત્વ સ્વીકાર્યું. પછી ભગવાનને વંદન કરીને પર્ષદા ઊભી થઈ. તે શંખ અને શતક એ બે શ્રાવકો પણ તીર્થંકરદેશના સાંભળીને હર્ષ પામ્યા, પરમભક્તિથી જિનને વંદન કરીને જેવી રીતે આવ્યા હતા તેવી રીતે ગયા.

તે દિવસે સાધુઓનું પાક્ષિક પ્રતિક્રમણ હતું. તેથી શંખે શતક વગેરેની સમક્ષ કહ્યું: આજે સાધુઓનું પાક્ષિક પર્વ છે. પણ આપણે પૌષધવ્રત લીધું નથી. આથી ઘણા અશન–પાન–ખાદિમ–સ્વાદિમ આહારને કરાવીને તમારી સાથે જ આજે ભોજન કરવું. તેથી શતકે કહ્યું: જો એમ છે તો મારા જ ઘરે તમે આવો, જેથી હું જ સાધર્મિક-વાત્સલ્ય કરું. શંખે સ્વીકાર્યું. બધા પોતાના ઘરે ગયા. શતકે ઘરે જઈને અઢાર જાતના શાક, ભક્ષ્ય એવા અનેક પ્રકારના ભોજ્ય (=ચાવી શકાય તેવા), પેય (=પી શકાય તેવા) અને નાગરવેલના પાનથી યુક્ત અતિશય ઘણો આહાર તૈયાર કરાવ્યો. શંખે પણ ઘરે જઈને વિચાર્યું: મેં શતકની સમક્ષ તેના ઘરે ભોજન કરવાનું જે સ્વીકાર્યું

---

૧. જો કે સંસારમાં રહેલા જીવો ઇચ્છાવાળા છે, આમ છતાં જેમ પર્વત ઉપર ઘાસ બળતું હોવા છતાં "પર્વત બળે છે." એમ (ઉપચારથી) બોલાય છે, તેમ અહીં પણ ઉપચારથી સંસારને સુખની ઇચ્છાવાળો કહ્યો છે.

તે સારું ન કર્યું. કારણકે આજે પક્ષની સંધિ (=છેલ્લો દિવસ) છે. આ દિવસે અન્ય વખતે પણ અમે પોષહ કરીને પૌષધશાળામાં રહીએ છીએ. તેથી આજે પણ મારે વિશેષરૂપે ધર્મના અનુષ્ઠાનમાં તત્પર બનીને એકલાએ પૌષધ લઈને પૌષધશાળામાં રહેવું જોઈએ. પછી તેણે ઉત્પલાને પૂછ્યું. તેણે પણ કહ્યું: હે સ્વામી! આ જ યોગ્ય છે. તેથી મણિ, સુવર્ણ, વસ્ત્ર અને અલંકારોને મૂકીને પૌષધશાળામાં ગયો, સર્વથી (=ચોવિહાર ઉપવાસથી) ચાર પ્રકારનો પૌષધ લઈને શુભધ્યાનથી યુક્ત બનીને રહ્યો. આ તરફ શતક ભોજનનો સમય થઈ ગયો ત્યારે શંખને આવેલો ન જોયો એટલે તેના ઘરે ગયો. તેણે ઉત્પલાને પૂછ્યું: હે સુશ્રાવિકા! શંખ ક્યાં ગયા છે? તેણે કહ્યું: પૌષધશાલામાં ગયા છે. તેથી શતક પણ પૌષધશાલામાં ગયો. તેણે શંખને મુનિની જેમ શુભધ્યાનમાં રહેલો જોયો. નિસીહિ કહીને અંદર પ્રવેશ કર્યો. ઇર્યાપથિક પડિક્કમીને, ગમનાગમનને આલોવીને, શંખને વંદન કરીને નિમંત્રણ કર્યું કે, તમે આવો, ભોજનવેળા વીતી જાય છે. તેથી શંખે કહ્યું: સર્વથી પૌષધ સ્વીકારનાર મને આજે આ પ્રમાણે કરવું કલ્પે નહિ. શંખનો વૃત્તાંત જાણીને તે પોતાના ઘરે ગયો. બીજા સાધર્મિકોની સાથે તેણે ભોજન કર્યું. વિવિધ ધર્મપ્રવૃત્તિમાં પરાયણ શંખનો દિવસ પસાર થઈ ગયો. આ વખતે સૂર્ય અસ્તાચલના શિખરના આશ્રયવાળો થયો. તેથી ભુવનમાં શું થવાનું શરૂ થયું? સુવાસમાં રાગવાળા ભમરાઓ સંકોચતા કમલસમૂહોને છોડીને વિકસેલા કુમુદ પાસે જાય છે. મલિન જીવો સ્થિર પ્રેમવાળા હોતા નથી. શણગાર સજીને પ્રિયના (=આશકના) ઘરે જવા માટે ઉત્સુક થયેલી તરુણીઓ સ્વચ્છ દર્પણની જેમ પ્રભાવાળા સૂર્ય ઉપર દૃષ્ટિ નાખે છે. લાલ સૂર્યના કિરણોથી રંજિત થયેલા પર્વતના ઊંચા શિખરો અતિશય તપાવેલા સુવર્ણના મેરુશિખરો જેવા શોભે છે. ચક્રવાકયુગલો નજીકમાં વિરહ થવાની શંકાથી નેત્રો અને મુખ સૂર્ય તરફ કરે છે અને અતિશય ઉદ્વેગના ભાજન બને છે. જાણે કે વિરહના ભયથી કમળનાળના છિદ્રમાં પરસ્પરનો પ્રવેશ કરવા ન હોય તેમ, એક ચક્રવાકયુગલે ચાંચોથી કમળના નાળને (=નાળચાને) પકડ્યું. સંપૂર્ણ અંધકારનો નાશ કરનાર અને સંપૂર્ણ ભુવનને શોભા આપનાર સૂર્ય પણ અસ્ત પામે છે, તો બીજાઓમાં સ્થિરતાની આશા કેવી રીતે થાય?

હવે વિદ્યુત્પુંજ સમાન પોતાના તેજથી પશ્ચિમસમુદ્રના જલને લાલરંગવાળો કરનાર આકાશમાં ઘણો સંધ્યારંગ પ્રગટ થયો. મલિન અને લોકોને ઉદ્વેગ કરનાર અંધકાર સામે આવતો હોય ત્યારે મનોહર રૂપવાળી સંધ્યામાં રંગ સ્થિર કેવી રીતે કરી શકાય? સંધ્યારૂપી સખીના વિયોગમાં દિશાઓના નિર્મલ પણ મુખો, જાણે શોકથી હોય તેમ, અતિશય ઘણા અંધકારથી શ્યામ કરાયા. અંધકારના પૂરથી પૂર્ણ પૃથ્વીતલ પણ જાણે શ્યામ પટથી ઢાંકેલું હોય તેવું થઇ ગયું. તેના ઊંચા–નીચા વિભાગો અંધકારથી ઢંકાઈ

ગયા. ઘોર અંધકારથી નેત્રો ઢંકાઈ ગયા હોવા છતાં ભ્રમરસમૂહો ફેલાતી ઘણી ગંધના અનુસારે સુગંધી પુષ્પોમાં લીન થાય છે. ક્ષણવારમાં પૂર્વદિશારૂપી વધૂએ જાણે કામદેવના રાજ્યાભિષેકનો કળશ હોય તેમ, જ્યોત્સ્નારૂપી જળથી પરિપૂર્ણ ચંદ્રને ઉપસ્થિત કર્યો. ચંદ્રના નિર્મલ પણ કિરણો (પતિના) વિરહથી દુઃખી થયેલી તરુણીઓને સુખ માટે થતા નથી. અથવા, બધા જ પદાર્થો બધાને જ સુખ કરનારા ન થાય. દેવવંદન વગેરે આવશ્યક કાર્યો જેણે કરી લીધા છે એવા શંખ શ્રાવકે આ પ્રમાણે કામી લોકોના મનને હરનાર રાત્રિસમય ગાઢ થતાં રાત્રિના બે પ્રહર સુધી સ્વાધ્યાય કર્યો. પછી અતિશય નિપુણ જાગરિકા કરતાં તે આ પ્રમાણે વિચારવા લાગ્યો:– પ્રભાતનો સમય થતાં વીર ભગવાનની પાસે જઈને તેમને વંદન ન કરું, ત્યાં સુધી મારે આ પૌષધ પારવું ન કલ્પે. આ પ્રમાણે શુભધ્યાનને પામેલા તેની રાત્રિ પસાર થઈ ગઈ. ક્ષીણ થયેલા ઊંચા તારાઓનો સમૂહરૂપ પુષ્પોથી સમૃદ્ધ ઊંચા ગગનાંગણરૂપ વૃક્ષની પશ્ચિમદિશા રૂપી લાંબી શાખામાં અતિશય પાકેલા ફળની જેમ ચંદ્ર લટકવા લાગ્યો. પૂર્વદિશામાં લાલપ્રભા પ્રગટી. સૂર્યકિરણોના સ્પર્શથી ખીલતી કમળકળીઓની શ્રેણિઓના રસબિંદુઓના સમૂહને ચૂસવાની ક્રિયામાં લાગેલા ભમરાઓથી જાણે અટકાવાયેલ હોય અને ભય પામ્યો હોય તેમ મંદમંદ વાતો, રાત્રિ સમયે થયેલ ગાઢ મૈથુનરૂપી યુદ્ધના શ્રમથી થાકેલી સ્ત્રીઓના પરસેવાના પાણીને દૂર કરનાર, અને શીતપ્રભાવવાળો (=ઠંડો) પવન શરૂ થયો. આ દરમિયાન પ્રભાતસંધ્યાના આવશ્યક કાર્યો કરીને, પોસહશાળામાંથી નીકળીને, મહામુનિની જેમ પાંચ સમિતિમાં ઉપયોગવાળો શંખશ્રાવક મહાવીરભગવાનને વંદન કરવા માટે કોષ્ઠક ઉદ્યાનમાં ગયો. તેણે ભગવાનને જોયા. તે અતિશય હર્ષથી પૂર્ણ બની ગયો. તેની આંખો હર્ષના આંસુઓથી ભરાવા લાગી.[૧] તેનું મુખ રૂપી કમલ પ્રફુલ્લિત બની ગયું. ત્રણ પ્રદક્ષિણા આપીને ભાવપૂર્વક ભગવાનને વંદન કર્યું. પછી તે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યો. તે આ પ્રમાણે:–

હે સકલભુવનના બંધુ! આપ જય પામો. હે કરુણારૂપી અમૃતરસના[૨] સમુદ્ર! આપ જય પામો. સિદ્ધાર્થરાજા અને ત્રિશલાદેવીને હર્ષ કરનારા આપ જય પામો. જન્માભિષેકના સમયે મેરુપર્વતને ડોલાવીને ઇંદ્રને અતિશય આશ્ચર્ય પમાડનારા આપ જય પામો. બાલ્યકાળમાં મુષ્ટિના પ્રહારથી દેવના અભિમાનને દૂર કરનારા આપ જય પામો. ઇંદ્રે પુછેલા વ્યાકરણના પ્રશ્નોનો વિસ્તારથી પરમાર્થને કહેનારા આપ જય પામો.

---

૧. અહીં શબ્દાર્થ આ પ્રમાણે છેઃ–(**प्रवृत्त**=) પ્રવર્તેલા (**जलवाह**=) પાણીને લઇ જનારા (**वाह**=) પ્રવાહથી (**वूरिज्जमाण**=) ભરાઈ રહી છે (**लोयण**=) આંખો જેની.

૨. અહીં **ओह** શબ્દનો અર્થ વાક્યક્લિષ્ટતાના કારણે અનુવાદમાં લખ્યો નથી.

સંસારના સર્વ સંગોનો ત્યાગ કરીને દીક્ષાને લેનારા આપ જય પામો. ઇંદ્રે ગુસ્સે થઇને મુકેલા વજ્રના સંગથી (=પતનથી) ભય પામેલા ચમરેંદ્રનું રક્ષણ કરનારા આપ જય પામો. સંગમદેવને જીતનારા આપ જય પામો. જેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું છે એવા આપ જય પામો! જય પામો! આ સંસારમાં મનુષ્યો, તિર્યંચો, નારકો અને દેવોમાં રહેલી જન્મ-મરણની પરંપરાઓથી કંટાળેલા આપ જય પામો. હે સ્નેહી વીર! મને મોક્ષપુરીમાં લઈ જાઓ. પછી બીજા પણ શ્રી ગૌતમસ્વામી વગેરે મુનિવરોને વંદન કરીને તે યોગ્ય ભૂમિ ઉપર બેઠો. આ તરફ શતક વગેરે શ્રાવકો પણ સવારમાં જ સ્નાન અને પૂજા કરીને તીર્થંકરને વંદન કરવા માટે ત્યાં જ આવ્યા. તીર્થંકરને વંદન કરીને યોગ્ય ભૂમિ ઉપર બેઠા. આ વખતે શંખે લલાટે થોડી ખીલેલી કમળકળીની જેમ અંજલિપુટ કરીને પ્રણામપૂર્વક પૂછ્યું: હે ભગવંત! ક્રોધને આધીન બનેલ જીવ શું બાંધે? શું એકઠું કરે છે? ભગવાને કહ્યું: હે શંખ! આયુષ્ય સિવાય સાત કર્મપ્રકૃતિઓ એકઠી કરે છે. અને બાંધે છે. એ જ પ્રમાણે શંખે માન, માયા અને લોભ વિષે પણ પ્રશ્નો પૂછ્યા. ભગવાને સર્વ પ્રશ્નોમાં એ જ પ્રમાણે ઉત્તર આપ્યો. તે વખતે શતક વગેરે શ્રાવકોએ ભગવાનને પૂછ્યું: અમે કાલે પૌષધ ન કર્યો એથી આ શંખ અમારી હીલના કરે છે. ભગવાને કહ્યું: તમારી હીલના નથી. (=તેણે તમારી હીલના કરી નથી.) શંખ ધર્મમાં પ્રેમવાળો છે, ધર્મમાં દઢ છે. તથા તેણે સુનિપુણ જાગરિકા કરી છે. માટે અસત્ય કહેવા વડે એની નિંદા ન કરો. પછી ત્યાં જ શ્રી ગૌતમસ્વામીએ પૂછ્યું: હે ભગવંત! જાગરિકા કેટલા પ્રકારની કહી છે? ભગવાને કહ્યું: જાગરિકા બુદ્ધ, અબુદ્ધ અને સુદક્ષ એમ ત્રણ ભેદથી ત્રણ પ્રકારની છે. તેમાં સદા ઉપયુક્તભાવવાળા કેવલીને બુદ્ધ જાગરિકા હોય છે. તત્ત્વનો બોધ ન હોવાના કારણે પ્રમાદી મિથ્યાદૃષ્ટિ જીવોને નિદ્રાના ત્યાગરૂપ બીજી જાગરિકા હોય છે. સમ્યગ્દૃષ્ટિ જીવોને ત્રીજી જાગરિકા હોય છે. કારણ કે સમ્યગ્દૃષ્ટિ જીવો જ સુદક્ષ (=સુનિપુણ) અને સુધર્મચિંતામાં તત્પર હોય છે. પછી શતક વગેરે શ્રાવકોએ પણ તે સાંભળીને ભય પામીને શંખને ફરી ફરી ખમાવ્યો. પછી તેમણે એકઠા થઇને પ્રશ્નો પૂછ્યા, અને ઉત્તરોનો સ્વીકાર કર્યો. ( एयत्थो= )अट्ठाइ आइयंति એ પદનો અર્થ એ છે કે ( अट्ठपए उत्तररूवे पगेण्हंति ) ઉત્તરસ્વરૂપ અર્થપદોનો સ્વીકાર કરે છે. (પ્રશ્નઃ-પ્રશ્નો કોને પૂછ્યા? અને ઉત્તર કોણે કોણે આપ્યા? ઉત્તરઃ-તેમણે ભગવાન મહાવીરને પ્રશ્નો પૂછ્યા અને ભગવાન મહાવીરે તેમને ઉત્તરો આપ્યા. પછી તે શ્રાવકો ફરી જિનેશ્વરને વંદન કરીને ઘરે ગયા. શ્રી ગૌતમસ્વામીએ જિનને વંદન કરીને ફરી પૂછ્યું: હે નાથ! આ શંખ ગૃહવાસનો ત્યાગ કરીને દીક્ષા લેશે? તીર્થંકરે કહ્યું: હે ગૌતમ! દીક્ષા નહિ લે. કેવળ ઘણાં વર્ષો સુધી શ્રાવકધર્મનું પાલન કરશે. મૃત્યુ સમય આવતાં વિધિપૂર્વક કાળ કરીને સૌધર્મદેવલોકમાં દેવ થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં સિદ્ધ થશે. શંખનું દૃષ્ટાંત પૂર્ણ થયું. ( ભગવતી શતક ૧૨ ઉદ્દેશો ૧ )

## આનંદનું દૃષ્ટાંત

આ જ ભરતક્ષેત્રમાં વાણિજગામ નામનું નગર હતું. તે નગર ઇંદ્રનગરની જેમ [૧]પંડિતજનોને સંતોષ ઉત્પન્ન કરતું હતું. પિતા વગેરેના વિનયની પ્રધાનતાવાળા ઘણા લોકો તેમાં રહેતા હતા. તે નગરમાં રહેલા સુસાધુઓના જ્ઞાનાદિગુણોરૂપ ભાલાઓના અગ્રભાગથી કામદેવ ભેદાઇ ગયો હતો. આ જોઈને તેની પત્ની રતિને ઘણો શોક થયો. એથી તે વિહ્વળ બનીને વિલાપ કરવા લાગી. લોકોના ભવનોમાં રહેલી વાવડીઓમાં ફરી રહેલા હંસ અને સારસ વગેરે પક્ષીઓનો સમૂહ રતિના વિલાપનું અનુકરણ કરી રહ્યો હતો. આથી તે પક્ષીઓએ કરેલો કોલાહલ તે નગરીમાં સંભળાઈ રહ્યો હતો. તે નગરમાં શુદ્ધ વ્યવહાર કરવાથી લાભ થાય છે એવી પ્રસિદ્ધિ શુદ્ધ વ્યવહારે મેળવી હતી. વણિકોએ શુદ્ધ વ્યવહાર કરીને લક્ષ્મી મેળવી હતી. તે નગરમાં ઘણા વણિકો શુદ્ધવ્યવહારથી મેળવેલી લક્ષ્મીનું દાન કરીને સમુદ્ર સુધી મેળવેલી શ્રેષ્ઠ કીર્તિના વિસ્તારથી અલંકૃત હતા. તે નગર સુવર્ણશિલાઓથી બનાવેલા જિનમંદિરોની ભીંતોમાંથી ફેલાતી પ્રભાના સમૂહથી જાણે ઉગતા સૂર્યના તાપવાળું હતું, ઇંદ્રનીલ, મહાનીલ અને મરકત વગેરે મણિઓમાંથી ઘડેલી જિનેંદ્રની મહાપ્રતિમાઓમાંથી પ્રસરેલી કિરણ શ્રેણિઓથી જાણે ઈંદ્રના સુંદર સૈનિકવાળું હતું, સૂર્યરથના અશ્વોના માર્ગને દૂર કરનારા ઊંચા દેવમંદિરોના શિખરોમાં રહેલા વિવિધ રત્નોમાંથી નીકળતા કિરણસમૂહથી જાણે ઈંદ્રના હજારો ધનુષથી યુક્ત હતું. વળી– તેમાં મનોહર યુવાન સ્ત્રીઓના આભરણના મણિઓથી હણાયેલા અંધકારવાળી રાત્રિઓમાં પણ ચક્રવાકો ઘરની વાવડીઓમાં દિવસની બુદ્ધિથી અલગ થતા ન હતા.

તે નગરીમાં જિતશત્રુ નામનો રાજા હતો. તેણે તીક્ષ્ણ અને ભયાનક તલવારના પ્રહારથી શત્રુઓને હણ્યા. હણાયેલા શત્રુરૂપી હસ્તિસમૂહના કુંભતટમાંથી ઉછળેલા ઘણા મોતીઓથી તેણે યુદ્ધના ભૂમિમંડલની પૂજા કરી. તેનું માહાત્મ્ય ભૂમિમંડલમાં પ્રસિદ્ધ હતું. તે શત્રુઓથી અને સામંત રાજાઓથી જીતી શકાતો ન હતો. તેની સકલ અંતઃપુરમાં મુખ્ય અને ઉત્તમ રૂપ, લાવણ્ય અને સૌભાગ્ય વગેરે ગુણસમુદાયને ધારણ કરનારી ધારિણી નામની મહારાણી હતી. તે જ નગરમાં ધનથી કુબેર જેવો, શરીરની કાંતિથી સૂર્યસમાન, સૌમ્યતાથી ચંદ્રતુલ્ય, ગંભીરભાવથી સાગર સમ, સ્થિરતા ગુણથી પર્વત જેવો, લોકોને માન્ય, દુષ્ટલોક વર્ગથી પરાભવ ન પમાડી શકાય તેવો, સુંદર લાવણ્ય વગેરે ગુણોથી અલંકૃત, વિલાસવાળી સ્ત્રીઓના નેત્રોરૂપી નીલ કમળોને પૂજ્ય, અને અપરિમિત ભોગવિલાસનો ત્યાગ વગેરે ગુણોથી સર્વજનોને આનંદ ઉત્પન્ન કરનાર, આનંદ નામનો ગૃહસ્થ રહેતો હતો. તેનું ચારક્રોડ ધન વ્યાજમાં રોકાયેલું હતું. ચાર

---

૧. ઇંદ્રનગરના પક્ષમાં **विबुह**= દેવો.

ક્રોડ ધન નિધાનરૂપે મૂકેલું હતું. ચારક્રોડ ધન વેપારમાં વપરાતું હતું. એકએક ગોકુલમાં દશ હજાર ગાયો હોય તેવા ચાર ગોકુલ હતા. ઘણાં કાર્યોમાં લોકોને તે જ પૂછવા યોગ્ય હતો. પોતાના કુટુંબનો પણ તે જ આધારભૂત હતો, પ્રમાણભૂત હતો, તુંબભૂત[1] હતો, અને સર્વકાર્યમાં પ્રવર્તાવનાર હતો. વળી તે સ્વભાવથી કરુણાપ્રધાન હૃદયવાળો, [2]પૂર્વ આભાષી, પ્રિય બોલનાર, કુશળ, દેવ–ગુરુની પૂજામાં તત્પર, પરોપકારી અને મનોહર રૂપવાળો હતો. તેની ઇંદ્રની ઇંદ્રાણી જેવી, મહાદેવની પાર્વતી જેવી, અનુપમ લાવણ્યવાળી શિવાનંદા નામની પત્ની હતી. તેને નિર્મલશીલરૂપ આભૂષણ હતું, તેનું રૂપ અસાધારણ હતું, તે ગુણસમૂહથી યુક્ત હતી, તેણે સુધર્મકાર્યો રૂપ નિર્મલ જલ-સમૂહથી પાપરૂપ મલને ધોઈ નાખ્યો હતો. તેની સાથે મનુષ્યલોકમાં ઉત્તમ પાંચ પ્રકારના વિષયસુખોનો અનુભવતા આનંદનો કેટલોક કાળ પસાર થયો.

આ તરફ તે જ નગરના ઉત્તર–પૂર્વ દિશાના ભાગમાં (=ઇશાનખૂણામાં) દૂતિ-પલાસ નામે ચૈત્ય હતું. ત્યાં એકવાર મહાવીર તીર્થંકર પધાર્યા. સુર, અસુર, સિદ્ધ, ગાંધર્વ, યક્ષ વગેરે દેવસમૂહના નાયકો તેમની સ્તુતિ કરી રહ્યા હતા. ફેલાયેલા ઉત્તમ ધ્યાનરૂપી અગ્નિથી તેમણે પાપકર્મોને બાળી નાખ્યા હતા, અને એથી તેમને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું હતું. તેઓ ચાલતી વખતે દેવોએ કરેલા સુવર્ણના નવીન નવ કમળો ઉપર ચરણરૂપી કમળોને મૂકતા હતા. તેઓ વિવિધદેશોમાં ભવ્યજીવો રૂપી પદ્મવનને વિકસિત કરતા હતા. આવા ભગવાનના આગમનથી તે નગરમાં રહેનારા લોકો આનંદ પામ્યા, અને જિનના ચરણોની પાસે આવ્યા. આ દરમિયાન જિતશત્રુ રાજાએ રાખેલા ચર-પુરુષોએ જિતશત્રુરાજાને ભગવાનના આગમનની વધામણી આપી. તે તે જ ક્ષણે સિંહાસન ઉપરથી ઉભો થઈ ગયો. અતિશયભક્તિથી તેના શરીરમાં અતિશય રૂવાટાં ખડાં થઈ ગયાં. સભામાં જ સાત–આઠ ડગલા જિનની અભિમુખ ગયો. શ્રી મહાવીરસ્વામીના ચરણોને નમસ્કાર થાઓ એમ બોલતા તેણે જાનુ અને મસ્તકને પૃથ્વી ઉપર સ્થાપીને ભગવાનને નમસ્કાર કર્યો. પછી પોતાના સિંહાસન ઉપર બેસીને વધામણી આપનારને સાડા બાર લાખ સોનામહોર આપી. પછી પોતાના નગરથી આરંભી દૂતિપલાસ ચૈત્ય સુધી રસ્તામાં શણગાર કરાવ્યો. તે આ પ્રમાણે:– પુષ્પરસની સુગંધમાં લુબ્ધ બનેલી ભમર શ્રેણિના મનોહર ઝંકાર શબ્દોથી જેમાં દિશાઓના મધ્યભાગો બહેરા બની ગયા છે તેવી પુષ્પરચના કરાવી. ઊંચે ફેલાતી રત્નકિરણોની શ્રેણિઓની દેદીપ્યમાન ઊંચી તોરણ-શ્રેણિઓ રચાવી. મણિ, સુવર્ણ અને ચાંદીના વિવિધ મંગલકળશો મૂકાવ્યા. પવનથી હાલતાં લાલ અશોકવૃક્ષ વગેરેનાં પાંદડાઓથી યુક્ત ચંદનમાળાઓ ઠેકઠેકાણે ગોઠવાવી.

---

૧. તુંબ એટલે ગાડીની નાભિ (=પૈડાનો વચલો ગોળ વિભાગ). જેમ ગાડીના બધા અવયવોમાં નાભિ મુખ્ય ગણાય છે તેમ તે કુટુંબમાં મુખ્ય હતો.

૨. કોઈ સામે મળે તો તેના બોલાવ્યા પહેલાં જ તેને બોલાવતો હતો.

આ પ્રમાણે માર્ગને શણગારાવીને જિતશત્રુ રાજા સામંત વગેરે સૈન્ય, અંતઃપુર અને પરિવારની સાથે ભગવાનને વંદન કરવા માટે ચાલ્યો. સમવસરણની ભૂમિમાં આવ્યો. સમવસરણની ભૂમિના એક યોજન પ્રમાણ ભૂમિપ્રદેશનું આકાશતલ જેવા નિર્મલ સ્ફટિકના સમૂહથી રચેલું અને લાલરંગના મણિઓથી વિભૂષિત કરેલું તળિયું શોભે છે. તેમાં સૂર્ય કિરણોથી બે ગણા (=ડબલ) કિરણોવાળા, દેવસમૂહે બનાવેલા, રત્ન, સુવર્ણ અને ચાંદીના ગઢો શોભે છે. દેવોએ બનાવેલ, ભમરાઓના કલકલ અવાજથી વાચાળ, જાણે દૂર રહેલા ભવ્યજીવોને બોલાવવા માટે પ્રયત્નશીલ હોય તેવો અશોકવૃક્ષ છે. અશોકવૃક્ષની નીચે રચેલાં બહુવર્ણની પ્રભાવાળા મનોહર રત્નનાં ચાર સિંહાસનો શોભે છે. સિંહાસનની આસપાસનું પૃથ્વીમંડલ રત્નકિરણોના સમૂહથી યુક્ત હતું. ત્યાં આકાશમાં નવીન મેઘના જેવા ગંભીર નાદવાળી જયસૂચક દુંદુભિઓ ખુશ થયેલા દેવો અતિશય ભક્તિથી વગાડતા હતા. ત્યાં જિનવરની ઉપર ધારણ કરેલા, પ્રભુના ત્રિભુવનના જીવોના સ્વામિત્વને સૂચિત કરનારા, દિવ્ય ત્રણ શ્વેત છત્રો શોભે છે. જેને રચીને સ્વયં દેવો પણ વિસ્મય પામ્યા તે સમવસરણ ભૂમિનું આ પ્રમાણે કેટલું વર્ણન કરાય?

તેથી જિતશત્રુ રાજા સમવસરણ ભૂમિને જોઈને અત્યંત વિસ્મય પામ્યો, અને એથી એનાં નેત્રો પ્રફુલ્લિત બની ગયા. પછી સમવસરણ ભૂમિની અંદર પ્રવેશીને જિનને ત્રણ પ્રદક્ષિણા આપીને ભાવપૂર્વક નમ્યો. આ વખતે આનંદ ગૃહસ્થ પણ મહાઆડંબરથી ભગવાનને વંદન કરવા માટે આવ્યો. ભગવાનને વંદન કરીને તે યથાયોગ્ય સ્થાનમાં બેઠો. ત્યારબાદ ભગવાને મોક્ષનગરી તરફ પ્રયાણ કરનારા ભવ્ય જીવોને મોક્ષનો માર્ગ બતાવવા માટે પ્રયાણ વખતે વગડાવેલા મંગલપટહ (=ઢોલ)ના અવાજ જેવા મધુર અને ગંભીર સ્વરથી ધર્મદેશના શરૂ કરી. તે આ પ્રમાણે :- હે લોકો! મોહનિદ્રાનો ત્યાગ કરીને મોક્ષ માટે ઉદ્યમ કરનારા બનો. ઘટિકાના બહાને આયુષ્યકર્મદલિકોના અંશો તૂટી રહ્યા છે. કારણ કે મોહનિદ્રાથી ઘેરાયેલો માણસ જાગતો હોવા છતાં હેય-ઉપાદેયના વિભાગને અને ગમ્ય-અગમ્યને જાણતો નથી. સારી રીતે એકઠું કરેલું ધન નાશ પામે છે, સ્નેહી કુટુંબીઓ નાશ પામે છે, જગતમાં એક ધર્મને છોડીને બીજું બધુંય નાશ પામે છે. જેમ બીજ અંકુરનો સાધક છે તેમ ધર્મ જ મોક્ષકાર્યનો સાધક છે. ધર્મ સકલ દુઃખોનો નાશ કરે છે અને સુખસમૂહને મેળવી આપે છે. તે આ પ્રમાણે:- દોષોનો નાશ થવો એ જેનું સ્વરૂપ (=સ્વભાવ) છે એવો આ ધર્મ જીવનો જ ગુણ છે. જીવહિંસા વગેરે દોષો છે. એ દોષોનો નાશ થતાં સર્વ સંવર થાય છે. સર્વ સંવર થતાં નવો કર્મબંધ થતો નથી, અને પૂર્વે જે કર્મો બંધાયેલાં છે તેમનો શુદ્ધ ધ્યાન, તપ અને ભાવના વગેરેથી નાશ કરે છે. આ પ્રમાણે શાશ્વતકાર્ય જે મોક્ષ તે પણ જીવનો જ પર્યાય છે. મોક્ષ સર્વ કર્મનો ક્ષય થતાં નિજરૂપમાં અવસ્થાન સ્વરૂપ છે. જીવનું સ્વરૂપ

અનંતજ્ઞાન, અનંતસુખ, અનંતવીર્ય અને અનંતદર્શન છે, જીવનુ સ્વરૂપ અભાવરૂપ નથી. મોક્ષ માટે ઉદ્યમ કરનાર જીવને જ્યાં સુધી મોક્ષની પ્રાપ્તિ થતી નથી ત્યાં સુધી સુગતિઓમાં સાંસારિક સુખો મળે છે અને કુગતિનાં દુઃખો મળતાં નથી. જ્યારે યથાખ્યાત (=જિનેશ્વરોએ જેવું કહ્યું છે તેવું) સર્વ વિશુદ્ધ સર્વસંવર થશે ત્યારે શાશ્વત મોક્ષ થશે એમાં કોઈ શંકા નથી. તેથી હે લોકો! નરકાદિમાં દુઃખસમૂહને ઉત્પન્ન કરનાર સંસારના આ વિસ્તારને છોડીને સર્વસંવરમાં જ સારી રીતે ઉદ્યમ કરો.

આ પ્રમાણે સાંભળીને પ્રતિબોધ પામેલા ઘણા જીવો સર્વસંવરમાં સારી રીતે ઉદ્યમ કરનારા થયા. પછી આનંદ ગૃહસ્થે મસ્તકે અંજલિ કરીને પ્રણામપૂર્વક ભગવાનને પૂછ્યું: હે મુનિવરેંદ્ર! જે સર્વસંવર કરવા સમર્થ ન હોય તે અમારા જેવા જીવનું સંસારમાં શું રક્ષણ થાય? ભગવાને કહ્યું. જે સર્વસંવર કરવા સમર્થ નથી તે દેશસંવર કરે. દેશસંવર પાંચ અણુવ્રત વગેરે બાર પ્રકારના ગૃહસ્થ ધર્મ સ્વરૂપ છે. સંસારમાં વિવિધ ચિત્તવાળા જીવોનું તેનાથી જ રક્ષણ થાય છે. કારણ કે તે પણ નરક વગેરે દુર્ગતિને અટકાવવામાં સારી રીતે સમર્થ છે. જેનાથી (=ધર્મની જેટલી પરાકાષ્ઠાથી) નિરાશંસ જીવ શાશ્વત સુખવાળા મોક્ષને મેળવે, તેટલા પ્રકર્ષને (=પરાકાષ્ઠાને) પામેલો ગૃહસ્થધર્મ જ સર્વસંવરનો પણ હેતુ થાય છે. આનંદે કહ્યું: જો એમ છે તો, હું આપની પાસે આ દેશસંવરનો જ સ્વીકાર કરું છું. ભગવાને કહ્યું: હે મહાનુભાવ! તમને સુખ ઉપજે તેમ (=તમારી ઇચ્છા પ્રમાણે) કરી શકો છો. આમાં વિલંબ ન કરો. તેથી તેણે સ્થૂલપ્રાણાતિપાત, સ્થૂલમૃષાવાદ અને સ્થૂલઅદત્તાદાનનું દ્વિવિધ-ત્રિવિધથી પચ્ચક્ખાણ કર્યું. સ્વસ્ત્રી સંતોષનો સ્વીકાર કર્યો. સ્વસ્ત્રીમાં પણ શિવાનંદા સિવાય અન્ય સ્ત્રીઓનો જાવજ્જીવ ત્યાગ કર્યો. પરિગ્રહપરિમાણ લીધું. તે આ પ્રમાણે:- ૧૨ ક્રોડ સુવર્ણ, ૪૦ હજાર ગાયો, પાંચસો હળ, પાંચસો ગાડાં, પાંચસો વહાણ ઈત્યાદિ સિવાય અન્ય પરિગ્રહનો જાવજ્જીવ નિયમ કર્યો. આ પ્રમાણે પાંચ અણુવ્રતોને સ્વીકારીને યથાશક્તિ સાત શિક્ષાવ્રતો સ્વીકાર્યાં. સમ્યક્ત્વમૂલ બારેય વ્રતોનાં [1]બે પ્રકારની પરિજ્ઞાથી અતિચારસ્થાનોને જાણ્યા. બીજા પણ વિવિધ અભિગ્રહો સ્વીકાર્યા. પછી તીર્થંકરને ભાવથી વંદન કરીને તીર્થંકરે કહેલા ધર્મની પ્રાપ્તિથી પોતાને મહાન માનતો તે પોતાના ઘરે ગયો. તેણે શિવાનંદાને કહ્યું કે, મેં આજે મહાવીર ભગવાનની પાસે સમ્યક્ત્વમૂલ પાંચ અણુવ્રત અને સાત શિક્ષાવ્રત સ્વરૂપ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો છે. શિવનંદાએ કહ્યું: જો એમ છે તો હું પણ એનો સ્વીકાર કરું. આનંદે રજા આપી. પછી તે મહાન આડંબરથી ભગવાનની પાસે ગઈ. તેણે પણ ધર્મદેશના સાંભળીને પૂજ્ય ત્રિલોકબંધુની પાસે તે જ પ્રમાણે શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો. જિનને નમીને તે પોતાનો ઘરે ગઈ. આ વખતે શ્રી

---

૧. જ્ઞપરિજ્ઞા અને પ્રત્યાખ્યાનપરિજ્ઞા એ બે પ્રકારની.

ગૌતમસ્વામીએ ભગવાનને વંદન કરીને પૂછ્યું: આનંદ શ્રાવક આ જ ભવમાં આપની પાસે સાધુધર્મનો સ્વીકાર કરશે? ભગવાને કહ્યું: ના. પણ મારી પાસે સ્વીકારેલા આ જ શ્રમણોપાસક પર્યાયમાં વીસ વર્ષ સુધી રહેશે. મૃત્યુ સમય આવતાં સમાધિથી કાળ કરીને સૌધર્મ દેવલોકમાં રહેલા અરુણ વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો દેવ થશે. ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં સિદ્ધ થશે.

આ તરફ– શિવાનંદા શ્રાવિકાની સાથે શ્રાવકધર્મમાં હાનિ ન થાય તે રીતે નિપુણજનોને પ્રશંસા કરવા લાયક વિષયસુખને અનુભવતા આનંદ શ્રાવકના ચૌદ વર્ષ પસાર થયા. પંદરમા વર્ષે ક્યારેક રાત્રિના છેલ્લા પ્રહરમાં તેને વિચાર આવ્યો કે, કુટુંબનો ભાર મોટા પુત્ર ઉપર નાખીને મારે કોલ્લાકસન્નિવેશમાં સ્વજ્ઞાતિના ઘરોની મધ્યમાં બનાવેલી પૌષધશાળામાં રહેવું યોગ્ય છે. પછી પ્રભાત સમયે વિચાર્યા પ્રમાણે બધું જ કરીને તે જ વાણિજ ગામની થોડું દૂર ઉત્તર–પૂર્વ દિશામાં આવેલા કોલ્લાક-સન્નિવેશમાં રહેનારા સ્વજ્ઞાતિના ઘરોની મધ્યમાં કરાવેલી પૌષધશાલામાં તેણે પ્રવેશ કર્યો. ત્યાં ક્રમશઃ દર્શન વગેરે અગિયારેય પ્રતિમાઓની વિધિપૂર્વક સ્પર્શના કરી (=પાળી). પછી વીસમા વર્ષે મારણાંતિક સંલેખના શરૂ કરી. સંલેખનાથી કૃશ શરીર-વાળા અને શુભઅધ્યવસાયવાળી લેશ્યાના પરિણામવાળા તેને ક્યારેક અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તેનાથી ઊર્ધ્વ સૌધર્મ દેવલોક સુધી, તિર્છું ઉત્તરમાં હિમવંતપર્વત સુધી, બાકીની ત્રણ દિશાઓમાં લવણ સમુદ્રમાં (પાંચસો યોજન સુધી) અને નીચે (પહેલી નરકના) લોલુય નરકાવાસ સુધી તે જોવા લાગ્યો (=જોઈ શકતો હતો). આ દરમિયાન વિહાર કરતા શ્રી મહાવીર ભગવાન તે જ ગામમાં બહાર ઉદ્યાનમાં પધાર્યા. આનંદ ભગવાનને વંદન કરવા જવા માટે સમર્થ ન હતો. પછી ક્યારેક ભિક્ષા માટે આવેલા શ્રી ગૌતમસ્વામીને આનંદે કહ્યું (=કહેવડાવ્યું) કે હે ભગવંત! મારા ઉપર અનુગ્રહ કરો, જેથી હું આપના ચરણોને વંદન કરું. તે સાંભળીને શ્રી ગૌતમસ્વામી ત્યાં જ જલદી જઈને આનંદને વંદન કરાવ્યું. વંદન કરીને આનંદે પૂછ્યું: ગૃહસ્થને આટલું (=મને થયું છે તેટલું) અવધિજ્ઞાન થાય? શ્રી ગૌતમસ્વામીએ કહ્યું: ગૃહસ્થને અવધિ-જ્ઞાન થાય, પણ આટલું ન થાય. આથી બંને વચ્ચે વિવાદ થતાં આનંદે કહ્યું: હે ગૌતમ-સ્વામી! શ્રીવીર ભગવાનને પૂછો, વિવાદ ન કરો. મને અને આપને તે ભગવાન પ્રમાણ છે. પછી ભિક્ષા લઈને આવેલા શ્રી ગૌતમસ્વામીએ ભગવાનને પૂછ્યું: હે ભગવંત! અવધિજ્ઞાનના પરિમાણમાં શું આણંદ અસત્યવાદી છે તેથી મને ખમાવે કે હું આનંદને ખમાવું? ભગવાને કહ્યું: હે ગૌતમ! અવધિજ્ઞાનનું અસત્ય પરિમાણ કહેવાથી તને આ વિષે અતિચાર લાગ્યો છે, માટે તું જઈને આનંદ શ્રાવકને ખમાવ. તેથી શ્રી ગૌતમ-સ્વામીએ તે જ ક્ષણે જઈને આનંદની પાસે ક્ષમાપના કરી. આનંદ પણ અનશન

કરીને દેવલોકમાં ગયો. આનંદનું દૃષ્ટાંત પૂર્ણ થયું. આ દૃષ્ટાંત વિસ્તારથી ઉપાસકદશાંગ સૂત્રમાં છે. [ ૧૧૫ ]

હવે આ જ વ્રતની યતનાને કહે છે:-

जहसत्तीए उ तवं, करेइ ण्हाणाइ परिमियं चेव ।
दिय बंभयारि रत्ति मियं च वावारसंखेवं ॥ ११६ ॥

**ગાથાર્થ** :- યથાશક્તિ તપ કરે, સ્નાન વગેરે પરિમિત જ કરે અને યતનાથી કરે, દિવસે બ્રહ્મચારી રહે અને રાતે અબ્રહ્મનું પરિમિત સેવન કરે, ઘર અને દુકાન વગેરેની પ્રવૃત્તિઓનો સંક્ષેપ કરે.

**ટીકાર્થ** :- 'યતનાથી' એ અર્થ ગાથાના च શબ્દથી સૂચવ્યો છે. ભૂમિ જોવી, પાણી ગાળવું વગેરે યતનાથી સ્નાન કરે. કહ્યું છે કે- **"જ્યાં સ્નાન કરવાનું છે ત્યાં જીવરક્ષા માટે ભૂમિને જોવી, પોરા વગેરેની રક્ષા માટે પાણી ગાળવું, પાણીમાં માખી વગેરે જીવ ન પડી જાય તેની કાળજી રાખવી વગેરે સ્નાનમાં યતના છે." (પૂજા પંચાશક ગા. ૧૧)**

રાતે અબ્રહ્મનું સેવન પ્રહર વગેરે પરિમાણ વડે ગુમડાની પીડાને દૂર કરવા પરુ કાઢવાની જેમ પરિમિત કરે.

યથાશક્તિ તપ કરે એ કથનથી આહારપૌષધની, સ્નાન વગેરે પરિમિત કરે એ કથનથી શરીરસત્કારપૌષધની, દિવસે બ્રહ્મચારી રહે અને રાતે અબ્રહ્મનું પરિમિત સેવન કરે એ કથનથી બ્રહ્મચર્યપૌષધની, પ્રવૃત્તિઓનો સંક્ષેપ કરે એ કથનથી અવ્યાપાર પૌષધની યતના જણાવી છે.

આ યતના પૌષધ ન લીધો હોય તો પણ ગાથામાં જણાવેલ વિધિથી પ્રવૃત્તિ કરનારને હોય. [ ૧૧૬ ]

હવે પૌષધના અતિચારોને કહે છે:-

संथारथंडिलेऽवि य, अप्पडिलेहापमज्जिए दो दो ।
सम्मं च अणणुपालणमइयारे पंच वज्जेज्जा ॥ ११७ ॥

**ગાથાર્થ** :-શ્રાવક પૌષધમાં અપ્રત્યુપેક્ષ-દુષ્પ્રત્યુપેક્ષ શય્યા-સંસ્તાર, અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તાર, અપ્રત્યુપેક્ષ-દુષ્પ્રત્યુપેક્ષ સ્થંડિલ, અપ્રમાર્જિત-દુષ્પ્રમાર્જિત સ્થંડિલ અને સમ્યગ્ અનનુપાલન એ પાંચ અતિચારોનો ત્યાગ કરે.

**ટીકાર્થ** :- (૧) **અપ્રત્યુપેક્ષ-દુષ્પ્રત્યુપેક્ષ શય્યાસંસ્તાર**:- પ્રત્યુપેક્ષા એટલે આંખોથી જોવું. પ્રત્યુપેક્ષા જેમાં ન હોય તે અપ્રત્યુપેક્ષ. દુષ્ટ પ્રત્યુપેક્ષા જેમાં હોય

તે દુષ્પ્રત્યુપેક્ષ, અર્થાત્ અપ્રત્યુપેક્ષ એટલે આંખોથી નહિ જોયેલું. દુષ્પ્રત્યુપેક્ષ એટલે બરાબર નહિ જોયેલું. શય્યા પદ મૂળ ગાથામાં નથી પણ સંસાર પદના ઉપલક્ષણથી લીધું છે. શય્યા એટલે વસતિ. સુવા માટે જે પાથરવામાં આવે તે સંસ્તાર, અર્થાત્ જેના ઉપર સુવાય તે સંસ્તાર=સંથારો. અથવા શય્યા એટલે શરીરપ્રમાણ સંથારો. સંસ્તાર એટલે અઢી હાથ પ્રમાણ સંથારો. ગાથાના अपि च શબ્દથી પીઠ વગેરે પણ સમજવું. આનો સમુદિત અર્થ આ પ્રમાણે છે:– આંખોથી જોયા વિના કે બરોબર જોયા વિના શય્યા, સંથારો, પીઠ વગેરેનો ઉપયોગ કરવો તે અપ્રત્યુપેક્ષ–દુષ્પ્રત્યુપેક્ષ શય્યાસંસ્તાર અતિચાર છે.

(૨) **અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત શય્યા સંસ્તાર:**– અપ્રમાર્જિત એટલે વસ્ત્રના છેડા વગેરેથી નહિ પ્રમાર્જેલ. દુષ્પ્રમાર્જિત એટલે બરોબર નહિ પ્રમાર્જેલું. પૂંજ્યા વિના કે બરોબર પૂંજ્યા વિના શય્યા, સંથારો, પીઠ વગેરેનો ઉપયોગ કરવો તે અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત શય્યાસંસ્તાર અતિચાર છે.

(૩) **અપ્રત્યુપેક્ષ–દુષ્પ્રત્યુપેક્ષ સ્થંડિલ:**– સ્થંડિલ એટલે વડીનીતિ અને લઘુનીતિ કરવાની ભૂમિ. જોયા વિના કે બરોબર જોયા વિના વડીનીતિ–લઘુનીતિ ભૂમિનો ઉપયોગ કરવો તે અપ્રત્યુપેક્ષ–દુષ્પ્રત્યુપેક્ષ–સ્થંડિલ અતિચાર છે.

(૪) **અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત સ્થંડિલ:**– પૂંજ્યા વિના કે બરોબર પૂંજ્યા વિના વડીનીતિ–લઘુનીતિની ભૂમિનો ઉપયોગ કરવો તે અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિત-સ્થંડિલ અતિચાર છે. બહારની સ્થંડિલ ભૂમિની સંખ્યા ૧૦૨૪ થાય છે. કહ્યું છે કે–

**"૧. અનાપાત–અસંલોક, ૨. અનુપઘાતી, ૩. સમ, ૪. અશુષિર, ૫. અચિરકાલકૃત, ૬. વિસ્તીર્ણ, ૭. દૂરાવગાઢ, ૮. અનાસન્ન, ૯. બિલ-વર્જિત અને ૧૦. ત્રસ–પ્રાણ–બીજ રહિત સ્થંડિલ ભૂમિમાં લઘુનીતિ–વડીનીતિ, શ્લેષ્મ, વગેરેનું વિસર્જન કરે. (૧) આપાત એટલે આવવું. સંલોક એટલે જોવું. જેમાં બીજાઓ આવતા ન હોય અને જોતા ન હોય તેવી ભૂમિ અનાપાત–અસંલોક છે. (૨) અનુપઘાતી એટલે માર–પીટ આદિ ઉપઘાતથી રહિત. (૩) સમ એટલે ખાડા–ટેકરા વગેરે વિષમતાથી રહિત. (૪) અશુષિર એટલે પોલાણ વિનાની. (૫) અચિરકાલકૃત એટલે નજીકના સમયમાં શુદ્ધ (અચિત્ત) થયેલી. (૬) વિસ્તીર્ણ એટલે મોટી–પહોળી. (૭) દૂરાવગાઢ એટલે અંદરના ભાગમાં ઉંડે સુધી અચિત્ત થયેલી. (૮) અનાસન્ન એટલે લોકોપયોગી બગીચા વગેરેથી દૂર હોય તેવી.**

**(૯) બિલવર્જિત એટલે દર વગેરેથી રહિત. (૧૦) ત્રસ–પ્રાણ–બીજ રહિત એટલે ત્રસ-સ્થાવર જીવોથી રહિત. આવી ભૂમિમાં વડીનીતિ આદિ પરઠવે."**

આ દશ પદોથી એક વગેરેના સંયોગથી યથોક્ત સંખ્યા પૂર્ણ થાય છે. કહ્યું છે કે–

**ઉપર્યુક્ત દશ પદોનો ૧–૨–૩–૪–૫–૬–૭–૮–૯–૧૦ સાથે સંયોગ કરવો. એ સંયોગથી કુલ એક હજારને ચોવીસ ભાંગા થાય."[1]**

**(૫) સમ્યગ્ અનનુપાલન**:–પૌષધનું બરોબર પાલન ન કરવું.

આ પાંચ અતિચારો સ્વબુદ્ધિથી નથી કહ્યા. આવશ્યક નિર્યુક્તિકારે કહ્યું છે કે–

**શ્રાવકે પૌષધોપવાસના આ પાંચ અતિચારો જાણવા જોઈએ, પણ આચરવા ન જોઈએ. તે અતિચારો આ પ્રમાણે છે:–(૧) અપ્રતિલેખિત–દુષ્પ્રતિલેખિત શય્યાસંસ્તારક, (૨) અપ્રમાર્જિત–દુષ્પ્રમાર્જિતશય્યા–સંસ્તારક, (૩) અપ્રતિલેખિત દુષ્પ્રતિલેખિત ઉચ્ચાર–પ્રશ્રવણભૂમિ, (૪) અપ્રમાર્જિત દુષ્પ્રમાર્જિતઉચ્ચાર–પ્રશ્રવણ ભૂમિ, (૫) અને પૌષધોપવાસનું સમ્યગ્ અનનુપાલન."**

અહીં વૃદ્ધોએ કહેલી સામાચારી આ પ્રમાણે છે:–પૌષધવાળો શ્રાવક પડિલેહણ કર્યા વિના અને બરોબર પડિલેહણ કર્યા વિના શય્યા, સંથારો અને પૌષધશાલાનો ઉપયોગ કરે નહિ, ડાભઘાસનું વસ્ત્ર ભૂમિ ઉપર પાથરે નહિ, લઘુનીતિ કરવાની ભૂમિથી આવીને ફરી સંથારાનું પડિલેહણ કરે, અન્યથા અતિચાર લાગે. એ પ્રમાણે પીઠ આદિ વિષે પણ સમજવું.

આમાં ચાર અતિચારો સર્વથી પાપવ્યાપારના ત્યાગમાં જ હોય છે. પાંચમો અતિચાર આહારપૌષધ વગેરે સર્વ પ્રકારના પૌષધનો છે. પ્રથમના ચાર અતિચારોમાં અતિચાર કેવી રીતે થાય છે એ પ્રસિદ્ધ છે. પાંચમા અતિચારમાં અતિચાર કેવી રીતે થાય છે તે બતાવાય છે:– પૌષધવાળો શ્રાવક અસ્થિર ચિત્તવાળો બનીને આહારમાં દેશથી કે સર્વથી આહારની પ્રાર્થના (=અભિલાષા) કરે, અથવા પૌષધના બીજા દિવસે પોતાના માટે આદર કરાવે, અર્થાત્ પોતાના પારણા માટે વિશેષ આરંભ–સમારંભ કરાવે, શરીરસત્કાર પૌષધમાં શરીરે તેલ વગેરે ચોળે, દાઢી, મસ્તક અને રૂંવાટાઓના વાળને સૌંદર્યની અભિલાષાથી વ્યવસ્થિત રાખે, દાહ થતાં શરીરે પાણી નાખે, બ્રહ્મચર્ય પૌષધમાં આલોક અને પરલોકના ભોગોની માગણી કરે, અથવા શબ્દો વગેરે વિષયોની અભિલાષા કરે, બ્રહ્મચર્ય પૌષધ ક્યારે પૂર્ણ થશે એમ અથવા બ્રહ્મચર્ય વડે અમે ભોગોથી રહિત કરાયા એમ વિચારે. અવ્યાપાર પૌષધમાં સાવદ્ય કાર્યો કરે, મેં અમુક અનુષ્ઠાન કર્યું કે નહિ એમ વિચારે (=ભૂલી જાય).

---

૧. ભાંગાની રીત પંચવસ્તુક, ધર્મસંગ્રહ ભાગ બીજો, ઓઘનિર્યુક્તિ વગેરે ગ્રંથોથી જાણી લેવી.

આ પ્રમાણે પાંચ અતિચારોથી વિશુદ્ધ પૌષધનું પાલન કરવું જોઈએ. [૧૧૭]

હવે ભંગદ્વારને કહે છેઃ–

**उवसग्गपरीसहदारुणेहिं कम्मोदएहिं नासेज्जा ।**
**रयणं व पोसहं खलु, अइक्कमाइहिं दोसेहिं ॥ ११८ ॥**

**ગાથાર્થઃ**–ઉપસર્ગ અને પરીસહોથી થતા કે કર્મોદયથી થતા ભયંકર અતિક્રમ વગેરે દોષોથી પૌષધનો ચિંતામણિ રત્નની જેમ નાશ કરે.

**ટીકાર્થઃ**–ઉપસર્ગો દિવ્ય વગેરે સોળ છે. પરીસહો ક્ષુધા વગેરે બાવીસ છે. અતિક્રમ, વ્યતિક્રમ, અતિચાર અને અનાચાર એમ ચાર દોષો છે. આગમમાં આ ચાર દોષોનું સ્વરૂપ આધાકર્મ આહારને આશ્રયીને વર્ણવ્યું છે. તે આ પ્રમાણેઃ–

**(૧) "આધાકર્મિક આહાર લેવાની ગૃહસ્થ વિનંતિ કરે ત્યારે સાધુ વિનંતિને સ્વીકારે ત્યારથી ઉપયોગ કરે ત્યાં સુધી અતિક્રમ દોષ લાગે. અર્થાત્ વિનંતિ સ્વીકારે, પછી લેવા જવા માટે ઉભો થાય, પાત્રા લે, પાત્રા લઇને ગુરુ પાસે આવીને ઉપયોગ કરે ત્યાં સુધી અતિક્રમ લાગે. તેવો આહાર લેવા જવા માટે પગ ઉપાડે ત્યારથી માંડી ગૃહસ્થને ત્યાંથી આધાકર્મિક આહાર લે નહિ ત્યાં સુધી વ્યતિક્રમ દોષ લાગે. આહાર ગ્રહણ કરે ત્યારથી મુખમાં ન નાખે ત્યાં સુધી અતિચાર દોષ લાગે. મોઢામાં નાખે એટલે અનાચાર દોષ લાગે."** (વ્ય. ભા. ૪૩)

**ભાવાર્થઃ**–જેમ કોઈ પ્રમાદી મળેલા પણ ચિંતામણિરત્ન વગેરેને પ્રમાદથી ખોઈ નાખે, તેમ શ્રાવક ઉપસર્ગ વગેરેથી થતા કે કર્મોદયથી થતા અતિક્રમ વગેરે દોષોથી પૌષધનો નાશ કરે છે. [૧૧૮]

હવે ભાવનાદ્વારને કહે છેઃ–

**उग्गं तप्पंति तवं, सरीरसक्कारवज्जिया निच्चं ।**
**निव्वावारा तह बंभयारि जइणो नमंसामि ॥ ११९ ॥**

**ગાથાર્થઃ**–માસખમણ વગેરે ઉગ્ર તપ કરનારા, યાવજ્જીવ રાગબુદ્ધિથી મર્દન, સ્નાન અને વિલેપન વગેરે શરીર સત્કારથી રહિત, સાવદ્ય વ્યાપારથી રહિત અને નવ–ગુપ્તિસહિત અઢાર પ્રકારના બ્રહ્મચર્યને પાળનારા સાધુઓને હું નમસ્કાર કરું છું.

**ટીકાર્થઃ**–અહીં ઉગ્ર તપ કરનારા વગેરે ચાર વિશેષણોથી ક્રમશઃ આહાર પૌષધ વગેરે ચારે ય પૌષધની ભાવના જાણવી. [૧૧૯]

ત્રીજું શિક્ષાવ્રત કહ્યું. હવે ચોથા શિક્ષાવ્રતનો અવસર છે. તેમાં પણ પ્રથમ દ્વારનો અવસર છે. આથી પ્રથમદ્વાર કહે છેઃ–

**साहूणं जं दाणं, नायागयकप्पमन्नपाणाणं ।**
**सो अतिहिसंविभागो,सद्धासक्कारकमसहिओ ॥ १२० ॥**

**ગાથાર્થ**:–ન્યાયથી મેળવેલા અને કલ્પ્ય આહાર–પાણીનું સાધુઓને દાન કરવું તે અતિથિસંવિભાગ છે. શ્રાવકે શ્રદ્ધા, સત્કાર અને ક્રમથી સહિત અતિથિસંવિભાગ કરવો જોઇએ.

**ટીકાર્થ**:–જ્ઞાન, દર્શન અને ચારિત્રથી મોક્ષને સાધે તે સાધુ. ન્યાયથી મેળવેલા એટલે (પ્રામાણિક) વેપાર વગેરે નીતિથી મેળવેલા, નહિ કે ચોરી આદિ અનીતિથી મેળવેલા, કલ્પ્ય એટલે સાધુઓને યોગ્ય હોય તેવા, આધાકર્મ આદિ દોષથી દૂષિત હોય તેવા અયોગ્ય નહિ. બહુવચનથી આદિ શબ્દની જેમ ઔષધ, વસ્ત્ર, પાત્ર વગેરે સમજવું. જ્ઞાનાદિગુણોથી યુક્ત જે મહાત્મા તિથિ, પર્વ વગેરે (લૌકિક વ્યવહાર)થી નિરપેક્ષ બનીને ભોજન કાલે (ઘરે) પધારે તે અતિથિ. કહ્યું છે કે–

**"જે મહાત્માએ સર્વ તિથિ, પર્વ અને ઉત્સવો (=લૌકિક વ્યવહારો) છોડયા છે તેને અતિથિ જાણવો, બાકીનાને અભ્યાગત જાણવા."**

અતિથિનો સંવિભાગ તે અતિથિસંવિભાગ. સંવિભાગ શબ્દમાં સં અને વિભાગ એ બે શબ્દ છે. સં એટલે સારો, અર્થાત્ નિર્દોષ. વિભાગ એટલે આહાર વગેરેનું દાન. અતિથિને (=સુસાધુઓને) પૂર્વકર્મ, પશ્ચાત્કર્મ વગેરે દોષોથી રહિત આહાર આદિનું દાન કરવું તે અતિથિસંવિભાગ. અતિથિ સંવિભાગ શ્રદ્ધા, ક્રમ અને સત્કાર પૂર્વક કરવો જોઈએ. શ્રદ્ધા=ભક્તિબહુમાન. સત્કાર એટલે ચરણોનું પ્રમાર્જન કરવું, બેસવા આસન આપવું, વંદન કરવું વગેરે પૂજા. જે દેશમાં ભાત વગેરે જે વસ્તુ પહેલાં અપાતી હોય તે પહેલાં આપવી એ ક્રમ છે.

દાનના અનેક પ્રકારો છે. કહ્યું છે કે–

**"આદાન, ગર્વ, સંગ્રહ, ભય, અનુકંપા, લજ્જા, ઉપકાર, ધર્મ, અધર્મ અને અભય એમ દશ કારણોથી (અપાતું હોવાથી) દાનના દશ પ્રકાર છે."**

આમ દાન અનેક પ્રકારનું હોવા છતાં અહીં તો ધર્મ માટે જે દાન અપાય તે દાન રૂપ આ અતિથિ સંવિભાગ સૂચવ્યો છે. ધર્મ માટે થતા દાનનું લક્ષણ આ છેઃ–

**"જે દેય (=આપવા યોગ્ય) વસ્તુ સ્વયં દુઃખી ન થાય, અર્થાત્ જે**

**વસ્તુ સચિત્ત ન હોય, (સચિત્ત વસ્તુ જીવસ્વરૂપ હોવાથી ભક્ષણ આદિથી તે દુઃખી થાય,) જે દેય વસ્તુ (ઝેર વગેરે) બીજાના દુઃખમાં નિમિત્ત પણ ન બને, અર્થાત્ જે વસ્તુના દાનથી બીજાઓને દુઃખ ન થાય, અને કેવલ (સ્વ-પરને) ઉપકાર કરનાર થાય, તે દેય વસ્તુ ધર્મ માટે થાય છે.**

અતિથિ સંવિભાગ શ્રાવકે દરરોજ કરવો જોઈએ. કહ્યું છે કે–

**"શ્રાવક હે ભગવંત! ભાત-પાણીથી અને ઔષધથી (=ભાત-પાણી અને ઔષધ વહોરીને) મારા ઉપર અનુગ્રહ કરો એમ સાધુને દરરોજ નિમંત્રણ કરે."**

સાધુ ઘરમાં પ્રવેશ કરે ત્યારે આ વિધિ છે:–

**"ઘરે આવેલા સાધુને આસન અવશ્ય આપવું, વંદન કરીને સ્વયં વહોરાવે, અથવા બીજા પાસે અપાવે. (૧) જ્યાં સુધી બધી વસ્તુઓ વહોરાવાઇ ન જાય ત્યાં સુધી ઊભો રહે. ફરી પણ વંદન કરીને ગૃહસ્થ પોતે ભોજન કરે. (૨) સાધુ આવે ત્યારે સામે જવું, સાધુ બેસે ત્યારે (પગ દબાવવા વગેરે) સેવા કરવી અને જાય ત્યારે (થોડે સુધી) પાછળ જવું એ સુશ્રૂષા વિનય છે." (૩)**

આમ શ્રાવકે અતિથિસંવિભાગ દરરોજ કરવો જોઈએ, તો પણ (દરરોજ ન થઈ શકે તો) પૌષધસહિત ઉપવાસના પારણે સાધુનો જોગ હોય તો અવશ્ય અતિથિસંવિભાગ કરીને ભોજન કરવું જોઈએ, બાકીના દિવસોમાં નિયમ નથી, એ જણાવવા માટે પૌષધ પછી અતિથિ સંવિભાગ કહ્યો છે. [૧૨૦]

હવે અતિથિ સંવિભાગના ભેદો કહે છે:–

**असणं पाणं तहवत्थपत्तभेसज्जसेज्जसंथारो ।**
**अतिहीण संविभागे, भेया अह एवमाईया ॥ १२१ ॥**

**ગાથાર્થ:** અશન, પાન, વસ્ત્ર, પાત્ર, ભેષજ, શય્યા અને સંસ્તાર વગેરે અતિથિ સંવિભાગમાં ભેદો છે.

જે ખવાય તે અશન. જે પીવાય તે પાન. સાદું પાણી, (ભાત વગેરેનું) ઓસામણ, કાંજી, દ્રાક્ષનું પાણી વગેરે પાન છે. સૂતર વગેરેનું બનેલું હોય તે વસ્ત્ર. પાત્ર=તુંબડું વગેરે. ભૈષજ=ત્રિકટુ[1] વગેરે. (અર્થાત્ અનેક ઔષધિઓનું મિશ્રણ તે ભૈષજ). સંસ્તાર=કામળી વગેરે. અશન વગેરે કુલ સાત ભેદો છે.

---

૧. સુંઠ, મરી અને પીપર એ ત્રણની ત્રિકટુ સંજ્ઞા છે.

અતિથિ એટલે સર્વ આરંભોથી નિવૃત્તિ વગેરે ગુણોથી શ્રેષ્ઠ પાત્ર. કહ્યું છે કે–

**"જે સર્વ આરંભોથી નિવૃત્ત છે, સ્વાધ્યાય–ધ્યાનમાં તત્પર છે, સર્વ પાપોથી વિરામ પામેલ છે, અને દાન્ત છે તે અતિથિ છે."**

અતિથિ માટે સંવિભાગ કરવો એટલે કે ધર્મ માટે અશનાદિ આપવું તે અતિથિ-સંવિભાગ છે. કહ્યું છે કે–

**"સંયમના ગુણોથી યુક્ત, છ જીવનિકાયના રક્ષણમાં તત્પર, પાંચ ઇંદ્રિયોથી વિરત (=ઇંદ્રિયોનો નિગ્રહ કરનારા), પાંચ સમિતિઓમાં સમિત (=સમિતિનું પાલન કરનારા), તૃણ, મણિ, મોતી, વગેરેમાં સમભાવ-વાળા સુપાત્રને જે દાન આપવામાં આવે તે દાન અક્ષય, અતુલ અને અનંત થાય છે, તથા ધર્મ માટે થાય છે."**

**પ્રશ્ન :–** આવા પ્રકારના પાત્રને અપાતું દાન અક્ષય વગેરે ગુણોથી વિશિષ્ટ કેમ થાય છે? **ઉત્તર :–**આનું કારણ એ છે કે વિધિ, દ્રવ્ય, દાતા અને પાત્રની વિશેષતાથી ફળમાં તફાવત પડે છે. ([1]તે આ પ્રમાણે :–(૧) **વિધિ–** દેશ, કાળ, શ્રદ્ધા, સત્કાર અને ક્રમપૂર્વક કલ્પનીય વસ્તુ આપવી વગેરે વિધિ છે. (૨) **દ્રવ્ય–**અન્ન, પાન, વસ્ત્ર, પાત્ર આદિ શ્રેષ્ઠ દ્રવ્યોનું દાન કરવું જોઇએ. (૩) **દાતા–**દાતા પ્રસન્નચિત્ત, આદર, હર્ષ, શુભાશય એ ચાર ગુણોથી યુક્ત અને વિષાદ, સંસારસુખની ઇચ્છા, માયા અને નિદાન એ ચાર દોષોથી રહિત હોવો જોઇએ.

(૧) **પ્રસન્નચિત્ત–** સાધુ આદિ પોતાના ઘરે આવે ત્યારે હું પુણ્યશાળી છું, જેથી તપસ્વીઓ મારા ઘરે પધારે છે, એમ વિચારે અને પ્રસન્ન થાય. પણ આ તો રોજ અમારા ઘરે આવે છે, વારંવાર આવે છે, એમ વિચારી કંટાળી ન જાય. (૨) **આદર–** વધતા આનંદથી "પધારો! પધારો! અમુકનો જોગ છે, અમુકનો લાભ આપો," એમ આદરપૂર્વક દાન આપે. (૩) **હર્ષ–** સાધુને જોઈને અથવા સાધુ કોઈ વસ્તુ માગે ત્યારે હર્ષ પામે. વસ્તુનું દાન કરતાં હર્ષ પામે. આપ્યા પછી પણ અનુમોદના કરે. આમ દાન આપતાં પહેલાં, આપતી વખતે અને આપ્યા પછી પણ હર્ષ પામે. (૪) **શુભાશય–** પોતાના આત્માનો સંસારથી નિસ્તાર કરવાના આશયથી દાન આપે. (૫) **વિષાદનો અભાવ–** આપ્યા પછી મેં ક્યાં આપી દીધું! વધારે આપી દીધું! એમ પશ્ચાતાપ ન કરે. કિન્તુ વ્રતીના (તપસ્વીના) ઉપયોગમાં આવે એ જ મારું છે, મારી વસ્તુ તપસ્વીના પાત્રમાં ગઈ એ મારા અહો ભાગ્ય! એમ અનુમોદના [2]કરે. (૬) **સંસારસુખની ઇચ્છાનો અભાવ–** દાન આપીને તેના ફળરૂપે કોઈ પણ

૧. કાઉંસતું લખાણ તત્ત્વાર્થ અ. ૭ સૂ. ૩૪ ના મારા કરેલા ગુજરાતી વિવેચનમાંથી લીધું છે.

૨. ઉપર જણાવેલા ચાર ગુણોમાંથી હર્ષ ગુણ આવે તો વિષાદ દોષ જાય.

જાતના સંસાર સુખની ઈચ્છા ન રાખે.[1] (૭) **માયાનો અભાવ**– દાન આપવામાં કોઈ જાતની માયા ન કરે. સરળ ભાવથી દાન કરે. (૮) **નિદાનનો અભાવ**– દાનના ફળરૂપે પરલોકમાં સ્વર્ગાદિના સુખની માગણી ન કરે.

સુખની ઈચ્છાનો અભાવ અને નિદાનનો અભાવ એ બંનેમાં સંસાર સુખની ઈચ્છાનો અભાવ હોવાથી સામાન્યથી અર્થ સમાન છે. છતાં વિશેષથી બંનેના અર્થમાં થોડો ફેર પણ છે. સંસાર સુખની ઈચ્છાના અભાવમાં વર્તમાન જીવનમાં સંસારસુખની ઈચ્છા ન રાખે એ ભાવ છે અને નિદાનના અભાવમાં પરલોકમાં સંસારસુખની ઈચ્છા ન રાખે એ ભાવ છે.

(૪) **પાત્રઃ**–સમ્યગ્દર્શન આદિ ગુણોથી યુક્ત સર્વ વિરતિધર સાધુઓ અને દેશ-વિરતિધર શ્રાવકો વગેરે.

જેટલા અંશે વિધિ આદિ બરોબર હોય તેટલા અંશે દાનથી અધિક લાભ. જેટલા અંશે વિધિ આદિમાં ન્યૂનતા હોય તેટલા અંશે ઓછો લાભ.)

આ આ પ્રમાણે સ્વીકારવું જ જોઈએ, એટલે કે વિધિ આદિની વિશેષતાથી ફળમાં તફાવત પડે છે એ કથન સ્વીકારવું જ જોઈએ, અન્યથા કલ્પભાષ્યમાં કહેલું આ (=નીચે કહેવાશે તે) ઘટે નહિ.

**"જે પાસત્થા આદિમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપ, વિનય–આ ભાવોમાંથી જે ભાવ થોડો કે વધારે જાણવામાં આવે, તેની જિનોક્ત તે જ ભાવને પોતાના મનમાં ધારીને તેટલી જ વંદનાદિરૂપ ભક્તિથી પૂજા કરવી, અર્થાત્ પાસત્થા આદિમાં દર્શનાદિ જે ભાવ હોય તે ભાવને લક્ષમાં રાખીને જેટલા પ્રમાણમાં દર્શનાદિ ભાવ હોય તેટલા પ્રમાણમાં તેની વંદનાદિરૂપ ભક્તિ કરવી."**

કલ્પભાષ્યમાં જિનોક્ત દર્શનાદિગુણના સમૂહવાળા પાત્રની જ પૂજા સફલ છે એમ કહ્યું નથી, અર્થાત્ જેમાં સંપૂર્ણ ગુણો હોય તેવા જ પાત્રની પૂજા સફળ બને છે એમ કહ્યું નથી, કિંતુ "જેમાં જેટલા ગુણો જુએ" એવા વચનથી યથાસંભવ જેટલા ગુણો હોય તેટલા ગુણોની પૂજા પણ વિશિષ્ટ ફલનું કારણ થાય જ છે. તેથી જે પાત્રમાં બધા ગુણોનો યોગ છે તે પાત્રમાં અપાતા દાનનું મહાફલ છે, અને બીજા (=ન્યૂનગુણવાળા) પાત્રમાં પણ દાતાના પોતાના (ઊંચા) ભાવોથી વિશિષ્ટ જ ફલ થાય છે. વ્યવહાર ભાષ્યમાં (ઉ. ૬ ગા. ૧૯૧) કહ્યું છે કે–

---

૧. ઉપર જણાવેલા ચાર ગુણોમાંથી શુભાશય આવે તો સંસારસુખની ઇચ્છા અને નિદાન એ બે દોષ જાય.

કહ્યું છે કે "નિશ્ચયનયથી તો મહાનગુણીથી અલ્પગુણી વસ્તુમાં પણ જેને તીવ્ર શુભભાવ થાય છે, તેને મહાનગુણી કરતાં અલ્પગુણીથી અધિક નિર્જરા થાય છે. કારણ કે–મહાગુણીના દર્શનથી જે ભાવ થાય તેના કરતાં અલ્પગુણીના દર્શનથી થયેલ ભાવ અતિશય તીવ્ર શુભ છે. આ વિષયમાં મહાવીરસ્વામી, ગૌતમસ્વામી અને સિંહજીવ દૃષ્ટાંતરૂપ છે."

તે આ પ્રમાણેઃ– ભગવાન મહાવીરના જીવે ત્રિપૃષ્ઠ વાસુદેવના ભવમાં સિંહને મારી નાખ્યો, તે વખતે "હું ક્ષુદ્ર માણસથી હણાયો આથી મારો પરાભવ થયો" એમ વિચારીને સિંહ ખિન્ન બન્યો. સારથી બનેલા ગૌતમસ્વામીના જીવે તેને આશ્વાસન આપતાં કહ્યુંઃ તું ખેદ ન કર. તું જેમ પશુઓમાં સિંહ છે, તેમ તને મારનાર આ રાજા મનુષ્યોમાં સિંહ છે, તું ક્ષુદ્ર માણસથી નહિ, કિંતુ નરસિંહથી મરાયો છે. આથી તારો પરાભવ થયો નથી. આ પ્રમાણે આશ્વાસન પામેલો તે સિંહ મરીને અનેક ભવોમાં ભમ્યો. પછી ભગવાન વર્ધમાન સ્વામીના છેલ્લા તીર્થંકરના ભવમાં તે રાજગૃહી નગરીમાં કપિલ નામના બ્રાહ્મણના ઘરે પુત્રપણે ઉત્પન્ન થયો. એકવાર તે સમવસરણમાં આવ્યો, ભગવાનને જોઇને (પૂર્વ ભવનો દ્વેષ જાગૃત થવાથી) ધમધમી ઉઠયો. આથી ભગવાને તેને ઉપશાંત કરવાને ગૌતમસ્વામીને મોકલ્યા. તેમણે તેને હિતોપદેશ આપતાં કહ્યું કે–આ મહાત્મા તીર્થંકર છે. એમના ઉપર જે દ્વેષ કરે છે તે દુર્ગતિમાં જાય છે. આ પ્રમાણે તેને હિતોપદેશ આપીને ઉપશાંત કર્યો. પછી તેને દીક્ષા આપી."

વળી જિનેશ્વરોએ અનુકંપાદાનનો ક્યાંય નિષેધ કર્યો નથી, એથી જ (=એથી પણ) ઓછાગુણવાળાને કરેલું દાન ફલવાળું થાય છે, એ જાણી શકાય છે. એથી આ નક્કી થયું કે દ્રવ્ય, દાતા, પાત્ર અને વિધિ એ ચારેની પૂર્ણતાથી દાન અક્ષય વગેરે ગુણોવાળું થાય છે.

एवमाईया એ સ્થળે રહેલા આદિ શબ્દથી કંબલ, રજોહરણ વગેરે સમજવું. [૧૨૧]
હવે ત્રીજું દ્વાર કહે છેઃ–

सोऊण अदिण्णोवि हु, कुरंगवरजुण्णसेट्ठिमाईणं ।
फलमिह निरंतरायस्स दाणबुद्धी सुहा होइ ॥ १२२ ॥

ગાથાર્થ:– આ જિનશાસનમાં હરણ અને જીર્ણ શ્રેષ્ઠી વગેરેએ તેવી સામગ્રીના

અભાવથી દાન આપ્યું ન હતું તો પણ તેમને દાનનું ફળ સ્વર્ગ અને મોક્ષ વગેરે મળ્યું એમ સાંભળીને કે જોઇને અંતરાય રહિત જીવને શુભ દાનબુદ્ધિ થાય છે.

**ટીકાર્થ**:– શુભ એટલે પુણ્ય ( =પવિત્ર ) અથવા સુખ હેતુ. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ બે દૃષ્ટાંતોથી જાણવો.

## હરણનું દૃષ્ટાંત

તે બે દૃષ્ટાંતોમાં હરણના દૃષ્ટાંતમાં પૂર્વે અનર્થદંડ વ્રતમાં વાસુદેવનું જે ચરિત્ર વર્ણવ્યું હતું તે બધું જ "કૌશાંબીવનમાં જરાકુમારે ફેંકેલા બાણથી હણાયેલ વાસુદેવ મૃત્યુ પામ્યો" ત્યાં સુધી કહેવું. પછીની વિગત આ પ્રમાણે છેઃ–

બળદેવ તળાવમાંથી પાણી લઇને આવ્યો. વાસુદેવને મૃત્યુ પામેલા જોઇને મૂર્છા પામીને પૃથ્વીતલ ઉપર ઢળી પડ્યો. કેટલાક સમય પછી ચેતના આવતાં મહાન સિંહનાદ કરીને કહ્યુંઃ જેણે આ મારા ભાઇને મારી નાખ્યો તે જો સાચે જ સુભટ હોય તો મને દર્શન આપે. ખરેખર! ધીર પુરુષો સુતેલા, પ્રમાદમાં પડેલા કે વ્યાકુળ બનેલા પુરુષ ઉપર પ્રહાર કરતા નથી. તેથી નક્કી આ કોઈ અધમપુરુષ છે. આ પ્રમાણે મોટા અવાજથી બોલતા તેણે સર્વ તરફ દિશાઓનું અવલોકન કર્યું. કૃષ્ણની પાસેના પ્રદેશમાં પરિભ્રમણ કરીને ફરી કૃષ્ણની પાસે આવ્યો. ગાઢ મોહથી એના વિવેકરૂપ ચક્ષુ બીડાઈ ગયા. તે પ્રલાપ કરવા લાગ્યોઃ–

"હે બંધુ! હે કૃષ્ણ હે! પૃથ્વી ઉપર અદ્વિતીયવીર! મને એકલાને છોડીને તમે ક્યાં ગયા છો? અથવા આ પ્રમાણે વિલાપ કરતા પણ મને ઉત્તર કેમ આપતા નથી? હે પુરુષોત્તમ! હમણાં આ સૂર્ય અસ્તાચલ પર્વતના શિખરની પાછળ જઈ રહ્યો છે, તેથી ઉઠીને સંધ્યાની ઉપાસના કરો. ઉત્તમપુરુષો સંધ્યાસમયે શયન કરતા નથી. અતિશય અંધકારવાળી આ રાત ક્રૂર જંગલી પશુઓથી વ્યાપ્ત અટવીમાં આ પ્રમાણે કેવી રીતે પસાર કરવી?" ઇત્યાદિ વિલાપ કરતા જ તેની રાત પૂર્ણ થઇ, સૂર્યોદય થયો, તો પણ કૃષ્ણ ઉઠ્યા નહિ. આથી કૃષ્ણસ્નેહથી મોહિત મનવાળા અને તેના વિયોગને ન ઇચ્છતા બળદેવ કૃષ્ણને પોતાની ખાંધ ઉપર મૂકીને પર્વત, જંગલ અને ગુફાઓમાં ભમવા લાગ્યા, આમ પરિભ્રમણ કરતા એમના છ મહિના પસાર થઈ ગયા. પછી સિદ્ધાર્થ નામનો સારથિ, કે જે પૂર્વે વ્રત લઈને દેવ થયો હતો, તેણે અવધિજ્ઞાનથી બલદેવને તેવી અવસ્થાવાળો જોયો. આથી તે તેને પ્રતિબોધ કરવા ત્યાં આવ્યો. તેણે દેવમાયાથી બલદેવને પર્વતના વિશાળ શિખરોના સાંકડા પ્રદેશોમાંથી મહારથને ઉતરતો બતાવ્યો. સમાન ભૂમિ ઉપર આવેલા તે રથના સેંકડો ટુકડા થઈ

ગયા. તેથી તે રથને સાંધવાને ઈચ્છતા સિદ્ધાર્થદેવને બળદેવે કહ્યું : હે મુગ્ધપુરુષ ! તારો જે રથ પર્વતના વિષમસ્થાનોને ઓળંગીને આ સમમાર્ગમાં સેંકડો ટુકડાવાળો થઇ ગયો તે આ રથ તારાથી સંધાતો હોવા છતાં કેવી રીતે સારો (=અખંડ) થાય ? દેવે કહ્યું : જે આ તારો ભાઇ અનેક સેંકડો યુદ્ધોમાં યુદ્ધ કરતો ન મર્યો તે હમણાં યુદ્ધ વિના જ મરી ગયો છે. તે જ્યારે જીવશે ત્યારે રથ પણ સારો થશે. ઈત્યાદિ દૃષ્ટાંતોથી દેવે બલદેવને મોહરહિત કર્યો. પછી પોતાનું સ્વરૂપ બતાવીને પૂર્વ ( ભવ )નો વૃત્તાંત કહીને બલદેવને પ્રતિબોધ પમાડયો અને તેની પાસેથી કૃષ્ણનું મૃતક છોડાવ્યું. બે નદીની મધ્યના તટમાં મૃતકનો સંસ્કાર કરાવ્યો.

આ વખતે શ્રી અરિષ્ટનેમિ ભગવાને બલદેવના દીક્ષાસમયને જાણીને એક વિદ્યાધર સાધુને મોકલ્યા. તે સાધુએ બલદેવને દીક્ષા આપી. બલદેવે દીક્ષા લઇને તુંગિકા પર્વતના શિખર ઉપર ઘોર તપશ્ચર્યા કરવાનું શરૂ કર્યું. તે પ્રાયઃ માસખમણને પારણે માસખમણ કરતા હતા, અને જંગલમાંથી ઘાસ લાવનારા, કાષ્ઠ લાવનારા વગેરે લોકો પાસેથી ભોજન–પાણીની પ્રાપ્તિ થઈ જતી હતી, એ રીતે પ્રાણનિર્વાહ કરતા હતા.

એકવાર માસખમણના પારણાના દિવસે ભિક્ષા માટે એકનગરમાં પ્રવેશ કરી રહ્યા હતા ત્યારે, પૂર્ણ યૌવનને પામેલી, પાણી લેવા માટે કૂવાના કાંઠાની નજીકમાં રહેલી એક સ્ત્રીનું મન તેમના રૂપ પ્રત્યે અતિશય આકર્ષાયું. આથી નજીકમાં રહેલા અને રડતા પોતાના બાળકને પણ નહિ જાણતી તે સ્ત્રીએ ઘડાના કાંઠાના ભ્રમથી બાળકના ગળામાં જ દોરડું નાખીને તે બાળકને કૂવામાં નાખવાનું શરૂ કર્યું. નજીકમાં રહેલા બીજા કોઇએ તેને ઠપકો આપવા પૂર્વક કઠોર શબ્દોથી તેનો તિરસ્કાર કર્યો, અને સાચી સમજ આપીને જેના માત્ર શ્વાસોશ્વાસ બાકી રહેલા છે એવા બાળકને ( દોરડાના બંધનથી ) મુક્ત કરાવ્યો. આ પ્રસંગ બળદેવ મુનિએ જોયો. મુનિ મનથી ખેદ પામ્યા કે, મારું રૂપ ખરાબ રૂપ છે, તે રૂપને ધિક્કાર છે કે જે આ પ્રમાણે જોવા માત્રથી પણ સ્ત્રીઓને મોહનું કારણ થવાથી અનુચિત કરાવનારું થાય છે. તેથી હવે મારે આ જ ઉચિત છે કે જ્યાં લોકો ન હોય તેવા જંગલમાં રહેવું. આ પ્રમાણે વિચારતાં જ તેમણે સ્ત્રીલોકથી વ્યાપ્ત ગામ, નગર વગેરે નિવાસસ્થાનોમાં આહાર માટે પણ મારે પ્રવેશ ન કરવો એ પ્રમાણે ઘોર અભિગ્રહ લીધો. પછી ભિક્ષા લીધા વિના જ ત્યાંથી જ પાછા ફરીને અનેક સસલા, ભૂંડ અને હરણ વગેરે વિવિધ પશુઓના નિવાસવાળા જંગલમાં પ્રવેશ કર્યો. વનમાં રહેલા એમને જંગલના માર્ગમાં આવતા જનસમૂહ વગેરે પાસેથી ક્યારેક દશ દિવસ પછી, ક્યારેક પંદર દિવસ પછી, ઈત્યાદિ આંતરાથી કોઇ પણ પ્રકારનો આહાર ક્યારેક ક્યારેક પણ મળી જતો હતો. તેનાથી તેમના પ્રાણનો નિર્વાહ થતો હતો. આ પ્રમાણે કેટલાક દિવસો પસાર થઈ જતાં કપટ રહિત સમતારૂપી

ધનવાળા મહામુનિનાં દર્શનથી વનમાં વિચરતા પણ ઘણા પ્રાણીઓ ભદ્રકભાવ (=સરળતા) વગેરે ગુણસમૂહને પામ્યા, માત્ર મનુષ્યો જ નહિં, કિંતુ પશુઓ પણ ભદ્રકભાવ વગેરે ગુણસમૂહને પામ્યા. તેમાં હરણના એક બચ્ચાને મુનિને સતત જોવાથી કર્મલઘુતા થવાથી જાતિસ્મરણ જ્ઞાન થયું. સતત જ મુનિની સેવા કરવાની ઇચ્છાથી તે ક્ષણવાર પણ મુનિના પડખાને છોડતું ન હતું. વળી– પોતાના મિત્ર વિષે કપટરહિત મિત્રની જેમ ભક્તિથી યુક્ત તે હરણ ઉત્તમ મુનિ જાય ત્યારે જતું હતું, ઊભા રહે ત્યારે ઊભું રહેતું હતું, ભોજન કરે ત્યારે ભોજન કરતું હતું.

એક દિવસ તે જ જંગલમાં રાજાની આજ્ઞાથી એક રથકાર (=સુથાર) ગાડી અને ઉત્તમ ભાતું લઈને મહેલને ઉપયોગી કાષ્ઠો લેવા માટે આવ્યો. તેણે નોકરો દ્વારા તીક્ષ્ણ કુહાડાઓથી એક મહાવૃક્ષને અર્ધું છેદાવ્યું, એટલામાં દિવસના બે પ્રહર થઈ ગયા. રથકારના માણસોએ અર્ધા છેદાયેલા તે જ વૃક્ષની છાયામાં બેસીને ભોજન[1] શરૂ કર્યું. તે મહામુનિ માસખમણના પારણે ભિક્ષા માટે તે સ્થાને આવ્યા. તેમની પાછળ ભક્તિ-સમૂહથી નમેલા મસ્તકવાળું અને હર્ષથી પૂછડીને પટપટાવતું હરણબચ્ચું આવ્યું. ભિક્ષા માટે તે સ્થાનમાં પ્રવેશ કરતા મુનિને જોઈને રથકારે અતિશયશ્રદ્ધાથી વિચાર્યું: અહો ! હું ધન્ય છું! આ નિર્જન જંગલમાં પણ આહારનો સમય થઈ ગયો ત્યારે અને ઉચિત દ્રવ્યો તૈયાર થઈ ગયા ત્યારે, ચિંતામણિ વગેરેના માહાત્મ્યને પણ હલકો પાડનારાં, વનમાં વિચરનારા હરણોથી પણ આ પ્રમાણે સેવા કરાતા અને આહારના અર્થી એવા મહામુનિ મારી પાસે આવ્યા.

આ પ્રમાણે અતિશય બહુમાનથી તેની કાયામાં સર્વ અંગોમાં રોમાંચરૂપી કંટકો ઉત્પન્ન થયા. તેણે ઉઠીને હાથમાં ઉચિત દ્રવ્યો લઇને વહોરાવવાનો પ્રારંભ કર્યો. મુનિએ પણ દ્રવ્યાદિ ઉપયોગ આપવાનું (=મૂકવાનું) શરૂ કર્યું. હરણ પણ વિચારવા લાગ્યો કે, મનુષ્યરૂપ આ રથકાર પુણ્યશાલી છે. કારણ કે સંપૂર્ણ સામગ્રીવાળો તે આ મહા-તપસ્વીને આ પ્રમાણે વહોરાવવા તત્પર થયો છે. હું તો પશુ છું, એથી હું ગાઢ ભક્તિવાળો હોવા છતાં શું કરી શકું ? ખરેખર ! પુણ્યહીન જીવોના ઘરોમાં ધનની વૃષ્ટિઓ પડતી નથી. તેટલામાં, અચાનક પ્રચંડ પવનના અનેક પ્રકારના ભ્રમણથી કટત્ કટત્ એવા મહાન અવાજપૂર્વક ભંગાતું અર્ધ છેદાયેલ તે વૃક્ષ ભવિતવ્યતાના કારણે રથકાર વગેરે તે ત્રણની જ ઉપર પડ્યું. તેના પ્રહારથી ત્રણે મૃત્યુ પામ્યા, દાનને યોગ્ય ભાવોના (=દાન કરવાના ભાવોના) પ્રભાવથી અને અનુમોદનાના અધ્યવસાયોના

---

૧. **प्रारब्धायां भोजनवेलायां** નો શબ્દાર્થ "ભોજનવેળા શરૂ કરાયે છતે" એવો થ.ય. પણ આજુ-બાજુનો સંબંધ જોતા ઉપચારથી "ભોજન શરૂ કરાયે છતે" એવો અર્થ ઘટે છે. આથી અનુવાદમાં "ભોજન શરૂ કર્યું" એવો ઉલ્લેખ કર્યો છે.

પ્રભાવથી તે ત્રણે બ્રહ્મલોક દેવલોકમાં ગયા. કહ્યું છે કે, **"સ્વયં કરનાર, બીજા દ્વારા કરાવનાર, ચિત્તથી હર્ષ પામીને અનુમોદના કરનાર અને સહાય કરનારને શુભમાં કે અશુભમાં તુલ્ય ફળ થાય છે એમ તત્ત્વને જાણનારા પુરુષો કહે છે."** તથા શ્રી ધર્મદાસગણીએ પણ કહ્યું છે કે–**"આત્મહિતકર તપ વગેરે અનુષ્ઠાનો કરનાર સ્વર્ગાદિ સદ્ગતિને પામે છે, સામર્થ્ય ન હોવાથી તેવાં અનુષ્ઠાનો કરી શકતો ન હોય, પણ તેવાં અનુષ્ઠાનો કરનાર બીજાની અનુમોદના (કે પ્રશંસા) કરનાર પણ તેવી જ સદ્ગતિને પામે છે. જેમ કે, રથકારના દાનની અને બલદેવ મુનિના તપ–સંયમની અનુમોદના કરનાર મૃગ સદ્ગતિને પામ્યો.** (ઉપદેશમાલા ગાથા ૧૦૮)

## જીર્ણશ્રેષ્ઠીનું દૃષ્ટાંત

ઉત્તમ જીર્ણશ્રેષ્ઠીની કથા આ પ્રમાણે છે:– વૈશાલી નગરીમાં ચેટક નામનો રાજા હતો. તેણે આર્યલોકોની સોબતથી પ્રખ્યાત અને નિર્મલ કીર્તિનો વિસ્તાર મેળવ્યો હતો. વિસ્તાર પામતા અતિશય પુણ્યસમૂહથી બળવાન ઘણા શત્રુસામંતો તેને વશ થયા હતા. તે પરમ શ્રાવક હતો. તેને સર્વ અંતઃપુરમાં મુખ્ય પદ્માવતી રાણી હતી. તેની સાથે ત્રણ વર્ગમાં સારભૂત વિષયસુખને અનુભવતા તેના કેટલાક દિવસો પસાર થયા ત્યારે વર્ષાસમય નજીક આવતાં છદ્મસ્થ અવસ્થામાં રહેલા તીર્થંકર ભગવાન શ્રીમહાવીરસ્વામી વિહારના ક્રમથી વૈશાલી નગરીમાં પધાર્યા. ત્યાં તેમણે ચાર મહિનાના ઉપવાસ શરૂ કર્યા. ચૌટામાં (=ચાર રસ્તા ભેગા થતા હોય તેવા સ્થાનમાં) કાયોત્સર્ગમાં રહેલા તેમને જીર્ણશ્રેષ્ઠીએ જોયા. શ્રેષ્ઠિપદથી ભ્રષ્ટ કરાયેલ તે ત્યારે ત્રિલોકનાયકને જોઈને અતીવ હર્ષ પામ્યો. બહુમાનપૂર્વક તેણે વિચાર્યું: તે આ સિદ્ધાર્થકુલના તિલકરૂપ મહામુનિ મહાવીર છે કે જેમની શરદઋતુની પૂર્ણિમાના ચંદ્રકિરણોના સમૂહ જેવી નિર્મલ, અનંતગુણ સમૂહથી મેળવેલી અને વૃદ્ધિ પામેલી કીર્તિ કળીચુનાની જેમ સર્વ દિશાઓના અવકાશોને સફેદ કરે છે. આથી અમે ધન્ય છીએ કે જેમને આ પરમેશ્વરનાં દર્શન થયાં. જેમણે ઘણું પુણ્ય મેળવ્યું નથી એવા જીવોના નિવાસોમાં કલ્પવૃક્ષો ઉગતાં નથી. તેથી જો અમારા ઘરે એમનું પારણું થાય તો ઘણું સારું થાય. પછી ઘણા વખત સુધી ભગવંતની સેવા કરીને ઘરે ગયો. ત્યાં પણ ભોજન સમયે ભોજન માટે બેસવાના મનવાળા તેણે વિચાર્યું: જો આ સમયે ભગવાન કોઇ પણ રીતે મારા ઘરે ભિક્ષા માટે આવે તો પુણ્યથી મારા સમાન બીજો કોઈ નથી. આ પ્રમાણે દરરોજ તેની વિશેષ પ્રકારની શ્રદ્ધા (=તીર્થંકરને પારણું કરાવવાની ભાવના) વધી રહી છે, દરરોજ નિર્વિઘ્નપણે જિનવંદન વગેરે સેવા કરે છે, ભગવાનને દાન કરવાની અનેક પ્રકારની મનોરથ-

શ્રેણિને રચે છે, એમ કરતાં કાર્તિકપૂનમનો દિવસ આવી ગયો. પ્રાતઃકાળમાં જ તે ઉઠચો અને ભગવાનને વંદન કરવા માટે ગયો. ભાવપૂર્વક ભગવાનને વંદન કર્યું.

આજે સ્વામીના પારણાનો દિવસ છે એમ જાણ્યું. તેથી સ્વામીની બાજુમાં રહેલા કોઈ પુરુષને "સ્વામી જ્યારે કાયોત્સર્ગ પારે ત્યારે મને જણાવવું" એમ કહીને ત્યાં રાખ્યો. પોતે ઘરે ગયો. આ દરમિયાન ભગવાને કાયોત્સર્ગ પાર્યો. તે પુરુષ શ્રેષ્ઠીની પાસે આવ્યો. ભગવાનનો વૃત્તાંત કહ્યો. વધતા શુભ અધ્યવસાયના [1]કંડકવાળો તે ભગવાનને નિમંત્રણ કરવા માટે ચાલ્યો. થોડાક ભૂમિપ્રદેશ સુધી ગયો તેટલામાં જલસમૂહથી પૂર્ણ મધ્યભાગવાળા મેઘની મધુર અને મહાન ગર્જના જેવો દેવદુંદુભિનો અવાજ તેણે સાંભળ્યો, અને લોકોની પાસેથી જાણ્યું કે અભિનવશ્રેષ્ઠીના ઘરે ભગવાનનું પારણું થઈ ગયું. અભિનવશ્રેષ્ઠીના ઘરે પાંચ દિવ્ય પ્રગટ થયા. તેથી અવસ્થિત પરિણામવાળો તે પાછો ફરીને પોતાના ઘરે ગયો. તે અવસરે ત્યાં પાર્શ્વનાથ તીર્થંકરના કેવલી પધાર્યા. ત્યાંના લોકોએ કેવલીને પૂછયું: જીર્ણશ્રેષ્ઠી અને અભિનવશ્રેષ્ઠી એ બેમાં કોણ પુણ્યશાલી છે? કેવલીએ કહ્યું: જીર્ણશ્રેષ્ઠી પુણ્યશાલી છે. લોકોએ પૂછયું: કેવી રીતે? કેવલી બોલ્યા: ભગવાનને (ભાવથી) પારણું કરાવતા આ જીર્ણશ્રેષ્ઠીને ચાર મહિના થયા, અર્થાત્ જીર્ણશ્રેષ્ઠીએ ભગવાનને ચાર મહિના સુધી ભાવથી પારણું કરાવ્યું છે. પ્રતિદિન વધતા શુભપરિણામથી એણે ઘણું પુણ્ય મેળવ્યું છે. જો આજે એણે જિનના પારણાનો સૂચક દેવદુંદુભિનો ધ્વનિ ન સાંભળ્યો હોત તો ક્ષણમાં અતિવિશુદ્ધ અધ્યવસાયના સામર્થ્યથી કેવલજ્ઞાન ઉત્પન્ન કર્યું હોત. આથી આ જ પુણ્યશાલી છે.

મૂળગાથામાં જે પ્રમાણે ઉદ્દેશ (=નામથી નિર્દેશ) કર્યો હતો તે પ્રમાણે બંને દૃષ્ટાંતો પૂર્ણ થયાં. પ્રસ્તુતમાં ઉપસંહાર આ પ્રમાણે છે:– જે રીતે હરણ અને જીર્ણશ્રેષ્ઠીને દાનનો પરિણામ થયો તે પ્રમાણે દાનનું શુભકીર્તિ, શુભ સ્વર્ગ અને મોક્ષ વગેરે આ લોક સંબંધી અને પરલોકસંબંધી ફળ સાંભળીને કે જોઈને અન્ય જીવને પણ અતિથિસંવિભાગનો અધ્યવસાય થાય. [૧૨૨]

હવે અતિથિસંવિભાગ ન કરવામાં કે અવિધિથી કરવામાં દોષદ્વારને કહે છે:–

**साहूण वरं दाणं, न देइ अह देइ कहवि अमणुण्णं ।**
**नागसिरी इव कडुतुंबदाणओ भमइ संसारे ॥ १२३ ॥**

**ગાથાર્થ**:– જે સાધુઓને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને પ્રસંગને અનુરૂપ શ્રેષ્ઠ દાન ન આપે, અથવા પ્રતિકૂળ દાન આપે તે, કડવી તુંબડીના દાનથી નાગશ્રીની જેમ સંસારમાં ભમે છે.

**ટીકાર્થ**:–આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ કથાથી જાણવો. તે કથા આ છે:–

---

૧. અસંખ્ય અધ્યવસાયોના સમુદાયની કંડક સંજ્ઞા છે.

## નાગશ્રીનું દૃષ્ટાંત

જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રના મધ્યખંડમાં કુબેરની નગરીના જેવી ચંપા નામની સુપ્રસિદ્ધ નગરી હતી. તેમાં સોમ, સોમદત્ત અને સોમભૂતિ નામના ત્રણ બંધુઓ હતા. તે ચૌદ વિદ્યાસ્થાનોને જાણનારા શ્રેષ્ઠ બ્રાહ્મણ હતા. તે ત્રણેને અનુક્રમે નાગશ્રી, ભૂતશ્રી અને યક્ષશ્રી નામની પત્નીઓ હતી. તે ત્રણે અસાધારણ રૂપ, કાંતિ અને લાવણ્યથી યુક્ત હતી. અન્ય દિવસે પરિવાર સહિત તે ત્રણેય બ્રાહ્મણોના ભોજન માટે નાગશ્રીએ રસોઈ શરૂ કરી. તેમાં સાકર વગેરે ઉત્તમ દ્રવ્યોથી (સંસ્કારિત કરીને) એક તુંબડું પકાવ્યું. પરીક્ષા માટે તેને ચાખ્યું તો તે ઝેરી તુંબડું હતું. હા ! ઘણા ઉત્તમ દ્રવ્યોના સમૂહથી તૈયાર કરેલું આ હવે બહાર કેવી રીતે નાખીશ ? આ પ્રમાણે તેણે વિચાર્યું. માસખમણના પારણે ઘરમાં પ્રવેશેલા ધર્મરુચિ મુનિને તેણે જોયા. ઝેરી તુંબડું તેને જ આપી દીધું. મુનિએ પણ વિચાર્યા વિના તેને લીધું. પછી પોતાના સ્થાને આવ્યા. પોતાના ગુરુ શ્રીધર્મઘોષસૂરિને તે બતાવ્યું. તેમણે પણ આ ઝેરી છે એમ જાણ્યું અને ધર્મરુચિ મુનિને કહ્યું. તેથી (તેને પરઠવવા માટે) સ્થંડિલભૂમિમાં ગયા. તેનું એક બિંદુ પરઠવ્યું તેટલામાં તેની ગંધથી આવીને તેના ઉપર પડેલી કીડીઓ મરણ પામી. તેથી આ ઘણા જીવોના ઉપઘાતનો હેતુ છે એમ જાણીને તેને સ્વયં વાપરી ગયા. તેથી તીવ્ર વેદનાને પામ્યા. શુદ્ધપરિણામવાળા તેમણે અરિહંત વગેરેને તથા ધર્માચાર્યને નમસ્કાર કરીને અનશનનો સ્વીકાર કર્યો. શત્રુ-મિત્ર વિષે સમાનભાવવાળા તે સમાધિથી કાળ પામીને સર્વાર્થસિદ્ધમહાવિમાનમાં તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળા ઉત્તમ દેવ થયા. વિશિષ્ટ જ્ઞાનવાળા સૂરિએ પણ ઉપયોગ મૂકીને તેમનો સર્વ વૃત્તાંત જાણ્યો અને સાધુ વગેરે બીજાઓને કહ્યો. તે વૃત્તાંત પરંપરાએ તે (ત્રણ) બ્રાહ્મણોએ સાંભળ્યો. પાપિણી નાગશ્રી ઋષિઘાતનું કારણ હોવાથી તેમણે તેને ઘરમાંથી કાઢી મૂકી. તે જ નગરીની અંદર ભટકતી તે લોકોથી તિરસ્કાર પામતી હતી, અને ભિક્ષા પણ દુઃખથી પામતી હતી. કેટલાક દિવસો બાદ તેને ઉધરસથી આરંભી કોઢ સુધીના દુ:સહ સોળ રોગો થયા. તેથી તેને તીવ્રવેદના થતી હતી. તેવા રોગોથી પીડિત, દીન અને ઉદ્વિગ્ન ચિત્ત-વાળી તે આયુષ્યનો ક્ષય થતાં મરીને છઠ્ઠી પૃથ્વીમાં નારકપણે ઉત્પન્ન થઈ. બાવીસ સાગરોપમ પ્રમાણ પૂર્ણ આયુષ્ય પાળીને મત્સ્યના ભવમાં રહીને તેત્રીસ સાગરોપમના આયુષ્યવાળી સાતમી પૃથ્વીમાં ગઈ. ત્યાંથી ફરી પણ મત્સ્યપણે ઉત્પન્ન થઈ. શસ્ત્ર અને તાપથી હણાયેલી તે ત્યાંથી તે જ પ્રમાણે સાતમી પૃથ્વીમાં નારકોમાં ઉત્પન્ન થઈ. આ પ્રમાણે ગોશાળાની જેમ એક એક નરક પૃથ્વીમાં બે વાર ઉત્પન્ન થઈ. અનંતકાળ સુધી સંસારમાં ભમીને ફરી મનુષ્યપણાને પામી. જંબૂદ્વીપના જ ભરતક્ષેત્રમાં ચંપા નગરીમાં સાગરદત્ત સાર્થવાહની ભદ્રા પત્નીની સુકુમાલિકા નામની પુત્રી થઈ. સુકોમળ

હાથ–પગવાળી તે ઉત્કૃષ્ટ યૌવનને પામી. જિનદત્ત સાર્થવાહનો પુત્ર સાગર તેને પરણ્યો. તેને તેનો સ્પર્શ સિંબલિવૃક્ષના કાંટા જેવો લાગ્યો. પછી શય્યામાં રહેલો તે સુખે સૂતેલી તેને છોડીને જલદી બીજી શય્યામાં ગયો. ત્યાં પણ તે આવી. તેણે તે જ પ્રમાણે છોડી દીધી. તેથી સુકુમાલિકાએ પિતા પાસે જઇને આ વિગત કહી. તેના પિતાએ પણ સાગરના પિતા જિનદત્તને ઠપકો આપ્યો. જિનદત્તે પણ પુત્રને ઠપકો આપ્યો. સાગરે કહ્યું : હે પિતાજી! પ્રજ્વલિત અગ્નિની જ્વાળાઓનાં સમૂહથી કષ્ટ પૂર્વક જોઇ શકાય તેવી ચિતા ઉપર હજી હું આરૂઢ થાઉં, પણ સુકુમાલિકાના સ્પર્શને સહન ન કરું. સાગરદત્તે આ વાત ભીંતના આંતરાથી કોઈ પણ રીતે સાંભળી. તેણે પુત્રીને કહ્યું : હે વત્સે! તને હું બીજાને આપીશ. વિશ્વાસ પામીને તું મારા જ ઘરે રહે, સાસરે ન જા. અન્ય દિવસે સાગરદત્તે એક ભિખારીને જોયો. સ્નાન અને વિલેપન કરાવીને તેને સુકુમાલિકા આપી, અને કહ્યુ કે– મેં તને આ મારી પુત્રી આપી છે. તે તારી પ્રિયપત્ની થશે. તેણે સુકુમાલિકાને સ્વીકારી. પછી તે તેને વાસભવનમાં લઇ ગયો. તેની સાથે સુતેલા તેણે તેનો સ્પર્શ કરવતના જેવો અનુભવ્યો. તે તેને છોડીને જતો રહ્યો. તેથી સુકુમાલિકાએ પિતાને આ વાત કહી. પિતાએ તેને આશ્વાસન આપીને કહ્યું : હે વત્સે! તેં અન્ય-જન્મમાં દૌર્ભાગ્યનું કારણ કોઈ ભયંકર કર્મ કર્યું છે, તેનું આ ફળ ઉપસ્થિત થયું છે, આથી તું વિષાદને છોડી દે. સદા જ દાન વગેરે ધર્મ જ કર, જેથી આગામી ભવમાં પણ તું અપાર દુઃખસમૂહનું કારણ એવા દૌર્ભાગ્યરૂપી કુલનું ભવન ન બને. ત્યારથી તે દાનમાં તત્પર બની. એક વખત તેના ઘરે સાધ્વીઓ ભિક્ષા માટે આવી. તે સાધ્વીઓ ગોપાલિ ( નામની પ્રવર્તિની )ની શિષ્યાઓ હતી. તેમને વહોરાવ્યા પછી વૈરાગ્યને પામેલી સુકુમાલિકાએ તેમનું સ્થાન વગેરે પૂછ્યું. સાધ્વીઓએ સ્થાન વગેરે કહ્યું. રાત્રે તે સાધ્વીઓના સ્થાનમાં ગઈ. ત્યાં તેણે [1]મહત્તરાનાં દર્શન કર્યા અને વંદન કર્યું. તેમણે પણ તેને ધર્મ કહ્યો. પ્રતિબોધ પામેલી તેણે સરળભાવથી સાધુધર્મનો સ્વીકાર કર્યો. એક દિવસ તેણે મહત્તરાને વંદન કરીને કહ્યું : ઘણાં કર્મોનો ક્ષય કરવા માટે તમારી અનુજ્ઞાને પામેલી હું છઠ્ઠના પારણે છઠ્ઠ કરવા પૂર્વક ચંપાનગરીની બહાર સુભૂમિ-પ્રદેશથી દૂર નહિ અને નજીક નહિ તેવા સ્થાને સૂર્યસામે મુખ રાખીને આતાપનામાં તત્પર રહું. મહત્તરાએ કહ્યું : આ શાસનમાં સાધ્વીઓ માટે આ વિહિત (=શાસ્ત્રોક્ત) નથી. આમ છતાં જો તારી ઇચ્છા હોય તો પોતાના ઉપાશ્રયમાં જ રહીને યથાશક્તિ આતાપના કર. સુકુમાલિકાએ મહત્તરાના આ વચનની બરોબર શ્રદ્ધા ન કરી. મહત્ત-રાએ તેને ઘણી રોકી છતાં તે પોતાની ઇચ્છા પ્રમાણે કરવા લાગી. હવે એકવાર સુભૂમિ-પ્રદેશમાં દેવદત્તા વેશ્યાની સાથે વિલાસ કરતા કોઈ પાંચ પુરુષોને તેણે જોયા. વળી–

૧ મહત્તરા એટલે પ્રવર્તિની, અર્થાત્ મુખ્ય સાધ્વી.

એક પુરુષ તેના ઉપર છત્ર ધારણ કરતો હતો, એક ચામર વીંઝતો હતો, એક તેના મસ્તકે મનોહર પુષ્પરચના કરતો હતો, એક ચરણોનું પ્રક્ષાલન કરતો હતો, એકે તેને ખોળામાં બેસાડી હતી. દેવીની જેમ દિવ્યલીલા કરવા માટે રહેલી તેને સુકુમાલિકાએ જોઈ. તેને જોઇને સુકુમાલિકાએ વિચાર્યું : પૂર્વે સુકૃત કરનારી આ ધન્ય છે કે જે આ પ્રમાણે અતિશય ખુશામતમાં તત્પર પુરુષોથી સેવાય છે. જો હમણાં સારી રીતે આચરેલા મારા આ તપનું જો કંઈ પણ ફળ હોય તો અન્ય જન્મમાં હું આ પ્રમાણે પાંચ પુરુષોની પત્ની થાઉં.

આ પ્રમાણે નિયાણું કરનારી તે કર્મોદયથી શરીરબકુશ[1] બની. કેટલોક કાળ રહીને મૃત્યુ પામેલી તે બીજા દેવલોકમાં ગઈ. ત્યાં નવ પલ્યોપમ આયુષ્યવાળી દેવી થઈ. સ્થિતિનો ક્ષય થવાથી ત્યાંથી ચ્યવેલી તે પંચાલ દેશમાં કાંપિલ્યપુર નગરમાં દ્રુપદ રાજાની ચુલની પત્નીના ગર્ભમાં પુત્રી રૂપે ઉત્પન્ન થઈ. જન્મ પામેલી તેનું દ્રૌપદી નામ રાખવામાં આવ્યું. તે વિશિષ્ટ રૂપ વગેરે સંપત્તિથી યુક્ત હતી. વિભૂતિથી તેનો સ્વયંવર મંડપ કરાવ્યો. તેમાં વિવિધ અનેક કોટિ રાજાઓ એકઠા થયા. તે સ્વયંવરમાં (પાંચ) પાંડવો મંચ ઉપર આવ્યા. અર્જુનના ગળામાં નાખવા માટે દ્રૌપદીએ વરમાળા[2] ઊંચી કરી. કુશળ (=અનુકૂળ) પવનના કારણે વરમાળા પાંચ પાંડુપુત્રો ઉપર પડી. દેવોએ ઘોષણા કરી કે આ પાંચની પત્ની છે. વિવાહમહોત્સવ થઇ જતાં દ્રુપદ રાજા વડે વિભૂતિથી સન્માન કરાયેલા તે પાંડવો હસ્તિનાગપુર આવ્યા. પાંચ પાંડવોને પોતાના પ્રાણથી પણ [3]અતિપ્રિય તે દ્રૌપદી પણ હસ્તિનાગપુરમાં પાંડવોની સાથે વિષયસુખ ભોગવતી હતી. આ પ્રમાણે કેટલાક દિવસો પસાર થઇ જતાં કલહપ્રિય નારદ આકાશરૂપી ચોકના માર્ગથી ત્યાં ઓચિંતા આવ્યા. દ્રૌપદીનું મન શરીરશોભા કરનારા આભૂષણોમાં લાગેલું હોવાથી તેણે આવતા નારદને ન જોયા. (આથી તેમનો આદર ન કર્યો.) આથી ગુસ્સે થયેલા નારદ ધાતકીખંડમાં ગયા. ભરતક્ષેત્રમાં ચંપક ઉદ્યાનથી અલંકૃત અપરકંકા નામની નગરીમાં પદ્મનાભ નામનો રાજા હતો. નારદ તેની સભામાં (આકાશમાંથી) ઉતર્યા. રાજાએ પણ સહર્ષ ઊભા થઈને તેમનો સત્કાર કર્યો. તેમને પોતાના અંતઃપુરમાં લઈ

---

૧. હાથ-પગ ધોવા, શરીર ઉપરથી મેલ ઉતારવો, મોઢું ધોવું, દાંત સાફ રાખવા, વાળ ઓળવા વગેરે પ્રકારની શરીરવિભૂષા તરફ લક્ષ્ય રાખે તે શરીરબકુશ છે.

૨ પૂર્વે કોઈનું વર્ણન આવ્યું હોય તેના માટે **तद्** શબ્દનો પ્રયોગ થાય. અહીં પૂર્વે વરમાલાનું વર્ણન આવ્યું નથી. આથી વરમાલાની સાથે **सा** નો અન્વય યોગ્ય નથી. અહીં (૪૯ મી ગાથામાં) **सा** ના સ્થાને **सिरि** એવો પ્રયોગ વધારે સંગત બને એમ મને લાગે છે. અથવા **ता** (=**तदा**) એવો પ્રયોગ વધારે સંગત બને.

૩ અહીં (૫૧ મી ગાથામાં) **अइवल्लहाण भुंजइ** એવા પ્રયોગના સ્થાને **अइवल्लहा पभुंजइ** એવો પ્રયોગ હોવો જોઇએ એમ મને લાગ્યું છે. એથી અર્થ પણ એ પ્રમાણે કર્યો છે.

ગયો. પોતાની સ્ત્રીઓ બતાવીને કહ્યું: તમે બધા વડે સંભળાયેલા છો, અર્થાત્ તમે બધું જ સાંભળેલું છે. (તેથી) જો આવી સ્ત્રીઓ બીજા કોઈની પણ હોય તો કહો. તેથી ત્યાં નારદે કહ્યું : જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં હસ્તિનાપુરનગરમાં જે રૂપવતી સ્ત્રી જોઈ છે તે દેવોને પણ દુર્લભ છે. તે યુધિષ્ઠિર, અર્જુન, [1]ભીમ, સહદેવ અને નકુલ એ પાંચ પાંડવોની ઉત્તમ પત્ની છે, દ્રુપદ રાજાની પુત્રી છે, અને દ્રૌપદી તેનું નામ છે. તેની આગળ તારી સાતે ય સ્ત્રીઓ સદા વાનરીઓના સમૂહ જેવી શોભે છે અને નિપુણ જનોને હાસ્ય ઉત્પન્ન કરનારી છે. કારણ કે– તેનું (જેટલું) અધિક રૂપ છે (તેટલું) સંપૂર્ણ અધિક રૂપ દેવીઓએ પણ પ્રાપ્ત કર્યું નથી, તો પછી મનુષ્યરૂપ આ સ્ત્રીઓથી તો (તેટલું) સંપૂર્ણ અધિક રૂપ દૂર રહો. આ પ્રમાણે દ્રૌપદીનું વર્ણન કરીને નારદ આકાશમંડલમાં ઉડ્યા. કામદેવના બાણોથી હણાયેલા રાજાએ પણ મનમાં વિચાર્યું કે, દ્રૌપદીની સાથે મારો સંગ કેવી રીતે થશે ? હા, મારો પૂર્વભવનો મિત્ર દેવ છે. તેને તપથી જલદી આરાધીને તેની પાસે મોકલું, જેથી તે તેને લાવે.

પછી તેણે તે પ્રમાણે જ કર્યું. દેવ પણ દ્રૌપદીને લઈ આવ્યો. રાજમહેલના ઉદ્યાનમાં તેને રાખીને પદ્મનાભ રાજાની પાસે જઇને કહ્યું. રાજાએ પણ અતિશય સુંદર, બધી રીતે સુખકારી અને સફેદ પુષ્પોથી વિભૂષિત શય્યામાં સુખકારી નિદ્રામાં સૂતેલી, અને અસ્પષ્ટ કોઈક સ્વપ્નને જોતી, તે સ્ત્રીને ત્યાં જોઇ. પછી સૂતેલી તેને પદ્મનાભ રાજાએ સ્ત્રીઓના મનને મુગ્ધ કરનાર, મધુર, પ્રિય અને [2]સરળવચનોથી જગાડી. રાજાએ તેને કહ્યું : હે સુંદરી ! હું તને ભરતક્ષેત્રથી અહીં ધાતકીખંડદ્વીપમાં અપરકંકા નગરીમાં લઇ આવ્યો છું. તેથી તારી નારદે કરેલી ગુણપ્રશંસાથી (તારા વિષે) અનુરાગી બનેલા મને ઇચ્છ, જેથી હે સુંદરી ! તું જીવલોકમાં સારભૂત વિષયસુખને અનુભવે. દ્રૌપદીએ કહ્યું : હે સત્પુરુષ ! જો છ મહિનામાં મારો કોઈ પુરુષ નહિ આવે તો તું જે કહેશે તે હું અવશ્ય કરીશ. એમ થાઓ એ પ્રમાણે તેનું વચન માનીને તે ગયો. તેનાથી કન્યાના અંતઃપુરમાં રખાયેલી તે તપમાં તત્પર બની.

આ તરફ– પ્રાતઃકાળે યુધિષ્ઠિરે દ્રૌપદીને ન જોઈ, એથી કુંતીને કહ્યું. કુંતી કૃષ્ણની પાસે ગઈ અને વૃત્તાંત કહ્યો. આ દરમિયાન આકાશમાર્ગથી ક્યાંકથી મુકુટથી અલંકૃત નારદ ત્યાં જલદી આવ્યા. તેમણે કહ્યું : ધાતકીખંડમાં અપરકંકા નગરીમાં પદ્મનાભ રાજાના રાજમંદિરમાં રોતી પાંડવભાર્યાને મેં જોઈ હતી. પછી કૃષ્ણે અઠ્ઠમતપથી સુસ્થિતદેવને વશ કર્યો. (તેની સહાયથી) રથમાં બેસીને પાંડવોના પાંચ રથોની સાથે

૧ **સુભીમ**=સારો ભીમ.

૨ અહીં **સરલ** શબ્દના સ્થાને **સરસ** શબ્દ હોય તો વધારે ઉચિત ગણાય.

કૃષ્ણ અપરકંકા નગરીમાં ગયા. ચંપક નામના ઉદ્યાનમાં રથોને રાખીને દારુક નામના દૂતને પદ્મનાભની પાસે મોકલ્યો. દૂતે ત્યાં જઈને નિઃશંકપણે કહ્યું કે, મહાન પ્રભાવવાળા કૃષ્ણ લવણસમુદ્ર ઉતરીને અહીં આવ્યા છે. તેથી દ્રુપદપુત્રીને આપી દે, અથવા યુદ્ધ માટે તૈયાર થા. તેણે કહ્યું: પોતાના વધ માટે જલદી લવણ સમુદ્રને તરીને અહીં આવેલ કોઈક કાળો છે કે ધોળો છે તે હું જાણતો નથી. તેથી તેની પાસે જઈને કહે કે, "જેવો આવ્યો છે તેવો જતો રહે, પદ્મનાભના કોપાગ્નિની જ્વાલા માટે પતંગ ન થા." દૂતે પણ કૃષ્ણને આ જણાવ્યું. તેથી પહેલાં પાંડવોની સાથે ભયંકર મહાયુદ્ધ થયું. પછી પાંડવો હારી જતાં કૃષ્ણ રથથી સંગ્રામભૂમિમાં આવ્યા અને શંખ પૂર્યો. તેના શબ્દથી પદ્મનાભનું કેટલુંક સૈન્ય દૂર જતું રહ્યું. પછી કૃષ્ણે ધનુષ ચડાવ્યું. તેના ટંકારથી ક્ષોભ પામેલું બાકીનું સૈન્ય પણ ભાગી ગયું. તેથી પદ્મનાભ પણ નાસી ગયો. અપરકંકાનગરીને ધન, ચોખા, જવ અને સૈંધવ આદિથી પૂર્ણ કરીને તથા અન્ય પ્રવેશી ન શકે તે રીતે સજ્જ કરીને રહ્યો.

આ તરફ વાસુદેવે પણ નરસિંહનું રૂપ (=અર્ધું મનુષ્યનું અને અર્ધું સિંહનું શરીર) કરીને દરવાજા, ઝરુખા અને ગઢસહિત અપરકંકાને પગના પ્રહારરૂપી બાણથી ભાંગી. તેથી ભયભીત બનેલો પદ્મનાભ રાજા દ્રૌપદીના શરણે ગયો. દ્રૌપદીએ કહ્યું: મને કૃષ્ણની પાસે લઈ જઈને તું સ્ત્રીનો વેશ પહેરીને તેના શરણે જા. ભય પામેલા તેણે દ્રૌપદીને કૃષ્ણની પાસે લઇ જઇને તે જ કર્યું. કૃષ્ણે પણ તેને અભય આપ્યું. આ પ્રમાણે કૃતકૃત્ય કૃષ્ણ પોતાની બહેનને પાંડવોને સોંપીને તે જ પ્રમાણે છ રથો વડે જંબૂદ્વીપ તરફ ચાલ્યો. આ તરફ–ધાતકીખંડના પૂર્વભરતાર્ધમાં ચંપાનગરીમાં રહેનાર કપિલ નામથી પ્રસિદ્ધ વાસુદેવ હતો. તે વખતે સાધુઓથી સહિત શ્રી મુનિસુવ્રત તીર્થંકર કપિલ વાસુદેવની નગરીમાં પૂર્ણભદ્ર નામના ઉત્તમ ઉદ્યાનમાં પધાર્યા. તેમની પાસે ધર્મને સાંભળતા કપિલ વાસુદેવે કૃષ્ણે વગાડેલા શંખના ધ્વનિને સાંભળીને જિનેંદ્રને પૂછ્યું: હે ભગવંત! આ કોણ શંખ વગાડે છે? તેથી જિને કહ્યું: હે ભદ્ર! આ જંબૂદ્વીપના ભરતાર્ધનો સ્વામી વાસુદેવ છે. એ દ્રૌપદીને મેળવવા માટે અહીં આવ્યો હતો. શ્રીપદ્મનાભ રાજાને જીતીને અને દ્રૌપદીને લઈને હમણાં પોતાને સ્થાને જઇ રહ્યો છે. હર્ષથી શંખ વગાડતો તે લવણસમુદ્ર આગળ પહોંચ્યો છે. તેથી કપિલે જિનને કહ્યું: જો એમ છે તો તેને જોવા માટે જાઉં. તેની પૂજા કરીને રજા આપીને ફરી પણ હું અહીં આવીશ. તેથી જિને કહ્યું: ઉત્તમપુરુષોનું મિલન થતું નથી. કારણ કે તીર્થંકરો, ચક્રવર્તી, બલદેવ અને વાસુદેવો—આ સુમહાપુરુષો છે, એમનાં પરસ્પર દર્શન થતાં નથી. જિને આ પ્રમાણે કહ્યું છતાં કપિલ રથ વડે ઝડપથી સમુદ્રના કિનારે ગયો, એટલામાં કૃષ્ણ પણ લવણસમુદ્રની મધ્યમાં પહોંચી ગયો.

તેનું અસ્પષ્ટ ધ્વજાચિહ્ન જોઈને કપિલે શંખ વગાડ્યો. કૃષ્ણે પણ એ પ્રમાણે કર્યું. પરસ્પર શબ્દ સાંભળ્યો. પાછો ફરેલો કપિલ અપરકંકા નગરીમાં આવ્યો. પદ્મનાભ રાજાને તે પ્રમાણે (=દ્રૌપદીનું અપહરણ કર્યું એ પ્રમાણે) પતિત થયેલો જોઈને બહાર કાઢી મૂક્યો અને તેના જ પુત્રને રાજ્ય ઉપર બેસાડીને ચંપાપુરીમાં આવ્યો.

કૃષ્ણ પણ સમુદ્ર તરી ગયા. પછી લવણસમુદ્રના અધિષ્ઠાયક સુસ્થિત દેવની પાસે જતા કૃષ્ણે કહ્યું: હે પાંડવો! તમે જાઓ, હું સુસ્થિત દેવની પાસે જઈને આવું ત્યાં સુધીમાં તમે ગંગા નદી ઉતરી જાઓ. તેથી પાંડવો સ્વયં ગંગાનદી ઉતરી ગયા. પણ કૃષ્ણને તે નાવ પાછી ન મોકલી. તેઓ પરસ્પર બોલ્યા કે, આપણે કૃષ્ણનું પરાક્રમ જોઈએ. બાસઠ યોજન પહોળી ગંગા મહાનદીને ભુજાઓથી તરશે કે નહિ તેની પરીક્ષા કરીએ. આ દરમિયાન કૃષ્ણ સુસ્થિત દેવની પાસે જઈને ગંગાના કિનારે આવ્યા. ક્ષણવાર નાવને જોતા રહ્યા. (=નાવ હમણાં આવશે એમ નાવની રાહ જોતા રહ્યા.) નાવ ન આવી એટલે એક ભુજાથી સારથી, ઘોડા અને રથને લઈને બીજી ભુજાથી ગંગાનદીને તરવા લાગ્યા. મધ્યભાગમાં આવ્યા એટલે થાકીને પોતાના મનમાં વિચાર્યું કે, પાંડવો ભુજાઓથી આ મહાનદી કેવી રીતે તર્યા? કૃષ્ણને (=કૃષ્ણ થાકી ગયા છે એમ) જાણીને ગંગાદેવીએ સ્થાન આપ્યું. (=જમીનની જેમ ચાલી શકે તેમ કરી આપ્યું.) કૃષ્ણ બાસઠ યોજન ઓળંગીને કિનારે આવ્યા.

કૃષ્ણે તે વખતે પાંડવોને પૂછ્યું: તમે આ ગંગા કેવી રીતે ઉતર્યા? તેમણે કહ્યું: નાવથી. મને નાવ કેમ ન મોકલી? તેમણે કહ્યું: તમારી પરીક્ષા માટે જ. તેથી ગુસ્સે થઈને કૃષ્ણે પાંડવોને દેશની બહાર જવાની આજ્ઞા કરી. પોતે દ્વારિકામાં ગયા. પાંડવોએ હસ્તિનાપુર જઈને પાંડુને તે દેશની બહાર જવાની કૃષ્ણની આજ્ઞા કહી. તેણે પણ કુંતી દ્વારા કૃષ્ણની પાસે પુત્રો માટે સ્થાનની માગણી કરી. તેથી કૃષ્ણની અનુમતિથી દેવી સહાયથી દક્ષિણ દિશામાં પંડુમથુરા નગરી વસાવીને ત્યાં મજાથી રહ્યા. ત્યાં રહેલા તેમને દ્રૌપદી દેવીથી કોઈ વખત કલ્યાણકારી ગુણોનો પુંજ એવો પંડુસેન નામનો પુત્ર થયો. ક્રમે કરીને યૌવનને પામેલો તે બોતેર કલાઓમાં કુશલ થયો. કોઈ દિવસ ત્યાં કોઈક સ્થવિર પધાર્યા. તેમની પાસે ધર્મ સાંભળીને વિરક્ત-મનવાળા પાંડવોએ પંડુસેનને રાજ્ય ઉપર બેસાડીને દીક્ષા લીધી. દ્રૌપદી દેવી પણ તેમની જ સાથે દીક્ષા લઈને સુવ્રત નામના આર્યાના ઉત્તમ શિષ્યા થઈ. તેણે ક્રમે કરીને અગિયાર અંગો ભણ્યાં. પાંડવો પણ સંપૂર્ણ ચૌદે પૂર્વો ભણ્યાં. તે છઠ્ઠ, અઠ્ઠમ, ચાર ઉપવાસ અને પાંચ ઉપવાસ વગેરે વિશેષ પ્રકારના તપથી કાયાને કષ્ટ આપીને ગુરુની સાથે પૃથ્વી ઉપર વિચરતા હતા. આ તરફ શ્રીનેમિજિન વિહાર કરતાં સૌરાષ્ટ્રદેશમાં પધાર્યા. પાંડવો તેમને વંદન કરવા માટે સ્થવિરને પૂછીને ચાલ્યા. હસ્તકલ્પ નગરમાં

આવ્યા. ત્યાં ભિક્ષા માટે પરિભ્રમણ કરતા તેમણે ભગવાન ઊજ્જયંત પર્વત ઉપર મોક્ષમાં ગયા એમ સાંભળ્યું. તેથી આહાર-પાણીનો ત્યાગ કરીને એ નગરીમાંથી નીકળીને પાદપોગમન ( અનશન ) માં રહેવા માટે શત્રુંજય ઉપર ચડ્યા. જેમને અનંતજ્ઞાન ( =કેવળજ્ઞાન ) ઉત્પન્ન થયું છે એવા પાંડવો શીઘ્ર શાશ્વતસુખવાળા મોક્ષમાં ગયા. કાળે કરીને દ્રૌપદી સાધ્વી પણ વિધિથી મરણ પામીને બ્રહ્મલોક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થઈ. ત્યાં તેનું દશ સાગરોપમનું આયુષ્ય હતું. ત્યાંથી ચ્યવીને તે મહાવિદેહમાં સિદ્ધ થશે. આ પ્રમાણે અહીં સંક્ષેપથી દ્રૌપદીનું ચરિત્ર કહ્યું, વિસ્તારથી જ્ઞાતાધર્મકથા સૂત્રમાંથી જાણી લેવું. હે ભવ્યો! આ પ્રમાણે સાધુઓને પ્રતિકૂળ આહારનું દાન દ્રૌપદીને ભવભ્રમણનું કારણ થયું એમ જાણીને ક્યારે પણ સાધુઓને પ્રતિકૂળ આહારનું દાન ન કરો. આ પ્રમાણે નાગશ્રીનું દૃષ્ટાંત પૂર્ણ થયું. [૧૨૩]

હવે ગુણદ્વાર કહે છે –:

**जं जोग्गं थेवंपि हु, तं तेसिं देंति धम्मसद्धाए ।**
**कयपुण्णसालिभद्दो, व सावगा ते सुही होंति ॥ १२४ ॥**

**ગાથાર્થઃ**– જે શ્રાવકો સાધુઓને જે યોગ્ય હોય તે થોડું પણ સાધુઓને ધર્મ-શ્રદ્ધાથી આપે છે તે શ્રાવકો કૃતપુણ્ય અને શાલિભદ્રની જેમ સુખી થાય છે.

**ટીકાર્થઃ**– ધર્મશ્રદ્ધાથીઃ– દુર્ગતિમાં જતાં જીવોને ધરી રાખવાથી અને સુગતિમાં મૂકવાથી ધર્મ કહેવાય છે. કહ્યું છે કેઃ–

**"દુર્ગતિમાં જતા જીવોને ધરી રાખે, અર્થાત્ જીવોને દુર્ગતિથી બચાવે, અને શુભગતિમાં ધરે, અર્થાત્ શુભગતિમાં પહોંચાડે, તે ધર્મ, એવી ધર્મશબ્દની વ્યાખ્યા છે."**

શ્રદ્ધા એટલે પોતાની ઇચ્છા. ધર્મમાં પોતાની ઇચ્છા તે ધર્મશ્રદ્ધા, અર્થાત્ કોઈના દબાણ વગેરેથી નહિ, કિંતુ સ્વેચ્છાથી ધર્મ કરવો તે ધર્મશ્રદ્ધા. ધર્મશ્રદ્ધાથી દાન આપે. આ વિષે અન્ય દર્શનકારોએ પણ કહ્યું છે કે :–

"શ્રદ્ધાયુક્ત, શુદ્ધમનવાળા અને પવિત્ર એવા જીવે સાધુઓને સત્કારીને દેશમાં અને કાળમાં જે કલ્પ્ય હોય તેનું દાન આપવું જોઈએ."

**તાત્પર્યાર્થઃ**– સુભિક્ષ–દુર્ભિક્ષ વગેરે કાળ, માર્ગ, ગામ વગેરે ક્ષેત્ર અને ગ્લાન–નિરોગ વગેરે અવસ્થાને યોગ્ય થોડી પણ આપવા યોગ્ય વસ્તુ સુસાધુઓને શ્રદ્ધાથી પુલકિત શરીરવાળા બનીને જેઓ આપે છે, તેઓ સ્વર્ગ–મોક્ષ વગેરેના અનુપમસુખના ભાગી બને છે.

આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો બે કથાઓથી જાણવો. બે કથાઓમાં પહેલી કથા આ છેઃ—

## કૃતપુણ્યનું દૃષ્ટાંત

વિજયપુર નામના શહેરમાં વિજયસેન રાજા નીતિથી ધનભંડાર, કોઠાર વગેરે સંપત્તિથી સમૃદ્ધ અને સાત અંગવાળા રાજ્યનું પાલન કરતો હતો ત્યારે, ધનવસુ શેઠને પદ્મશ્રી પત્નીથી વસુદત્ત નામનો પુત્ર થયો. તેનો જન્મ થતાં જ ધનવસુ શેઠ મૃત્યુ પામ્યો. તેનું મૃત્યુ થતાં સૂર્યાસ્ત થતાં વિશ્વમાં પ્રકાશનું કારણ કિરણસંપત્તિ જેમ નાશ પામે તેમ તેનું સઘળું ધન નાશ પામ્યું. પદ્મશ્રી ખિન્ન બની ગઈ. ત્યાં પોતાના નિર્વાહને નહિ જોતી તેણે વિચાર્યું: માન એ જ જેમનું ધન છે એવા લોકોને ધન અને માન ન રહે ત્યારે વિદેશમાં જવું એ જ ઉચિત છે, નોકરી આદિથી જીવન નિર્વાહ કરીને સ્વદેશમાં જ રહેવું ઉચિત નથી. આ પ્રમાણે વિચારતી તે વસુદત્ત પુત્રને લઈને શ્રીપુર નામના નગરમાં ગઈ. ત્યાં કોઇ શેઠનો આશ્રય લઈને રહી. વસુદત્તને તે શેઠના જ ઘરે વાછરડાઓનું પાલન કરવા રાખ્યો. શેઠના સંબંધથી પાડોશી લોકોના વાછરડાઓની પણ સંભાળ તે જ રાખવા લાગ્યો. પછી કેટલાક દિવસો જતાં એકવાર તે વાછરડાઓને ચારવા માટે નગરની બહારની ભૂમિમાં ગયો. ત્યાં તેણે એક મહામુનિને જોયાં અને ભાવપૂર્વક વંદન કર્યું.

તે દિવસે તે નગરમાં લોકોનો ખીર ખાવાનો મહોત્સવ હતો. તેથી આ વસુદત્ત બાળક કોઇક સમયે વાછરડાઓને ચરાવીને ઘરે આવ્યો ત્યારે તેણે ઘરે ઘરે ખીર રંધાતી જોઈ. તેણે માતા પાસે માગણી કરી કે, હે મા! મને આજે ખીર આપ. માતાએ સ્વપતિના કાળને યાદ કરીને વિચાર્યું: દુઃખે કરીને રોકી શકાય એવા ભાગ્યના વિલાસને જો. આ ધનવસુ શેઠનો પુત્ર થઇને કેવી રીતે અન્યથી દયા કરવા યોગ્ય અવસ્થાને પામ્યો? એ મારી માતાને આટલી પ્રાપ્તિ ક્યાંથી થાય? એ જાણતો નથી. હા, અમારા પુત્રે લોકોથી જે કહેવાય છે તે સત્ય કર્યું. તે આ પ્રમાણેઃ—**"ચોરો, બાળકો, બ્રાહ્મણો, શ્રમણો અને રાજાઓ આ પાંચ બીજાઓની પીડાને જાણતા નથી."**

આ પ્રમાણે વિચારતી તેણે રડવાનું શરૂ કર્યું. તેનું રુદન સાંભળીને પાડોશી સ્ત્રીઓને દયા આવી. તેમણે આવીને પૂછ્યું: હે બહેન! કહ કહ એવા ધ્વનિથી તારા ગળાનો માર્ગ અટકી ગયો છે, અર્થાત્ તારું ગળું રહી ગયું છે, તું આ રીતે કેમ રડે છે? તને શું નથી મળતું? જો કહેવામાં વાંધો ન હોય તો કહે. તેથી તેણે કહ્યું: જેનો આવો વિલાસ છે તે મારા ભાગ્યને જ તમે પૂછો. આમ કહીને તેણે પુત્રનો

વૃત્તાંત કહ્યો. તેમણે કહ્યું : જો એમ છે તો તું રડ નહિ. અમે જ ખીરની સામગ્રી મેળવી આપીશું.

પછી કોઈએ ચોખા, કોઇએ દૂધ, કોઈએ ગોળ–ખાંડ વગેરે એને આપ્યું. આ આપીને તેમણે કહ્યું : આ સામગ્રીથી તારે સવારે પુત્રના મનોરથો પૂરા કરવા. બીજા દિવસે સવારે જ તેણે વસુદત્તને કહ્યું : હે વત્સ આજે તારા લાયક ખીર કરીશ. આથી તારે જલદી આવવું. આથી તે બે પ્રહર જેટલો સમય થતાં આવી ગયો. ઘરમાં ભોજન કરવા માટે બેઠો. માતાએ ખીરની થાળી ભરીને તેને આપી. આ દરમિયાન તેને પૂર્વે જે મહામુનિનાં દર્શન થયાં હતાં તે જ મહામુનિ માસખમણના પારણે આવ્યા. તેમણે કોઈ પણ રીતે તેના જ ઘરમાં પ્રવેશ કર્યો. ઉલ્લસિત ભક્તિવાળા વસુદત્તે મુનિને જોયા. તેણે વિચાર્યું : ખરેખર ! હું પણ કંઇક પુણ્યનો ભાજન છું, જેથી આવી સામગ્રી મને મળી. કારણ કે કહ્યું છે કે–“ **પૃથ્વીમાં કેટલાક માણસોને ચિત્ત અને વિત્ત મળે છે, પણ દાનને યોગ્ય પાત્ર મળતું નથી. બીજાઓને ગુણવાન પાત્ર પ્રાપ્ત થાય છે, પણ ઉચિત ચિત્ત અને વિત્ત પ્રાપ્ત થતાં નથી. કેટલાકને ચિત્ત હોય છે, પણ વિત્ત અને પાત્ર હોતાં નથી. કોઇને ચિત્ત અને પાત્ર હોય છે, પણ ધન ન હોય. કોઇકને ચિત્ત હોય છે, પણ વિત્ત અને પાત્ર હોતાં નથી. [1]બંને તેટલાં દુર્લભ નથી, જેટલાં સમગ્ર (=ત્રણે) દુર્લભ છે.** ” આ પ્રમાણે વિચારતા તેનું શરીર અતિશય શ્રદ્ધાથી થયેલા ઘણા રોમાંચોના સમૂહથી યુક્ત બન્યું. આવી વિચારણા કરતાં અને આવી દયાથી તેણે ખીરની થાળી લઇને ત્રીજા ભાગનું મુનિને વહોરાવીને ચિત્તમાં વિચાર્યું કે, આ બહુ થોડું છે, આનાથી મુનિનો અર્ધો આહાર પણ નહિ થાય, આથી ફરી ત્રીજો ભાગ વહોરાવ્યો. [2]હજી પણ આ ઓછું છે, પૂર્ણ નહિ થાય. જો આની અંદર બીજું ખરાબ અન્ન પડશે તો આ પણ નાશ પામશે= બગડી જશે. અથવા આ મહામુનિ કેટલું ફરશે ? તેથી સંપૂર્ણ જ આપું. આ પ્રમાણે વિચારતા તેણે ફરી બધી જ ખીર મુનિના પાત્રમાં નાખી. મુનિ તે લઇને ગયા. તેની માતાએ તેને બીજી ખીર આપી. તેણે ઇચ્છા મુજબ ખીર ખાધી. ભોજન કર્યા પછી વાછરડાઓને ચારવા માટે તે જંગલમાં ગયો.

ભવિતવ્યતાના કારણે તે દિવસે વર્ષાદ થયો. તેના ભયથી વાછરડાં જુદી જુદી દિશાઓમાં ચાલ્યાં ગયાં. તેમને ભેગા કરતાં સૂર્યાસ્ત થઇ ગયો. અંધકારના સમૂહથી

---

૧. ચિત્ત અને વિત્ત, ચિત્ત અને પાત્ર, વિત્ત અને પાત્ર એમ બે બે. સમગ્ર=ચિત્ત, વિત્ત અને પાત્ર એ ત્રણ.

૨. **हन्त** અવ્યય ખેદ કે અનુકંપા અર્થમાં છે.

ઊંચા–નીચા વિભાગો નહિ દેખાવાના કારણે રાત્રિ કષ્ટથી ચાલી શકાય તેવી બની ગઈ. નગરના દરવાજા બંધ થઈ ગયા. તેથી તે નગરના દ્વાર આગળ જ ગઢની ભીંતના ખૂણાનો આશ્રય લઇને રહ્યો. કેટલાક સમય બાદ શીતપવન વગેરેથી દુઃખી કરાતા એને સ્નિગ્ધ આહારના અજીર્ણ દોષથી વિશૂચિકા ( =પેટપીડા ) થઈ. અત્યંત ગાઢ શૂલ ઉપડયું. તેનાથી તે મૃત્યુ પામ્યો. સ્વભાવથી જ ભદ્રક વગેરે મધ્યમ ગુણોના યોગથી એણે મનુષ્ય આયુષ્ય બાંધ્યું હતું. રાજગૃહનગરમાં ધન શેઠની કુવલયાવલી નામની પત્ની હતી. તેને એક પણ સંતાન થયું ન હતું. આથી તે પુત્ર માટે અનેક માન્યતાઓ કરીને ખિન્ન બની ગઇ હતી. વસુદત્ત તેના પુત્ર તરીકે ઉત્પન્ન થયો. બારમા દિવસે એનું કૃતપુણ્યક એવું નામ પાડયું. આઠ વર્ષનો થયો ત્યારે તેને કળાઓનો અભ્યાસ કરાવ્યો. ઉત્તમ યૌવનને પામ્યો ત્યારે ધનશેઠે તેને વૈશ્રમણશેઠની કન્યા કાંતિમતી પરણાવી. એકવાર કોઈ પણ રીતે માધવસેના વેશ્યાના ઘરમાં તેણે પ્રવેશ કર્યો. ત્યાં તેણે માધવસેનાને જોઈ. તે મનોહરરૂપથી અતિશય શોભતી હતી, કામની જાણે કે ત્રિભુવન ઉપર મેળવેલા વિજયની સૂચક જયપતાકા ન હોય તેવી હતી, સર્વ અંગોના આભૂષણોથી અલંકૃત શરીરવાળી હતી, પલંગના મધ્યભાગમાં બેઠી હતી, મોટા મણિના આરીસામાં પોતાના શરીરની શોભા જોઈ રહી હતી. આવી માધવસેનાને જોઇને તેણે વિચાર્યું : અહો ! આનું લાવણ્ય ! અહો ! જગતને જીતનારું રૂપ ! અહો ! વિશ્વને વિસ્મય કરનારી સૌભાગ્યસંપત્તિ ! આ દરમિયાન માધવસેનાએ પણ તેને જોયો. તેણે ઊભી થઈને વિલાસ સહિત અનેક કળાપૂર્વક વાત–ચીતોથી તથા કટાક્ષ સહિત નિરીક્ષણોથી જેનું હૃદય (માધવસેના તરફ) ખેંચાઈ રહ્યું છે એવા તેને વિનયસહિત પલંગ ઉપર બેસાડ્યો. તેના પ્રત્યે અનુરાગથી પરવશ મનવાળા તેણે પણ પોતાના ઘરેથી પુષ્પ અને તાંબૂલ વગેરે મંગાવીને એની ઉચિત સેવા કરી. તેના વિયોગને સહન ન કરનાર તે તેના ઘરે જ તેની સાથે રહ્યો. કામભોગમાં આસક્ત અંતઃકરણવાળો તે દરરોજ માધવસેનાની [1]કુટ્ટણીને ભાડાનું મૂલ્ય એક સો આઠ સોનામહોરો આપતો હતો. આ તેની માતા મોકલતી હતી.

પોતાના ઘરેથી આવતા ભોગસાધનોનો તે સતત ઉપયોગ કરતો હતો. આ રીતે તેણે બાર વર્ષ પસાર કર્યા. તે વખતે ક્યારેક તેના માતા–પિતા મૃત્યુ પામ્યા. તેને એની ખબર ન પડી. તેની પત્ની કાંતિમતી તે જ પ્રમાણે સોનામહોર વગેરે મોકલતી હતી. કેટલાક દિવસો બાદ સઘળું ધન પૂર્ણ થઈ ગયું. એક દિવસ તેણે ચોખાની કણિક સહિત પોતાનું આભૂષણ મોકલ્યું. આ જોઈને માધવસેનાની કુટ્ટણીએ વિચાર્યું : અહો ! પતિવ્રતાપણાનું પાલન કરતી જેણે પતિની ભક્તિથી પોતાનું આભરણ પણ

---

૧. વેશ્યાઓ ઉપર કાબૂ રાખનારી વડિલ સ્ત્રી.

મોકલ્યું તે મહાસતી છે! વળી ચોખા આદિ સહિત આભૂષણ મોકલ્યું તેનાથી એણે પોતાની આજીવિકા જેટલું જ ધન બાકી રહ્યું છે એમ સૂચન કર્યું છે. તેથી આ લેવું યોગ્ય નથી. તેથી પોતાના એકસો આઠ [1]દ્રમ્મથી તેના આભૂષણની પૂજા કરીને તેને જ પાછું મોકલી આપ્યું. પછી તેણે માધવસેનાને કહ્યું: હે વત્સે! હમણાં આ કૃત-પુણ્યક રસરહિત અળતા તુલ્ય છે, આથી એને છોડી દે. માધવસેનાએ કહ્યું: હે મા! એની કૃપાથી આપણે ઘણું ધન મેળવ્યું છે. આથી એનો ત્યાગ કરવો યોગ્ય નથી. કુટ્ટણીએ કહ્યું: હે પુત્રી! તું વેશ્યાઓના આચારની જાણકાર નથી. કારણ કે વેશ્યાઓ ઋજુસૂત્ર નયના અભિપ્રાયવાળાઓની જેમ ભૂતકાળ અને ભવિષ્યકાળનો ત્યાગ કરીને વર્તમાનકાળમાં જ આદર કરે છે. હમણાં તો આ મુનિની જેમ ધનરહિત છે. તેથી એનાથી શું? તેથી માધવસેનાની ઈચ્છા ન હોવા છતાં તેણે કૃતપુણ્યનું અપમાન કર્યું. બીજાઓ તો કહે છે કે, દારૂ પીવડાવીને ખબર ન પડે તે રીતે કાઢી મૂકયો. પોતાના ઘરે ગયો. પોતાની પત્નીએ ચરણપ્રક્ષાલન વગેરે ક્રિયા કરી. પછી માતા–પિતાના મૃત્યુનો વૃત્તાંત જાણ્યો. ચિત્તમાં અતિશય ખેદ કર્યો. કેટલાક દિવસ રહીને કાંતિમતીની કુક્ષિમાં ગર્ભનું સ્થાપન કરીને વહાણથી વેપાર કરનારા વેપારીઓ સાથે (સમુદ્રના) બીજા કાંઠે જવા તૈયાર થયો. સાંજના સમયે પોતાના ઘરથી નીકળીને નગરની બહાર વસેલા સાર્થની નજીક દેવમંદિરમાં પોતાની પત્નીએ પાથરેલા ખાટલામાં સૂતો.

આ તરફ તે જ રાજગૃહમાં સૂર નામનો શેઠ ચાર પત્નીઓ સહિત પોતાની માતાને મૂકીને પોતે વેપાર કરવાની બુદ્ધિથી દિશાઓમાં પરિભ્રમણ કરવા ગયો. તે કોઈ પણ રીતે પરદેશમાં જ મૃત્યુ પામ્યો. કોઈએ સૂરશેઠ મૃત્યુ પામ્યા છે એવા સમાચાર ચિઠ્ઠી દ્વારા તેની માતાને મોકલાવ્યા. માતાએ પણ પોતાની વહુઓને એકાંતમાં વિગત જણાવીને કહ્યું: તમે પુત્રરહિત છો. તેથી ધન રાજકુલમાં જશે. (=રાજા લઈ લેશે.) માટે તમે પુત્રની ઉત્પત્તિ માટે અને ધનના રક્ષણ માટે કોઈ અન્ય પુરુષને પ્રવેશ કરાવો. તેમણે કહ્યું: હે મા! કુલવધૂ એવી અમને આ ઉચિત નથી. માતાએ કહ્યું: તમે જાણતી નથી. અવસ્થાને ઉચિત પ્રવૃત્તિ કરવામાં સ્મૃતિશાસ્ત્રમાં દોષ કહ્યો નથી. કહ્યું છે કે–**૧ પતિ નાશી ગયો હોય, ૨ મરી ગયો હોય, ૩ દીક્ષિત થયો હોય, ૪ નપુંસક હોય કે ૫ દુરાચારી બન્યો હોય, આ પાંચ આપત્તિઓમાં સ્ત્રીઓનો અન્ય પતિ કરવામાં આવે છે.** વળી–"કુંતીએ ધર્મરાજાથી યુધિષ્ઠિરને, વાયુથી ભીમને અને ઈંદ્રથી અર્જુનને ઉત્પન્ન કર્યો" ઈત્યાદિ લોકશ્રુતિ છે. કુંતી અકુલીન નથી. તેથી અવસરથી આવેલું આ પણ

---

૧. તે વખતનું ચલણી નાણું.

કરવું જોઈએ. આ પ્રમાણે સાસુના વચનને માનીને વહુઓએ એ સ્વીકાર્યું. કારણ કે **"એક તો અનાદિ કાળથી સંસારમાં રહેલા જીવોએ આ વિષયસુખનો સદા અભ્યાસ કર્યો છે, તેમાં વળી જો એ વિષે વડિલજનની આજ્ઞા પણ મળી, તો ખરેખર! ઇંદ્રિયોનો મહાન મહોત્સવ થયો. આ તો ઘરડા બિલાડાને દૂધની પાસે રાખ્યો એ ન્યાય થયો."** તેથી તેઓ તે જ રાતે પુરુષને શોધવા માટે પ્રવૃત્ત થઈ તેટલામાં સાર્થની નજીક દેવમંદિરમાં ખાટલા ઉપર ભર ઊંઘમાં સૂતેલા એકલા કૃતપુણ્યકને જોયો. ભર ઊંઘમાં પડેલા તેને ખાટલા સહિત ઉપાડીને પોતાના ઘરે લઈ ગઈ. તેને મહેલમાં રાખીને રોવા લાગી, વચ્ચે વચ્ચે બોલતી હતી કે, તમે ઘણા કાળથી આવ્યા, આટલો કાળ ક્યાં રહ્યા? અમારા વિરહમાં તમોએ સુખ કે દુઃખ શું અનુભવ્યું? નહિ જોયેલું, નહિ સાંભળેલું અને નહિ અનુભવેલું વેશ્યા સંબંધી આ શું છે? એમ વિચારતા કૃતપુણ્યકે પણ શૂન્યપણે હુંકાર વગેરે આપ્યું. જે થાય તે થાઓ, કાર્યના પરિણામને જોઉં, એવા આશયથી તે ત્યાં જ રહ્યો. તેમની સાસુએ તેને કહ્યું : હે વત્સ! પૂર્વજન્મમાં ઉપાર્જન કરેલા ઉત્તમ પુણ્યસમૂહના પ્રભાવથી પ્રાપ્ત થતા સર્વ ઈચ્છિત પદાર્થોને અને આ ચાર દિવ્ય પત્નીઓ સાથે ઉદાર ભોગોને ભોગવ. આ બધી ય લક્ષ્મી તારી છે. તેથી તને સુખ ઉપજે તેમ આ પદાર્થોના ત્યાગ અને ભોગમાં તત્પર રહે. તેણે પણ કહ્યું : હે મા! તું જેમ કહે છે તેમ કરું છું. મહાનિધાનને પ્રાપ્ત કરી લેનાર કોણ દરિદ્રતાને ઇચ્છે? એમ કહીને તે ત્યાં જ રહ્યો. કામ–ભોગમાં આસક્ત મનવાળા એના દિવ્ય દેવલીલાથી બાર વર્ષો પસાર થઈ ગયાં. તે ચારેને પુત્રો થયા. આ દરમિયાન ફરી સાસુએ વહુઓને એકાંતમાં રાખીને કહ્યું : તમને પુત્રો થઈ ગયા છે, ઇચ્છિત દ્રવ્યની રક્ષા થઈ ગઈ છે. તેથી એને બહાર કાઢો, આ પરપુરુષને રાખવાથી શું? તેમણે કહ્યું : આટલો વખત રાખીને હવે એનો ત્યાગ કરવો એ ઉચિત નથી. જો તમારો આગ્રહ હોય તો એના યોગ્ય કંઈ પણ ભાતું આપીને એનો ત્યાગ કરીએ. સાસુએ કહ્યું : એમ થાઓ. તેથી ભાતાને યોગ્ય મોદકોમાં ચંદ્રકાંત અને જલકાંત વગેરે રત્નોને નાખીને એ મોદકોની એક થેલી ભરી. ભવિતવ્યતાના કારણે અર્ધીરાતના સમયે લોકો ભરઊંઘમાં સૂતેલા હતા ત્યારે જ તે જ 'સાર્થે[1] અન્ય દેશથી આવીને તે જ સ્થાનમાં પડાવ નાખ્યો. સ્ત્રીઓએ કૃતપુણ્યકના ખાટલામાં ઓશીકા આગળ ભાતાની થેલી મૂકી દીધી. પછી પૂર્વ પ્રમાણે જ ખાટલામાં સૂતેલા અને મદિરાના ઘેનથી ચેતનારહિત બનેલા કૃતપુણ્યકને (ખાટલા સહિત) લઈને તે જ દેવમંદિરમાં મૂકી દીધો.

---

૧. પૂર્વે જે સાર્થની સાથે જવા કૃતપુણ્યક તૈયાર થયો હતો તે સાર્થ.

કેટલાક સમય પછી કૃતપુણ્યકને ચૈતન્ય આવ્યું. આથી તે શું આ સ્વપ્ન છે કે સાચું છે ઇત્યાદિ વિચારવા લાગ્યો. તેની પત્ની સાર્થના આગમનના સમાચાર જાણીને રાત લગભગ પૂર્ણ થઇ ગઈ ત્યારે તે સ્થાને આવી. ઓશીકા પાસેથી ભાતાની થેલી લઇને અને ખાટલાને ઉપાડીને કૃતપુણ્યકને પોતાના ઘરે લઇ ગઈ. એના શરીરનું લાવણ્ય અખંડ હતું. એનાથી વિવિધ વિલાસોને અનુભવવાના કારણે એનું શરીર તંદુરસ્ત જણાતું હતું. એણે કપૂર અને કસ્તૂરી વગેરેની દિવ્ય સુગંધથી દિશાઓના મધ્યભાગોને વાસિત કરી દીધા હતા હતા. પત્નીએ સ્નાન વગેરે ઉચિત કાર્યો કરાવવાનું શરૂ કર્યું. આ દરમિયાન પાઠશાળાથી તેનો પુત્ર આવ્યો. માતાએ તેને એના ચરણોમાં પ્રણામ કરાવ્યા. પછી તે બોલી: આ તમારો પુત્ર છે. પુત્રે પણ માતાને કહ્યું: મને ભોજન આપ, જેથી ભોજન કરીને પાઠશાલામાં જઇને ભણું. તેથી કાંતિમતીએ તે જ થેલીમાંથી એક મોદક તેને આપ્યો. મોદક ખાતા તેણે તેમાં એક મણિ જોયો. મણિ લઈને પાઠ-શાળામાં ગયો. બીજા વિદ્યાર્થીઓને તે મણિ બતાવ્યો. તેમણે કહ્યું: જો આને કંદોઈની દુકાને [1]વેચવામાં આવે તો ઇષ્ટ ખાવાનું મળે. તેથી તેણે તે પ્રમાણે જ કર્યું. આ તરફ કાંતિમતીએ મોદકો વાપરવાનું શરૂ કર્યું ત્યારે વિચિત્ર પ્રકારના મણિઓ મળ્યા. તેથી તેણે કૃતપુણ્યકને પૂછ્યું: શું ચોરોના ભયથી આ મણિઓ આ પ્રમાણે કર્યા છે? તેણે કહ્યું: એ પ્રમાણે જ છે. એકવાર શ્રેણિક રાજાનો સેચનકહાથી પાણી પીવા માટે સરોવરમાં ઉતર્યો. પાણીમાં પ્રવેશેલા તેને ઝુડ નામના જલચર પ્રાણીએ પકડ્યો. (કોઈ પણ રીતે) છોડાવી શકાતો ન હતો. અભયકુમારને આ બીના જણાવી.

અભયકુમારે પડહ વગાડીને ઘોષણા કરાવી કે, જે આ હાથીને ઝુડથી છોડાવશે તેને રાજા રાજ્યની અર્ધી લક્ષ્મી સાથે પોતાની પુત્રી આપશે. તેથી આ ઘોષણાને સાંભળીને તે કંદોઈએ કૃતપુણ્યકના પુત્રની પાસેથી મેળવેલા જલકાંત મણીથી હાથીને છોડાવ્યો. પછી તે રાજાની પાસે ગયો. રાજાએ અભયકુમારને કહ્યું: નીચ જાતિવાળા આ કંદોઈના પુત્રને પુત્રી કેવી રીતે આપવી? તેથી અભયકુમારે કંદોઇને કહ્યું: તને આ મણિ ક્યાંથી મળ્યો? રાજકુલના ભંડારને અને શ્રીમંત શેઠના ઘરને છોડીને બીજે આવાં રત્નોનો સંભવ નથી. તેથી સત્ય કહે. અન્યથા રાજા તને મહાદંડથી દંડ કરશે. કંદોઈએ કહ્યું: જો સાચું પૂછો તો કૃતપુણ્યકના પુત્ર પાસેથી મળ્યો છે. તેથી કૃતપુણ્યકને બોલાવ્યો. તેને અર્ધરાજ્યની લક્ષ્મી સાથે પુત્રી આપી. કોઈ સમયે કોઇ વાતના અવસરે અભયકુમારે કૃતપુણ્યકને પૂછ્યું: કયા દેશોમાં તમે પર્યટન કર્યું? અને અસંભવિત આ રત્નો ક્યાંથી મેળવ્યાં? કૃતપુણ્યકે કહ્યું: જો સાચું પૂછો છો તો હું રાજગૃહ નગરથી બીજે ક્યાંય ગયો નથી. પછી મૂળથી આરંભીને બધો

૧. **ક્ષિપ્** ધાતુનો ફેંકવું, પ્રેરણા કરવી એવો અર્થ છે. પણ અહીં 'વેચવું' એવો ભાવાર્થ કર્યો છે.

સ્વવૃત્તાંત કહ્યો. પણ તેના ઘરમાં હું કેવી રીતે પ્રવેશ્યો અને કેવી રીતે નીકળ્યો તે હું જાણતો નથી. તેથી અભયકુમારે વિચાર્યું : અહો! વણિકપત્નીનું બુદ્ધિકૌશલ્ય! જેનાથી અમે પણ જિતાયા. પછી અભયકુમારે દેવમંદિર કરાવ્યું. તેમાં અસલ કૃતપુણ્યકના જેવી કૃતપુણ્યની કળીચુનાની પ્રતિમા કરાવી. નગરમાં પડહ વગડાવીને ઘોષણા કરાવી કે, આ નગરમાં જે કોઈ સ્ત્રીઓ હોય તેમણે પોતાના પુત્ર અને પૌત્ર વગેરેની સાથે આ દેવમંદિરમાં આવીને નૂતન પ્રતિષ્ઠિત પ્રતિમાની પૂજા કરવી. તેથી તે ઘોષણાને સાંભળીને નગરની બધી જ સ્ત્રીઓ આવવા લાગી. બીજા દિવસે તે શ્રેષ્ઠિપત્ની પણ પોતાના પુત્રસહિત ચાર વહુઓની સાથે તે દેવમંદિરમાં આવી. કૃતપુણ્યકે તેને જોઈને અભયકુમારને કહ્યું. આ દરમિયાન તે બાળકો દેવમંદિરમાં રહેલી કૃતપુણ્યકના જેવા આકારવાળી પ્રતિમાને જોઇને તે આ અમારા પિતા છે એમ બોલતા જલદી જ પ્રતિમાના ખોળામાં જઈને બેસી ગયા. તેથી અભયકુમારે તે શ્રેષ્ઠિપત્નીને બોલાવી, અને ભયંકર ભ્રકુટી બતાવીને કહ્યું કે, જો કે તું મહાન દંડને યોગ્ય છે, તો પણ તને દંડ કરતા નથી. ફક્ત વહુઓ સહિત ઘરનો સાર કૃતપુણ્યકને આપ, અન્યથા તું નહિ રહે. આ પ્રમાણે તેને ગભરાવીને કૃતપુણ્યકને તેના ઘરનો સ્વામી કર્યો. કૃતપુણ્યકે ફરી પણ તે ચારેય પત્નીઓનો સ્વીકાર કર્યો.

તે માધવસેનાએ પણ પોતાની માતાએ જ્યારથી કૃતપુણ્યકને ઘરમાંથી કાઢ્યો ત્યારથી જ શરીરના શણગારનો ત્યાગ કર્યો, વેણીને બાંધી રાખી, અર્થાત્ વાળ ઓળવાનો ત્યાગ કર્યો. સતત તેની શોધ કરવા છતાં તે મળ્યો નહિ. તેણે અન્ય પુરુષનો ત્યાગ કર્યો. તે વખતે દેવમંદિરમાં વૃત્તાંત જાણીને યક્ષની પૂજા કરવા આવી. ત્યાં તેણે અભયકુમારની સાથે પ્રેમની વાત કરતા કૃતપુણ્યકને જોયો. અનુપમ આનંદને અનુભવતી તે કૃતપુણ્યકને મળી. તેણે કૃતપુણ્યકને કહ્યું : મારા પુરુષો બાર વર્ષ સુધી વિશ્વમાં સંપૂર્ણ પૃથ્વીમંડલમાં ફર્યા, તો પણ ક્યાંય તમારા સમાચાર ન મળ્યા પણ આજે રાત્રિના છેલ્લા પ્રહરમાં સ્વપ્નમાં તમારા જેવા કોઈએ પ્રિયાની જેમ મને આલિંગન કર્યું, અને હું જાગી ગઇ. ઘરમાંથી નીકળતી હતી ત્યારે શુભ શકુન થયા, અને ડાબી આંખ ફરકવી વગેરે થયું. આ બધું જે રીતે થયું તેનાથી મેં જાણ્યું કે ચોક્કસ આજે પ્રિય આપની સાથે મારાં દર્શન (=મારો મેળાપ) થશે. તેથી આ મારા માટે પુણ્યથી મેઘ વિના અમૃતની વૃષ્ટિ જેવું થયું. તેથી કૃતપુણ્યકે એનો પણ સ્વીકાર કર્યો. ત્યારથી સાત પત્નીઓની સાથે નિર્દોષ, ત્રિવર્ગમાં સારભૂત અને જ્ઞાનીઓથી પ્રશંસનીય એવા જીવલોકના સુખને અનુભવતા તેનો કેટલોક કાળ પસાર થયો. આવું સુખ તેને જન્માંતરમાં મહામુનિને આપેલા દાનના પ્રભાવથી ઉપાર્જન કરેલા પ્રકૃષ્ટ પુણ્યસમૂહથી પ્રાપ્ત થયું હતું.

એકવાર અનુપમ, ત્રણ ભુવનમાં સર્વથી ચઢિયાતી અને ઘાતીકર્મના ક્ષયથી પ્રગટેલી કેવલજ્ઞાનરૂપી સંપત્તિને અનુભવતા, અને દેવસમૂહથી પૂજાઈ રહ્યા છે ચરણરૂપી

કમલ જેમનાં એવા, ભગવાન શ્રી મહાવીર ગુણશીલ ચૈત્યમાં પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું. જ્ઞાતકુલના તિલક સમાન શ્રી મહાવીર ભગવાન તેમાં પૂર્વ તરફ મુખ રાખીને બેઠા. ક્ષાયિક સમ્યક્ત્વ વગેરે ગુણોની શ્રેણિને પ્રાપ્ત કરનાર શ્રેણિકરાજા ઉદ્યાનપાલક પાસેથી ભગવાનનું આગમન જાણીને અભયકુમાર અને કૃતપુણ્યક વગેરેની સાથે વંદન કરવા માટે આવ્યા. ભક્તિપૂર્વક ત્રિલોકબંધુને વંદન કર્યું. ઉચિતભૂમિમાં બેસીને પરમગુરુની દેશના સાંભળી. દેશનામાં અભયકુમારે હાથ રૂપી કમલની કળીઓને લલાટતટે રાખીને પૂછ્યું : હે સ્વામિન્ ! આ કૃતપુણ્યકે પૂર્વભવમાં શું કર્યું ? કે જેના પ્રભાવથી વચ્ચે થોડો કાળ વિચ્છેદ પામનારા ભોગોને પ્રાપ્ત કર્યા. તેથી ભગવાને કૃતપુણ્યકનો પૂર્વભવ કહ્યો, તેમાં અધ્યવસાયનો નાશ થવાથી ખીરનું દાન ત્રણ ભાગથી આંતરાવાળું કર્યું. તેનાથી એનું વિષય-સુખ વિચ્છેદ પામ્યું. પૂર્વજન્મનો વૃત્તાંત જાણીને અતિશય સંવેગ (=મોક્ષાભિલાષ) થવાથી કૃતપુણ્યકે તે કાલને ઉચિત કર્તવ્યો કરીને ખૂબ ધામધૂમથી ભગવાનના ચરણોમાં દીક્ષાને સ્વીકારી. આયુષ્ય સુધી દીક્ષાને પાળીને શાસ્ત્રોક્ત વિધિ પ્રમાણે વિધિ પૂર્વક મરણની આરાધના કરીને દેવપણે ઉત્પન્ન થયો. કૃતપુણ્યકનું દૃષ્ટાંત પૂર્ણ થયું.

## શાલિભદ્રનું દૃષ્ટાંત

શાલિભદ્રની કથા આ પ્રમાણે છેઃ– મગધ નામના દેશમાં ગુણોથી સમૃદ્ધ રાજગૃહ શહેરમાં શ્રેણિક રાજા હતો. તેની ચેલ્લણા નામની પત્ની હતી. તે વખતે તે જ નગરમાં ગોભદ્ર નામનો શ્રેષ્ઠ શ્રેઠી હતો. તેની ભદ્રા નામની પત્ની હતી. તેણે કોઈવાર રાત્રિના અંતે સ્વપ્નમાં વિવિધ ફલોના સમૂહથી નમેલું [1]શાલિવન જોયું. જાગેલી તેણે પોતાના પતિને કહ્યું. તેણે પણ તેને કહ્યું : તને જલદી સર્વકલાસમૂહનું ઉત્તમ સ્થાન એવો પુત્ર થશે. તે જ રાતે એને ઉત્તમ ગર્ભ રહ્યો. ગર્ભ વધી રહ્યો હતો ત્યારે ક્યારેક ભદ્રાને શાલિવનમાં ક્રીડા કરવાનો દોહલો થયો. તેના પતિએ તે જલદી પૂરો કર્યો. ત્યારબાદ સમય જતાં ભદ્રાએ દેવકુમાર જેવા પુત્રને જન્મ આપ્યો. પિતાએ હર્ષથી બાર દિવસ સુધી મહોત્સવ કરાવ્યો. ત્યારબાદ હર્ષ પામેલા વડિલજનોએ સ્વપ્ન અને દોહલાને અનુરૂપ શાલિભદ્ર એવું નામ કર્યું. ક્રમે કરીને તે કાન્તિથી, બુદ્ધિથી અને કલાસમૂહથી વૃદ્ધિ પામ્યો. પિતાએ પ્રેમથી તેને બત્રીશ શ્રેષ્ઠિકન્યાઓ પરણાવી. ગોભદ્રે ક્યારેક જિનેશ્વરોએ કહેલી દીક્ષા લીધી. વિધિથી દીક્ષા પાળીને મૃત્યુ પામીને તે વૈમાનિક દેવ થયો. પૂર્વભવના સ્નેહથી અને પુત્રના અચિંત્ય પુણ્યપ્રભાવથી એ દેવે વારંવાર આવીને શાલિભદ્રનું સાંનિધ્ય કર્યું. તે આ પ્રમાણેઃ– બત્રીસ પત્નીઓ સહિત એને ઉત્તમ વસ્ત્ર, આભૂષણ વગેરે, સારભૂત આહાર અને તાંબૂલ વગેરે જે કંઈ ઉપયોગમાં આવે તેવું હોય

૧. અહીં શાલિવન શબ્દના બે અર્થ થઈ શકે. **શાલિન્**=શોભતું એ અર્થ પ્રમાણે શોભતું ઉદ્યાન એવો અર્થ થઈ શકે. અથવા શાલિ નામનું ઉદ્યાન એવો અર્થ થઈ શકે.

તે બધું દરરોજ મેળવતો હતો=મોકલતો હતો. સર્વલોકોથી અધિક મહિમાવાળો તે દેવે રચેલી અતિરમણીય બત્રીસ શય્યાઓમાં પોતાની પ્રિયાઓની સાથે કામક્રીડા કરતો હતો. આ પ્રમાણે કેટલોક કાળ પસાર થતાં તે નગરમાં અન્યદેશના વેપારીઓ કંબલ-રત્નો (=ઉત્તમ કામળીઓ) વેચવા માટે આવ્યા. તેમણે રાજમહેલમાં પ્રવેશ કર્યો.

શ્રેણિકરાજાએ તેમને બોલાવીને પૂછ્યું : હે ભદ્રિકો ! એક એક કંબલરત્નનું શું મૂલ્ય છે? તેમણે કહ્યું : લાખ સોનામહોર. ઘણી મોંઘી હોવાથી રાજાએ તે ન લીધી. વેપારીઓ રાજમંદિરમાંથી નીકળીને ભદ્રાના મહેલમાં ગયા. ભદ્રાએ વિચાર કર્યા વિના તેમણે કહેલા મૂલ્યથી બધાં જ કંબલરત્નો લઈ લીધાં. આ દરમિયાન ચેલ્લણા શ્રેણિક પાસે આવી અને બોલી : મારા લાયક એક કંબલરત્ન લો. તેથી શ્રેણિકે તે વેપારી-ઓની પાસે એક પુરુષને મોકલ્યો. તેણે પૂછ્યું એટલે વેપારીઓએ ઉત્તર આપ્યો કે, ભદ્રાના મહેલમાં બધી આપી દીધી. તેણે આવીને રાજાને આ વિગત કહી. તેથી ચેલ્લણા રાજા ઉપર વધારે ગુસ્સે થઈને બોલી : તમે કૃપણ છો, એક પણ કંબલરત્ન લઈ શકતા નથી. ભદ્રાએ તો વણિકની પત્ની થઈને પણ બધાં કંબલરત્નો લીધાં. તેથી રાજાએ કંબલરત્ન માટે માણસને ભદ્રાની પાસે મોકલ્યો. ભદ્રાએ માણસને કહ્યું : મેં એ કંબલરત્નોને તે જ ક્ષણે ફાડીને પગ લુછવાનાં લુછણિયાં કરી નાખ્યાં, અને એક એક લુછણિયું મારી વહુઓને આપી દીધું. એથી જો જરૂર હોય તો બીજાં જુનાં કંબલરત્નો લો. તેથી તેણે જઈને તે બધું જ શ્રેણિકને જણાવ્યું. શ્રેણિકે કહ્યું : એ શાલિભદ્રને જોવો જોઈએ કે જેની આટલી સમૃદ્ધિ છે. અમે ધન્ય છીએ કે જેમની નગરીમાં પોતાની સંપત્તિથી કુબેરને પણ હલકો પાડનારા આવા વેપારીઓ રહે છે. પછી ભદ્રાને કહેવડાવ્યું કે, અમે શાલિભદ્રનાં દર્શન કરવાને ઇચ્છીએ છીએ. ભદ્રાએ કહેવડાવ્યું કે, દેવ પ્રસન્ન થાય, અમારી વિનંતિને સાંભળે કે, શાલિભદ્ર ક્યારે ય સાતમાળના મહેલથી બહાર નીકળતો નથી. એના ભવનમાં દેવે આપેલા મણિઓના સમૂહે અંધકારનો વિસ્તાર દૂર કર્યો છે. આવા પોતાના ભવનમાં પોતાની પ્રિયાઓની સાથે વિવિધ ક્રીડાઓથી ક્રીડા કરતો તે સૂર્ય-ચંદ્રને પણ જોતો નથી. તેથી જો શાલિભદ્રનાં દર્શન કરવાની ઇચ્છા હોય તો દેવ એના મહેલમાં આવવાની મહેરબાની કરે. "એમ થાઓ" એ પ્રમાણે રાજાએ સ્વીકાર્યું એટલે ભદ્રાએ ફરી પણ કહેવ-ડાવ્યું કે, જો એમ છે તો હું જ્યાં સુધી મહેલ વગેરેને શણગારું નહિ ત્યાં સુધી સ્વામીએ મહેલમાં આવવા માટે ઉતાવળા ન થવું.

પછી ભદ્રાએ પોતાના મહેલથી આરંભી રાજમંદિરના મુખ્ય દરવાજા સુધી [૧]દિવ્યવસ્ત્રો વગેરેથી દિવ્ય ચંદરવો કરાવ્યો. સ્થાને સ્થાને અનેક પ્રકારના રત્નોના

---

૧. **દેવાઙ્ગવસ્ત્ર**નો શબ્દાર્થ આ પ્રમાણે છે :- **અઙ્ગ**=શરીર. દેવના શરીરને યોગ્ય વસ્ત્ર તે દેવાંગવસ્ત્ર.

હારો બાંધ્યા. સ્થાને સ્થાને વિવિધ પ્રકારના નાટક વગેરે મનોરંજનો શરૂ કર્યાં. પછી રાજાને બોલાવ્યો. બધી તૈયારી કરીને અંતઃપુરના પરિવાર સહિત રાજા આવવા માટે ચાલ્યો. રમણીય દિવ્ય ઝીણાં વસ્ત્રોના ચંદરવામાં લટકતાં રત્નોના હારની શોભાને જોતો અને અતિશય હર્ષથી યુક્ત રાજા શાલિભદ્રના મહેલમાં આવ્યો. ઉચિત વિનય-રૂપ ભક્તિ કરીને સિંહાસને બેસાડ્યો. સાત માળના મહેલના ઉપરના માળમાં રહેલા શાલિભદ્રની પાસે જઈને ભદ્રાએ કહ્યું : હે વત્સ! નીચેના માળે આવ, શ્રેણિક રાજા બેઠેલા છે. શાલિભદ્રે કહ્યું : હે મા! તું જાતે જ જે આવ્યું હોય તે મૂલ્ય કરીને લઈ લે. ભદ્રાએ કહ્યું : હે પુત્ર ! આ કોઈ ખરીદવા યોગ્ય વસ્તુ નથી, કિંતુ તારો અને સર્વ લોકોનો સ્વામી શ્રેણિક નામનો રાજા તારાં દર્શન માટે ઘરે આવેલો છે. તેથી આવ, અને તેનાં દર્શન કર. આ સાંભળીને મારો પણ બીજો સ્વામી છે એમ વિચારતો તે ખેદ પામ્યો. કહ્યું છે કે–**"મણિ, સુવર્ણ, રત્ન અને ધનથી ભરેલા ભવનમાં શાલિભદ્ર પણ મારો પણ બીજો સ્વામી છે એમ વિચારતો (સુખની) ઇચ્છાથી રહિત બન્યો."** (૧) **"જેઓ તપ અને સંયમ કરતા નથી તે પુરુષો અવશ્ય સમાન હાથ-પગવાળા સમાન પુરુષોના દાસપણાને પામે છે."** (૨) માતાનું વચન ઉલ્લંઘન કરવા યોગ્ય ન હોવાથી ઉઠીને રાજાની નજીકના સ્થાનમાં ગયો. રાજાને પ્રણામ કર્યા.

રાજાએ તેને પોતાના ખોળામાં બેસાડ્યો. તેના શરીરની અનુપમ શોભાનું વર્ણન કરતા રાજાએ વિચાર્યું કે, આના શરીરનું સર્વ લોકોના મનને હરનારું જેવું લાવણ્ય છે તેવું ઇંદ્ર સહિત દેવોનું પણ નથી એમ હું માનું છું. એનાં અંગ અને પ્રત્યંગોને જોવામાં સ્થિર ચિત્તવાળા રાજાએ જેટલામાં એના મુખરૂપ કમલ ઉપર દૃષ્ટિ કરી તેટલામાં એની બે આંખો આંસુના પૂરથી પૂરાયેલી જોઈ. રાજાએ તેની માતાને પૂછ્યું : આ શું? તેણે કહ્યું : હે દેવ! આ વિષે એક વિનંતિ છે, શાલિભદ્રનો પિતા દેવોમાં ઉત્પન્ન થયો છે, તે પુત્રસ્નેહથી દરરોજ નવી નવી દેવલોક સંબંધી સુગંધીમાળા અને અલંકારો વગેરે વસ્તુઓથી એની સેવા કરે છે. આથી તે મનુષ્યને ભોગવવા યોગ્ય ભોગના સાધનોની ગંધને પણ સહી શકતો નથી. તેથી આપ એને છોડી દો, જેથી એ પોતાના સ્થાને જાય. તેથી રાજાથી મુક્ત કરાયેલ તે સ્વસ્થાને ગયો. આ દરમિયાન ભદ્રાએ વિનંતિ કરી કે, અહીં જ ભોજન કરવા વડે શાલિભદ્ર ઉપર મહેરબાની કરો. રાજાએ સ્વીકાર્યું. પછી ભદ્રાએ બધી ય સામગ્રી કરાવી. સુંદર સ્ત્રીઓ વડે સહસ્રપાક વગેરે ઉત્તમ તેલોથી મર્દન કરાવ્યું, વિધિથી સ્નાન કરાવ્યું. રાજાએ વસ્ત્ર અને અલંકારો પહેરીને કૌતુકથી સર્વ ઋતુઓમાં અનુકૂળ એવા ક્રીડાવનમાં પ્રવેશ કર્યો. ત્યાં શાલિભદ્રને સ્નાન કરવાની નિર્મલજળથી ભરેલી વાવડી જોઈ. તેને જોવામાં વ્યગ્ર-ચિત્તવાળા એની વીંટી કોઈ પણ રીતે વાવડીમાં પડી ગઈ. તેથી ભદ્રાએ જેટલામાં તે

પાણી બીજા સ્થળે કર્યું તેટલામાં વિજળીના તેજ જેવો દેદીપ્યમાન આભૂષણોનો સમૂહ જોયો. તે આભૂષણોની વચ્ચે પોતાની વીંટી કોલસા જેવી દેખાઇ.

રાજાએ પૂછ્યું : આ શું? ભદ્રાએ કહ્યું : શાલિભદ્ર અને તેની પત્નીઓના આભૂષણોનું જે નિર્માલ્ય દરરોજ અહીં પડે છે તે આ છે. તેથી વિસ્મિત ચિત્તવાળા રાજાએ વિચાર્યું : અહો! પૂર્વ ભવે ઉપાર્જન કરેલા પુણ્યસમૂહનો વિલાસ કેવો છે? જેથી શાલિભદ્ર મનુષ્ય હોવા છતાં દેવના પ્રભાવથી ચિંતવ્યા વિના પાસે આવેલું બધું મળે છે. આ પ્રમાણે વિચારતા તેને ભદ્રાએ પરિવાર સાથે અનેક પ્રકારના વિશિષ્ટ રસોથી મનોહર એવા અનેક પ્રકારના આહારનું ભોજન કરાવ્યું. ત્યારબાદ અનેક પ્રકારના તાંબૂલ, વસ્ત્ર અને અલંકાર વગેરે પદાર્થો આપવામાં આવ્યા. પછી રાજા પોતાના નિવાસમાં ગયો.

સંવિગ્ન ચિત્તવાળા શાલિભદ્રે કેટલાક દિવસો પસાર કર્યા. કોઇવાર ત્યાં પ્રતિબંધ-રહિત વિહારથી વિચરતા ધર્મઘોષ નામના આચાર્ય પધાર્યા. બહાર ઉદ્યાનમાં સ્થિરતા કરાવી. બારીમાં બેઠેલા શાલિભદ્રે તેમને વંદન કરવા માટે જતા અનેક લોકોને જોઇને પોતાના સેવકને પૂછ્યું : આ જનસમૂહ ક્યાં જાય છે? એણે કહ્યું : સૂરિને વંદન કરવા માટે. તેથી શાલિભદ્ર પણ માતાને પૂછીને આચાર્યની પાસે ગયો. આચાર્યને ભાવપૂર્વક વંદન કરીને ઉચિત સ્થાનમાં બેઠો. શ્રેણિક રાજા વગેરે બીજા લોકો પણ વંદન કરીને ઉચિત સ્થાને બેઠા ત્યારે સૂરિએ ધર્મલાભ એવા આશીર્વાદ આપીને ધર્મદેશના શરૂ કરી. તે આ પ્રમાણે :– હે જનો! ઈષ્ટ–અનિષ્ટ અને સંયોગ–વિયોગરૂપ વિષમ મગર વગેરે જીવોથી વ્યાપ્ત, મોહરૂપ આવર્તોથી ભયંકર, મરણ–જરા–રોગાદિ-રૂપ તરંગોથી વ્યાપ્ત એવા ભવરૂપ સમુદ્રમાં પડતા જીવોને અનંતસુખનો જનક અને ઉત્તમ વહાણ સમાન જૈનધર્મને છોડીને બીજું કોઈ રક્ષણ કરનાર નથી. કારણ કે અર્થ (=ધન) અનર્થ કરનાર છે, અને ક્ષણમાં નાશ પામનાર છે, વિષયસુખો વિપાકે કટુ છે અને લાંબો કાળ ટકનારા નથી, શરીર પણ નિત્ય સારસંભાળની અપેક્ષાવાળું છે, કરેલાની અપેક્ષા રાખતું નથી, અર્થાત્ એના માટે સારું કર્યું હોય તો પણ એને બગડતાં વાર લાગતી નથી, જલદી નાશ પામે છે. માટે ધન વગેરે વિષે શ્રદ્ધા છોડીને નિઃસ્પૃહ બનીને એક ધર્મને જ સેવો એવી જિનાજ્ઞા છે. તે ધર્મ સાધુ અને શ્રાવક એ બે સ્વામીરૂપ આશ્રયથી બે પ્રકારે છે. તે બેમાં પહેલા પ્રકારનો ધર્મ ક્ષમા વગેરે ભેદોથી દશ પ્રકારે જાણવો. બીજા પ્રકારનો ધર્મ અણુવ્રત વગેરે ભેદોથી બાર પ્રકારે છે.

આ બંને પ્રકારના ધર્મનું મૂળ સમ્યક્ત્વ કહ્યું છે. દેશનાના અંતે અવસર પામીને હર્ષથી મસ્તકે હાથરૂપી કમળની થોડી ઉઘડેલી કળીની જેમ અંજલિપુટ કરીને શાલિભદ્રે પૂછ્યું : હે ભગવંત! કેવા પ્રાણીઓનો બીજો સ્વામી ન થાય? સૂરિએ કહ્યું : સારી

રીતે તપશ્ચર્યા કરનારા, સમ્યગ્જ્ઞાન, ધ્યાન અને શીલમાં તત્પર અને સંસારની પ્રવૃત્તિથી રહિત પ્રાણીઓનો બીજો સ્વામી થતો નથી. શાલિભદ્રે કહ્યું : જો એમ છે તો માતાને પૂછીને મારે પણ આપની પાસે એવા થવું છે. સૂરિએ કહ્યું : વિલંબ ન કર. પછી તે આચાર્યને પ્રણામ કરીને પોતાના ભવનમાં ગયો. બીજા લોકો પોતાના ઘર તરફ ગયા. શાલિભદ્રે માતાને કહ્યું : હે માતા ! મેં આજે શ્રીધર્મઘોષસૂરિની પાસે ધર્મ સાંભળ્યો, તેથી તારી અનુજ્ઞાથી હું તે ધર્મ કરવાને ઇચ્છું છું. માતાએ કહ્યું : હે વત્સ ! ઘરમાં જ રહીને યથાશક્તિ ધર્મ કર. કલ્યાણ માટે પ્રવૃત્ત થયેલા તારો વિરોધી કોણ થાય ? શાલિભદ્રે કહ્યું : હે માતા ! મમતાનો ત્યાગ નહિ કરનારા અને ઘરમાં રહેનારાઓનો ધર્મ કેવો થાય ? માતાએ કહ્યું : આ સત્ય છે, પણ હે પુત્ર ! તારા જેવા માટે ઘરનો ત્યાગ દુષ્કર છે. કારણ કે તું દેવભોગોથી લાલનપાલન કરાયેલો છે, તેથી તું માનવના અંત, પ્રાંત અને અનુચિત આહારને ખાઈ શકીશ ? જો તારો આ આગ્રહ છે તો શરીરને સહનશીલ બનાવવાનો અભ્યાસ કર, એક એક શય્યાનો ત્યાગ કર, મનોહર વિલાસી સ્ત્રીઓના નૃત્યાદિ કુતૂહલોને ઓછા કર. તેથી તે જ પ્રમાણે માતાના વચનનું પાલન કરવાની શરૂઆત કરી.

એકવાર ધન્ય નામના પોતાના પતિને સ્નાન કરાવતી શાલિભદ્રની બહેને આંસુઓ વહેવડાવ્યા. ધન્યે તેને પૂછ્યું : હે પ્રિયે ! કેમ આમ રડે છે ? તેણે કહ્યું : મારો ભાઈ શાલિભદ્ર દીક્ષા લેવાની ભાવનાવાળો થયો છે, તેથી દરરોજ એક એક શય્યા વગેરેનો ત્યાગ કરવા વડે શરીરને સહનશીલ બનાવવાનો અભ્યાસ કરી રહ્યો છે, તેથી રડું છું. ધન્યે કહ્યું : તે કાયર છે, જેથી આ પ્રમાણે ક્રમથી છોડે છે. તેણે કહ્યું : જો આ સહેલાઈથી છોડી શકાય છે એવું લાગતું હોય તો તમે જ એક સાથે કેમ છોડતા નથી ? ધન્યે કહ્યું : તારા વચનની જ રાહ જોતો હું આટલો કાળ રહ્યો છું. હવે તો જે રીતે છોડું છું તે રીતે તું જો. તેથી ત્યારથી જ જિનમંદિરમાં અષ્ટાહ્નિક ઉત્સવો શરૂ કર્યા. પોતાની શક્તિ પ્રમાણે દીન વગેરેને દાન આપવાનું શરૂ કર્યું. આ દરમિયાન પતિને દીક્ષાના નિશ્ચયવાળા જાણીને તેણે કહ્યું : હે પ્રિય ! મેં આ મશ્કરી કરી હતી. તેથી મને છોડીને દીક્ષા લેવાને કેમ ઇચ્છો છો ? ધન્યે કહ્યું : હે પ્રિયે ! બધાનો સંયોગ વિયોગના અંતવાળો છે. કહ્યું છે કે–**"સર્વ સંગ્રહો ક્ષયના અંતવાળા છે, ઉન્નતિઓ પતનના અંતવાળી છે, સંયોગો વિયોગના અંતવાળા છે, જીવન મરણના અંતવાળું છે."** તેથી એમની ઇચ્છાથી રહિત બનીને એમનો ત્યાગ કરવો એ શ્રેષ્ઠ છે. અસંતુષ્ટ બનીને એમનો ત્યાગ કરવો પડે તે સારું નથી. કારણ કે કહ્યું છે કે–**"વિષયો લાંબો કાળ રહીને પણ અવશ્ય જવાના છે, માનવ જાતે એમને ન છોડે તો એમના વિયોગમાં શી વિશેષતા છે ?**

**એની મેળે (=છોડયા વિના) જતા વિષયો મનના અતિશય સંતાપ માટે થાય છે, જ્યારે સ્વયં છોડેલા વિષયો અનંત સમતાસુખને કરે છે."** તેથી પતિનો નિશ્ચય જાણીને "નારીને પતિ એ જ દેવ છે" એવા વચનને યાદ કરતી તે પણ તેની પાછળ જવાની ઈચ્છાવાળી થઈ.

આ અવસરે ભગવાન મહાવીર ગુણશીલચૈત્યમાં પધાર્યા છે એમ ધન્યે સાંભળ્યું. શિબિકામાં બેસીને પોતાની પત્નીની સાથે ભગવાન પાસે જઈને દીક્ષા લીધી. શાલિભદ્રે પણ ધન્યનો વૃત્તાંત જાણીને, માતાને પૂછીને (=કહીને), શ્રેણિકરાજાને ખમાવીને, મહાન આડંબરથી ભગવાન પાસે આવીને, વિધિપૂર્વક દીક્ષા લીધી. દીક્ષિત બનેલા તે બંનેએ બહુ થોડા કાળમાં ગ્રહણશિક્ષા અને આસેવન શિક્ષાનો અભ્યાસ કરી લીધો. છઠ્ઠ, અઠ્ઠમ અને ચાર ઉપવાસ વગેરે વિશિષ્ટ તપ સતત કરીને શરીરને સુકવી નાખ્યું. ગામ, ઉદ્યાન, નગર અને ખાણ આદિથી યુક્ત પૃથ્વી ઉપર માસકલ્પથી વિહાર કરતા તે બંને કેટલાક કાળ પછી ભગવાનની સાથે ફરી તે જ રાજગૃહનગરમાં આવ્યા. ભિક્ષા સમયે ભગવાનને વંદન કરીને પારણા નિમિત્તે (વહોરવા માટે) તે બંને ચાલ્યા ત્યારે ભગવાને શાલિભદ્રને કહ્યું: આજે તને તારી માતા ભોજન કરાવશે= પારણું કરાવશે. પછી તે બંને ભિક્ષા માટે પરિભ્રમણ કરવા લાગ્યા. ભદ્રાના ઘરે ગયા. ભગવાન મહાવીરનું આગમન સાંભળીને ભદ્રાને અત્યંત હર્ષ થયો. વહુઓની સાથે સમવસરણ ભૂમિ તરફ જવા પ્રયાણ કર્યું. ભગવાન અને શાલિભદ્રના દર્શન આદિની ઉત્કંઠાથી વ્યાકુળ હોવાથી ભદ્રાએ (પોતાના ઘરે આવેલા) તે બેને ન ઓળખ્યા. ભિક્ષા લીધા વિના તે બંને પાછા ફર્યા. ભવિતવ્યતાના કારણે દહીં અને [1]મથિત વેચવા માટે નગરમાં પ્રવેશેલી વૃદ્ધ ગોવાલણોએ તેમને જોયા. તેમાં એક વૃદ્ધ ગોવાલણની કાયારૂપી લાકડી શાલિભદ્રને જોઈને હર્ષના [2]પોષણથી પ્રગટ થતા ઘણા રોમાંચોથી યુક્ત બની. તેને સહર્ષ દહીં આપવાની ઈચ્છા થઈ. તેથી તેણે પ્રણામ કરીને શાલિભદ્રને કહ્યું: હે તપસ્વી! જો ઉપયોગમાં આવતું હોય તો આ દહીં લો. પછી શાલિભદ્રે ઉપયોગ પૂર્વક દહીં લીધું. તેથી હર્ષિત ચિત્તવાળી તે સ્વસ્થાને ગઈ. તે બંને પણ ભગવાન પાસે આવ્યા. ઈરિયાવહિ પ્રતિક્રમણ કર્યું, ગમનાગમન આદિની આલોચના વગેરે કરીને ક્ષણવાર ઊભા રહ્યા. પછી શાલિભદ્રે પૂછ્યું: હે ભગવંત! આજે મારી મા કેવી રીતે ભોજન કરાવશે? ભગવાન બોલ્યા: જેણે તને દહીં આપ્યું તે તારી અન્ય જન્મની માતા છે. કારણ કે—આ જ મગધદેશમાં પોતાનો પતિ મૃત્યુ પામતાં પૂર્વે એકઠું કરેલું

---

૧. મથિત=પાણી નાખ્યા વિના ભાંગેલું દહીં.

૨. અર્થાત્ હર્ષની વૃદ્ધિથી.

બધું ય ધન નાશ પામ્યું, આથી અન્ય દેશમાંથી આવીને શાલિગ્રામનો આશ્રય લેનાર ધન્ય નામની આ વૃદ્ધ ગોવાલણનો જ તું પૂર્વભવમાં વાછરડાઓનું પાલન કરનાર સંગમક નામનો પુત્ર હતો. તે તારા જીવની આજીવિકા વાછરડાઓને ચરાવવાથી પ્રાપ્ત થતી હતી. તેણે કોઈવાર કોઈ ઉત્સવમાં ઘરે ઘરે લોકોથી ખીર ખવાતી જોઈ. પોતાના ધનલાભને (=આર્થિક સ્થિતિને) નહિ જાણતા તેણે કરુણસ્વરે રુદન કરીને માતાની પાસે ખીરની માગણી કરી કે મને પણ ખીર આપ. તેથી માતા પણ તેનો તેવો આગ્રહ જોઈને અને ખીર બનાવવાની પોતાની અશક્તિ વિચારીને રોવા લાગી. તેનું રુદન સાંભળીને પાડોશી સ્ત્રીઓને દયા આવી. તેમણે દૂધ વગેરે આપીને તેના પુત્રને યોગ્ય ખીરની સામગ્રી (એકઠી) કરી. પછી તે સામગ્રીથી માતાએ ખીર તૈયાર કરી. સંગમક ખીર ખાવા માટે બેઠો ત્યારે ત્યાં માસખમણનું પારણું કરવાની ઈચ્છાવાળા એક મહામુનિ ક્યાંકથી આવ્યા. અતિશય વધતા શ્રદ્ધાના પરિણામવાળા તેણે પહેલી જ વાર (પોતાના) ભોજન માટે લીધેલી ખીર પૂર્ણપણે (=બધી) તે મહામુનિને આપી દીધી. બાકી રહેલી ખીર પોતે આકંઠ ખાધી. વાછરડા ચરાવવા માટે જંગલમાં ગયેલા એને ખીરના અજીર્ણના દોષથી અતિશય તરસ લાગી. તેનાથી પરેશાન થયેલ અને પાણીનું સ્થાન શોધવામાં તત્પર તેને તે મુનિએ જોયો. મુનિએ તેને કહ્યું: આ પ્રદેશમાં નજીકમાં પાણી નથી, અને તને ગાઢ આપત્તિ છે એમ હું કલ્પના કરું છું. તેથી હમણાં પંચપરમેષ્ઠિ નમસ્કારનું સ્મરણ કરવું એ જ તારા માટે ઉત્તમ છે, યોગ્ય છે. તેણે કહ્યું: તેને યાદ કરવાનું હું જાણતો નથી. તેથી દયાયુક્ત ચિત્તવાળા તપસ્વીએ તેને કહ્યું: હે સંગમક! હું તારા કાનની પાસે નમસ્કારનું ઉચ્ચારણ કરીશ, તારે એકાગ્રચિત્તે એનું ચિંતન કરવું. આ પ્રમાણે કહીને મુનિએ નમસ્કાર મંત્ર બોલવાનું શરૂ કર્યું. સ્વભાવથી જ ભદ્રકભાવ વગેરે મધ્યમગુણોના યોગથી જેણે મનુષ્યનું આયુષ્ય બાંધ્યું છે અને તેને [1]અનુરૂપ શુભ પરિણામ જેના વધી રહ્યા છે એવો તે પણ ત્યારે જ કાળ પામ્યો. મુનિદાનના પ્રભાવથી મહાભોગ રૂપ ફલવાળા કર્મને ઉપાર્જન કરનાર તે ગોભદ્રશેઠની ભદ્રા પત્નીના પુત્રપણે ઉત્પન્ન થયો. ભગવાન વડે કહેવાતી આ વિગત સાંભળીને શાલિભદ્રને જાતિસ્મરણ જ્ઞાન થયું. પછી જન્માંતરની માતાએ આપેલું તે જ દહીં માસખમણના પારણે વાપરીને ધન્યમુનિની સાથે પર્વતની ગુફામાં ગયા. ત્યાં બંને અનશન સ્વીકારીને [2]પાદપોપગમન (મુદ્રા)માં રહ્યા.

---

૧. તેને અનુરૂપ એટલે ભદ્રકભાવ વગેરે મધ્યમગુણોને અનુરૂપ.

૨. અનશનના ત્રણ ભેદો છે. (૧) ભક્ત પ્રત્યાખ્યાન, (૨) ઇંગિની, (૩) પાદપોપગમન.

(૧) **ભક્તપ્રત્યાખ્યાન:**- જીવનપર્યંત ભક્તનું પ્રત્યાખ્યાન (-ત્રણ પ્રકારના કે ચાર પ્રકારના આહારનો ત્યાગ) એ ભક્તપ્રત્યાખ્યાન. આ તપમાં શરીર પરિકર્મ (-ઉઠવું, બેસવું વગેરે શારીરિક ક્રિયા) સ્વયં કરી શકે છે, અને બીજાની પાસે પણ કરાવી શકે છે. તથા અમુક નિયત પ્રદેશમાં જ જઈ

આ દરમિયાન વહુઓની સાથે સમવસરણમાં આવેલી ભદ્રાએ ભગવાનને ભાવપૂર્વક વંદન કરીને પૂછ્યું : હે ભગવંત! શાલિભદ્ર ક્યાં છે? તેથી ભગવાને શાલિભદ્રનો પાદપોપગમન (મુદ્રા)માં રહ્યા ત્યાં સુધીનો બધો ય વૃત્તાંત કહ્યો. પછી ભદ્રામાતા ત્યાં જ આવ્યા. પાદપોપગમનમાં રહેલા શાલિભદ્ર અને ધન્ય એ બેને જોયા. તેમને વંદન કરીને રડવા લાગ્યા, અનેક પ્રકારના વિલાપો કર્યા. તે આ પ્રમાણે :-હે વત્સ! બત્રીસ શય્યાઓની ઉપર સૂઈને હવે તું પથ્થર અને કાંકરાઓથી વ્યાપ્ત કેવળ પૃથ્વી ઉપર કેવી રીતે રહ્યો છે? હે પુત્ર! જે તું પૂર્વે સદા સંગીત અને વાજિંત્રના અવાજથી જાગતો હતો તે તું હવે ભયંકર શિયાળના અવાજોથી કેવી રીતે નિદ્રાને છોડીશ? હા પુત્ર! તેં તપથી શરીરને કેવું સુકાવી દીધું કે જેથી તું ઘરે ગયો. (=આવ્યો) છતાં મારાથી ન ઓળખાયો. પાપકર્મવાળી મને ધિક્કાર થાઓ, ધિક્કાર થાઓ. ત્યારે શાલિભદ્ર મુનિને વંદન કરવા માટે ત્યાં આવેલા શ્રેણિક રાજા વિલાપ કરતા ભદ્રામાતાને કોઈ પણ રીતે ઉપદેશ આપીને (=સમજાવીને) નગરમાં લઈ ગયા. તે મુનિઓ પણ આયુષ્યનો ક્ષય થતાં સર્વાર્થસિદ્ધ નામના મહાવિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં અજઘન્યોત્કૃષ્ટ તેત્રીસ સાગરોપમ પ્રમાણ આયુષ્ય પાળીને ત્યાંથી ચ્યવેલા તે બે મહાવિદેહમાં સિદ્ધ થશે. આ પ્રમાણે સુખની શ્રેણિઓનો હેતુ અને મોક્ષફલવાળો આ અતિથિસંવિભાગ શાલિભદ્રે જે પ્રમાણે કર્યો તે પ્રમાણે કરવો જોઈએ. આ પ્રમાણે શાલિભદ્રનું દૃષ્ટાંત પૂર્ણ થયું. [૧૨૪]

---

શકાય એવો પ્રતિબંધ નથી. (૨) **ઇંગિની** :-ઇંગિની એટલા ચેષ્ટા. જેમાં પ્રતિનિયત (-નિયત કરેલા) અમુક જ ભાગમાં હરવું, ફરવું આદિ ચેષ્ટા થઈ શકે તે ઇંગિની અનશન. આમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે. શરીર પરિકર્મ સ્વયં કરી શકે, પણ બીજાની પાસે ન કરાવી શકે. તથા નિયત કરેલા પ્રદેશની બહાર ન જઇ શકાય. (૩) **પાદપોગમન** :- પાદપ એટલે વૃક્ષ. ઉપગમન એટલે સમાનતા. જેમાં વૃક્ષની જેમ જીવનપર્યંત નિશ્ચલ રહેવાનું હોય તે પાદપોગમન અનશન. જેમ પડી ગયેલું વૃક્ષ જેવી સ્થિતિમાં પડ્યું હોય તેવી જ સ્થિતિમાં સદા રહે છે, તેમ આ અનશનમાં પ્રથમ જેવી સ્થિતિમાં હોય તેવી જ સ્થિતિમાં જીવનપર્યંત રહેવાનું હોય છે. અંગોપાંગોને જરા પણ ચલાવી શકાય નહિ. સદા ડાબા પડખે સૂઈને ધ્યાનમાં લીન રહેવાનું હોય છે. આ અનશનમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે.

આ ત્રણ પ્રકારના અનશનમાં પછી પછીનું અનશન અધિક શ્રેષ્ઠ છે. ધૈર્યવાન સાધક જ આ અનશનનો સ્વીકાર કરી શકે છે. તેમાં પણ પછી પછીના અનશનનો સ્વીકાર કરનાર અધિક ધૈર્યવાન હોય છે. આ ત્રણમાંથી ગમે તે પ્રકારના અનશનનો સ્વીકાર કરનાર જીવ અવશ્ય વૈમાનિક દેવલોકમાં કે મોક્ષમાં જાય છે. ધૈર્યવાન મહાપુરુષો રોગાદિકના કારણે ધર્મનું પાલન કરવા અસમર્થ બની જાય ત્યારે અથવા મરણ નજીક હોય ત્યારે પોતાની ધીરતા પ્રમાણે કોઈ એક અનશનનો સ્વીકાર કરે છે. આ ત્રણમાંથી કોઈ પણ અનશન નિર્વ્યાઘાતમાં સંલેખના પૂર્વક કરવું જોઇએ. વ્યાધિ, વિદ્યુત્પાત, સર્પદંશ, સિંહાદિ ઉપદ્રવ વગેરે વ્યાઘાતમાં સંલેખના વિના પણ થઈ શકે છે.

હવે યતનાદ્વાર કહે છે :–

**जे साहूण न दिन्नं, कहंचि तं सावया न भुंजंति ।**
**पत्ते भोयणसमये, दारस्सऽवलोयणं कुज्जा ॥ १२५ ॥**

**ગાથાર્થ**:–યથાર્થ નામવાળા શ્રાવકો કોઈ પણ કારણથી જે કલ્પ્ય વસ્તુ સાધુને ન વહોરાવી હોય તે વસ્તુને વાપરતા નથી. સાધુઓ ન હોય તો ભોજનનો સમય થતાં દ્વારની સામે અવલોકન કરે.

**ટીકાર્થ**: શ્રાવક શબ્દની વ્યુત્પત્તિ શ્રાવક પ્રજ્ઞપ્તિ વગેરે ગ્રંથોમાં આ પ્રમાણે છે:–

**"જેને સમ્યગ્દર્શન વગેરે પ્રાપ્ત થયું હોય અને જે સાધુઓની પાસે ઉત્તમ સામાચારીને (=સાધુ-શ્રાવકના આચારોને) દરરોજ સાંભળે તેને નિશ્ચયે શ્રાવક કહે છે."** (શ્રાવક પ્રજ્ઞપ્તિ–)

**જેનાં પૂર્વે બંધાયેલાં પાપો અનેકવાર નાશ પામે છે, અને જે વ્રતોથી યુક્ત છે તે શ્રાવક કહેવાય છે."**

સાધુને ન વહોરાવી હોય તે વસ્તુનો શ્રાવકો ઉપયોગ કરતા નથી એ વિષે કહ્યું છે કે–

**"ધીર અને જિનેશ્વરની આજ્ઞાના પાલક સુશ્રાવકો સાધુને પ્રાયોગ્ય જે વસ્તુ અલ્પ પણ સાધુને ન વહોરાવી હોય, તેને વાપરતા નથી."** (સંબોધ પ્ર. વ્રતાધિ. ગા. ૧૩૯)

જો ગામ વગેરેમાં કોઈ પણ કારણથી સાધુઓ ન હોય તો શ્રાવક ભોજન સમયે ઘરના દ્વારની સામે જુએ અને વિચારે કે– જો આ અવસરે કોઈ ધર્મબંધુ સાધુ પધારે તો તેમને એક કોળિયો પણ આપવાથી મને ઘણી નિર્જરા થાય.

અમે ગાથાના આ ઉત્તરાર્ધનું પણ વ્યાખ્યાન પોતાની બુદ્ધિથી કર્યું નથી. શ્રી ધર્મદાસગણીએ કહ્યું છે કે–

**"શ્રાવક ભોજન પહેલાં સાધુઓને સ્વયં પ્રણામ કરીને દાન આપ્યા પછી ભોજન કરે. સાધુઓનો યોગ ન હોય તો જ્યાં વિચરતા હોય તે દિશા તરફ જોતો વિચારે કે ગુરુનો યોગ થાય તો કૃતાર્થ બનું. પછી ભોજન કરે."** (ઉપ. મા. ગા. ૨૩૮)

આ પ્રમાણે પ્રસ્તુત વ્રતની યતના છે. ભાવાર્થ આ છે:– શ્રાવકોએ સાધુઓને વહોરાવ્યા પછી બાકી રહેલું ભોજન વાપરવું જોઈએ. સાધુ ન હોય તો ભોજન વખતે

(કદાચ સાધુનો યોગ થઈ જાય એવી ભાવનાથી) દિશાઓનું અવલોકન કરવું જોઈએ. સાધુઓને વહોરાવ્યા વિના કે દિશાઓનું અવલોકન કર્યા વિના ભોજન નહીં કરવું જોઈએ. [૧૨૫]

હવે અતિથિસંવિભાગવ્રતના જ અતિચારદ્વારની ગાથા શરૂ કરવામાં આવે છે:-

**सच्चित्ते निक्खिवणं, पिहणं ववएसमच्छरं चेव ।**
**कालाइक्कमदाणं, अइयारे पंच वज्जेज्जा ॥ १२६ ॥**

**ગાથાર્થ**:-શ્રાવક સચિત્ત નિક્ષેપ, સચિત્તપિધાન, વ્યપદેશ, મત્સર અને કાલાતિક્રમદાન એ પાંચ અતિચારોનો ત્યાગ કરે.

**ટીકાર્થ**:- (૧) **સચિત્તનિક્ષેપ**:-સાધુને આપવા લાયક ભોજન વગેરે વસ્તુને નહિ આપવાની બુદ્ધિથી સચિત્ત પૃથ્વી વગેરે વસ્તુમાં મૂકવી.

(૨) **સચિત્તપિધાન**:-સાધુને આપવા લાયક ભોજન વગેરે વસ્તુને નહિ આપવાની બુદ્ધિથી જ સચિત્ત બીજોરાના ફલ વગેરેથી ઢાંકી દેવી.

(૩) **વ્યપદેશ**:-વ્યપદેશ એટલે કપટથી કહેવું. નહિ આપવાની બુદ્ધિથી આ અન્ન વગેરે બીજાનું છે એમ સાધુને કહેવું. અથવા મારા દાનથી માતાને કે પિતા વગેરેને પુણ્ય થાઓ એમ કહેવું તે વ્યપદેશ.

(૪) **મત્સર**:-મત્સર એટલે સહન ન કરવું. સાધુ કોઈ વસ્તુની માગણી કરે ત્યારે ક્રોધ કરવો તે મત્સર. અથવા તે ગરીબે પણ સાધુના માગવાથી આ(=અમુક) આપ્યું તો શું હું તેનાથી પણ ઉતરતો છું? એવો વિચાર કરવો (=વહોરાવનાર બીજા ઉપર ઈર્ષ્યા કરવી) તે મત્સર.

(૫)**કાલાતિક્રમદાન**:-પ્રસ્તુત સાધુભિક્ષાનું ઉલ્લંઘન કરવું તે કાલાતિક્રમ. કાલાતિક્રમ કરીને દાન આપવું તે કાલાતિક્રમદાન, અર્થાત્ નહિ આપવાની બુદ્ધિથી ભિક્ષાનો સમય થયા પહેલાં કે ભિક્ષાનો સમય વીતી ગયા પછી સાધુઓને નિમંત્રણ કરે તે કાલાતિક્રમદાન. (ભિક્ષાનો સમય થયા પહેલાં પોતાના ઘરમાં રસોઈ થઈ ન હોય, અથવા દોષશંકાથી સાધુ ન વહોરે, ભિક્ષાના સમય પછી પોતાના ઘરમાં રસોઈ ખલાશ થઈ ગઈ હોય, અથવા સાધુને જરૂર ન હોય એથી સાધુ ન વહોરે. આમ સાધુને દાન ન આપવું પડે અને પોતાને દાનની ભાવના છે એમ બતાવી શકાય.)

કાલાતિક્રમ કરવાથી લેનારા જ ન હોય=સાધુઓ વહોરે નહિ. કહ્યું છે કે-

**"કાળે આપેલા મિષ્ટાન્નની કિંમત થઇ શકતી નથી. તે જ મિષ્ટાન્ન અનવસરે (ધરાઇ ગયા પછી કે ભિક્ષા પૂરી થઈ ગયા પછી) કોઈ ન લે."**

આથી જ આ પ્રમાણે ઉપદેશ આપવામાં આવ્યો છે :–

**"સુપાત્ર, ઘણી શ્રદ્ધા (=દાનભાવના) અને અવસરે યથોચિત આપવા યોગ્ય વસ્તુ આટલી દાનધર્મ સાધવાની સામગ્રી અલ્પ પુણ્યવાળાઓ મેળવી શકતા નથી."**

અતિચાર ભાવના આ પ્રમાણે છે :–આ પાંચ જો અનુપયોગ આદિથી કે અતિક્રમ આદિથી આચરે તો અતિચાર રૂપ છે. અન્યથા (ઇરાદા પૂર્વક વગેરે રીતે) આચરે તો વ્રતના ભંગ રૂપ જ છે. [૧૨૬]

હવે અતિથિસંવિભાગવ્રતના જ ભંગદ્વારની ગાથા આ પ્રમાણે છે :–

**दाणंतरायदोसा, न देइ दिज्जंतयं च वारेइ ।**
**दिन्ने वा परितप्पइ, किविणत्ताओ भवे भंगो ॥ १२७ ॥**

**ગાથાર્થ** :–અતિથિસંવિભાગ વ્રતનો સ્વીકાર કર્યો હોવા છતાં દાનાંતરાય કર્મના દોષથી સાધુ વગેરેને અન્નાદિ ન આપે, અથવા બીજો કોઈ સાધુ વગેરેને દાનયોગ્ય અન્ન આદિ આપતો હોય તે જોઈને એ દાનને અટકાવે=નિષેધ કરાવે, અથવા આપ્યા પછી કૃપણતાના કારણે "મેં આ કેમ આપી દીધું? અથવા ઘણું આપી દીધું" એમ પશ્ચાત્તાપ કરે, તેને પ્રસ્તુત વ્રતનો ભંગ થાય.

**ટીકાર્થ** :–દાનાંતરાયકર્મ જીવના દાનના અધ્યવસાયોને દૂષિત બનાવે છે માટે દોષ છે. [૧૨૭]

હવે ભાવના દ્વારને કહે છે :–

**धण्णा य पुण्णवंता, तेसिं सफलं च जीवियं लोए ।**
**सेज्जंसो इव दाणं, भत्तीए देंति पत्तेसु ॥ १२८ ॥**

**ગાથાર્થ** :–તેઓ ધન્ય છે, તેઓ પુણ્યવંત છે, અને જગતમાં તેમનું જીવન સફલ છે, જેઓ શ્રેયાંસની જેમ પાત્રમાં ભક્તિથી દાન કરે છે.

**ટીકાર્થ** :–ધન્ય=(ધર્મરૂપી સમૃદ્ધિથી) સમૃદ્ધિવાળા. પુણ્યવંત=સારું કામ કરનારા. જે જિનાજ્ઞા પ્રમાણે આચરણ કરનારા હોવાથી પોતાનું રક્ષણ કરે અને સંસાર રૂપ ખાડામાં પડતા અનેક જીવોનું રક્ષણ કરે તે પાત્ર, અર્થાત્ પાત્ર એટલે સાધુઓ.

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે. ભાવાર્થ તો કથાથી જાણવો. તે કથા આ છે:–

## શ્રેયાંસનું દૃષ્ટાંત

ભરતક્ષેત્રના મધ્યખંડના અલંકારભૂત ગજપુર (=હસ્તિનાપુર) નામના નગરમાં સોમપ્રભ નામનો રાજા હતો. તે રાજા સાતમા કુલકર નાભિરાજા અને મરુદેવીના પુત્ર, અને સર્વ લોકનીતિને સર્વ પ્રથમ પ્રવર્તાવનારા શ્રી આદિ તીર્થંકરનો અને સુનંદા-દેવીનો પૌત્ર હતો, અને પોતાના પિતાએ આપેલ તક્ષશિલા રાજધાનીના નાયક બાહુબલિનો પુત્ર હતો. તેનો શ્રેયાંસ નામનો યુવરાજ પુત્ર હતો. તેણે વિશેષ પ્રકારના રૂપ, લાવણ્ય અને સૌભાગ્ય વગેરે ગુણોના સમૂહથી કીર્તિનો વિસ્તાર પ્રાપ્ત કર્યો હતો. તે વિસ્તાર પામતી ઘણી રાજ્યલક્ષ્મીને યોગ્ય સર્વ શુભ લક્ષણોથી ઉત્તમ [1]ખભાવાળો હતો. કોઈવાર સુખશય્યામાં સૂતેલા તેણે રાત્રિના છેલ્લા પ્રહરમાં સ્વપ્ન જોયું. તે આ પ્રમાણેઃ– શ્યામ થતો મેરુ પર્વત મારાથી અમૃતના કળશો વડે સિંચન કરાયો અને પૂર્વથી અધિક શોભવા લાગ્યો. આ તરફ તે જ સમયે ત્યાં રહેલા સુબુદ્ધિશેઠે અને સોમપ્રભ રાજાએ તે જ પ્રમાણે સ્વપ્ન જોયું. તેમાં– હજાર કિરણોથી અત્યંત છૂટા પડતા સૂર્યબિંબને શ્રેયાંસે કિરણો સાથે જોડી દીધો, એથી તે અધિક દીપવા લાગ્યો, એ પ્રમાણે શેઠે જોયું. યુદ્ધમાં શત્રુના બળવાન સૈન્યોથી દિવ્યપુરુષ પરાભવ પામ્યો, પછી શ્રેયાંસે સહાય આપી, એથી તેણે શત્રુના સમૂહને જીતી લીધો એ પ્રમાણે રાજાએ સ્વપ્નમાં જોયું.

સવારે બધાય સભામાં ભેગા થયા. સ્વપ્નના અર્થને નહિ જાણતા તેઓ બોલ્યા કે, અહો! કંઇ પણ કલ્યાણ થશે, શ્રેયાંસનું અધિક કલ્યાણ થશે. પછી તે વચનથી ધીરજવાળા થયેલા બધા પોતપોતાના સ્થાને ગયા. શ્રેયાંસકુમાર પણ રાજ-સભાથી આવીને પોતાના સાતમાળવાળા મહેલ ઉપર ચડ્યો. ત્યાં ઝરુખામાં બેઠેલા તેણે જેટલામાં દિશાઓમાં દૃષ્ટિ નાખી તેટલામાં ત્રણલોકના ચૂડામણિ ઇક્ષ્વાકુકુલના તિલક, ભિક્ષાદાનને નહિ જાણતા લોકોથી ઘરે ઘરે કન્યા અને ધન વગેરેથી નિમંત્રણ કરાતા, ભિક્ષા માટે પરિભ્રમણ કરવાના હેતુથી નગરના મધ્યભાગમાં આવતા, પોતાના પિતાના દાદા, પ્રથમ તીર્થંકર અને (કંઈક અધિક) વર્ષના ઉપવાસથી સુકાઇ ગયેલા શરીર-વાળા ભગવાન વૃષભ સ્વામીને જોયા. આવી આકૃતિ બીજે પણ ક્યાંક મેં પૂર્વે જોઈ છે એ પ્રમાણે તર્ક-વિતર્ક પૂર્વક વિચારણામાં તત્પર શ્રેયાંસને જાતિસ્મરણ જ્ઞાન થયું. ક્ષણવાર મૂર્છા આવી. કપૂર અને ચંદનનો રસ આદિથી સિંચન (=વિલેપન) કરાયેલા અને પંખા આદિના પવનથી વીંઝાયેલા તેને ચેતના આવી. પછી મહેલ ઉપરથી આંગણાની ભૂમિમાં ઉતર્યો.

---

૧. **श्रेयांसौ अंसौ अस्येति श्रेयांसः पृषोदरादित्वात्** (અભિધાનચિંતામણિ ટીકા શ્લોક-૨૭)

આ દરમિયાન ભગવાન પણ તેના મહેલના દરવાજા આગળ પધાર્યા. આ તરફ કોઈ લોકો શેરડીના રસથી ભરેલા ઘડા ભેટ આપવા માટે લઈ આવ્યા, એ ઘડા શ્રેયાંસકુમારને આપ્યા. શ્રેયાંસકુમારે પણ તે ઘડાઓમાંથી પોતાના બે હાથોથી એક એક ઘડો લઈને આ પ્રમાણે વિચાર્યું: હું ધન્ય છું કે જેને આટલી સલ્લીય સામગ્રી મળી છે. કારણ કે–"સુપાત્રોના સ્વામી અને ભિક્ષાના અર્થી તીર્થનાથ ક્યાં પ્રાપ્ત થાય? આપવા યોગ્ય નિર્મલ ઈક્ષુરસનું ભેટણું ક્યાં આવ્યું હોય? અહીં મારી અતિનિર્મલ ભક્તિ કેવી રીતે ઉલ્લસિત બની હોય? અહો! સુંદર પુણ્યના યોગથી તે ત્રણેનો આ મેળાપ છે." ઈત્યાદિ વિચારતા શ્રેયાંસે તીર્થંકરને પ્રણામ કરીને કહ્યું: હે ભગવંત! જો આપને ઉપયોગમાં આવતો હોય તો મારા ઉપર અનુગ્રહ કરવા માટે સર્વદોષોથી વિશુદ્ધ આ ઈક્ષુરસને ગ્રહણ કરો. ઉત્સુકતાથી રહિત ભગવાને દ્રવ્યાદિનો ઉપયોગ કરીને મૌન રહીને જ હાથની [1]અંજલિ (=ખોબો) આગળ કરી. તેમાં શ્રેયાંસે ઈક્ષુરસ રેડ્યો. ભગવાનના અચિંત્ય તીર્થંકર નામકર્મના પ્રભાવથી હાથની અંજલિમાં રેડાતો ઈક્ષુરસ શિખાની જેમ વધ્યો, એક ટીપું પણ નીચે ન પડ્યું. વર્ષ સુધી ઉપવાસથી તપેલી ભગવાનની કાયા ઈક્ષુરસના ઉપયોગથી શાંત થઈ. આહાર કરતા ભગવાન કોઈનાથી પણ દેખી શકાયા નહિ. કારણ કે તીર્થંકરોના આ ગુણો જન્મથી જ હોય છે. જેમ કે, (૧) શરીર પરસેવો, રોગ અને મેલથી રહિત અને સુગંધી હોય છે. (૨) લોહી ગાયના દૂધ જેવું સફેદ હોય છે. માંસ દુર્ગંધથી રહિત અને અમૃત સમાન સફેદ હોય છે. (૩) એમનો આહાર અને નિહાર (=ઝાડો) માંસની આંખવાળો પ્રાણી ન જોઈ શકે. (૪) શ્વાસ વિકસેલા કમળના જેવો સુગંધી અને અતિશય મનોહર હોય છે. આ અવસરે (૧) હર્ષસમૂહથી યુક્ત અને આકાશમાં રહેલા દેવો વગેરેએ સુગંધી પાણીની સાથે દીંટું નીચે રહે તે રીતે પાંચ વર્ણવાળા પુષ્પોની વૃષ્ટિ કરી. (૨) જલસહિત મેઘની મહાન ગર્જના જેવા પોતાના ધ્વનિથી ભુવનના મધ્યભાગોને બહેરા કરનારી દુંદુભિઓ વાગી. (૩) પવનથી હાલેલી ધ્વજાના છેડાના જેવી [2]ચંચળ વસ્ત્રવૃષ્ટિ કરી. (૪) પોતાની પ્રભાના સમૂહથી દિશાઓના મધ્યભાગોને પ્રકાશિત કરનારી સાડાબાર ક્રોડ પ્રમાણ, રત્નવૃષ્ટિ કરી. (૫) જય જય એવા શબ્દોથી સહિત અહો! સુદાન અહો! સુદાન એવા વચનથી ઘોષણા કરી. કેટલાક દેવો શ્રેયાંસના મહેલના આંગણામાં જ ઉતર્યા. વિસ્મય પામેલા બીજા પણ લોકો ત્યાં આવ્યા.

લોકોએ શ્રેયાંસને પૂછ્યું: ભગવાનના પારણાનો આ વિધિ તમોએ કેવી રીતે જાણ્યો? શ્રેયાંસે કહ્યું: જાતિસ્મરણથી. લોકોએ પૂછ્યું: આ જાતિસ્મરણ કેવું છે?

---

૧. સામ સામે બે વસ્તુના સંયોગને (=મિલનને) પુટ કે સંપુટ કહેવામાં આવે છે. બે હથેળીનો સંયોગ થાય એટલે અંજલિ થાય. માટે અહીં પુટ શબ્દનો ભાવાર્થ અંજલિ કર્યો છે.

૨. અર્થાત્ અત્યંત સૂક્ષ્મવસ્ત્રોની વૃષ્ટિ કરી.

અને એનાથી આ વિધિ કેવી રીતે જાણ્યો ? તેણે કહ્યું : જાતિસ્મરણ મતિજ્ઞાનનો ભેદ છે. એનાથી મને પોતાના તે આઠ ભવોનું સ્મરણ થયું, કે જે ભવોમાં હું ભગવાનના જીવની સાથે ભમ્યો. તે આ પ્રમાણેઃ– આ ભવથી નવમા ભવમાં મારા પિતાના દાદા એવા ભગવાનનો જીવ ઈશાન દેવલોકમાં લલિતાંગ નામનો દેવ હતો. હું તેની પરમ પ્રેમપાત્ર પત્ની સ્વયંપ્રભા નામની દેવી હતો. હું તેની દેવી જેવી રીતે થયો તે પ્રમાણે કહું છું. સ્વયંપ્રભાના ભવથી પૂર્વભવની વિગત આ પ્રમાણે છેઃ– આ ધાતકીખંડ દ્વીપની અંદર આવેલ પૂર્વ મહાવિદેહ ક્ષેત્રના અલંકારભૂત અને સર્વ મંગલોનો નિવાસ એવા મંગલાવતી વિજયમાં નંદિગ્રામ નામનું ગામ હતું. તે ગામમાં નાગિલ નામનો એક ગૃહસ્થ રહેતો હતો. તે દરિદ્ર હતો અને કુટુંબવાળો હતો. તેની નાગશ્રી નામની પત્ની હતી. તેની સુલક્ષણા અને સુમંગલા વગેરે છ પુત્રીઓની ઉપર એક પુત્રી થઈ. તે પુત્રી પૂર્વે ઉપાર્જન કરેલા પ્રબળ દૌર્ભાગ્યના સમૂહના કારણે સઘળા ય સ્વજનના પરિવારને અપ્રિય બની, એથી જ પોતાના માતા–પિતાએ તેનું નામ ન પાડ્યું, આથી તે લોકમાં નિર્નામિકા એ પ્રમાણે પ્રસિદ્ધ બની. ત્યારે ક્યારેક કોઈક ઉત્સવમાં ધનાઢ્ય લોકોના બાળકોના હાથમાં વિવિધ પ્રકારના ભક્ષ્યોને જોઈને નિર્નામિકાએ પોતાની માતાની પાસે માગણી કરી કે, મને પણ મોદક વગેરે કંઈક ભક્ષ્ય આપ, જેથી હું પણ આ નગરના બાળકોની સાથે રમું. તેથી માતાએ ક્રોધથી ત્રણ રેખા (=વળી) રૂપ તરંગોથી યુક્ત લલાટપટ્ટવાળી ભયંકર ભ્રકુટીને ચઢાવીને તેને ગાલ ઉપર હાથથી મારીને ઘરમાંથી કાઢી મૂકી, અને કહ્યું કે હે નિરાશ ! તારા યોગ્ય ભક્ષ્ય અહીં ક્યાં છે? જો તું એની ઇચ્છાવાળી છે તો અંબરતિલક પર્વત ઉપર જા, જેથી તેના મનોરમ નામના ઉદ્યાનમાં વિવિધ પ્રકારના ભક્ષ્ય ફલોને તું પામે, તે ફળો ખાઈને સ્વેચ્છાથી રમ. મારા ઘર તરફ તારે ન આવવું, જો આવીશ તો તે પ્રમાણે કરીશ કે જેથી તું નહિ રહે. આ પ્રમાણે આક્રોશપૂર્વક બહાર કઢાયેલી તે રડતી ઘરમાંથી નીકળી ગઇ. તેણે અનેક લોકોને અંબરતિલક પર્વત તરફ જતા જોયા. તે લોકોની સાથે જ તે અંબર-તિલક પર્વત તરફ ગઇ. પછી તેણે ત્યાં અનેક પ્રકારનાં ફલોના સમૂહથી નમેલાં વૃક્ષોથી વ્યાપ્ત, પક્ષીઓના સમૂહોનું ઘર, મૃગ વગેરેનું ઘર, અત્યંત ઊંચા શિખરોથી જાણે આકાશના આંગણાને માપવા માટે તૈયાર થયો હોય તેવા અંબરતિલક નામના પર્વતને જોયો. તેમાં અનેક લોકોને ઉદ્યાનમાં રહેલાં વૃક્ષસમૂહનાં સુંદર ફલોને લેતા જોઈને તેણે પણ પોતાની મેળે પાકીને પડેલાં સ્વાદિષ્ટ ઘણાં ફલો લઇને ખાધાં. પર્વત રમ-ણીય હોવાથી લોકોની સાથે તે તે સુંદર સ્થાનોમાં ફરતી તેણે કોઇકનો કર્ણપ્રિય શબ્દ સાંભળ્યો.

શબ્દના અનુસાર ચાલેલા લોકોની સાથે તે પણ જેટલામાં તે સ્થાને ગઈ તેટલામાં અગણિત દેવ-મનુષ્યોની સમક્ષ ધર્મકથાને કરતા, ચૌદપૂર્વોના જાણકાર, ચાર જ્ઞાનથી વસ્તુઓના સમૂહને પ્રત્યક્ષ જાણનારા અને શ્રેષ્ઠ સાધુઓના પરિવારવાળા યુગંધર નામના સૂરિને જોયા. તેથી તે લોકોની સાથે તે પણ ભગવંતને પ્રણામ કરીને બહુ દૂર નહિ એવા સ્થાને બેઠી. જીવોને બંધ કેવી રીતે થાય અને મોક્ષ કેવી રીતે થાય ઇત્યાદિ દેશના સાંભળી. દેશના પછી એણે તે મહામુનિને પૂછ્યું : શું મારાથી પણ અધિક દુઃખી કોઇ જીવો છે? સૂરિએ કહ્યું : હે ભદ્રે! તને દુઃખ શું છે? કારણ કે તું શુભ-અશુભ શબ્દો સાંભળે છે, સુંદર-ખરાબ અનેક રૂપોને જુએ છે, શ્રેષ્ઠ-ખરાબ અનેક પ્રકારના ગંધોને સુંઘે છે, કડવા, તીખા, તૂરા અને મધુર વગેરે અનેક પ્રકારના પ્રિય-અપ્રિય રસોને ચાખે છે, ઇષ્ટ-અનિષ્ટ અનેક પ્રકારના સ્પર્શોને અનેકવાર સ્પર્શે છે. તું તારા શીત, ઉષ્ણ અને ક્ષુધા વગેરે દુઃખનો કોઇ પણ કેટલોક પણ પ્રતીકાર કરી શકે છે. તું સ્વનિદ્રાથી ઊંઘે છે. ક્યારેક અત્યંત અંધકારમાં પણ જ્યોતિના પ્રકાશથી સ્વકાર્યો કરે છે.

આ સંસારમાં દુઃખી તો નરકના જીવો છે. તેમને સતત અશુભ શબ્દ, રૂપ, ગંધ, રસ અને સ્પર્શ મળે છે, તે શીત વગેરે વેદનાનો પ્રતીકાર કરી શકતા નથી, આંખના પલકારા જેટલો કાળ પણ નિદ્રાનું સુખ મેળવી શકતા નથી, સદા અંધકારવાળા નરકોમાં પરમાધામીઓથી અનેક પ્રકારે હેરાન કરાય છે, છતાં નિરુપક્રમ આયુષ્યવાળા હોવાથી ઘણો કાળ પસાર કરે છે. વળી- નરકના જીવોની વાત દૂર રહી, જે આ બિચારા તિર્યંચો છે તે પણ સ્વપક્ષ અને પરપક્ષથી માર પામે છે, શીત-ઉષ્ણ અને ક્ષુધા-તૃષા વગેરે જે વેદનાઓને અનુભવે છે, તેને ઘણા કાળે પણ વર્ણવવાને માટે કોણ સમર્થ છે? બીજું, મનુષ્યોમાં પણ જેઓ તારાથી હીન છે, બંધન વગેરેમાં પડેલા છે, પરવશ બનીને લાખો શારીરિક-માનસિક દુઃખોને અનુભવે છે, તેમને પણ તું જો કે તારી અપેક્ષાએ તેઓ શું દુઃખ અનુભવે છે? પછી તેણે પ્રણામ કરીને કહ્યું : હે ભગવંત! આપે જે આ કહ્યું તે સત્ય છે. માત્ર આ દુઃખના પ્રતીકારભૂત અને મારી યોગ્યતાને અનુરૂપ કોઈ ધાર્મિક અનુષ્ઠાનનો મને પણ ઉપદેશ આપો, જેનું સેવન કરીને હું જન્માંતરમાં પણ આવા પ્રકારના દુઃખની ભાગી ન બનું. તેથી સૂરિએ તેને પાંચ અણુવ્રતો કહ્યાં. તેણે ભાવથી અણુવ્રતોનો સ્વીકાર કર્યો. પછી સૂરિને નમીને કોઇક લોકોની સાથે બીજો કોઈ આશ્રય ન હોવાથી પોતાના જ ઘરે ગઇ.

ઘરે રહેલી તે વ્રતોને પાળે છે. ક્રમે કરીને યૌવનને પામી. દૌર્ભાગ્ય દોષથી કોઈ પણ પુરુષ તેને પરણ્યો નહિ. છઠ્ઠ-અઠ્ઠમ વગેરે તપથી તેણે શરીરને વિશેષ સૂકવી

દીધું. તેથી જ સદા પોતાના માતા-પિતા જેટલું અનાજ [1]અને વસ્ત્ર આપે તેટલા માત્રથી જ સંતોષ પામતી તેણે ઘણો કાળ પસાર કર્યો. કોઈ વાર પોતાના શરીરને બધી શક્તિથી રહિત જોઈને વિધિથી આહાર-પાણીનો ત્યાગ કર્યો. પૂર્વોક્ત લલિતાંગ દેવની સ્વયંપ્રભા નામની દેવી પોતાના આયુષ્યનો ક્ષય થવાથી દેવલોકથી ચ્યવી ગઈ. તેના સ્થાને બીજી સ્વયંપ્રભા દેવી કરવાની ઇચ્છાવાળો તે રાતે મનુષ્ય લોકમાં ઉતર્યો. તેણે નિર્નામિકાને (અનશન કરીને કાયોત્સર્ગમાં રહેલી) જોઇ. પછી પોતાનું રૂપ બતાવીને કહ્યું : હે નિર્નામિકા ! મારો સ્વીકાર કરીને તું નિદાન કર કે, હું એની દેવી થાઉં. આમ કહીને તે અદૃશ્ય થઇ ગયો. નિર્નામિકાને તેના દર્શનથી તેના પ્રત્યે રાગ થયો. તેનું જ ધ્યાન ધરતી તે સમાધિથી મૃત્યુ પામીને તે જ ઇશાન દેવલોકમાં શ્રીપ્રભવિમાનમાં લલિતાંગદેવની જ સ્વયંપ્રભા નામની મુખ્ય દેવીરૂપે ઉત્પન્ન થઇ. માત્ર અંતર્મુહૂર્તમાં જ સર્વ પર્યાપ્તિઓથી પર્યાપ્ત બની ગઈ. ભવપ્રત્યય અવધિજ્ઞાનથી પૂર્વભવનો વૃત્તાંત જાણ્યો. લલિતાંગ દેવની સાથે તે જ અંબરતિલક પર્વત ઉપર ઉતરી. મનોરમ ઉદ્યાનમાં પધારેલા યુગંધર ગુરુને વિધિથી વન્દન કર્યું. તેમની સમક્ષ અતિશય ભક્તિથી યુક્ત નાટ્યવિધિ બતાવીને પોતાના વિમાનમાં ગઇ. લાંબા કાળ સુધી દિવ્ય કામ-ભોગોને ભોગવ્યા. કોઇવાર કરમાયેલી પુષ્પમાલાવાળા અને મુખ-ચક્ષુને નીચે રાખીને કંઇક વિચારતા એવા લલિતાંગ દેવને એણે કહ્યું : હે પ્રાણેશ ! આજે તમે ઉદાસીન કેમ દેખાઓ છો ? તેણે કહ્યું : હે પ્રિયા ! હવે મારું આયુષ્ય થોડું છે, તારી સાથે વિયોગ અત્યંત નજીક છે. તેથી તે પણ તેના દુઃખથી દુઃખી બની ગઈ. ક્યારેક સ્વયંપ્રભાના દેખતાં જ તેણે નંદીશ્વરની યાત્રા માટે પ્રયાણ કર્યું. ઉત્તમ વિમાનથી જતો લલિતાંગદેવ અર્ધા રસ્તે જ ઘણા પવનથી બુઝાયેલા દીપકની જેમ વિનાશ પામ્યો.

ત્યાંથી ચ્યવેલો તે આ જ જંબૂદ્વીપમાં પૂર્વ મહાવિદેહમાં સમુદ્રની નજીક આવેલી પુષ્કલાવતી વિજયમાં લોહાર્ગલ નગરના સ્વામી સુવર્ણજંઘ નામના રાજાની લક્ષ્મીવતી પત્નીનો વજ્રજંઘ નામે રાજકુમાર થયો. લલિતાંગના વિયોગના શોકરૂપ અગ્નિથી બળતી સ્વયંપ્રભા તે જ શ્રીપ્રભવિમાનમાં ઉત્સાહ પામતી ન હતી. પૂર્વના યુગંધર ગુરુના ઉપદેશથી ફરી બોધિનો લાભ થાય એ માટે નંદીશ્વર દ્વીપ વગેરે સ્થાનોમાં જિનમંદિરોમાં પૂજા કરવા લાગી. કેટલોક કાળ પસાર કરીને આયુષ્યનો ક્ષય થવાથી ત્યાંથી ચ્યવી. આ જ જંબૂદ્વીપમાં રહેલા મહાવિદેહના વિજયમાં પુંડરીકિણી નગરીમાં વૈરસેન ચક્રવર્તીની શ્રીમતી નામની ગુણવંતી રાણીની પુત્રી થઇ. પદ્મ સરોવરમાં હંસલીની જેમ તે પિતાના ભવનમાં ક્રીડા કરતી હતી. ધાવમાતાથી ગ્રહણ કરાયેલી (=રક્ષણ

---

૧. ग्रासश्च आच्छादनं च ।

કરાયેલી ) તે શરીરપુષ્ટિથી અને કલાસમૂહથી વૃદ્ધિ પામી. ક્રમે કરીને પૂર્ણ યૌવનને પામી. કોઈ વાર [1]સર્વતોભદ્ર મહેલમાં રહેલી તેને નગરની બહાર દેવોનું આગમન જોઈને તર્ક–વિતર્કથી પૂર્વ ભવનું સ્મરણ થયું. ક્ષણવાર મૂર્છાને પામી. પરિવારની સ્ત્રીઓએ તેને ચંદનજલથી સીંચી અને પંખાના પવનથી વીંઝી એટલે તેણે ચૈતન્યને પ્રાપ્ત કર્યું. તેણે વિચાર્યું : પ્રિય લલિતાંગને મારે કેવી રીતે મેળવવો ? અથવા એના વિના મારા જીવવાથી શું ? પછી તેણે મૌન સ્વીકાર્યું. તેને નહિ બોલતી જોઈને “જૃંભક દેવોએ એની વાણી ખેંચી લીધી છે” એમ બોલતા સ્વજનોએ અને કુટુંબીઓએ મંત્ર–યંત્ર વગેરે ઉપાયો કરાવ્યા. તેણે મૌનને ન મૂકયું. કોઈ વાર શણગારનારી ધાવમાતાએ તેને એકાંતમાં કહ્યું : હે વત્સે ! જો તું કોઈ પણ કારણથી મૌનનું આલંબન લઈને રહી હો તો મારી આગળ કહે, કદાચ તેની સિદ્ધિમાં મારી પણ [2]શક્તિ હોય. વસ્તુને જાણ્યા વિના ઉપાય કેવી રીતે વિચારું ? તેણે કહ્યું : હે માતા ! કારણ છે. તે આ પ્રમાણેઃ– મને જાતિસ્મરણ થયું છે. તેથી પૂર્વ ભવનો પતિ લલિતાંગદેવ મને યાદ આવ્યો છે. તેને યાદ કરીને તેના વિયોગ રૂપી અગ્નિથી અતિશય બળતા આત્માને નિર્જીવ જેવો જાણું છું. તેથી મૌનનો આલંબન લઈને રહી છું. ધાવમાતાએ કહ્યું : હે પુત્રી ! કાર્યની સિદ્ધિ મૌન રહેવાથી થતી નથી, કિંતુ ઉપાયથી થાય છે. તેથી તેં મને આ જણાવ્યું તે સારું કર્યું. હવે હું તે પ્રમાણે કરું છું કે જે પ્રમાણે જલદી જ તારા પ્રિયનો યોગ થાય.

પછી તેણે મહાન ચિત્રપટ કરાવ્યો. તેમાં જે પ્રમાણે શ્રીમતીએ કહ્યું તે પ્રમાણે ધાતકીખંડથી આરંભી દેવલોકમાંથી ચ્યવન સુધી વિસ્તાર પૂર્વક તેના ચરિત્રનું આલેખન કર્યું. પછી રાજકુમાર વગેરે જે કોઈ ત્યાં આવે તેને તે પટ બતાવતી હતી. કોઈ વાર વજ્રજંઘ કુમાર કોઈ પણ કારણથી લોહાર્ગલપુરથી ત્યાં આવ્યો. શ્રીમતીની ધાવમાતાથી બતાવાતું તે ચિત્રપટ જોઈને વજ્રજંઘને જાતિસ્મરણ થયું. તે બોલ્યો : ખરેખર ! જેનું આ ચરિત્ર આલેખેલું છે તે હું લલિતાંગ છું. તેથી કહે કે કોણે આ આલેખ્યું છે ? ચોક્કસ સ્વયંપ્રભા દેવીને છોડીને બીજો કોઈ આ અર્થનો જાણકાર નથી. તેથી હમણાં મને તે બતાવ. તેથી ખુશ થયેલી ધાવમાતાએ કહ્યું : હે કુમાર ! તારા પિતાના સસરાની જે શ્રીમતી પુત્રી છે તે આ સ્વયંપ્રભા છે, અને તેણે આ આલેખ્યું છે. તેથી જ્યાં સુધી હું રાજાને કહું ત્યાં સુધી તું રાહ જો. બહુ ઉત્કંઠાવાળો ન થા. આમ કહીને તે શ્રીમતીની પાસે ગઈ. તેને વજ્રજંઘનો વૃત્તાંત કહ્યો.

---

૧. ચાર બારણાવાળા ઘરને કે મહેલને સર્વતોભદ્ર કહેવામાં આવે છે.

૨. અહીં **મા** અવ્યયના પ્રયોગ વિના અર્થ વધારે સંગત બને છે. આથી અનુવાદમાં તે પ્રમાણે અર્થ કર્યો છે. **મા** અવ્યયના પ્રયોગથી અર્થ ઘટી શકતો હોય તો ઘટાડવો.

પછી રાજાને બંનેનો વૃત્તાંત જણાવ્યો. પછી મહાન આડંબરથી લગ્ન કરાવીને કુમારની સાથે શ્રીમતીનો યોગ કરાવ્યો. કોઈવાર માતા-પિતાથી ઉત્કૃષ્ટ સન્માન કરીને રજા અપાયેલી શ્રીમતી પોતાના પતિની સાથે લોહાર્ગલ નગર ગઇ. ત્યાં તેમને સુકૃતના પ્રભાવથી ઇચ્છિત વસ્તુઓનો સમૂહ પ્રાપ્ત થતો હતો. ત્રણ વર્ગમાં સારભૂત વિષયસુખને અનુભવતા તે બેના કેટલાક દિવસો પસાર થયા. લોકાંતિક દેવોથી પ્રતિબોધ કરાયેલા વૈરસેન ચક્રવર્તીએ સાંવત્સરિક મહાદાન આપ્યું. પછી મોટા પુત્ર પુષ્કલપાલને રાજ્ય ઉપર બેસાડીને દીક્ષા લીધી. કેવળજ્ઞાન ઉત્પન્ન થતાં ધર્મતીર્થની સ્થાપના કરી. વજ્જંઘને પોતાના ગુણથી લોકોના મનને આશ્ચર્ય પમાડનાર પુત્ર થયો.

આ તરફ કોઇક સામંતો કોઈવાર પુષ્કલપાલ પ્રત્યે વિરોધવાળા થયા. તેથી પુષ્કલપાલે વજ્જંઘને દૂત મોકલીને કહેવડાવ્યું કે શ્રીમતીની સાથે તમારે જલદી આવવું. પછી તે પણ દૂત પાસેથી તે કાર્યને જાણીને નગરમાં સ્વપુત્રને રાખીને ઘણું સૈન્ય લઇને શ્રીમતીની સાથે પુંડરિકિણી નગરી તરફ પ્રયાણ કર્યું. તેની વચમાં [1]શરવણના માર્ગે જવાનું હોય છે. ગુણ અને દોષના જાણકાર લોકોએ વજ્જંઘને શરવણના માર્ગે જવાનો નિષેધ કર્યો. તેમણે કહ્યું કે, આ માર્ગે દૃષ્ટિવિષ સર્પો છે, આથી આ માર્ગે ન જવું. પછી દૃષ્ટિવિષ સર્પોનો ત્યાગ કરતો તે ફરીને ક્રમશઃ પુંડરીકિણી નગરીમાં આવ્યો. તેનું આગમન જાણીને પુષ્કલપાલના સામંતો ભયથી પુષ્કલપાલને નમ્યા. પુષ્કલપાલે પણ ઘરે આવેલા તે બેની ઉચિત સેવા કરી. કેટલાક દિવસ પ્રેમથી રાખીને રજા આપી. પોતાના નગર તરફ જતા તે બે ક્રમે કરીને શરવણની નજીકના પ્રદેશમાં આવ્યા. લોકોએ કહ્યું : હવે શરવણની વચ્ચેથી પણ જનારાઓને કોઈ અનર્થ નથી. કારણ કે ત્યાં કોઈ મહામુનિને કેવલજ્ઞાન ઉત્પન્ન થયું. એથી ત્યાં દેવોનું આગમન થયું. દેવોના ઉદ્યોતથી સર્પોનું દૃષ્ટિવિષ નાશ પામ્યું. તે સાંભળીને વજ્જંઘ તે જ રસ્તે ચાલ્યો.

ઉત્તમ સાધુઓના પરિવારવાળા અને પોતાના બંધુ એવા સાગરસેન અને મુનિસેન શ્રમણોને ત્યાં રહેલા જોયા. તે બે અખંડતપરૂપીલક્ષ્મીનું વાસભવન, પ્રસન્નતાનો આશ્રય અને સૌમ્યતાગુણનું સ્થાન હતા. પરિવાર સહિત તેમને ભાવપૂર્વક વંદન કર્યું. ભિક્ષાસમયે પોતાના આવાસમાં આવેલા તે બેનો વિશુદ્ધ આહારપાણી વગેરેથી સત્કાર કર્યો. પછી તેણે તે મહાતપસ્વીઓના જ ગુણોનું ચિંતન કર્યું કે, અહો! આ મારા બંધુઓ મહાન પ્રભાવવાળા છે. અમે પણ આ રાજ્યના વિસ્તારને મૂકીને સાધુચર્યાને સ્વીકારીને નિઃસ્પૃહમનવાળા થયેલા આ પ્રમાણે ક્યારે વિચરીશું? આ પ્રમાણે વારંવાર વિચારતા તેણે મધ્યાહ્ન પછી પ્રયાણ કર્યું. ક્રમે કરીને પોતાના નગરમાં આવ્યો.

---

૧. કાસડાનું વન.

આ તરફ તેના પુત્રે પોતાના નગરમાંથી માતા-પિતા નીકળી ગયા એટલે દાન અને સન્માન વગેરેથી નોકરવર્ગને વશ કરી લીધો. તેમના આગમન સમયે તેમના વાસગૃહમાં વિષનો ધૂપ કર્યો. આ વૃત્તાંતને નહિ જાણતા વજ્રજંઘે રાત્રિનો પ્રારંભનો પ્રથમભાગ પૂર્ણ થતાં સેવક વગેરે પરિજનને રજા આપી, પછી સાધુગુણોનું સ્મરણ કરતા તેણે વાસગૃહમાં શ્રીમતીની સાથે આરામ કર્યો (= સૂઈ ગયો ). વિષધૂપથી તેનું ચૈતન્ય વ્યાકુળ બન્યું. આથી શ્રીમતીની સાથે જ તે મૃત્યુ પામ્યો.

ત્રણ પલ્યોપમ પ્રમાણ આયુષ્યવાળો તે ઉત્તરકુરુમાં શ્રીમતીની સાથે જ યુગલિક પણે ઉત્પન્ન થયો. તેના અંતે મૃત્યુ પામીને પૂર્વના સંબંધથી બંને સૌધર્મ દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં પણ (બંને વચ્ચે) ઘણી પ્રીતિ હતી, અને પલ્યોપમ પ્રમાણ આયુષ્ય હતું. તેનો ક્ષય થતાં વજ્રજંઘનો જીવ વપ્રાવતી વિજયમાં રહેલી પ્રભંકરા નામની નગરીમાં સુવિધિ નામના વૈદ્યનો અભયઘોષ નામનો પુત્ર થયો. શ્રીમતીનો જીવ તો કેશવ નામનો શ્રેષ્ઠિપુત્ર થયો. ત્યાં પણ તે જ પ્રમાણે અતિશય સ્નેહની વૃદ્ધિ થઇ. તે ભવમાં તેમના બીજા પણ રાજપુત્ર, પ્રધાનપુત્ર, શ્રેષ્ઠિપુત્ર અને સાર્થવાહપુત્ર એમ ચાર મિત્રો હતા. તે બધા (=છ) મિત્રોએ કોઈ વાર કૃમિયુક્ત કોઢરોગથી હેરાન થયેલા મહામુનિનો ઉપચાર કર્યો. તેના કારણે પુણ્યનું ઉપાર્જન કરવાથી અને છેલ્લી વયમાં લીધેલા ચારિત્રના પ્રભાવથી દેવલોકનું આયુષ્ય બાંધ્યું. મરીને અચ્યુત દેવલોકમાં ઇંદ્રના સામાનિક દેવ થયા. ત્યાંથી ચ્યવેલો અભયઘોષનો જીવ આ જ જંબૂદ્વીપમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરીકિણી નગરીમાં વૈરસેન રાજાની ધારિણી રાણીનો વજ્રનાભ નામનો પુત્ર થયો. તે કાલના ક્રમે ચક્રવર્તી થયો.

કેશવ સિવાય બીજા પણ (ચાર) વૈરસેનના અનુક્રમે બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ નામના પુત્રો થયા, અને તે માંડલિક રાજા થયા. વૈરસેને દીક્ષા લીધી. વજ્રનાભને ચક્રની ઉત્પત્તિ થઈ ત્યારે શ્રી વૈરસેને કેવલજ્ઞાન પ્રાપ્ત કરીને ધર્મતીર્થને પ્રવર્તાવ્યું. કેશવજીવ વજ્રનાભ ચક્રવર્તીનો સારથિ થયો. કોઈક કાળે વજ્રનાભે પણ તે ચાર બંધુઓ અને સારથિની સાથે પોતાના પિતા ભગવાન શ્રીવૈરસેન તીર્થંકરની પાસે દીક્ષા લીધી. તેઓમાં વજ્રનાભ ચૌદ પૂર્વધર અને બીજાઓ અગિયાર અંગના જ્ઞાતા હતા. ઘણા કાળ સુધી દીક્ષા પાળીને સમાધિ મરણની આરાધના કરીને બધા ય સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં તેત્રીસ સાગરોપમ પ્રમાણ આયુષ્ય હતું. તેનો ક્ષય થતાં પહેલાં વજ્રનાભનો જીવ નાભિકુલકરના પુત્રરૂપે ઉત્પન્ન થયો. બાહુ વગેરે જીવો ક્રમે કરીને ભરત, બાહુબલિ, બ્રાહ્મી અને સુંદરી એવા નામથી તેનાં જ સંતાનો થયા. સારથિનો જીવ તો હું શ્રેયાંસ થયો છું. હે લોકો! તેથી આ પ્રમાણે મેં પૂર્વે જ પુંડરિકિણીમાં વૈરસેન તીર્થંકરને જોયાં હતાં. તેમની પાસે સાંભળ્યું હતું કે આ

વજ્રનાભ ભરત ક્ષેત્રમાં તીર્થંકર થશે. ત્યારે તેમની પાસે દીક્ષિત થયેલા મેં આ દાન વગેરેનો વિધિ જાણ્યો હતો.

કેવળ આટલા દિવસ ભવાંતરનું સ્મરણ ન હતું. આજે તો પરમેશ્વરનાં દર્શનથી થયેલા જાતિસ્મરણવાળા મને આ બધું પ્રગટ થયું છે. તેથી મેં આ પ્રમાણે ભગવાનને પારણું કરાવ્યું. મેં વગેરેએ મેરુપર્વત વગેરેનાં જે સ્વપ્નો જોયાં હતાં અને આવેલા મારા પિતાએ વિચારવાના શરૂ કર્યા હતા તેમનું તે જ તાત્ત્વિક ફલ છે કે, વર્ષ સુધી અનશનથી સુકાતા શરીરવાળા પિતાને પારણું કરાવવા દ્વારા કર્મશત્રુને જીતવામાં સહાય કરવી. આ સાંભળીને લોકો તે સ્થાનને વંદન કરીને પોતપોતાના સ્થાને ગયા. શ્રેયાંસે જ્યાં ભગવાનને ભક્તિથી દાન કર્યું હતું તે સ્થાનમાં "અહીં લોકો પિતાના ચરણો ઉપર પોતાના પગોથી ચાલે નહિ" એ માટે દિવ્ય રત્નોથી સુંદર પીઠિકા કરાવી. લોકોએ "આ શું છે એમ" પૂછ્યું એટલે તેણે કહ્યું: આ તીર્થંકરનું મંડલ છે. ત્યારબાદ લોકો પણ પોતપોતાના ઘરમાં જ્યાં ભગવાને પારણું કર્યું ત્યાં તેવી પીઠિકા કરાવીને ત્રણે સંધ્યાએ પૂજવા લાગ્યા. કાળે કરીને વિશ્વમાં તે પીઠિકા સૂર્યમંડલ તરીકે ખ્યાતિને પામી. શ્રેયાંસને પાત્રદાનના પ્રભાવથી ઉત્તરોત્તર કલ્યાણ સમૂહની પ્રાપ્તિ થઈ. ઘણા કાળ સુધી સાંસારિક સુખોને અનુભવીને પ્રથમ તીર્થંકર ભગવાનને કેવળજ્ઞાનની ઉત્પત્તિ થતાં ભગવાનની પાસે જ દીક્ષા લીધી. નિરતિચાર દીક્ષાને પાળતા શ્રેયાંસમુનિ ક્ષપકશ્રેણિના ક્રમથી નિબિડ ઘાતીકર્મોનો ક્ષય કરીને, નિર્મલ કેવલજ્ઞાન ઉત્પન્ન કરીને, કાલક્રમથી ભવોપગ્રાહી ચાર કર્મોને ખપાવીને, શરીરને છોડીને, મોક્ષમાં ગયા. આ પ્રમાણે શ્રેયાંસનું દૃષ્ટાંત પૂર્ણ થયું. [૧૨૮]

નવે દ્વારોથી અતિથિસંવિભાગ વ્રતનું વ્યાખ્યાન કર્યું. તેનું વ્યાખ્યાન કરવાથી ચાર શિક્ષાપદ વ્રતો પૂર્ણ થયાં, તે સમાપ્ત થતાં બારે ય વ્રતો કહેવાઈ ગયાં. હવે નવ દ્વારોથી સંલેખના કહેવી જોઈએ. આથી પ્રથમ દ્વારથી સંલેખનાને કહે છે:-

**जिणभवणाइसु संथारदिक्ख निज्जावयाओ अडयाला ।**
**पियधम्माइसमेया, चउरंगाराहओ मरणे ॥ १२९ ॥**

**ગાથાર્થ**:- જિનભવન (=જિનમંદિર પાસે આવેલા સભામંડપ) આદિમાં સંસ્તાર-દીક્ષા લેવી જોઈએ, અથવા અનશન વગેરેનો સ્વીકાર કરવો જોઈએ. ધર્મપ્રેમ આદિ ગુણોથી યુક્ત અડતાલીસ નિર્યાપકો કરવા (=રાખવા) જોઈએ. આ રીતે મૃત્યુ પામનાર ચાર અંગોનો આરાધક થાય છે.

**ટીકાર્થ**:- "જિનભવન આદિમાં" એ સ્થળે રહેલા 'આદિ' શબ્દથી જિનેશ્વરોની જન્મભૂમિ વગેરે (પવિત્ર સ્થાન) સમજવું.

સંસ્તારદીક્ષા :– સંસ્તાર એટલે સંથારો, ઘાસ કે કામળી આદિનો સંથારો તે સંસ્તાર. દીક્ષા એટલે સર્વ વિરતિનો સ્વીકાર કરીને (અંદરથી) ચિત્તનું અને (બહારથી) મસ્તક–મુખનું (=મસ્તક–દાઢીનું) મુંડન કરવું. (ચિત્તનું મુંડન કરવું એટલે મિથ્યાત્વ, ક્રોધ વગેરે દોષોને દૂર કરવા=ઘટાડવા.) પડિલેહણ વગેરે ક્રિયાઓ કરવામાં અસમર્થ થઈ ગયેલ શ્રાવક અંદરમાં સર્વ સાવદ્યોથી નિવૃત્તિની પ્રતિજ્ઞાના અધ્યવસાયવાળો બનીને અને બહારથી રજોહરણ–મુહપત્તિ વગેરે સાધુવેષને ધારણ કરીને સંથારામાં રહે એ સંસ્તારદીક્ષા છે. શ્રાવકે સંસ્તારદીક્ષા લેવી જોઈએ, અને પવિત્ર સ્થાનમાં લેવી જોઈએ, એ વિષે કહ્યું છે કે–

**"ધર્મની આવશ્યક ક્રિયાઓ ન થઇ શકે ત્યારે કે મરણ નજીકમાં હોય ત્યારે શ્રાવક તપથી શરીરને અને આત્માને (=કષાયોને) પાતળા કરીને સંયમનો સ્વીકાર કરે. (૧) અરિહંતોના જન્મસ્થાનમાં, નિર્વાણ-સ્થાનમાં, જિનમંદિરમાં કે ઉપાશ્રયમાં સંસ્તારદીક્ષા લે, તેવું સ્થાન ન મળે તો ઘરમાં કે જીવોથી અત્યંત રહિત જંગલમાં સંસ્તારદીક્ષા લે."**(૨)

**પ્રશ્નઃ**– મૂળગાથામાં માત્ર સંસ્તારદીક્ષાનું વિધાન છે, અનશનનું નહિ. ઉત્તરઃ– સંસ્તારદીક્ષા એ અનશન વગેરેનું ઉપલક્ષણ છે. એટલે સંસ્તારદીક્ષાના વિધાનથી અનશન વગેરેનું પણ વિધાન કર્યું છે એમ સમજવું.

અહીં (=શ્રાવકના અધિકારમાં) અનશન નિયમા પ્રતિકર્મ (=ઉઠવું, બેસવું વગેરે શારીરિક ક્રિયા) સહિત હોય છે. આથી અનશનનો સ્વીકાર કરવામાં જ વિશેષ વિધિ કહે છેઃ– અડતાલીશ નિર્યાપકો રાખવા જોઈએ. અનશનીને સુખમાં રાખે તે નિર્યાપક, અર્થાત્ સેવા કરનાર. નિર્યાપકો ધર્મપ્રેમ આદિ ગુણોથી યુક્ત હોવા જોઇએ.

**પ્રશ્નઃ**– મૂળગાથામાં 'પ્રિયધર્મ' (=પ્રિય છે ધર્મ જેને તે પ્રિયધર્મ) એમ ગુણીનો નિર્દેશ કર્યો છે, ત્યારે ટીકામાં 'પ્રિયધર્મત્વ' (=ધર્મપ્રેમ) એમ ગુણનો નિર્દેશ કેમ કર્યો ?

**ઉત્તર** :–અહીં નિર્દેશ ભાવની પ્રધાનતાવાળો હોવાથી પ્રિયધર્મ એટલે પ્રિય-ધર્મત્વ એવો અર્થ છે. અહીં આદિ શબ્દથી ધર્મદઢતા વગેરે ગુણો સમજવા. આ વિષે કહ્યું છે કે–

"પાર્શ્વસ્થ, અવસન્ન અને કુશીલના સ્થાનોથી રહિત, અર્થાત્ પાર્શ્વસ્થ આદિ ત્રણમાં જે દોષો હોય તે દોષોથી રહિત, ગુણયુક્ત, ધર્મપ્રેમી અને પાપભીરુ એવા ૪૮ (અડતાલીસ) નિર્યાપકો રાખવા.(૧) ૧ ઉદ્વર્તક, ૨ દ્વાર, ૩ સંસ્તાર, ૪ કથક,

૫ વાદી, ૬ અગ્રદ્વાર, ૭ ભક્ત, ૮ પાન, ૯-૧૦ વિચાર, ૧૧ કથક, ૧૨ દિશા આ બાર પદોને ચારે ગુણવાથી નિર્યાપકોની શાસ્ત્રમાં કહેલી સંખ્યા થાય છે.” (૨-૩)[1]

**૧ ઉદ્વર્તક:**– (અનશનીમાં શક્તિ ન રહે ત્યારે) અનશનીના શરીરનું પાસુ બદલાવનારા અને પુનઃ તે જ પડખે શયન કરાવનારા, અર્થાત્ શરીરની સેવા કરનારા. **૨ દ્વાર:**– ઘણા માણસો ભેગા થાય તો અનશનીને અસમાધિ થાય, આથી ઘણા લોકોને ભેગા ન થવા દેવા માટે અંદરના દ્વાર પાસે બેસનારા. **૩ સંસ્તાર:**– અનશનીને અનુકૂળ હોય તેવો સંથારો પાથરનારા. **૪ કથક:**– અનશની તત્ત્વનો જ્ઞાતા હોય તો પણ તેને અંત સમયે સંવેગ વધે તેવી રીતે ધર્મકથા કહેનારા. **૫ વાદી:**- અનશનથી થતી જિનશાસનની પ્રભાવનાને સહન નહી કરી શકનારા કોઇ ધર્મદ્વેષી જિનશાસનની હલકાઇ કરે તો તેની સાથે વાદ કરનારા=વાદથી સત્ય સમજાવનારા. **૬ અગ્રદ્વાર:**– કોઈ ધર્મદ્વેષી ત્યાં આવીને અનશનીને અસમાધિ ન કરે એ માટે બહારના દરવાજા પાસે બેસનારા. **૭ ભક્ત:**– આહારનો ત્યાગ કરવા છતાં ક્ષુધાની પીડા વગેરેથી અસમાધિ થતી હોય અને એથી અનશની આહાર માગે તો તેને યોગ્ય આહાર લાવનારા. **૮ પાન:**– શરીરદાહ આદિ થાય તો તેની શાંતિ માટે યોગ્ય પાણી લાવનારા. **૯–૧૦ વિચાર:**– અનશની વડી નીતિ કે લઘુનીતિ કરે તો તેને પરઠવનારા. **૧૧ કથક:**– દર્શન-વંદન માટે આવેલા ભવ્ય જીવોને બહારના ભાગમાં બેસાડીને ધર્મકથા કહેનારા. **૧૨ દિશા:**– પૂર્વાદિ ચારે દિશામાં ક્ષુદ્ર ઉપદ્રવો થાય તો તેનું નિવારણ કરવા માટે સમર્થ હોય તેવા સહસ્રયોધી વગેરે દરેક દિશામાં એક એક રહે. આ બાર કાર્યોમાં દરેક કાર્ય માટે ચાર ચાર હોય એથી (૧૨×૪=)૪૮ થાય.

અહીં કોઈ આચાર્ય કહે છે કે– વડીનીતિ અને લઘુનીતિ એ બંનેમાં પરઠવનારા એક જ હોવાથી પરઠવનારા (આઠ નહિ, કિંતુ) ચાર જ હોય. તે આચાર્યના મતે દિશાપદમાં દરેક દિશામાં બે બે જાણવા. આથી યથોક્ત સંખ્યામાં વાંધો નથી.

હવે જો કોઈ અનશનીને આટલા નિર્યાપકો ન મળે તો એક એક ન્યૂન કરતાં છેવટે જઘન્યથી બે નિર્યાપકો રાખવા. તેમાં એક અનશનીની પાસે રહે અને એક ભાત-પાણી આદિ માટે ફરે. માત્ર એક જ નિર્યાપકના આશ્રયે અનશન સ્વીકારવું નહિ. કહ્યું છે કે–

---

૧. આ ત્રણે ગાથાઓ વ્યવહાર સૂત્રના દશમા ઉદ્દેશામાં છે. પણ **पासत्थो०** એ પહેલી ગાથા થોડાક ફેરફાર સાથે છે.

**"જો નિર્યાપક એક જ હોય તો અનશનીએ એક પોતાનો આત્મા અને બીજું પ્રવચન એ બેનો ત્યાગ કર્યો સમજવું. કારણ કે સહાયકના અભાવે પોતાને અસમાધિ થાય અને પ્રવચનની અવહીલના થાય. માટે નિર્યાપકો વધારે ન મળે તો પણ બે તો અવશ્ય કરવા."**

આવી સામગ્રીથી મૃત્યુ પામનાર જીવ મરણ કાલે ધર્મપ્રાપ્તિના મનુષ્યભવ, ધર્મ શ્રવણ, ધર્મશ્રદ્ધા અને સંયમ એ ચાર અંગોનો આરાધક બને છે. (=સફલ બનાવે છે.) [૧૨૯]

હવે ભેદદ્વારને કહે છે :–

**मरणं सत्तरसविहं, नाउं तत्थंतिमाइ मरणाइं ।**
**पायवइंगिणिमरणं, भत्तपरिण्णं च कायव्वं ॥ १३० ॥**

**ગાથાર્થ** :–સત્તર પ્રકારના મરણને જાણીને તેમાંના અંતિમ પાદપોપગમન, ઈંગિની મરણ અને ભક્તપરિજ્ઞા એ ત્રણમાંથી કોઈ એક મૃત્યુનો સ્વીકાર કરવો જોઈએ.

**ટીકાર્થ** :–મરણ એટલે દશ પ્રકારના પ્રાણનો ત્યાગ. તે મૃત્યુ 'અવીચિ' વગેરે સત્તર પ્રકારનું છે. કહ્યું છે કે–

૧ અવીચિ, ૨ અવધિ, ૩ અંત્ય, ૪ વલન્મરણ, ૫ વશાર્ત, ૬ અંતઃશલ્ય, ૭ તદ્ભવ, ૮ બાલ, ૯ પંડિત, ૧૦ બાલપંડિત, ૧૧ છદ્મસ્થ, ૧૨ કેવલી, ૧૩ વૈહાયસ, ૧૪ ગૃધ્રપૃષ્ઠ, ૧૫ ભક્તપરિજ્ઞા, ૧૬ ઈંગિની અને ૧૭ પાદપોપગમન એમ મરણના સત્તર પ્રકાર છે.

**૧ અવીચિ** :–વીચિ એટલે વિચ્છેદ. જે મરણમાં વીચિ=વિચ્છેદ ન હોય, અર્થાત્ જે મરણ સતત થયા કરે તે અવીચિ. પ્રત્યેક ક્ષણે આયુષ્યના કર્મદલિકોનો ક્ષય એ અવીચિ મરણ છે. આ મૃત્યુ નારક વગેરે ચારે ગતિમાં રહેલા જીવોને ઉત્પત્તિ સમયથી પ્રત્યેક ક્ષણે સદા થયા કરે છે. **૨ અવધિ** :–અવધિ એટલે દ્રવ્ય વગેરેની મર્યાદા. અવધિથી મરણ તે અવધિમરણ. નરક વગેરે કોઈ એક ભવના આયુઃકર્મના દલિકોનો અનુભવ કરીને જીવ મૃત્યુ પામે, ફરી પણ ભવાંતરમાં તે જ આયુઃકર્મના દલિકોનો અનુભવ કરીને મરણ પામે તે અવધિમરણ. **પ્રશ્ન** :–લઈને છોડેલા તે જ કર્મ દલિકોને ફરી ગ્રહણ કરવા તે અસંભવિત નથી? **ઉત્તર** :–ના. કારણ કે પુદ્ગલોનો પરિણામ વિચિત્ર હોય છે. ૩ **અંત્ય** :–લીધેલા નારકાદિ ભવના આયુઃકર્મના દલિકોનો અનુભવ કરીને વિવક્ષિત ભવમાં મરણ થયા પછી ભવિષ્યમાં ક્યારેય ફરી તે જ ભવના તે જ આયુઃકર્મના દલિકોનો અનુભવ કરીને મરણ ન પામે તે અંત્યમરણ. **૪ વલન્મરણ** :– વળતાઓનું=પાછા ફરતાઓનું મરણ તે વલન્મરણ. જેમનો વ્રત પરિણામ ભાંગી ગયો

છે તેવા સાધુઓનું મરણ વલન્મરણ છે. કારણ કે તેવા સાધુઓ શુભ અધ્યવસાયથી પાછા ફરી રહ્યા છે. **૫ વશાર્ત**:-ઇંદ્રિયની પરાધીનતાના કારણે આર્તધ્યાનવાળા જીવનું મરણ એ વશાર્ત મરણ. જેમકે-દીપ શિખાને જોઇને વ્યાકુલ બનેલા પતંગનું મૃત્યુ. **૬ અંતઃશલ્ય**:-માયા, નિદાન અને મિથ્યાત્વ એ ત્રણ શરીરમાં રહેલા શલ્યની જેમ દુઃખનું કારણ હોવાથી શલ્ય છે. જે જીવ આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના માયા આદિ શલ્યથી સહિત મરણ પામે તેનું મરણ અંતઃશલ્ય મરણ છે. કહ્યું છે કે-

**"રસગારવ, ઋદ્ધિગારવ અને શાતાગારવ એ ત્રણ ગારવ રૂપ કાદવમાં ખૂંચેલા જે સાધકો દર્શન, જ્ઞાન અને ચારિત્રમાં લાગેલા અતિચારોને આચાર્ય આદિની પાસે પ્રગટ કરતા નથી તેમનું મરણ શલ્ય સહિત થાય છે. (૧) જીવો શલ્ય સહિત મરણથી મરીને અતિશય ભયવાળા, દુરંત અને દીર્ઘ એવા સંસાર રૂપ અરણ્યમાં લાંબા કાળ સુધી ભમે છે."**

**૭ તદ્ભવ**:-તે જ ભવમાં મરણ તે તદ્ભવ મરણ. વિવક્ષિત તે જ ભવમાં મોક્ષમાં જનારાઓનું મરણ તદ્ભવ મરણ છે. તેવા જીવો ગર્ભ જ મનુષ્ય, સંખ્યાત વર્ષના આયુષ્યવાળા અને કર્મભૂમિમાં જ જન્મેલા હોય છે, અને કોઇક જ હોય છે. **૮ બાલ**:-અવિરત જીવનું મરણ. **૯ પંડિત**:-સર્વવિરતિધરોનું મરણ. **૧૦ બાલપંડિત**:-દેશવિરતિધરોનું મરણ. **૧૧ છદ્મસ્થ**:-છદ્મ એટલે ઘાતી કર્મ. ઘાતી કર્મોમાં રહે તે છદ્મસ્થ. છદ્મસ્થોનું=મતિ વગેરે જ્ઞાનવાળાઓનું મરણ તે છદ્મસ્થ મરણ. **૧૨ કેવલી**:-કેવલ એટલે સંપૂર્ણજ્ઞાન, અર્થાત્ ક્ષાયિકજ્ઞાન, તે જ્ઞાન જેમને છે તે કેવળી-કેવળજ્ઞાની. કેવળજ્ઞાનીઓનું મરણ તે કેવલીમરણ. **૧૩ વૈહાયસ**:-વિહાયસ એટલે આકાશ. આકાશમાં થનારું મૃત્યુ તે વૈહાયસ. ગળે ફાંસો નાખીને આકાશમાં લટકતા જીવનું મરણ તે વૈહાયસ મરણ. **૧૪ ગૃધ્રપૃષ્ઠ**:-ઉડતા અને નીચે ઉતરતા ગીધ વગેરે પક્ષીઓથી વ્યાપ્ત અને અતિ ઘણી મસ્તકની ખોપરીઓથી અપવિત્ર એવી સ્મશાન ભૂમિમાં પડીને ગીધ વગેરે પક્ષીઓની ચાંચથી ખંડિત થઈને=ફોલાઈને કોઈનું મરણ થાય તે ગૃધ્રપૃષ્ઠ મરણ.

**૧૫ ભક્તપરિજ્ઞા**:-ભક્તપરિજ્ઞા એટલે જીવન પર્યંત તિવિહાર કે ચોવિહાર અનશન. ભક્તપરિજ્ઞાથી થતું મરણ તે ભક્તપરિજ્ઞા મરણ. ભક્તપરિજ્ઞામાં પરિકર્મ (ઉઠવું, બેસવું વગેરે શારીરિક ક્રિયા) સ્વયં કરી શકે છે, અને બીજા પાસે પણ કરાવી શકે છે. સાધ્વીઓ પણ એનો સ્વીકાર કરી શકે છે. કહ્યું છે કે-

" સર્વ સાધ્વીઓ, પ્રથમ સંઘયણ રહિત [1]સર્વ સાધુઓ અને સર્વ દેશવિરતિધરો પણ પચ્ચક્ખાણથી એટલે કે ભક્તપરિજ્ઞા અનશન પૂર્વક મરે છે." ( વ્યવહાર ઉ. ૧૦ ગા. ૫૨૭ )

૧૬ **ઇંગિની**:–ઇંગિત (=નિયત કરેલા) પ્રદેશમાં મરણ તે ઇંગિની મરણ. આમાં ચારે પ્રકારના આહારનો ત્યાગ હોય છે. ઉદ્વર્તન (=પાસુ બદલવું ) વગેરે શરીર કર્મ સ્વયં કરી શકે, પણ બીજાઓની પાસે ન કરાવી શકે. તથા નિયત કરેલા પ્રદેશથી બહાર ન જઇ શકાય. વિશિષ્ટ ધૈર્યવાળા મહાત્મા જ આનો સ્વીકાર કરી શકે. **૧૭ પાદપોપગમન**:–પાદપ એટલે વૃક્ષ. ઉપગમન એટલે સ્થિરતાધર્મની અપેક્ષાએ પાસે જવું, અર્થાત્ જે મરણમાં સ્થિરતા ધર્મની અપેક્ષાએ વૃક્ષની સમીપે જવાનું હોય=વૃક્ષની જેમ જીવનપર્યંત સ્થિર રહેવાનું હોય તે પાદપોપગમન મરણ. જેમ પડી ગયેલું વૃક્ષ જેવી સ્થિતિમાં પડ્યું હોય તેવી જ સ્થિતિમાં રહે છે=સ્વયં સ્થિતિને બદલવાનું પ્રયત્ન કરતું નથી, તેમ આ અનશનમાં પ્રથમ જેવી સ્થિતિમાં હોય તેવી જ સ્થિતિમાં જીવનપર્યંત રહેવાનું હોય છે. આ અનશનને પ્રથમ સંઘયણવાળા અને અતિશય વિશિષ્ટ ધૈર્યના અભ્યાસવાળા મહાત્મા સ્વીકારી શકે. આ અનશનમાં કોઇ પણ જાતનું પરિકર્મ ન કરી શકાય, યાવત્ આંખને ઉઘાડવા–મિંચવાનો પ્રયત્ન પણ ન કરી શકાય. વૃક્ષની જેમ સ્વયં ભૂમિમાં પડીને ( સદા ડાબા પડખે સૂઈને ) ધ્યાનમાં રહેવાનું હોય છે. આના નિસ્સારી અને અનિસ્સારી એમ બે ભેદ છે. ( વસતિમાં સ્વીકારાતું પાદપોપગમન નિસ્સારી છે. પર્વતની ગુફા વગેરે સ્થળે સ્વીકારાતું પાદપોપગમન અનિસ્સારી છે. ૧૩૧મી ગાથાની ટીકાના આધારે આ વ્યાખ્યા લખી છે. )

આ સત્તર પ્રકારના મરણને જાણીને તેમાંના અંતિમ પાદપોપગમન, ઇંગિની અને ભક્તપરિજ્ઞા એ ત્રણમાંથી કોઇ એક મૃત્યુનો સ્વીકાર કરવો જોઇએ.

**પ્રશ્ન**:–મૂળગાથામાં **कर्तव्यं** એ એકવચનાંત પદનો **मरणानि** એ બહુવચનાંત પદની સાથે કેવી રીતે જોડી શકાય ?

**ઉત્તર**:–તમારો પ્રશ્ન સાચો છે. પણ પ્રાકૃતભાષામાં લિંગ, વિભક્તિ અને વચનનો ફેરફાર ઇષ્ટ હોવાથી કોઈ દોષ નથી. [ ૧૩૦ ]

હવે ત્રીજું દ્વાર કહે છે :–

**संलेहणाइ पुव्वं, वियडणमुच्चारणं तह वयाणं ।**
**तिविहं चउव्विहं वा, आहारं वोसिरे सव्वं ॥ १३१ ॥**

---

[1] પ્રથમ સંઘયણવાળા સાધુઓ ત્રણે અનશનનો સ્વીકાર કરી શકે, માટે અહીં પ્રથમ સંઘયણ રહિત એમ કહ્યું.

**ગાથાર્થ**:–સંલેખના પૂર્વક અનશન કરે, આચાર્ય આદિની પાસે આલોચના કરે, પ્રાણાતિપાત વગેરે વ્રતો (ફરી) ઉચ્ચરે, ત્યારબાદ ત્રણ પ્રકારના કે ચાર પ્રકારના સઘળા આહારનો ત્યાગ કરે.

**ટીકાર્થ**:–શરીર અને કષાયો વગેરે (દોષો) જેનાથી પાતળા કરાય તે સંલેખના. જેને પ્રથમથી મૃત્યુસમયનું જ્ઞાન થઇ ગયું છે તેને ઉત્કૃષ્ટથી બાર વર્ષની સંલેખના કહી છે. કહ્યું છે કે–

**"પહેલાં ચાર વર્ષ સુધી ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ વગેરે વિવિધ તપ કરે. પારણામાં કલ્પ્ય બધું જ લે, એવી પરંપરા છે. ત્યારબાદ ચાર વર્ષ સુધી વિગઇ રહિત વિવિધ તપ કરે. પારણામાં વિગઇ ન લે. ત્યારબાદ બે વર્ષ સુધી એકાંતરે આયંબિલ કરે, અર્થાત્ ઉપવાસના પારણે કાંજીનું આયંબિલ કરે. (૧) અગીયારમા વર્ષના પહેલા છ મહિના સુધી અટ્ઠમ વગેરે અતિવિકૃષ્ટ તપ ન કરે, ઉપવાસ કે છટ્ઠ કરીને પરિમિત આયંબિલથી પારણું કરે, અર્થાત્ ઊણોદરી કરે. પછીના છ મહિના સુધી અટ્ઠમ વગેરે વિકૃષ્ટ તપ કરે, પારણે આયંબિલ જ કરે. (૨) બારમા વર્ષે (કોટિ સહિત=) નિરંતર આયંબિલ કરે, અથવા એકાંતરે આયંબિલ કરે. પછી જો અનિઃસારી પાદપોપગમન કરવાની ઇચ્છા હોય તો પર્વતની ગુફામાં જઇને પાદપોપગમન કરે. જો નિઃસારી પાદપોપગમન કરવાની ઇચ્છા હોય તો વસતિમાં પણ પાદપોપગમન કરે.**

**પ્રશ્ન**:–**વસતિમાં પણ પાદપોપગમન કરે એવો અર્થ શાના આધારે કર્યો? ઉત્તર**:–**ગાથામાં રહેલા વા (? च) શબ્દથી આ અર્થ કરી શકાય છે.**

**ગાથામાં જણાવેલા પાદપોપગમનના ઉપલક્ષણથી ભક્તપરિજ્ઞા આદિ પણ સમજવું."** (૩)

આદિ શબ્દથી નીચેનો વિધિ જાણવો:–

**"બારમા વર્ષે ચાર મહિના સુધી પારણામાં તેલનો કોગળો મુખમાં (ઘણા વખત સુધી) ભરી રાખે. પછી તે કોગળો શ્લેષ્મની કુંડીની ભસ્મમાં થૂંકી નાખે. અહીં શિષ્ય પ્રશ્ન કરે છે કે તેલનો કોગળો મુખમાં શા માટે ધારણ કરવાનો? આચાર્ય જવાબ આપે છે કે–(૧) છેલ્લા વર્ષમાં નિરંતર આયંબિલ કરવાથી મુખરૂપ યંત્ર (જડબાં) રૂક્ષ થઇ જાય અને એથી વાયુ આદિના કારણે વિકૃત બની જાય. આવું ન બને એ માટે**

**તેલનો કોગળો મુખમાં ધારણ કરવાનો છે. પ્રશ્ન:-મરણનો સ્વીકાર કર્યો હોવાથી મુખ વિકૃત થાય તો શો વાંધો? ઉત્તર:-મુખરૂપ યંત્ર વિકૃત થાય તો તે નમસ્કાર મહામંત્રનું ઉચ્ચારણ કરવા અસમર્થ બને." (૨)**

અનશનમાં અશન, ખાદિમ અને સ્વાદિમ એ ત્રણ પ્રકારના કે પાણી સહિત ચાર પ્રકારના આહારનો ત્યાગ કરે.

અનશન સ્વીકારવામાં વિધિ આ છેઃ– દિવસના પાછલા ભાગમાં અનશનનો સ્વીકાર કરવો, જો તેટલો વિલંબ થઇ શકે તેમ ન હોય તો દિવસનો આગલો ભાગ વગેરે કાળમાં પણ અનશનનો સ્વીકાર કરી શકાય. અનશન સ્વીકાર્યા પછી શુભ ભાવના અને આરાધનાઓનો પાઠ કરવો વગેરેમાં અને નમસ્કાર મહામંત્રના સ્મરણમાં તત્પર બનવું. તથા નિર્યાપકો વગેરે સામગ્રીથી સહિત રહેવું. [ ૧૩૧ ]

દોષદ્વાર આ પ્રમાણે છે :–

**बालमरणेहि जीवो, सनियाणो दुक्खसागरमपारं ।**
**पावइ जह संभूई, पंडरअज्जा व दिट्ठंतो ॥ १३२ ॥**

**ગાથાર્થ**:–જીવ બાલમરણોથી નિદાનસહિત મૃત્યુ પામીને અપાર દુઃખસાગરને પામે છે. આ વિષયમાં સંભૂતિ અને પાંડુ આર્યાનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ**:–પાણીમાં ડૂબવું, અગ્નિથી બળી જવું વગેરે રીતે મરણ પામવું તે બાલમરણ છે. (નિદાન એટલે કાપવાનું સાધન. જેનાથી આત્મસુખ કપાઇ જાય તે નિદાન. ધર્મના ફળ રૂપે આ લોકના કે પરલોકના સુખની ઇચ્છા રાખવાથી આત્મસુખ કપાઈ જાય છે. માટે ધર્મના ફલરૂપે આ લોકના કે પરલોકના ભૌતિક સુખોની ઇચ્છા એ નિદાન છે.) સાગરની જેમ દુઃખ કષ્ટથી પાર પામી શકાતું હોવાથી દુઃખને સાગરની ઉપમા આપી છે. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે. વિસ્તારથી અર્થ તો કથાઓથી જાણવો. તે કથા આ છેઃ–

## સંભૂતિનું દૃષ્ટાંત

સાકેતનગરના સ્વામી ચંદ્રાવતંસક મહાન રાજાનો મુનિચંદ્ર નામનો પુત્ર હતો. તેણે કોઈવાર સાગર સૂરિની પાસે નિર્દોષ સાધુધર્મની દેશના સાંભળી. તે દેશનાથી સર્વ વિરતિના પરિણામ થવાથી તેણે દીક્ષા લીધી. તીવ્રસંવેગવાળી ભાવનાથી ભાવિત અંતઃકરણવાળા તેમણે બે પ્રકારની શિક્ષા ગ્રહણ કરી. અપ્રતિબદ્ધ વિહારથી આચાર્યની સાથે વિહાર કરતા તે મુનિ કોઇવાર એક અટવીમાં કોઈ પણ રીતે સાર્થથી ભ્રષ્ટ બન્યા. ભૂખ–તરસથી પીડાયેલા અને આમથી તેમ ભટકતા તેમને ગોવાળના ચાર

બાળકોએ જોયા. (મુનિને જોઈને) તેમને શુભ ભાવ ઉત્પન્ન થયો. આથી તેમણે સાધુઓને ઉપયોગમાં આવે તેવા અને તે દેશ–કાળને યોગ્ય એવા દૂધ વગેરે દ્રવ્યોથી સાધુનો સત્કાર કર્યો. કેટલાક સમયમાં મુનિને ઇચ્છિત નગરના માર્ગે પહોંચાડ્યા. તેમના ભદ્રિક ભાવથી આકર્ષાયેલા મુનિએ તેમને ઉચિત ધર્મોપદેશ આપ્યો. તે ઉપદેશ તેમને ભાવથી પરિણમ્યો. તથા ભવ્યત્વથી તેમને સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ.

કેવળ તે ચારમાં બેને મુનિ પ્રત્યે કંઈક જુગુપ્સાનો પરિણામ થયો. કાલાંતરે ચારે સમ્યક્ત્વ સહિત પરલોકમાં ગયા. તેથી વૈમાનિકદેવપણે ઉત્પન્ન થયા. દશાર્ણ-દેશમાં આવેલા શ્રીહૃદનામના ગામમાં શાંડિલ્ય નામનો બ્રાહ્મણ હતો. તેની યશોમતી નામની દાસી હતી. વિનય વગેરે ગુણોથી આકર્ષાયેલા તે બ્રાહ્મણે તેને પત્ની તરીકે સ્વીકારી. દેવલોકમાં ગયેલ તે ચાર જીવોમાં જે બે જીવો જુગુપ્સાવાળા બન્યા હતા તે બે જીવો તેમના આયુષ્યનો ક્ષય થતાં દેવલોકમાંથી ચ્યવીને યશોમતીના ગર્ભમાં યુગલ (=જોડિયા) પુત્રપણે ઉત્પન્ન થયા. ઉચિત સમયે બાલ્યભાવને ઓળંગી ગયેલા તે બે કોઈ વાર ખેતરની રક્ષા માટે અટવીમાં ગયા. ત્યાં તે બે વડલાના વૃક્ષની નીચે રહ્યા હતા ત્યારે સૂર્ય અસ્ત પામ્યો. તેથી તે બે ત્યાં જ રહ્યા. ક્ષણવારમાં જ બંનેને નિદ્રા આવી ગઇ. તે જ વડની બખોલમાંથી નીકળીને સાપ તે બેમાંથી એકને કરડ્યો. કરડ્યો કરડ્યો એમ બોલતો તે જલદી ઉઠ્યો. તેના અવાજથી બીજો પણ જાગી ગયો. સર્પને જોવા માટે આમ તેમ હાથ નાખતા તેને તે જ સર્પ કરડ્યો.

વિષના વેગથી વ્યાકુલ ચેતનવાળા તે બંને પૃથ્વીપીઠ ઉપર પડ્યા. નીકળતી ઘણી લાળથી મલિન બનેલા મુખથી બિભત્સ તે બેનો કોઇએ પ્રતિકાર ન કર્યો. બંને ક્ષણમાત્રમાં મૃત્યુ પામ્યા. પોતાના કર્મપરિણામ રૂપ દોરડાથી બંધાયેલા તે બંને કાલિંજર નામના ઉત્તમ પર્વતમાં કોઇ મૃગલીના યુગલ મૃગબચ્ચાં થયા. ક્રમે કરીને બંને પૂર્ણ યૌવનને પામ્યા. પૂર્વભવના સહવાસથી બંને વચ્ચે અતિશય પ્રીતિ થઈ. એથી બંને સાથે ચરતા હતા, સાથે બેસતા હતા, અને સાથે શયન કરતા હતા. કોઈવાર ઉનાળો આવ્યો. તીવ્ર તૃષ્ણા અને તાપથી સંતાપ પમાડાતા તે બંને પાણીપીવાની ઈચ્છાથી નેતરવાળી નદી પાસે આવ્યા. ચંચળ આંખોથી ચારે બાજુ જોતા તેમણે નદીનું પાણી પીધું. પછી ઉતરતા હતા ત્યારે ગાઢજંગલના ગહન પ્રદેશના આંતરે રહેલા અને જાણે પૂર્વનો વૈરી હોય તેવા એક શિકારીએ કર્ણ સુધી ખેંચેલા પ્રચંડ ધનુષ્યરૂપી દંડથી ફેંકેલા બાણથી તેમને મર્મપ્રદેશમાં વીંધી નાખ્યા, પ્રહારની વેદનાથી વિહ્વલ શરીરવાળા તેમને પ્રાણોએ છોડી દીધા. આર્તધ્યાનના કારણે ફરી પણ [૧]મૃત-

૧. મૃતગંગા=જ્યાં ગંગાના પાણીનો પ્રવાહ રોકાઈ ગયો હોય તે સ્થાન.

ગંગાના [1]દ્રહના કાંઠે રહેનારી એક હંસલીમાં યુગલ હંસપણે ઉત્પન્ન થયા. તે જ પ્રમાણે યૌવનને પામ્યા. કોઈ દિવસ તે જ મહાન દ્રહમાં વિવિધ ક્રીડાઓથી ક્રીડા કરતા તેમને તેવી ભવિતવ્યતાથી પ્રેરાયેલા અને પાપકાર્ય કરનાર કોઈ શિકારીએ આવીને જલદી જ એક પાશાથી બાંધી લીધા. બે હાથથી પકડીને હાલતી ડોકવાળા તેમને મારી નાખ્યા.

કાશીદેશમાં વાણારસીનગરીમાં ઘણા ધનથી સમૃદ્ધ ભૂતદત્ત નામના ચાંડાળોના નાયકની અણહિકા નામની પત્નીના યુગલ પુત્ર થયા. ચિત્ર અને સંભૂતિ નામ રાખવામાં આવ્યું. ક્રમે કરીને વધતા શરીરવાળા અને તે જ પ્રમાણે અતિશય પ્રેમથી યુક્ત તે બે આઠ-વર્ષના થયા. તે સમયે તે નગરીમાં અમિતવાહન નામનો રાજા હતો. તેણે કોઈ મોટા અપરાધમાં નમુચિ નામના મંત્રીનો તિરસ્કાર કર્યો, અને તીવ્રક્રોધથી તે જ ભૂતદત્ત ચાંડાલને ગુપ્ત રીતે વધ કરવા માટે સોંપ્યો. તેથી સર્વલોકોની આંખોનું બળ હરી લેનાર ઘોર અંધકાર થયો ત્યારે ભૂતદત્તે નમુચિને ગુપ્ત સ્થાનમાં લઇ જઇને પુત્રસ્નેહથી કહ્યું : રાજાએ મને તારા વધ માટે આજ્ઞા કરી છે. પણ જો ગુપ્ત ભોંયરામાં રહીને મારા બે પુત્રોને ગીત વગેરે કળાઓ સંપૂર્ણ શિખવાડે તો હું તારા પ્રાણની રક્ષા કરું.[2] અન્યથા તારું જીવન નથી. તેથી જીવવાની ઇચ્છાવાળા તેણે તેનું વચન સ્વીકાર્યું. બે પુત્રો તેને સોંપ્યાં. કળાઓને શીખવા લાગ્યા. અણહિકા મારા પુત્રોનો ઉપાધ્યાય છે એમ વિચારીને બહુમાનથી એના શરીરની સ્નાન, ભોજન વગેરે વ્યવસ્થા દરરોજ કરવા લાગી.

કેટલાક દિવસો પસાર થતાં, ઇંદ્રિયોરૂપી ઘોડાઓનું દમન કઠીન હોવાથી, કામદેવ રાજાની આજ્ઞા ઓળંગવી મુશ્કેલ હોવાથી અને સ્ત્રીઓનો સ્વભાવ ચંચળ હોવાથી, તે નમુચિમાં જ અનુરાગને પરવશ બની. એથી તેની સાથે વિષયસુખ ભોગ-વવા લાગી. ભૂતદત્તે આ વૃત્તાંત જાણ્યો. પણ મારા પુત્રો સકલકલાસમૂહના પારને પામી જાય પછી હું એનું ઉચિત જાણીશ(=વિચારીશ) એવા આશયથી અજ્ઞાનપણે રહ્યો. અન્ય સમયે પોતાના પુત્રોએ સર્વકલાઓને શીખી લીધી એટલે ભૂતદત્તે નમુચિને મારી નાખવાનો નિર્ણય કર્યો. ચિત્ર અને સંભૂતિએ પિતાનો આશય જાણી લીધો. આથી આ અમારો ઉપાધ્યાય છે એવી કૃતજ્ઞતાથી તેમણે રહસ્ય પ્રગટ કરીને નમુચિને ભગાડી દીધો. તે હસ્તિનાપુરમાં સનત્કુમાર ચક્રવર્તીની પાસે ગયો.

ભવિતવ્યતાની પ્રેરણાથી ત્યાં તે મંત્રીપદને પામ્યો. આ તરફ ચિત્ર અને સંભૂતિ અદ્ભુત રૂપ અને યૌવન વગેરે ગુણસમૂહવાળા થયા. મધુર ગીતના અવાજથી બધા ચ

---

૧. દ્રહ=સરોવર કે મહાન જલાશય.

૨. અહીં મુદ્રિતપ્રતમાં **संभावितो** પ્રયોગમાં **ऽसंभावितो** એમ સમજવું.

નગરલોકોને અને વિશેષરૂપે યુવાન સ્ત્રીસમૂહને આનંદ આપતા તે બે વારાણસી-નગરીના ત્રિક, ચતુષ્ક અને ચોરો વગેરે સ્થાનોમાં ઇચ્છા પ્રમાણે વિલાસ કરવા લાગ્યા. તેથી ચાર વેદને જાણનારા બ્રાહ્મણોએ રાજાને જણાવ્યું કે, હે દેવ! ચાંડાળ ભૂત-દત્તના પુત્રો ચિત્ર અને સંભૂતિના અદ્ભુત રૂપ-યૌવન વગેરે ગુણસમૂહથી અને ગીતથી આકર્ષાયેલા સઘળા ય નગરલોકો સ્પૃશ્ય-અસ્પૃશ્યના ભેદને ગણતા નથી અને સ્વ-પરના ગુણ-દોષના નિમિત્તને લક્ષમાં લેતા નથી. આથી એ બેનો નગરમાં પ્રવેશ અટકાવો. તેથી રાજાએ તેમનું વચન સ્વીકાર્યું. તેમને નગરમાં આવતા અટકાવ્યા. કોઇવાર કૌમુદી મહોત્સવ આવ્યો. તે મહોત્સવમાં તે બે ગુપ્તસ્થાનમાં રહીને લોકમહોત્સવ જોવા લાગ્યા. લોકોની ગીત-નૃત્ય વગેરે ક્રિયા જોઈને તે બે પણ વસ્ત્રથી મુખને ઢાંકીને એક સ્થાનમાં રહીને ગાવા લાગ્યા. કાનને સુખ આપનાર તેમના ગીતનો અવાજ સાંભળીને પ્રેક્ષક લોકો બીજા પ્રેક્ષણકને (=નાટક વગેરેને) છોડીને તેમની પાસે આવીને તેમને ઘેરી વળ્યા. કોઇએ તુરત વસ્ત્ર ખેંચ્યું એટલે તેમનું મુખ પ્રગટ થયું અને તે બંને ઓળખાઇ ગયા. હત હત એમ બોલતા લોકોએ તેમને નગરીમાંથી કાઢી મૂકયા. તેથી જો કોઈ પણ રીતે રાજા જાણશે તો મારી આજ્ઞાનું ઉલ્લંઘન કર્યું એમ વિચા-રીને ગુસ્સે થયેલ રાજા આપણને પ્રાણોથી અલગ કરાવશે એવા ભયથી ભાગીને યોજન પ્રમાણ પૃથ્વીપ્રદેશ સુધી જતા રહ્યા. જાતિદોષથી અત્યંત કંટાળી ગયા. મરી જવાનો વિચાર કરીને ઊંચા અને ઉત્તમ પર્વત ઉપર ચઢ્યા. પર્વતની નિર્મલશીલા ઉપર વિકૃષ્ટ તપશ્ચર્યાથી શરીરને સુકવી નાખનારા, શુભધ્યાનમાં પરાયણ અને કાયો-ત્સર્ગમાં રહેલા મહામુનિ તેમના જોવામાં આવ્યા. તે મહામુનિને માત્ર જોઈને પણ મનથી આનંદ પામ્યા. તેમની પાસે ગયા. ભાવથી વંદન કર્યું. સાધુએ ધ્યાન પૂર્ણ થતાં 'ધર્મલાભ' એવા આશીર્વાદ આપીને તમે ક્યાંથી આવ્યા એમ પૂછ્યું. તેથી તેમણે પોતાનો વૃત્તાંત કહીને પોતાનો અભિપ્રાય જણાવ્યો. મહર્ષિએ કહ્યું: હેય અને ઉપાદેય પદાર્થોના સમૂહને જાણનારા તમારે આ પ્રમાણે વિચારવું યોગ્ય નથી. જો તમને સાચે જ કંટાળો આવ્યો હોય તો તમે સર્વ શારીરિક અને માનસિક દુઃખોનું અચૂક (=મૂળ) કારણ એવા ક્લિષ્ટ કર્મોરૂપી વનને બાળવામાં દાવાનલ સમાન અને જિનેંદ્રોએ કહેલા સાધુધર્મને કરો. તેથી મહાન વ્યાધિથી દુઃખી થયેલા રોગીઓ સુવૈદ્યનું વચન સ્વીકારે તેમ તેમણે મહામુનિનું વચન સ્વીકાર્યું. તેમણે કહ્યું: હે ભગવંત! સર્વ દુઃખોથી મુક્ત કરાવનારી આપની દીક્ષા અમને આપો. મુનિએ પણ તેમની યોગ્યતા જાણીને તેમને દીક્ષા આપી. કાળે કરીને ગીતાર્થ બન્યા. છટ્ઠ, અટ્ઠમ, ચાર ઉપવાસ, પાંચ ઉપવાસ, પંદર ઉપવાસ, માસખમણ વગેરે વિવિધ તપશ્ચર્યા વગેરેથી આત્માને ભાવિત કરતા અને એક ગામથી બીજે ગામ વિહાર કરતા તે બે ક્યારેક

હસ્તિનાપુર આવ્યા. નગરની બહાર આવેલા ઉદ્યાનમાં રહ્યા. કોઈ વાર માસખમણના અંતે પારણા નિમિત્તે સંભૂતિ મુનિએ નગરમાં પ્રવેશ કર્યો. વધેલા આહારની ભિક્ષાને ઈચ્છતા અને ઈર્યાસમિતિનું પાલન કરતા તે મુનિ ઘરે ઘરે ભમવા લાગ્યા. પોતાના ઘરમાંથી નીકળેલા અને બીજા ગામમાં જવાની ઇચ્છાવાળા નમુચિ મંત્રીએ ભવિતવ્યતાની પ્રેરણાથી તે મુનિને જોયા. પહેલાં જ આનું અમંગલરૂપ મુખ જોયું એવા વિચારથી તેને ગુસ્સો થયો. આથી તેણે મુનિને ચાબુકના ગાઢ પ્રહારોથી માર્યા. નજીકમાં આવેલા તેણે મુનિને ઓળખ્યા. તેણે વિચાર્યું: તે આ ચાંડાલપુત્ર છે કે જેને મેં તે વખતે ભણાવ્યો હતો. તેથી આ મને ન ઓળખે ત્યાં સુધીમાં એને મારી નાખું. અન્યથા આ રાજા અને રાજાના અન્ય માણસોની પાસે મારું ચરિત્ર પ્રગટ કરશે. આ પ્રમાણે વિચારતા તેના વડે લાકડી અને મુઠી આદિના પ્રહારોથી અતિશય કદર્થના પમાડાતા મુનિની કાયારૂપી લાકડી વિકૃષ્ટ તપશ્ચર્યાથી બલ ક્ષીણ થઇ ગયું હોવાથી ધ્રુજવા લાગી અને મુનિ પૃથ્વી ઉપર પડી ગયા. અહાહા! આણે નિરપરાધી આ મુનિનું શું આદર્યું છે? એમ બોલતા અનેક લોકો ત્યાં મળ્યા. તેમાંથી એકે કહ્યું: જો આ સાધુના તપનું કંઈક સામર્થ્ય હોત તો વિનાશ કરતો આ મંત્રી તે જ ક્ષણે કેમ વિનાશ ન પામત? તેથી આનો આવી શક્તિથી રહિત દુષ્કરતપનો ક્લેશ નિરર્થક જ છે. આ સાંભળીને ક્રોધ પામેલા તે મહામુનિએ તેનો વિનાશ કરવા માટે તેજોલેશ્યા મૂકવાનો આરંભ કર્યો. તેથી જાણે કાળા વાદળોનો સમૂહ હોય એવા ઘણા ધૂમાડાના સમૂહથી લોકોની આંખોની ગતિને અટકાવનાર ગાઢ અંધકાર ફેલાયો. જેમનું મન ભય અને કૌતુકથી આકર્ષાયેલું છે, અને જેમણે મુનિના ક્રોધના વિલાસને જોયો છે એવા નાગરિકો મુનિને વંદન કરીને પ્રસન્ન કરવા લાગ્યા. કોઈકથી વૃત્તાંત જાણનાર સનત્કુમાર પણ તેને પ્રસન્ન કરવા આવ્યો.

તેણે અંજલિરૂપી સંપુટ કરીને પ્રણામપૂર્વક કહ્યું: હે મહામુનિ! અનાર્યજનને ઉચિત ચેષ્ટા કરનારા કોઈએ પણ જે અપરાધ કર્યો તેની ક્ષમા કરો. સાધુઓ ક્ષમાની પ્રધાનતાવાળા હોય છે માટે તપના તેજને સંહરી લો, અને જીવન આપવા વડે આ લોકો ઉપર મહેરબાની કરો. આ પ્રમાણે ચક્રવર્તી વડે પ્રાર્થના કરાતા પણ સંભૂતિ મુનિ શાંત થતા નથી, તેટલામાં "કોઈ મહામુનિ ગુસ્સે થયા છે" એવી લોકોક્તિ સાંભળીને અને આકાશરૂપી આંગણાને ઘણા ધૂમાડાથી અંધકારવાળો જોઈને ચિત્રમુનિ તે સ્થાને આવ્યા. જિનવચનને અનુસરનારા વચનો વડે ઘણી મુશ્કેલીથી સંભૂતિ મુનિને ઉપશાંત કર્યા. સ્વસ્થ ચિત્તવાળા અને સંવેગને પામેલા સંભૂતિ મુનિ "હા દુષ્કાર્ય કર્યું" એમ બોલીને તે સ્થાનથી ઉઠીને, ચિત્ર મુનિવરની સાથે તે જ ઉદ્યાનમાં ગયા. તે નિમિત્તથી થયેલા વૈરાગ્યથી જીવનથી નિર્વેદ પામેલા તે બેએ અનશન સ્વીકાર્યું. સનત્કુમાર ચક્રીએ નગરના લોકોથી મંત્રીનો વૃત્તાંત જાણીને તેના

ઉપર ક્રોધ કર્યો. એને દોરડાના દૃઢ બંધનોથી બંધાવીને સાધુઓની પાસે ઉપસ્થિત કરાવ્યો. સાધુઓએ તેને ઓળખ્યો, અને દયાથી છોડાવ્યો.

સનત્કુમાર ચક્રી સાધુઓએ અનશન સ્વીકાર્યું છે એમ જાણીને તેમને વંદન કરવા માટે અંતઃપુર સહિત તે ઉદ્યાનમાં ગયો. અંતઃપુર સહિત તેણે ભાવથી ચિત્ર અને સંભૂતિ તપસ્વીને વંદન કર્યું. આ દરમિયાન તપસ્વીના ચરણોમાં પડતી સ્ત્રીરત્ન સુનંદાના સુકોમળ મસ્તક કેશનો કોઈ પણ રીતે સંભૂતિ મુનિને સ્પર્શ થયો. આથી તેમણે મોહનો ઉદય થવાથી નિયાણું બાંધ્યું કે, "જો મારા કરેલા આ તપનું કંઈ પણ ફળ હોય તો હું જન્માંતરમાં આવા સ્ત્રીરત્નનો સ્વામી થાઉં." આ અશુભ અધ્યવસાયથી પાછા હટવાની પ્રેરણા કરતા ચિત્ર મુનિને ન ગણકાર્યા. આયુષ્યના અંતે મરીને બંને સૌધર્મદેવલોકમાં નલિનીગુલ્મવિમાનમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં ઘણા કાળ સુધી દેવભવને અનુરૂપ સુખનો અનુભવ કર્યો. પછી કોઈ વાર ત્યાંથી ચ્યવીને ચિત્રનો જીવ પુરિમતાલ નગરમાં રહેનારા ગુણપુંજ નામના શેઠના નંદા પત્નીનો પુત્ર થયો.

આ તરફ સંભૂતિનો જીવ કાંપિલ્યપુરમાં બ્રહ્મરાજાની ચૂલિની મહારાણીનો ચૌદ મહાન સ્વપ્નોથી સૂચિત પુત્ર થયો. ક્રમે કરીને તેનું બ્રહ્મદત્ત એવું નામ કર્યું. બ્રહ્મ રાજાના ઉત્તમ રાજવંશમાં ઉત્પન્ન થયેલા ચાર રાજા મિત્ર હતા. તેમાં એક કાશી દેશનો સ્વામી કટક રાજા હતો, બીજો ગજપુરનો નાયક કણેરુદત્ત હતો, ત્રીજો કોશલ દેશનો સ્વામી દીર્ઘરાજા હતો, ચોથો ચંપાનો નાયક પુષ્પચૂલ હતો. તે બધા પરસ્પર અત્યંત સ્નેહથી પરસ્પરનો વિયોગ ઇચ્છતા ન હતા. આથી બધા ભેગા થઈને જ ક્રમથી એક એક વર્ષ વિવિધ લીલા અને વિનોદોથી પોત પોતાના રાષ્ટ્રમાં રહેતા હતા. એકવાર તે રાજાઓ ભેગા થઈને જ બ્રહ્મ રાજાની પાસે આવ્યા. તેઓ ત્યાં રહેલા હતા ત્યારે કોઈવાર બ્રહ્મ રાજાને મંત્ર, મણિ અને મૂળિયાં વગેરેથી ન મટાડી શકાય તેવો મસ્તકરોગ થયો. તેથી કટક રાજા વગેરે મિત્રોને બોલાવીને બ્રહ્મદત્તને તેમના ખોળામાં બેસાડીને બ્રહ્મરાજાએ કહ્યું : મેં આ બ્રહ્મદત્તને તમારા ખોળામાં બેસાડ્યો છે એટલે તમારે એને રાજ્ય કરાવવું, અર્થાત્ તમારે એને રાજ્ય પાલનમાં મદદ કરવી.

આ પ્રમાણે રાજ્યની વિચારણા કરીને જીવલોક મરણ રૂપ અંતવાળું હોવાથી તે ક્યારેક મૃત્યુ પામ્યો. તેના મિત્રોએ તેનું મૃત કાર્ય કર્યું. કેટલાક દિવસો ગયા પછી કટકરાજા વગેરેએ વિચાર્યું કે, જ્યાં સુધી આ બ્રહ્મદત્ત રાજ્યની ધૂરાને ધારણ કરવા માટે સમર્થ ન બને ત્યાં સુધી આપણે જ આ રાજ્યનું પાલન કરવું. આથી બધાની સંમતિથી દીર્ઘ જ અહીં રહે. આપણે તો પોત પોતાના રાજ્યોમાં રહીએ. તેથી દિવસો જતાં બ્રહ્મદત્તનું રાજ્ય દીર્ઘરાજા પાળવા લાગ્યો. રાજભંડાર જોવા લાગ્યો.

તેની માતા ચૂલનીની સાથે રાજકાર્યોની વિચારણા કરવા લાગ્યો. તેથી ઇંદ્રિયોને રોકવી મુશ્કેલ હોવાથી, બ્રહ્મની મિત્રતાને અવગણીને અને લોકાપવાદની પરવા કર્યા વિના ચૂલનીની જ સાથે તે વિષયસુખ સેવવા લાગ્યો.

કેટલાક દિવસો જતાં બ્રહ્મરાજાના [1]અનન્ય હૃદયભૂત ધનુ નામના મંત્રીએ આ વૃત્તાંત જાણ્યો. જે આ પ્રમાણે અકાર્ય આચરે છે તે બ્રહ્મદત્તના ઉદયને કેવી રીતે ઇચ્છશે એમ વિચારતા તેણે પોતાના પુત્ર વરધનુને કહ્યું : હે વત્સ ! આ ચૂલની દુરાચારિણી થઈ છે. તેથી આ વિગત બ્રહ્મદત્તને એકાંતમાં જણાવ. તેથી તેણે તે પ્રમાણે કર્યું. દુરાચારને મનથી સહન નહિ કરતા કુમારે ચૂલનીને બોધ પમાડવા માટે કાગ અને કોયલને ભેગા પકડીને "બીજો પણ જે આ પ્રમાણે કરશે તેને હું આ પ્રમાણે કેદ કરીશ" એ પ્રમાણે બોલતા અંતઃપુરમાં પ્રવેશ કર્યો. બીજા દિવસે શ્રેષ્ઠ હાથણીની સાથે [2]વર્ણશંકર હાથીને લઈને તે જ પ્રમાણે આવ્યો.

તેથી દીર્ઘરાજાએ તે સાંભળીને ચૂલનીને કહ્યું : તારા પુત્રે મને કાગડો કલ્પ્યો છે અને તને કોયલ કલ્પી છે. ચુલનીએ કહ્યું : બાળક હોવાથી જેમ તેમ બોલે છે. દીર્ઘે કહ્યું : એમ ન બોલ. આ વિચારપૂર્વક કરનારો હોવાથી આ પ્રમાણે કહે છે. તેથી કોમલ પણ વ્યાધિનો નાશ કરીએ, આપણા રતિસુખનો પ્રતિબંધ કરનાર આને મારી નાખીએ. હું તને આધીન છું, એથી તને બીજા પણ પુત્રો થશે. કામસુખમાં આસક્ત તેણે [3]વિચાર કરવા યોગ્ય પણ નહિ એવા એના વચનને કરવાનું સ્વીકાર્યું.

કારણ કે–"**રાગથી ઘેરાયેલી સ્ત્રી પુત્રનો નાશ કરે છે, પતિને મારે છે, ધનનો વિનાશ કરે છે. અથવા તે શું છે? કે જેને રાગથી ઘેરાયેલી સ્ત્રી નથી કરતી!**" તથા બીજાઓએ પણ કહ્યું છે કે–"**સ્ત્રી મનનો આશ્રય[4], સેંકડો કપટોનું ઘર, સાહસોનું શહેર, તૃષ્ણારૂપી અગ્નિની જન્મભૂમિ, કામદેવનો સાગર, કોપરૂપી જંગલનો અવધિ (=છેડો), મર્યાદાભંગનું કારણ, કુલને મલિન કરનારી અને સદા મુશ્કેલીથી જાણી શકાય તેવા ચિત્તવાળી છે. આવી સ્ત્રી બહુ સર્પોથી ગહન એવો વિકટ પ્રદેશ છે. કયા વૈરીએ આવો વિકટ પ્રદેશ બનાવ્યો?**" ચુલનીએ કહ્યું : જો એમ છે તો

---

૧. અર્થાત્ બ્રહ્મરાજાના હૃદયથી જેનું હૃદય બીજું=ભિન્ન નથી, અર્થાત્ એક જ છે તેવો.

૨. **सङ्कीर्ण**=જુદી જાતિના પુરુષથી જુદી જાતિની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ વર્ણશંકર.

૩. મારવાનો વિચાર પણ ન કરાય. આથી દીર્ઘનું વચન **अचिन्त्यमपि**=વિચાર કરવા યોગ્ય પણ નથી. જે વચન વિચાર કરવા યોગ્ય પણ ન હોય, તે વચનને કરવાનું=અમલમાં મૂકવાનું કેવી રીતે સ્વીકારાય ?

૪. પુરુષોનું મન સદા સ્ત્રીમાં જ હોય છે, આથી સ્ત્રી મનનો આશ્રય છે.

તે રીતે એનો નાશ કરો કે જેથી લોકાપવાદ ન થાય. દીર્ઘે કહ્યું : આ થોડું (=સહેલું) છે. તે પ્રમાણે કરીશ કે જેથી બધું સારું થશે. કારણ કે કુમારનો વિવાહ મહોત્સવ શરૂ કર્યો છે. તેના માટે અનેક સ્તંભોથી રહેલું તથા [1]નિર્ગમ-પ્રવેશ જેમાં ગુપ્ત છે એવું લાખનું ઘર કરાવીશ. વિવાહ થયા પછી તેમાં સુખે સુતેલા એને અગ્નિ આપવાથી લોકોને ખબર ન પડે તે રીતે જ ચિંતવ્યા પ્રમાણે એનું કાર્ય થઈ જશે. આ પ્રમાણે ગુપ્ત વિચારણા કરીને કુમારના લગ્ન નિમિત્તે મહારાજાની પુત્રી માટે બધી સામગ્રી એકઠી કરવા માંડી.

આ તરફ બ્રહ્મદત્તના કાર્યમાં સાવધાન ધનુ મંત્રીએ દીર્ઘ રાજાને કહ્યું : આ મારો પુત્ર વરધનુ હવે રાજ્યકાર્યની વિચારણા કરવામાં સમર્થ છે. તેથી તમારા કાર્યોની વિચારણા એ જ કરશે. હું તો કોઈ તીર્થમાં જઈને પરલોકનું હિત કરું છું. તેથી મને અનુજ્ઞા આપો. તેણે કપટથી કહ્યું : બીજે પ્રવાસ કરવાથી સર્યું, અહીં રહીને જ દાન વગેરેથી ધર્મ કરો. તેથી તેણે દીર્ઘનું વચન સ્વીકારીને ગંગા નદીના કાંઠે મોટી દાનશાળા કરાવી. તેમાં ગરીબ, અનાથ, મુસાફર અને પરિવ્રાજક વગેરેને દાન આપવાનું શરૂ કર્યું. દાન, માન અને સેવાથી વશ કરાયેલા વિશ્વાસુ પુરુષો વડે લાખના ઘર સુધી બે ગાઉ જેટલી સુરંગ ખોદાવી. વરધનુ પુત્ર આગળ આ રહસ્ય પ્રગટ કર્યું. આ તરફ વિવિધ પોષાક અને પરિવારથી યુક્ત તે વધૂ તે નગરમાં આવી. મહાન આડંબરથી તેનો પ્રવેશ કરાવ્યો. લગ્ન થઈ ગયા. પછી જનસમૂહને રજા આપીને કેટલાક નગર લોકો જેની પાછળ ચાલે છે એવા કુમારને વહુ સહિત લાખના ઘરમાં પ્રવેશ કરાવ્યો. ત્યાં રહેલા કુમારે મંત્રીપુત્ર વરધનુને છોડીને ક્ષણવારમાં પરિવારને મોકલી દીધો.

રાત્રિના બે પ્રહર પસાર થઈ ગયા ત્યારે કુમાર ત્યાં બેઠેલો હતો તેટલામાં કોઈ પણ રીતે ચારે તરફ વાસભવન સળગ્યું. હાહાકાર થયો. એથી શું કરવું ? એ વિષે મૂઢચિત્તવાળા કુમારે વરધનુને પૂછ્યું : આ શું ? તેણે કહ્યું : મારા પિતાએ તે રાજપુત્રીને પત્ર મોકલીને રોકી દીધી છે. આ બીજી કોઈ છે. તેથી આની મમતા મૂકીને જલદી ઉઠીને લાખના ઘરમાં આ સ્થળે પેનીનો પ્રહાર કર, જેથી અહીંથી સુરંગદ્વારા નીકળી જઈએ. તેણે તેનું વચન માન્યું. તેથી બંને સુરંગથી નીકળી ગયા. દ્વારના સ્થાન આગળ આવી ગયા. આ તરફ ધનુમંત્રીએ પહેલાં જ અશ્વ ઉપર બેઠેલા બે વિશ્વાસુ પુરુષોને સુરંગના દ્વાર આગળ રાખ્યા હતા. તે બે પુરુષોએ વરધનુના સંકેતને મેળવીને તે બંનેને પોતાના અશ્વો ઉપર બેસાડ્યા. જવાનું શરૂ કર્યું.

---

૧. **નિર્ગમ** એટલે નીકળવું. જેમાં નીકળવાનો અને પ્રવેશ કરવાનો માર્ગ ગુપ્ત છે તેવું.

ક્રમે કરીને પચાસયોજન જેટલી પૃથ્વી ગયા. લાંબા માર્ગના થાકથી ક્ષીણ થયેલા બે અશ્વો નીચે પડ્યા.. તેથી પગોથી જ જતા તે બંને કોટ્ટ નામના ગામમાં આવ્યા. ગામની બહાર કુમારે વરધનુને કહ્યું: ભૂખ મને અતિશય પીડા કરે છે, અને હું અત્યંત થાકી ગયો છું. તે સાંભળીને વરધનુ તેને ત્યાં જ એક વૃક્ષની વિશાળછાયામાં બેસાડીને પોતે ગામમાં ગયો. ગામમાંથી હજામને લાવીને કુમારના મસ્તકનું મુંડન કરાવ્યું. તેને ભગવા-રંગના વસ્ત્રો પહેરાવ્યાં. શ્રીવત્સથી અલંકૃત એનું વક્ષઃસ્થળ ચાર આંગળ પ્રમાણ પટ્ટબંધથી બાંધ્યું. પોતે પણ વેષનું પરિવર્તન કર્યું. પછી બંને ગામમાં પેઠા. આ દરમિયાન એક ઉત્તમ બ્રાહ્મણના ઘરમાંથી નીકળીને એક પુરુષે તેમને કહ્યું: તમારું સ્વાગત થયું (=તમારું આગમન સારું થયું). ઘરમાં પધારો અને ભોજન કરો. તેના કહ્યા પછી તે બંને તેના ઘરે ગયા.

રાજાને અનુરૂપ તેમની સેવા કરી. બંને જમ્યા. આચમન વગેરે ક્રિયા કરીને બંને સુખાસનથી (=આરામથી) બેઠા. આ વખતે ત્યાં રહેલી એક ઉત્તમ સ્ત્રીએ કુમારના મસ્તક ઉપર ચોખા નાખીને બંધુમતી નામની કન્યાને ઉદ્દેશીને કુમારને કહ્યું: હે પુત્ર! તું અમને આ કન્યાનો વર પ્રાપ્ત થયો છે. તે સાંભળીને વરધનુએ કહ્યું: આ મૂર્ખ છોકરાના નિમિત્તે આત્માને શા માટે ખેદ [1]પમાડે છે? ઘરસ્વામીએ કહ્યું: એમ ન બોલો. કારણ કે પહેલાં જ અમને નૈમિત્તિકે કહ્યું હતું કે, હે ગૃહપતિ! પટ્ટથી ઢંકાયેલી છાતીવાળો જે પુરુષ મિત્રની સાથે તારા ઘરે ભોજન કરશે તે તારી પુત્રીનો વર થશે. તેથી તેના વચનથી વરધનુ મૌન રહ્યો. એટલે તે જ સમયે કુમારને બંધુમતી પરણાવી. કુમાર તે દિવસે ત્યાં જ રહ્યો. બીજા દિવસે વરધનુએ કુમારને કહ્યું: દૂર જવાનું છે એથી અહીંથી નીકળી જઇએ. તેથી બંધુમતીને સત્ય વિગત જણાવીને બંને નીકળી ગયા.

પછી દૂર રહેલા બીજા ગામમાં આવ્યા. ત્યાં વરધનુ પાણી માટે ગામમાં જઈને જલદી પાછો આવ્યો. તેણે કુમારને કહ્યું: દીર્ઘરાજાએ બધી તરફ બ્રહ્મદત્તના માર્ગો રોકયા છે એમ ગામમાં મેં લોકપ્રવાદ સાંભળ્યો છે. તેથી અહીં લાંબો કાળ રહેવું આપણા માટે ઉચિત નથી, એટલે આપણે નાસી જઇએ. કુમારે કહ્યું: એ પ્રમાણે કરીએ. તેથી તે બંને ત્યાંથી વિપરીત માર્ગે ચાલ્યા. મોટી અટવી પાસે આવ્યા. તે અટવીમાં તૃષાથી પીડાયેલા કુમારને વડની છાયા નીચે મૂકીને વરધનુ જેટલામાં પાણી લેવા માટે ગયો તેટલામાં દિવસના અંત સમયે દીર્ઘરાજાએ યોજેલા જાણે યમના સુભટ હોય તેવા પુરુષોએ તેને જોયો. તેને મારવાનું શરૂ કર્યું. તેમણે વરધનુને કહ્યું:

---

૧. અર્થાત્ આ મૂર્ખ છોકરાને (=બ્રહ્મદત્તને) કન્યા આપીને તું તારા આત્માને શા માટે ખેદ પમાડે છે?

તું બ્રહ્મદત્ત ક્યાં છે તે કહે, જેથી અમે તને મૂકી દઈએ. તેથી તે તેમને કપટથી કુમારથી દૂર રહેલા દિશાભાગમાં લઈ ગયો. કોઇ પણ રીતે કુમારને પલાયન થઈ જવાનો સંકેત કરીને કહ્યું : કુમાર અહીંથી ક્યાંક જતો રહ્યો છે. ક્યાં ગયો તે હું જાણતો નથી. મેં એને અહીં મૂક્યો હતો. ત્યારથી તે બે ક્યારેક નિર્જન જંગલમાં રહ્યા, ક્યારેક તાપસોના આશ્રમમાં રહ્યા, ક્યારેક નગર, ઉદ્યાન અને ગામ વગેરેમાં રહ્યા. ક્યારેક ક્રમથી આવેલા સુખને તો ક્યારેક ક્રમથી આવેલા દુઃખને સહન કર્યું. ક્યારેક વિદ્યાધરો વગેરેની દિવ્ય કન્યાઓને પરણ્યો. ક્યારેક સંગ્રામના મેદાનોમાં રહીને વૈરીઓના કુળનો નાશ કર્યો.

આ પ્રમાણે ઘણો કાળ ભમ્યા પછી તેને સ્વજનનો મેળાપ થયો. કટક વગેરે રાજાઓની સાથે તે કાંપિલ્ય નગરમાં આવ્યો. દીર્ઘને મારી નાખ્યો અને સ્વરાજ્યનો સ્વીકાર કર્યો. તે વખતે ક્રમે કરીને ભરત ક્ષેત્રના છ ખંડ સાધીને બ્રહ્મદત્ત પૃથ્વી ઉપર ચક્રવર્તી તરીકે પ્રસિદ્ધ થયો. કેટલોક કાળ ગયા પછી કોઇવાર નટે વિનંતિ કરી કે, હે મહારાજ! આજે હું [1]મધુકરી ગીત નામના નાટ્યવિધિને બતાવીશ. “એ પ્રમાણે થાઓ” એમ ચક્રવર્તીએ સ્વીકાર કર્યો. બપોર પછીના સમયે નૃત્ય કરવાનું શરૂ કર્યું. આ અવસરે બ્રહ્મદત્તને નોકરની પુત્રીએ સર્વ પ્રકારના પુષ્પોથી સમૃદ્ધ પુષ્પમાળાનો ગુચ્છો આપ્યો. તેને જોતા અને મધુકરી ગીતને સાંભળતા બ્રહ્મદત્તને વિચાર આવ્યો કે મેં આવા પ્રકારનો નાટકવિધિ પૂર્વે ક્યાંક જોયો છે. તેથી એને સૌધર્મદેવલોકમાં રહેલ નલિની ગુલ્મવિમાનમાં અનુભવેલું યાદ આવ્યું. યાદ આવેલા પૂર્વભવના કારણે પછીના ચાર ભવો પણ યાદ આવ્યા. પછી તે મૂર્છાને પામ્યો, અને પૃથ્વી ઉપર ઢળી પડ્યો.

પાસે રહેલા સામંત વગેરે લોકોએ ચંદન રસના વિલેપનથી તેને સ્વસ્થ કર્યો. તેથી એને પૂર્વભવના ભાઈનો વૃત્તાંત યાદ આવ્યો. પૂર્વભવના બંધુને શોધવા રહસ્યને પ્રગટ કર્યા વિના જ પોતાના હૃદય તુલ્ય મહામંત્રી વરધનુને કહ્યું કે, આ નગરના ત્રિક, ચતુષ્ક અને ચોરા વગેરે સ્થાનોમાં आस्व दासौ मृगौ हंसौ, मातङ्गावमरौ तथा[2] એ પ્રમાણે ઘોષણા કર. આ અર્ધા શ્લોકના ઉત્તરાર્ધની રચના જે કરશે તેને રાજા અર્ધું રાજ્ય આપશે. વરધનુએ દેવની જેવી આજ્ઞા છે તે પ્રમાણે કરું છું એમ જણાવીને દરરોજ તે જ પ્રમાણે કરવાનું શરૂ કર્યું. એ શ્લોકાર્ધને અનેક પત્રોમાં લખીને અનેક સ્થાનોમાં લટકાવ્યો.

---

૧. મધુકરી ગીત એક પ્રકારનું નાટક છે. અહીં **नाम** અવ્યયનો પ્રયોગ પ્રસિદ્ધિ અર્થમાં કે વાક્યાલંકારમાં છે. જેમ કે-**हिमालयो नाम नगाधिराजः** (કુમારસંભવ)

૨. પૂર્વભવમાં આપણે દાસો હતા, ત્યારબાદ મૃગયુગલ, પછી હંસયુગલ પછી ચાંડાલ, અને પછી દેવો હતા.

પૂર્વભવના તેના ભાઈનો ચિત્ર નામનો જીવ કે જે પુરિમતાલનગરમાં રહેનારા શેઠના પુત્રપણે ઉત્પન્ન થયો હતો, તેને જાતિસ્મરણ થયું. પછી તેણે દીક્ષા લીધી. તે મુનિ આ અવસરે કાંપિલ્યનગરમાં જ આવીને મનોરમ નામના ઉદ્યાનમાં પધાર્યા. ત્યાં નિર્જીવ ભૂમિપ્રદેશમાં પાત્ર વગેરે ઉપકરણોને મૂકીને ધર્મધ્યાનને પામેલા તે મુનિ કાયોત્સર્ગમાં રહ્યા. આ અવસરે आस्व दासौ ઈત્યાદિ શ્લોકાર્ધને અરઘટ્ટ ચલાવનાર પુરુષ બોલી રહ્યો હતો, તે સાંભળીને મુનિએ ઝટ કહ્યું : एषा नौ षष्ठिका जातिरन्योऽन्याभ्यां वियुक्तयोः[1] ॥ તેથી અરઘટ્ટ ચલાવનારે તે શ્લોકાર્ધને પત્રમાં લખી લીધો. પછી હર્ષથી વિકસિત મુખવાળો તે રાજસભામાં ગયો. રાજાની આગળ સંપૂર્ણ શ્લોક બોલ્યો. તેથી રાજા અતિ સ્નેહના કારણે મૂર્છા પામ્યો. તેથી સભા અરઘટ્ટ ચલાવનાર પુરુષ ઉપર ગુસ્સે થઈ. રોષને વશ થયેલી સભા એના વચનથી રાજા આવી દશાને પામ્યા એમ વિચારીને તેને થપાટોથી મારવા માંડી. મરાતા તેણે કહ્યું : આ શ્લોક મેં પૂર્યો નથી.

આ પ્રમાણે બોલતા તેને કદર્થના કરનારાઓથી મુક્ત કરાવ્યો. પછી તેને પૂછ્યું કે આને પૂરનાર કોણ છે? તેણે કહ્યું : અરઘટ્ટની પાસે રહેલા મુનિ. પછી રાજાએ ચંદનરસના સિંચન વગેરેથી ચેતના મેળવી, મુનિવરના આગમનનો વૃત્તાંત જાણ્યો. મુનિ પ્રત્યે ભક્તિ અને સ્નેહથી આકર્ષાયેલ ચિત્તવાળો રાજા પરિવાર સહિત નીકળ્યો. તેણે ઉદ્યાનમાં મુનિને જોયા, હર્ષિતચિત્તથી વંદન કર્યું. પછી વિનયપૂર્વક તેની પાસે બેઠો. મુનિએ દેશના શરૂ કરી. દેશનામાં સંસારની અસારતા બતાવી, કર્મબંધના હેતુઓનું વર્ણન કર્યું, મોક્ષમાર્ગની પ્રશંસા કરી. મોક્ષમાં અતિશય સુખ હોય છે એ જણાવ્યું. તેથી પર્ષદા સંવેગને પામી. પણ બ્રહ્મદત્ત ભાવિત ન થયો. તેણે કહ્યું : હે ભગવંત! જેવી રીતે આપે સ્વસંગના સુખથી અમને આનંદ પમાડ્યો તેવી રીતે ઐશ્વર્યાદિગુણસંપન્ન આપ રાજ્યના સ્વીકારથી આનંદ પમાડો.

પછી સાથે જ તપ કરીશું. આ જ તપનું ફલ છે. મુનિએ કહ્યું : ઉત્તમચિત્તવાળા તમારે આ કહેવું યોગ્ય નથી. ખરેખર! આ મનુષ્ય ભવ દુર્લભ છે, આયુષ્ય સતત ઘટી રહ્યું છે, લક્ષ્મી ચંચળ છે, ધર્મબુદ્ધિ સ્થિર નથી, વિષયો પરિણામે કટુ છે, વિષયોમાં આસક્ત બનેલાઓનું નિશ્ચે નરકમાં પતન થાય છે, ફરી મોક્ષબીજ (=ધર્મ) દુર્લભ છે, વિરતિરૂપીરત્ન વિશેષથી ફરી દુર્લભ છે. વિરતિનો ત્યાગ કરીને દુસ્તર નરકમાં પતનનું કારણ અને કેટલાક દિવસ થનાર રાજ્યનો આશ્રય (=સ્વીકાર) વિદ્વાનોના ચિત્તને આનંદ પમાડતો નથી. તેથી તમે અશુભ આશયને છોડી દો, પૂર્વભવોમાં અનુભવેલાં દુઃખોને યાદ કરો, જિનવચનરૂપી અમૃતરસને પીઓ, જિને કહેલા માર્ગે ચાલો, મનુષ્યજન્મને સફલ કરો. તેણે કહ્યું : હે ભગવંત! પ્રાપ્ત થયેલાં સુખોનો ત્યાગ કરીને

૧. એક બીજાનો વિયોગ પામેલા એવા આપણો આ છઠ્ઠો જન્મ છે.

નહિ જોયેલા સુખની ઇચ્છા કરવી એ અજ્ઞાનનું લક્ષણ છે. તેથી આ પ્રમાણે ઉપદેશ ન આપો. મારું વાંછિત કરો. પછી ફરી કહેવા છતાં પ્રતિબોધ ન પામ્યો એટલે મુનિએ વિચાર્યું : હા જાણ્યું, પૂર્વભવમાં સંભૂતિ મુનિ હતો ત્યારે તેને સનત્કુમાર ચક્રીના સ્ત્રીરત્નના મસ્તકકેશનો સ્પર્શ થયો, એ સ્પર્શના સુખનો અનુભવ થયો, એથી તેવા સુખની અતિશય ઇચ્છા થઇ. એથી તેને મેં રોક્યો છતાં તેણે તે સુખની પ્રાર્થના કરી. પૂર્વે જે નિયાણું કર્યું હતું તે આ (અત્યારે) પ્રગટ થાય છે. આથી [1]કાલ સર્પથી ડસાયેલાની જેમ આ જિનવચનરૂપી મંત્રોથી અસાધ્ય છે. આ પ્રમાણે વિચારીને મુનિએ અન્યસ્થળે વિહાર કર્યો. અન્ય સમયે ક્ષપકશ્રેણિના ક્રમથી વિમલ કેવલજ્ઞાનને પ્રગટ કરીને મોક્ષને પામ્યા.

ચક્રવર્તીસુખને અનુભવતા રાજાનો કેટલોક કાળ પસાર થયો. એકવાર એક બ્રાહ્મણે એને કહ્યું : હે નૃપેશ ! હું ચક્રવર્તીનું ભોજન કરું એવી મને ઇચ્છા થઈ છે. રાજાએ કહ્યું : હે બ્રાહ્મણ ! મારું અન્ન ખાવા તું સમર્થ નથી. કારણ કે એ અન્ન મને છોડીને બીજાને બરોબર પરિણમતું નથી. તેથી બ્રાહ્મણે કહ્યું : તારી રાજ્યલક્ષ્મીના માહાત્મ્યને ધિક્કાર થાઓ. જેથી માત્ર અન્ન આપવામાં પણ વિચારે છે. તેથી રાજાએ અસૂયાથી તેને ભોજનની રજા આપી. રાજાએ પોતાને ઉચિત આહારથી પત્ની, પુત્ર, વહુ, પુત્રી અને પૌત્ર આદિ જ્ઞાતિ ભાઈઓના સમૂહથી સહિત એને ભોજન કરાવ્યું. પછી તે પોતાના ઘરે ગયો. રાત્રિ થતાં અન્ન કંઈક પરિણમન પામ્યું ત્યારે અતિશય ઉન્માદનો વેગ થયો. આથી બ્રાહ્મણના પરિવારનું ચિત્ત અતિશયકામની વેદનાથી નષ્ટ પામ્યું અને બધા માતા, વહુ અને બહેનના સંબંધથી નિરપેક્ષ બનીને પરસ્પર અનાચાર કરવા લાગ્યા. સવારે અન્ન (પૂર્ણ) પરિણામ પામ્યું ત્યારે બ્રાહ્મણ લજ્જા પામ્યો. એક–બીજાને મુખ બતાવવા અસમર્થ તેનો પરિવાર નગરમાંથી નીકળી ગયો.

બ્રાહ્મણે વિચાર્યું : નિષ્કારણ વૈરી રાજાએ શા માટે મને આ પ્રમાણે વિડંબના પમાડ્યો ? પછી ગુસ્સે થયેલા અને વનમાં પરિભ્રમણ કરતા એવા તેણે કાંકરાઓથી પીપળાનાં પત્રોને કાણાં કરતા (= પત્રોમાં કાણાં પાડતા) ભરવાડને જોયો. તેણે વિચાર્યું : મારું વિવક્ષિત (= ઇચ્છિત) કાર્ય કરવામાં આ યોગ્ય છે. આમ વિચારીને તેણે દાન–સન્માન વગેરેથી તેની સેવા કરી. પછી તેને એકાંતમાં પોતાનો અભિપ્રાય કહ્યો. તેણે પણ તેનો સ્વીકાર કર્યો. ઘા નિષ્ફલ ન જાય તેવી રીતે વીંધવાની તેનામાં શક્તિ હતી. આથી કોઈવાર ભીંતના આંતરે રહેલા તેણે રાજમહેલમાંથી નીકળતા બ્રહ્મદત્તની બે

૧. કાલ સર્પ એટલે કાળો મોટો સાપ. તેનું ઝેર મંત્રથી પણ દૂર ન થાય.

આંખો એક ગોળીથી એકી સાથે ફોડી નાખી. તેથી રાજાએ તેનો વૃત્તાંત જાણીને ગુસ્સે થઇને પુત્ર અને પરિવાર સહિત બ્રાહ્મણને મરાવી નાખ્યો.

પછી પુરોહિત વગેરે બીજા પણ બ્રાહ્મણોને મરાવી નાખ્યા. પછી તેણે મંત્રીને કહ્યું : એમની આંખો થાળીમાં સાખીને મારી આગળ મૂકો, જેથી હું પોતાના હાથે આંખોને મસળીને પોતાના સુખને ઉત્પન્ન કરું. મંત્રીએ પણ તે ક્લિષ્ટ કર્મોદયને આધીન બનેલો છે એમ જાણીને સાખોટક વૃક્ષનાં ફળો (=જેમાંથી ચિકણાં ઠળિયાં નીકળે તેવા ગુંદા જેવાં ફળો) થાળીમાં નાખીને તેને આપ્યાં. તે પણ રૌદ્ર અધ્યવસાયના યોગથી તે ફળોને આંખો સમજીને ચોળે છે. એ રીતે પોતાને સુખી કરતો તે દિવસો પસાર કરવા લાગ્યો. આ પ્રમાણે કરતા તેના કેટલાક દિવસો પસાર થયા. પછી સાત સો સોળ (૭૧૬) [1]વર્ષ આયુષ્ય પાળીને આયુષ્યનો ક્ષય થતાં વધતા રૌદ્ર પરિણામવાળો તે મરીને સાતમી નરક પૃથ્વીમાં તેત્રીસ સાગરોપમ આયુષ્યવાળો નારક થયો. સંભૂતિનું દૃષ્ટાંત પૂર્ણ થયું.

## પંડર આર્યાનું દૃષ્ટાંત

પંડર આર્યાનું દૃષ્ટાંત આ પ્રમાણે છેઃ– રાજગૃહનામના ઉત્તમ નગરમાં પ્રસિદ્ધ સુદર્શન શેઠ હતો. બીજાઓ "શ્રાવસ્તી નગરીમાં તરંગ નામનો શેઠ હતો" એમ કહે છે. તેની ભૂતા નામની પુત્રી હતી. બીજાઓ "પોઈણી નામની પુત્રી હતી" એમ કહે છે. કર્મદોષથી [2]વૃદ્ધકુમારી થવા છતાં તે પરણી નહિ. કોઈવાર ગામસમૂહથી અંલકૃત પૃથ્વી ઉપર વિહાર કરતા કેવલજ્ઞાની શ્રી પાર્શ્વજિનેંદ્ર ત્યાં પધાર્યા. દેવોએ સમવસરણ રચ્યું એટલે સિંહાસન ઉપર બિરાજમાન થયેલા તે ભગવાને સુરો, અસુરો અને મનુષ્યોથી સહિત પર્ષદામાં ધર્મ કહ્યો. આ દરમિયાન વૃદ્ધકુમારી પણ પોતાના પિતાની સાથે સમવસરણમાં આવી. ત્યાં ધર્મોપદેશ સાંભળીને તેનું જીવવીર્ય ઉલ્લસિત બન્યું. એથી એને ચારિત્રના પરિણામ થયા. માતા–પિતાને કહીને ઘણી ધામધૂમથી દીક્ષા લીધી. પાર્શ્વનાથ ભગવાનની શિષ્યા પુષ્પચૂલાની પાસે તે રહી. ક્યારેક કર્મોદયથી તેને બકુશનો પરિણામ થયો. ઉનાળાનો સમય આવતાં શરીરમાં થયેલા પરસેવાની અને મેલની ગંધને સહન નહિ કરતી તે પોતાના અંગ–ઉપાંગોને પાણીથી ધોવા લાગી. અવિધિથી અને અકાળે વસ્ત્રો ધોતી હતી અને હંમેશાં પંડર=સફેદ વસ્ત્રો પહેરતી હતી. તેથી તે પંડર (=સફેદ) આર્યા (=સાધ્વી) એવા ઉપનામથી પ્રસિદ્ધ થઈ.

તેની આવી પ્રવૃત્તિ જોઈને બીજી સાધ્વીઓ તેને રોકે છે. પણ તે તેમને ગણકારતી નથી. તેથી મહત્તરાએ તેને કહ્યું : હે આર્યા ! તું વિભૂષાની બુદ્ધિથી સાધ્વી-

૧. બીજા ગ્રંથોમાં ૭૦૦ વર્ષનો ઉલ્લેખ જોવામાં આવે છે.

૨. વૃદ્ધા એટલે મોટી. મોટી થવા છતાં જે કુમારી હોય તે વૃદ્ધકુમારી.

જનથી વિરુદ્ધ સ્વરૂપવાળું જે કરે છે તે તને દૂષણ લગાડે છે. કારણ કે–અન્ય મનુષ્ય દૂર રહો (=બીજાના શરીરની વાત તો દૂર રહી), પોતાના જ શરીરમાં જે પાંચ ભૂતો છે, કર્મનો નાશ કરતા જીવો એ પાંચ ભૂતોથી જ લજ્જા પામે છે (અર્થાત્ શરીરથી જ લજ્જા પામે છે). વળી– જે હંમેશાં અગિયાર દ્વારોથી અશુચિમળ વગેરેને બહાર કાઢે છે તે તારું શરીર સો વાર ધોવા છતાં કેવી રીતે પવિત્ર થાય? આ પ્રમાણે શિખામણ આપવા છતાં તેણે [1]બકુશભાવને છોડ્યો નહિ એટલે બીજી સાધ્વીઓની રક્ષા માટે તેને માંડલીની બહાર કરી. કારણ કે શાસ્ત્ર એ જ જેમની બુદ્ધિ છે એવા મહાપુરુષોએ નાગરવેલના પાનનું દૃષ્ટાંત બતાવ્યું છે, અને અયોગ્યને રાખવાથી અનવસ્થા વગેરે દોષો કહ્યા છે. સારણા (વગેરે)થી રહિત તે સાધ્વીઓના સમુદાયને છોડીને એકલી જ અલગ વસતિમાં સ્વચ્છંદપણે રહી. તે અભ્યાસ કરતી ન હતી. જિનેશ્વરના મતમાં સાધ્વીઓને એકલી રહેવાનો નિષેધ કર્યો છે.

સિદ્ધાંત વચનમાં કહ્યું છે કે– ભિક્ષા અને સ્થંડિલ વગેરેમાં ત્રણથી ઓછી સાધ્વીનો નિષેધ છે. (એકલી સાધ્વીમાં) શંકા વગેરે દોષોનો સંભવ છે. કારણ કે સ્ત્રી પાકેલા બોર સમાન છે. (જેમ પાકેલા બોરને જોઈને લોકોને ખાવાનું મન થાય તેમ એકલી સ્ત્રીને જોઇને લોકો તેના પ્રત્યે આકર્ષાય છે.) સ્વચ્છંદી તે વિદ્યા–મંત્ર વગેરેથી લોકોનું વશીકરણ અને [2]ઉચ્ચાટન વગેરે કરતી હતી. તેથી લોકો તેની આગળ મસ્તક ઝુકાવતા હતા, સદા એની પાસે રહેતા હતા, આહાર–વસ્ત્ર વગેરે આપતા હતા, વિનયમાં તત્પર બનીને ક્યારેય તેના વચનને પ્રતિકૂલ વર્તન કરતા ન હતા. આ પ્રમાણે તેના દિવસો પસાર થઈ રહ્યા હતા. અર્ધી ઉંમરને ઓળંગી ગયેલી અને વૈરાગ્યને પામેલી તેણે ગુરુને વંદન કરીને વિનંતી કરી કે, હે ભગવંત! શરીર અને ઉપકરણ સંબંધી બકુશભાવથી ભાવિત મનવાળી અને મંત્ર–તંત્ર (વગેરે)ના વ્યાપારથી લોકોના ચિત્તક્ષોભને ઉત્પન્ન કરનારી મેં અહીં જે કાંઈ પાપકર્મ એકઠું કર્યું છે તેના નાશ માટે પુનઃ સંવેગવાળી બનેલી મને પ્રાયશ્ચિત્ત આપો. ગુરુએ તેનું વચન સ્વીકાર્યું. તેથી વંદન કરીને નમેલા મસ્તકવાળી તેણે આલોચના કરી. તેણે ફરી આ પ્રમાણે કહ્યું:– હે નાથ! જેમાં સર્વ પાપ વ્યાપારોનો ત્યાગ કરાયો છે એવી દીક્ષાને લાંબા કાળ સુધી પાળવા માટે હું સમર્થ નથી. તેથી મને અનશન આપો. તેથી ગુરુએ તેને થોડો કાળ પરિકર્મ (=અનશનનો અભ્યાસ) કરાવીને અને મંત્રાદિ બધું છોડાવીને અનશન આપ્યું. લોકોને આકર્ષવા માટે ફરી પણ વિદ્યાસ્મરણ કરવાનું શરૂ કર્યું.

---

૧. શરીરને સ્વચ્છ રાખવા હાથ-પગ વગેરે અંગ–ઉપાંગોને ધોવાં, વસ્ત્રો અત્યંત ઉજળાં રાખવાં, ઉપકરણો વિવિધ રંગવાળાં અને ચળકતાં રાખવાં, વિભૂષા કરવી વગેરે બકુશભાવ છે.

૨. ઉચ્ચાટન=વસ્તુને પોતાના સ્થાનથી ઉડાવવી.

વિદ્યાની અધીનતાથી ફરી પણ લોકો હાથમાં પુષ્પ વગેરે લઈને આવવા લાગ્યા. તેથી આચાર્યે પહેલાં ગુપ્ત રીતે સાધુ અને સાધ્વીના સમુદાયને પૂછ્યું: તમે આ લોકોને કંઈ પણ કહ્યું છે? કે જેથી આ લોકો આવે છે. તેમણે કહ્યું: અમે કંઈ પણ કહ્યું નથી. પછી સૂરિએ તે સાધ્વીજીને જ પૂછ્યું. તેણે કહ્યું: હે ગુરુ! મારાથી વિદ્યાબલથી આકર્ષાયેલા લોકો આવે છે. ગુરુએ કહ્યું: હે આર્યા! આ યોગ્ય નથી. તેથી તે તેનાથી નિવૃત્ત થઈ. લોકો આવતા બંધ થઈ ગયા. એ પ્રમાણે ત્રણ વાર કરી કરીને તે સ્થાનનું સમ્યક્ પ્રતિક્રમણ કર્યું. ફરી ચોથીવાર (મંત્ર–તંત્ર વગેરે) કહે છે. (આ પ્રવૃત્તિ) પૂર્વના અભ્યાસથી કરે છે. તેની આલોચના કર્યા વિના શલ્ય સહિત જ તે કાળધર્મ પામી. સૌધર્મદેવલોકમાં ઐરાવણ દેવની મુખ્ય દેવી થઈ.

આ તરફ રાજગૃહનગરની બહાર ગુણશિલ ઉદ્યાનમાં દેવોએ રચેલા સમવસરણમાં સિંહાસન ઉપર બિરાજેલા ભગવાન મહાવીર દેવ–મનુષ્ય–અસુરોથી સહિત પર્ષદાને ધર્મ કહેતા હતા. તે અવધિજ્ઞાનથી જાણીને તે દેવી ત્યાં આવી. ભાવપૂર્વક વંદન કર્યું. પછી ધર્મોપદેશ પૂર્ણ થતાં હાથિણીનું રૂપ કરીને દંભ કરતી તેણે નાટક બતાવ્યું. આ સમયે પ્રયત્નશીલ શ્રી ગૌતમસ્વામીએ જાણતા હોવા છતાં જિનને પૂછ્યું: હે સ્વામી! આ શું? તેથી ભગવાને પણ તેનો પૂર્વભવ કહ્યો. પછી ભગવાને કહ્યું: સાધુ–સાધ્વીઓમાં બીજો કોઈ થોડી પણ માયા ન કરે એ માટે આ પ્રમાણે દંભ કરતી તેણે નાટક બતાવ્યું. બીજાઓ કહે છે કે, જેમાં પાપકર્મથી છૂટકારો છે એવા નાટકના પ્રકારને મોટા અવાજથી કરતી તેણે તેમાં (=નાટકમાં) પ્રશ્ન વગેરે બતાવ્યા. પછી ગૌતમસ્વામીએ ફરી પૂછ્યું: એ ક્યારે મોક્ષ પામશે? ભગવાને કહ્યું: હે ગૌતમ! દેવલોકમાં પલ્યોપમનું આયુષ્ય પાળીને ત્યાંથી ચ્યવેલી તે મહાવિદેહમાં મનુષ્યપણું અને શુદ્ધ ધર્મને પામીને શાશ્વતસુખવાળા મોક્ષને પામશે. આ પ્રમાણે પંડર આર્યાનું દૃષ્ટાંત પૂર્ણ થયું.

અહીં સંભૂતિ સાધુનું નિદાનશલ્યના યોગથી અને પંડર આર્યાનું માયાશલ્યના સંબંધથી બાલ મરણ થયું, અને એથી દુઃખની પરંપરા થઈ એમ જાણીને બાલમરણનો ત્યાગ કરવામાં જ પ્રયત્ન કરવો જોઈએ એવા ઉપદેશના સારવાળો દોષદ્વારની ગાથાનો ભાવાર્થ છે. [ ૧૩૨ ]

હવે ગુણદ્વાર છે, તેમાં આ ગાથા છે:–

**एक्कं पंडियमरणं, छिंदइ जाईसयाइं बहुयाइं ।**
**दिट्ठंतो महसयगो, मंडुको नंदजीवो वा ।। १३३ ।।**

**ગાથાર્થ**:–એક પણ પંડિતમરણ ઘણાં સેંકડો જન્મોને છેદી નાખે છે. આ વિષયમાં મહાશતકનું અને નંદમણિયારશેઠનો જીવ દેડકાનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ**:–આલોચનાદિપૂર્વક થયેલું સર્વવિરતિધરનું મરણ પંડિત મરણ છે. એક પણ પંડિતમરણ સેંકડો જન્મોને છેદી નાખે છે, એટલું જ નહિ, પણ જીવને મોક્ષ ન પમાડે ત્યાં સુધી સુગતિમાં રાખે છે.

**પ્રશ્ન**:–મહાશતક અને નંદમણિયારનો જીવ દેશવિરતિ હોવાથી તેમનું મરણ બાલપંડિત જ છે. તો પછી અહીં તે બેને પંડિતમરણના દૃષ્ટાંત તરીકે કેમ લીધા?

**ઉત્તર**:–તમારી વાત સાચી છે. બાલપંડિતમરણ પરંપરાએ પંડિતમરણનું કાર્ય સાધે છે, આથી અહીં બાલપંડિતમરણની પણ પંડિતમરણ તરીકે વિવક્ષા કરી છે. આથી આમાં કોઈ દોષ નથી.

આ પ્રમાણે ગાથાનો અક્ષરાર્થ છે, ભાવાર્થ બે કથાઓથી જાણવો. તે બે કથાઓમાં પહેલી કથા આ છે:–

## મહાશતકનું દૃષ્ટાંત

પરચક્ર, દુર્ભિક્ષ, વૈર અને ચોર આદિના ભયથી રહિત, રમ્ય અને પૃથ્વીરૂપી સ્ત્રીના તિલક સમાન મગધ નામનો દેશ હતો. તેમાં ઊંચા કિલ્લાથી વીંટળાયેલું, ઊંડી ખાઇના વલયવાળું અને ઘર–મંદિર–દુકાનોથી શોભતું રાજગૃહ નામનું ઉત્તમ નગર હતું. તેમાં જેના ચરણકમલમાં સેંકડો રાજાઓ નમેલા છે, અને જેણે જિનવચનરૂપી નિર્મલ જલસમૂહથી મિથ્યાત્વરૂપી ગાઢ કાદવને ધોઇ નાખ્યો છે એવો, શ્રેણિક રાજા હતો. તે ઉત્તમ નગરમાં શ્રેણિક રાજાને બહુ સંમત, નીતિ સંપન્ન અને સુવિશિષ્ટ ઋદ્ધિથી યુક્ત મહાશતક નામનો શેઠ હતો. તેની ઋદ્ધિ આ પ્રમાણે હતી:– તેનું આઠ ક્રોડ ધન નિધાનમાં મૂકેલું હતું, આઠ ક્રોડ વ્યાજમાં અને આઠ ક્રોડ વેપારમાં રોકેલું હતું. દશહજાર ગાયોનું એક ગોકુળ એવા દશ ગોકુળ હતાં. તેની પોતપોતાના રૂપથી રતિને જીતનારી રેવતી વગેરે તેર પત્નીઓ હતી. હવે તેમનું પોતપોતાનું પ્રત્યેકનું ધનપરિમાણ કહેવામાં આવે છે:– તેમાં રેવતીનું આઠ ક્રોડ ધન હતું અને દશ દશ હજાર પ્રમાણવાળા આઠ ગોકુળ હતાં. બાકીની બાર પત્નીઓનું એક એક ક્રોડ ધન હતું, અને દશ દશ હજાર પ્રમાણવાળું એક એક ગોકુળ હતું. આ તેમનો પિતૃકુળથી મળેલો વૈભવ જાણવો. આ પ્રમાણે કાળ પસાર થઈ રહ્યો હતો ત્યારે એકવાર શ્રીવીર જિનેશ્વર ગુણશિલ ઉદ્યાનમાં પધાર્યા. તેમની દેશના સાંભળીને મહાશતકને (જૈન)ધર્મની શ્રદ્ધા થઈ અને તેથી તે શ્રાવક થયો. તે નિશ્ચલ સમ્યગ્દૃષ્ટિ હતો.

પૂર્વે કહ્યા પ્રમાણે તેણે પરિગ્રહનું પરિમાણ કર્યું હતું. તેર પત્નીઓ સિવાય સ્ત્રીસંગનો ત્યાગ કર્યો હતો. એ પ્રમાણે બીજા વ્રતોનું પણ ઉચિત ભાંગાથી પરિમાણ કર્યું હતું. ધર્મમાં દૃઢપ્રેમ વગેરે ગુણોથી યુક્ત તેણે વિવિધ અભિગ્રહો ધારણ કર્યા

હતા. તે જીવ-અજીવ વગેરે નવ તત્ત્વોનો જ્ઞાતા હતો. શુભ ધ્યાનમાં રહેલો તે અચિત્ત અને નિર્દોષ દ્રવ્યોથી નિર્ગ્રંથોનો સત્કાર કરતો હતો. તેની રેવતી પત્નીને મદ્ય અને માંસ પ્રિય હતું. પોતાના જ ઉત્કૃષ્ટ સુખને ઇચ્છતી તેણે વિચાર્યું કે, સર્વ શોકયોને મરાવીને તેમનાં ગોકુલો અને ધન સ્વયં લઈને નિશ્ચિતપણે ભોગોને ભોગવું. આ પ્રમાણે વિચારીને તેણે કયારેક છનો વિષપ્રયોગથી અને છનો શસ્ત્રપ્રયોગથી વિનાશ કરાવ્યો. આ પ્રમાણે સર્વ શોકયો મૃત્યુ પામી એટલે તે પોતાનું ઈચ્છિત કરવા મહાશતકની સાથે નિઃશંકપણે ઉત્તમ ભોગોને ભોગવવા લાગી. એક દિવસ ઉત્સવમાં રાજાએ ઉત્તમ રાજગૃહનગરમાં કોઇ પણ રીતે અમારીની ઘોષણા કરાવી. પાપિણી તે રેવતી મદ્ય-માંસ વિના એક મુહૂર્ત પણ રહી શકતી ન હતી. આથી તેણે પોતાના ગોકુલ રક્ષકોને બોલાવીને એકાંતમાં કહ્યું : કોઇ પણ ન જાણે તે રીતે મારા જ ગોકુલોમાંથી બે જુવાન વાછરડાઓનું માંસ મને રોજ આપો. ગોકુલ રક્ષકો તેનું વચન તે પ્રમાણે જ કરવા લાગ્યા. ત્યારથી તે વાછરડાના માંસમાં જ અત્યંત આસક્ત બની.

મહાશતકે ચૌદ વર્ષ સામાન્યથી નિરતિચાર શ્રાવક ધર્મનું પાલન કર્યું. પંદરમાં વર્ષે મોટા પુત્રને ઘરનો માલિક (=વડિલ) બનાવ્યો. પછી આરંભથી મુક્ત બનેલો તે શ્રાવકપ્રતિમાઓમાં ઉદ્યમ કરવા માટે પૌષધશાળામાં રહ્યો. આ દરમિયાન કામને વશ બનેલી અને મદિરાના કેફથી ઘુમતી તે રેવતીએ પૌષધશાલામાં આવીને કહ્યું : હે શતક શ્રાવક! ધર્મનો અર્થી તું આ પ્રમાણે ક્લેશ કેમ પામે છે? કારણ કે ધર્મનું પણ ફળ ભોગો છે, અને તે તને સ્વાધીન છે: આથી અનુરાગવાળી એવી મારી સાથે તું સ્વેચ્છાથી ભોગો ભોગવ, નહિ મળેલા સુખની આશાથી હાથમાં આવેલા આ ભોગોને ન છોડ. રેવતી આ પ્રમાણે બોલતી હોવા છતાં તેના વચનની અવગણના કરીને મહાશતકે છ વર્ષ સુધી સર્વપ્રતિમાઓનું દૃઢપણે પાલન કર્યું. જેમાં માત્ર ચામડી-હાડકાં રહ્યાં છે એવા શરીરવાળા તેણે નિરાશંસપણે અનશનનો સ્વીકાર કર્યો. શુભપરિણામથી અવધિજ્ઞાન ઉત્પન્ન કર્યું. અવધિજ્ઞાનથી સંપૂર્ણ ભરતક્ષેત્રને અને ભરતક્ષેત્રના સંબંધવાળા લવણસમુદ્રના હજાર યોજન સુધી, ઉપર સૌધર્મ દેવલોક સુધી, નીચે રત્નપ્રભા પૃથ્વીના પહેલા પાથડા સુધી તે જોતો હતો.

આ અવસરે ઉન્મત્ત બનેલી રેવતીએ ફરી પણ આવીને મહાશતકને ક્ષોભ પમાડવા આક્રમણ કર્યું. રોષ પામેલા અને અવધિજ્ઞાનના ઉપયોગવાળા મહાશતકે રેવતીને કઠોર વાણીથી કહ્યું : હે રેવતી! પાપી તું મને આ પ્રમાણે નિત્ય ઉપદ્રવ કરે છે તેથી હે દુષ્ટશીલા! સાત દિવસોની અંદર પ્રબળ સન્નિપાત રોગથી તારું ઘણું ચૈતન્ય હણાઈ જશે, અને તું મરીને રત્નપ્રભા પૃથ્વીના લોલુક નરકમાં નારકપણે ઉત્પન્ન થઇશ. તેના આ શ્રાપને સાંભળીને તેનો મદ ઉતરી ગયો, અને ભયથી તે એકાએક

ભ્રીમે રહીને ખસી ગઇ. પોતાના ઘરે આવી. સાતમા દિવસે તે જ પ્રમાણે મરીને ચોરાસી હજાર વર્ષના આયુષ્યવાળી તે નરકમાં ઉત્પન્ન થઇ.

આ તરફ તે નગરમાં ગુણશીલ ઉદ્યાનમાં શ્રમણગણથી સહિત તીર્થંકર શ્રીવર્ધમાન સ્વામી પધાર્યા. ભિક્ષાચર્યા માટે નીકળેલા શ્રીગૌતમસ્વામીને ભગવાને કહ્યું: હે ગૌતમ! મારા વચનથી મહાશતકને પ્રેરણા કર કે, જે રીતે રેવતીને શ્રાપપ્રદાન કર્યું (= શ્રાપ આપ્યો) તે રીતે કરવું તને ઉચિત નથી. કારણ કે શ્રાવકોને કઠોર ભાષા બોલવાનો સર્વથા ત્યાગ હોય છે, તો પછી અનશન કરવામાં તત્પર મતિવાળાઓને તો તેનો ત્યાગ સુતરાં હોય. તેથી આ દુષ્કૃતને ભાવથી આલોવીને પ્રતિક્રમણ કર. જેથી હે મહાન યશસ્વી! તું શુદ્ધ થાય. શુદ્ધ થયેલો તું જલદી સુગતિને મેળવી શકે. તેથી ગૌતમસ્વામીએ 'તહત્તિ' એ પ્રમાણે ભગવાનના વચનને સ્વીકારીને ત્યાં જઈને તેને બધું જ કહ્યું. તે સાંભળીને દુષ્કૃતથી પાછા હટેલા મહાશતકે સમ્યક્ આલોચના કરી. આ પ્રમાણે વીસ વર્ષ નિષ્કલંક શ્રાવક ધર્મનું પાલન કર્યું અને એક માસ અનશન કર્યું. પછી તે મૃત્યુ પામીને પહેલા દેવલોકમાં અરુણ અવતંસક વિમાનમાં ચાર પલ્યોપમના આયુષ્યવાળો પુણ્યશાલી દેવ થયો. ત્યાં તે દેવભવને યોગ્ય ભોગો ભોગવીને આયુષ્યનો ક્ષય થતાં ચ્યવીને મહાવિદેહમાં ઉત્પન્ન થશે. ત્યાં તે કર્મોનો ક્ષય કરીને સિદ્ધ થશે. મહાશતકનું દૃષ્ટાંત પૂર્ણ થયું.

નંદજીવ દેડકાનું દૃષ્ટાંત તો પૂર્વે સમ્યક્ત્વના અધિકારમાં सम्मत्तपरिब्भट्ठो ઇત્યાદિ ગાથા (૧૫)માં કહ્યું હોવાથી અહીં અમે નથી કહેતા. બંને કથાઓમાં દૃષ્ટાંતની ઘટના આ પ્રમાણે કરવી:— જે રીતે અનશનમાં રહેલ મહાશતક શ્રાવક પોતાની પત્ની રેવતીથી વિષય–સુખને સેવવાની પ્રાર્થનાથી ક્ષોભ પમાડાતો હોવા છતાં ક્ષોભ ન પામ્યો, બલ્કે તીર્થંકરની આજ્ઞાથી આવીને શ્રીગૌતમગણધરે શાપપ્રદાનના વિષયમાં પ્રેરણા કરી તો 'તહત્તિ' એમ સ્વીકારીને આલોચના અને પ્રતિક્રમણથી તે નિઃશલ્ય થઈ ગયો, તેથી તેનું સેંકડો જન્મોને કાપીને સુગતિનું સાધક એવું પંડિતમરણ થયું, તથા જે રીતે દેડકાના ભવમાં રહેલ નંદમણિયારના જીવને જાતિ–સ્મરણ થયું, એથી તીર્થંકર શ્રીવર્ધમાનસ્વામીને વંદન કરવા માટે જતા એવા તેનું શરીર રસ્તામાં જ ઘોડાની કઠોર ખુરી નીચે દબાઈ જવાથી તેનું મૃત્યુ થયું, મૃત્યુ સમયે તેણે મનથી જ વ્રતો ઉચ્ચર્યા, અઢાર પાપ સ્થાનોને વોસિરાવ્યા, ચાર પ્રકારના આહારની સાથે બાહ્ય–અભ્યંતર વસ્તુની મમતાનો ત્યાગ કર્યો, આ રીતે વિધિથી થયેલા તેના સમાધિમરણે દુર્ગતિનો અત્યંત વિચ્છેદ કરીને સુગતિને ઉત્પન્ન કરી, તે રીતે બીજાનું પણ વિધિપૂર્વક થયેલું મરણ જન્મ-પરંપરાના નાશનું કારણ થાય છે અને સુગતિનું સાધક થાય છે. આ પ્રમાણે જાણીને વિવેકી જીવોએ સર્વમરણોનો ત્યાગ કરીને પંડિતમરણમાં જ પ્રયત્ન કરવો જોઇએ એવા ઉપદેશના સારવાળો પ્રસ્તુતગાથાનો ભાવાર્થ છે. [ ૧૩૩ ]

ગુણદ્વાર કહ્યું. હવે યતનાદ્વારને કહે છે :–

**सुइपाणगाइ अणुसट्ठिभोयणं तह समाहिपाणाई ।**
**धीरावणसामग्गीपसंसणं सद्धवड्ढा ॥ १३४ ॥**

**ગાથાર્થ** :– શ્રુતિપાનક[1] આદિ, અનુશિષ્ટિ ભોજન, સમાધિપાન આદિ અને ધૈર્યને પામવાની સામગ્રીની પ્રશંસા એ યતના છે. શ્રદ્ધાની વૃદ્ધિ માટે આ બધી યતના કરે.

**ટીકાર્થ**:– **શ્રુતિપાનક** :– શ્રુતિપાનક એટલે આગમ શ્રવણરૂપી પેયદ્રવ્ય. ચિત્ત વિવિધ અશુભ ચિંતન ન કરે એ માટે અનશનીએ નિરંતર જિનાગમનું શ્રવણ કરવું જોઈએ. જિનાગમનું શ્રવણ શુભ પરિણામનું અને આનંદનું કારણ છે. જેમ પેય (=પીવા લાયક) દ્રવ્યો આનંદનું કારણ છે, તેમ જિનાગમનું શ્રવણ પણ આનંદનું કારણ હોવાથી જિનાગમને પેયદ્રવ્યની ઉપમા આપી છે.

**અનુશિષ્ટિભોજન**:– અનુશિષ્ટિ એટલે ઉત્સાહવૃદ્ધિ. સુભટના દૃષ્ટાંતથી અનશનીના ઉત્સાહમાં વૃદ્ધિ કરવી જોઈએ. જેમકે– અનશનીને કહેવું કે– તમે પુણ્યશાલી છો, જેથી મોહરૂપી મલ્લને હણીને આટલી ( = આવી ) આરાધના રૂપી જયપતાકા સ્વીકારી છે. આ વિષે કહ્યું છે કે–

**"ધીરજ–બલરૂપી કવચથી જેણે છાતી બાંધી છે એવો તું યુદ્ધમાં સુભટની જેમ મોહરૂપી મલ્લને હણીને આરાધનારૂપી જયપતાકાને ગ્રહણ કર. (૧) બાવીસ પરીસહોને જીતીને, કષાયો અને રાગ–દ્વેષને હણીને આરાધનારૂપી જયપતાકાને ગ્રહણ કર." ॥૨॥**

અનુશિષ્ટિરૂપી ભોજન તે અનુશિષ્ટિ ભોજન. જેમ ભોજન શરીરપુષ્ટિનું કારણ છે તેમ અનુશિષ્ટિ પણ આત્માની પુષ્ટિનું કારણ હોવાથી અનુશિષ્ટિને ભોજનની ઉપમા આપી છે.

**સમાધિપાન**:– અનશનીની સમાધિ માટે જરૂરી દ્રાક્ષાદિનું પાણી તે સમાધિપાન. ગાથામાં આવેલા આદિ શબ્દથી આહાર વગેરે સમજવું. જે પાણી આપવાથી અનશનીના શારીરિક દાહની શાંતિ થાય અને રેચલાગવાથી શરીરની શુદ્ધિ થાય તે દ્રવ્ય દ્રવ્યથી દેહપીડાનાશનું કારણ હોવાથી અને ભાવથી આર્તધ્યાનાદિના નાશનું કારણ હોવાથી સમાધિપાન છે. જે આહાર તૃષાદિને શાંત કરે અને અનશનીને ઇષ્ટ હોય તે સમાધિ આહાર જાણવો. કહ્યું છે કે –

"ભક્ત પ્રત્યાખ્યાન કરનાર બધાને છેલ્લા સમયે અતિશય આહારકાંક્ષા થાય છે.

---

૧. પાનક એટલે પેય ( =પી શકાય તેવાં ) દ્રવ્યો. આદિ શબ્દથી ચૂષ્ય (= ચૂસી શકાય તેવાં) દ્રવ્યો, લેહ્ય ( = ચાટી શકાય તેવાં ) દ્રવ્યો વગેરે સમજવું.

તેથી આહારકાંક્ષાનો નાશ કરવા છેલ્લો આહાર તેને જે ઈષ્ટ હોય તે આપવો. (૧) ઇષ્ટ છેલ્લા આહારથી આહારકાંક્ષાનો નાશ કરે છતે ફરી તેને આહારકાંક્ષા થતી નથી. તથા છેલ્લો આહાર ઈષ્ટ આપવાથી ભક્ત પ્રત્યાખ્યાન કરનાર અને નિર્યાપક એ બંને પક્ષને "આ છેલ્લા આહારનું ભોજન કરે છે" એવી શ્રદ્ધા થાય. (૨) (વ્ય. ઉ. ૧૦. ગા. ૪૯૬–૪૯૯)

**ધૈર્યને પામવાની સામગ્રીની પ્રશંસા:–** સંવિગ્ન ગીતાર્થોનું સાંનિધ્ય વગેરે ધૈર્યને પામવાની સામગ્રી છે. કોઈ કારણથી અનશની ધૈર્યથી ચલિત થયો હોય તો પણ આ (સંવિગ્ન ગીતાર્થનું સાંનિધ્ય વગેરે) સામગ્રીથી પુનઃ ધૈર્યવાળો બનાવી શકાય છે. આ સામગ્રીની પ્રશંસા કરવી (જેમકે–હું પુણ્યશાળી છું, જેથી મને સુંદર આરાધના કરાવનારા મહાત્માઓ મળ્યા છે... અથવા સંવિગ્ન ગીતાર્થો અનશનીને કહે કે–તમે પુણ્યશાળી છો, જેથી આવી સુંદર આરાધનાની તક મળી છે...) આ બધું જ (=શ્રુતપાનક વગેરે) સંવિગ્ન ગીતાર્થ જ કરે, બીજો ન કરે. કારણ કે–

**"અગીતાર્થ સર્વલોકના સારભૂત મનુષ્યભવ, જિનવાણી શ્રવણ, શ્રદ્ધા અને સંયમમાં વીર્ય એ ચાર અંગોનો નાશ કરે છે. ચાર અંગોનો નાશ થતાં ફરી એ ચાર અંગો સુલભ બનતા નથી."**

**પ્રશ્ન :–** સંવિગ્નગીતાર્થ આ બધું (=શ્રુતપાનક વગેરે) શા માટે કરે?

**ઉત્તર :–** અનશનીની જ શ્રદ્ધાની વૃદ્ધિ માટે કરે, અર્થાત્ અનશનીની પોતાની અંતિમ આરાધના કરવાની ભાવના પ્રબળ બને એ માટે કરે. અનશનીની શ્રદ્ધાવૃદ્ધિ માટે સંવિગ્નગીતાર્થ શ્રુતિપાનક, અનુશિષ્ટિભોજન વગેરે જે કંઇ કરે તે બધું અનશની સહુ છે કે અસહુ? તેનો સ્વભાવ કેવો છે ઈત્યાદિ વિચારીને કરે. કારણ કે સંલેખના યતનામાં ઉત્સર્ગ અને અપવાદ એ બંને છે. આથી જેને જે રીતે શ્રદ્ધાવૃદ્ધિ કરાવી શકાય તેને તે રીતે શ્રદ્ધાવૃદ્ધિ કરાવે. [૧૩૪]

હવે અતિચારદ્વારને શરૂ કરે છે :–

**इहपरलोगासंसप्पओग मरणं च जीवियासंसा ।**
**कामे भोगे य तहा, मरणंते पंच अइयारा ॥ १३५ ॥**

**ગાથાર્થ :–** સંલેખનામાં ઈહલોક આશંસા પ્રયોગ, પરલોક આશંસા પ્રયોગ, મરણ આશંસા પ્રયોગ, જીવિત આશંસા પ્રયોગ અને કામ–ભોગ આશંસા પ્રયોગ એ પાંચ અતિચારો છે.

**ટીકાર્થ :–**(૧) ઈહલોક એટલે આલોક. આશંસા એટલે ઇચ્છા. પ્રયોગ એટલે કરવું. આ લોકમાં ચક્રવર્તી આદિ સંબંધી સમૃદ્ધિની ઇચ્છા કરવી તે **ઇહલોક આશંસા**

**પ્રયોગ.** (૨) પરલોકમાં દેવેંદ્ર આદિ સંબંધી સમૃદ્ધિની ઇચ્છા કરવી તે **પરલોક આશંસા પ્રયોગ.** (૩) મરણની ઇચ્છા કરવી તે **મરણ આશંસા પ્રયોગ.**[1] અનશનીની પૂજા, વૈયાવચ્ચ વગેરેમાં કોઇ આદર ન કરે, અથવા અનશની રોગથી પીડાતો હોય, રોગની પીડાને સહન કરી શકતો ન હોય, ત્યારે "હું જલદી મરું તો સારું થાય" એમ ઇચ્છે તો **મરણ આશંસા પ્રયોગ** અતિચાર લાગે. (૪) જીવિતની=જીવવાની ઇચ્છા કરવી તે જીવિત આશંસા પ્રયોગ. લોકોથી કરાતી પોતાની ઘણી પૂજાને જોઇને અને વૈયાવચ્ચ કરનારાઓનો પોતાના ઉપર આદર જોઈને અનશની જો એમ વિચારે કે–"થોડા દિવસ વધારે જીવું તો સારું થાય, જેથી લોકો મારી ઘણી પૂજા કરે" તો તેને **જીવિત આશંસા પ્રયોગ** અતિચાર લાગે. (૫) કામ=શબ્દ અને રૂપ. ભોગ=રસ, ગંધ અને સ્પર્શ. અનશની આ લોક અને પરલોક સંબંધી કામ–ભોગોની ઇચ્છા કરે તે **કામ–ભોગ આશંસા પ્રયોગ** અતિચાર છે.

**પ્રશ્ન :**– કામ–ભોગની ઇચ્છાનો પહેલા અને બીજા અતિચારમાં સમાવેશ થઇ જતો હોવાથી અલગ કહેવાની જરૂર નથી.

**ઉત્તર :**– મનુષ્ય જ્યારે મનુષ્યોમાં ઉત્પન્ન થાય છે ત્યારે પરભવ પણ સ્વજાતિની (=મનુષ્યજાતિની) અપેક્ષાએ ઇહલોક શબ્દથી વિવક્ષિત છે, અર્થાત્ ત્યારે પરભવ પણ આ લોક કહેવાય. પરલોક તો અસમાન જાતિની અપેક્ષાએ છે, આથી, દેવેંદ્ર આદિનો ભવ પરલોક ભવ છે. આ પ્રમાણે પહેલા અને બીજા અતિચારમાં વિવક્ષા છે. આ અતિચારમાં તો સામાન્યથી જ આ લોક સંબંધી અને પરલોક સંબંધી કામ–ભોગો વિવક્ષિત છે. આથી આ અતિચારોનો અલગ ઉલ્લેખ વિરુદ્ધ નથી જ. બુદ્ધિવંતપુરુષે આ પાંચ અતિચારોનું સ્વરૂપ જાણીને તેમનો ત્યાગ કરવો જોઈએ. નિર્યુક્તિકારે (આવશ્યક સૂત્રમાં) કહ્યું છે કે–

**"શ્રાવકે મરણ નજીક હોય ત્યારે સંલેખના કરીને છેલ્લી કર્મ ખપાવવાની આરાધના કરી લેવી જોઇએ. શ્રાવકે સંલેખનામાં સંભવિત પાંચ અતિચારોને જાણવા જોઇએ, પણ આચરવા ન જોઇએ. તે પાંચ અતિચારો આ પ્રમાણે છેઃ– ઇહલોક આશંસા પ્રયોગ, પરલોક આશંસા પ્રયોગ, જીવિત આશંસા પ્રયોગ, મરણ આશંસા પ્રયોગ અને કામ–ભોગ આશંસા પ્રયોગ."** [૧૩૫]

---

૧. મૂળગાથામાં રહેલા **मरणं** શબ્દથી **मरणाशंसाप्रयोगः** એમ સમજવું. કારણ જે સૂચન કરે તે સૂત્ર, એવી સૂત્ર શબ્દની વ્યુત્પત્તિ છે, અર્થાત્ થોડું સૂચન કરીને વધારે કહે તે સૂત્ર કહેવાય. અહીં સૂત્ર એટલે ગાથા સમજવી.

હવે ભંગદ્વારને જણાવે છે.:-

पडिवज्जिऊण अणसण, पुणरवि आहारमाइ पत्थेइ ।
आउट्टियाइणा जइ तो भंगो जायए तस्स ॥ १३६ ॥

**ગાથાર્થ** :-અનશનનો સ્વીકાર કર્યા પછી પણ જો ઈરાદાપૂર્વક કે ધિઠ્ઠાઇથી આહાર-પાણી વગેરેની ઇચ્છા કરે તો સંલેખનારૂપ નિયમનો ભંગ થાય.

**ટીકાર્થ**:- **પ્રશ્ન**:-કેવો જીવ આ રીતે સંલેખનાનો ભંગ કરે?

**ઉત્તર** :-જેણે પૂર્વે અશુભ અધ્યવસાયથી નિરુપક્રમ આયુષ્ય બાંધી લીધું છે તેવો ગુરુકર્મી જીવ આ રીતે સંલેખનાનો ભંગ કરે. [૧૩૬]

હવે ભાવનાદ્વારનો અવસર છે. તેમાં આ ગાથા છે :-

पणमामि अहं निच्चं, अणसणविहिणा य निरइयारेहिं ।
जेहिं कयं चिय मरणं, दिट्ठंतो खंदएणेत्थ ॥ १३७ ॥

**ગાથાર્થ**:- જેમણે ઇહલોક આશંસા વગેરે અતિચારોથી રહિત બનીને ભક્ત પરિજ્ઞા રૂપ અનશનની વિધિથી મૃત્યુ સાધી લીધું તે સુસાધુઓને હું સદા પ્રણામ કરું છું. આ વિષયમાં સ્કંદકમુનિનું દૃષ્ટાંત છે.

**ટીકાર્થ** :-જે સત્પુરુષોએ ઉત્કૃષ્ટ પુણ્ય બાંધ્યું છે, શુભ અધ્યવસાયના બળથી સુદેવગતિ આદિનું આયુષ્ય બાંધ્યું છે, નમસ્કાર મહામંત્રનું સ્મરણ, પચ્ચક્ખાણ આદિ સામગ્રીથી યુક્ત છે, અતિચારોથી રહિત છે, અને એથી લોકોને આશ્ચર્ય પમાડે તેવું મરણ સાધ્યું છે તે સત્પુરુષોને હું પ્રણામ કરું છું, એવો ગાથાનો ભાવાર્થ છે. ગુણવંત ઉપર બહુમાનની બુદ્ધિથી જેનું અંતઃકરણ વાસિત છે તેવો જીવ આ પ્રમાણે ત્રિકાળ સ્મરણ કરે એ શુભભાવના રૂપ છે. કારણ કે ગુણોથી અધિક (=મહાન) જીવ ઉપર કરાતો પ્રમોદ પુણ્યબંધના હેતુ તરીકે પ્રસિદ્ધ છે, અર્થાત્ ગુણોથી અધિક જીવ ઉપર કરાતા પ્રમોદથી (વિશિષ્ટ) પુણ્યનો બંધ થાય છે. જે જીવ ગુરુકર્મી હોવાથી પરના સુકૃતોની અનુમોદના કરી શકતો નથી તેને શુભ ભાવના ક્યાંથી થાય? અર્થાત્ ન થાય.

નિરતિચાર અનશનમાં ભગવાન મહાવીરસ્વામીના શિષ્ય સ્કંદક મુનિનું દૃષ્ટાંત છે. આ પ્રમાણે ગાથાનો સંક્ષેપથી અર્થ છે, વિસ્તારથી અર્થ તો કથાથી જાણવો. તે કથા આ છે :-

## સ્કંદક મુનિનું દૃષ્ટાંત

શ્રાવસ્તીનગરીમાં સ્કંદક નામનો પરિવ્રાજક રહેતો હતો. તેને ચૌદ વિદ્યાસ્થાનો અતિશય પરિચિત હતાં. તે પરિવ્રાજકશાસ્ત્રોના રહસ્યોનો જાણકાર હતો, અને ત્રિદંડ, કુંડી વગેરે ઉપકરણો રાખતો હતો. તે નગરીમાં તે સમયે ભગવાન શ્રીવર્ધમાન સ્વામીનો

પિંગલક નામનો શ્રાવક શિષ્ય હતો. તે જીવ–અજીવ વગેરે પદાર્થસમૂહના પરમ તત્ત્વનો જાણકાર હતો, અને [1]સદુપદેશનાં રહસ્યોને સાંભળનારાઓમાં મુખ્ય હતો. તેણે કોઇ વાર ઝુંપડીમાં રહેલા સ્કંદક પરિવ્રાજકની પાસે જઈને આ પ્રમાણે કહ્યું : હે સ્કંદક! લોક, જીવ, સિદ્ધ અને [2]સિદ્ધિ એ પદાર્થો શાશ્વતા છે કે અશાશ્વતા? અથવા કયા મરણથી મરતો જીવ સંસારને વધારે છે કે ઘટાડે છે? એ ત્રણ વાર આમ પૂછવા છતાં તે મૌન રહ્યો એટલે પિંગલક પોતાના સ્થાને ગયો. આ દરમિયાન તે જ નગરીની બહાર રહેલા કોષ્ઠક નામના ઉદ્યાનમાં તીર્થંકર શ્રી મહાવીર ભગવાન પધાર્યા.

સ્કંદક પરિવ્રાજકે લોકપરંપરાના પ્રવાહથી શ્રી મહાવીર ભગવાનનું આગમન સાંભળ્યું. તેણે વિચાર્યું : ભગવાન ત્રિકાલદર્શી છે એમ સંભળાય છે. તેથી તેમની પાસે જઇને પિંગલકે જે પૂછ્યું હતું તે હું પૂછું. પછી ત્રિદંડ, કુંડી, છત્ર અને પાવડી વગેરે પોતાના ઉપકરણોને લઇને ભગવાન શ્રીમહાવીર તીર્થંકર તરફ ચાલ્યો. આ દરમિયાન ભગવાને ગૌતમસ્વામીને કહ્યું : હે ગૌતમ! આજે તું પહેલાંના સોબતીને જોશે. ગૌતમસ્વામીએ પૂછ્યું : હે ભગવંત! કોને જોઇશ? ભગવાને કહ્યું : સ્કંદકપરિવ્રાજકને. ગૌતમસ્વામીએ પૂછ્યું : કેવી રીતે? તેથી ભગવાને વિસ્તારથી તેના આગમનનું કારણ જણાવ્યું. તેટલામાં સ્કંદક પરિવ્રાજક તે જ સ્થાને આવ્યો. શ્રી ગૌતમસ્વામીએ સંભ્રમથી ઊભા થઈને હે સ્કંદક! તારું સ્વાગત (=તારું આગમન સારું થયું) એમ તેને બોલાવ્યો. ભગવાને તો પિંગલક શ્રાવકના પ્રશ્નના નિર્ણય માટે તું આવેલો છે એમ કહીને જણાવ્યું કે, લોક વગેરે પદાર્થો દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિએ શાશ્વતા છે, અતીત–અનાગત વગેરે પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ અન્ય અન્ય પરિણામથી અશાશ્વતા છે.

તથા અગ્નિપ્રવેશ વગેરે બાલમરણોથી જીવ સંસાર વધારે છે, અને ભક્તપરિજ્ઞા વગેરે પંડિતમરણોથી સંસાર ઘટાડે છે. તેથી 'તે પ્રમાણે છે' એમ સ્વીકારીને સ્કંદકે ફરી ભગવાનને વિશેષથી ધર્મ પૂછ્યો. ભગવાને વિસ્તારથી ધર્મ કહ્યો. સ્કંદક તે સાંભળીને અને ભાવથી સ્વીકારીને ઈશાન દિશામાં ગયો. ત્યાં પરિવ્રાજકનાં બધાં ઉપકરણો મૂકીને જિનેશ્વરની પાસે આવ્યો. તેણે ભગવાનને કહ્યું : કૃપા કરીને મને આપનો શિષ્ય કરો. પછી ભગવાને પોતેજ તેને દીક્ષા આપી. સાધુના સર્વ આચારોનો અભ્યાસ કરાવ્યો. તે મુનિ અષ્ટપ્રવચન માતાઓમાં અતિશય કુશળ બન્યા. ક્રમે કરીને અગિયાર અંગોને ધારણ કરનારા બન્યા. વિવિધ વિશિષ્ટ તપો કરવામાં ઉદ્યતમતિવાળા એમણે કોઇવાર રાત્રિના છેલ્લા પહોરમાં વિચાર્યું : જ્યાં સુધી મારું શરીર નિરોગી

---

૧. અહીં **सदुपदेशरहस्य श्रावकः प्रधानः** એ પાઠના સ્થાને **सदुपदेशरहस्यश्रावकप्रधानः** એ પાઠ વધારે સંગત જણાવાથી અનુવાદમાં તે પ્રમાણે અર્થ કર્યો છે.

૨. અહીં સિદ્ધિશબ્દથી સિદ્ધશિલા જાણવી. (ભગવતી શતક ૨ ઉદ્દેશા ૧)

છે, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા ન આવે, જ્યાં સુધી ઇંદ્રિયો ક્ષીણ ન થાય, અને જ્યાં સુધી જિનનું સાંનિધ્ય છે ત્યાં સુધીમાં દુષ્કર એવા ગુણરત્ન સંવત્સર નામના તપનું અનુષ્ઠાન કરું. કારણ કે સંસારમાં પરિપૂર્ણ સામગ્રી દુર્લભ છે.

આ દરમિયાન રાત્રિ પૂર્ણ થઈ. કમલવનને વિકસિત કરતો સૂર્ય ઉગ્યો. પછી સ્કંદક મુનિ ભગવાનની પાસે ગયા. તીર્થનાથને વંદન કરીને પોતાનો અભિપ્રાય કહ્યો. ભગવાને રજા આપી. ગુણરત્ન સંવત્સર તપ કરવાનું શરૂ કર્યું. તેનાથી મુનિ માત્ર ચામડી–હાડકાં બાકી રહ્યાં હોય તેવા બની ગયા. તે તપ પૂર્ણ થતાં તેમણે ફરી વિચાર્યું : આ તપથી મારી કાયા ક્ષીણ થઈ ગઈ છે, આથી હવે ભગવાનને પૂછીને તેમની અનુજ્ઞાથી આલોચના–ક્ષમાપના વગેરે વિધિપૂર્વક પાદપોપગમનનો સ્વીકાર કરવો એ મારા માટે શ્રેયસ્કર છે. પછી શ્રી મહાવીરસ્વામીની પાસે જઈને પ્રણામ પૂર્વક પોતાનો વિચાર જણાવ્યો. તેમની અનુજ્ઞા મળતાં જિનેંદ્રની પાસે આલોચના કરી, તેમની સમક્ષ પાંચ મહાવ્રતો ઉચ્ચર્યાં, સર્વ જીવો પ્રત્યે ક્ષમાપના કરી, આગાર રહિત અનશનનું પચ્ચક્ખાણ સ્વીકાર્યું, સંવિગ્ન ગીતાર્થ સાધુઓની સાથે વિપુલપર્વત ઉપર ચઢ્યા, પર્વતની શુદ્ધશિલાના તળનું વિધિથી પડિલેહણ–પ્રમાર્જન કર્યું, પછી મૃત્યુને નહિ ઇચ્છતા તે મુનિ પાદપોપગમન (મુદ્રા)માં રહ્યા. મુનિ આયુષ્યના ક્ષયથી આ અસાર મનુષ્ય દેહને છોડીને બારમા દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા ત્યાં સુધી તે સાધુઓ તેની પાસે રહ્યા. ત્યાર બાદ તે સાધુઓ કાયોત્સર્ગ વગેરે વિધિ કરીને ભગવાનની પાસે આવ્યા. ભગવાનને સ્કંદક મુનિના ઉપકરણો આપીને સમાધિમરણનું નિવેદન કર્યું. સ્કંદકદેવ પણ ત્યાંથી ચ્યવીને મહાવિદેહમાં સિદ્ધ થશે. અહીં સ્કંદકમુનિનું આ ચરિત્ર સંક્ષેપથી જણાવ્યું, પ્રશ્નોત્તર પૂર્વક વિસ્તારથી તો ભગવતી અંગથી જાણી લેવું. સ્કંદકનું દૃષ્ટાંત પૂર્ણ થયું.

સંલેખના દ્વારના નવમા ભાવના દ્વારનું વ્યાખ્યાન કર્યું. એનું વ્યાખ્યાન પૂર્ણ થતાં પહેલી ગાથામાં જણાવેલા બધા જ મૂલ દ્વારોનું સમર્થન કર્યું. આ દ્વારોનું વર્ણન શ્રાવકોના અનુગ્રહ માટે કરીશ એમ ગ્રંથકારે પ્રતિજ્ઞા કરી હતી. આથી શ્રાવકના અનુગ્રહ માટે બીજું પણ કંઈક આ સૂત્રમાં (=મૂળ ગાથાઓમાં) ન કહ્યું હોવા છતાં હું (=ટીકાકાર) કહું છું.

અહીં (=શ્રાવક ધર્મમાં) શ્રાવકે જેમ મિથ્યાત્વનો ત્યાગ કરીને સમ્યક્ત્વથી આરંભી સંલેખના સુધીનો આ (=જેનું આ ગ્રંથમાં વર્ણન કર્યું છે તે) ધર્મ આચરવો જોઈએ, તેમ ચાતુર્માસ આદિ મર્યાદાથી વિવિધ અભિગ્રહો પણ લેવા જોઈએ. તે અભિગ્રહો દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચારે પ્રકારે છે. તેમાં **દ્રવ્યથી અભિગ્રહો** :–(૧) ધર્મ માટે વર્ષમાં ધન વગેરેનો પોતાને મળ્યું હોય તે પ્રમાણે

વ્યય કરવો, (૨) સાધુઓને મુહપત્તિ વગેરે વહોરાવવું, (૩) ઔષધ વગેરે આપવા પૂર્વક ગ્લાન સાધુ વગેરેની સેવા કરવી, (૪) યથાશક્તિ સાધર્મિકોનું વાત્સલ્ય કરાવવું, (૫) લોચ કરેલા સાધુને વિશેષથી ગોળ-ઘી વગેરે વહોરાવવું. (૬) અષ્ટમંગલ આદિની પૂજાથી, અર્થાત્ અષ્ટમંગલ આદિ આલેખવા પૂર્વક જિનબિંબ, પુસ્તક વગેરેની પૂજા કરવી ઈત્યાદિ દ્રવ્યથી અભિગ્રહો છે. **ક્ષેત્રથી અભિગ્રહો** :-(૧) જિનમંદિરનું પ્રમાર્જન કરવું, અર્થાત્ જિનમંદિરમાં કાજો લેવો, (૨) જિનમંદિરમાં આવીને જિનમંદિરમાં કયું કામ કર્યું છે અને કયું કામ બાકી છે તે વિચારવું. (૩) જિનમંદિરના (નિર્વાહ માટે રાખેલા) ગામ, ખેતર વગેરેની સંભાળ રાખવી, ઈત્યાદિ ક્ષેત્રથી અભિગ્રહો છે.

**કાલથી અભિગ્રહો** :-(૧) આઠમ વગેરે (પર્વ) તિથિઓમાં જિનમંદિરમાં જિનપ્રતિમાની આરતિ, સ્નાત્ર વગેરેનાં દર્શન કરવાં, (૨) એકાસણું, નીવિ વગેરે વિશેષ તપ કરવો, (૩) સવારે ઉઠતાં જ નમસ્કાર મંત્ર (નવકાર) ગણવા, (૪) આત્મા વગેરેની વિચારણા કરવી, જેમ કે-હું કોણ છું ? ક્યાં સૂતો છું ? મારા માતા-પિતા કોણ છે ? મારા ધર્માચાર્ય કોણ છે ? (૫) શરીરચિંતા (=લઘુનીતિ વગેરે) વગેરે દ્રવ્ય આવશ્યક કરીને ગૃહમંદિરમાં જિનપ્રતિમાનાં દર્શન કરવાં. (૬) યથાસંભવ દ્રવ્ય ભક્તિથી અને ભાવભક્તિથી જિનપ્રતિમાની પૂજા કરવી, (૭) વિધિપૂર્વક જિનમંદિરે જવું, વગેરે નિયમો લેવા, (૮) ભોજન સમયે જિનમંદિર નજીક ન હોય તો પણ ઘરમાં રહેલી જિનપ્રતિમાની નૈવેદ્ય વગેરેથી પૂજા કરવી એવો નિર્ણય કરવો, (૯) ફરી (બપોરનું) ચૈત્યવંદન કરવું, (૧૦) સાધુઓની કાલાદિને યોગ્ય ભક્તિ કરીને ભોજન કરવું, (૧૧) ભોજન કરવા બેઠા પછી (ભોજન શરૂ કરતાં પહેલાં) પચ્ચક્ખાણનું સ્મરણ કરવું, (૧૨) સાંજે સૂર્યાસ્ત થવાને બે ઘડી બાકી હોય ત્યારે ભોજન કરવું, (સૂર્યાસ્તથી બે ઘડી પહેલાં ભોજન પતાવી દેવું જોઈએ, તેમ ન બને તો મોડામાં મોડું પણ, સૂર્યાસ્તને બે ઘડી બાકી હોય ત્યારે ભોજનની શરૂઆત કરી દેવી જોઈએ.) (૧૩) ભોજન બાદ તુરત તિવિહાર કે ચોવિહાર પચ્ચક્ખાણ કરવું, (૧૪) જિનમંદિરે જવું અને ચૈત્યવંદન કરવું, (૧૫) પોતાની શક્તિ પ્રમાણે સાધુઓની અંગમર્દન વગેરે સેવા કરવી, (૧૬) વિકથાનો ત્યાગ કરીને સ્વાધ્યાય કરવો ઈત્યાદિ કાલ અભિગ્રહો છે.

**ભાવથી અભિગ્રહો** :-(૧) અનિત્યાદિ ભાવનાઓ ભાવવી, (૨) દિવસના પાપોની શુદ્ધિ (નાશ) માટે ચાર લોગસ્સ વગેરે સંખ્યાના માપવાળો કાઉસ્સગ્ગ કરવો, (૩) જિનમતમાં રહેલી પ્રકરણ ગાથાઓ વગેરેનો નવો અભ્યાસ કરવો, (૪) ભૂલી ન જવાય એ માટે પૂર્વે ભણેલાનો પાઠ કરવો=આવૃત્તિ કરવી, (૫) અરિહંત, સિદ્ધ, સાધુ અને કેવલિકથિતધર્મ એ ચારનું શરણું સ્વીકારવું, (૬) આ લોક અને પરલોકના

દુષ્કૃતોની નિંદા કરવી, (૭) સ્વ–પરના સુકૃતોની અનુમોદના કરવી, (૮) ઉદય પામેલા પોતાના કષાયોને નિષ્ફલ કરવા, (૯) શક્તિ હોય તો બીજાના કષાયોને શમાવવા ઇત્યાદિ ભાવ અભિગ્રહો છે.

આ પ્રમાણે સંક્ષેપથી દ્રવ્યાદિ અભિગ્રહો મેં કહ્યા. વિસ્તારથી તે તે શાસ્ત્રપાઠથી જાણી લેવા. [ ૧૩૭ ]

હવે પ્રસ્તુત ગ્રંથની સમાપ્તિમાં પોતાના ગુરુના નામનો ઉલ્લેખ કરીને આ પ્રકરણ પોતે રચ્યું છે એમ બતાવતા ગ્રંથકાર આ પ્રકરણ રચવાનું કારણ જણાવવા માટે કહે છે:–

**इय नवपयं तु एयं, रइयं सीसेण कक्कसूरिस्स ।**
**गणिणा जिणचंदेणं, सरणट्ठमणुग्गहट्ठं च ॥ १३८ ॥**

**ગાથાર્થ** :–આ પ્રમાણે આ નવપદ નામનું પ્રકરણ કક્કસૂરિ, કે જેઓ પાછળથી કકુદ આચાર્ય એવા નામથી પ્રસિદ્ધ થયા, તેમના શિષ્ય જિનચંદ્ર નામના ગણીએ પોતાના સ્મરણ માટે અને શ્રોતાઓના અનુગ્રહ માટે રચ્યું છે.

**ટીકાર્થ** :–ગણી=ભગવતીસૂત્રનું યોગોદ્વહન જેણે કર્યું હોય તે ગણી કહેવાય છે.

**પ્રશ્ન** :–પહેલી ગાથામાં सड्ढाणमणुग्गहट्ठाए=શ્રાવકોના અનુગ્રહ માટે એમ કહી જ દીધું છે, તો ફરી અહીં "શ્રાવકોના અનુગ્રહ માટે" એમ શા માટે કહ્યું ?

**ઉત્તર** :–પહેલાં જે કહ્યું છે તેનો જ અંતે ઉપસંહાર કર્યો છે, માટે દોષ નથી.

જો કે પૂજ્યપાદશ્રીએ (=મૂલ ગ્રંથકારે) આ ગાથાની પોતાની ટીકામાં વ્યાખ્યા કરી નથી, તો પણ ગાથાવાળી પ્રતોમાં લખેલી જોવાય છે, આથી મેં તેનું વ્યાખ્યાન કર્યું છે. [ ૧૩૮ ]

આ પ્રમાણે ઉકેશ (ઉપકેશ) ગચ્છમાં થયેલા શ્રીકક્ક (=કકુદ) નામના આચાર્યના શિષ્ય શ્રી **જિનચંદ્ર ગણી**, કે જેમનું બીજું નામ **દેવગુપ્ત આચાર્ય** છે, તેમણે રચેલા નવપદ પ્રકરણની વિસ્તૃત ટીકા સમાપ્ત થઈ.

## ટીકાકારની પ્રશસ્તિ

આ વિસ્તૃત ટીકામાં મેં અનુપયોગથી જે સૂત્ર વિરુદ્ધ કહ્યું હોય તે કુબોધ ન થાય એ માટે શુભ આશયવાળા વિદ્વાનોએ મારા ઉપર કૃપા કરીને શુદ્ધ કરવું. (૧) જેમાં વિલાસ કરતા ગુણોરૂપી મણીઓનો સમૂહ છે, જે પાઠ[1] કરનારા ( સાધુઓ )થી સુશોભિત છે, જે દીન નથી, તેવો **શ્રીઉકેશ** (ઉપકેશ) પુરમાંથી નીકળેલો [ **ઊકેશ** (ઉપકેશ) નામનો ] ગચ્છરૂપી સમુદ્ર છે. (૨) તે ગચ્છમાં વિશિષ્ટબુદ્ધિ રૂપી વૈભવવાળા, સંયમીઓમાં અગ્રણી, સિદ્ધાંતરૂપ સમુદ્રના પારને પામેલા અને ઘણા ગુણોથી યુક્ત એવા પૂજ્ય શ્રી **દેવગુપ્ત** નામના આચાર્ય થયા, કે જેમણે સ્વયં જિનપ્રવચનમાંથી ઉદ્ધરીને શ્રોતાઓના

૧. સમુદ્રના પક્ષમાં **पाठीनः** એટલે માછલા, **नदीनः** એટલે **नदीनाम् इनः–पतिः=नदीनः**

હિતની ભાવનાથી ભવ્ય નવા ગ્રંથો રચ્યા છે. (૩) તેમણે જ વિવિધ શાસ્ત્રોનો બોધ કરવામાં સૂક્ષ્મમતિવાળા **શ્રીકક્કસૂરિને** પોતાના પદે સ્થાપિત કર્યા. જેમના રચેલા ગ્રંથોનો બોધ મેળવીને વિદ્વાનો સદ્બોધથી શુદ્ધ આશયવાળા થાય છે, તે વિદ્વાન કક્કસૂરિએ મીમાંસા, જિન ચૈત્યવંદનવિધિ અને પંચપ્રમાણી ગ્રંથો બનાવ્યા છે. (૪) તેમના બે ચરણોમાં ભ્રમર સમાન તેમના શિષ્ય **સિદ્ધસૂરિ** થયા. તેમનાથી (=તેમના શિષ્ય) નિર્મલશીલથી શોભતા અને ત્રણ ગુપ્તિઓથી ગુપ્ત એવા **દેવગુપ્ત** (સૂરિ) થયા, (૫) વળી- જેમને અસીમ ગુણોથી યુક્ત જોઈને શ્રી સિદ્ધસૂરિએ પોતાના પદે સ્થાપવા માટે શ્રી ઉપાધ્યાયપદે સ્થાપીને લોકોમાં પ્રસિદ્ધ કર્યા, તેમના (= શ્રી દેવગુપ્તના) વચનથી, તેમના (= શ્રી દેવગુપ્તના) શિષ્યે, તેઓ (શ્રી દેવગુપ્ત) શાસ્ત્રોક્ત મર્યાદાથી નિર્મલ આચાર્યપદનું પાલન કરતા હતા ત્યારે, આ ટીકા શરૂ કરી, (૬-૭) તેઓ (= શ્રી દેવગુપ્ત) દેવલોક પામ્યા ત્યારે તેમના શિષ્ય અને પોતાના (= ટીકાકારના) **શ્રી સિદ્ધસૂરિ** નામના ગુરુબંધુએ (ટીકાકારની) વિનંતિથી આ ટીકાનું સમર્થન કર્યું. (૮) જેમનું પહેલાં ધનદેવ નામ હતું, તે **યશોદેવ** નામના ઉપાધ્યાયે જડ હોવા છતાં ધીટ્ટાઈથી વિસ્તારવાળી આ ટીકા કરી છે. (૯) આ ટીકા અગિયારસો પાંસઠ (૧૧૬૫) માં અણહિલ્લપાટક નગરમાં ઊકેશગચ્છના શ્રી વીરજિનના ભવનમાં પૂર્ણ થઈ. (૧૦) તે વખતે સંઘમાં મુખ્ય ગણાતા, સાહિત્ય, આગમ અને તર્કશાસ્ત્રને ધારણ કરનારા શ્રી **ચક્રેશ્વરસૂરિ** વગેરે વિદ્વાનોએ અત્યંત આદરથી આનું સંશોધન કર્યું છે. આ જગતમાં પાંડુકવનમાં મેરુનું શિખર જ્યાં સુધી દીપે ત્યાં સુધી આ ટીકા વિદ્વાનોથી સતત વારંવાર વંચાતી રહો. (૧૧) આ ટીકાના દરેક અક્ષર ગણીને આ ગ્રંથનું પ્રમાણ નવહજાર પાંચસો (૯૫૦૦) અનુષ્ટુભ્ શ્લોકો જેટલું છે એમ બરોબર નિશ્ચિત કર્યું છે. (૧૨)

## ભાવાનુવાદકારની પ્રશસ્તિ

પૂજ્યપાદ આચાર્યદેવશ્રી દેવગુપ્તસૂરિ મહારાજ વિરચિત અને પૂજ્યપાદ ઉપાધ્યાય શ્રી યશોદેવવિજય ગણિવર રચિત ટીકા સહિત શ્રી નવપદ પ્રકરણ ગ્રંથનો સિદ્ધાંત મહોદધિ સ્વ. પ. પૂ. આચાર્યદેવશ્રી પ્રેમસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર પરમગીતાર્થ સ્વ. પ. પૂ. આચાર્યદેવશ્રી હીરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પરાર્થ પરાયણ પ. પૂ. આચાર્યદેવશ્રી લલિતશેખરસૂરીશ્વરજી મહારાજના શિષ્ય આચાર્ય શ્રી રાજશેખરસૂરિએ કરેલો ગુજરાતી ભાવાનુવાદ પૂર્ણ થયો.

| | |
|---|---|
| પ્રારંભસમય : | પ્રારંભસ્થળ : |
| વિ. સં. ૨૦૪૫, કા.વ.૬ | ઓશવાળ કોલોની, જામનગર (સૌ.) |
| સમાપ્તિસમય : | સમાપ્તિસ્થળ : |
| વિ. સં. ૨૦૪૫, જેઠમાસ. | ઓશવાળ યાત્રિકગૃહ, પાલીતાણા (સૌ.) |

ભરત પ્રિન્ટરી ન્યુ માર્કેટ, પાંજરાપોળ,
ફોન : ૩૮૭૯૬૪ રીલીફ રોડ, અમદાવાદ-૧